અનુયોગદ્વારાચારસૂત્રકૃતસ્થાનસમવાયાઙ્ગસારસઙ્કલનાત્મિકા

# સૂત્રાર્થમુક્તાવલિઃ

(ટીકા સહ ગુજરાતી ભાવાનુવાદ)

ખંડ : ૨





: ગ્રંથકાર :

જૈનરત્ન-વ્યાખ્યાનવાચસ્પતિ-કવિકુલકિરીટ-

સૂરિસાર્વભૌમ-જૈનાચાર્ય

**શ્રીમદ્વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ**


नमोऽतु तस्मै जिनशासनाय
પરમાત્મા મહાવીર પ્રભુના
અગિયાર ગણધર ભગવંત

શ્રી આચારાંગ સૂત્ર
શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
શ્રી ઠાણાંગ સૂત્ર
શ્રી સમવાયાંગ સૂત્ર

શ્રી પરમપાવન પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્ર
શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
શ્રી અંતકૃતદશાંગ સૂત્ર

શ્રી અનુત્તરોવવાઈદશાંગ સૂત્ર
શ્રી પ્રશ્ન વ્યાકરણાંગ સૂત્ર
શ્રી વિપાકાંગ સૂત્ર
શ્રી ઉવવાઈ સૂત્ર

શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
શ્રી જીવાભિગમ સૂત્ર
શ્રી પન્નવણા સૂત્ર
શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર

શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર
શ્રી ચન્દ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
શ્રી નિરયાવલિકા સૂત્ર
શ્રી કલ્પાવતંસિકા સૂત્ર

શ્રી પુષ્પિતા સૂત્ર
શ્રી પુષ્પચુલિકા સૂત્ર
શ્રી વહ્નિદશા સૂત્ર
શ્રી ચઉસરણ પયન્ના



શ્રી આઉરપચ્ચક્ખાણ પયન્ના
શ્રી મહાપચ્ચક્ખાણ પયન્ના
શ્રી ભત્તપરિન્ના પયન્ના
શ્રી તંદુલવેયાલિય પયન્ના

શ્રી ગણિવિજ્જા પયન્ના
શ્રી ચંદાવિજય પયન્ના
શ્રી દેવેન્દ્રથુઈ પયન્ના
શ્રી મરણસમાધિ પયન્ના

શ્રી સંથારા પયન્ના
શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
શ્રી બૃહત્કલ્પ સૂત્ર
શ્રી વ્યવહાર સૂત્ર

શ્રી જીતકલ્પ સૂત્ર
શ્રી નિશીથ સૂત્ર
શ્રી મહાનિશીથ સૂત્ર
શ્રી આવશ્યક સૂત્ર

શ્રી દશવૈકાલિક સૂત્ર
શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
શ્રી પિંડ નિર્યુક્તિ સૂત્ર
શ્રી નંદી સૂત્ર
શ્રી અનુયોગદ્વાર સૂત્ર

॥ દેવાધિદેવ શત્રુંજયમંડન શ્રી આદીશ્વરાય નમઃ ॥ ॥ પ્રગટપ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥ ॥ શ્રી ૐકારાય નમો નમઃ ॥

॥ પૂ.આત્મ-કમલ-લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરીશ્વરેભ્યો નમઃ ॥

શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી ગ્રંથમાલાયાઃ

અનુયોગદ્વારાચારસૂત્રકૃતસ્થાનસમવાયાઙ્ગસારસઙ્કલનાત્મિકા

# સૂત્રાર્થમુક્તાવલિઃ

(ટીકા સહ ગુજરાતી ભાવાનુવાદ)

ખંડ : ૨

: સંકલન :

જૈનરત્ન-વ્યાખ્યાનવાચસ્પતિ-કવિકુલકિરીટ-સૂરિસાર્વભૌમ-જૈનાચાર્ય

**શ્રીમદ્વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ**

: સંપાદન :

**ગણિવર વિક્રમસેનવિજય**

**સૂત્રાર્થમુક્તાવલિઃ (ટીકા સહ ગુજરાતી ભાવાનુવાદ) : ખંડ-૨**

પ્રકાશક : શ્રી લબ્ધિભુવન જૈન સાહિત્ય સદન - છાણી
શ્રી ૐકાર જૈન તીર્થ - પદમલા (ભદ્રંકરનગર)

પ્રકાશન : વી.સં. ૨૫૪૨ / વિ.સં. ૨૦૭૨
ઈ.સ. ૨૦૧૬ / લબ્ધિ સં. ૫૪

મૂલ્ય : ૧૫૦૦/- ₹ (પંદરશો રૂપિયા)

પ્રાપ્તિસ્થાન : **રાજેશભાઈ એન. શાહ**
કાપડના વ્હેપારી, મેઈન બજાર,
પો. છાણી-૩૯૧૭૪૦ (ગુજરાત)

**શ્રીૐકાર જૈન તીર્થ**
પદમલા, વાયા-છાણી, જિ. વડોદરા

**નમ્ર વિનંતી**

આ ગ્રંથ જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલ છે.
પૂ. ગુરુભગવંતોને તથા જ્ઞાનભંડાર માટે ભેટ પ્રાપ્ત થશે...
શ્રાવકોએ કિંમત જ્ઞાનખાતામાં મૂકી પ્રાપ્ત કરવો.

મુદ્રક : કિરીટ ગ્રાફિક્સ - ૦૯૮૯૮૪૯૦૦૯૧


સાહિત્ય
સર્જક
ગુરુદેવ...

॥ શ્રી પ્રગટપ્રભાવી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ ॥
॥ દેવાધિદેવ શ્રી મુનિસુવ્રતસ્વામીને નમઃ ॥
॥ પૂ.આત્મ-કમલ-લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરીશ્વરેભ્યો નમઃ ॥

ॐ

# શ્રી સ્થાનાંગસૂત્ર મુક્તાસરિકા

: ભાવાનુવાદ :
પૂજ્યપાદ કવિકુલકીરિટ આચાર્યદેવ
**શ્રીમદ્વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.સા.**ના
પટ્ટધર પૂ. શાસનપ્રભાવક આચાર્યદેવ
શ્રીમદ્વિજય **વિક્રમસૂરીશ્વરજી મ.સા.**ના
પટ્ટધર પૂ. પ્રાચીન તીર્થોદ્ધારક આચાર્યદેવ
શ્રીમદ્વિજય **રાજયશસૂરીશ્વરજી મ.સા.**ના
આજ્ઞાવર્તિની એકાદશાંગપાઠી જ્ઞાનાનંદી
પૂ. સાધ્વીવર્યા **રત્નચૂલાશ્રીજી મ.સા.**

## શ્રી સ્થાનાંગ સૂત્ર (૩૭૦૦ શ્લોક પ્રમાણ)
## શ્રી અભયદેવીયા ટીકા - ૧૪૨૫૦ શ્લોક પ્રમાણ

આ ઠાણાંગ સૂત્રમાં જગતના ભિન્ન ભિન્ન પદાર્થોનું વર્ગીકરણ ૧ થી ૧૦ સુધીની સંખ્યામાં કર્યું છે. આત્મતત્ત્વને ઓળખવા ઉપયોગી-અનુપયોગી પદાર્થોનું વિવરણ કરી કુતુહલ વૃત્તિનું શમન થયા પછી તત્ત્વજ્ઞાનની ભૂમિકા સ્થિર થાય છે. આ આગમ સચોટ રીતે સિદ્ધાંત સમજાવે છે. 'એગે આયા', રાગ-દ્વેષના બંધન, ત્રણ શલ્ય, ચાર કષાય, ચાર સંજ્ઞા, ચાર વિકથા, ચાર પ્રકારના શ્રાવક વગેરેનું વર્ણન કરતાં છેવટે દશ અચ્છેરા સુધી વાત કરી છે. શ્રેણિક રાજા જેઓ પદ્મનાભ તીર્થંકર થવાના છે. તેમનું ચરિત્ર પણ આ આગમમાં છે.

### પ્રથમ શ્રુતસ્કંધ

**પ્રથમ સ્થાન, ઉદ્દેશ-૪**

- આત્મા, દંડ, ક્રિયા, લોક આદિ અલગ અલગ પદાર્થોનું અલગ અલગ દૃષ્ટિકોણથી વર્ણન તથા પુદ્‌ગલનું વર્ણન.

**દ્વિતીય સ્થાન, ઉદ્દેશ-૪**

- લોકના મુખ્ય ૨ પદાર્થ જીવ-અજીવનું વર્ણન.
- જીવમાં સયોનિ-અયોનિ તથા અજીવમાં ધર્મ-અધર્મનું વર્ણન.
- ક્રિયાના ૨ પ્રકાર, જ્ઞાનના ૨ પ્રકાર, સંયમના ૨ પ્રકાર, આત્માના ૨ પ્રકાર, ભક્તપતિના ૨ પ્રકાર તથા શબ્દના ૨ પ્રકાર આદિનું વિશદ વર્ણન.
- ૨૪ દંડકોમાં વેદના વગેરે ૧૯ વસ્તુઓનું વર્ણન.

**તૃતીય સ્થાન, ઉદ્દેશ-૪**

- ૩ પ્રકારના ઈન્દ્ર, ૩ પ્રકારના ભાવલોક, દુઃખના સંબંધમાં ૩ પ્રકારના ઉત્તર, ૩ કારણોથી માયાયુક્ત આલોચના, ૩ પ્રકારની કથા, ૩ પ્રકારનો નિશ્ચય, પ્રતિમાધારી ૩ ઉપાશ્રયોનું વર્ણન, ૩ પ્રદેશી સંઘની વાત તથા ૩ પ્રકારે વિવિધ વસ્તુઓનું વિસ્તૃત વર્ણન.

- સૂર્ય-ચંદ્ર-જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિની વાતો.
- આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા, ખરાબ વિચારોનો નાશ, વિશુદ્ધિ આદિ ન કરનારનું વર્ણન.
- અન્યતીર્થિકોનું મંતવ્ય તથા તેનું નિરાકરણ.

**ચતુર્થ સ્થાન, ઉદ્દેશ-૪**

- ૪ અન્યક્રિયાથી સિદ્ધિગતીની પ્રાપ્તિ.
- ૪ પ્રકારનો સંયમ, ૪ પ્રકારનો ત્યાગ, ૪ પ્રકારની અકિંચનતા, ૪ પ્રકારનો ક્રોધ, ૪ પ્રકારનું ગણિત.
- ૪ સૂર્ય, ૪ ચંદ્ર, ૪ પ્રકારના પ્રવાસી, ૪ પ્રકારના આહાર તથા ૪ પ્રકારની ગતિનું વર્ણન.
- શુદ્ધ-અશુદ્ધ પરિણત મનનું વર્ણન તથા સત્ય-અસત્યનું વર્ણન.

**પંચમ સ્થાન, ઉદ્દેશ-૩**

- ૫ મહાવ્રત, ૫ અણુવ્રત, ૫ અતિશય, ૫ કરણ, ૫ અસ્તિકાય, આદિનું વર્ણન.
- ઉપચયન, બંધ, ઉદીરણા, વેદના નિર્જરા તથા પુદ્‌ગલની વાતો.
- પદ્મપ્રભ આદિ ૧૪ પરમાત્માના એક જ નક્ષત્રમાં થયેલ ૫ કલ્યાણકની વાતો.

**ષષ્ઠ સ્થાન, ઉદ્દેશ-૧**

- ગણમાં રહેવા યોગ્ય ૬ પ્રકારના અણગારની વાત.
- પૃથ્વી, આદિ ૬ કાયોની ગતિ-અગતિ, ૬ દિશાઓમાં જીવોની ગતિ-અગતિ, ૬ સ્થાનોમાં પાપકર્મની વેદના તથા ૬ પ્રાદેશિક સ્કંધોનું વિશદ વર્ણન.

**સપ્તમ સ્થાન, ઉદ્દેશ-૧**

- સાધુને ગણમાંથી કાઢવાના ૭ કારણોનું વર્ણન.
- સંઘ વ્યવસ્થા, સ્વરમંડલ તથા ૭ પ્રાદેશિક સ્કંધ પુદ્‌ગલોની વાત.

**અષ્ટમ સ્થાન, ઉદ્દેશ-૧**

- એકાકી વિહાર પ્રતિમાના યોગ્ય ૮ પ્રકારના અણગારની વાત.
- ૮ પ્રકારની યોનિયો બતાવી એ ૮ સ્થાનોનું વિસ્તૃત વર્ણન.
- આઠ પ્રાદેશિક સ્કંધ તથા પુદ્‌ગલોની વાત.

**નવમ સ્થાન, ઉદ્દેશ-૧**

- નિર્ગ્રંથીને સંભોગીમાંથી વિસંભોગી કરવાના ૯ કારણ, ૯ પ્રકારે બ્રહ્મચર્ય, ૯ અધ્યયન, ૯-૯ સ્થાનોનું વિસ્તૃત વર્ણન.
- ૯ પ્રાદેશિક-સ્કંધ તથા પુદ્‌ગલોનું વર્ણન.

**દશમ સ્થાન, ઉદ્દેશ-૧**

- ૧૦ પ્રકારની લોકસ્થિતિ, ૧૦ પ્રકારના શબ્દ, ૧૦ પ્રાદેશિક સ્કંધ, ૧૦ સમયની સ્થિતિવાળા પુદ્‌ગલ આદિ ૧૦-૧૦ સ્થાનોનું વિસ્તૃત વર્ણન.

● ● ●

**શ્રી ઠાણાંગ સૂત્રની સેવના સારજો,**
**કરીએ રે ભવિ તરિયે ભવજળ વારિધિ રે લોલ ।**
**દશ અધ્યયને વધતા છે દશ બોલ જો,**
**સુણીયે રે ભવિ મુણિયે થુણિએ સારધી રે લોલ ॥૧॥**

**અર્થ :-** શ્રી ઠાણાંગ સૂત્રની સારભૂત સેવના કરીને હે ભવ્ય ! ભવ સમુદ્રને તરીએ. આ આગમમાં દસ અધ્યયનમાં ક્રમસર વૃદ્ધિ પામતા એક-બે-ત્રણ એમ દસ બોલ છે. ભવ્ય આત્માએ શ્રેષ્ઠ બુદ્ધિથી તેને સાંભળવા જોઈએ, જાણવા જોઈએ અને તેની સ્તુતિ કરવી જોઈએ.

॥ श्री पार्श्वनाथाय नमः ॥

॥ श्री लब्धि गुरवे नमः ॥

श्रुतज्ञानना आधारस्तंभ

पूज्य सूरिमंत्रआराधक आचार्यदेव

श्रीमद्विजय **पुण्यानंदसूरीश्वरजी म.सा.**नी

प्रेरणाथी

नमो नमो नाणदीवायरस्स

—: अनुमोदक :—

# श्री जैन श्वेताम्बर तपागच्छ संघ

गढसिवाणा, (राजस्थान)

# શ્રુતપ્રેમીની અનુમોદના

શ્રી સર્વોદય પાર્શ્વનાથાય નમઃ

## શ્રી સર્વોદયનગર

**શ્રાવિકા સંઘની**

**જ્ઞાનખાતાની**

**ઉપજમાંથી...**

સર્વોદયનગર
મુલુંડ-વેસ્ટ, મુંબઈ

શ્રી મહાવીરસ્વામિને નમઃ

પૂ. સાધ્વીવર્યા **સુધાંશુયશાશ્રીજી** મ.ની
પ્રેરણાથી

## શ્રી વર્ધમાન હાઈટસ્ સંઘ

ભાયખલા, મુંબઈ

— • —

## જ્ઞાનપ્રેમી ગુરુભક્તો

મુંબઈ

શ્રી શાંતિનાથાય નમઃ

**શ્રી શાંતિનાથ**

**જૈન શ્વે.મૂ. સંઘ**

પેઢી-શાહપુરી,
હીરાભવન,
વ્યાપારી પેઠ,
કોલ્હાપુર

શ્રી મહાવીરસ્વામિને નમઃ

## શ્રી શાહપુરી

**શ્રાવિકા સંઘની**

**જ્ઞાનખાતાની**

**ઉપજમાંથી...**

સુભદ્રાભવન,
વ્યાપારી પેઠ, શાહપુર,
કોલ્હાપુર

॥ श्री वासुपूज्यस्वामिने नमः ॥

॥ पू. लब्धि-भुवन-भद्रंकरसूरि गुरुभ्यो नमः ॥

नमो नमो नाणदीवायरस्स



ॐकारतीर्थ स्थापक, सूरिमंत्र आराधक, दक्षिणभूषण,

पू. आचार्य श्रीमद्विजय **पुण्यानंदसूरीश्वरजी म.सा.** आदिठाणा-५

तथा

पू. साध्वीवर्या **कल्पनंदिताश्रीजी** आदिठाणा-४नी

पावननिश्रामां ज्ञाननी आराधना निमित्ते

**ज्ञानद्रव्यनो कीधो सद्उपयोग... अनुमोदना...**

# श्री राजस्थानी जैन श्वेताम्बर मूर्तिपूजक संघ

बावने गली, इचलकरंजी

# श्री राजस्थानी जैन श्राविका संघनी

ज्ञानद्रव्यनी उपजमांथी

अनुमोदनीय सहयोग...

॥ નમો નમો જિણશાસનસ્સ ॥ ॥ નમો નમો નાણદીવાયસ્સ ॥

આત્મામાં વધાર્યો શુભ યોગ

જ્ઞાનદ્રવ્યનો કિધો સદ્ઉપયોગ...

**શ્રી સુમતીનાથ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ**

રત્નાગિરિ, કોંકણ



**શ્રી મણિધારી જિનચંદ્રસૂરિ દાદાવાડી સંઘ**

ઈચલકરંજી

સાધ્વીવર્યા જિનેન્દ્રશ્રીજીની પ્રેરણાથી

શ્રી ધાનેરાભવન, પાલિતાણા

સાધ્વીવર્યા પદ્મલતાશ્રીજીની પ્રેરણાથી

શ્રી દાંતરાઈ ધર્મશાળા, પાલિતાણા

**સાધ્વીવર્યા સૌમ્યરત્નાશ્રીજીની પ્રેરણાથી**

શ્રી શિવમ્ એપા., નવાવાડજ સંઘ, અમદાવાદ



સાધ્વીવર્યા **સરસ્વતીશ્રીજી** મ.ના શિષ્યા

સાધ્વી **વિરતિપૂર્ણાશ્રીજી** મ.ની પ્રેરણાથી

**શ્રી સૌભાગ્ય લક્ષ્મીવૃદ્ધિ શ્વે.મૂ. જૈન સંઘ**

વાઘોડિયા રોડ, વડોદરા

સાધ્વીવર્યા **સરસ્વતીશ્રીજી** મ.ના પ્રશિષ્યા

**સા. હર્ષપ્રજ્ઞાશ્રીજી, સા. વૈરાગ્યરસાશ્રીજી, સા. મોક્ષરસાશ્રીજી** મ.ની પ્રેરણાથી

**શ્રી ન્યુસમા જૈન સંઘ - વડોદરા**

**શ્રી પુણ્યપવિત્ર જૈન સંઘ - વડોદરા**

**શ્રી કલિકુંડ જૈન સંઘ - હરણી, વડોદરા**

# श्री स्थानमुक्तासरिका विषयानुक्रमणिका


विषयाः

स्थानाङ्गसारारम्भप्रतिज्ञानम्

उपयोगलक्षणत्वादात्मन एकत्ववर्णनम्

द्रव्यार्थत्वाद्वा तदेकत्ववर्णनम्

अवयविद्रव्यं नास्तीति पूर्वपक्षः

भेदाभेदात्मकावयविसमर्थनम्

नास्त्यात्माऽनुपलम्भादिति पूर्वपक्षः

अनुपलभ्यमानत्वहेतोर्विकल्पतो दूषणम्

तदस्तित्वसाधनम्

आगमतोऽपि तदस्तित्वप्रकाशनम्

आत्मनो निरवयवत्वे दोषदानम्,

एकानेकतावर्णनम्

दण्डक्रिययोरेकत्ववर्णनम्, दण्डक्रिययोर्भेदाः

लोकालोकादीनामप्येकताप्रकाशनम्

लोकस्यैकानेकताप्रकटनम्,

लोकालोकयोः साधनम्

धर्माधर्मयोरेकानेकताप्ररूपणम्

बन्धमोक्षयोरेकानेकतासाधनम्

बन्धस्य सादितानादिताविचारः

पुण्यपापयोरेकानेकता, कर्मसाधनम्

पापपुण्ययोर्द्वयोर्व्यवस्थापनम्

आस्त्रवसंवरयोरेकानेकत्वकथनम्,

निर्जराया एकानेकता

भवधारणशरीरादीनामेकानेकता

विषयाः

वैक्रियशरीरद्वैविध्यप्रदर्शनम्

एकदा काययोगद्वयाभाववर्णनम्,

ज्ञानादीनामेकानेकता

दर्शनस्य ज्ञानत्वव्यपदेशकथनम्

रूपादीनामेकानेकता

अव्रतकषायादीनां भेदाः

षडरकप्ररूपणम्

नैरयिकादिवर्गणाः

जीवाजीवयोः प्रत्येकं स्थानद्वयाभिधानम्

क्रियाद्वैविध्यम्

कायिक्यादिक्रियाणां भेदाः

गर्हाद्वैविध्यप्रकाशनम्

गर्हा कस्य ? कस्मिन् कर्मणीति व्यावर्णनम्

प्रकारान्तरेण गर्हाभेदः

प्रत्याख्येयभेदः

आरम्भपरिग्रहज्ञानाभावे धर्माधर्मप्राप्तिवर्णनम्

तज्ज्ञाने कथं कदा केवलं भवतीत्यत्र समाधानम्

दर्शनज्ञानभेदाः

ज्ञानाश्रयेण भेदाः

व्यञ्जनावग्रहस्य ज्ञानत्वसमर्थनम्

श्रुतज्ञानभेदाः

चारित्रापेक्षया द्वैविध्यप्रकटनम्

एकेन्द्रियभेदद्वयाभिधानम्

विषयाः

पर्याप्तिविचारः
शरीरद्वैविध्यं चतुर्विंशतिदण्डकाश्रयेण
प्रव्राजनादिक्रियायोग्यदिग्वर्णनम्
देवद्वैविध्याभिधानम्
नारकादीनां गत्यागती
तेषां भवसिद्धिकादिभेदाः
आत्मनो लोकशब्दादिज्ञानप्रकारः
जीवोपग्राहकपुद्गलधर्मवर्णनम्
आचारद्वैविध्यम्
क्षेत्राश्रयेण स्थानद्वयवर्णनम्
जम्बूद्वीपवर्णनम्
भरतादौ कालपर्यायाभिधानम्
कुरुवर्षादौ मनुजर्द्धिप्रदर्शनम्
जम्बूद्वीपे चन्द्रसूर्यादिद्वित्ववर्णनम्
समयावलिकादीनां जीवाजीवपर्यायतावर्णनम्
रागद्वेषनिमित्तः पापबन्ध इत्याख्यानम्
मिथ्यात्वादीनामपि तद्धेतुत्वात् कथं कषाय-
मात्रं हेतुरित्यत्र समाधानविधानम्
जीवस्य शरीरान्निर्गमनप्रकारवर्णनम्
ईलिकाकन्दुकगत्याश्रयेण तन्निरूपणम्
केवलिप्रज्ञप्तधर्मश्रवणादिलाभहेतुप्रकटनम्
अद्धौपमिकभेदकथनम्
औपमिकभेदत्रयाभिधानम्
प्रशस्ताप्रशस्तमरणनिरूपणम्
अप्रशस्तमरणाभिधानम्
प्रशस्तमरणप्ररूपणम्
बोधिमोहाश्रयेण देशसर्वभेदप्रकटनम्
साताद्याश्रयेण भेदद्वयाख्यानम्

विषयाः

त्रिस्थानकमाश्रित्येन्द्रभेदप्रकाशनम्
नामस्थापनाद्रव्यभेदेनेन्द्रवर्णनम्
एकभविकादिभव्यशरीरद्रव्येन्द्रभेदाः
भावेन्द्रवर्णनम्
देवासुरमनुष्येन्द्रप्रदर्शनम्
विकुर्वणात्रिभेदाः
विकुर्वणाधिकारिप्रकटनम्
योगप्रयोगादीनां निमित्तत्रयाख्यानम्
अल्पदीर्घायुर्निबन्धनप्रदर्शनम्
गुप्त्यगुप्तिदण्डवर्णनम्
पुरुषभेदप्रदर्शनम्
लेश्यासंक्लेशादित्रैरूप्यम्
देवज्योतिष्काणां चलनहेतुवर्णनम्
लोकान्धकारोद्योतादिकारणवर्णनम्
दुष्प्रतिकरसुप्रतिकरवर्णनम्
संसारातिक्रमहेतुप्रकाशनम्
चतुर्विंशतिदण्डकापेक्षयोपधिप्रदर्शनम्
अप्रणिधानसुप्रणिधानकथनम्
योनिभेदादर्शनम्
अप्रतिष्ठाननरकसर्वार्थसिद्धभाजां वर्णनम्
लोकत्रैविध्यप्रकाराः
धर्मादिलाभसमयसूचनम्
प्रव्रज्याभेदप्रकटनम्
निर्ग्रन्थत्रैविध्यप्रकाराः
पृथिव्याश्रयकथनम्
लोके गत्यागतिव्युत्क्रान्त्यादिवर्णनम्
अच्छेद्याभेद्यादाह्यवस्तुवर्णनम्
क्रियाविषये मतभेदप्रदर्शनम्

विषयाः

पूर्वपक्षविधानम्

तद्दूरीकरणम्

आलोचनाद्यप्रतिपत्तिकारणवर्णनम्

निर्ग्रन्थानां योग्यवस्त्रपात्रप्रकाशनम्

निर्ग्रन्थस्याऽऽज्ञानुल्लङ्घनस्थानत्रैविध्यम्

वाङ्मनसोः त्रैविध्यादर्शनम्

देवानां मनुष्यलोकागमने शक्त्यशक्ति प्रदर्शनम्

देवानामभिलाषपश्चात्तापविशेषप्रकाशनम्

निजच्यवननिमित्तज्ञतासंसूचनम्

नारकाद्याश्रयेण सम्यग्दृष्ट्यादिवर्णनम्

नयविशेषेण नरकाश्रयवर्णनम्

मिथ्यात्वस्याक्रियादिभेदाः

धर्मभेदनिरूपणम्

उपक्रमभेदाख्यानम्

उपक्रमनिक्षेपः

वैयावृत्त्यत्रैविध्यम्

कथाभेदप्रकाशनम्

श्रमणपर्युपासनफलप्रकाशनम्

ज्ञानादीनां प्रज्ञापनादिवर्णनम्

प्रव्राजनायोग्याभिधानम्

अवाचनीयानां प्रदर्शनम्

सम्यक्त्वायोग्यानां प्रकटनम्

सामायिकादिकल्पस्थितिभेदत्रयवर्णनम्

निर्विष्टादिभेदेन कल्पस्थितिकथनम्

आचार्यादीनां प्रत्यनीकताप्रकाशनम्

अनुकम्पनीयभेदत्रयप्रकाशनम्

स्थविरकल्पस्थस्य विशिष्टनिर्जराकारणं

पुद्गलप्रतिहननप्रकटनम्

विषयाः

चक्षुस्त्रैविध्याभिधानम्

त्रिधा वस्तुपरिच्छेदाभिधानम्

ऋद्धिभेदाख्यानम्

लेश्याभेदाः

बालमरणत्रैविध्यम्

निर्ग्रन्थस्य परीषहाभिभवस्थानम्

पृथिवीवेष्टनप्रदर्शनम्

अन्तक्रियाचातुर्विध्यम्

द्रव्यभावाभ्यामुन्नतप्रणतापेक्षया पुरुषभेदाः

परिणाममाश्रित्य पुरुषभेदाः

ऋजुवक्रादिभेदापेक्षया पुरुषभेदाः

अतिजातादिपुत्रभेदाः

त्वक्खादादिसमानां भिक्षूणां सारखादादिसमतपोभेदवर्णनम्

नारकस्य सत्यामपीच्छायां नरलोकागमनासामर्थ्यकारणभेदप्ररूपणम्

आर्त्तध्यानगमकचतुष्टयप्रकाशनम्

चतुर्धा आर्त्तभेदः

रौद्रध्यानव्यञ्जकसूचनम्

धर्मध्यानस्य स्वरूपादिवर्णनम्

आज्ञारुच्यादि तद्व्यञ्जकप्ररूपणम्

वाचनादितदालम्बनाख्यानम्

एकाद्यनुप्रेक्षावर्णनम्

शुक्लध्यानकथनम्

शुक्लध्यानस्वरूपभेदाः

शुक्लध्यानलक्षणम्

आलम्बनानुप्रेक्षाभिधानम्

कषायस्थानप्रकाशनम्

विषयाः

क्रोधादिभिः कर्मचयनादिकथनम्

आपातसंवासभद्रकापेक्षया पुरुषभेदाः

वर्ज्यस्य स्वपराश्रयेण दर्शनादिभेदाः

चतुर्विधसंसारवर्णनम्

दृष्टिवादचतुःस्थानम्

ज्ञानादिभेदेन प्रायश्चित्तचातुर्विध्यम्

प्रतिषेवणादिभेदतः प्रायश्चित्तभेदाः

प्रमाणकालादिभेदाः

भरतादौ धर्मप्रज्ञापनाविचारः

अभिप्रायस्फुटीकरणम्

दुर्गतिसुगतिभेदाः

प्रतिसंलीनाप्रतिसंलीनभेदाः

दीनताऽदीनताभ्यां भङ्गचतुष्टयप्रकटनम्

विकथाधर्मकथाभेदाः

स्त्रीकथावर्णनम्

भक्तकथाऽभिधानम्

देशकथाकथनम्

राजकथाप्रकाशनम्

आक्षेपणीकथा

विक्षेपणीकथा

संवेदनीकथा

निर्वेदनीकथा

शरीरस्य कृशदृढत्वाभ्यां ज्ञानदर्शनवर्णनम्

ज्ञानदर्शनव्याघातप्रकाशनम्

स्वाध्यायायोग्यकालवर्णनम्

पुरुषचातुर्विध्यम्

गर्हाभेदादर्शनम्

कषायभेदप्ररूपणम्

विषयाः

मायाभेदाः

मानभेदाः

लोभभेदाः

बंधोपक्रमभेदाः

बन्धभेदाः

उपक्रमभेदाः

अल्पबहुत्वविचारः

सङ्क्रमभेदाः

नामादिभेदेन सत्यवर्णनम्

तपोविशेषप्रकाशनम्

भावचातुर्विध्यस्फोरणम्

रुतरूपाभ्यां प्रीत्यप्रीतिभ्यां पुरुषाणां चतुर्भङ्गः

आश्वासप्रकाशनम्

उदितोदितवर्णनम्

उदितास्तमितवर्णनम्

अस्तमितोदितवर्णनम्

अस्तमितास्तमितवर्णनम्

जातिकुलाद्याश्रयतो भङ्गचतुष्टयस्फुटीकरणम्

आत्मपरापेक्षया वैयावृत्त्यकर्तृत्वेच्छाभ्यां भङ्गाः

गणस्यार्थकारित्वादिभेदाः

रूपधर्मयोर्हानाहानाभ्यां भेदाः

धर्ममर्यादयोर्हानाहानाभ्यां भेदाः

श्रमणोपासकानां मात्रादिसमतावर्णनम्

अन्धकारभेदाः

दुःखशय्यावर्णनम्

आत्मंभरिपरम्भरिवर्णनम्

दुर्गतसुगतवर्णनम्

विषयाः

दुर्गतसुव्रतनिरूपणम्

दुर्गतदुर्गतिगामिकथनम्

परिज्ञातकर्मसंज्ञादिभङ्गाः

एकेन द्वाभ्यां हानिवृद्धिवर्णनम्

शय्यादिविषये चतुर्विधाः प्रतिमाः

जीवस्पृष्टशरीरप्रकाशनम्

कार्मणमिश्रशरीरप्रकटनम्

लोकव्याप्तवस्तुवर्णनम्

सुखावेद्यशरीरवर्णनम्

जीवपुद्गलस्वभावप्रकाशनम्

दृष्टान्तभेदाः

आहरणदृष्टान्तः

तद्देशदृष्टान्तः

तद्दोषदृष्टान्तः

उपन्यासदृष्टान्तः

लोकाश्रयेणांधकारोद्योतकारिवर्णनम्

भोगसुखाश्रयेण प्रसर्पकवर्णनम्

नारकादीनामाहारप्ररूपणम्

चिकित्सकानां चतुर्भङ्गाः

अन्तर्बहिर्भ्यां शल्यदुष्टत्वतश्च पुरुषभेदाः

प्रव्रज्याया इहलोकप्रतिबद्धादिभेदाः

अवपातप्रव्रज्यादिभेदाः

वपनवतीप्रव्रज्यादिभेदाः

उपसर्गप्रभेदाः

औत्पत्तिक्यादिबुद्धिभेदाः

नारकत्वादिसाधककर्मप्ररूपणम्

स्थूलमहाव्रतपञ्चकप्रकाशनम्

व्रतस्याणुत्वमहत्त्वप्रयोजकाभिधानम्

विषयाः

दुर्गतिसुगतिसाधनपञ्चकम्

नारकादीनां शरीरवर्णादिप्रकाशनम्

प्रथमपश्चिमजिनानां कृच्छ्रवृत्तिकथनम्

श्रमणानां सदाकर्त्तव्यानां कीर्तनम्

विसाम्भोगिकं कुर्वतो निर्ग्रन्थस्याज्ञाबाह्यत्वाभावाभावप्रकाशनम्

पञ्चविग्रहस्थानप्रस्फोटनम्

प्रतिघातपञ्चकस्वरूपाणि

आक्रोशाद्यकर्त्तव्यताकथनम्

केवलिनोऽनुत्तरज्ञानादिप्रकाशनम्

निर्ग्रन्थानां निर्ग्रन्थीनामकल्प्यवर्णनम्

प्रावृषि कल्प्याकल्प्यप्रकाशनम्

प्रथमप्रावृट्शब्दार्थः

वर्षावासस्य जघन्योत्कृष्टप्रमाणकथनम्

पर्युषणाकल्पकथनम्

ग्रामान्तरगमनं ज्ञानाद्यर्थं कल्पत इत्याख्यानम्

कर्मद्वारतन्निरोधद्वारकथनम्

परिज्ञाभेदाः

व्यवहारभेदाः

आगमश्रुतयोर्भेदकथनम्

उपघातभेदाः

अवर्णवादभेदाः

वर्णवादकथनम्

अतिशये वर्तमानस्याचार्यस्य धर्मानतिक्रमणकथनम्

प्रस्फोटने सप्तभङ्गप्रदर्शनम्

आचार्यस्य गणान्निर्गमनकारणवर्णनम्

पञ्चास्तिकायानां द्रव्यादिपञ्चभेदाः

विषयाः

निर्ग्रन्थभेदाः
जाङ्गमिकादिवस्त्रभेदाः
और्णिकादिरजोहरणभेदाः
निश्रास्थानवर्णनम्
शौचभेदाः
ह्रीसत्त्वादिपुरुषभेदाः
भिक्षाकभेदाः
वनीपकभेदाः
नक्षत्रसंवत्सरभेदाः
सप्रमाणं नक्षत्रसंवत्सरभेदवर्णनम्
जीवस्य शरीरनिर्गमप्रकारकथनम्
ज्ञानावरणक्षपणोपायनिरूपणम्
गणधारकाणां षट्स्थानम्
जीवानां दुर्लभ्यपर्यायप्रकटनम्
सम्मूर्च्छनजादिभेदाः
ऋद्धिमतां भेदाः
संहननभेदाऽऽदर्शनम्
संस्थानभेदवर्णनम्
जीवाश्रयेण शुभाशुभानुबन्धप्रकाशनम्
जीवानां गत्यादिदिग्वर्णनम्
व्युत्क्रान्त्यादयोऽपि तथेति वर्णनम्
संयतानामाहारग्रहणकारणकथनम्
प्रमादप्रत्युपेक्षाऽभिधानम्
आरभटयादीनां स्वरूपवर्णनम्
अप्रमादप्रत्युपेक्षाऽऽख्यानम्
बाह्यतपसो भेदाः
अनशनादिस्वरूपाणि
आभ्यन्तरतपोभेदाः

विषयाः

षोढा भिक्षाचर्यावर्णनम्
पेटार्धपेटादीनां स्वरूपाणि
अकल्प्यवचनप्रकाशनम्
प्रायश्चित्तस्य प्रस्ताराः
प्राणातिपातविषयेऽन्वयनम्
मृषावादे तत्समन्वयनम्
अदत्तादाने सङ्गमनम्
अविरतिवादे सङ्गतिकरणम्
अपरुषवादे दासवादे च समन्वयनम्
आयुर्बन्धप्रकाराः
षड्विधायुर्बन्धाधिकारिकथनम्
गणापक्रमकारणसप्तकम्
तत्स्फुटीकरणम्
योन्याश्रयेण जीवभेदाः
भयस्थाननिरूपणम्
छद्मस्थगमकहेत्वभिधानम्
मूलगोत्रविभागकरणम्
नयसप्तकस्वरूपाणि
आयुरुपक्रमसप्तककथनम्
अयं भेदः सोपक्रमायुषामेवेति कथनम्
दर्शनभेदाऽऽदर्शनम्
विनयभेदप्रकटनम्
ज्ञानविनयादिस्वरूपाणि
समुद्धातभेदाः
वेदनादिसमुद्धातस्वरूपवर्णनम्
प्रवचननिह्नवभेदाः
अष्टस्थानेनैकाकिविहारप्रतिमायोग्यकथनम्
अनालोचनाकारणवर्णनम्

| विषयाः |
| --- |
| तद्भावार्थस्फुटीकरणम् |
| गणितसंपद्भेदाः |
| सप्रभेदमाचारसम्पदादिनिरूपणम् |
| आलोचनादानयोग्यकथनम् |
| दोषालोचनार्हवर्णनम् |
| अक्रियावादिभेदाः |
| एकत्ववादिस्वरूपाभिधानम् |
| अनेकत्ववादिमतम् |
| मितवादिमतम् |
| निर्मितत्ववादिमतम् |
| सुखवादिमतम् |
| समुच्छेदवादिमतम् |
| नित्यत्ववादिमतम् |
| परलोकाभाववादिमतम् |
| वचनविभक्तिभेदाः |
| सोदाहरणं तद्व्याख्यानम् |
| आयुर्वेदभेदवर्णनम् |
| प्रथमसमयनैरयिकादिभेदाः |
| संयमिभेदाः |
| अप्रमादस्थानभेदाः |
| केवलिसमुद्धातविचारः |
| तत्र शरीरयोगवर्णनम् |
| नव ब्रह्मचर्याणि |
| तद्व्याख्यानम् |
| मैथुनव्रतस्य गुप्तिवर्णनम् |
| सत्पदार्थनवकाख्यानम् |
| तच्छब्दार्थप्रकटीकरणम् |
| रोगोत्पत्तिकारणप्रकाशनम् |

| विषयाः |
| --- |
| दर्शनावरणकर्मभेदाः |
| विकृतिभेदप्ररूपणम् |
| पुण्यभेदनिरूपणम् |
| उत्पातादिपापश्रुताख्यानम् |
| निपुणपुरुषाभिधानम् |
| आयुषः परिणामसूचनम् |
| नवनोकषायस्फुटीकरणम् |
| सदा लोकस्थितिनिवेदनम् |
| शब्दादीन्द्रियार्थानां दशत्ववर्णनम् |
| पुद्गलस्वरूपविशेषविशदीकरणम् |
| संयमासंयमविषयादर्शनम् |
| प्रव्रज्याभेदप्रकटीकरणम् |
| गतीन्द्रियादिजीवपरिणामपरिष्करणम् |
| द्रव्यार्थपर्यायार्थनयभेदेन परिणामजल्पनम् |
| अजीवपरिणामप्रपञ्चनम् |
| गुरुलघुपर्यायविशेषे नयभेदकथनम् |
| आन्तरिक्षकास्वाध्यायप्रख्यापनम् |
| औदारिकसम्बन्ध्यस्वाध्यायाः |
| अस्थ्यादिनिमित्तास्वाध्याये क्षेत्रकालभाव-प्रमाणप्रकाशनम् |
| सूक्ष्मजीवभेदाः |
| भङ्गसूक्ष्मजीवकथनम् |
| द्रव्यानुयोगप्रकारप्रकाशनम् |
| अनुयोगभेदचतुष्टयटङ्कनम् |
| धर्मादौ विपर्ययमतिलक्षणमिथ्यात्वभेदाः |
| आरोग्यादिसुखभेदवर्णनम् |
| उद्गमाविषयोपघातभेदादर्शनम् |
| तद्विशुद्धिभेदाः |

| विषयाः |
| --- |
| जनपदादिसत्यभेदप्रकाशनम् |
| क्रोधादिविषयमृषाभेदाः |
| उत्पन्नादिविषयमिश्रभाषाभेदाः |
| शस्त्रभेदनिरूपणम् |
| तज्जातादिदोषप्रकाराः |
| मतिभङ्गदोषप्रकाशनम् |
| प्रशास्त्रादिदोषवर्णनम् |
| रूढक्षणदोषप्रकाशनम् |
| कारणदोषाभिधानम् |
| प्रकारान्तरेण स्वलक्षणादिदोषत्रयवर्णनम् |
| संक्रमणादिदोषाः |
| दानभेदाख्यानम् |
| अनुकम्पादिदानभेदव्याख्यानम् |
| प्रत्याख्यानभेदाः |
| अनागतादिप्रत्याख्यानभेदव्याख्यानम् |
| सामाचारीभेदाः |
| इच्छाकारादिभेदव्याख्यानम् |
| सरागसम्यग्दर्शनभेदाः |
| निसर्गसम्यग्दर्शनादिभेदव्याख्यानम् |
| संज्ञाभेदाः |

| विषयाः |
| --- |
| आहारादिसंज्ञाभेदवर्णनम् |
| धर्मभेदाः |
| ग्रामधर्मादिभेदनिरूपणम् |
| स्थविरभेदाः |
| ग्रामस्थविरादिभेदवर्णनम् |
| दशाभेदाः |
| बालादिदशावर्णनम् |
| आश्चर्यभेदाः |
| उपसर्गवर्णनम् |
| गर्भहरणप्रकाशनम् |
| स्त्रीतीर्थवर्णनम् |
| अभव्यपर्षद्वर्णनम् |
| कृष्णापरकंकावर्णनम् |
| चन्द्रसूर्यावतरणकथनम् |
| हरिवंशकुलोत्पत्तिकथनम् |
| चमरोत्पातवर्णनम् |
| अष्टशतसिद्धवर्णनम् |
| असंयतपूजाकथनम् |
| स्थानमुक्तोपसंहारः |
| सरिकोपसंहारः |

• • •

**ત્રિવિધ અવંચકયોગથી, પૂજો ત્રીજું અંગ ।**
**ઠાણ આસન મુદ્રા કરી, લહો શિવવધૂ નવ રંગ ॥**

**અર્થ :-** ત્રણ પ્રકારના અવંચક યોગથી યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક એ ત્રણ પ્રકારના અવંચક યોગથી ત્રીજા અંગની પૂજા કરો. સ્થાન, આસન અને મુદ્રા સાચવવાપૂર્વક ધર્મક્રિયા કરીને શિવવધૂની પ્રાપ્તિ કરો.

# अथ स्थानमुक्तासरिका

अथ स्थानाङ्गसारार्थं वर्णयितुमारभते—

**अथ स्थानाङ्गसारः ॥१॥**

**अथेति,** मङ्गलार्थ आनन्तर्यद्योतकश्च, सारतया सूत्रकृताङ्गनिरूपणानन्तरमित्यर्थः, क्रमप्राप्तत्वात्, त्रिवर्षपर्यायस्य ह्याचारप्रकल्पनामाध्ययनं चतुर्वर्षस्य सूत्रकृतं नामाङ्गम्, दशाकल्पव्यवहाराः संवत्सरपञ्चकदीक्षितस्यैव, स्थानाङ्गसमवायावपि चाङ्गे अष्टवर्षस्य देये इति क्रमः । स्थानाङ्गसार इति, स्थानाङ्गसारार्थ उच्यत इत्यर्थः । तिष्ठन्त्यासते-वसन्ति यथावदभिधेयतयैकत्वादिभिर्विशेषिता आत्मादयः पदार्था यस्मिन् तत्स्थानम्, अथवा स्थानशब्देनेहैकादिकः संख्याभेदोऽभिधीयते, ततश्चात्मादिपदार्थगतानामेकादिदशान्तानां स्थानानामभिधायकत्वेन स्थानम्, स्थानञ्च तत् प्रवचनपुरुषस्य क्षायोपशमिकभावरूपस्याङ्गमिवाङ्गञ्चेति स्थानाङ्गं तस्य सारमिति ॥१॥

હવે સ્થાનાંગ સૂત્રના સાર રૂપ અર્થનું વર્ણન શરૂ કરે છે.

અથ શબ્દ મંગલ માટે અને અનંતરપણાને (તરત જ) પ્રગટ કરનાર શબ્દ છે.

સાર રૂપે સૂત્રકૃતાંગ સૂત્રનું નિરૂપણ કર્યા પછી તરત ક્રમથી સ્થાનાંગ સૂત્ર પ્રાપ્ત થાય છે.

ત્રણ વર્ષના પર્યાયવાળાને આચારપ્રકલ્પ નામનું અધ્યયન,

ચાર વર્ષના પર્યાયવાળાને સૂત્રકૃતાંગ નામનું અંગ,

પાંચ વર્ષના પર્યાયવાળાને જ દશાકલ્પ વ્યવહાર સૂત્ર,

આઠ વર્ષના પર્યાયવાળાને ઠાણાંગ અને સમવાયાંગ સૂત્ર આપવું જોઇએ તેવો ક્રમ છે.

**સ્થાનાંગ સાર :-** હવે સ્થાનાંગના સારરૂપ અર્થ કહેવાય છે.

**સ્થાન :-** જેમાં યથાવદ્ એકત્વાદિ વડે વિશેષતાને પામેલા આત્માદિ પદાર્થો રહેલા છે તે **સ્થાન** અથવા એક, બે આદિ સંખ્યાનો વિભાગ કરાય છે તેથી આત્માદિ પદાર્થોમાં રહેલ એકથી લઇને દશ સુધીના સ્થાનો (પદાર્થો) કહેવાશે માટે **સ્થાન.**

**સ્થાન રૂપ અંગ :-** ક્ષાયોપશમિક ભાવ રૂપ જે પ્રવચન પુરૂષ (સિદ્ધાંત) તેના અંગની જેમ અંગ તે સ્થાનાંગ.

સ્થાનાંગનો સાર તે સ્થાનાંગ સાર. ॥૧॥

अथ समुत्पन्नकेवलज्ञानेन सकलपदार्थेष्वव्याहतवचनतयाऽऽप्रतीताप्तेन तीर्थंकरनामकर्मादिपरमपुण्यप्राग्भारेणाष्टमहाप्रातिहार्यनिखिलसम्पत्समन्वितेन श्रीमहावीरेणैकत्वादिप्रकारेण समस्तवस्तुविस्तारव्याप्त्याऽऽख्यातमात्मादिवस्तुजातं दिशा प्रदर्शयितुकाम एकत्वेनात्मादिव्यापनप्रकारमादर्शयति—

**स्यादेक आत्मा, उपयोगलक्षणत्वाद्द्रव्यार्थत्वाद्वा ॥२॥**

**स्यादेक इति,** जीवः कथञ्चिदेक इत्यर्थः, अतति सततं गच्छति जानातीत्यात्मा, सिद्धावस्थायां संसार्यवस्थायाञ्चोपयोगभावेनानवरतमवबोधस्य सद्भावात्, सततमुपयोगलक्षणावबोधाभावे हि जीवोऽजीवः स्यात्, यस्त्वजीवः स न जीवभावमापद्यते, अन्यथाऽऽकाशादीनामपि जीवत्वं प्रसज्येत, एवञ्च जीवानाद्यनन्तत्वाभ्युपगमाभावप्रसङ्गः । अथवाऽतति स्वकीयान् ज्ञानादिपर्यायान्निरन्तरमुपयातीत्यात्मा, न च स्वस्वपर्यायेषु गगनादीनामपि गमनादात्मत्वप्रसङ्ग इति वाच्यम्, उपयोगलक्षणत्वात्, उपयोगो लक्षणमसाधारणो धर्मः प्रवृत्तिनिमित्तं यस्यात्मपदस्य स उपभोगलक्षणस्तस्य भावस्तत्त्वम्, तस्मादित्यर्थः, सततं पर्यायगमनं हि व्युत्पत्तिनिमित्तमात्रम्, न तु प्रवृत्तिनिमित्तं स चोपयोग एव सर्वात्मसाधारणोऽतस्तदपेक्षयाऽऽत्मा एक इति भावः, एकात्मद्रव्यापेक्षयाऽप्येकानेकत्वं प्रदर्शयति—**द्रव्यार्थत्वाद्वेति,** अवयविद्रव्यत्वादित्यर्थः, प्रदेशार्थता चावयवलक्षणार्थता, तदपेक्षया त्वनेकत्वं तस्यासंख्येयप्रदेशात्मकत्वात् । ननु नास्त्यवयविद्रव्यं विकल्पद्वयेन तस्याघटमानत्वात्, खरविषाणवत्, अवयविद्रव्यं हि यद्यवयवेभ्योऽभिन्नं तदाऽवयविवदवयवानामप्येकत्वं स्यादवयववद्वाऽवयविद्रव्यमनेकं भवेत्, अन्यथा भेद एव स्यात्, विरुद्धधर्माध्यासस्य भेदनिबन्धनत्वात् । यदि चावयवेभ्यस्तद्भिन्नं तर्ह्यवयवेषु किं प्रत्येकं सर्वात्मना वा समवैति, देशतो वा, यदि सर्वात्मना तर्ह्यवयवी नाना भवेत्, प्रत्येकं पर्याप्तत्वात्, यदि देशैः समवेति तदा यैर्देशैरवयवेषु तद्वर्त्तते तेष्वपि देशेषु तथैव विकल्पप्रसङ्गेन तद्दोषतादवस्थ्यात्, अत्रोच्यते, एकान्तेन भेदोऽभेदो वा तयोर्नाभ्युपगम्यते किन्त्ववयवा एव तथाविधैकपरिणामादवयविद्रव्यतया व्यपदिश्यन्ते, त एव च तथाविधविचित्रपरिणामापेक्षया अवयवा इति । अवयव्यभावे त्वेते घटावयवा एते पटावयवा इत्येवमसङ्कीर्णव्यवस्थाया असम्भवः प्रसज्येत । न च तयोर्भेदः स्याद्विरुद्धर्माध्यासादिति वक्तव्यम्, एकस्यैव प्रत्यक्षसंवेदनस्य त्वया परमार्थापेक्षया भ्रान्तत्वेन संव्यवहारापेक्षया त्वभ्रान्तत्वेनाभ्युपगमात्, अत्रापि यदि भ्रान्तं तत्तर्हि कथमभ्रान्तमिति

पर्यनुयोगस्य सम्भवात्, तथा चास्त्यवयविद्रव्यम्, अव्यभिचारितया तथैव प्रतिभासमानत्वात्, अवयववत्, नीलवद्वा, तथा प्रतिभासस्यानुभूयमानत्वादेव न हेतुरसिद्धः, निखिलवस्तूनां व्यवस्थायाः प्रतिभासाधीनत्वान्नानैकान्तिकत्वविरुद्धत्वे, अन्यथा न किञ्चिद्वस्तु सिद्ध्येत्। ननु नास्त्यात्माऽनुपलभ्यमानत्वात्, न ह्यसौ प्रत्यक्षेणोपलभ्यते, अतीन्द्रियत्वात्, नाप्यनुमानेन, लिङ्गलिङ्गिनोः साक्षात् सम्बन्धादर्शनात्, न वाऽऽगमवेद्यः, आगमानामन्योऽन्यं विसंवादादिति चेन्न, विकल्पानुपपत्तेः, अनुपलभ्यमानत्वं किमेकपुरुषापेक्षया, सकलपुरुषापेक्षया वा, नाद्यः, सत्यपि वस्तुनि तस्य सम्भवात्, न ह्येकस्य कस्यचिद्घटादिग्राहकप्रमाणाप्रवृत्तौ सर्वत्र सर्वदा तदभावो निर्णेतुं युज्यते, नापि प्रमाणनिवृत्तौ प्रमेयं निवर्त्तते, प्रमाणस्य प्रमेयकार्यत्वेन कार्याभावे कारणाभावस्यादृष्टत्वात्। न द्वितीयः पक्षः, असिद्धेः, सकलपुरुषाश्रितानुपलम्भस्यासर्वज्ञदुर्ज्ञेयत्वात्। किञ्च विद्यते आत्मा, प्रत्यक्षादिभिरुपलभ्यमानत्वात्, घटादिवदित्यनुमानेन तत्सिद्धिः, अस्मदादिप्रत्यक्षेण ह्यात्मा गम्यते, ज्ञानाभिन्नत्वात्तस्य, तदभिन्नत्वञ्च ज्ञानस्य तद्धर्मत्वात्, ज्ञानन्तु स्वसंविदितरूपम्, नीलज्ञानमुत्पन्नमासीदिति स्मृतेः न ह्यस्वसंविदिते स्मृतिरुदेति, अन्यथा पुरुषान्तरज्ञानस्यापि स्मृतिविषयताप्रसङ्गात्, तस्मात्तदव्यतिरिक्तज्ञानगुणप्रत्यक्षत्वे गुण्यपि प्रत्यक्ष एव, रूपगुणप्रत्यक्षतया घटादिगुणिप्रत्यक्षवत्। शरीरमिदं विद्यमानकर्तृकम्, भोग्यत्वादोदनवदित्यनुमानगम्योऽप्यात्मा, न चौदनकर्तृवन्मूर्त्त आत्मा स्यादिति वाच्यम्, संसारिणो मूर्त्तत्वेनाभ्युपगमात्। 'एगे आया' इत्यागमगम्योऽप्यात्मा, न चायमागम आगमान्तरैर्विसंवादीति वक्तव्यम्, अस्य सुनिश्चिताऽऽप्तप्रणीतत्वात्। सोऽयमात्मा सप्रदेशः, निरवयवत्वे हस्ताद्यवयवानामेकत्वप्रसङ्गः प्रत्यवयवं स्पर्शाद्यनुपलब्धिप्रसङ्गश्च स्यात्, एवञ्च द्रव्यार्थतया एक आत्मेति, एक आत्मा कथञ्चिदिति वा व्यवस्थितम्। प्रतिक्षणं सम्भवदपरापरकालकृतकुमारतरुणनरनारकत्वादिपर्यायैरुत्पादविनाशयोगेऽपि द्रव्यार्थतयास्यैकत्वात्, कालकृतपर्यायैरुत्पादविनाशेऽपि सर्वथा न नाशः स्वपरपर्यायरूपानन्तधर्मात्मकत्वाद्वस्तुनः। प्रतिक्षणं सर्वथा विनाशे हि 'प्रतिक्षणं क्षयिणो भावाः' इति वचनात् क्षणभङ्गविज्ञानं न स्यात्, असंख्यातसमयैरेव वाक्यार्थग्रहणपरिणामात्, एकैकमप्यक्षरं हि पदसत्कं संख्यातीतसमयसम्भूतं संख्यातानि चाक्षराणि पदं, पदसंघातश्च वाक्यम्, तदर्थग्रहणपरिणामाच्च सर्वं क्षणभङ्गुरमिति विज्ञानं भवेत्, तच्च न समयविनश्वरस्य सम्भवति, तस्मादात्मोत्पादव्ययध्रौव्यात्मकः, स्थिररूपापेक्षया नित्यो नित्यत्वाच्चैकः, उत्पादव्ययापेक्षया त्वनित्यत्वादनेक

इति । एक आत्मा कथञ्चिदिति प्रथमव्याख्याने च सामान्यविशेषरूपत्वाद्वस्तुनः सामान्यापेक्षया एको विशेषापेक्षयात्वनेक इति, सर्वात्मनां तुल्यं रूपमुपयोगः, सर्वात्मसूपयोगाभावेऽनात्मत्वप्रसङ्गादिति ॥२॥

હવે ઉત્પન્ન થયેલા કેવલજ્ઞાનવાળા, સકલ પદાર્થોમાં અવ્યાહત (અખંડિત) વચનથી આપ્તરૂપે પ્રસિદ્ધિ પામેલ, તીર્થંકર નામકર્માદિ પરમ પુણ્યના સમૂહરૂપ અષ્ટ મહાપ્રાતિહાર્યરૂપ સમસ્ત સંપત્તિવાળા શ્રી મહાવીર ભગવાન વડે એકત્વાદિ પ્રકારરૂપે સમસ્ત વસ્તુના વિસ્તારને વ્યાપીને કહેવાયેલ આત્માદિ વસ્તુના સમૂહને બતાવવાની ઇચ્છાવાળા એકત્વાદિ પ્રકારને બતાવે છે..... (ઠાણાંગ સૂત્રમાં કઇ કઇ વસ્તુ એક છે, બે, ત્રણ...... યાવત્ ૧૦ વસ્તુ કેટલી છે તે બતાવે છે તેમાં પહેલાં 'એક' 'એક' વસ્તુ બતાવતા કહે છે.

જીવ કોઇક અપેક્ષાએ (સંગ્રહ નયની અપેક્ષાએ) એક છે. કઇ અપેક્ષાએ ? ઉપયોગ લક્ષણની અપેક્ષાએ સર્વ જીવો એક છે.

**આત્મા શબ્દની વ્યુત્પત્તિ :-** અતતિ = સતત પ્રાપ્ત કરે યાવત્ જાણે. અત્ ધાતુનો અર્થ સતત ગમન કરવું. જે ગત્યર્થક હોય તે જ્ઞાનાર્થ હોય. માટે જાણે છે એવો અર્થ થાય.

જે નિરંતર જાણે તે આત્મા !

સિદ્ધ અવસ્થા કે સંસારી અવસ્થા બંને અવસ્થામાં ઉપયોગ છે જ.

હવે જો આત્મામાં 'સતત - નિરંતર બોધ' એવું ન માનો તો જીવ, અજીવ થઇ જાય.

જ્યારે બોધ (ઉપયોગ) છે ત્યારે જીવ. નિરંતર બોધના અભાવમાં અજીવ થાય. અજીવપણાનો પ્રસંગ આવે.

વળી જે અજીવ છે તે જીવભાવને પ્રાપ્ત કરતો નથી. અજીવ જીવ બની શકે નહી.

હવે જો અજીવ પણ જીવ બને એવું માનો તો આકાશાદિ અજીવ છે તેને પણ જીવત્વનો પ્રસંગ આવશે.

આ રીતે તો જીવ 'અનાદિ અનંત છે' તે પણ સ્વીકારી શકાશે નહી. 'અનાદિ અનંત જીવ' છે એવા સ્વીકારનો અભાવ આવશે. જીવ અનાદિથી છે છે છે તે ઘટી શકશે નહી. અથવા अतति જે નિરંતર પોંતાના જ્ઞાનાદિ પર્યાયોને પ્રાપ્ત કરે તે આત્મા.

જો આવો અર્થ કરીએ તો આકાશાદિ પણ પોત પોતાના પર્યાયોને નિરંતર પ્રાપ્ત કરે છે. તેમાં પણ 'આત્મા' શબ્દનો વ્યવહાર થશે. આકાશાદિમાં પણ આત્મત્વનો પ્રસંગ આવશે.

**ઉત્તર :-** એવું નહીં બને. કારણ કે આત્માનું 'ઉપયોગ' લક્ષણ છે. ઉપયોગ લક્ષણ એ અસાધારણ ધર્મ છે. 'આત્મા' પદની પ્રવૃત્તિનું નિમિત્ત ઉપયોગ લક્ષણ છે.

'સતત પર્યાયનું ગમન' 'સતત પર્યાયોની પ્રાપ્તિ' આ તો માત્ર વ્યુત્પત્તિનું નિમિત્ત છે. પણ પ્રવૃત્તિનું નિમિત્ત નથી.

પ્રવૃત્તિનું નિમિત્ત તો 'ઉપયોગ' છે. જે બધા આત્મામાં સાધારણ લક્ષણ ઉપયોગ છે.

આથી તે અપેક્ષાએ 'આત્મા' એક છે.

**द्रव्यार्थत्वाद् वा इति :-** દ્રવ્યરૂપે આત્મા એક છે. કથંચિત્ દ્રવ્યાર્થરૂપે આત્મા એક છે અને તેજ આત્માના અસંખ્યાત પ્રદેશ હોવાથી અનેકત્વ બતાવે છે.

**દ્રવ્યાર્થત્વાત્ :-** આત્મા અવયવી દ્રવ્ય છે. દ્રવ્યાર્થથી એક પ્રદેશાર્થતા છે તે અવયવ સ્વરૂપ છે. તે અપેક્ષાએ અનેકત્વ છે. આત્મા અસંખ્યાત પ્રદેશરૂપ છે. તેથી તેની અપેક્ષાએ અનેકત્વ છે.

**પૂર્વપક્ષવાદી શંકા :-** આત્મા અવયવી દ્રવ્ય નથી. કારણ કે આગળ કહેવાતા બે વિકલ્પ તેમાં ઘટતા નથી. દા.ત. ગધેડાના શીંગડા.

અવયવી દ્રવ્ય અવયવોથી ભિન્ન છે કે અભિન્ન ? જુદુ છે કે એક છે ? હવે જો **વિકલ્પ - ૧** અવયવી દ્રવ્ય અવયવોથી અભિન્ન છે. આવું જો માનો તો-

(૧) અવયવો અનેક છે તો અવયવી દ્રવ્ય પણ અનેક થશે.

(૨) અવયવી એક છે તો અવયવો પણ એક થશે.

આમ અવયવીનું અનેકપણું અને અવયવોનું એકપણું થશે.... એકત્વ અને અનેકત્વ વિરૂદ્ધ ધર્મ છે. વિરૂદ્ધ ધર્મ હોય ત્યાં ભેદ હોય.

એટલે હવે **વિકલ્પ - ૨** અવયવી દ્રવ્ય અવયવોથી ભિન્ન છે એ જ પક્ષ સિદ્ધ થશે.

હવે જો અવયવોથી અવયવી દ્રવ્ય ભિન્ન છે તેવું માનશો તો પુનઃ બે પ્રશ્ન ઊભા થાય છે.

(૧) અવયવી અવયવોમાં સર્વાત્મના (સર્વથી) રહે છે કે

(૨) અવયવી અવયવોમાં દેશથી રહે છે ?

જો ૧. અવયવી અવયવોમાં સર્વાત્મના (સર્વથી) રહે છે આ પ્રમાણે કહેશો તો અવયવી ઘણા (અનેક) થશે.

૨ જો અવયવી પોતાના અવયવમાં દેશથી રહે છે તો જેટલા દેશથી રહે છે તે સર્વથી રહે છે કે દેશથી ? સર્વથી રહે છે એમ માનશો તો પૂર્વોક્ત દોષ આવશે. અવયવ ઘણા છે તો અવયવી ઘણા થશે ... અને દેશથી રહે છે એમ માનશો તો જે દેશથી રહે છે તે દેશથી કે સર્વથી ? તે દેશથી કે સર્વથી ? માટે સર્વથી કહો તો પૂર્વોક્ત દોષ છે અને દેશથી કહો તો ફરી પ્રશ્ન..... અનવસ્થા.

**સિદ્ધાંતવાદી - સમાધાન :-** બે વિકલ્પોથી તમે અવયવી દ્રવ્ય નથી એવું કહી રહ્યા છો, આ તમારૂં કથન યુક્ત નથી. કારણ કે અમે એકાંતથી ભેદ કે અભેદ સ્વીકારતા નથી. [1]અવયવો જ તેવા પ્રકારના એક પરિણામથી અવયવી દ્રવ્યરૂપે વ્યવહાર કરાય છે, અને તે [2]અવયવો જ તેવા પ્રકારના વિચિત્ર પરિણામની અપેક્ષાએ અવયવો કહેવાય છે.

વળી અવયવી દ્રવ્યનો અભાવ સ્વીકારશો તો આ ઘડાના અવયવો છે, આ વસ્ત્રના અવયવો છે આવી અવયવોની જુદી વ્યવસ્થા નહીં રહે.

તેવી રીતે પ્રતિનિયત ઘટ આદિ કાર્યની ઇચ્છાવાળાને તે ઘટ આદિમાં નિયત (નક્કી) જે વસ્તુનું ઉપાદાન ગ્રહણ પણ નહીં થાય.

બધું જ અસમંજસ થશે. કોઇ પણ જાતના કાર્યનો નિયમ જ નહીં રહે.

સંનિવેશ (રચના) વિશેષથી ઘટ - પટ આદિના અવયવોનું નિયમપણું થશે. અર્થાત્ આ ઘટના અવયવો, આ પટના અવયવો આવું નિયત થશે એવું કહો તો તે સાચું છે. કારણ કે તે જ સંનિવેશ વિશેષ અવયવી દ્રવ્ય છે.

વળી તમે પહેલા કહ્યું હતું કે -

અવયવી એક છે અને અવયવો અનેક છે. અનેક અવયવ અવયવી સાથે અભેદ માનશો તો બે વિરૂદ્ધ ધર્મ એકત્વ અને અનેકત્વ એક જગ્યાએ માનવાની આપત્તિ આવશે. બે વિરૂદ્ધ ધર્મ હોય ત્યાં બે ધર્મી જુદા જુદા જ હોય. આ વાત બરાબર નથી.

જૈન મતે અવધિજ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન, અને કેવળજ્ઞાન આ ત્રણ પ્રત્યક્ષ છે. (પ્રતિ + અક્ષ = પ્રત્યક્ષ અક્ષ = આત્મા) અને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન પરોક્ષ છે.

જ્યારે બીજા દર્શનકારો મતિજ્ઞાન - ચક્ષુ આદિ ઇન્દ્રિયથી થતા જ્ઞાનને પ્રત્યક્ષ માને છે.

(પ્રતિ + અક્ષ = પ્રત્યક્ષ અક્ષ = ઇન્દ્રિય)

જૈનો ચક્ષુ આદિ ઇન્દ્રિયથી થતા જ્ઞાનને સાંવ્યાવહારિક પ્રત્યક્ષ કહે છે. (વ્યવહારથી પ્રત્યક્ષ)

ચક્ષુ આદિ ઇન્દ્રિયથી થતું જ્ઞાન કેવળજ્ઞાનની દૃષ્ટિથી ભ્રાન્ત ઘટી શકે છે. અને ચક્ષુ આદિથી થતું જ્ઞાન વ્યવહાર અપેક્ષાએ અભ્રાન્ત જ્ઞાન છે.

આમ ચક્ષુ આદિ જ્ઞાનમાં ભ્રાન્તત્વ અને અભ્રાન્તત્વ બે વિરૂદ્ધ ધર્મ એક સાથે ટકી શકે છે.

---

૧. જૈનોના મતમાં તાંતણાથી કપડું ભિન્ન નથી. પહેલા તાંતણા હતા. તેમાં ઠંડી રોકવા રૂપ અર્થક્રિયા કારિત્વ નહોતું પણ તાંતણાનો વિશિષ્ટ સંયોગ થયા પછી ઠંડી રોકવારૂપ અર્થ ક્રિયા કારિત્વ તેનામાં આવ્યું. તેથી વિશિષ્ટ તંતુ સંયોગને જ કપડું કહીએ છીએ.

૨. જે તાંતણામાં વિશિષ્ટ સંયોગ ઉત્પન્ન થયો નથી અને ઠંડી રોકવારૂપ અર્થક્રિયાકારિત્વ જેનામાં નથી તે અવયવોનું અવયવી તરીકે નામ અપાતું નથી પણ તે અવયવ જ કહેવાય છે.

તે જ પ્રમાણે અવયવ અને અવયવીનો અભેદ માનવામાં અવયવમાં રહેલું અનેકત્વ અને અવયવીમાં રહેલું એકત્વ બે વિરૂદ્ધ ધર્મ એક સાથે રહેવામાં કોઇ દોષ નથી.

અવયવ કે નીલવર્ણની જેમ અવ્યભિચારીપણે પ્રતિભાસમાન હોવાથી અવયવી દ્રવ્ય વિદ્યમાન છે.

તે આ રીતે - 'પ્રતિભાસનો અનુભવ થતો હોવાથી' આ હેતુ અસિદ્ધ નથી. જેવી રીતે અવયવ પ્રતિભાસમાન થાય છે તેવી રીતે અવયવી પ્રતિભાસમાન થાય છે.

સમસ્ત વસ્તુની વ્યવસ્થા પ્રતિભાસને આધીન હોવાથી હેતુ વિરૂદ્ધ નથી કે અનેકાંતિક નથી.

સમસ્ત વસ્તુની વ્યવસ્થા પ્રતિભાસને આધીન છે આવું માનશો નહીં તો કોઇ વસ્તુ સિદ્ધ થશે નહી.

**પૂર્વપક્ષવાદી :-** અવયવી દ્રવ્ય છે પણ આત્મા નથી. આત્મા **પ્રત્યક્ષ પ્રમાણથી** સાક્ષાત્ થતો નથી. કારણ કે અતીન્દ્રિય છે. અતીન્દ્રિય હોવાથી આત્મા પ્રત્યક્ષ પ્રમાણથી ગ્રહણ કરવા યોગ્ય નથી.

**અનુમાન પ્રમાણથી :-** પણ આત્મા ગ્રાહ્ય નથી. લિંગ (હેતુ) લિંગી (પક્ષ) એ બંનેનો સાક્ષાત્ સંબંધ દેખવાથી અનુમાનની પ્રતીતિ થાય છે. તે લિંગ લિંગીનો સંબંધ સાક્ષાત્ દેખાતો નથી.

**આગમથી પણ :-** આત્મા જાણી શકાતો નથી. કારણ કે આગમોમાં પરસ્પર વિસંવાદ છે.

**સિદ્ધાંતવાદી :-** આવી દલીલોથી આત્મા ઉપલબ્ધ નથી આવું કહી શકાય નહી. કારણ, આગળ બતાવ્યા છે તે બે વિકલ્પો ઘટતા નથી.

**પ્રશ્ન :-** આત્મા ઉપલબ્ધ થતો નથી, આત્માનો સાક્ષાત્કાર થતો નથી તો તે (૧) એક પુરૂષને આશ્રિત છે કે (૨) બધા પુરૂષોને આશ્રિત છે ?

**ઉત્તર :-** કોઇ એક વ્યક્તિને ઘટનું જ્ઞાન ન થાય એટલા માત્રથી ઘટનું અસ્તિત્વ નથી એમ કહી શકાય નહી. અને.... એક વ્યક્તિને ઘટનું જ્ઞાન ન થાય એટલા માત્રથી સર્વત્ર અને સદા કાળ બધી વ્યક્તિમાં ઘટનું જ્ઞાન નથી માટે ઘટ વિષય જ નથી એમ કહી શકાય નહી.

પ્રમાણ = જ્ઞાન. પ્રમેય = વિષય, પદાર્થ, વસ્તુ. કોઇ એક વ્યક્તિના પ્રમાણની નિવૃત્તિ એટલે જ્ઞાનનો અભાવ હોય એટલા માત્રથી પ્રમેય - વિષયનો અભાવ સિદ્ધ થતો નથી. કેમકે બીજી વ્યક્તિને, સર્વજ્ઞ આદિ અને અતીન્દ્રિય અવધિજ્ઞાની આદિ બીજી વ્યક્તિઓને આત્માના અસ્તિત્વનું પ્રમાણ - પ્રત્યક્ષ જ્ઞાન છે અને તેથી જ તે જ્ઞાનનો વિષય આત્મા પણ છે.

પ્રમાણ = જ્ઞાન એ કાર્ય છે.

પ્રમેય = વિષય એ કારણ છે.

વિષય હોય તો જ જ્ઞાન થાય. પણ કોઈ (ઘટ) વસ્તુના જ્ઞાન (પ્રમાણ) કોઈ વ્યક્તિને ન થાય એટલા માત્રથી (પ્રમેય) ઘટ વિષયનો અભાવ ન થઈ જાય.

કાર્યની નિવૃત્તિથી - કાર્યના અભાવથી કારણનો અભાવ થતો નથી. ઘટકાર્ય ઉત્પન્ન ન થાય એ જગ્યાએ દંડ કારણ ન જ હોય એવું નથી. કોઈ એક વ્યક્તિમાં પ્રમાણ = જ્ઞાનનો અભાવ હોય એટલે પ્રમેય = વિષયનો અભાવ, ઘટ કાર્યનો અભાવ હોય તો દંડ કારણનો અભાવ થાય તેવો નિયમ નથી.

ઘટ જ્ઞાનમાં ઘટ વિષય કારણ છે. ઘટ જ ન હોય તો જ્ઞાન કોનું થાત ? માટે જ્ઞાનમાં વિષય કારણ છે.

જ્ઞાન કાર્ય છે, અને ઘટ વિષય કારણ છે. જ્ઞાન = પ્રમાણ, પ્રમાણ કાર્ય છે, ઘટ જ્ઞાન કાર્ય છે. વિષય = પ્રમેય, પ્રમેય કારણ છે, ઘટ વિષય કારણ છે.

આ રીતે ઘટાદિ કાર્યના અભાવમાં કારણ દંડાદિનો અભાવ દેખાતો નથી, પ્રમાણના અભાવમાં પ્રમેયનો અભાવ નથી. માટે તમારો 'અનુપલંભ' હેતુ અનેકાંતિક દોષવાળો છે.

બીજો પક્ષ બધા પુરૂષોને આશ્રિત 'અનુપલંભ' પક્ષ અસિદ્ધ છે માટે હેતુ અસિદ્ધ છે.

અસર્વજ્ઞપણાથી, દુર્જ્ઞેય હોવાથી આત્મા નથી એ સિદ્ધ થતું નથી. અસર્વજ્ઞ હોવાથી બધા મનુષ્યો સર્વદા અને સર્વ સ્થળે આત્માને જોતા નથી માટે આત્મા નથી એ સિદ્ધ થતું નથી. વિશિષ્ટ જ્ઞાનીને જણાય છે.

વળી આત્મા છે. પ્રત્યક્ષ આદિ પ્રમાણ વડે સાક્ષાત્કાર હોવાથી ઘટાદિની જેમ આત્મા છે. આ પ્રમાણે અનુમાનથી આત્માની સિદ્ધિ છે.

આપણને પ્રત્યક્ષથી આત્મા જણાય છે. આત્મા જ્ઞાનથી ભિન્ન નથી. કારણ કે જ્ઞાન આત્માનો ધર્મ છે. જ્ઞાન તો સ્વસંવિદિત રૂપ છે.

જ્ઞાન દીપક જેવું છે. સ્વ પ્રકાશક છે અને પરપ્રકાશક છે. દીપક ઘડાદિનો પ્રકાશક છે અને સ્વનો પણ પ્રકાશક છે. દીપકને જોવા માટે બીજા દીપકની જરૂર નથી. તેમ જ્ઞાન પણ સ્વ - પર પ્રકાશક છે. જ્ઞાન ઘટાદિ વિષયને જણાવે છે તેમ જ્ઞાન પોતાને પણ જણાવે છે.

જ્ઞાનના બે વિષય છે. (૧) ઘટાદિ (૨) જ્ઞાન પોતે. દીપક બે વસ્તુનો પ્રકાશક છે. (૧) ઘટાદિ (૨) દીપક પોતાને.

પહેલા અનુભવ જ્ઞાન થાય છે પછી સ્મૃતિ થાય છે.

જ્ઞાન સ્વપ્રકાશક છે. જ્ઞાનનું સ્વ સંવેદનપણું છે. પહેલા નીલનું જ્ઞાન ઉત્પન્ન થયું હતું. ઈત્યાદિની સ્મૃતિ થવા પામે છે. પહેલાં નીલના જ્ઞાનનો અનુભવ થયો હતો અને પછી સ્મૃતિ થઈ. અનુભવ અને સ્મૃતિનું અધિકરણ એક જ હોવું જોઈએ. એક અનુભવ કરે અને બીજા વ્યક્તિને સ્મરણ થાય એવું બને નહીં.

દરેક જીવને એવું જ્ઞાન થાય છે. હું સુખી છું, હું દુઃખી છું. આ જ્ઞાનનું સંવેદન છે. આ જ્ઞાન ગુણ પ્રત્યક્ષ થાય એટલે ગુણવાન-ગુણી જીવ પણ પ્રત્યક્ષ જ છે. જ્ઞાન ગુણ પ્રત્યક્ષ છે. જ્ઞાનથી આત્મા અભિન્ન છે. એટલે આત્મા પણ પ્રત્યક્ષ છે. દા.ત. ઘટનો રૂપ ગુણ પ્રત્યક્ષ થયે છતે ગુણી જે ઘટાદિ તે પ્રત્યક્ષ છે.

આ રીતે પ્રત્યક્ષથી આત્મા સિદ્ધ છે. અનુમાનથી પણ આત્મા ગમ્ય છે.

| | | | |
|---|---|---|---|
| શરીર | વિદ્યમાનકર્તા વડે ભોગ્ય છે. | ભોગ્યપણું હોવાથી | ભાતની જેમ |
| **પક્ષ** | **સાધ્ય** | **હેતુ** | **દૃષ્ટાંત** |

ભાત ભોગ્ય છે તો તેને ભોગવનાર કોઈ વિદ્યમાન કર્તા છે. તેમ આ શરીર પણ ભોગ્ય છે તો તેને ભોગવનાર કોઈ હોવો જોઈએ અને તે આત્મા છે. આ રીતે આત્મા અનુમાન ગમ્ય પણ છે.

**વાદી :** ઓદનનો કર્તા મૂર્ત છે. તેમ આ શરીરનો કર્તા આત્મા પણ મૂર્ત થશે. ભોગત્વ હેતુ આત્માની સિદ્ધિ કરવામાં વિરૂદ્ધ હેતુ છે.

**સમાધાન :** આ તમારૂં કથન યોગ્ય નથી.

મૂર્ત = રૂપ, રસ, ગંધ, સ્પર્શવાળું.... સંસારી જીવ શરીરવાળો છે. એટલે રૂપ, રસ, ગંધ સ્પર્શવાળો છે. માટે મૂર્ત છે. માટે હેતુ સાધ્ય સાધક છે. વિરૂદ્ધ નથી.

આત્મા **આગમ પ્રમાણથી પણ** ગમ્ય છે. एगे आया

**શંકા :** આ આગમ બીજા આગમોની સાથે વિસંવાદી છે.

**સમાધાન :** એવું ન કહેવું. આ આગમ સુનિશ્ચિત આપ્ત પુરુષથી પ્રણીત છે. માટે બીજા આગમોની સાથે વિસંવાદિ નથી.

આ રીતે આત્મા પ્રત્યક્ષ પ્રમાણ, અનુમાન પ્રમાણ અને આગમ પ્રમાણથી સિદ્ધ છે. એટલે આત્મા છે.

તે આત્મા કેવો છે ?

**આત્મા પ્રદેશવાળો છે.** સપ્રદેશી છે.

જો એમ ન માનો તો અવયવના અભાવમાં હસ્તાદિ અવયવોના એકત્વનો પ્રસંગ આવશે અને દરેક અવયવ પ્રતિ સ્પર્શાદિની અનુપલબ્ધિનો પ્રસંગ આવશે.

આ પ્રમાણે દ્રવ્યાર્થપણે (સંગ્રહ નયથી) એક આત્મા છે. અથવા કથંચિત્ એક આત્મા છે.

તે પ્રતિક્ષણ સંભવતા જુદા જુદા કાલ વડે કરાયેલ કુમાર, તરૂણ, નર, નારકત્વાદિ પર્યાયો વડે ઉત્પાદ અને વિનાશના યોગમાં પણ દ્રવ્યાર્થપણે આત્મા એક છે.

મનુષ્ય મરી ગયો. મરીને દેવ થયો. દેવ પર્યાયની ઉત્પત્તિ મનુષ્ય પર્યાયનો નાશ પણ જીવ દ્રવ્ય ધ્રૌવ્ય છે. નિત્ય છે.

કાલકૃત પર્યાયો વડે ઉત્પાદ અને વિનાશ હોવા છતાં પણ આત્માનો સર્વથા નાશ નથી. કારણકે સ્વ અને પર પર્યાયરૂપ અનંત ધર્માત્મક વસ્તુ હોય છે.

**ક્ષણિક વિજ્ઞાનવાદ ખોટો છે.** પ્રતિક્ષણ સર્વ પ્રકારે વિનાશમાં પણ "प्रतिक्षणं क्षयिणो भावा" આ વચનથી તમારા પ્રતિપાદ્ય વિષયનું ક્ષણભંગુરરૂપ વિજ્ઞાન થશે નહીં. કારણકે વાક્યાર્થનું જ્ઞાન અને પરિણામમાં અસંખ્યાત સમય થાય. કેમકે એક એક અક્ષર પણ અસંખ્યાત સમયમાં ઉત્પન્ન થાય છે. સંખ્યાત અક્ષરવાળું પદ છે. અને સંખ્યાત પદના સમુદાયવાળું વાક્ય છે. તેના અર્થના ગ્રહણ (જ્ઞાન) પરિણામથી સમયમાં ક્ષણભંગુર વિજ્ઞાન થાય. આ બરાબર નથી. આ ક્ષણભંગુર વિજ્ઞાનવાદ અયોગ્ય છે.

તેથી આત્મા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સ્વરૂપ હોવાથી સ્થિરરૂપની અપેક્ષાએ નિત્ય છે. અને નિત્ય હોવાથી એક છે. ઉત્પાદ-વ્યયની અપેક્ષાએ અનિત્ય હોવાથી અનેક છે. કથંચિત્ એક આત્મા એ સંગ્રહ નયની અપેક્ષાએ છે.

વસ્તુ સામાન્ય-વિશેષરૂપ હોવાથી સામાન્યની અપેક્ષાએ એક છે. વિશેષની અપેક્ષાએ અનેક છે.

સર્વ આત્માઓ ઉપયોગરૂપે તુલ્ય છે. એકરૂપવાળા છે. બધા આત્મામાં ઉપયોગનો અભાવ માનવામાં આવે તો અનાત્મપણાનો પ્રસંગ આવે. ॥ ૨ ॥

एवमात्मन एकत्वमभ्युपगच्छन्तोऽपि केचन तं निष्क्रियं वदन्ति तन्निराकरणाय क्रियावत्त्वं तत्कारणञ्चाह—

**तस्य दण्डः क्रिया चैका वधकरणसामान्यात् ॥३॥**

**तस्येति**, एकानेकरूपस्यात्मन इत्यर्थः, आत्मा ज्ञानाद्यैश्वर्यापहारतो दण्ड्यते निःसारीक्रियतेऽनेनेति दण्डः, स च द्रव्यतो भावतश्च, द्रव्यतो यष्ट्यादिर्भावतो दुष्प्रयुक्तमनःप्रभृति । तत्प्रयुक्त आत्मा क्रियामाचरति, सा च कायिक्यादिरूपा, दण्डः क्रिया चैका स्वस्वविशेषाविवक्षणात्, यद्वा दण्डक्रियाशब्दाभ्यां त्रयोदशस्थानानि ग्राह्याणि, तत्रार्थानर्थहिंसाऽकस्माद्दृष्टिविपर्यासदण्डरूपः पञ्चविधो दण्डः, तस्य चैकत्वं वधसामान्यात्, मृषाप्रत्ययादत्तादानप्रत्ययाऽऽध्यात्मिकी मानप्रत्यया मित्रद्वेषप्रत्यया मायाप्रत्ययः लोभप्रत्ययैर्यापथिकी चेत्यष्टविधा क्रिया, तदेकत्वञ्च करणमात्रसामान्यात्, एतेनात्मनः क्रियावत्त्वमुक्तं भवति, परैर्ह्यात्मनोऽक्रियत्वेऽपि भोक्तृत्वमभ्युपगतम्, तच्च भुजिक्रियानिर्वर्त्तनसामर्थ्ये सति सम्भवति

तस्मात्क्रियावत्त्वं सिद्धमेव, न च प्रकृतिः करोति, पुरुषाश्च प्रतिबिम्बन्यायेन भुङ्क्त इति वाच्यम्, क्रियामन्तरेण प्रतिबिम्बस्याप्यसंभवात्, प्रतिबिम्बो हि रूपान्तरपरिणमनरूपः, प्रकृतिविकारभूतबुद्धेरेव सुखार्थप्रतिबिम्बनत्वे तु सुतरामात्मनो भोगाभावः प्रसक्त इति ॥३॥

આ પ્રમાણે આત્માનું એકત્વ સ્વીકાર કરવા છતાં પણ કેટલાક દર્શનકારો આત્માનું નિષ્ક્રિયપણું સ્વીકાર કરે છે. તેના નિરાકરણ માટે આત્માનું ક્રિયાવાન પણું કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર ક્રિયાના કારણરૂપ દંડનું સ્વરૂપ પ્રથમ કહે છે.

તે એક-અનેકરૂપ આત્માનું.

આત્મા જ્ઞાનાદિ ઐશ્વર્યના નાશથી દંડાય છે, જેના વડે નિઃસાર કરાય છે તે દંડ.

દંડ દ્રવ્ય અને ભાવથી બે પ્રકારે છે.

દ્રવ્યથી - લાકડી વગેરે. ભાવથી - ખરાબ રીતે પ્રવર્તાવેલ મન વિગેરે. તે દંડ વડે પ્રેરાયેલ આત્મા ક્રિયા કરે છે. કાયિકી આદિ તેના પ્રકારો છે. દંડ અને ક્રિયા પોતપોતાના વિશેષની અવિવક્ષાથી એક છે.

આ સૂત્ર વડે અક્રિયાપણાના નિષેધ વડે આત્માનું સક્રિયપણું કહે છે. તે કારણથી દંડ અને ક્રિયા શબ્દ વડે તેર ક્રિયાસ્થાનો ગ્રહણ કરવા. તેમાં દંડ પાંચ પ્રકારે છે.

(૧) અર્થ દંડ, (૨) અનર્થ દંડ (૩) હિંસા દંડ (૪) અકસ્માત દંડ (૫) દૃષ્ટિ વિપર્યાસ દંડ. પરના પ્રાણહરણ સ્વરૂપ દંડ શબ્દથી આ પાંચ દંડ ગ્રહણ કરાય છે. તથા વધનું સમાનપણું હોવાથી દંડનું એકપણું જાણવું. ક્રિયા આઠ પ્રકારે છે. (૧) મૃષા પ્રત્યયા (૨) અદત્તાદાન પ્રત્યયા (૩) આધ્યાત્મિકી (૪) માન પ્રત્યયા (૫) મિત્ર દ્વેષ પ્રત્યયા (૬) માયા પ્રત્યયા (૭) લોભ પ્રત્યયા (૮) ઐર્યાપથિકી, ક્રિયાનું એકપણું કરણ માત્રના સમાનપણાથી જાણવું.

આનાથી આત્માનું ક્રિયાવાનપણું કહ્યું.

જેઓએ (બીજાઓએ) આત્માનું અક્રિયત્વ સ્વીકારેલ છે તેમ ભોક્તૃત્વ પણ સ્વીકાર્યું છે. ભોક્તૃત્વ સ્વીકારવાથી ભોગક્રિયાની ઉત્પત્તિનું સામર્થ્ય હોવાથી આત્માનું ભોક્તાપણું સિદ્ધ થાય છે. તે જ ક્રિયાપણું છે. તેથી આત્માનું ક્રિયાવત્વ સિદ્ધ થાય છે.

પ્રકૃતિ કરે છે અને પુરુષ ભોગવે છે એ પ્રતિબિંબ ન્યાય વડે ભોક્તૃત્વ છે એમ કહેવું અયોગ્ય છે. ક્રિયા વિના (પ્રકૃતિનો સંબંધ થયે છતે) પ્રતિબિંબનો સંભવ નથી. કેમકે પ્રતિબિંબ રૂપાંતરના પરિણમનરૂપ છે.

વળી જો કહેશો કે પ્રકૃતિના વિકારરૂપ બુદ્ધિથી સુખાદિ અર્થનું પ્રતિબિંબ પડે છે પણ આત્માથી સુખાર્થ પ્રતિબિંબ પડતું નથી ત્યારે આત્માનું તે સ્થિતિમાં રહેવાપણું હોવાથી ભોક્તૃત્વ ઘટી શકશે નહીં. આત્માના ભોક્તૃત્વનો અભાવ થશે. ભોગાભાવ થશે. ॥ ૩ ॥

आत्मन आधारप्रदर्शनमुखेनाजीवानामेकानेकत्वं तथैव दर्शयति—

**लोकालोकधर्माधर्मबन्धमोक्षपुण्यपापास्त्रवसंवरवेदनानिर्जरा अप्येकरूपाः सामान्यात् ।।४।।**

**लोकेति,** धर्माधर्मास्तिकायव्यवच्छिन्नो निखिलद्रव्याधारभूत आकाशविशेषः, आकाशस्तु लोकरूपोऽलोकरूपश्च, तत्र चतुर्दशरज्जुप्रमाणो लोकोऽसंख्यातप्रदेशात्मकोऽपि तत्प्रदेशाविवक्षया द्रव्यार्थतया वैकरूपः, अलोकश्चानन्तप्रदेशात्मकोऽपि तत्प्रदेशाविवक्षया द्रव्यार्थतया वैकः । अथवा नामस्थापनाद्रव्यक्षेत्रकालभवभावपर्यवभेदेनाष्टधा, नामस्थापने, प्रसिद्धे, द्रव्यलोको जीवाजीवरूपः, क्षेत्रलोकोऽनन्तप्रदेशात्मकमाकाशमात्रम्, काललोकः समयावलिकादि, भवलोकः, स्वस्मिन् स्वस्मिन् भवे वर्त्तमाना नारकदेवमनुष्यतिर्यग्योनिकाः सत्त्वाः भावलोक औदयिकौपशमिकक्षायिकक्षायोपशमिकपारिणामिकसान्निपातिकरूपः, पर्यवलोकश्च पर्यायमात्रम्, एतेषामेकत्वन्तु केवलज्ञानावलोकनीयत्वसामान्यात् । ननु निखिलद्रव्याधारभूताकाशसद्भावे किं मानमिति चेन्न, अस्त्याकाशम्, जीवादिपदार्थानां साधारत्वान्यथानुपपत्तेरिति मानसद्भावात्, न च धर्माधर्मास्तिकायावेव तदाधारौ, तयोस्तद्गतिस्थितिसाधकत्वात्, न चान्यसाध्यं कार्यमन्यः साधयत्यतिप्रसङ्गात्, अयमाकाशास्तिकायः सर्वद्रव्याणां साधारणावकाशदाता लोकालोकप्रकारेणोच्यते, स च सावयवः प्रदेशव्यवहारस्य तत्र दर्शनात्, न चायं व्यवहारो मिथ्या, तन्निमित्तस्याभावात् । ननु लोकैकदेशस्य प्रत्यक्षत्वात्तद्देशान्तरमपि स्याद्बाधकप्रमाणशून्यत्वात्, अलोकस्तु कथं स्यात्तस्य देशतोऽप्यप्रत्यक्षत्वादिति चेन्न, अस्ति लोकस्य विपक्षो व्युत्पत्तिमच्छुद्धपदाभिधेयत्वात्, यद्व्युत्पत्तिमता शुद्धशब्देनाभिधीयते तस्य विपक्षोऽस्ति तथा घटस्याघटः, लोकश्च व्युत्पत्तिमच्छुद्ध-पदाभिधेयः, तस्मात्सविपक्षः, यश्च लोकस्य विपक्षः सोऽलोक इति तत्सिद्धेः । न चालोको घटादिरेव भवेत् किं वस्त्वन्तरेणेति वाच्यम्, लोकानुरूपस्यैवालोकस्याऽऽवश्यकत्वात्, निषेध्यसदृशस्यैव पर्युदासनञाबोधात् । यथाऽपण्डित इत्युक्ते विशिष्टज्ञानविकलश्चेतन एव गम्यते न घटादिः । **धर्माधर्मेति,** धर्मास्तिकायोऽधर्मास्तिकायश्चेति भाव, जीवपुद्गलानां स्वभावत एव गतिस्थितिपरिणतानामपेक्षाकारणं धर्मास्तिकायोऽधर्मास्तिकायश्च, अलोकलक्षणाकाशाभ्युपगमे च धर्माधर्मौ लोकपरिमाणकारिणाववश्यं स्याताम्, अन्यथाऽऽकाशस्य निर्विशिष्टतया लोकोऽलोको वेति विशेषो न स्यात्, तथा चाविशिष्ट एवाकाशे गतिमतामात्मनां पुद्गलानाञ्च प्रतिघाताभावादनवस्थानेन सम्बन्धाभावात्सुखदुःखबन्धादिसंव्यवहारो न स्यात्, स चायं धर्मोऽधर्मश्च प्रत्येकं

प्रदेशार्थतयाऽसंख्यातप्रदेशात्मकोऽपि द्रव्यार्थतयैकरूप इति भावः । अथात्मनो लोकवृत्तैः सदण्डस्य सक्रियस्य कर्मबन्धाद्बन्धमाश्रित्य सङ्ग्रहमाह **बन्धमोक्षेति**, सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते यस्मात्स बन्धः, स च प्रकृतिस्थितिप्रदेशानुभावभेदाच्चतुर्विधोऽपि बन्धसामान्यादेक इत्यर्थः, ननु बन्धो जीवस्य कर्मणा सयोगः, स किं सादिरादिरहितो वा, प्रथमे किं पूर्वं जीवः पश्चात्कर्म प्रसूयते, किं वा पूर्वं कर्म पश्चाज्जीवः, अथवा द्वावपि युगपत् । तत्र न प्रथमं जीवसम्भूतिः, निर्हेतुकत्वात्, खरविषाणवत्, जीवस्य नित्यत्वेऽपि कर्मबन्धो न स्यादकारणत्वाद्गगनवत्, यदि तु निष्कारणमेव भवेत् स्यान्मुक्तस्यापि पुनः सः, कर्मयोगाभावे च नित्यमुक्त एव स्यात्, अथवा बन्धाभावे मुक्तताव्यपदेशोऽपि न स्यात्, न द्वितीयः, जीवस्य कर्तुस्तदानीमभावात् पूर्वं कर्म न भवेदक्रियमाणत्वात्, कर्त्रभावेऽपि तस्य भावे विनाशोऽपि तथैव भवेत् नापि तृतीयः, युगपदुत्पन्नयोः कार्यकारणभावाभावेन जीवः कर्त्ता ज्ञानावरणादिकं तस्य कर्मेति व्यपदेशो न स्यात् । कर्मणश्चानादित्वे मोक्षो न स्यात्, अनादित्वस्यानन्तत्वव्याप्यत्वात्, तस्मानास्ति बन्धो मोक्षो वेति चेदुच्यते सादिपक्षोऽनभ्युपगमान्निरस्तः, अनादिपक्षस्याश्रयणात्, अनादित्वस्यानन्तत्वव्याप्यत्वे मानाभावात्, काञ्चनोपलयोः संयुक्तयोः सान्तत्वदर्शनात्, बीजाङ्कुरसन्तानस्य तन्मध्यगतस्यैकस्य दाहादिना विनाशे च सान्ततादर्शनात्, तथैव जीवकर्मसंयोगोऽनादिसन्तानगतोऽपि तपःसंयमाद्युपायाद्व्यवच्छिद्यतेऽतो न मोक्षाभावः, एवमनादिजीवकर्मयोगः कथञ्चिदनन्तः यथाऽभव्यानाम्, कथञ्चित्सान्तो यथा भव्यानाम् । जीवत्वसाम्येऽपि हि भव्याभव्यत्वविशेषो नरकतिर्यगादिविशेष इव भविष्यतीति न वक्तव्यम्, द्रव्यत्वादिसामान्येऽपि यथा चेतनाचेतनभेदः, स्वभावतस्तथा भव्याभव्यत्वभेदोऽपि, न चैवं जीवत्ववद्भव्यत्वस्याविनाशित्वं स्यात्तथा च सति न निर्वाणम्, सिद्धो न भव्यो नाप्यभव्य इति वचनादिति वाच्यम्, घटप्रागभावस्यानादिस्वभावत्वेऽपि घटोत्पत्तौ विनाश इव ज्ञानतपश्चरणक्रियोपायतो भव्यत्वस्यापि विनाशसम्भवादिति । कर्मपाशवियोजनं मोक्षः, स च ज्ञानावरणादिकर्मापेक्षयाऽष्टविधोऽपि मोचनसामान्यादेकः, मुक्तस्य पुनर्मोक्षाभावात्, कारणस्य कर्मणोऽभावात्, द्रव्यत्वे सत्यमूर्त्तत्वाद्वा गगनवन्नित्यो मुक्तात्मा, न चामूर्त्तद्रव्यत्वादाकाशवन्निष्क्रियत्वं वक्तव्यम्, चेतनत्ववत्सक्रियत्वस्य तदानीमप्यङ्गीकारे बाधकाभावादन्यथा चेतनत्वमपि न स्यादिति मोक्षस्य पुण्यपापक्षयाद्भावात्पुण्यपापयोः सङ्ग्रहमाह-**पुण्यपापेति**, पुणति शुभीकरोति पुनाति वा-पवित्रीकरोत्यात्मानमिति पुण्यम्, सद्वेद्यादिशुभकर्म द्विचत्वारिंशद्विधमपि पुण्यानुबन्धिपापानुबन्धिभेदेन द्विविधमपि प्रतिप्राणिविचित्रत्वादनन्तभेदमपि वा पुण्यसामान्यादेकम्,

पातयत्यात्मन आनन्दरसमिति पापमधःपतनकारित्वाद्वापापम्, तच्चाष्टादशविधमपि द्वयशीति-भेदमपि पुण्यानुबन्धिपापानुबन्धिभेदाद्विविधमप्यनन्तसत्त्वाश्रितत्वादनन्तमपि वाऽशुभसामान्या-देकम् । ननु कर्मैव न विद्यते प्रमाणाविषयत्वाद्गगनकुसुमवदिति चेन्न, यदिदं जगत्यात्म-त्वेनाविशिष्टनामात्मनां देवासुरनरतिर्यगादिरूपं नरपतिरङ्कमनीषिमन्दमहर्द्धिदरिद्रादिरूपं वा वैचित्र्यं तन्न निर्हेतुकम्, नित्यभावाभावदोषप्रसङ्गात्, यदेव च निमित्तं तत्र तत्कर्मेत्युच्यते, न च दृष्ट एवेष्टानिष्टविषयप्राप्तिमयो हेतुर्भविष्यति, किमदृष्टकर्मकल्पनया, न हि दृष्टेऽदृष्टकल्पना न्याय्या, अतिप्रसङ्गादिति वाच्यम्, इष्टसाधनशब्दादिविषयसमेतयोर्द्वयोरेकस्य दुःखानुभूतेर-परस्य च सुखानुभूतेर्दर्शनात्, एवं दुःखसाधनसमेतयोरपि फलवैचित्र्यदर्शनान्न तद्धेतुक एवासौ फलविशेषः, साधनानां विपर्यासात्, यच्च तत्र विशिष्टो हेतुस्तदेव कर्म । एवं बालशरीरं शरीरान्तरपूर्वकम्, इन्द्रिया दिमत्त्वात्, युवशरीरवदित्यनुमानेन शरीरान्तरस्य कर्मणः सिद्धिः, न च जन्मान्तरातीतशरीरपूर्वकमेवेति शक्यते वक्तुम्, तस्यापान्तरालगतावसत्त्वेन तत्पूर्व-कत्वानुपपत्तेः, न चाशरीरिणो नियतगर्भदेशस्थानप्राप्तिः, नियामकाभावात्, तथा च यच्छरीरपूर्वकं बालशरीरं तत्कर्ममयमिति, तच्च पौद्गलिकम्, आत्मनः पारतंत्र्यनिमित्तत्वात्, निगडादिवत्, न च क्रोधादिना व्यभिचारस्तन्निमित्तभूतस्य पौद्गलिकत्वात् । ननु भवतु कर्म, तच्च पापरूपमेव, न तु पुण्यरूपमपि, परमप्रकर्षावस्थं पापं कर्मोत्कृष्टदुःखफलं जनयति तस्यैव च तरतमयोगाद्धानि, क्रमेणापकर्षेण सुखकारणम्, यथाऽपथ्यस्य क्रमेण वृद्धौ रोगवृद्धिः क्रमेण च तस्यापकर्षे रोगशमनलक्षणं सुखं तथा प्रकृतेऽपि, एवं पापानभ्युपगमे पुण्यकर्मणोऽपचयोपचयभावेन सुखदुःखे चिन्तनीये, मैवम्, सुखदुःखे स्वानुरूपकारणके कार्यत्वाद्धटादिवत्, घटस्य ह्यनुरूपं कारणं परमाणवः, तथेहापि सुखस्य पुण्यं दुःखस्य पापमनुरूपं कारणमित्यनुमानात्तयोः सिद्धेः । न चानुरूपकारणत्वे साध्ये सुखदुःखयोरात्म-परिणामत्वात्पुण्यपापात्मकं कर्मापि तथा स्यात् यदि च तद्रूपवत्तर्हि नानुरूपं मूर्त्तत्वेन विलक्षणत्वादिति वाच्यम्, कार्यकारणयोः सर्वथा सारूप्यतायाः सर्वथा विरूपताया वाऽनिष्टत्वात्, सर्वथाऽनुरूपत्वे कार्यकारणयोर्भेद एव न स्यात् सर्वथा भेदे च घटस्य मृत्तिकैव कारणं न पाषाणादिरिति नियमो न भवेत्तस्मात्कार्यकारणयोस्तुल्यातुल्यरूपतैवेति । पुण्यपापकर्मणोर्बन्धकारणमाहास्रवेति, आस्रवन्ति प्रविशन्ति येन कर्माण्यात्मनीत्यास्रवः कर्मबन्धहेतुरिति भावः, स चेन्द्रियकषायाव्रतक्रियायोगरूपः क्रमेण पञ्चचतुःपञ्चपञ्च-विंशतित्रिभेदः, तदेवं द्विचत्वारिंशद्विधोऽपि द्रव्यभावभेदाद् द्विविधोऽप्यास्रवसामान्यादेकः ।

आस्रवप्रतिपक्षसंवरमाह–**संवरेति**, संव्रियते कर्मकारणं प्राणातिपातादि निरुद्धयते येन परिणामेन स संवरः, आस्रवनिरोध इत्यर्थः, स च समितिगुप्तिधर्मानुप्रेक्षापरीषहचारित्ररूपः क्रमेण पञ्चत्रिदशद्वादशद्वाविंशतिपञ्चभेदो द्रव्यतो भावतश्च द्विविधो वा तथापि संवर-सामान्यादेकः । संवरविशेषे चायोग्यवस्थारूपे कर्मणां वेदनैव न बन्ध इति वेदनास्वरूपमाह **वेदनेति**, वेदनं वेदना स्वभावेनोदीरणाकरणेन वोदयावलिकाप्रविष्टस्य कर्मणोऽनुभवनम्, सा च ज्ञानावरणीयादिकर्मापेक्षयाऽष्टविधापि विपाकोदयप्रदेशोदयापेक्षया द्विविधापि वेदना-सामान्यादेकैवेति । अनुभूतरसं कर्म प्रदेशेभ्यः परिशटतीति निर्जरास्वरूपं सङ्ग्रहमाह-**निर्जरेति**, निर्जरणं निर्जरा परिशटनमित्यर्थः, सा चाष्टविधकर्मापेक्षयाऽष्टविधापि द्वादश-विधतपोजन्यतया द्वादशविधापि निर्जरासामान्यादेकविधैव । देशतः कर्मक्षयो निर्जरा सर्वतस्तु **मोक्ष इति तयोर्भेद** इति ॥४॥

તેવી રીતે આત્માના આધારને બતાવવા દ્વારા અજીવોનું એકત્વ, અનેકત્વ બતાવે છે.

लोकेति : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયથી યુક્ત સર્વ દ્રવ્યોના આધારભૂત આકાશવિશેષ તે લોક છે.

આકાશ ૧) લોકરૂપ, ૨) અલોકરૂપ છે....તેમાં (૧) ચૌદ રજ્જુપ્રમાણ લોક અસંખ્યાત પ્રદેશરૂપ છે. તેના પ્રદેશોની વિવક્ષા ન કરતા દ્રવ્યાર્થપણે લોક આકાશ એક છે. (૨) અલોક આકાશ અનંત પ્રદેશસ્વરૂપ હોવા છતાં પણ તેના પ્રદેશની અવિવક્ષાથી દ્રવ્યાર્થપણે અલોક આકાશ એક છે. અથવા લોક નામાદિ આઠ પ્રકારે છે.

(૧) નામ, (૨) સ્થાપના (૩) દ્રવ્ય (૪) ક્ષેત્ર (૫) કાલ (૬) ભવ (૭) ભાવ (૮) પર્યાય.

(૧) નામ (૨) સ્થાપના પ્રસિદ્ધ છે. (૩) દ્રવ્યલોક-જીવ અજીવ સ્વરૂપ છે. (૪) ક્ષેત્રલોક - અનંત પ્રદેશ સ્વરૂપ આકાશ માત્ર. (૫) કાલલોક - સમય, આવલિકાદિ. (૬) ભવલોક - પોત પોતાના ભવમાં રહેલ નારક, દેવ, મનુષ્ય, તિર્યંચયોનિવાળા જીવો. (૭) ભાવલોક - ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક, સાંનિપાતિક ભાવોરૂપ. (૮) પર્યાયલોક - પર્યાયમાત્ર પર્યાય લોક.

આઠેનું એકત્વ સામાન્યથી કેવળજ્ઞાન વડે જોવા યોગ્ય હોવાથી એકપણું છે.

**શંકા :** સર્વ દ્રવ્યના આધારભૂત આકાશ છે. એમાં પ્રમાણ શું ?.

**સમાધાન :** આકાશ છે. જીવાદિ પદાર્થોનું આધારપણું, નહીં તો અનુપપત્તિ હોવાથી.

જીવાદિ પદાર્થનું અધિકરણ આકાશ છે. એમ ન માનો તો જીવાદિ પદાર્થ ક્યાં રહેશે ? એનું કોઈ અધિકરણ જ નથી. અને અધિકરણ ન હોવાથી જીવાદિ પદાર્થોનું અસ્તિત્વ પણ ન રહે.

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય જીવાદિ પદાર્થનો આધાર ન બને. કારણકે તે બંને ગતિ અને સ્થિતિના સાધક છે.

ધર્માસ્તિકાય જીવાદિ પદાર્થના ગતિ ઉપકારક છે. તેને જીવાદિ પદાર્થના અવગાહદાતા માનવાથી અતિપ્રસંગ આવે. અધર્માસ્તિકાય જીવાદિ પદાર્થના સ્થિતિ ઉપકારક છે તેને જીવાદિ પદાર્થનો અવગાહદાતા માનવાથી અતિપ્રસંગ આવે.

અન્યથી સાધ્ય કાર્ય અન્ય કરે તો અતિપ્રસંગ આવે. માટે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આધાર નથી.

આ આકાશાસ્તિકાય સર્વ દ્રવ્યોનો સાધારણ (સામાન્ય) રીતે અવકાશ આપનાર લોક અને અલોકના ભેદ વડે કહેવાય છે.... અને તે આકાશ અવયવ સહિત છે. કારણકે તેમાં પ્રદેશોનો વ્યવહાર છે. આ વ્યવહાર ખોટો નથી. કારણ કે આ વ્યવહાર ખોટો છે એવા નિમિત્તનો અભાવ છે.

**પ્રશ્ન :** લોકનો એક દેશ પ્રત્યક્ષ હોવાથી તેનો બીજો દેશ-દેશાંતર પણ હોય. કારણકે બાધક પ્રમાણનો અભાવ છે. માટે બાધક પ્રમાણનો અભાવ હોવાથી લોકનો દેશાંતર પણ છે. પણ અલોક કેવી રીતે હોઈ શકે ? તેનો દેશ પણ પ્રત્યક્ષ નથી.

**ઉત્તર :** આવું કહેવું નહીં. કેમકે લોકનો વિપક્ષ છે. કારણકે વ્યુત્પત્તિવાળા શુદ્ધ પદ વડે કહેવાય છે.

જે વ્યુત્પત્તિવાળો શુદ્ધ શબ્દ હોય તેનો વિપક્ષ હોય જ (એવી વ્યાપ્તિ છે) એવો સાહચર્ય નિયમ છે. જેમકે 'ઘટ' શબ્દ શુદ્ધ છે. અને વ્યુત્પતિવાળો છે તેનો વિપક્ષ અઘટ છે. તેમ લોક શબ્દ પણ શુદ્ધ છે અને વ્યુત્પત્તિવાળો છે તો તેનો પણ વિપક્ષ હોવો જોઈએ. તે વિપક્ષ અલોક છે. માટે અલોક છે.

**પ્રશ્ન :** હવે न लोकः अलोकः એમ કહેવાથી ઘટ, પટાદિ જ કોઈ વસ્તુ હોઇ શકે. બીજી વસ્તુ અર્થાત્ અલોકની કલ્પના વડે શું ?

**ઉત્તર :** લોકને અનુરૂપ જ અલોક હોવો જોઇએ. લોક આકાશરૂપે છે તો અલોક પણ આકાશરૂપ હોય. નિષેધ્ય સદૃશ જ પર્યુદાસ નઞ્ના બોધથી લોક આકાશ વિશેષરૂપ છે તો અલોક પણ આકાશ વિશેષરૂપ હોય. દા.ત. 'અપંડિત' કહેવાથી વિશિષ્ટ જ્ઞાન રહિત ચેતન જ જણાય છે પણ અચેતન ઘટાદિ નહીં. તેની જેમ અલોક પણ લોક સમાન હોવો જોઇએ..

**धर्माधर्मेति :** સ્વભાવથી જ ગતિ અને સ્થિતિમાં પરિણત થયેલ જીવ અને પુદ્ગલોનું અપેક્ષા કારણ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય છે.

વળી અલોકરૂપ આકાશ સ્વીકારે છતે લોકના પરિમાણને કરનારા ધર્મ, અધર્મ અવશ્ય હોવા જોઇએ. નહીં તો આકાશ સમાન હોવાથી લોક, અલોક એવો ભેદ નહીં રહે. અને માત્ર આકાશ

છતે ગતિવાળા જીવ અને પુદ્ગલોને પ્રતિઘાત (અટકાવ)નો અભાવ હોવાથી ચોક્કસ સ્થાન નહીં રહે. કારણકે સંબંધના અભાવથી સુખ, દુ:ખ, બંધાદિ વ્યવહાર નહીં થાય.

અને તે આ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય બંને પ્રદેશાર્થપણે અસંખ્યાત પ્રદેશ સ્વરૂપ હોવા છતાં પણ દ્રવ્યાર્થતયા એક જ છે.

લોકવર્તી સંસારી જીવ દંડ સહિત અને સક્રિય છે. અને તે કર્મથી બંધાય છે. માટે હવે બંધને આશ્રયીને સંગ્રહ કહે છે.

**बन्धमोक्षेति :** કષાયવાળો હોવાથી જીવ કર્મને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે તે બંધ કહેવાય છે.

તે બંધ (૧) પ્રકૃતિ (૨) સ્થિતિ (૩) પ્રદેશ (૪) અનુભાવના ભેદથી ચાર પ્રકારનો હોવા છતાં પણ બધાનું સમાનપણું હોવથી બંધ એક છે.

**પૂર્વપક્ષવાદી :** જીવનો કર્મની સાથે સંયોગ તે બંધ.

તો તે બંધ (૧) સાદિ છે કે (૨) આદિ રહિત છે ? (અનાદિ છે ?) જો **સાદિ કહેશો તો** (૧) પહેલાં શું જીવ અને પછી કર્મ લાગે છે ? કે (૨) પહેલા કર્મ અને જીવ (૩) અથવા બંને એક સાથે છે ?

૧) પહેલા જીવની ઉત્પત્તિનો સંભવ નથી. કારણકે કોઈ હેતુ (કારણ) નથી. દા.ત. ગધેડાના શીંગડા, જીવ નિત્ય છે એટલે કર્મબંધન થાય. કારણ કે તેનું કારણ નથી. આકાશ. આકાશને જેમ કારણ નહીં હોવાથી કર્મબંધ નથી થતો તેવી રીતે જીવને પણ કારણ નહીં હોવાથી કર્મબંધ નહી ઘટે.

જો કારણ વિના પણ જીવને કર્મબંધ થાય તો મુક્તના જીવને પણ કર્મબંધ થાય.

કર્મના સંબંધના અભાવમાં નિત્ય મુક્ત જ હોય. અથવા જીવ કર્મથી બંધાતો નથી તો કર્મથી મુક્ત કેવી રીતે થશે ? એટલે બંધના અભાવમાં મુક્ત પણ કહેવાશે નહીં.

૨) પહેલા કર્મ અને પછી જીવ એ વિકલ્પ ઘટી શકશે નહીં. કેમકે કર્તા પહેલા હોય. પછી કર્તૃત્વ કાર્ય થાય. પહેલા મા-બાપ હોય પછી પુત્રરૂપ કાર્ય થાય. "જીવ કર્મનો કર્તા છે." આ વાક્ય ત્યારે જ ઘટે કે જીવ પહેલા હોય અને પછી કર્મ હોય. તેથી પહેલા કર્મ અને પછી જીવ એ વિકલ્પ ઘટતો નથી.

જેમ કર્તાના અભાવમાં પણ કર્મબંધ હોય તો કર્મોનો નાશ પણ તેવી રીતે થાય. અર્થાત્ કર્તા ન હોય અને કર્મોનો નાશ પણ થઈ જાય.

૩) જીવ અને કર્મ બંને એકસાથે ઉત્પન્ન થાય છે આ ત્રીજો વિકલ્પ પણ ઘટી શકશે નહીં.

કારણકે જીવ અને કર્મ બંનેની ઉત્પત્તિ એક સાથે માનો તો કાર્ય-કારણ ભાવનો અભાવ થશે. અને તેથી જીવ જ્ઞાનાવરણીય આદિ કર્મનો કર્તા છે એવો વ્યવહાર નહીં થાય.

કાર્યકારણ ભાવ નહીં ઘટે. "कार्यनियतपूर्ववृत्तित्वं कारणं" કાર્યની ચોક્કસપણે પૂર્વમાં રહેવાપણું જેનામાં હોય તે કારણ કહેવાય. જીવ પહેલા હોય અને પછી કર્મની ઉત્પત્તિ માનો તો જ 'જીવ કર્મનો કર્તા' છે તે વાત ઘટે.

મા-બાપ પહેલા, પુત્ર પછી. કારણ પહેલા, કાર્ય પછી. પણ બંને સાથે ઉત્પન્ન થાય એમ કહો તો બંને જોડીયા ભાઈ છે એવું સિદ્ધ થશે. પણ બંનેમાં એક કારણ અને બીજું કાર્ય એ વાત નહીં ઘટે.

કર્મને જો **અનાદિ કહેશો** તો મોક્ષ થાય નહીં. કારણ કે અનાદિપણાનું અનન્તત્વ વ્યાપ્ય છે. જ્યાં જ્યાં અનાદિત્વ છે ત્યાં ત્યાં અનન્તત્વ છે. એટલે અનાદિના કર્મનો અંત થાય નહીં. માટે બંધ પણ નથી અને મોક્ષ પણ નથી.

**સિદ્ધાંતવાદી :** અમે કર્મની આદિ સ્વીકારતા નથી માટે સાદિ પક્ષ નિરસ્ત છે. કર્મોનો બંધ અનાદિથી છે એવું અમે સ્વીકારીએ છીએ.

અનાદિનું અનન્તત્વ વ્યાપ્ય છે આ પક્ષમાં કોઈ પ્રમાણ નથી. દા.ત. સોનું અને માટી બંનેનો અનાદિથી સંયોગ છે. છતાં પણ તેનો અંત દેખાય છે. અગ્નિના તાપ આદિ ઉપાયથી માટી અને સોનાના અનાદિના સંયોગનો નાશ થાય છે.

બીજમાંથી અંકુર થાય અને અંકુરમાંથી બીજ કાઢીને ફરી ઉગાડવામાં આવે છે. આમ બીજ અને અંકુરમાં પરસ્પર કાર્ય-કારણભાવ છે એટલે બંને અનાદિના છે.

તેવી રીતે જીવ અને કર્મનો સંયોગ અનાદિનો છે. જીવ ક્યારે પણ ભૂતકાળમાં કર્મ વગરનો ન હતો....પણ એકનું એક વિશેષ કર્મ એનાથી જીવ અનાદિથી બંધાયેલો નથી. જૂના-જૂના કર્મ નાશ થાય છે, અને નવા નવા કર્મ જીવને લાગે છે.

જેમ બીજ અને અંકુરમાં પ્રવાહથી અનાદિપણું છે. એકનું એક બી અનાદિથી નથી અને એકનો એક અંકુરો અનાદિથી નથી પણ છતાં બીજ અને અંકુર પરંપરાએ અનાદિથી છે.

તે જ પ્રમાણે જીવ અને કર્મનો સંબંધ પ્રવાહથી અનાદિ છે. માટે તેનો અંત તપ અને સંયમ દ્વારા થઈ શકે છે. જેમ બીજને બાળવાથી બીજનો નાશ થાય છે. અંકુરને બાળવાથી અંકુરનો નાશ થાય છે.

તેવી રીતે જીવ અને કર્મનો સંયોગ અનાદિથી પરંપરામાં રહેલ હોવા છતાં એટલે કે અનાદિથી છે તે પણ તપ અને સંયમાદિ ઉપાયથી નાશ પામે છે.

તેથી મોક્ષનો અભાવ નથી.

અભવ્યોને અનાદિથી જીવ અને કર્મનો સંબંધ કથંચિત્ અનંત છે. અને ભવ્યોને સાંત છે.

આમ જીવ અને કર્મનો સંબંધ અપેક્ષાએ સાંત અને અપેક્ષાએ અનંત છે.

**અવાંતર શંકા :** જીવત્વ સમાન હોવા છતાં પણ ભવ્યત્વ અભવ્યત્વ વિશેષ છે. નારક, તિર્યંચાદિની જેમ વિશેષ થશે.

**સમાધાન :** આ પ્રમાણે ન કહેવું.

દ્રવ્યત્વાદિ સમાન હોવા છતાં જેમ ચેતન, અચેતન ભેદ સ્વભાવથી છે તેવી રીતે જીવત્વ સમાન હોવા છતાં પણ ભવ્યત્વ, અભવ્યત્વ ભેદ સ્વભાવથી છે.

**શંકા :** જો આમ ન માનો તો જીવત્વ જેમ અવિનાશી છે તેવી રીતે ભવ્યત્વ પણ અવિનાશી થાય.

ભવ્યત્વ અવિનાશી થાય તો નિર્વાણ ન થાય. સિદ્ધ ભવ્ય પણ નથી, અભવ્ય પણ નથી. એવું શાસ્ત્ર વચન છે એમ ન કહેવું.

**સિદ્ધાંતકાર :** (વૈશેષિકના મતમાં જેમ ઘટ પ્રાગ્ભાવ અનાદિ સ્વભાવવાળો છે છતાં ઘટ જયારે ઉત્પન્ન થાય છે ત્યારે ઘટ પ્રાગ્ભાવ નાશ પામે છે માટે ઘટ પ્રાગ્ભાવ અનાદિ સાંત છે. તેમ અમારા મતમાં ભવ્યત્વ અનાદિનું છે અને જયારે જ્ઞાન, તપ, ચારિત્ર, ક્રિયા દ્વારા જીવ મોક્ષ પામે છે ત્યારે ભવ્યત્વ નાશ પામે છે.

આમ ભવ્યત્વ અનાદિ સાંત છે.

વૈશેષિકની માન્યતા - અભાવ ચાર પ્રકારે છે. (૧) પ્રાગ્ભાવ (૨) પ્રધ્વંસાભાવ, (૩) અત્યંતાભાવ (૪) અન્યોન્યાભાવ... પટનો પ્રાગ્ભાવ = પૂર્વનો અભાવ. પટનો પ્રાગ્ અભાવ તંતુમાં છે. કેમકે એવી પ્રતીતિ થાય છે. 'एतेषु तंतुषु पटो भविष्यति' 'આ તાંતણામાંથી પટ થશે આ પ્રતીતિ પટ પ્રાગ્ભાવની સિદ્ધિ કરે છે. પણ પટ બની ગયા પછી એવી પ્રતીતિ થતી નથી કે 'पटो भविष्यति.' માટે પટ કાર્ય ઉત્પન્ન થતાં પટ પ્રાગ્ભાવ નાશ પામે છે.

પટ પ્રાગ્ભાવ અનાદિથી કઈ રીતે ? પટનો પ્રાગ્ભાવ તંતુમાં રહે છે. અને તંતુ પણ છ મહિનાથી જ ઉત્પન્ન થયા છે તો પછી તંતુમાં રહેનાર પટ પ્રાગ્ભાવ અનાદિકાળથી શી રીતે ઘટે ?

વૈશેષિકનું કહેવું છે કે - સ્વરૂપ સંબંધથી પટ પ્રાગ્ભાવ તંતુમાં છે, કાલિક સંબંધથી પટ-પ્રાગ્ભાવ કાલમાં છે...જો તમે એમ કહો કે - પટ પ્રાગ્ભાવ તંતુમાં છે અને છ મહિનાથી જ છે. તેની પહેલા ન હતો તો પટ પ્રાગ્ભાવ નથી. એમ કહે તો પટ બતાવવો પડે. પટ પ્રાગ્ભાવનો અભાવ = પટ ઘટાભાવનો અભાવ = ઘટ. પટ બતાવી શકતા નથી માટે વૈશેષિક કહે છે કે કાલદ્રવ્યમાં અનાદિથી પટ પ્રાગ્ભાવ છે. તંતુમાં પટ પ્રાગ્ભાવ છ માસથી છે.

કર્મપાશનું છૂટા થવું તે **મોક્ષ છે.** અને તે મોક્ષ જ્ઞાનાવરણાદિ કર્મની અપેક્ષાએ આઠ પ્રકારનો છે. છતાં મોચન = મૂકવું, છૂટવું. સામાન્યથી એક છે માટે મોક્ષ એક છે.

કર્મથી મુકાયેલા (મુક્ત)ને ફરી મોક્ષનો અભાવ છે. કારણ કે કારણરૂપ કર્મનો અભાવ હોવાથી મુકાયેલાનો ફરી મોક્ષ થતો નથી.

મુક્તાત્મા નિત્ય છે. આકાશ દ્રવ્ય હોવા છતાં અમૂર્ત હોવાથી નિત્ય છે તેવી રીતે મુક્તાત્મા પણ અમૂર્ત હોવાથી નિત્ય છે.

**શંકા :-** આકાશ અમૂર્ત દ્રવ્ય હોવાથી નિષ્ક્રિય છે તેવી રીતે મુક્તાત્મા પણ અમૂર્ત દ્રવ્ય હોવાથી નિષ્ક્રિય થશે.

**ઉત્તર :-** આવું કહેવું નહી. 'આકાશની જેમ અમૂર્ત દ્રવ્ય છે' જ્યારે આવું કહીએ છીએ ત્યારે પણ મુક્તાત્મામાં ચેતનત્વ તો સ્વીકારેલું જ છે. આકાશની જેમ અચેતન નથી. માટે જેમ ચેતનત્વ જીવમાં છે તેમ સક્રિયત્વ પણ સ્વીકારેલું છે.

આ વાતમાં કોઈ બાધક નથી. નહીં તો મુક્તાત્મામાં ચેતનત્વ પણ ન મનાય.

પુણ્ય અને પાપનો ક્ષય થવાથી મોક્ષ થાય છે માટે પુણ્ય-પાપ કહ્યું છે. પુણ્ય-પાપનો સંગ્રહ કર્યો છે.

**पुण्यपापेति**

पुणति - આત્માને શુભ કરે તે પુણ્ય.

पुनाति - આત્માને પવિત્ર કરે તે પુણ્ય.

સાતા વેદનીય આદિ શુભ કર્મ ૪૨ પ્રકારનું હોવા છતાં પણ અને પુણ્યાનુબંધી અને પાપાનુબંધીના ભેદથી બે પ્રકારનું હોવા છતાં પણ દરેક પ્રાણીમાં વિચિત્રતા હોવાથી અનેક ભેદ થાય છતાં પણ પુણ્ય સામાન્યથી એક છે.

पातयति - આત્માને આનંદ રસથી પાડે તે પાપ. આત્માને નીચે પાડનાર હોવાથી પાપ.

અને આ પાપ ૧૮ પ્રકારનું હોવા છતાં પણ, ૮૨ ભેદવાળું હોવા છતાં પણ, પુણ્યાનુબંધી, પાપાનુબંધીના ભેદથી બે પ્રકારનું હોવા છતાં પણ અનંત પ્રાણીઓમાં રહેલું હોવાથી અનંત પ્રકારે છે તો પણ અશુભ સામાન્યથી એક જ છે. માટે 'પાપ' એક છે.

**શંકા :-** કર્મ છે જ નહીં. કારણ કે પ્રમાણનો વિષય નથી. અર્થાત્ તેમાં પ્રમાણ નથી. દા.ત. આકાશકુસુમ.

**સમાધાન :-** આવું કહેવું નહીં. જગતમાં આત્મત્વથી સર્વ આત્મા સમાન હોવાથી દેવ, અસુર, નર, તિર્યંચાદિરૂપ તથા રાજા, રંક, બુદ્ધિશાળી, મંદબુદ્ધિ, મહાન ઋદ્ધિવાળો તેમ જ દરિદ્ર સ્વરૂપ જે વિચિત્રતા દેખાય છે તે કારણ વિના હોતું નથી.

જો કારણ (નિમિત્ત) વિના માનશો તો નિત્ય ભાવ (હોવું) નિત્ય અભાવ (ન હોવું) દોષનો પ્રસંગ આવશે.

માટે નિર્હેતુક નથી. જે નિમિત્ત છે તે જ કર્મ કહેવાય છે.

**શંકા :-** ઈષ્ટ વસ્તુથી સુખ મળે છે, અનિષ્ટ વસ્તુથી દુઃખ મળે છે. આ કાર્યકારણભાવ દૃષ્ટ છે. એને છોડીને સુખ માટે પુણ્ય કર્મ અને દુઃખ માટે પાપ કર્મને હેતુ માનવો એ કલ્પના ખોટી છે. કારણ કે કર્મ અદૃષ્ટ છે.

દૃષ્ટ કાર્ય-કારણ ભાવ હોય. પ્રત્યક્ષ દેખાતા નિમિત્તને છોડીને અદૃષ્ટની કલ્પના કરવી તે ન્યાય્યા (ઉચિત) નથી. અન્ય નિમિત્તને માનવું તે બરાબર નથી.

ઈષ્ટ શબ્દાદિ વિષય સુખના સાધનવાળા બે મનુષ્યને સાધનના ફળમાં તફાવત દેખાય છે. એક મનુષ્યને દુઃખની અનુભૂતિ થાય છે. બીજા મનુષ્યને સુખનો અનુભવ થાય છે.

એ જ પ્રમાણે અનિષ્ટ-દુઃખના સાધનવાળા બંને મનુષ્યના ફળમાં ભેદ દેખાય છે. એકને સુખનો અનુભવ થાય છે, બીજાને દુઃખનો અનુભવ થાય છે.

ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિથી પણ કોઈ મનુષ્યને દુઃખનો અનુભવ થાય છે અને અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિથી પણ સુખનો અનુભવ થાય છે. માટે અદૃષ્ટ કર્મની કલ્પના યોગ્ય છે. ડાયાબીટીશના દર્દીને ઈષ્ટ એવો લાડવો પણ દુઃખી કરે છે. જ્યારે અનિષ્ટ એવું કડવું કરિયાતું ડાયાબીટીશના રોગીને સુખી કરે છે. માટે સુખ અને દુઃખના કારણમાં અદૃષ્ટ કાર્ય-કારણ માનવું જરૂરી છે.

**કર્મની સિદ્ધિ માટે બીજું અનુમાન :-** એવી રીતે બાળ શરીર ઈન્દ્રિયઆદિવાળું હોવાથી બીજા શરીર પૂર્વકનું છે. યુવા શરીરની જેમ. જેમ યુવાન શરીર બાળદેહ પૂર્વક છે તેમ ઈન્દ્રિયઆદિવાળું આ બાળ શરીર છે તે અન્યશરીરપૂર્વક છે. અને જે અન્ય શરીરપૂર્વક આ બાળ શરીર છે તે કર્મ છે. તે કર્મ (કાર્મણ શરીર).

**પ્રશ્ન :-** જન્માન્તરના શરીરપૂર્વક છે એ કહી શકાય નહીં. કારણ કે વિગ્રહ ગતિમાં તે નહીં હોવાથી 'તે શરીર' પૂર્વકની અસિદ્ધિ થશે. અને અશરીરી આત્મા નિયત ગર્ભદેશસ્થાને પહોંચી શકે નહીં. કારણ કે નિયામક નથી. કોઈ નિયામક ન હોવાથી અશરીરી ગર્ભસ્થાને પહોંચી શકે નહીં.

**ઉત્તર :-** જે શરીરપૂર્વક બાળશરીર છે એ કર્મમય કાર્મણ શરીર છે. અને તે શરીર પૌદ્ગલિક છે. કાર્મણ શરીર નિર્યામિક છે. અશરીરી આત્માને નિયત ગર્ભસ્થાને કાર્મણ શરીર પહોંચાડે છે.

બેડીવાળાની જેમ આત્મા પરતંત્ર છે. બેડીવાળાની જેમ આત્મા કાર્મણ શરીરથી પરતંત્ર છે અને કાર્મણ શરીર જ્યાં લઈ જાય ત્યાં આત્માને જવું પડે છે. જેમ બેડીવાળા કેદીને પોલીસ જ્યાં લઈ જાય ત્યાં જવું પડે તેની જેમ આત્માને જવું પડે છે.

આત્મા ક્રોધથી પરતંત્ર છે. કર્મરૂપ સાધ્યના અભાવમાં પણ આત્મામાં પરતંત્રતા ક્રોધથી છે માટે વ્યભિચાર આવશે એમ નહીં કહેવું.

ક્રોધનું નિમિત્ત પણ કર્મ છે અને કર્મ પૌદ્‌ગલિક છે.

**શંકા :-** કર્મ ભલે હો. પણ તે પાપરૂપ છે. પુણ્યરૂપ નથી. એકદમ પ્રકૃષ્ટ અવસ્થાને પ્રાપ્ત થયેલ કર્મ તે પાપ છે. પાપકર્મ ઉત્કૃષ્ટ દુઃખના ફળને ઉત્પન્ન કરે છે અને તે પાપકર્મની તરતમ યોગથી હાનિ થાય છે અને તે પાપકર્મ ક્રમથી અપકર્ષને પ્રાપ્ત થયેલ સુખનું કારણ બને છે.

જેવી રીતે ક્રમથી અપથ્યની વૃદ્ધિમાં રોગની વૃદ્ધિ થાય છે તેવી રીતે ક્રમથી અપથ્યના અપકર્ષમાં રોગશમનરૂપ સુખ થાય છે. તેવી રીતે ચાલુમાં પણ પાપકર્મના અપકર્ષથી સુખ થાય છે. તેમ સમજવું.

એવી રીતે પાપ ન સ્વીકારો અને પુણ્ય સ્વીકારો તો પુણ્યકર્મના ઉપચયથી સુખ અને પુણ્યકર્મના અપચયથી દુઃખ થાય છે. એવું વિચારવું.

**સમાધાન :-** એવું ન કહેવું. સુખ અને દુઃખ પોતાને અનુરૂપ કારણવાળા હોય છે. સુખને અનુરૂપ કારણ પુણ્ય છે, અને દુઃખને અનુરૂપ કારણ પાપ છે.

આ અનુમાનથી પુણ્ય અને પાપથી સિદ્ધિ થાય છે સુખનું કારણ પાપ માનો અને દુઃખનું કારણ પુણ્ય માનો તો આ કાર્ય-કારણભાવ અનુરૂપ નથી.

ઘટ કાર્યનું અનુરૂપ કારણ માટીના પરમાણુઓ છે. ઘટ કાર્ય નહોતું થયું ત્યારે પણ માટીના પરમાણુ હતા. અને ઘટ કાર્ય થયા પછી માટીના પરમાણુ જ ઘટરૂપે થઈ ગયા. માટીનો ઘડો થયો માટે માટીએ ઘટનું અનુરૂપ કારણ છે. પણ ઘટનું કારણ તંતુના પરમાણુ માનવા તે ઘટ માટે અનુરૂપ કારણ નથી. તેમ સુખ માટે પાપને કારણ માનવું અને દુઃખ માટે પુણ્યને કારણ માનવું તે અનુરૂપ કારણ નથી.

સુખ-દુઃખ એ આત્માનો પરિણામ છે. સુખનું અનુરૂપ કારણ પુણ્યકર્મ છે અને દુઃખનું અનુરૂપ કારણ પાપકર્મ છે. તો પછી પુણ્યકર્મ અને પાપકર્મ પણ આત્માનો પરિણામ છે. કર્મ તો મૂર્ત છે, રૂપવાળું છે. આત્મા અરૂપી છે. અરૂપી આત્મા અને રૂપી કર્મ આમ કર્મ વિલક્ષણ છે. અનુરૂપ નથી. એમ ન કહેવું.

કાર્ય અને કારણમાં સર્વ પ્રકારે સમાનતા અથવા સર્વ પ્રકારે વિરૂપતા અનિષ્ટ છે.

કાર્ય-કારણ ભાવ સર્વથા અનુરૂપ હોવા જોઈએ એવું માનો તો કાર્ય-કારણ ભાવનો ભેદ જ નહીં રહે. કારણ કે સર્વથા અનુરૂપ તો ઘટ કાર્ય અને ઘટ કારણ પોતે જ માનો તો જ ઘટે. (યત્‌કિંચિત્ અનુરૂપ કારણ માટીના પરમાણુ ઘટે.) કારણ કે ઘટ કાર્ય બની ગયા પછી પણ માટીનો ઘડો છે એવો વ્યવહાર છે.

કાર્ય અને કારણ સર્વથા ભિન્ન હોવા જોઈએ એવું માનશો તો માટીના પરમાણુ એ ઘટનું કારણ નહીં બને. કેમકે ઘટ અને માટીના પરમાણુમાં અપેક્ષાએ અભેદ છે. અને યત્કિંચિત્ અનુરૂપતા છે. ઘટ કાર્ય થયું ન હતું એની પહેલા પણ માટીના પરમાણુ હતા અને ઘટ બની ગયા પછી પણ માટીના પર્યાયનો વિશિષ્ટ સંયોગ તેમાં જલાહરણરૂપ અર્થક્રિયાકારિત્વ પ્રાપ્ત થયું છે એ જ ઘટ છે. ઘટ કાર્યનું સર્વથા ભિન્ન કારણ તો પાષાણ જ છે. એ પાષાણને પણ ઘટ કાર્યનું કારણ કેમ ન મનાય આવી આપત્તિ આવે. માટે કાર્ય-કારણની તુલ્યા-તુલ્યરૂપતા જ છે.

પુણ્ય અને પાપ કર્મ છે તો તેના બંધનું કારણ હોવું જોઈએ માટે **આશ્રવ** કહે છે.

જેના વડે આત્મામાં કર્મો પ્રવેશ કરે છે, કર્મો ઝરે છે, કર્મો આવે છે તે આશ્રવ કહેવાય છે. તે આશ્રવ કર્મબંધનું કારણ છે. કર્મબંધના કારણો પાંચ ઈન્દ્રિય, ચાર કષાય, પાંચ અવ્રત, ૨૫ ક્રિયા, ૩ યોગ. આ પ્રમાણે કુલ-૪૨ પ્રકારનો આશ્રવ હોવા છતાં પણ દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારે હોવા છતાં પણ 'કર્મોનું આવવું' એ સામાન્યથી એક છે માટે આશ્રવ એક છે.

હવે આશ્રવના પ્રતિપક્ષ (વિરોધી)રૂપ **સંવર** કહે છે. કર્મના કારણ પ્રાણાતિપાત આદિ જે પરિણામથી રોકાય તે સંવર કહેવાય છે. સંવર એટલે આશ્રવનો નિરોધ.

આ સંવર પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દશ ધર્મ, બાર ભાવના, બાવીશ પરિષહજય, પાંચ ચારિત્રરૂપ સંવરના ૫૭ ભેદ તથા દ્રવ્ય અને ભાવથી બે પ્રકારે હોવા છતાં પણ સામાન્યથી સંવર એક છે. માટે સંવર એક છે.

અયોગી અવસ્થારૂપ સંવર વિશેષમાં કર્મની વેદના જ છે પણ બંધ નથી માટે હવે **વેદના** કહે છે.

વેદવું-અનુભવવું તે વેદના છે. સ્વભાવથી અથવા ઉદીરણાકરણ વડે ઉદયાવલિકામાં પ્રવેશેલા કર્મોનો અનુભવ કરવો તે વેદના છે. તે વેદના જ્ઞાનાવરણીયાદિ કર્મની અપેક્ષાએ આઠ પ્રકારની હોવા છતાં પણ વિપાકોદય અને પ્રદેશોદયની અપેક્ષાએ બે પ્રકારની હોવા છતાં પણ વેદના સામાન્યથી એક જ છે.

અનુભવેલા રસવાળું કર્મ આત્મપ્રદેશોથી ખરી જાય છે માટે હવે નિર્જરાનું સ્વરૂપ કહે છે. ખરી જવું - ખલાસ થવું, નાશ પામવું તે નિર્જરા કહેવાય છે. તે નિર્જરા આઠ પ્રકારના કર્મની અપેક્ષાએ આઠ પ્રકારની હોવા છતાં પણ બાર પ્રકારના તપથી થતી હોવાથી બાર પ્રકારની હોવા છતાં પણ સામાન્યથી 'ઝરવું' 'ખરવું' એ અપેક્ષાએ સામાન્યથી નિર્જરા એક છે.

દેશથી કર્મનો ક્ષય તે નિર્જરા અને સર્વથી કર્મનો ક્ષય તે મોક્ષ. નિર્જરા અને મોક્ષમાં આ તફાવત (ભેદ) છે. ॥૪॥

आत्मधर्माश्रयेणाह-

**भवधारणशरीरविकुर्वणामनोवाक्कायव्यापारादयोऽपि तथा, सामान्यादेकदैकस्यैव भावाच्च ॥५॥**

**भवेति**, वैक्रियशरीरं द्विविधं भवधारणीयमुत्तरवैक्रियञ्चेति । तत्र बाह्यपुद्गलग्रहणमन्तरेण भवधारणीयवैक्रियशरीररचना स्वस्वोत्पत्तिस्थाने जीवैः क्रियते, तच्च विरचनं सर्वं तत्सामान्यात्कथञ्चिदेकम्, एकस्मिन् समय एकजीव एकस्यैव भावाद्वैकम्, उत्तरवैक्रियञ्च बाह्यपुद्गलग्रहणान्निर्वर्त्त्यते सा च रचना विचित्राभिप्रायपूर्वकत्वाद्वैक्रियलब्धिमतस्तथाविधशक्तिमत्त्वाच्चैकजीवस्याप्यनेकापि स्यात् । मननं मनः, औदारिकादिशरीरव्यापाराहृतमनोद्रव्यसाचिव्याज्जीवव्यापारो मनोयोग इति भावः, मन्यतेऽनेनेति वा मनो द्रव्यविशेषः तच्च मनः सत्यादिभेदादनेकमपि संज्ञिनां वाऽसंख्यातत्वादसंख्यातभेदमपि मननलक्षणत्वेन सर्वमनसामेकत्वादेकम्, यस्मिन् वा समये विचार्यते तस्मिन् समय एकजीवापेक्षया एक एव मनोयोगः न क्वचनापि समये द्व्यादिसंख्यः सम्भवति ततो जीवानामेकोपयोगादेकत्वं तस्य, न च नैकोपयोगो जीवः, युगपच्छीतोष्णस्पर्शविषयसंवेदनद्वयदर्शनात्तथाविधभिन्नविषयोपयोगपुरुषद्वयवदिति वाच्यम्, भिन्नसमयत्वाच्छीतोष्णोपयोगस्य, यौगपद्यप्रतीतिस्तु समयमनसोरतिसूक्ष्मत्वात्, न पुनर्युगपदेव, अन्यथाऽन्यत्र गतचेताः पुरोवस्थितं हस्तिनमपि किं न विषयीकरोतीति । सत्यादिस्वरूपाणां वा मनोयोगानामेकदैकस्यैव भावो न द्व्यादीनां विरोधादिति । वचनं वाक्, औदारिकवैक्रियाहारकशरीरव्यापाराहृतवाग्द्रव्यसमूहसाचिव्याज्जीवव्यापारो वाग्योगः, स च सत्यादिभेदादनेकोऽप्येक एव, सर्ववाचां वचनसामान्येऽन्तर्भावात्, एकस्यैकदा भावाद्वैकम् । औदारिकादिशरीरयुक्तस्यात्मनो वीर्यपरिणतिविशेषः काययोगः, स चौदारिकादिभेदेन सप्तप्रकारोऽपि जीवानन्तत्वेनानन्तभेदोऽपि काययोगसामान्यादेक एव, सप्तानां काययोगानामेकदैकतरस्यैवैकस्य भावादेकदा स एक एव । नन्वेकदा कथं न काययोगद्वयम्, आहारकप्रयोगकाले चौदारिकावस्थितेः श्रूयमाणत्वादिति चेन्न, तत्सत्त्वेऽपि तस्य व्यापाराभावात्, तस्यापि तदा व्याप्रियमाणत्वे मिश्रयोगतैव स्यात्, केवलिसमुद्घाते सप्तमषष्ठद्वितीयसमयेष्वौदारिकमिश्रवत्, तथा च केवलाहारकप्रयोक्ता न लभ्येत, एवञ्च सति सप्तविधकाययोगप्रतिपादनमनर्थकं स्यादत एक एव काययोगः । एवं चक्रवर्त्यादेरपि कृतवैक्रियशरीरस्यौदारिकं निर्व्यापारमेव, सव्यापारत्वे चोभयस्य व्यापारवत्त्वेन मिश्रयोगतया तथाप्येकत्वस्याव्याहतत्वात्, क्रमेण

व्याप्रियमाणत्वेऽपि यौगपद्यप्रतीतेर्भ्रान्तत्वेनैकत्वस्याव्याहतत्वाच्चेति । आदिपदेन कायव्यापार-विशेषाणामुत्थानभ्रमणबलवीर्यपुरुषकारपराक्रमादीनां ग्रहणम्, एतेषां वीर्यान्तरायक्षयोपशम-वैचित्र्यतः प्रत्येकं जघन्यादिभेदैरनेकत्त्वेऽप्येकजीवस्यैकदा क्षयोपशममात्राया एकविधत्वादे-कत्वं विभावनीयम् ॥५॥

આત્માના ધર્મના આશ્રય વડે કહે છે :-

વૈક્રિય શરીર બે પ્રકારે છે. (૧) ભવધારણીય વૈક્રિય (૨) ઉત્તર વૈક્રિય.

**ભવધારણીય વૈક્રિય શરીર :-** બહારના પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના વૈક્રિય શરીરની રચના પોતપોતાના ઉત્પત્તિ સ્થાનમાં જીવો વડે કરાય છે તે ભવધારણીય વિકુર્વણા. (ભવધારણીય વૈક્રિય શરીર) કહેવાય છે.

વિકુર્વણા સામાન્યથી કથંચિત્ એક છે. 'એક સમયમાં' 'એક જીવ' એ પ્રમાણે એક હોવાથી એક છે.

**ઉત્તર વૈક્રિય શરીર :-** બહારના પુદ્ગલોને લેવાથી જે બનાવાય છે તે ઉત્તર વૈક્રિય શરીર. તે રચના વિચિત્ર અભિપ્રાયપૂર્વક હોવાથી, વૈક્રિય લબ્ધિવાળા, તેવા પ્રકારની શક્તિવાળા હોવાથી એક જીવની અનેક રચના પણ થાય છે. અર્થાત્ એક જીવ અનેક ઉત્તર વૈક્રિય બનાવી શકે છે.

**मननं**

ચિંતન કરાય તે મન.

મનન કરાય તે મન.

ઔદારિકાદિ શરીરના વ્યાપારથી લીધેલા મનોવર્ગણાના પુદ્ગલ દ્રવ્યની મદદથી જીવનો જે વ્યાપાર તે મનોયોગ છે. અથવા मन्यते अनेन જેના વડે ચિંતન કરાય. મનન કરાય તે મન. દ્રવ્ય વિશેષ છે.

તે મન સત્ય આદિ ભેદથી અનેક પ્રકારનું હોવા છતાં પણ અથવા સંજ્ઞીઓ અસંખ્યાત હોવાથી અસંખ્ય ભેદવાળું હોવા છતાં પણ બધા મનનું મનન લક્ષણ હોવાથી એક મન છે.

અથવા જે સમયે વિચાર કરાય છે તે સમયે એક જીવની અપેક્ષાએ એક જ મનોયોગ છે. કોઈપણ સમયે બે, ત્રણ આદિ મનોયોગનો સંભવ નથી. તેથી જીવોનો એક ઉપયોગ હોવાથી મનનું એકત્વ છે.

**શંકા :-** એક ઉપયોગવાળો જીવ નથી. કારણ કે એકી સાથે શીત, ઉષ્ણ બે સ્પર્શનો અનુભવ થાય છે. એક પુરૂષને એક સમયે શીત સ્પર્શનો ઉપયોગ છે તે જ સમયે બીજા પુરૂષને ઉષ્ણ સ્પર્શનો ઉપયોગ છે. તેવી જ રીતે એક જ પુરૂષ નદી ઉતરતો હોય ત્યારે નદીના ઠંડા પાણીના

સ્પર્શનો અનુભવ કરે છે અને સૂર્ય તપતો હોય ત્યારે સૂર્યના ગરમ સ્પર્શનો અનુભવ કરે છે. આમ ઉષ્ણ સ્પર્શ અને શીત સ્પર્શનો અનુભવ એકી સાથે એક જીવને થાય છે.

**સમાધાન :-** એમ નહી કહેવું. એક સાથે બે ભિન્ન સામગ્રી હોય. શીત સ્પર્શની સામગ્રી અને ઉષ્ણ સ્પર્શની સામગ્રી હોય, પણ ઠંડા સ્પર્શનો અનુભવ ચામડીથી થયા પછી શીત સ્પર્શનું જ્ઞાન અને સૂર્યના તાપથી ગરમ સ્પર્શનું જ્ઞાન ક્રમિક જ થાય છે. કારણ કે માત્ર વિષયની સામગ્રીથી જ્ઞાન થતું નથી. તેની સાથે આત્માનો ઉપયોગ પણ ભળવો જોઈએ. ઉપયોગ ક્રમિક જ હોય છે. અને એકી સાથે બે ઉપયોગ હોતા નથી. એટલે શીત સ્પર્શનું જ્ઞાન જ્યારે આત્માનો ઉપયોગ હોય ત્યારે થાય છે, અને ઉષ્ણ સ્પર્શનું જ્ઞાન પણ તેની સાથે આત્માનો ઉપયોગ હોય ત્યારે થાય છે. પણ આપણને એવો ભ્રમ થાય છે કે બંને જ્ઞાન-શીત સ્પર્શનું અને ઉષ્ણ સ્પર્શનું જ્ઞાન સાથે થયું. તેનું કારણ એવું છે કે સો પાંખડીવાળા કમળને સોયથી ભેદીએ તો એમ લાગે છે કે - સો પાંખડી એકી સાથે સોયથી ભેદાઈ ગઈ પણ કમળની પાંખડી એક ભેદાયા પછી જ બીજી ભેદાય છે. પરંતુ જલ્દીથી ક્રિયા થતી હોવાથી એક સાથેનો ભ્રમ થાય છે. સમય અને મન અતિસૂક્ષ્મ હોવાથી એક સાથેની પ્રતીતિ થાય છે. પણ બે ઉપયોગ એક સાથે હોય નહીં.

જો એમ ન માનો તો બીજે ઠેકાણે ગયેલા ચિત્તવાળો આગળ (સામે) રહેલા હાથીનો પણ શું વિષય નહીં કરે ? કરે જ. આથી એક સમયે એક જ ઉપયોગ હોય.

અથવા સત્ય આદિ સ્વરૂપવાળો મનોયોગ એક કાળે એક જ હોય છે. વિરોધ આવતો હોવાથી બે આદિનો ઉપયોગ હોતો નથી.

**वाक्** વચન એટલે બોલવું તે વચન. ઔદારિક, વૈક્રિય, આહારક શરીરના વ્યાપાર વડે ગ્રહણ કરાયેલ ભાષા દ્રવ્યના સમૂહની સહાયતાથી જીવનો વ્યાપાર તે વચનયોગ છે. તે ભાષા સત્ય, અસત્ય આદિ ભેદથી અનેક હોવા છતાં પણ વચન સામાન્યમાં અંતર્ગત હોવાથી વચન એક છે. અથવા એક કાળે એક જ યોગ હોવાથી વચન એક છે.

**काय** ઔદારિક આદિ શરીરવાળા આત્માનો વીર્ય-શક્તિ પરિણામ વિશેષ તે કાયયોગ છે. તે કાયયોગ સાત પ્રકારનો હોવા છતાં પણ જીવ અનંત હોવાથી તેના અનંત ભેદ હોવા છતાં પણ કાયયોગ સામાન્યથી એક જ કહેવાય છે. સાત કાયયોગમાંથી એક સમયે કોઈ એક જ હોવાથી એક કાળે એક જ હોય છે.

**શંકા :-** એક સમયે બે કાયયોગ કેમ ન હોય ? આહારક પ્રયોગના સમયે ઔદારિક હોય જ છે આવું સંભળાય છે તો એક સમયે બે કાયયોગ કેમ ન હોય ?

**સમાધાન :-** એવું ન કહેવું. કારણ કે બે હોવા છતાં પણ બેના વ્યાપારનો અભાવ છે. માનો કે બંને યોગ છે તો તેના વ્યાપાર વખતે મિશ્ર યોગતા જ છે. દા.ત. જેમ કેવલી સમુદ્ઘાતમાં સાત, છ, અને બીજા સમયે ઔદારિક મિશ્ર કાયયોગ હોય છે.

વળી, આહારકના પ્રયોગકાળે જો ઔદારિકનો વ્યાપાર માનશો તો આહારક શરીરનો પ્રયોગ કરનાર નહીં મળે.

(આહારક શરીર બનાવતી વખતે ઔદારિક સાથે મિશ્ર હોય છે. પરંતુ પ્રયોગ કરતી વખતે-શરૂઆતમાં કેવલ આહારક શરીરનો જ વ્યાપાર હોય છે. ત્યારે તે વખતે કેવલ આહારક યોગ હોય છે. ત્યારે જો બે માનો તો મિશ્ર યોગતા જ થાય.)

આમ હોવાથી સાત પ્રકારના કાયયોગનું પ્રતિપાદન નિરર્થક થાય માટે એક જ કાયયોગ છે.

એવી રીતે ચક્રવર્તી આદિ પણ વૈક્રિય શરીર બનાવે ત્યારે ઔદારિક નિર્વ્યાપાર જ હોય છે. અને જો વ્યાપારવાળું માનો તો બંનેમાં વ્યાપાર હોવાથી મિશ્ર યોગ થાય તો પણ એકત્વ અખંડિત છે.

ક્રમથી વ્યાપાર થતો હોવા છતાં પણ એક સાથેની પ્રતીતિ ભ્રાન્ત છે. આમ હોવાથી એકત્વ અખંડિત છે.

સૂત્રમાં કહેલ આદિ પદથી કાય વ્યાપાર વિશેષ ઉત્થાન, ભ્રમણ, બલ, વીર્ય, પુરૂષકાર, પરાક્રમ આદિનું ગ્રહણ કરવું.

વીર્યાંતરાયના ક્ષયોપશમની વિચિત્રતાથી ઉત્થાનાદિ પ્રત્યેક જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટાદિ ભેદો વડે અનેકપણે હોવા છતાં એક જીવને એક સમયે (કાળે) ક્ષયોપશમની માત્રાનું એકપણું હોવાથી કાયયોગનું એકત્વ છે. (કારણ કાર્યની માત્રા કારણની માત્રાને આધીન હોય છે.) ॥૫॥

पराक्रमादेश्च ज्ञानादेर्मोक्षमार्गस्य प्राप्तेर्ज्ञानादीनां निरूपणायाह—

**ज्ञानदर्शनचारित्राणि समयविशेषाश्च तथा ॥६॥**

**ज्ञानेति,** ज्ञायन्ते परिच्छिद्यन्तेऽर्था अनेनास्मिन्नस्माद्वेति ज्ञानम्, ज्ञानदर्शनावरणयोः क्षयः क्षयोपशमो वा ज्ञातिर्वा, आवरणद्वयक्षयाद्याविर्भूत आत्मपर्यायविशेषः सामान्यविशेषात्मके वस्तुनि विशेषांशग्रहणप्रवणः सामान्यांशग्राहकश्च ज्ञानपञ्चकाज्ञानत्रयदर्शनचतुष्टयरूपः, तच्चानेकमप्यवबोधसामान्यादुपयोगापेक्षया वैकम्, लब्धितो हि बहूनां बोधविशेषाणामेकदा सम्भवेऽप्युपयोगत एक एव, एकोपयोगत्वाज्जीवानाम् । ननु कथं दर्शनस्य ज्ञानव्यपदेशो विषयभेदादिति चेन्न, अवबोधसामान्यात्तथोक्तेः, 'आभिनिबोहियनाणे अट्ठावीसं हवन्ति पयडीउ' इत्यागमे ज्ञानग्रहणेन दर्शनस्यापि गृहीतत्वाच्च, **दर्शनेति,** श्रद्धानञ्चात्र दर्शनम्, ज्ञानादित्रयस्य सम्यक्छब्दलाञ्छितत्वे सति मोक्षमार्गतया विवक्षितत्वात्, मोक्षमार्गभूतञ्चैतत्रयं श्रद्धानपर्यायेण दर्शनेनैव सहेति । दृश्यन्ते श्रद्धीयन्ते पदार्था अनेनास्यादस्मिन् वेति दर्शनं दर्शनमोहनीयस्य क्षयः क्षयोपशमो दर्शनमोहनीयक्षयाद्याविर्भूतस्तत्त्वश्रद्धानरूप आत्मपरिणामो

वा, तच्चोपाधिभेदादनेकविधमपि श्रद्धानसामान्यादेकम्, एकस्य जीवस्य वैकदैकस्यैव भावात्, रुचिः सम्यक्त्वं तत्कारणन्तु ज्ञानमिति, **चारित्राणीति**, चर्यते मुमुक्षुभिरासेव्यते तदिति चारित्रं यद्वा चयस्य कर्मणां रिक्तीकरणाच्चरित्रम्, चारित्रमोहनीयक्षयाद्याविर्भूत आत्मनो विरतिरूपः परिणामः, तस्य सामायिकादिभेदवत्त्वेऽपि विरतिसामान्यादेकस्यैवैकदा भावादैकम्, ज्ञानादीन्युत्पादव्ययस्थितिमन्ति स्थितिश्च समयादिकेति समयं प्ररूपयति **समयविशेषाश्चेति,** विशेषपदेन निरंशता सूच्यते, परमनिरुद्धकालः समयः स चैक एव वर्त्तमानस्वरूपः, अतीतानागतयोर्विनष्टानुत्पन्नत्वेनाभावात्, अथवाऽसावेकः स्वरूपेण निरंशत्वात्, चशब्देन निरंशभूतयोः प्रदेशपरमाण्वोर्ग्रहणम्, प्रकृष्टो निरंशो धर्मादीनां देशोऽवयवविशेषः प्रदेशः स चैकः स्वरूपतः, सद्वितीयादौ देशव्यपदेशेन प्रदेशत्वाभावात् । परमाणुरत्यन्तसूक्ष्मो द्वयणुकादीनां कारणभूतः, स च स्वरूपत एकोऽन्यथा परमाणुत्वासम्भवात् । अथवा समयादीनां प्रत्येकमनन्तानामपि तुल्यरूपापेक्षयैकत्वमिति ॥६॥

જ્ઞાનાદિરૂપ મોક્ષમાર્ગ છે. આ મોક્ષમાર્ગ પરાક્રમ વિગેરેથી પ્રાપ્ત થાય છે. માટે કહે છે.—

જેના વડે, જેનાથી અને જેમાં અર્થો જણાય છે, નિર્ણય થાય છે તે જ્ઞાન છે. જ્ઞાન, દર્શનના આવરણનો ક્ષય એ જ્ઞાન છે. અથવા ક્ષયોપશમ એ જ્ઞાન છે. અથવા જે જાણવું તે જ્ઞાન છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણના ક્ષયથી પ્રગટ થયેલો આત્માનો પર્યાય વિશેષ એ જ્ઞાન છે.

દરેક વસ્તુ સામાન્ય, વિશેષ સ્વરૂપ છે. વસ્તુના વિશેષ અંશને ગ્રહણ કરવામાં તત્પર તે જ્ઞાન. અને વસ્તુના સામાન્ય અંશને ગ્રહણ કરનાર તે દર્શન છે.

આ રીતે પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન છે. તે અનેક હોવા છતાં પણ અવબોધ સામાન્ય હોવાથી અથવા ઉપયોગની અપેક્ષાએ એક છે. લબ્ધિથી ઘણા બોધ વિશેષોનો એક સાથે સંભવ હોવા છતાં પણ ઉપયોગથી એક છે કારણ કે કહ્યું છે કે - જીવોને એક ઉપયોગ હોય છે.

**પ્રશ્ન :-** દર્શનમાં જ્ઞાનનો વ્યવહાર યુક્ત નથી. કારણ કે તેમાં વિષય ભેદ છે. બંનેનો વિષય જુદો છે. જ્ઞાન વસ્તુના વિશેષ ધર્મને ગ્રહણ કરે છે. દર્શન વસ્તુના સામાન્ય ધર્મને ગ્રહણ કરે છે.

**ઉત્તર :-** આ પ્રમાણે કહેવું નહીં. જ્ઞાન સામાન્યથી તેવી રીતે કહ્યું છે.

"आभिनिबोहियनाणे अट्ठावीसं हवन्ति पयडीउ" આ પ્રમાણે આગમમાં જ્ઞાનના ગ્રહણથી દર્શનનું પણ ગ્રહણ કર્યું છે. અવગ્રહ, ઈહા સામાન્યનું ગ્રહણ કરતા હોવાથી તે દર્શન છે. અને વિશેષનું જ્ઞાન કરાવતા હોવાથી અપાય તથા ધારણા જ્ઞાન છે.

આ રીતે આગમમાં જ્ઞાનથી દર્શન અને જ્ઞાન ગ્રહણ કરાયા છે. માટે સામાન્યથી જ્ઞાન કહેવામાં વાંધો નથી.

**दर्शनेति** શ્રદ્ધા એટલે દર્શન. જ્ઞાનાદિ ત્રયને સમ્યગ્ શબ્દથી યુક્ત કરે છતે મોક્ષ માર્ગ વિવક્ષિત છે. મોક્ષમાર્ગરૂપ આ ત્રણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર છે. શ્રદ્ધા પર્યાય એવા દર્શનની સાથે જ આ ત્રણ મોક્ષમાર્ગરૂપ છે.

જેના વડે, જેનાથી અથવા જેમાં પદાર્થો દેખાય છે, શ્રદ્ધા કરાય છે તે દર્શન છે. દર્શન-મોહનીયના ક્ષય અથવા ક્ષયોપશમથી પ્રગટ થયેલો તત્ત્વશ્રદ્ધાનરૂપ અથવા આત્મપરિણામરૂપ દર્શન છે. તે આત્મપરિણામ ઉપાધિ ભેદથી અનેક પ્રકારે હોવા છતાં પણ શ્રદ્ધારૂપ સામાન્યથી એક જ છે. કારણ કે એક જીવને એક સમયે એક જ હોય છે.

રૂચિ એટલે સમ્યક્ત્વ. તેનું કારણ જ્ઞાન છે.

**चारित्राणि इति** મુમુક્ષુ વડે વિધિપૂર્વક આચરણ કરાય તે ચારિત્ર છે. સેવાય તે ચારિત્ર છે. અથવા કર્મના સમૂહને ખાલી કરે તેથી ચારિત્ર કહેવાય છે.

ચારિત્રમોહનીયના ક્ષયાદિ એટલે ક્ષય અને ક્ષયોપશમથી પ્રગટ થયેલ આત્માનો પરિણામ. તે ચારિત્રના સામાયિક આદિ ભેદ હોવા છતાં પણ વિરતિ સામાન્યથી એક સમયે એક જીવને એક જ ભાવ હોવાથી તે ચારિત્ર એક છે.

તે જ્ઞાનાદિ ઉત્પાદવાળા, વ્યયવાળા અને સ્થિતિવાળા છે. તેમાં સ્થિતિ સમય આદિરૂપ છે. માટે હવે સમયનું નિરૂપણ કરાય છે.

**समयविशेषाश्चेति** :- વિશેષ પદથી નિરંશતા બતાવે છે. પરમ નિરૂદ્ધ કાળ તે સમય છે. પરમ નિકૃષ્ટકાળ = અત્યંત સૂક્ષ્મ. જેના બે વિભાગ ન થાય તે સમય.

તે સમય વર્તમાન સ્વરૂપ એક જ છે. કારણ કે અતીત નાશ થયો છે. અનાગત ઉત્પન્ન થયો નથી. માટે તે બંને નહીં હોવાથી વર્તમાન સ્વરૂપ સમય એક જ છે.

'ચ' શબ્દથી જેનો અંશ નથી તેવા પ્રદેશ અને પરમાણુનું ગ્રહણ થાય છે.

પ્રકૃષ્ટ-નિરંશ ધર્માદિનો દેશ-અવયવ વિશેષ તે પ્રદેશ છે. પ્રદેશ એક જ છે. તે સ્વરૂપથી એક છે.

सद्वितीयादौ બે આદિમાં દેશનો વ્યવહાર થાય છે. તેથી તેમાં પ્રદેશત્વનો વ્યવહાર નથી. હાથ એ સ્કંધ છે. આંગળી હાથનો દેશ છે. વેઢા એ આંગળીના દેશ છે. સ્કંધમાં રહેલો નાનામાં નાનો દેશ - જેના વિભાગ ન થાય તે પ્રદેશ.

સ્કંધમાંથી છૂટો પડેલ પ્રદેશ તે પરમાણુ કહેવાય છે. (એક) પ્રદેશમાં પ્રદેશત્વનો વ્યવહાર છે. બે આદિમાં દેશનો વ્યવહાર છે. દ્વિતીય સહિત દેશ હોય તેમાં પ્રદેશપણાનો અભાવ છે.

પરમાણુ અત્યંત સૂક્ષ્મ અને દ્વયણુકાદિનું કારણ છે. તે સ્વરૂપથી એક છે. જો આ રીતે ન માનો ને પરમાણુને બીજી રીતે માનો તો પરમાણુ નહીં કહેવાય. અથવા સમયાદિ પ્રત્યેક અનેક-અનંત હોવા છતાં પણ તુલ્યરૂપની અપેક્ષાએ તે એક જ છે. ॥૬॥

अथ पुद्गलधर्माणां तदालिङ्गितजीवाप्रशस्तधर्माणामेकतामाह-

**रूपादयोऽव्रतकषायप्रेमद्वेषकलहाभ्याख्यानपैशुन्यपरपरिवादारतिरतिमायामृषामिथ्यात्वशल्यानि सविपक्षाणि च ॥ ७ ॥**

**रूपादय इति,** रूपरसगन्धस्पर्शशब्दा इत्यर्थः तत्र रूपादयः स्वस्वावान्तरभेदापेक्षयाऽनेकेऽपि स्वस्वसामान्यादेकरूपा इति भावः । **अव्रतेत्यादि,** प्राणातिपातो द्रव्यभावभेदेन द्विविधः, विनाशप- रितापसंक्लेशभेदेन त्रिविधः, योगैः करणैर्नवविधः, क्रोधादिभेदात् षट्त्रिंशद्विधो वा, मृषावादो द्रव्यभावभेदेन द्विविधः, अभूतोद्भावनभूतनिह्नववस्त्वन्तरन्यासनिन्दाभेदेन चतुर्विधः, अदत्तादानं विविधोपाधिवशादनेकविधम्, मैथुनमौदारिकवैक्रियविषयं करणैर्योगैरष्टादशविधं विविधोपाधितो बहुतरं वा, परिग्रहो वाह्याभ्यन्तरभेदेन द्विविधः, विविधोपाधितो वहुविधो वा । कषायाः क्रोधमानमायालोभाः, कषायमोहनीयकर्मपुद्गलोदयसम्पाद्या जीवपरिणामाः, ते चानन्तानुबन्ध्यादिभेदतोऽसंख्याताध्यवसायस्थानभेदतो वा बहुविधाः । प्रियस्य भावः कर्म वा प्रेम, तच्चानभिव्यक्तमायालोभलक्षणभेदस्वभावमभिष्वङ्गमात्रम्, द्वेषणं द्वेषः स चानभिव्यक्तक्रोधमानलक्षणभेदस्वभावोऽप्रीतिमात्रमिति । कलहः, अभ्याख्यानं-प्रकटमसद्दोषारोपणम्, पैशुन्यं पिशुनकर्म प्रच्छन्नं सदसद्दोषाविर्भावनम्, परेषां परिवादः परपरिवादो विकत्थनम्, अरतिस्तन्मोहनीयोदयजश्चित्तविकार उद्वेगलक्षणः, रतिस्तथाविधानन्दरूपा, अरतिरतीत्येकमेव विवक्षितम्, यतः क्वचन विषये या रतिस्तामेव विषयान्तरापेक्षयाऽरतिं तथाऽरतिमेव रतिं व्यपदिशन्तीत्यौपचारिकमेकत्वमनयोः । मायया सह मृषा मायामृषा, इदं मानमृषादि संयोगदोषोपलक्षकम् । प्रेमादीनि विषयभेदादध्यवसायभेदाद्वा बहुविधानि, मिथ्यादर्शनं विपर्यस्तदृष्टिः, तदेव शल्यं दुःखहेतुत्वात्, मिथ्यादर्शनं च पञ्चधाऽभिग्रहिकानभिग्रहिकाभिनिवेशिकानाभोगिकसांशयिकभेदात्, उपाधिभेदतो बहुतरं वा, सर्वेषामेषां प्राणातिपातादीनां स्वस्वसामान्यादेकत्वमवगन्तव्यम् । एषामष्टादशपापस्थानानां विपक्षाः प्राणातिपातविरमणादिरूपा अपि तथैवेति दर्शयति **सविपक्षाणि** चेति ॥ ७ ॥

પુદ્ગલના ધર્મોનું એકપણું કહ્યું... હવે પુદ્ગલોને આશ્રિત જીવોના અપ્રશસ્ત ધર્મોની એકતા કહે છે.

**रूपादयो** :- રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ પોતપોતાના અવાંતર ભેદની અપેક્ષાએ રૂપાદિ અનેક હોવા છતાં પણ પોતપોતાના સામાન્યથી એકરૂપ છે. માટે રૂપાદિ એક છે.

**अव्रत :- प्राणातिपात :** દ્રવ્ય, ભાવથી બે પ્રકારે છે. વિનાશ (જીવ રહિત કરવું), પરિતાપ (દુઃખ) અને સંક્લેશ (ખેદ) ભેદથી ત્રણ પ્રકારે છે.

યોગ (કરણ) વડે નવ પ્રકારે છે. ક્રોધાદિ ભેદથી છત્રીશ પ્રકારે છે.

**મૃષાવાદ :-** દ્રવ્ય અને ભાવ ભેદથી બે પ્રકારે છે. તેમજ

(૧) अभूतोद्भावन = આત્મા સર્વગત વ્યાપક છે એમ કહેવું.

(૨) भूतनिन्हव = આત્મા નથી એમ કહેવું.

(૩) वस्त्वन्तरन्यास = ગાય, બળદ હોવા છતાં ઘોડો છે એમ કહેવું.

(૪) निंदा = તું કોઢિયો છે એમ કહેવું.

આ ચાર પ્રકારે પણ મૃષાવાદ છે.

**અદત્તાદાન :-** વિવિધ ઉપાધિ વશથી અનેક પ્રકારે છે. દા.ત. સ્વામી, જીવ, તીર્થંકર, ગુરૂ વડે આજ્ઞા ન આપી હોય તેવી સચિત્ત, અચિત્ત, મિશ્ર વસ્તુનું ગ્રહણ કરવું તે અદત્તાદાન.

**મૈથુન :-** અબ્રહ્મચર્ય, ઔદારિક ને વૈક્રિય શરીરના વિષયો વડે મન, વચન, કાયાથી કરવું, કરાવવું, અનુમોદવારૂપ અઢાર પ્રકારે છે. અથવા વિવિધ ઉપાધિથી ઘણા પ્રકારે છે.

**પરિગ્રહ :-** જે સ્વીકાર કરાય તે પરિગ્રહ. બાહ્ય, અભ્યંતર ભેદથી બે પ્રકારે છે. વિવિધ પ્રકારની ઉપાધિથી બહુ પ્રકારે છે.

**કષાય :-** ક્રોધ, માન, માયા, લોભ, કષાય, મોહનીય કર્મરૂપી પુદ્ગલના ઉદય વડે પ્રાપ્ત થયેલ જીવના પરિણામ. તે પરિણામો અનંતાનુબંધી આદિ ભેદથી તેમજ અસંખ્યાત અધ્યવસાય સ્થાનના ભેદથી બહુ પ્રકારે છે.

**પ્રેમ :-** પ્રિયનો જે ભાવ પ્રિયસ્ય ભાવ. અથવા કારણ તે પ્રેમ છે. તે અપ્રગટ માયા અને લોભના ભેદસ્વરૂપ રાગ માત્ર છે.

**દ્વેષ :-** દ્વેષભાવ તે દ્વેષ. અથવા દૂષણ તે દ્વેષ છે. અપ્રગટ ક્રોધ, માન, રૂપ ભેદના સ્વભાવરૂપ અપ્રીતિ માત્ર છે.

**કલહ :-** કલહ એટલે કજીયો.

**અભ્યાખ્યાન :-** ખોટા દોષનું આરોપણ કરવું - આળ આપવું.

**પૈશુન્ય :-** પિશુન કર્મ. ગુપ્ત રીતે છતા-અછતા દોષનું પ્રગટ કરવું ચાડી-ચુલગી કરવી.

**પરપરિવાદ :-** બીજાઓનું ખરાબ બોલવું, બડાઈ મારવી.

**અરતિ :-** અરતિ મોહનીયના ઉદયથી થયેલ ચિત્તનો વિકાર. ઉદ્વેગરૂપ તે અરતિ છે.

**રતિ :-** રતિ મોહનીયના ઉદયથી થયેલ ચિત્તનો વિકારરૂપ જે આનંદ તે રતિ.

તે અરતિ, રતિ બંને એકરૂપ છે. કારણ કે કોઈ વિષયમાં આનંદ થાય તે જ અપેક્ષાએ બીજા વિષયમાં અરતિ થાય છે. અને અરતિ એ જ બીજા વિષયમાં રતિ કહેવાય છે. આ પ્રમાણે બંનેનું ઔપચારિક એકત્વ છે.

**માયામૃષા :-** માયા એટલે કપટ. મૃષા એટલે જુઠું બોલવું. માયા સહિત જુઠું બોલવું તે માયામૃષા. માયામૃષા એ માન મૃષાદિનો ઉપલક્ષક છે. જેમ માયા સહિત મૃષા હોય છે તેમ માન સહિત મૃષા પણ હોય છે. તેમ લોભ સહિત મૃષા વિગેરે પણ સમજવું.

પ્રેમ આદિ, વિષયના ભેદથી અથવા અધ્યવસાયના ભેદથી પણ અનેક પ્રકારે છે.

**મિથ્યાદર્શન :-** વિપરિત દૃષ્ટિ. તે શલ્યની જેમ દુઃખનું કારણ હોવાથી મિથ્યાદર્શન શલ્ય છે. મિથ્યાદર્શન અભિગ્રહિક-૧, અનભિગ્રહિક-૨, અભિનિવેશિક-૩, અનાભોગિક-૪, સાંશયિક-૫, ભેદથી પાંચ પ્રકારે છે. અથવા ઉપાધિ ભેદથી અનેક પ્રકારે છે.

આ પ્રાણાતિપાતાદિ બધા અઢાર પાપસ્થાનકોનું અનેકપણું હોવા છતાં પણ વધ વિગેરેના સામ્યથી એકપણું જાણવું.

આ અઢાર પાપસ્થાનકોના વિપક્ષ-પ્રાણાતિપાત વિરમણરૂપે વિપક્ષોને પણ તેવી જ રીતે એકપણે બતાવે છે. ॥૭॥

कालस्य स्थितिरूपत्वेन द्रव्यधर्मत्वात्तद्विशेषाश्रयेणाह–

**षडरका अवसर्पिण्युत्सर्पिणी च ॥८॥**

**षडिति,** अवसर्पति हीयमानारकतया, अवसर्पयति वाऽऽयुष्कशरीरादिभावान् हापयतीत्यवसर्पिणी, सूक्ष्माद्धासागरोपमाणां दशकोटीकोट्यात्मकः कालविशेषः, अत्र च समस्ता अपि शुभा भावाः क्रमेणानन्तगुणतया हीयन्ते, अशुभा भावाश्च क्रमेणानन्तगुणतया परिवर्द्धन्ते, अस्य षडरकाः, सुषमसुषमा सुषमा सुषमदुःषमा दुःषमसुषमा दुःषमा दुःषमदुःषमा चेति, सुष्ठु शोभनाः समा वर्षाणि यस्यां सा सुषमा, सुषमा चासौ सुषमा च सुषमसुषमा, तत्राद्यानां तिसृणां समानां क्रमेण सागरोपमकोटीकोट्यश्चतुस्त्रिद्विसंख्याः, चतुर्थ्यास्त्वेका द्विचत्वारिंशद्वर्षसहस्रोना, अन्त्ययोस्तु प्रत्येकं वर्षसहस्राण्येकविंशतिरिति । उत्सर्पति वर्धतेऽरकापेक्षया उत्सर्पयति वा भावानायुष्कादीन् वर्धयतीत्युत्सर्पिणी, इयमप्यवसर्पिणीप्रमाणा वैपरीत्येनारकषड्युता, एतेषां कालविशेषाणां समयराशीनां स्वस्वसामान्यादेकत्वं विभावनीयम् ॥८॥

કાલ સ્થિતિરૂપે (સ્થિતિરૂપપણાએ) દ્રવ્યનો ધર્મ હોવાથી તેના વિશેષ આશ્રયથી કાળનું સ્વરૂપ કહે છે.

**षडिति** ઓછા થતા-ઘટતા આરા વડે જે ઘટે છે તે **અવસર્પિણી છે.** અથવા જેમાં આયુષ્ય, શરીર આદિ ભાવોને ઓછા કરે - ઘટાડે - ટૂંકા કરે તે **અવસર્પિણી** કહેવાય છે.

તે અવસર્પિણી ૧૦ કોડાકોડી સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ પ્રમાણ છે.

આ અવસર્પિણીમાં બધા જ સારા ભાવો ક્રમથી અનંતગુણપણે હીન થાય છે અને અશુભ ભાવો ક્રમથી અનંતગુણપણે વધે છે.

આ અવસર્પિણીના છ આરા છે.

(૧) સુષમ સુષમા, (૨) સુષમા, (૩) સુષમ દુષમા, (૪) દુઃષમ સુષમા, (૫) દુઃષમા, (૬) દુઃષમ દુષમા.

**૧. સુષમ-સુષમા :-** જેમાં બધા વર્ષો સારા હોય તે સુષમા.

सुषमा चासौ सुषमा च **सुषम सुषमा**

**સારામાં સારો અત્યંત સુખરૂપ એવો સુષમ સુષમા આરો છે.**

તેમાં (૧) સુષમ સુષમા આરાની સ્થિતિ ૪ કોડાકોડી સાગરોપમ.

(૨) સુષમા આરાની સ્થિતિ ૩ કોડાકોડી સાગરોપમ.

(૩) સુષમ દુષમા આરાની સ્થિતિ ૨ કોડાકોડી સાગરોપમ છે.

(૪) દુષમ સુષમા આરાની સ્થિતિ ૪૨૦૦૦ વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ છે.

(૫) દુષમા, (૬) દુષમ દુષમા બંનેની સ્થિતિ ૨૧૦૦૦ વર્ષની છે.

**ઉત્સર્પિણી :-** આરાની અપેક્ષાઓ જે વધે છે, અથવા આયુષ્ય આદિ ભાવોને જે વધારે છે તે **ઉત્સર્પિણી** કાળ કહેવાય છે.

આ ઉત્સર્પિણી અવસર્પિણીના પ્રમાણથી વિપરિતતા વડે છ આરાથી યુક્ત છે. અર્થાત્ અવસર્પિણીમાં જે પહેલા આરાથી છઠ્ઠા સુધીના પ્રમાણ છે તે ઉત્સર્પિણીમાં ઊલટા ક્રમે એટલે કે છ થી પહેલા સુધીના ક્રમે છે.

પહેલો આરો દુષમ દુષમા ૨૧૦૦૦ વર્ષ.

બીજો આરો દુષમા ૨૧૦૦૦ વર્ષ

ત્રીજો આરો દુષમ સુષમા ૪૨૦૦૦ વર્ષ ન્યૂન્ એક કોડાકોડી સાગરોપમ.

ચોથો આરો સુષમ દુષમા ૨ કોડાકોડી સાગરોપમ.

પાંચમો આરો સુષમા ૩ કોડાકોડી સાગરોપમ.

છઠ્ઠો આરો સુષમ સુષમા ૪ કોડાકોડી સાગરોપમ સ્થિતિ છે.

આ કાળ વિશેષોની સમયરાશિનું સ્વ-સ્વ સામાન્યથી એકત્વ વિચારવું. ॥૮॥

अथ वर्गणाश्रयेणैकत्वमाह–

**नैरयिकादिचतुर्विंशतिवर्गणा अपि ॥९॥**

**नैरयिकादीति,** नैरयिकासुरनागसुपर्णविद्युदग्निद्विपोदधिदिक्पवनस्तनितकुमारपृथिव्यप्तेजोवायुवनस्पतिद्वित्रिचतुःपञ्चेन्द्रियतिर्यङ्नरव्यन्तरज्योतिष्कवैमानिकसम्बन्धिचतुर्विंशतिवर्गणा अपि प्रत्येकं सामान्यादेकरूपाः, तत्र नैरयिकाः पृथिवीप्रस्तरनरकावासस्थितिभव्यात्वाभव्यत्वादिभेदादनेकविधास्तेषां समुदायोवर्गणा तस्याश्चैकत्वं नारकत्वपर्यायसाम्यात् नारकाश्च प्रकृष्टपापकर्मफलभोक्तृतया सिद्धा यथा देवाः प्रकृष्टपुण्यफलभोक्तृतया सिद्धाः । न च देवा अप्यसिद्धा इति वक्तव्यम्, देव इति सार्थकं पदं व्युत्पत्तिमच्छुद्धपदत्वाद्घटादिपदवदिति तत्सिद्धेः न ये गुणर्द्धिसम्पन्नो नर एव देवपदाभिधेय इति वाच्यम्, तत्र देवत्वस्यौपचरितत्वात्, उपचारश्च सत्यां तथ्यार्थसिद्धौ भवति, यथाऽनुपचरितसिंहसद्भावे माणवके सिंहोपचारः । नारकादिस्तनितकुमारपर्यन्तेषु दर्शनत्रयमस्ति सम्यग्दृष्टिनैरयिकादिवर्गणाः, मिथ्यादृष्टिनैरयिकादिवर्गणाः, सम्यङ्मिथ्यादृष्टिनैरयिकादिवर्गणाः । पृथिव्यादिपञ्चानां मिथ्यात्वस्यैव सद्भावान्मिथ्यादृष्टिपृथिवीकायिकादिवर्गणाः । द्वीन्द्रियादीनां त्रयाणां मिश्रताया अभावेन द्वीन्द्रियादीनां सम्यग्दृष्टीनां मिथ्यादृष्टीनां वर्गणा अप्येकैकरूपाः सामान्यात्, शेषाः पञ्चेन्द्रियतिर्यङ्नरव्यन्तरज्योतिष्कवैमानिकानां त्रिविधा अपि वर्गणा भवन्ति, कृष्णपाक्षिकाणां शुक्लपाक्षिकाणाञ्च नैरयिकादिचतुर्विंशतिमार्गणा अप्येकरूपाः, षड्लेश्यानां वर्गणा अपि । तत्र भवनपतिवानव्यन्तरपृथिव्यप्कायिकवनस्पतिकायानां प्राथमिकाश्चतस्रो लेश्याः, तेजोवायुकद्वित्रिचतुरिन्द्रियाणां तिस्रो लेश्याः, पञ्चेन्द्रियतिर्यग्योनिकानां मनुष्याणां षडपि । ज्योतिष्काणां तेजोलेश्या वैमानिकानामुत्तरास्तिस्रो लेश्या भवन्ति । ततस्तादृशानां ता वर्गणा एकैकाः । एवं यथायथं कृष्णादिलेश्यानां भव्यानामभव्यानां सम्यग्दृष्टीनां मिथ्यादृष्टीनां सम्यङ्मिथ्यादृष्टीनां कृष्णपाक्षिकाणां शुक्लपाक्षिकाणाञ्च वर्गणा एवंरूपा विज्ञेयाः । तथाऽनन्तरसिद्धानां परम्परासिद्धानां वर्गणाः परमाणूनां द्व्यादिप्रदेशानां यावदनन्तप्रदेशिकानां पुद्गलानामेकादिप्रदेशावगाढानां यावदसंख्येयप्रदेशावगाढानामेकादिसमयस्थितिकानां यावदसंख्येयसमयस्थितिकानामेकादिगुणकालकानां यावदनन्तगुणकालकानाञ्च पुद्गलानां वर्गणा भाव्या इति संक्षेपः । तदेवं सामान्यनयाभिप्रायेणात्मादीनामेकत्वमुक्तम्, विशेषनयाभिप्रायेण तु तेषामनेकत्वमपि, तथा च जीवादीनां स्यादेकत्वं स्यादनेकत्वञ्चेति स्थितम् ॥९॥

હવે વર્ગણાને લઈને એકત્વ કહે છે.

(૧) નારકી, (૨) અસુરકુમાર, (૩) નાગકુમાર, (૪) સુવર્ણકુમાર, (૫) વિદ્યુતકુમાર, (૬) અગ્નિકુમાર, (૭) દ્વિપકુમાર, (૮) ઉદધિકુમાર, (૯) દિગ્કુમાર, (૧૦) પવનકુમાર, (૧૧) સ્તનિતકુમાર, (૧૨) પૃથ્વીકાય, (૧૩) અપ્‌કાય, (૧૪) તેઉકાય, (૧૫) વાયુકાય, (૧૬) વનસ્પતિકાય, (૧૭) બેઈન્દ્રિય, (૧૮) તેઈન્દ્રિય, (૧૯) ચઉરિન્દ્રિય, (૨૦) પંચેન્દ્રિય તિર્યંચ, (૨૧) પંચેન્દ્રિય મનુષ્ય, (૨૨) વ્યંતર, (૨૩) જ્યોતિષ્ક, (૨૪) વૈમાનિક. આ ૨૪ વર્ગણા હોવા છતાં પણ દરેકની સામાન્યથી એકરૂપ છે.

તેમાં **નારકીઓ** પૃથ્વી, પ્રતર, નરકાવાસ, સ્થિતિ, ભવ્યત્વ, અભવ્યત્વાદિ ભેદથી અનેક પ્રકાર હોવા છતાં તેઓનો સમુદાય તે વર્ગણા. નારકપણાના પર્યાયની સમાનતાથી તે વર્ગણાનું એકત્વ છે.

**શંકા :-** નારકો છે નહીં તો તેની વર્ગણાની એકત્વની વાત જ ક્યાંથી સંભવે ? આકાશકુસુમની જેમ નારકને સિદ્ધ કરનાર કોઈ પ્રમાણ જ નથી કે જે પ્રમાણથી નારક છે એવા તેના અસ્તિત્વની સિદ્ધિ થાય.

**સમાધાન :-** प्रमाणाभावात् આ તમારો હેતુ અસિદ્ધ છે. કારણ કે 'નારક છે' તેની સિદ્ધિનું અનુમાન પ્રમાણ છે.

દા.ત. જેમ ઉત્કૃષ્ટ પુણ્યનું ફળ ભોગવનાર દેવ છે તેમ ઉત્કૃષ્ટ પાપનું ફળ ભોગવનાર નારક છે. માટે નારક છે એ સિદ્ધ થાય છે.

**શંકા :-** દેવો પણ છે કે નહીં ?

**સમાધાન :-** ઉપર મુજબ ઉત્કૃષ્ટ પુણ્યના ફળ ભોગવનાર કોણ ? દેવો. માટે દેવો સિદ્ધ છે.

વળી જે વ્યુત્પત્તિવાળું હોય અને શુદ્ધ પદ હોય તે જગતમાં હોય જ છે. આ વાત સિદ્ધ છે. દા.ત. ઘટ, પટાદિ વ્યુત્પત્તિવાળા છે તથા શુદ્ધ પદ (એકલું પદ) છે. માટે દેવો સિદ્ધ છે.

(શુદ્ધ પદ = સમાસ અને તદ્ધિત રહિત તે શુદ્ધ પદ. કેવલ ક્રિયાપદથી બનેલું હોય.)

**શંકા :-** 'દેવ' પદથી ગુણ અને ઋદ્ધિથી યુક્ત મનુષ્ય જ કહેવા યોગ્ય છે. માટે તમે જે દેવ (ગતિના) 'દેવ' પદની વિવક્ષા કરો છો તે અર્થ નહીં થાય.

**સમાધાન :-** ગુણ અને ઋદ્ધિથી યુક્ત ગણધર, ચક્રવર્તી આદિ મનુષ્યમાં જે 'દેવ' શબ્દનો પ્રયોગ કરીએ છીએ તે ઉપચારથી છે. અને સત્ય અર્થની સિદ્ધિ થાય તેમાં ઉપચાર થાય છે. દા.ત. જેમ સ્વાભાવિક સિંહ હોય તો 'માણવક' નામના મનુષ્યમાં 'સિંહ'નો ઉપચાર કરાય છે. તેવી રીતે 'દેવ' સત્ય સિદ્ધ હોય તો ગુણ અને ઋદ્ધિથી સંપન્ન મનુષ્યમાં 'દેવ' પદનો ઉપચાર કરાય છે.

નારક આદિથી સ્તનિતકુમાર સુધી ત્રણ દર્શન છે. (૧) સમ્યગ્દષ્ટિ નરક આદિ એક વર્ગણા. (૨) મિથ્યાદષ્ટિ નરક આદિ એક વર્ગણા. (૩) સમ્યગ્ મિથ્યાદષ્ટિ (મિશ્ર) નરક આદિ એક વર્ગણા.

= પૃથ્વી આદિ પાંચેને મિથ્યાત્વ જ હોવાથી મિથ્યાદષ્ટિ. પૃથ્વીકાયાદિ વર્ગણા. મિથ્યાદષ્ટિ પૃથ્વીકાયિક એક વર્ગણા. મિથ્યાદષ્ટિ અપ્કાયિક એક વર્ગણા. મિથ્યાદષ્ટિ તેઉકાયિક એક વર્ગણા. મિથ્યાદષ્ટિ વાયુકાયિક એક વર્ગણા. મિથ્યાદષ્ટિ વનસ્પતિકાયિક એક વર્ગણા.

= બેઈન્દ્રિય આદિ ત્રણમાં મિશ્રતાનો અભાવ હોવાથી.

(૧) સમ્યગ્દષ્ટિ બેઈન્દ્રિય વર્ગણા. (૨) મિથ્યાદષ્ટિ બેઈન્દ્રિય વર્ગણા. (૩) સમ્યગ્દષ્ટિ તેઈન્દ્રિય વર્ગણા. (૪) મિથ્યાદષ્ટિ તેઈન્દ્રિય વર્ગણા. (૫) સમ્યગ્દષ્ટિ ચઉરિન્દ્રિય વર્ગણા. (૬) મિથ્યાદષ્ટિ ચઉરિન્દ્રિય વર્ગણા.

સામાન્યથી આ એક એકરૂપ વર્ગણા છે. બાકીના પંચેન્દ્રિયતિર્યંચ, પંચેન્દ્રિયમનુષ્ય, વ્યંતર, જ્યોતિષ, વૈમાનિકને ત્રણે પ્રકારની વર્ગણા છે.

(૧) સમ્યગ્દષ્ટિ, પંચેન્દ્રિય તિર્યંચ એક વર્ગણા. (૨) મિથ્યાદષ્ટિ પંચેન્દ્રિય તિર્યંચ એક વર્ગણા. (૩) મિશ્રદષ્ટિ પંચેન્દ્રિય તિર્યંચ એક વર્ગણા.

સમ્યગ્દષ્ટિ પંચેન્દ્રિય મનુષ્યની - (૧) સમ્યગ્દષ્ટિની વર્ગણા, (૨) મિથ્યાદષ્ટિની એક વર્ગણા, (૩) મિશ્રદષ્ટિની એક વર્ગણા.

વ્યંતર - (૧) સમ્યગ્દષ્ટિ (૨) મિથ્યાદષ્ટિ (૩) મિશ્રદષ્ટિ વર્ગણા.

જ્યોતિષ - (૧) સમ્યગ્દષ્ટિ (૨) મિથ્યાદષ્ટિ (૩) મિશ્રદષ્ટિ વર્ગણા.

વૈમાનિક - (૧) સમ્યગ્દષ્ટિ (૨) મિથ્યાદષ્ટિ (૩) મિશ્રદષ્ટિ વર્ગણા.

કૃષ્ણપાક્ષિક નારકી આદિ, શુક્લ પાક્ષિક નારકી આદિ ચોવીશ માર્ગણા પણ એકરૂપ છે.

એવી રીતે છ લેશ્યાઓની પણ વર્ગણા એક છે. તેમાં ભવનપતી, વાણ વ્યંતર, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાયને પહેલી **ચાર લેશ્યા** હોય છે. તેઉકાય, વાયુકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિયને **ત્રણ લેશ્યા** હોય છે.

પંચેન્દ્રિય તિર્યંચ અને પંચેન્દ્રિય મનુષ્યોને છ એ પણ લેશ્યા હોય છે. જ્યોતિષી દેવોને **તેજોલેશ્યા** હોય છે. વૈમાનિકોને ઉત્તરની **ત્રણ તેજો, પદ્મ, શુક્લ લેશ્યા** હોય છે. તેથી તેવા પ્રકારનાઓની તે એક એક વર્ગણા હોય છે.

આ પ્રમાણે કૃષ્ણાદિ લેશ્યાવાળા ભવ્યો, અભવ્યો, સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ, મિશ્રદષ્ટિ, કૃષ્ણ પાક્ષિક, શુક્લ પાક્ષિકની વર્ગણા જાણવી. તે આ પ્રમાણે -

કૃષ્ણાદિ જેને જેટલી લેશ્યા છે તેટલી લેશ્યાવાળા ભવ્યોની એક વર્ગણા.

કૃષ્ણાદિ જેને જેટલી લેશ્યા છે તેટલી લેશ્યાવાળા અભવ્યોની એક વર્ગણા.

કૃષ્ણાદિ જેને જેટલી લેશ્યા છે તેટલી લેશ્યાવાળા સમ્યગ્દષ્ટિની એક વર્ગણા.

કૃષ્ણાદિ જેને જેટલી લેશ્યા છે તેટલી લેશ્યાવાળા મિથ્યાદષ્ટિની એક વર્ગણા.

કૃષ્ણાદિ જેને જેટલી લેશ્યા છે તેટલી લેશ્યાવાળા મિશ્રદષ્ટિની એક વર્ગણા.

કૃષ્ણાદિ જેને જેટલી લેશ્યા છે તેટલી લેશ્યાવાળા કૃષ્ણ પાક્ષિકોની એક વર્ગણા.

કૃષ્ણાદિ જેને જેટલી લેશ્યા છે તેટલી લેશ્યાવાળા શુક્લ પાક્ષિકોની એક વર્ગણા.

તથા અનંતર સિદ્ધોની એક વર્ગણા.

પરંપર સિદ્ધોની એક વર્ગણા.

પરમાણુ, બે આદિ પ્રદેશોની યાવત્ અનંત પ્રદેશવાળા પુદ્ગલોની એક આદિ પ્રદેશમાં અવગાહેલા યાવત્ અસંખ્ય પ્રદેશમાં અવગાહેલા પુદ્ગલોની, એક આદિ સમયની સ્થિતિવાળા યાવત્ અસંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્ગલોની, એક આદિ ગુણકાળા યાવત્ અનંતગુણકાળા પુદ્ગલોની વર્ગણા એક છે તેમ વિચારણા કરવી. આ પ્રમાણે સંક્ષેપ છે.

તે આ પ્રમાણે સામાન્ય નયના અભિપ્રાયથી આત્માનું એકત્વ કહ્યું છે. વળી વિશેષ નયના અભિપ્રાયથી તો તેઓનું અનેકપણું પણ છે. તેવી રીતે જીવાદિનું પણ એકત્વ અને અનેકત્વ છે એમ રહ્યું. ॥૯॥

अथ विशेषमाश्रित्यानेकत्वे प्रतिपादनीये संख्याक्रमेण प्रथमोपस्थितां द्वित्वसंख्यामाश्रित्याह—

**त्रसस्थावरसयोनिकायोनिकादयो जीवाः, आकाशनोआकाशधर्माधर्मादयोऽजीवाश्च ॥१०॥**

**त्रसेति,** पूर्वव्यावर्णितमात्मादिवस्तु सर्वं विवक्षितवस्तुतद्विपर्ययलक्षणयोर्द्वयोः स्थानयोरवताराद्विस्थानकं भवति, यथा जीवोऽजीवश्चेत्यादि, वस्तुमात्रं हि जीवरूपमजीवरूपञ्च, न तु राश्यन्तरम्, न चास्ति राश्यन्तरं नोजीवलक्षणमिति शङ्कनीयम्, नोशब्दस्य सर्वनिषेधकत्वेऽजीवस्यैव प्रतीतेः, देशनिषेधकत्वे तेन शब्देन जीवदेशप्रतीतावपि जीवस्यैव बोधात्, देशदेशिनोरव्यतिरिक्तत्वात् । जीवस्य द्विभेदमाह-**त्रसेति,** त्रसनामकर्मोदयात् त्रस्यन्तीति त्रसा द्वीन्द्रियादयः, स्थावरनामकर्मोदयात् तिष्ठन्तीत्येवंशीलाः स्थावराः पृथिव्यादयः, योन्या उत्पत्तिस्थानेन सहेति सयोनिकाः संसारिणः, अयोनिकाः सिद्धाः, एवं सेन्द्रियाः संसारिणः, अनिन्द्रियाः सिद्धाः, सवेदकाः स्त्रीवेदाद्युदयवन्तः, अवेदकाः सिद्धा

विज्ञेयाः । अजीवभेदमाह **आकाशे**ति, आकाशं व्योम, नोआकाशं तदन्यद्धर्मास्तिकायादि, धर्मः, धर्मास्तिकायो गत्युपष्टम्भगुणः तदन्योऽधर्मः, अधर्मास्तिकायः स्थित्युपष्टम्भगुणः, एवं बन्धो मोक्षश्च, पुण्यं पापञ्च, आस्रवः संवरश्च, वेदना निर्जरा च भाव्याः ॥१०॥

હવે વિશેષને આશ્રયીને અનેકત્વ પ્રતિપાદન કરવા યોગ્ય હોતે છતે સંખ્યાના ક્રમથી એટલે કે એક એક કહ્યું હવે એક પછી પહેલા આવતી દ્વિત્વ (બે) સંખ્યાને આશ્રયીને કહે છે. અર્થાત્ એક એક સંખ્યાવાળી વસ્તુઓ કહ્યા બાદ બે સંખ્યાવાળી વસ્તુ કહે છે.

त्रसेति :- પહેલા વર્ણન કરેલી આત્માદિ વિવક્ષિત સર્વ વસ્તુ અને તેનાથી વિરૂદ્ધ લક્ષણવાળી બે સ્થાનમાં રહેલી વસ્તુને ઉતારવાથી દ્વિસ્થાનક થાય છે.

દા.ત. જેમ જીવો અને અજીવો. ઈત્યાદિ.

વસ્તુ માત્ર જીવ અને અજીવરૂપ છે, પરંતુ બીજી રાશિ નથી. અર્થાત્ જીવ અને અજીવ સિવાય ત્રીજા રૂપે નથી. નોજીવરૂપ ત્રીજી રાશિ નથી. 'નો જીવ'માં 'નો' નો અર્થ સર્વનિષેધ એટલે અભાવ કરીએ તો જીવ નહીં એટલે 'અજીવ'ની જ પ્રતીતિ થાય. 'જીવ નહીં તે અજીવ.'

'નો જીવ' નો અર્થ સર્વ નિષેધ એવો ન કરીએ અને દેશ નિષેધ કરીએ તો 'નો' શબ્દથી જીવના દેશની પ્રતીતિ થાય છે. એટલે દેશ નિષેધમાં પણ જીવની પ્રતીતિ થાય છે.

**त्रसेति** ત્રસ નામ કર્મના ઉદયથી ત્રાસ પામે તે ત્રસ. બેઈન્દ્રિય આદિ.

સ્થાવર નામ કર્મના ઉદયથી સ્થિર રહે તે સ્થાવર પૃથ્વી આદિ.

योन्या-उत्पत्तिस्थानेन सह रति सयोनिकाः ।

ઉત્પત્તિસ્થાન સહિત તે સયોનિકો - સંસારી.

**अयोनिक** - સિદ્ધો. એવી જ રીતે ઈન્દ્રિયો સહિત તે सेन्द्रिया સંસારી. ઈન્દ્રિયો રહિત હોય તે अनिन्द्रिया સિદ્ધો.

सवेदकाः = સ્રીવેદાદિ ઉદયવાળા, अवेदकाः = સિદ્ધો.

આ રીતે જીવતત્ત્વમાં બબ્બેનું નિરૂપણ કરીને હવે અજીવમાં બબ્બેનું અવતરણ કરે છે. આકાશ-નોઆકાશ, ધર્મ-અધર્માદિ.

આકાશ = વ્યોમ. નો આકાશ = તેનાથી જુદા ધર્માસ્તિકાયાદિ.

ધર્માસ્તિકાય = ગતિમાં સહાય કરનાર ગુણ. તેનાથી જુદો અધર્માસ્તિકાય = સ્થિતિમાં સહાય કરનાર ગુણ.

એજ પ્રમાણે બંધ અને મોક્ષ, પુણ્ય અને પાપ, આશ્રવ અને સંવર. વેદના અને નિર્જરા આ રીતે બબ્બે સંખ્યાવાળી વસ્તુ જાણવી. ॥૧૦॥

क्रियासद्भाव आत्मनो बन्धात् क्रियां निरूपयति—

**जीवाजीवक्रियाकायिकीप्राद्वेषिकीप्राणातिपातिक्यारम्भिकीमायाप्रत्ययिकीदृष्टिकीप्रातीत्यिकीस्वाहस्तिक्याज्ञापनिक्यनाभोगप्रत्ययिकीप्रेमप्रत्ययिकीरूपेण सद्वितीयाः क्रिया द्विविधाः ॥११॥**

**जीवक्रियेति,** क्रिया द्विविधा, जीवक्रियाऽजीवक्रिया चेति, जीवव्यापारो जीवक्रिया, पुद्गलसमुदायस्यजीवस्य कर्मरूपतया परिणमनमजीवक्रिया, जीवक्रिया सम्यक्त्वमिथ्यात्व-क्रियाभेदेन द्वीधा, सम्यग्दर्शनमिथ्यात्वयोः सतोस्तयोर्भावात् । एवमैर्यापथिकी साम्परायिकी चेत्यजीवक्रिया द्विविधा, केवलयोगप्रत्ययमुपशान्तमोहादित्रयस्य सातवेदनीयकर्मतया यदजीवस्य पुद्गलराशेर्भवनं सैर्यापथिकी क्रिया, सतोऽपि जीवव्यापारस्याविवक्षणात् । अजीवस्य पुद्गलराशेः कर्मतापरिणतिरूपा साम्परायिकी, इयञ्च सूक्ष्मसंपरायान्तानां भवति । प्रकारान्तरेण क्रिया द्वैविध्यमादर्शयति **कायिकीति,** कायव्यापारः कायिकी, खण्डादिभवा क्रियाऽऽधिकरणिकी चेति द्विविधा क्रिया । कायिकी च द्विविधाऽनुपरतकायक्रिया दुष्प्रयुक्तकायक्रियाभेदात् । सावद्यादवितरस्य मिथ्यादृष्टेः सम्यग्दृष्टेर्वा कर्मबन्धनिबन्धन-कायक्रिया प्रथमा, दुष्टप्रयोगवतो दुष्प्रणिहितस्येन्द्रियाण्याश्रित्येष्टामिष्टविषयप्राप्तौ मनाक् संवेगनिर्वेदगमनेन तथाऽनिन्द्रियमाश्रित्याशुभमनःसंकल्पद्वारेणापवर्गमार्गं प्रति दुर्व्यवस्थितस्य प्रमत्तसंयतस्य च या कायक्रिया सा द्वितीया । आधिकरणिकी द्विधा संयोजनाधिकरणिकी निर्वर्त्तनाधिकरणिकी च पूर्वं निर्वर्त्तितयोः खड्गतन्मुष्ट्यादिकयोः संयोजनक्रिया प्रथमा, मूलतस्तयोर्निर्वर्त्तनक्रिया द्वितीया । पुनर्द्विविधा क्रिया प्राद्वेषिकी पारितापनिकी चेति, प्रद्वेषो मत्सरस्तेन निर्वृत्ता प्राद्वेषिकी । परितापनं ताडनादिदुःखविशेषस्तेन भवा द्वितीया । आद्यापि जीवाजीवाश्रित्य द्वितीया च स्वपरहस्ताश्रयेण द्विविधा भवति । तथा प्राणातिपातिक्य-प्रत्याख्यानकीभेदेन द्विधा क्रिया, निर्वेदादिना स्वप्राणान् क्रोधादिना परप्राणान् वा स्वहस्तेन परहस्तेन वाऽतिपातयतः प्रथमा, अप्रत्याख्यानमविरतिस्तन्निमित्तो जीवाजीवविषयः कर्मबन्धोऽप्रत्याख्यानक्रिया । आरम्भिकी पारिग्रहिकी चेति द्विधा क्रिया, जीवान् पिष्टमय-जीवाद्याकृतीन् वाऽऽरभमाणस्य कर्मबन्धो जीवाजीवविषयाऽऽरम्भकी । जीवाजीव-परिग्रहप्रभवकर्मबन्धः पारिग्रहिकी । अथवा मायाप्रत्ययिकी मिथ्यादर्शनप्रत्ययिकी चेति क्रिया पुनर्द्विविधा, मायानिमित्तकः कर्मबन्धः प्रथमा, इयमात्मविषया परविषया च, द्वितीयाऽप्यूनातिरिक्तमिथ्यादर्शनप्रत्यया, तद्व्यतिरिक्तमिथ्यादर्शनप्रत्ययेति । आत्मपरिमाण-

विषये शरीरव्यापकमप्यात्मानं कोऽपि मिथ्यादृष्टिरङ्गुष्ठपर्वमात्रं श्यामाकतन्दुलमात्रं वा हीनतयाऽन्यस्तु पञ्चधनु:शतिकं सर्वव्यापकं वा मन्यते, एतन्निमित्त: कर्मबन्ध: प्रथम:, अपरस्तु नास्त्येवात्मेति यो वदति तस्य च यस्तन्निमित्त: कर्मबन्ध: स द्वितीय: । पुन: क्रिया दृष्टिकी स्पृष्टिकी भेदेन द्विधा, जीवस्याजीवस्य वा दर्शनार्थं या गतिक्रिया तन्निमित्ताऽऽद्या, अपरा च जीवमजीवं वा बाह्यं वस्तु प्रतीत्य रागद्वेषोद्भूतिनिमित्ता क्रिया प्रथमा, द्वितीया जीवाजीवविषया, यथा कस्यपि षण्डो रूपवानस्ति तं च जनो यथा यथा प्रलोकयति प्रशंसयति च तथा तथा तत्स्वामी हृष्यतीति जीवविषया, अजीवविषया तु रथादौ तथैव हृष्यत: । स्वाहस्तिकीनैसर्गिकीरूपेण पुनरपि सा द्विधा । उभयविधाऽपि क्रिया जीवाजीवविषया, स्वहस्तेन जीवमजीवं वा हिंसयत: प्रथमा । राजादिसमादेशादुदकादेर्यंत्रादिभिर्निसर्जनम्, काण्डादीनां धनुरादिभिर्निसर्जनमिति वा द्वितीया । आज्ञापनिकीवैदारणिकीभेदेन पुनरपि सा द्विधा, द्वे अपि जीवाजीवविषये, अनाभोगप्रत्ययिक्यनवकांक्षप्रत्ययिकी चेति पुनरपि द्विधा, आद्याऽज्ञाननिमित्ताऽनायुक्तादानताऽनायुक्तप्रमार्जनताभेदद्वयवती, द्वितीया स्वशरीराद्यनपेक्षनिमित्ता स्वशरीरानवकाङ्क्षप्रत्ययिकीपरशरीरानवकाङ्क्षप्रत्ययिकीलक्षणभेदवती । पुनरपि प्रेमप्रत्ययिकीदोषप्रत्ययिकीभेदेन क्रिया द्विविधा, मायालोभविषया प्रथमा, द्वितीया तु क्रोधमानविषयेति ॥११॥

ક્રિયા હોતે છતે આત્માને બંધ થાય છે માટે હવે ક્રિયાને જણાવે છે. ક્રિયાનું નિરૂપણ કરે છે.

ક્રિયા બે પ્રકારે છે. (૧) જીવ ક્રિયા, (૨) અજીવ ક્રિયા. તેમાં જીવનો જે વ્યાપાર તે **જીવ ક્રિયા.**

પુદ્‌ગલ સમુદાયરૂપ જે અજીવ તેનું જે કર્મપણાએ પરિણમવું તે **અજીવ ક્રિયા.**

**જીવ ક્રિયા બે પ્રકારે છે. (૧) સમ્યક્‌ત્વરૂપ ક્રિયા, (૨) મિથ્યાત્વરૂપ ક્રિયા.**

સમ્યક્‌ત્વની હાજરીમાં થતી ક્રિયા તે **સમ્યક્‌ત્વ ક્રિયા.**

મિથ્યાત્વની હાજરીમાં થતી ક્રિયા તે **મિથ્યાત્વ ક્રિયા.**

**અજીવ ક્રિયા બે પ્રકારે છે. (૧) ઐર્યાપથિકી, (૨) સાંપરાયિકી.**

માત્ર યોગ પ્રત્યય (યોગથી જ થનારી), ઉપશાંત મોહ, ક્ષીણ મોહ, સયોગી આ ત્રણ ગુણઠાણાવાળાને સાતા વેદનીય કર્મપણે પુદ્‌ગલ રાશિનું જે પરિણમવું તે **ઐર્યાપથિકી ક્રિયા છે.**

અહીં જીવનો વ્યાપાર હોવા છતાં તેની (મુખ્યપણે) વિવક્ષા કરી નથી. માટે અજીવ ક્રિયા કહી છે.

અજીવ પુદ્‌ગલ રાશિનું કર્મપણે પરિણમવું (કષાયોમાં થયેલી તે સાંપરાયિકી) તે **સાંપરાયિકી ક્રિયા** છે.

આ ક્રિયા પહેલા ગુણસ્થાનકથી તે દશમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક સુધીના જીવોને હોય છે.

અહીં પણ જીવના વ્યાપારની વિવક્ષા કરી નથી માટે તે અજીવક્રિયા છે. વળી બીજી રીતે બે પ્રકારની ક્રિયા બતાવે છે. (૧) કાયિકી, (૨) અધિકરણિકી.

કાયિકી ક્રિયા :- કાયાનો વ્યાપાર તે કાયિકી ક્રિયા.

અધિકરણિકી ક્રિયા :- ખડ્ગ આદિથી થયેલ અથવા ખડ્ગાદિમાં થયેલ જે ક્રિયા તે **આધિકરણિકી ક્રિયા** છે.

આ બંને ક્રિયા બે પ્રકારે છે.

**કાયિકી ક્રિયા** :- (૧) અનુપરતકાય ક્રિયા (૨) દુષ્પ્રયુક્તકાય ક્રિયા.

**અનુપરતકાય ક્રિયા** :- સાવદ્ય (પાપ)થી નહીં અટકેલા મિથ્યાદૃષ્ટિની અથવા સમ્યગ્દૃષ્ટિની કર્મબંધના કારણવાળી જે ક્રિયા તે અનુપરતકાય ક્રિયા.

**દુષ્પ્રયુક્તકાય ક્રિયા** :- દુષ્ટ પ્રયોગવાળાની (દુષ્ટ પ્રવૃત્તિ વિશિષ્ટ) ઈન્દ્રિયોને આશ્રયીને ઈષ્ટ, અનિષ્ટ વિષયની પ્રાપ્તિમાં [1]કાંઈક સંવેગ, નિર્વેદમાં જવા વડે (પ્રાપ્ત કરવા વડે) તથા અતીન્દ્રિય (મન)ને આશ્રયીને અશુભ મનના સંકલ્પ દ્વારા મોક્ષમાર્ગ પ્રત્યે ખરાબ રીતે રહેલ એવા પ્રમત્ત સંયતની જે કાંઈ ક્રિયા તે **દુષ્પ્રયુક્તકાય ક્રિયા** કહેવાય છે.

આધિકરણિકી ક્રિયા (૧) સંયોજના આધિકરણિકી, (૨) નિર્વર્તના આધિકરણિકી.

**સંયોજના આધિકરણિકી** :- પહેલા બનાવેલ ખડ્ગ અને તેની મૂઠ વગેરે વસ્તુનું જે જોડાણ કરવું તે સંયોજના આધિકરણિકી.

**નિર્વર્તના આધિકરણિકી** :- મૂળથી પહેલેથી જ ખડ્ગ અને મૂઠ આદિ તૈયાર કરી રાખવું. તેને બનાવવાની જે ક્રિયા તે નિર્વર્તના આધિકરણિકી.

વળી ક્રિયા બે પ્રકારે છે. (૧) પ્રાદ્વેષિકી ક્રિયા, (૨) પારિતાપનિકી ક્રિયા.

**પ્રાદ્વેષિકી ક્રિયા** :- પ્રદ્વેષ = મત્સર. મત્સરથી થયેલી જે ક્રિયા તે પ્રાદ્વેષિકી.

**પારિતાપનિકી ક્રિયા** :- પરિતાપન = મારવું. આદિ દુઃખ વિશેષરૂપ. તાડન આદિ દુઃખ વિશેષથી થયેલ જે ક્રિયા તે પારિતાપનિકી ક્રિયા.

બંને ક્રિયા બે પ્રકારે છે.

**પ્રાદ્વેષિકી ક્રિયા** :- (૧) જીવ પ્રાદ્વેષિકી, (૨) અજીવ પ્રાદ્વેષિકી.

**જીવ પ્રાદ્વેષિકી** :- જીવ વિષે પ્રદ્વેષ કરવાથી થયેલ જે ક્રિયા તે જીવ પ્રાદ્વેષિકી.

---

૧. શંકા :- દુષ્પ્રયોગવાળી ઈન્દ્રિયો ઈષ્ટ અને અનિષ્ટની પ્રવૃત્તિમાં કાંઈક સંવેગ, નિર્વેદમાં જાય છે તો તેને દુષ્પ્રયુક્તકાય ક્રિયા કેમ કહી ?

**સમાધાન** :- સંપૂર્ણ સંવેગ, નિર્વેદમાં જતી નથી માટે.

**અજીવ પ્રાદ્વેષિકી :-** પાષાણાદિ અજીવમાં સ્ખલના પામેલાને વિષે દ્વેષ થવાથી જે થયેલ ક્રિયા તે અજીવ પ્રાદ્વેષિકી.

પારિતાપનિકી ક્રિયા બે પ્રકારે છે. (૧) સ્વહસ્ત પારિતાપનિકી. (૨) પરહસ્ત પારિતાપનિકી.

**સ્વહસ્ત પારિતાપનિકી :-** પોતાના હાથથી પોતાના શરીરને અથવા બીજાના શરીરને દુઃખ, ક્લેશાદિ કરતા જે થયેલી ક્રિયા તે સ્વહસ્તપારિતાપનિકી.

**પરહસ્ત પારિતાપનિકી :-** બીજાના હાથથી પોતાના કે બીજાના શરીરને પરિતાપ કરાવતા થયેલ જે ક્રિયા તે પરહસ્ત પારિતાપનિકી.

વળી ક્રિયા બે પ્રકારે છે. (૧) પ્રાણાતિપાતિકી ક્રિયા. (૨) અપ્રત્યાખ્યાનિકી ક્રિયા.

**પ્રાણાતિપાતિકી ક્રિયા :-** નિર્વેદ, કંટાળા આદિથી પોતાના પ્રાણોને અથવા ક્રોધાદિથી બીજાના પ્રાણોને પોતાના હાથથી નાશ કરવાથી અથવા બીજાના હાથ વડે નાશ કરવાથી **પ્રાણાતિપાતિકી ક્રિયા** થાય છે.

**અપ્રત્યાખ્યાનિકી ક્રિયા :-** અવિરતિના નિમિત્તથી જીવ અને અજીવના વિષયક મદ્ય આદિ વિષયના પચ્ચક્ખાણ ન કરવાથી જે કર્મબંધ તે **અપ્રત્યાખ્યાન ક્રિયા.**

વળી બે પ્રકારે ક્રિયા છે. (૧) આરંભિકી ક્રિયા, (૨) પારિગ્રહિકી ક્રિયા.

**આરંભિકી ક્રિયા :-** આરંભવું તે આરંભ. આરંભમાં થયેલ ક્રિયા તે આરંભિકી. તે બે પ્રકારે છે.

(૧) **જીવ આરંભિકી :-** જીવોની હિંસા કરનારને જે કર્મબંધ થાય તે **જીવ આરંભિકી ક્રિયા.**

(૨) **અજીવ આરંભિકી :-** અજીવો જીવોના કલેવર, લોટ આદિથી બનાવેલ જીવની આકૃતિઓને નાશ કરતા અથવા વસ્ત્રાદિ પર રહેલ જીવના ચિત્રોને ફાડવાથી જે કર્મબંધ થાય તે **અજીવ આરંભિકી ક્રિયા.**

**પારિગ્રાહિકી ક્રિયા :-** જીવ અને અજીવના પરિગ્રહથી થયેલો કર્મબંધ તે પારિગ્રાહિકી ક્રિયા છે.

અથવા બે પ્રકારે ક્રિયા છે. (૧) માયા પ્રત્યયિકી, (૨) મિથ્યાદર્શન પ્રત્યયિકી.

**માયા પ્રત્યયિકી ક્રિયા :-** માયા નિમિત્તે થનારો જે કર્મબંધ તે માયા પ્રત્યયિકી ક્રિયા કહેવાય છે. તે બે પ્રકારે છે.

(૧) આત્મ વિષયક, (૨) પર વિષયક

**મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા :-** મિથ્યાત્વ જેનું નિમિત્ત છે તે મિથ્યાદર્શન પ્રત્યયિકી.

તે બે પ્રકારે છે. (૧) ઉનાતિરિક્ત મિથ્યાદર્શન પ્રત્યયિકી. (૨) તદ્‌વ્યતિરિક્ત મિથ્યાદર્શન પ્રત્યયિકી.

**ઉનાતિરિક્ત મિથ્યાદર્શન પ્રત્યયિકી :-** આત્માદિ વસ્તુના પ્રમાણથી હીન અથવા અધિક કહેવારૂપ જે મિથ્યાદર્શન તે જેમાં નિમિત્ત છે તેવી ક્રિયા તે ઉનાતિરિક્ત મિથ્યાદર્શન પ્રત્યયિકી.

દા.ત. શરીર વ્યાપક આત્મા છે તો પણ આત્માને કોઈ મિથ્યાદષ્ટિ અંગુઠાના પર્વ જેટલો (યવ માત્ર) અથવા શ્યામાક નામના ચોખા જેટલો હીનપણે માને છે.

વળી કોઈક ૫૦૦ ધનુષ્ય પ્રમાણ અથવા સર્વવ્યાપક છે એમ અધિકપણે માને છે. આવી રીતે હીન-અધિક માનવાથી થતો કર્મબંધ એટલે કે તે નિમિત્તે કર્મબંધ તે પ્રથમ ઉનાતિરિક્ત મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા છે.

**તદ્વ્યતિરિક્ત મિથ્યાદર્શન પ્રત્યયિકી :-** 'આત્મા નથી' આવું જે કહે છે તેના નિમીત્તે થતો કર્મબંધ તે બીજો કર્મબંધ તદ્વ્યતિરિક્ત (પહેલા કહી તેનાથી જુદી) મિથ્યાદર્શન પ્રત્યયિકી છે.

વળી બે પ્રકારે ક્રિયા છે. (૧) દષ્ટિકી, (૨) સ્પૃષ્ટિકી.

**દષ્ટિકી ક્રિયા :-** જીવ કે અજીવને જોવા માટે જે ગતિક્રિયા અથવા જોવાથી-જોવાના નિમિત્તે કર્મ ઉત્પન્ન થાય તે દષ્ટિકી ક્રિયા.

**સ્પૃષ્ટિકી અથવા પૃષ્ટિકી :-** જીવ કે અજીવને રાગ અને દ્વેષથી જોવાથી અથવા સ્પર્શથી થતી જે ક્રિયા.

વળી બે પ્રકારે ક્રિયા છે. (૧) પ્રાતીત્યિકી, (૨) સામંતોપનિપાતિકી.

**પ્રાતીત્યિકી ક્રિયા :-** બાહ્ય વસ્તુને આશ્રયીને રાગ-દ્વેષની ઉત્પત્તિ નિમિત્તે થયેલ તે પ્રાતીત્યિકી.

તે બે પ્રકારે છે. (૧) જીવ પ્રાતીત્યિકી, (૨) અજીવ પ્રાતીત્યિકી.

**સામંતોપનિપાતિકી :-** ઘણા મનુષ્યોની પ્રશંસાથી થયેલ ક્રિયા તે સામંતોપનિપાતિકી.

તે ક્રિયા બે પ્રકારે છે. (૧) જીવ વિષયક, (૨) અજીવ વિષયક.

**જીવ પ્રાતીત્યિકી :-** જેમ કોઈનો પણ ષણ્ડ રૂપવાન છે, અને તેને લોક જેમ જેમ જુવે અને પ્રશંસા કરે તેમ તેમ તેનો સ્વામી ખુશ થાય તે જીવ પ્રાતીત્યિકી.

**અજીવ પ્રાતીત્યિકી :-** તેવી રીતે રથ આદિને પણ જુવે, પ્રશંસા કરે તેમ તેમ તેનો સ્વામી પણ ખુશ થાય તે અજીવ વિષય સામંતોપનિપાતિકી ક્રિયા છે.

વળી બે પ્રકારે ક્રિયા છે. **(૧) સ્વાહસ્તિકી ક્રિયા, (૨) નૈસર્ગિકી ક્રિયા.**

બંને ક્રિયા બે પ્રકારે છે. (૧) જીવ વિષય, (૨) અજીવ વિષય.

જીવ-અજીવ વિષય સ્વાહસ્તિકી ક્રિયા :- જીવ કે અજીવને પોતાને હાથે હણવાથી **જીવાજીવ વિષય સ્વાહસ્તિકી ક્રિયા** થાય છે.

**નૈસર્ગિકી જીવ વિષય :-** રાજાદિની આજ્ઞાથી યંત્રાદિ વડે પાણી છોડવું (ફૂવારો) તે **જીવ વિષય નૈસર્ગિકી ક્રિયા.**

અજીવ વિષય :- બાણને ધનુષ આદિથી છોડવું તે **અજીવ વિષય નૈસર્ગિકી ક્રિયા** છે.

વળી ક્રિયા બે પ્રકારે છે. (૧) આજ્ઞાપનિકી, (૨) વૈદારણીકી.

બંને ક્રિયા બેપ્રકારે છે. (૧) જીવ વિષય, (૨) અજીવ વિષય.

**આજ્ઞાપનિકી ક્રિયા :-** હુકમ કરવાથી થતી ક્રિયા તે આજ્ઞાપનિકી.

**વૈદારણિકી ક્રિયા :-** ચીરવાથી થયેલ તે વૈદારણિકી ક્રિયા.

વળી ક્રિયા બે પ્રકારે છે. (૧) અનાભોગ પ્રત્યયિકી, (૨) અનવકાંક્ષ પ્રત્યયિકી.

**અનાભોગ પ્રત્યયિકી :-** અજ્ઞાનતાથી થયેલ ક્રિયા તે અનાભોગ પ્રત્યયિકી.

તે બે પ્રકારે છે. (૧) અનાયુક્ત આદાનતા, (૨) અનાયુક્ત પ્રમાર્જનતા.

(૧) અનુપયોગથી (ઉપયોગ વગર) ગ્રહણ કરવું.

(૨) અનુપયોગથી (ઉપયોગ વગર) પ્રમાર્જન કરવું.

**અનવકાંક્ષ પ્રત્યયિકી :-** બેદરકારીથી થયેલ. તે બે પ્રકારે છે.

(૧) સ્વ-પર શરીર અનવકાંક્ષ પ્રત્યયિકી :- પોતાના શરીર આદિની અપેક્ષા નહીં કરવાથી થયેલ, સ્વ-બીજાના શરીરની અપેક્ષા નહીં કરવાનું નિમિત્ત જે છે તે ક્રિયા, પરશરીર અનવકાંક્ષ પ્રત્યયિકી.

વળી ક્રિયા બે પ્રકારે છે. **(૧) પ્રેમ પ્રત્યયિકી, (૨) દ્વેષ પ્રત્યયિકી.**

**(૧) પ્રેમ પ્રત્યયિકી :-** (૧) માયા પ્રત્યયિકી, (૨) લોભ પ્રત્યયિકી.

**(૨) દ્વેષ પ્રત્યયિકી :-** (૧) ક્રોધ પ્રત્યયિકી, (૨) માન પ્રત્યયિકી. ॥૧૧॥

क्रियाणामेतासां प्रायो गर्ह्यत्वाद्गर्हाद्वैविध्यमाह—

**मनोवाग्भ्यामल्पदीर्घकालाभ्यां वैता गर्ह्याः प्रत्याख्येयाश्च ॥१२॥**

**मन इति,** गर्हा हि द्विविधा स्वपरविषयभेदात्, सापि मिथ्यादृष्टेः, अनुपयुक्तस्य सम्यग्दृष्टेश्च द्रव्यगर्हा, अप्रधानभूतत्वात्, सूपयुक्तस्य सम्यग्दृष्टेश्च भावगर्हा, इयञ्च गर्हाऽतीते कर्मणि भवति, भविष्यति तु प्रत्याख्यानं प्रत्युत्पन्ने च संवरः, गर्हणीयभेदाच्चतुर्विधाऽपि बहुप्रकारापि वा करणविशेषापेक्षया द्विविधा मनःकरणिका वचःकरणिका चेति, तत्र प्रथमा मनसैव न वाचा, यथा कायोत्सर्गस्थो दुर्मुखसुमुखाभिधानपुरुषद्वयनिन्दिताभिष्टुतस्तद्वचनोपलब्धसामन्तपरिभूतस्वतनयराजवार्त्तो मनसा समारब्धपुत्रपीरभवकारिसामन्तसङ्ग्रामो

वैकल्पिकप्रहरणक्षये स्वशीर्षकग्रहणार्थव्यापारितहस्तसंस्पृष्टलुञ्चितमस्तकस्ततः समुपजात-पश्चात्तापानलज्वालाकलापदन्दह्यमानसकलकर्मेन्धनो राजर्षिप्रसन्नचन्द्र इवैकः कोऽपि साध्वा-दिर्गर्हते तद्गर्ह्यम् । द्वितीया च वचसैव न मनसा भावतो दुश्चरितादियुक्तत्वाज्जनरञ्जनार्थं गर्हाप्रवृत्ताङ्गारमर्दकादिप्रायसाधुवदेकोऽन्यो गर्हत इति । प्रकारान्तरेण **गर्हाभेदमाहाल्पदीर्घेति,** यावदेकः कोऽपि गर्हणीयमल्पकालं गर्हते न बृहत्कालम्, अन्यथा वा विवक्षयाऽल्पत्वं भावनीयम्, आपेक्षिकत्वाद्दीर्घह्रस्वयोः, एवं दीर्घकालं यावदेको गर्हत इति । भविष्यत्कर्मापेक्षया प्रत्याख्यानमाचष्टे **प्रत्याख्येयाश्चेति,** विधिनिषेधविषया प्रतिज्ञा प्रत्याख्यानम्, तच्च द्रव्यतो मिथ्यादृष्टेः सम्यग्दृष्टेर्वाऽनुपयुक्तस्य, कृतचातुर्मासमांसप्रत्याख्यानायाः पारणकदिने मांसदानप्रवृत्ताया राजदुहितुरिव । भावप्रत्याख्यानमुपयुक्तस्य सम्यग्दृष्टेरिति । तच्च देशसर्वमूलोत्तरगुणभेदादनेकविधमपि कारणभेदात् कालभेदाद्वा द्विविधम् ॥१२॥

આ ક્રિયાઓ પ્રાયઃ ગર્હણા કરવા યોગ્ય હોવાથી બે પ્રકારે ગર્હા કહે છે.

ગર્હા એટલે ખરાબ આચરણની નિંદા.

**मन इति** સ્વ અને પરના વિષયના ભેદથી ગર્હા બે પ્રકારે છે અને તે પણ.

**દ્રવ્ય ગર્હા :-** મિથ્યાદૃષ્ટિ અને અનુપયુક્ત સમ્યગ્દૃષ્ટિની દ્રવ્ય ગર્હા છે. કારણ કે તે અપ્રધાન છે. માટે દ્રવ્ય ગર્હા છે.

**ભાવ ગર્હા :-** ઉપયોગવાળા સમ્યગ્દૃષ્ટિની ભાવ ગર્હા છે. આ ગર્હા નિંદા કરવા યોગ્ય ભૂતકાળ સંબંધી કર્મો (પાપો)ને વિષે હોય છે. ભવિષ્યકાળ સંબંધી પાપના પચ્ચક્ખાણ હોય છે. વર્તમાનકાળમાં (પાપના) સંવર હોય છે.

આ ગર્હા નિંદનીયતા ભેદથી ચાર પ્રકારે અથવા બહુ પ્રકારે પણ હોય છે, તથા કરણ વિશેષની અપેક્ષાએ બે પ્રકારે છે. (૧) મનઃકરણિકા, (૨) વચનકરણિકા.

**(૧) મનઃકરણિકા ગર્હા :-** મનથી જ પણ વચનથી નહીં એવી જે ગર્હા. દા.ત. કાયોત્સર્ગમાં રહેલા પ્રસન્નચન્દ્ર રાજર્ષિ, દુર્મુખ અને સુમુખ નામના બે માણસ વડે નિંદા કરાયેલ અને સ્તુતિ કરાયેલ, તેઓના વચનથી જણાયેલ છે સામંતો વડે પરાભવ પામેલ પુત્રની અને રાજ્યની વાત અને તેથી મનથી પુત્રના પરાભવને કરનારા સામંતો સાથે જેણે સંગ્રામ શરૂ કર્યો છે એવા મનથી કલ્પેલ શસ્ત્રનો ક્ષય થયે છતે પોતાના મસ્તક પર માથાનો મુગટ લેવા માટે ઊંચે કરાયેલા હાથથી સ્પર્શેલા લોચવાળા મસ્તકને સ્પર્શ કરવાથી ઉત્પન્ન થયેલ પશ્ચાત્તાપરૂપી અગ્નિની જ્વાળાના સમૂહ વડે અત્યંત બળી ગયા છે. સકળ કર્મરૂપી ઈંધન એવા રાજર્ષિ પ્રસન્નચંદ્રની જેમ કોઈ એક સાધુ આદિ મનથી નિંદિત કાર્યની ગર્હા કરે છે તે ગર્હ્ય. **મનઃકરણિકા ગર્હા.**

**(૨) વચન કરણિકા ગર્હા :-** વચનથી જ પણ મનથી નહીં એવી જે ગર્હા તે **વચન કરણિકા** ગર્હા.

ભાવથી દુષ્ચરિત, ખરાબ આચરણ આદિ યુક્ત હોવાથી લોકોને ખુશ કરવા માટે ગર્હા કરી રહેલ અંગારમર્દક આદિ સાધુની જેમ પ્રાયઃ કોઈક ગર્હા કરે છે. વચનથી જ કરે પણ ભાવથી-મનથી કરે નહીં તે વચન કરણિકા ગર્હા.

બીજી રીતે ગર્હા બે પ્રકારે છે. (૧) અલ્પકાલિક, (૨) દીર્ઘકાલિક.

**(૧) અલ્પકાલિક ગર્હા :-** કોઈ એક વ્યક્તિ નિંદનીય કાર્યની અલ્પકાલ સુધી ગર્હા કરે. લાંબા કાલ સુધી ન કરે.

**(૨) દીર્ઘકાલિક ગર્હા :-** કોઈક પાપની ગર્હા દીર્ઘ-લાંબાકાળ સુધી કરે. દીર્ઘ અને હ્રસ્વ આપેક્ષિક છે.

ભવિષ્યકાળની અપેક્ષાએ પચ્ચક્ખાણ છે માટે હવે પચ્ચક્ખાણ કહે છે.

**प्रत्याख्येय च इति** વિધિ અને નિષેધના વિષયવાળી પ્રતિજ્ઞા તે પચ્ચક્ખાણ કહેવાય છે.

તે પચ્ચક્ખાણ દ્રવ્ય અને ભાવથી બે પ્રકારે છે.

**દ્રવ્ય પચ્ચક્ખાણ :-** મિથ્યાદષ્ટિનું અથવા ઉપયોગ વગરના સમ્યગ્દષ્ટિનું પચ્ચક્ખાણ તે દ્રવ્ય પચ્ચક્ખાણ છે. દા.ત. ચાતુર્માસમાં માંસના પચ્ચક્ખાણ કરેલ એવી રાજકુમારી પારણાના દિવસે માંસના દાનમાં પ્રવર્તેલી છે. તે રાજકુમારીનું પચ્ચક્ખાણ તે દ્રવ્ય પચ્ચક્ખાણ.

**ભાવ પચ્ચક્ખાણ :-** ઉપયોગવાળા સમ્યગ્દષ્ટિનું પચ્ચક્ખાણ તે ભાવ પચ્ચક્ખાણ.

આ ભાવ પચ્ચક્ખાણ દેશથી અને સર્વથી, મૂળ ગુણ અને ઉત્તર ગુણના ભેદથી અનેક પ્રકારે હોવા છતાં પણ કારણભેદ અને કાલભેદથી બે પ્રકારે છે. ॥૧૨॥

ननु संसारकान्तारव्यतिव्रजनं विद्यया चरणेन च यौगपद्येन भवति, एकैकशो विद्याक्रिययोरैहिकेष्वर्थेष्वपि कारणत्वादर्शनात्, सम्यग्दर्शनस्य च ज्ञानभेदत्वेन विद्यायामन्तर्भावान्न सम्यग्दर्शनज्ञानचारित्राणां मोक्षमार्गत्वोक्तिर्विरुद्ध्यते, ते च विद्याचरणे कथमात्मा न लभते कथं वा लभत इति दर्शयितुमादावलाभं दर्शयति—

**अविज्ञायारम्भपरिग्रहौ धर्मबोधिप्रव्रज्याब्रह्मवाससंयमज्ञानादीन्नावाप्नोति ॥१३॥**

**अविज्ञायेति,** कृष्यादिद्वारेण पृथिव्याद्युपमर्दनमारम्भः, धर्मसाधनव्यतिरेकेण धनधान्यादयः परिग्रहस्तौ ज्ञपरिज्ञयाऽपरिज्ञाय यथैतावारम्भपरिग्रहावनर्थाय, अलं ममाऽऽभ्यामिति परिहाराभिमुख्यद्वारेण प्रत्याख्यानपरिज्ञयाऽप्रत्याख्याय च भगवदुक्तं श्रुतधर्मं श्रोतुं न लभते तथा दर्शनं सम्यक्त्वं न प्राप्नोति, विशुद्धां प्रव्रज्यामपि न प्रव्रजति न वा ब्रह्मचर्यमासेवते,

नाप्यात्मानं पृथिव्यादिरक्षणलक्षणेन संयमेन संवरेण च रक्षति न चाप्याभिनिबोधिकश्रुतावधिमनःपर्यवकेवलज्ञानान्यवाप्नोति, किन्त्वारम्भपरिग्रहौ ज्ञपरिज्ञया विज्ञाय प्रत्याख्यानपरिज्ञया प्रत्याख्याय च भगवदुक्तं धर्मादि लभते, तथा च लाभालाभावाश्रित्य द्वे स्थाने आरम्भपरिग्रहरूपे इति भावः ॥१३॥

સંસાર જંગલ એકી સાથે રહેલ વિદ્યા અને ચારિત્રથી ઓળંગાય છે કારણ કે એકલી વિદ્યા (જ્ઞાન), અને એકલી ક્રિયા આ લોકમાં પણ કારણપણે દેખાતી નથી.

**પ્રશ્ન :-** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર આ ત્રણ મળીને મોક્ષ માર્ગ છે તો અહીં તો તમે માત્ર જ્ઞાન અને ક્રિયા કહો છો.

**ઉત્તર :-** સમ્યગ્દર્શન એ જ્ઞાનનો જ ભેદ હોવાથી વિદ્યામાં અંતર્ભાવ થઈ જાય છે. માટે મોક્ષ માર્ગમાં વિરોધ આવશે નહી.

તે વિદ્યા અને ક્રિયા આત્મા કેમ મેળવતો નથી અથવા કેવી રીતે મેળવે છે ? તે બતાવવા માટે પહેલા અલાભ (કેમ મળતું નથી) તે બતાવે છે.

**अविज्ञायेति,**

ખેતી વગેરે પૃથ્વી આદિ જીવોના ઉપમર્દનરૂપ **આરંભ** અને ધર્મના સાધન સિવાયના ધન-ધાન્યાદિ **પરિગ્રહ.** આ બંનેને જ્ઞપરિજ્ઞાથી જાણ્યા સિવાય આ બંને આરંભ અને પરિગ્રહ અનર્થ માટે થાય છે. તો મારે આ આરંભ અને પરિગ્રહ વડે સર્યું. આ રીતે છોડવાની સન્મુખ રહેવા વડે (ત્યાગવાના સન્મુખ દ્વારે કરી) પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે પચ્ચક્ખાણ કર્યા સિવાય ભગવાને કહેલ શ્રુત ધર્મ સાંભળવા માટ મળે નહી.

તથા દર્શન-સમ્યક્ત્વ પ્રાપ્ત કરતો નથી. વિશુદ્ધ પ્રવ્રજ્યા પણ પામતો નથી. બ્રહ્મચર્યનું પણ સેવન કરતો નથી. વળી આત્માનું પૃથ્વી આદિના રક્ષણરૂપ સંયમ વડે સંયમ ન કરે. સંવર વડે રક્ષણ કરે નહી. તેમ જ આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનને પણ પ્રાપ્ત કરતો નથી... પરંતુ આરંભ અને પરિગ્રહને જ્ઞપરિજ્ઞા વડે જાણીને અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે પચ્ચક્ખાણ કરીને ભગવાને કહેલા ધર્માદિ મેળવે છે.

તથા - વળી લાભ અને અલાભને આશ્રયીને આરંભ અને પરિગ્રહરૂપ બે સ્થાન છે. ॥૧૩॥

ननु प्रत्याख्यातारम्भपरिग्रहो बोधिं यावत्केवलज्ञानमुत्पादयतीत्युक्तं तत्कदा कथमित्यत्राह—

**दण्डद्वयप्रयोजकोन्मादमोहनीयक्षयात् केवलम् ॥१४॥**

**दण्डद्वयेति,** केवलज्ञानं हि मोहनीयोन्मादक्षय एव भवति, तत्रोन्मादः-ग्रहो बुद्धिविप्लव इत्यर्थः, स च यक्षावेशेन दर्शनमोहनीयादेः कर्मण उदयेन च भवति, तत्र प्रथमो मोहजनित-

ग्रहापेक्षयाऽकृच्छ्रानुभवनीयोऽनैकान्तिकानात्यन्तिकभ्रमरूपत्वादस्य, सुखविमोच्यतरकश्च मन्त्रमूलादिसाध्यत्वात्, मोहजस्तु तद्विपरीतः, ऐकान्तिकात्यन्तिकभ्रमस्वभावतयाऽत्यन्तानुचितप्रवृत्तिहेतुत्वेनानन्तभवकारणत्वात्, तथाऽऽन्तरकारणजनितत्वेन मन्त्राद्यसाध्यत्वात् कर्मक्षयोपशमादिनैव साध्यत्वात् । उन्मादाच्च प्राणी प्राणातिपातादिरूपेऽर्थदण्डेऽनर्थदण्डे च प्रवर्त्तते, तत्र नैरयिकादिचतुर्विंशतिदण्डकानि पूर्वोदितान्यवलम्ब्यार्थानर्थदण्डौ विज्ञेयौ । सम्यग्दर्शनादित्रयवतान्तु दण्डो नास्तीति ॥१४॥

પચ્ચક્ખાણ કરેલ આત્મા બોધિથી લઈને કેવળજ્ઞાન સુધી (પ્રવ્રજ્યા, બ્રહ્મચર્ય, સંયમ, કેવળજ્ઞાન) પ્રાપ્ત કરે તે પ્રમાણે કહ્યું તો તે ક્યારે અને કેવી રીતે મેળવે છે તે કહે છે.

**दण्डद्वयेति :-** કેવળજ્ઞાન, મોહનીય કર્મથી ઉત્પન્ન થયેલ ઉન્માદના ક્ષયથી થાય છે.

ઉન્માદ = ગ્રહ. (ગ્રહાયેલ), બુદ્ધિનું વિપરિતપણું.

તે ઉન્માદ બે પ્રકારે છે. (૧) યક્ષાવેશ, (૨) દર્શનમોહનીય કર્મના ઉદયથી થયેલ.

**યક્ષાવેશ :-** શરીરમાં દેવનું પ્રવેશવું. તેનાથી થયેલ ઉન્માદ. તે યક્ષાવેશ છે.

**દર્શનમોહનીય કર્મના ઉદયથી થયેલ :-** તે બીજો ઉન્માદ.

તે બેમાં પહેલો યક્ષાવેશ ઉન્માદ, બીજા મોહથી થયેલ કર્મના ઉદયની અપેક્ષાએ સુખપૂર્વક વેદી (અનુભવી) શકાય તેવો છે. અર્થાત્ ઘણો જ ઓછો અનુભવી શકાય તેવો છે. કારણ કે યક્ષાવેશમાં અનેકાંતિક અને અનાત્યંતિક ભ્રમપણું હોય છે. (યક્ષાવેશવાળી વ્યક્તિ કોઈકવાર શુદ્ધિમાં હોય તો ડાહ્યા માણસની જેમ પ્રવૃત્તિ કરે છે.)

એટલે યક્ષાવેશ સુખે મુકાવી શકાય તેવો છે. કારણ કે મંત્ર, ચૂલ, ઔષધિ આદિ અને યંત્રાદિ વડે સાધ્ય છે.

મોહથી થયેલ ઉન્માદ આનાથી વિપરિત છે.

એકાંતિક અને આત્યંતિક ભ્રમના સ્વભાવથી અત્યંત અનુચિત પ્રવૃત્તિનું કારણ હોવાથી અનંત ભવનું કારણ છે. તેમજ આંતરિક કારણથી થતું હોવાથી મંત્રાદિથી અસાધ્ય છે. પણ કર્મના ક્ષયોપશમ વડે જ સાધ્ય છે.

ઉન્માદથી પ્રાણી પ્રાણાતિપાતાદિરૂપ અર્થદંડ અને અનર્થદંડમાં પ્રવર્તે છે.

તેમાં નારકી આદિ ૨૪ દંડકો પૂર્વે કહેલા દંડકને આશ્રયીને અર્થદંડ, અનર્થદંડ જાણવા.

સમ્યગ્દર્શન આદિ રત્નત્રયવાળા જીવોને દંડ હોતો નથી. ॥૧૪॥

अथ दर्शनमाश्रित्य द्वैविध्यं भावयति—

**निसर्गाभिगमसम्यग्दर्शनमभिग्रहिकानभिग्रहिकमिथ्यादर्शनञ्च ॥१५॥**

**निसर्गेति**, दर्शनं द्विविधम्, सम्यग्दर्शनं मिथ्यादर्शनञ्चेति, जिनोक्तानुसारितया तत्त्वेषु रुचिः सम्यग्दर्शनम्, वैपरीत्येन तत्त्वेषु रुचिर्मिथ्यादर्शनम् । सम्यग्दर्शनञ्च निसर्गसम्यग्दर्शनाभिगमसम्यग्दर्शनभेदेन द्विविधम्, स्वभावादेव जातमाद्यम्, गुरूपदेशादितः प्रभवं द्वितीयम्, उभयमपि प्रतिपात्यप्रतिपाति चेति द्विविधम्, प्रतिपाति सम्यग्दर्शनमौपशमिकं क्षायोपशमिक, अप्रतिपाति क्षायिकम्, औपशमिकस्य तस्यान्तर्मुहूर्त्तमात्रकालत्वात् सास्वादने च जघन्यतः समयमात्रत्वादुत्कृष्टतस्तु षडावलिकामानत्वात्, क्षायोपशमिकस्यच तस्य जघन्यतोऽन्तर्मुहूर्त्तस्थितिकत्वादुत्कर्षतः षट्षष्टिसागरोपमस्थितिकत्वाच्च क्षायिकन्त्वप्रतिपात्येव सिद्धत्वेऽप्यनुवृत्तेः। मिथ्यादर्शनमप्यभिग्रहिकानभिग्रहिकभेदेन द्विविधम्, कुमतयाथार्थ्यग्रहलक्षणमाद्यं सर्वदर्शनसमताग्रहलक्षणमपरम्, उभयमपि सपर्यवसितापर्यवसितभेदेन द्विविधम्, भव्यस्य सम्यक्त्यप्राप्तौ तदपगमात्, अभव्यस्य तदप्राप्त्या तदपगमाभावादिति ॥१५॥

હવે દર્શનને આશ્રયીને બે પ્રકાર વિચારે છે.

દર્શન બે પ્રકારે છે. (૧) સમ્યગ્દર્શન, (૨) મિથ્યાદર્શન... જિનેશ્વર ભગવાને કહેલા તત્ત્વને અનુસારે તત્ત્વોમાં રૂચિ તે સમ્યગ્દર્શન છે.

તેનાથી વિપરીતપણે (જિનેશ્વર ભગવાને નહીં કહેલા) તત્ત્વોમાં રૂચિ તે મિથ્યાદર્શન છે.

આ સમ્યગ્દર્શન બે પ્રકારે છે. (૧) નિસર્ગ સમ્યગ્દર્શન, (૨) અભિગમ સમ્યગ્દર્શન.

**નિસર્ગ સમ્યગ્દર્શન** :- સ્વભાવથી જ થયેલું.

**અભિગમ સમ્યગ્દર્શન** :- ગુરૂના ઉપદેશ આદિથી થયેલું.

બંને સમ્યગ્દર્શન બે પ્રકારે છે. (૧) પ્રતિપાતી, (૨) અપ્રતિપાતી.

**પ્રતિપાતી સમ્યગ્દર્શન** :- પડવાના સ્વભાવવાળું. (૨) ઔપશમિક, (૨) ક્ષાયોપશમિક.

**અપ્રતિપાતી સમ્યગ્દર્શન** :- આવેલું જાય નહીં તે ક્ષાયિક સમ્યક્ત્વ.

**ઔપશમિક સમ્યગ્દર્શન**નો કાળ અંતર્મુહૂર્ત માત્ર જ છે. સાસ્વાદને (ગુણસ્થાનકે) જઘન્યથી સમય માત્ર જ છે. ઉત્કૃષ્ટથી છ આવલિકા પ્રમાણ છે. આથી જ પ્રતિપાતી છે.

**ક્ષાયોપશમિક સમ્યક્ત્વ**નો કાલ જઘન્યથી અંતર્મુહૂર્ત સ્થિતિ. ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમની સ્થિતિ છે. આથી પ્રતિપાતી છે.

**ક્ષાયિક સમ્યક્ત્વ** અપ્રતિપાતી જ છે. કારણ કે સિદ્ધત્વ (સિદ્ધ)માં પણ અનુવૃત્તિ છે. (સિદ્ધપણામાં પણ સાથે છે.)

મિથ્યાદર્શન પણ બે પ્રકારે છે. (૧) અભિગ્રહિક, (૨) અનભિગ્રહિક.

**અભિગ્રહિક મિથ્યાત્વ :-** કુમતમાં યથાર્થપણું ગ્રહણ કરવારૂપ છે, તે અભિગ્રહિક મિથ્યાત્વ.

**અનભિગ્રહિક મિથ્યાત્વ :-** દરેક ધર્મમાં સમાનતાની બુદ્ધિ. બધા ધર્મો સરખા છે આવું માનવારૂપ અનભિગ્રહિક મિથ્યાત્વ.

બંને પ્રકારના મિથ્યાત્વના બે ભેદ છે. (૧) સપર્યવસિત, (૨) અપર્યવસિત.

ભવ્યને સમ્યક્ત્વની પ્રાપ્તિ થતાં તે મિથ્યાત્વનો અંત આવે છે. માટે **સપર્યવસિત.** અભવ્યને સમ્યક્ત્વની પ્રાપ્તિ નથી માટે **અપર્યવસિત** છે. ॥૧૫॥

ज्ञानमाश्रित्य द्वैविध्यं दर्शयति—

**मतिश्रुते परोक्षे केवलनोकेवलज्ञाने प्रत्यक्षे ॥१६॥**

**मतीति,** विशेषावबोधो ज्ञानं तद्द्विविधम्, प्रत्यक्षञ्च परोक्षञ्च, परोक्षप्याभिनिबोधिकज्ञानं श्रुतज्ञानञ्चेति द्विविधम्, अत्र प्रथममपि श्रुताश्रुतनिश्रितभेदाद् द्विविधम्, यत्पूर्वमेव श्रुतकृतोपकारस्येदानीं तदनपेक्षमेवानुप्रवर्त्तते तदवग्रहादिलक्षणं श्रुतनिश्रितम्, यत्तु पूर्वं तदपरिकर्मितमतेः क्षयोपशमपटीयस्त्वादौत्पत्तिक्यादिलक्षणमुपजायतेऽन्यद्वा श्रोत्रादिप्रभवं तदश्रुतनिश्रितमिति । उभयविधमपीदमर्थावग्रहव्यञ्जनावग्रहभेदेन द्विविधम्, सामान्यरूपस्याशेषविशेषनिरपेक्षस्यानिर्देश्यस्य रूपादेरर्थस्य प्रथमपरिच्छेदोऽर्थावग्रहः, निर्विकल्पकज्ञानं दर्शनमिति चाभिधानान्तराण्यस्यैव, अयमेव नैश्चयिकः सामयिक उच्यते, यस्तु व्यावहारिकः शब्दोऽयमित्युल्लेखवान् स आन्तमौहूर्त्तिकः । अयञ्चेन्द्रियमनःसम्बन्धात् षोढा । व्यञ्जनमुपकरणेन्द्रियं शब्दादितया परिणतद्रव्यसङ्घातो वा, तथा च व्यञ्जनेनोपकरणेन्द्रियेण व्यञ्जनानां शब्दादितया परिणतद्रव्याणामवग्रहो व्यञ्जनावग्रहः इन्द्रियशब्दादिद्रव्यसम्बन्धो वा व्यञ्जनम् । अयञ्च मनोनयनवर्जेन्द्रियाणां भवतीति चतुर्धा, नयनमनसोरप्राप्तार्थपरिच्छेदकत्वात् । ननु व्यञ्जनावग्रहः कथं ज्ञानं, इन्द्रियशब्दादिद्रव्यसम्बन्धकाले तदनुभवाभावाद्बधिरादीनामिवेति चेन्न, व्यञ्जनावग्रहान्ते तद्वस्तुग्रहणादेवोपलब्धिसद्भावात्, इह यस्य ज्ञेयवस्तुग्रहणस्यान्ते तत ऐव ज्ञेयवस्तूपादानादुपलब्धिर्भवति तज्ज्ञानं दृष्टम्, यथाऽर्थग्रहपर्यन्ते तत एवार्थावग्रहग्राह्यवस्तुग्रहणादीहासद्भावादर्थावग्रहेज्ञानमिति । किञ्च व्यञ्जनावग्रहकालेऽपि सदपि ज्ञानं सूक्ष्माव्यक्तत्वान्नोपलभ्यते, सुप्ताव्यक्त विज्ञानवदिति । ईहादयोऽपि श्रुतनिश्रिता एव, न तूक्ताः, द्विस्थानकानुरोधात् । अश्रुतनिश्रितमप्यर्थावग्रहव्यञ्जनावग्रहभेदेन द्विविधम्, इदञ्च श्रोत्रादिप्रभवमेव, यदौत्पत्तिक्याद्यश्रुतनिश्रितं तत्रार्थावग्रहः सम्भवति न तु व्यञ्जनावग्रहः, तस्येन्द्रियाश्रितत्वात् । बुद्धीनान्तु मानसत्वात् ततो बुद्धिभ्योऽन्यत्र व्यञ्जनावग्रहो

मन्तव्य इति । अङ्गप्रविष्टानङ्गप्रविष्टभेदेन श्रुतज्ञानं द्विविधम् । अनङ्गप्रविष्टञ्चाऽऽवश्यक-तद्व्यतिरिक्तभेदेन द्विविधम्, तद्व्यतिरिक्तमपि कालिकोत्कालिकभेदेन द्विविधम्, कालिकमुत्तराध्ययनादि, उत्कालिकं दशवैकालिकादि । प्रत्यक्षञ्च केवलज्ञाननोकेवलज्ञानभेदेन द्विविधम्, भवस्थसिद्धकेवलज्ञानभेदेन प्रथमं द्विधा, भवस्थकेवलज्ञानमपि सयोग्ययोग्यपेक्षया सयोगिभवस्थकेवलज्ञानमपि प्रथमसमयाप्रथमसमयापेक्षया चरमाचरमसमयापेक्षया वा द्विधा, एवमयोगिभवस्थकेवलज्ञानमपि । सिद्धकेवलज्ञानमनन्तरपरम्परापेक्षया द्विविधम्, उभयमप्येकानेकापेक्षया द्विद्विभेदम् । अवधिमनःपर्यवभेदेन नोकेवलज्ञानं द्विविधम्, भवप्रत्ययक्षायोपशमिकभेदेनावधिज्ञानं द्विविधम्, भवप्रत्ययस्यापि क्षयोपशमनिमित्तकत्वेऽपि तत्क्षयोपशमे भवस्यैव निमित्तत्वात्तत्प्राधान्येन भवप्रत्ययत्वेन पृथगुक्तम्, भवप्रत्ययं देवानां नैरयिकाणाञ्च, क्षायोपशमिकन्तु मनुष्याणां पञ्चेन्द्रियतिर्यग्योनिकानाम् । ऋजुमतिविपुलमतिभेदतो मनःपर्यवज्ञानं द्विविधम् ॥१६॥

હવે જ્ઞાનને આશ્રયીને બે પ્રકાર બતાવે છે.

मतीति

વિશેષ બોધ તે જ્ઞાન કહેવાય છે. તે જ્ઞાન બે પ્રકારે છે. (૧) પ્રત્યક્ષ, (૨) પરોક્ષ.

પરોક્ષ જ્ઞાન બે પ્રકારે છે. (૧) આભિનિબોધિક જ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન.

પ્રત્યક્ષ જ્ઞાનપણ બે પ્રકારે છે. (૧) શ્રુત નિશ્રિત, (૨) અશ્રુત નિશ્રિત.

**શ્રુત નિશ્રિત :-** જે પહેલાં જ શ્રુતવડે ઉપકાર કરાયેલ છે તેની અપેક્ષા વિના જ જે પ્રવર્તે છે એટલે કે - પૂર્વે શ્રુત વડે સંસ્કારવાળી મતિવાળાને જે વર્તમાનમાં શ્રુતની અપેક્ષા વિના જ્ઞાન થાય છે તે અવગ્રહાદિ સ્વરૂપ જે જ્ઞાન તે શ્રુત નિશ્રિત મતિજ્ઞાન છે.

વળી જે પહેલાં શ્રુત વડે અસંસ્કારવાળી (અપરિકર્મિત) મતિવિશિષ્ટ ક્ષયોપશમના અતિશય નિપુણપણાથી ઔત્પાતિકી આદિ બુદ્ધિરૂપ જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે અથવા શ્રોત્રેન્દ્રિય આદિથી થયેલું જ્ઞાન તે અશ્રુત નિશ્રિત મતિજ્ઞાન છે.

બંને પ્રકારનું પણ આ મતિજ્ઞાન (૧) અર્થાવગ્રહ અને (૨) વ્યંજનાવગ્રહ ભેદથી બે પ્રકારે છે.

**અર્થાવગ્રહ :-** સામાન્યરૂપ સમસ્ત વિશેષથી નિરપેક્ષ, નિર્દેશ ન કરી શકાય તેવા રૂપાદિનું પહેલું જે જ્ઞાન તે અર્થાવગ્રહ છે.

વિકલ્પ વિનાનું જ્ઞાન તે દર્શન છે. અર્થાવગ્રહનું બીજું નામ (દર્શન) છે. આ અર્થાવગ્રહ એક સમયનો નૈશ્ચયિક છે.

વળી જે 'अयं शब्दः' 'આ શબ્દ છે' આવું જે કહેવાય છે તે વ્યવહારિક અર્થાવગ્રહ અંતર્મુહૂર્ત્તકાળ પ્રમાણ છે.

આ અર્થાવગ્રહ ઈન્દ્રિય અને મનના સંબંધથી છ પ્રકારે છે.

**વ્યંજનાવગ્રહ :-** વ્યંજન એટલે ઉપકરણ ઈન્દ્રિય અથવા શબ્દાદિરૂપે પરિણત દ્રવ્યનો જે સમુદાય તે વ્યંજન છે.

તેમજ વ્યંજન એટલે ઉપકરણ ઈન્દ્રિયવડે શબ્દાદિરૂપે પરિણત થયેલા દ્રવ્યરૂપ જે વ્યંજનનો અવગ્રહ તે વ્યંજનાવગ્રહ છે. અથવા ઈન્દ્રિય અને શબ્દાદિ દ્રવ્યનો સંબંધ તે વ્યંજન છે.

આ વ્યંજનાવગ્રહ મન અને ચક્ષુ ઈન્દ્રિયને છોડીને ચાર પ્રકારે છે. કારણ કે ચક્ષુ અને મન સંબંધ વિના અર્થને જાણે છે. અર્થાત્ અપ્રાપ્ત પદાર્થનું જ્ઞાન કરે છે. અપ્રાપ્યકારી છે.

**પ્રશ્ન :-** વ્યંજનાવગ્રહ જ્ઞાન કેવી રીતે કહેવાય ? કારણ કે શ્રોત્રાદિ ઈન્દ્રિય અને શબ્દાદિ દ્રવ્યનો સંબંધ થાય છે ત્યારે તેના અનુભવનો અભાવ છે. બહેરાની જેમ અનુભવનો અભાવ છે.

**ઉત્તર :-** તમે કહો છો તેવું નથી. કારણ કે વ્યંજનાવગ્રહના અંતે તે વસ્તુનું ગ્રહણ (જ્ઞાન)થી જ થાય છે. પદાર્થનો સાક્ષાત્કાર થાય છે. તેથી જ તે જ્ઞાન છે. અહીં જે જ્ઞેય વસ્તુનું ગ્રહણ થાય છે તેના અંતે જ્ઞેય વસ્તુના ઉપાદાન (ગ્રહણ)થી પ્રાપ્તિ થાય છે તે જ્ઞાન છે. માટે વ્યંજનાવગ્રહ જ્ઞાન છે.

જેમ અર્થાવગ્રહ પછી અર્થાવગ્રહ વડે ગ્રહણ કરવા યોગ્ય જ્ઞેય વસ્તુના ગ્રહણથી ઈહા થાય છે તેથી તે અર્થાવગ્રહ જ્ઞાન છે. તેવી જ રીતે વ્યંજનાવગ્રહ પછી તે જ્ઞેય વસ્તુના ઉપાદાનથી અર્થાવગ્રહ જ્ઞાન થાય છે. માટે વ્યંજનાવગ્રહ જ્ઞાન છે.

વળી વ્યંજનાવગ્રહના કાળમાં પણ જ્ઞાન છે જ પરંતુ સૂક્ષ્મ અને અવ્યક્ત હોવાથી સૂતેલા માણસના જ્ઞાનની જેમ સાક્ષાત્ જણાતું નથી.

ઈહાદિ પણ શ્રુત નિશ્રિત જ છે. પરંતુ બે સ્થાનકના અનુરોધથી કહ્યા નથી.

**અશ્રુત નિશ્રિત :-** અશ્રુત નિશ્રિત મતિજ્ઞાન પણ (૧) અર્થાવગ્રહ (૨) વ્યંજનાવગ્રહના ભેદથી બે પ્રકારે છે.

આ શ્રોત્રેન્દ્રિય આદિથી થાય છે. ઔત્પાતિકી આદિ જે અશ્રુત નિશ્રિત છે તેમાં અર્થાવગ્રહ સંભવે છે પણ વ્યંજનાવગ્રહ નહીં. કારણ કે તે ઈન્દ્રિય આશ્રિત છે, અને બુદ્ધિ માનસ છે. બુદ્ધિનો મન સાથે સંબંધ છે માટે તેનો વ્યંજનાવગ્રહ થતો નથી. બુદ્ધિ સિવાય બીજે વ્યંજનાવગ્રહ માનવો જોઈએ.

**શ્રુતજ્ઞાન :-** (૧) અંગપ્રવિષ્ટ, (૨) અનંગ પ્રવિષ્ટના ભેદથી બે પ્રકારે છે.

**અનંગપ્રવિષ્ટ :** આવશ્યક અને આવશ્યકથી ભિન્ન એમ બે પ્રકારે છે.

**આવશ્યકથી વ્યતિરિક્ત** :- ભિન્ન તે પણ (૧) કાલિક, (૨) ઉત્કાલિક ભેદથી બે પ્રકારે છે.

**કાલિક** :- ઉત્તરાધ્યયન આદિ.

**ઉત્કાલિક** :- દશવૈકાલિક આદિ.

**પ્રત્યક્ષ જ્ઞાન** :- (૧) કેવલજ્ઞાન, (૨) નોકેવલજ્ઞાનના ભેદથી બે પ્રકારે છે.

**કેવલજ્ઞાન** :- (૧) સિદ્ધસ્થ, (૨) ભવસ્થ ભેદથી કેવળજ્ઞાન બે પ્રકારે છે.

**ભવસ્થ કેવળજ્ઞાન** :- (૧) સયોગી, (૨) અયોગી અપેક્ષાએ બે પ્રકારે છે.

**સયોગી ભવસ્થ કેવળજ્ઞાન** પણ પ્રથમ સમય અને અપ્રથમ સમયની અપેક્ષાએ અથવા ચરમ સમય અને અચરમ સમયની અપેક્ષાએ બે પ્રકારે છે.

એ જ પ્રમાણે **અયોગી ભવસ્થ કેવળજ્ઞાન** પણ બેપ્રકારે છે.

**સિદ્ધસ્થ કેવળજ્ઞાન** :- અનંતર અને પરંપરની અપેક્ષાએ બે પ્રકારે છે.

બંને પણ એક અને અનેકની અપેક્ષાએ બે બે ભેદવાળું છે.

**નોકેવલજ્ઞાન** :- (૧) અવધિ અને (૨) મનઃપર્યવના ભેદથી બે પ્રકારે છે.

**અવધિજ્ઞાન** :- (૧) ભવપ્રત્યય, (૨) ક્ષાયોપશમિક ભેદથી બે પ્રકારે છે.

ભવપ્રત્યય અવધિજ્ઞાનમાં ક્ષયોપશમ નિમિત્ત હોવા છતાં પણ તે ક્ષયોપશમમાં ભવ જ નિમિત્ત હોવાથી તેની પ્રધાનતાથી ભવપ્રત્યયરૂપે જુદું કહ્યું.

આ ભવપ્રત્યય અવધિજ્ઞાન દેવ અને નારકીઓને હોય છે.

**ક્ષાયોપશમિક અવધિજ્ઞાન** :- મનુષ્ય અને પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળાને હોય છે.

**મનઃપર્યવજ્ઞાન** :- (૧) ઋજુમતિ અને (૨) વિપુલમતિના ભેદથી બે પ્રકારે છે. ॥૧૬॥

श्रुतचारित्रापेक्षया द्वैविध्यमाह—

**सूत्रार्थौ श्रुतधर्मोऽगारानगारचारित्रे च चारित्रधर्मः ॥१७॥**

**सूत्रार्थाविति,** दुर्गतिप्रपतज्जीवरोधकः सुगतिप्रापकश्च धर्मः स द्विविधः श्रुतधर्मश्चारित्रधर्मश्चेति, द्वादशाङ्गरूपो धर्मः श्रुतधर्मः, मूलोत्तरगुणकलापरूपश्चारित्रधर्मः, तत्र प्रथमः सूत्रार्थभेदतो द्विविधः, द्वितीयोऽपि गृहिसाधुसम्बन्धित्वादगारानगारचारित्रभेदेन द्विविधः । रागसदसद्भावाभ्यामनगारचारित्रं सरागवीतरागचारित्रभेदेन द्विविधम् । असंख्याततमकिट्टिकावेदनतः सूक्ष्मलोभात्मककषायस्थूलकषायावाश्रित्य सरागसंयमः सूक्ष्मबादरसंपरायभेदतो द्विविधः, सूक्ष्मसम्परायसंयमश्च प्रथमाप्रथमसमयाभ्यां चरमाचरमसमयाभ्यां प्रतिपात्यप्रतिपातिभ्यां वा द्विविधः । उपशान्तकषायक्षीणकषायभेदतो वीतरागसंयमो द्विविधः, आद्यः

प्रथमाप्रथमसमयभेदेन चरमाचरमसमयभेदेन वा द्विविधः, द्वितीयश्च छद्मस्थकेवलिभेदेन द्विविधः, अत्रापि प्रथमः स्वयम्बुद्धबुद्धबोधितभेदेन द्विविधः, उभावपि प्रथमाप्रथमसमय-भेदेन चरमाचरमभेदेन वा द्विविधौ । केवलिक्षीणकषायवीतरागसंयमस्तु सयोग्ययोगिभेदेन द्विविधः, उभावपि च प्रथमाप्रथमसमयापेक्षया वा द्विविधाविति ॥१७॥

હવે શ્રુત અને ચારિત્રની અપેક્ષાએ દ્વિવિધતા કહે છે.

सूत्रार्थाविति :-

દુર્ગતિમાં પડતા જીવને અટકાવનાર અને સુગતિને પ્રાપ્ત કરાવનાર ધર્મ છે. તે ધર્મ બે પ્રકારે છે. (૧) શ્રુત ધર્મ, (૨) ચારિત્ર ધર્મ. દ્વાદશાંગરૂપ ધર્મ તે **શ્રુત ધર્મ** છે.

મૂળ ગુણ અને ઉત્તર ગુણના સમૂહરૂપ **ચારિત્ર ધર્મ** છે.

તેમાં પહેલો **શ્રુત ધર્મ** તે (૧) સૂત્ર અને (૨) અર્થના ભેદથી બે પ્રકારે છે. બીજો **ચારિત્ર ધર્મ** ગૃહસ્થ અને સાધુ સંબંધી હોવાથી **(૧) અગાર (૨) અનગાર**ના ભેદથી બે પ્રકારે છે.

**અનગાર ચારિત્ર ધર્મ :-** રાગ હોવો અને રાગ ન હોવો, તેનાથી અનગાર ચારિત્ર. તે પણ બે પ્રકારે છે.

**(૧) સરાગ ચારિત્ર, (૨) વીતરાગ ચારિત્ર.**

અસંખ્યાતતમ્ કિટ્ટીકાના વેદનથી સૂક્ષ્મ લોભસ્વરૂપ કષાય અને સ્થૂળ કષાયોને આશ્રયીને સરાગ સંયમ છે, અને તે પણ **(૧) સૂક્ષ્મ સંપરાય, (૨) બાદર સંપરાય**ના ભેદથી બે પ્રકારે છે.

**સૂક્ષ્મ સંપરાય સંયમ** - પ્રથમ સમય અને અપ્રથમ સમય, ચરમ સમય અને અચરમ સમય વડે સંક્લેશ પામતું અને વિશુદ્ધિથી બે પ્રકારે છે.

બાદર સંપરાય પણ પ્રથમ સમય અને અપ્રથમ સમય, ચરમ અને અચરમ સમયથી અથવા પ્રતિપાતી અને અપ્રતિપાતીથી બે પ્રકારે છે.

**(૨) વીતરાગ સંયમ :-** ઉપશાંત કષાય અને ક્ષીણ કષાયના ભેદથી વીતરાગ સંયમ બે પ્રકારે છે.

**ઉપશાંત કષાય વીતરાગ સંયમ :-** પ્રથમ અને અપ્રથમ સમય અથવા ચરમ, અચરમ સમયના ભેદથી બે પ્રકારે છે.

**ક્ષીણ કષાય વીતરાગ સંયમ :- છદ્મસ્થ** અને **કેવલી**ના ભેદથી બે પ્રકારે છે.

**છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ સંયમ સ્વયંબુદ્ધ** અને **બુદ્ધબોધિત**ના ભેદથી બે પ્રકારે છે.

આ બંને પ્રથમ અને અપ્રથમ સમય તથા ચરમ અને અચરમ સમયના ભેદથી બે પ્રકારે છે.

**કેવલી ક્ષીણ કષાય વીતરાગ સંયમ :-** સયોગી અને અયોગીના ભેદથી બે પ્રકારે છે. બંને પ્રથમ, અપ્રથમ સમય અથવા ચરમ-અચરમ સમયની અપેક્ષાએ બે પ્રકારે છે. ॥૧૭॥

जीवविशेषाश्रयेणैव द्वैविध्यप्रकारमाह—

**अनन्तरावगाढगतिसमापन्नपरिणतपर्याप्तकसूक्ष्माः सविपक्षा एकेन्द्रियाः ॥१८॥**

**अनन्तरेति**, एकेन्द्रियाः पृथिव्यादयः, सूक्ष्मबादरापेक्षया पर्याप्तकापर्याप्तकापेक्षया परिणतापरिणतापेक्षया गतिसमापन्नागतिसमापन्नापेक्षयाऽनन्तरावगाढपरम्परावगाढापेक्षया च द्विविधा भवन्ति, सूक्ष्मा बादरास्तत्तत्कर्मोदयवर्त्तिनः, सूक्ष्माः सर्वलोकव्यापिनो बादराः पृथिवीनगादयः, एषां सूक्ष्मबादरता नापेक्षिकी किन्तु कर्मोदयप्रयुक्तैव । अपर्याप्तनामकर्मोदयादपर्याप्तका ये स्वपर्याप्तीर्न पूरयन्ति, पर्याप्तनामकर्मोदयाच्च पर्याप्ता ये चतस्रः पर्याप्तीः पूरयन्ति, पर्याप्तिश्च पुद्गलोपचयजः शक्तिविशेषः, स चाहारशरीरेन्द्रियानपानभाषामनोभेदेन षोढा, तत्रैकेन्द्रियाणां चतस्रः, विकलेन्द्रियाणां पञ्च संज्ञिनां षट्, एता युगपदारब्धा अन्तर्मुहूर्त्तेन निर्वर्त्त्यन्ते, आहारपर्याप्तेस्तु निर्वृत्तिकालः समय एव । अपर्याप्तकाश्चोच्छ्वासपर्याप्त्याऽपर्याप्ता एव म्रियन्ते न तु शरीरेन्द्रियपर्याप्तिभ्याम्, आगामिभवायुष्कबन्धेन मरणात्तद्बन्धस्य च शरीरेन्द्रियादिपर्याप्त्या पर्याप्तेनैव साध्यत्वात् । स्वकायपरकायशस्त्रादिना परिणामान्तरमापादिताः परिणता अचित्तीभूता इत्यर्थः, तत्र द्रव्यतः शस्त्रादिना मिश्रेण द्रव्येण, कालतः पौरुष्यादिना कालेन, भावतो वर्णगन्धरसस्पर्शान्यथात्वेन क्षेत्रतो योजनशतात् परतः परिणताः । ये पृथिवीकायिकाद्यायुष्कोदयात् पृथिवीकायिकादिव्यपदेशवन्तो विग्रहगत्योत्पत्तिस्थानं व्रजन्ति ते गतिसमापन्नाः, अगतिसमापन्नास्तु स्थितिमन्तः । सम्प्रत्येव समये क्वचिदाकाशदेश आश्रितास्त एवानन्तरावगाढाः, येषान्तु द्व्यादयः समया अवगाढानां ते परम्परावगाढाः । एवं द्रव्यं परिणतापरिणतभेदेन गतिसमापन्नागतिसमापन्नभेदेनानन्तरावगाढपरम्परावगाढभेदेन द्विविधम्, उत्सर्पिण्यवसर्पिणीभेदेन कालो लोकालोकभेदेनाकाशश्च द्विविधो विज्ञेयः ॥१८॥

સંયમ જીવ, અજીવના વિષયવાળું હોવાથી હવે જીવ વિશેષના આશ્રય વડે જ બે પ્રકાર કહે છે.

**अनन्तरेति**, એકેન્દ્રિયો પૃથ્વી આદિ સૂક્ષ્મ અને બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત, પરિણત અને અપરિણત, ગતિ સમાપન્ન અને અગતિ સમાપન્ન, અનંતર અવગાહેલ અને પરંપર અવગાહેલની અપેક્ષાએ બે પ્રકારે છે.

સૂક્ષ્મ નામ કર્મના ઉદયમાં રહેલા તે **સૂક્ષ્મ.** બાદર નામ કર્મના ઉદયમાં રહેલા તે **બાદર.**

સૂક્ષ્મ સર્વલોક વ્યાપી છે. બાદર પૃથ્વી, પર્વત આદિ. આ જીવોની સૂક્ષ્મ અને બાદરતા અપેક્ષાએ નથી પરંતુ કર્મના ઉદયથી છે.

અપર્યાપ્ત નામ કર્મના ઉદયથી જેઓ પોતાની પર્યાપ્તિ પૂરી નથી કરતા તે **અપર્યાપ્તા** છે.

પર્યાપ્ત નામ કર્મના ઉદયથી જેઓ ચારે પર્યાપ્તિ પૂરી કરે છે તે **પર્યાપ્તા.** પર્યાપ્તિ એટલે પુદ્ગલના ઉપચય (પુષ્ટી, ભેગા થવાથી) થયેલ શક્તિ વિશેષ.

તે પર્યાપ્તિ આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા, મનના ભેદથી છ પ્રકારે છે.

એકેન્દ્રિયને-ચાર, વિકલેન્દ્રિયને-પાંચ, સંજ્ઞીને-છ, પર્યાપ્તિઓ હોય છે.

આ પર્યાપ્તિઓ એક સાથે શરૂ કરાયેલી અંતર્મુહૂર્તમાં થાય છે. આહાર પર્યાપ્તિ થવાનો કાળ એક સમય છે. અપર્યાપ્તાઓ શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ વડે અપર્યાપ્તા જ મરે છે, પણ શરીર અને ઈન્દ્રિય પર્યાપ્તિથી અપર્યાપ્તા નથી હોતા. આગામી ભવના આયુષ્યના બંધ વડે મરણ થતું હોવાથી. એટલે કે - આયુષ્ય બાંધીને મરે છે. શરીર અને ઈન્દ્રિય આદિ પર્યાપ્તિથી પર્યાપ્ત જીવો વડે જ આયુષ્ય બંધાય છે.

**પરિણત :-** સ્વકાયશસ્ત્ર અથવા પરકાયશસ્ત્ર વડે પરિણામાંતર - બીજા પરિણામને પામેલા, પરિણત થયેલા, અચિત્ત થયેલા. ઈત્યર્થ...

તેમાં દ્રવ્યથી શસ્ત્રાદિ મિશ્ર દ્રવ્ય વડે, કાળથી પૌરૂષી-પોરસી આદિ કાળ વડે, ભાવથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ બીજારૂપે પરિણામપણે પરિણત થયેલા, ક્ષેત્રથી સો યોજનથી આગળ જતા પરિણત થયેલા તે અચિત્ત થાય છે.

જે (પરિણત થયેલા) પૃથ્વીકાયાદિ આયુષ્ય કર્મના ઉદયથી પૃથ્વીકાયિકાદિ કહેવાય છે. તે વિગ્રહ ગતિ વડે ઉત્પત્તિ સ્થાને જાય છે તે **ગતિ સમાપન્ના** કહેવાય છે. અને જે ગતિમાં છે તે જ ગતિમાં રહેલા (તે જ સ્થિતિમાં રહેલા) તે **અગતિ સમાપન્ન** કહેવાય છે.

હમણાં જ જે કોઈ આકાશ પ્રદેશમાં આશ્રય કરેલા હોય તે **અનંતર અવગાઢક** કહેવાય.

જેને જે આકાશ પ્રદેશમાં અવગાહેલાને બે આદિ સમય થયેલા છે તે **પરંપર અવગાહેલા** કહેવાય છે.

આ પ્રમાણે દ્રવ્ય પરિણત - અપરિણત, ગતિ સમાપન્ન - અગતિ સમાપન્ન, અનંતર અવગાઢ - પરંપર અવગાઢના ભેદથી બે પ્રકારે છે.

**કાલ :-** ઉત્સર્પિણી અને અવસર્પિણીના ભેદથી કાલ બે પ્રકારે છે.

**આકાશ :-** લોક અને અલોકના ભેદથી (લોકાકાશ અને અલોકાકાશના) આકાશ બે પ્રકારે છે જાણવો. ॥૧૮॥

अथ चतुर्विंशतिदण्डकाश्रयेण शरीरद्वैविध्यमाह–

**देवनारकाणां कार्मणवैक्रिये एकेन्द्रियविकलेन्द्रियतिर्यङ्मनुष्याणां कार्मणौदारिकविशेषौ, सर्वेषां विग्रहे कार्मणतैजसे ॥१९॥**

**देवेति**, अनुक्षणं चयापचयाभ्यां विनश्यतीति शरीरं तत्र देवानां नारकाणाञ्च कार्मणं वैक्रियञ्च भवतः, कार्मणशरीरनामकर्मोदयनिर्वर्त्त्यमशेषकर्मणां प्ररोहभूमिराधारभूतं संसार्यात्मनां गत्यन्तरसंक्रमणे साधकतमं कार्मणं तच्चाभ्यन्तरमुच्यते, आभ्यन्तरत्वञ्च तस्य जीवप्रदेशैः सह क्षीरनीरन्यायेन लोलीभवनात्, भवान्तरगतावपि जीवस्यानुगमनस्वभावत्वादपवरकाद्यन्तः-प्रविष्टपुरुषवदनतिशयिनामप्रत्यक्षत्वाच्च । वैक्रियञ्च बाह्यम्, बाह्यता चास्य जीवप्रदेशैः कस्यापि केषुचिदवयवेष्वव्याप्तेर्भवन्तराननुयायित्वान्निरतिशयानामपि प्रायः प्रत्यक्षत्वाच्च । पृथिव्यादीनान्तु बाह्यमौदारिकमौदारिकशरीरनामकर्मोदयादुदारपुद्गलनिर्वृत्तम्, । तत्रैकेन्द्रियाणां केवलमस्थ्यादिविरहितं वायूनां वैक्रियं यत्तत्र विवक्षितं प्रायिकत्वात् । विग्रहगतिर्वक्रगतिः, यदा विश्रेणिव्यवस्थितमुत्पत्तिस्थानं गन्तव्यं भवति तद्गतिं समापन्नानां तैजसकार्मेण द्वे शरीरे भवतः शरीररस्य चोत्पत्ती रागेण द्वेषेण चेति द्विस्थानैर्भवतीति ॥१९॥

હવે ચોવીશ દંડકને આશ્રયીને બે પ્રકારે શરીર કહે છે.

પ્રતિક્ષણ ચય (વૃદ્ધિ) અને અપચય (હાનિ) વડે નાશ પામે તે શરીર.

તેમાં દેવો અને નારકીઓને કાર્મણ અને વૈક્રિય આ બે શરીર હોય છે.

**કાર્મણ શરીર :-** કાર્મણ શરીર નામ કર્મના ઉદયથી થવા યોગ્ય સઘળા કર્મોની ઉત્પન્ન થવાની આધારરૂપ ભૂમિ તથા સંસારી જીવોને બીજી ગતિમાં જવામાં અતિશય સહાયક શરીર તે કાર્મણ શરીર. તે કાર્મણ શરીર અભ્યંતર કાર્મણ શરીર છે.

**પ્રશ્ન :-** આ કાર્મણ શરીર અભ્યંતર કેમ કહેવાય છે ?

**ઉત્તર :-** આ કાર્મણ શરીર જીવના પ્રદેશો સાથે ક્ષીર-નીરના ન્યાયથી એક થઈ જતું હોવાથી અભ્યંતર કહેવાય છે... અને ભવાંતર (બીજા ભવમાં) જતા જીવની સાથે તે પણ જાય છે. જીવની સાથે જવાનો સ્વભાવ હોવાથી ઓરડાદિમાં પ્રવેશ કરેલા પુરૂષની જેમ અનતિશય જ્ઞાનવાળાને અપ્રત્યક્ષ હોવાથી અભ્યંતરપણું છે.

**વૈક્રિય શરીર :-** વૈક્રિય બાહ્ય શરીર છે. આ શરીરની બાહ્યતા જીવ પ્રદેશોની સાથે કોઈના પણ કોઈ પણ શરીરના કેટલાક અવયવોમાં અવ્યાપ્તપણું હોવાથી, ભવાંતરમાં સાથે ન જવાથી, અતિશય જ્ઞાન વિનાનાને પણ પ્રાયઃ પ્રત્યક્ષ છે માટે છે.

પૃથ્વીકાય આદિને તો બાહ્ય ઔદારિક છે. ઔદારિક શરીર નામકર્મના ઉદયથી ઉદાર પુદ્ગલો વડે થયેલ તે ઔદારિક છે.

તેમાં એકેન્દ્રિયોને કેવળ હાડકા આદિથી રહિત. વાયુકાયને જે વૈક્રિય છે તે પ્રાયિક હોવાથી વિવક્ષિત નથી કરેલ. વિગ્રહગતિ = વક્રગતિ. જ્યારે વિશ્રેણીમાં રહેલા ઉત્પત્તિસ્થાને જવાનું હોય ત્યારે તે ગતિને-વિગ્રહગતિને પ્રાપ્ત થયેલાને તૈજસ-કાર્મણ બે શરીર હોય છે.

શરીરની ઉત્પત્તિ રાગ અને દ્વેષ આ બે સ્થાનથી થાય છે માટે બે કહ્યું છે. ॥૧૯॥

द्विस्थानकानुपातेन योग्यक्रियादिशमाह—

**प्रव्राजनमुण्डापनशिक्षणोत्थापनसम्भोजनसंवासस्वाध्यायोद्देशसमुद्देशानुज्ञालोचनप्रतिक्रमणातिचारनिन्दनगर्हणव्यतिवर्त्तनविशोधनाकरणाभ्युत्थानप्रायश्चित्तपादपोपगमनस्थितयः प्राच्यामुदीच्यां वा ॥२०॥**

**प्रव्राजनेति,** निर्ग्रन्थानां निर्ग्रन्थीनां वा रजोहरणदानेन प्रव्राजयितुं शिरोलोचनेन मुण्डयितुं ग्रहणशिक्षापेक्षया सूत्रार्थौ ग्राहयितुमासेवनाशिक्षापेक्षया प्रत्युपेक्षणादि शिक्षयितुं महाव्रतेषु व्यवस्थापयितुं भोजनमण्डल्यां निवेशयितुं संस्तारकमण्डल्यां निवेशयितुं यौगविधिक्रमेणाङ्गादि सम्यग्योगेनाधीष्वेत्युपदेष्टुं योगसमाचार्यैव स्थिरपरिचितं कुर्विदमिति समुद्देष्टुं सम्यगेतद्धराय, अन्येषाञ्च प्रवेदयेत्यभिधातुं गुरवेऽपाधरान्निवेदयितुं प्रतिक्रमणं कर्तुमतिचारान् स्वसमक्षं जुगुप्सितुं गुरुसमक्षञ्च तानेव जुगुप्सितुमतिचारानुबन्धं विच्छेदयितुमतिचारपङ्कापेक्षयाऽऽत्मानं विमलीकर्त्तुं पुनर्न करिष्यामीत्यभ्युत्थातुं प्रायश्चित्तं निर्विकृतिकादितपः प्रतिपत्तुं पादपोपगमनं प्रतिपत्तुं तत्राऽऽमरणं यावदनुत्सुकतया स्थातुञ्च पूर्वोत्तरा च दिक् कल्पत इति ॥ २० ॥

બે સ્થાનક ગ્રહણ કર્યા હોવાથી હવે યોગ્ય ક્રિયા અને તેને યોગ્ય દિશા કહે છે.

નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થીઓને પૂર્વ અને ઉત્તર દિશા સન્મુખ જ દીક્ષા દેવી આદિ કલ્પે છે.

(૧) પ્રવ્રાજન = દીક્ષા આપવી, (૨) મુણ્ડાપન = માથાનો લોચ કરવો, (૩) શિક્ષા આપવા માટે. ગ્રહણ શિક્ષાની અપેક્ષાએ સૂત્ર અને અર્થ શીખવાડવા, આ સેવન શિક્ષાની અપેક્ષાએ પડિલેહણ આદિ શીખવાડવા માટે, (૪) ઉત્થાપન = ઉપસ્થાપના વડીદીક્ષા-મહાવ્રતોમાં સારી રીતે સ્થાપવા માટે, (૫) ભોજનની માંડલીમાં પ્રવેશ કરાવવા માટે, (૬) સંથારાની માંડલીમાં પ્રવેશ કરાવવા (બેસાડવા) માટે, (૭) સ્વાધ્યાયના ઉદ્દેશ એટલે કે યોગવિધિના ક્રમથી અંગ આદિ સૂત્ર 'તું ભણ' એમ ઉપદેશ કરવા માટે, (૮) સ્વાધ્યાયના સમુદ્દેશ-યોગની સામાચારીપૂર્વક જ તું આ સૂત્રોને સ્થિર પરિચિત કર એમ સમુદ્દેશ માટે, (૯) સ્વાધ્યાયની અનુજ્ઞા - તે પ્રમાણે તું આ સૂત્રોને ધારણ કર અને બીજાને સારી રીતે ભણાવ તે કહેવા માટે, (૧૦) આલોચન = ગુરૂને અપરાધ જણાવવા માટે, (૧૧) પ્રતિક્રમણ કરવા માટે, (૧૨) સ્વસમક્ષ અતિચારોની નિંદા કરવા માટે, (૧૩) ગુરૂની સમક્ષ અપરાધોની ગર્હા કરવા માટે, (૧૪) વ્યતિવર્તન = અતિચારના અનુબંધને છેદવા માટે, (૧૫) વિશોધન = અતિચારરૂપી કાદવમાંથી આત્માને શુદ્ધ કરવા માટે, (૧૬) ફરી

ન કરવારૂપ સન્મુખ જવા માટે - સ્વીકાર કરવા માટે, (૧૭) યથાયોગ્ય પ્રાયશ્ચિત નીવી આદિરૂપ તપ સ્વીકારવા આદિ સત્તર પ્રકારના કાર્યો પૂર્વ અને ઉત્તર દિશામાં કરવા જોઈએ.

તથા પાદપોપગમન = ઝાડની જેમ રહેલા તથા મરણની આકાંક્ષા ન કરનાર સાધુ-સાધ્વીઓને સ્થિર રહેવા માટે પૂર્વ અને ઉત્તર દિશા કલ્પે છે. ॥૨૦॥

देवाश्रयाद्विविधमाह—

**कल्पोपपन्नाः कल्पातीता देवा ज्योतिष्काः स्थिर्तिमन्तोऽनुपरतगतयश्च तत्रान्यत्र वेदनामनुभवन्ति ॥२१॥**

**कल्पोपपन्ना इति,** ये देवा वैमानिका अनशनादेवरुत्पन्ना ऊर्ध्वोपपन्नकास्ते सौधर्मादिदेवलोकोत्पन्ना ग्रैवेयकानुत्तरविमानोत्पन्नाश्च, समस्तज्योतिश्चक्रेक्षेत्र उत्पन्ना ज्योतिष्काः पादपोपगमनादेर्लब्धज्योतिष्कभावा समयक्षेत्रबहिर्वर्त्तिनः क्षेत्रवर्त्तिनश्च ते देवा द्विविधाः सदा यज्ज्ञानावरणादिपापकर्म बध्नन्ति तस्य कर्मणोऽबाधाकालातिक्रमे सति केचित्तत्रैव देवभव एव वर्त्तमाना वेदेनामनुभवन्ति कल्पातीतानां क्षेत्रान्तरादिगमनासम्भवात् । केचिच्च देवभवादन्यत्रैव भवान्तर उत्पन्ना वेदनामनुभवन्ति, केचित्तूभयत्रापि, अन्ये विपाकोदयापेक्षया नोभयत्रापीति ॥२१॥

હવે દેવોને આશ્રયીને બે પ્રકાર કહેવાય છે.

(આગળના સૂત્રમાં પાદપોપગમન અનશન કહ્યું. તેનાથી કેટલાક જીવો મરીને દેવપણું પ્રાપ્ત કરે છે માટે હવે દેવોના પ્રકાર કહે છે.)

જે વૈમાનિક દેવો અનશન આદિથી ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થયેલા છે તે દેવો ઊર્ધ્વોપપન્નકા કહેવાય છે.

તે ઊર્ધ્વોપપન્નકા દેવોના બે પ્રકાર છે. (૧) કલ્પોપપન્ન (૨) કલ્પાતીત.

**કલ્પોપપન્ન :-** સૌધર્મ આદિ દેવલોકમાં ઉત્પન્ન થયેલા તે કલ્પોપપન્ન કહેવાય છે.

**કલ્પાતીત :-** ગ્રૈવેયક અને અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થયેલા તે વિમાનોપપન્નક-કલ્પાતીત કહેવાય છે.

પાદપોપગમન અનશન આદિથી સમસ્ત જ્યોતિષચક્રમાં ઉત્પન્ન થયેલા જ્યોતિષ્ક દેવો બે પ્રકારના છે. (૧) સ્થિર, (૨) ચર.

(૧) સ્થિર = સમયક્ષેત્રની બહાર રહેલા જ્યોતિષ્ક દેવો.

(૨) ચર = સમયક્ષેત્રની અંદર રહેલા જ્યોતિષ્ક દેવો.

આ બંને પ્રકારના દેવો હંમેશા જ્ઞાનાવરણ આદિ પાપકર્મ બાંધે છે. તેનો અબાધાકાલ પૂર્ણ થતા કલ્પાતીત દેવોને બીજા ક્ષેત્રમાં જવાનો અસંભવ હોવાથી ત્યાં જ દેવભવમાં જ વેદના અનુભવે છે.

કેટલાક દેવો દેવભવથી બીજા ભવમાં ભવાંતરમાં જ વેદના અનુભવે છે.

કેટલાક દેવો દેવના ભવમાં અને પરભવમાં બંને ભવમાં વેદના અનુભવે છે.

કેટલાક દેવો વિપાકોદયની અપેક્ષાએ આ દેવભવ તથા બીજા ભવમાં પણ વેદના અનુભવતા નથી. ॥૨૧॥

नारकादीनां गत्यागती निरूपयति–

**नारका देवा मनुष्येभ्यस्तिर्यग्भ्यो वा पृथिव्यादयः पृथिवीकायादिभ्यो नोपृथिवीकायादिभ्यो वाऽऽगच्छन्ति गच्छन्ति च तत्रैव ॥२२॥**

**नारका इति,** उदितनरकायुषो नारका मनुष्येभ्यस्तिर्यक्पञ्चेन्द्रियेभ्यो वाऽऽगत्योत्पद्यन्ते नारकत्वं परित्यजन्तश्च तत्रैव गच्छन्ति, असुरकुमारादयो देवास्तेभ्य एवागत्योत्पद्यन्ते परित्यजन्तश्च तिर्यक्षु गच्छन्ति न तु त्रिक्पञ्चेन्द्रियेष्वेपोत्पद्यन्ते, पृथिव्यादिष्वपि तदुत्पत्तेः । नोपृथिवीकायिकादिभ्य इति पृथिवीकायिकनिषेधद्वारेणाप्कायिकादयः सर्वे गृहीता द्विस्थानकानुरोधात् तेभ्यो **नारकवर्जेभ्यः** समुत्पद्यन्ते, गमनमपि देवनारकवर्जाप्कायादितयेति ॥२२॥

હવે નારક આદિની ગતિ અને આગતિ જણાવે છે.

નરકના આયુષ્યના ઉદયવાળા નારકો મનુષ્યમાંથી કે તિર્યંચ પંચેન્દ્રિયમાંથી આવીને ઉત્પન્ન થાય છે; અને નારકપણાને છોડતા ત્યાં જ મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં જ જાય છે.

અસુરકુમાર આદિ દેવો મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયમાંથી જ આવીને ઉત્પન્ન થાય છે અને દેવપણાને છોડતા તિર્યંચમાં જાય છે. પરંતુ તિર્યંચ પંચેન્દ્રિયમાં જ ઉત્પન્ન થાય છે એવું નથી, પૃથ્વી આદિ (પૃથ્વી, અપ્, વનસ્પતિ)માં પણ ઉત્પન્ન થાય છે.

પૃથ્વી આદિ પૃથ્વીકાયાદિમાંથી અને નોપૃથ્વીકાયાદિમાંથી આવે છે અને ત્યાં જ જાય છે.

અહીં 'નોપૃથિવીકાયિકાદિભ્યઃ'માં નો = નિષેધ. પૃથ્વીકાયિકના નિષેધ દ્વારા અપ્કાયાદિ સમજવા. અહીં બે સ્થાન ગ્રહણ કરવાના છે. માટે પૃથ્વીકાય અને નોપૃથ્વીકાય (અપ્કાયાદિ) એમ બે સમજવું.

પૃથ્વી આદિનું ગમન, આગમન દેવ અને નારક વર્જીને પૃથ્વી અને નોપૃથ્વીઆદિમાં છે. ॥૨૨॥

तेषामेव भव्यत्वादीनाह—

**भवसिद्ध्यनन्तरप्रथमसमयगतिसमापन्नाहारकोच्छ्वासेन्द्रियपर्याप्तसंक्षिप्तभवसुलभबोधिकृष्णपाक्षिकचरमाः सविपक्षा नारकादयो द्विद्विभेदाः ॥२३॥**

**भवसिद्धिति,** नारका भवसिद्धिकाभवसिद्धिकाभ्यामनन्तरोपपन्नपरम्परोपपन्नभेदाभ्यां प्रथमसमयोपपन्नाप्रथमसमयोपपन्नाभ्यां गतिसमापन्नागतिसमापन्नाभ्यामाहारकाभ्यामुच्छ्वासकानुच्छ्वासकाभ्यां सेन्द्रियाभ्यां पर्याप्तकापर्याप्तकाभ्यां संक्षिप्तभवानन्तसंसारित्वाभ्यां सुलभबोधिदुर्लभबोधिभ्यां कृष्णपाक्षिकशुक्लपाक्षिकाभ्यां चरमाचरमाभ्यां च द्विभेदाः एवं यावद्वैमानिका भाव्यां । चरमत्वं पुनर्नारकभावेनानुत्पदात्, शुक्लपाक्षिकत्वञ्च क्रियावादित्वात्, उक्तञ्च 'किरियावाई भव्वे णो अभव्वे सुक्कपक्खिए णो किण्हपक्खिए' इति ॥२३॥

તે નારકી આદિના ભવ્યત્વાદિ બબ્બે સ્થાનકો કહે છે.

ભવસિદ્ધિક આદિ તેના વિપક્ષ સહિત નારકાદિ બે પ્રકારે છે.

(૧) ભવસિદ્ધિક, અભવસિદ્ધિક (૨) અનંતર ઉપન્નક, પરંપર ઉપન્નક (૩) પ્રથમ સમય ઉપન્નક, અપ્રથમ સમય ઉપન્નક (૪) ગતિ સમાપન્ન, અગતિ સમાપન્ન (૫) આહારક, અનાહારક (૬) ઉચ્છ્વાસક, અનુચ્છ્વાસક (૭) ઇન્દ્રિય સહિત, અનિન્દ્રિય (૮) પર્યાપ્ત, અપર્યાપ્ત (૯) સંક્ષિપ્તભવવાળા, અનંત ભવવાળા-અનંત સંસારિક (૧૦) સુલભબોધિ, દુર્લભબોધિ (૧૧) કૃષ્ણપાક્ષિક, શુક્લપાક્ષિક (૧૨) ચરમ, અચરમ

આ રીતે નારક આદિથી લઈને વૈમાનિક સુધી વિચારવું.

**પ્રશ્ન** :- નારકમાં 'ચરમ' કેવી રીતે ઘટે ?

ઉત્તર :- જેઓને નારકનો છેલ્લો ભવ છે. અર્થાત્ ફરીથી તે નારકાદિમાં ઉત્પન્ન નહીં થાય. કારણ કે મોક્ષે જવાથી તે ચરમ કહેવાય છે.

શુક્લપાક્ષિકત્વ ક્રિયાવાદી હોવાથી કહ્યું છે કે - ક્રિયાવાદી ભવ્ય હોય છે પણ અભવ્ય હોતા નથી. શુક્લપાક્ષિક હોય છે પણ કૃષ્ણપાક્ષિક હોતા નથી. ॥૨૩॥

आत्ममात्रमधिकृत्याह—

**वैक्रियावेक्रियाभ्यामात्मा लोकं देशेन सर्वेण वा शब्दादीन् जानाति ॥२४॥**

**वैक्रियेति,** आत्मा यथावधि कदाचिद्वैक्रियसमुद्घातगतोऽन्यथा वाऽधोलोकमूर्ध्वलोकं तिर्यग्लोकं लोकमात्रं वाऽवधिज्ञानतो जानाति, अवधिदर्शनेन च पश्यति, तथा कृतवैक्रियशरीरेणाकृतवैक्रियशरीरेण विकूर्विताविकुर्वितेन वा । एवं देशेन श्रृणोति, एकश्रोत्रोपघाते

सत्येकेन श्रोत्रेण शृणोति, सर्वेण वाऽनुपहतश्रोत्रेन्द्रियः, यो वा सम्भिन्नश्रोतोऽभिधानलब्धि-युक्तः स सर्वैरिन्द्रियैः शृणोतीति सर्वेणेति व्यपदिश्यते, एवं रूपादीनपि, किन्तु जिह्वादेशस्य प्रसुत्प्यादिनोपघाताद्देशेनास्वादयति । एवं देशतः सर्वतश्चात्मनोऽवभासप्रद्योतनविकुर्वणमैथुन-सेवनभाषणाहारणपरिणमनानुभवनपरित्यजनानि भाव्यानि ॥२४॥

માત્ર આત્માને લઈને જણાવે છે -

જેને જે પ્રકારે (જેવું-જેટલું) અવધિજ્ઞાન છે તેવો અવધિજ્ઞાની આત્મા વૈક્રિય સમુદ્ઘાત કરીને અથવા વૈક્રિય સમુદ્ઘાત કર્યા વિના, વૈક્રિય શરીર બનાવીને કે વૈક્રિય શરીર બનાવ્યા વિના, વિકુર્વણા કરીને કે વિકુર્વણા કર્યા વિના અધોલોક, ઊર્ધ્વલોક અને તીર્છાલોકને-લોકમાત્રને અવધિજ્ઞાનથી જાણે છે અને અવધિદર્શનથી જુવે છે.

એ જ રીતે શબ્દાદિને દેશથી કે સર્વથી સાંભળે છે.

દેશથી - એક કાનને ઉપઘાત થયો હોય તો બીજા ઉપઘાત વિનાના કાનથી સાંભળે તે દેશથી.

સર્વથી - બંને કાનથી શબ્દ સાંભળે તો તે સર્વથી શબ્દને સાંભળે છે. અથવા સંભિન્નશ્રોત નામની લબ્ધિવાળા સર્વ ઈન્દ્રિયો વડે સાંભળે તો તે સર્વથી કહેવાય છે.

આ રીતે રૂપાદિમાં પણ સમજવું. દેશથી કે સર્વથી રૂપને જુવે છે. દેશથી કે સર્વથી ગંધ સૂંઘે છે. દેશથી કે સર્વથી રસનો આસ્વાદ કરે છે. પરંતુ જીભમાં પ્રસુપ્તિ આદિ દોષથી હરકત થઈ હોય એટલે કે જીભ જડ થઈ જવાથી જ્ઞાનતંતુ ક્રિયા રહિત થયા હોય તો દેશથી સ્વાદ લે છે તેમ સમજવું. સ્પર્શનો પણ દેશ અને સર્વથી અનુભવ કરે છે.

| | વિષય | ઈન્દ્રિય | દેશ | સર્વ |
|---|---|---|---|---|
| ૧ | સ્પર્શ | સ્પર્શેન્દ્રિયથી | એક ભાગથી સ્પર્શ કરવો. | સંપૂર્ણ શરીરથી સ્પર્શ કરવો. |
| ૨ | રસ | રસનેન્દ્રિયથી | જીભના એક ભાગથી સ્વાદ લેવો. | આખી જીભથી સ્વાદ લેવો. |
| ૩ | ગંધ | ઘ્રાણેન્દ્રિયથી | એક નસકોરાથી ગંધ લેવી. | બંને નસકોરાથી ગંધ લેવી. |
| ૪ | રૂપ | ચક્ષુરિન્દ્રિયથી | એક આંખથી જોવું. | બંને આંખથી જોવું. |
| ૫ | શબ્દ | શ્રોત્રેન્દ્રિયથી | એક કાનથી સાંભળવું. | બંને કાનથી સાંભળવું. |

| | વિષય | દેશથી | અથવા | સર્વથી |
|---|---|---|---|---|
| ૧ | સ્પર્શ | સ્પર્શેન્દ્રિયથી | | સંભિન્નશ્રોત લબ્ધિ દ્વારા સર્વ ઈન્દ્રિયોથી સાંભળવું. |
| ૨ | રસ | રસનેન્દ્રિયથી | | સંભિન્નશ્રોત લબ્ધિ દ્વારા સર્વ ઈન્દ્રિયોથી આસ્વાદ લેવો. |
| ૩ | ગંધ | નાસિકાથી | | સંભિન્નશ્રોત લબ્ધિ દ્વારા સર્વ ઈન્દ્રિયોથી ગંધ લેવી. |
| ૪ | રૂપ | ચક્ષુથી | | સંભિન્નશ્રોત લબ્ધિ દ્વારા સર્વ ઈન્દ્રિયોથી રૂપ જોવું. |
| ૫ | શબ્દ | કાનથી | | સંભિન્નશ્રોત લબ્ધિ દ્વારા સર્વ ઈન્દ્રિયોથી શબ્દ ગ્રહણ કરવા. |

આ જ રીતે દેશથી અને સર્વથી આત્માનું અવભાસન-પ્રકાશવું, પ્રદ્યોતન-વિશેષ પ્રકાશવું, વિકુર્વણ-વિકુર્વણા કરવી, પરિચાર-મૈથુન સેવન, ભાષણ-બોલવું, આહારણ-આહાર કરવો, પરિણમન-પરિણમવું, અનુભવવું-વેદન, પરિત્યજન-છોડવું (નિર્જરા) પણ વિચારવું.

(૧) **અવભાસન** = આગિયાની જેમ અંશથી અને દિપકની જેમ સર્વથી પ્રકાશે છે. અથવા અવભાસ = જાણવું. જીવ અવધિજ્ઞાન દ્વારા દેશથી અને કેવળજ્ઞાન દ્વારા સર્વથી સંપૂર્ણપણે જાણે છે.

(૨) **પ્રદ્યોતન** = ઉપર મુજબ જ દેશથી અને સર્વથી વિશેષ પ્રકાશે છે.

(૩) **વિકુર્વણા** = હાથ આદિની વિકુર્વણા કરે તો દેશથી અને આખા શરીરની વિકુર્વણા કરે તો સર્વથી વિકુર્વણા કહેવાય છે.

(૪) **પરિચાર** = મૈથુન સેવન. કોઈપણ એક યોગથી મૈથુન સેવન કરે તો દેશથી અને ત્રણે યોગો દ્વારા મૈથુન સેવન કરે તો સર્વથી કહેવાય છે.

(૫) **ભાષણ** = જીભ, તાલુ આદિ એક સ્થાનથી ભાષા બોલવી તે દેશથી અને જીભ, તાલુ, આદિ સર્વ સ્થાનથી બોલે તો તે સર્વથી કહેવાય.

(૬) **આહાર** = મુખ દ્વારા આહાર ગ્રહણ કરે તે દેશથી અને સર્વાંગથી ગ્રહણ કરે તો સર્વથી કહેવાય.

(૭) **પરિણમન** = ગ્રહણ કરેલા આહારને ખલ, રસ, લોહી આદિ રૂપે પરિણમાવવું. જઠર, આંતરડા આદિ પાચન ક્રિયાના અંગોમાં રોગ થાય અને કોઈ અંગ કામ ન કરે તો એક દેશથી ગૃહિત આહાર રસાદિરૂપે પરિણમે, રોગાદિ ન હોય તો સર્વથી પરિણમે.

(૮) **અનુભવન** = અનુભવ કરવો. પરિણમિત આહારના પુદ્ગલોને હાથ વગેરે અવયવ વિશેષ દ્વારા અનુભવે તે દેશથી અને સર્વ અવયવ દ્વારા અનુભવે તો સર્વથી અનુભવન કહેવાય છે.

(૯) **પરિત્યજન** = ત્યાગ કરવો, છોડવું. આહારિત, પરિણમિત, વેદિત આહાર પુદ્ગલોને અપાન આદિ માર્ગથી છોડે તો દેશથી અને પરસેવાદિરૂપે સર્વ શરીરથી છોડે તો સર્વથી કહેવાય છે. ॥૨૪॥

अथ जीवोपग्राहकपुद्गलधर्मानाह—

**पुद्गलानां शब्दादिसंघातविघटनपतनपरिशटनविध्वंसनादीनि स्वतः परतो वा ॥२५॥**

**पुद्गलानामिति,** अभ्रादिष्विव स्वयमेव पुद्गलाः शब्दादितया संहन्यन्ते तत्राक्षरसम्बद्ध-नोअक्षरसम्बद्धभाषाशब्दः, आतोद्याद्याभूषणादि नोभाषाशब्दश्च । परप्रयत्नेनापि पुद्गलाः संहताः

क्रियन्ते, एवं भिद्यन्ते तथा पर्वतशिखरादेरिव परिपतन्ति कुष्ठादेर्निमित्तादङ्गुल्यादिवत् परिशटन्ति घनपटलवद्विनश्यन्ति च, एवं भिदुरताभिदुरते परमाणुतास्कन्धते सूक्ष्मताबादरते बद्धपार्श्वस्पृष्टतानोबद्धपार्श्वस्पृष्टते जीवात्ततानात्तते इष्टतानिष्टते कान्तताकान्तते प्रियताप्रियते मनोज्ञतामनोज्ञते मनोहरतामनोहरते भावनीये ॥२५॥

હવે જીવને ઉપકારક પુદ્ગલના ધર્મો કહે છે.

જેમ વાદળા વિગેરેમાં પુદ્ગલો સ્વયમેવ-સ્વભાવથી જ સંબંધવાળા થાય છે તેવી રીતે સ્વતઃ-સ્વયમેવ પુદ્ગલો શબ્દાદિપણે સંબંધવાળા થાય છે, તથા પરતઃ પુરૂષ આદિ બીજાના પ્રયત્નથી પુદ્ગલો સંબંધવાળા કરાય છે.

તેવી રીતે (૨) પુદ્ગલો ભેદાય છે - જુદા પડે છે.

(૩) પર્વતના શિખર આદિથી જેમ પડે છે તેમ પુદ્ગલો પડે છે.

(૪) કોઢ વિગેરેના નિમિત્તથી જેમ આંગળી આદિ સડે છે તેમ પુદ્ગલો સડે છે,

(૫) તથા વાદળાના સમૂહની જેમ પુદ્ગલો નાશ પામે છે.

શબ્દના બે પ્રકાર છે. (૧) ભાષા શબ્દ, (૨) નોભાષા શબ્દ.

**(૧) ભાષા શબ્દ :-** જીવ ભાષા યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી ભાષારૂપે પરિણમાવી વચનયોગથી જે શબ્દ પ્રગટ કરે તે ભાષા શબ્દ.

**(૨) નોભાષા શબ્દ :-** વચનયોગના વ્યાપાર વિનાનો શબ્દ તે નોભાષા શબ્દ.

ભાષા શબ્દના બે પ્રકાર છે. (૧) અક્ષર સંબદ્ધ, (૨) નોઅક્ષર સંબદ્ધ.

**(૧) અક્ષર સંબદ્ધ :-** અક્ષરના ઉચ્ચારવાળા, વર્ણાત્મક, કકાર આદિ વર્ણો દ્વારા પ્રગટ થતો શબ્દ.

**(૨) નોઅક્ષર સંબદ્ધ :-** અક્ષરના સંબંધ વગરનો, અક્ષરના ઉચ્ચાર વિનાનો, બેઈન્દ્રિય આદિ જીવોના ધ્વનિરૂપ ચોક્કસ વર્ણ વિનાના તે નોઅક્ષર સંબદ્ધ.

નોભાષા શબ્દના બે પ્રકાર છે. (૧) આતોદ્ય, (૨) આભૂષણ.

**(૧) આતોદ્ય :-** ઢોલ આદિ વાજિંત્રનો શબ્દ.

**(૨) આભૂષણ :-** ઝાંઝર આદિ આભૂષણનો શબ્દ-અવાજ.

આ જ પ્રમાણે પુદ્ગલો બે પ્રકારે છે. (૧) ભિદુર, (૨) અભિદુર.

**(૧) ભિદુર :-** સ્વભાવથી ક્ષણે ક્ષણે નષ્ટ થવાના સ્વભાવવાળા.

**(૨) અભિદુર :-** સ્વભાવથી નષ્ટ ન થનાર. ન ભેદાય એવા સ્વભાવવાળા. વજ્ર વિગેરે.

વળી પુદ્ગલ બે પ્રકારે છે. (૧) પરમાણુ, (૨) સ્કન્ધ.

(૧) **પરમાણુ :-** સ્કંધથી છૂટો પડેલો પુદ્ગલ દ્રવ્યનો નિર્વિભાગ અંશ તે પરમાણુ પુદ્ગલ છે.

(૨) **સ્કન્ધ :-** ભેગા મળેલા પરમાણુઓનો સમુદાય તે સ્કન્ધ પુદ્ગલ છે.

વળી પુદ્ગલો બે પ્રકારે છે. (૧) સૂક્ષ્મ, (૨) બાદર.

(૧) **સૂક્ષ્મ :-** સૂક્ષ્મ પરિણામથી પરિણત ચાર સ્પર્શવાળા પુદ્ગલો તે સૂક્ષ્મ પુદ્ગલ કહેવાય છે.

(૨) **બાદર :-** બાદર પરિણામથી પરિણત આઠ સ્પર્શી પુદ્ગલો તે બાદર પુદ્ગલ કહેવાય છે.

વળી પુદ્ગલ બે પ્રકારે છે. (૧) બદ્ધપાર્શ્વસ્પૃષ્ટ, (૨) નોબદ્ધપાર્શ્વસ્પૃષ્ટ.

(૧) **બદ્ધપાર્શ્વસ્પૃષ્ટ :-** શરીરની ચામડીની રજની જેમ સ્પર્શાયેલા તે પાર્શ્વસ્પૃષ્ટ. બદ્ધ એટલે શરીરમાં પાણીની જેમ અતિ મળેલા-સ્પર્શાયેલ અને સંબદ્ધ. સારી રીતે મજબૂત બંધાયેલા તે બદ્ધપાર્શ્વસ્પૃષ્ટ પુદ્ગલ કહેવાય છે.

(૨) **નોબદ્ધપાર્શ્વસ્પૃષ્ટ :-** માત્ર સ્પર્શ કરાયેલા તે નોબદ્ધપાર્શ્વસ્પૃષ્ટ પુદ્ગલ કહેવાય છે.

વળી પુદ્ગલ બે પ્રકારે છે. (૧) જીવાત્ત, (૨) જીવાનાત્ત.

(૧) **જીવાત્ત :-** જીવો દ્વારા પરિણત પુદ્ગલ તે જીવાત્ત પુદ્ગલ કહેવાય છે.

(૨) **જીવાનાત્ત :-** જીવો દ્વારા અપરિણત પુદ્ગલ તે જીવાનાત્ત પુદ્ગલ કહેવાય છે.

**ઈષ્ટ :-** વ્હાલા, પ્રયોજન અથવા મનોરથને પૂર્ણ કરી શકે તેવા અભિલષિત પુદ્ગલોને ઈષ્ટ પુદ્ગલ કહેવાય છે.

**અનિષ્ટ :-** કોઈ પણ કાર્ય માટે ઈષ્ટ ન હોય તેવા પુદ્ગલો અનિષ્ટ પુદ્ગલ કહેવાય છે.

વળી પુદ્ગલો બે પ્રકારે છે. (૧) કાન્ત, (૨) અકાન્ત.

(૧) **કાન્ત :-** હંમેશા સુંદરભાવ વડે કાંતિવાળા, વિશિષ્ટ વર્ણાદિથી સુંદર પુદ્ગલોને કાન્ત પુદ્ગલો કહેવાય છે.

(૨) **અકાન્ત :-** અસુંદર પુદ્ગલો.

વળી પુદ્ગલો બે પ્રકારે છે. (૧) પ્રિય, (૨) અપ્રિય.

(૧) **પ્રિય :-** પ્રીતિકર. ઈન્દ્રિયોને આહ્લાદિત કરનાર, સર્વને દ્વેષ કરવા યોગ્ય નહીં તેવા પુદ્ગલો તે પ્રિય પુદ્ગલો છે.

(૨) **અપ્રિય :-** અપ્રીતિકર. ઈન્દ્રિયોને આનંદ ન આપે તેવા પુદ્ગલો.

વળી પુદ્ગલ બે પ્રકારે છે. (૧) મનોજ્ઞ, (૨) અમનોજ્ઞ.

(૧) **મનોજ્ઞ :-** મનને હિતકારી કથન વડે પણ મનને રમાડનાર.

'મન વડે આ સારા જણાય છે' એવા વિકલ્પને ઉત્પન્ન કરનાર પુદ્ગલો તે મનોજ્ઞ પુદ્ગલો છે.

**(૨) અમનોજ્ઞ** :- મનને ન ગમે તેવા પુદ્ગલો તે અમનોજ્ઞ પુદ્ગલ છે.

વળી બેપ્રકારે પુદ્ગલ છે. (૧) મનોહર, (૨) અમનોહર.

**(૧) મનોહર** :- વિચાર વડે પણ મનને વહાલા.

**(૨) અમનોહર** :- મનને વ્હાલા નહીં તે અમનોહર પુદ્ગલ. ॥૨૫॥

पुनर्जीवधर्मानाह—

**तपोवीर्यात्मकनोचारित्रचारित्रघटितनोदर्शनदर्शनाचारलक्षणो नो ज्ञानाचारो ज्ञानाचारश्चेति द्विविध आचारः ॥२६॥**

**तप इति,** ज्ञानाचारनोज्ञानाचारभेदाभ्यामाचारो द्विविधः, तत्र ज्ञानाचारः श्रुतज्ञानविषयोऽष्टविधः कालविनयबहुमानोपधानानिह्नवनव्यञ्जनार्थतदुभयभेदात् । नोज्ञानाचार एतद्विलक्षणो दर्शनाद्याचारः, दर्शनं सम्यक्त्वं तदाचारो निःशङ्कितनिष्कांक्षितनिर्विचिकित्सितामूढदृष्ट्युपबृंहणस्थिरीकरणवात्सल्यप्रभावनारूपेणाष्टविधः । नोदर्शनाचारश्चारित्रादिरिति पञ्चसु समितिषु तिसृषु गुप्तिषु प्रणिधानयोगयुक्तत्वादष्टधा । नोचारित्राचारो द्वादशधा तपआचारः, वीर्याचारश्च ज्ञानादिष्वेव शक्तेरगोपनम्, तदनतिक्रमश्च, वीर्याचारस्यैव विशेषः प्रतिमा समाधिप्रतिमोपधानप्रतिमा लक्षणा, प्रशस्त भावलक्षणस्य समाधेः प्रतिमा दशाश्रुतस्कन्धोक्ता श्रुतसमाधिप्रतिमा सामायिकादिचारित्रसमाधिप्रतिमा च । द्वादशभिक्षुप्रतिमा एकादशोपासकप्रतिमाश्चोपधानप्रतिमेति ॥ २६ ॥

હવે જીવના ધર્મો કહે છે.

જ્ઞાનાચાર અને નોજ્ઞાનાચાર એમ બે પ્રકારે આચાર છે. નોજ્ઞાનાચાર દર્શનાચાર અને નોદર્શનાચાર એમ બે પ્રકારે છે. નોદર્શનાચાર ચારિત્રથી ઘટિત હોવાથી ચારિત્રાચાર અને નોચારિત્રાચાર એમ બે પ્રકારે છે.

નોચારિત્રાચાર તપ અને વીર્યરૂપ છે.

આચાર બે પ્રકારે છે. (૧) જ્ઞાનાચાર, (૨) નોજ્ઞાનાચાર.

**(૧) જ્ઞાનાચાર** :- શ્રુતજ્ઞાન વિષયક આઠ પ્રકારનો છે.

**(૧) કાલ** :- શ્રુતજ્ઞાનના કાલમાં ભણવું તે કાલ આચાર છે.

**(૨) વિનય** :- વિનયપૂર્વક ભણવું તે વિનય આચાર છે.

(૩) **બહુમાન :-** અંતરંગ પ્રીતિપૂર્વક ભણવું તે બહુમાન આચાર છે.

(૪) **ઉપધાન :-** જે તપ વડે સૂત્રાદિક ઉપ = નજીક અને ધીયતે = કરાય છે તે ઉપધાન આચાર.

(૫) **અનિહ્નવ :-** સૂત્રાદિનું ઉત્થાપન કરવું નહી. જેણે ભણાવ્યા છે તેને છુપાવવા નહીં તે અનિહ્નવ આચાર છે.

(૬) **વ્યંજન :-** સૂત્ર પાઠ જેવો છે તેવો બોલવો તે વ્યંજન આચાર છે.

(૭) **અર્થ :-** સૂત્રનો યથાર્થ અર્થ કરવો તે અર્થ આચાર.

(૮) **ઉભય :-** સૂત્ર, અર્થ બંને. સૂત્ર તેમજ અર્થ બંનેનું યથાર્થ કથન કરવું તે ઉભય આચાર છે.

આ રીતે જ્ઞાનના આઠ આચાર છે.

(૨) **નોજ્ઞાનાચાર :-** જ્ઞાનથી વિલક્ષણ (જુદો) દર્શનાદિ આચાર તે નોજ્ઞાનાચાર છે.

(૨) **દર્શનાચાર :-** દર્શન એટલે સમ્યક્ત્વ. તેનો આચાર આઠ પ્રકારે છે.

(૧) **નિઃશંકિત :-** નિર્ગ્રન્થ પ્રવચનમાં શંકાનો અભાવ તે નિઃશંકિત.

(૨) **નિષ્કાંક્ષિત :-** અન્યદર્શનને ગ્રહણ કરવાની ઈચ્છાનો અભાવ તે નિષ્કાંક્ષિત.

(૩) **નિર્વિચિકિત્સા :-** ધર્મના ફલમાં સંદેહ ન થવો તે નિર્વિચિકિત્સા.

(૪) **અમૂઢદૃષ્ટિ :-** તત્ત્વોના અર્થમાં મૂઢદૃષ્ટિ ન થવી તે અમૂઢદૃષ્ટિ.

(૫) **ઉપબૃંહણા :-** ગુણવાનની પ્રશંસાપૂર્વક ગુણની વૃદ્ધિ કરવી તે ઉપબૃંહણા.

(૬) **સ્થિરીકરણ :-** ધર્મથી ચલિત થનારને ધર્મમાં સ્થિર કરવો તે સ્થિરીકરણ છે.

(૭) **વાત્સલ્ય :-** સાધર્મિકોની સેવા-ભક્તિ કરવી તે વાત્સલ્ય.

(૮) **પ્રભાવના :-** જિનશાસનની પ્રભાવના ઉદ્યોત કરવો તે પ્રભાવના છે.

**નોદર્શનાચાર :-** ચારિત્ર આદિ તે ચારિત્રાચાર પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ આઠ પ્રકારે છે.

**ચારિત્રાચાર :-** પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ વડે પ્રણિધાન યોગથી યુક્ત આઠ આચાર ચારિત્રના છે.

**નોચારિત્રાચાર :-** તપાચાર વગેરે. તેમાં તપાચાર બાર પ્રકારનો છે. કુશલ પુરૂષોએ જોયેલ (કહેલ) અભ્યંતર સહિત બાહ્ય પ્રકારના તપમાં પણ ગ્લાનિ રહિત. આજીવિકાની ઈચ્છા = આશંસા રહિત જે તપ કરે છે તે તપાચાર છે.

**વીર્યાચાર :-** જ્ઞાનાદિને વિષે શક્તિનું ગોપન કરવું નહી અર્થાત્ શક્તિને છુપાવવી નહીં તેમ જ શક્તિનું ઉલ્લંઘન પણ કરવું નહીં તે વીર્યાચાર છે. અર્થાત્ વીર્યવિશિષ્ટ અને ઉપયોગવાળો, સાવધાન એવો જ્ઞાનાદિમાં પરાક્રમ કરે અને યથાશક્તિ જોડાય તે વીર્યાચાર છે.

વીર્યાચારનું જ વિશેષ કથન કરતા કહે છે કે -

પ્રતિમા બે પ્રકારે છે. (૧) સમાધિ પ્રતિમા, (૨) ઉપધાન પ્રતિમા.

પ્રતિમા = પ્રતિજ્ઞા સુધી સ્વીકાર કરવો અર્થાત્ પ્રતિજ્ઞા વિશેષ, અભિગ્રહ વિશેષ તે પ્રતિમા છે.

**(૧) સમાધિ પ્રતિમા** = સમાધિ એટલે પ્રશસ્ત ભાવરૂપી શાંતિ તે સમાધિ.

તેની પ્રતિમા તે સમાધિ પ્રતિમા કહેવાય છે.

આ પ્રતિમા દશાશ્રુતસ્કંધમાં બે પ્રકારે કહી છે. (૧) શ્રુત સમાધિ પ્રતિમા, (૨) સામાયિકાદિ ચારિત્ર સમાધિ પ્રતિમા.

**ઉપધાન પ્રતિમા :-** ઉપધાન એટલે તપ, તેની જે પ્રતિમા તેને ઉપધાન પ્રતિમા કહેવાય છે. તે ભિક્ષુની બાર પ્રતિમા અને શ્રાવકની અગિયાર પ્રતિમારૂપ છે. ॥૨૬॥

क्षेत्रमाश्रित्य द्वैविध्यमाह—

**जम्बूद्वीपे मन्दरस्य दक्षिणेनोत्तरेण भरतैरवते वर्षे हैमवतैरण्यवते हरिवर्ष-रम्यकवर्षे पूर्वपश्चिमयोः पूर्वापरविदेहौ दक्षिणोत्तरेण देवकुरूत्तरकुरू बहुसमतुल्या-वितरेतरं न लङ्घ्यतः ॥२७॥**

**जम्बूद्वीप इति,** परिपूर्णचन्द्रमण्डलाकारं हि जम्बूद्वीपं तन्मध्ये मेरोर्दक्षिणस्यामुत्तरस्याञ्च द्वे वर्षे स्तः, ते च प्रमाणतोऽत्यन्तसदृशे नगनगरनद्यादिकृतविशेषरहिते अवसर्पिण्यादिकृता-युरादिभावभेदवर्जिते दैर्घ्येण पृथुत्वेनारोपितज्याधनुराकारेण संस्थानेन परिधिना च परस्परं न लङ्घ्यतः । जम्बूद्वीपस्य दक्षिणे भागे आ हिमवतो भरतं तस्यैव चोत्तरे भाग ऐरवतं शिखरिणः परतः । एवं दक्षिणतो हिमवन्महाहिमवतोर्मध्ये हैमवतमुत्तरतो रुक्मिशिखरिणोरन्तो हिरण्यवतं तथा दक्षिणतो हिमवन्महाहिमवतोर्मध्ये हैमवतमुत्तरो रुक्मिशिखरिणोरन्तो हिरण्यवतं तथा दक्षिणतो महाहिमवन्निषधयोरन्तो हरिवर्षमुत्तरतश्च नीलरुक्मिणोरन्तो रम्यकवर्षमिति । पूर्वस्यां पश्चिमायाञ्चपूर्वविदेहोऽपरविदेहश्च वर्त्तते; मन्दरस्योत्तरस्यामुत्तरकुरवो दक्षिणस्यां देवकुरवः, तत्राद्याः विद्युत्प्रभसौमनसाभिधानवक्षस्कारपर्वताभ्यां गजदन्ताकाराभ्यामावृताः, इतरे तु गन्धमादनमाल्यवद्भ्यामावृताः, उभये चामी अर्धचन्द्राकारा दक्षिणोत्तरतो विस्तृताः । वर्षा इव

वर्षधरपर्वतौ मन्दरस्योत्तरदक्षिणतो भरतानन्तरो लघुहिमवान् तथा शिखरी यत्परमैरवतं वर्षधरपर्वतौ स्तः, तौ च पूर्वापरतो लवणसमुद्रावबद्धौ भरतद्विगुणविस्तारौ योजनशतोच्छ्रायौ पञ्चविंशतियोजनावगाढौ भवतः । एवं दक्षिणतो महाहिमवानुत्तरतो रुक्मी च, एवमेव निषधनीलवन्तौ । आयामादयस्तु क्षेत्रसमासादवसेयाः । मन्दरस्य दक्षिणोत्तरेण हैमवतैरण्यवतवर्षयोर्द्वौ वृत्तौ वैताढ्यनामकौ रजतमयौ सर्वतः सहस्रपरिमाणौ स्तः, हैमवते शब्दापातिनामा ऐरण्यवते च विकटापातीनामा पर्वतः, यत्र च क्रमेण स्वातिप्रभासौ देवौ वसतः, तद्भवनभावादिति । एवं हरिवर्षे गन्धापाती रम्यग्वर्षे माल्यवत्पर्वतः क्रमेण चारुणेन पद्मेनाधिष्ठितो वर्त्तते । देवकुरुषु पूर्वपार्श्वेऽपरपार्श्वे च क्रमेण सौमनसविद्युत्प्रभाव-श्वस्कन्धसदृशावाद्यन्तयोर्निम्नोन्नतावुत्तरकुरुषु गन्धमादनोऽपरपार्श्वे पूर्वपार्श्वे माल्यवानिति, भरतैरवतयोस्तु दीर्घवैताढ्यौ पर्वतौ स्तः तौ च तयोर्मध्यभागे पूर्वापरतो लवणोदधिं स्पृष्टवन्तौ पञ्चविंशतियोजनोच्छ्रितौ तत्पादावगाढौ पञ्चाशद्विस्तृतावायतसंस्थितौ सर्वराजतावुभयतो बहिःकाञ्चनमण्डनाङ्कौ विज्ञेयौ । एषु गुहाकूटादिविचारोऽन्यत्र द्रष्टव्यः ॥२७॥

હવે ક્ષેત્રને આશ્રયીને બે પ્રકાર કહેવાય છે.

પરિપૂર્ણ ચંદ્રમંડલના આકારવાળો જંબૂદ્વીપ છે. તેની મધ્યમાં મેરૂ પર્વત છે. તે મેરૂ પર્વતની દક્ષિણ દિશામાં ભરત અને ઉત્તર દિશામાં ઐરાવત એમ બે વર્ષ (ક્ષેત્ર) છે.

તે બંને ક્ષેત્ર પ્રમાણથી અત્યંત સમાન છે. પરંતુ પર્વત, નગર, નદી આદિના વિશેષથી રહિત છે. અવસર્પિણી આદિથી કરેલ આયુષ્ય આદિ ભાવના ભેદથી રહિત છે અર્થાત્ કાલચક્રના પરિવર્તનની દૃષ્ટિએ કોઈ વિભિન્નતા નથી. લંબાઈ, પહોળાઈ, આકાર (પણછ ચડાવેલા ધનુષ્યના આકાર) અને પરિધિ (ગોળાકાર)થી પરસ્પર એકબીજાને ઓળંગતા નથી. બંને ક્ષેત્ર પરસ્પર સમાન છે.

જંબૂદ્વીપના દક્ષિણ ભાગમાં ભરત ક્ષેત્ર હિમવંત પર્વત સુધી છે. ઉત્તરમાં શિખરી પર્વત સુધી ઐરાવત ક્ષેત્ર છે.

એ જ પ્રમાણે દક્ષિણમાં હિમવાન્ અને મહાહિમવાન્ પર્વતની વચ્ચે હેમવંત ક્ષેત્ર છે. ઉત્તર દિશામાં રૂક્મી અને શિખરી પર્વતની વચ્ચે હિરણ્યવંત ક્ષેત્ર છે.

તથા દક્ષિણમાં મહાહિમવંત અને નિષધ પર્વતની વચ્ચે હરિવર્ષ ક્ષેત્ર છે. ઉત્તરમાં નીલ અને રૂક્મી પર્વતની વચ્ચે રમ્યક્ વર્ષ છે.

મેરૂ પર્વતથી પૂર્વ અને પશ્ચિમ દિશામાં અનુક્રમે પૂર્વવિદેહ અને પશ્ચિમ વિદેહ છે.

મેરૂ પર્વતની ઉત્તર દિશામાં ઉત્તરકુરૂ અને દક્ષિણ દિશામાં દેવકુરૂ ક્ષેત્ર છે.

દેવકુરૂ હાથીના દાંતના આકારવાળા વિદ્યુત્પ્રભ અને સૌમનસ નામના બે વક્ષસ્કાર પર્વત વડે ઘેરાયેલ છે.

બીજું ઉત્તરકુરૂ ક્ષેત્ર ગંધમાદન અને માલ્યવાન પર્વત વડે ઘેરાયેલ છે.

દેવકુરૂ, ઉત્તરકુરૂ આ બંને ક્ષેત્ર અર્ધચન્દ્ર આકારવાળા છે. દક્ષિણ અને ઉત્તર દિશામાં વિસ્તારવાળા છે.

જેવી રીતે વર્ષ-ક્ષેત્રો છે તેવી રીતે વર્ષધર પર્વતો છે. મેરૂ પર્વતની ઉત્તર અને દક્ષિણ દિશામાં બે પર્વત છે.

મેરૂ પર્વતની દક્ષિણમાં ભરત ક્ષેત્ર પછી તરત - અંતર રહિત લઘુ હિમવાન્ પર્વત છે. તથા મેરૂપર્વતની ઉત્તરમાં ઐરાવત ક્ષેત્ર પછી શિખરી પર્વત છે.

બંને પર્વતો પૂર્વ અને પશ્ચિમથી લંબાઈ વડે લવણ સમુદ્ર સુધી જોડાયેલા છે. બંને પર્વતો ભરત ક્ષેત્રથી બમણા (ડબલ) વિસ્તારવાળા છે. એકસો યોજન ઊંચા છે. પચ્ચીશ જોજન જમીનમાં ઊંડા રહેલા છે.

એવી જ રીતે મેરૂ પર્વતની દક્ષિણે મહાહિમવાન્ અને ઉત્તરમાં રૂક્મી પર્વત રહેલા છે.

એ જ પ્રમાણે દક્ષિણમાં નિષધ, ઉત્તરમાં નીલ પર્વત છે. તેઓની લંબાઈ, પહોળાઈ આદિ ક્ષેત્ર સમાસ આદિ ગ્રન્થથી જાણવા.

મેરૂ પર્વતની દક્ષિણમાં હેમવંત અને ઉત્તરમાં હિરણ્યવંત આ બે ક્ષેત્રમાં બે વૃત્ત વૈતાઢ્ય નામના પર્વત છે. બંને પર્વતો રજત-રૂપામય છે. ચારે તરફથી એક હજાર યોજનના પરિમાણવાળા છે. તેમાં દક્ષિણ દિશામાં હેમવંત ક્ષેત્રમાં શબ્દાપાતી અને મેરૂની ઉત્તર દિશામાં હિરણ્યવંત ક્ષેત્રમાં વિકટાપાતી નામના પર્વત છે. તે બે વૃત્ત વૈતાઢ્યમાં ક્રમથી સ્વાતિ દક્ષિણમાં અને ઉત્તરમાં પ્રભાસ નામના બે દેવ રહે છે. કારણ કે ત્યાં તેમના ભવન છે.

એ જ પ્રમાણે હરિવર્ષ ક્ષેત્રમાં ગન્ધાપાતી અને રમ્યક્ વર્ષમાં માલ્યવંત પર્વત છે. ક્રમથી ગન્ધાપાતી પર્વત અરૂણદેવ અને માલ્યવંત પર્વત પદ્મદેવથી અધિષ્ઠિત છે.

દેવકુરૂના પૂર્વ પડખે સૌમનસ અને પશ્ચિમ પડખે વિદ્યુત્પ્રભ પર્વત છે. તે બંને અશ્વના સ્કંધ સમાન શરૂઆતમાં નમેલ અને છેડે ઊંચા છે.

ઉત્તરકુરૂમાં પશ્ચિમ બાજુ ગન્ધમાદન અને પૂર્વ બાજુ માલ્યવાન પર્વત છે.

ભરત અને ઐરાવત ક્ષેત્રમાં બે દીર્ઘ વૈતાઢ્ય પર્વત છે. તે બે પર્વત ભરત, ઐરાવતના મધ્ય ભાગમાં પૂર્વ અને પશ્ચિમથી લવણ સમુદ્રને સ્પર્શ કરીને રહેલ છે.

તે બંને પચ્ચીસ યોજન ઊંચા, પચ્ચીસ ગાઉ ઊંડા, પચાસ યોજન પહોળા આયત સંઠાણવાળા છે. સર્વ રૂપામય છે અને બંને પડખેથી બહાર કાંચન મંડનથી અંકિત છે.

આ બધામાં ગુફા, કૂટ આદિનો વિચાર બીજે જોઈ લેવો જોઈએ. ॥૨૭॥

जम्बुद्वीपसम्बन्धिभरतादिसत्ककाललक्षणपर्यायानाह—

**भरतैरवतयोः सुषमदुःषमायाः स्थितिर्द्विसागरकोटीकोटिमाना, सुषमायां मनुष्याणां द्विगव्यूतिरुच्चता, द्वे पल्योपमे परमायुः, द्वावर्हच्चक्रवर्त्तिबलदेववंशौ, द्वावेकसमयेऽर्हन्तौ चक्रवर्तिनौ बलदेवौ वासुदेवौ च ॥२८॥**

**भरतेति,** जम्बूद्वीपे भरतैरवतवर्षेष्वतीतायामागामिन्याञ्चोत्सर्पिण्यां सुषमदुःषमालक्षणस्य चतुर्थकालस्य स्थितिर्द्विसागरकोटीकोटिरूपा, एवं वर्त्तमानाया अवसर्पिण्यास्तृतीयारकस्य सुषमदुःषमालक्षणकालस्यापि । तथा भरतैरवतयोरतीतायामागामिन्यां वर्त्तमानायाञ्चोत्सर्पिण्यां सुषमायां मनुष्याणामुच्चता गव्यूतिद्वयप्रमाणा, आयुश्च द्विपल्योपमप्रमाणम्, एवं भरतेष्वैरवतेषु एकस्मिन् समये द्वौ द्वार्हतां चक्रवर्त्तिनां वासुदेवानाञ्च वंशो, एकमेकसमये भरत एकोऽर्हन् चक्रवर्त्ती बलदेवो वासुदेवश्च, ऐरवतेऽप्येवमिति द्वौ द्वार्हन्तौ चक्रवर्त्तिनौ बलदेवौ वासुदेवौ च भवत इति ॥२८॥

જંબૂદ્વીપમાં ભરતાદિ સંબંધી કાલ, તેનું લક્ષણ અને પર્યાયો કહે છે.

જંબૂદ્વીપમાં ભરત અને ઐરાવત ક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણીમાં અને આગામી ઉત્સર્પિણીમાં સુષમ દુઃષમા નામના ચોથા આરાની સ્થિતિ બે કોડાકોડી સાગરોપમ છે.

એ જ પ્રમાણે વર્તમાન અવસર્પિણીના સુષમ દુષમા નામના ત્રીજા આરાની સ્થિતિ બે કોડાકોડી સાગરોપમ છે.

એવી જ રીતે ભરત અને ઐરાવત ક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણીના પાંચમા સુષમા નામના આરામાં, અનાગત ઉત્સર્પિણીના પાંચમા સુષમા નામના આરામાં, વર્તમાન અવસર્પિણીના બીજા સુષમા નામના આરામાં મનુષ્યો બે ગાઉની ઊંચાઈવાળા અને બે પલ્યોપમના આયુષ્યવાળા હોય છે.

આ જ પ્રમાણે ભરત અને ઐરાવત ક્ષેત્રમાં એક યુગમાં એક સમયે બે અરિહંત, બે ચક્રવર્તી, બે બલદેવ અને બે વાસુદેવના વંશ થયા છે, થાય છે અને થશે.

અથવા બીજી રીતે આ જ પ્રમાણે એક સમયે ભરત ક્ષેત્રમાં એક અરિહંત, એક ચક્રવર્તી, એક બલદેવ, એક વાસુદેવ અને ઐરાવતમાં પણ એ જ પ્રમાણે એક એક હોય છે. આ રીતે બે અરિહંત, બે ચક્રવર્તી, બે બલદેવ, બે વાસુદેવ થાય છે.

આ રીતે ભરતમાં બબ્બે અને ઐરાવતમાં બબ્બે અથવા ભરતમાં એક અને ઐરાવતમાં એક એમ બે સમજવા. ॥૨૮॥

पुनर्विशेषमाह—

**कुरुद्वये सदा मनुजाः सुषमसुषमोत्तमर्द्धि हरिवर्षरम्यकवर्षयोः सुषमोत्तमर्द्धि हैमवतेरण्यवतयोः सुषमदुःषमोत्तमर्द्धि पूर्वापरविदेहयोर्दुःषमसुषमोत्तमर्द्धि भरतैरवतयोस्तु षड्विधकालर्द्धिञ्चानुभवन्ति ॥२९॥**

**कुरुद्वय इति,** देवकुरुषूत्तरकुरुषु च सुषमसुषमासम्बन्धिनीं प्रधानविभूतिमुच्चैस्त्वायुःकल्पवृक्षदत्तभोगोपभोगादिकां प्राप्तास्तामेवानुभवन्तो विहरन्ति, एवमेवाग्रेऽपि योजनीयम्, स्पष्टं मूलम् ॥२९॥

વળી વિશેષથી કહે છે.

દેવકુરૂ અને ઉત્તરકુરૂ આ બંને ક્ષેત્રમાં હંમેશા મનુષ્યો સુષમ સુષમાની જેમ (સુષમ સુષમાના સંબંધવાળી) ઉત્તમઋદ્ધિને અર્થાત્ પ્રધાન ઐશ્વર્ય-ઉચ્ચ આયુષ્ય, કલ્પવૃક્ષે આપેલા ભોગ અને ઉપભોગને પ્રાપ્ત થયેલા તેને જ અનુભવે છે, પામે છે અને વેદે છે.

હરિવર્ષ અને રમ્યક્ ક્ષેત્રમાં સુષમા આરાની ઉત્તમ ઋદ્ધિને પામે છે. ભોગવતા વિચરે છે.

હિમવંત અને હિરણ્યવંત ક્ષેત્રના મનુષ્યો સદા સુષમ-દુઃષમા (ત્રીજા આરા)ની ઉત્તમ ઋદ્ધિને પામીને ભોગવતા થકા વિચરે છે.

પૂર્વ અને અપર વિદેહના મનુષ્યો હંમેશા દુઃષમ સુષમ (ચોથા આરા)ની ઉત્તમ ઋદ્ધિને પામે છે અને ભોગવતા વિચરે છે.

ભરત અને ઐરાવત ક્ષેત્રમાં મનુષ્યો સદા છ પ્રકારના કાળ સંબંધી આયુષ્યાદિ ઋદ્ધિ મેળવે છે અને અનુભવે છે. ॥૨૯॥

कालव्यञ्जकज्यौतिष्कद्वित्वमाह—

**चन्द्रसूर्यनक्षत्राणां द्वित्वम् ॥३०॥**

**चन्द्रेति,** जम्बुद्वीपे सदा द्वौ चन्द्रौ प्रभासयतः, द्वौ सूर्यौ तापयतः । तथा द्वे कृत्तिके रोहिण्यौ मृगशिरे आर्द्रे पुनर्वसू इत्येवं द्वे द्वे नक्षत्रे भाव्ये, एवमेव वेदिकादीना गव्युतद्वयमुच्चत्वादिकमन्यतो विज्ञेयम् ॥३०॥

કાલને પ્રગટ કરનાર જ્યોતિષ્કના બે સ્થાનક કહે છે.

જંબુદ્વીપમાં હંમેશા બે ચન્દ્ર પ્રકાશ કરતા હતા. પ્રકાશ કરે છે અને પ્રકાશ કરશે.

જંબદ્વીપમાં હંમેશા બે સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે.

તેવી જ રીતે બે કૃત્તિકા, બે રોહિણી, બે મૃગશિર, બે આર્દ્રા, બે પુનર્વસૂ, આ જ રીતે બધા નક્ષત્રો બબ્બે છે.

૧) કૃત્તિકા, ૨) રોહિણી, ૩) મૃગશિર, ૪) આર્દ્રા, ૫) પુનર્વસૂ, ૬) પુષ્ય, ૭) આશ્લેષા, ૮) મઘા, ૯) પૂર્વાફાલ્ગુની, ૧૦) ઉત્તરાફાલ્ગુની, ૧૧) હસ્ત, ૧૨) ચિત્રા, ૧૩) સ્વાતિ, ૧૪) વિશાખા, ૧૫) અનુરાધા, ૧૬) જયેષ્ઠા, ૧૭) મૂલ, ૧૮) પૂર્વાષાઢા, ૧૯) ઉત્તરાષાઢા, ૨૦) અભિજીત, ૨૧) શ્રવણ, ૨૨) ધનિષ્ઠા, ૨૩) શતભિષા, ૨૪) પૂર્વાભાદ્રપદ, ૨૫) ઉત્તરાભાદ્રપદ, ૨૬) રેવતી, ૨૭) અશ્વિની, ૨૮) ભરણી.

આ પ્રમાણે જંબુદ્વીપની વેદિકા આદિની બે ગાઉની ઉંચાઇ આદિ બીજેથી જાણવા જોઇએ. ॥૩૦॥

तदेवं स्तोकेन पुद्गलजीवधर्मानभिधाय सर्वं जीवाजीवात्मकमित्येतत्सूचनायाह—

**समयावलिके आनपानस्तोकौ क्षणलवौ मुहूर्त्ताहोरात्रे पक्षमासौ ऋत्वयने संवत्सरयुगे जीवाजीवरूपे तत्पर्यायत्वात् ॥ ३१॥**

**समयेति**, सर्वेषां कालप्रमाणानामाद्यः परमसूक्ष्मोऽभेद्यो निरवयव उत्पलशतव्यतिभेदाद्युदाहरणोपलक्षितः समयः, असंख्यातसमयसमुदायात्मिकाऽऽवलिका क्षुल्लकभवग्रहणकालस्य षट्पञ्चाशदुत्तरद्विशततमभागभूता । तत्र समय इत्यावलिकेति वा यत्कालवस्तु तदविगानेन जीवो जीवपर्यायत्वात् पर्यायपर्यायिणोश्च कथञ्चिदभेदात्, पुद्गलानां पर्यायत्वे चाजीव इत्यभिधीयते, न तु जीवादिव्यतिरेकिणः समयादयो जीवाजीवानां हि सादिसपर्यवसानादिस्थितिविशेषाः, स्थितिश्च तेषां धर्मत्वान्नात्यन्तं धर्मिणो भिन्ना, अत्यन्तभेदे हि विप्रकृष्टधर्ममात्रोपलम्भे प्रतिनियतधर्मविषय एव संशयो न स्यात्, तदन्येभ्योऽपि तस्य भेदाविशेषात्, अनुभूयते च विटपिविकटशाखाविसरान्तराले किमपि शुक्लं पश्यतः किमियं पताका बलाका वेति संशयः प्रतिनियतधर्मिविषयः । सर्वथाऽभेदेऽपि संशयानुपपत्तिरेव, गुणग्रहणे तदभिन्नगुणिनोऽपि ग्रहात् । उच्छ्वासनिःश्वासकालाः संख्यातावलिकाप्रमाणा आनपानौ । सप्तोच्छ्वासनिःश्वासप्रमाणः स्तोकः । संख्यातानः पानलक्षणः क्षणः, सप्तस्तोकप्रमाणो लवः । त्रिंशन्मुहूर्त्तप्रमाणमहोरात्रम् । पञ्चदशाहोरात्रप्रमाणः पक्षः । द्विपक्षो मासः । द्विमासमानो ऋतुः, ऋतुत्रयमानमयनम् । अयनद्वयमानः संवत्सरः । पञ्च संवत्सराणि युगम्, एवं चतुरशीति-वर्षलक्षप्रमाणं पूर्वाङ्गं तदेव चतुरशीतिलक्षगुणितं पूर्वं, एवं पूर्वपूर्वं चतुरशीतिलक्षगुणितं त्रुटिताङ्गादिकं शीर्षप्रहेलिकापर्यन्तं भाव्यम् । शीर्षप्रहेलिकान्तः सांव्यवहारिकः संख्यातकालः, तेन च संख्यातायुषां प्रथमपृथिवीनारकाणां भवनपतिव्यन्तराणां

भरतैरवतेषु सुषमदुःषमायाः पश्चिमे भागे नरतिरश्चाश्चायुर्मीयते । अतः परं यः संख्यातकालः सोऽनतिशयिनां न व्यवहारविषय इति कृत्वौपम्ये प्रक्षिप्तः स च पल्योपमादिरूप इति ॥३१॥

જીવ અને પુદ્‌ગલના ધર્મોને કહીને હવે સર્વ જીવાજીવાત્મક છે તે જણાવવા માટે કહી રહ્યા છે કે-

**સમય** : સઘળા ય કાલપ્રમાણોમાં આદ્ય (પહેલો), પરમ (અત્યંત) સૂક્ષ્મ, અભેદ્ય, અવયવ રહિત, કમળની સો પાંખડીને ભેદવાના ઉદાહરણથી ઓળખાતો સમય છે.

કોઈ પુરુષ કહે મેં એક સાથે કમળની સો પાંખડી વીંધી. પરંતુ સોય એક પાંખડી પછી બીજી પાંખડીમાં, પછી ત્રીજીમાં જાય છે. આ કાળ એટલો સૂક્ષ્મ છે કે આપણને લાગે એક સાથે આ વીંધાઈ. આ જે સૂક્ષ્મ કાળ તે સમય કહેવાય છે.

**આવલિકા** : અસંખ્યાતા સમયના સમુદાયરૂપ આવલિકા છે. જે ક્ષુલ્લક ભવ ગ્રહણ કાલના બસોને છપ્પન ભાગે છે. અર્થાત્ ૨૫૬ આવલિકાનો એક ક્ષુલ્લક ભવ થાય છે.

સૂત્રમાં સમય અને આવલિકા બે કહ્યા છે. જે કાલવસ્તુ છે તે સામાન્યથી (કોઇ પણ વિવાદ વિના અવિગાનેન) જીવ છે. કારણ કે જીવનો પર્યાય છે. પર્યાય અને પર્યાયવાળાનો કથંચિત્ અભેદ છે. તથા પુદ્‌ગલાદિનો પર્યાય હોવાથી અજીવ કહેવાય છે. જીવાદિ સિવાય સમય વગેરે નથી. કારણ કે જીવ અને અજીવોની સાદિ, સપર્યવસાનાદિ જે સ્થિતિ વિશેષ છે અર્થાત્ સાદિ વગેરે ભેદવાળી જે સ્થિતિ છે તે સ્થિતિના ભેદો (વિશેષો) સમય વગેરે છે.

સ્થિતિ (સમય) વગેરે છે તે જીવ અને અજીવનો ધર્મ છે. ધર્મ અને ધર્મીનો અત્યંત ભેદ નથી.

જો ધર્મ અને ધર્મીનો અત્યંત ભેદ હોય તો વિપ્રકૃષ્ટ એક અંશમાત્ર ધર્મ (વસ્તુનો) જણાતે છતે નિયત-ચોક્કસ ધર્મીના વિષયમાં સંશય જ નહીં થાય. કારણ કે તે ધર્મીના અન્ય ધર્મોથી પણ તેનો ભેદ અવિશેષ પણે છે.

વળી અનુભવની વસ્તુ છે કે- જ્યારે કોઇક પુરુષ લીલા વૃક્ષની તરૂણ શાખાના વિસ્તારના મધ્યના અંતરથી કંઇક પણ શુક્લ વસ્તુને જુવે છે ત્યારે એમ વિચારે છે કે શું આ ધજા છે ? કે બગલાની પંક્તિ છે ? એ પ્રમાણે ચોક્કસ ધર્મીના વિષયમાં સંશય થાય છે.

જો સર્વથા-કેવલ અભેદ હોય તો સંશય જ નહીં થાય. કારણ કે ગુણના ગ્રહણથી તેનાથી અભિન્ન એવા ગુણીનું પણ ગ્રહણ થાય છે. માટે સ્થિતિ આદિ સમયો જીવાજીવરૂપ છે.

**આનપાન અને સ્તોક** : આનપાન એટલે ઉચ્છ્‌વાસ-નિશ્વાસ (શ્વાસોચ્છ્‌વાસ) તેનો કાલ સંખ્યાતા આવલિકા પ્રમાણ છે.

**સ્તોક** : સાત શ્વાસોચ્છ્‌વાસ પ્રમાણ સ્તોક છે.

**ક્ષણ અને લવ :** સંખ્યાતા આનપાન (શ્વાસોચ્છ્વાસ) પ્રમાણ **ક્ષણ** છે. સાત સ્તોક પ્રમાણ વાળો કાળ **લવ** છે.

**મુહૂર્તાહોરાત્રિ :** મુહૂર્ત અને અહોરાત્ર. ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ એક **મુહૂર્ત** છે. ત્રીસ મુહૂર્ત પ્રમાણ એક **અહોરાત્ર** કાલ છે.

**પક્ષમાસૌ :** પક્ષ અને માસ. પંદર અહોરાત્રિ પ્રમાણ **પક્ષ** છે. બે પક્ષ પ્રમાણ **માસ** છે.

**ઋતુ અને અયન :** બે માસ પ્રમાણ એક વસંત આદિ ઋતુ છે. ત્રણ ઋતુના પ્રમાણવાળા **અયન** છે.

**સંવત્સર અને યુગ :** બે અયન પ્રમાણ **વર્ષ** છે. પાંચ વર્ષવાળા **યુગ** છે.

આ જ પ્રમાણે ૮૪ લાખ પૂર્વ પ્રમાણવાળા **પૂર્વાંગ છે.**

તે જ પૂર્વાંગને ૮૪ લાખ વડે ગુણવાથી એક **પૂર્વ** થાય છે. (પૂર્વનું પ્રમાણ ૭૦ લાખ ક્રોડ અને ૫૬ હજાર ક્રોડ વર્ષનું હોય છે. ૮૪ લાખ X ૮૪ લાખ ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦)

આ જ રીતે આગળ આગળ પૂર્વ પૂર્વની સંખ્યાને ૮૪ લાખ વડે ગુણવાથી એક પૂર્વ X ૮૪ લાખ કરવાથી એક ત્રુટિતાંગ થાય. એવી રીતે કરતા કરતા ઠેઠ શીર્ષ પ્રહેલિકા સુધી જાણવું.

શીર્ષ પ્રહેલિકા સુધી સાંવ્યાવહારિક કાલ છે. તેના વડે પહેલી પૃથ્વી રત્નપ્રભાના નારકોનું, ભવનપતિ અને વ્યંતરોનું (જઘન્ય, મધ્યમ) આયુષ્ય તથા ભરત અને ઐરાવતમાં સુષમદુઃષમા (ત્રીજા) આરાના ઉતરતા ભાગમાં મનુષ્ય અને તિર્યંચના આયુષ્યનું માન કરાય છે.

આનાથી આગળ એટલે શીર્ષ પ્રહેલિકાની ઉપર પણ જે સંખ્યાતકાલ છે તે અતિશયજ્ઞાની સિવાયના મનુષ્યોના વ્યવહારનો વિષય થતો નથી. એમ જાણીને ઉપમામાં બતાવાય છે. (દાખલ કરેલ છે.) અને તે પલ્યોપમ વગેરે રૂપ છે. ॥૩૧॥

बद्धमुक्तभेदेन जीवानां द्वैविध्याद्बद्धापेक्षया बन्धद्वैविध्यमाचष्टे—

**रागद्वेषनिमित्तः पापबन्धः, आभ्युपगमिकवेदनयौपक्रमिकवेदनया चोदीरयन्ति वेदयन्ति निर्जरयन्ति च ॥ ३२ ॥**

**रागेति,** मायालोभकषायरूपो रागः, क्रोधमानकषायलक्षणो द्वेषः, कारणाभ्यामाभ्यामशुभ भवनिबन्धनस्य पापकर्मणो बन्धो भवति, ननु मिथ्यात्वाविरतिकषाययोगानां बन्धहेतुत्वेन कथमत्र कषायाणामेव बन्धहेतुत्वमुक्तम्, युक्तम्, कषायाणां पापकर्मबन्धं प्रति प्राधान्यख्यापनाय तथोक्तेः तेषां प्राधान्यञ्च स्थित्यनुभागप्रकर्षकारणत्वात्, अत्यन्तानर्थकारित्वात्, द्विस्थानकानुरोधाद्वा बन्धहेतुदेशोक्तिः । स्थानद्वयबद्धपापकर्मणश्च शिरोलोचनतपश्चरणादिकयाऽङ्गीकरणनिर्वृत्तया स्वैच्छिकया कर्मोदीरणकारणनिर्वृत्तया ज्वरातिसारादिजन्यया वा

पीडयोदीरयन्ति, अप्राप्तावसरं सदुदये प्रवेशयन्ति, उदीरितं सद्विपाकतोऽनुभवन्ति प्रदेशेभ्यः शाटयन्ति च ॥३२॥

જીવોના બદ્ધ અને મુક્ત એમ બે ભેદ છે. બદ્ધ એટલે કર્મથી બંધાયેલ અને મુક્ત એટલે કર્મથી રહિત (છુટેલ) તેમાં બદ્ધની અપેક્ષાએ બંધના બે પ્રકાર કહે છે.

જીવોને બે સ્થાનક દ્વારા પાપ કર્મનો બંધ થાય છે. (૧) રાગનિમિત્ત = રાગથી, (૨) દ્વેષનિમિત્ત = દ્વેષથી.

રાગ એ માયા અને લોભ કષાયરૂપ છે. દ્વેષ એ ક્રોધ અને માન કષાયરૂપ છે.

**બંધ :-** આ બે કારણથી અશુભ ભવના કારણરૂપ પાપકર્મનો બંધ થાય છે.

**પ્રશ્ન :-** મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ આ ચારે કર્મબંધના કારણ હોવા છતાં માત્ર કષાયોને જ કર્મબંધના કારણપણે કેમ કહ્યા ?

**ઉત્તર :-** વાત સાચી છે - યુક્ત છે. પરંતુ કષાયોનું પાપ કર્મના બંધ પ્રતિ પ્રાધાન્ય જણાવવા માટે તે પ્રમાણે કહ્યું છે.

તેઓની મુખ્યતા સ્થિતિ અને રસના પ્રકર્ષનું કારણ હોવાથી છે. સ્થિતિબંધ અને અનુભાગ (રસ) બંધ કષાયથી જીવ કરે છે. કષાયથી ગાઢ બંધ થાય છે... **અથવા** અત્યંત અનર્થને કરનાર હોવાથી કષાયોનું પ્રધાનપણું છે. **અથવા** બે સ્થાનકોનો અનુરોધ હોવાથી આ સૂત્રમાં દેશથી બંધ હેતુ કહ્યો છે.

બે સ્થાનથી બાંધેલા પાપકર્મની જીવ બે પ્રકારની વેદનાથી ઉદીરણા કરે છે. તે વેદના બે પ્રકારે છે. (૧) આભ્યુપગમિક વેદના, (૨) ઔપક્રમિક વેદના.

આ વેદનાથી જીવ કર્મોની ઉદીરણા કરે છે, વિપાકથી તેનો અનુભવ કરે છે, અને પ્રદેશોથી નિર્જરા કરે છે - ખપાવે છે.

**આભ્યુપગમિકી વેદના :-** અભ્યુપગમ એટલે સ્વીકાર, અંગીકાર. સ્વીકારથી થયેલી વેદના અથવા સ્વીકાર કરવામાં થયેલી વેદના. તે આભ્યુપગમિકી વેદના છે.

તે મસ્તકનો લોચ કરવાથી તથા તપ-આચરણાદિથી થયેલી વેદના છે. સ્વેચ્છાથી કર્મની ઉદીરણામાં કારણથી થયેલ વેદના છે.

**ઔપક્રમિક વેદના :-** કર્મની ઉદીરણાના કારણથી થયેલી અથવા કર્મની ઉદીરણામાં થયેલી વેદના તે ઔપક્રમિકી વેદના છે.

તે તાવ, અતિસાર આદિ રોગથી થયેલ પીડાથી ભોગવે છે તે ઔપક્રમિકી વેદના.

**ઉદીરણા :-** ઉદીરણા એટલે અવસર પ્રાપ્ત ન થવા છતાં ઉદયમાં જે લાવે તેને ઉદીરણા કહેવાય છે.

આ બે પ્રકારની વેદનાથી જીવ કર્મને વેદે છે - ઉદીરણા કરે છે, ઉદિરીત થયેલા એટલે કે ઉદીરણાથી ઉદયમાં આવેલા કર્મને તેના વિપાકથી ભોગવે છે. અને તે કર્મોને આત્માના પ્રદેશોથી નિર્જરે છે - તે કર્મોને ખપાવે છે. ।।૩૨।।

निर्जरणे च कर्मणो देशतः सर्वथा वा भवान्तरे सिद्धौ वा गच्छतः शरीरान्निर्याणं भवतीत्याह—

**शरीरं देशेन सर्वेण वा स्पृष्ट्वा सस्पन्दं स्फुटं विशीर्णञ्च कृत्वा संवर्त्त्य निवर्त्त्य निर्याति ॥३३॥**

**शरीरमिति,** जीवः शरीरान्मरणकाले देहं कतिपयप्रदेशलक्षणेन देशेन स्पृष्ट्वा श्लिष्ट्वा निर्याति, केषाञ्चित्प्रदेशानामिलिकागत्योत्पादस्थानं गच्छता जीवेन शरीराद्बहिः क्षिप्तत्वात् । कन्दुकगत्योत्पादस्थानं गच्छता शरीराद्बहिः प्रदेशानामप्रक्षिप्तत्वात् सर्वैर्जीवप्रदेशैः स्पृष्ट्वा निर्याति, अथवा देशेनापि सर्वेणापीति वाच्यम्, तदाऽवयवान्तरेभ्यः प्रदेशसंहाराच्छरीरदेशं पादादिकं स्पृष्ट्वा निर्याति, स च संसारी, सर्वेणेत्यत्रापि देशेनेत्यपेक्ष्यते, सर्वमपि शरीरं स्पृष्ट्वा निर्याति, स च सिद्धः । शरीरस्पर्शे स्फुरणस्य भावात्सस्पन्दमिति, ईलिकागतिकाले कियद्भिरात्मप्रदेशैर्गेन्दुकगतिकाले सर्वैरपि शरीरं सस्पन्दं कृत्वा निर्याति । अथवा पादादिनिर्याणकाले शरीरदेशं स्फोरयित्वा सर्वाङ्गनिर्याणावसरे सर्व शरीरं स्फोरयित्वा निर्यातीति । स्फोरणाच्च सात्मकत्वं स्फुटं भवतीत्याह स्फुटमिति, आत्मदेशेन शरीरं सचेतनतया स्फुरणलिङ्गतः स्फुटं कृत्वेलिकागतौ, गेन्दुकगतौ सर्वैरपि शरीरं स्फुटं कृत्वेत्यर्थः । तथाऽक्ष्यादिविघातेन सर्वविशरणेन वा देवदीपादिजीववद्विशीर्णं च कृत्वेति वार्थः । शरीरं सात्मकतया स्फुटीकुर्वन् कश्चित्तत्संवर्त्तनमपि करोतीत्याह संवर्त्त्येति, संकोच्य, शरीरं देशेनेलिकागतौ शरीरस्थितप्रदेशैः सर्वात्मना गेन्दुकगतौ सर्वात्मप्रदेशानां शरीरस्थितत्वात्, अथवा देशतः संवर्त्तनं संसारिणो म्रियमाणस्य पादादिगतजीवप्रदेशसंहारात् सर्वतस्तु निर्वाणं गन्तुरिति, आत्मनः संवर्त्तनं कुर्वन् शरीरस्य निवर्त्तनं करोतीत्याह निवर्त्त्येति, ईलिकागतौ देशेन गेन्दुकगतौ सर्वेण जीवप्रदेशेभ्यः शरीरं पृथक्-कृत्येत्यर्थः, यद्वा देशतः शरीरं निवर्त्त्यात्मनः पादादिनिर्याणवान् सर्वतः सर्वाङ्गनिर्याणवानिति, अथवा पञ्चविधशरीरसमुदायापेक्षया देशतः शरीरमौदारिकादि निवर्त्त्य तैजसकार्मणे त्वादायैव, तथा सर्व शरीरसमुदायं निवर्त्त्य सिद्ध्यतीत्यर्थः ॥३३॥

કર્મોની નિર્જરામાં તો દેશથી કે સર્વથી, ભવાંતરમાં કે મોક્ષે જતા જીવને શરીરમાંથી નીકળવું થાય છે તે કહે છે -

શરીરને દેશથી સ્પર્શીને કે સર્વથી સ્પર્શીને આત્મા નીકળે છે. એવી રીતે દેશથી કે સર્વથી શરીરને ફરકાવીને (કંપાવીને), દેશથી કે સર્વથી શરીરને ફોડીને - નાશ કરીને આત્મા નીકળે છે. તેવી રીતે દેશથી કે સર્વથી શરીરને સંકોચીને, જીવ પ્રદેશોથી જુદું કરીને જીવ શરીરમાંથી નીકળે છે.

તે આ પ્રમાણે સમજવું કે - **દેશથી** પણ આત્મા શરીરને **સ્પર્શીને** નીકળે છે, **સર્વથી** પણ આત્મા શરીરને **સ્પર્શીને** નીકળે છે.

**દેશથી** :- મરણકાલે જીવ કેટલાક પ્રદેશ વડે કેટલાક પ્રદેશોને ઈલિકાગતિ વડે ઉત્પત્તિસ્થાનમાં જતાં શરીરથી બહાર કાઢેલા હોવાથી શરીરને સ્પર્શીને નીકળે છે. તે દેશથી સ્પર્શ કરીને અથવા અડકીને મરણકાલે શરીરથી નીકળે છે.

**સર્વથી** :- જીવના સર્વ પ્રદેશો વડે કંદુક (દડા) જેવી ગતિ વડે ઉત્પત્તિસ્થાને જતાં જીવ શરીરથી પ્રદેશોને બહાર નહીં કાઢેલ હોવાથી સર્વપ્રદેશો વડે સ્પર્શીને નીકળે છે. **અથવા** દેશથી કહ્યું છે ત્યાં પણ દેશથી અને સર્વથી પણ આ બંને અપેક્ષા છે તેમ સમજવું. એટલે દેશથી અને સર્વથી શરીરને સ્પર્શ કરીને જીવ નીકળે છે. આવો અર્થ કરીએ ત્યારે - બીજા અવયવોમાંથી પ્રદેશોને સંકોચીને **દેશથી** શરીરના દેશને એટલે કે પગ વગેરેને સ્પર્શ કરીને (અવયવના અંતર વડે પ્રદેશના સંકોચથી) જીવ નીકળે છે. તે સંસારી જીવ જાણવા.

**સર્વથી** :- સર્વ કહ્યું છે ત્યાં પણ સર્વથી અને દેશથી પણ બંને અપેક્ષા છે. સર્વ શરીરને પણ સ્પર્શ કરીને નીકળે છે તે સિદ્ધ જાણવા.

આત્મા વડે શરીરનો સ્પર્શ કરતે છતે સ્ફુરણા (કંપન) થાય છે માટે स्पृष्ट्वा પછી सस्पन्दं કહ્યું છે.

**દેશથી સ્પન્દન-સ્ફુરણ** :- ઈલિકા = ઈયળ જેવી ગતિના સમયે કેટલાક આત્મપ્રદેશોને કંપાવીને જીવ નીકળે છે. તથા સર્વ આત્મપ્રદેશો વડે ગેંદુક-દડાની જેવી ગતિકાલમાં સર્વ શરીરને કંપાવીને નીકળે છે. અથવા **દેશથી** શરીરના દેશને ફોડીને પગ આદિથી નીકળવાના સમયે દેશથી કંપન હોય છે.

**સર્વથી** સંપૂર્ણ શરીરને ફરકાવીને સર્વ અંગથી નીકળવાના સમયે સર્વથી કંપન હોય છે.

સ્ફુરણથી સાત્મકત્વ = આત્મપણું સ્ફુટ = પ્રગટ થાય છે માટે સ્પન્દન પછી **સ્ફુટ** કહે છે. આત્માના **દેશથી** શરીરને સચેતનપણાથી સ્ફુરણ લિંગથી પ્રગટ કરીને ઈલિકાગતિમાં છે.

**સર્વથી** આત્માના સર્વ પ્રદેશો વડે પ્રગટ કરીને ગેંદુક ગતિમાં છે. અથવા શરીરના **દેશથી** આત્મકપણાએ પ્રગટ કરીને પગ વગેરેથી નીકળવાના સમયમાં છે. અને **સર્વથી** સર્વાંગથી નીકળવાના પ્રસ્તાવમાં હોય છે. અથવા ફોડીને અર્થાત્ નાશ કરીને તેમાં **દેશથી** આંખ વગેરેના નાશ વડે અને **સર્વથી** સમસ્ત નાશ વડે. દેવના જીવની જેમ દીપકના જીવની જેમ જાણવું.

શરીરને સાત્મકપણાએ પ્રગટ કરતો કોઈ જીવ તે શરીરનું સંકોચન પણ કરે છે. માટે **संवर्त्य** એટલે **સંકોચ કરીને** એ પ્રમાણે કહે છે.

દેશથી ઈલિકાગતિમાં શરીરમાં રહેલ પ્રદેશો વડે શરીરને સંકોચીને અને **सर्वेण** સર્વાત્મવડે - દડાની જેમ ગતિમાં સર્વ આત્મપ્રદેશો શરીરમાં રહેલ હોવાથી સર્વાત્મપણે નીકળે છે. અથવા **દેશથી સંકોચ** મરતા એવા સંસારી જીવોને પગ વગેરેમાં રહેલ જીવના પ્રદેશોના સંકોચથી છે. **સર્વથી સંકોચ** તો મોક્ષમાં જનારને હોય છે.

આત્માનું સંવર્તન-સંકોચ કરતા શરીરનું નિવર્તન-જુદું કરવું કરે છે માટે સંવર્ત્ય પછી **નિવર્ત્ય** કહે છે.

નિવર્ત્ય = જીવના પ્રદેશોથી શરીરને અલગ કરીને. તેમાં **દેશથી** ઈલિકાગતિમાં અને **સર્વથી** ગેંદુક ગતિમાં જીવના પ્રદેશોથી શરીરને અલગ કરે છે. અથવા **દેશથી** શરીરને આત્માથી પૃથક્ કરીને પગ વગેરેથી નીકળનાર અને **સર્વથી** સર્વાંગમાંથી નીકળનાર... અથવા પાંચ પ્રકારના શરીરના સમુદાયની અપેક્ષાએ **દેશથી** ઔદારિક આદિ શરીરને છોડીને અને તૈજસ કાર્મણ શરીરને તો ગ્રહણ કરીને જ નીકળે છે. તથા **સર્વથી** સર્વ (પાંચ) શરીરના સમુદાયને છોડીને નીકળે છે. અર્થાત્ સિદ્ધ થાય છે. ॥૩૩॥

सर्वनिर्याणस्य परम्परया प्रयोजकानि धर्मश्रवणादीन्याह—

**क्षयोपशमाभ्यां केवलिप्रज्ञप्तधर्मश्रवणादिलाभः ॥३४॥**

**क्षयेति,** उदयप्राप्तस्य कर्मणो ज्ञानावरणस्य दर्शनमोहनीयस्य च क्षयेण निर्जरणेनानुदितस्य चोपशमेन-विपाकानुभवनेन, क्षयोपशमेनेति भावः, ततश्च केवलिप्रज्ञप्तबोधिमुण्डनानगारिताब्रह्मचर्यवाससंयमसंवराभिनिबोधिकज्ञानादेर्लाभः, केवलज्ञानन्तु क्षयादेव, बोध्यादीनां सम्यक्त्वचारित्ररूपत्वात् क्षयेणोपशमेन लाभेऽपि श्रवणाभिनिबोधिकादीनां क्षयोपशमेनैव भावात्सर्वसाधारण्येन क्षयोपशमपरतया व्याख्यातमिति ॥३४॥

પૂર્વ સૂત્રમાં સર્વથી નીકળવું કહ્યું તે તો પરંપરાએ ધર્મશ્રવણ આદિના લાભ માટે થાય છે તે જણાવતા કહે છે -

ક્ષય અને ઉપશમ આ બે સ્થાન વડે આત્મા કેવલી ભગવાને પ્રરૂપિત ધર્મના શ્રવણ આદિ લાભ પામે છે.

તે આ પ્રમાણે - (૧) ઉદયમાં આવેલા જ્ઞાનાવરણ અને દર્શનમોહનીય કર્મના ક્ષયથી-નિર્જરાથી. (૨) ઉદયમાં નથી આવેલા તેના ઉપશમથી-વિપાકનો અનુભવ ન કરવાથી. અર્થાત્ ક્ષયોપશમથી.

ક્ષયોપશમથી જીવ કેવલી ભગવાને પ્રરૂપેલ ધર્મનું શ્રવણ કરી શકે છે. કેવલ બોધિને પ્રાપ્ત કરે છે. મુંડિત થઈને ગૃહવાસથી અણગારપણાને સ્વીકારે છે. કેવલ બ્રહ્મચર્યવાસમાં વસે છે. કેવલ સંયમમાં પ્રયત્ન કરે છે. કેવલ સંવર વડે સંવૃત થાય છે. કેવલ મતિજ્ઞાનને ઉત્પન્ન કરે છે એવી રીતે યાવત્ મનઃપર્યવજ્ઞાનને ઉત્પન્ન કરે છે - મેળવે છે.

(અહીં સર્વત્ર કેવલ = સંપૂર્ણ અર્થ કરવો.)

કેવલજ્ઞાન તો કર્મના ક્ષયથી જ થાય છે. બોધિ આદિ સમ્યક્ત્વ અને ચારિત્રરૂપ હોવાથી માત્ર ક્ષયથી અને ઉપશમથી પણ થાય છે. શ્રવણ અને આભિનિબોધિકાદિ તો ક્ષયોપશમથી જ થાય છે. માટે સર્વ સાધારણ ક્ષયોપશમ (ક્ષય અને ઉપશમ) બે પદ વડે કહેલ છે. ॥૩૪॥

बोध्यादीनामुत्कर्षतः षट्षष्टिसागरोपमस्थितिकत्वात्सागरोपमस्य च पल्योपमाश्रितत्वात्तद्वैविध्यं वक्ति—

**सागरोपमं पल्योपमञ्चेत्यद्धौपमिकं द्विधा ॥३५॥**

**सागरोपममिति,** यत्कालप्रमाणमुपमानमन्तरेणानतिशयिना ग्रहीतुं न शक्यते तदद्धौपमिकम्, तच्च द्विधा पल्योपमं सागरोपमञ्चेति, पल्यवत्पल्यः, तेनोपमा यस्मिंस्तत्पल्योपमं सागरेणो....... यस्मिंस्तत्सागरोपमम्, औपमिकं तावत्सामान्येनोद्धाराद्धाक्षेत्रभेदेन त्रिधा, पुनरेकैकं संव्यवहारसूक्ष्मभेदाद्द्विधा, यावता कालेन योजनायामविष्कम्भोच्चत्वः पल्यो मुण्डनानन्तरमेकादिसप्तान्ताहोरात्रप्ररूढानां वालाग्राणां भृतः प्रतिसमयं बालाग्रोद्धारे सति निर्लेपो भवति स कालो व्यावहारिकमुद्धारपल्योपममुच्यते, तेषां दशभिः कोटीकोटीभिर्व्यावहारिकमुद्धारसागरोपममुच्यते, तेषामेव वालाग्राणां दृष्टिगोचरातिसूक्ष्मद्रव्यासंख्येयभागमात्रसूक्ष्मपनकावगाहनाऽसंख्यातगुणरूपखण्डीकृतानां भृतः पल्यो येन कालेन निर्लेपो भवति तथैवोद्धारे तत्सूक्ष्ममुद्धारपल्योपमं तथैव च सूक्ष्ममुद्धारसागरोपमम्, अनेन च द्वीपसमुद्राः परिसंख्यायन्ते, अद्धापल्योपमसागरोपमे अपि सूक्ष्मबादरभेदे एवमेव । नवरं वर्षशते वर्षशते वालस्य वालासंख्येयखण्डस्य चोद्धार इति । अनेन नारकादिस्थितयो मीयन्ते, क्षेत्रतोऽपि ते द्विविधे एवमेव, नवरं प्रतिसमयमेकैकाशप्रदेशापहारे यावता कालेन वालाग्रस्पृष्टा एव प्रदेशा उद्ध्रियंते स कालो व्यवहारिक इति यावता च वालाग्रासंख्यातखण्डै स्पृष्टा अस्पृष्टाश्चोद्ध्रियंते स कालः सूक्ष्म इति, एते च प्ररूपणामात्रविषये एव, आभ्याञ्च दृष्टिवादे

स्पृष्टास्पृष्टप्रदेशविभागेन द्रव्यमाने प्रयोजनमिति श्रूयते, बादरे च त्रिविधे अपि प्ररूपणामात्रविषये एवेति, तदेवमिह प्रक्रमे उद्धारक्षेत्रौपमिकयोर्निरुपयोगित्वादद्धौपमिकस्य चोपयोगित्वादद्धेति सूत्रे विशेषणमुपात्तम् ॥३५॥

બોધિ આદિની (મતિજ્ઞાન - શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાનની) તો ઉત્કૃષ્ટ છાસઠ (૬૬) સાગરોપમની સ્થિતિ હોય છે અને સાગરોપમ તો પલ્યોપમના આશ્રયવાળા છે. તેથી તે બેની પ્રરૂપણા કરે છે.

સાગરોપમ અને પલ્યોપમ આ બે પ્રકારે અદ્ધોપમિક કાળ છે.

ઉપમા વડે થયેલું તે ઔપમિક.

અદ્ધા એટલે કાળના વિષયની ઉપમાવાળું તે અદ્ધોપમિક.

અતિશય જ્ઞાન વગરના જીવો વડે ઉપમા સિવાય જે કાળના પ્રમાણને ગ્રહણ ન કરી શકાય તે અદ્ધોપમિક કહેવાય છે.

તે અદ્ધોપમિક કાલ બે પ્રકારે છે. (૧) પલ્યોપમ, (૨) સાગરોપમ.

પલ્યની ઉપમા જેને વિષે છે તે પલ્યોપમ.

સાગરની ઉપમા જેને વિષે છે તે સાગરોપમ. સાગરની જેમ મોટા પરિણામવાળું પલ્યોપમ અને સાગરોપમરૂપ ઔપમિક કાળ સામાન્યથી (૧) ઉદ્ધાર (૨) અદ્ધા અને (૩) ક્ષેત્ર ના ભેદથી ત્રણ પ્રકારે છે. વળી એક એકના (૧) સંવ્યવહાર (૨) સૂક્ષ્મ એવા ભેદથી બે પ્રકારે છે. તેમાં

**ઉદ્ધાર :-**

(૧) **સંવ્યવહાર ઉદ્ધાર પલ્યોપમ :-** એક યોજનના લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈવાળા પલ્ય (પલ્ય એટલે ખાડો અથવા ધાન્ય માપવાનું સાધન) એટલે ખાડાને માથાના મુંડન કર્યા પછી એકથી સાત અહોરાત્ર સુધીમાં ઊગેલા વાલાગ્રો (વાળના ટૂકડાઓ) થી ઠાંસી ઠાંસીને ભરવામાં આવે, ત્યાર પછી પ્રતિ સમયે વાળના (એક એક) ટૂકડાને કાઢતા જેટલા સમયમાં તે પાલો (ખાડો) ખાલી થાય તે કાલ **સંવ્યવહારિક ઉદ્ધાર પલ્યોપમ** કહેવાય છે.

(૧) **વ્યવહારિક ઉદ્ધાર સાગરોપમ :-** તેવા એટલે કે સંવ્યવહારિક ઉદ્ધાર પલ્યોપમના જેવા દશ કોડાકોડી વ્યવહારિક પલ્યોપમનો એક વ્યવહારિક ઉદ્ધાર સાગરોપમ કહેવાય છે.

(૨) તે વાલાગ્રના જ દૃષ્ટિ ગોચર અતિ સૂક્ષ્મ દ્રવ્યના અસંખ્યાત ભાગ માત્ર સૂક્ષ્મ પનક (નિગોદિયા જીવ) ની અવગાહનાથી અસંખ્યાત ગુણરૂપ અવગાહનાવાળા ખંડો કરીને ભરેલ પલ્યને સમયે સમયે એક એક વાલાગ્રને કાઢતા જેટલા સમયમાં તે પલ્ય ખાલી થાય તેટલા કાળને **સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ** કહેવાય છે.

(૨) તેવા દશકોડાકોડી સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ વડે સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ થાય છે.

આ સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ વડે દ્વીપ અને સમુદ્રોની ગણત્રી કરાય છે.

**અદ્ધા :-** અદ્ધા પલ્યોપમ અને અદ્ધા સાગરોપમના પણ બે ભેદ છે.

(૧) સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ અને (૨) બાદર અદ્ધા પલ્યોપમ.

વિશેષ એ છે કે - સો સો વર્ષે પૂર્વોક્ત વાલાગ્રને કાઢવાથી **બાદર અદ્ધા પલ્યોપમ** અને વાલાગ્રના અસંખ્યાત ખંડને સો સો વર્ષે કાઢવાથી **સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ** થાય છે.

અને સાગરોપમ પૂર્વોક્ત રીતે થાય છે.

આ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ અને સાગરોપમ વડે નારકાદિની સ્થિતિ - આયુષ્યનું માન કરાય છે.

**ક્ષેત્ર :-** ક્ષેત્ર પલ્યોપમ અને સાગરોપમના પણ બે ભેદ છે.

(૧) સૂક્ષ્મ અને (૨) બાદર.

વિશેષ એ છે કે - પૂર્વોક્ત રીતે વાલાગ્રને ભરીને તેને સ્પર્શીને રહેલા આકાશ પ્રદેશોને પ્રતિ સમયે અપહાર કરતા જેટલા કાળે તે પલ્ય ખાલી થાય તેટલા કાળને **વ્યાવહારિક બાદર ક્ષેત્ર પલ્યોપમ** કહેવાય છે. અને તે વાલાગ્રના અસંખ્યાત ખંડ વડે તે પલ્યને ભરીને, તેને સ્પર્શીને રહેલા અને અસ્પૃષ્ટ (નહીં ફરસેલા) આકાશ પ્રદેશોને પ્રતિ સમયે અપહાર કરતા જેટલા કાળે તે પલ્ય ખાલી થાય તેટલા કાળને **સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ** કહેવાય છે.

તેમ સાગરોપમ પણ જાણી લેવું.

આ ક્ષેત્ર પલ્યોપમાદિની પ્રરૂપણા માત્ર વિષયમાં જ છે.

આ ક્ષેત્ર પલ્યોપમ અને સાગરોપમનો દૃષ્ટિવાદમાં સ્પૃષ્ટ અને અસ્પૃષ્ટ પ્રદેશના વિભાગ વડે દ્રવ્યના માનમાં પ્રયોજન છે એમ સંભળાય છે.

ત્રણ પ્રકારનો બાદર ભેદ પ્રરૂપણા માત્ર છે.

તે કારણથી આ આ પ્રકરણમાં ઉદ્ધાર અને ક્ષેત્ર ઔપમિકનું નિરૂપયોગીપણું હોવાથી અને અદ્ધોપમિકનું જ ઉપયોગીપણું હોવાથી સૂત્રમાં અદ્ધા એવું વિશેષણ કહેલું છે. ॥૩૫॥

जीवस्य प्रशस्ताप्रशस्तमरणे निरूपयति—

**वलन्मरणवशार्त्तमरणे निदानमरणतद्भवमरणे गिरिपतनतरुपतने जलप्रवेशज्वलनप्रवेशौ विषभक्षणशस्त्रपाटने मरणे चाप्रशस्ते वैहानसगृध्रस्पृष्टे पादपोपगमनभक्तप्रत्याख्यानमरणे च प्रशस्तेऽनुज्ञाते ॥३६॥**

**वलन्मरणेति,** परीषहादिबाधितत्वात्संयमान्निवर्त्तमानानां मरणं वलन्मरणम्, इन्द्रियाधीनतां गतानां दीपकलिकावलोकनाकुलितपतङ्गादीनामिव मरणं वशार्त्तमरणम्, इमे द्वे मरणे निर्ग्रन्थानामुपादेयधिया भगवता न कीर्त्तिते न वा प्रशंसिते, एवमग्रेऽपि, ऋद्धिभोगादि-

प्रार्थनापूर्वकं मरणं निदानमरणम्, यस्मिन् भवे जन्तुर्वर्त्तते तद्भवयोग्यमेवायुर्बध्वा पुनर्म्रियमाणस्य मरणं तद्भवमरणम्, एतच्च संख्यातायुष्कनरतिरश्चामेव, तेषामेव हि तद्भवायुर्बन्धो भवति, विशुद्धसंयमिनान्तु देवायुष एव बन्धयोग्यत्वेन मनुजायुषो बन्धे सत्यप्रशस्तता, गीरितस्तरुतः पतित्वा च मरणे गिरिमरणतरुमरणे, जलप्रवेशो ज्वलनप्रदेशः, जले ज्वलने वा प्रविश्य मरणमिति भावः, विषं भक्षयित्वा मरणं विषभक्षणम्, स्वशरीरस्य शस्त्रादिना विदारयित्वा मरणं शस्त्रमरणमेतानि सर्वाण्यप्रशस्तान्यननुज्ञातानि च । शीलभङ्गरक्षणादिकारणे तु वैहानसगृध्रपृष्टे मरणे अनुज्ञाते, एवं विषभक्षणशस्त्रपाटने अपि, वृक्षशाखादावुद्बद्धत्वान्नभसि भवं मरणं वैहानसम्, गृध्रैर्भक्षणं गृध्रस्पृष्टम् । अथ प्रशस्तमरणमाह **पादपेति**-पादपस्य छिन्नपतितस्येवात्यन्तनिश्चेष्टतयाऽवस्थाय मरणम्, भक्तस्यैव न चेष्टाया अपि पादपोपगमन इव प्रत्याख्यानं यत्र तद्भक्तप्रत्याख्यानम् । पादपोपगमनं द्विविधं निर्हारिमानिर्हारिमभेदात्, यद्वसतेरेकदेशे विधीयते तत्तः शरीरस्य निस्सारणान्निर्हारिमम् । यत्तु गिरिकन्दरादौ तदनिर्हरणादनिर्हारिमम्, नियमाच्छरीरप्रतिक्रियावर्जं पादपोपगमनं भवति । इङ्गितमरणन्त्विह नोक्तं द्विस्थानकानुरोधात् ॥३६॥

જીવના મરણ બે પ્રકારે છે. (૧) પ્રશસ્ત (૨) અપ્રશસ્ત તેનું નિરૂપણ કરતા કહે છે -

શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રન્થોને (૧) વલન્ મરણ (૨) વશાર્ત્ત મરણ આ બે મરણ સ્વીકારવા યોગ્ય ઉપાદેય બુદ્ધિથી ફળ વડે પ્રવૃત્તિ કરવા માટે સદા કહેલ નથી, સ્વીકારવાની બુદ્ધિ વડે નામથી પણ ઉચ્ચારણ કરેલ નથી, સદા વખાણેલ નથી, સદા અનુમત નથી એટલે કે તમે કરો એમ પણ કહેલ નથી.

(૧) **વલન્ મરણ :-** પરિષહાદિથી બાધિત હોવાથી (પરિષહાદિને સહન ન કરવાથી સંયમથી પતિત - નિવૃત થયેલાનું જે મરણ તે **વલન્ મરણ** કહેવાય છે.

સંયમની પ્રવૃત્તિમાં ખેદ પામેલાઓ જે મરણ કરે તે વલન્ મરણ.

(૨) **વશાર્ત્ત મરણ :-** તેલ સહિત દીપકની શિખાને જોવાથી આકુલ થયેલા પતંગીયા આદિની જેમ ઇન્દ્રિયોને વશ થયેલાનું મરણ તે **વશાર્ત્ત મરણ**

એવી જ રીતે શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રન્થોને (૧) નિદાન મરણ, (૨) તદ્‌ભવ મરણ આ બે મરણ ઉપાદેય બુદ્ધિથી પ્રવૃત્તિ કરવા માટે સદા કહેલ નથી, સ્વીકારવાની બુદ્ધિ વડે નામથી પણ ઉચ્ચાર કરેલ નથી, સદા વખાણેલ નથી, તમે કરો એમ આજ્ઞા પણ આપી નથી.

(૧) **નિદાન મરણ :-** ઋદ્ધિ અને ભોગ વગેરેની જે પ્રાર્થના તે નિદાન - અને આ નિદાન - નિયાણા પૂર્વકનું જે મરણ તે **નિદાન મરણ.**

(૨) **તદ્ભવ મરણ :-** જે ભવમાં જીવ વર્તે છે તે ભવને યોગ્ય જ આયુષ્ય બાંધીને મરનારનું જે મરણ છે તે **તદ્ભવ મરણ.**

આ તદ્ભવ મરણ સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચોને હોય છે, તેઓને જ તદ્ભવના આયુષ્યનો બંધ થાય છે. વિશુદ્ધ સંયમીને તો દેવનું આયુષ્ય જ બંધ યોગ્ય હોવાથી, મનુષ્યના આયુષ્યના બંધમાં અપ્રશસ્તતા છે.

એવી જ રીતે શ્રમણ ભગવાન મહાવીરે (૧) ગિરિપતન મરણ (૨) તરૂપતન મરણ કહ્યા નથી યાવત્ ઉપર મુજબ આજ્ઞા આપી નથી.

(૧) **ગિરિપતન મરણ :-** પર્વત પરથી પડીને મરવું તે **ગિરિપતન મરણ.**

(૨) **તરૂપતન મરણ :-** ઝાડ પરથી પડીને મરવું તે **તરૂપતન મરણ.**

આજ રીતે (૧) જલપ્રવેશ મરણ, (૨) જ્વલન પ્રવેશ મરણ શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું નથી યાવત્ અનુજ્ઞા આપી નથી.

(૧) **જલ પ્રવેશ મરણ :-** પાણીમાં પ્રવેશીને મરવું તે **જલપ્રવેશ મરણ.**

(૨) **જ્વલન પ્રવેશ મરણ :-** આગમાં પ્રવેશીને (પડીને) મરવું તે **જ્વલન પ્રવેશ મરણ.**

આ જ રીતે શ્રમણ ભગવાન મહાવીરે નિર્ગ્રન્થોને (૧) વિષભક્ષણમરણ અને (૨) શસ્ત્રપાટન મરણ કહ્યું નથી યાવત્ અનુજ્ઞા આપી નથી.

(૧) **વિષ ભક્ષણ મરણ :-** ઝેર ખાઈને મરવું તે **વિષ ભક્ષણ મરણ.**

(૨) **શસ્ત્રપાટન મરણ :-** છરી - કટારી આદિ શસ્ત્ર વડે પોતાના શરીરનો નાશ કરવો મરવું તે **શસ્ત્ર પાટન મરણ.**

આ બધા મરણ અપ્રશસ્ત છે ભગવાનથી અનુજ્ઞાત નથી. અર્થાત્ ભગવાનની આજ્ઞા નથી.

શીલના ભંગ સમયે તેની રક્ષા માટે (૧) વૈહાનસ મરણ, (૨) ગૃધસ્પૃષ્ટ મરણ આ બે મરણની તથા આ જ પ્રમાણે વિષભક્ષણમરણ અને શસ્ત્રપાટન મરણની પણ ભગવાને આજ્ઞા આપી છે.

(૧) **વૈહાનસ મરણ :-** વૃક્ષની શાખામાં ઊંચે બંધાવાથી ગળે ફાંસો ખાઈને આકાશમાં થયેલું જે મરણ તે **વૈહાનસ મરણ.**

(૨) **ગૃધસ્પૃષ્ટ મરણ :-** જે મરણમાં ગીધો વડે સ્પર્શાવું અથવા ગીધોને ખાવા યોગ્ય જે પીઠ અને ઉપલક્ષણથી હાથી, ઊંટ વગેરેના પેટ વગેરે અવયવ, શરીરમાં પેસીને મરવાની ઇચ્છાવાળા મહાસત્વવાન્ જીવનું જે મરણ તે **ગૃધસ્પૃષ્ટ મરણ** કહેવાય છે.

આ બે મરણ પ્રશસ્ત છે. ભગવાને કહ્યા છે, પ્રશંસ્ય છે, આજ્ઞા આપી છે.

હવે પ્રશસ્ત મરણ કહે છે. (૧) પાદપોપગમન મરણ, (૨) ભક્ત પ્રત્યાખ્યાન મરણ.

(૧) **પાદપોપગમન મરણ :-** પાદપ એટલે વૃક્ષ.

છેદાઈને પડેલ વૃક્ષની જેમ અત્યંત ચેષ્ટા રહિત પણે જે (મરણ) માં રહેવું તે **પાદપોપગમન મરણ.**

(૨) **ભક્ત પ્રત્યાખ્યાન મરણ :-** જેમાં ભોજનનો જ ત્યાગ છે, પાદપોપગમનની જેમ ભોજનનું જ પચ્ચખ્ખાણ છે, પરંતુ પાદપોપગમનની જેમ ચેષ્ટાનું વર્જન નથી તે **ભક્તપ્રત્યાખ્યાન મરણ** છે.

પાદપોપગમન મરણના બે પ્રકાર છે, (૧) નિર્હારિમ (૨) અનિર્હારિમ.

**નિર્હારિમ પાદપોપગમન :-** જે વસતિના એક ભાગમાં (અનશન) કરાય છે. તે સ્થાનથી શરીરનું નિર્હરણ - બહાર કાઢવાથી અગ્નિ સંસ્કાર કરવામાં આવે છે તે **નિર્હારિમ પાદપોપગમન મરણ** કહેવાય છે.

(૨) **અનિર્હારિમ પાદપોપગમન :-** જે પર્વતની મોટી ગૂફા વગેરેમાં (અનશન) કરવામાં આવે છે તેને ત્યાથી બહાર કાઢવામાં કે સંસ્કાર કરવામાં આવતું નથી તેથી તે **અનિર્હારિમ પાદપોપગમન મરણ** કહેવાય છે.

નિયમથી અપ્રતિકર્મ - શરીરની પ્રતિક્રિયા રહિત પાદપોપગમન હોય છે. અહીં બે સ્થાનકનું વિવરણ ચાલે છે માટે ઇંગિત મરણ કહ્યું નથી. ॥૩૬॥

पुनः सामान्येन बोध्यादीनाह—

**ज्ञानेन दर्शनेन च बुद्धा मूढा देशेन सर्वतश्च ज्ञानदर्शनावरणीये, सातासाते दर्शनचारित्रमोहनीये अद्धायुर्भवायुः शुभाशुभनामनी उच्चैर्नीचैर्गोत्रे प्रत्युत्पन्नविनाशिपिहितागामिपथावन्तरायौ प्रेमप्रत्ययद्वेषप्रत्यये मूर्च्छे श्रुतचारित्रे धर्माराधने अन्तक्रियाकल्पविमानोपपाते केवल्याराधने च ॥३७॥**

**ज्ञानेनेति,** जीवा बोधिमोहलक्षणधर्मयोगाद्बुद्धा मूढाश्च भवन्ति, तत्र केचिज्ज्ञानावरणक्षयोपशमसम्भूतज्ञानप्राप्त्या बुद्धाः, केचिच्च दर्शनमोहनीयक्षयोपशमादिसम्पन्नश्रद्धानप्राप्त्या, एते च धर्मत एव भिन्ना न धर्मितया, ज्ञानदर्शनयोरन्योऽन्याविनाभूतत्वात् । तथा ज्ञानावरणोदयात् केचिन्मूढाः केचित्तु सम्यग्दर्शनमोहोदयात्, मोहश्च ज्ञानावरणादिकर्मनिबन्धनमिति ज्ञानावरणादीन्याह-**देशेनेति,** यत्कर्माभिनिबोधिकादिमावृणोति तद्देशज्ञानावरणीयम्, यच्च केवलमावृणोति तत्सर्वज्ञानावरणीयं केवलावरणं ह्यादित्यकल्पस्य केवलज्ञानरूपस्य जीवस्याच्छादकतया सान्द्रमेघवृन्दकल्पमिति सर्वज्ञानावरणम्, मत्याद्यावरणन्तु घनातिच्छादितादित्येषत्प्रभाकल्पस्य केवलज्ञानदेशस्य कटकुट्यादिरूपावरणतुल्य-

मिति देशज्ञानावरणम् । अथवा देशोपघातिसर्वोपघातिफड्डुकापेक्षया देशसर्वावरणत्वमस्य । चक्षुरचक्षुरवधिदर्शनावरणीयं देशदर्शनावरणीयम्, निद्रादिपञ्चकं केवलदर्शनावरणीयञ्च सर्वदर्शनावरणीयम् । सातरूपेणासातरूपेण च द्विविधं वेदनीयम् । मिथ्यात्वसम्यक्त्वमिश्रभेदं दर्शनमोहनीयम्, सामायिकादेर्मोहनीयं चारित्रमोहनीयं कषायनोकषायभेदम् । चतसृष्वपि गतिषु यद्दुःखं सुखञ्च न ददाति दुःखसुखयोराधारं जीवं देहस्थितं धारयति च तदायुः कायस्थितिरूपं भवस्थितिरूपञ्च । तीर्थकरादिकर्म शुभनामकर्म, अनादेयत्वाद्यशुभनामकर्म जीवस्य विविधानि शुभाशुभेष्टानिष्टरूपाणि करोति । पूज्यत्वनिबन्धनमुच्चैर्गोत्रं तद्विपरीतं नीचैर्गोत्रम् । जीवञ्चार्थसाधनञ्चान्तरा एतीत्यन्तरायः प्रत्युत्पन्नार्थविनाशकस्वभावो लब्ध-व्यार्थनिरोधकश्च । अष्टविधस्यापि कर्मणो मूर्च्छाजन्यत्वात्तद्वैविध्यं दर्शयति **प्रेमप्रत्ययेति,** मूर्च्छोपात्तकर्मणः क्षय आराधनयेति तामाह **श्रुतेति,** आराधना ज्ञानादिवस्तुनोऽनुकूलवर्त्तित्वं निरतिचारज्ञानाद्यासेवना वा, धर्माराधनाकेवल्याराधनाभेदतो द्वेधा, धर्माराधना श्रुतधर्माराधना-चारित्रधर्माराधनाभेदतो द्विधा, अयञ्च भेदो विषयभेदात्, केवल्याराधना तु फलभेदात्, भवच्छेदहेतुः शैलेशीरूपाऽऽराधनाऽन्तक्रियेत्युच्यते, उपचारात् । एषा च क्षायिकज्ञाने केवलिनामेव भवति । कल्पेषु देवलोकेषु न तु ज्योतिश्चारे विमानानि-देवावासविशेषाः यद्वा कल्पाः सौधर्मादयो विमानानि ग्रैवेयकादीनि तेषूत्पत्तिर्जन्म यस्याः सकाशात् सा कल्पविमानोपपाता ज्ञानाद्याराधना, एषा च श्रुतकेवल्यादीनामिति ॥३७॥

વળી સામાન્યથી બોધિ આદિ કહે છે.

જીવો બોધિલક્ષણ અને મોહ લક્ષણરૂપ ધર્મ-સ્વભાવના યોગથી બુદ્ધ અને મૂઢ થાય છે.

તેમાં કેટલાક જ્ઞાનાવરણના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ જ્ઞાનની પ્રાપ્તિથી બુદ્ધ છે. કેટલાક દર્શન મોહનીયના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ શ્રદ્ધાની પ્રાપ્તિથી બુદ્ધ છે.

આ બંને ધર્મથી જ ભિન્ન છે પણ ધર્મથી જુદા નથી. કારણ કે જ્ઞાન - દર્શન પરસ્પર અવિનાભાવી છે.

બોધિ = બોધવું - બોધ પામવું તે બોધિ. જિનેશ્વર ભગવાનના ધર્મનો લાભ તે બોધિ.

જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમ વડે થયેલ જે જ્ઞાનની પ્રાપ્તિ તે જ્ઞાનબોધિ. અને દર્શન મોહનીય કર્મના ક્ષયોપશમાદિ વડે સમ્યગ્ રીતે પ્રાપ્ત થયેલ જે શ્રદ્ધા તે દર્શન બોધિ. અર્થાત્ શ્રદ્ધાનો લાભ.

જ્ઞાન બોધિ અને દર્શનબોધિવાળા બુદ્ધ બે પ્રકારે છે. એ બુદ્ધો ધર્મથી જ ભિન્ન છે પણ ધર્મીપણાથી ભિન્ન નથી. કારણકે જ્ઞાન, દર્શન બંન્નેનું પરસ્પર એક બીજા વિના અસ્તિત્વ હોતું નથી. જ્ઞાનને લઇને દર્શન અને દર્શનને લઇને જ્ઞાન એ સાહચર્ય નિયમ છે.

જેમ બોધિ અને બુદ્ધ બે પ્રકારે છે તેમ મોહ અને મૂઢ બે પ્રકારે છે. કેટલાક જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી મૂઢ છે. કેટલાક સમ્યગ્ દર્શન મોહનીયના ઉદયથી મૂઢ છે.

જે જ્ઞાનને આચ્છાદન કરે તે **જ્ઞાન મોહ.** જ્ઞાનાવરણનો ઉદય જાણવો.

જે સમ્યગ્ દર્શન આચ્છાદન કરે તે **દર્શન મોહ** દર્શન મોહનીય કર્મનો ઉદય જાણવો.

જ્ઞાનાવરણ કર્મ જેને ઉદયમાં આવેલ છે તે **જ્ઞાનમૂઢ.**

જે મિથ્યાદષ્ટિ - મિથ્યાત્વ જેઓને ઉદયમાં આવેલ છે તે **દર્શન મૂઢ** અને મોહ એ જ્ઞાનાવરણાદિ કર્મનું કારણ છે. માટે હવે જ્ઞાનાવરણાદિ કર્મ કહે છે. -

(૧) **જ્ઞાનાવરણીય કર્મ** બે પ્રકારે છે. (૧) દેશથી, (૨) સર્વથી.

**દેશથી :-** જે જ્ઞાનનો દેશ મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાનને આવરે તે દેશ જ્ઞાનાવરણીય.

**સર્વથી :-** જે કેવલજ્ઞાનને આવરણ કરે તે સર્વ જ્ઞાનાવરણીય.

કારણ કે, કેવલ જ્ઞાનાવરણીય તો સૂર્ય સમાન કેવલજ્ઞાન સ્વરૂપ જીવને આચ્છાદકપણાએ જે અત્યંત ઘન-વાદળાના સમૂહ તુલ્ય તે **સર્વ જ્ઞાનાવરણ** અને મતિજ્ઞાન વગેરેનું આવરણ તો વાદળો વડે અત્યંત ઢંકાયેલ સૂર્યની અલ્પ પ્રભા સમાન કેવલજ્ઞાનના દેશને કટ-કુટ્યાદિ ઘાસની સાદડીના ઘર આદિરૂપ જે આવરણ તુલ્ય તે **દેશ જ્ઞાનાવરણીય** છે.

**અથવા** દેશથી ઉપઘાત કરનાર અને સર્વથી ઉપઘાત કરનાર ફડ્ડકોની અપેક્ષાએ જ્ઞાનને દેશથી અને સર્વથી આવરણપણું છે. (ફડ્ડક એટલે કર્મના તીવ્ર રસ અને મંદ રસવાળા પુદ્ગલોનો સમુદાય)

(૨) **દર્શનાવરણીય કર્મ :-** સામાન્ય અર્થના બોધને આવરણ કરે તે દર્શનાવરણીય.

દર્શનાવરણીય કર્મ બે પ્રકારે છે. (૧) દેશ દર્શનાવરણીય, (૨) સર્વ દર્શનાવરણીય.

ચક્ષુ દર્શનાવરણીય, અચક્ષુ દર્શનાવરણીય, અવધિ દર્શનાવરણીય આ ત્રણ **દેશ દર્શનાવરણીય** છે.

નિદ્રાદિ પંચક અને કેવલ દર્શનાવરણીય તે **સર્વ દર્શનાવરણીય** છે.

(૩) **વેદનીય કર્મ :-** જે વેદાય છે, અનુભવાય છે તે વેદનીય કર્મ. તે (૧) સાતા અને (૨) અસાતારૂપ બે પ્રકારે છે.

૧. **સાતા વેદનીય :-** સાતા એટલે સુખ. જે સુખરૂપે અનુભવાય તે સાતા વેદનીય.

૨. **અસાતા વેદનીય :-** જે દુઃખ રૂપે વેદાય તે અસાતા વેદનીય.

(૪) **મોહનીય કર્મ :-** જે મુંઝાવે, ભાન ભૂલાવે તે મોહનીય કર્મ છે.

તેના બે ભેદ છે. (૧) દર્શન મોહનીય, (૨) ચારિત્ર મોહનીય.

૧. **દર્શન મોહનીય :-** જે દર્શનમાં મુંઝાવે, ભાન ભૂલાવે તે દર્શન મોહનીય.

તેના ત્રણ પ્રકાર છે. (૧) મિથ્યાત્વ મોહનીય, (૨) સમ્યક્ત્વ મોહનીય, (૩) મિશ્ર મોહનીય.

**૨. ચારિત્ર મોહનીય** :- સામાયિકાદિથી જે મુંઝવે, ભાન ભૂલાવે તે ચારિત્ર મોહનીય.

તે બે પ્રકારે છે. (૧) કષાય મોહનીય, (૨) નો કષાય મોહનીય.

(૫) **આયુષ્ય કર્મ** :- જે ગતિ પ્રાપ્ત કરાવે તે આયુષ્ય કર્મ.

ચાર ગતિમાં જીવોને આયુષ્ય કર્મ જે દુઃખ આપતું નથી. સુખ પણ આપતું નથી પરંતુ દુઃખ સુખના આધારભૂત દેહમાં રહેલા જીવને ધારણ કરે છે. દેહમાં રોકી રાખે છે.

તે આયુષ્ય કર્મ બે પ્રકારે છે. (૧) અદ્ધાયુ - તે કાયસ્થિતિ રૂપ છે. (૨) ભવાયુ - ભવસ્થિતિ રૂપ છે.

(૬) **નામકર્મ** :- જે જીવને વિચિત્ર પર્યાયો વડે નમાવે છે - પરિણામ પમાડે છે તે નામ કર્મ છે.

જેમ હોંશિયાર ચિત્રકાર નિર્મલ અને અનિર્મલ નીલ, પીતાદિ વર્ણો વડે સારા અને નઠારા અનેક પ્રકારના રૂપ ચિત્રે છે તેમ નામ કર્મ જીવના વિવિધ શુભ (સારા) અશુભ (ખરાબ), ઇષ્ટ અને અનિષ્ટ અનેક પ્રકારે જીવના રૂપ કરે છે.

આ નામ કર્મના બે ભેદ છે. (૧) શુભ નામ કર્મ, (૨) અશુભ નામકર્મ.

(૧) **શુભ નામ કર્મ** :- તીર્થંકર નામ કર્મ આદિ શુભ નામ કર્મ છે. ઇષ્ટ કરે છે.

(૨) **અશુભ નામ કર્મ** :- અનાદેય (જેનું વચન ગ્રાહ્ય ન થાય) આદિ અશુભ નામ કર્મ છે. અનિષ્ટ કરે છે.

(૭) **ગોત્ર કર્મ** :- આ પૂજ્ય છે, અપૂજ્ય છે ઇત્યાદિ કથનરૂપ ગાં = વાણીને ત્રાયતે = રક્ષા કરે છે તે ગોત્ર કર્મ.

તેના બે ભેદ છે. (૧) ઉચ્ચગોત્ર (૨) નીચગોત્ર, **ઉચ્ચ ગોત્ર કર્મ** :- પૂજ્યપણાનું કારણ તે ઉચ્ચ ગોત્ર છે. **નીચગોત્ર કર્મ** :- અપૂજ્યપણાનું કારણ તે નીચ ગોત્ર છે.

(૮) **અંતરાય કર્મ** :- જીવને અર્થના સાધનના અંતરા = વચમાં જે એતિ = પડે છે તે અંતરાય કર્મ છે. આ અંતરાય કર્મના બે પ્રકાર છે.

(૧) પ્રત્યુત્પન્નાર્થ વિનાશક સ્વભાવ, (૨) લબ્ધવ્યાર્થનિરોધક અંતરાય.

(૧) **પ્રત્યુત્પન્નાર્થ વિનાશક સ્વભાવ** :- વર્તમાન સમયમાં મળેલ (દ્રવ્યાદિ) વસ્તુ જે કર્મ વડે નાશ કરાય છે તે પ્રત્યુત્પન્નવિનાશક અંતરાય કર્મ અથવા વર્તમાનમાં પ્રાપ્ત કરેલ વસ્તુને નાશ કરવાના સ્વભાવવાળું તે પ્રત્યુત્પન્નાર્થવિનાશી અંતરાય કર્મ છે.

(૨) **લબ્ધવ્ય અર્થ નિરોધક અંતરાય** :- ભવિષ્ય કાલમાં મેળવવા યોગ્ય વસ્તુના માર્ગને જે રોકે - અટકાવે તે લબ્ધવ્ય અર્થ નિરોધક અંતરાય.

આ આઠ પ્રકારના કર્મ મૂર્છાથી ઉત્પન્ન થાય છે. માટે હવે મૂર્છાનું સ્વરૂપ કહે છે.

મૂર્છા બે પ્રકારે છે. (૧) પ્રેમ પ્રત્યય, (૨) દ્વેષ પ્રત્યય.

મૂર્છા = મોહ સત્ અને અસત્‌ના વિવેક (પૃથક્કરણ) નો નાશ.

(૧) **પ્રેમ પ્રત્યય મૂર્છા :-** રાગના નિમિત્તે થનારી મૂર્છા તે પ્રેમ પ્રત્યય મૂર્છા. જે માયા અને લોભરૂપ છે.

(૨) **દ્વેષ પ્રત્યય મૂર્છા :-** દ્વેષના નિમિત્તે થનારી મૂર્છા તે દ્વેષ પ્રત્યય મૂર્છા જે ક્રોધ અને માનરૂપ છે.

**મૂર્છાથી ઉત્પન્ન થયેલ કર્મનો ક્ષય આરાધનાથી થાય છે. માટે હવે આરાધના કહે છે.**

**આરાધના :-** આરાધવું તે જ્ઞાનાદિ વસ્તુને અનુકૂલ વર્તવાપણું અર્થાત્ અતિચાર રહિત જ્ઞાનાદિની મર્યાદા વડે સેવા કરવી તે આરાધના છે.

આ આરાધના બે પ્રકારે છે. (૧) શ્રુત અને ચારિત્રરૂપ **ધર્મ આરાધના.** (૨) **કેવલી આરાધના.**

(૧) **ધર્મ આરાધના :-** (૧) શ્રુત ધર્મ આરાધના (૨) ચારિત્ર ધર્મ આરાધનાના ભેદથી બે પ્રકારે છે.

તે ધાર્મિકો - સાધુઓ, તેઓ સંબંધી જે ક્રિયા તે ધાર્મિકી, એવી જે આરાધના તે ધાર્મિક આરાધના.

આમાં વિષયના ભેદ વડે આરાધનાનો ભેદ કહેલ છે.

(૨) **કેવલી આરાધના :-** કેવલીઓની - જે શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને કેવલજ્ઞાની સંબંધી જે ક્રિયા તે કેવલિકી. એવી જે આરાધના તે કેવલી આરાધના.

આમાં ફલના ભેદથી આરાધનાનો ભેદ કહેલ છે.

આ બંને ભેદમાં અંત = ભવનો અંત. તેની જે ક્રિયા તે અંતક્રિયા. અર્થાત્ ભવનો છેદ - ભવનો નાશ. તેના કારણરૂપ જે આરાધના શૈલેશીરૂપ અર્થાત્ યોગનું રૂંધન તે ઉપચારથી અંતક્રિયા કહેવાય છે.

આ અન્તક્રિયા ક્ષાયિકજ્ઞાન હોતે છતે જ કેવલીઓને જ થાય છે.

તથા દેવલોકને વિષે પણ જ્યોતિષચક્રમાં નહી.

**વિમાન :-** દેવોના આવાસ વિશેષ (દેવોને રહેવાના સ્થાનરૂપ) વિમાનો, **અથવા** કલ્પ = સૌધર્માદિ બાર દેવલોક, વિમાનો = દેવલોકના ઉપર રહેલા ગ્રૈવેયક વિગેરે તે **કલ્પવિમાન.** આ કલ્પવિમાનોમાં જન્મ જે આરાધનાથી થાય તે કલ્પવિમાનોપપાતા જ્ઞાનાદિ આરાધના, શ્રુત કેવલી વગેરેને હોય છે. ॥૭૭॥

अथ त्रिस्थानकमाश्रित्य जीवधर्मानाह—

**नामस्थापनाद्रव्यभेदेन ज्ञानदर्शनचारित्रभेदेन देवासुरमनुष्यभेदेन चेन्द्रस्त्रिविधः ॥३८॥**

**नामेति**, नाम संज्ञा, ऐश्वर्यादिन्द्र इति यथार्थ इन्द्रेत्यक्षरात्मक इन्द्रो नामेन्द्रः, यद्वा सचेतनस्याचेतनस्य वा यस्येन्द्र इति नाम यथार्थ क्रियते स नामतद्वतोरभेदोपचारान्नामेन्द्रः । अथवा नाम्नैवेन्द्र इन्द्रार्थशून्यत्वान्नामेन्द्रः । नामलक्षणञ्च 'यद्वस्तुनोऽभिधानं स्थितमन्यार्थे तदर्थनिरपेक्षम् । पर्यायानभिधेयञ्च नाम यादृच्छिकञ्च तथा' इति । इन्द्राद्यभिप्रायेण स्थाप्यत इति स्थापना लेप्यादिकर्म सैवेन्द्रः स्थापनेन्द्रः, इन्द्रप्रतिमा साकारस्थापनेन्द्रः, अक्षादिन्यासस्त्वितरः, स्थापनालक्षणञ्च 'यत्तु तदर्थवियुक्तं तदभिप्रायेण यच्च तत्करणिः । लेप्यादिकर्म तत्स्थापनेति क्रियतेऽल्पकालञ्चे'ति । द्रव्यलक्षणन्तु 'भूतस्य भाविनो वा भावस्य हि कारणं तु यल्लोके तद्द्रव्यं तत्त्वज्ञैः सचेतनाचेतनं गदितम्' तथा 'अनुपयोगो द्रव्यमप्रधानञ्चे'ति । तत्तत्पर्यायगमनलक्षणं द्रव्यं तच्च भूतभावं भाविभावञ्च तथाविध इन्द्रो द्रव्येन्द्रः । स चाऽऽगमतो नोआगमतश्चेति द्विधा, ज्ञानापेक्षया तद्विपर्ययापेक्षयेति यावत्, इन्द्रशब्दाध्येताऽनुपयुक्तो द्रव्येन्द्रः प्रथमः । द्वितीयस्तु ज्ञशरीरभव्यशरीरतदुभयव्यतिरिक्तभेदात्त्रिविधः, इन्द्रपदार्थज्ञस्य यच्छरीरमात्मरहितं तदतीतकालानुभूततद्भावानुवृत्त्या सिद्धशिलातलादिगतमपि घृतघटादिन्यायेन नोआगमतो द्रव्येन्द्र इति, इन्द्रज्ञानकारणत्वादिन्द्रज्ञानशून्यत्वाच्च । भाविनीं वृत्तिमङ्गीकृत्येन्द्रोपयोगाधारं यच्छरीरं मधुघटादिन्यायेनैव तद्बालादिशरीरं भव्यशरीरद्रव्येन्द्र इन्द्रशब्दार्थज्ञानयोग्यत्वात् । तदुभयव्यतिरिक्तश्च भावेन्द्रकार्येष्वव्यापृतः, आगमतोऽनुपयुक्तद्रव्येन्द्रवत्, यच्छरीरमात्मद्रव्यं वाऽतीतभावेन्द्रपरिणामं तदपि तथा ज्ञशरीरद्रव्येन्द्रवत्, यश्च भावीन्द्रपर्यायशरीरयोग्यः पुद्गलराशिर्यच्च भावीन्द्रपर्यायमात्मद्रव्यं तदपि तथा भव्यशरीरद्रव्येन्द्रवत् । स चावस्थानभेदेन त्रिविधः, एकभविको बद्धायुष्कोऽभिमुखनामगोत्रश्चेति, योऽनन्तरभव एवेन्द्रतयोत्पत्स्यते स आद्यः, स चोत्कर्षतस्त्रीणि पल्योपमानि भवन्ति, देवकुर्वादिमिथुनकस्य भवनपत्यादीन्द्रतयोत्पत्तिसम्भवात् । स एवेन्द्रायुर्बन्धानन्तरं बद्धामायुरनेनेति बद्धायुरुच्यते, स चोत्कर्षतः पूर्वकोटीत्रिभागं यावत्, ततः परमायुष्कबन्धाभावात्, संमुखे जघन्योत्कर्षाभ्यां समयान्तर्मुहूर्त्तानन्तरभावितयेन्द्रसम्बन्धिनी नामगोत्रे यस्य सोऽभिमुखनामगोत्रः, तथा भावैश्वर्ययुक्ततीर्थकरादिभावेन्द्रापेक्षयाऽप्रधानत्वाच्छक्रादिरपि द्रव्येन्द्र एव, द्रव्यशब्दस्याप्रधानार्थेऽपि वृत्तेः । भावेन्द्रस्त्विह

त्रिस्थानकानुरोधान्नोक्तः, तल्लक्षणञ्च 'भावो विवक्षितक्रियानुभूतियुक्तो हि वै समाख्यातः । सर्वज्ञैरिन्द्रादिवदिहेन्दनादिक्रियानुभवात्' इति, स चाऽऽगमतो नोआगमतश्च द्विधा, इन्द्रज्ञानोपयुक्तो जीवो भावेन्द्रः, नन्विन्द्रोपयोगमात्रात् कथं तन्मयता, न ह्यग्निज्ञानोपयुक्तो माणवकोऽग्निरेव, तदर्थक्रियाऽप्रसाधकत्वादिति चेन्न, अभिप्रायापरिज्ञानात्, संवित् ज्ञानमवगमो भाव इत्यनर्थान्तरम्, तत्रार्थाभिधानप्रत्ययास्तुल्यनामधेया इति सर्ववादिनामविसंवादस्थानम्, यथा कोऽयम् ? घटः, किमयमाह ? घटशब्दम्, किमस्य ज्ञानम् ? घट इति । अग्निरिति च यज्ज्ञानं तदव्यतिरिक्तो ज्ञाता तल्लक्षणो गृह्यते, अन्यथा तज्ज्ञानेऽपि नोपलभेत, अतन्मयत्वात्, प्रदीपहस्तान्धवत्, पुरुषान्तरवद्वा । न चानाकारं तत्, पदार्थान्तरवद्विवक्षितपदार्थापरिच्छेदप्रसङ्गात् बन्धाद्यभावश्च ज्ञानाज्ञानसुखदुःखपरिणामान्यत्वात् । न चानलः सर्व एव दहनाद्यर्थक्रियाप्रसाधकः, भस्मच्छन्नाग्निना व्यभिचारादिति । इन्द्रनामगोत्रे कर्मणी देवयन् परमैश्वर्यभाजनं नोआगमतो भावेन्द्रः, इन्द्रव्यपदेशनिबन्धनतयेन्द्रपदार्थज्ञानस्याविवक्षितत्वात्, इन्दनक्रियाया एव विवक्षितत्वाच्च नात्र सर्वनिषेधवचनो नोशब्दः । स्थापनेन्द्र इन्द्राकारस्य लक्ष्यमाणत्वात्, तत्कर्तुः सद्भूतेन्द्राभिप्रायत्वात्, द्रष्टुस्तदाकारप्रत्ययेनेन्द्रप्रत्ययात् प्रणतिकृतधियः फलार्थिनस्तत्स्तुतिप्रवृत्तैः, तद्देवतानुग्रहात् फलप्राप्तेश्चास्य नामद्रव्येन्द्राभ्यां भेदः । द्रव्येन्द्रस्य च भावेन्द्रकारणताप्राप्तेः भाविभूतापेक्षया तदुपयोगवत्वाच्च नामस्थापनेन्द्राभ्यां भेदः । भावेन्द्रं त्रिस्थानकावतारेणाह-**ज्ञानेति,** ज्ञानस्य ज्ञाने वेन्द्रो ज्ञानेन्द्रः, अतिशयवच्छ्रुताद्यन्यतरज्ञानवशविवेचितवस्तुविस्तरः केवली वा, दर्शनेन्द्रः क्षायिकसम्यग्दर्शनी, चारित्रेन्द्रो यथाख्यातचारित्रः । एतेषां च सकलभावप्रधानक्षायिकेन भावेन, विवक्षितक्षायोपशमिकलक्षणेन वा परमार्थतो वेन्द्रत्वात्, अन्यसकलसंसार्यप्राप्ता पूर्वगुणलक्ष्मीलक्षपरमैश्वर्ययुक्तत्वाद्भावेन्द्रताऽवसेया । अथ बाह्येश्वर्यापेक्षया प्राह-**देवेति,** देवाः वैमानिका ज्योतिष्कवैमानिका वा रूढेः, असुरा भवनपतिविशेषा भवनपतिव्यन्तरा वा सुरपर्युदासात्, मनुजेन्द्रश्चक्रवर्त्यादिरिति ॥३८॥

હવે ત્રણ સ્થાનને આશ્રયીને જીવના ધર્મોને કહે છે.

ત્રણ પ્રકારના ઇન્દ્રો કહ્યા છે. (૧) નામ વડે ઇન્દ્ર તે નામેન્દ્ર, (૨) ઇન્દ્રની પ્રતિમા તે સ્થાપના ઇન્દ્ર, (૩) ભવિષ્યમાં જે થનાર ઇન્દ્ર તે દ્રવ્ય ઇન્દ્ર છે.

**નામ :-** નામ એટલે સંજ્ઞા. इंदनात् = ઐશ્વર્યથી જે ઇન્દ્ર તે નામ તે જ યથાર્થ ઇન્દ્ર નામ કહેવાય છે.

'ઇન્દ્ર' એવું અક્ષરાત્મક લખેલું (કોઇ સ્થળે પત્રાદિમાં ઇન્દ્ર શબ્દની અક્ષર પંક્તિ) તે નામ ઇન્દ્ર.

**અથવા** સચેતન કે અચેતન વસ્તુનું ઇન્દ્ર એવું નામ યથાર્થ કરાય છે તે - નામ અને નામવાળાના અભેદ ઉપચારથી નામથી જે ઇન્દ્ર તે નામ ઇન્દ્ર. **અથવા** ઇન્દ્રનો જે અર્થ ઐશ્વર્ય તે અર્થથી રહિત માત્ર નામથી જ ઇન્દ્ર તે નામ ઇન્દ્ર છે.

નામના લક્ષણનો શ્લોક :-

यद्वस्तुनोऽभिधानं स्थितमन्यार्थे तदर्थनिरपेक्षम् ।
पर्यायानभिधेयश्च नाम याद्दच्छिकश्च तथा ॥इति॥

જે વસ્તુનું નામ દા.ત. ઐશ્વર્યથી ઇન્દ્ર એવું યથાર્થ નામ,

અયથાર્થ ગોપાળ આદિમાં 'ઇન્દ્ર' ઇત્યાદિ સ્થાપેલું નામ,

(અહીં ગોપાળ આદિમાં તે અર્થ ન હોવાથી ફક્ત નામથી જ ઇન્દ્ર)

વસ્તુના પર્યાયો કહેવા, દા.ત. ઇન્દ્ર શબ્દના પર્યાયો શક્ર, પુરંદર વિગેરે અર્થાત્ યથાર્થપણે બીજે સ્થળે શક્ર વગેરે (દેવેન્દ્રો) માં જ (ખરા અર્થથી) રહેલું છે.

યાદચ્છિક = અર્થ વગરનું 'ડિત્થ' આદિ જે નામ તે નામ કહેવાય છે.

**સ્થાપના :-** ઇન્દ્રાદિના અભિપ્રાયથી જે સ્થાપના કરાય છે તે સ્થાપના લેપ્યાદિકર્મ (ચિત્ર આદિ, માટી વિગેરેથી બનાવેલ) જે ઇન્દ્ર તે જ સ્થાપના ઇન્દ્ર.

ઇન્દ્રની પ્રતિમા - ઇન્દ્રના આકાર સહિત તે સ્થાપના ઇન્દ્ર અને ઇન્દ્રના આકાર રહિત જે અક્ષ વગેરેનું સ્થાપન કરવું તે (થોડા કાલની) સ્થાપના.

**સ્થાપનાનું લક્ષણ :-**

यत्तु तदर्थवियुक्तं तदभिप्रायेण यच्च तत्करणि ।
लेप्यादि कर्म तत् स्थापनेति क्रियतेऽल्पकालं च ॥

જે (ઇન્દ્રાદિ શબ્દ તેના પર્યાયો - શક્ર, પુરંદર વગેરેથી ન કહેવાય) ના અર્થથી રહિત અને સદ્ભૂત ઇન્દ્રાદિના આશય વડે તેની આકૃતિ જે લેપ્યાદિ કર્મરૂપ તે સ્થાપના અલ્પકાલ પર્યંત કરાય છે.

**દ્રવ્ય દ્રવ્યનું લક્ષણ :-**

भूतस्य भाविनो वा भावस्य हि कारणं तु यल्लोके ।
तद् द्रव्यं तत्त्वज्ञैः सचेतनाचेतनं गदितम् ॥

લોકમાં જે ભૂતકાળના કે ભાવિના પર્યાયો ભાવના કારણ છે તેને સચેતન, અચેતનને તત્ત્વના જાણકારોએ દ્રવ્ય કહ્યું છે.

ઘીનો ઘડો ખાલી છતાં પણ ઘીનો જ ઘડો કહેવાય છે તે ભૂત પર્યાય અને રાજકુમાર જે ભવિષ્યમાં રાજા થનાર છે તે ભાવિ પર્યાય. લોકમાં જે કહેવાય છે તે તત્ત્વના જાણનારાઓએ સચેતન અથવા અચેતન વસ્તુને દ્રવ્ય કહેલ છે.

તથા ઉપયોગ રહિત અને અપ્રધાન તે દ્રવ્ય. તે તે પર્યાયોને પ્રાપ્ત કરવું આવું દ્રવ્યનું લક્ષણ છે. અને તે ભાવિભાવ રૂપ પર્યાય તથા ભૂતભાવરૂપ પર્યાયને યોગ્ય જે હોય તે દ્રવ્ય કહેવાય છે. તેવા પ્રકારનો જે ઇન્દ્ર તે દ્રવ્ય ઇન્દ્ર છે.

તે દ્રવ્યેન્દ્ર બે પ્રકારે છે. (૧) આગમથી અને (૨) નો આગમથી.

**(૧) આગમથી દ્રવ્યેન્દ્ર :-** આગમને ચોક્કસ સ્વીકારીને, જ્ઞાનની અપેક્ષાએ આગમથી ઇન્દ્ર શબ્દને જાણનાર પણ ઉપયોગ રહિત તે આગમથી દ્રવ્યેન્દ્ર.

**(૨) નો આગમથી દ્રવ્યેન્દ્ર :-** આગમને ચોક્કસ નહીં સ્વીકારીને, જ્ઞાનની અપેક્ષાથી વિપરીત અપેક્ષાએ. નો આગમથી દ્રવ્યેન્દ્ર ત્રણ પ્રકારે છે.

(૧) જ્ઞ શરીર દ્રવ્યેન્દ્ર (૨) ભવ્યશરીર દ્રવ્યેન્દ્ર (૩) જ્ઞ શરીર ભવ્યશરીર તદ્વ્યતિરિક્ત દ્રવ્યેન્દ્ર.

**(૧) જ્ઞશરીર દ્રવ્યેન્દ્ર :-** જાણનારનું શરીર તે જ્ઞશરીર.

ઇન્દ્ર પદાર્થના જાણનારનું જીવ રહિત જે શરીર, તે અતીત કાલમાં (જે શરીર વડે) અનુભવેલ પદાર્થના જ્ઞાનની અનુવૃત્તિ વડે, જે શિલાદિ ઉપર અનશન કરીને જે મુનિ સિદ્ધ થાય છે તે સિદ્ધશિલા કહેવાય છે, તે ઉપર રહેલ - સિદ્ધ થયેલ મુનિનું શરીર પણ ઘૃત ઘટાદિ ન્યાય વડે નો આગમથી દ્રવ્યેન્દ્ર કહેવાય છે. કારણ કે શરીરમાં ઇન્દ્ર શબ્દના જ્ઞાનનું કારણપણું હોય છે અને ઇન્દ્રના જ્ઞાનનું શૂન્યપણું હોય છે.

નો આગમ શબ્દમાં 'નો' શબ્દ સર્વથા નિષેધવાચક છે.

**(૨) ભવ્ય શરીર દ્રવ્યેન્દ્ર :-** ભવિષ્ય સંબંધી વૃત્તિને સ્વીકારીને ઇન્દ્ર (શબ્દાર્થ) ના ઉપયોગનું આધારપણું હોવાથી મધુઘટ અર્થાત્ વર્તમાનમાં ઘડો ખાલી છે છતાં ભવિષ્યમાં મધ ભરવામાં આવશે તે મધુનો ઘડો કહેવાય છે. ઇત્યાદિ ન્યાયથી જ જે બાલાદિ અવસ્થા સહિત શરીર તે ભવ્યશરીર દ્રવ્યેન્દ્ર.

ભવ્ય = યોગ્ય. જે ઇન્દ્રશબ્દના અર્થને વર્તમાનમાં જ્યાં સુધી નથી જાણતો, પરંતુ ભવિષ્યમાં જાણશે તેનું શરીર તે ભવ્ય શરીર. તે જ દ્રવ્યેન્દ્ર અર્થાત્ ભવ્યશરીર દ્રવ્યેન્દ્ર.

અહીં પણ 'નો' શબ્દનો અર્થ સર્વથા નિષેધ વાચક છે.

**(૩) જ્ઞશરીર ભવ્યશરીર તદ્વ્યતિરિક્ત દ્રવ્યેન્દ્ર :-** જ્ઞ શરીર = જાણકારનું શરીર, ભવ્ય શરીર = જાણનારનું શરીર આ બંનેથી જુદુ, તે તદ્વ્યતિરિક્ત એવો દ્રવ્યેન્દ્ર.

આગમથી ઉપયોગ રહિત તે દ્રવ્યેન્દ્ર તેની જેમ ભાવેન્દ્રના કાર્યો (ક્રિયાઓ) માં પ્રવૃત્તિ રહિત. તથા અતીત કાલમાં (થયેલ) ભાવેન્દ્રના પરિણામ (પરંતુ વર્તમાન ક્ષણમાં તેવા પરિણામથી શૂન્ય) એવું જેનું શરીર અથવા આત્મ દ્રવ્ય તે તદુભય વ્યતિરિક્ત દ્રવ્યેન્દ્ર. જ્ઞશરીર દ્રવ્યેન્દ્રની માફક જાણવું.

વળી જે ભવિષ્યમાં ઇન્દ્ર પર્યાયને યોગ્ય પુદ્‌ગલની રાશિ, અને જે ભવિષ્યમાં ઇન્દ્ર પર્યાયને પ્રાપ્ત થનાર જે આત્મદ્રવ્ય તે તદુભયવ્યતિરિક્ત દ્રવ્યેન્દ્ર. ભવ્યશરીર દ્રવ્યેન્દ્રની માફક જાણવું.

તે ભાવીન્દ્ર પર્યાય યોગ્ય દ્રવ્યેન્દ્ર અવસ્થાના ભેદથી ત્રણ પ્રકારે છે. (૧) એક ભવિક, (૨) બદ્ધાયુષ્ક, (૩) અભિમુખનામ ગોત્રરૂપ. તેમાં

(૧) **એક ભવિક** :- એક તે જ ભવ ગયે છતે અર્થાત્ જે અનંતર (આના પછીના તરતના) ભવમાં જ ઇન્દ્ર પણે ઉત્પન્ન થશે. તે એક ભવિક. તે એક ભવિક ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ પર્યંતના આયુષ્યવાળા હોય છે. દેવકુરૂ વગેરેના યુગલિકને ભવનપતિ વગેરેના ઇન્દ્રપણાને ઉત્પન્ન થવાનો સંભવ છે માટે.

(૨) **બદ્ધાયુષ્ક** :- વળી એક ભવિક જ ઇન્દ્રના આયુષ્યને બાંધ્યા પછી, અમુક આયુષ્ય બાંધ્યું માટે '**બદ્ધાયુ**' કહેવાય છે.

કારણ કે આગળ આ કાલ વિશેષથી (વધારે કાલ પર્યન્ત) આયુષ્યના બંધનો અભાવ હોવાથી તે ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વના ત્રીજા ભાગ પર્યંત હોય છે.

(૩) **અભિમુખ નામ ગોત્ર** :- અભિમુખ = સન્મુખ. સન્મુખ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પછી ભાવીપણાએ ઇન્દ્ર સંબંધી નામ અને ગોત્ર જેને છે તે અભિમુખનામ ગોત્ર.

તથા ભાવ ઐશ્વર્યથી યુક્ત તીર્થંકરાદિ ભાવેન્દ્રની અપેક્ષાએ, અપ્રધાનપણાથી શક્ર વગેરે (ઇન્દ્રો) પણ દ્રવ્યેન્દ્ર જ છે. દ્રવ્ય શબ્દની 'અપ્રધાન' અર્થમાં પણ પ્રવૃત્તિ છે.

ભાવેન્દ્ર તો અહીં ત્રણ સ્થાનકના અનુરોધથી કહ્યા નથી. તેનું લક્ષણ :- આ ભાવ ઐશ્વર્યની ક્રિયાના અનુભવ લક્ષણના પરિણામને આશ્રયીને અથવા ઐશ્વર્યના પરિણામ વડે ઇન્દ્ર થાય છે તે ભાવ અને ભાવ એવો જે ઇન્દ્ર તે ભાવેન્દ્ર.

કહ્યું છે. भावो विवक्षित क्रियाऽनुभूतियुक्तो हि वै समाख्यातः ।
सर्वज्ञैरिन्द्रादिवदिहेन्दनादि क्रियानुभवात् ॥

વિવક્ષિત ક્રિયાની અનુભૂતિ યુક્ત સર્વજ્ઞો વડે તે ભાવ કહેલ છે. જેમ ઐશ્વર્ય આદિ ક્રિયાની અનુભૂતિથી ઇન્દ્ર એ ભાવેન્દ્ર કહેવાય છે.

૧. આયુષ્યનો બંધ વર્તમાન ભવના ત્રીજા ભાગે પડે છે. તેથી આગળ આયુષ્યનો બંધ પડે નહીં. ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રોડ પૂર્વનું હોય, તેથી વિશેષ આયુષ્યવાળા મનુષ્ય તિર્યંચો નિરૂપક્રમ આયુષ્યવાળા યુગલિક હોય છે. તેના આયુષ્યનો બંધ છ માસ શેષ આયુષ્ય હોય ત્યારે પડે છે.

તે ભાવેન્દ્ર બે પ્રકારે છે. (૧) આગમથી (૨) નો આગમથી.

**આગમથી ભાવેન્દ્ર :-** ઇન્દ્ર શબ્દના જ્ઞાનના ઉપયોગ સહિત જે જીવ તે **ભાવેન્દ્ર.**

**પ્રશ્ન :-** ઇન્દ્રના ઉપયોગ માત્રથી ભાવેન્દ્રમયપણું કેમ જણાય છે ?

કારણ કે અગ્નિના જ્ઞાનના ઉપયોગવાળો માણવક અગ્નિ ન કહેવાય કેમ કે માણવકમાં દહન (બાળવું), પચન (પકાવવું) અને પ્રકાશ વગેરે અર્થક્રિયાના સાધકપણાનો અભાવ છે. અગ્નિની જેમ માણવક બાળતો નથી, પકાવતો નથી, પ્રકાશ આપતો નથી.

**જવાબ :-** એમ કહેવું યોગ્ય નથી. કારણ કે અભિપ્રાય, આશય જાણ્યો નથી. સંવિત્, જ્ઞાન, અવગમ, અને ભાવ આ બધા શબ્દો એકાર્થવાચક છે. પદાર્થ, શબ્દ અને જ્ઞાન આ ત્રણે તુલ્યમાનવાળા છે. ઘટ પદાર્થનું નામ ઘટ છે. ઘટ શબ્દનું નામ ઘટ છે. ઘટ જ્ઞાનનું નામ પણ ઘટ છે. માટે સર્વદર્શનવાળાઓને વિસંવાદનું સ્થાન નથી અર્થાત્ સર્વસંમત છે. જેમ આ શું છે ? ઘડો. આ પદાર્થ કોણ છે ? ઘડો. આ શું કહે છે ? ઘટ શબ્દને.

આનું શું જ્ઞાન ? ઘડો છે.

અગ્નિ એ જે જ્ઞાન, તેનો જાણનાર અભિન્ન છે.

તે જ્ઞાતાનું (જાણનારનું) અગ્નિના ઉપયોગરૂપ લક્ષણ ગ્રહણ કરાય છે. અન્યથા (નહીં તો) જ્ઞાન ને જ્ઞાતા જુદા માનો તો અગ્નિનું જ્ઞાન છતે પણ જ્ઞાતા નહીં જાણી શકે. કારણ કે હાથમાં દીવો છે અને આંધળો છે એટલે દીવાવાળા આંધળાની જેમ અથવા બીજા પુરૂષની જેમ તન્મયપણું નથી.

વળી જ્ઞાન, જ્ઞાતાથી જો ભિન્ન હોય તો આત્માને બંધ વિગેરેનો અભાવ થાય.

જ્ઞાન અનાકાર નહીં કહેવાય. કારણ કે અન્ય પદાર્થની જેમ વિવક્ષિત પદાર્થને જાણવાના અભાવનો પ્રસંગ હોય છે.

વળી જ્ઞાન, જ્ઞાતાથી જો ભિન્ન હોય તો જેમ જ્ઞાન, અજ્ઞાન, સુખ અને દુઃખ વગેરે પરિણામથી ભિન્ન હોવાથી (જેમ આકાશને બંધ વગેરે થતા નથી) આત્માને બંધ વગેરે નહીં થાય.

બધા ય અગ્નિ દહનાદિ અર્થક્રિયાના સાધક થતા નથી. કારણ કે ભસ્મથી ઢાંકેલ અગ્નિ વડે વ્યભિચાર દોષ આવે છે. અર્થાત્ આચ્છાદિત અગ્નિ બાળતો નથી.

**નો આગમથી ભાવેન્દ્ર :-** ઇન્દ્રના નામકર્મ અને ગોત્રકર્મને અનુભવતો થકો પરમ ઐશ્વર્યનું પાત્ર છે. કારણ કે 'નો' શબ્દ અહીં સર્વથા નિષેધાત્મક નથી. તે કારણથી તેમાં ઇન્દ્રપદાર્થનું જ્ઞાન, ઇન્દ્રના વ્યવહારના સંબંધ વડે વિવક્ષિત નથી. ઇન્દ્રની ક્રિયાની જ વિવક્ષા હોવાથી અથવા તથાવિધ જ્ઞાન અને ક્રિયા સહિત જે પરિણામ તે કેવળ આગમ જ નહીં, તેમ કેવળ અનાગમ પણ નહીં.

આ કારણથી મિશ્ર વચનપણાથી 'નો' શબ્દને નો આગમથી કહેવાય છે. (અહીં 'નો' શબ્દ દેશ નિષેધ વાચક છે)

**શંકા :-** નામ, સ્થાપના, અને દ્રવ્યને વિષે ઇન્દ્ર એવું નામ અને દ્રવ્યપણું સમાન વર્તે છે. કારણ કે વિવક્ષિત ભાવથી શૂન્ય હોય છે. માટે તે નામાદિમાં શું વિશેષ છે ?

**સમાધાન :-** જેવી રીતે સ્થાપના ઇન્દ્રમાં ચોક્કસ ઇન્દ્રનો આકાર જોવાય છે, તથા સ્થાપના કરનારનો સદ્ભૂત ઇન્દ્ર સંબંધી અભિપ્રાય હોય છે. વળી જોનારને ઇન્દ્રનો આકાર જોવાથી ઇન્દ્રનો નિર્ણય થાય - વિશ્વાસ થાય છે, વળી નમસ્કાર કરવાની બુદ્ધિવાળા અને ફળની ઇચ્છાવાળા જીવો સ્તુતિ કરવા માટે પ્રવર્તે છે અને કેટલાક દેવતાના અનુગ્રહથી ફલ પામે છે. નામેન્દ્ર અને દ્રવ્યેન્દ્રને વિષે તેવું કાંઇ જણાતું નથી. માટે નામેન્દ્ર અને દ્રવ્યેન્દ્રથી સ્થાપનાનો ભેદ છે.

જેમ સ્થાપના ઇન્દ્રમાં આકાર, અભિપ્રાય - બુદ્ધિ, ક્રિયા અને ફળ પ્રાયઃ જણાય છે તેમ નામ ઇન્દ્ર અને દ્રવ્ય ઇન્દ્રમાં જણાતું નથી.

જેમ દ્રવ્યેન્દ્ર ભાવેન્દ્રના કારણપણાને પામે છે તથા ઉપયોગથી અપેક્ષામાં પણ તે ભાવેન્દ્રની ઉપયોગીતાને પામે છે અને ભાવેન્દ્રની ઉપયોગતાને પ્રાપ્ત કરેલ છે તેમ નામ અને સ્થાપના ઇન્દ્ર પ્રાપ્ત કરતા નથી. દ્રવ્યેન્દ્રમાં આ વિશેષ છે.

જેમ દ્રવ્ય ભાવનું કારણ છે અને ઉપયોગ અને પરિણતમય જે ભાવ તે દ્રવ્યનો પર્યાય છે, તેમ નામ અને સ્થાપના ભૂત અને ભવિષ્યમાં પર્યાય થતા નથી.

નામ, સ્થાપના અને દ્રવ્યેન્દ્ર કહ્યા. હવે ભાવેન્દ્રને ત્રણ સ્થાનકના અવતાર વડે કહે છે.

(૧) જ્ઞાનેન્દ્ર (૨) દર્શનેન્દ્ર (૩) ચારિત્રેન્દ્ર

(૧) **જ્ઞાનેન્દ્ર :-** જ્ઞાન વડે, જ્ઞાનના અથવા જ્ઞાન વિષે જે ઇન્દ્ર - જે પરમેશ્વર તે જ્ઞાનેન્દ્ર. અર્થાત્ અતિશયવાન્ શ્રુત વગેરે કોઇ પણ જ્ઞાનાધીનના વશથી વિવેચન કરેલ વસ્તુના વિસ્તારવાળા તે જ્ઞાનેન્દ્ર. અથવા કેવલી તે જ્ઞાનેન્દ્ર.

(૨) **દર્શનેન્દ્ર :-** એવી રીતે જે ક્ષાયિક સમ્યગ્ દર્શનવાળા તે દર્શનેન્દ્ર.

(૩) **ચારિત્રેન્દ્ર :-** યથાખ્યાત ચારિત્રવાળા તે ચારિત્રેન્દ્ર.

આ બધાનું સર્વ ભાવમાં શ્રેષ્ઠ ક્ષાયિક લક્ષણ ભાવ વડે અથવા વિવક્ષિત ક્ષાયોપશમિક લક્ષણ વડે અથવા ભાવતઃ પરમાર્થથી ઇન્દ્રપણું હોવાથી સર્વ સંસારી જીવો વડે ભૂતકાલમાં નહીં પ્રાપ્ત કરાયેલ ગુણરૂપ લક્ષ્મીસ્વરૂપ પરમૈશ્વર્ય યુક્ત હોવાથી ભાવેન્દ્રપણું જાણવું.

આધ્યાત્મિક ઐશ્વર્યની અપેક્ષાએ ભાવેન્દ્રના ત્રણ પ્રકાર કહ્યા. હવે બાહ્ય ઐશ્વર્યની અપેક્ષાએ ભાવેન્દ્ર ત્રણ પ્રકારે કહે છે.

(૧) દેવેન્દ્ર (૨) અસુરેન્દ્ર (૩) મનુષ્યેન્દ્ર

(૧) **દેવેન્દ્ર** :- દેવો - વૈમાનિકો અથવા જ્યોતિષ્કો અને વૈમાનિકો, રૂઢિથી સમજવા.

(૨) **અસુરેન્દ્ર** :- રૂઢિથી અસુરા - ભવનપતિ વિશેષો અથવા ભવનપતિ અને વ્યંતરો. સુરનો નિષેધ કરવાથી અર્થાત્ સુર નહીં તે અસુર.

(અહીં નઞ્તત્પુરૂષ સમાસ પર્યુદાસ વિધિથી છે પરંતુ પ્રસજ્ય પ્રતિષેધ વિધિથી નિષેધ નથી.)

(૩) **મનુષ્યેન્દ્ર** :- ચક્રવર્તી વગેરે મનુષ્યેન્દ્ર છે.

દેવેન્દ્ર, અસુરેન્દ્ર અને મનુષ્યેન્દ્ર આ ત્રણે ઈન્દ્રોની વૈક્રિય કરવા વગેરેની શક્તિ હોવાથી ઈન્દ્રપણું છે. આ કારણથી વિકુર્વણાનું નિરૂપણ કરતા કહે છે... ॥૩૮॥

ऐवेन्द्रादीनां त्रयाणां वैक्रियकरणादिशक्तियुक्ततयेन्द्रत्वमिति विकुर्वणामाह-

**बाह्याभ्यन्तरतदुभयपुद्गलान् पर्यादायापर्यादायोभयथा वा विकुर्वणा, एकेन्द्रियवर्जा नारकादयः कत्यकत्यवक्तव्यकसञ्चिताः ॥३९॥**

**बाह्येति**, भवधारणीयशरीरानवगाढक्षेत्रप्रदेशवर्त्तिनो वैक्रियसमुद्घातेन बाह्यान् पुद्गलान् गृहीत्वैका विकुर्वणा क्रियते, या तु भवधारणीयरूपैव साऽपर्यादाय विकुर्वणा, यत्तु भवधारणीयस्यैव किञ्चिद्विशेषापादनं सा पर्यादायाप्यपर्यादायापीति तृतीया व्यपदिश्यते । यद्वा विकुर्वणा विभूषणं तत्र बाह्यपुद्गलानादायाभरणादीन्, अपर्यादाय केशनखसमारचनादिना, उभयतस्तूभयथेति । आभ्यन्तरान् पुद्गलान् पर्यादाय विकुर्वणा भवधारणीयेनौदारिकेण वा शरीरेण ये क्षेत्रप्रदेशा अवगाढास्तेष्वेव ये वर्त्तन्ते तेऽभ्यन्तरपुद्गला इति, तानपर्यादाय विकुर्वणा द्वितीया, उभयथेति तृतीया । भूषापक्षे निष्ठीवनादय आभ्यन्तरपुद्गला इति । तदुभयपुद्गलान् पर्यादायापर्यादायोभयथेति त्रैविध्यम्, उभयेषामुपादानाद्भवधारणीयनिष्पादनं तदनन्तरं तस्यैव केशादिरचनञ्च, अनादानाच्चिरविकुर्वितस्यैव भुखादिविकारकरणम्, उभयतस्तु बाह्याभ्यन्तराणामनभिमतानामादानतोऽन्येषाञ्चानादानतोऽनिष्टरूपभवधारणीयेतररचनमिति । विकुर्वणा चेवं नारकाणामपि भवत्यतो नारकाश्रयेणाह-**एकेन्द्रियवर्जा** इति, एकेन्द्रियेषु प्रतिसमयमसंख्याता अनन्ता वाऽकतिशब्दवाच्या एवोत्पद्यन्ते न त्वेकः संख्याता वा, अतस्तद्वर्जनम्, नारकादीत्यादिना चतुर्विंशतिदण्डकोक्ता वाच्याः, तत्र नारकाः इति-संख्याता एकैकसमये ये उत्पन्नाः सन्तः सञ्चिताः-कत्युत्पत्तिसाधर्म्याद् बुद्धया राशीकृता ते कतिसञ्चिताः । एकैकसमयेऽसंख्याता उत्पन्नाः सन्तस्तथैव सञ्चितास्तेऽकतिसञ्चिताः, यः परिणामविशेषो न कति नाप्यकतीति शक्यते वक्तुं सोऽवक्तव्यकः, स चैक इति तत्सञ्चिता

अवक्तव्यकसञ्चिताः समये समये एकतयोत्पन्ना इत्यर्थः, उत्पद्यन्ते हि नारका एकसमये एकादयोऽसंख्येयान्ता इति ॥३९॥

ત્રણ પ્રકારે વિકુર્વણા છે.

(૧) બહારના પુદ્ગલોને વૈક્રિય સમુદ્‌ઘાત વડે ગ્રહણ કરીને વિકુર્વણા કરે.

(૨) બહારના પુદ્ગલોને ગ્રહણ નહીં કરીને વિકુર્વણા કરે.

(૩) બહારના પુદ્ગલોને ગ્રહણ કરીને અને ગ્રહણ ન કરીને પણ ઊભય રીતે વિકુર્વણા કરે.

(૧) ભવધારણીય (મૂલ) શરીરને અવગાહીને નહીં પ્રાપ્ત થયેલ (સ્પર્શીને નહીં રહેલ) બહારના ક્ષેત્ર પ્રદેશમાં રહેલા બાહ્ય પુદ્ગલોને વૈક્રિય સમુદ્‌ઘાત વડે ગ્રહણ કરીને જે વિકુર્વણા (ઉત્તર વૈક્રિય રૂપ વિકુર્વણા) કરાય છે તે પહેલી વિકુર્વણા છે.

(૨) બાહ્ય પુદ્ગલોને ગ્રહણ નહી કરીને જે કરાય છે તે ભવધારણીયરૂપ (સ્વાભાવિકી) બીજી વિકુર્વણા છે.

(૩) બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને પણ તેમ જ નહીં ગ્રહણ કરીને પણ વળી જે ભવધારણીય શરીરને કંઇક વિશેષ કરવારૂપ કરાય છે તે ત્રીજી વિકુર્વણા છે.

અથવા વિકુર્વણા = શોભા કરવી. તેમાં

(૧) બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને આભરણ વગેરેની શોભા કરવી.

(૨) બાહ્ય પુદ્ગલોને ગ્રહણ ન કરીને કેશ, નખની સુંદર રચનાદિ વડે શોભા કરવી.

(૩) ઊભયથી બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને તે જ ગ્રહણ નહીં કરીને પણ જે શોભા કરવી તે **અથવા** ગ્રહણ નહીં કરીને કાકીડો અને સર્પ વગેરેની રક્તતા - રાતાપણું અને ફણા વગેરે કરવારૂપ વિકુર્વણા કરવી.

વળી ત્રણ પ્રકારે વિકુર્વણા છે.

(૧) અભ્યન્તર પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરે.

(૨) અભ્યન્તર પુદ્ગલોને ગ્રહણ નહીં કરીને વિકુર્વણા કરે.

(૩) અભ્યન્તર પુદ્ગલોને ગ્રહણ કરીને અને ગ્રહણ નહીં કરીને વિકુર્વણા કરે.

અભ્યન્તર પુદ્ગલો = ભવ ધારણીય - મૂલ શરીર વડે અથવા ઔદારિક શરીર વડે જે અવગાહેલા ક્ષેત્ર પ્રદેશો છે તેઓને વિષે જ જે વર્ત્તે છે અર્થાત્ મૂળ શરીર કે ઔદારિક શરીરથી જે ક્ષેત્ર પ્રદેશો અવગાહેલા છે ત્યાં જ રહેલા છે તે અભ્યંતર પુદ્ગલો જાણવા.

હવે વિકુર્વણા = શોભા, વિભૂષા અર્થમાં તો થૂંકવું વગેરે અભ્યન્તર પુદ્ગલો જાણવા.

વળી ત્રણ પ્રકારે વિકુર્વણા છે.

(૧) બાહ્ય અને અભ્યન્તર બંને પુદ્ગલોને ગ્રહણ કરીને

(૨) બાહ્ય અને અભ્યન્તર ઊભય પુદ્ગલોને ગ્રહણ નહીં કરીને

(૩) બાહ્ય અને અભ્યન્તર ઉભય પુદ્ગલોને ગ્રહણ કરીને તેમ જ નહીં ગ્રહણ કરીને વિકુર્વણા કરે.

(૧) બાહ્ય અને અભ્યન્તર ઉભય પુદ્ગલોને ગ્રહણ કરવાથી ભવધારણીય શરીરની રચના કરવી, ત્યાર બાદ ભવધારણીય શરીરનું જ કેશ વગેરેનું રચવું થાય છે.

(૨) બાહ્ય અને અભ્યન્તર બંને પુદ્ગલોને નહીં ગ્રહણ કરવાથી ઘણા વખતથી વિકુર્વણા કરાયેલ શરીરનાં જ મુખ વગેરેનું વિકૃતિ - વિકાર કરવારૂપ વિકુર્વણા.

(૩) બાહ્ય અને અભ્યન્તર ઉભય પુદ્ગલોને ગ્રહણ કરીને અને ગ્રહણ ન કરીને અનિષ્ટ બાહ્ય - અભ્યન્તર પુદ્ગલોનું ગ્રહણ કરવાથી અને ઈષ્ટ બાહ્ય - અભ્યન્તર પુદ્ગલોનું ગ્રહણ ન કરવાથી ભવધારણીય શરીરથી જુદું અનિષ્ટરૂપ રચવું.

હમણાં જ વિકુર્વણા કહી. તે નારકોને પણ હોય છે. તેથી નારકોનું નિરૂપણ કરતા કહે છે.

નારકો ત્રણ પ્રકારે છે.

(૧) કતિ સંચિત (૨) અકતિસંચિત (૩) અવક્તવ્યક સંચિત

(૧) **કતિ સંચિત નારકો :-** એક સમયમાં કેટલા - સંખ્યાતા ઉત્પન્ન થયેલા તે કતિ સંચિત.

સંખ્યાને કહેનાર 'કતિ' શબ્દથી બે, ત્રણ, વગેરે સંખ્યાવાળા કહેવાય છે.

આ 'કતિ' શબ્દ બીજે સ્થળે પ્રશ્ન વિશિષ્ટ સંખ્યાના વાચકપણે રૂઢ છે તો પણ અહીં સંખ્યા માત્રમાં જ જાણવો.

સંચિત = કેટલાક ઉત્પત્તિની સમાનતાથી બુદ્ધિ વડે એકત્રિત કરેલા.

**કતિ સંચિત :-** એક સમયે એક સાથે સંખ્યાતા ઉત્પન્ન થયેલા નારકો તે કતિ સંચિત છે.

**અકતિ સંચિત :-** એક એક સમયે અસંખ્યાતા ઉત્પન્ન થયા થકા એકત્ર કરેલા તે અકતિ સંચિત છે.

**અવક્તવ્યક સંચિત :-** જે પરિણામ વિશેષ કતિ - સંખ્યાત અને અકતિ = અસંખ્યાત કે અનંત એમ નિર્ણય કરવાને શક્ય નથી તે અવક્તવ્યક. તે એક એવી રીતે એક વડે જે સંચિત એટલે એકત્રિત કરાયેલ તે અવક્તવ્યક સંચિત.

બે થી લઈને સંખ્યાત સુધીની સંખ્યાને કતિ કહે છે.

અસંખ્યાત અને અનંતને અકતિ કહે છે.

એકને અવ્યક્તવ્યક કહે છે.

કોઈ પણ સંખ્યા સાથે એકનો ગુણાકાર કે ભાગાકાર કરવામાં આવે તો તેમાં કાંઇ ફેરફાર થતો નથી આથી તે 'એક' સંખ્યા નથી પરંતુ સંખ્યાનું મૂળ છે તેથી તેને અવક્તવ્યક કહે છે.

સમયે સમયે એક પણે ઉત્પન્ન થયેલ તે નારકો અવક્તવ્યક છે. નારકો એક સમયમાં એક બે, સંખ્યાત વિગેરેથી લઈને અસંખ્યાત પર્યંત જ ઉત્પન્ન થાય છે.

એકેન્દ્રિયોમાં પ્રતિ સમય અસંખ્યાત કે અનંતા ઉત્પન્ન થાય છે તેથી 'અકતિ' શબ્દથી જ વાચ્ય છે એટલે કે અકતિ સંચિત કહેવાય છે પરંતુ એક કે સંખ્યાતા ઉત્પન્ન થતા નથી માટે સૂત્રમાં "એકેન્દ્રિયવર્જા" એકેન્દ્રિયને છોડીને નારક આદિ કહ્યું છે.

સૂત્રમાં 'નારકાદયઃ' કહ્યું છે તેનાથી ચોવીશ દંડકમાં કહેલા સમજવા.

એકેન્દ્રિયને છોડીને વૈમાનિક સુધીના બધા દંડકો ત્રણ પ્રકારના જાણવા. ॥૩૯॥

अथ योगनिरूपणायाह—

**विकलेन्द्रियवर्जानां मनोवाक्कायनिमित्तानि योगप्रयोगकरणान्यारम्भसंरम्भसमारम्भकरणानि च ॥४०॥**

**विकलेति,** अपञ्चेन्द्रियेषु ह्येकेन्द्रियाणां काययोगस्यैव द्वित्रिचतुरिन्द्रियाणां कायवाग्योगयोरेव सत्त्वान्न त्रिविधयोगादय इति तद्वर्जनम्, वीर्यान्तरायक्षयक्षयोपशमसमुत्थलब्धिविशेषप्रत्ययमभिसन्ध्यनभिसन्धिपूर्वमात्मनो वीर्यं योगः सकरणाकरणभेदः । तत्राकरणः केवलिनोऽलेश्यस्य निखिलज्ञेयदृश्यार्थयोः केवलं ज्ञानं दर्शनाञ्चोपयुञ्जानस्य योऽसावपरिस्पन्दोऽप्रतिघो वीर्यविशेषः स नेह विवक्षितः, किन्तु सकरण एव, वीर्यान्तरायक्षयोपशमजनितजीवपरिणामविशेषो योगः, मनसा करणेन युक्तस्य जीवस्य योगो मनोयोगः, दुर्बलस्य यष्टिकावदुपष्टम्भकरः । स चतुर्विधः, सत्यमनोयोगो मृषामनोयोगः सत्यमृषामनोयोगोऽसत्यामृषामनोयोगश्चेति । मनसो वा योगः करणकारणानुमतिरूपो व्यापारो मनोयोगः, एवं वाग्योगकाययोगावपि वाच्यौ । किन्तु काययोग औदारिकतन्मिश्रवैक्रियतन्मिश्राहारकतन्मिश्रकार्मणकाययोगभेदात्सप्तविधः, अपरिपूर्ण औदारिक एवौदारिकमिश्र उच्यते, यथा गुडमिश्रं दधि न गुडतया नापि दधितया व्यपदिश्यते ताभ्यामपरिपूर्णत्वादेवमौदारिकमिश्रं कार्मणेन नौदारिकतया नापि कार्मणतया व्यपदेष्टुं शक्यमपरिपूर्णत्वादिति । एवमन्यत्रापि । मनःप्रभृतीनां व्याप्रियमाणानां जीवेन हेतुकर्तृभूतेन यद्व्यापारणं–प्रयोजनं स प्रयोगो मनसः प्रयोगो मनःप्रयोगः एवमन्यत्रापि । क्रियते येन तत्करणं मननादि क्रियासु प्रवर्त्तमानस्यात्मन उपकरणभूतस्तथातथापरिणामवान् पुद्गलसंघातः, मन एव करणं मनःकरण-

मेवमितरे अपि । करणत्रैविध्यं प्रकारान्तरेणाह **आरम्भेति**, पृथिव्याद्युपमर्द्दकरणमारम्भ-करणम्, पृथिव्यादिविषयं मनःसंक्लेशकरणं संरम्भकरणम्, तेषामेव सन्तापकरणं समारम्भ-करणम् । इदमारम्भादिकरणत्रयं नारकादिवैमानिकान्तानां भवति, केवलं संरम्भकरणमसंज्ञिनां पूर्वभवसंस्कारानुवृत्तिमात्रतया भावनीयम् ॥४०॥

હવે યોગના નિરૂપણ માટે કહે છે.

વિકલેન્દ્રિય - અપંચેન્દ્રિયોને ત્રણ યોગ હોય છે. કારણ કે એકેન્દ્રિયોને કાયયોગ જ હોય છે અને બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયને કાયયોગ અને વચનયોગ જ હોય છે, પણ ત્રણ યોગ હોતા નથી માટે વિકલેન્દ્રિયને છોડીને બીજા બધા દંડકોમાં ત્રણ યોગ હોય છે.

**યોગ :-** વીર્યાંતરાય કર્મના ક્ષય અને ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલ લબ્ધિ વિશેષના પ્રત્યયરૂપ [1]અભિસંધિ અને [2]અનભિસંધિ પૂર્વક આત્માનું જે વીર્ય તે યોગ કહેવાય છે.

તે વીર્ય બે પ્રકારે છે. (૧) સકરણ વિર્ય, (૨) અકરણ વીર્ય. તેમાં **અકરણ વીર્ય** અલેશ્યી એવા કેવલીને સમસ્ત જ્ઞેય (જાણવા યોગ્ય) અને દશ્ય (દેખવા યોગ્ય) પદાર્થને વિષે કેવલજ્ઞાન અને કેવલ દર્શનને જોડનાર જે અપરિસ્પન્દ (ચલન) રહિત, પ્રતિઘાત રહિત જે વીર્યવિશેષ તે **અકરણવીર્ય** છે.

અહીં આ અકરણ વીર્યનો અધિકાર નથી. વિવક્ષિત નથી પરંતુ સકરણ વીર્ય જ વિવક્ષિત છે. આ સકરણ વીર્યમાં જ યોગ શબ્દની વ્યુત્પત્તિ છે.

**યોગ :-** એટલે વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ જીવનો પરિણામ વિશેષ તે યોગ છે. આ યોગ ત્રણ પ્રકારે છે. (૧) મનોયોગ (૨) વચનયોગ (૩) અને કાયયોગ.

મન વડે, વચન વડે, અથવા કાયાવડે યુક્ત જીવનો આત્મા સંબંધી જે વીર્ય પરિણામ તે જિનેશ્વરોએ યોગ સંજ્ઞાવાળો કહ્યો છે.

**મનોયોગ :-** મન કરણથી યુક્ત જીવનો યોગ - વીર્યપર્યાય તે મનોયોગ છે.

દુર્બલ માણસને લાકડીની જેમ જે મદદગાર થાય છે

તે મનોયોગ ચાર પ્રકારે છે. (૧) સત્ય મનોયોગ, (૨) અસત્ય મનોયોગ, (૩) સત્યમૃષા (મિશ્ર) મનોયોગ, (૪) અસત્યામૃષા (વ્યવહાર) મનોયોગ.

**અથવા** મનનો યોગ - કરવું, કરાવવું, અને અનુમતિરૂપ જે વ્યાપાર તે **મનોયોગ** છે.

એવી જ રીતે વચન યોગ અને કાયયોગ પણ જાણવો.

---

૧. ઇચ્છાપૂર્વક દોડવું વગેરે ક્રિયા તે અભિસંધિ વીર્ય

૨. સ્વાભાવિક, જેમ આહારનું રસ વગેરે ધાતુરૂપે પરિણમવું તે અનભિસંધિ વીર્ય કહેવાય છે.

વચનયોગ ચાર પ્રકારે છે. પણ કાયયોગ સાત પ્રકારે છે.

(૧) ઔદારિક (૨) ઔદારિક મિશ્ર (૩) વૈક્રિય (૪) વૈક્રિય મિશ્ર (૫) આહારક (૬) આહારક મિશ્ર (૭) કાર્મણ કાયયોગ.

તેમાં ઔદારિક સુગમ છે. ઔદારિક મિશ્ર તો અપરિપૂર્ણ ઔદારિક જ ઔદારિક મિશ્ર કહેવાય છે.

જેમ ગોળથી મિશ્ર દહીં એટલે કે ગોળ વડે વ્યવહાર નથી કરાતો અને દહીં વડે પણ વ્યવહાર નથી કરાતો કારણ કે ગુડમિશ્ર જે દહીં છે તે ગોળ વડે અને દહીં વડે અપરિપૂર્ણ હોય છે.

એવી રીતે ઔદારિક કાર્મણની સાથે મિશ્ર છે તે ઔદારિકપણે વ્યવહાર કરવાને શક્ય - યોગ્ય નથી અને કાર્મણ પણાએ પણ વ્યવહાર કરવાને યોગ્ય નથી. કારણ કે અપરિપૂર્ણ હોવાથી તેને (કાર્મણ સહિત ઔદારિકને) ઔદારિક મિશ્રનો વ્યવહાર કરાય છે.

એવી રીતે વૈક્રિય મિશ્ર અને આહારક મિશ્ર પણ જાણવું.

**પ્રયોગ :-** વ્યાપાર કરતા થકી મન વગેરેનું હેતુમાં કર્ત્તારૂપ જીવ વડે જે પ્રયોજન તે પ્રયોગ છે, તેના ત્રણ ભેદ છે. (૧) મનનો જે પ્રયોગ તે મનઃ પ્રયોગ. (૨) વચનનો જે પ્રયોગ તે વચન પ્રયોગ. (૩) કાયાનો જે પ્રયોગ તે કાય પ્રયોગ.

**કરણ :-** જે વડે કરાય છે તે કરણ છે.

તે કરણ મનન, ચિંતન વગેરે ક્રિયાઓને વિષે પ્રવર્ત્તમાન આત્માના ઉપકરણ ભૂત, વળી તથારૂપ પરિણામવાળા પુદ્ગલનો સમૂહ.

મન એ જ કરણ તે મનકરણ,

વચન એ જ કરણ તે વચનકરણ,

કાયા એ જ કરણ તે કાયકરણ.

બીજી રીતે કરણ ત્રણ પ્રકારે છે. (૧) આરંભ (૨) સંરંભ (૩) સમારંભ.

**આરંભ :-** આરંભવું તે આરંભ, પૃથ્વી આદિનું ઉપમર્દન કરવું અથવા આરંભ કરવો તે આરંભ કરણ.

**સંરંભ :-** હું આ જીવને પ્રાણથી રહિત કરૂં આવો જે વિચાર તે સંરંભ.

**સમારંભ :-** અન્યને, પૃથિવી આદિને સંતાપ કરવો તે સમારંભ.

આ આરંભ આદિ ત્રણ કરણ નારકીથી લઇને વૈમાનિક સુધી બધાને હોય છે. માત્ર સંરંભ કરણ અસંજ્ઞીઓને પૂર્વભવના સંસ્કારની અનુવૃત્તિ માત્રપણાએ વિચારવું કારણ કે મન વિના સંકલ્પ થઇ શકે નહીં. ॥૪૦॥

आरम्भादिकरणस्य क्रियान्तरस्य च फलं दर्शयति—

**प्राणातिपातमृषावादाकल्प्यान्नपानादिवितरणमल्पायुषे वैपरीत्यं दीर्घायुषे ॥४१॥**

**प्राणातिपातेति,** प्राणातिपातो मृषावादो निर्ग्रन्थेभ्योऽप्रासुकान्नपानादिप्रदानं दातुरल्पायुषः कर्मणो निमित्तं भवति, अध्यवसायविशेषेणैतत्त्रयमुक्तफलं भवति, यो वा जीवो जिनादिगुणपक्षपातितया तत्पूजाद्यर्थं पृथिव्याद्यारम्भेण न्यासापहारादिना च प्राणातिपातादिषु वर्त्तते तस्य सरागसंयमनिरवद्यदाननिमित्तायुष्कापेक्षयाऽल्पायुष्कता विज्ञेया । प्राणातिपातविरत्यादीनाञ्च शुभस्यैव दीर्घायुषो निमित्तत्वमित्याह वैपरीत्यमिति । देवमनुष्यायुषी शुभे, प्राणातिपातमृषावादनिवृत्तिनिर्ग्रन्थवन्दननमस्कारसत्कारसन्मानकल्याणमङ्गलदैवतबुद्धिपूर्वकपर्युपासादितः शुभदीर्घायुषो बन्ध इति भावः ॥४१॥

આરંભાદિ કરણ તથા અન્નાદિના દાન રૂપ બીજી ક્રિયાનું ફળ....

જીવ હિંસા કરનારા, અસત્ય બોલનારા, તથા નિર્ગ્રંથ ગુરૂ ભગવંતોને દોષિત ગોચરી - પાણી વહોરાવનારાને અલ્પ આયુષ્ય કર્મનો બંધ થાય છે. પરિણામની વિશેષતાથી ત્રણે ક્રિયાનું આ ફળ જાણવું.

જેઓ પરમાત્મા આદિની ભક્તિ રૂપ પક્ષપાત વડે તેઓની પૂજા - સત્કાર - સન્માન આદિ પ્રયોજનથી પૃથ્વીકાયાદિ જીવોના આરંભ તથા ન્યાસાપહાર (થાપણ ઓળવવી - કોઇ પૈસા આપી ગયું હોય તે પચાવી પાડવા - પાછા ન આપવા) આદિથી જીવ હિંસા આદિ પ્રવૃત્તિમાં જેઓ પ્રવર્તે છે તે જીવોને સરાગ સંયમ અને નિરવદ્ય દાનના નિમિત્તે જે આયુષ્ય બંધાય છે તેની અપેક્ષાએ અલ્પ આયુષ્ય જાણવું.

જીવ હિંસાની વિરતિ વિગેરે શુભ - દીર્ઘ આયુષ્યના નિમિત્ત છે આથી સૂત્રમાં 'વૈપરીત્યં' શબ્દનો પ્રયોગ છે. અર્થાત્ અલ્પ આયુષ્ય બંધના કારણોથી વિપરીત કારણોથી શુભ દીર્ઘ આયુષ્યનો બંધ થાય છે.

દેવ તથા મનુષ્યનું આયુષ્ય શુભ ગણાય છે. હિંસામૃષાવાદ આદિની નિવૃત્તિ તથા નિર્ગ્રંથ ગુરૂ ભગવંતોને વંદનની બુદ્ધિ પૂર્વક, નમનની બુદ્ધિ પૂર્વક, સત્કાર - સન્માનની બુદ્ધિ પૂર્વક તથા કલ્યાણની બુદ્ધિ પૂર્વક, મંગલની બુદ્ધિ પૂર્વક તથા દેવની બુદ્ધિ પૂર્વક તેમની સેવા - ભક્તિ કરવાથી શુભ દીર્ઘ આયુષ્યનો બંધ થાય છે. ॥૪૧॥

प्राणानतिपातादिकं गुप्तिसद्भाव इति तामाश्रित्याह—

**गुप्त्यगुप्तिदण्डास्त्रिविधा योगतः ॥४२॥**

**गुप्तीति**, गोपनं गुप्तिः, मनःप्रभृतीनां कुशलानां प्रवर्त्तनमकुशलानाञ्च निवर्त्तनं मनोगुप्तिवचोगुप्तिकायगुप्तयः, एताः संयतानामेव । एतद्विपरीतास्तिस्रोऽगुप्तयः, एता एकेन्द्रियविकलेन्द्रियसंयतमनुष्यवर्जानाम्, एकेन्द्रियविकलेन्द्रियाणां यथायोगं वाङ्मनसोरसम्भवात्, संयतानाञ्च गुप्त्युक्तेः । विकलेन्द्रियवर्जानां त्रयो दण्डाः पापकर्मकरणतया स्वपरदण्डजुगुप्सालक्षणा गर्हापि त्रिविधा भाव्या तथा प्रत्याख्यानमपि ॥४२॥

જીવ હિંસા આદિની વિરતિમાં ગુપ્તિનો સદ્‌ભાવ છે તેથી તેને આશ્રયીને ગુપ્તિ - અગુપ્તિ તથા દંડનું સ્વરૂપ આ સૂત્રમાં જણાવ્યું છે.

ગુપ્તિ એટલે રક્ષા...

મનને શુભ પ્રવૃત્તિઓમાં જોડવું તથા અશુભ પ્રવૃત્તિથી રોકવું તે **મનોગુપ્તિ...**

વચનને શુભ - કુશલ પ્રવૃત્તિમાં જોડવું તથા અશુભ - અકુશલ પ્રવૃત્તિમાં રોકવું તે **વચન ગુપ્તિ...**

કાયાને અશુભ પ્રવૃત્તિથી રોકવી તથા શુભ પ્રવૃત્તિમાં જોડવી તે **કાય ગુપ્તિ...**

આ ત્રણ પ્રકારની ગુપ્તિ સંયમી આત્માઓમાં જ સંભવે છે.

ગુપ્તિથી વિપરિત તે અગુપ્તિ.... મન અગુપ્તિ, વચન અગુપ્તિ તથા કાયા અગુપ્તિ આ ત્રણ પ્રકારની અગુપ્તિ છે.

એકેન્દ્રિય - વિકલેન્દ્રિય તથા અસંયત મનુષ્યને અગુપ્તિ સંભવે છે. એકેન્દ્રિયોને વચન યોગ તથા મનોયોગ અને વિકલેન્દ્રિયોને મનોયોગ સંભવતો નથી માટે **અગુપ્તિ જાણવી**

સંયમી આત્માઓને ગુપ્તિનું વિધાન કર્યું છે માટે **અગુપ્તિનો નિષેધ છે.**

**દંડના ત્રણ પ્રકાર :** - મન દંડ - વચન દંડ તથા કાય દંડ

વિકલેન્દ્રિય સિવાયના જીવોને ત્રણે પ્રકારના દંડ સંભવે છે. પાપ કર્મ પુનઃ ન કરવા રૂપ તથા પોતાને તથા પરને દંડ થાય તેની નિંદા રૂપ ગર્હાના ત્રણ પ્રકાર છે.

(૧) મન વડે ગર્હા (૨) વચન વડે ગર્હા તથા (૩) કાયા વડે ગર્હા...

તે રીતે પચ્ચક્ખાણ પણ ત્રણ પ્રકારે જાણવા...

(૧) મન વડે પચ્ચક્ખાણ (૨) વચન વડે પચ્ચક્ખાણ તથા (૩) કાયા વડે પચ્ચક્ખાણ...॥૪૨॥

पापकर्मप्रत्याख्यातारः परोपकारिणो भवन्तीति पुरुषान् प्ररूपयति—

**नामस्थापनाद्रव्यभेदाज्ज्ञानदर्शनचारित्रभेदाद्वेदचिह्नाभिलापभेदादुत्तममध्यमजघन्यभेदास्त्रिविधाः पुरुषाः ॥४३॥**

**नामेति**, पुरुष इति नामैव नामपुरुषः, पुरुषप्रतिमादिः स्थापनापुरुषः पुरुषत्वेन य उत्पत्स्यते उत्पन्नपूर्वो वा स द्रव्यपुरुषः । भावपुरुषभेदाश्च ज्ञानपुरुषादयः ज्ञानादिप्राधान्यात् । पुरुषवेदानुभवनप्रधानः पुरुषो वेदपुरुषः, स च स्त्रीपुंनपुंसकसम्बन्धिषु त्रिष्वपि लिङ्गेषु भवति । श्मश्रुप्रभृतिभिश्चिह्नैरुपलक्षितः पुरुषश्चिह्नपुरुषः, यथा नपुंसकः श्मश्रुचिह्न इति, पुरुषवेदो वा चिह्नपुरुषस्तेन चिह्न्यते पुरुष इति कृत्वा । पुरुषवेषधारी वा स्त्र्यादिरिति । अभिलापः शब्दः स एव पुरुषः पुल्लिङ्गतयाऽभिधानात्, यथा घटः कुटो वेति । अर्हन्तश्चक्रवर्त्तिनो वासुदेवा उत्तमपुरुषा भगवतो नाभेयस्य राज्यकाले य आरक्षका आसन् त उग्राः तत्रैव ये गुरवस्ते भोगाः, तत्रैव ये वयस्यास्ते राजन्या एते मध्यमपुरुषाः, दासीपुत्रादयो मूल्यतः कर्मकरा एते जघन्यपुरुषा इति ॥४३॥

પાપ કર્મના પચ્ચક્ખાણ કરનારા પરોપકારી હોય છે તેથી પુરુષોનું પ્રરૂપણ પ્રસ્તુત સૂત્રમાં છે.

(૧) 'પુરુષ' એ પ્રમાણે નામ તે **નામ પુરુષ...** પુરુષની પ્રતિમાદિ તે **સ્થાપના પુરુષ...** ભાવિમાં 'પુરુષ' પર્યાય રૂપે ઉત્પન્ન થનાર કે ભૂતકાળમાં 'પુરુષ પર્યાય' ને પ્રાપ્ત કરેલા તે **દ્રવ્ય પુરુષ...**

નામ - સ્થાપના તથા દ્રવ્ય પુરુષ આમ ત્રણ ભેદ...

(૨) ભાવ પુરુષના ત્રણ ભેદ...

(૧) જ્ઞાન પુરુષ (૨) દર્શન પુરુષ તથા (૩) ચારિત્ર પુરુષ...

જ્ઞાનાદિની પ્રધાનતા હોવાથી આ ભેદ જાણવા.

ત્રણ ભેદ - (૩) વેદ પુરુષ - ચિહ્ન પુરુષ - અભિલાપ રૂપ પુરુષ **આમ ત્રણ પ્રકાર.**

**વેદ પુરુષ** - પુરુષ સંબંધી મનોવિકારનો અનુભવ કરનાર... અને તે સ્ત્રી - પુરુષ અને નપુંસક સંબંધી ત્રણે લિંગમાં હોય છે.

**ચિહ્ન પુરુષ :-** દાઢી મૂછ તથા પુરુષ ચિહ્નોથી ઓળખાય તે....

મૂછ - દાઢી વિગેરે ચિહ્નોથી યુક્ત એવો નપુંસક...

પુરુષ ચિહ્નો દ્વારા પુરુષ રૂપે જે ઓળખાય તે પુરુષ ચિહ્ન...

પુરુષ વેષધારી સ્ત્રી વિગેરે... ચિહ્ન પુરુષ છે

**અભિલાપ પુરુષ :-** પુંલિંગવાચી શબ્દો દા.ત. ઘટ... કુટ વિ.

(૪) અરિહંત - ચક્રવર્તી - વાસુદેવ વિ. **ઉત્તમ પુરુષ...**

પરમાત્મા આદિનાથના રાજ્યકાલમાં પ્રજાનું રક્ષણ કરનારા **આરક્ષક પુરુષો...**

તેઓના કુલગુરૂ વિગેરે તે **ભોગ પુરુષ...**

રાજાના મિત્ર સમાન **રાજન્ય પુરુષ...**

આરક્ષક પુરુષ - ભોગ પુરુષ તથા રાજન્ય પુરુષ આ ત્રણે **મધ્યમ પુરુષ**

મૂલ્ય આપી કામ કરનારા દાસી પુત્ર વિગેરે **જઘન્ય પુરુષ**

આમ ઉત્તમ - મધ્યમ તથા જઘન્ય આમ ત્રણ પ્રકાર...॥૪૩॥

अथ लेश्यास्त्रिस्थानकावतारेण निरुपयति—

**तेजोवायुविकलेन्द्रियनैरयिकाणामाद्यास्तिस्रो लेश्याः, कुमारवानव्यन्तराणां पृथिव्यब्वनस्पतीनाञ्च संक्लिष्टास्ता एव, पञ्चेन्द्रियतिर्यङ्मनुष्याणां संक्लिष्टा असंक्लिष्टाश्च तिस्रः, असंक्लिष्टास्तिस्रो वैमानिकानाम् ॥४४॥**

**तेज इति,** आद्या इति कृष्णनीलकापोता इत्यर्थः, तेजोवायुविकलेन्द्रियेषु देवानुत्पत्त्या तेजोलेश्याया अभावात् निर्विशेषणतया लेश्यास्त्रय उक्ताः, पृथिव्यब्वनस्पतिषु देवोत्पादसम्भवात्तेजोलेश्यासद्भावात्संक्लिष्टेति विशेषणमुपात्तम्, असुरकुमाराणां तेजोलेश्या वर्त्तते परं सा न संक्लिष्टेति । पञ्चेन्द्रियतिरश्चां मनुष्याणाञ्च संक्लिष्टा असंक्लिष्टास्तेजःपद्मशुक्ललेश्याः षडपि, वैमानिकानामसंक्लिष्टा एव त्रयः । ज्योतिष्काणां तेजोलेश्याया एव भावेन ते नोक्ताः, त्रिस्थानकानवतारादिति ॥४४॥

હવે ત્રણ સ્થાનકના અવતાર રૂપે લેશ્યાનું નિરૂપણ...

તેઉકાય - વાયુકાય તથા વિકલેન્દ્રિય તથા નરકના જીવોને કૃષ્ણ - નીલ તથા કાપોત આમ પ્રથમની ત્રણ લેશ્યા હોય છે.

તેઉ - વાઉ - તથા વિકલેન્દ્રિયમાં દેવો ઉત્પન્ન થતાં નથી તેથી તેઓને તેજોલેશ્યાનો અભાવ છે, આથી શુભ - અશુભ વિગેરે વિશેષપણ રહિત ત્રણ લેશ્યા કહી છે.

પૃથ્વીકાય - અપકાય તથા વનસ્પતિ કાયમાં દેવો ઉત્પન્ન થઇ શકતા હોવાથી તેઓને તેજો લેશ્યા જણાવી છે. 'સંક્લિષ્ટા' વિશેષણ મૂકી તેઓને પ્રથમની ત્રણ અશુભલેશ્યા જણાવી છે.

અસુરકુમાર દેવોને તેજોલેશ્યા હોય છે પણ તે સંક્લિષ્ટ નથી હોતી તેથી તેવું કથન ન કરતાં પ્રથમની ત્રણ અશુભ લેશ્યા જણાવી છે.

પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યોને કૃષ્ણ - નીલ તથા કાપોત આ ત્રણ અશુભ લેશ્યા તથા તેજો - પદ્મ તથા શુક્લ આ ત્રણ શુભ લેશ્યા છે. આમ છ લેશ્યા હોય છે પણ શુભ - અશુભના ભેદથી ત્રણ - ત્રણ બતાવી છે.

વૈમાનિક દેવોને તેજો - પદ્મ અને શુક્લ આ ત્રણ શુભ લેશ્યા હોય.

જ્યોતિષ્ક દેવોમાં માત્ર તેજો લેશ્યા હોવાથી તેનું અહીં કથન નથી.

અસુર કુમારની જેમ વાણવ્યંતર દેવોમાં પણ પ્રથમની ત્રણ અશુભ લેશ્યા જાણવી. ॥૪૪॥

ज्योतिष्काणां देवानाञ्च चलनादिकारणान्याह—

**वैक्रियकरणपरिचरणसङ्क्रमणानि तारकाणां चलनहेतवः, देवस्य विद्युत्स्तनितक्रिययोर्वैक्रियकरण परिचरणसमृद्ध्याद्युपदर्शनानि हेतवः ॥४५॥**

**वैक्रियकरणेति,** तारकमात्रं हि वैक्रियं कुर्वच्चलेत्, परिचरणं-मैथुनार्थं संरम्भयुक्तं वा चलेत्, स्थानाद्वैकस्मात्स्थानान्तरं संक्रामद्गच्छेत्, यथा धातकीखण्डादि मेरुं परिहरेदिति, अथवा क्वचिन्महर्द्धिके देवादौ चमरवद्वैक्रियादि कुर्वति सति तन्मार्गदानार्थं चलेत् । **देवस्येति, वैक्रियकरणेति,** एतानि हि सदर्पस्य भवन्ति, तत्प्रवृत्तस्य च दर्पोल्लासवतश्चलनविद्युद्गर्जनादीन्यपि भवन्तीति चलनविद्युत्कारादीनां वैक्रियादिकं कारणतयोक्तम्, विमानपरिवारादिः समृद्धिः, आदिना शरीराभरणादीनां द्युतेर्यशसो बलस्य पराक्रमस्य च ग्रहणम् ॥४५॥

હવે પ્રસ્તુત સૂત્રમાં જ્યોતિષ્ક દેવોના ચાલવાના કારણો જણાવાય છે.

તારાઓને ચાલવાના ત્રણ કારણ છે... અર્થાત્ તારા ચાલતા દેખાય છે.

(૧) તેઓ વૈક્રિય રૂપ કરે ત્યારે...

(૨) પરિચરણ એટલે મૈથુન માટે અભિલાષાવાળા થયા હોય ત્યારે... અથવા **સંભ્રમ થવાથી...**

(૩) એક સ્થાનથી બીજા સ્થાને સંક્રમણ કરે ત્યારે ચાલે...

જેમકે ધાતકીખંડ આદિના મેરુ પર્વત છોડે...

અથવા ચમરની જેમ કોઈ મહા ઋદ્ધિવાળા દેવ વિગેરે વૈક્રિયાદિ રૂપ કરતા હોય ત્યારે તેમને માર્ગ આપવા માટે ચાલે - ખસી જાય ત્યારે.

દેવોને વિજળી તથા મેઘ ગર્જનાદિ ક્રિયા કરવાના ત્રણ કારણ છે.

(૧) વૈક્રિય રૂપ કરવું હોય ત્યારે... (૨) પરિચરણ માટે અર્થાત્ મૈથુન માટે અભિલાષાવાળા જતા હોય ત્યારે તથા (૩) પોતાની સમૃદ્ધિ બતાવવા માટે...

આ ક્રિયાઓ અભિમાન - ગર્વવાળા કરે છે. વૈક્રિયાદિ ક્રિયામાં પ્રવૃત્ત થયેલ અને અભિમાનના ઉલ્લાસવાળાઓને - ચલન, વીજળી, અને ગર્જના વિગેરે પણ હોય છે, આથી આ કારણો બતાવ્યા.

તદુપરાંત પોતાની ઋદ્ધિ - વિમાન વિગેરેની સમૃદ્ધિ... દેહ તથા આભૂષણો વિગેરેની કાંતિ - યશ - બલ તથા પરાક્રમ વિગેરે બતાવવા માટે વિજળી - મેઘ ગર્જના વિગેરે કરે છે. ॥૪૫॥

अथ लोकान्धकारादीन्याह—

**सर्वत्रान्धकारोऽर्हन्निर्वाणतद्धर्मतच्छ्रुतव्यवच्छेदेभ्यः, उद्द्योतश्च तज्जन्मप्रव्रज्याज्ञानोत्पादमहिमासु, एवं देवसन्निपातादयोऽपि ॥४६॥**

**सर्वत्रेति**, सर्वत्र क्षेत्रात्मके लोकेऽर्हत्सु निर्वाणं गच्छत्सु तत्प्रज्ञप्ते वा धर्मे तच्छ्रुते वा व्यवच्छिद्यमाने द्रव्यतो लोकानुभावाद्भावतो वा प्रकाशस्वभावज्ञानाभावादन्धकारो भवेत्, अशोकाद्यष्टप्रकारां परमभक्तिपरसुरासुररचितां जन्मान्तरमहालवालविरूढानवद्यवासनाजलाभिषिक्तपुण्यमहातरुकल्याणफलकल्पां महाप्रातिहार्यरूपां पूजां निखिलप्रतिपन्थिप्रक्षयात्सिद्धिसौधशिखरारोहणञ्चार्हन्तीत्यर्हन्तः । राजमरणदेशनगरभङ्गादावपि दृश्यते दिशामन्धकारमात्रं रजस्वलतया, भगवत्स्वर्हदादिषु च निखिलभुवनजनानवद्यनयनसमानेषु विगच्छत्सु लोकान्धकारं भवतीत्येतत्किमद्भुतम् । तथोद्द्योतश्चार्हत्सु जायमानेषु प्रव्रजमानेषु केवलज्ञानोत्पादे देवकृतमहोत्सवेषु च । एभिरेव त्रिभिः स्थानैर्देवानां भुवि समवतारो देवकृतः प्रमोदकलकलो देवाभ्युत्थानतदासनचलनचैत्यवृक्षचलनादयो भवन्ति ॥४६॥

ત્રણ કારણોથી લોકમાં અંધકાર ફેલાય છે.

(૧) અરિહંત ભગવાનના નિર્વાણ સમયે -

(૨) અરિહંત ભગવંતે પ્રરૂપેલ ધર્મના વિચ્છેદ સમયે...

(૩) ચૌદ પૂર્વગત શ્રુતના વિચ્છેદ સમયે...

દ્રવ્યથી જગતના સ્વભાવથી અને ભાવથી પ્રકાશ સ્વભાવવાળા જ્ઞાનના અભાવથી આ અંધકાર થાય છે.

અરિહંતના સ્વરૂપને જણાવતાં કહ્યું છે...

શ્રેષ્ઠ ભક્તિમાં તત્પર એવા દેવો તથા અસુરોથી રચાયેલી... જન્માંતરરૂપ મોટા ક્યારામાં ઉગેલ તથા નિર્મળ વાસના રૂપ જલથી સીંચાયેલ પુણ્યરૂપ મહાવૃક્ષના કલ્યાણરૂપ ફલ સમાન અશોકવૃક્ષ વિગેરે અષ્ટ મહા પ્રાતિહાર્ય રૂપ પૂજાને યોગ્ય તથા સમસ્ત કર્મ શત્રુના ક્ષયથી સિદ્ધિરૂપ મહેલના શિખર ઉપર આરોહણ કરવા જે યોગ્ય છે તે અરિહંત..!

રાજાનું મરણ, દેશ તથા નગરના નાશ સમયે અતિશય ધૂળના ગોટા ઊડવાથી પણ દિશાઓમાં અંધકાર છવાઈ જાય છે તો સમસ્ત ભૂવનના લોકોને માટે નિર્દોષ નેત્ર સમાન પરમાત્મા અરિહંત ભગવંતોના વિયોગ સમયે લોકમાં અંધકાર થાય તેમાં શું આશ્ચર્ય !

ત્રણ કારણથી લોકમાં પ્રકાશ ફેલાય છે...

(૧) અરિહંત ભગવંતોના જન્મ સમયે..

(૨) અરિહંત ભગવંતોની દીક્ષા સમયે..

(૩) અરિહંત ભગવંતોના કેવલજ્ઞાન સમયે દેવો દ્વારા મહોત્સવ સમયે..!

આમ આ ત્રણ કારણે દેવો પરમાત્માનો મહિમા કરવા મનુષ્ય લોકમાં આગમન કરે છે - તે સમયે હર્ષ સભર દેવોનો મધુર કલકલ અવાજ થાય છે, દેવોના આસન ચલાયમાન થાય છે... દેવો પ્રભુ ભક્તિથી પોતાના સિંહાસન ઉપરથી તુરંત ઊભા થઇ જાય છે.. તથા ચૈત્ય વૃક્ષનું ચલન વિગેરે ક્રિયાઓ થાય છે. ॥૪૬॥

अर्हतां धर्माचार्यतया तत्पूजाद्यर्थं देवानां मनुजलोक आगमः, धर्माचार्या ह्यशक्यप्रत्युपकारा एतदेवाह—

**पितरौ भर्त्ता धर्माचार्यश्च सेवासर्वस्वदानसुदेशादिप्रापणैरपि दुष्प्रतिकराः, धर्मस्थापनेनैव च सुप्रतिकराः ॥४७॥**

**पितराविति,** एते त्रयः, दुःखेन-कृच्छ्रेण प्रतिक्रियन्ते कृतोपकारेण पुंसा प्रत्युपक्रियन्ते इति दुष्प्रतिकराः प्रत्युपकर्त्तुमशक्या इत्यर्थः, माता च पिता च पितरौ, जनकत्वेनैकत्वविवक्षणात्तस्यैकं स्थानम्, भर्त्ता पोषकः स्वामीत्यर्थः, धर्मदाता आचार्यो धर्माचार्यः, उक्तञ्च 'दुष्प्रतिकारौ मातापितरौ स्वामी गुरुश्च लोकेऽस्मिन् । तत्र गुरुरिहामुत्र च सुदुष्करतरप्रतीकारः' इति, यो हि कुलीनो मानवोऽहरहर्मातापितरौ शतपाकसहस्रपाकाभ्यां तैलाभ्यामभ्यङ्गं गन्धद्रव्येणोद्वलनञ्च कृत्वा गन्धोदकोष्णोदकशीतोदकैः स्नापयित्वा मनोज्ञं भक्तदोषरहितं स्थालीपाकं सव्यञ्जनं भोजयित्वा यदि यावज्जीवं स्कन्ध आरोप्य परिवहेत्तावताऽपि तावशक्यप्रतीकारौ भवतः, किन्तु तौ यदा भगवदुदितं धर्ममाख्याय प्रभेदतो बोधयित्वाऽनुष्ठाननो धर्मे स्थापयति तदाऽनेनैव धर्मस्थापनेन मातापित्रोः सुखेनैव प्रत्युपक्रियते धर्मस्थापनस्य महोपकारत्वात् । तथा कोऽपि दरिद्रः केनापि भर्त्रा धनदानादिनोत्कृष्टः कृतः स ततो भर्त्तुः समक्षमसमक्षं वा विपुलभोगसमुदयेन युक्तोऽभूत्, अथ लाभान्तरायोदयेनासहायायामापदि स भर्त्ता दरिद्रीभूतः सन्ननन्यत्राणतया पूर्वदरिद्रस्य सम्प्रति समुत्कृष्टस्य यदा पार्श्व आगच्छति तदाऽयं पूर्वोपकारिणे भर्त्रे यदि सर्वस्वं ददाति तदाऽपि न कृतप्रत्युपकारो भवति, किन्तु भगवदुदितधर्मसंस्थापनेनैवेति । एवमेव कश्चिन्मनुजो धर्माचार्येण केनचिद्धार्मिकं सुवचनं निशम्य मनसाऽवधार्य कालं गतोऽन्यतरेषु देवेषु देवत्वेनोत्पन्नः स देवो यदि

धर्माचार्यं दुर्भिक्षदेशात्सुभिक्षदेशं कान्तारान्निष्कान्तारं देशं वा नयेत्, दीर्घकालिकाद्रोगातङ्काद्वा विमोचयेत्तथापि न स कृतप्रत्युपकारो भवत्यपि तु धर्मस्थापनेनैव कृतोपकारो भवतीति ॥४७॥

આ ધર્માચાર્ય એ... ધર્માચાર્ય રૂપે અરિહંત ભગવંતોની દેવો પૂજા વિગેરે માટે પૃથ્વીતલ પર આવે છે, આવા ધર્માચાર્યનો ઉપકાર વાળવો અશક્ય છે જેથી પ્રસ્તુત સૂત્રમાં તે વિષય જણાવી રહ્યા છે..

દુષ્પ્રતિકાર ત્રણ વ્યક્તિ :

માતા - પિતા આજીવિકામાં સહાયી તેવા સ્વામી તથા ધર્મદાતા એવા ધર્માચાર્ય આ ત્રણ વ્યક્તિનો કષ્ટ પૂર્વક ઉપકારનો બદલો વાળી શકાય - અર્થાત્ તેઓનો પ્રત્યુપકાર કરવો અશક્ય છે.

**પિતરૌ :-** માતા - પિતા, જનકપણે બંનેમાં એકત્વની વિવક્ષા કરી હોવાથી તે બંનેનું એક સ્થાન છે. **ભર્તા :-** પોષક - સ્વામી - શેઠ... **ધર્માચાર્ય :-** ધર્મમાં જોડનાર... ધર્મ પ્રદાતા.

**'दुष्प्रतिकारौ माता पितरौ, स्वामी गुरुश्च लोकेस्मिन् ।**
**तत्र गुरुरिहामुत्र च, सुदुष्करतर प्रतीकारः ॥'**

**માતા-પિતાના પ્રત્યુપકારનો ઉપાય :-** કોઇ માનવ જો રોજ માતા-પિતાનું શતપાક અથવા સહસ્ર પાક તેલ વડે માલિશ કરે અને સુગંધી ચૂર્ણથી ચોળે અને ગંધયુક્ત ઉષ્ણ તથા શીત પાણી વડે સ્નાન કરાવી મનપસંદ - નિર્દોષ - સારી રીતે પકાવેલા - અઢાર પ્રકારના વ્યંજન યુક્ત ભોજન કરાવે... જીવન પર્યંત પીઠ પર બેસાડી તેમને વહન કરે. અર્થાત્ મુસાફરી કરાવે તો પણ તે પુત્ર માતા-પિતાના ઋણથી મુક્ત થઇ શકતો નથી.

પરંતુ જો તે પુત્ર પરમાત્માનો પ્રરૂપેલ ધર્મ કહીને - વિવિધ પ્રકારે સમજાવીને તેમને ધર્મમાં સ્થાપિત કરે તો આ રીતે ધર્મમાં સ્થાપન કરવા વડે માતા-પિતાનો સુખ પૂર્વક પ્રત્યુપકાર થઇ શકે.. ધર્મમાં જોડવા એ મોટામાં મોટો ઉપકાર છે.

**સ્વામી પ્રત્યુપકાર :-** કોઇ શ્રીમંત શેઠ કોઇક ગરીબ માણસને ધન વિગેરે આપીને તેને સારી સ્થિતિમાં લાવે - તેનો સમુત્કર્ષ કરે પછી તેને દરિદ્ર સ્વામીની સમક્ષ કે અસમક્ષ વિપુલ ભોગ સામગ્રીથી યુક્ત થાય, આ બાજુ તે શ્રીમંત શેઠ લાભાંતરાય કર્મના ઉદયથી અસહ્ય આપત્તિ આવે છતે દરિદ્ર થઇ જાય ત્યારે બીજા કોઇ શરણના અભાવે પહેલાંનો દરિદ્રી પણ વર્તમાનમાં શ્રીમંત થયેલાંની પાસે જ્યારે આવે ત્યારે તે પૂર્વના ઉપકારી સ્વામીને - શેઠને જો પોતાનું સર્વસ્વ આપી દે તો પણ તેના ઉપકારનો બદલો વાળી શકતો નથી પરંતુ પરમાત્માએ પ્રરૂપેલ ધર્મમાં સ્થાપન કરવા માટે - ધર્મમાં સ્થિર કરવા વડે બદલો વાળી શકે.

**ધર્માચાર્ય પ્રત્યુપકાર :-** કોઇ મનુષ્ય ધર્માચાર્ય સમક્ષ કોઇ ધાર્મિક સારા વચનને સાંભળીને - ધારણ કરીને મૃત્યુને પામે અને કોઇ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો, ત્યાર બાદ તે દેવ પોતાના

ધર્માચાર્યને દુર્ભિક્ષવાળા દેશમાંથી સુભિક્ષવાળા દેશમાં લઇ જાય, જંગલમાંથી વસ્તીવાળા સ્થાનમાં લઇ જાય - દીર્ઘકાલિક કુષ્ટ વિગેરે રોગ રૂપ આતંકથી પીડિતને રોગમુક્ત કરે તો પણ તેમના ઉપકારનો બદલો વાળી શકાતો નથી, પણ ધર્માચાર્ય કદાચ ધર્મથી ચ્યુત થયા હોય તો તેમને ફરી ધર્મમાં સ્થાપન કરવાથી જ તેમના ઉપકારનો બદલો વાળી શકાય...! ॥૪૭॥

धर्मस्थ स्थानत्रयेऽवतारमाह—

**अनार्त्तध्यानसम्यग्दृष्टित्वयोगवाहित्वानि संसारातिक्रमणहेतवः ॥४८॥**

**अनार्त्तध्यानेति,** आर्त्तध्यानाभावः, सम्यग्दृष्टित्वरूपा संपद्, योगवाहिता–श्रुतोपधानकारित्वं समाधिस्थायिता वा, एभिस्त्रिभिरनगारा अनाद्यनन्तं संसारं व्यतिक्रामन्तीत्यर्थः ॥४८॥

હવે ધર્મનો ત્રણ સ્થાનમાં અવતાર કહેવાય છે...

આર્તધ્યાનનો અભાવ, સમ્યગ્દૃષ્ટિ રૂપ સંપત્તિ, યોગોદ્વહન - શ્રુતગ્રહણયોગ્ય ઉપધાન અથવા તો ચિત્તની સમાધિની સ્થિરતા આ ત્રણ ગુણોના સંયોગે સાધુ ભગવંતો અનાદિ અનંત સંસારને પાર પામે છે. ॥૪૮॥

अथ चतुर्विंशतिदण्डकापेक्षयोपध्यादीन्याह—

**एकेन्द्रियनारकवर्जानां कर्मशरीरभाण्डोपधयः, तत्परिग्रहाः, नारकादीनां त्रिविधोपधिपरिग्रहौ सचित्ताचित्तमिश्ररूपौ ॥४९॥**

**एकेन्द्रियेति,** उपधीयते पोष्यते जीवोऽनेनेत्युपधिः, कर्मैवोपधिः कर्मोपधिरेवं शरीरोपधिः, भाजनोपकरणं भाण्डं सैवोपधिर्भाण्डोपधिः । नारकैकेन्द्रियाणामुपकरणस्याभावात्तद्वर्जनम्, परिग्रहो मूर्च्छाविषयः, इह चैषामयमिति व्यपदेशभागेव ग्राह्यः, स च नारकैकेन्द्रियाणां कर्मादिरेव सम्भवति न भाण्डादिरिति तद्वर्जनम् । प्रकारान्तरेणोपधिपरिग्रहावाह **नारकादीनामिति,** सचित्तोपधिर्यथा शैलं भाजनं अचित्तो वस्त्रादिः, मिश्रः परिणतप्रायं शैलभाजनमिति, नारकाणां सचित्तोपधिः शरीरं, अचित्त उत्पत्तिस्थानाम्, मिश्रः शरीरमेवोच्छ्वासादिपुद्गलयुक्तम्, तेषां सचेतनाचेतनत्वेन मिश्रत्वात् ॥४९॥

હવો ચોવીશ દંડકની અપેક્ષાએ ઉપધિ વિગેરે જણાવે છે.

**ઉપધિ** :- જેના વડે જીવ પોષાય તે **ઉપધિ**.. કર્મ એ જ ઉપધિ કર્મોપધિ, એ રીતે શરીર ઉપધિ,

ભાજન એ જ ઉપકરણ તે ભાણ્ડ... ભાણ્ડ એ જ ઉપધિ તે ભાણ્ડ ઉપધિ, ભાંડ = માટીના ભાજન...

નારક તથા એકેન્દ્રિયોને ઉપકરણનો અભાવ હોવાથી ઉપધિનું વર્જન છે.

**પરિગ્રહ :-** એટલે મૂર્છા - આસક્તિ - અહીં 'આ આનું છે એવો વ્યવહાર' તે પરિગ્રહ છે.

નારક અને એકેન્દ્રિયોને કર્મ વિગેરે સંભવે છે પરંતુ ભાણ્ડાદિ ઉપધિ - પરિગ્રહ સંભવે નહીં. 'આ આનું છે એવા વ્યવહાર' રૂપ પરિગ્રહ ન હોવાથી મૂળમાં નારકીને ઉપધિ નથી તેમ જણાવ્યું.

બીજા પ્રકાર વડે નારકીને ઉપધિ તથા પરિગ્રહ જણાવે છે.

**સચિત્ત** ઉપધિ જેમ પત્થરનું ભાજન... **અચિત્ત** ઉપધિ એટલે વસ્ત્રાદિ...

**મિશ્ર** ઉપધિ પ્રાયઃ શસ્ત્રાદિથી પરિણત પત્થરનું ભાજન.

નારકોને સચિત્ત ઉપધિ શરીર છે... અચિત્ત ઉત્પત્તિનું સ્થાન હોય છે.

મિશ્ર ઉપધિ ઉચ્છ્વાસ વિગેરે પુદ્ગલ સહિત શરીર... તેઓને સચેતન - અચેતનપણાથી મિશ્ર છે... ॥૪૯॥

जीवधर्माश्रयेणाह—

**पञ्चेन्द्रियाप्रणिधानं संयतमनुष्याणां सुप्रणिधानं योगास्त्रिधा ।।५०।।**

**पञ्चेन्द्रियेति,** पञ्चेन्द्रियमात्रजीवानां प्रणिधानमेकाग्रता तच्च मनःप्रभृति सम्बन्धिभेदास्त्रिधा, तच्च सर्वेषां पञ्चेन्द्रियाणाम्, तदन्येषां न, सामस्त्येन योगाभावात्, तत्र शुभप्रणिधानं संयतमनुष्याणामेव, अस्य चारित्रपरिणामरूपत्वादित्याशयेनाह—**संयतमनुष्याणामिति** ।।५०।।

જીવના ધર્મને આશ્રયીને પ્રસ્તુત સૂત્ર કહેવાય છે.

**પ્રણિધાન :-** એટલે મનની એકાગ્રતા... મન પ્રણિધાન - વચન પ્રણિધાન - કાયા પ્રણિધાન - આમ તેના ત્રણ પ્રકાર છે. દરેક પંચેન્દ્રિય જીવોને ત્રણ પ્રણિધાન હોય છે.

એકેન્દ્રિય - વિકલેન્દ્રિયને ત્રણે પ્રણિધાનનો સદ્ભાવ નથી - કારણ કે તેમને ત્રણ યોગ નથી તેથી તેને વર્જીને બાકીના પંચેન્દ્રિયોનું કથન કર્યું છે.

પ્રણિધાનના બે પ્રકાર (૧) શુભ પ્રણિધાન (૨) અશુભ પ્રણિધાન- શુભ પ્રણિધાન ચારિત્રનો પરિણામ હોવાથી સંયત આત્માઓને જ હોય છે. ॥૫૦॥

अथ योनित्रैविध्यमाह—

**शीतोष्णमिश्रभेदात्सचित्ताचित्तमिश्रभेदात्संवृतविवृतमिश्रभेदात्कूर्मोन्नतशंखावर्त्तवंशीपत्रिकाभेदाच्च त्रिविधा योनिः ।।५१।।**

**शीतेति,** युवन्ति तैजसकार्मणशरीरवन्तः सन्त औदारिकादिशरीरेण मिश्रीभवन्त्यस्यामिति योनिर्जीवस्योत्पत्तिस्थानं शीतादिस्पर्शवत्, तत्र मिश्रयोनिका गर्भव्युत्क्रान्ताः सर्वे देवाश्च,

तेजस्काया उष्णयोनिकाः, द्विधा नरके, एकेन्द्रियविकलेन्द्रियाणां पञ्चेन्द्रियतिर्यक्पदे मनुष्यपदे च सम्मूर्च्छनजानां त्रिविधेति । प्रकारेणान्येन त्रैविध्यमाह **सचित्तेति,** नैरयिकाणां देवानाञ्चाचित्ता, गर्भवसतीनां मिश्रा, शेषाणान्तु त्रिविधा योनिरिति । पुनरन्यथा तामाह **संवृतेति,** संवृता-सङ्कटा घटकालयवत्, विवृता विस्तृता, संवृतविवृता तूभयरूपा, एकेन्द्रिया नैरयिका देवाश्च संवृतयोनयः, विकलेन्द्रिया विवृतयोनयः, संवृतविवृता च गर्भे । प्रकारान्तरेणाह **शंखावर्त्तेति,** कच्छपवदुन्नता कूर्मोन्नता शंखस्येवावर्त्तो यस्यां सा शंखावर्त्ता, वंश्याः-वंशजाल्याः पत्रकमिव या सा वंशीपत्रिका, कूर्मोन्नतायां योनावर्हच्चक्रवर्त्तिबलदेववासुदेवा उत्पद्यन्ते, स्त्रीरत्नस्य शंखावर्त्तायां बहवो जीवास्तद्ग्रहणप्रायोग्याः पुद्गलाश्चोत्पद्यन्ते विनश्यन्ति नतु जायन्ते । वंशीपत्रिकायान्तु सामान्यजनस्योत्पत्तिः ॥५१॥

હવે ત્રણ પ્રકારની યોનિ જણાવે છે.

યોનિ ત્રણ પ્રકારની છે.. તે આ પ્રમાણે...

(૧) શીત યોનિ (૨) ઉષ્ણ યોનિ (૩) શીતોષ્ણ યોનિ - મિશ્ર યોનિ

(૧) સચિત્ત યોનિ (૨) અચિત્ત યોનિ (૩) મિશ્ર યોનિ

(૧) સંવૃત્ત યોનિ (૨) વિવૃત્ત યોનિ (૩) સંવૃત્ત - વિવૃત્ત યોનિ

(૧) કૂર્મોન્નતા યોનિ (૨) શંખાવર્તા યોનિ (૩) વંશીપત્રિકા યોનિ

આમ વિવિધ પ્રકારે યોનિ જણાવી.

**યોનિ** :- તૈજસ અને કાર્મણ શરીરવાળા જીવો ઔદારિક શરીર સાથે મિશ્ર થાય છે જેમાં તે યોનિ અર્થાત્ શીતાદિ સ્પર્શવાળું જીવનું ઉત્પત્તિ સ્થાન તે **યોનિ**

**શીત યોનિ** :- જે ઉત્પત્તિ સ્થાન શીત સ્પર્શવાળું હોય.

**ઉષ્ણ યોનિ** :- જે ઉત્પત્તિ સ્થાન ઉષ્ણ સ્પર્શવાળું હોય...

**શીતોષ્ણ યોનિ** :- જે ઉત્પત્તિ સ્થાન શીતોષ્ણ સ્પર્શવાળું હોય...

**સચિત્ત યોનિ** :- જે ઉત્પત્તિ સ્થાન જીવ યુક્ત હોય...

**અચિત્ત યોનિ** :- જે ઉત્પત્તિ સ્થાન જીવ રહિત હોય...

**મિશ્ર યોનિ** :- જે ઉત્પત્તિ સ્થાન જીવ-અજીવથી મિશ્ર હોય... **અથવા** જીવ જયાં પ્રારંભમાં સચિત્ત પુદ્ગલોનો આહાર કરે તે **સચિત્ત યોનિ.**

આમ ક્રમશઃ જાણવું...

**સંવૃત્ત યોનિ** :- જે ઉત્પત્તિ સ્થાન ઢાંકેલું હોય તે ...ઢાંકેલી ઘટિકાના ઘર જેવી.

**વિવૃત્ત યોનિ :-** જે ઉત્પત્તિ સ્થાન ખુલ્લું હોય...

**સંવૃત્ત-વિવૃત્ત યોનિ :-** જે ઉત્પત્તિ સ્થાન ખુલ્લું તથા ઢાંકેલું હોય...

**કૂર્મોન્નતા યોનિ :-** કાચબા જેવી યોનિ...

**શંખાવર્તા યોનિ :-** શંખની જેમ આવર્ત વાળી

**વંશીપત્રિકા યોનિ :-** વાંશના પાન જેવી આકારવાળી યોનિ...

હવે યોનિને આશ્રયીને **ઉત્પત્તિ કહેવાય છે...**

**શીતોષ્ણ (મિશ્ર) યોનિ :-** સર્વે દેવો - ગર્ભજ મનુષ્ય તથા તિર્યંચોને આ યોનિ....

**ઉષ્ણ યોનિ :-** તેજસ્કાયને આ યોનિ હોય છે.

નરકના જીવોને **શીત** તથા **ઉષ્ણ** બંને યોનિ હોય છે.

તેઉકાય જીવો સિવાયના એકેન્દ્રિય - વિકલેન્દ્રિય - સંમૂર્ચ્છિમ તિર્યંચપંચેન્દ્રિય - અને સંમૂર્ચ્છિમ મનુષ્યને **ત્રણે પ્રકારની યોનિ** હોય છે.

**અચિત્ત :-** નારક અને દેવોને અચિત્ત યોનિ

**મિશ્ર :-** ગર્ભજ મનુષ્ય તથા તિર્યંચોને મિશ્ર યોનિ

**ત્રણે યોનિ :-** એકેન્દ્રિય - વિકલેન્દ્રિય - સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિયતિર્યંચ તથા મનુષ્યોને ત્રણે યોનિ...

**સંવૃત્ત :-** એકેન્દ્રિય - નારકી તથા દેવોને સંવૃત્ત યોનિ

સ્પષ્ટ નહીં જણાવાથી એકેન્દ્રિયોને, ઢાંકેલા ગોખના જેવી હોવાથી નારકીઓને અને શય્યામાં ઢાંકેલ દેવદૂષ્ય વસ્ત્રથી દેવોનો ઉત્પાદ હોવાથી આ યોનિ છે.

**વિવૃત્ત :-** વિકલેન્દ્રિયોને વિવૃત્ત યોનિ કારણ કે તેઓના ઉત્પત્તિ સ્થાનો સ્પષ્ટ જણાય છે.

**સંવૃત્ત-વિવૃત્તા :-** ગર્ભજ મનુષ્યો અને ગર્ભજ તિર્યંચોને આ યોનિ હોય છે, કારણ કે ગર્ભ, અંદરના સ્વરૂપે જણાતો નથી અને ઉદરવૃદ્ધિ વિગેરે લક્ષણથી જણાય છે માટે કંઇક ઢાંકેલી - કંઇક ખુલ્લી સમજવી.

**કૂર્મોન્નતા :-** આ યોનિમાં અરિહંત - ચક્રવર્તી - તથા બલદેવ - વાસુદેવ પેદા થાય છે.

**શંખાવર્તા :-** આ યોનિ ચક્રવર્તીના સ્ત્રી રત્નને હોય છે. આ યોનિમાં ઘણા જીવ અને પુદ્ગલ ઉત્પન્ન થાય છે, નાશ પામે છે પરંતુ નિષ્પન્ન થતા નથી.

**વંશીપત્રિકા :-** આ યોનિ સામાન્ય લોકોની માતાને હોય છે. આ યોનિમાં અનેક સામાન્ય લોકો ગર્ભમાં આવે છે. ॥૫૧॥

जीवविशेषाश्रयेणाह—

**शीलव्रतादिरहिता राजानो माण्डलिका महारम्भा अप्रतिष्ठाननरकभाजः, परित्यक्तकामभोगा राजानः सेनापतयः प्रशास्तारः सर्वार्थसिद्ध उत्पद्यन्ते ॥५२॥**

**शीलेति,** शुभस्वभावरहिताः प्राणातिपातादिभ्योऽविरताः प्रतिपन्नापरिपालनादिना निर्मर्यादाः प्रत्याख्यानपौषधोपवासादिरहिताश्च कालं कृत्वा सप्तमपृथिव्यामप्रतिष्ठाने नरके नारकत्वेन राजानः-चक्रवर्त्तिवासुदेवा माण्डलिकाश्शेषा राजानो महारम्भाः पञ्चेन्द्रियादिव्यपरोपणप्रधानकर्मकारिण उत्पद्यन्ते, तत्र पृथिव्याद्येकेन्द्रियतयाऽन्येषामप्युत्पादान्नारकत्वेनेत्युक्तम् । ये च सुशीलास्सुव्रतास्सगुणास्समर्यादास्सप्रत्याख्यानपौषधोपवासास्ते कालं कृत्वा सर्वार्थसिद्धे महाविमाने देवत्वेन परित्यक्तकामभोगा राजानः सेनापतयः प्रशास्तारो लेखाचार्यादयो धर्मशास्त्रपाठकाश्च समुत्पद्यन्ते ॥५२॥

હવે જીવ વિશેષને આશ્રયીને ગતિની વિચારણા છે...

સારા સ્વભાવથી રહિત, પ્રાણાતિપાતાદિ વિરમણથી અવિરત, સ્વીકારેલ પ્રતિજ્ઞાનું પાલન નહીં કરવાથી મર્યાદા - પચ્ચક્ખાણ તથા પૌષધોપવાસથી રહિત આત્મા તે સમયે કાલ કરે તો સાતમી પૃથ્વીમાં અપ્રતિષ્ઠાન નરકવાસમાં નારકી રૂપે ઉત્પન્ન થાય છે.

**રાજાઓ :-** ચક્રવર્તી અને વાસુદેવો - માંડલિકો - સામાન્ય રાજાઓ તેમજ મહા આરંભ - સમારંભ કરનાર અર્થાત્ પંચેન્દ્રિય જીવાદિનો ઘાત કરનારા - મહાપાપ કર્મ કરનારાઓ નરકમાં જાય છે

(અહીં સાતમી નરકનું કથન ઉત્કૃષ્ટની અપેક્ષાએ સમજવું જોઇએ. જીવહિંસાદિ આશ્રવોમાં આસક્ત બની વ્રતાદિ ગ્રહણ ન કરે તો આવી ગતિ સમજવી - આસક્તિની તીવ્રતા - મંદતા તથા આયુ બંધ સમયની પરિણતિને અનુસાર ગમે તે નરકમાં પણ તે આત્મા જાય.)

અહીં 'નારકત્વેન' જે કહ્યું તે પૃથ્વીકાયિકપણું વિગેરેના વ્યવચ્છેદ માટે છે. એકેન્દ્રિય આદિ ગતિમાં પણ પાપી રાજા જાય છે, તેમ એકેન્દ્રિય આદિ ગતિમાં બીજા જીવો પણ જાય છે તેથી પાપી રાજાઓ નરકમાં જાય છે તેમ કહ્યું.

**સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પત્તિ :-** સારા શીલ - સ્વભાવવાળા, સારા વ્રતવાળા, સદ્ગુણી, મર્યાદાવાળા, પ્રત્યાખ્યાન તથા પૌષધોપવાસથી યુક્ત આત્માઓ કાલ સમયે કાલ કરીને સર્વાર્થસિદ્ધ નામના અનુત્તરવિમાનમાં દેવ રૂપે ઉત્પન્ન થાય છે.

કામ ભોગનો પરિત્યાગ કરી સર્વવિરત બન્યા હોય તેવા રાજા - સેનાપતિ તથા મંત્રી અને લેખાચાર્ય ધર્મપાઠકો આ ગતિને પામે છે. ॥૫૨॥

लोकापेक्षया प्राह—

**नामस्थापनाद्रव्यभेदेन ज्ञानदर्शनचारित्रभेदेनोद्र्ध्वाधस्तिर्यग्भेदेन लोकः ॥५३॥**

**नामेति,** नामलोकः स्थापनालोकश्च पूर्ववत्, उभयव्यतिरिक्तद्रव्यलोको धर्मास्तिकायादीनि जीवाजीवरूपाणि रूप्यरूपीणि सप्रदेशाप्रदेशानि द्रव्याण्येव, भावलोकं त्रिधाऽऽह **ज्ञानेति,** आगम-नोआगमभेदेन स द्विविधः, लोकपर्यालोचनोपयोगः, तदुपयोगानन्यत्वात् पुरुषो वाऽऽगमतो भावलोकः, नोआगमतस्तु ज्ञानादिलोकः, इदं हि त्रयं प्रत्येकं परस्परसव्यपेक्षं नागम एव केवलो नाप्यनागमः, ज्ञानलोकस्य भावलोकता च क्षायिकक्षायोपशमिक-भावरूपत्वात्, एवं दर्शनचारित्रलोकावपि । क्षेत्रलोकं त्रिधा वक्ति-**ऊर्ध्वेति,** रत्नप्रभाभागे बहुभूमिसमभागे मेरुमध्येऽष्टप्रदेशो रुचको भवति, तस्योपरितनप्रस्तरस्योपरिष्टान्नव-योजनशतानि यावज्ज्योतिश्चक्रस्योपरितलस्तावत्तिर्यग्लोकः, ततः परत ऊर्ध्वलोक ऊर्ध्वभाग-स्थितत्वात्, देशोनसप्तरज्जुप्रमाणः । रुचकस्याधस्तनप्रस्तरस्याधो नवयोजनशतानि यावत्तिर्य-ग्लोकः, ततः परतोऽधोलोकोऽधःस्थितत्वात् सातिरेकसप्तरज्जुप्रमाणः । तदुभयलोकयोर्मध्ये-ऽष्टादशयोजनशतप्रमाणस्तिर्यग्लोकः, तिर्यग्भागस्थितत्वात् ॥५३॥

હવે લોકની અપેક્ષા વડે તેના ભેદ જણાવે છે...

લોકના ત્રણ ભેદ છે.

નામ લોક, સ્થાપના લોક, તથા દ્રવ્ય લોક...

જ્ઞાન લોક, દર્શન લોક, ચારિત્ર લોક.. (ભાવ લોક)

ઉર્ધ્વ લોક, અધો લોક, તિર્યગ્ લોક... (ક્ષેત્ર લોક)

નામ લોક તથા સ્થાપના લોક પૂર્વના 'ઇન્દ્ર' સૂત્ર પ્રમાણે જાણવો..

દ્રવ્ય લોકમાં વિશેષતા છે...

જ્ઞ શરીર અને ભવ્ય શરીરથી ભિન્ન જે દ્રવ્યલોક તે ધર્માસ્તિકાય વિગેરે જીવ-અજીવ રૂપ, રૂપી-અરૂપી, સપ્રદેશો અને અપ્રદેશો સ્વરૂપ દ્રવ્યો જ, અને દ્રવ્ય એ જ લોક તે **દ્રવ્ય લોક**

**ત્રણ પ્રકારે ભાવ લોક :-** આ ભાવ લોક આગમ અને નો આગમના ભેદથી બે પ્રકારે છે. લોકના ચિંતનમાં ઉપયોગ અથવા તે ઉપયોગથી અનન્યપણાથી પુરુષ જીવ તે **આગમથી...**

નો આગમથી સૂત્રમાં કહેલ જ્ઞાન વિગેરે ભાવ લોક છે, કારણ કે આ જ્ઞાનાદિ ત્રણે અન્યોન્ય સાપેક્ષ છે, માત્ર આગમ પણ નથી અને અનાગમ પણ નથી.

જ્ઞાન લોકની ભાવ લોકતા ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવરૂપપણાથી છે આ રીતે દર્શન લોક - ચારિત્ર લોક જાણવો.

**ક્ષેત્ર લોક** :- બહુ સમ ભૂમિ ભાગરૂપ રત્નપ્રભાના ભાગને વિષે મેરુ પર્વતની મધ્યમાં 'આઠ રુચક પ્રદેશ' હોય છે. તેની ઉપરના પ્રતર ઉપર નવસો યોજન સુધી જ્યોતિષ ચક્રનું ઉપરનું તલ છે, ત્યાં સુધી તિર્યગ્ લોક છે.

તિર્યગ્ લોકની આગળ ઉર્ધ્વ ભાગમાં રહેવાથી ઉર્ધ્વ લોક કંઈક ન્યૂન સાત રાજ પ્રમાણ છે.

રુચક પ્રદેશના નીચેના પ્રતરની નીચે નવસો યોજન પર્યંત તિર્યગ્ લોક છે. તેની આગળ નીચેના ભાગમાં રહેવાથી કંઈક અધિક સાત રાજ પ્રમાણ અધોલોક છે.

અધો લોક અને ઉર્ધ્વ લોકની મધ્યમાં અઢારસો યોજન પ્રમાણ તિર્યગ્ ભાગમાં રહેતો હોવાથી તિર્યગ્ લોક છે. ॥૫૩॥

धर्मादिलाभसमयमाह—

**त्रिभिर्यामैर्वयोभिश्च धर्मश्रवणबोध्यादिलाभः ॥५४॥**

**त्रिभिरिति,** यद्यपि रात्रेर्दिनस्य च चतुर्थभागोऽपि प्रसिद्धस्तथापि त्रिभाग एव पूर्वमध्यापरभेदेन त्रिस्थानकानुरोधाद्विवक्षितः, धर्मश्रवणबोधिमुण्डनानगारप्रव्रज्याब्रह्मचर्य-वाससंयमसंवराभिनिबोधिकज्ञानकेवलदर्शनादयो दिनस्य रात्रेर्वा यामेषु भवन्ति, तथा प्रथमे मध्यते पश्चिमे वा वयसीति ॥५४॥

હવે ધર્માદિ લાભનો સમય કહે છે.

ત્રણ યામ તથા ત્રણે વયમાં ધર્મશ્રવણ તથા બોધિલાભ વિ. થાય છે.

યામ ત્રણ છે... યામ પ્રહર...સામાન્ય રીતે રાત્રિ અને દિવસનો ચોથો ભાગ તે યામ કહેવાય છે, પણ અહીં ત્રણ ભાગ વિવક્ષિત છે. પૂર્વ રાત્રિ - મધ્યમ રાત્રિ અને પાછલી રાત્રિને આશ્રયીને 'ત્રિયામા' કહેવાય છે.

ધર્મનું શ્રવણ - બોધિ પ્રાપ્તિ - મુંડન દ્વારા અણગાર પ્રવ્રજ્યા - બ્રહ્મચર્યમાં વાસ - સંયમમાં પ્રયત્ન - સંવર આરાધના - આભિનિબોધિકજ્ઞાન.. તથા કેવલ દર્શન વિગેરે દિવસ કે રાત્રિના ત્રણે યામમાં પ્રાપ્ત થઈ શકે છે.

તે જ રીતે પ્રથમ - મધ્યમ - અને પશ્ચિમ વયમાં પણ આ સર્વેની પ્રાપ્તિ થાય છે. ॥૫૪॥

अथ बोध्यादिमाश्रित्याह—

**बुद्धा मूढाश्च ज्ञानदर्शनचारित्रेषु, इहपरद्विधाप्रतिबद्धभेदात् पुरतो मार्गतो द्विधाप्रतिबद्धभेदात्तोदयित्वा प्लावयित्वा सम्भाष्येति भेदादवपाताख्यात सङ्केतभेदाच्च त्रिधा प्रव्रज्या ॥५५॥**

**बुद्धा इति,** सम्यग्बोधविशिष्टः पुरुषास्त्रिधा ज्ञानबुद्धादयः, मूढा अपि ज्ञानमूढादिरूपेण त्रिविधाः, चारित्रबुद्धाश्च सत्यां प्रव्रज्यायामतस्तामाह- **इहेति,** पापाच्चरणव्यापारेषु गमनं प्रव्रज्या, चरणयोगगमनं मोक्षगमनमेव तत्कारणे तण्डुलान् वर्षति पर्जन्य इतिवत्कार्योपचारात् । इहलोकप्रतिबद्धा ऐहलौकिकभोजनादिकार्यार्थिनां परलोकप्रतिबद्धा जन्मान्तरकामाद्यर्थिनाम्, द्विधाप्रतिबद्धा चोभयार्थिनाम् । प्रव्रज्यापर्यायभाविषु शिष्यादिष्वग्रत आशंसनतः प्रतिबन्धादग्रतः प्रतिबद्धा । मार्गतः प्रतिबद्धा पृष्ठतः स्वजनादिषु स्नेहाच्छेदात्, द्विधाप्रतिबद्ध उभयथापि । तोदयित्वा प्रव्रज्या सा या व्यथामुत्पाद्य दीयते यथा मुनिचन्द्रपुत्रस्य सागरचन्द्रेण । प्लावयित्वा प्रव्रज्या च सा याऽन्यत्र नीत्वा दीयते यथाऽऽर्यरक्षितस्य । सम्भाष्य प्रव्रज्या गौतमेन कर्षकवत् । अवपातः-सद्गुरूणां सेवा ततो या साऽवपातप्रव्रज्या । आख्यातेन-धर्मदेशनेन, आख्यातस्य-प्रव्रजेत्यभिहितस्य वा गुरुभिर्या साऽऽख्यातप्रव्रज्या, फल्गुरक्षितस्येव । सङ्केताद्या सा संकेतप्रव्रज्या मेतार्यादीनामिव, अथवा यदि प्रव्रजसि तदा मया प्रव्रजितव्यमित्येवं या सा तथेति ॥५५॥

હવે બોધિને આશ્રયીને કહે છે..

સમ્યગ્ બોધ વિશિષ્ટ પુરુષો ત્રણ પ્રકારના છે, અને મૂઢ પુરુષો પણ ત્રણ પ્રકારના છે.

જ્ઞાન બુદ્ધ - દર્શન બુદ્ધ - ચારિત્ર બુદ્ધ - આ રીતે મૂઢ પુરુષો પણ...

ચારિત્ર બુદ્ધ આત્મા પ્રવ્રજ્યાની વિદ્યમાનતામાં હોય છે.

**પ્રવ્રજ્યા :-** પાપથી ચરણરૂપ વ્યાપાર તરફ ગમન કરવું તે **પ્રવ્રજ્યા** ચરણ યોગ ગમન તે મોક્ષ ગમન જ છે તેથી 'મેઘ તંદુલો (ચોખા) ને વરસાવે છે તેની જેમ કારણમાં કાર્યનો ઉપચાર કર્યો છે.

**'મેઘતંદૂલ..' :-** મેઘ પાણી વરસાવે તો ચોખા થાય આમ મેઘ કારણ ચોખા કાર્ય છે.

મેઘ રૂપ કારણમાં ચોખા રૂપ કાર્યનો ઉપચાર કરીને મેઘને 'ચોખા' કહ્યું - તે રીતે અહીં ચારિત્ર કારણમાં 'મોક્ષ' રૂપ કાર્યનો ઉપચાર કરીને ચારિત્રને 'મોક્ષ' કહેલ છે.

**પ્રવ્રજ્યા પ્રકાર :- ત્રણે પ્રકારે** ઇહ લોક પ્રતિબદ્ધા - પરલોક પ્રતિબદ્ધા - ઉભય લોક પ્રતિબદ્ધા.

**ઇહ લોક પ્રતિબદ્ધા :-** આ લોકમાં ભોજનાદિ કાર્યની ઇચ્છાવાળાને હોય છે.

**પરલોક પ્રતિબદ્ધા :-** બીજા ભવમાં કામ - ભોગાદિની ઇચ્છા વાળાને હોય છે.

**ઉભય લોક પ્રતિબદ્ધા :-** આ લોક તથા પર લોક સંબંધી સુખ પ્રાપ્તિની ઇચ્છાવાળાને હોય છે.

બીજી રીતે પ્રવ્રજ્યાના ત્રણ પ્રકાર....

**પુરતઃ પ્રતિબદ્ધા** :- ભાવિમાં દીક્ષા લેનાર શિષ્યાદિની વાંછારૂપ પ્રતિબંધથી...

**માર્ગતઃ પ્રતિબદ્ધા** :- સ્વજનોના સ્નેહને કારણે 'સ્વજનોનું પોષણ કરીશ' તેવી ભવિષ્યની ઇચ્છા રૂપ પ્રતિબંધથી...

**ઉભયતઃ પ્રતિબદ્ધા** :- પૂર્વોક્ત બંને પ્રકારની ઇચ્છા રૂપ પ્રતિબંધથી લેવાતી દીક્ષા...

અન્ય રીતે ત્રણ પ્રકાર...

**તોદયિત્વા** :- પીડા ઉપજાવીને અપાતી દીક્ષા - જેમ સાગરચંદ્રે મુનિચંદ્ર નામના રાજ પુત્રને દીક્ષા આપી તે રીતે...

**પ્લાવયિત્વા** :- આર્યરક્ષિતની જેમ બીજે સ્થળે જઇને જે દીક્ષા અપાય તે...

**સંભાષ્ય** :- સારી રીતે સમજાવીને અપાતી દીક્ષા... દા.ત. ગૌતમ સ્વામીએ હાલિક ખેડૂતને આપી..

બીજી રીતે ત્રણ પ્રકાર...

**અવપાત** :- સદ્ગુરુની સેવા માટે લેવાતી દીક્ષા...

**આખ્યાત** :- ધર્મની દેશના વડે સમજાવીને અથવા ગુરુના કહેવાથી લેવાતી દીક્ષા...દા.ત. ફાલ્ગુનરક્ષિતને આર્યરક્ષિતે આપી...

**સંકેત** :- સંકેતથી જે દીક્ષા લેવી તે... અર્થાત્ પૂર્વ પ્રતિજ્ઞાથી લેવાતી દીક્ષા... તું દીક્ષા લે તો હું પણ લઉં.. આ રીતે લેવાતી દીક્ષા... મેતાર્ય આદિની જેમ. ।।૫૫।।

निर्ग्रन्थस्वरूपमाह—

**नोसंज्ञोपयुक्तनिर्ग्रन्थाः पुलाकनिर्ग्रन्थस्नातकाः, संज्ञोपयुक्ताश्च बकुशप्रतिसेवनाकुशीलकषायकुशीलाः, उत्कृष्टमध्यमजघन्याः शैक्षभूमयः, जातिश्रुतपर्यायस्थविराः स्थविरभूमयः ॥५६॥**

**नोसंज्ञेति,** आहाराद्यभिलाषरूपसंज्ञायां पूर्वानुभूतस्मरणानागतचिन्ताद्वारेण नैवोपयुक्ता ये निर्ग्रन्थास्ते तथा, ते च त्रिविधाः, लब्ध्युपजीवनादिना संयमासारताकारकः पुलाकः, उपशान्तमोहः क्षीणमोहो वा निर्ग्रन्थो घातिकर्ममलक्षालनावाप्तशुद्धज्ञानस्वरूपः स्नातकः । संज्ञा आहारादिविषया नोसंज्ञा च तदभावलक्षणा तयोरुपयुक्तास्त्रिविधाः, तत्र बकुशः- शरीरोपकरणविभूषादिना शबलचारित्रपटः । प्रतिसेवनया मूलगुणादिविषयया कुत्सितं शीलं यस्य स प्रतिसेवनाकुशीलः । कषायेण कुत्सितशीलः कषायकुशीलः । निर्ग्रन्थाश्चारोपितव्रता

भवन्ति केचित्, अतो व्रतारोपणकालविशेषमाह-**उत्कृष्टेति,** शिक्षामधीत इति शैक्षस्तस्य भूमयो महाव्रतारोपणकाललक्षणा अवस्थापदव्य: शैक्षभूमय:, उत्कृष्टा षड्भिर्मासैरुत्कर्षत उत्थाप्यते न तानतिक्रम्यत इति, मध्यमा चतुर्मासिका जघन्या रात्रिंदिवसप्तकमाना । शैक्षविपर्ययस्थविरभूमिनिरूपणायाह-**जातीति,** जन्मनाऽऽगमेन प्रव्रज्यया च थे वृद्धास्ते तथोच्यन्त इति भाव:, तत्र षष्टिवर्षजात: श्रमणो जातिस्थवीर:, स्थानाङ्गसमवायधरो निर्ग्रन्थ: श्रुतस्थविर:, विंशतिवर्षपर्याय: श्रमण: पर्यायस्थविर इति, एते त्रय: क्रमेणानुकम्पा-पूजावन्दनायोग्या इति ॥५६॥

પ્રવ્રજ્યા સ્વીકારનારા નિર્ગ્રંથ હોય છે તેથી તેનું સ્વરૂપ જણાવે છે.

નો સંજ્ઞોપયુક્ત નિર્ગ્રંથના ત્રણ ભેદ... (૧) પુલાક (૨) નિર્ગ્રંથ (૩) સ્નાતક...

સંજ્ઞોપયુક્ત - નો સંજ્ઞોપયુક્ત નિર્ગ્રંથ (૧) બકુશ (૨) પ્રતિસેવના (૩) કષાય કુશીલ.

નિર્ગ્રંથ - બાહ્ય તથા અભ્યંતર પરિગ્રહથી રહિત...

**સંજ્ઞોપયુક્ત :-** પૂર્વે અનુભવેલ આહારાદિનું સ્મરણ અથવા ભવિષ્યમાં આહારાદિની ચિંતાથી ઉપયુક્ત...

**નો સંજ્ઞોપયુક્ત :-** આહારાદિની સંજ્ઞાથી જે જોડાયેલા નથી તે... તેના ત્રણ પ્રકાર ...

**(૧) પુલાક :-** તપશ્ચર્યા વિશેષથી પુલાક લબ્ધિનો ઉપયોગ કરીને પોતાના સંયમને જે અસાર કરે તે...

**(૨) નિર્ગ્રંથ :-** મોહનીય કર્મને ઉપશાંત કરનારા ૧૧ મા ગુણસ્થાનવર્તી અને મોહનીય કર્મને ક્ષય કરનારા ૧૨ મા ગુણસ્થાનવર્તી મહાત્માઓ

**(૩) સ્નાતક :-** ઘનઘાતી ચાર કર્મનો ક્ષય દ્વારા કેવલજ્ઞાનને પ્રાપ્ત કરનારા... (પુલાક સંયમી લબ્ધિના ઉપયોગ સમયે આહારાદિ સંજ્ઞા રહિત હોય છે.)

હવે સંજ્ઞોપયુક્ત - નો સંજ્ઞોપયુક્ત (ઉભય) ના ત્રણ પ્રકાર :

**(૧) બકુશ :-** શરીર અને ઉપકરણની વિભૂષા વિગેરે વડે કાબર ચિતરું કરેલ છે ચારિત્ર રૂપ વસ્ત્ર જેણે તે

**(૨) પ્રતિસેવના કુશીલ :-** મૂલગુણો વિગેરેમાં પ્રતિસેવના અર્થાત્ દોષ લગાવવા વડે અશુભ છે આચાર જેના તે...

**(૩) કષાય કુશીલ :-** કષાય વડે કુત્સિત છે આચાર જેનો તે...

કેટલાક નિર્ગ્રંથો આરોપણ કરેલ વ્રતવાળા હોય છે આથી વ્રતના આરોપણનો કાળ જણાવે છે.

શૈક્ષ - શિક્ષાને પ્રાપ્ત કરનાર - નૂતન દીક્ષીત...

**શૈક્ષની ત્રણ ભૂમિ છે :-** અર્થાત્ મહાવ્રત આરોપણના કાલની અપેક્ષાએ ત્રણ અવસ્થા છે.

**ઉત્કૃષ્ટ :-** છ મહિનામાં વડી દીક્ષા કરાય - છ માસના કાળનું ઉલ્લંઘન ન કરાય.

**મધ્યમ :-** ચાર મહિના અને **જઘન્ય** - ૭ દિવસ... રાત્રિ શાસ્ત્રની પરિભાષામાં તેને છેદોપસ્થાપનીય ચારિત્ર (વડી દીક્ષા) કહેવાય છે. (પ્રથમ દીક્ષા ગ્રહણ કરી તેને છોડનાર ફરી દીક્ષા ગ્રહણ કરે તો તેની સાત રાત્રિ - દિવસમાં વડી દીક્ષા થઇ શકે તેમ જાણવું)

શૈક્ષનો વિરોધી તે સ્થવિર... તેના ત્રણ ભેદ છે. અર્થાત્ ત્રણ સ્થવિર ભૂમિ છે.

(૧) **જાતિ** (જન્મ) **સ્થવિર :-** ૬૦ વર્ષની વયવાળા.

(૨) **શ્રુત સ્થવિર :-** ઠાણાંગ - સમવાયાંગ આગમ (આચારાંગ - સુયગડાંગ સહિત) ના જ્ઞાતા...

(૩) **પર્યાય સ્થવિર :-** વીસ વર્ષના સંયમ પર્યાયવાળા શ્રમણ આ ત્રણે પ્રકારના સ્થવિરોનું અનુક્રમે અનુકંપા (ભક્તિ), પૂજા અને વંદન કરવું જોઇએ. ॥૫૬॥

अथ लोकस्थितिं दिगपेक्षया जीवानां गत्यादि च निरूपयति–

**आकाशवातोदधिप्रतिष्ठिता पृथिवी, ऊर्ध्वाधस्तिर्यग्दिग्भ्यो गत्यागतिव्युत्क्रान्त्यादयः ॥५७॥**

**आकाशेति,** आकाशे घनवाततनुवातलक्षणो वातो व्यवस्थितः, सर्वद्रव्याणामाकाशप्रतिष्ठितत्वात्, वातप्रतिष्ठितो घनोदधिस्तत्र प्रतिष्ठिता तमस्तमःप्रभादिका पृथिवीत्यर्थः । एवंविधे लोके जीवानां दिशोऽधिकृत्य गत्यादिभावादाह–**ऊर्ध्वेति,** पूर्वादितया वस्तु यया व्यपदिश्यते सा दिक्, अत्र तिर्यक्पदेन पूर्वाद्याश्चतस्र एव दिशो गृह्यन्ते विदिक्षु गत्यागतिव्युत्क्रान्तीनामघटमानत्वात्, जीवानामनुश्रेणिगमनात्, आदिपदग्राह्याहारवृद्धिहानिचलनसमुद्घातकालसंयोगदर्शनज्ञानाभिगमजीवाभिगमेषु च विदिशामविवक्षितत्वात् । गतिः प्रज्ञापकस्थानापेक्षया मृत्वाऽन्यत्र गमनम्, आगतिः प्रज्ञापकप्रत्यासन्नस्थाने आगमनम्, व्युत्क्रान्तिरुत्पत्तिः, आहारः प्रसिद्धः, वृद्धिहानी शरीरस्य, जीवत एव चलनम्, वेदनादिलक्षणः समुद्घातः, कालसंयोगो वर्त्तनादिकाललक्षणानुभूतिर्मरणयोगो वा, दर्शनाभिगमः प्रत्यक्षप्रमाणभूतेनावध्यादिना बोधः, एवं ज्ञानाभिगमः, जीवानां ज्ञेयानामवध्यादिनैव बोधो जीवाभिगमः । एवं जीवानामजीवाभिगमः ऊद्धर्वाधस्तिर्यग्दिग्भ्यः । एते जीवाभिगमान्ताः सामस्त्येन पञ्चेन्द्रियतिर्यक्षु मनुष्येषु सम्भवन्ति, न तु नारकादीनां द्वाविंशतेर्जीवविशेषाणाम्, तेषां नारकदेवेषू-

त्पादाभावादूर्ध्वाधोदिशोर्विवक्षया गत्यागत्योरभावः, एवं दर्शनज्ञानजीवाभिगमा गुणप्रत्यया अवध्यादिप्रत्यक्षरूपा दिक्त्रये तेषां न सन्त्येव, भवप्रत्ययावधिपक्षे तु नारकज्योतिष्का-स्तिर्यगवधयो भवनपतिव्यन्तरा ऊर्द्ध्वावधयो वैमानिका अधोऽवधयः, एकेन्द्रियविकलेन्द्रि-याणान्तु नास्त्येवावधिरिति ॥५७॥

હવે લોકસ્થિત અને દિશાની અપેક્ષાએ જીવોની ગતિ આદિનું નિરૂપણ કરાય છે...

લોકસ્થિતિ ત્રણ પ્રકારે છે... તે આ પ્રમાણે...

આકાશ સર્વ દ્રવ્યોના આધાર રૂપ છે. તેથી આકાશને આધારે ઘનવાત તથા તનવાત વાયુ રહેલ છે, વાયુને આધારે ઘનોદધિ રહેલ છે અને ઘનોદધિને આધારે સાતમી તમઃતમપ્રભા વિગેરે પૃથ્વી રહેલ છે. આકાશ સ્વ પ્રતિષ્ઠિત છે તેને કોઈના આધારની જરૂર નથી.

આવા પ્રકારના લોકમાં જીવોની દિશાને આધારે ગતિ વિગેરે પણ થાય છે.

દિશા ત્રણ પ્રકારની છે...

ઉર્ધ્વ દિશા - અધો દિશા - તિર્યગ્ દિશા...

**દિશા :-** પૂર્વાદિપણાએ જેના વડે વસ્તુ વ્યવહાર કરાય છે તે દિશા અહીં તિર્યગ્ પદ વડે પૂર્વ વિગેરે ચાર જ દિશાનું ગ્રહણ કરાય છે. વિદિશામાં ગતિ - આગતિ - જન્મ આદિ સંભવિત નથી. કારણ કે વિદિશામાં જીવોનું અનુશ્રેણિ અનુસાર ગમન હોય છે.

**'આદિ'** પદથી ગ્રાહ્ય આહાર, વૃદ્ધિ, હાનિ, ચલન, સમુદ્‌ઘાત, સંયોગ, દર્શન - જ્ઞાન અભિગમ અને જીવાભિગમમાં વિદિશાની વિવક્ષા નથી.

**ગતિ :-** પ્રજ્ઞાપક સ્થાનની અપેક્ષા વડે મરીને અન્યત્ર જવું.

**આગતિ :-** પ્રજ્ઞાપકની નજીકના સ્થાનમાં જવું.

**વ્યુત્ક્રાંતિ :-** ઉત્પત્તિ... **આહાર** તો પ્રસિદ્ધ જ છે.

**વૃદ્ધિ - હાનિ :-** શરીરનું વધવું તથા ઘટવું... **ગતિ પર્યાય** (ચલન) જીવથી જ ચાલવું... (લબ્ધિ જન્ય શરીરની ગતિ),

**સમુદ્‌ઘાત :-** વેદનાદિ સ્વરૂપ...

**કાલ સંયોગ :-** વર્તનાદિ લક્ષણ રૂપ કાળનો અનુભવ અથવા મરણ...

**દર્શન અભિગમ :-** અવધિ વિગેરે દર્શન રૂપ પ્રત્યક્ષ પ્રમાણ વડે થતો બોધ

**જ્ઞાન અભિગમ :-** જ્ઞાનથી થતો બોધ

**જીવાભિગમ :-** જીવોના જ્ઞેયનું અવધિ વગેરે વડે જે અભિગમ તે જીવાભિગમ...

**અજીવાભિગમ :-** અજીવનો બોધ

ઉર્ધ્વ દિશા - અધો દિશા તથા પૂર્વાદિ ચાર આમ છએ દિશામાં પૂર્વોક્ત ગતિ વિ. તેર બોલ સંભવે છે.

આ જીવાભિગમ સુધી સામાન્યથી જીવ સૂત્રો છે. નારકાદિ (દેવ) માં આ તેર બોલનો સમસ્તપણે અસંભવ છે, પંચેન્દ્રિય તિર્યંચ તેમજ મનુષ્યને વિષે તેનો સંભવ છે.

નારક અને દેવોમાં નારકાદિ બાવીશ દંડકના જીવો ઉત્પન્ન થતા નથી આથી ઉર્ધ્વ અને અધો દિશાની વિવક્ષાએ ગતિ અને આગતિનો અભાવ છે.

તથા દર્શન - જ્ઞાન અને જીવાભિગમ આ ત્રણે અભિગમ ગુણ પ્રત્યયવાળા અવધિ વગેરે પ્રત્યક્ષ રૂપ ત્રણ દિશામાં ન હોય.

ભવ પ્રત્યય અવધિ પક્ષમાં તો નારક અને જ્યોતિષ્કો તિર્યગ્ અવધિવાળા, ભવનપતિ અને વ્યંતરો ઉર્ધ્વ અવધિવાળા અને વૈમાનિકો અધો અવધિવાળા હોય છે.

એકેન્દ્રિય તથા વિકલેન્દ્રિયને તો અવધિ જ્ઞાન જ નથી. ॥૫૭॥

प्रत्येकं पृथिव्यादयः प्रायोऽङ्गुलासंख्येयभागमात्रावगाहनत्वादच्छेद्यादिस्वभावा व्यवहारतो भवन्तीति निश्चयेन तत्प्रस्तावादच्छेद्यादीनाह—

**समयप्रदेशपरमाणवोऽच्छेद्याभेद्यादाह्याश्च, प्रमादेन कृतं दुःखं भीरवः प्राणिनोऽप्रमादेन च तद्वेद्यते ॥५८॥**

**समयेति,** समयः कालविशेषः, प्रदेशो धर्माधर्माकाशजीवपुद्गलानां निरवयवोंऽशः, परमाणुः अस्कन्धः पुद्गलः, एते बुद्ध्या क्षुरिकादिशस्त्रेण वा च्छेत्तुमशक्याः, अन्यथा समयादित्वायोगात् । सूच्यादिनाऽभेद्याः, अग्निक्षारादिनाऽदाह्याः चशब्देनानर्धा विभागद्वयाभावात्, अमध्या विभागत्रयाभावात्, अप्रदेशा निरवयवाः, अविभाज्या विभक्तुमशक्या इत्येते समुच्चीयन्ते । प्राणिनः कुतो दुःखं भवतीत्यत्राह **प्रमादेनेति,** अज्ञानसंशयमिथ्याज्ञानरागद्वेषमतिभ्रंशधर्मानादरयोगदुष्प्रणिधानलक्षणप्रमादेन बन्धहेतुना जीवेन कृतं दुःखं मरणादिरूपम्, प्राणिनश्च दुःखभीरवः, दुःखञ्च बन्धहेतुप्रतिपक्षभूतेनाप्रमादेन वेद्यते क्षिप्यत इति ॥५८॥

અહીં પૃથ્વી વિ. પ્રાયઃ અંગુલના અસંખ્યાત ભાગ માત્ર અવગાહનાવાળા હોવાથી ન છેદાય તેવા સ્વભાવવાળા વ્યવહારથી હોય છે, માટે તેના પ્રસ્તાવથી નિશ્ચય વડે અછેદ્ય વિગેરે સૂત્રો કહે છે...

ત્રણ અછેદ્ય છે.. (૧) સમય (૨) પ્રદેશ (૩) પરમાણુ...

**સમય :-** કાલ વિશેષ,

**પ્રદેશ :-** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયનો અવયવ રહિત જે અંશ તે પ્રદેશ.

**પરમાણુ :-** સ્કંધ રહિત પુદ્ગલ

આ ત્રણે બુદ્ધિ વડે અથવા છુરી વિગેરે શસ્ત્રોથી છેદવા માટે અશક્ય છે, માટે અચ્છેદ્ય છે કારણ કે છેદવાપણામાં સમય વગેરેનો અયોગ હોય છે.

તદુપરાંત પ્રદેશાદિ ત્રણે સોય આદિ વડે અભેદ્ય છે, અગ્નિ તથા ક્ષાર વડે **અદાહ્ય** = બાળી ન શકાય, હાથ વગેરે વડે જેઓ અર્ધ ભાગ ગ્રાહ્ય નથી તે **અનર્ધ** છે કારણ કે બે વિભાગનો અભાવ છે. **અમધ્ય :-** જેનો મધ્ય ભાગ નથી - ત્રણ વિભાગના અભાવથી અમધ્યમ છે. **અપ્રદેશા :-** અવયવ વગરના... **અવિભાજ્ય :-** ભાગ ન પાડી શકાય તેવા છે.

**પ્રાણીઓના દુઃખનું કારણ...**

પ્રાણીઓને દુઃખ કેમ થાય છે ? તેના ઉત્તરમાં જણાવ્યું છે. અજ્ઞાન - સંશય - મિથ્યાજ્ઞાન - રાગ - દ્વેષ - મતિ ભ્રંશ - (વિપરીત મતિ), ધર્મમાં અનાદર, મન-વચન- અને કાયાના યોગોનું દુષ્પ્રણિધાન (અશુભ પ્રવર્તન) રૂપ પ્રમાદ એ કર્મ બંધનું કારણ છે - જીવે પોતે જ કરેલા કર્મબંધના પરિણામે મરણાદિ દુઃખ આવે છે.

જીવો દુઃખથી ડરે છે, આ દુઃખના કારણભૂત કર્મ બંધના જે પ્રમાદ વિગેરે કારણો છે તેના વિરોધી અપ્રમાદ વડે દુઃખ ક્ષય પામે છે. ॥૫૮॥

अत्र तीर्थान्तरीयमतमाशंक्य निषेधति—

**कृता क्रियते, कृता न क्रियते, अकृता न क्रियत इति न वक्तव्यं किन्त्वकृता क्रियत इति वक्तव्यं तन्न, प्रतिनियतव्यवहाराभावप्रसङ्गेन कृता क्रियत इति युक्तत्वात् ॥५९॥**

**कृतेति,** कृता क्रिया दुःखाय भवतीत्येको भङ्गः, स न युज्यते पूर्वकालकृतत्वस्याप्रत्यक्षतयाऽसत्त्वात्, कृतं कर्म दुःखाय न भवतीति द्वितीयो भङ्गः, अयं न युज्यतेऽत्यन्तविरोधेनासम्भवात्, यदि हि कृतं कर्म कथं न दुःखाय भवति, यदि तु दुःखाय न भवति तर्हि कथं कृतं तत्, कृतस्य कर्मणोऽभवनाभावात्। अकृतं कर्म दुःखाय न भवतीति तृतीयो भङ्गः, सोऽपि न युक्तः, अकृतस्यासतश्च कर्मणः खरविषाणकल्पत्वात्, किन्त्वकृतं पूर्वमविहितं कर्म दुःखाय सम्पद्यत इत्येवं चतुर्थो भङ्गो वक्तव्यः, पूर्वकालकृतत्वस्याप्रत्यक्षतयाऽसत्त्वेन दुःखानुभूतेश्च प्रत्यक्षतया सत्त्वेनाकृतकर्मभवनपक्षस्य सम्मतत्वात्, यदि निर्ग्रन्था अप्यकृतमेव

कर्म दुःखाय देहिनां भवतीति प्रतिपद्यन्ते तर्हि शोभनम्, तथा चाकृत्वाऽकृत्वा कर्म देहिनो वेदनामनुभवन्तीन्यन्यतीर्थिकानां प्ररूपणा, तां निरस्यति **तन्नेति**, अज्ञानोपहतबुद्धीनां तत्प्ररूपणं मिथ्या, अकृतकर्मानुभवने हि बद्धमुक्तसुखित्वदुःखित्वादिप्रतिनियतव्यवहारो न भवेत्, तस्मात् कृतं कर्म दुःखाय भवति, कृत्वा कृत्वा देहिनः कर्मकृतशुभाशुभानुभूतिमनुभवन्तीति सम्यग्वादिनां वक्तव्यमिति भावः ॥५९॥

હવે અન્યતીર્થીકના મતનું નિરાકરણ કરાય છે...

પ્રસ્તુત સૂત્રમાં અન્યતીર્થીકો દ્વારા કથિત ક્રિયા સંબંધી ચાર ભંગ છે તેમાં ત્રણ ભંગનો નિષેધ છે, ચોથા 'અકૃત કર્મ' નો સ્વીકાર કરતાં તે વિષયક પ્રશ્ન છે.

**નિર્ગ્રંથ મત :-**

(૧) **કૃતા ક્રિયતે :-** કરેલું કર્મ દુઃખ માટે થાય છે. (નિર્ગ્રંથ મત) કૃત એટલે ભૂતકાળમાં કરેલ, ભૂતકાળ અપ્રત્યક્ષ છે તે અવિદ્યમાન છે, તેથી (આ મત તેઓને અમાન્ય છે.)

(૨) **કૃતા ન ક્રિયતે :-** 'કરેલું કર્મ દુઃખ માટે થતું નથી' એમ કેમ કહેવાય છે ? કારણ કે અત્યંત વિરોધ વડે અસંભવ હોય છે. કરેલું કાર્ય દુઃખ માટે ન થાય તો કરેલું કેમ કહેવાય ? કારણ કે કરેલાં કર્મનો ન થવા રૂપ અભાવ હોય છે અર્થાત્ કર્મો દુઃખ માટે થાય છે.

(૩) **અકૃતા ન ક્રિયતે :-** નહીં કરેલું કર્મ દુઃખ માટે થતું નથી. નહીં કરેલ અને અવિદ્યમાન કર્મ ગધેડાના શિંગડાની જેમ હોતું જ નથી. આમ આ મત પણ તેમને માન્ય નથી નિર્ગ્રંથ માન્ય આ ત્રણ ભંગના નિષેધને આશ્રયીને આ સૂત્રનો ત્રણ સ્થાનકમાં અવતાર કરેલ છે, એમ સંભાવના કરાય છે.

(૪) **અકૃતા ક્રિયતે :-** તે ચતુર્થ ભંગને તેઓ પૂછે છે, પહેલાં ન કરેલું કર્મ દુઃખ માટે થાય છે, અર્થાત્ કર્મ મત તેઓને સ્વીકાર્ય છે.

ભૂતકાળમાં કરેલ કર્મના અપ્રત્યક્ષપણાથી તેમજ અવિદ્યમાનપણાથી અને દુઃખનો અનુભવ પ્રત્યક્ષ હોવાથી વિદ્યમાનપણાએ નહીં કરેલ કર્મનું દુઃખ થવું આ મત પરતિર્થીકને માન્ય છે.

તેઓનો અભિપ્રાય છે કે -

'જો નિર્ગ્રંથો પણ' નહીં કરેલું જ કર્મ પ્રાણીઓને દુઃખને માટે થાય છે' એમ સ્વીકારે તો સારું.

આમ નહીં કરેલા કર્મને પ્રાણીઓ અનુભવે છે તેવા અન્ય તિર્થીકોના મતનું નિરાકરણ કરતાં કહે છે.

અજ્ઞાનથી હણાયેલ બુદ્ધિવાળા અન્ય તિર્થીકોનો આ મત મિથ્યા છે નહીં કરેલા કર્મનો જો અનુભવ થતો હોય તો બદ્ધ, મુક્ત, સુખીપણું... દુઃખીપણું ઇત્યાદિ જે નિશ્ચિત વ્યવહાર થાય છે તેના અભાવનો પ્રસંગ આવે.

આથી નિશ્ચિત થાય છે કે કરેલા કર્મ દુઃખ માટે થાય છે, પ્રાણીઓ કર્મ કરી - કરીને કર્મથી પ્રાપ્ત થયેલ શુભ તથા અશુભ પીડાનો અનુભવ કરે છે આ રીતે સમ્યગ્ કહેનારાઓનું મંતવ્ય છે. ॥૫૯॥

पुनर्जीवधर्मापेक्षया त्रिस्थानमाह—

**कृतवान् कुर्वन् करिष्यन् वाऽकार्यमकीर्त्त्यवर्णाविनयैर्वा कीर्त्तियशःपूजासत्कारहानिभ्यो वाऽऽलोचनप्रतिक्रमणनिन्दादीनि न प्रतिपद्यते, इहपरलोकोपपातगर्हाप्रशंसाभिस्तु प्रतिपद्यते** ॥६०॥

**कृतवानिति,** मायावी हि गोपनीयं यत्किञ्चिदकार्यं कृत्वाऽकार्षमिदमहमतः कथं निन्द्यमित्यालोचयिष्यामि स्वमाहात्म्यहानिप्राप्तेरित्यभिमानादथवा करोमि चाहमिदानीमेव कथमसाध्विति भणामि, यद्वा करिष्यामि चाहमेतदकृत्यमनागतकालेऽपि तत्कथं प्रायश्चित्तं प्रतिपद्य इत्यभिमानाद्गुरवे निवेदनलक्षणमालोचनं न प्रतिपद्यते नापि मिथ्यादुष्कृतप्रदानरूपं प्रतिक्रमणं न चात्मसाक्षिकां निन्दां नापि गुरुसाक्षिकां गर्हां न वा तदध्यवसायविच्छेदनात्मकं वित्रोटनं नापि वाऽऽत्मनश्चारित्रस्य वाऽतीचारमलक्षालनस्वरूपं विशोधनं नाप्यकरणताभ्युत्थानं न वा यथोचितं पापच्छेदकं निर्विकृतिकादि तपः प्रतिपद्यते, एकदिग्गामिनी प्रसिद्धिः कीर्त्तिः, सर्वदिग्गामिनी प्रसिद्धिर्वर्णस्तदभावभीत्या साधुकृताविनयभीत्या च नालोचनादि प्रतिपद्यते, इदञ्चाप्राप्तप्रसिद्धिपुरुषापेक्षम् । तथा कीर्तियशःपूजासत्काराणां हीनता स्यादिति नालोचनादिकं प्रतिपद्यते, इदन्तु प्राप्तप्रसिद्धिपुरुषापेक्षयोक्तम् । किन्तु स कथमालोचनादि प्रतिपद्यत इत्यत्राह-**इहेति,** इहलोको गर्हितो भवति, आगामी गर्हितो भवति, उपपातो गर्हितो भवतीत्यालोचनादि प्रतिपद्यते-तथेहलोकः प्रशस्तो भवति, आगामिलोकः प्रशस्तो भवति, उपपातः प्रशस्तो भवतीति च । अकृत्यकरणकाल एव मायी, न त्वालोचनादिकाले, आलोचनान्यथानुपपत्तेरिति बोध्यम् ॥६०॥

પ્રસ્તુત સૂત્રમાં જીવના ધર્મોની અપેક્ષા વડે ત્રણ સ્થાનક કહેવાય છે.

માયાવી આત્મા દોષ કરીને ત્રણ કારણથી તેની આલોચના વિગેરે કરતા નથી.

(૧) ભૂતકાળમાં મેં પાપનું આચરણ કર્યુ છે...

(૨) વર્તમાન કાળમાં હું પાપનું આચરણ કરી રહ્યો છું...

(૩) ભવિષ્યમાં પણ હું પાપનું આચરણ કરીશ...

તો પ્રાયશ્ચિત શા માટે કરૂં ? નિંદા કરવા યોગ્ય પાપની આલોચના કેમ કરૂં ?

મારા માનની હાનિ થાય તો પ્રાયશ્ચિત કેમ કરૂં ?

હમણાં પાપ કરી રહ્યો છું તો તે સારું નથી એમ કેમ કહ્યું ?

ભવિષ્યમાં પણ આ પાપ કરવાનો છું તો પ્રાયશ્ચિત - આલોચના શા માટે ?

આવાં પ્રકારના અભિમાનથી...

ગુરુને નિવેદન કરવા રૂપ આલોચના...

મિચ્છા મિ દુક્કડમ્ આપવા રૂપ પ્રતિક્રમણ...

આત્માની સાક્ષીએ નિંદા... ગુરુની સાક્ષી રૂપ ગર્હા...

પાપના વિચારને દૂર કરવા રૂપ વિત્રોટના...

આત્માના કે ચારિત્રના અતિચાર રૂપ મલને ધોવારૂપ વિશોધનં...

ફરી આવું પાપ નહીં કરૂં તેવા સ્વીકારરૂપ અકરણતાભ્યુત્થાનં...

પાપને છેદન કરનાર યથાયોગ્ય વિગઇના ત્યાગ રૂપ તપકર્મ ને સ્વીકારે નહીં...

તદુપરાંત આલોચના કરવાથી મારી અપકીર્તિ થશે... મારો અપયશ થશે... સાધુઓ મારો અવિનય કરશે આવા ભયથી આલોચનાદિ કરતો નથી.

કીર્તિ - એક દિશામાં વિસ્તાર પામનારી...

વર્ણવાદ - યશ = સર્વ દિશામાં પ્રસિદ્ધ પામનાર... આ સૂત્ર જેને પ્રસિદ્ધિ પ્રાપ્ત થઇ નથી તેવા પુરુષની અપેક્ષાવાળું છે...

તદુપરાંત આલોચના કરવાથી મારી કીર્તિ ઓછી થશે.. મારો યશ ઓછો થશે... મારા પૂજા સત્કાર ઓછા થશે આવા ભયથી આલોચનાદિ કરતો નથી...

આ સૂત્ર જેને પ્રસિદ્ધિ પ્રાપ્ત થઇ છે તેવા પુરુષની અપેક્ષાવાળું છે.

હવે આલોચના - પ્રાયશ્ચિત સ્વીકાર કરવા રૂપ ત્રણ કારણો જણાવાય છે...

(૧) માયાવીને આ લોક ગર્હિત થાય છે...

(૨) માયાવીને પરલોક ગર્હિત થાય છે... (કિલ્બિષિક વિગેરેમાં ઉત્પત્તિ થાય)

(૩) માયાવીને ભવોભવ ગર્હિત થાય છે...

આવા કટુ પરિણામથી દોષનું સેવન થઇ ગયા બાદ આત્મા આલોચનાદિ કરે છે.

તદુપરાંત -

(૧) આલોચના કરનારનો આ લોક પ્રશસ્ત થાય છે...

(૨) આલોચના કરનારનો પરલોક પ્રશસ્ત થાય છે...

(૩) આલોચના કરનારના ભવોભવ પ્રશસ્ત થાય છે...

આવા સારા પરિણામ આવવાથી આત્મા આલોચનાદિ કરે છે.

**આલોચનાની સફળતા :-** દોષ સેવન સમયે માયાવી, પરંતુ આલોચના આદિના સમયે અમાયાવી - સરળતા જ હોય જો તે ન હોય તો આલોચના દ્વારા કર્મ ક્ષય રૂપ સફળતા ન મળે. ॥૬૦॥

यस्त्वमायी स आलोचनादिकं प्रतिपद्य निरतिचारो भवति तथाभूतस्य ज्ञानादीनि स्वस्वरूपं लभन्ते ततश्च विशुद्धस्याभ्यन्तरसम्पत्तयो भवन्तीति तां त्रिधा कुर्वन्नाह—

**सूत्रार्थतदुभयधराणां निर्ग्रन्थानां जङ्गमिकभङ्गिकक्षौमिकाणि वस्त्राण्यलाबूदारुमृन्मयपात्राणि च धर्तुं परिभोक्तुञ्च कल्पन्ते ॥६१॥**

**सूत्रेति,** सूत्रधरोऽर्थधरस्तदुभयधरश्चेत्यर्थः, यथोत्तरं प्रधाना एते, जङ्गमिकमौर्णिकादि, भङ्गिकमतसीमयं क्षौमिकं कार्पासिकम्, वस्त्रग्रहणकारणानि च लज्जाविवृताङ्गदर्शनजप्रवचनजुगुप्सापरिहरणादीनि । एतानि वस्त्राणि निर्ग्रन्थानां निर्ग्रन्थीनाञ्च धर्त्तुं परिभोक्तुं च युज्यन्ते, अग्रे स्पष्टम् ॥६१॥

અમાયાવી આલોચનાદિના સ્વીકારથી નિરતિચાર રૂપ થાય છે, અને તેવો આત્મા જ્ઞાન વિગેરે સ્વ-સ્વભાવને મેળવે છે, અને આવા વિશુદ્ધ આત્મા અભ્યંતર સંપત્તિને પ્રાપ્ત કરે છે... આવી ત્રણ પ્રકારની સંપત્તિ અહીં જણાવે છે.

સંપત્તિ ત્રણ પ્રકારે છે...

(૧) સૂત્રને ગ્રહણ કરનાર (૨) અર્થને ગ્રહણ કરનાર (૩) તદુભયધર... (સૂત્ર તથા અર્થને ગ્રહણ કરનારા)

આ ત્રણે ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે.

નિર્ગ્રંથ સાધુ તથા સાધ્વીજીને ત્રણ પ્રકારના વસ્ત્ર રાખવા તથા પહેરવા કલ્પે છે...

(૧) જાંગિક - ઉનના વસ્ત્ર (૨) ભાંગિક - શણના વસ્ત્ર અથવા રેશમી વસ્ત્ર (૩) ક્ષૌમિક - રૂના વસ્ત્ર...

નિર્ગ્રંથ સાધુ - સાધ્વીજી ભગવંતોને ત્રણ પ્રકારના પાત્ર ધારણ કરવા કલ્પે છે.

(૧) તુંબડાનું પાત્ર (૨) કાષ્ટ - લાકડાનું (૩) માટીનું પાત્ર

નિર્ગ્રંથ સાધુ - સાધ્વીજી ભગવંતને વસ્ત્ર ધારણ કરવાના ઉપભોગ કરવાના ત્રણ કારણ...

(૧) લજ્જાના નિમિત્તે (૨) ખુલ્લા શરીર દ્વારા શાસનની હેલના ન થાય તે માટે. (૩) શીત - ઠંડી આદિના પરિહાર માટે. ॥૬૧॥

निर्ग्रन्थधर्मानाचष्टे--

**दृष्ट्वा निशम्य तृतीयमृषावादमाश्रित्याऽऽलोचनं च निर्ग्रन्थः साधर्मिकं साम्भोगिकं विसम्भोगिकं कुर्वन्नातिक्रामति, अनुज्ञासमनुज्ञोपसम्पदादय आचार्योपाध्यायगणित्वैस्त्रिधा ॥६२॥**

**दृष्ट्वेति**, यो निर्ग्रन्थः साधर्मिकं समानधर्मचारिणं साम्भोगिकं-संभोगः-साधूनां समानसामाचारीकतया परस्परमुपध्यादिदानग्रहणसंव्यवहारलक्षणः स विद्यते यस्य तं तथा विसंभोगो दानादिभिरसंव्यवहारः स यस्यास्तीति तं विसम्भोगिकं करोति स त्रिभिः स्थानैराज्ञां सामायिकं वा न लङ्घयति विहितकारित्वात्, त्रिस्थानञ्च दृष्ट्वा-साक्षात् सांभोगिकेन क्रियमाणामसाम्भोगिकदानग्रहणादिकामसामाचारी विलोक्य, निशम्य-श्रद्धेयवचनान्यसाधोर्वचनमवधार्य, अकल्पग्रहणपार्श्वस्थदानादिना सावद्यविषयप्रतिज्ञाभङ्गलक्षणमेकवारं द्विवारं त्रिवारं वाऽऽनाभोगतः कृतं मृषावादमाश्रित्यालोचनं प्रायश्चित्तं च । चतुर्थं मृषावादमाश्रित्य तु प्रायो नालोचनयोग्यः, तस्य दर्पत एव भावात्, आलोचनेऽपि नास्य प्रायश्चित्तं दीयते, अत्राद्यं स्थानद्वयं गुरुतरदोषाश्रयम्, यतस्तत्र ज्ञातमात्रे श्रुतमात्रे च विसंभोगः क्रियते, तृतीयन्त्वल्पतरदोषाश्रयम्, तत्र हि चतुर्थवेलायां स विधीयत इति । अनुज्ञेति, अनुज्ञा-अधिकारदानम्, समनुज्ञा-औत्सर्गिकगुणयुक्तत्वेनोचिताऽऽचार्यादितयाऽनुज्ञा, उपसम्पत्तिः-ज्ञानाद्यर्थं भवदीयोऽहमित्यभ्युपगमः, तथा हि कश्चित्स्वाचार्यादिसन्दिष्टः सम्यक्श्रुतग्रन्थानां दर्शनप्रभावकशास्त्राणां वा सूत्रार्थयोर्ग्रहणस्थिरीकरणविस्मृतसन्धानार्थं चारित्रविशेषभूताय वैयावृत्त्याय क्षपणाय वा सन्दिष्टमाचार्यान्तरं यदुपसम्पद्यते सेयमाचार्योपसम्पत्, एवमुपाध्यायगणिनोरपि । अनुज्ञासमनुज्ञोपसम्पत्त्रयं प्रत्येकमाचार्यत्वादिभेदेन त्रिधैव । आदिपदग्राह्य आचार्यादिः परित्यागोऽपि त्रिधा, स च स्वकीयप्रमाददोषमाश्रित्य वैयावृत्त्यक्षपणार्थमाचार्यान्तरोपसम्पत्त्या भवति, अथवाऽऽचार्यादिर्ज्ञानाद्यर्थमुपसम्पन्नं यतिं तमर्थमननुतिष्ठन्तं सिद्धप्रयोजनं वा यत् परित्यजति, स आचार्यादिपरित्याग इति ॥६२॥

દૃષ્ટ્વેતિ...

**સાંભોગિક :-** જે સાધુઓમાં સમાન સામાચારીને કારણે પરસ્પર ઉપધિ વિગેરે લેવા-દેવા રૂપ વ્યવહાર છે તેઓ સાંભોગિક કહેવાય. અર્થાત્ જેઓનો સમાન ધર્મ છે તે સાંભોગિક...

**વિસાંભોગિક :-** સમાન સામાચારીના અભાવે જેઓનો લેવા-દેવા રૂપ વ્યવહાર નથી તે વિસાંભોગિક.

ત્રણ કારણથી સાંભોગિકને વિસાંભોગિક કરનાર સામાયિક કે આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી, પણ આજ્ઞાનું પાલન જ કરે છે. ત્રણ કારણ નીચે પ્રમાણે.

(૧) સાંભોગિક વડે કરાતી અસાંભોગિક સાથે દાન - ગ્રહણાદિ રૂપ અસામાચારીને પોતે સાક્ષાત્ જોઇને...

(૨) શ્રદ્ધા કરવા યોગ્ય વચન હોય તેવા અન્ય સાધુના વચનને અવધારીને...

(૩) અકલ્પનું ગ્રહણ - અને પાસત્થા સાધુને આપવું વિગેરે સાવદ્ય વિષય રૂપ પ્રતિજ્ઞાના ભંગને આશ્રયીને એકવાર - બે વાર કે ત્રણ વારમાં ઇરાદા વગર મૃષા બોલીને પાછો વળે તો તેને આલોચના કરાવે અને યોગ્ય પ્રાયશ્ચિત અપાવે.

પરંતુ ચોથી વાર મૃષાવાદનો આશ્રયી હોય તે આલોચનાને યોગ્ય નથી - કારણ કે તેનામાં અહંકારનો સદ્ભાવ રહેલો છે. તેવો આત્મા કદાચ આલોચના કરે તો પણ તેને પ્રાયશ્ચિત અપાતું નથી.

આમાંથી પ્રથમના બે સ્થાન મોટા દોષના આશ્રય રૂપ છે, તેથી તેમાં જાણવા માત્રથી કે સાંભળવા માત્રથી વિસાંભોગિક કરાય છે. ત્રીજું સ્થાન તો અલ્પ દોષવાળું છે તેથી તેમાં ચોથી વારે વિસાંભોગિક કરાય છે.

હવે અનુજ્ઞા - સમનુજ્ઞા તથા ઉપસંપદાના ત્રણ-ત્રણ સ્થાન બતાવે છે.

**અનુજ્ઞા :- અધિકાર...** કોઇ ગુણના અભાવમાં પણ અનુજ્ઞા હોય છે

તેના ત્રણ પ્રકાર... (૧) આચાર્યત્વની (૨) ઉપાધ્યાયત્વની (૩) ગણિત્વની ગુણોના ધારક આત્માને આચાર્યાદિ રૂપે સ્વીકારવાની શાસ્ત્રોક્ત આજ્ઞાને અનુજ્ઞા કહેવાય છે... એ રીતે સમનુજ્ઞા - ઉપસંપદાના પણ ત્રણ પ્રકાર જાણવા.

**સમનુજ્ઞા :-** ઔત્સર્ગિકગુણ યુક્તને આચાર્યાદિપણાએ જે અનુજ્ઞા તે સમનુજ્ઞા... અર્થાત્ સમગ્ર ગુણોની વિદ્યમાનતામાં સમનુજ્ઞા હોય છે. વ્રત સંપન્ન - વ્રતના પાલક - ઉચિત કાળમાં સૂત્રાર્થને ગ્રહણ કરવા વિગેરે મુનિઓના આ ઔત્સર્ગિક ગુણો છે.

**ઉપસંપદા :-** જ્ઞાન-દર્શન અને ચારિત્રની વિશિષ્ટ પ્રાપ્તિ માટે અન્ય ગણના આચાર્યાદિ પાસે જઇને અલ્પકાલ માટે 'હું તમારો છું' તેમ કહી તેમની નિશ્રા સ્વીકારવી.. તે આ રીતે,

પોતાના આચાર્યાદિ વડે આદેશ કરાયેલ કોઇક સાધુ, સમ્યક્ શ્રુત ગ્રંથો (આગમો) ના અથવા દર્શન પ્રભાવક શાસ્ત્રો (સમ્મતિ તર્ક વિગેરે) ના સૂત્ર તથા અર્થના અભ્યાસ માટે, સ્થિરિકરણ કરવા માટે, ભૂલેલાને સ્થિર કરવા માટે, ચારિત્રની પુષ્ટિ માટે, વૈયાવૃત્ય માટે, અથવા તપશ્ચર્યા માટે અન્ય આચાર્યને સ્વીકારે છે. આ રીતે ઉપાધ્યાય - ગણિની પણ જાણવી.

**વિજહના-પરિત્યાગ** આદિ પદથી આચાર્યાદિના ભેદથી પરિત્યાગ પણ ત્રણ પ્રકારે છે. પોતાના આચાર્યના પ્રમાદ દોષને આશ્રયીને વૈયાવૃત્ય કે તપશ્ચર્યા માટે બીજા આચાર્ય પાસે જઇ તેની ઉપસંપદા સ્વીકારવી - આ રીતે પોતાના આચાર્યનો મર્યાદિત સમય માટે ત્યાગ થાય છે.

જ્ઞાનાદિ માટે ઉપસંપદાને સ્વીકારનાર મુનિનો જ્ઞાનાદિ માટે ન રહેનાર મુનિનો અથવા જેનું જ્ઞાનાદિ પ્રયોજન પૂર્ણ થયું છે તેવા મુનિનો આચાર્ય ત્યાગ કરે અર્થાત્ તેને પોતાના આચાર્ય પાસે જવા આજ્ઞા કરે તે આચાર્ય પરિત્યાગ... ॥૬૨॥

वाङ्मनसोस्त्रैविध्यमाह—

**तत्तदन्यवचननोअवचनरूपं वचनं तद्विपर्ययादवचनं तथा मनः ॥६३॥**

**तदिति**, विवक्षितार्थस्य कथनं तद्वचनं यथा घटार्थापेक्षया घटवचनम्, व्युत्पत्तिनिमित्तभूतधर्मविशिष्टपदार्थकथनं वा तद्वचनम् यथा ज्वलनतपनादिः । आचार्यादेर्वा वचनं तद्वचनम् । विवक्षितार्थव्यतिरिक्तार्थबोधकं वचनं तदन्यवचनं यथा घटापेक्षया पटवचनम्, व्युत्पत्तिनिमित्तधर्मव्यतिरिक्तप्रवृत्तिनिमित्तधर्मविशिष्टबोधकं वा तदन्यवचनं यथा मण्डपादिवचनम्, आचार्यव्यतिरिक्तवचनं वा तदन्यवचनम् । अभणननिवृत्तिर्वचनमात्रं वा नोअवचनम्, यथा डित्थादिवचनम्, व्युत्पत्तिप्रवृत्तिनिमित्तधर्मविशिष्टान्यवचनं नोअवचनं यथा डित्थादिवचनम्, अविवक्षितप्रणेतृविशेषं वा वचनं नोअवचनमिति । **तद्विपर्ययादिति**, घटापेक्षया पटवचनमतद्वचनं घटापेक्षया घटवचनमतदन्यवचनम्, वचनमात्रनिवृत्तिर्न नोअवचनम्, एवं व्याख्यान्तरापेक्षयापि भाव्यम् । देवदत्तस्य मनस्तन्मनः, घटादौ वा मनस्तन्मनः, देवदत्तान्ययज्ञदत्तादेर्मनस्तदन्यमनः, घटापेक्षया पटादौ वा मनस्तदन्यमनः, अविवक्षितसम्बन्धिविशेषं मनोमात्रं नोअमनः, एतद्वैपरीत्येनामनोऽपि भावनीयम् ॥६३॥

હવે વાણી અને મનની ત્રિવિધતા જણાવે છે.

**तदिति.... વચન** ત્રણ પ્રકારના છે.

(૧) તદ્ વચન (૨) તદન્ય વચન (૩) નો અવચન..., તેનાથી વિપરીત અવચન ત્રણ પ્રકારે છે... (૧) નો તદ્ વચન (૨) નો તદન્ય વચન (૩) અવચન...

આ રીતે મનના... અ મનના પણ ત્રણ-ત્રણ પ્રકાર છે.

મનના ત્રણ પ્રકાર... (૧) તન્મન (૨) તદન્ય મન (૩) નો અમન.

**અમનના** ત્રણ પ્રકાર (૧) નો તન્મન (૨) નો તદન્ય મન (૩) અ મન

૧ **તદ્ વચનં** :- વિવક્ષિત વસ્તુનું યથાર્થપણે કથન... દા.ત. ઘટ માટે 'ઘટ' શબ્દનો પ્રયોગ... અથવા શબ્દની વ્યુત્પત્તિ નિમિત્ત રૂપ ધર્મ વિશિષ્ટ અર્થ જે શબ્દ વડે કહેવાય છે તે **તદ્ વચનં**... દા.ત. અગ્નિ... સૂર્ય વિગેરે... અથવા આચાર્ય આદિનું વચન તે તદ્ વચન...

૨. **તદન્ય વચનં** :- વિવક્ષિત પદાર્થમાં તે પદાર્થથી ભિન્ન વસ્તુનું કથન... દા.ત. 'ઘટ' માટે 'પટ' એવો પ્રયોગ કરવો. અથવા વ્યુત્પત્તિ નિમિત્તરૂપ ધર્મ વિશિષ્ટથી અન્ય શબ્દની પ્રવૃત્તિ નિમિત્તરૂપ ધર્મ વિશિષ્ટ અર્થ જે શબ્દો વડે કહેવાય છે તે... અર્થાત્ વ્યુત્પત્તિ સૂચક શબ્દના બદલે અન્ય શબ્દ પ્રયોગ કરવો. દા.ત. મંડપ વિગેરે શબ્દની જેમ... અથવા આચાર્યાદિથી અન્યનું વચન તે તદન્યવચન...

૩. **નો અવચનં** :- નિરર્થક વચન... વચન માત્ર... દા.ત. ડિત્થાદિ... અથવા વ્યુત્પત્તિ પ્રવૃત્તિ નિમિત્ત ધર્મ વિશિષ્ટથી અન્ય વચન... દા.ત. ડિત્થાદિ. અથવા નહીં વિવક્ષા કરેલ તેવા કહેનારનું વચન...

૧. **અતદ્વચનં** :- ઘટને વિષે 'પટ' નું કથન...

**અતદન્યવચનમ્** :- 'ઘટ' ને 'ઘટ' કહેવો.

**અવચનં** :- વચન નિવૃત્તિ એમ વ્યાખ્યાંતરની અપેક્ષાએ જાણવું...

**તન્મન** :- દેવદત્ત વિગેરેનું મન અથવા ઘટાદિને વિષે જે મન તે તન્મન...

**તદન્યમન** :- દેવદત્તથી અન્ય યજ્ઞદત્ત વિ. નું મન અથવા ઘટને અપેક્ષાએ પટાદિને વિષે મન...

**નો અમન** :- દેવદત્તાદિની વિવક્ષા વગરનું મનોમાત્ર તે નો અમન... અર્થાત્ મનનો લક્ષ્યહીન વ્યાપાર...

આ રીતે 'અમન' ના પણ ત્રણ પ્રકાર જાણવા. ॥૬૩॥

देवाश्रयेण स्थानत्रैविध्यमादर्शयति—

**दिव्यविषयप्रसक्त्या दिव्यप्रेमसङ्क्रान्त्याऽसमाप्तकर्त्तव्यतया च देवा इच्छन्तोऽपि मनुजलोकं शीघ्रमागन्तुमशक्ताः, आचार्यादीन् सन्मानयामि भगवतो वन्दे मनुजभवीयमातापित्रादिसमीपे प्रकटीभवामीति बुद्धया चागन्तुमिच्छन्ति ॥६४॥**

**दिव्येति**, देवलोकेषु मध्ये क्वचिद्देवलोकेऽधुनोपपन्नो देवो मनुजलोकमागन्तुमभिलषन्नपि त्रिभिः कारणैर्नागन्तुं शक्नोति, तत्र प्रथमं कारणं दिव्यविषयप्रसक्तिः, दिवि-देवलोके भवा दिव्याः ये विषयाः शब्दरूपरसगन्धस्पर्शाः, तेषु प्रकर्षेणाऽऽसक्तिः-मूर्च्छा तत्स्वरूपस्यानित्यत्वादेर्विबोधाक्षमत्वात्, ततो हेतोः । अत एव तस्य मानुषकामभोगेषु नादरो

न वा तान् वस्तुभूततया स जानाति, नापि तेषां किञ्चित् प्रयोजनं मन्यते न वा ममैते भूयासुरिति निदानं प्रकरोति न वैते मे स्थिरीभवन्त्विति कामयते । दिव्यप्रेमसङ्क्रान्तिर्द्वितीयं कारणम्, स्वर्गगतकामोपभोगेषु मूर्च्छितत्वादेव मनुष्यविषयः स्नेहो व्युच्छिन्नो येन न मनुष्यलोकमागच्छेत्, तृतीयञ्च कारणमसमाप्तकर्त्तव्यता, दिव्यकामोपभोगेषु मूर्च्छितत्वादेव तस्यैवं मनो भवति यथा मुहूर्त्तेनास्य कृत्यस्य समाप्तौ यास्यामि न त्विदानीमेव, कृतकृत्यो हि क्वचिद्गन्तुं शक्यः, अथवा मानुजा मात्रादयोऽल्पायुषः यद्दर्शनार्थं जिगमिषामि, ते च कालधर्मं गताः कस्य दर्शनार्थं गच्छेयमिति । दिव्यकामेषु कश्चिद्देवोऽमूर्च्छितोऽपि भवति तस्य च मन एवं भवति, मनुष्यभवे ममाऽऽचार्य उपाध्यायः प्रवर्त्तकः स्थविरो गणी गणावच्छेदो वा विद्यते येषां प्रभावेण ईदृशी दिव्यर्द्धिर्दिव्यद्युतिर्दिव्यशक्तिर्दिव्यपरिवारादिसंयोगो मयेदानी-मुपलब्धस्तान् पूज्यान् स्तुतिभिर्वन्दे प्रणामेन नमस्याम्यादरकरणेन सत्करोमि वस्त्रादिना वा सन्मानयामि कल्याणं मङ्गलं चैत्यमिति बुद्धया सेव इति हेतोः, तथा भगवतः सिंहगुहाकायोत्सर्गकारणादीनां मध्ये दुष्करमनुरक्तपूर्वोपभुक्तप्रार्थनापरतरुणीमन्दिरवासाप्रकम्प-ब्रह्मचर्यानुपालनादिकारिणः स्थूलभद्रवद्वन्दनादिकं कुर्व इति हेतोः, एवं सन्ति मम मनुजभवे मातापित्रादयस्तत्र गच्छामि तेषामन्तिके प्रकटीभवामि येन ते मम दिव्यरूपर्द्धयादीन् पश्यन्त्विति हेतोर्मानुषं लोकं शीघ्रमागन्तुमिच्छति शक्यते चायान्तुमिति ॥६४॥

હવે દેવને આશ્રયીને ત્રણ સ્થાન કહેવાય છે.

દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ શીઘ્ર મનુષ્ય લોકમાં આવવા ઇચ્છે તો પણ આવી શકતા નથી, તેના ત્રણ કારણો જણાવાય છે.

(૧) **દેવલોક સંબંધી વિષયોની આસક્તિ** :- દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલો કોઇ દેવ દેવલોક સંબંધી શબ્દ - રૂપ - રસ - ગંધ અને સ્પર્શ રૂપ દિવ્ય વિષયોમાં મૂર્ચ્છિત થવાથી અને કામભોગોની અનિત્યત્વાદિ જાણવામાં અસમર્થ હોવાથી મનુષ્ય લોકમાં આવતા નથી.

દેવલોકમાં રહેલા દેવોને મનુષ્ય સંબંધી કામ ભોગમાં આદર થતો નથી તે વિષયો વસ્તુભૂત છે તેમ પણ તે જાણતો નથી, તે વિષયોમાં તેઓને કોઇ પ્રયોજન દેખાતું નથી, અથવા મને આ વિષયોની પુનઃ પ્રાપ્તિ થાય એ પ્રમાણે નિદાન પણ કરતા નથી, તથા આ વિષયો સ્થિર રહે તેવી ઇચ્છા પણ કરતા નથી... આ કારણે મનુષ્ય લોકમાં આવતા નથી.

(૨) **દિવ્યપ્રેમ સંક્રાંતિ** :- દેવલોક સંબંધી કામ ભોગોમાં મૂર્છા થવાથી જ મનુષ્ય સંબંધી વિષયોનો સ્નેહ નાશ પામે છે... રાગ દિવ્ય પ્રેમમાં સંક્રાંત થઇ જાય છે તેથી મનુષ્ય લોકમાં આવતા નથી.

(૩) **કાર્ય અસમાપ્તિ :-** દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલો દેવ, દિવ્ય કામ ભોગમાં મૂર્ચ્છિત થવાથી આ કાર્ય સમાપ્ત થયે હું મુહૂર્ત્ત માત્રમાં - ક્ષણ માત્રમાં મનુષ્ય લોકમાં જઈશ, હમણાં નહીં એ પ્રમાણે વિચારે છે. કૃતકૃત્ય થયેલો હું જવા માટે સમર્થ થઈશ... આવા વિચારથી તથા મનુષ્ય લોકના માતા-પિતા વિગેરે અલ્પ આયુષ્યવાળા મૃત્યુ પામી જાય છે તેથી જેમના દર્શન માટે ઇચ્છા કરું છું તેઓ તો મૃત્યુ પામી ગયા હવે કોના દર્શન માટે હું જાઉં ?

આમ આવા સંકલ્પ-વિકલ્પથી દેવો માનવ લોકમાં આવતા નથી.

**ત્રણ કારણથી દેવોનું આગમન :-** ત્રણ કારણથી દેવ શીઘ્ર મનુષ્ય લોકમાં આવે છે.

(૧) દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ, દિવ્ય કામોમાં મૂર્છા વગરનો પણ હોય છે અને તેનું મન આ પ્રમાણે વિચાર કરે છે કે - મનુષ્ય લોકમાં મારા ઉપકારી આચાર્ય ભગવંત - ઉપાધ્યાય ભગવંત - પ્રવર્ત્તક - સ્થવિર - ગણી અથવા ગણાવચ્છેદક છે. જેના પ્રભાવે મને આવા પ્રકારની દિવ્ય ઋદ્ધિ - દિવ્ય કાંતિ - દિવ્ય શક્તિ તથા દિવ્ય પરિવાર આદિનો સંયોગ અત્યારે પ્રાપ્ત થયો છે, આથી તે ઉપકારી પૂજ્યોને સ્તુતિ વડે વંદન કરૂં, પ્રણામ વડે નમસ્કાર કરૂં, આદર ભાવ વડે સત્કાર કરૂં અને વસ્ત્રાદિ વડે સન્માન કરૂં... તેઓ કલ્યાણ સ્વરૂપ - મંગલ સ્વરૂપ તથા ચૈત્ય સ્વરૂપ છે એ પ્રમાણેની બુદ્ધિ વડે હું સેવાપર્યુપાસના કરૂં... આવા ભાવથી મનુષ્ય લોકમાં આવે છે.

(૨) સિંહગુફામાં કાયોત્સર્ગ કરનારાઓની મધ્યમાં દુષ્કર... પૂર્વના રાગી, પૂર્વે ભોગવેલા ભોગોની પ્રાર્થનામાં તત્પર એવા તરૂણીના ઘરમાં વાસ કરવા છતાં નિષ્પ્રકંપરીતે -નિશ્ચલ બ્રહ્મચર્યનું અનુપાલન કરનાર સ્થૂલભદ્ર જેવા ભગવંતોને હું વંદનાદિ કરૂં... ઇત્યાદિ કારણથી મનુષ્ય લોકમાં આવે છે.

(૩) મનુષ્ય ભવમાં મારા માતા-પિતા વિગેરે છે ત્યાં હું જાઉં અને તેમની સમક્ષ પ્રગટ થાઉં તેથી તેઓ મારી દિવ્ય દેવ ઋદ્ધિ - દિવ્ય દેવ રૂપ-દિવ્ય દેવ કાંતિ આદિને જુવે.

આ ત્રણ કારણથી દેવ મનુષ્ય લોકમાં જલ્દી આવવા માટે ઇચ્છા કરે છે અને કાર્ય શક્ય પણ બને છે. ।।૬૪।।

पुनरपि देवविशेषाश्रयेणाह—

**मनुष्यजन्मार्यक्षेत्रजन्म सुकुलप्रत्यायातिश्च देवा अभिलषन्ति पश्चात्तापं कुर्वन्ति च बहुश्रुतानध्ययनाद्दीर्घश्रामण्यपर्यायापालनाद्दद्धिरससातगुरुकतया भोगाशंसा गृद्धतया च विशुद्धचारित्रास्पर्शनात् ॥६५॥**

**मनुष्यजन्मेति**, आर्यक्षेत्रं-अर्धषड्विंशतिजनपदानामन्यतरन्मगधादि तत्र जन्म, सुकुल-प्रत्यायातिं-इक्ष्वाक्वादौ सुकुले देवलोकात्प्रतिनिवृत्तिं तत्र जन्मेति यावत् । पश्चात्तापकरणे

निमित्तं प्रथममाह-**बहुश्रुतानध्ययनादिति,** बलवीर्यपुरुषकारपराक्रमनिरुपद्रवसुभिक्षकाल-नीरोगदेहानां सर्वसामग्रीणां सद्भावेऽप्यहो नाचार्यादिभ्यो बहुश्रुतमधीतमतो हेतोरित्यर्थः, द्वितीयं निमित्तमाह-**दीर्घश्रामण्यपर्यायापालनादिति,** विषयपिपासयेहलोकप्रतिबन्धपर-लोकपराङ्मुखतया न सुदीर्घकालं यावच्छ्रमण्यपर्यायः पालित इति हेतोरित्यर्थः, तृतीयमाह **ऋद्धीत्यादिना,** ऋद्धिः-आचार्यत्वादौ नरेन्द्रादिपूजा, रसाः-मनोज्ञा मधुरादयः, सातं-सुखमे-भिर्गुरुकः, तेषां प्राप्तावभिमानतोऽप्राप्तौ च प्रार्थनातोऽशुभभावोपात्तकर्मभारतयाऽलघुकः, तस्य भावस्तत्ता तया, तथा भोगाशंसागृद्धतया, भोगेषु कामेष्वाशंसाअप्राप्तप्रार्थनं, गृद्धं-प्राप्तातृप्तिर्यस्य स भोगाशंसागृद्धस्तस्य भावस्तया, न निरतिचारं स्पृष्टमिति हेतोरित्यर्थः ॥६५॥

દેવોને મનુષ્ય ભવની ઝંખના.

દેવો મનુષ્ય ભવમાં ત્રણ સ્થાનની ઝંખના કરે છે.

(૧) મનુષ્ય ક્ષેત્ર (૨) આર્ય ક્ષેત્રમાં જન્મ (૩) શ્રેષ્ઠ કુલની પ્રાપ્તિ.

આર્ય ક્ષેત્ર = સાડા પચ્ચીસ દેશમાંથી માગધ વિ. કોઈ આર્ય ક્ષેત્રમાં જન્મ...

દેવલોકથી ચ્યવીને ઇક્ષ્વાકુ આદિ સુકુલમાં જન્મ

ત્રણ કારણે દેવ પરિતપ્ત થાય છે. પશ્ચાત્તાપ કરે છે.

(૧) **બહુશ્રુત અનધ્યયન :-** શારીરિક બલ - આત્મિક વીર્ય - પરાક્રમ - નિરૂપદ્રવતા - સુભિક્ષકાલ - નીરોગી દેહ આ સર્વે સામગ્રીઓના સદ્ભાવમાં પણ આચાર્ય - ઉપાધ્યાય આદિ પાસે 'અહો ! મેં અધિક અધ્યયન કર્યું નહીં. ઘણું શ્રુત ભણ્યો નહીં - આ કારણથી પશ્ચાત્તાપ કરે છે.

(૨) **દીર્ઘ શ્રામણ્ય પર્યાય અપાલન :-** વિષયોની પિપાસા વડે આ લોકમાં આસક્ત - રાગી થઈને - પરલોકથી પરાઙ્મુખ થઈને સુદીર્ઘકાલ પર્યંત શ્રામણ્ય પર્યાયનું પાલન કર્યું નહીં.

(૩) **ઋદ્ધિ :-** આચાર્યપણા આદિમાં નરેન્દ્રોઆદિની પૂજા... મધુરાદિ સુંદર રસો-રસવાળા પદાર્થો... અને સાતા અર્થાત્ સુખ.. આમ-ઋદ્ધિ - રસ અને સાતાના ગૌરવ વડે, તેઓની પ્રાપ્તિમાં અભિમાન થવાથી અને અપ્રાપ્તિમાં તેની પ્રાર્થનાથી અશુભ ભાવ વડે બાંધેલા કર્મના ભારેપણાથી મેં નિરતિચાર ચારિત્રનું પાલન કર્યું નહીં.

આશંસા = અપ્રાપ્ત પદાર્થની પ્રાર્થના, ગૃદ્ધિ = પ્રાપ્ત પદાર્થમાં અતૃપ્તિ.

આમ કામ ભોગોમાં આશંસા - ગૃદ્ધિપણાથી મને નિરતિચાર ચારિત્રનો સ્પર્શ ન થયો. આ કારણથી પશ્ચાત્તાપ કરે છે. ॥૬૫॥

प्रकारान्तरेण तदपेक्षयैव त्रैविध्यमभिधत्ते—

**निष्प्रभविमानाभरणचैत्यवृक्षप्रकम्पनस्वशरीरदीप्तिहानिभिर्निजच्यवनज्ञा देवा इतश्च्यवनौजःशुक्रसंश्लिष्टाहाराभ्यवहाराशुचिगर्भवासेभ्य उद्वेगं यान्ति ॥६६॥**

**निष्प्रभेति,** त्रिभिः स्थानैर्देवाः स्वच्यवनमितो जानन्ति, यथा विमानाभरणानां निष्प्रभत्वमौत्पातिकं तच्चक्षुर्विभ्रमरूपं वा तस्मात्तथा चैत्यवृक्षस्य प्रकम्पनादेवं निजशरीरस्य दीप्तेर्हानिश्च, एवंविधानि लिङ्गानि देवानां च्यवनकालेऽवश्यं भवन्ति । त्रिभ्यः कारणेभ्यो उद्वेगं शोकं यान्ति, ममेतश्च्यवनं भविष्यतीत्येकं कारणम्, अपरञ्चौजः शुक्रसंश्लिष्टाहाराभ्यवहारो मातुरोजः–आर्तवं पितुः शुक्रस्तदुभयलक्षणः परस्परमेकीभूतो य आहारः स गर्भवासकालस्य प्रथमसमय एवाभ्यवहर्त्तव्यो भविष्यतीति, अन्यत्तु जठरगतमलसमूहलक्षणायामशुचिभूताया-मुद्वेगकारिण्यां भयानकायां गर्भरूपायां वसतौ वस्तव्यं हन्त ! एतादृश्यो दिव्यर्द्धिद्युतयो देवानुभावा लब्धाः परित्यजनीया इति ॥६६॥

હવે બીજા પ્રકાર વડે દેવોની અપેક્ષાએ ત્રિવિધતા જણાવે છે.

દેવો ત્રણ પ્રકારે દેવલોકથી પોતાના ચ્યવનને જાણે છે.

(૧) પોતાના વિમાન તથા આભૂષણોને કાંતિ રહિત જોઇને... (૨) ઉત્પાત સંબંધી દૃષ્ટિના વિભ્રમને (ભ્રાંતિ) જોઈને - અથવા કલ્પવૃક્ષનું કંપન તથા (૩) પોતાના શરીરનું તેજ ઓછું થવાથી આવા પ્રકારના ચિહ્નો દેવોને ચ્યવન સમયે અવશ્ય હોય છે.

ત્રણ કારણો વડે દેવો ઉદ્‌વેગ કરે છે... શોક પામે છે.

(૧) મારૂં અહીંથી ચ્યવન થઇ જશે...

(૨) ઓજ અને શુક્રથી યુક્ત આહાર કરવો પડશે.

માતાનું ઓજ તથા પિતાનું શુક્ર (વીર્ય) ના સમ્મિશ્રણ રૂપ આહાર પરસ્પર એકી ભાવને પામેલો તે આહાર ગર્ભાવાસ કાલના પ્રથમ સમયમાં ગ્રહણ કરવો પડશે.

(૩) વળી જઠરમાં રહેલ મલના સમૂહરૂપ - અશુચિમય - ઉદ્વેગ ઉત્પન્ન કરનાર - ભયાનક ગર્ભરૂપ વાસમાં અરે ! રહેવું પડશે.

મને ધિક્કાર છે કે આવા પ્રકારની દિવ્ય ઋદ્ધિ - દિવ્ય દ્યુતિ - અને પ્રાપ્ત થયેલ દેવના ભોગ સુખો પણ છોડવા પડશે ! ॥૬૬॥

नारकाद्याश्रयेणाह—

**विकलेन्द्रियवर्जाः सम्यङ्मिथ्यामिश्रदृष्टयः, नैरयिकतिर्यङ्मनुष्या दुःस्थाः, सुस्थाश्च सिद्धदेवमनुष्याः ॥६७॥**

**विकलेति**, एकेन्द्रियविकलेन्द्रियभिन्ना इत्यर्थः, पृथिव्यादीनां मिथ्यादृष्टित्वात् द्वित्रिचतुरिन्द्रियाणां मिश्रदृष्टित्वाभावाच्च, त्रिविधदर्शनाश्च सुगतिदुर्गतियोगात्सुस्था दुःस्थाश्च भवन्ती, मनुष्याणां दुःस्थता विवक्षयैव, सुस्थताया अप्युक्तेरिति ॥६७॥

હવે નારકાદિને આશ્રયીને કહે છે.

ત્રણ દૃષ્ટિ છે. (૧) સમ્યગ્ દૃષ્ટિ, (૨) મિશ્ર દૃષ્ટિ, (૩) મિથ્યાત્વ દૃષ્ટિ...

એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાયના જીવો ત્રણે દૃષ્ટિવાળા હોય...

પૃથ્વીકાય વિગેરે જીવો મિથ્યાત્વી છે...

બેઇન્દ્રિય - તેઇન્દ્રિય - ચઉરિન્દ્રિય જીવોને મિશ્રદૃષ્ટિ સંભવે નહીં.

ત્રણે પ્રકારના દર્શનથી, દુર્ગતિ તથા સુગતિના યોગથી જીવ દુઃખી તથા સુખી થાય છે.

મનુષ્યોની દુઃસ્થતા વિવક્ષા વડે જાણવી આમ તો તેમની સુસ્થતા જ છે. અર્થાત્ નારકી - તિર્યંચ તથા મનુષ્યો દુઃસ્થ - દુઃખી છે.

સિદ્ધ - દેવ તથા મનુષ્યો સુસ્થ - સુખી છે. ॥૬૭॥

अथ पुद्गलं नरकं चापेक्ष्याह—

**प्रयोगमिश्रविस्त्रसापरिणताः पुद्गलाः, नैगमसङ्ग्रहव्यवहाराणामृजुसूत्रस्य शब्दनयानाञ्च नरकाः पृथिव्याकाशात्मप्रतिष्ठिताः ॥६८॥**

**प्रयोगेति**, जीवव्यापारेण पटादिपुद्गलाः पटादितया परिणतिमुपनीताः प्रयोगपरिणताः, पटपुद्गला एव प्रयोगेण पटतया विस्त्रसापरिणामेन चानुपभोगेऽपि पुराणतया परिणतः मिश्रपरिणताः, अभ्रेन्द्रधनुरादिरूपेण परिणताश्च स्वभावलक्षणविस्त्रसया परिणताः, विस्त्रसापरिणतपुद्गलरूपाणां नरकावासानां नयापेक्षया त्रिस्थानप्रतिष्ठानमाह **नैगमेति**, नैगमसङ्ग्रहव्यवहाराणामशुद्धत्वात् प्रायो लोकव्यवहारपरत्वाच्च तन्मतेन नरकाणां पृथिवीप्रतिष्ठितत्वम्, ऋजुसूत्रस्य शुद्धत्वादाकाशस्य गच्छतां तिष्ठतां वा सर्वभावानामैकान्तिकाधारत्वाद्भुवोऽनैकान्तिकत्वाच्चाकाशप्रतिष्ठितत्वं मतम्, शब्दनयानां त्रयाणां शुद्धतरत्वात् सर्वभावानां स्वभावलक्षणाधिकरणस्यान्तरङ्गत्वादव्यभिचारित्वाच्चात्मप्रतिष्ठितत्वमिति, न हि स्वभावं विहाय परस्वभावाधिकरणा भावाः कदाचनापि भवन्ति ॥६८॥

પુદ્ગલોના પ્રકાર તથા નરકાવાસનું પ્રતિષ્ઠાન...

પુદ્ગલ ત્રણ પ્રકારે છે...

(૧) **પ્રયોગ પરિણત :-** જીવના પ્રયોગ વડે પટાદિ પુદ્‌ગલો પટાદિ રૂપે પરિણત થાય તે પ્રયોગ પરિણત પુદ્‌ગલ કહેવાય.

(૨) **મિશ્ર પરિણત :-** પ્રયોગ અને સ્વભાવ એ બંનેથી પરિણત થનારા... પટ = વસ્ત્ર, વસ્ત્રના પુદ્‌ગલો પ્રયોગ વડે વસ્ત્રપણાએ અને વિસ્રસા પરિણામ વડે ભોગ ન કરવા છતાં જુના થાય તે મિશ્ર પરિણત...

(૩) **વિસ્રસા પરિણત :-** વાદળા અને ઈન્દ્ર ધનુષની જેમ જીવના પ્રયોગ વિના સ્વાભાવિક રીતે પરિણત પામેલા...

વિસ્રસા પરિણત પુદ્‌ગલ રૂપ નરકાવાસોનું નયોની અપેક્ષા વડે ત્રિસ્થાન રૂપ પ્રતિષ્ઠાનને જણાવે છે...

(૧) પૃથ્વી પ્રતિષ્ઠિત (૨) આકાશ પ્રતિષ્ઠિત તથા (૩) આત્મ પ્રતિષ્ઠિત એમ ત્રણ પ્રકારે નરકાવાસ છે.

**નૈગમેતિ** - **(૧) પૃથ્વી પ્રતિષ્ઠિત :-** અશુદ્ધ તથા પ્રાયઃ લોક વ્યવહારમાં તત્પર હોવાથી નૈગમ - સંગ્રહ તથા વ્યવહાર આ ત્રણ નયની અપેક્ષાએ નરકાવાસ પૃથ્વી પ્રતિષ્ઠિત છે.

(૨) **આકાશ પ્રતિષ્ઠિત :-** ચોથા ઋજુસૂત્ર નયનું શુદ્ધપણું હોવાથી... આકાશ એ જતાં - અથવા રહેતાં સર્વ પદાર્થોના એકાંતે આધારરૂપ હોવાથી અને પૃથ્વીનું અનૈકાંતિકપણું હોવાથી તે ઋજુસૂત્ર નયની અપેક્ષાએ નરકાવાસ આકાશ પ્રતિષ્ઠિત છે.

(૩) **આત્મ પ્રતિષ્ઠિત :-** શબ્દાદિ ત્રણે નયો વિશેષ શુદ્ધ હોવાથી, સર્વે પદાર્થોના સ્વભાવ સ્વરૂપ આધારના અંતરંગપણાથી... તેમજ અવ્યભિચારપણાથી (સમવાય સંબંધથી) તે શબ્દનયોની અપેક્ષાએ નરકાવાસ સ્વ પ્રતિષ્ઠિત છે. કારણ કે પોતાના સ્વભાવને છોડી બીજાના સ્વભાવમાં અધિકરણવાળા પદાર્થો (ભાવો) હોતા નથી, તેથી સ્વપ્રતિષ્ઠિત છે. ॥૬૮॥

नरकेषु मिथ्यात्वाज्जीवानां गतेर्मिथ्यात्वस्वरूपमाह—

**योगप्रयोगक्रिया, अनन्तरपरम्परतदुभयसमुदानक्रिया मतिश्रुतविभङ्गाज्ञानक्रिया चाक्रिया, देशत्यागनिरालम्बनता नानाप्रेमद्वेषमविनयो देशसर्वभावाज्ञानमज्ञानमिति मिथ्यात्त्वम्** ॥६९॥

**योगेति,** मिथ्यात्त्वमक्रियाऽविनयाज्ञानभेदेन त्रिधा, अत्र मिथ्यात्त्वं क्रियादीनामसम्यग्रूपत्वं मिथ्यादर्शनानाभोगादिजनितविपर्यासरूपं वा विवक्षितं न तु विपर्यस्तश्रद्धानम्, प्रयोगक्रियादिष्वसम्बध्यमानत्वात्, अक्रिया च मिथ्यात्वाद्युपहतस्यामोक्षसाधकानुष्ठानरूपा दुष्टक्रिया, विनयः प्रतिपत्तिविशेषस्तत्प्रतिषेधादविनयः, अज्ञानञ्चासम्यग्ज्ञानम्, अक्रियाऽपि

प्रयोगसमुदानाज्ञानक्रियाभेदात्रिधा, वीर्यान्तरायक्षयोपशमाविर्भूतवीर्येणात्मना प्रयुज्यते व्यापार्यत इति प्रयोगो मनोवाक्कायलक्षणस्तस्य क्रिया-व्यापृतिरिति प्रयोगक्रिया प्रयोगैर्वा मनःप्रभृतिभिः क्रियते बध्यत इति प्रयोगक्रिया सा च कर्म, सा क्रिया दुष्टत्वादक्रिया, मन आदिसम्बन्धित्वाच्च त्रिधा, प्रयोगक्रियागृहीतानां कर्मवर्गणानां प्रकृतिबन्धादिभेदेन देशसर्वोपघातिरूपतया च सम्यक् स्वीकरणं समुदानः, सैव क्रिया समुदानक्रिया, इयञ्च प्रथमसमयवर्त्तिन्यन्तरसमुदानक्रिया, द्वितीयादिसमयवर्त्तिनी तु परम्परसमुदानक्रिया, प्रथमाप्रथमसमयापेक्षया च तदुभयसमुदानक्रियेति त्रिधा । अज्ञानाच्चेष्टा कर्म वाऽज्ञानक्रिया सा मत्यज्ञाना क्रिया-अनुष्ठानं मत्यज्ञानक्रिया, एवं श्रुताज्ञानक्रिया, मिथ्यादृष्टेरवधिरेवाज्ञानं ततः क्रिया विभङ्गाज्ञानक्रियेति त्रिधा । जन्मक्षेत्रादेर्देशस्य यस्मादविनयात्त्यागः स देशत्यागः प्रभुगालीप्रदानादिरूपोऽविनयः । गच्छकुटुम्बादेराश्रयणीयादालम्बनान्निर्गतस्तद्भावो निरालम्बनता, पुष्टालम्बनाभावेनोचित्तप्रतिपत्तिभ्रंशो वा निरालम्बनता, आराध्यतत्सम्मतविषयं प्रेम, आराध्यासंमतविषयो द्वेषः, एतौ च विनयौ, नानाप्रकारौ एतौ-नानाप्रेमद्वेषावविनयः, आराध्यतत्संमतेतरलक्षणविशेषानपेक्षत्वेनानियतविषयत्वात्, इत्येवं त्रिधाऽज्ञानक्रिया, अज्ञानमपि देशसर्वभावभेदेन त्रिविधम्, ज्ञानं हि सर्वद्रव्यपर्यायविषयो बोधः, तन्निषेधोऽज्ञानम्, तत्र विवक्षितद्रव्यस्य देशतोऽज्ञाने देशाज्ञानं सर्वतोऽज्ञाने सर्वाज्ञानं, यदा विवक्षितपर्यायतो न जानाति तदा भावाज्ञानमित्येतत्सर्वं मिथ्यात्वमिति भावः ॥६९॥

મિથ્યાત્વને કારણે પ્રાણીઓની ગતિ નારકીમાં થાય છે તેથી તેનું સ્વરૂપ જણાવાય છે.

(૧) અક્રિયા (૨) અવિનય તથા (૩) અજ્ઞાનના ભેદ વડે મિથ્યાત્વના ત્રણ પ્રકાર છે.

અત્રે **'વિપરીત શ્રદ્ધારૂપ'** મિથ્યાત્વની વિવક્ષા નથી... કારણ કે પ્રયોગ ક્રિયા આદિની સાથે તેનો અસંબંધ છે, તેથી અહીં મિથ્યાત્વાદિ ક્રિયાદિનું અયથાર્થરૂપપણું અથવા મિથ્યાદર્શન અને અનાભોગાદિથી થયેલ વિપર્યાસ - દુષ્ટપણું એવી વિવક્ષા કરી છે.

**(૧) અક્રિયા :-** મિથ્યાત્વાદિથી હણાયેલ આત્માની મોક્ષ સાધક ન બને તેવી દુષ્ટ ક્રિયા તે અક્રિયા...

**(૨) અવિનય :-** વિનય એટલે... વિશિષ્ટ પ્રતિપત્તિ વિશેષ અર્થાત્ ભક્તિ વિશેષ... તેનો પ્રતિષેધ અર્થાત્ તેનાથી વિપરીત તે **અવિનય...**

**(૩) અજ્ઞાન :-** સમ્યગ્ જ્ઞાનનો અભાવ તે અજ્ઞાન...

અક્રિયાના ત્રણ પ્રકાર... (૧) પ્રયોગ ક્રિયા (૨) સમુદાન ક્રિયા તથા (૩) અજ્ઞાન ક્રિયા...

(૧) **પ્રયોગ ક્રિયા :-** વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી પ્રગટ થયેલ વીર્ય દ્વારા આત્મા વડે જે વ્યાપાર કરાય છે તે **પ્રયોગ,** મન, વચન અને કાયા રૂપ ક્રિયા - અથવા તેનું વ્યાપ્ત થવું તે પ્રયોગ ક્રિયા... અથવા મન-વચન-કાયાના પ્રયોગો વડે જે કરાય - જે બંધાય તે પ્રયોગ ક્રિયા અર્થાત્ કર્મ... અને તે દુષ્ટ હોવાથી જ અક્રિયા જાણવી. અને મન આદિનો સંબંધ હોવાથી તેના મન પ્રયોગ વિગેરે ત્રણ ભેદ જાણવા.

(૨) **સમુદાન ક્રિયા :-** પ્રયોગ ક્રિયા વડે ગ્રહણ કરેલા કાર્મણ વર્ગણાના પ્રકૃતિબંધ, વિગેરે ભેદ વડે દેશ ઘાતિ - સર્વ ઘાતિ - ઉપઘાતિરૂપે જે આદાન અર્થાત્ સારી રીતે સ્વીકારવું તે સમુદાન... અને તે ક્રિયા તે સમુદાન ક્રિયા... આ સમુદાન ક્રિયાના ત્રણ ભેદ છે.

(૧) **અનંતર સમુદાન ક્રિયા :-** પ્રથમ સમયવર્તી સમુદાન ક્રિયા...

(૨) **પરંપર સમુદાન ક્રિયા :-** દ્વિતીયાદિ સમયવર્તી સમુદાન ક્રિયા...

(૩) **તદુભય સમુદાન ક્રિયા :-** પ્રથમ - અપ્રથમ સમયવર્તી સમુદાન ક્રિયા...

**અજ્ઞાન ક્રિયાના ત્રણ પ્રકાર :-** અજ્ઞાન દ્વારા જે ક્રિયા કરાય... કર્મ કરાય તે અજ્ઞાન ક્રિયા ત્રણ પ્રકારે.

(૧) **મતિ અજ્ઞાન ક્રિયા :-** મતિ - અજ્ઞાન દ્વારા જે ક્રિયા કરાય તે મતિ અજ્ઞાન ક્રિયા...

(૨) **શ્રુત અજ્ઞાન ક્રિયા :-** શ્રુત અજ્ઞાન દ્વારા જે ક્રિયા કરાય તે શ્રુત અજ્ઞાન ક્રિયા

(૩) **વિભઙ્ગ અજ્ઞાન ક્રિયા :-** મિથ્યાદૃષ્ટિ જીવોનું જે અવધિ તે જ વિભંગ અજ્ઞાન, તેના દ્વારા થતી ક્રિયા તે વિભઙ્ગ અજ્ઞાન ક્રિયા...

**અવિનય મિથ્યાત્વ :-** આ મિથ્યાત્વ ત્રણ પ્રકારે છે.

(૧) **દેશ ત્યાગી :-** સ્વામીને ગાળ દેવી વિગેરે અવિનય કરવો તથા અવિનયથી જન્મ - ક્ષેત્રાદિ દેશનો ત્યાગ કરવો તે દેશ ત્યાગી...

(૨) **નિરાલંબનતા :-** ગચ્છ કે કુટુંબ વિગેરે આશ્રયરૂપ આલંબનનો ત્યાગ કરનાર તે નિરાલંબનતા... અથવા પુષ્ટ આલંબનના અભાવે ઉચિતની પ્રતિપત્તિ = સ્વીકારનો ભ્રંશ જેમાં છે તે નિરાલંબનતા...

(૩) **નાના પ્રેમ - દ્વેષ અવિનય :-** આરાધ્ય = સેવા કરવા યોગ્ય

સેવા કરવા યોગ્ય જે આરાધ્ય તથા તેને જે સંમત = માન્ય હોય તે વિષયક પ્રેમ, અને આરાધ્યને અસંમત વિષયવાળો દ્વેષ છે... આ બંને વિનય છે. આ સિવાયના લોકો પ્રતિ જે વિવિધ પ્રકારે રાગ-દ્વેષ તે અવિનય છે.

આરાધ્ય તથા તેને સંમતથી ભિન્ન સ્વરૂપ વિશેષ - અપેક્ષા રહિતપણા વડે અનિયત વિષય હોવાથી તે અવિનય છે.

અજ્ઞાન મિથ્યાત્વના ત્રણ પ્રકાર છે.

(૧) દેશ અજ્ઞાન (૨) સર્વ અજ્ઞાન (૩) ભાવ અજ્ઞાનના ભેદથી ત્રણ પ્રકાર છે. જ્ઞાન = સર્વ દ્રવ્ય અને પર્યાય વિષયક બોધ, તેનાથી વિરૂદ્ધ તે અજ્ઞાન.

**દેશ અજ્ઞાન :-** વિવક્ષિત દ્રવ્યનું દેશથી અર્થાત્ કોઇક અંશનું અજ્ઞાન... તે દેશ અજ્ઞાન.

**સર્વ અજ્ઞાન :-** વિવક્ષિત દ્રવ્યને સંપૂર્ણપણે ન જાણવો તે સર્વ અજ્ઞાન...

**ભાવ અજ્ઞાન :-** વિવક્ષિત દ્રવ્ય પર્યાયથી નથી જણાતો ત્યારે ભાવ અજ્ઞાન...

આ પ્રમાણે ત્રણે મિથ્યાત્વરૂપ જાણવા. ॥૬૯॥

मिथ्यात्वविपर्ययं धर्ममाह—

**श्रुतचारित्रास्तिकायधर्मभेदो धर्मः, धार्मिकाधार्मिकमिश्रभेदः स्वकीयपरकीयमिश्रभेदो वोपक्रमः तथा वैयावृत्त्यानुग्रहादयोऽपि ॥७०॥**

**श्रुतेति**, श्रुतधर्मः स्वाध्यायः, चारित्रधर्मः क्षान्त्यादिश्रमणधर्मः, एतौ द्वौ भावधर्मौ विज्ञेयौ, अस्तिशब्देन प्रदेशा ग्राह्याः, तेषां काय-समूहोऽस्तिकायः, तत्संज्ञको धर्मोऽस्तिकायधर्मः, गत्युपष्टम्भको धर्मास्तिकाय इत्यर्थः, अयञ्च द्रव्यधर्मः श्रुतचारित्रधर्मविशेषानाह-**धार्मिकेति,** उपक्रमः-उपायपूर्वकारम्भः, श्रुतचारित्रार्थः आरम्भो धार्मिकः, अश्रुतसंयमार्थः आरम्भोऽधार्मिकः, मिश्रश्च देशविरत्यारम्भः । नामस्थापनाद्रव्यक्षेत्रकालभावभेदाद्वोपक्रमः षड्विधः, नामस्थापने सुज्ञाने, द्रव्योपक्रमस्तूभयव्यतिरिक्तः सचित्ताचित्तमिश्रभेदात्रिविधः, आद्यो द्विपदचतुष्पदापदभेदवान्, प्रत्येकं परिकर्मवस्तुविनाशापेक्षया द्विविधः, तत्र परिकर्मद्रव्यस्य गुणविशेषकरणं यथा घृताद्युपयोगेन पुरुषस्य वर्णादिकरणम्, शुकसारिकादीनां वा शिक्षागुणविशेषकरणम्, चतुष्पदानां हस्त्यादीनामपदानाञ्च वृक्षादीनां तदायुर्वेदोपदेशाद्वार्धक्यादिगुणापादनम्, वस्तुविनाशः पुरुषहस्त्यादीनां खड्गादिभिर्विनाशकरणम् । पद्मरागादिमणेः क्षारमृत्पुटपाकादिना नैर्मल्यापादनं विनाशश्चाचित्तद्रव्योपक्रमः । कटकादिविभूषितपुरुषादिद्रव्यस्य तथा करणं मिश्रद्रव्योपक्रमः । शालिक्षेत्रादेः परिकर्म विनाशो वा क्षेत्रोपक्रमः । चन्द्रोपरागादिलक्षणकालस्योपायेन परिज्ञानं कालोपक्रमः । प्रशस्ताप्रशस्तभावस्योपायतः परिज्ञानमेव भावोपक्रमः, तत्राप्रशस्तो डोड्डिनीगणिकामात्यदृष्टान्तावसेयः, प्रशस्तश्च श्रुतादिनिमित्तमाचार्यादिभावोपक्रम इति । एवञ्च धार्मिकस्य-संयतस्य चारित्राद्यर्थं द्रव्यक्षेत्रकालभावानामुपक्रमो धार्मिकोपक्रमः । असंयतस्यासंयमार्थं तथाविधोपक्रमोऽधार्मिकोपक्रमः, देशविरतस्य तथाविधोपक्रमो मिश्रोपक्रमः । स्वाम्यन्तरभेदेनोपक्रमं त्रिधाऽभिधत्ते-**स्वकीयेति,**

स्वस्य-आत्मनोऽनुकूलोपसर्गादौ शीलरक्षणनिमित्तमुपक्रमः-वैहानसादिना विनाशः परिकर्म वा, अथवाऽन्यवस्तुन आत्मार्थमुपक्रमः स्वकीयोपक्रमः, परस्य परार्थं वोपक्रमः परकीयोपक्रमः, स्वपरयोस्तदुभयार्थं वोपक्रमो मिश्रोपक्रमः । एवं स्वपरमिश्रभेदेन वैयावृत्त्यादयोऽपि वाच्या इत्याह **तथेति**, वैयावृत्त्यं-भक्तादिभिरुपष्टम्भः, तत्रात्मवैयावृत्त्यं गच्छनिर्गतस्यैव, परवैयावृत्त्यं ग्लानादिप्रतिजागरकस्य, उभयवैयावृत्त्यं गच्छवासिनः । अनुग्रहो ज्ञानाद्युपकारः, आत्मानुग्रहोऽध्ययनादिप्रवृत्तस्य, परानुग्रहो वाचनादिप्रवृत्तस्य, उभयानुग्रहः शास्त्रव्याख्यानशिष्यसङ्ग्रहादिप्रवृत्तस्य । आदिनाऽनुशासनोपालम्भयोर्ग्रहणम्, अनुशासनमात्मनः 'द्विचत्वारिंशदेषणासङ्कटे गहने जीव ! नैव छलितः । इदानीं यथा न छल्यसे भुञ्जानो रागद्वेषाभ्यामि'ति । परानुशासनं यथा 'तत्त्वं तेषां भाववैद्यो भवदुःखनिपीडिता एते त्वाम् । हन्दि शरणं प्रपन्ना मोचयितव्याः प्रयत्नेने'ति । उभयानुशासनं यथा 'कथं कथमपि मानुषत्वादि प्राप्तं प्रवरं चारित्ररत्नञ्च । तद्भो ! अत्र प्रमादो न कदापि युज्यतेऽस्माकमि'ति । उपालम्भ अनौचित्यप्रतिपादनगर्भमनुशासनमेव, स चात्मनो यथा 'भोजनादिदृष्टान्तैर्दुर्लभं लब्ध्वा मानुषं जन्म । यन्न करोषि जिनधर्मं आत्मा किं वैरी तव ?' इति, परोपालम्भो यथा 'उत्तमकुलसम्भूत उत्तमगुरुदीक्षितः त्वं वत्स ! । उत्तमज्ञानगुणाढ्यः कथं सहसा व्यवसितोऽसि' इति । उभयोपालम्भो यथा 'एकस्य कृते निजजीवितस्य बहुका जीवकोटीः । दुःखे स्थापयन्ति ये केचित्तेषां किं शाश्वतं जीवितमिति ॥७०॥

મિથ્યાત્વના વિપર્યય ધર્મને કહે છે.

ધર્મના ત્રણ પ્રકાર છે... (૧) શ્રુત ધર્મ (૨) ચારિત્ર ધર્મ તથા (૩) અસ્તિકાય ધર્મ...

**શ્રુત ધર્મ** = સ્વાધ્યાય... **ચારિત્ર ધર્મ** = ક્ષમા વિ. ૧૦ પ્રકારનો સાધુ ધર્મ...

આ બંને ભાવ ધર્મ જાણવા.

**અસ્તિ** = પ્રદેશ... તેનો કાય = સમૂહ... અર્થાત્ પ્રદેશોનો સમૂહ તે અસ્તિકાય... ગતિમાં જે આધાર રૂપ છે તે **ધર્માસ્તિકાય..** આ દ્રવ્ય ધર્મ છે. હમણાં શ્રુત ધર્મ તથા ચારિત્ર ધર્મ જણાવ્યા હવે તેના વિશેષોને કહે છે.

ઉપક્રમના ત્રણ પ્રકાર. (૧) ધાર્મિક (૨) અધાર્મિક (૩) મિશ્ર... ઉપક્રમ = ઉપાય પૂર્વક આરંભ કરવો.

(૧) **ધાર્મિક** :- શ્રુત તથા ચારિત્ર માટે જે આરંભ તે ધાર્મિક ઉપક્રમ...

(૨) **અધાર્મિક** :- અશ્રુત તથા અસંયમ માટે જે આરંભ તે અધાર્મિક ઉપક્રમ...

(૩) **મિશ્ર** :- સંયમરૂપ તથા અસંયમ રૂપ હોવાથી મિશ્ર અર્થાત્ દેશવિરતિ આરંભ...

નામ-સ્થાપના-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવના ભેદથી છ પ્રકારે ઉપક્રમ...

નામ તથા સ્થાપના સુગમ છે.

**દ્રવ્ય ઉપક્રમ :-** જ્ઞ શરીર - ભવ્ય શરીર વ્યતિરિક્ત સચિત્ત અચિત્ત - મિશ્ર ભેદથી ત્રણ પ્રકારે છે.

સચિત્ત દ્રવ્ય ઉપક્રમ દ્વિપદ - ચતુષ્પદ - તથા અપદ (વૃક્ષ) ના ભેદથી ત્રણ પ્રકારે છે. વળી તે પ્રત્યેક પરિકર્મ તથા વસ્તુ વિનાશની અપેક્ષાએ બે પ્રકારે છે.

પરિકર્મ દ્રવ્ય - દ્રવ્યમાં ગુણ રહેતે છતે તેના ગુણ વિશેષને કરવું જેમ કે ઘૃતાદિ (ઘી) ના ઉપયોગ વડે પુરુષને વર્ણરૂપ વિગેરે કરવું, એ રીતે પોપટ - સારિકા (મેના) દિને ભણાવવા રૂપ ગુણ વિશેષનું કરવું.

તથા હાથી વિગેરે ચતુષ્પદોને અને વૃક્ષાદિ અપદોને આયુર્વેદના ઉપદેશથી વૃદ્ધિ વિગેરે ગુણોનું ઉત્પાદન કરવું.

તથા વસ્તુનો વિનાશ એટલે પુરુષ - હાથી વિગેરે નો ખડ્ગ આદિથી નાશ કરવો.

**અચિત્ત દ્રવ્ય ઉપક્રમ :-** પદ્મરાગાદિ મણિને ક્ષાર અને મૃતિકાના પુટપાકાદિ વડે નિર્મળ કરવા તે પરિકર્મ અને ઘણ વિગેરેથી નાશ કરવો તે **વિનાશ...**

મિશ્ર દ્રવ્ય ઉપક્રમ.. કડા વિગેરેથી વિભૂષિત પુરુષાદિ દ્રવ્યનું જાણવું.

**ક્ષેત્ર ઉપક્રમ** - તથા વિનાશ શાલિ ક્ષેત્ર વિગેરેનો પરિકર્મ તથા વિનાશ રૂપ ક્ષેત્ર ઉપક્રમ જાણવો,

**કાલ ઉપક્રમ :-** ચંદ્ર ગ્રહણ વિગેરે કાળનો ઉપક્રમ અર્થાત્ ઉપાય વડે જાણવું તે કાલ ઉપક્રમ,

**ભાવ ઉપક્રમ :-** પ્રશસ્ત અને અપ્રશસ્તરૂપ ભાવને ઉપાયથી જાણવો તે ભાવ ઉપક્રમ...

ભાવ ઉપક્રમમાં **અપ્રશસ્ત ભાવ ઉપક્રમ** બ્રાહ્મણી - ગણિકા અને અમાત્યના દૃષ્ટાંતથી જાણવો.

શ્રુત વિગેરેના નિમિત્તે આચાર્યાદિનો અભિપ્રાય જાણવો તે **પ્રશસ્ત ભાવોપક્રમ**

આ પ્રમાણે ધાર્મિકનો એટલે સંયતનો ચારિત્રાદિને માટે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવનો જે ઉપક્રમ તે **ધાર્મિક ઉપક્રમ...**

**અધાર્મિક ઉપક્રમ :-** અસંયત આત્માનો અસંયત માટે જે ઉપક્રમ તે અધાર્મિક ઉપક્રમ...

**મિશ્ર ઉપક્રમ :-** દેશવિરતિ આત્માનો જે ઉપક્રમ તે મિશ્ર ઉપક્રમ...

હવે બીજા સ્વામીના ભેદ વડે ત્રણ પ્રકારનો ઉપક્રમ કહે છે...

(૧) સ્વકીય - આત્મોપક્રમ (૨) પરકીય ઉપક્રમ તથા (૩) તદુભય ઉપક્રમ...

**આત્મ ઉપક્રમ :-** અનુકૂલ ઉપસર્ગાદિમાં શીલની રક્ષા નિમિત્તે આત્માનો જે પ્રયત્ન તે આત્મ ઉપક્રમ... વૈહાનસ વગેરે વડે વિનાશ કરવો અથવા પરિકર્મ કરવો અથવા આત્માને માટે બીજી વસ્તુનો જે ઉપક્રમ તે આત્મોપક્રમ...

**પર ઉપક્રમ :-** બીજાનો અથવા બીજા માટે ઉપક્રમ કરવો તે પર ઉપક્રમ...

**તદુભય ઉપક્રમ :-** પોતાને અથવા બીજાને અથવા બંનેને માટે જે ઉપક્રમ તે તદુભય ઉપક્રમ.

**વૈયાવૃત્યના પ્રકાર :-** ઉપક્રમ સૂત્રની જેમ આત્મા - પર તથા ઉભય ભેદ વડે વૈયાવૃત્યના ત્રણ પ્રકાર છે... તે કહે છે. तथेति... **વૈયાવૃત્ત્ય :-** ભોજન આદિ વડે ભક્તિ - સહાય તે વૈયાવૃત્ત્ય

(૧) **આત્મ વૈયાવૃત્ત્ય :-** ગચ્છની નીકળેલા જિનકલ્પી વિ. ને આ વૈયાવૃત્ત્ય હોય છે... પોતાની વૈયાવૃત્ત્ય કરવી તે આત્મ વૈયાવૃત્ત્ય

(૨) **પર વૈયાવૃત્ત્ય :-** ગ્લાન-તપસ્વી વિગેરે પ્રતિ જાગૃત રહેનારને પર વૈયાવૃત્ત્ય હોય છે.

(૩) **ઉભય વૈયાવૃત્ત્ય :-** ગચ્છવાસી મુનિઓને ઉભય વૈયાવૃત્ત્ય અર્થાત્ સ્વ તથા પરની વૈયાવૃત્ત્ય હોય છે.

વૈયાવૃત્ત્યની જેમ અનુગ્રહ પણ ત્રણ પ્રકારે... **અનુગ્રહ** જ્ઞાનાદિનો ઉપકાર.

(૧) **આત્મ અનુગ્રહ :-** અભ્યાસ-સ્વાધ્યાય વિગેરેમાં પ્રવર્તેલાને આત્મ અનુગ્રહ...

(૨) **પર અનુગ્રહ :-** વાચના વિગેરેમાં પ્રવૃત્ત થયેલને પર અનુગ્રહ...

(૩) **તદુભય અનુગ્રહ :-** શાસ્ત્રનું વ્યાખ્યાન તથા શિષ્યના સંગ્રહ વગેરેમાં પ્રવૃત્તને તદુભય અનુગ્રહ - અર્થાત્ સ્વ તથા પરનો અનુગ્રહ... મૂળ સૂત્રમાં '**अनुग्रहादयो**' છે. તેમાં આદિથી અનુશાસન તથા ઉપાલંભનું ગ્રહણ કરવાનું છે.

અનુશાસનના ત્રણ પ્રકાર.

(૧) **આત્મ અનુશાસન :-** અનુશાસન એટલે હિતશિક્ષા... તેમાં પોતાના આત્માને હિતશિક્ષા આ પ્રમાણે... 'એષણા વિષયક બેંતાલીશ દોષ રૂપ વિષમ સંકટમાં હે જીવ ! તું ચલિત થયો નહીં તો હમણાં ભોજન કરતાં રાગ-દ્વેષથી તું લેપાતો નહીં.

(૨) **પર અનુશાસન :-** વાસ્તવમાં આ ભવિ જીવો માટે તું ભાવ વૈદ્ય છે. સંસારરૂપી દુઃખથી પીડાયેલા આ બધા તારે શરણે આવેલા છે, માટે પ્રયત્નપૂર્વક તેઓને તારે આ સંસારથી દુઃખથી મુક્ત કરવા જોઈએ.

(૩) **ઉભય અનુશાસન :-** કેવી-કેવી રીતે અર્થાત્ મુશ્કેલીએ માનવભવ વિગેરે પ્રાપ્ત થયેલ છે અને તેમાં પણ ચારિત્ર રત્ન પ્રાપ્ત થયું છે. તેથી હે સાધુઓ ! આપણે અહીં ચારિત્રમાં ક્યારે પણ લેશમાત્ર પ્રમાદ ન કરવો જોઈએ.

**ઉપાલંભના ત્રણ પ્રકાર :-** (૧) સ્વ ઉપાલંભ (૨) પર ઉપાલંભ (૩) તદુભય ઉપાલંભ... ઉપાલંભ - હિતશિક્ષા... આ ઉપાલંભ, અયોગ્યપણાની પ્રવૃત્તિના પ્રતિપાદન ગર્ભિત છે. તે ઉપાલંભ આત્માને આ રીતે આપી શકાય.

(૧) **સ્વ ઉપાલંભ :-** ભોજન વિગેરે દશ દૃષ્ટાંતો વડે દુર્લભ એવો મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને જો તું જિન ધર્મનું પાલન કરતો નથી તો શું હે આત્મન્ ! તું જ તારો વૈરી છે. એ પ્રમાણે...

(૨) **પર ઉપાલંભ :-** હે વત્સ ! તું ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયેલ... ઉત્તમ ગુરુ વડે દીક્ષિત થયેલ, અને ઉત્તમ જ્ઞાન રૂપ ગુણ વડે આઢ્ય છે છતાં આમ કેમ વગર વિચાર્યે પ્રવર્તે છે ? એ પ્રમાણે...

(૩) **તદુભય ઉપાલંભ :-** જે કોઇ પણ પ્રાણીઓ એક પોતાના જીવન માટે ઘણા જીવોની કોટીને દુઃખમાં સ્થાપિત કરે તો શું તેઓનું જીવન શાશ્વત છે ? ॥૭૦॥

अथ श्रुतधर्मभेदा उच्यन्ते—

**अर्थधर्मकामकथाभेदा कथा, तद्विनिश्चयभेदश्च विनिश्चयः ॥७१॥**

**अर्थेति,** लक्ष्म्युपायप्रतिपादकवाक्यप्रबन्धोऽर्थकथा, तदुक्तं 'सामादिधातुवादादिकृष्यादिप्रतिपादिका । अर्थोपादानपरमा कथाऽर्थस्य प्रकीर्त्तिते'ति । तथा 'अर्थाख्यः पुरुषार्थोऽयं प्रधानः प्रतिभासते । तृणादपि लघुं लोके धिगर्थरहितं नरमि'ति, इयञ्च कामन्दकादिशास्त्ररूपा । धर्मोपायकथा धर्मकथा, उक्तञ्च 'दयादानक्षमाद्येषु धर्माङ्गेषु प्रतिष्ठिता । धर्मोपादेयतागर्भा बुधैर्धर्मकथोच्यत' इति, तथा 'धर्माख्यः पुरुषार्थोऽयं प्रधान इति गीयते । पापसक्तं पशोस्तुल्यं धिग्धर्मरहितं नरमि'ति । इयञ्चोत्तराध्ययनादिरूपा । एवं कामकथापि, यदाह 'कामोपादानगर्भा च वयोदाक्षिण्यसूचिका । अनुरागेङ्गिताद्युत्था कथा कामस्य वर्णिते'ति, तथा 'स्मितं न लक्षेण वचो न कोटिभिर्न कोटिलक्षैः सविलासमीक्षितम् । अवाप्यतेऽन्यैर्हृदयोपगूहनं न कोटिकोट्यापि तदस्ति कामिनाम्' । इतीयमपि वात्स्यायनादिरूपा । अर्थधर्मकामविनिश्चयाश्च तत्तत्स्वरूपपरिज्ञानरूपाः, ते च 'अर्थानामर्जने दुःखमर्जितानाञ्च रक्षणे । नाशे दुःखं व्यये दुःखं धिगर्थं दुःखकारणम् । धनदो धनार्थिनां धर्मः कामदः सर्वकामिनाम् । धर्म एवापवर्गस्य पारम्पर्येण साधकः । शल्लं कामा विषं कामाः कामा आशीविषोपमाः । कामानभिलषन्तोऽपि निष्कामा यान्ति दुर्गतिमि'त्यादयः ॥७१॥

હવે શ્રુત ધર્મના ભેદ કહેવાય છે...

કથાના ત્રણ પ્રકાર... (૧) અર્થ કથા (૨) ધર્મ કથા (૩) કામ કથા.

તે રીતે વિનિશ્ચયના પણ ત્રણ ભેદ છે.

(૧) અર્થ વિનિશ્ચય (૨) ધર્મ વિનિશ્ચય (૩) કામ વિનિશ્ચય...

(૧) **અર્થ કથા :-** લક્ષ્મીને પ્રાપ્ત કરવા માટે ઉપાયના પ્રતિપાદનમાં તત્પર જે વાક્યનો પ્રબંધ તે અર્થ કથા...

કહ્યું છે કે... સામ વિગેરે નીતિ, ધાતુવાદાદિ રસ સિદ્ધિ, કૃષિ એટલે કે ખેતી વગેરેને પ્રતિપાદન કરનારી અને અર્થ એટલે કે ધનને ઉત્પન્ન કરવામાં ઉત્કૃષ્ટ એવી અર્થની કથા કહેલી છે. તથા 'અર્થ' નામનો આ પુરુષાર્થ ઉત્તમ જણાય છે, કારણ કે કહ્યું છે.

'તૃણાદપિ લઘું લોકે, ધિગર્થરહિતં નરમ્ ।'

ધન રહિત માનવ ઘાસથી પણ હલકો કહેવાય છે માટે ધન રહિત પુરુષને ધિક્કાર છે ! કામન્દકાદિ શાસ્ત્ર રૂપ આ અર્થ કથા છે.

**ધર્મકથા :-** ધર્મના ઉપાય રૂપ કથા તે ધર્મ કથા...

કહ્યું છે... 'दयादानक्षमाद्येषु धर्माङ्गेषु प्रतिष्ठिता,
धर्मोपादेयतागर्भा, बुधैधर्मकथोच्यत' इति ॥ તથા
धर्माख्यः पुरुषार्थोऽयं, प्रधान इति गीयते ।
पापसक्तं पशोस्तुल्यं, धिग्धर्मरहितं नरमि' ति ।

દયા, દાન, ક્ષમા વિગેરે ધર્મના અંગોમાં રહેલી, ધર્મના સ્વીકારપણારૂપ એવી ધર્મકથા વિદ્વાનોએ કહેલી છે. તથા ધર્મ નામનો આ પુરુષાર્થ પ્રધાનરૂપે વર્ણવાય છે, તથા પાપમાં આસક્ત આત્મા પશુ સમાન છે, માટે ધર્મ રહિત મનુષ્યને ધિક્કાર હો !

આ ધર્મ કથા ઉત્તરાધ્યયનાદિ રૂપ જાણવી. એ પ્રમાણે **કામકથા** પણ જાણવી..

કહ્યું છે કે... कामोपादानगर्भा च, वयो दाक्षिण्यसूचिका ।
अनुरागेङ्गिताद्युत्था कथा कामस्य वर्णिते' ति ॥ તથા
स्मितं न लक्षेण वचो न कोटिभ र्न कोटिलक्षैः सविलासमीक्षितम् ।
अवाप्यतेऽन्यैहृदयोपगूहनं न कोटिकोट्यापि तदस्ति कामिनाम्' ॥

કામને ઉત્પન્ન કરનારી, વય તથા ચતુરાઈને સૂચવનારી, અનુરાગ તથા ઈંગિતાદિ ચેષ્ટાથી થયેલી કથા 'કામ કથા' કહેવાઈ છે. તથા કામિઓનું સ્મિત તે બીજાઓ વડે લક્ષ દ્રવ્ય દ્વારા, વચન તે કોટિ દ્રવ્ય વડે, વિલાસ સહિત જોવું તે લક્ષ કોટિ દ્રવ્ય વડે અને હૃદયનો જે ગુપ્ત ભાવ છે તે કોટિ-કોટિ દ્રવ્ય વડે પણ પ્રાપ્ત કરાતો નથી.

આ વાત્સ્યાયનાદિ રૂપ કામ કથા જાણવી.

**विनिश्चय** :- વિનિશ્ચયના ત્રણ પ્રકાર -

(૧) અર્થ વિનિશ્ચય (૨) ધર્મ વિનિશ્ચય (૩) કામ વિનિશ્ચય

અર્થ વિગેરેના સ્વરૂપને જાણવા તે વિનિશ્ચય કહેવાય. તે આ પ્રમાણે –

अर्थानामर्जने दुःखमर्जितानाञ्च रक्षणे
नाशे दुःखं व्यये दुक्खं धिगर्थं दुःखकारणम् ॥

પૈસાને મેળવવામાં દુઃખ છે, પ્રાપ્ત કરેલ ધનની રક્ષા કરવામાં પણ દુઃખ છે, ધનના નાશમાં દુઃખ છે તો ધનને વાપરવામાં પણ દુઃખ છે, માટે દુઃખના કારણભૂત એવા ધનને - અર્થને ધિક્કાર હો...!

धनदो धनार्थिना धर्मः, कामदः सर्व कामिनाम् ।
धर्म एवापवर्गस्य पारम्पर्येण साधकः ॥

ધર્મ ધનના અર્થીને ધન આપે છે, સર્વ કામિઓને કામ આપે છે, અને ધર્મ જ પરંપરાએ મોક્ષનું સાધક છે.

शल्लं कामा विषं कामाः, कामा आशीविषोपमाः ।
कामानभिलषन्तोऽपि, निष्कामा यान्ति दुर्गतिमि' त्यादयः ॥

કામો શલ્યરૂપ છે, કામો વિષ રૂપ છે, કામો આશીવિષ ઝેર વાળા સર્પ સમાન છે, કામોની ઇચ્છા કરનારા જીવો, કામોને પ્રાપ્ત નહીં કરીને પણ દુર્ગતિમાં જાય છે. ઇત્યાદિ ત્રણેનું સ્વરૂપ જાણવું ॥૭૧॥

अर्थादिविनिश्चयकारणपरम्परफलमाह—

**श्रवणज्ञानविज्ञानादि फलं श्रमणपर्युपासनस्य ॥७२॥**

**श्रवणेति,** श्रमणस्य सेवायाः फलं श्रवणं, साधूनां धर्मकथास्वाध्यायादिकारित्वेन तत्सेवायां तच्छ्रवणलाभात्, श्रवणस्य च ज्ञानं-श्रुतज्ञानं फलम्, ज्ञानस्य विज्ञानं-अर्थादीनां हेयोपादेयतानिर्णयः फलम्, एवं विज्ञानस्य प्रत्याख्यानं-निवृत्तिद्वारेण प्रतिज्ञाकरणं तस्य प्राणातिपाताद्यकरणलक्षणः संयमस्तस्य नूतनकर्मानुपादानरूपानाश्रवस्तस्य च लघुकर्मत्वेनानशनादिभेदं तपः, तस्यापि पूर्वकृतकर्मविनाशः तस्य योगनिरोधलक्षणाऽक्रिया तस्याश्च कर्मकृतविकाररहितत्वलक्षणं निर्वाणं तस्य तु सिद्धिगतिः प्रयोजनमिति ॥७२॥

અર્થાદિના વિનિશ્ચયના કારણ અને ફલની પરંપરાને કહે છે...

શ્રમણની સેવાનું ફલ શ્રવણ - જ્ઞાન અને વિજ્ઞાન વિગેરે જાણવું

(૧) શ્રમણ અર્થાત્ સાધુની સેવાનું ફળ છે **શ્રવણ...** સાધુ ભગવંતો ધર્મ કથા વિગેરે સ્વાધ્યાય કરતાં હોવાથી તેમની સેવા કરનારને તે સ્વાધ્યાયાદિ સાંભળવાનો લાભ મળે છે.

(૨) શ્રવણનું ફલ છે જ્ઞાન... એટલે કે શ્રુતજ્ઞાન... (૩) જ્ઞાનનું ફળ છે **વિજ્ઞાન...**

અર્થ વિગેરેના હેય અને ઉપાદેયપણાના નિશ્ચયરૂપ ફલ તે વિજ્ઞાન... વિજ્ઞાનનું ફલ **પ્રત્યાખ્યાન** છે... પાપના ત્યાગરૂપ પ્રતિજ્ઞા કરવી તે પ્રત્યાખ્યાન... પ્રત્યાખ્યાનનું પ્રાણાતિપાત આદિના ત્યાગ રૂપ **સંયમ** એ ફળ છે.

નવીન કર્મના ગ્રહણ ન કરવા રૂપે જે **અનાશ્રવ** થાય તે સંયમનું ફળ છે.

અનાશ્રવનું ફળ **તપ** છે... લઘુકર્મપણું હોવાથી અનશનાદિભેદવાળો તપ જાણવો.

તપનું ફળ પૂર્વે કરેલા **કર્મનો નાશ** છે. કર્મના નાશનું ફળ છે યોગનિરોધ સ્વરૂપ **અક્રિયા.**

અક્રિયાનું ફળ કર્મ વડે કરાયેલ વિકારથી રહિતપણારૂપ નિર્વાણ છે. નિર્વાણનું ફળ સિદ્ધિગતિ છે... તે **સિદ્ધિગતિ** એ જ પ્રયોજન છે. ॥૭૨॥

अथ जीवपर्यायान्तराण्याह—

**प्रज्ञापनासम्यक्त्वाराधनादयो ज्ञानदर्शनचारित्राणाम् ॥७३॥**

**प्रज्ञापनेति,** भेदाद्यभिधानं प्रज्ञापना, सा च पञ्चधा ज्ञानं दर्शनं क्षायिकादि त्रिधा, चारित्रं सामायिकादि पञ्चधेति । सम्यक्त्वमविपरितता–मोक्षसिद्धिं प्रत्यानुकूल्यम्, तदपि ज्ञानसम्यक्त्वं दर्शनसम्यक्त्वं चारित्रसम्यक्त्वं चेति त्रिधा । आराधना–ज्ञानादेः, श्रुतस्य कालाध्ययनादिष्वष्ट-स्वाचारेषु प्रवृत्त्या निरतिचारपरिपालना ज्ञानाराधना । निःशङ्कितत्वाद्याचारेषु प्रवृत्त्या दर्शनस्य निरतिचारपरिपालना दर्शनाराधना, चारित्रस्य समितिगुप्तिषु प्रवृत्त्या निरतिचारपरिपालना चारित्राराधना । सा चाराधना भावभेदात्कालभेदाद्वोत्कृष्टादिभेदा भवति । आदिपदेनैते ग्राह्याः तथाहि, ज्ञानादेः संक्लेशःसंक्लिश्यमानपरिणामाज्ज्ञानादिप्रतिपतनलक्षणो ज्ञानादिसंक्लेशः, विशुद्ध्यमानपरिणामहेतुकज्ञानादिविशुद्धिर्ज्ञानाद्यसंक्लेशः, एवमेव ज्ञानादिविषया अतिक्रम-व्युत्क्रमातिचारानाचारा विज्ञेयाः, ज्ञानाद्यतिक्रमादीनालोचयेत् प्रतिक्रमेन्निन्देद्गर्हेत् परिवर्जयेच्च ॥७३॥

હવે જીવના બીજા પર્યાયોને કહે છે.

પ્રજ્ઞાપના એટલે ભેદ વગેરેનું કથન... તેના ત્રણ પ્રકાર. તેમાં **જ્ઞાન પ્રજ્ઞાપના** -મતિ વિગેરે પાંચ પ્રકારે છે.

**દર્શન :-** ક્ષાયિકાદિ ત્રણ પ્રકારે છે. **ચારિત્ર :-** સામાયિક વિગેરે પાંચ પ્રકારે છે.

સમ્યક્ત્વ = અવિપરિતના... મોક્ષ સિદ્ધિ પ્રતિ અનુકૂલ હોય તે સમ્યક્ત્વ. સમ્યક્ત્વના (૧) જ્ઞાન સમ્યક્ત્વ (૨) દર્શન સમ્યક્ત્વ તથા (૩) ચારિત્ર સમ્યક્ત્વ એમ ત્રણ પ્રકાર છે.

આરાધનાના ત્રણ પ્રકાર છે.

(૧) જ્ઞાન આરાધના (૨) દર્શન આરાધના (૩) ચારિત્ર આરાધના...

**જ્ઞાન આરાધના :-** શ્રુતની આરાધના... કાળના સમયે અભ્યાંસ કરવો વિગેરે આઠ આચારને વિષે પ્રવૃત્તિ કરવા વડે નિરતિચાર પાલન કરવા વડે જ્ઞાન આરાધના...

**દર્શન આરાધના :-** સમ્યગ્ દર્શનના નિઃશંક્તિ વિગેરે આચારોનું નિરતિચાર પાલન કરવું તે દર્શન આરાધના...

**ચારિત્ર આરાધના :-** ચારિત્રના સમિતિ - ગુપ્તિ આદિ ભેદો વિષે પ્રવૃત્તિ કરવા દ્વારા નિરતિચાર પાલના કરવી તે ચારિત્ર આરાધના...

ભાવ ભેદથી અને કાલ ભેદથી ઉત્કૃષ્ટાદિ ભેદવાળી આરાધનાઓ છે. 'આદિ' પદથી જે આ ગ્રહણ કરવાનું છે તે આ પ્રમાણે છે.

**જ્ઞાનાદિ સંકલેશ :-** જ્ઞાનાદિ પતનરૂપ સ્વરૂપવાળો અને સંકિલશ્યમાન પરિણામવાળો તે જ્ઞાનાદિ સંકલેશ...

**જ્ઞાનાદિ અસંકલેશ :-** જ્ઞાનાદિની વિશુદ્ધિવાળો અને વિશુદ્ધ્યમાન પરિણામનો હેતુ તે જ્ઞાનાદિ અસંકલેશ...

એ પ્રમાણે જ્ઞાનાદિ વિષયવાળા જ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર તથા અનાચાર જાણવા, તથા આ જ્ઞાનાદિ વિષયવાળા અતિક્રમ વિગેરેને આલોચના કરવી, પ્રતિક્રમણ કરવું, નિંદા તથા ગર્હા કરવી તથા તેનો ત્યાગ કરવો. ॥૭૩॥

प्रव्राजनायोग्यानाह—

**पण्डकवातिकक्लीबाः प्रव्रज्याद्ययोग्याः ॥७४॥**

**पण्डकेति,** पण्डको नपुंसकः, स च महिलास्वभावस्वरवर्णभेदादिलक्षणादिना परिज्ञाय परिहर्त्तव्यः, स्वनिमित्ततोऽन्यथा वा कषायिते मेहने प्रतिसेवनमन्तरेण वेदधारणासमर्थो वातिकः, स च त्याज्यो निरुद्धवेदस्य नपुंसकतया परिणामसम्भवात्, दृष्टिशब्दाऽऽदिग्ध-निमंत्रणक्लीबभेदात् क्लीबश्चतुर्विधः, तत्र यस्यानुरागतो विवस्त्राद्यवस्थं विपक्षं पश्यतो मेहनं गलति स दृष्टिक्लीबः, यस्य तु सुरतादिशब्दं श्रृण्वतस्तथा स शब्दक्लीबः, यस्तु विपक्षेणावगूढो निमंत्रितो वा व्रतं रक्षितुं न शक्नोति स आदिग्धक्लीबो निमंत्रितक्लीबश्च, चतुर्विधोऽप्ययं निरोधे नपुंसकतया परिणमति, एते च सर्वे उत्कृष्टवेदनया व्रतपालनासहिष्णव

इति न प्रव्राजयितुं कल्पन्ते प्रव्राजकस्याप्याज्ञाभङ्गेन दोषप्रसङ्गश्च । बालवृद्धजडादीना-मन्येषामप्ययोग्यानां सत्त्वेऽपि त्रिस्थानकानुरोधात्ते नाभिहिताः । एवं कथञ्चिच्छलितेन प्रव्राजिता अप्येते शिरोलोचनेन मुण्डयितुं प्रत्युपेक्षणादिसमाचारीं ग्राहयितुं महाव्रतेषु व्यवस्थापयितुमुपध्यादिना संभोक्तुमात्मसमीपे संवासयितुञ्च न कल्पन्ते ॥७४॥

હવે પ્રવ્રજ્યાને અયોગ્ય કહે છે...

પંડક એટલે નપુંસક, વાયુવાળો તથા કલીબ આ ત્રણ પ્રકારના આત્મા દીક્ષા આદિને માટે અયોગ્ય છે.

(૧) **પંડક :-** પંડક એટલે નપુંસક. સ્ત્રી જેવો સ્વભાવ, સ્વર ભેદ એટલે પુરુષ તથા સ્ત્રીથી જુદા પ્રકારનો સ્વભાવ હોય... વર્ણ ભેદ એટલે શરીર સંબંધી ચહેરો તથા ગંધ-રસ-સ્પર્શ પણ સ્ત્રી તથા પુરુષથી વિલક્ષણ હોય... મેહન અર્થાત્ પુરુષચિહ્ન મોટું હોય... વાણી સ્ત્રિની જેમ કોમળ હોય છે... આ સર્વ પંડકના લક્ષણ છે, આ લક્ષણો જાણીને તેનો ત્યાગ કરવો.

(૨) **વાતિક :-** વાયુના વિકારથી ઉત્પન્ન થયેલી વિષયની ઇચ્છાવાળો તે વાતિક... પોતાના નિમિત્તથી કે અન્યથા લિંગ કષાયિત અર્થાત્ વિકારવાળું થાય છે ત્યારે જ્યાં સુધી પ્રતિસેવના ન કરી હોય ત્યાં સુધી વેદને ધારણ કરવા જે સમર્થ ન થાય તે વાતિક કહેવાય. આ નહીં રોકેલ વેદવાળો નપુંસકપણાએ પરિણમે છે, આથી તે ત્યાજ્ય છે.

(૩) **કલીબ :-** કલીબના ચાર પ્રકાર છે. (૧) દૃષ્ટિ ક્લિબ (૨) શબ્દ કલીબ (૩) આદિગ્ધ કલીબ અને (૪) નિમંત્રણ કલીબ...

(૧) **દૃષ્ટિ કલીબ :-** અનુરાગથી વસ્ત્રાદિ રહિત આદિ અવસ્થામાં સ્ત્રીને જોતાં જેનું મેહન ગળે છે તે **દૃષ્ટિકલીબ...**

(૨) **શબ્દ કલીબ :-** સુરતાદિ અર્થાત્ કામોત્પાદક વિગેરે શબ્દ સાંભળતા થકાં જેનું મેહન ગળે તે શબ્દ કલીબ...

(૩) **આદિગ્ધ કલીબ :-** સ્ત્રી વડે અવગૂઢ = સંકેત કરાયેલ જે વ્યક્તિ વ્રતને રક્ષણ કરવા માટે સમર્થ ન થાય તે આદિગ્ધ કલીબ...

(૪) **નિમંત્રિત કલીબ :-** સ્ત્રી વડે આમંત્રણ કરાયેલ જે વ્યક્તિ વ્રતને રક્ષણ કરવા માટે સમર્થ ન થાય તે નિમંત્રિત કલીબ...

આમ આ ચાર પ્રકારે પણ આ ક્રિયા નહીં અટકવાથી તે નપુંસકપણામાં પરિણમે છે, અને આ સર્વે ઉત્કટ વેદનો ઉદય હોવાથી વ્રતનું પાલન કરવામાં અસમર્થ છે માટે દીક્ષા આપવી કલ્પતી નથી. દીક્ષા દાતાને પણ આજ્ઞા ભંગ વડે દોષનો પ્રસંગ જાણવો.

બાલ-વૃદ્ધ-જડ વિગેરે બીજા પણ દીક્ષાને અયોગ્ય હોવા છતાં અહીં ત્રણ સ્થાનકનું વર્ણન ચાલતું હોવાથી તેઓને જણાવ્યા નથી.

તદુપરાંત પ્રપંચથી દીક્ષા અપાઈ હોય તો પણ તે મસ્તકનું લુંચન કરવા માટે, પડિલેહણાદિ સમાચારીને ગ્રહણ કરાવવા માટે, મહાવ્રતોને વિષે સ્થાપન કરાવવા માટે, ઉપધિ વિગેરેથી વિભાગ કરવા માટે તથા પોતાની પાસે રહેવા માટે કલ્પે નહીં. ॥૭૪॥

अवाचनीयानाह—

**अविनीतविकृतिप्रतिबद्धाव्यवसितप्राभृता अवाचनीयाः, दुष्टमूढव्युद्ग्राहिताश्च दुस्संज्ञाप्याः ॥७५॥**

**अविनीतेति,** सूत्रार्थदातुर्वन्दनादिविनयरहितोऽविनीतः, तद्वाचने हि बहवो दोषा भवेयुः । घृतादिरसविशेषगृद्धो विकृतिप्रतिबद्धः, अस्यापि वाचने तपोयोगेच्छितफलादीनामभावो दोषः । अनुपशान्तपरमक्रोधोऽव्यवसितप्राभृतः, एतस्य वाचन इह लोकतस्त्यागोऽस्य प्रेरणायां कलहनात्, प्रान्तदेवता छलनाच्च, परलोकतोऽपि त्यागः, तत्र दत्तस्य श्रुतस्य निष्फलत्वात्, ऊषरक्षिप्तबीजवत् । अतो विनीतः, अविकृतप्रतिबद्धः, व्यवसितप्राभृतश्च सूत्रार्थवाचनयोग्यः । सम्यक्त्वस्यायोग्यानाह-**दुष्टेति,** तत्त्वं प्रज्ञापकं वा प्रति द्विष्टो दुष्टः स चाप्रज्ञापनीयः, द्वेषेणोपदेशाप्रतिपत्तेः । गुणदोषानभिज्ञो मूढः, कुप्रज्ञापकदृढीकृतविपर्यासो व्युद्ग्राहितः, सोऽप्युपदेशं न प्रतिपद्यते, किन्त्वेतद्विपरीताः सुसंज्ञाप्याः प्रज्ञापितानामर्थानामनायासतो विज्ञानादिति ॥७५॥

હવે સૂત્ર ભણાવવાને અયોગ્ય વ્યક્તિ જણાવાય છે...

ત્રણ પ્રકારના આત્મા વાચના અર્થાત્ સૂત્રાર્થ ભણવા અયોગ્ય છે.

(૧) **અવિનીત :-** સૂત્ર અને અર્થને ભણાવનારના વંદનાદિ વિનય રહિત, અવિનીતને શાસ્ત્રાર્થની વાચનામાં ઘણા દોષોનો સંભવ છે.

(૨) **વિકૃતિ પ્રતિબદ્ધ :-** ઘી દૂધ વિગેરેના રસમાં અતિ આસક્ત... વિગઈમાં ગૃદ્ધ આત્માને વાચના આપવાથી તપોયોગથી ઇચ્છિત ફલ વિગેરેના અભાવ રૂપ દોષ છે. અર્થાત્ તપશ્ચર્યા વગર યોગ - શ્રુતનો ઉદ્દેશ વિગેરે વ્યાપાર થાય નહીં, તથા તપશ્ચર્યા વગર ગ્રહણ કરેલ શ્રુતથી લાભના બદલે અલાભ - અનર્થ થાય છે.

(૩) **અવ્યવસિત :-** જેનો ક્રોધ ઉપશાંત નથી થયો તેવો ઉત્કટ ક્રોધવાળો... ક્રોધી આત્માને વાચના દેવામાં આલોકથી ત્યાગ થાય છે, કારણ કે ક્રોધીને પ્રેરણા કરવાથી કલહ થાય અને સમીપવર્તી દેવનું છલન થાય અર્થાત્ તે દેવ તેના શરીરમાં પ્રવેશ કરીને ઉપસર્ગાદિ કરે છે

જેથી પરલોકનો પણ ત્યાગ થાય છે. તેને આપેલ શ્રુતનું ઉખર ભૂમિમાં વાવેલ બીજની જેમ નિષ્ફળપણું છે.

હવે સૂત્રાર્થની વાચનાને યોગ્ય આત્મા જણાવે છે. (૧) વિનીત (૨) વિગઈ સેવનમાં અનાસક્ત તથા (૩) ઉપશાંત ક્રોધી આત્મા સૂત્રાર્થ વાચના માટે યોગ્ય છે.

હવે સમ્યક્ત્વને પણ અયોગ્ય આત્માને જણાવે છે. ત્રણ પ્રકારના આત્મા સમ્યક્ત્વને પણ અયોગ્ય છે અર્થાત્ ઉપદેશને અયોગ્ય છે. (૧) દ્વેષી (૨) મૂઢ (૩) તથા કદાગ્રહી...

(૧) **દુષ્ટ** :- તત્ત્વ પ્રતિ અથવા તત્ત્વ સમજાવનારા પ્રતિ જેને દ્વેષ હોય તે દુષ્ટ કહેવાય, કારણ કે દ્વેષને કારણે જલ્દી તત્ત્વને - ઉપદેશને સ્વીકારતો નથી.

(૨) **મૂઢ** :- ગુણ અને દોષને નહીં જાણનાર.

(૩) **વ્યુદ્ગ્રાહિત** :- ખોટો ઉપદેશ આપનારા દ્વારા આગ્રહમાં આવેલો તે વ્યુદ્ગ્રાહિત, આવી વ્યક્તિ પણ ઉપદેશને સ્વીકારતી નથી પરંતુ આનાથી વિપરીત હોય તે સુસંજ્ઞાપ્ય કહેવાય -અર્થાત્ અદુષ્ટ, અમૂઢ તથા અકદાગ્રહી એવા આત્મા તત્ત્વના બોધને સરળતાથી પ્રાપ્ત કરે છે. ॥૭૫॥

अथ कल्पस्थितिमाह—

**सामायिकच्छेदोपस्थापनीयनिर्विशमानकल्पस्थितिभेदान्निर्विष्टजिनस्थविरकल्पस्थिति-भेदाद्वा त्रिधा कल्पस्थितिः ॥७६॥**

**सामायिकेति**, संयमविशेषः सामायिकं तस्य तदेव वा कल्पः-करणमाचारः, तदुक्तं **'सामर्थ्ये वर्णनायाञ्च करणे छेदने तथा । औपम्ये चाधिवासे च कल्पशब्दं विदुर्बुधा'** इति । सामायिककल्पः, स च प्रथमचरमतीर्थयोः साधूनामल्पकालः, छेदोपस्थापनीयस्य सद्भावात्, मध्यमतीर्थेषु महाविदेहेषु च यावत्कथिकः, छेदोपस्थापनीयाभावात्, तदेवं तस्य तत्र वा स्थितिः-मर्यादा सामायिककल्पस्थितिः । सा च नियमरूपाऽनियमरूपा च शय्यातर-पिण्डपरिहारे चतुर्यामपालने पुरुषज्येष्ठत्वे बृहत्पर्यायस्येतरेण वन्दनकदाने च नियमरूपा, अचेलतायामाधाकर्मिकभक्ताद्यग्रहणे राजपिण्डाग्रहणे प्रतिक्रमणकरणे मासकल्पकरणे पर्युषण-कल्पकरणे चानियमरूपा । पूर्वपर्यायछेदेनारोपणीयं छेदोपस्थापनीयम्, व्यक्तितो महाव्रता-रोपणमित्यर्थः, तच्च प्रथमचरमतीर्थयोरेव, तत्कल्पस्थितिश्च पूर्वोक्तेषु दशसु स्थानकेष्व-वश्यपालनरूपा । ये परिहारविशुद्धितपोऽनुचरन्ति ते निर्विशमानास्तेषां कल्पे स्थिति-र्निर्विशमानकल्पस्थितिः, तद्यथा ग्रीष्मशीतवर्षाकालेषु क्रमेण जघन्यं चतुर्थषष्ठाष्टमानि मध्यमं षष्ठादीनि, उत्कृष्टमष्टमादीनि तपः, पारणञ्चायाममेव, पिण्डैषणासप्तके चाद्ययोरभिग्रह एव, पञ्चसु पुनरेकया भक्तमेकया च पानकमित्येकं द्वयोरभिग्रह इति । आसेवितविवक्षितचारित्रा

निर्विष्टाः, अनुपहारिका इत्यर्थः, तत्कल्पस्थितिः, प्रतिदिनमायाममात्रं तपो भिक्षा तथैवेति । निर्विशमानका निर्विष्टाश्च परिहारविशुद्धिका उच्यन्ते । गच्छनिर्गतसाधुविशेषा जिनास्तेषां कल्पस्थितिर्जिनकल्पस्थितिः, जघन्यतोऽपि नवमपूर्वस्य तृतीयवस्तुनि सत्युत्कृष्टतस्तु दशसु भिन्नेषु प्रथमे संहनने जिनकल्पं प्रतिपद्यते, दिव्याद्युपसर्गं रोगवेदनाश्चासौ सहते, एकाक्येव भवति, दशगुणोपेतस्थण्डिल एवोच्चारादि जीर्णवस्त्राणि च त्यजति, अस्य वसतिः सर्वोपाधि-विशुद्धा, तृतीयपौरुष्यां भिक्षाचर्या पिण्डैषणा चोत्तरासां पञ्चानामेकतरैव, मासकल्पेन विहारः, तस्यामेव वीथ्यां षष्ठदिने भिक्षाटनमिति । गच्छप्रतिबद्धा आचार्यादयः स्थविरास्तेषां कल्पस्थितिः स्थविरकल्पस्थितिः, सा च प्रव्रज्या शिक्षा व्रतान्यर्थग्रहणमनियतवासः शिष्याणां निष्पत्तिर्विहारस्सामाचारीस्थितिश्च । एवञ्च सामायिके सति च्छेदोपस्थापनीयं तस्मिन् निर्विशमानकं ततो निर्विष्टकायिकं ततश्च जिनकल्पः स्थविरकल्पो वा भवतीति क्रमः ॥७६॥

હવે કલ્પસ્થિતિને જણાવે છે.

**સામાયિકેતિ**, સામાયિક - છેદોપસ્થાપનીય અને નિર્વિશમાન ત્રણ પ્રકારની કલ્પ સ્થિતિ...

(૧) **સામાયિક** :- એટલે સંયમ વિશેષ... તેનો અથવા તે જ કલ્પ - આચાર...

કહ્યું છે કે... सामर्थ्ये वर्णनायाञ्च, करणे छेदने तथा ।
औपम्ये चाधिवासे च, कल्पशब्दं विदुर्बुधा ॥ इति

આ રીતે સામાયિક પણ એક પ્રકારનો કલ્પ છે. તે પ્રથમ અને અંતિમ તીર્થના સાધુઓને અલ્પ કાલ માટે છે કારણ કે તે વખતે છેદોપસ્થાપનીયનો સદ્ભાવ હોય છે.

મધ્યના બાવીશ તીર્થના સાધુઓમાં અને મહાવિદેહ ક્ષેત્રમાં તો યાવત્ કથિત અર્થાત્ શાશ્વત-કાયમ હોય છે, કારણ કે તે સમયે છેદોપસ્થાપનીયનો અભાવ હોય છે. તે ચારિત્રની એવી રીતે સ્થિતિ અથવા તેમાં સ્થિતિની મર્યાદા તે સામાયિક કલ્પસ્થિતિ. આ સ્થિતિ નિયમરૂપ પણ છે, અનિયમરૂપ પણ છે.

(૧) શય્યાતર પિંડનો પરિહાર (૨) ચાર મહાવ્રત પાલન (૩) પુરુષ પ્રધાનતા (૪) સંયમ પર્યાયમાં મોટાને વંદન કરવું. આ ચાર કલ્પનું પાલન નિયમરૂપ છે અર્થાત્ સર્વેએ આનું પાલન કરવું જ જોઇએ.

(૧) અચેલકપણું (૨) આધાકર્મિક આહારાદિનું અગ્રહણ (૩) રાજપિંડ અગ્રહણ (૪) પ્રતિક્રમણ (૫) માસકલ્પ (૬) પર્યુષણ કલ્પ... આ છ કલ્પના પાલનમાં અનિયમ છે.. (ક્ષેત્ર તથા વ્યક્તિને આશ્રયીને વિધાન હોય છે.)

(૨) **છેદોપસ્થાપનીય :-** પૂર્વ પર્યાયના છેદ વડે ઉપસ્થાપન કરવું અર્થાત્ આરોપણ કરવું તે છેદોપસ્થાપનીય... સ્પષ્ટ રીતે 'મહાવ્રતોનું આરોપણ કરવું' આ અર્થ છે. આ ચારિત્રનું પાલન પ્રથમ અને અંતિમ તીર્થમાં જ છે.

પૂર્વોક્ત દશેય કલ્પ - આચારના પાલન કરવારૂપ આ કલ્પની સ્થિતિ છે.

(૩) **નિર્વિશમાન કલ્પ સ્થિતિ :-** જેઓ પરિહારવિશુદ્ધિ તપનું આચરણ કરે છે તે નિર્વિશમાન... તેઓના કલ્પમાં સ્થિતિ આ પ્રમાણે જાણવી. **જઘન્ય :-** ચોથ ભક્ત, છઠ્ઠ અઠ્ઠમ - ગ્રીષ્મ કાલમાં **મધ્યમ :-** છઠ્ઠ વિગેરે. **ઉત્કૃષ્ટ :-** અઠ્ઠમ વિગેરે... દરેકના પારણામાં આયંબિલ જ હોય.

વર્ષાકાલમાં સાત પિંડેષણા પૈકી પહેલી બેનો અભિગ્રહ જ હોય છે. પાછળની પાંચમાં એક વડે ભોજન તથા એક વડે પાણી એવી રીતે બેનો અભિગ્રહ હોય છે.

(૧) **નિર્વિષ્ટા :-** હવે નિર્વિષ્ટ - જિનકલ્પી તથા સ્થવિર કલ્પી આમ ત્રણ પ્રકારે કલ્પસ્થિતિ... સેવેલ વિવક્ષિત ચારિત્રવાળા અર્થાત્ અનુપહારિ... તેના કલ્પની સ્થિતિ આ પ્રમાણે જાણવી. દરરોજ આયંબિલ માત્ર તપ અને ભિક્ષામાં પહેલી બે પિંડેષણા છોડીને બાકીની પાંચનું ગ્રહણ, તેમાં પણ એક અમુક ભક્તની અને એક પાણીની એમ બે વિવક્ષિત ગ્રહણ કરે, બાકીની નહીં. નિર્વિશમાનકો તથા નિર્વિષ્ટકાયિકો બંને પરિહારવિશુદ્ધિચારિત્રવાળા કહેવાય છે.

(૨) **જિનકલ્પ સ્થિતિ :-** જિન એટલે ગચ્છમાંથી નીકળેલ સાધુ વિશેષો, તેઓના કલ્પની સ્થિતિ તે જિનકલ્પસ્થિતિ... તે આ પ્રમાણે જાણવી.

જઘન્યથી પણ નવમાં પૂર્વની ત્રીજી વસ્તુનો અભ્યાસ, ઉત્કૃષ્ટથી દશ પૂર્વ કંઇક ન્યૂન, પ્રથમ સંઘયણવાળા તથા દિવ્યાદિ ઉપસર્ગ અને રોગની વેદનાને જે સહન કરી શકે તે જિન કલ્પ સ્વીકારે છે.. તેઓ એકાકી જ હોય છે. તથા દશ ગુણ યુક્ત સ્થંડિલમાં જ ઉચ્ચારાદિ અને જીર્ણ વસ્ત્રાદિને ત્યજે છે, વસતિ સર્વ ઉપાધિ રહિત વિશુદ્ધ હોય છે. ભિક્ષાચર્યા ત્રીજી પોરિસિમાં હોય છે. પાછળથી પાંચ પિંડેષણામાં એકજ (અભિગ્રહ કરેલી) કલ્પે છે. વિહાર માસકલ્પ વડે. તે જ વીથિ અર્થાત્ શેરીમાં છઠ્ઠે દિન ભિક્ષાટન હોય છે.

(૩) **સ્થવિરકલ્પ સ્થિતિ :-** ગચ્છમાં રહેલા આચાર્ય વિગેરે સ્થવિર જાણવા, તેઓની કલ્પસ્થિતિ તે સ્થવિરકલ્પસ્થિતિ. પ્રવ્રજ્યા, શિક્ષા, વ્રતો, અર્થ ગ્રહણ, અનિયત વાસ- શિષ્યોની નિષ્પત્તિ, અને ત્યાર પછી વિહાર... આ છે સ્થવિરકલ્પસ્થિતિ.

આ પ્રમાણે સામાયિક ચારિત્ર હોતે છતે છેદોપસ્થાપનીય હોય છે...

છેદોપસ્થાપનીય હોતે છતે નિર્વિશમાન પરિહાર વિશુદ્ધિ હોય છે...

નિર્વિશમાન હોતે છતે નિર્વિષ્ટકાયિક હોય છે.

ત્યાર પછી જિનકલ્પ અથવા સ્થવિરકલ્પ હોય છે.

આ પ્રમાણે ક્રમિક કલ્પસ્થિતિ હોય છે. ॥૭૬॥

कल्पस्थितिव्यतिक्रामिणश्च प्रत्यनीका अपि भवन्तीत्याह—

**आचार्योपाध्यायस्थविराणामिहपरोभयलोकानां कुलगणसङ्घानां तपस्विग्लानशैक्षकाणां ज्ञानदर्शनचारित्राणां सूत्रार्थतदुभयानां गुरुगतिसमूहानुकम्पाभावश्रुतान्याश्रित्य प्रत्यनीका अपि केचित् ॥७७॥**

**आचार्येति,** आचार्यादीनां प्रत्यनीकता-प्रतिकूलताऽवर्णवादादिभिः, इयञ्च तत्त्वाभिधायकं गुरुमाश्रित्य । मानुषत्वलक्षणपर्यायस्येहलोकस्य प्रत्यक्षस्य प्रत्यनीकः, इन्द्रियार्थप्रतिकूलकारित्वात्, पञ्चाग्नितपस्विवत् । भोगसाधनादीनामिहलोकोपकारिणां वोपद्रवकारीहलोकप्रत्यनीकः । जन्मान्तरं प्रति प्रत्यनीक इन्द्रियार्थतत्परः, ज्ञानादीनामुपद्रवकारी वा परलोकप्रत्यनीकः । उभयलोकप्रत्यनीकश्च चौर्यादिभिरिन्द्रियार्थसाधनपरो भोगसाधनज्ञानादीनामुपद्रवकारी वा । तत्तल्लोकवितथप्ररूपणा वा तत्तल्लोकप्रत्यनीकता । इयञ्च मानुषत्वादिगत्याश्रयेण । कुलं चान्द्रादिकं कोटिकादिर्गणः कुलसमूहः, गणसमूहः, सङ्घः, एषां प्रत्यनीकताऽवर्णवादादिभिः, समूहमाश्रित्य चेयम् । अनुकम्पामाश्रित्य तपस्वी क्षपकः, ग्लानो रोगादिभिरसमर्थः, अभिनवप्रव्रजितः शैक्षः, एतेऽनुकम्पनीया भवन्ति, तदकरणाकारणाभ्याञ्च प्रत्यनीकता । भावः पर्यायो जीवाजीवगतः, तत्र जीवगतः प्रशस्तः क्षायिकादिरप्रशस्तो विवक्षयौदयिकः, क्षायिकादिश्च ज्ञानादिरूपः, ततश्च भावं ज्ञानादि प्रतीत्य प्रत्यनीको वितथप्ररूपणतो दूषणतो वा । सूत्रं व्याख्येयम्, अर्थस्तद्व्याख्यानं निर्युक्त्यादिस्तदुभयं द्वितयमिति श्रुतमाश्रित्य तत्प्रत्यनीकता तत्र दोषोद्भावनमिति ॥७७॥

કહેલ કલ્પ સ્થિતિનું ઉલ્લંઘન કરનારા પ્રત્યનીકો પણ થાય છે માટે તેનું સ્વરૂપ જણાવે છે.

હવે ત્રણ-ત્રણ પ્રકારે પ્રત્યનીકપણું બતાવે છે.

આચાર્ય - ઉપાધ્યાય તથા સ્થવિર પ્રત્યનીક...

આલોક - પરલોક તથા ઊભય લોક પ્રત્યનીક...

કુલ - ગણ - તથા સંઘ પ્રત્યનીક...

તપસ્વી - ગ્લાન તથા શૈક્ષક પ્રત્યનીક...

જ્ઞાન - દર્શન તથા ચારિત્ર પ્રત્યનીક...

સૂત્ર - અર્થ તથા તદુભય પ્રત્યનીક...

આ પ્રમાણે ગુરુ - ગતિ - સમૂહ - અનુકંપા - ભાવ - અને શ્રુતને આશ્રિત્ય પ્રત્યનીક જાણવા.

ગુરુ :- આચાર્ય વિગેરેના અવર્ણવાદ આદિ કરવા વડે પ્રત્યનીકતા... તત્ત્વને કહેનારા ગુરુને આશ્રિત્ય આ પ્રત્યનીકતા છે. પ્રતિકૂલતા છે...

**ગતિ :- ઈહલોક :-** પ્રત્યક્ષ મનુષ્યત્વ લક્ષણ પર્યાયનો પ્રત્યનીક એટલે ઇન્દ્રિયના અર્થને પ્રતિકૂલતા કરનાર હોવાથી પંચાગ્નિ તપસ્વીની જેમ ઇહલોક પ્રત્યનીક... તથા આ લોકમાં ઉપકારી એવા ભોગના સાધનોનો ઉપદ્રવ કરનાર તે પણ આલોક પ્રત્યનીક...

**પરલોક :-** જન્માંતર પ્રતિ પ્રત્યનીક એટલે ઇન્દ્રિયના અર્થમાં તત્પર (વિષય સુખમાં આસક્ત)

અથવા જ્ઞાનાદિને ઉપદ્રવ કરનાર તે પરલોક પ્રત્યનીક.

**ઉભય લોક :-** ચોરી વિગેરે વડે ઇન્દ્રિયના વિષય સાધવામાં તત્પર અથવા ભોગના સાધનો તથા જ્ઞાનાદિને ઉપદ્રવ કરનાર... અથવા મનુષ્ય લોક વિગેરે આ લોક, નરકાદિ પરલોક અને ઉભયલોક એટલે બંને તેની વિપરીત પ્રરૂપણા કરવી તે પ્રત્યનીકતા જાણવી.

**કુલ :-** એક આચાર્યની સંતતિ તે કુલ... દા.ત. ચાંદ્રાદિક કુલ...

**ગણ :-** કુલનો સમૂહ તે ગણ... દા.ત. કોટિક ગણ વિ.

**સંઘ :-** ગણનો સમૂહ તે સંઘ...

આ સર્વેના અવર્ણવાદ રૂપ પ્રત્યનીકતા કહેવાય... સમૂહને આશ્રયીને આ પ્રત્યનીકતા છે.

**અનુકંપા :-** તપસ્વી - શૈક્ષ અને ગ્લાનની પ્રત્યનીકતા...

**ગ્લાન :-** રોગ વિગેરેથી ઘેરાયેલો હોવાથી કાર્ય કરવામાં અસમર્થ.

શૈક્ષ = નવ.દિક્ષિત

આ બધાં અનુકંપા = મદદને યોગ્ય છે, તેઓને મદદ ન કરવાથી તથા બીજા વડે ન કરાવવાથી પ્રત્યનીકતા = શત્રુતા જાણવી.

ભાવ :- ભાવ એટલે પર્યાય - તે જીવ અને અજીવ સંબંધી છે. જીવમાં રહેલો ભાવ તે પ્રશસ્ત... ક્ષાયિકાદિ ભાવ પ્રશસ્ત છે. વિવક્ષા વડે ઔદાયિકાદિ ભાવ અપ્રશસ્ત છે. ક્ષાયિકાદિ ભાવ જ્ઞાનાદિ રૂપ છે. તેથી ભાવ અર્થાત્ જ્ઞાનાદિને આશ્રયીને તેઓની વિપરીત પ્રરૂપણા કરવાથી અથવા દોષ આપવાથી પ્રત્યનીક થાય છે.

**શ્રુત :- સૂત્ર** એટલે વ્યાખ્યા કરવા યોગ્ય. **અર્થ** એટલે સૂત્રનું વ્યાખ્યાન.. નિર્યુક્તિ વિગેરે... **તદુભય** તે બંને આમ શ્રુતને આશ્રયીને દૂષણ આપવા તે પ્રત્યનીકતા જાણવી. ॥૭૭॥

स्थविरकल्पस्थितिप्रतिपन्नस्य विशिष्टनिर्जराकारणान्याह–

**मनोवाक्कायैर्निर्ग्रन्थस्य श्रुताध्ययनैकाकिविहारप्रतिमोपसम्पदपश्चिममारणान्तिकसंलेखनाऽऽकांक्षणं महानिर्जरायै ॥७८॥**

**मन इति,** कथमहमल्पं बहु वा श्रुतमध्येष्यामि, कथमेकाकिविहारप्रतिमामुपसंपद्य विहरिष्यामि कथं वाऽपश्चिममारणान्तिकसंलेखनावान् कृतभक्तपानप्रत्याख्यानः पादपोपगतः कालमनवकांक्षमाणो विहरिष्यामीति मनसा वचसा कायेन पर्यालोचयति यस्तस्य महती कर्मक्षपणा भवति ॥७८॥

સ્થવિર કલ્પ સ્થિતિ સ્વીકારનારને વિશિષ્ટ પ્રકારની નિર્જરા થાય છે તેના કારણો કહે છે...

ત્રણ મનોરથ વડે શ્રમણ મહા નિર્જરાવાળો બને છે

(૧) ક્યારે હું થોડું કે વધારે શ્રુત ભણીશ...?

(૨) ક્યારે હું એકાકી પ્રતિમા સ્વીકારીને વિચરીશ...

(૩) ક્યારે હું અપશ્ચિમ મારણાંતિક સંલેખનાની આચરણ કરતો, આહાર - પાણીના પચ્ચક્ખાણ કરતો, પાદપોગમન અનશનમાં રહેલો... કાળની ઇચ્છા નહીં કરતો વિચરીશ, આ પ્રમાણે મન-વચન અને કાયાથી જે વિચારણા કરે તેની મહાન નિર્જરા થાય છે. ॥૭૮॥

कर्मनिर्जरायाः पुद्गलपरिणामत्वात्तत्परिणामविशेषं तद्वेत्तारं चाह–

**पुद्गलः पुद्गलान्तरं प्राप्य रूक्षतया लोकान्ते वा प्रतिहन्येत, एकद्वित्रिभेदाच्चक्षुस्त्रिधा, ऊर्द्ध्वाधस्तिर्यग्भेदतो वस्तुपरिच्छेदः ॥७९॥**

**पुद्गल इति,** परमाणुपुद्गलोऽन्यं परमाणुपुद्गलं प्राप्य गतेः प्रतिघातमापद्येत, रूक्षतया वा तथाविधपरिणामान्तरात् प्रतिहन्येत, लोकान्ते वा, परतो धर्मास्तिकायाभावात् । सचक्षुषामेव तदवगमाच्चक्षुर्निरूपयति-**एकेति,** चक्षुर्लोचनं तद्द्रव्यतोऽक्षि, भावतो ज्ञानं, तद्यस्यास्ति स तद्योगाच्चक्षुरेव, चक्षुष्मान् इत्यर्थः । स संख्याभेदात्त्रिधा, अतिशयवच्छ्रुतज्ञानादिवर्जितः छद्मस्थश्चक्षुरिन्द्रियापेक्षयैकचक्षुः, देवो द्विचक्षुः, चक्षुरिन्द्रियावधिभ्याम्, आवरणक्षयोपशमोत्पन्नश्रुतावधिज्ञानदर्शनवान् त्रिचक्षुश्चक्षुरिन्द्रियपरमश्रुतावधिभिः, स हि साक्षादिव समस्तवस्तूनि हेयोपादेयान्यवलोकयति । केवलज्ञानी त्विह न व्याख्यातः, केवलज्ञानदर्शनलक्षणचक्षुर्द्वयकल्पनासम्भवेऽपि चक्षुरिन्द्रियलक्षणचक्षुष उपयोगाभावेनासत्कल्पतया चक्षुस्त्रयाभावात्, द्रव्येन्द्रियापेक्षया तु सोऽपि न निरुध्यते । चक्षुष्मतोऽविपरीततया संशयराहित्येन वस्तुपरिच्छेदाज्ज्ञानविशेषापेक्षयाऽऽह-**ऊर्द्ध्वेति,** भेदत्रयेणायं वस्तुपरिच्छेदः

परमावधिना न तु केवलेन, क्रमोपयोगाभावेनोद्धर्वादिक्रमोत्पादासम्भवात् । ज्ञानोत्पादानन्तरं प्रथममूद्धर्वलोकं जानाति ततस्तिर्यग्लोकं ततश्चाधोलोकमिति क्रमेण पर्यन्ताधिगम्यत्वाद-धोलोको दुरभिगम इति सामर्थ्यात् प्राप्तम् ॥७९॥

હમણાં જે કર્મની નિર્જરા જણાવી તે નિર્જરા પુદ્ગલના પરિણામ વિશેષ રૂપ છે માટે હવે પુદ્ગલના પરિણામ વિશેષ જણાવે છે.

પરમાણું વિગેરે પુદ્ગલો ગતિમાં સ્ખલના પામે છે આ સ્ખલના (પ્રતિઘાત)ના ત્રણ પ્રકાર છે.

(૧) પરમાણુ વિગેરે પુદ્ગલો બીજા પરમાણુ પુદ્ગલને પામીને ગતિની સ્ખલના પામે છે.

(૨)રૂક્ષ અર્થાત્ લુખાપણાથી અથવા તથાવિધ બીજા પ્રકારના પરિણામ દ્વારા ગતિથી સ્ખલના પામે છે.

(૩) લોકના અંતે તેની ગતિ અટકી જાય છે, કારણ કે તેનાથી આગળ ધર્માસ્તિકાયનો અભાવ છે.

પુદ્ગલનો પ્રતિઘાત ચક્ષુ દ્વારા જણાય તેથી હવે ચક્ષુનું નિરૂપણ કરાય છે. એક-બે અને ત્રણ, એમ ત્રણ પ્રકારે ચક્ષુ છે.

एकेति... ચક્ષુ એટલે આંખ... તે દ્રવ્યથી આંખ અને ભાવથી જ્ઞાન... તે જેને છે તે એક ચક્ષુ... અર્થાત્ દ્રવ્ય અને ભાવ ચક્ષુના યોગથી 'चक्षुज' અર્થાત્ ચક્ષુવાળો જાણવો. ચક્ષુની સંખ્યાના ભેદથી તે ત્રણ પ્રકારે છે.

**એક ચક્ષુ :-** એક ચક્ષુ જેને છે તે એક ચક્ષુ... એ રીતે દ્વિ ચક્ષુ - ત્રિચક્ષુ જાણવા. છદ્મસ્થ આત્મા 'એક ચક્ષુ' કહેવાય.

જ્ઞાનાવરણીયાદિ કર્મથી યુક્ત હોય તે છદ્મસ્થ... જોકે કેવલજ્ઞાન રહિત બધાય જીવો છદ્મસ્થ કહેવાય છે તો પણ અહીં 'અતિશયવાળા શ્રુત જ્ઞાનાદિ રહિત વિવક્ષિત છે... આથી 'એક ચક્ષુ' ચઉરિન્દ્રિયની અપેક્ષાએ છે.

**દ્વિ ચક્ષુ :-** ચક્ષુ ઇન્દ્રિય અને અવધિ જ્ઞાનના યોગથી દેવો 'દ્વિ ચક્ષુ' છે.

**ત્રિ ચક્ષુ :-** આવરણના ક્ષયોપશમથી જ ઉત્પન્ન થયેલ શ્રુત - અવધિજ્ઞાન તથા અવધિ દર્શનને જે ધારણ કરે છે તે ઉત્પન્ન જ્ઞાન-દર્શનધર કહેવાય. આવા મુનિ 'ત્રિ ચક્ષુ' કહેવાય, અર્થાત્

(૧) ચક્ષુરિન્દ્રિય (૨) પરમશ્રુત (૩) પરમાવધિ આ ત્રણ ચક્ષુ જાણવા. ત્રણ ચક્ષુવાળા જ હોય અને ઉપાદેયરૂપ સમસ્ત વસ્તુઓને જુવે છે.

અહીં કેવલજ્ઞાનીનું વ્યાખ્યાન કર્યું નથી. 'કેવલજ્ઞાન અને કેવલદર્શનરૂપ 'દ્વિચક્ષુ'નો કલ્પનાનો સંભવ હોવા છતાં પણ ચક્ષુરિન્દ્રિય સ્વરૂપ ચક્ષુના ઉપયોગનો અભાવ હોવાથી અસત્કલ્પના વડે

તેને 'ત્રણ ચક્ષુ' વિદ્યમાન નથી એમ કહીને કેવલીનું ગ્રહણ કર્યું નથી. દ્રવ્યેન્દ્રિયની અપેક્ષાએ તો તે પણ (કેવલી પણ) ઘટી શકે છે - વિરૂદ્ધ નથી અર્થાત્ 'ત્રિચક્ષુ' ઘટી શકે છે.

ચક્ષુવાળા આત્માઓ જ અવિપરીતપણાએ તથા સંશયરહિતપણાએ વસ્તુને-પદાર્થને જાણી શકે છે, આથી જ્ઞાન વિશેષની અપેક્ષા વડે ત્રણ ભેદ જણાવે છે.

**ઉદ્ધર્વેતિ** :- (૧) ઉપર (૨) તિર્ચ્છૂ અને (૩) નીચે એમ ત્રણ પ્રકારે વસ્તુનું જ્ઞાન થાય છે. આ ત્રણ પ્રકારે વસ્તુનું જ્ઞાન પરમાવધિ વડે સંભવે છે પણ કેવલજ્ઞાન વડે નહીં, કારણ કે કેવલજ્ઞાનીને ક્રમિક ઉપયોગનો અભાવ હોવાથી ઉર્ધ્વાદિ ક્રમ વડે ઉપયોગ ન હોય.

જ્ઞાન ઉત્પન્ન થયા પછી પરમાવધિવાળા પ્રથમ ઉર્ધ્વલોકને જાણે છે, ત્યારપછી તિર્ચ્છાલોકને અને ત્યારબાદ અધોલોકને આમ ક્રમપૂર્વક જાણે છે. આ રીતે સામર્થ્યથી પ્રાપ્ત થયેલ અધોલોક દુઃખપૂર્વક ક્રમ વડે અંતે જાણવા યોગ્ય છે - અંતે જાણી શકાય છે તેમ નક્કી થાય છે. ॥૭૯॥

ज्ञानलक्षणर्द्धिसाधर्म्यादृद्धिभेदानाह—

**विमानवैक्रियपरिचारणर्द्धयो देवर्द्धयोऽतियाननिर्यानबलाद्यृद्धयो राजर्द्धयो ज्ञानदर्शनचारित्रर्द्धयो गण्यृद्धयः ॥८०॥**

**विमानेति**, इन्द्रादेरैश्वर्यं देवर्द्धिः, तत्र विमानसमृद्धिर्द्वात्रिंशल्लक्षादिकबाहुल्यं महत्त्वं रत्नादिरमणीयत्वञ्च, वैक्रियर्द्धिर्वैक्रियकरणं वैक्रियशरीरैर्हि जम्बूद्वीपद्वयमसंख्यातान् द्वीपसमुद्रान् वा पूरयन्ति, कामसेवाया ऋद्धिः परिचारणर्द्धिः, अन्यान् देवानन्यसत्का देवीः स्वकीया देवीरभियुज्यात्मानञ्च विकृत्य परिचारयतीत्येवंलक्षणा । नगरप्रवेशे तोरणहट्टशोभाजनसंमर्दादिलक्षणाऽतियानर्द्धिः, नगरादिनिर्गमे हस्तिकल्पनसामन्तपरिवारादिका निर्यानर्द्धिः, चतुरङ्गवाहनभाण्डागारादिर्बलाद्यृद्धिः, एता राजसम्पदः । विशिष्टश्रुतसम्पत् ज्ञानर्द्धिः, प्रवचने निःशङ्कितत्वादिकं प्रवचनप्रभावकशास्त्रसम्पद्वा दर्शनर्द्धिः निरतिचारिता चारित्रर्धिः एता गणिन आचार्यस्य सम्पदः ॥८०॥

પૂર્વે અભિગમની વાત કહી. જ્ઞાન અને ઋદ્ધિનું સાધર્મ્ય હોવાથી હવે ઋદ્ધિના ભેદો જણાવે છે.

વિમાનેતિ... ત્રણ પ્રકારે ઋદ્ધિ કહેલી છે. (૧) દેવની ઋદ્ધિ (૨) રાજાની ઋદ્ધિ તથા (૩) ગણર્દ્ધિ = આચાર્યવિ.ની ઋદ્ધિ.

**(૧) દેવર્દ્ધિ** :- ઇંદ્ર વિગેરેનું જે ઐશ્વર્ય તે દેવર્દ્ધિ... આ દેવર્દ્ધિ પણ ત્રણ પ્રકારે છે. (૧) વિમાનની ઋદ્ધિ (૨) વિકુર્વણાની ઋદ્ધિ અને (૩) પરિચારણા-વિષયસેવનાની ઋદ્ધિ.

**વિમાન ઋદ્ધિ** :- ૩૨ લાખ વિમાનરૂપ બહુલતા, મહત્ત્વપણું અને રત્ન વિગેરેનું સુંદરપણું તે વિમાનઋદ્ધિ. (સૌધર્મ ઇન્દ્ર ૩૨ લાખ વિમાનના અધિપતિ છે.)

**વિકુર્વણા ઋદ્ધિ :-** વૈક્રિય કરવારૂપ ઋદ્ધિ તે વૈક્રિય ઋદ્ધિ. વૈક્રિય શરીર વડે જ બે જંબૂદ્વીપને અથવા અસંખ્યાત સમુદ્રોને પૂરે છે - ભરે છે.

**પરિચારણા ઋદ્ધિ :-** પરિચારણા એટલે વિષય સેવનાની ઋદ્ધિ. અન્ય દેવો પ્રતિ - બીજા દેવોને આધીન દેવીઓ પ્રતિ - પોતાની દેવીઓ પ્રતિ - તેઓને વશ કરીને અને પોતાના શરીરને વિકુર્વીને પરિચારણા-વિષય સેવન કરે છે.

(૨) **રાજ ઋદ્ધિ :-** (૧) અતિયાન ઋદ્ધિ (૨) નિર્યાન ઋદ્ધિ તથા (૩) બલાદિ ઋદ્ધિ.

(૧) **અતિયાન ઋદ્ધિ :-** અતિયાન એટલે નગરપ્રવેશ... પ્રવેશ સંબંધી ઋદ્ધિ તે અતિયાન ઋદ્ધિ... તોરણ-હારની શોભા... મનુષ્યોનો મેળો-મેદનીની બહુલતા... આ છે રાજાની નગર પ્રવેશની શોભા.

(૨) **નિર્યાન ઋદ્ધિ :-** શહેરમાંથી નીકળવા સંબંધી ઋદ્ધિ. હાથીની અંબાડી અને સામંત પરિવાર તે નિર્યાન ઋદ્ધિ.

(૩) **બલ ઋદ્ધિ :-** બલ = ચતુરંગ સેના, વાહનો-ઘોડા વિ.., કોશ-ભંડાર, કોઠાર આદિ બલઋદ્ધિ... આ ત્રણે રાજાની ઋદ્ધિ કહેવાય.

(૩) **ગણ ઋદ્ધિ ત્રણ પ્રકારે :-** (૧) દર્શન ઋદ્ધિ (૨) જ્ઞાન ઋદ્ધિ તથા (૩) ચારિત્ર ઋદ્ધિ.

**જ્ઞાન ઋદ્ધિ :-** વિશિષ્ટ પ્રકારે શ્રુતની સંપત્તિ તે જ્ઞાન ઋદ્ધિ.

**દર્શન ઋદ્ધિ :-** જિનવચનમાં નિઃશંકિતાદિપણું અથવા શાસનની શોભા વધારવારૂપ શાસ્ત્રોની સંપત્તિ (જૈનેતર શાસ્ત્રનું જ્ઞાન વિ.) તે દર્શન ઋદ્ધિ.

**ચારિત્ર ઋદ્ધિ :-** નિરતિચાર સંયમની પાલના તે ચારિત્ર ઋદ્ધિ. આ ગણિ અર્થાત્ આચાર્ય ભગવંતની ત્રણ પ્રકારે ઋદ્ધિ છે. ॥૮૦॥

अथ लेश्यात्रयेणाह—

**दुरभिगन्धलेश्याः कृष्णनीलकापोताः, सुरभिगन्धलेश्यास्तेजः पद्मशुक्लाः, स्थितसंक्लिष्टपर्यवजातलेश्यानां बालमरणं स्थितासंक्लिष्टपर्यवजातलेश्यानां पण्डितमरणं स्थितासंक्लिष्टपर्यवजातलेश्यानां बालपण्डितमरणम् ॥८१॥**

**दुरभिगन्धेति,** कृष्णनीलकापोतलेश्यानां पुद्गलात्मकतया गन्धवत्त्वाद्दुरभिगन्धता तेजः-पद्मशुक्लानाञ्च सुरभिगन्धता विज्ञेया । एतासां वर्णनामानुरूपाः, तेजोलेश्या लोहितवर्णा पद्मलेश्या पीतवर्णेति, आद्या नरकतिर्यग्गतिप्रदाः संक्लेशहेतवोऽमनोहरा वर्णतोऽविशुद्धाः स्पर्शतः शीतरूक्षाः, अन्त्यास्तिस्रो मनुष्यदेवगतिप्रदा असंक्लिष्टा मनोहरा विशुद्धाः स्निग्धोष्णाश्च । मरणञ्च बालपण्डितमिश्रभेदम्, विरतिसाधकविवेकरहितत्वादसंयतो बालस्तस्य मरणं

बालमरणं फलवद्विज्ञानसंयुतत्वात्पण्डितः संयतस्तस्य मरणं पण्डितमरणम्, अविरतत्वेन बालत्वाद्विरतत्वेन च पण्डितत्वात्संयतासंयतो बालपण्डितस्तस्य मरणमिति, तत्र बालमरणस्य त्रिभेदमाह-**स्थितेति**, अविशुद्धासंक्लिश्यमानकृष्णादिलेश्यावस्थितः स्थितलेश्यः, संक्लिश्यमानलेश्यावस्थितः संक्लिष्टलेश्यः, विशुद्धया वर्धमानलेश्यावस्थितः पर्यवजातलेश्यः, प्रथमं कृष्णादिलेश्यः सन् यदा कृष्णादिलेश्येष्वेव नरकादिषूत्पद्यते तदा प्रथमं भवति, यदा तु नीलादिलेश्यः सन् कृष्णादिलेश्येषूत्पद्यते तदा द्वितीयम् । यदा च कृष्णादिलेश्यः सन् नीलकापोतलेश्येषूत्पद्यते तदा तृतीयम्, पण्डितमरणे संयतत्वादेव लेश्यायाः संक्लिश्यमानता नास्तीति बालमरणाद्विशेषो बालपण्डितमरणे तु लेश्यायाः संक्लिश्यमानता विशुद्धयमानता च नास्ति मिश्रत्वादिति विशेषः । वस्तुतः पण्डितमरणं द्विविधमेव, संक्लिश्यमानलेश्यानिषेधेनावस्थितवर्धमानलेश्यत्वात्, व्यपदेशमात्रादेव च त्रिविधत्वमुक्ताम्, बालपण्डितमरणन्त्वेकविधमेव संक्लिश्यमानपर्यवजातलेश्यानिषेधेऽवस्थितलेश्यत्वात् त्रैविध्यन्त्वस्येतरव्यावृत्तितो व्यपदेशत्रयप्रवृत्तेरिति ॥८१॥

હવે લેશ્યાને આશ્રયીને કહે છે

દુર્ગંધવાળી ત્રણ લેશ્યા છે. (૧) કૃષ્ણ લેશ્યા (૨) નીલ લેશ્યા (૩) કાપોત લેશ્યા.

સુગંધવાળી ત્રણ લેશ્યા છે. (૧) તેજો લેશ્યા (૨) પદ્મ લેશ્યા (૩) શુક્લ લેશ્યા.

મરણના ત્રણ પ્રકાર છે. (૧) બાલ મરણ (૨) પંડિત મરણ (૩) બાલ-પંડિત મરણ.

દુર્ગંધ = ખરાબ ગંધ.

લેશ્યાઓ પુદ્ગલાત્મક છે. દુર્ગંધી પુદ્ગલોના કારણે કૃષ્ણ-નીલ તથા કાપોત લેશ્યા દુર્ગંધવાળી જાણવી.

સુગંધી પુદ્ગલોના કારણે તેજો-પદ્મ તથા શુક્લ લેશ્યામાં સુગંધીપણું જાણવું.

આ લેશ્યાઓનો વર્ણ નામ પ્રમાણે છે.

તેજોલેશ્યા લોહિત - લાલ રંગવાળી, પદ્મલેશ્યા પીત વર્ણવાળી, શુક્લલેશ્યા શ્વેત વર્ણવાળી છે.

પ્રથમની ત્રણ લેશ્યા નરકગતિ અને તિર્યંચગતિ તરફ લઈ જનાર છે, સંક્લેશના કારણરૂપ છે, અમનોહર છે, વર્ણથી અવિશુદ્ધ છે, સ્પર્શથી શીત અને રૂક્ષ છે.

અંતિમ ત્રણ લેશ્યા મનુષ્યગતિ અને દેવગતિ આપનાર છે, અસંક્લેશરૂપ છે, મનોહર છે, વિશુદ્ધ છે, સ્પર્શ સ્નિગ્ધ અને ઉષ્ણ છે.

**ત્રણ પ્રકારના મરણ :-** (૧) બાલ, (૨) પંડિત તથા (૩) બાલ-પંડિત મરણ.

(૧) **બાલ મરણ :-** વિરતિ સાધક જે વિવેક, તે વિવેકથી જે રહિત હોય તે 'બાલ' કહેવાય. અસંયત કહેવાય. તેનું મરણ તે **'બાલ મરણ.'**

(૨) **પંડિત મરણ :-** ફલની જેમ વિરતિરૂપ વિજ્ઞાનથી જે યુક્ત હોય તે પંડિત કહેવાય. સંયત કહેવાય. તેનું મરણ તે **'પંડિત મરણ.'**

(૩) **બાલ-પંડિત મરણ :-** અવિરત હોવાથી બાલપણું અને કાંઈક વિરત હોવાથી પંડિતપણું હોવાથી સંયતાસંયત કહેવાય, અર્થાત્ બાલ-પંડિત કહેવાય. તેનું મરણ તે **'બાલ-પંડિત મરણ.'**

હવે 'બાલ' મરણના ત્રણ પ્રકાર જણાવે છે.

(૧) **સ્થિત લેશ્ય :-** અવિશુદ્ધ ભાવવાળી તથા સંક્લિષ્ટપણાને પ્રાપ્ત ન થતી કૃષ્ણાદિ લેશ્યા છે જે મરણને વિષે તે સ્થિત લેશ્ય બાલ મરણ...

(૨) **સંક્લિષ્ટ લેશ્ય :-** સંક્લેશને પ્રાપ્ત થતી લેશ્યા છે જે મરણને વિષે તે સંક્લિષ્ટ લેશ્ય બાલ મરણ...

(૩) **પર્યવજાત લેશ્ય :-** વિશુદ્ધિ વડે વધતા પરિણામવાળી લેશ્યામાં થતું મરણ તે પર્યવજાત લેશ્યા બાલ મરણ...

અહીં પહેલાં કૃષ્ણાદિ લેશ્યાવાળો જો કૃષ્ણાદિ લેશ્યાવાળા નરકાદિને વિષે ઉત્પન્ન થાય ત્યારે તેનું પ્રથમ 'સ્થિત લેશ્ય' મરણ હોય છે.

જ્યારે નીલાદિ લેશ્યાવાળો કૃષ્ણાદિ લેશ્યાવાળામાં ઉત્પન્ન થાય છે ત્યારે બીજું 'સંક્લિષ્ટ' લેશ્ય મરણ હોય છે.

જ્યારે કૃષ્ણાદિ લેશ્યાવાળો નીલ-કાપોત લેશ્યાવાળામાં ઉત્પન્ન થાય ત્યારે ત્રીજું પર્યવજાત લેશ્ય મરણ જાણવું.

પંડિત મરણને વિષે સંયતપણું હોવાથી લેશ્યાની સંક્લેશતા નથી. બાલ મરણથી આ તેની વિશેષતા છે.

બાલ પંડિત મરણને વિષે લેશ્યાનું સંક્લિશ્યમાનપણું તથા વિશુદ્ધમાનપણું બંને નથી પણ લેશ્યાનું મિશ્રપણું છે - આ તેની વિશેષતા છે.

વાસ્તવમાં પંડિત મરણ બે પ્રકારે જ છે, કેમકે - સંક્લિશ્યમાન લેશ્યાનો નિષેધ હોવાથી અવસ્થિત અને વર્દ્ધમાન લેશ્યત્વ હોય છે. ત્રિવિધપણું તો માત્ર કહેવા પુરતું કહ્યું છે.. કથન માત્રથી જ છે.

બાલ પંડિત મરણ તો એક પ્રકારે જ છે. કારણ કે તેને સંક્લિશ્યમાન અને પર્યવજાત લેશ્યાનો નિષેધ હોતે છતે માત્ર અવસ્થિત લેશ્યાપણું હોય છે - આનું ત્રિવિધપણું તો ઈતર એટલે કે સંક્લિશ્યમાન અને પર્યવજાત લેશ્યાની વ્યાવૃત્તિથી ત્રણના કથનની પ્રવૃત્તિમાત્ર છે. ॥૮૧॥

जन्मान्तरेऽधिकारभेदात्प्राप्यमाह—

**प्रवचनमहाव्रतजीवनिकायेषु शङ्काकांक्षाविचिकित्सादिमान्निर्ग्रन्थः परीषहाभिभूतः, विपरीतश्च परीषहानभिभवति ॥८२॥**

**प्रवचनेति**, प्रशस्तं प्रगतं प्रथमं वा वचनं प्रवचनं-आगमः, महाव्रतानि प्रसिद्धानि, जीवनिकायो जीवसमूहः, यो ह्यनगारितां प्रपद्य प्रवचनादौ देशतः सर्वतः संशयवान् मतान्तरस्यापि साधुतया मन्ता फलं प्रति शङ्कोपेतस्तत एव द्वैधीभावमापन्नो नैतदेवमिति प्रतिपत्तिको वा प्रवचनादिकं न सामान्यतः प्रत्येति न वा प्रीतिविषयं करोति नापि तदुक्तं चिकीर्षति तं प्रव्रजिताभासं क्षुधादयः परीषहा एत्य पुनः पुनरभिभवन्ति, तदेवमनश्चियवतोऽपराक्रमवतः प्रवचनादीनि त्रीणि स्थानानि न हिताय न सुखाय न निःश्रेयसाय न शुभानुबन्धाय भवन्ति । यश्च निर्ग्रन्थः प्रवचनादौ निश्शङ्कितः निष्कांक्षितो निर्विचिकित्सितो न वा कलुषितः स परीषहानभिभवति न तु तैरभिभूयते तस्य च प्रवचनादीनि हिताय सुखाय निःश्रेयसाय शुभानुबन्धाय च भवन्ति ॥८२॥

જન્માંતરમાં ત્રણ વસ્તુ જે કારણથી પ્રાપ્ત થાય છે તે જણાવે છે.

પ્રવચન-મહાવ્રત અને જીવનિકાય. આ ત્રણ સ્થાનમાં શંકા-કાંક્ષા તથા વિચિકિત્સા કરનાર નિર્ગ્રન્થ પરિષહોથી પરાજિત થાય છે. અને તેનાથી વિપરીત અર્થાત્ આ ત્રણને વિષે શંકા-કાંક્ષા તથા વિચિકિત્સા ન કરનાર નિર્ગ્રન્થ પરિષહોને જીતે છે.

પ્રશસ્ત-પ્રગત એટલે યુક્ત અથવા પ્રથમ એવું જે વચન તે **પ્રવચન**... અર્થાત્ આગમ...!

**મહાવ્રતો** :- પ્રાણાતિપાત વિરમણ વિ. પાંચ મહાવ્રત.

**જીવનિકાય** :- પૃથ્વીકાયાદિ છ જીવ નિકાય.

જે આત્મા પ્રવ્રજ્યાને સ્વીકારીને પરમાત્માના આગમ વિષે દેશથી કે સર્વથી **સંશયવાળો** હોય.

**કાંક્ષિત** એટલે મતાંતરને પણ સારાપણાએ માનનારો હોય.

**વિચિકિત્સા** એટલે - ફલ પ્રતિ શંકા યુક્ત હોય. અને આ કારણોથી દ્વિધા ભાવને પામેલો હોય અર્થાત્ 'આ આ રીતે નથી', આમ સ્વીકારતો આગમ આદિને વિષે સામાન્યથી શ્રદ્ધા રાખતો નથી, તેને પ્રીતિનો વિષય કરતો નથી, આગમમાં કહેલ આચારને કરવાની ઈચ્છાવાળો થતો નથી, આવા પ્રકારના સાધુના આભાસવાળા પ્રતિ (અર્થાત્ માત્ર વેષથી સાધુ) ક્ષુધા વિગેરે પરિષહો આવીને વારંવાર તેનો પરાભવ કરે છે.

તથા આવા પ્રકાર નિશ્ચય વિનાના, અપરાક્રમી-કાયર આત્માને પ્રવચન વિગેરે ત્રણે સ્થાનો હિત માટે થતાં નથી... સુખ માટે થતાં નથી... કલ્યાણ માટે થતાં નથી... શુભ અનુબંધ માટે થતાં નથી.

જે નિર્ગ્રન્થ પ્રવચન આદિને વિષે શંકા રહિત, કાંક્ષા રહિત, વિચિકિત્સા રહિત હોય, કલુષિત ન હોય તેવો આત્મા પરિષહોને પરિભવ પમાડે છે પણ પરિષહોથી પોતે પરાભવ પામતો નથી, આવા આત્માને પ્રવચન વિગેરે હિત માટે, સુખ માટે, કલ્યાણ માટે તથા શુભ અનુબંધ માટે થાય છે. ॥૮૨॥

अयश्चैवंविधः साधुरिहैव पृथिव्यां भवतीत्यर्थेन सम्बन्धेन पृथिवीस्वरूपमाह—

**घनोदधिघनवाततनुवातवलयिता पृथिवी, तत्रेकेन्द्रियवर्जानां त्रिसामयिकविग्रहेणोत्पादः ॥८३॥**

**घनोदधीति,** रत्नप्रभादिका पृथिवी दिक्षु विदिक्षु च घनोदध्यादिभिः क्रमेणाऽऽवेष्टिता, तत्राभ्यन्तरं घनोदधिवलयं ततो घनवातवलयं ततश्च तनुवातवलयमिति, एतासु पृथिवीषूत्कर्षेण समयत्रयभाविना वक्रगमनेन नारकादीनामुत्पादः, त्रसानां हि त्रसनाड्यन्तरुत्पादाद्वक्रद्वयं भवति, तत्र च त्रय एव समयाः, आग्नेयदिशो नैर्ऋतदिशमेकेन समयेन गच्छति, ततो द्वितीयेन समश्रेण्याऽधः, ततस्तृतीयेन वायव्यदिशि समश्रेण्यैवेति । त्रसानामेव त्रसोत्पत्तावेवंविध उत्कर्षेण विग्रहः । एकेन्द्रिययास्त्वेकेन्द्रियेषु पञ्चसामयिकेनाप्युत्पद्यन्ते, बहिस्तात्रसनाडीतो बहिरपि तेषामुत्पादात्, तथाहि विदिशो दिशि प्रथमे द्वितीये लोकनाड्य प्रविशति तृतीय उपरि धावति चतुर्थे बहिर्नाड्या निर्गच्छति विदिशि पञ्चमे गत्वैकेन्द्रियत्वेनोत्पद्यत इति, सम्भव एवायम्, चतुःसामयिक एव भावस्य भगवत्यामुक्तत्वात् ॥८३॥

આવા પ્રકારના સાધુ આ પૃથ્વીમાં જ હોય છે, આથી આ અર્થરૂપ સંબંધ વડે પૃથ્વીના સ્વરૂપને કહે છે.

પૃથ્વી ઘનોદધિ, ઘનવાત અને તનુવાતથી વીંટળાયેલી છે, ત્યાં એકેન્દ્રિયને છોડીને બીજા જીવો ત્રણ સમયની વિગ્રહ ગતિ વડે ઉત્પન્ન થાય છે.

રત્નપ્રભા વિગેરે પૃથ્વી દિશા અને વિદિશાઓમાં ઘનોદધિ આદિ વડે ક્રમથી વીંટળાયેલી છે. તેમાં અંદર પ્રથમ ઘનોદધિ વલય ત્યારબાદ ઘનવાત અને તનુવાત વલય હોય છે.

આ રત્નપ્રભાદિ પૃથ્વીઓમાં ત્રણ સમયમાં થનારી વક્રગતિ વડે (વિગ્રહ ગતિ) નારક વિગેરેનો ઉત્પાદ-ઉત્પત્તિ છે.

ત્રસ જીવોનો ત્રસ નાડીમાં ઉત્પત્તિ હોવાથી બે વળાંક થાય છે અને તેમાં ત્રણ સમય થાય છે, તે આ પ્રમાણે -

અગ્નિ ખૂણાથી નૈઋત્ય ખૂણામાં જતાં એક સમય થાય છે, તે પછી બીજા સમય વડે સમશ્રેણીએ નીચે જાય છે, ત્યારબાદ ત્રીજા સમયે સમશ્રેણીએ જ વાયવ્ય ખૂણામાં જાય છે. ત્રસ જીવોને જ ત્રસ કાયની ઉત્પત્તિમાં આ પ્રકારે ઉત્કૃષ્ટથી વક્ર ગતિ હોય છે.

એકેન્દ્રિયો તો એકેન્દ્રિયોને વિષે પાંચ સમય વડે પણ ઉત્પન્ન થાય છે, કારણ કે ત્રસ નાડીથી બહાર રહેલા તેઓ ત્રસ નાડીની બહાર પણ ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે -

પ્રથમ સમયે વિદિશામાંથી દિશામાં જાય છે, બીજા સમયે ત્રસ નાડીમાં પ્રવેશ થાય છે, ત્રીજા સમયે ઊંચે જાય છે, ચોથા સમયે ત્રસ નાડીની બહાર જાય છે, પાંચમા સમયે વિદિશામાં જઈને એકેન્દ્રિયપણાએ ઉત્પન્ન થાય છે.

આ સંભવ માત્ર છે, બાકી તો ચાર સમય જ હોય છે, તે પ્રમાણે શ્રી ભગવતીજી સૂત્રમાં કહેલું છે. ॥૮૩॥

अथ चतुःस्थानकं वक्तुमुपक्रमते तत्र पूर्वं कर्म कार्यं भवोत्पत्तिरुक्ता, सम्प्रति तत्कार्यस्य भवस्यान्तक्रियोच्यते—

**तपोवेदनयोस्तारतम्याद्ह्रस्वदीर्घाभ्यां प्रव्रज्यापर्यायाभ्यामन्तक्रिया ॥८४॥**

**तप इति,** चतस्रोऽन्तक्रियाः, अन्तक्रिया भवस्यान्तकरणम्, यो देवलोकादौ गत्वाऽल्पकर्मतया मानुषत्वं प्रत्यागतः स द्रव्यतो भावतश्चानगारितां प्रतिपन्नो द्रव्यभावस्नेहरहितस्समाधिबहुलः तपस्वी सोऽल्पकर्मप्रत्यायातत्वान्नात्यन्तघोरं तपः करोति न वा तस्योपसर्गादिसम्पाद्याऽतिघोरा वेदना भवति ततश्च दीर्घेण प्रव्रज्यापर्यायेण सिद्धिगमनयोग्यो भवति, सकलकर्मनायकमोहनीयघातात्, ततो घातिचतुष्टयघातेन केवलज्ञानात्समस्तवस्तूनि बुद्ध्यन्ते ततो भवोपग्राहिकर्मभ्यो मुक्त्वा सर्वदुःखानामन्तं करोति, यथा भरत इति प्रथमस्थानम् । यस्य न तथाविधं तपो नापि परीषहादिजनिता तथाविधा वेदना दीर्घेण च पर्यायेण सिद्धिर्भवति सैकान्तक्रियेति भावः । यो गुरुकर्मभिर्महाकर्मा सन् प्रत्यायातोऽत एव तत्क्षपणाय तथाप्रकारं घोरं तपः करोति तथाविधामुपसर्गादिवेदनामनुभवति स गजसुकुमार इवाल्पेनैव प्रव्रज्यापर्यायेण सिद्धो भवति तद्द्वितीयं स्थानम् । यो महाकर्मप्रत्यायातो महातपा महावेदनश्च दीर्घतरपर्यायेण सिद्ध्यति यथा सनत्कुमारः, तद्भवे सिद्ध्यभावेन भवान्तरे सेत्स्यमानत्वादिति तृतीयम् । यश्चाल्पकर्मप्रत्यायातोऽविद्यमानतपोवेदनोऽल्पेनैव पर्यायेण सिद्धो भवति यथा मरुदेवीति चतुर्थं स्थानम् ॥८४॥

**ચતુઃસ્થાનક પ્રારંભ :-**

હવે સંખ્યાના ક્રમ વડે ચતુઃસ્થાનક પ્રારંભ થાય છે. આની પૂર્વે કર્મ અને તેના કાર્યરૂપ ભવમાં ઉત્પત્તિ જણાવી, હવે કર્મ અથવા તેના કાર્યભૂત ભવનો અંત કરવાની ક્રિયા કહેવાય છે.

ચાર પ્રકારની અંતક્રિયા છે.

ભવનો અંત કરનારી ક્રિયા તે **અંતક્રિયા...**

(૧) કોઈ આત્મા, દેવલોકાદિને વિષે જઈને, અલ્પકર્મી હોવાથી મનુષ્યપણામાં પાછો આવેલો હોય. દ્રવ્ય અને ભાવ અણગારપણાને પામેલો, દ્રવ્ય અને ભાવ સ્નેહરાગથી રહિત, સમાધિની બહુલતાવાળો તથા તપસ્વી એવો તે લઘુકર્મી હોવાથી અત્યંત ઘોર તપ કરતો નથી. તેવા પ્રકારના ઉપસર્ગ વિગેરેથી થતી ઉત્કૃષ્ટ વેદના નથી હોતી, પરંતુ સુદીર્ઘ ચારિત્ર પર્યાય વડે સિદ્ધિ ગમનને યોગ્ય થાય છે.

સમસ્ત કર્મોના નાયક મોહનીય કર્મનો ઘાત થાય. ત્યારબાદ જ્ઞાનાવરણાદિ ઘાતિ કર્મનો નાશ થવાથી નિર્મળ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને કેવલજ્ઞાન દ્વારા સમસ્ત વસ્તુનો બોધ થાય છે. ત્યારબાદ ભવોપગ્રાહી કર્મોથી મુક્ત થઈ સર્વ દુઃખોનો અંત કરે છે. જેવી રીતે ભરત મહારાજા... આ પહેલી અંતક્રિયા થઈ...

જેમને તેવા પ્રકારનો ઉગ્રતપ નથી, પરિષહો આદિથી ઉત્પન્ન થતી તેવા પ્રકારની વેદના નથી, પરંતુ દીર્ઘ સંયમ પર્યાય વડે સિદ્ધિ થાય છે. આ પહેલી અંતક્રિયા જાણવી. પ્રથમ સ્થાન.

(૨) જેઓ બહુ ભારે કર્મો વડે મહાકર્મવાળા થયે છતે મનુષ્યભવમાં આવેલ હોય તેમને મહાકર્મનો ક્ષય કરવા માટે તેવા પ્રકારનો ઉગ્રતપ હોય છે, તેવા પ્રકારના ઉપસર્ગાદિ વેદના અનુભવે છે અને તે ગજસુકુમારની જેમ અલ્પ સંયમપર્યાય વડે સિદ્ધ થાય છે - તે બીજું સ્થાન જાણવું.

(૩) જે મહાકર્મવાળો મનુષ્યત્વને પ્રાપ્ત થયેલ, મહાતપવાળા તથા મહાવેદનાવાળા સનતકુમારની જેમ ઘણા લાંબા-દીર્ઘ સંયમપર્યાય વડે સિદ્ધ થાય છે, તે ભવે સિદ્ધિના અભાવથી ભવાંતરમાં સિદ્ધિ ગતિને પામનાર હોવાથી આ ત્રીજું સ્થાન છે... ત્રીજી અંતક્રિયા છે.

(૪) અલ્પકર્મવાળા - મનુષ્યભવને પામેલા, જેમને તપ નથી અને વેદના નથી અને અલ્પ સંયમ પર્યાય વડે સિદ્ધ થાય છે. દા.ત. મરુદેવા માતા...! આ ચોથું સ્થાન છે... ચોથી અંતક્રિયા છે. ॥૮૪॥

पुरुषविशेषाणां स्वरूपमाह—

**द्रव्यभावाभ्यामुन्नताः प्रणताश्च पुरुषाः ॥८५॥**

**द्रव्येति**, अगार्यनगारी वा पुरुषः कश्चिद्द्रव्यभावाभ्यामुन्नतः कुलैश्वर्यादिभिर्लौकिकगुणैः शरीरेण वा गृहस्थपर्याये प्रव्रज्यापर्याये च लोकोत्तरैर्ज्ञानादिभिरुन्नतः, अथवोत्तमभवत्वेनोन्नतः शुभगतित्वेन चोन्नत इति द्रव्यभावाभ्यामुन्नत इत्येकं स्थानम् । उन्नतस्तथैव कश्चित् ज्ञान-विहारादिहीनतया दुर्गतिगमनाद्वा शिथिलत्वे प्रणतो हीनः, यथा शैलकराजर्षिरिति द्वितीयम् । तृतीयन्त्वादौ प्रणतस्तत आगतसंवेग उन्नतः शैलकवत्, मेतार्यवद्वा । चतुर्थञ्च द्रव्यभावाभ्यां प्रणतः, उदायिनृपमारकवत् कालशौकरिकवद्वा । एवं परिणाममाश्रित्यापि भाव्यम्, आकारबोधक्रियाभेदात् स त्रिधा, तथा मनःसंकल्पप्रज्ञादर्शनलक्षणबोधापेक्षया शीलाचार-व्यवहारादिक्रियापेक्षयाप्युन्नतत्वप्रणत्वे द्रव्यभावाभ्यां वेदितव्ये, आकारो रूपमुन्नतत्वं तस्य संस्थानावयवादिसौन्दर्यात् । उन्नतमना जात्यादिगुणैरुच्चत्वात् प्रकृत्यौदार्यादियुक्तमनस्त्वाद्वा, संकल्पो मनोविशेष एव विमर्श इत्यर्थः, तस्योन्नतत्वमौदार्यादियुक्ततया सदर्थविषयतया वा, प्रज्ञा सूक्ष्मार्थविवेचकत्वम्, तस्याश्चोन्नतत्वमविसंवादित्वात्, दर्शनं चक्षुर्ज्ञानं नयमतं वा तदुन्नतत्वमप्यविसंवादित्वादेव, शीलं समाधिस्तत्प्रधान आचारः शीलाचारस्तस्योन्नतत्वम-दूषणत्वात्, व्यवहारोऽन्योन्यदानग्रहणादिर्विवादो वा, उन्नतत्वमस्य श्लाघ्यत्वात् सर्वत्रोन्नत-विपर्ययः प्रणतत्वमिति ॥८५॥

હવે પુરુષ વિશેષના સ્વરૂપને કહે છે.

ચાર પ્રકારના પુરૂષ છે...

**(૧) દ્રવ્ય તથા ભાવથી ઉન્નત...** કોઈ સાધુ કે ગૃહસ્થ અથવા કોઈ પુરૂષ... દ્રવ્યથી શરીરથી ઊંચો હોય અને ભાવથી કુલ-ઐશ્વર્યાદિ લૌકિક ગુણો વડે ઉન્નત હોય. સંયમ પર્યાયમાં લોકોત્તર જ્ઞાનાદિ ગુણો વડે ઉન્નત હોય અથવા ઉત્તમભવ વડે ઉન્નત હોય કે શુભ ગતિ વડે ઉન્નત હોય. આમ દ્રવ્ય અને ભાવ ઉન્નતરૂપ પ્રથમ સ્થાન.

**(૨) દ્રવ્યથી ઉન્નત-ભાવથી નીચા...** કોઈ પુરૂષ કુલ આદિ વડે ઉન્નત હોય પણ જ્ઞાન આરાધના-વિહાર વિગેરેમાં હીન હોય... અથવા દુર્ગતિ ગમનથી હીન... અથવા શિથીલપણાથી હીન હોય... દા.ત. શૈલક રાજર્ષિ... આમ દ્રવ્યથી ઉન્નત-ભાવથી હીનરૂપ બીજું સ્થાન.

**(૩) દ્રવ્યથી હીન-ભાવથી ઉન્નત...** પ્રથમ શિથીલ હોય અને પછી ઉત્પન્ન થયેલ સંવેગવાળો શૈલક રાજર્ષિની જેમ તથા મેતાર્ય મુનિની જેમ ઉન્નત જાણવો... આ ત્રીજું સ્થાન...!

**(૪) દ્રવ્યથી હીન-ભાવથી પણ હીન...** ઉદાયી રાજાને મારનાર વિનયરત્ન તથા કાલસૌકરિક કસાઈની માફક દ્રવ્ય-ભાવથી હીન...! આ ચોથું સ્થાન જાણવું.

આ રીતે પરિણામને આશ્રયીને જાણવું-વિચારવું. આકાર બોધ અને ક્રિયાના ભેદથી તે ત્રણ પ્રકારે છે.

બોધ પરિણામની અપેક્ષાએ મન... સંકલ્પ... પ્રજ્ઞા... અને દર્શનરૂપ ચાર પ્રકાર.

શીલ-આચાર અને વ્યવહારાદિ ક્રિયાની અપેક્ષા વડે ઉન્નતપણું તથા હીનપણું દ્રવ્ય તથા ભાવથી જાણવા.

આકાર = રૂપ. શરીરની આકૃતિ તથા અવયવાદિના સૌંદર્યથી ઉન્નતપણું.

જાત્યાદિ ગુણો વડે અથવા ઊંચાઇ વડે ઉન્નત, સ્વભાવે ઔદાર્યાદિ યુક્ત મનવાળો.

સંકલ્પ એટલે મનોવિશેષ-મનનો નિર્ણય વિ... ઉપર પ્રમાણે ભાંગા... આનું ઉન્નતપણું ઔદાર્ય વિગેરેથી યુક્તપણાએ તથા સત્ પદાર્થના વિષયપણા વડે છે.

પ્રજ્ઞા = સૂક્ષ્મ અર્થનું વિવેચકપણું... તેનું ઉન્નતપણું અવિસંવાદી હોવાથી છે.

દર્શન-દૃષ્ટિ = ચક્ષુજન્ય જ્ઞાન અથવા નયનો અભિપ્રાય... તેનું ઉન્નતપણું અવિસંવાદી-પણાએ છે.

શીલં = સમાધિ... સમાધિ પ્રધાન આચાર અથવા સમાધિનો આચાર... શીલાચાર... આનું ઉન્નતપણું નિર્દૂષણતાથી છે.

વ્યવહાર - પરસ્પર લેવું-દેવું અથવા વિવાદ... આનું ઉન્નતપણું તો પ્રશંસા યોગ્યપણાએ છે.

સર્વત્ર ઉન્નતથી વિરૂદ્ધ પ્રણતપણું-હીનપણું વિચારવું...! ॥૮૫॥

पुनरप्याह—

**एवमृजुवक्राभ्यां शुद्धाशुद्धाभ्यां शुच्यशुचिभ्यां चतुर्भङ्गकः ॥८६॥**

**एवमिति,** द्रव्यभावाभ्यां यथासम्भवमित्यर्थः, ऋजुरवक्रो बहिस्ताच्छरीरगतिवाक्चेष्टाभिः, तथा ऋजुरन्तर्निर्मायत्वेन सुसाधुवदित्येकः, तथैव ऋजुरन्तर्मायित्वेन वक्रः, कारणवशप्रयुक्तार्जवभावदुःसाधुवदिति द्वितीयः, तृतीयस्तु कारणवशाद्दर्शितबहिरनार्जवोऽन्तर्निर्माय इति, शासनरक्षाप्रवृत्तसाधुवत् । चतुर्थ उभयतो वक्रः, तथाविधशठवदिति । कालभेदेन वा पूर्वं ऋजुः सम्प्रत्यपि ऋजुरिति पूर्वं ऋजुः पश्चाद्वक्र इति, पूर्वं वक्रः पश्चादृजुरिति पूर्वं पश्चाच्च वक्र इति चतुर्भङ्ग । एवं परिणाममाश्रित्यापि वाच्यम् । **शुद्धाशुद्धाभ्यमिति,** शुद्धो जात्यादिना पुनः शुद्धो निर्मलज्ञानादिगुणतया एतद्विपक्षोऽशुद्धः, आभ्यामपि चतुर्भङ्गः । **शुच्यशुचिभ्यामिति,** अत्र शुचिः पुरुषोऽपूतिशरीरतया, पुनः शुचिश्च स्वभावेन चतुर्भङ्गः । एवं परिणाममाश्रित्यापि ॥८६॥

ફરી પુરૂષ સંબંધી પ્રકાર કહે છે...

આ પ્રમાણે ઋજુ-વક્ર, શુદ્ધિ-અશુદ્ધિ તથા શુચિ-અશુચિ વડે ચાર ભાંગા જાણવા.

દ્રવ્ય અને ભાવથી યથાસંભવ ભાંગા જાણવા.

ઋજુ એટલે સરળ...

(૧) બહારથી શરીર-ગતિ-વાણી અને ચેષ્ટા વિગેરેથી સરળ... તથા અંતરથી કપટરહિતપણું-સુસાધુની જેમ...

(૨) બહારથી સરળ અંતરના માયાવીપણાથી વક્ર, કારણવશાત્ સરળતા બતાવનાર... દુષ્ટ સાધુની જેમ...

(૩) કારણવશાત્ બહારથી બતાવેલ વક્રભાવ પણ અંતરથી કપટરહિત... શાસનરક્ષામાં પ્રવર્તેલ સાધુની જેમ.

(૪) બહારથી તથા અંતરથી - બંને પ્રકારે વક્ર... શઠ-લુચ્ચાની જેમ.. અથવા કાલભેદ વડે પણ વ્યાખ્યા કરવી.

(૧) પહેલા સરળ... પછી પણ સરળ... (૨) પહેલા સરળ... પછી વક્ર...

(૩) પહેલા વક્ર... પછી સરળ... (૪) પહેલા વક્ર... પછી પણ વક્ર... આ રીતે ચતુર્ભંગી જાણવી.

આ રીતે પરિણામને આશ્રયીને પણ કહેવું.

शुद्धाशुद्धाभ्यामिति...

**શુદ્ધ** - જાતિ આદિ વડે... વળી નિર્મળ જ્ઞાનાદિગુણે કરીને શુદ્ધ...

**અશુદ્ધ** - શુદ્ધથી વિરૂદ્ધ તે અશુદ્ધ.

(૧) શુદ્ધ... શુદ્ધ... (૨) શુદ્ધ... અશુદ્ધ...

(૩) અશુદ્ધ... શુદ્ધ... (૪) અશુદ્ધ... અશુદ્ધ...

આ બંનેની આ રીતે ચતુર્ભંગી..

शुचि – अशुचिभ्यामिति પવિત્ર પુરૂષ... દુર્ગંધ રહિત શરીર વડે પવિત્ર તથા સ્વભાવ વડે પણ પવિત્ર...

(૧) શરીર વડે શુચિ, સ્વભાવ વડે પણ શુચિ... (૨) શરીરથી પવિત્ર, સ્વભાવથી અશુચિ...

(૩) શરીરથી અશુચિ, સ્વભાવથી શુચિ... (૪) શરીરથી અશુચિ, સ્વભાવથી અશુચિ...

આમ ચતુર્ભંગી જાણવી. આ રીતે પરિણામ (પરાક્રમ)ને આશ્રયીને ચતુર્ભંગી જાણવી. ॥૮૬॥

पुनरप्याह—

**अतिजातानुजातापजातकुलाङ्गाराः पुत्राः ॥८७॥**

**अतिजातेति,** पितुः सम्पदमतिलंध्य जातः संवृतोऽतिजातः, अतिक्रम्य वा तां यातः प्राप्तोऽतियात इति वा वाच्यम् । ऋषभवत् । अनुरूपः सम्पदा पितुस्तुल्यो जातोऽनुजातः, अनुयातो वा वाच्यः, अनुगतः पितृविभूत्याऽनुयातः पितृसम इत्यर्थः, महायशोवत्, आदित्ययशसा पित्रा तुल्यत्वात्तस्य । अपेत्यपसदो हीनः पितुः सम्पदो जातोऽपजातः पितुः सकाशादीषद्धीनगुण इत्यर्थः, आदित्ययशोवत्, भरतापेक्षया तस्य हीनत्वात् । कुलस्य स्वगोत्रस्याङ्गार इवाङ्गारो दूषकत्वात्तदुपतापकत्वाद्वेति कुलाङ्गारः कण्डरीकवत्, शिष्येष्वपि पुत्रशब्दप्रयोगदर्शनात्सोऽपि चतुर्विधः, तत्रातिजातः सिंहगिर्यपेक्षया वैरस्वामिवत्, अनुजातः शय्यम्भवापेक्षया यशोभद्रवत्, अपजातो भद्रबाहुस्वाम्यपेक्षया स्थूलभद्रवत्, कुलाङ्गारः कुलवालकवत्, उदायिनृपमारकवद्वेति ॥८७॥

ફરી પુરૂષના પ્રકારો જણાવે છે.

પુત્રના ચાર પ્રકાર છે. (૧) અતિજાત (૨) અનુજાત (૩) અપજાત તથા (૪) કુલાઙ્ગાર...

(૧) **અતિજાત :-** પિતાની સંપત્તિને ઉલ્લંઘીને થયેલ અર્થાત્ પિતાથી અતિવિશેષ સંપત્તિને પામેલ... અતિ સમૃદ્ધિવાળો... માટે અતિજાત કે અભિજાત... ઋષભદેવ પ્રભુની જેમ...

(૨) **અનુજાત :-** અનુરૂપ-સંપત્તિથી પિતાની સમાન થયેલ તે અનુજાત... અથવા અનુયાત પણ કહી શકાય... અર્થાત્ પિતાની ઋદ્ધિ વડે અનુસરનાર... અર્થાત્ પિતા તુલ્ય, મહાયશાની જેમ... આદિત્યયશા પિતા વડે તેનું તુલ્યપણું હતું.

(૩) **અપજાત :-** પિતાની સંપત્તિથી કંઈક હીન સંપત્તિ - હીનગુણવાળો - આદિત્યયશાની જેમ... ભરતચક્રવર્તીની અપેક્ષાએ તેનું હીનપણું હોવાથી...

(૪) **કુલાઙ્ગાર :-** પોતાના ગોત્રમાં અંગારો... (અંગારા જેવા હોવાથી અંગાર) દોષને કરનાર હોવાથી - સંતાપ કરનાર હોવાથી - કંડરીકની જેમ કુલાંગાર...

આ રીતે શિષ્ય પણ ચાર પ્રકારે જાણવા... શિષ્યોમાં પણ 'પુત્ર' શબ્દનો પ્રયોગ દેખાતો હોવાથી તે પણ ચાર પ્રકારે...

(૧) **અતિજાત :-** સિંહગિરિ આચાર્યની અપેક્ષાએ વજ્રસ્વામીની જેમ...

(૨) **અનુજાત :-** શય્યંભવ આચાર્યની અપેક્ષાએ આચાર્ય યશોભદ્રની જેમ...

(૩) **અપજાત :-** ભદ્રબાહુસ્વામિની અપેક્ષાએ સ્થૂલભદ્ર મુનિની જેમ...

(૪) કુલાંગાર :- કુલવાલક સાધુની જેમ અથવા ઉદાયિરાજાને મારનારની જેમ... ॥૮૭॥

पुनरप्याह—

**त्वक्खादछल्लीखादकाष्ठखादसारखादघुणसमानां भिक्षूणां सारखादकाष्ठखादछल्लिखादत्वक्खादसमानानि तपांसि ॥८८॥**

**त्वक्खादेति,** त्वचं बाह्यवल्कं खादतीति त्वक्खादः, छल्लीरभ्यन्तरं वल्कं, काष्ठं प्रसिद्धम्, सारः काष्ठमध्यम्, व्युत्पत्तिः पूर्ववत्, त्वक्खादेन घुणेन समा अत्यन्तं सन्तोषित्वात्, आचाम्लादिप्रान्ताहारभक्षकत्वात्त्वक्खादघुणसमा भिक्षवः, एवं छल्लीखादघुणसमाः, अलेपाहारकत्वात्, काष्ठखादघुणसमा निर्विकृतिकाहारतया, सारखादघुणसमानाश्च सर्वकामगुणाहारत्वात्, एतेषां चतुर्णामपि भिक्षुकाणां क्रमतस्तपोविशेषानाह **सारखादेति,** त्वक्कल्पासाराहाराभ्यवहर्तुर्निरभिष्वङ्गत्वात् कर्मभेदमङ्गीकृत्य वज्रसारं सारखादसमानं तपो भवति, सारखादघुणस्य सारखादत्वादेव समर्थाद्वज्रतुण्डत्वाच्च । छल्लीखादघुणसमस्य कर्मभेदं प्रति काष्ठखादसमानं तपः, अस्य हि त्वक्खादघुणसमानापेक्षया किञ्चिद्विशिष्टभोजित्वेन किञ्चित्साभिषङ्गत्वात् सारखादकाष्टखादघुणसमानापेक्षया त्वसारभोजित्वेन निरभिष्वङ्गित्वाच्च सारखादगुणवत्रातितीव्रं त्वक्छल्लीखादघुणवत्रातिमन्दादि तपो भवति, काष्ठखादघुणसमानस्य च साधोः सारखादघुणसमानापेक्षयाऽसारभोजित्वेन निरभिष्वङ्गत्वात् त्वक्छल्लीखादघुणसमानापेक्षया सारतरभोजित्वेन साभिष्वङ्गत्वाच्च छल्लीखादघुणसमानं तपः प्रज्ञप्तम्, कर्मभेदं प्रति न सारखादकाष्ठखादघुणवदतिसमर्थादि नापि त्वक्खादघुणवदतिमन्दम् । सारखादसमानस्य तु साभिष्वङ्गतया त्वक्खादसमानं कर्मसारभेदं प्रत्यसमर्थं तपः स्यात् त्वक्खादघुणस्य हि तत्त्वादेव सारभेदनं प्रत्यसमर्थत्वादिति ॥८८॥

પુરૂષના અધિકારમાં જ આ સૂત્ર જણાવે છે -

ચાર પ્રકારના ઘુણા અર્થાત્ લાકડામાં ઉત્પન્ન થનારા જીવો છે.

(૧) त्वक्खाद :- ત્વચા એટલે બહારની છાલ. કોઈ કીડો બહારની છાલને ખાનારો હોય...

(૨) छल्लीखाद :- કોઈ કીડા અંદરની છાલને ખાનારા હોય...

(૩) काष्ठखाद :- કોઈ કીડા લાકડાને ખાનારા હોય...

(૪) सारखाद :- કોઈ કીડા લાકડાના સાર અર્થાત્ ગર્ભને ખાનારા હોય...

લાકડાના કીડાની જેમ સાધુના પણ ચાર પ્રકાર...

**(૧) બહારની છાલને ખાનાર કીડા સમાન :-** અત્યંત સંતોષી હોવાથી આયંબિલ વિગેરે તપ કરે અને તેમાં પણ અંત-પ્રાંત આહાર વાપરનાર હોવાથી આવા પ્રકારના જાણવા.

**(૨) છાલને ખાનાર કીડા સમાન :-** લેપ રહિત (ચણા વિ.) આહાર કરનાર હોવાથી આવા પ્રકારના જાણવા.

**(૩) લાકડાને ખાનાર કીડા સમાન :-** વિગઈ રહિત આહાર કરનાર હોવાથી આવા પ્રકારના જાણવા.

**(૪) લાકડાના સારને ખાનારા કીડા સમાન :-** સરસ ઇંદ્રિયોને પુષ્ટ કરે તેવા ભોજન કરનારા આવા પ્રકારના જાણવા.

આ ચારે પ્રકારના સાધુઓનો ક્રમપૂર્વક વિશેષ તપને જણાવે છે.

(૧) બહારની છાલ જેવા અસાર આહાર વાપરનારને આસક્તિપણું ન હોવાથી કર્મના નાશને સ્વીકારીને 'વજ્રસાર' સાર ખાનાર સમાન તપ હોય છે. સાર ખાનાર કીડાને સારને ખાનાર હોવાથી તેનું સામર્થ્ય અને વજ્ર જેવું મુખ હોય છે.

(૨) છલ્લી એટલે અંતર છાલને ખાનાર ઘુણા જેવા સાધુનો કર્મનાશને સ્વીકારીને 'કાષ્ઠખાદ' સમાન તપ છે, આવા પ્રકારના સાધુને બહારની છાલ ખાનારા કીડા જેવાની અપેક્ષાએ કંઈક વિશિષ્ટ - સારા ભોજન કરવા વડે કંઈક સરાગપણું હોવાથી સાર અને કાષ્ઠને ખાનારા કીડા સમાન સાધુની અપેક્ષાએ તો અસાર-હલકા ભોજન કરવા વડે આસક્તિ ન હોવાથી તથા સારને ખાનાર કીડાની જેમ અતિ તીવ્ર તપ નહીં અને ત્વક્ અને છાલને ખાનાર કીડાની માફક અતિમંદ વિગેરે તપ ન હોવાથી કર્મના નાશ પ્રતિ કાષ્ઠને ખાનારા કીડા સમાન તપ કહ્યો છે.

(૩) કાષ્ઠખાદ કીડા સમાન સાધુને સારને ખાનાર કીડા જેવાની અપેક્ષાએ સાર રહિત ભોજન કરવા વડે આસક્તિ ન હોવાથી ત્વક્-બહારની છાલ અને અંતર છાલને ખાનાર ઘુણા-કીડા જેવા સાધુની અપેક્ષાએ વિશેષ સારા ભોજન કરવા વડે અને સરાગપણું હોવાથી છાલને ખાનાર કીડા સમાન તપ કહ્યો છે.

કર્મના નાશ પ્રતિ સારને ખાનાર અને કાષ્ઠને ખાનાર કીડાની જેમ અતિ સમર્થ વિગેરે તપ નથી, ત્વક્‌ને ખાનાર કીડાની જેમ અતિ મંદ પણ નથી.

(૪) સારને ખાનાર કહેલ લક્ષણવાળા સાધુનું સરાગપણાએ બહારની છાલને ખાનાર સમાન તપ હોય છે, તે તપ કર્મના રસને ભેદવા સમર્થ થતો નથી.

બહારની છાલને ખાનાર કીડાને તત્ત્વથી ત્વક્-છાલનું ખાવાપણું હોવાથી કાષ્ઠના સારને ભેદવા પ્રતિ અસમર્થ હોવાથી આ જાણવું. ॥૮૮॥

जीवसाम्यान्नारकाश्रयेणाह–

**नैरयिको नरलोकमायातुमिच्छति न च शक्नोति, तीव्रवेदनाभिभूतत्वात्, निरयपालैः समाक्रम्यमाणत्वात्, अनिजीर्णनिरयवेदनीयत्वादवेदितनिरयायुष्कत्वाच्च ॥८९॥**

**नैरयिक इति,** अधुनोपपन्नो निर्गतमयं शुभमस्मादिति निरयस्तत्र भवो नैरयिको नारक इत्यर्थः, स तस्मान्मानुषं क्षेत्रं शीघ्रमागन्तुमिच्छत्यतिप्रबलतयोत्पन्नंदुःखस्यानुभवात्, अत एव च न समर्थो भवत्यागन्तुं तीव्रवेदनाभिभूतो हि नागन्तुं शक्तः । अम्बादिभिर्नरकपालैः पुनः पुनः समाक्रम्यमाणत्वादागन्तुमिच्छति तैरत्यन्ताक्रान्तस्यागन्तुमशक्यत्वान्न शक्नोति चायातुम् । तथा निरययोग्यं यद्वेदनीयमत्यन्ताशुभनामकर्माद्यसातवेदनीयं वा तस्मिन्नक्षीणेऽवेदितेऽनिजीर्णे च मनुष्यक्षेत्रागमनेच्छा जायते, अवश्यवेद्यकर्मनिगडनियंत्रितत्वाच्च न चायातुं समर्थः । एवं नीरयायुष्के कर्मण्यक्षीणेऽवेदितेऽनिजीर्णे चेति ॥८९॥

જીવના સાધર્મ્યથી હવે નરકના જીવોને આશ્રયીને કહે છે :

નારકીઓ મનુષ્યલોકમાં આવવા માટે ઈચ્છે છે પણ ચાર કારણથી આવવા સમર્થ બનતાં નથી.

તત્કાલ-હમણાં જ ઉત્પન્ન થયેલ તથા જેમાંથી શુભ નીકળી ગયું છે તે નરક... તેમાં ઉત્પન્ન થયેલ તે નૈરયિક-નારક.

(૧) તે નરકમાં ઉત્પન્ન થયેલ દુઃખને અત્યંત પ્રબલતાથી અનુભવ કરતાં ત્યાંથી શીઘ્ર મનુષ્ય ક્ષેત્રમાં આવવા માટે ઈચ્છે છે પરંતુ આ કારણથી અહીં આવવા માટે સમર્થ નથી, તીવ્રવેદનાથી પરાજય પામેલો મનુષ્ય ક્ષેત્રમાં આવવા માટે શક્તિમાન થતો નથી.

(૨) અંબ વિગેરે પરમાધામીઓ વડે વારંવાર આક્રમણ કરાયે છતે મનુષ્યલોકમાં આવવા ઈચ્છે છે પરંતુ તેઓ વડે અત્યંત દબાયો હોવાથી આવવા માટે સમર્થ બનતો નથી.

(૩) નરકભૂમિને યોગ્ય જે વેદનીય કર્મ અથવા અત્યંત અશુભ નામકર્મ વિગેરે અથવા અસાતા વેદનીય, તે કર્મ ક્ષીણ ન થયે છતે, વિપાક વડે અનુભવ ન થયે છતે, જીવના પ્રદેશોથી દૂર ન થયે છતે મનુષ્યલોકમાં આવવાની ઈચ્છા કરે. પરંતુ અવશ્ય વેદના યોગ્ય કર્મરૂપ બેડી વડે બંધાયેલ હોવાથી આવવા માટે સમર્થ બનતો નથી.

(૪) નરક ગતિનું આયુષ્યકર્મ ક્ષીણ ન થયે છતે, વિપાકથી ન વેદાયે છતે, નિર્જરા ન થયે છતે મનુષ્યલોકમાં આવવા ઈચ્છે પણ આવવા સમર્થ બનતો નથી. ॥૮૯॥

नारकत्वं ध्यानविशेषादिति ध्यानाश्रयेणाह–

**क्रन्दनशोचनतेपनपरिदेवनतालक्ष्यमार्त्तम् ॥९०॥**

**क्रन्दनेति,** अन्तर्मुहूर्तमात्रमेकत्र वस्तुनि मनोऽवस्थानं छद्मस्थानां ध्यानम्, तच्चतुर्विधमार्त्तरौद्रधर्मशुक्लभेदात्, तत्र ऋतं दुःखं तन्निमित्तजं ध्यानमार्त्तम् । तच्चतुर्विधमनिष्टविषयसंयोगयुतस्य तद्वियोगाय चिन्तनमेकम्, धनधान्यादिमनोज्ञविषयसम्बद्धस्य तदविप्रयोगाय चिन्तनं द्वितीयम्, रोगयुतस्य तद्विप्रयोगाय चिन्तनं तृतीयम्, परिजुषितकामभोगसम्प्रयोगसम्प्रयुक्तस्य तदविप्रयोगाय चिन्तनं चतुर्थम् । द्वितीयं प्रियधनादिविषयं चतुर्थं तत्सम्पाद्यशब्दादिभोगविषयमिति तयोर्भेदः । शास्त्रान्तरे तु द्वितीयचतुर्थयोरेकत्वेन चतुर्थं निदानमित्युक्तम् । एवम्भूतमार्त्तध्यानं, क्रन्दनता महता शब्देन विवरणं, शोचनता दीनता, तेपनता अश्रुविमोचनम्, परिदेवनता पुनः पुनः क्लिष्टं भाषणमित्येतैश्चतुर्भिर्लक्ष्यत इति ॥९०॥

નારકપણું ધ્યાન વિશેષથી હોય છે માટે ધ્યાનને આશ્રયીને કહે છે.

**ધ્યાન :-** કોઈપણ એક વસ્તુમાં અંતર્મુહૂર્ત માત્ર ચિત્તની સ્થિરતા તે છદ્મસ્થ જીવોનું ધ્યાન કહેવાય છે.

ધ્યાનના ચાર પ્રકાર... (૧) આર્ત્ત ધ્યાન (૨) રૌદ્ર ધ્યાન (૩) ધર્મ ધ્યાન તથા (૪) શુક્લ ધ્યાન.

**(૧) આર્ત્ત ધ્યાન :-** 'ઋત' એટલે દુઃખ, તેના નિમિત્તે થતું ધ્યાન તે આર્ત્ત ધ્યાન... તે ચાર પ્રકારે છે.

(૧) અનિષ્ટ-અણગમતા પદાર્થોનો સંબંધ થાય ત્યારે તેના વિયોગ માટે ચિંતન કરવું તે પહેલો પ્રકાર...

(૨) ધન-ધાન્ય વિગેરે મનગમતા વિષયનો સંબંધ-સંયોગ થાય ત્યારે તે સંયોગનો વિયોગ ન થાય તેનું ચિંતન તે બીજો પ્રકાર...

(૩) રોગનો હુમલો થયો હોય તો તેના વિયોગ માટેની ચિંતા તે ત્રીજો પ્રકાર...

(૪) કામ-ભોગમાં આસક્ત થયેલને તે સંયોગનો વિયોગ ન થાય તેની ચિંતા તે ચોથો પ્રકાર...

આ ચાર પ્રકારમાં બીજો પ્રકાર પ્રિય એવા ધનાદિના વિષયવાળો છે, જ્યારે ચોથો ભેદ તે ધનાદિથી પ્રાપ્ત થયેલ શબ્દાદિ ભોગના વિષયવાળો છે... આમ તે બંને વચ્ચે ભેદ છે.

બીજા શાસ્ત્રમાં તો બીજા તથા ચોથા પ્રકારને એક કરીને ચોથો ભેદ નિયાણું તેમ જણાવ્યું છે.

આવા પ્રકારના આર્ત્તધ્યાનના ચાર લક્ષણ...

**ક્રન્દનતા** = મોટા શબ્દો વડે ઉચ્ચ સ્વરે બોલતા રોવું... **શોચનતા** = દીનતા..., **તેપનતા** = અશ્રુ ઝરવા... વહાવવા... **પરિદેવનતા** = વારંવાર ખેદપૂર્વક બોલવું - વિલાપ કરવો.

આ ચાર લક્ષણ વડે આર્તધ્યાન જણાય છે. ॥૯૦॥

रौद्रध्यानमाश्रित्याह—

**ओसन्नबहुज्ञानामरणान्तदोषव्यङ्ग्यं रौद्रम् ॥९१॥**

**ओसन्नेति,** दोषशब्दस्य प्रत्येकमभिसम्बन्धः, सत्त्वानां वधबन्धनादिपीडाकरणशीलं पिशुनासभ्यासद्भूतादिवचनानुबन्धि तीव्रक्रोधलोभाकुलतया परद्रव्यहरणानुबन्धि विषयसाधनधनस्य सर्वोपायैः परिरक्षणानुबन्धि च प्रणिधानस्वरूपं रौद्रध्यानं हिंसानृतस्तेयसंरक्षणेषु बाहुल्येनानुपरतिलक्षणादोसन्नदोषात् सर्वेष्वपि हिंसादिप्रवृत्तिरूपाद्बहुदोषात् कुशास्त्रसंस्कारेणाधर्मस्वरूपेषु हिंसादिषु नरकादिकारणेषु धर्मबुद्धयाऽभ्युदयार्थं वा प्रवृत्तिलक्षणादज्ञानदोषादामरणान्तमसञ्जातानुपतापस्य कालसौकरिकादेरिव हिंसादौ प्रवृत्तिलक्षणामरणान्तदोषाच्चाभिव्यज्यत इति ॥९१॥

રૌદ્ર ધ્યાનને આશ્રયીને કહે છે.

દોષ શબ્દ દરેક સાથે જોડવાનો છે. (૧) ઓસન્ન દોષ (૨) બહુ દોષ (૩) અજ્ઞાન દોષ તથા (૪) આમરણાંત દોષ. આ ચાર દોષરૂપ પ્રવૃત્તિથી રૌદ્રધ્યાન જણાય છે.

**રૌદ્રધ્યાન :-** પ્રાણીઓને વધ-બંધન આદિ વડે પીડા કરવાના સ્વભાવવાળું, પિશુન-અનિષ્ટ સૂચક, અસભ્ય, અવિદ્યમાન આદિ વચનના પ્રણિધાનરૂપ, તીવ્ર ક્રોધ તથા લોભની આકુલતા વડે પારકા દ્રવ્યને ચોરવાના પ્રણિધાનરૂપ તથા વિષયના સાધનભૂત ધનનું સર્વઉપાયો વડે રક્ષણ કરવાના અનુબંધવાળું-પ્રણિધાન સ્વરૂપ રૌદ્રધ્યાન ચાર પ્રકારે છે.

**ઓસન્ન દોષ :-** હિંસા-અનૃત-સ્તેય અને સંરક્ષણમાં બહુલતાએ વિરામ ન પામવારૂપ ઓસન્ન દોષ.

**બહુ દોષ :-** હિંસાદિ સર્વમાં પ્રવૃત્તિરૂપ દોષ તે બહુ દોષ...

**અજ્ઞાન દોષ :-** કુશાસ્ત્રના સંસ્કારથી નરકાદિના કારણભૂત અધર્મસ્વરૂપ હિંસાદિને વિષે ધર્મબુદ્ધિ વડે અભ્યુદય-કલ્યાણ માટે પ્રવૃત્તિરૂપ જે દોષ તે અજ્ઞાનદોષ.

**આમરણાંત :-** મરણના અંત સુધી તે આમરણાંત... મરણના અંત સુધી પાપનો પશ્ચાત્તાપ જેને નથી થયો તેવા કાલસૌકરિકાદિની હિંસાદિમાં જે પ્રવૃત્તિ તે આમરણાંત દોષ...

આ દોષોથી રૌદ્રધ્યાન જણાય છે. ॥૯૧॥

अथ धर्मध्यानं स्वरूपलक्षणालम्बनानुप्रेक्षाश्रयेणाह—

**आज्ञापायविपाकसंस्थानविचयस्वरूपमाज्ञानिसर्गसूत्रावगाढरुचिलक्ष्यं वाचनाप्रतिप्रच्छनापरिवर्तनानुप्रेक्षालम्बनमेकानित्याशरणसंसारानुप्रेक्षं ध्यानं धर्म्यम् ॥९२॥**

**आज्ञेति,** आ-अभिविधिना ज्ञायन्तेऽऽर्था यथा साऽऽज्ञा प्रवचनं सा विचीयते निर्णीयते पर्यालोच्यते वा यस्मिंस्तदाज्ञाविचयं धर्मध्यानम्, अपाया रागादिजनिताः प्राणिनामैहिकामुष्मिका अनर्थाः सा विचीयते यस्मिंस्तदपायविचयम्, विपाको ज्ञानाद्यावारकत्वादि कर्मफलं स विचीयते यस्मिंस्तद्विपाकविचयम्, संस्थानानि लोकद्वीपसमुद्रजीवादीनां तानि विचीयन्ते यस्मिंस्तत् संस्थानविचयमिति चत्वारि धर्मध्यानस्य स्वरूपाणि । सूत्रव्याख्याने निर्युक्त्यादौ श्रद्धानमाज्ञारुचिः, अनुपदेशेन श्रद्धानं निसर्गरुचिः, आगमे आगमाद्वा श्रद्धानं सूत्ररुचिः, द्वादशाङ्गस्य विस्ताराधिगमेन श्रद्धानमवगाढरुचिरित्येतानि तल्लक्षणानि, शिष्याय निर्जरायै सूत्रदानादि वाचना शङ्किते सूत्रादौ तदपनोदनाय गुरोः प्रच्छनं प्रतिप्रच्छनम्, पूर्वाधीतस्यैव सूत्रादेरविस्मरणनिर्जरार्थमभ्यासः परिवर्त्तना, सूत्रार्थानुस्मरणमनुप्रेक्षेत्यालम्बनं तस्य । 'एकोऽहं न च मे कश्चिन्नाहमन्यस्य कस्यचित् । न तं पश्यामि यस्याहं नासौ भावीति यो ममे'त्येवमात्मनोऽसहायस्य भावना एकानुप्रेक्षा, 'कायःसंनिहितापायः सम्पदः पदमापदाम् । समागमास्सापगमाः सर्वमुत्पादिभङ्गुर'मित्येवं पदार्थानां नित्यत्वस्य भावनाऽनित्यानुप्रेक्षा, 'जन्मजरामरणभयैरभिद्रुते व्याधिवेदनाग्रस्ते । जिनवरवचनादन्यत्र नास्ति शरणं क्वचिल्लोके' इत्यत्राणस्यात्मनो भावनाऽशरणानुप्रेक्षा, 'माता भूत्वा दुहिता भगिनी भार्या च भवति संसारे । व्रजति सुतः पितृतां भ्रातृतां पुनः शत्रुताञ्चैव' इति चतसृषु गतिषु सर्वावस्थासु संसरणलक्षणसंसारस्य भावना संसारानुप्रेक्षेति ध्यानानन्तरं पर्यालोचनानि ॥९२॥

હવે સ્વરૂપ, લક્ષણ, આલંબન અને અનુપ્રેક્ષાના આશ્રય વડે ધર્મધ્યાન જણાવે છે.

ધર્મધ્યાનના ચાર પ્રકાર...

**(૧) આજ્ઞા વિચય :-** 'આ' = અભિવિધિ-વ્યાપ્તિથી ચારે બાજુથી અર્થો જેના વડે જણાય તે આજ્ઞા-પ્રવચન, તે ચિંતન કરાય-નિર્ણય કરાય કે જેમાં વિચારાય તે આજ્ઞાવિચય ધર્મધ્યાન...

**(૨) અપાય વિચય :-** અપાય = પ્રાણીઓને રાગાદિથી ઉત્પન્ન થયેલા આ લોકસંબંધી કે પરલોક સંબંધી જે અનર્થો તે જેમાં વિચારાય તે અપાય વિચય...

**(૩) વિપાક વિચય :-** જ્ઞાનાદિને આવરણ કરનાર વિગેરે જે કર્મ અને તેનું ફળ તેનો જેમાં વિચાર કરાય તે વિપાક વિચય...

**(૪) સંસ્થાન વિચય :-** સંસ્થાન = લોક-દ્વીપ-સમુદ્ર અને જીવાદિના આકાર-સ્વરૂપનું ચિંતન જેમાં કરાય તે સંસ્થાન વિચય...

આ ચાર ધર્મધ્યાનના સ્વરૂપ જાણવા.

**ધર્મધ્યાનના લક્ષણ :-**

**(૧) આજ્ઞારૂચિ :-** સૂત્રના વ્યાખ્યાનરૂપ નિર્યુક્તિ વિગેરેમાં શ્રદ્ધા તે આજ્ઞારૂચિ...

**(૨) નિસર્ગરૂચિ :-** ઉપદેશ વગર સ્વાભાવિક રૂચિ તે નિસર્ગરૂચિ.

**(૩) સૂત્રરૂચિ :-** આગમમાં કે આગમ દ્વારા શ્રદ્ધા તે સૂત્રરૂચિ...

**(૪) અવગાઢરૂચિ :-** દ્વાદશાંગીને વિસ્તારથી જાણવા વડે જે શ્રદ્ધા તે અવગાઢ રૂચિ...

આ ચાર ધર્મધ્યાનના લક્ષણ છે.

**ધર્મધ્યાનના ચાર આલંબન :-**

**(૧) વાચના :-** શિષ્યને કર્મની નિર્જરા માટે જે સૂત્રાદિનું આપવું વિગેરે તે **વાચના...**

**(૨) પ્રતિપૃચ્છના :-** સૂત્ર વગેરેમાં શંકા થયે છતે શંકાને દૂર કરવા માટે ગુરૂને પૂછવું તે **પ્રતિપૃચ્છના...**

**(૩) પરિવર્ત્તના :-** પૂર્વ ભણેલ સૂત્ર વિગેરેની વિસ્મૃતિ ન થાય તે માટે અને નિર્જરા થાય તે માટે અભ્યાસ કરવો - આવૃત્તિ કરવી તે **પરિવર્ત્તના...**

**(૪) અનુપ્રેક્ષા :-** સૂત્રના અર્થનું ચિંતન કરવું તે **અનુપ્રેક્ષા...**

આ પ્રમાણે ચાર આલંબન છે.

**ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા...**

**(૧) એકાનુપ્રેક્ષા :-**

'अेकोऽहं न च मे कश्चिन्नाहमन्यस्य कस्यचित् ।
न तं पश्यामि यस्याहं, नासौ भावीति यो मम ॥

હું એકલો છું, મારું કોઈ નથી, હું બીજા કોઈનો નથી, હું જેનો છું તેને જોતો નથી, અને ભવિષ્યમાં કોઈ મારો થાય તેમ નથી.

આ રીતે એકાકી-અસહાયભૂત આત્માની અનુપ્રેક્ષા તે એકાનુપ્રેક્ષા...

**(૨) અનિત્યાનુપ્રેક્ષા :-**

कायः सन्निहितापायः, सम्पदः पदमापदाम् ।
समागमाः सापगमाः, सर्व्वमुत्पादि भंगुरम् ॥

કાયા, તરત નાશ પામવાવાળી છે, સંપત્તિઓ આપત્તિનું સ્થાન છે, સંયોગો વિયોગવાળા છે, જે ઉત્પન્ન થાય છે તે ક્ષણભંગુર છે.

આ પ્રમાણે પદાર્થોના અનિત્યપણાની ભાવના તે અનિત્યાનુપ્રેક્ષા...

(૩) અશરણાનુપ્રેક્ષા :-

जन्म-जरा-मरणभयैरभिद्रुते व्याधिवेदनाग्रस्ते ।
जिनवरवचनादन्यत्र, नास्ति शरणं क्वचिल्लोके ॥

જન્મ-જરા અને મરણના ભયો વડે પરાભૂત થયે છતે, વ્યાધિની પીડા વડે ગ્રસ્ત થયે છતે, આ લોકમાં જીવને જિનવરના વચન સિવાય બીજું કોઈ શરણરૂપ નથી.

આ રીતે શરણ રહિત એવા આત્માની અનુપ્રેક્ષા તે અશરણાનુપ્રેક્ષા...

(૪) સંસારાનુપ્રેક્ષા :-

माता भूत्वा दुहिता, भगिनी भार्या च भवति संसारे ।
व्रजति सुतः पितृतां भ्रातृतां पुनः शत्रुतां चैव ॥

આ સંસારમાં માતા થઈને દીકરી, બેન કે સ્ત્રી થાય છે, દીકરો થઈને પિતા થાય છે, ભાઈ થાય છે વળી શત્રુ પણ થાય છે.

આ પ્રમાણે ચારે ગતિમાં સર્વ અવસ્થાઓમાં ભમણરૂપ સંસારની ભાવના તે સંસાર અનુપ્રેક્ષા.

હવે શુક્લ ધ્યાનની વિચારણા. ॥૯૨॥

अथ शुक्लध्यानं स्वरूपलक्षणालम्बनानुप्रेक्षणान्याश्रित्याह—

**सविचारपृथक्त्वाविचारैकत्ववितर्कानिवर्त्तिसूक्ष्मक्रियाप्रतिपातिसमुच्छिन्नक्रियस्वरूपमव्यथाऽसंमोहविवेकव्युत्सर्गलक्ष्यं क्षान्तिमार्दवार्जवमुक्त्यालम्बनमनन्तवृत्तिविपरिणामाशुभापायानुप्रेक्षं शुक्लं ध्यानम् ॥९३॥**

**सविचारेति,** विचारः-अर्थाद्व्यञ्जने व्यञ्जनादर्थे तथा मनःप्रभृतीनां योगानामन्यतरस्मादन्यतरस्मिन् विचरणम्, तेन युतं तथैकद्रव्याश्रितानामुत्पादादिपर्यायाणां पृथक्त्वेन भेदेन पूर्वगतश्रुतालम्बनो नाना नयानुसरणलक्षणो वितर्को यस्मिंस्तथाविधमेकं स्वरुपम् । अर्थव्यञ्जनयोरितरस्मादितरत्र मनःप्रभृतीनाञ्चान्यतरस्मादन्यत्र सञ्चरणलक्षणविचारविधुरं तथोत्पादादिपर्यायाणामेकत्वेनाभेदेनान्यतमपर्यायालम्बनतया पूर्वगतश्रुताश्रयो व्यञ्जनरूपोऽर्थरूपो वा वितर्को यत्र तथाविधं द्वितीयम् । प्रवर्धमानतरपरिणामादनिवर्त्ति केवलिनो निर्वाणगमनकाले निरुद्धमनोवाग्योगस्यार्द्धनिरुद्धकाययोगस्य कायिकी उच्छ्वासादिका सूक्ष्मा क्रिया यस्मिंस्तादृशं तृतीयम् । अनुपरतिस्वभावं तथा शैलेशीकरणे निरुद्धयोगत्वाद्यस्मिन् कायिक्यादिका क्रिया क्षीणा तथा स्वरूपं चतुर्थम् । तस्य लक्षणानि देवादिकृतोपसर्गादिजनितचलनाभावः, अव्यथा, देवादिकृतमायाजनितस्य सूक्ष्मपदार्थविषयस्य च मोहाभावो-

ऽसंमोहः, देहादात्मन आत्मनो वा सर्वसंयोगानां बुद्धया पृथक्करणं विवेकः, निस्सङ्गतया देहोपाधित्यागो व्युत्सर्गः, याभिः शुक्लध्यानं समारोहति ताः क्षान्त्यादय आलम्बनानि, भवसन्तानस्यानन्ततयाऽनुप्रेक्षणमनन्तवृत्तितानुप्रेक्षा, वस्तूनां नानाप्रकारेण परिणमनभावना विपरिणामानुप्रेक्षा, संसारस्याशुभत्वभावनाऽशुभानुप्रेक्षा, आश्रवाणामपायभावनाऽपायानुप्रेक्षेति तस्यानुप्रेक्षाः ॥९३॥

હવે પ્રસ્તુત સૂત્રમાં શુક્લધ્યાનનું સ્વરૂપ, લક્ષણ, આલંબન અને અનુપ્રેક્ષાને આશ્રયીને કહેવાય છે...

શુક્લધ્યાનના ચાર પ્રકાર છે.

**(૧) પૃથક્ત્વ વિતર્ક સવિચાર** :- વિચાર - અર્થથી શબ્દમાં તથા શબ્દથી અર્થમાં સંક્રમણ... તથા મન-વચન અને કાય યોગોનું અન્ય યોગમાં સંક્રમણ... ઉત્પાત-સ્થિતિ અને નાશ વિગેરે પર્યાયોને ભેદ વડે જે એક દ્રવ્યમાં પૂર્વગત શ્રુતને અનુસારે અનેક નય વડે અનુસરવારૂપ વિતર્ક જેમાં છે તે પૃથક્ત્વ વિતર્ક સવિચાર શુક્લધ્યાન... આ પ્રથમ પ્રકાર...

**(૨) એકત્વ વિતર્ક** :- અર્થ કે શબ્દને વિષે કોઈ એકમાંથી બીજામાં વિચાર-ગમન જેમાં વિદ્યમાન નથી તથા મન વિગેરે કોઈ એક યોગમાંથી બીજા યોગમાં સંચરણથી રહિત તથા એકત્વ-અભેદ વડે ઉત્પાદિ પર્યાયોમાંથી કોઈપણ એક પર્યાયના અવલંબનપણા વડે વિતર્ક-પૂર્વગત શ્રુતના આશ્રયવાળો શબ્દરૂપ કે અર્થરૂપ જે હોય તે એકત્વ વિતર્ક. આ શુક્લ ધ્યાનનો બીજો ભેદ.

**(૩) સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ** :- નિર્વાણ ગમન સમયે મનોયોગ અને વચનયોગનો નિરોધ કરેલ છે અને કાયયોગનો અર્ધનિરોધ કરેલ છે એવા કેવલજ્ઞાનીને સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ ધ્યાન હોય છે, તેથી કાયા સંબંધી ઉચ્છ્વાસાદિ સૂક્ષ્મ ક્રિયા છે જેને વિષે તે સૂક્ષ્મક્રિય... અત્યંત પ્રવર્દ્ધમાન પરિણામ હોવાથી તે અનિવૃત્તિ સ્વભાવવાળું છે. આ શુક્લ ધ્યાનનો ત્રીજો ભેદ છે.

**(૪) સમુચ્છિન્નક્રિય અપ્રતિપાતિ** :- શૈલેશીકરણમાં યોગના નિરોધપણાએ કાયિકાદિ ક્રિયા નાશ પામી છે જેને વિષે તે સમુચ્છિન્ન-ક્રિય તથા નહીં અટકવાનો સ્વભાવ છે જેનો તે અપ્રતિપાતિ... આવી પ્રક્રિયારૂપ સમુચ્છિન્નક્રિય અપ્રતિપાતિ નામનો શુક્લધ્યાનનો ચોથો ભેદ છે.

હવે શુક્લ ધ્યાનના લક્ષણો બતાવે છે. (૧) અવ્યથ (૨) અસમ્મોહ (૩) વિવેક (૪) વ્યુત્સર્ગ.

**(૧) અવ્યથ** :- દેવ વગેરેના કરેલ ઉપસર્ગાદિ ઉત્પન્ન થયે છતે ચલિત થવાનો અભાવ, તે અવ્યથ...

**(૨) અસમ્મોહ** :- દેવ વિગેરેથી કરાયેલ માયાજન્ય મોહનો તથા સૂક્ષ્મ પદાર્થ વિષયક સંમોહ-મૂઢતાનો નિષેધ તે અસંમોહ...

(૩) **વિવેક** :- દેહથી આત્માનું તથા આત્માથી સર્વ સંયોગોનું વિવેકબુદ્ધિ વડે પૃથક્કરણ તે વિવેક...

(૪) **વ્યુત્સર્ગ** :- અનાસક્તિથી દેહ અને ઉપધિનો ત્યાગ તે વ્યુત્સર્ગ.

**શુક્લ ધ્યાનના ચાર આલંબન :-**

જેમના વડે શુક્લ ધ્યાન પર આરોહણ કરાય છે તે આલંબન ચાર પ્રકારે છે. (૧) ક્ષાંતિ (૨) માર્દવ (૩) આર્જવ અને (૪) નિર્લોભતા...

શુક્લ ધ્યાનની ચાર અનુપ્રેક્ષા :- (૧) અનંત વૃત્તિતા (૨) વિપરિણામ (૩) અશુભાનુપ્રેક્ષા (૪) અપાયાનુપ્રેક્ષા.

(૧) **અનંતવૃત્તિતા અનુપ્રેક્ષા** :- સંસાર પરિભ્રમણની અનંતતાનો વિચાર કરવો.

(૨) **વિપરિણામ અનુપ્રેક્ષા** :- વસ્તુના વિવિધ પરિણમનનો - પલટાતી અવસ્થાનો વિચાર કરવો..

(૩) **અશુભાનુપ્રેક્ષા** :- આ સંસારની અશુભતાનો વિચાર...

(૪) **અપાયાનુપ્રેક્ષા** :- આશ્રવો દ્વારા થતા અપાયની વિચારણા... ॥૯૩॥

अथ मोहविशेषकषायाश्रयेणाह—

**कषाया आत्मपरोभयतदभावप्रतिष्ठिताः क्षेत्रवास्तुशरीरोपध्याश्रिता अनन्तानुबन्ध्यप्रत्याख्यानप्रत्याख्यानसंज्वलनशीला आभोगानाभोगोपशान्तानुपशान्ताश्च कर्मचयनफलाः ॥९४॥**

**कषाया इति,** क्रोधमानमायालोभरूपा इत्यर्थः, कषति हिनस्ति देहिन इति कषं कर्म तस्यायो लाभहेतुत्वात् कषायः, क्रोधमोहनीयोदयसम्पाद्यो जीवस्य परिणामविशेषः क्रोधः, क्रोधमोहनीयकर्मैव वा, एवं मानादयोऽपि, तत्र सामान्यतः कषायाश्चत्वारश्चतुर्विंशतितमे पदे यावद्वैमानिकानां भवन्ति । ते चतुःप्रतिष्ठिताः, यथाऽऽत्मापराधेनैहिकामुष्मिकापायदर्शनादात्मविषया आत्मप्रतिष्ठिताः, परेणाक्रोशादिनोदीरिताः परविषया वा परप्रतिष्ठिताः, आत्मपरविषया उभयप्रतिष्ठिताः, आक्रोशादिकारणनिरपेक्षाः केवलं क्रोधादिवेदनीयोदयाद्ये भवंति तेऽप्रतिष्ठिताः, अयं च चतुर्थभेदो जीवप्रतिष्ठितोऽप्यात्मादिविषयेऽनुत्पन्नत्वादप्रतिष्ठित उक्तो नतु सर्वथाऽप्रतिष्ठितः । एकेन्द्रियविकलेन्द्रियाणां कोपस्यादिप्रतिष्ठितत्वं पूर्वभवे तत्परिणामपरिणतमरणेनोत्पन्नानामिति । ते च नारकादीनां स्वं स्वमुत्पत्तिस्थानलक्षणं क्षेत्रं वास्तु-गृहं दुःसंस्थितं विरूपं वा शरीरं यद्यस्योपकरणं तदाश्रित्य भवन्ति, एकेन्द्रियाणान्तुभवान्तरापेक्षया । एवमनन्तं

भवमनुबध्नन्ति-अविच्छिन्नं कुर्वन्तीत्येवंशीला अनन्तानुबन्धिनः, सम्यग्दर्शनसहभाविक्षमादिस्वरूपोपशमादिचरणलवविबन्धिनः, तेषां चारित्रमोहनीयत्वात् । न चोपशमादिभिरेव चारित्री, अल्पत्वात्, यथाऽमनस्को न संज्ञी किन्तु महता मूलगुणादिरूपेण चारित्रेण चारित्री, मनःसंज्ञया संज्ञिवत्, अत एव त्रिविधं दर्शनमोहनीयं पञ्चविंशतिविधं चारित्रमोहनीयमिति, न विद्यते प्रत्याख्यानमणुव्रतादिरूपं यस्मिन् सोऽप्रत्याख्यानो देशविरत्यावारकः, प्रत्याख्यानं सर्वविरतिरूपमेव आवृणोतीति प्रत्याख्यानावरणम् । संज्वलयति दीपयति सर्वसावद्यविरतिमपि, इन्द्रियार्थसम्पाते वा संज्वलयति दीप्यत इति संज्वलनो यथाख्यातचारित्रावारकः । आभोगो ज्ञानं तेन निर्वर्त्तितो यज्जानन् कोपविपाकादि रुष्यति स आभोगनिर्वर्त्तितः क्रोधादिः, इतरस्तु यदजानन् रुष्यति सोऽनाभोगनिर्वर्त्तितः, उपशान्तोऽनुदयावस्थः, तत्प्रतिपक्षोऽनुपशान्तः, एकेन्द्रियादीनामाभोगनिर्वर्त्तितः संज्ञिपूर्वभवापेक्षया, अनाभोगनिर्वर्त्तितस्तु तद्भवापेक्षयापि, उपशान्तो नारकादीनां विशिष्टोदयाभावात्, अनुपशान्तो निर्विचार एव । एभिः क्रोधादिभिश्चतुर्भिर्जीवः कर्मप्रकृतीनां कालत्रयेऽपि चयनं, उपचयनं बन्धनमुदीरणं वेदनं देशनिर्जरणञ्च करोति, तत्र कषायपरिणतस्य कर्मपुद्गलोपादानमात्रं चयनम्, चितस्याबाधाकालं मुक्त्वा ज्ञानावरणादितया निषेक उपचयनम्, तस्यैव निषिक्तस्य पुनरपि कषायपरीणतिविशेषान्निकाचनं बन्धनम्, अनुदयप्राप्तस्य करणेनाकृष्योदये प्रक्षेपणमुदीरणम्, स्थितिक्षयादुदयप्राप्तस्य कर्मण उदीरणाकरणेनवोदयभावमुपनीतस्यानुभवनं वेदनम् । कर्मणोऽकर्मत्वभवनं निर्जरणं तच्च देशतः सर्वनिर्जरायाश्चतुर्विंशतिदण्डकेऽसम्भवात् ॥९४॥

હવે મોહના વિશેષભૂત કષાયને આશ્રયીને કહે છે.

ક્રોધ-માન-માયા અને લોભરૂપ ચાર કષાય છે.

**કષાય** = પ્રાણીઓને જે હણે છે તે કષ-કર્મ... તેના લાભનો હેતુ હોવાથી તે કષાય કહેવાય છે.

**ક્રોધ** = ક્રોધ મોહનીયના ઉદયથી પ્રાપ્ત થતો જીવનો પરિણામ વિશેષ... અથવા ક્રોધ મોહનીય કર્મ એ જ ક્રોધ...

આ રીતે માન-માયા તથા લોભ કષાયમાં પણ જાણવું.

તેમાં સામાન્યથી ચારે કષાયો નારકથી માંડી વૈમાનિક દેવો પર્યંત અર્થાત્ **૨૪ દંડક સુધી હોય છે...**

ક્રોધાદિના ચાર આધાર છે... ક્રોધાદિ ચાર સ્થાનમાં રહેનારા છે. (૧) આત્મ પ્રતિષ્ઠિત (૨) પર પ્રતિષ્ઠિત (૩) ઉભય પ્રતિષ્ઠિત (૪) અપ્રતિષ્ઠિત.

**(૧) આત્મ પ્રતિષ્ઠિત** :- પોતાના અપરાધ વડે આ લોક તથા પરલોકમાં થતાં દોષોને જોવાથી જે ક્રોધાદિ ઉત્પન્ન થાય તે આત્મ પ્રતિષ્ઠિત...

**(૨) પર પ્રતિષ્ઠિત** :- અન્ય વડે આક્રોશ આદિથી ઉદીરણા કરાયેલા અથવા બીજાના વિષયવાળો તે પર પ્રતિષ્ઠિત...

**(૩) ઉભય પ્રતિષ્ઠિત** :- પોતાના અને અન્યના નિમિત્તવાળો તે ઉભય પ્રતિષ્ઠિત...

**(૪) અપ્રતિષ્ઠિત** :- આક્રોશાદિ કારણની અપેક્ષા રહિત, કેવલ ક્રોધાદિ મોહનીયના ઉદયથી જે ક્રોધ થાય છે તે અપ્રતિષ્ઠિત...

એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોને ક્રોધાદિનું જે આત્માદિ પ્રતિષ્ઠિતપણું કહેલ છે તે, પૂર્વભવને વિષે પરિણામ પરિણત મરણ વડે ઉત્પન્ન થયેલાને જાણવું.

અને તે નારક વિગેરેનું ક્ષેત્ર પોતપોતાના ઉત્પત્તિસ્થાનરૂપ... એમ વાસ્તુ = ઘર તે દુઃસંસ્થિતં એટલે પ્રતિકુળ હોય, ખરાબ આકારવાળું શરીર - જે જેનું ઉપકરણ તે ઉપધિ... તેને આશ્રયીને ક્રોધાદિ ઉત્પન્ન થાય છે. એકેન્દ્રિયોને ઉપધિ ભવાંતરને આશ્રયીને જાણવી. (ક્ષેત્ર-વાસ્તુ-શરીર અને ઉપધિને આશ્રયીને ક્રોધાદિ ઉત્પન્ન થાય છે.)

**કષાયના ચાર પ્રકાર** :- (૧) અનંતાનુબંધી (૨) અપ્રત્યાખ્યાન (૩) પ્રત્યાખ્યાન (૪) સંજ્વલન...

**(૧) અનંતાનુબંધિ** :- અનંતભવની પરંપરા જે કરે - અનંતભવને જે નિરંતર બાંધે આવા પ્રકારનો સ્વભાવ જેનો છે તે અનંતાનુબંધી કષાય.

સમ્યગ્દર્શનના સહભાવી ક્ષમાદિ સ્વરૂપ ઉપશમ વિગેરે ચારિત્રના લેશને અટકાવનાર છે, કારણ કે અનંતાનુબંધી ચારિત્ર મોહનીયરૂપ છે.

ઉપશમાદિ વડે જ ચારિત્રવાળા ન કહેવાય કેમકે જેમ અલ્પ સંજ્ઞા હોવાથી અલ્પ સંજ્ઞાને કારણે અમનસ્ક સંજ્ઞી કહેવાય નહીં, પરંતુ મન સંજ્ઞા વડે જ સંજ્ઞી કહેવાય તેમ મૂલગુણાદિરૂપ ચારિત્ર વડે જ ચારિત્રવાન કહેવાય. આ કારણથી જ દર્શન મોહનીય ત્રણ પ્રકારે તથા ચારિત્ર મોહનીય પચ્ચીસ પ્રકારે છે.

**(૨) અપ્રત્યાખ્યાન કષાય** :- અણુવ્રતાદિરૂપ પ્રત્યાખ્યાન જેમાં વિદ્યમાન નથી તે અપ્રત્યાખ્યાન કષાય, તે દેશવિરતિને આવરણ કરનાર છે.

**(૩) પ્રત્યાખ્યાન કષાય** :- સર્વવિરતિરૂપ પ્રત્યાખ્યાનને જે આવરે તે પ્રત્યાખ્યાન કષાય.

**(૪) સંજ્વલન કષાય** :- સર્વ સાવદ્યની વિરતિને પણ સંજ્વલન કરે - તપાવે છે અર્થાત્ અતિચારરૂપ દોષ લગાડે છે અથવા ઇન્દ્રિયના વિષયની પ્રાપ્તિ થયે છતે પ્રદીપ્ત થાય છે... તપે છે તે સંજ્વલન કષાય. આ કષાય યથાખ્યાત ચારિત્રને આવરણ કરનાર છે. ક્રોધ-માન-માયા તથા લોભ આ ચારે કષાયના આ ચાર-ચાર ભેદ છે.

**બીજી રીતે કષાયના ચાર પ્રકાર** :- (૧) આભોગ નિવર્તિત (૨) અનાભોગ નિવર્તિત (૩) ઉપશાંત (૪) અનુપશાંત.

**(૧) આભોગ નિવર્તિત :-** આભોગ = જ્ઞાન, જ્ઞાનપૂર્વક થયેલ તે આભોગ નિવર્તિત, ક્રોધના ફળને જાણીને ક્રોધાદિ કરે તે આભોગ નિવર્તિત ક્રોધ વિગેરે.

**(૨) અનાભોગ નિવર્તિત :-** ક્રોધાદિના ફલને જાણ્યા વિના ક્રોધાદિ કરે તે અનાભોગ નિવર્તિત ક્રોધ વિગેરે.

**(૩) ઉપશાંત ક્રોધાદિ :-** ઉદય અવસ્થાને પ્રાપ્ત ન થયેલ ક્રોધ વિગેરે તે ઉપશાંત ક્રોધાદિ...

**(૪) અનુપશાંત ક્રોધાદિ :-** ઉપશાંતનો વિરોધી અર્થાત્ ઉદયમાં આવેલ ક્રોધાદિ તે અનુપશાંત ક્રોધાદિ.

એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યંતને આભોગ નિવર્તિત ક્રોધાદિ, સંજ્ઞિના પૂર્વભવની અપેક્ષાએ આ કહેલ છે.

અનાભોગ નિવર્તિત ક્રોધાદિ વર્તમાન ભવની અપેક્ષાએ પણ છે. નારકાદિને વિશિષ્ટ ઉદયના અભાવથી ઉપશાંત ક્રોધાદિ છે. અનુપશાંત ક્રોધાદિ માટે વિચારવા જેવું જ નથી.

આ ક્રોધાદિ ચાર કષાયો વડે જીવ કર્મ પ્રકૃતિઓનું ત્રણેકાળમાં ચયન, ઉપચયન, બંધ, ઉદીરણ, વેદન અને દેશથી નિર્જરા કરે છે.

**(૧) ચયન :-** કષાયથી પરિણત જીવને કર્મપુદ્ગલોનું ગ્રહણ માત્ર તે ચયન...

**(૨) ઉપચયન :-** ગ્રહણ કરેલા કર્મના અબાધાકાલને છોડીને જ્ઞાનાવરણીયાદિરૂપે નિષેક કરવો તે ઉપચયન...

**(૩) બંધ :-** જ્ઞાનાવરણીયાદિ સ્વરૂપે નિષેક કરેલ કર્મ દલિકને ફરીથી કષાયની પરિણતિ વિશેષથી નિકાચન-મજબૂત કરવારૂપ બંધન છે.

**(૪) ઉદીરણા :-** ઉદયમાં નહીં આવેલ કર્મ દલિકને કરણ અર્થાત્ વીર્ય વડે ખેંચીને ઉદયમાં લાવવું તે ઉદીરણમ્...

**(૫) વેદન :-** કર્મની સ્થિતિના ક્ષયથી સહજતાથી ઉદયમાં આવેલ અથવા ઉદીરણા કરણ વડે ઉદય ભાવને પ્રાપ્ત થયેલ કર્મનું અનુભવવું.

**(૬) નિર્જરણ :-** કર્મનું અકર્મ સ્વરૂપ થવું તે નિર્જરા...

અહીં દેશથી જ નિર્જરા ગ્રહણ કરવી, કારણ કે ચોવીશ દંડકમાં સર્વ નિર્જરાનો અસંભવ હોય છે. ॥૯૪॥

पुरुषविशेषानधिकृत्यैव पुनराह—

**आपातासंवासभद्रकाः संवासानापातभद्रका आपातसंवासभद्रका अनापातासंवासभद्रकाः पुरुषाः ॥९५॥**

**आपातेति,** आपतनमापातः प्रथममीलकस्तत्र भद्रको भद्रकारी, संवासः चिरं सहवासस्तत्र न भद्रको हिंसकत्वात् संसारकारणनियोजकत्वाद्वेति, सह संवसतामत्यन्तोपकारितया संवासभद्रकस्तथाऽनालापकठोरालापादिनाऽऽपातभद्रकश्चेति, एवमेवान्यौ द्वावपि भाव्यौ ॥९५॥

પુરૂષ વિશેષને અધિકાર કરીને ચાર પ્રકાર જણાવાય છે.

ચાર પ્રકારના પુરૂષો છે. (૧) આપાત સંવાસભદ્રક (૨) સંવાસ-અનાપાત ભદ્રક (૩) આપાત સંવાસ ભદ્રક અને (૪) અનાપાતા સંવાસ ભદ્રક.

**(૧) આપાત** = પ્રથમ મિલન... **ભદ્રક** = સુખકારક... **સંવાસ** = સાથે વસવું... લાંબો કાળ સાથે રહેવું.

(૧) લાંબાકાળના સહવાસમાં કલ્યાણકારક નહીં કારણ કે હિંસક હોવાથી... અથવા સંસારના કારણમાં જોડનાર હોવાથી. અર્થાત્ કોઈની સાથેનું પ્રથમ મિલન કલ્યાણકારી હોય પણ લાંબાકાળનો સહવાસ કલ્યાણકારી ન હોય.

(૨) સાથે વસનારાઓને અત્યંત ઉપકારીપણાએ સંવાસ ભદ્રક - સાથે રહેવું કલ્યાણકારી પરંતુ પ્રથમ મિલનમાં કલ્યાણકારી નહીં. કારણ કે તેમાં બોલવાનું ન હોય અથવા કઠોર ભાષા હોય.

આ રીતે ત્રીજો-ચોથો ભાંગો જાણવો.

(૩) કોઈ પુરૂષ પ્રથમ મિલનમાં પણ સારો અને સંવાસમાં પણ સારો.

(૪) કોઈ પુરૂષ પ્રથમ મિલનમાં પણ સારો નહીં અને સંવાસ પણ સારો નહીં. ॥૯૫॥

पुनरप्याह—

**आत्मपराश्रयेण वर्ज्यस्य दर्शनोदीरणोपशमनाः ॥९६॥**

**आत्मेति,** वर्ज्यं हिंसानृतादि पापं कर्म तदात्मनः सम्बन्धि कलहादौ पश्यति पश्चात्तापान्वितत्वान्न परस्य तं प्रत्युदासीनत्वादित्येकं स्थानम्, अन्यस्तु परस्य नात्मनः साभिमानत्वादिति द्वितीयम्, इतर उभयोः, निरनुशयत्वेन यथावद्वस्तुबोधात्, अपरस्तु नोभयोर्विमूढत्वात् । एवं दृष्ट्वा चैक आत्मनः सम्बन्ध्यवद्यमुदीरयति भणति यदुत मया कृतमेतदिति, उपशान्तं वा पुनः प्रवर्त्तयति, एवमुपशमयति निवर्त्तयति पापं कर्म वेति ॥९६॥

ફરી પુરૂષને આશ્રયીને કહે છે.

પોતાના અને પરના આશ્રય વડે પાપ કર્મનું જોવું-ઉદીરણા અને ઉપશમના હોય છે... અર્થાત્ ચાર-ચાર પ્રકારના પુરૂષો હોય છે.

વર્જ્ય એટલે હિંસા-અસત્ય વિગેરે પાપ કર્મ...

(૧) કોઈ પુરૂષ પશ્ચાત્તાપ સહિત હોવાથી કલહ વિગેરેમાં પોતાના પાપકર્મને જુવે છે પરંતુ પરના પાપ કર્મને તેના પ્રતિ ઉદાસીન હોવાથી જોતો નથી. આ પ્રથમ સ્થાન...

(૨) અન્ય કોઈ પુરૂષ અભિમાની હોવાથી પરના દોષને જુવે છે પણ પોતાના દોષને જોતા નથી... આ બીજું સ્થાન...

(૩) અન્ય પુરૂષ સ્વપરના દોષને જુવે છે, કેમકે પશ્ચાત્તાપ સિવાય યથાર્થ વસ્તુનો બોધ થવાથી. આ ત્રીજું સ્થાન...

(૪) અન્ય પુરૂષ વિશેષ મૂઢ હોવાથી સ્વપરના બંનેના દોષ જોતા નથી.

બીજી રીતે ચાર પ્રકારના પુરૂષો.

(૧) કોઈક પુરૂષ પોતાના પાપ કર્મની ઉદીરણા કરે છે, અને કહે છે 'મેં આ પાપ કર્યું છે અથવા શાંત થયેલ ક્લેશાદિની ફરીથી પ્રવૃત્તિ કરે છે. (પણ બીજાના પાપની નહીં... આ રીતે ત્રણ ભાંગા કહેવાના)

(૨) કોઈક પુરૂષ બીજાના પાપ-દોષોની ઉદીરણા કરે છે પોતાના નહીં.

(૩) કોઈક પુરૂષ પોતાના અને પરના પાપ કર્મોની ઉદીરણા કરે છે.

(૪) કોઈક પુરૂષ પોતાના અને પરના બંનેના પાપ કર્મોની ઉદીરણા કરતો નથી.

આ રીતે ઉપશમના પણ ચાર ભાંગા નીચે પ્રમાણે...

(૧) કોઈ એક પુરૂષ પોતાના પાપ કર્મોને ઉપશમાવે છે અર્થાત્ દૂર કરે છે પણ બીજાના નહીં.

(૨) કોઈ એક પુરૂષ બીજાના પાપ કર્મને દૂર કરે છે પણ પોતાના નહીં.

(૩) કોઈ એક પુરૂષ સ્વ તથા પર બંનેના પાપ કર્મ દૂર કરે છે.

(૪) કોઈ એક પુરૂષ સ્વ તથા પર બંનેના પાપ કર્મ દૂર કરતા નથી. ॥૯૬॥

संसारापेक्षया चतुःस्थानमाह—

**द्रव्यक्षेत्रकालभावलक्षणः संसारः परिकर्मसूत्रपूर्वगतानुयोगरूपो दृष्टिवादः॥९७॥**

**द्रव्येति**, इतश्चेतश्च परिभ्रमणं संसारः, तत्र संसारशब्दार्थज्ञस्तत्रानुपयुक्तः, जीवपुद्गलानां द्रव्याणां वा यथायोगं भ्रमणं द्रव्यसंसारः । तेषामेव क्षेत्रे चतुर्दशरज्ज्वात्मके यत्संसरणं स क्षेत्रसंसारः, यत्र वा क्षेत्रे संसारो व्याख्यायते तदेव क्षेत्रमभेदोपचारात् संसारो यथा रसवती गुणनिकेत्यादि । कालस्य दिवसपक्षमासर्त्वयनसंवत्सरादिलक्षणस्य संसरणं चक्रन्यायेन भ्रमणम्, पल्योपमादिकालविशेषविशेषितं वा यत्कस्यापि जीवस्य नरकादिषु स कालसंसारः,

यस्मिन् वा काले पौरुष्यादिके संसारो व्याख्यायते स कालोऽपि संसार उच्यते अभेदात् । संसारशब्दाभिज्ञस्तत्रोपयुक्तो जीवपुद्गलयोर्वा संसरणमात्रमुपसर्जनीकृतसम्बन्धिद्रव्यं भावानां वौदयिकादीनां वर्णादीनां वा संसरणपरिणामो भावसंसारः । अयञ्च द्रव्यादिसंसारोऽनेकनयैर्दृष्टिवादे विचार्यत इति दृष्टिवादचतुःस्थानमाह **परिकर्मेति**, दृष्टयो दर्शनानि नया उद्यन्तेऽभिधीयन्तेऽवतरन्ति यस्मिन्नसौ दृष्टिवादो द्वादशमङ्गम्, तत्र सूत्रादिग्रहणयोग्यतासम्पादनसमर्थं परिकर्म, तच्च सिद्धसेनिकादि, सूत्राणि ऋजुसूत्रादीनि द्वाविंशतिर्भवन्ति, इह सर्वद्रव्यपर्यायनयाद्यर्थसूचनात्सूत्राणि । समस्तश्रुतात् पूर्वं करणात् पूर्वाणि, तानि चोत्पादमग्रायणीयं वीर्यमस्तिनास्तिप्रवादं ज्ञानप्रवादं सत्यप्रवादमात्मप्रवादं कर्मप्रवादं पूर्वं प्रत्याख्यानं विद्यानुवादमवन्ध्यं प्राणायुःक्रियाविशालं पूर्वं बिन्दुसारश्चेति चतुर्दश, तेषु प्रविष्टं श्रुतं पूर्वगतं पूर्वाण्येव, योजनं योगः, अनुरूपोऽनुकूलो वा सूत्रस्य निजाभिधेयेन योग इत्यनुयोगः, स चैकस्तीर्थकराणां प्रथमसम्यक्त्वावाप्तिपूर्वभवादिगोचरो यः स मूलप्रथमानुयोगोऽभिधीयते । यस्तु कुलकरादिवक्तव्यतागोचरः स गण्डिकानुयोग इति ॥९७॥

સંસારની અપેક્ષાએ ચાર સ્થાન કહે છે.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ ચાર પ્રકારનો સંસાર છે.

દૃષ્ટિવાદના ચાર વિભાગ છે. (૧) પરિકર્મ (૨) સૂત્ર (૩) પૂર્વગત (૪) અનુયોગ...

**સંસાર** = અહીં-તહીં પરિભ્રમણ કરવું તે સંસાર...

**(૧) દ્રવ્ય સંસાર :-** 'સંસાર' શબ્દના અર્થને જાણનાર પણ વર્તમાનકાળમાં 'સંસાર' શબ્દમાં જેનો ઉપયોગ નથી તે દ્રવ્ય સંસાર... અથવા જીવ અને પુદ્ગલ લક્ષણ દ્રવ્યોનું યથાયોગ્ય ભ્રમણ તે **દ્રવ્યસંસાર...**

**(૨) ક્ષેત્ર સંસાર :-** જીવ અને પુદ્ગલોનું ચૌદ રાજલોકરૂપ ક્ષેત્રમાં જે પરિભ્રમણ તે ક્ષેત્ર સંસાર... અથવા જે ક્ષેત્રમાં સંસારની વ્યાખ્યા કરાય છે તે જ ક્ષેત્ર અભેદ ઉપચારથી ક્ષેત્ર સંસાર... (આધારમાં આધેયનો ઉપચાર) દા.ત. રસવાળી ગુણનિકા (ગુણી).

**(૩) કાળ સંસાર :-** દિવસ-પક્ષ-માસ-ઋતુ-અયન-વર્ષ-સ્વરૂપ કાલનું સંસરવું - ચક્ર ન્યાય વડે ભમવું અથવા - કોઈપણ જીવનું નરકાદિમાં પલ્યોપમાદિ કાલવિશેષ વડે ભમવું તે કાલ સંસાર... અથવા પોરિસિ વગેરે જે કાલમાં સંસારની વ્યાખ્યા કરાય છે તે અભેદ ઉપચારથી કાલને સંસાર કહેવાય છે.

**(૪) ભાવ સંસાર :-** 'સંસાર' શબ્દના અર્થનો જાણનાર અને તેમાં ઉપયોગવાળો તે ભાવ સંસાર અથવા જીવ અને પુદ્ગલ સંબંધી દ્રવ્ય સંસરણ માત્ર ગૌણ કરાયેલ છે અને ઔદાયિકાદિ ભાવોનો અથવા વર્ણાદિનો સંસરણ પરિણામ તે ભાવ સંસાર.

આ દ્રવ્યાદિ સંસાર અનેક નયો વડે દૃષ્ટિવાદમાં વિચારાય છે તેથી દૃષ્ટિવાદના ચાર સ્થાન કહેવાય છે.

**દૃષ્ટિવાદ :-** જેના વડે દૃષ્ટિઓ-દર્શનો અર્થાત્ નયો કહેવાય છે તથા જેમાં નયો અવતરે છે તે દૃષ્ટિવાદ નામનું બારમું અંગ.

**(૧) પરિકર્મ :-** સૂત્રાદિના ગ્રહણ કરવા માટે યોગ્યતાનું સંપાદન કરવા સમર્થ તે પરિકર્મ... તે સિદ્ધસેનિકાદિ...

**(૨) સૂત્ર :-** ઋજુ સૂત્ર વિગેરે બાવીશ સૂત્રો છે. સર્વ દ્રવ્ય-પર્યાય અને નયના અર્થનું સૂચન કરનાર હોવાથી તે સૂત્ર કહેવાય છે.

**(૩) પૂર્વગત :-** સમસ્ત શ્રુતથી પ્રથમ રચાયેલા હોવાથી પૂર્વ કહેવાય. પૂર્વ ચૌદ છે - તેના નામ નીચે પ્રમાણે...

(૧) ઉત્પાદ પૂર્વ (૨) અગ્રાયણીય પૂર્વ (૩) વીર્યપ્રવાદ પૂર્વ (૪) અસ્તિ-નાસ્તિપ્રવાદ પૂર્વ (૫) જ્ઞાનપ્રવાદ પૂર્વ (૬) સત્યપ્રવાદ પૂર્વ (૭) આત્મપ્રવાદ પૂર્વ (૮) કર્મપ્રવાદ પૂર્વ (૯) પ્રત્યાખ્યાન પ્રવાદ પૂર્વ (૧૦) વિદ્યાનુવાદ પૂર્વ (૧૧) અવંધ્ય પૂર્વ (૧૨) પ્રાણાયુ પૂર્વ (૧૩) ક્રિયા વિશાલ પૂર્વ અને (૧૪) લોકબિંદુસાર પૂર્વ.

તેઓને વિષે ગત એટલે રહેલું જે શ્રુત તે પૂર્વગત અર્થાત્ પૂર્વોજ.

**(૪) અનુયોગ :-** 'योजनं योगः' જોડવું તે યોગ... તે અનુરૂપ કે અનુકૂલ હોય.

સૂત્રનો પોતાના અભિધેય અર્થાત્ વિષય સાથે યોગ તે **અનુયોગ.**

તીર્થંકરોને પ્રથમ સમકિતની પ્રાપ્તિ અને પૂર્વભવ વગેરેનું વર્ણનરૂપ જે છે તે મૂલ **પ્રથમાનુયોગ** કહેવાય છે.

વળી જે કુલકર વગેરેની વક્તવ્યતા જણાવનાર તે **ગંડિકાનુયોગ** છે. ॥૯૭॥

पूर्वगते प्रायश्चित्ताभिधानात्तस्य चतुःस्थानमाह—

**ज्ञानदर्शनचारित्रव्यक्तकृत्यभेदात् प्रतिषेवणसंयोजनारोपणपरिकुञ्चनभेदाद्वा प्रायश्चित्तम् ॥९८॥**

**ज्ञानेति,** ज्ञानमेव पापं छिनत्ति प्रायःचित्तं वा शोधयतीति निरुक्त्या ज्ञानप्रायश्चित्तम्, एवमन्यत्रापि, जीवोऽत्र चित्तशब्देनोच्यते चित्तचित्तवतोरभेदात्, व्यक्तस्य भावतो गीतार्थस्य कृत्यं करणीयं व्यक्तकृत्यं प्रायश्चित्तं गीतार्थो हि गुरुलाघवपर्यालोचनेन यत्किञ्चित् करोति, तत्सर्वं पापविशोधकमेव भवति, अथवा ज्ञानाद्यतिचारविशुद्ध्यर्थं यान्यालोचनादीनि प्रायश्चितानि विशेषतोऽभिहितानि तानि तथा व्यपदिश्यन्ते, अथवा विदत्तकृत्यं, विशेषेणावस्थाद्यौचित्येन

विशेषानभिहितमपि वितीर्णमभ्यनुज्ञातं यत्किञ्चिन्मध्यस्थगीतार्थेन कृत्यमनुष्ठानं तद्विदत्तकृत्यं प्रायश्चित्तमेव, प्रकारान्तरेणाह **प्रतिषेवणेति**, प्रतिषिद्धस्यासेवनमकल्प्यसमाचरणं प्रतिषेवणम्, तच्च द्विधा परिणामभेदात् प्रतिषेवणीयभेदाद्वा, भावः प्रतिषेवणा स पुनः कुशलोऽकुशलो वा भवेत्, कुशलेन भवति कल्पः, अकुशलपरिणामाद्दर्पः । प्रतिषेवणीयभेदात्तु 'मूलगुणोत्तरगुणेषु द्विविधा प्रतिषेवणा समासेन । मूलगुणेषु पञ्चविधा पिण्डविशोध्यादिका इतरा' ॥ तस्यां प्रायश्चित्तमालोचनादि । संयोजनमेकजातीयातिचारमीलनम्, यथा शय्यातरपिण्डो गृहीतः सोऽप्युदकार्द्रहस्तादिना सोऽप्यभ्याहृतः सोऽप्याधाकर्मिकस्तत्र यत् प्रायश्चित्तं तत्संयोजनाप्रायश्चित्तम्, तथाऽऽरोपणमेकापराधप्रायश्चित्ते पुनः पुनरासेवनेन विजातीयप्रायश्चित्ताध्यारोपणम्, यथा पञ्चरात्रिंदिवप्रायश्चित्तमापन्नः पुनस्तत्सेवने दशरात्रिंदिवं पुनः पञ्चदशरात्रिंदिवमेवं यावत् षण्मासात् ततस्तस्याधिकं तपो देयं न भवति, अपि तु शेषतपांसि तत्रैवान्तर्भावनीयानि, इह तीर्थे षण्मासान्तत्वात्तपस इति । आरोपणया प्रायश्चित्तमारोपणाप्रायश्चित्तम् । परिकुञ्चनमपराधस्य द्रव्यक्षेत्रकालभावानां गोपायनमन्यथा सतामन्यथाभणनं परिकुञ्चना परिवञ्चना वा तस्याः प्रायश्चित्तमिति ॥९८॥

પૂર્વગત શ્રુતમાં પ્રાયશ્ચિત્તની પ્રરૂપણા હતી તેથી તેના ચાર સ્થાન કહેવાય છે.

પ્રાયશ્ચિત્તના ચાર ભેદ... (૧) જ્ઞાન પ્રાયશ્ચિત્ત (૨) દર્શન પ્રાયશ્ચિત્ત (૩) ચારિત્ર પ્રાયશ્ચિત્ત તથા (૪) વ્યક્તકૃત્ય પ્રાયશ્ચિત્ત...

**(૧) જ્ઞાન પ્રાયશ્ચિત્ત** :- જ્ઞાન એ જ પ્રાયશ્ચિત્ત... કારણ કે જ્ઞાન જ પાપને છેદે છે અથવા પ્રાયઃ ચિત્તને શુદ્ધ કરે છે, માટે નિરૂક્તિ વડે જ્ઞાન પ્રાયશ્ચિત્ત... આ રીતે **(૨) દર્શન પ્રાયશ્ચિત્ત** તથા **(૩) ચારિત્ર પ્રાયશ્ચિત્ત** જાણવું...

**(૪) વ્યક્તકૃત્ય પ્રાયશ્ચિત્ત** :- 'ચિત્ત' શબ્દથી 'જીવ-આત્મા' કહેવાય છે - કારણ કે આત્મા અને આત્માવાળાનો અભેદ છે. ભાવથી ગીતાર્થનું જે કૃત્ય તે વ્યક્ત કૃત્ય પ્રાયશ્ચિત્ત...

ગીતાર્થ તો ગુરૂ-લઘુના વિચાર વડે જે કંઈ પણ કરે છે તે બધું પાપની વિશુદ્ધિ કરનાર જ હોય છે... આથી તેમના દ્વારા અપાયેલ પ્રાયશ્ચિત્ત તે વ્યક્ત કૃત્ય પ્રાયશ્ચિત્ત... અથવા જ્ઞાનાદિ અતિચારની વિશુદ્ધિ માટે જે આલોચનાદિ વિશેષરૂપ જે પ્રાયશ્ચિત્ત અપાય તે... અથવા અવસ્થા વગેરેની ઉચિતતાએ સૂત્રમાં વિશેષ રીતે ન કહ્યું હોય છતાં પણ જે આપ્યું હોય - આજ્ઞા કરી હોય, એવું જે કંઈ પણ મધ્યસ્થ ગીતાર્થ વડે કરાયેલું અનુષ્ઠાન તે વિદત્તકૃત્ય પ્રાયશ્ચિત્ત જ છે.

**વિદત્ત** = વિશેષ રૂપથી - અવસ્થા વિશેષથી અપાયેલું પ્રાયશ્ચિત્ત...

હવે બીજા પ્રકાર વડે પ્રાયશ્ચિત્ત જણાવે છે.

ચાર પ્રકારે પ્રાયશ્ચિત્ત છે... (૧) પ્રતિસેવના પ્રાયશ્ચિત્ત (૨) સંયોજન પ્રાયશ્ચિત્ત (૩) આરોપણ પ્રાયશ્ચિત્ત અને (૪) પરિકુંચન પ્રાયશ્ચિત્ત...

**(૧) પ્રતિસેવના પ્રાયશ્ચિત્ત :-** પ્રતિષેધનું સેવન કરવું - અકલ્પ્ય = અકૃત્યનું આચરવું તે પ્રતિસેવના... પ્રતિસેવના બે પ્રકારે છે. પરિણામના ભેદથી અથવા પ્રતિસેવનાના ભેદથી બે પ્રકાર છે.

પ્રતિસેવના = ભાવ અર્થાત્ જીવના અધ્યવસાય-પરિણામરૂપ છે. તે ભાવ કુશલ અને અકુશલ એમ બે પ્રકારે છે.

કુશલ ભાવ વડે થાય તે **કલ્પ** પ્રતિસેવના... અકુશલ ભાવ - પરિણામ વડે થાય તે **દર્પ** પ્રતિસેવના...

જ્ઞાનાદિરૂપ કુશલભાવ વડે જે બાહ્ય વસ્તુની પ્રતિસેવના... તે કલ્પ પ્રતિસેવના... (વિષ્ણુકુમાર વગેરે મુનિઓએ નમુચિ વિગેરેને શિક્ષા કરેલ તે કલ્પ પ્રતિસેવના...)

આ પ્રતિસેવના મૂલ ગુણના વિષયવાળી અને ઉત્તર ગુણના વિષયવાળી એમ સંક્ષેપથી બે પ્રકારે છે.

તેમાં મૂલ ગુણના વિષયવાળી પ્રાણાતિપાત વિગેરે પાંચ પ્રકારની છે. ઉત્તર ગુણના વિષયવાળી પ્રતિસેવના પિંડવિશુદ્ધિ વિગેરે પાંચ પ્રકારે છે.

આ પ્રતિસેવનામાં આલોચના વિ. દશ પ્રકારનું પ્રાયશ્ચિત્ત જાણવું.

**(૨) સંયોજન પ્રાયશ્ચિત્ત :-** એક જાતિવાળા અતિચારોનું મિલન-એકત્ર થવું તે **સંયોજન.**

દા.ત. શય્યાતર પિંડ ગ્રહણ કર્યો... તે શય્યાતર પિંડ પણ પાણીથી ભીના હસ્તાદિ વડે ગ્રહણ કર્યો... વળી તે પિંડ સામે લાવેલો... વળી તે પણ આધાકર્મિક...

આવા પ્રકારના દોષોમાં જે પ્રાયશ્ચિત્ત અપાય તે સંયોજના પ્રાયશ્ચિત્ત...

**(૩) આરોપણ પ્રાયશ્ચિત્ત :-** એક અપરાધના પ્રાયશ્ચિત્તમાં ફરી-ફરી દોષ સેવવા પડે. વિજાતીય અર્થાત્ અન્ય પ્રાયશ્ચિત્તનું આરોપણ કરવું.

દા.ત. પાંચ અહોરાત્ર પ્રમાણ પ્રાયશ્ચિત્તને પામેલ, ફરીથી દોષને સેવે છતે દશ અહોરાત્ર પ્રમાણ... ફરીથી સેવવામાં પંદર અહોરાત્ર પ્રમાણ... આ રીતે ફરી-ફરી દોષ સેવે છતે છ માસ પર્યંતનો તપ આલોચનામાં અપાય, તેથી અધિક તપ આપવા યોગ્ય નથી. બાકીનો અર્થાત્ છ માસથી અધિક તપ, છ માસના તપમાં જ અંતર્ભૂત કરવા યોગ્ય છે. કારણ કે વર્તમાનમાં મહાવીરસ્વામી ભગવાનના શાસનમાં છ માસનો જ તપ કહેલો છે.

આમ આરોપણા વડે પ્રાયશ્ચિત્ત તે આરોપણા પ્રાયશ્ચિત્ત...

**(૪) પરિકુંચન પ્રાયશ્ચિત્ત :-** પરિકુંચન એટલે દ્રવ્ય-ક્ષેત્ર કાલ અને ભાવ સંબંધી અપરાધને છૂપાવવા... એક રીતે પાપ કર્યું હોય છતાં તેને બીજી રીતે જણાવવું... તે પરિકુંચન.

પરિકુંચનાનું પ્રાયશ્ચિત્ત તે પરિકુંચન પ્રાયશ્ચિત્ત... ॥૯૮॥

प्रायश्चित्तस्य कालापेक्षत्वात्कालं निरूपयति—

**प्रमाणयथायुर्निर्वृत्तिमरणाद्धाकालभेदः कालः ॥९९॥**

**प्रमाणेति,** प्रमीयते परिच्छिद्यते येन वर्षशतपल्योपमादि तत्प्रमाणं तदेव कालः प्रमाणकालः, स चाद्धाविशेष एव दिवसादिलक्षणो मनुष्यक्षेत्रान्तर्वर्त्तीति, यथा-यत्प्रकारेण नरकादिभेदेन आयुः-कर्मविशेषो यथायुः, तस्य रौद्रादिध्यानादिना निर्वृत्तिर्बन्धनं तस्याः सकाशाद्यः कालो नारकादित्येव स्थितिर्जीवानां स यथायुर्निर्वृत्तिकालः, अयमप्यद्धाकाल एवायुष्ककर्मानुभवविशिष्टः सर्वसंसारिजीवानां वर्त्तनादिरूपः । मृत्योः कालो मरणकालः, अयमद्धासमयविशेष एव मरणविशिष्टो मरणमेव वा कालः मरणपर्यायत्वादिति, अद्धैव कालोऽद्धाकालः, कालशब्दो हि वर्णप्रमाणकालादिष्वपि वर्त्तते ततोऽद्धाशब्देन विशिष्यते, अयञ्च सूर्यक्रियाविशिष्टो मनुष्यक्षेत्रवर्त्ती समयादिरूपोऽवसेय इति ॥९९॥

પ્રાયશ્ચિત્ત કાલની અપેક્ષાએ અપાય છે માટે કાલનું નિરૂપણ કરાય છે.

કાલના ચાર પ્રકાર... (૧) પ્રમાણ કાલ (૨) યથા આયુષ્ય નિવૃત્તિ કાલ (૩) મરણ કાલ અને (૪) અદ્ધા કાલ.

**(૧) પ્રમાણ કાલ :-** જેના વડે વર્ષ શત, પલ્યોપમ વગેરેનો નિર્ણય કરાય છે તે પ્રમાણ, તે જ કાલ તે પ્રમાણ કાલ. તે દિવસ વિગેરે લક્ષણવાળો અને મનુષ્ય ક્ષેત્રમાં વર્તનાર અદ્ધાકાલ વિશેષ જ છે.

**(૨) યથા આયુષ્યનિવૃત્તિ કાલ :-** નરક-તિર્યંચાદિ ભેદ વડે જે આયુષ્ય. કર્મ વિશેષ તે યથાયુ. રૌદ્રધ્યાન વિગેરે ધ્યાનથી તે નરકાદિ ગતિનું આયુષ્ય બાંધવું, તેના સંબંધથી જે કાલ એટલે નરકાદિ સ્વરૂપે જે સ્થિતિ તે **યથાયુઃ નિવૃત્તિકાલ.**

આયુષ્ય કર્મની સ્થિતિ પ્રમાણે નરકાદિ ગતિમાં અવસ્થાન કરવું તે યથાયુ નિવૃત્તિકાલ...

આ કાલ પણ આયુષ્યકર્મના અનુભવ વિશિષ્ટ સર્વ સંસારી જીવોના વર્ત્તનાદિરૂપ અદ્ધાકાલ જ છે.

**(૩) મરણ કાલ :-** મૃત્યુનો જે સમય તે મરણ કાલ, આ પણ અદ્ધા સમય વિશિષ્ટ જ છે... અથવા મરણ વિશિષ્ટ કાલ તે મરણ કાલ... અથવા મરણ જ કાલ છે... કારણ કે તે કાલનો પર્યાય વાચક શબ્દ છે.

(૪) **અદ્ધા કાલ :-** 'અદ્ધા' જ કાલ તે અદ્ધાકાલ. 'કાલ' શબ્દ તો વર્ણ-પ્રમાણ અને કાલ આદિમાં વર્તે છે, તેથી 'અદ્ધા' શબ્દથી વિશેષ કરેલ છે.

આ અદ્ધાકાલ સૂર્યની ક્રિયા (ભ્રમણ) વિશિષ્ટ મનુષ્ય ક્ષેત્રની અંદર વર્તતો સમયાદિરૂપ જાણવો. ॥૯૯॥

अथ जीवाश्रयेणाह–

**भरतैरवतेषु मध्यमा द्वाविंशतिरर्हन्तश्चतुर्यामं धर्मं सर्वतः प्राणातिपातविरमणं मृषावादविरमणमदत्तादानविरमणं बहिर्द्धापरिग्रहविरमणं प्रज्ञापयन्ति सर्वेषु महाविदेहेष्वर्हन्तोऽपि ॥१००॥**

**भरतेति,** मध्यमाः पूर्वपश्चिमवर्जाः, चत्वारो यमा एव यामा निवृत्तयो यस्मिस्तं, बहिर्द्धा मैथुनं परिग्रहविशेषः परिग्रहस्तयोर्द्वन्द्वैकत्वम्, अथवा बहिस्तात्परिग्रहविरमणं धर्मोपकरणाद्बहिः परिग्राह्यं वस्तु ततो निवृत्तिरित्यर्थः, अत्र पक्षे मैथुनं परिग्रहेऽन्तर्भवति, न ह्यपरिगृहीता योषिद्भुज्यत इति प्रत्याख्येयस्य चतुर्विधत्वाच्चतुर्यामता धर्मस्य । इयं चेह भावना, मध्यमतीर्थकराणां विदेहकानाञ्च चतुर्यामधर्मस्य पूर्वपश्चिमतीर्थकरयोश्च पञ्चयामधर्मस्य प्ररूपणा शिष्यापेक्षया परमार्थतस्तु पञ्चयामस्यैवोभयेषामप्यसौ, यतः प्रथमपश्चिमतीर्थकरतीर्थसाधव ऋजुजडा वक्रजडाश्चेति, तत्त्वादेव परिग्रहो वर्जनीय इत्युपदिष्टे मैथुनवर्जनमवबोद्धुं पालयितुञ्च न क्षमाः, मध्यमविदेहजतीर्थकरतीर्थसाधवस्तु ऋजुप्रज्ञत्वात्तद्बोद्धुं वर्जयितुञ्च क्षमा इति ॥१००॥

હવે જીવને આશ્રયીને કહે છે.

ભરત ક્ષેત્ર તથા ઐરવત ક્ષેત્રમાં પ્રથમ અને અંતિમ તીર્થંકરને છોડીને વચ્ચેના બાવીશ તીર્થંકરો તથા સર્વ મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકરો ચાર મહાવ્રતરૂપી ધર્મની પ્રરૂપણા કરે છે તે આ પ્રમાણે - (૧) સર્વથા પ્રાણાતિપાણ વિરમણ મહાવ્રત, (૨) સર્વથા મૃષાવાદ વિરમણ મહાવ્રત, (૩) સર્વથા અદત્તાદાન વિરમણ મહાવ્રત, (૪) સર્વથા બહિસ્તાત્ (મૈથુન-પરિગ્રહ) વિરમણ મહાવ્રત...

**મધ્યમા** = પ્રથમ અને અંતિમ તીર્થંકરને વર્જીને બીજા બાવીશ તીર્થંકરો ચાર મહાવ્રતની પ્રરૂપણા કરે છે. યમ એ જ યામ = ચાર મહાવ્રત... હિંસાદિની નિવૃત્તિરૂપ છે જેમાં તે ચતુર્યામ ધર્મ.

બહિર્દ્ધા એ મૈથુન તથા પરિગ્રહ વિશેષ ભેદ છે. આ બંનેનું દ્વન્દ્વ સમાસથી એકત્વ છે, અથવા બહિસ્તાત્ = ધર્મના ઉપકરણ સિવાય જે પરિગ્રહ... **પરિગ્રાહ્યં** = ગ્રહણ કરવા યોગ્ય

વસ્તુ... તેનાથી નિવૃત્તિ... આ પક્ષમાં મૈથુનનો પરિગ્રહમાં સમાવેશ થઈ જાય છે, કારણ કે ગ્રહણ ન કરાયેલી સ્ત્રી ભોગવાતી નથી.

પ્રત્યાખ્યાન કરવા યોગ્ય પ્રાણાતિપાતાદિનું ચતુર્વિધત્વ હોવાથી ધર્મની ચતુર્યામતા - ચાર મહાવ્રતસ્વરૂપ છે. અહીં આ ભાવના છે.

મધ્યના બાવીશ તીર્થંકરો અને મહાવિદેહ ક્ષેત્રના તીર્થંકરોના ચાર મહાવ્રતરૂપ ધર્મની પ્રરૂપણા તથા અંતિમ તીર્થંકરની પાંચ મહાવ્રતરૂપી ધર્મની પ્રરૂપણા શિષ્યોની અપેક્ષાએ છે, પરમાર્થથી તો બંનેની પાંચ મહાવ્રતની પ્રરૂપણા છે.. કારણ કે પ્રથમ અને અંતિમ તીર્થંકરના તીર્થમાં સાધુઓ ઋજુ-જડ તથા વક્ર-જડ હોય છે તે કારણથી તત્ત્વથી તો પરિગ્રહ વર્જનીય છે એમ ઉપદેશ કરે છતે મૈથુનને ત્યજી દેવું જોઈએ એમ જાણવા માટે તથા પાલન કરવા માટે તેઓ સમર્થ થતા નથી.

મધ્યમના બાવીશ તીર્થંકરના સાધુઓ તથા મહાવિદેહના તીર્થંકરોના તીર્થમાં સાધુઓ ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી મૈથુનને જાણવા માટે તેમજ ત્યજવા માટે સમર્થ થાય છે. ॥૧૦૦॥

हिंसादिभ्योऽनुपरतोपरतानां दुर्गतिसुगती भवत इति तद्भेदानाह—

**नैरयिकतिर्यग्योनिकमनुष्यदेवभेदा दुर्गतिः, सिद्धदेवमनुजसुकुलप्रत्यायातिभेदा सुगतिः ॥१०१॥**

**नैरयिकेति**, स्पष्टं निन्दितमनुष्यापेक्षया मनुष्यदुर्गतिः, किल्बिषिकाद्यपेक्षया देवदुर्गतिः, देवकुलादौ गत्वा सुकुले इक्ष्वाक्वादौ प्रत्यायातिः प्रत्यागमनं सुकुलप्रत्यायातिः, इयञ्च तीर्थकरादीनामेवेति मनुष्यसुगतेर्भोगभूमिजादिमनुष्यत्वरूपाया भिद्यते ॥१०१॥

હિંસા વિગેરેથી નહીં અટકેલા તથા અટકેલાઓની જે દુર્ગતિ તથા સુગતિ થાય છે તેથી તેના ભેદ જણાવે છે.

**નૈરયિકેતિ,** નૈરયિક દુર્ગતિ, તિર્યંચ યોનિક દુર્ગતિ, મનુષ્ય દુર્ગતિ અને દેવ દુર્ગતિ આ ચાર પ્રકારની દુર્ગતિ છે, અને સિદ્ધ સુગતિ, દેવ સુગતિ, મનુષ્ય સુગતિ તથા સુકુલ ઉત્પત્તિના ભેદથી ચાર પ્રકારે સુગતિ છે.

નિંદિત મનુષ્યની અપેક્ષાએ મનુષ્ય દુર્ગતિ...

કિલ્બિષિક આદિ દેવોની અપેક્ષાએ દેવ દુર્ગતિ...

દેવલોકમાં જઈને ઈક્ષ્વાકુ વિગેરે સુકુલમાં આવવું અથવા પ્રત્યાયાતિ = જન્મ લેવો... આ તીર્થંકરો વિગેરેને હોય છે.

યુગલિક વિગેરે મનુષ્યત્વરૂપ મનુષ્યની સુગતિથી આ સુકુલમાં જન્મવારૂપ મનુષ્ય સુગતિનો ભેદ બતાવેલ છે. ॥૧૦૧॥

पुनर्जीवाश्रयेणाह—

**क्रोधमानमायालोभैर्मनोवाक्कायेन्द्रियैर्वा प्रतिसंलीना अप्रतिसंलीनाश्च ॥१०२॥**

**क्रोधेति,** क्रोधादिकं वस्तु वस्तु प्रति सम्यग्लीना निरोधवन्तः प्रतिसंलीनाः, तत्र क्रोधं प्रत्युदयनिरोधेनोदयप्राप्तविफलीकरणेन च प्रतिसंलीनः क्रोधप्रतिसंलीनः । एवमग्रेऽपि, कुशलमनउदीरणेनाकुशलमनोनिरोधेन च मनः यस्य प्रतिसंलीनं स मनःप्रतिसंलीनः, शब्दादिषु मनोज्ञामनोज्ञेषु रागद्वेषपरिहारीन्द्रियप्रतिसंलीनः, एतद्विपर्ययोऽप्रतिसंलीनः ॥१०२॥

ફરી જીવને આશ્રયીને કહે છે.

ચાર પ્રતિસંલીન અર્થાત્ ક્રોધાદિના નિરોધ કરનારા કહેલા છે. (૧) ક્રોધ પ્રતિસંલીન (૨) માન પ્રતિસંલીન (૩) માયા પ્રતિસંલીન અને (૪) લોભ પ્રતિસંલીન. તથા (૧) માન પ્રતિસંલીન (૨) વચન પ્રતિસંલીન (૩) કાય પ્રતિસંલીન તથા (૪) ઇંદ્રિય પ્રતિસંલીન.

પ્રતિસંલીન = પ્રત્યેક પર પદાર્થથી દૂર થઈ આત્મામાં લીન થનાર અર્થાત્ પ્રત્યેક વસ્તુમાં ક્રોધાદિકનો નિરોધ કરી પોતામાં લીન રહે તે પ્રતિસંલીન.

**(૧) ક્રોધ પ્રતિસંલીન :-** ક્રોધના ઉદયને અટકાવવા વડે અને ઉદયમાં આવેલ ક્રોધને નિષ્ફળ કરવા વડે ક્રોધને અટકાવનારા તે ક્રોધ પ્રતિસંલીન. આ પ્રમાણે માનાદિ પ્રતિસંલીનતા જાણવી.

**(૨) મનઃ પ્રતિસંલીન :-** કુશલ મનની ઉદીરણા વડે અકુશલ મનનો નિરોધ કરવા વડે જેનું મન કાબુવાળું છે તે મનઃપ્રતિસંલીન... તે રીતે વચન પ્રતિસંલીન-કાય પ્રતિસંલીન જાણવા.

**(૩) ઈન્દ્રિય પ્રતિસંલીન :-** મનોજ્ઞ તથા અમનોજ્ઞ શબ્દાદિ વિષયોને વિષે રાગ-દ્વેષને દૂર કરનારા તે ઈન્દ્રિય પ્રતિસંલીન જાણવા.

આનાથી વિપરીત હોય તે ઈન્દ્રિય અપ્રતિસંલીન જાણવા. ॥૧૦૨॥

असंलीनतां प्रकारान्तरेण दर्शयति—

**दीनादीनताभ्यां परीणामरूपमनःसंकल्पैः पुरुषाश्चतुर्विधाः ॥१०३॥**

**दीनेति,** दीनो दैन्यवान् क्षीणोर्जितवृत्तिः पूर्वं पश्चादपि दीन एव, अथवा बहिर्वृत्त्या दीनोऽन्तर्वृत्त्यापि दीन इत्येको भङ्गः दीनोऽदीनश्चेति द्वितीयः, अदीनो दीनश्चेति तृतीयः, उभयथाऽदीन इति चतुर्थः, परिणामापेक्षया बहिर्वृत्त्या म्लानवदनत्वादिगुणयुक्तशरीरेण दीनः सन् पुनर्दीनतया परिणतोऽन्तर्वृत्त्या दीनः सन्नदीनपरिणतः, अदीनः सन् दीनपरिणतः, अदीनः

सन्नदीनपरिणतश्चेति एवं रूपाद्यपेक्षयापि दीनरूपः मलिनजीर्णवस्त्रादिनेपथ्यापेक्षया, दीनमनाः स्वभावत एवानुन्नतचेताः, दीनसंकल्पः उन्नतचित्तस्वाभाव्येऽपि कथञ्चिद्दीनविमर्शः एवं प्रज्ञादृष्टिशीलसमाचाराद्यपेक्षयापि भाव्यम् ॥१०३॥

બીજા પ્રકાર વડે અસંલીનતા જણાવે છે.

પરિણામ, રૂપ, મન અને સંકલ્પ વડે દીન અને અદીનની ચતુર્ભંગી દ્વારા ચાર પ્રકારે પુરૂષો જાણવા.

દીન = ગરીબાઈવાળો... ઉપાર્જિત ધન વડે ક્ષીણ-ગરીબ.

(૧) દીન-દીન = પહેલાં પણ દીન પછી પણ દીન... અથવા બહારની વૃત્તિથી દીન તથા અંતર્વૃત્તિથી પણ દીન... (૨) દીન-અદીન = બહારથી દીન અંદરથી અદીન... (૩) અદીન-દીન = બહારથી અદીન અંદરથી દીન... (૪) અદીન-અદીન = બહારથી અને અંદરથી અદીન...

પરિણામની અપેક્ષાએ પુરૂષના ચાર પ્રકાર-ચતુર્ભંગી...

(૧) પરિણામની અપેક્ષા વડે બાહ્યવૃત્તિથી મ્લાનમુખ વિગેરે ગુણયુક્ત શરીર વડે દીન કહેવાય... આંતરિક ગુણથી રહિત હોય તે દીનરૂપે પરિણત.

(૧) દીન-દીન પરિણત = કોઈ પુરૂષ બાહ્યથી પણ દેખાવમાં હીન હોવાથી દીન તથા અંતરથી પણ દીનપણાને પામેલ એટલે કાયર...

(૨) દીન-અદીન પરિણત = બાહ્યવૃત્તિ વડે દીન પણ અંતરથી અદીનરૂપે પરિણત એટલે હિંમતવાળો.

(૩) અદીન પરિણત - દીન પરિણત = કોઈ બાહ્યવૃત્તિથી અદીનપણે પરિણત અર્થાત્ પુષ્ટ પણ અંતર્વૃત્તિથી દીનપણે પરિણત = કાયર.

(૪) અદીન પરિણત - અદીન પરિણત = અંતર્વૃત્તિથી પણ અદીનપણે પરિણત - અર્થાત્ શૂરવીર અને બાહ્યવૃત્તિથી પણ અદીન પરિણત = મજબૂત.

રૂપની અપેક્ષાએ ચાર પ્રકારના પુરૂષ...

(૧) કોઈ પુરૂષ શરીરથી દીન = રૂપરહિત અને મલિન વસ્ત્રાદિની અપેક્ષાએ પણ દીન.

(૨) કોઈ પુરૂષ શરીરથી દીન પણ સુંદર વસ્ત્રાદિ વડે અદીન રૂપવાળો.

(૩) કોઈ પુરૂષ શરીરથી અદીન (રૂપવાળો) પણ મલિન વસ્ત્રાદિ વડે દીન રૂપવાળો.

(૪) કોઈ પુરૂષ શરીરથી અદીન (રૂપવાળો) તથા સુંદર વસ્ત્રાદિ વડે પણ રૂપવાળો.

મનની અપેક્ષાએ ચાર પ્રકારના પુરૂષ...

(૧) કોઈ એક પુરૂષ સ્વભાવથી જ તુચ્છ મનવાળો છે - શરીરથી પણ દીન છે.

(૨) કોઈ એક પુરૂષ શરીરથી દીન પણ સારા સ્વભાવવાળો છે.

(૩) કોઈ એક પુરૂષ શરીરથી સારો પણ તુચ્છ મનવાળો છે.

(૪) કોઈ એક પુરૂષ શરીરથી સારો અને મનથી પણ ઉન્નત છે.

સંકલ્પની અપેક્ષાએ ચાર પ્રકારના પુરૂષ...

(૧) કોઈ એક પુરૂષ શરીરથી દીન અને સ્વાભાવિક મન ઉદાર છતે પણ કંઈક ન્યૂન વિચારવાળો - સંકલ્પવાળો.

(૨) કોઈ શરીરથી દીન પણ દઢ સંકલ્પવાળો.

(૩) કોઈ શરીરથી મજબૂત પણ ચલ સંકલ્પવાળો.

(૪) કોઈ શરીરથી પણ અદીન અને દઢ સંકલ્પવાળો.

આ પ્રમાણે પ્રજ્ઞા - દષ્ટિ - શીલ - સમાચારી આદિ પણ અપેક્ષાપૂર્વક વિચારવા. ॥૧૦૩॥

वाचःस्वरूपभणनाय विकथाकथाप्रकरणमाह—

**स्त्रीभक्तदेशराजकथा विकथाः, आक्षेपणीविक्षेपणीसंवेदनीनिर्वेदनीकथा धर्मकथाः ॥१०४॥**

**स्त्रीति,** संयमबाधकत्वेन विरुद्धा कथा वचनपद्धतिर्विकथा, स्त्रीणां स्त्रीषु वा कथा स्त्रीकथा, एवं भक्तस्य भोजनस्य देशस्य जनपदस्य राज्ञो नृपस्य कथेति । तत्र स्त्रीकथा जातिकुलरूपनेपथ्याश्रयेण, तत्र 'धिग्ब्राह्मणीर्धवाभावे या जीवन्ति मृता इव । धन्या मन्ये जने शूद्रीः पतिलक्षेऽप्यनिन्दिताः' इति ब्राह्मणीप्रभृतीनामन्यतमाया या प्रशंसा निन्दा वा सा जातिकथा । 'अहो चौलुक्यपुत्रीणां साहसं जगतोऽधिकम् । पत्युर्मृत्यौ विशन्त्यग्नौ याः प्रेमरहिता अपी'त्युग्रादिकुलोत्पन्नानामन्यतमाया यत् प्रशंसादि सा कुलकथा । 'चन्द्रवक्त्रा सरोजाक्षी सद्गीः पीनघनस्तनी । किं लाटी नो मता साऽस्य देवानामपि दुर्लभे'त्यान्ध्रीप्रभृतीनामन्यतमाया रुपस्य यत्प्रशंसादि सा रूपकथा । 'धिङ्नारीरौदीच्या बहुवसनाच्छादिताङ्गलतिकत्वात् । यद्यौवनं न यूनाञ्चक्षुर्मोदाय भवति सदे'ति तासामेवान्यतमायाः कच्छावन्धादिनेपथ्यस्य यत्प्रशंसादि सा नेपथ्यकथेति । स्त्रीकथायाञ्चैते दोषाः 'आत्मपरयोर्मोहोदीरणोड्डाहः सूत्रादिपरिहानिः । ब्रह्मचर्यस्यागुप्तिः प्रसङ्गदोषाश्च गमनादि' इति । आवापनिर्वापारम्भनिष्ठानकथाश्रयेण भक्तकथा भवति, शाकघृतादीन्येतावन्ति तस्यां रसवत्यामुपयुज्यन्त इत्येवं रूपाऽऽवापकथा, एतावन्तस्तत्र पक्वापक्वान्नभेदा व्यञ्जनभेदा वेति

निर्वापकथा, तित्तिरादीनामियतां तत्रोपयोग इत्यारम्भकथा, एतावद्द्रविणं तत्रोपयुज्यत इति निष्ठानकथा, तत्र दोषाः 'आहारमन्तरेणापि गृद्धया जायते साङ्गारम् । अजितेन्द्रियतौदरिकवादस्त्वनुज्ञादोषश्चे'ति । देशविधिदेशविकल्पदेशच्छन्ददेशनेपथ्यकथाश्रया देशकथा, देशे मगधादौ विधिर्विरचना भोजनमणिभूमिकादीनां भुज्यते वा यद्यत्र प्रथमतयेति देशवीधिः तत्कथा देशविधिकथा, एवमग्रेऽपि, विकल्पः सस्यनिष्पत्तिः, वप्रकूपादिदेवकुलभवनादिविशेषश्चेति, छन्दो गम्यागम्यविभागो यथा लाटदेशे मातुलभगिनी गम्या, अन्यत्रागम्येति, नेपथ्यं स्त्रीपुरुषाणां वेषः स्वाभाविको विभूषाप्रत्ययश्चेति, इह दोषाः 'रागद्वेषोत्पत्तिः स्वपक्षपरपक्षतश्चाधिकरणम् । बहुगुण एष इति देशः श्रुत्वा गमनं चान्येषामि'ति । अतियानकथा निर्याणकथा बलवाहनकथा कोशकोष्ठागारकथा च राजकथा राजादेर्नगरादौ प्रदेशकथाऽतियानकथा, यथा 'सितसिन्धुरस्कन्धगतः सितचामरः श्वेतछत्रछन्नभाः । जननयनकिरणश्वेत एष प्रविशति पुरे राजे'ति । निर्गमकथा निर्याणकथा, यथा 'वाद्यमानायुधममन्दबन्दिशब्दं मिलत्सामन्तम् । संक्षुब्धसैन्यमुद्धूतचिह्नं नगरान्नृपो निर्याति' इति । बलं हस्त्यादि, वाहनं वेगसरादि तत्कथा यथा 'हेषद्धयं गर्जद्गजं घनघनायमानरथलक्षम् । कस्यान्यस्यापि सैन्यं निर्नाशितशत्रुसैन्यं भोः' इति, भाण्डागारं कोशः, धान्यागारं कोष्ठागारं तत्कथा यथा 'पुरुषपरम्पराप्राप्तेन भृतविश्वम्भरेण कोशेन । निर्जितवैश्रवणेन तेन समः को नृपोऽन्य' इति । तत्रैते दोषाः 'चारिकचौराभिमरा हतमारितशंकां कर्त्तुकामा वा । भुक्ताभुक्तयोरवधावनं कुर्याद्वाऽऽशंसाप्रयोगमि'ति । अथ धर्मकथा प्राह **आक्षेपणीति**, आक्षिप्यते मोहात्तत्त्वं प्रत्याकृष्यतेश्रोताऽनयेत्याक्षेपणी, विक्षिप्यते सन्मार्गात् कुमार्गे कुमार्गाद्वा सन्मार्गे श्रोताऽनयेति विक्षेपणी धर्मकथाधिकारादत्रोत्तरपक्ष एव ग्राह्यः, संवेगयति संवेगं करोति संवेज्यते संवेगं ग्राह्यते वा श्रोताऽनयेति संवेदनी संवेजनी वा, निर्विद्यते संसारादेर्निर्विण्णः क्रियतेऽनयेति निर्वेदनीकथा । आचारव्यवहारप्रज्ञप्तिदृष्टिवादाश्रयेणाद्या कथा भवति, आचारो लोचास्नानादिः, तत्प्रकाशनेनाक्षेपणी, व्यवहारः कथञ्चिदापन्नदोषव्यपोहाय प्रायश्चित्तलक्षणः, प्रज्ञप्तिः संशयापन्नस्य श्रोतुर्मधुरवचनैः प्रज्ञापनम्, दृष्टिवादः श्रोत्रपेक्षया नयानुसारेण सूक्ष्मजीवादिभावकथनम्, आचारादयो ग्रन्था वा । विक्षेपणीकथा च स्वसिद्धान्तगुणानुद्दीपयित्वा ततः परसमयदोषकथनम्, तथा परसमयकथनपूर्वकं स्वसमयगुणव्यवस्थापनम्, एवं परसमयेषु घुणाक्षरन्यायेन यो यावान् जिनागमतत्त्ववादसदृशतया सम्यग्वादस्तं कथयित्वा तेष्वेव यो जिनप्रणीततत्त्वविरुद्धत्वान्मिथ्यावादस्तस्य दोषदर्शनपूर्वकं वर्णनम्, परसमयेष्वेवमिथ्यावादं

कथयित्वा सम्यग्वादस्थापनमिति । इहपरलोकस्वपरशरीराश्रयेण संवेदनी, तत्रेहलोको मनुष्यजन्म, सर्वमिदं मानुषत्वमसारमध्रुवं कदलीस्तम्भसमानमित्यादिरूपतया तत्स्वरूपकथनेन संवेगोत्पादनम्, देवा अपीर्ष्याविषादभयवियोगादिदुःखैरभिभूताः किं पुनस्तिर्यगादय इति देवादिभवस्वरूपकथनरूपा परलोकसंवेदनी, यदेतदस्मदीयं शरीरं तदशुच्यशुचिकारणजातमशुचिद्वारविनिर्गतमिति न प्रतिबन्धस्थानमित्यादिकथनरूपाऽऽत्मशरीरसंवेदनी कथा । एवं परशरीरसंवेदन्यपि भाव्या । इहलोके दुश्चीर्णानि कर्माणीहलोके दुःखफलविपाकयुतानि भवन्ति, कानिचित् परलोके दुःखानुभवयुतानि च, परलोके दुश्चीर्णानि चेहलोके दुःखफलविपाकसंयुक्तानि, कानिचिच्च परलोक इति व्यावर्णनं निर्वेदनी कथा एवं सुचीर्णकर्माश्रयेणापि चतुर्भङ्गो वाच्यः ॥१०४॥

વચનનું સ્વરૂપ કહેવા માટે 'વિકથા-કથા' પ્રકરણને કહેવાય છે.

વિકથા ચાર પ્રકારે છે - (૧) સ્ત્રી કથા (૨) ભક્ત કથા (૩) દેશ કથા તથા (૪) રાજ કથા.

ધર્મકથાના ચાર પ્રકાર - (૧) આક્ષેપણી (૨) વિક્ષેપણી (૩) સંવેદની તથા (૪) નિર્વેદની.

**વિકથા** - સંયમને બાધક જે હોય તે વિકથા... વચનની રીતિ તે વિકથા... તેમાં -

સ્ત્રીઓની અથવા સ્ત્રી વિષયક જે કથા તે સ્ત્રી કથા, ભોજન સંબંધી કથા તે ભક્ત કથા, દેશ સંબંધી જે કથા તે દેશ કથા, રાજા સંબંધી જે કથા તે રાજ કથા.

(૧) સ્ત્રી કથા ચાર પ્રકારની છે. (૧) જાતિ વિષયક (૨) કુલ વિષયક (૩) રૂપ વિષયક તથા (૪) નેપથ્ય વિષયક.

**જાતિ કથા** - બ્રાહ્મણી વિગેરેમાંથી કોઈપણ એકની પ્રશંસા અથવા નિંદા કરાય તે **જાતિ કથા**. દા.ત. धिग् ब्राह्मणीर्धवाभावे, या जीवन्ति मृता इव । धन्या मन्ये जने शूद्रीः, पति लक्षेऽप्यनिंदिताः॥

પતિના અભાવે જે બ્રાહ્મણી મરેલાની જેમ જીવે છે તેને ધિક્કાર છે, અમે મનુષ્યમાં શુદ્ર સ્ત્રીઓને ધન્ય માનીએ છીએ કે જે લાખ પતિ કર્યા છતાં પણ અનિંદિત છે.

**કુલ કથા** - अहो चौलुक्यपुत्रीणां, साहसं जगतोऽधिकम् । पत्युर्मृत्यौ विशन्त्यग्नौ याः प्रेमरहिता अपि ॥

અહો જગતમાં ચૌલુક્ય વંશની પુત્રીઓનું સાહસ અધિક છે, પતિનું મરણ થયે છતે જે સ્ત્રીઓ પ્રેમરહિત છે તો પણ અગ્નિમાં પ્રવેશ કરે છે.

આ રીતે ઉગ્રકુલ વિગેરેમાં ઉત્પન્ન થયેલી સ્ત્રીઓમાંથી કોઈપણ સ્ત્રીની જે પ્રશંસાદિ કરાય છે તે **કુલકથા.**

**રૂપ કથા** - चन्द्रवक्त्रा सरोजाक्षी सद्गीः पीनघनस्तनी । किं लाटी नो मता,साऽस्य देवानामपि दुर्लभा ॥

ચંદ્ર જેવા મુખવાળી, કમલ જેવા નેત્રોવાળી, સારા વચનવાળી, પીન અને કઠણ સ્તનવાળી લાટ દેશની સ્ત્રી દેવોને પણ દુર્લભ છે, તો એવી સ્ત્રી શું આ પુરૂષને ઈષ્ટ નથી ?

આ રીતે આંધ્ર વગેરેમાં ઉત્પન્ન થયેલ સ્ત્રીઓમાંથી કોઈપણ સ્ત્રીના રૂપની જે પ્રશંસાદિ તે **રૂપ કથા.**

**નેપથ્ય કથા** -

धिग्नारीरौदीच्या बहुवसनाच्छादिताङ्गलतिकत्वाद् । यद्यौवनं न यूनां, चक्षुर्मोदाय भवति सदा ॥

ઉત્તર દેશની સ્ત્રીઓને ધિક્કાર છે, કેમકે ઘણા વસ્ત્ર વડે ઢંકાયેલ શરીરરૂપ લતિકા હોવાથી જેનું યૌવન (સૌંદર્ય) યુવાન પુરૂષોની આંખને હંમેશા આનંદ માટે થતું નથી. આ રીતે તે સ્ત્રીઓમાંથી કોઈપણ એક સ્ત્રીના કચ્છાબંધ (કાછડી) વગેરે પહેરવાના વસ્ત્રની જે પ્રશંસાદિ તે **નેપથ્ય કથા.**

**સ્ત્રી કથાના દોષો :-** સ્ત્રી કથા કરનારને પોતાને અને પરને મોહની ઉદીરણા થાય છે, લોકોમાં હેલના-નિંદા થાય છે. સૂત્ર વિગેરેની હાનિ થાય છે, બ્રહ્મચર્ય વ્રતની અગુપ્તિ-અરક્ષા થાય છે, અને પ્રસંગથી દોષો ગમન વિગેરે થાય છે.

**ભક્ત કથા :-** ભોજન સંબંધી આવાપ-નિર્વાપ-આરંભ-પૂર્ણાહુતિ વિષયક કથા તે **ભક્ત કથા.**

**આવાપ કથા :-** રસોઈની ઘી-તેલ-શાક વિ. સામગ્રી તે આવાપ આ રસવતીમાં આટલા ઘી-શાક વગેરે ઉપયોગી થાય છે, આવા પ્રકારની કથા તે **આવાપ કથા.**

**નિર્વાપ કથા :-** આ રસવતીમાં આટલા પકવાન્ન અને અપક્વ અન્ન અથવા શાકનો ઉપયોગ થાય છે - આવી જે કથા તે **નિર્વાપ કથા.**

**આરંભ કથા :-** આ રસવતીમાં અગ્નિ-પાણી આદિ અમુક પ્રમાણમાં જોઈએ એવી આરંભ-સમારંભ વાતો તે **આરંભ કથા.**

**નિષ્ઠાન કથા :-** સો-હજાર વગેરે સંખ્યક ધનને નિષ્ઠાન કહેવાય છે. આ રસવતીમાં આટલા રૂપિયાનો ખર્ચ - અમુક વ્યક્તિએ ભોજન સમારંભમાં આટલો ખર્ચ કર્યો વિ. કથા તે **નિષ્ઠાન કથા.**

**ભક્ત કથાના દોષો :-** આહાર કર્યા વિના પણ આસક્તિ વડે અંગાર દોષ થાય છે, આ સાધુ જીતેન્દ્રિય નથી - પેટભરા છે એવો લોકોમાં અપવાદ થાય છે. અનુજ્ઞા દોષ (એષણાને ટાલી ન શકવારૂપ દોષ લાગે.)

(૩) **દેશ કથા :-** દેશ વિધિ, દેશ વિકલ્પ, દેશચ્છંદ તથા દેશનેપથ્ય સંબંધી કથા તે દેશ કથા.

**દેશ વિધિ કથા :-** મગધાદિ દેશમાં વિધિ, રચના = મણિ અને ભૂમિકા વગેરેની રચના, અથવા અમુક દેશમાં પ્રથમ અમુક ભોજન ખવાય છે - તેવી અનેક દેશ સંબંધી વિધિની વાતો તે **દેશ વિધિ કથા.** આ રીતે બીજી કથાઓમાં પણ જાણવું.

**દેશ વિકલ્પ કથા :- વિકલ્પ** = ધાન્યાદિની ઉત્પત્તિ... અમુક દેશમાં ધાન્યની ઉત્પત્તિ, ગઢ-કૂવા વિગેરે દેવકુલ અને મહેલ વગેરેની જે કથા તે **દેશ વિકલ્પ કથા.**

**દેશચ્છંદ કથા :-** છંદ = ગમ્ય અને અગમ્યનો વિભાગ.

દા.ત. લાટ દેશમાં મામાની પુત્રી ગમ્ય-પરણવા યોગ્ય હોય છે, જ્યારે બીજા દેશમાં પરણવા યોગ્ય નથી. આવી જે કથા તે **દેશચ્છંદ કથા.**

**દેશ નેપથ્ય :-** ભિન્ન-ભિન્ન દેશના પહેરવેશની ચર્ચા. સ્ત્રી અને પુરૂષના સ્વાભાવિક વેષ અને શોભાના નિમિત્તરૂપ વેષ તેની જે કથા તે **નેપથ્ય કથા.**

**દેશ કથાના દોષો :-** દેશ કથા દ્વારા રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે. પોતપોતાના પક્ષ તથા પર પક્ષ સંબંધી ક્લેશ થાય છે. દેશની પ્રશંસા સાંભળીને આકૃષ્ટ થવાથી અન્યનું તે દેશમાં ગમન થાય વિ. દોષો.

**(૪) રાજ કથા :-** રાજ કથાના ચાર પ્રકાર - (૧) અતિયાન કથા (૨) નિર્યાણ કથા (૩) બલવાહન કથા તથા (૪) કોશ-કોષ્ઠાગાર કથા.

**(૧) અતિયાન કથા :-** રાજાનો નગરાદિકમાં પ્રવેશ, તેની જે કથા તે અતિયાન કથા.

દા.ત. શ્વેત હાથીના સ્કંધ ઉપર બેઠેલો, શ્વેત ચામરથી વીંઝાયેલો, શ્વેત છત્ર વડે ઢંકાયેલ આકાશવાળો અને મનુષ્યોના નયન કિરણો વડે ઉજ્જવલ થયેલ એવો આ રાજા નગરમાં પ્રવેશ કરે છે. આવા પ્રકારની વાત તે **અતિયાન કથા.**

**(૨) નિર્યાણ કથા :-** રાજાની નગર બહાર નીકળવારૂપ પ્રયાણ રૂપ કથા તે **નિર્યાણ કથા.**

વાજિંત્રો વાગતે છતે, મોટા અવાજે ભાટ ચારણો બિરૂદાવલી બોલે છતે, સામંતો સહિત, ક્ષોભ પામેલ સૈનિકો સહિત, ધારણ કર્યા છે રાજ ચિહ્નો જેમણે તેવા રાજા નગરની બહાર નીકળે છે. અથવા યુદ્ધ વિજય આદિ માટે પ્રયાણ કરે છે.

આવા પ્રકારની વાત તે નિર્યાણ કથા.

**(૩) બલવાહન કથા :-** બલ = હાથી વિગેરે... વાહન = અશ્વ વિગેરે વાહન. તેની જે કથા તે બલવાહન કથા.

દા.ત. લાખો ઘોડાઓના હણ-હણાટ શબ્દવાળું, લાખો હાથીઓના ગર્જારવવાળું, લાખો રથના ઘણઘણાટવાળું અને શત્રુના લશ્કરનો નાશ કરનારું આવું સૈન્ય શું બીજા કોઈ રાજાનું છે ?

(૪) **કોશ-કોષ્ઠાગાર કથા :-** કોશ = ભંડાર... કોષ્ઠાગાર = ધાન્યનું ઘર... તે સંબંધી વાર્તા તે કોશ કોષ્ઠાગાર કથા.

દા.ત. પુરૂષની પરંપરા વડે પ્રાપ્ત કરેલ અર્થાત્ ભંડાર વડે સમગ્ર વિશ્વના જગતનું પોષણ કરવાથી વૈશ્રમણને જીતવા વડે, તે રાજા સમાન બીજો કયો રાજા છે ?

**રાજકથાના દોષો :-** રાજકથા કરનારા સાધુને જોઈ રાજ પુરૂષોને શંકા થાય છે. તે આ પ્રમાણે વેષ પરાવર્તન કરનારા આ ગુપ્તચરો છે અથવા ચોરો છે અથવા છૂપી રીતે ઘાત કરનારા છે.

આ સ્થાને પહેલાં પણ રાજાના અશ્વરત્નનું હરણ કરેલ હતું... અને કોઈકે રાજા કે તેના સ્વજનને મારેલ હતો, તેમાંથી તે જ કોઈક છે, અથવા પૂર્વોક્ત કાર્યને કરવા માટે આવેલ છે. આવા પ્રકારની શંકા થાય.

વળી રાજકથાને સાંભળનાર ભુક્ત ભોગી રાજાને પૂર્વસુખની સ્મૃતિ થાય તથા અભુક્ત ભોગી અન્ય સાધુને નીયાણું કરવાનું મન થાય. અથવા દીક્ષાનો ત્યાગ કરે.

હવે **ધર્મકથા**

(૧) **આક્ષેપણી :-** જે કથા વડે શ્રોતા મોહથી તત્ત્વ પ્રત્યે આકર્ષાય છે. તે **આક્ષેપણી.**

(૨) **વિક્ષેપણી :-** જે કથા વડે શ્રોતા સન્માર્ગમાંથી કુમાર્ગમાં અથવા કુમાર્ગમાંથી સન્માર્ગમાં લઈ જવાય છે તે **વિક્ષેપણી.**

(૩) **સંવેજની :-** જે કથા સંવેગ-વૈરાગ્યને પ્રગટાવે. અથવા જે કથા વડે શ્રોતા સારી રીતે બોધ પામે. જે કથા વડે શ્રોતાને સંવેગ થાય, તથા સંવેગને પામે તે સંવેદની અથવા **સંવેજની** કથા.

(૪) **નિર્વેદની :-** જે કથા વડે સંસાર વગેરેથી શ્રોતા ઉદાસીન કરાય છે તે **નિર્વેદની** કથા.

આચાર, વ્યવહાર, પ્રજ્ઞપ્તિ અને દૃષ્ટિવાદને આશ્રયીને પ્રથમ આક્ષેપણી કથા છે.

**આચાર આક્ષેપણી :-** લોચ-અસ્નાન વગેરે આચરવાના પ્રકાશ વડે આચાર આક્ષેપણી...

**વ્યવહાર આક્ષેપણી :-** કંઈક થયેલ દોષના નિવારણ માટે પ્રાયશ્ચિત્ત લક્ષણ જે કથન તે વ્યવહાર આક્ષેપણી...

**પ્રજ્ઞપ્તિ આક્ષેપણી :-** સંશયને પ્રાપ્ત થયેલ શ્રોતાને મધુર વચનો વડે સમજાવવું તે પ્રજ્ઞપ્તિ આક્ષેપણી.

**દૃષ્ટિવાદ આક્ષેપણી :-** શ્રોતાની અપેક્ષાએ નયને અનુસરીને જીવાદિ સૂક્ષ્મભાવનું જે કથન તે દૃષ્ટિ આક્ષેપણી. અથવા આચાર વિગેરે ગ્રંથો ગ્રહણ કરાય છે.

**(૨) વિક્ષેપણી કથા :-** (૧) પ્રથમ સ્વસિદ્ધાંતના ગુણોનું કીર્તન કરીને ત્યારબાદ પર સિદ્ધાંતના દોષો દેખાડવારૂપ વિક્ષેપણી કથા.

(૨) પરના - અન્ય દર્શનના સિદ્ધાંતને કહેવાપૂર્વક સ્વ સિદ્ધાંતના ગુણોનું સ્થાપન કરવારૂપ વિક્ષેપણી કથા.

(૩) પર-અન્ય દર્શનના સિદ્ધાંતમાં પણ ઘુણાક્ષર ન્યાય વડે જિનાગમના તત્ત્વો સમાન જે સમ્યગ્‌વાદ છે તેને કહીને તેમાં જે જિનપ્રણીત તત્ત્વોથી વિરુદ્ધ હોવાથી મિથ્યાવાદ છે તેના દોષ દર્શાવવાપૂર્વક કથન કરવારૂપ વિક્ષેપણી કથા.

(૪) પર સિદ્ધાંતમાં રહેલ મિથ્યાવાદને કહીને સમ્યગ્‌વાદને સ્થાપવાપૂર્વકની કથા તે વિક્ષેપણી કથા.

**(૩) સંવેદની કથા :-** (૧) ઈહલોક સંવેદની (૨) પરલોક સંવેદની (૩) સ્વશરીર સંવેદની (૪) પરશરીર સંવેદની... આમ ચાર પ્રકારે સંવેદની કથા છે.

**ઈહલોક સંવેદની :-** ઈહલોક એટલે મનુષ્ય જન્મ, આ મનુષ્યપણું અસાર છે... અધ્રુવ છે. કેળનાં સ્થંભ સમાન છે. આવા પ્રકારે તેના સ્વરૂપને કહેવા વડે સંવેગ ઉત્પન્ન થાય છે.

**પરલોક સંવેદની :-** દેવાદિ ભવના સ્વરૂપના કથનરૂપ પરલોક સંવેદની. અર્થાત્ દેવો પણ ઈર્ષ્યા-વિષાદ-ભય અને વિયોગાદિ દુઃખો વડે પરાભવ પામેલા છે, તો તિર્યંચ વગેરેનું તો કહેવું જ શું ? આ પ્રમાણે દેવાદિભવના સ્વરૂપ કહેવારૂપ **પરલોક સંવેદની...**

**આત્મશરીર સંવેદની :-** આ આપણું શરીર અશુચિ-અપવિત્ર છે. અશુચિરૂપ કારણથી ઉત્પન્ન થયેલું છે. અશુચિ દ્વારથી જન્મેલું છે. માટે આ શરીર પ્રતિ રાગ કરવા જેવું કંઈ જ નથી. ઈત્યાદિ કથનરૂપ **આત્મશરીર સંવેદની કથા.**

આ રીતે પરશરીર સંવેદની કથા વિચારવી... અન્યના શરીરની અશુચિ... મૃતક શરીરની અશુચિના કથનરૂપ **પરશરીર સંવેદની કથા** જાણવી.

**(૪) નિર્વેદની કથા :-** (૧) કેટલાકને આ લોકમાં ચોરી વિ. દુષ્કૃત્યોનું ફળ આ જન્મમાં જ મળે છે. (૨) કેટલાકને આ લોકમાં શિકાર વિ. દુષ્કૃત્યોનું ફળ પરભવમાં મળે છે. (૩) કેટલાક પૂર્વભવના પાપ કૃત્યનું ફળ આ ભવમાં ભોગવે છે.. દરિદ્રતા-રોગના કષ્ટોને સહે છે. (૪) કેટલાક પૂર્વભવમાં ઉપાર્જન કરેલા અશુભ કર્મના ઉદયે કાગડા-ગીધડા આદિ ભવમાં પાપ કર્મનો બંધ કરી પરભવમાં નરકાદિ દુઃખોને ભોગવે છે. આવા વર્ણનવાળી કથા **નિર્વેદની કથા.**

આ રીતે પુણ્યના ફલરૂપ ચતુર્ભંગી પણ જાણવી.

(૧) તીર્થંકરોને દાન આપનાર આ ભવમાં પાંચ દિવ્યરૂપ ઋદ્ધિને પ્રાપ્ત કરે છે.

(૨) સાધુ ભગવંતો સંયમની સાધનાના પ્રભાવે પરલોકમાં સુખ ભોગવે છે.

(૩) પૂર્વભવમાં બાંધેલા પુણ્યના ફળને તીર્થંકરો આ લોકમાં ભોગવે છે.

(૪) પૂર્વભવમાં બાંધેલા પુણ્ય કર્મના ફળ રૂપે દેવભવમાં સુખ ભોગવી પછીના ભવમાં તીર્થંકર જન્મ પામી પુણ્ય ફળ ભોગવે છે. ॥૧૦૪॥

वाग्विशेषमभिधाय कायविशेषमाह—

**शरीरस्य कृशदृढत्वाभ्यां ज्ञानदर्शनम् ॥१०५॥**

**शरीरस्येति**, केचित्पूर्वं पश्चादपि कृशाः, अन्ये पूर्वं कृशाः पश्चाद्दृढाः, अपरे पूर्वं दृढाः पश्चात् कृशाः, इतरे तु पूर्वं पश्चादपि दृढाः । भावेन कृशो हीनसत्त्वादित्वात्, पुनः कृशः शरीरादिभिरिति चतुर्भङ्गः । तथा कृशशरीरस्य विचित्रतपसा भावितस्य शुभपरिणामसम्भवेन तदावरणक्षयोपशमादिभावात्, ज्ञानदर्शनं-ज्ञानञ्च दर्शनञ्च, ज्ञानेन सह वा दर्शनं छाद्मस्थिकं कैवलिकं वा तत्समुत्पद्यते न दृढशरीरस्य, तस्य ह्युपचितत्वेन बहुमोहतया तथाविधशुभ-परिणामाभावेन क्षयोपशमाद्यभावादित्येकः, तथाऽमन्दसंहननस्याल्पमोहस्य दृढशरीरस्यैव ज्ञानदर्शनमुत्पद्यते, स्वस्थशरीरतया मनःस्वास्थ्येन शुभपरिणामभावतः क्षयोपशमादिभावात्, न कृशशरीरस्य, अस्वास्थ्यादिति द्वितीयः, तथा कृशस्य दृढस्य वा तदुत्पद्यते विशिष्ट-संहननस्याल्पमोहस्योभयथापि शुभपरिणामभावात् कृशत्वदृढत्वे नापेक्षत इति तृतीयः । कृशशरीरस्य दृढशरीरस्य च न तदुत्पद्यत इति चतुर्थः, तथाविधपरिणामाभावात् ॥१०५॥

વચન વિશેષને કહીને હવે કાય વિશેષને કહે છે.

ચાર પ્રકારના પુરૂષો કહેલા છે.

(૧) કોઈ એક પુરૂષ પહેલાં કૃશ = પતલો હોય છે. પછી પણ પતલા હોય છે.

(૨) કોઈ પુરૂષો પહેલાં કૃશ હોય અને પછી દૃઢ હોય.

(૩) કોઈ પુરૂષો પહેલાં દૃઢ = મજબૂત હોય પછી કૃશ હોય.

(૪) કોઈ પુરૂષો પહેલાં પણ દૃઢ હોય અને પછી પણ દૃઢ હોય છે.

આ રીતે ભાવમાં પણ જાણવું.

ભાવથી કૃશ એટલે હીન સત્ત્વવાળો...

(૧) કોઈ પુરૂષ શરીરથી પણ કૃશ તથા હીન સત્ત્વવાળો હોય.

(૨) કોઈ પુરૂષ શરીરથી કૃશ પણ મજબૂત સત્ત્વવાળો હોય.

(૩) કોઈ પુરૂષ શરીરથી મજબૂત અને અલ્પ સત્ત્વવાળો હોય.

(૪) કોઈ પુરૂષ શરીરથી પણ મજબૂત અને મનથી પણ સત્ત્વવાળો હોય.

ચતુર્ભંગી વડે જ્ઞાન-દર્શનની ઉત્પત્તિ જણાવે છે.

(૧) વિવિધ તપ વડે ભાવિત કૃશ શરીરવાળાને શુભ પરિણામની સંભાવના હોવાથી તદ્દ્જ્ઞાનાવરણ વગેરેના ક્ષયોપશમાદિ ભાવથી જ્ઞાન અને દર્શન... અથવા જ્ઞાનની સાથે દર્શન. તે જ્ઞાનદર્શન તે છદ્મસ્થ સંબંધી જ્ઞાન અથવા કેવલી સંબંધી જ્ઞાન ઉત્પન્ન થાય છે... જ્યારે દઢ શરીરવાળાને ઉત્પન્ન થતું નથી, કારણ કે અત્યંત મોહ વડે તેણે શરીરને પુષ્ટ કરેલું હોવાથી તથાવિધ શુભ પરિણામના અભાવ વડે ક્ષયોપશમાદિનો અભાવ હોય છે. આ પ્રથમ ભંગ...

(૨) સંઘયણ વિશિષ્ટ અલ્પ મોહવાળા દઢ શરીરવાળાને જ જ્ઞાન-દર્શન ઉત્પન્ન થાય છે, કારણ કે સ્વસ્થ શરીર હોવાથી મનની સ્વસ્થતા વડે શુભ પરિણામના પ્રભાવે ક્ષયોપશમાદિ ભાવ હોય છે. પણ કૃશ શરીરીને ચિત્તની અસ્વસ્થતા હોવાથી ક્ષયોપશમાદિભાવ ઉત્પન્ન ન થાય.

(૩) કૃશ અથવા દઢ શરીરવાળાને જ્ઞાન તથા દર્શન ઉત્પન્ન થાય છે. કારણ કે વિશિષ્ટ સંઘયણ સહિત અલ્પ મોહવાળાને બંને રીતે શુભ પરિણામની સંભાવના છે, પણ કૃશત્વ અને દઢત્વ પ્રતિની અપેક્ષા નથી. આ ત્રીજો ભંગ.

(૪) મંદ સંઘયણવાળા અને બહુમોહવાળા કૃશ કે દઢ શરીરીને જ્ઞાન તથા દર્શન ઉત્પન્ન થતું નથી તેવા પ્રકારના પરિણામનો અભાવ હોવાથી. ॥૧૦૫॥

ज्ञानदर्शनव्याघातमाह–

**स्त्र्यादिकथावादिनो विवेकव्युत्सर्गाभ्यां न सम्यगात्मानं भावयितुः पूर्वरात्रापररात्रकालसमये न धर्मजागरिकया जागृतस्य प्रासुकस्यैषणीयस्योञ्छस्य सामुदानिकस्य सम्यङ् न गवेषयितुर्निर्ग्रन्थस्यातिशयवज्ज्ञानं न भवति ॥१०६॥**

**स्त्र्यादीति,** आदिना भक्तदेशराजग्रहणम्, विवेकोऽशुद्धादित्यागः, व्युत्सर्गः-कायव्युत्सर्गः, पूर्वरात्रः रात्रेः पूर्वो भागः, अपररात्रः रात्रेरपरो भागः, तावेव कालः, स एव समयोऽवसरः, तस्मिन् कुटुम्बजागरिकाव्यवच्छेदेन धर्मप्रधाना जागरिका-निद्राक्षयेण बोधो धर्मजागरिका भावप्रत्युपेक्षेत्यर्थः, तया जागृतः-जागरकस्तस्य, प्रासुको निर्जीवः, एषणीयः कल्प्यः, उद्गमादिदोषरहितत्वात्, उञ्छः भक्तपानादिः, अल्पाल्पतया गृह्यमाणत्वात्, समुदाने भिक्षणे याञ्चायां भवः सामुदानिकः, इत्येवंप्रकारैः-निर्ग्रन्थस्येत्युपलक्षणं, तेन निर्ग्रन्थस्य निर्ग्रन्थ्या वेत्यर्थः, अतिशयवज्ज्ञानं-केवलमित्यर्थः, मत्यादितोऽतिशयवत्त्वात् । एवमेतद्विपर्ययेण तदुत्पत्तिर्भाव्या ॥१०६॥

હવે જ્ઞાન-દર્શનના વ્યાઘાતને કહે છે.

વારંવાર સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા તથા રાજકથા આ ચાર કથા કરનારા... વિવેક અને વ્યુત્સર્ગ દ્વારા આત્માને સમ્યક્ રીતે ભાવિત નહી કરનારા... પૂર્વ રાત્રિ તથા અપરરાત્રિના

સમયે જાગરણ કરીને આત્માને જાગૃત નહીં કરનારા... પ્રાસુક-એષણીય-ઉંછ અને સામુદાનિક ગોચરીની ગવેષણા નહીં કરનારા સાધુ-સાધ્વીજી ભગવંતોને કેવલજ્ઞાન તથા કેવલદર્શનની પ્રાપ્તિ થતી નથી.

**સ્ત્ર્યાદિ** :- આદિથી ભક્ત કથા - દેશ કથા તથા રાજ કથાનું ગ્રહણ કરવું.

**વિવેક** :- અશુદ્ધાદિનો ત્યાગ. અશુદ્ધ ભાવોનો ત્યાગ કરી શુદ્ધ ભાવમાં સ્થિર રહેવું. અશુદ્ધ ગોચરીનો ત્યાગ કરી શુદ્ધ ગોચરી માટે પ્રયત્ન કરવો તે વિવેક.

**વ્યુત્સર્ગ** :- કાયોત્સર્ગ કરવો.

**પૂર્વરાત્ર-અપરરાત્ર** :- રાત્રિનો પૂર્વ ભાગ તથા પાછલો ભાગ... અર્થાત્ રાત્રિનો પહેલો તથા ચોથો પ્રહર ધર્મ જાગરિકાનો છે. આત્મા સાથે વાત કરવા માટે છે. તે સમયે કુટુંબ સંબંધી જાગરણનો નિષેધ કરી ધર્મ જાગરિકા અર્થાત્ ભાવપૂર્વક આત્માની વિચારણા કરવાની છે.

**પ્રાસુક** :- નિર્જીવ-અચિત્ત આહાર.

**એષણીય** :- ઉદ્ગમાદિ દોષથી રહિત આહારની ગવેષણા.

**ઉંછ** :- અનેક ઘરેમાંથી થોડો-થોડો આહાર ગ્રહણ કરવો.

**સામુદાનિક** :- ગોચરી-પાણીનું સમુદાનરૂપ યાચન તે સામુદાનિક... અર્થાત્ ઉંચ-નીચ અને મધ્યમ કુલ વગેરેમાં ભેદભાવ વગર ગોચરીની ગવેષણા કરવી.

ઉપરોક્ત રીતે જે નિર્ગ્રન્થ અને ઉપલક્ષણથી નિર્ગ્રન્થી અર્થાત્ સાધ્વીજી ભગવંત શુદ્ધ ગોચરીની ગવેષણા વિ. નથી કરતાં તેઓને અતિશય જ્ઞાન અર્થાત્ કેવલજ્ઞાન - કેવલદર્શન પ્રાપ્ત થતાં નથી. મતિજ્ઞાન આદિ કરતાં આ કેવલજ્ઞાન વિશેષ છે.

ઉપરોક્ત ચાર વિધાનથી વિપર્યય કરનારને અર્થાત્ સ્ત્રીકથા વિ. ચાર વિકથાના ત્યાગી, વિવેક-વ્યુત્સર્ગ દ્વારા આત્માની સમ્યગ્ રીતે ભાવના કરનાર... પૂર્વ-અપર રાત્રિએ ધર્મ જાગરણ કરનારા તથા પ્રાસુક, એષણીય ગોચરીની ગવેષણા કરનારા સાધુ ભગવંત તથા સાધ્વીજી ભગવંતને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ॥૧૦૬॥

निर्ग्रन्थानामकृत्यनिषेधायाह—

**आषाढाश्विनकार्त्तिकचैत्रप्रतिपदः प्रथमपश्चिमसंध्यामध्याह्नार्धरात्रयो न स्वाध्याययोग्याः ॥१०७॥**

**आषाढेति**, एता महाप्रतिपदः, महोत्सवानन्तरवृत्तित्वेनोत्सवानुवृत्त्या शेषप्रतिपद्धर्म-विलक्षणत्वात्, अत एवाषाढस्य पौर्णमास्या अनन्तरा प्रतिपदाषाढप्रतिपदेवमन्यत्रापि, इह च यत्र विषये यतो दिवसान्महामहाः प्रवर्त्तन्ते तत्र तद्दिवसान्महसमाप्तिदिनं यावत् स्वाध्यायो

नन्द्यादिसूत्रविषयो वाचनादिर्न विधीयते, अनुप्रेक्षा तु न निषिध्यते, तच्च पौर्णमास्येव, प्रतिपदस्तु क्षणानुवृत्तिसम्भवेन वर्ज्यन्ते, तथा प्रथमा संध्या अनुदिते सूर्ये, पश्चिमा चास्तसमये, अकालस्वाध्यायेऽमी दोषाः-'श्रुतज्ञानेऽभक्तिर्लोकविरुद्धता प्रमत्तछलना च । विद्यासाधनवैगुण्यधर्मता इति मा कुरु' इति ॥१०७॥

નિર્ગ્રન્થ સાધુઓને નહીં કરવા યોગ્યનો નિષેધ માટે કહે છે.

સાધુ ભગવંત તથા સાધ્વીજી ભગવંતોને ચાર મહાપડવામાં સ્વાધ્યાય કરવો કલ્પે નહીં... તે આ પ્રમાણે -

અષાઢ પુનમ પછીનો પડવો... અષાઢ વદ-૧

આસો પુનમ પછીનો પડવો... આસો વદ-૧

કાર્તિક પુનમ પછીનો પડવો... કાર્તિક વદ-૧

ચૈત્રી પુનમ પછીનો પડવો... ચૈત્ર વદ-૧

સાધુ-સાધ્વીજી ભગવંતને ચાર કાલવેળાએ સ્વાધ્યાય કરવો કલ્પે નહીં.

(૧) સૂર્યોદયની પહેલાંની એક ઘડી... પછીની એક ઘડી.

(૨) સૂર્યાસ્ત પહેલાંની એક ઘડી... પછીની એક ઘડી.

(૩) મધ્યાહ્ન... (૪) મધ્યરાત્રિ...

કોઈનો અભિપ્રાય છે કે પ્રથમ સંધ્યા સૂર્યોદય પહેલાંની બે ઘડી લેવી. પોતાના ગચ્છની પ્રણાલિકા પ્રમાણે કરવું.

અષાઢ પૂર્ણિમા વિગેરે મહોત્સવ ઉજવાયા પછી થતી અનુવૃત્તિ વડે બીજા પડવાઓથી વિલક્ષણ સ્વરૂપ હોવાથી મહાપ્રતિપદ-પડવો કહેવાય છે.

અષાઢ માસની પૂર્ણિમા પછીની પ્રતિપદા તે અષાઢ પ્રતિપદા. (અષાઢ વદ-૧) એવી રીતે બીજા પડવાઓને વિષે પણ જાણવું.

અહીં જે દેશમાં જે દિવસથી મહોત્સવ પ્રવર્તે છે તે દેશમાં તે દિવસની શરૂઆતથી મહોત્સવની સમાપ્તિ પર્યંત સ્વાધ્યાય ન કરવો જોઈએ... નંદિ સૂત્રાદિ સૂત્ર વિષયક વાચના પણ ન કરવી જોઈએ. અનુપ્રેક્ષાનો નિષેધ નથી, તે મહોત્સવ પૂર્ણિમા પર્યંત જ સમાપ્ત થાય છે, પ્રતિપદાઓ તો ક્ષણની અનુવૃત્તિ વડે વર્જ્ય છે.

સૂર્યોદય ન થયે છતે પહેલી સંધ્યા, સૂર્યઅસ્ત પામવાના સમયમાં તે પશ્ચિમા સંધ્યા કહેવાય છે.

**અકાલ સ્વાધ્યાયના દોષો :-**

શ્રુતજ્ઞાનની અભક્તિ-વિરાધના થાય છે... લોકવિરૂદ્ધ થાય છે... તથા પ્રમાદી મુનિઓને નજીકના ક્ષેત્રવાસી દેવો છળે છે = પરેશાન કરે.

જેમ વિદ્યાના સાધનથી વિરૂદ્ધ સામગ્રી વડે વિદ્યા સફળ થતી નથી તેમ અકાલે સ્વાધ્યાય કરવાથી શ્રુતજ્ઞાન પણ સફળ થતું નથી, માટે હે શિષ્ય ! તું અકાલમાં સ્વાધ્યાય ન કર...! ॥૧૦૭॥

पुरुषविशेषानेवाह–

**आत्मपरान्तकरा आत्मपरतमा आत्मपरदमाश्च पुरुषाः ॥१०८॥**

**आत्मेति**, आत्मनो भवस्यान्तं कुर्वन्तीत्यात्मान्तकरा न परस्य भवान्तकरा धर्मदेशनानासेवकाः प्रत्येकबुद्धादिरित्येको भङ्गः, परस्य भवान्तं कुर्वन्ति मार्गप्रवर्त्तनेन, नात्मान्तकरा अचरमशरीरा आचार्यादयः, स्वपरात्मान्तकरास्तीर्थकरादयः, न स्वपरात्मान्तकरा दुष्षमाचार्यादयः । यद्वाऽऽत्मनोऽन्तं मरणं कुर्वन्तीत्यात्मान्तकराः, अत्र प्रथमः आत्मवधकः, द्वितीयः परवधकः, तृतीय उभयहन्ता, चतुर्थस्त्ववधकः । एवमात्मानं तमयति खेदयतीत्यात्मतमः, आचार्यादिः, आत्मनि तमोऽज्ञानं क्रोधो वा यस्य स आत्मतमाः, आत्मानं दमयति शमवन्तं करोति शिक्षयति वेत्यात्मदमः, आचार्योऽश्वदमकादिर्वा परश्चात्र शिष्योऽश्वादिर्वा ॥१०८॥

હવે પુરૂષ વિશેષોને જ કહે છે...

ચાર પ્રકારના પુરૂષો છે.

(૧) કોઈ પુરૂષ પોતાના ભવનો - સંસારનો અંત કરે છે તે આત્માંતકર પરંતુ બીજા ભવનો અંત કરતા નથી.

દા.ત. ધર્મદેશના નહીં આપનાર પ્રત્યેક બુદ્ધ વગેરે... (ભાંગો-૧)

(૨) કોઈ પુરૂષ માર્ગને પ્રવર્તાવવા વડે બીજાના ભવનો અંત કરે છે તે પરાંતકર પરંતુ પોતાના ભવનો અંત કરતો નથી. દા.ત. અચરમ શરીરી આચાર્ય ભગવંતો વિ. (ભાંગો-૨)

(૩) કોઈ પુરૂષ પોતાના તથા બીજાના પણ ભવનો અંત કરે છે. દા.ત. તીર્થંકર તથા સામાન્ય કેવલી વિ.

(૪) પોતાના ભવનો અંત ન કરે, બીજાના ભવનો પણ અંત ન કરે. દા.ત. દુઃષમકાળના આચાર્ય.

**અન્ય રીતે પુરૂષના ચાર પ્રકાર...**

(૧) આત્માનો અંત કરનારા પણ બીજાનો નહીં તે **આત્માંતકર... આત્મવધક.**

(૨) બીજાનો વધ કરનાર - પોતાનો નહીં તે **પરવધક.**

(૩) સ્વ-પર બંનેને વધ કરનાર તે **ઉભયહન્તા.**

(૪) સ્વ-પર એકેયનો વધ ન કરનાર તે **અવધક.**

અન્ય રીતે પુરૂષના ચાર ભાંગા...

(૧) **આત્મતમઃ** :- આત્માને ખેદ પમાડે - પીડા પમાડે તે **આત્મતમ.** દા.ત. આચાર્યાદિ... અથવા આત્માને વિષે તમઃ એટલે અજ્ઞાન કે ક્રોધ જેનામાં છે તે **આત્મતમાઃ**... (ચાર ભાંગા જાણવા.)

**આત્મદમઃ** :- આત્માનું દમન કરે છે... આત્માને સમતાવાળો કરે છે... અથવા આત્માને શિક્ષા આપે છે... તે આત્મદમઃ...

આચાર્ય અથવા અશ્વનો દમક - ઘોડેસ્વાર...

પર એટલે શિષ્ય અથવા ઘોડા વિગેરેને જે દમે તે **પરદમ.** (પૂર્વોક્ત રીતે ચાર ભાંગા જાણવા.) ॥૧૦૮॥

**दमश्च गर्ह्यगर्हातः स्यादिति गर्हामाह—**

**उपसम्पद्ये विचिकित्सामि यत्किञ्चन मिथ्या मे एवमपि प्रज्ञप्तेति गर्हा ॥१०९॥**

**उपसम्पद्य इति,** गुरुसाक्षिकाऽऽत्मनो निन्दा गर्हा, तत्रोपसम्पद्ये गुरुं स्वदोषनिवेदनार्थमाश्रयामि, अभ्युपगच्छामि वोचितं प्रायश्चित्तमित्येवंप्रकारः परिणाम एका गर्हा । अस्या गर्हात्वन्तु तथाविधपरिणामस्य गर्हाहेतुत्वेन कारणे कार्योपचारात्, गर्हासमानफलत्वाच्च । विशेषेण विविधप्रकारैर्वा चिकित्सामि गर्हणीयान् दोषान् प्रतिकरोमि निराकरोमीत्येवं विकल्पात्मिकाऽन्या गर्हा । यत्किञ्चनानुचितं तन्मिथ्या-विपरीतं दुष्टु मे-मम, इत्येवं वासनागर्भवचनरूपाऽपरा गर्हा, एवं स्वरूपत्वादेव गर्हायाः । एवमपि प्रज्ञप्ता-अनेन स्वदोषगर्हणप्रकारेणापि जिनैर्दोषशुद्धिरभिहितेति प्रतिपत्तिश्चापरा गर्हा, एवंविधप्रतिपत्तेर्गर्हाकारणत्वादिति ॥१०९॥

ગર્હા કરવા યોગ્ય કાર્યની ગર્હા કરવાથી દમ થાય છે માટે ગર્હા સૂત્ર કહે છે.

ચાર પ્રકારની ગર્હા... (૧) ઉપસંપદા રૂપ (૨) વિચિકિત્સા રૂપ (૩) મિચ્છામિ રૂપ તથા (૪) એવમપિ પ્રજ્ઞપ્તિ રૂપ...

ગર્હા = ગુરૂ સાક્ષિએ પોતાના દોષોની નિંદા કરવી તે ગર્હા.

**(૧) ઉપસંપદ્યે** :- પોતાના દોષનું નિવેદન કરવા માટે ગુરૂનો આશ્રય કરું અથવા ઉચિત પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરું. આવા પ્રકારના પરિણામરૂપ એક ગર્હા છે.

ગર્હાનું કારણ હોવાથી કારણમાં કાર્યનો ઉપચારથી અને ગર્હા જેવું જ ફલ હોવાથી ઉપરોક્ત 'પરિણામ'નું ગર્હાપણું સમજવું.

**વિચિકિત્સામિ :-** વિશેષથી અથવા વિવિધ પ્રકારોથી નિંદનીય દોષોને દૂર કરવા ઉપાયો કરું... દોષોને દૂર કરું... પ્રતિકાર કરું... આવા પ્રકારની વિકલ્પાત્મક આ બીજા પ્રકારની ગર્હા.

**જં કિંચિ મિચ્છામિ ઇતિ :-** મેં જે કંઈ અનુચિત કર્યું હોય તે મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. આવા પ્રકારની વાસના ગર્ભિત વચનરૂપ ત્રીજા પ્રકારની ગર્હા... ગર્હાના સ્વરૂપપણાથી જ આ પ્રમાણે છે.

**એવમપિ પ્રજ્ઞપ્તેતિ :-** સ્વદોષની ગર્હાના પ્રકાર વડે પણ 'પ્રજ્ઞપ્તા' અર્થાત્ 'જિનેશ્વરોએ દોષની શુદ્ધિ કહેલી છે', આવા પ્રકારના કથનનો સ્વીકારવારૂપ ચોથા પ્રકારની ગર્હા છે, કારણ કે આવા પ્રકારના સ્વીકારનું ગર્હા કારણ હોય છે. ॥૧૦૯॥

अथ कषायाश्रयेणाह—

**वंशीमूलमेषश्रृङ्गगोमूत्रिकावलेखनिकाकेतनसमा माया शैलास्थिदारुतिनिशलतास्तम्भसमानो मानः कृमिकर्दमखञ्जनहरिद्रारागरक्तवस्त्रसमो लोभः पर्वतपृथिवीरेणुजलराजिसमः क्रोधः ॥११०॥**

**वंशीमूलेति,** केतनं सामान्यतो वक्रं वस्तु, वंशीमूलञ्च तत्केतनञ्च वंशीमूलकेतनं, मेषश्रृङ्गं गोमूत्रिका च प्रतीता, अवलिख्यमानस्य वंशशलाकादेर्या प्रतन्वी त्वक् साऽवलेखनिकेति, वंशीमूलकेतनादिसमत्वञ्च मायायास्तद्वतामनार्जवभेदात्, तथा हि यथा वंशीमूलमतिगुपिलवक्रमेवं कस्यचिन्मायापीत्येवमल्पाल्पतराल्पतमानार्जवत्वेनान्यापि भावनीया, इयञ्चानन्तानुबन्ध्यप्रत्याख्यानप्रत्याख्यानावरणसंज्वलनरूपा क्रमेण ज्ञेया, वंशीमूलकेतनसमानमायामनुप्रविष्टो जीवो मृत्वा नैरयिकेषूत्पद्यते, मेषविषाणकेतनसमानमायामनुप्रविष्टस्तिर्यग्योनिषु गोमूत्रिकाकेतनसमानमायामनप्रविष्टो मनुष्येषु, अवलेखनिकाकेतनसमानमायामनुप्रविष्टश्च देवेषु, एवं मानाद्यनुप्रविष्टोऽपि । अनुप्रविष्ट उदयवर्त्तीत्यर्थः । शैलस्तम्भः शिलाविकारभूतः स्थाणुः, एवमग्रेऽपि, तिनिशो वृक्षविशेषः तस्य लता–कम्बा, सा चात्यन्तमृद्वी, मानस्यापि शैलस्तम्भादिसमानता तद्वतो नमनाभावविशेषाज्ज्ञेया, मानोऽप्यनन्तानुबन्ध्यादिरूपः क्रमेण दृश्यः, कृमिरागे वृद्धसम्प्रदायोऽयम्, यथा मनुष्यादीनां रुधिरं गृहीत्वा केनापि योगेन युक्तं भाजने स्थाप्यते ततस्तत्र कृमय उत्पद्यन्ते, ते च वाताभिलाषिणः छिद्रनिर्गता आसन्ना भ्रमन्तो निर्हारलाला मुञ्चन्ति ताः कृमिसूत्रं भण्यते तच्च स्वपरिणामरागरञ्जितमेव भवति, तत्र कृमीणां रागो रञ्जकरसः तेन रक्तं कृमिरागरक्तमेवं सर्वत्र, कर्दमो गोवाटादीनाम्, खञ्जनं दीपादीनाम्, हरिद्रा प्रतीतैव । कृमिरागादिरक्तवस्त्रसमानता च

लोभस्यानन्तानुबन्ध्यादितद्भेदवतां जीवानां क्रमेण दृढहीनहीनतरहीनतमानुबन्धत्वात्, तथाहि कृमिरागरक्तं वस्त्रं दग्धमपि न रागानुबन्धं मुञ्चति तद्भस्मनोऽपि रक्तत्वात्, एवं यो मृतोऽपि लोभानुबन्धं न मुञ्चति तस्याभिधीयते लोभः कृमिरागरक्तवस्त्रसमानोऽनन्तानुबन्धी चेति, एवं सर्वत्र भावना कार्या ॥११०॥

હવે કષાયને આશ્રયીને કહે છે...

ચાર પ્રકારની વક્રતા છે. (૧) વાંશના મૂળની (૨) ઘેંટાના શીંગડાની (૩) ગોમૂત્રિકાની અને અવલેખનિકા એટલે વાંશની ઝીણી છાલની...

આ ચાર પ્રકારની વક્રતા છે અને તેના સમાન ચાર પ્રકારની માયા છે.

કેતનં = સામાન્યથી વક્ર વસ્તુ.

વાંશના મૂળરૂપ જે કેતન વંશીમૂલ કેતન - વાંશના મૂળની વક્રતા.

મેષશ્રૃંગ કેતન - ઘેંટાના શીંગડાની વક્રતા.

ગોમૂત્રિકા કેતન - ગોમૂત્રની વક્રતા.

અવલેખનિકા કેતન - છોલાયેલી વાંસની સળી વગેરેની જે પાતળી છાલ તે અવલેખનિકા.

વંશીમૂલ વગેરેની વક્રતા સમાન માયાનું વક્રપણું તો માયાવાળાના અસરલ = વક્રપણાના ભેદથી છે, તે આ પ્રમાણે...

જેમ વાંસનું મૂલ અત્યંત ગુપ્ત-વક્ર છે એવી રીતે કોઈક જીવની માયા પણ અત્યંત ગુપ્ત-વક્ર હોય છે, એવી રીતે અલ્પ-અલ્પતર અને અલ્પતમ અસરલતા વડે અન્ય માયા પણ વિચારવી, આ ચારે માયા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણી, પ્રત્યાખ્યાનાવરણી અને સંજ્વલની રૂપે અનુક્રમે જાણવી.

વંશીમૂલની વક્રતા સમાન માયામાં પ્રવેશેલો જીવ મરીને નૈરયિક ગતિમાં ઉત્પન્ન થાય છે.

મેષ-ઘેંટાના શીંગડાની વક્રતા સમાન માયામાં પ્રવેશેલો જીવ તિર્યગ યોનિમાં ઉત્પન્ન થાય છે.

ગોમૂત્રિકાની વક્રતા સમાન માયામાં પ્રવેશેલો જીવ મનુષ્ય યોનિમાં ઉત્પન્ન થાય છે.

અવલેહિકાની વક્રતા સમાન માયામાં પ્રવેશેલો જીવ દેવગતિમાં જાય છે.

આ રીતે માન વિગેરેમાં પ્રવેશ પામેલાને પણ જાણવા... અનુપ્રવિષ્ટ એટલે તે તે કષાયનો ઉદય... કષાયના ઉદયવાળો જીવ...

ચાર પ્રકારે માન છે... (૧) પત્થરનો થાંભલો (૨) હાડકાનો થાંભલો (૩) લાકડાનો થાંભલો અને (૪) નેતરનો થાંભલો આ દૃષ્ટાંતની જેમ ચાર પ્રકારનો માન છે.

શૈલસ્તંભ = શિલાના વિકારરૂપ શૈલ, તે જ સ્થંભ અર્થાત્ શૈલસ્તંભ.

અસ્થિસ્તંભ = હાડકાનો થાંભલો. દારુ = લાકડાનો થાંભલો.

તિનિશ એ એક વૃક્ષ વિશેષ છે. તેની લતા તે તિનિશલતા અર્થાત્ નેતરની સોટી... તે અત્યંત કોમળ હોય છે.

માન પણ શૈલ સ્તંભ વગેરેની સમાનતાવાળો છે, કારણ કે માનવાળાને નમન-ઝૂકવાનો અભાવ હોય છે આથી સમાનતા છે.

માન પણ અનુક્રમે અનંતાનુબંધી - અપ્રત્યાખ્યાનીય - પ્રત્યાખ્યાનીય તથા સંજ્વલન આમ ચાર પ્રકારે છે.

ચાર પ્રકારના વસ્ત્ર સમાન ચાર પ્રકારનો અનંતાનુબંધિ આદિ લોભ છે.

(૧) કિરમજી રંગથી રંગાયેલું (૨) કર્દમ = કાદવથી રંગાયેલું (૩) ખંજનથી રંગાયેલું અને (૪) હળદરથી રંગાયેલું.

કિરમજી - કૃમિ રંગમાં વૃદ્ધ સંપ્રદાય આ પ્રમાણે છે. મનુષ્યાદિના રૂધિરને લઈને કોઈપણ વસ્તુ વડે સંયુક્ત કરીને ભાજનમાં રાખે છે, ત્યારબાદ તેમાં કૃમિ ઉત્પન્ન થાય છે, તે કીડાઓ વાયુની ઈચ્છાવાળા થયેલા છિદ્રો દ્વારા નીકળીને બાજુમાં ફરે છે. ફરતાં-ફરતાં મુખમાંથી લાળ બહાર કાઢે છે, તે 'કૃમિસૂત્ર' કહેવાય છે, તે પોતાના સ્વાભાવિક રંગ વડે રંગાયેલા જ હોય છે. તેમાં કૃમિઓનો રાગ-રંગનાર રસ તે કૃમિરાગ અને તેના વડે રંગાયેલું તે કૃમિરાગરક્ત.

આ રીતે સર્વત્ર જાણવું.

(૨) કર્દમ = ગાયના રસ્તા વિગેરેનો કાદવ. (૩) ખંજન = દીવા વિગેરેનો મેલ. (૪) હળદર = પ્રસિદ્ધ જ છે.

લોભની કૃમિરાગ વગેરેથી રંગાયેલ વસ્ત્રની સાથે સમાનતા છે, કારણ કે અનંતાનુબંધી વગેરે જે લોભ કષાયના ભેદ છે તેને સમાન જીવોનું ક્રમ વેડ દઢ, હીન, હીનતર અને હીનતમ અનુબંધપણું હોય છે.. તે આ પ્રમાણે.

કૃમિરાગ વડે રંગાયેલ વસ્ત્ર બાળવા છતાં પણ રંગના અનુબંધને છોડે નહીં, તેની ભસ્મ પણ રક્ત જ હોય છે. એ પ્રમાણે જેઓ મરવા છતાં પણ લોભના અનુબંધને મુકતા નથી તેઓનો લોભ કૃમિરાગ વડે રંગાયેલ વસ્ત્ર સમાન અનંતાનુબંધી કહેવાય છે.

આ પ્રમાણે સર્વત્ર ભાવના કરવી.

ક્રોધ ચાર પ્રકારે છે : (૧) પર્વતની તિરાડ (૨) પૃથ્વીની તિરાડ (૩) રેતીમાં કરેલી રેખા તથા (૪) પાણીમાં કરેલી રેખા સમાન અનંતાનુબંધી વિગેરે ચાર પ્રકારનો ક્રોધ છે.

અનંતાનુબંધી ચારે કષાયની સ્થિતિ યાવજ્જીવ છે અને નરકગતિમાં ગમન કરાવે છે.

અપ્રત્યાખ્યાનીય કષાયની સ્થિતિ એક વરસની છે... તિર્યગ્ ગતિમાં ગમન કરાવે છે.
પ્રત્યાખ્યાનીય કષાયની સ્થિતિ ચાર માસની છે... મનુષ્ય ગતિમાં ગમન કરાવે છે.
સંજ્વલન કષાયની સ્થિતિ પંદર દિવસની છે - દેવગતિમાં ગમન કરાવે છે. ॥૧૧૦॥

कर्मसाम्यादाह—

**प्रकृतिस्थित्यनुभावप्रदेशभेदो बन्धो बन्धनोदीरणोपक्रमणाविपरिणामनाभेद उपक्रमः प्रकृतिस्थित्यनुभावप्रदेशविषयमल्पबहुत्वं संक्रमनिधत्तनिकाचितान्यपि ॥१११॥**

**प्रकृतीति**, सकषायजीवस्य कर्मयोग्यपुद्गलग्रहणं बन्धः, तत्र कर्मप्रकृतीनां ज्ञानावरणीयाद्यष्टभेदानामविशेषितस्य कर्मणो वा बन्धः प्रकृतिबन्धः । तासामेव जघन्यादिभेदेन स्थितेर्निर्वर्त्तनं स्थितिबन्धः, अनुभावो विपाकः, तीव्रादिभेदो रस इत्यर्थस्तस्य बन्धोऽनुभावबन्धः, जीवप्रदेशेषु कर्मप्रदेशानामनन्तानन्तानां प्रतिप्रकृति प्रतिनियतपरिणामानां बन्धः प्रदेशबन्धः परिमितपरिणामगुडादिमोदकबन्धवदिति । एवञ्च मोदकदृष्टान्तं वर्णयन्ति वृद्धाः, यथा किल मोदको नागरादिद्रव्यबद्धः सन् कोऽपि वातहरः कोऽपि पित्तहरः कोऽपि कफहरः कोऽपि मारकः कोऽपि बुद्धिकरः कोऽपि व्यामोहकरः, एवं कर्मप्रकृतिः काचिज्ज्ञानं काचिद्दर्शनमावृणोति काचित्सुखदुःखादिवेदनमुत्पादयति, तथा तस्यैव मोदकस्य यथाऽविनाशभावेन कालनियमरूपा स्थितिरेवं कर्मणोऽपि तद्भावेन नियतकालावस्थानं स्थितिबन्धः, यथा मोदकस्य स्निग्धमधुरादिरेकगुणद्विगुणादिभावेन रसो भवत्येवं कर्मणोऽपि देशसर्वघातिशुभाशुभतीव्रमन्दादिरनुभावबन्धः, तस्यैव मोदकस्य यथा नागरादिद्रव्याणां परिमाणवत्त्वमेवं कर्मणोऽपि पुद्गलानां प्रतिनियतप्रमाणता प्रदेशबन्ध इति । कर्मणो बद्धत्वोदीरितत्वादिना परिणमनहेतुर्जीवस्य शक्तिविशेष उपक्रमो योऽन्यत्र करणमिति रूढो बन्धादीनामारम्भो वोपक्रमः । तत्र कर्मपुद्गलानां जीवप्रदेशानाञ्च परस्परं सम्बन्धनं बन्धनं तस्योपक्रमः, इदञ्च सूत्रमात्रबद्धलोहशलाकासम्बन्धोपमम् । असंकलितावस्थस्य वा कर्मणो बद्धावस्थीकरणं तदेवोपक्रमो बन्धनोपक्रमः, वस्तुपरिकर्मवस्तुविनाशरूपस्याप्युपक्रमत्वात् । एवमप्राप्तकालफलानां कर्मणामुदयप्रवेशनमुदीरणा, उदयोदीरणानिधत्तनिकाचनाकरणानामयोग्यत्वेन कर्मणोऽवस्थापनमुपशमना कर्मणां विविधैः प्रकारैः सत्तोदयक्षयक्षयोपशमोद्वर्त्तनापवर्त्तनादिभिः परिणमनं गिरिसरिदुपलन्यायेन द्रव्यक्षेत्रादिभिर्वा करणविशेषेण वाऽवस्थान्तरापादनं विपरिणामना, इयं बन्धनादिषु तदन्येष्वप्युदयादिष्वप्यस्तीति सामान्यरूपत्वादिह भेदेनोक्ता । बन्धनोपक्रमश्चतुर्धा प्रकृत्यादिभिः, तत्र प्रकृतिबन्धनोपक्रमो जीवपरिणामो योगरूपः, तस्य

प्रकृतिबन्धहेतुत्वादेवं प्रदेशबन्धनोपक्रमोऽपि, स्थितिबन्धनोपक्रमोऽनुभावबन्धनोपक्रमश्च परिणाम एव कषायरूपः, तयोः कषायहेतुकत्वात् । एवमुदीरणोपक्रमणाविपरिणामना अपि चतुर्विधाः प्रकृत्यादिभिः, मूलोत्तरप्रकृतीनां दलिकं वीर्यविशेषेणाकृष्योदये यद्दीयते सा प्रकृत्युदीरणा, वीर्यादेव च प्राप्तोदयया स्थित्या सहाप्राप्तोदया या स्थितिरनुभूयते सा स्थित्युदीरणा, तथैव प्राप्तोदयेन रसेन सहाप्राप्तोदयो रसो यो वेद्यते साऽनुभागोदीरणा, तथा प्राप्तोदयैर्नियतपरिणामकर्मप्रदेशैः सहाप्राप्तोदयानां नियतपरिणामानां कर्मप्रदेशानां यद्वेदनं सा प्रदेशोदीरणा, इहापि कषाययोगरूपः परिणाम उपक्रमार्थः । प्रकृत्युपशमनोपक्रमादयश्चत्वारोऽपि सामान्योपशमनोपक्रमानुसारेण प्रकृतिविपरिणामनोपक्रमादयोऽपि सामान्यविपरिणामनोपक्रमलक्षणानुसारेण चावगन्तव्याः, उपक्रमस्तु प्रकृत्यादित्वेन पुद्गलानां परिणमनसमर्थं जीववीर्यमिति । अल्पं स्तोकं बहु प्रभूतं तद्भावोऽल्पबहुत्वम्, प्रकृतिविषयमल्पबहुत्वं बन्धाद्यपेक्षया, यथा सर्वस्तोकप्रकृतिबन्धक उपशान्तमोहादिः, एकविधबन्धकत्वात्, बहुतरबन्धक उपशमकादिसूक्ष्मसम्परायः षड्विधबन्धकत्वात् बहुतरबन्धकः सप्तविधबन्धकस्ततोऽष्टविधबन्धक इति । स्थितिविषयमल्पबहुत्वं यथा संयतस्य जघन्यः स्थितिबन्धः सर्वस्तोकः, एकेन्द्रियबादरपर्याप्तकस्य जघन्यः स्थितिबन्धोऽसंख्यातगुण इत्यादि । अनुभागं प्रत्यल्पबहुत्वं यथा अनन्तगुणवृद्धिस्थानानि सर्वस्तोकानि, असंख्येयगुणवृद्धिस्थानान्यसंख्येयगुणानि यावदनन्तभागवृद्धिस्थानान्यसंख्येयगुणानीत्यादि, प्रदेशाल्पबहुत्वं यथाऽष्टविधबन्धकस्याऽऽयुर्भागः स्तोको नामगोत्रयोस्तुल्यो विशेषाधिको ज्ञानदर्शनावरणान्तरायाणां तुल्यो विशेषाधिको मोहस्य विशेषाधिको वेदनीयस्य विशेषाधिक इत्यादि । जीवो यां प्रकृतिं बध्नाति तदनुभावेन प्रकृत्यन्तरस्थं दलिकं वीर्यविशेषेण यत्परिणमति स संक्रमः, तत्र प्रकृतिसंक्रमः सामान्यलक्षणावगम्य एव, मूलोत्तरप्रकृतीनां स्थितेर्यदुत्कर्षणमपकर्षणं वा प्रकृत्यन्तरस्थितौ वा नयनं स स्थितिसंक्रमः । अनुभावसंक्रमोऽप्येवमेव । यत्कर्मद्रव्यमन्यप्रकृतिस्वभावेन परिणम्यते स प्रदेशसंक्रमः । उद्वर्त्तनापवर्त्तनावर्जितानां शेषकरणायोग्यत्वेन कर्मणोऽवस्थापनं निधत्तम्, कर्मणः सर्वकरणायोग्यत्वेनावस्थापनं निकाचितम् अथवा पूर्वबद्धस्य कर्मणस्तप्तसंमीलितलोहशलाकासम्बन्धसमानं निधत्तं, तप्तमिलितसंकुट्टितलोहशलाकासम्बन्धसमानं निकाचितम्, उभयत्रापि प्रकृत्यादिविशेषः सामान्यलक्षणानुसारेण ज्ञेय इति ॥१११॥

કર્મની સામ્યતાથી કહે છે...

ચાર પ્રકારે બંધ છે - (૧) પ્રકૃતિ બંધ (૨) સ્થિતિ બંધ (૩) રસ બંધ (૪) પ્રદેશ બંધ.

ચાર પ્રકારે ઉપક્રમ છે - (૧) બંધન ઉપક્રમ (૨) ઉદીરણા ઉપક્રમ (૩) ઉપક્રમણ ઉપક્રમ અને (૪) વિપરિણામન ઉપક્રમ.

અલ્પબહુત્વ ચાર પ્રકારે છે - (૧) પ્રકૃતિ અલ્પબહુત્વ (૨) સ્થિતિ અલ્પબહુત્વ (૩) અનુભાવ અલ્પબહુત્વ (૪) પ્રદેશ અલ્પબહુત્વ.

તે પ્રમાણે સંક્રમ-નિધત્ત અને નિકાચિતના ચાર-ચાર ભેદ જાણવા.

**બંધ** :- કષાયયુક્ત જીવ કર્મને યોગ્ય પુદ્‌ગલોનું જે ગ્રહણ કરે તે બંધ.

**પ્રકૃતિબંધ** :- જ્ઞાનાવરણીય વિગેરે આઠ પ્રકારે કર્મની પ્રકૃતિઓ છે. સામાન્યથી કર્મનો બંધ તે પ્રકૃતિબંધ.

**સ્થિતિબંધ** :- કર્મની આત્મા સાથે રહેવાની કાળમર્યાદા... કર્મ પ્રકૃતિઓનું જઘન્યાદિ ભેદ વડે સ્થિતિને બાંધવી તે સ્થિતિબંધ.

**અનુભાવ** :- વિપાક... કર્મનો ઉદય... કર્મની તીવ્ર-મંદ ફળ આપવાની શક્તિ - તેને યોગ્ય બંધ તે અનુભાવ બંધ.

**પ્રદેશબંધ** :- કર્મપુદ્‌ગલોનો જથ્થો... (સમૂહ) ચોક્કસ પરિણામવાળા અનંતાનંત કર્મ પ્રદેશોનો જીવના પ્રદેશોને વિષે દરેક પ્રકૃતિ પ્રતિ જે સંબંધ થવો તે પ્રદેશબંધ. પરિમિત પરિમાણવાળા ગોળ વિગેરેના લાડવાના બંધની જેમ આ પ્રદેશબંધ જાણવો.

લાડવાના દૃષ્ટાંતને વૃદ્ધ પુરૂષો આ રીતે વર્ણવે છે... જેમ નક્કી માપવાળા લોટ-ગોળ-ઘી-શૂંઠાદિ દ્રવ્યોથી તૈયાર કરેલ કોઈ મોદક-લાડવો વાયુને હરનાર - કોઈક કફને હરનાર - કોઈ પિત્તને હરનાર - કોઈક મારનાર... કોઈક બુદ્ધિને વધારનાર... કોઈક વ્યામોહ પેદા કરનાર હોય છે તેવી રીતે કોઈ કર્મપ્રકૃતિ જ્ઞાનને આવરે છે તો કોઈ દર્શનને આવરણ કરે છે... કોઈ સુખ-દુઃખ વિગેરે વેદનને ઉત્પન્ન કરે છે. આ છે **પ્રકૃતિબંધ.**

વળી તે મોદકનો નાશ ન થવારૂપ સ્વભાવ વડે કાલની મર્યાદારૂપ સ્થિતિ હોય છે. અર્થાત્ કોઈ ૨ દિવસ કોઈ ૪ દિવસ રહે છે - તે રીતે કર્મનો પણ તેવા પ્રકારનો સ્વભાવ હોવાથી નિયતકાલ પર્યંત રહે છે તે **સ્થિતિબંધ.**

જેમ તે જ મોદકનો સ્નિગ્ધ-મધુર વગેરે એક ગુણ - દ્વિગુણાદિ ભાવ વડે રસ હોય છે, તે રીતે કર્મનો પણ દેશઘાતિ, સર્વ ઘાતિ, શુભ-અશુભ, તીવ-મંદાદિ **અનુભાવ બંધ** હોય છે.

જેમ તે મોદકને લોટ વિગેરે દ્રવ્યનું પરિમાણ હોય છે એવી રીતે કર્મના પુદ્‌ગલોનું પણ નિશ્ચિત પરિમાણ-પ્રમાણરૂપ **પ્રદેશ બંધપણું** હોય છે.

**ઉપક્રમ** :- બંધનપણું - ઉદીરણાપણું વગેરેથી કર્મના પરિણમવાના હેતુભૂત જીવની શક્તિવિશેષ તે ઉપક્રમ.

અન્ય સ્થળે 'ઉપક્રમ' એ 'કરણ' અર્થમાં રૂઢ થયેલ છે. અથવા ઉપક્રમ = પ્રારંભ... બંધ વિગેરેનો આરંભ તે ઉપક્રમ.

(૧) કર્મપુદ્ગલો અને જીવના પ્રદેશોનો પરસ્પર સંબંધ તે બંધન... તેનો ઉપક્રમ અર્થાત્ પ્રારંભ... આ સંબંધ સૂત્રમાત્રથી બાંધેલ લોહની શલાકા-સળીના સંબંધ સમાન જાણવો.

અથવા ભિન્ન-ભિન્ન અવસ્થામાં રહેલ કર્મનું બંધનરૂપ કરવું તે જ ઉપક્રમ તે **બંધન ઉપક્રમ...** કારણ કે વસ્તુના સંસ્કાર અને વિનાશરૂપ ઉપક્રમ પણ કહેલ છે.

(૨) **ઉદીરણ ઉપક્રમ** :- કર્મના ફળનો સમય પ્રાપ્ત થયો ન હોય છતાં તેને ઉદયમાં લાવવા તે **ઉદીરણા.**

(૩) **ઉપશમના** :- કર્મોને ઉદય, ઉદીરણાકરણ, નિધત્તકરણ અને નિકાચનાકરણને માટે અયોગ્યપણાએ સ્થાપન કરવા તે **ઉપશમના.**

(૪) તથા વિવિધ પ્રકારો વડે અર્થાત્ સત્તા-ઉદય-ક્ષય-ક્ષયોપશમ ઉદ્વર્તન અને અપવર્તનાદિ વડે કર્મોનું પર્વત ઉપરથી પડતી નદી સંબંધી પત્થરના ન્યાયે અથવા દ્રવ્ય-ક્ષેત્રાદિ વડે કે કરણ વિશેષ વડે કર્મોનું અવસ્થાન્તરં-બીજી અવસ્થારૂપે કરવા તે **વિપરિણામના.**

અહીં વિપરિણમના બંધનાદિને વિષે અને તેથી અન્ય ઉદયાદિને વિષે હોય છે તે સામાન્યરૂપે હોવાથી વિપરિણમના જુદી કહી છે.

બંધન ઉપક્રમ, પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશ વડે ચાર પ્રકારે છે. તેમાં પ્રકૃતિ બંધન ઉપક્રમ જીવનો યોગરૂપ પરિણામ છે, કેમકે યોગ એ પ્રકૃતિ બંધનો હેતુ હોય છે.

સ્થિતિબંધન ઉપક્રમ અને અનુભવબંધન ઉપક્રમ જીવનો પરિણામ જ છે, પરંતુ તે કષાયરૂપ છે, કારણ કે તે બંનેનો કષાય હેતુ છે.

આ પ્રમાણે ઉદીરણા ઉપક્રમણા અને વિપરિણામના પણ પ્રકૃતિ આદિ ચાર પ્રકારે છે.

**પ્રકૃતિ ઉદીરણા** :- મૂલ પ્રકૃતિ તથા ઉત્તર પ્રકૃતિના દલિકને જીવના વીર્ય વિશેષ વડે આકર્ષીને ઉદયમાં લવાય છે તે પ્રકૃતિ ઉદીરણા...

**સ્થિતિ ઉદીરણા** :- ઉદયમાં આવેલ સ્થિતિની સાથે ઉદયમાં નહીં આવેલ સ્થિતિને વીર્ય વડે જે ભોગવાય તે સ્થિતિ ઉદીરણા.

**અનુભાગ ઉદીરણા** :- ઉદયમાં આવેલ રસની સાથે ઉદયમાં નહીં આવેલ રસને વીર્ય વિશેષ વડે આકર્ષીને જે ભોગવાય છે તે અનુભાગ ઉદીરણા...

**પ્રદેશ ઉદીરણા** :- ઉદયમાં આવેલ નિયત પરિણામવાળા કર્મપ્રદેશોની સાથે ઉદયમાં નહીં આવેલ નિયત પરિણામવાળા કર્મ પ્રદેશનું જે ભોગવવું તે પ્રદેશ ઉદીરણા.

અહીં પણ કષાય અને યોગરૂપ પરિણામ એ ઉપક્રમ છે. પ્રકૃતિ, ઉપશમ અને ઉપક્રમ આદિ ચારેય પણ સામાન્ય ઉપશમનરૂપ ઉપક્રમના અનુસારે જાણવા... પ્રકૃતિ વિપરિણામના ઉપક્રમ વગેરે પણ સામાન્ય વિપરિણામરૂપ ઉપક્રમના લક્ષણ અનુસારે જાણવા.

**ઉપક્રમ :-** પુદ્ગલોને પ્રકૃતિપણાદિ વડે પરિણમન માટે સમર્થ જે જીવનું વીર્ય તે ઉપક્રમ.

**અલ્પબહુત્વ :-** અલ્પ = થોડું, પ્રભૂતં = ઘણું = અલ્પબહુ તે બંનેના ભાવ તે અલ્પબહુત્વ છે.

**પ્રકૃતિના વિષયવાળું અલ્પબહુત્વ** બંધાદિની અપેક્ષાએ છે. જેમકે સર્વથી અલ્પ પ્રકૃતિનો બંધક ઉપશાંત મોહાદિકવાળો છે, કારણ કે તે એકવિધ બંધક છે. (માત્ર સાતા વેદનીય)

ઘણી પ્રકૃતિનો બંધક, ઉપશમક વગેરે સૂક્ષ્મ સંપરાયવાળો છે કેમકે તે છ પ્રકારનો બંધક છે. (આયુષ્ય તથા મોહનીય સિવાય)

તેનાથી અધિક બંધક સપ્તવિધ બંધક અને તેનાથી પણ અધિક બંધક આઠે પ્રકૃતિને બાંધનાર છે.

**સ્થિતિ વિષયક અલ્પબહુત્વ :-** નવમા ગુણસ્થાનકવાળા મુનિ વિગેરેનો સર્વથી અલ્પ જઘન્ય સ્થિતિબંધ - એકેન્દ્રિય બાદર પર્યાપ્તા જીવોને જઘન્યથી અસંખ્યાતગુણો કર્મની સ્થિતિનો બંધ હોય છે. ઈત્યાદિ...

**અનુભાગ અલ્પબહુત્વ :-** અનંત ગુણવૃદ્ધિ અનુભાગના સ્થાનો સર્વથી અલ્પ છે.. તેનાથી અસંખ્યાત ગુણવૃદ્ધિના સ્થાનો અસંખ્યાતગુણા છે.. યાવત્ અનંતભાગવૃદ્ધિના સ્થાનો અસંખ્યાતગુણા છે.

**પ્રદેશ અલ્પબહુત્વ :-** આઠ મૂલ પ્રકૃતિના બાંધનારને આયુષ્યકર્મ પ્રદેશોનો ભાગ સર્વથી અલ્પ હોય છે.

તેનાથી નામ અને ગોત્ર કર્મના પ્રદેશનો ભાગ પરસ્પર તુલ્ય અને વિશેષાધિક.

તેનાથી જ્ઞાનાવરણીય - દર્શનાવરણીય અને અંતરાયકર્મને વિશેષાધિક અને પરસ્પર તુલ્ય.

તેનાથી મોહનીય કર્મને વિશેષાધિક... તેનાથી વેદનીય કર્મને વિશેષાધિક કર્મદલિકો પ્રાપ્ત થાય છે.

**સંક્રમ :-** જીવ જે પ્રકૃતિને બાંધે છે તેના અનુભાગ અર્થાત્ રસ વડે અન્ય પ્રકૃતિમાં રહેલ દલિકને વીર્ય વિશેષ વડે પરિણમાવે છે તે સંક્રમ કહેવાય.

(૧) **પ્રકૃતિ સંક્રમ :-** પ્રકૃતિ સંક્રમ સામાન્ય લક્ષણથી જાણવા યોગ્ય છે.

(૨) **સ્થિતિ સંક્રમ :-** મૂલ પ્રકૃતિ આઠ અથવા ઉત્તર પ્રકૃતિની સ્થિતિનું જે ઉત્કર્ષણ = વૃદ્ધિ... અથવા અપકર્ષણ = હાનિ... અથવા બીજી પ્રકૃતિની સ્થિતિમાં લઈ જવું એમ ત્રણ પ્રકારે સ્થિતિ સંક્રમ છે.

**(૩) અનુભાવ સંક્રમ :-** અનુભાવ રસનો સંક્રમ પણ એ રીતે જ અર્થાત્ સ્થિતિ સંક્રમની જેમ જાણવો.

**(૪) પ્રદેશ સંક્રમ :-** જે કર્મના દળીયા અન્ય પ્રકૃતિના સ્વભાવ વડે પરિણમન કરાય છે તે પ્રદેશ સંક્રમ.

**નિધત્ત :-** ઉદ્વર્તન અને અપવર્તનરૂપ બે કરણ સિવાય બાકીના ઉદીરણા આદિ કરણોના અયોગ્યપણે કર્મનું સ્થાપવુ તે નિધત્ત કહેવાય. અર્થાત્ જેના ઉદીરણાદિ થઈ શકે નહીં તે નિધત્ત કહેવાય છે.

**નિકાચના :-** સર્વ કરણના અયોગ્યપણાએ કર્મનું સ્થાપન કરવું તે નિકાચના... અથવા નિદ્ધત્તપણામાં ઉદ્વર્તન અને અપવર્તન કરણ હોય છે. પરંતુ નિકાચનામાં કોઈપણ કરણ હોતું નથી. અથવા પૂર્વે બાંધેલા કર્મને અગ્નિ વડે તપાવવાથી મળેલી લોહની શલાકા-શળીના સંબંધની જેમ નિધત્ત છે... અને તપાવવાથી મળેલી અને ઘણથી કૂટેલી લોહની શલાકાના સંબંધના જેવું જે કર્મ તે નિકાચિત છે - આ નિકાચિત કર્મ ભોગવ્યા વગર નાશ થતું નથી.

નિધત્ત અને નિકાચિતને વિષે પ્રકૃતિ - સ્થિતિ - રસ અને પ્રદેશનું સ્વરૂપ સામાન્ય લક્ષણને અનુસારે જાણવું. ॥૧૧૧॥

सर्वमिदं पूर्वोदितं जिनोक्तत्वात्सत्यमिति तन्निरूपयति—

**नामस्थापनाद्रव्यभावभेदं सत्यम्, उग्रघोरतपोरसपरित्यागजिह्वेन्द्रियसंलीनतता आजीविकानां तपांसि मनोवाक्कायोपकरणभेदाः संयमाः एवं त्यागाकिंचनते ॥११२॥**

**नामेति,** नामस्थापनासत्ये प्रसिद्धे द्रव्यसत्यमनुपयुक्तस्य भावसत्यन्तु स्वपरानुरोधेनोपयुक्तस्येति । आजीविकानां गोशालकशिष्याणामुग्रतपः अष्टमादि, घोरं आत्मनिरपेक्षम् । घृतादिरसपरित्यागः, मनोज्ञामनोज्ञेष्वाहारेषु रागद्वेषपरिहारो जिह्वेन्द्रियसंलीनता । आर्हतानान्तु द्वादशधा । मनोवाक्कायानामकुशलत्वेन निरोधाः, कुशलत्वेन तूदीरणानि संयमाः, उपकरणसंयमो महामूल्यवस्त्रादिपरिहारः, पुस्तकवस्त्रतृणचर्मपञ्चकपरिहारो वा । वस्त्रपञ्चकं द्विधा, अप्रत्युपेक्षितदुष्प्रत्युपेक्षितभेदात्, अजैडकगोमहिषीमृगाणामजिनं चर्मपञ्चकम् । मनःप्रभृतीनां त्यागः प्रतीत एव, मनःप्रभृतिभिरशनादेः साधुभ्यो दानं वा त्यागः । उपकरणेन पात्रादिना भक्तादेस्तस्य वा त्याग उपकरणत्यागः । न विद्यते किञ्चन द्रव्यजातमस्येत्यकिञ्चनस्तद्भावोऽकिञ्चनता निष्परिग्रहतेत्यर्थः ॥११२॥

પૂર્વમાં જણાવેલ આ સર્વ સિદ્ધાંત પરમાત્માએ કહેલ છે માટે સત્ય છે તેથી તેનું નિરૂપણ કરાય છે.

નામ-સ્થાપના-દ્રવ્ય તથા ભાવના ભેદથી સત્ય ચાર પ્રકારે છે. તેમાં **નામ સત્ય** તથા **સ્થાપના સત્ય** તો પ્રસિદ્ધ જ છે. **દ્રવ્ય સત્ય** - ઉપયોગ રહિત બોલનારનું સત્ય તે દ્રવ્ય સત્ય... **ભાવ સત્ય** - સ્વ કે પરના ઉપરોધ વિના ઉપયોગયુક્ત બોલનારનું જે સત્ય તે ભાવ સત્ય...

આજીવિકા-ગોશાલાના મતવાળાઓનો તપ ચાર પ્રકારે છે.

**(૧) ઉગ્ર તપ :-** આજીવિક ગોશાલકના શિષ્યોનો અઠ્ઠમ વિગેરે તપ તે ઉગ્ર તપ.

**(૨) ઘોર તપ :-** ઘોર = આત્મ નિરપેક્ષ... પોતાના શરીરની દરકાર કર્યા વગરનો તપ તે ઘોર તપ.

**(૩) રસ પરિત્યાગ તપ :-** ઘી વિગેરે વિગઈઓના રસના ત્યાગરૂપ તપ તે રસ પરિત્યાગ તપ.

**(૪) જિહ્વેન્દ્રિય સંલીનતા :-** મનોજ્ઞ કે અમનોજ્ઞ આહારને વિષે રાગ-દ્વેષનો ત્યાગ તે જિહ્વેન્દ્રિય સંલીનતારૂપ તપ. આ ચાર પ્રકારનો તપ છે,

અરિહંત ભગવંતના અનુયાયી-શિષ્યોને તો અનશનાદિ બાર પ્રકારનો તપ હોય છે.

**સંયમના ચાર પ્રકાર :-** (૧) મનસંયમ (૨) વચનસંયમ (૩) કાયસંયમ અને (૪) ઉપકરણસંયમ.

**(૧-૨-૩)** મન-વચન અને કાયાનો અકુશલપણાએ નિરોધરૂપ અને કુશલપણાએ પ્રવૃત્તિ કરવારૂપ મન-વચન અને કાયાનો સંયમ છે.

**(૪) ઉપકરણ સંયમ :-** બહુ મૂલ્યવાળા વસ્ત્ર વિગેરેના ત્યાગરૂપ આ સંયમ છે. અથવા પુસ્તક પંચક, વસ્ત્ર પંચક, તૃણ પંચક અને ચર્મ પંચકના ત્યાગરૂપ છે, તેમાં **વસ્ત્ર પંચક** બે પ્રકારે છે. (૧) અપ્રત્યુપેક્ષિત (૨) દુષ્પ્રત્યુપેક્ષિત.

**ચર્મ પંચક :-** બકરાનું ચામડું, ઘેંટાનું ચામડું, ગાયનું ચામડું, ભેંસનું ચામડું અને હરણનું ચામડું આ ચર્મપંચક જાણવું.

**ત્યાગ :-** મન-વચન-કાયા અને ઉપકરણ ત્યાગ... એમ ચાર પ્રકારે ત્યાગ છે.

(૧) અશુભ મનનો ત્યાગ અથવા મનથી સાધુઓને આહારાદિનું દાન તે **મન ત્યાગ.**

(૨) અશુભ વચનનો ત્યાગ અથવા વચનથી સાધુઓને આહારાદિનું દાન તે **વચન ત્યાગ.**

(૩) અશુભ કાયાનો ત્યાગ અથવા કાયાથી સાધુઓને આહારાદિનું દાન તે **કાયા ત્યાગ.**

(૪) પાત્રાદિ ઉપકરણ વડે અન્ન વિગેરેનું દાન તે **ઉપકરણ ત્યાગ.**

અકિંચનતાના ચાર પ્રકાર : (૧) મન અકિંચનતા (૨) વચન અકિંચનતા (૩) કાય અકિંચનતા (૪) ઉપકરણ અકિંચનતા.

કોઈપણ પ્રકારનું સુવર્ણ વિગેરે જેની પાસે નથી તે અકિંચન... તેનો ભાવ તે અકિંચનતા... નિષ્પરિગ્રહતા. ॥૧૧૨॥

अथ भावचातुर्विध्यमाह–

**कर्दमखञ्जनवालुकाशैलोदकसमो भावः ॥११३॥**

**कर्दमेति,** यत्र प्रविष्टः पादादिर्नाक्रष्टुं शक्यते कष्टेन वा शक्यते स कर्दमः, दीपादिखञ्जनतुल्यः पादादिलेपकारी कर्दमविशेष एव खञ्जनं, वालुकाप्रतीता, सा तु लग्नापि जलशोषे पादादेरल्पेनैव प्रयत्नेनापैतीत्यल्पलेपकारिणी, शैलास्तु पाषाणाः श्लक्ष्णरूपास्ते पादादेः स्पर्शनेनैव किञ्चिद्दुःखमुत्पादयन्ति न तु तथाविधं लेपमुपजनयन्ति कर्दमादिप्रधानान्युदकानि कर्दमोदकादीनि, तत्समो भावो जीवस्य रागादिपरिणामः, तस्य कर्दमोदकादिसाम्यं तत्स्वरूपानुसारेण कर्मलेपमङ्गीकृत्य मन्तव्यम् तत्तद्भावयुतो जीवो मृत्वा क्रमेण नैरयिकादिषूत्पद्यते ॥११३॥

હવે ભાવના ચાર પ્રકાર જણાવે છે.

(૧) કર્દમ ઉદક સમાન (૨) ખંજન ઉદક સમાન (૩) વાલુકા ઉદક સમાન તથા (૪) શૈલ ઉદક સમાન.

**(૧) કર્દમ :-** જેમાં ખૂંચેલા પગ વગેરે ખેંચી ન શકાય અથવા કષ્ટ વડે ખેંચી શકાય તે કર્દમ-કાદવ...

**(૨) ખંજન :-** દીપક વગેરેની મેશના જેવો, પગ આદિને લેપ કરાય - ચોંટી જાય તેવો જે હોય તે ખંજન. આ ખંજન પણ કર્દમ વિશેષ જ છે.

**(૩) વાલુકા :-** વાલુકા એટલે રેતી... તે પ્રસિદ્ધ જ છે. ભીની આ રેતી પગ વગેરેને લાગી હોય તો પણ પાણી સૂકાઈ જવાથી અલ્પ મહેનતે દૂર થઈ જાય છે માટે અલ્પ લેપ કરનારી છે.

**(૪) શૈલ :-** શૈલ એટલે કોમળ પાષાણો... તે પગ વગેરેને સ્પર્શ વડે જ કંઈક દુઃખ ઉપજાવે છે, પરંતુ તેવા પ્રકારનો લેપને ઉત્પન્ન કરતા નથી.

કાદવ વગેરેની પ્રધાનતાવાળા ઉદકો તે કર્દમોદક વગેરે કહેવાય છે. કર્દમોદક વિગેરેના જેવો જે રાગાદિ પરિણામ તે ભાવ... આ ભાવ-જીવના પરિણામોનું કર્દમોદક વગેરેની સાથે તુલ્યપણું તેના સ્વરૂપને અનુસાર કર્મના લેપને અંગીકાર કરીને માનવું. તે-તે ભાવથી યુક્ત જીવ મરીને ક્રમપૂર્વક નરકાદિ ગતિમાં ઉત્પન્ન થાય છે - તે આ પ્રમાણે.

કર્દમ ઉદક સમાન ભાવને પ્રાપ્ત થયેલ જીવ કાળ કરીને નરકમાં ઉત્પન્ન થાય.

ખંજન ઉદક સમાન ભાવને પ્રાપ્ત થયેલ જીવ તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થાય.

વાલુકા ઉદક સમાન ભાવને પ્રાપ્ત થયેલ જીવ કાળ કરીને મનુષ્ય ગતિમાં ઉત્પન્ન થાય.

શૈલ ઉદક સમાન ભાવને પ્રાપ્ત થયેલ જીવ કાળ કરીને દેવ ગતિમાં ઉત્પન્ન થાય. ॥૧૧૩॥

तद्वतः पुरुषान् निरूपयति–

**रुतरूपाभ्यां प्रीत्यप्रीतिभ्यां पुरुषाणां चतुर्भङ्गः ॥११४॥**

**रुतेति**, रुतं मनोज्ञशब्दः रूपमपि तथा, तत्र यथा कश्चित् पक्षी मनोज्ञशब्देन सम्पन्नो न च रूपेण मनोज्ञेन, कोकिलवत्, कश्चिद्रूपसम्पन्नो न रुतसम्पन्नः प्राकृतशुकवत्, उभयसम्पन्नो मयूरवत्, अनुभयसम्पन्नः काकवत्तथा पुरुषोऽपि यथायोगं मनोज्ञशब्दः प्रशस्तरूपश्च प्रियवादित्वसद्वेषत्वाभ्यां साधुर्वा सिद्धसिद्धान्तप्रसिद्धशुद्धधर्मदेशनादिस्वाध्यायप्रबन्धवान् लोचविरलवालोत्तमाङ्गतातपस्तनुतनुत्वमलमलिनदेहताऽल्पोपकरणतादिलक्षणसुविहितसाधूरूपधारी वा योज्यः । एवं कश्चित् प्रीतिं करोमीति परिणतः प्रीतिमेव करोति स्थिरपरिणामत्वादुचित-प्रतिपत्तिनिपुणत्वात् सौभाग्यवत्त्वाद्वा । अन्यस्तु प्रीतिकरणे परिणतोऽप्रीतिं करोत्युक्तवैपरीत्यात् । अपरोऽप्रीतौ परिणतः प्रीतिमेव करोति सञ्जातपूर्वभावनिवृत्तत्वात् परस्य वाऽप्रीतिहेतुतोऽपि प्रीत्युत्पत्तिस्वभावत्वात् । कश्चिच्चाप्रीतिपरिणतोऽप्रीतिमेव करोति । अथवा कश्चिदात्मनो भोजनाच्छादनादिभिरानन्दमुत्पादयति न परस्य, आत्मार्थप्रधानत्वात्, अन्यः परस्य परार्थप्रधानत्वान्नात्मनः, अपर उभयस्याप्युभयार्थप्रधानत्वात्, इतरो नोभय-स्यापि, उभयार्थशून्यत्वादिति ॥११४॥

ચાર પ્રકારના પુરૂષોનું નિરૂપણ કરાય છે.

રુત અને રૂપ વડે તથા પ્રીતિ અને અપ્રીતિ વડે પુરૂષોના ચાર ભાંગા છે.

રુતં = મનોજ્ઞ શબ્દ-સ્વર, રૂપં = મનોજ્ઞ રૂપ.

પક્ષી ચાર પ્રકારે છે, તે આ પ્રમાણે...

(૧) કોઈ પક્ષી મનોહર સ્વરવાળો છે પણ રૂપસંપન્ન નથી... કોયલની જેમ.

(૨) કોઈ પક્ષી રૂપ સંપન્ન છે પણ મનોહર સ્વરવાળો નથી... સામાન્ય પોપટની જેમ.

(૩) કોઈ પક્ષી રૂપસંપન્ન પણ છે... મનોહર સ્વરવાળો પણ છે.. મોરની જેમ.

(૪) કોઈ પક્ષી રૂપસંપન્ન પણ નથી... મનોહર સ્વરવાળો પણ નથી... કાગડાની જેમ.

પક્ષીની જેમ પુરૂષો પણ ચાર પ્રકારના છે.

(૧) કોઈ પુરૂષ પ્રિય બોલનારો હોય અને સુંદર વેષ વડે રૂપસંપન્ન અર્થાત્ સાધુ પણ હોય.

(૨) કોઈ પુરૂષ પ્રિય બોલનારો હોય પણ રૂપસંપન્ન સાધુ ન હોય.

(૩) કોઈ પુરૂષ પ્રિય બોલનારો ન હોય પણ રૂપસંપન્ન સાધુ હોય.

(૪) કોઈ પુરૂષ પ્રિય બોલનારો ન હોય અને રૂપસંપન્ન સાધુ પણ ન હોય.

અથવા સિદ્ધ એવા સિદ્ધાંતમાં પ્રસિદ્ધ, શુદ્ધ ધર્મ દેશનાદિ સ્વાધ્યાયના પ્રબંધવાળો તે **શબ્દ સંપન્ન.**

લોચ વડે અલ્પ કેશવાળું ઉત્તમાંગપણું અર્થાત્ મસ્તકની સુંદરતા. તપ વડે કાયાની કૃશતા, મેલ વડે મલિન કાયા, અલ્પ ઉપકરણપણું વિગેરે લક્ષણ વડે સુવિહિત સાધુના રૂપને ધારણ કરનાર તે **રૂપસંપન્ન.**

અથવા... કોઈ પુરૂષ

(૧) હું પ્રીતિ કરું એવા પરિણામવાળો થયેલો પ્રીતિને કરે છે, સ્થિર પરિણામવાળો હોવાથી... તથા ઉચિત પ્રવૃત્તિ કરવામાં ચતુર કે સૌભાગ્યવાળો હોવાથી.

(૨) કોઈ પુરૂષ પ્રીતિ કરવામાં પરિણત થયો થકો અપ્રીતિને જ કરે છે, કારણ કે તે સ્થિર પરિણમાદિ ગુણથી વિપરિત હોય છે.

(૩) કોઈ પુરૂષ અપ્રીતિમાં પરિણત થયો થકો પ્રીતિને જ કરે છે, કેમકે ઉત્પન્ન થયેલા પૂર્વના પરિણામથી નિવૃત્ત થવાથી... અથવા બીજાની અપ્રીતિનો હેતુ છતાં પણ પ્રીતિની ઉત્પત્તિના સ્વભાવવાળો હોવાથી પ્રીતિને કરે છે.

(૪) કોઈ પુરૂષ અપ્રીતિમાં પરિણત થયો થકો અપ્રીતિ જ કરે છે. અથવા

(૧) કોઈ પુરૂષ ભોજન-વસ્ત્રાદિ વડે પોતાના આત્માને પ્રીતિ-આનંદ ઉત્પન્ન કરે છે, પરંતુ સ્વાર્થમાં તત્પર હોવાથી બીજાને આનંદ ઉત્પન્ન કરતો નથી.

(૨) કોઈ પુરૂષ પરાર્થમાં તત્પર હોવાથી બીજાને આનંદ આપે છે - પણ પોતાને નહીં.

(૩) કોઈ પુરૂષ સ્વાર્થ અને પરમાર્થ... બંનેમાં તત્પર હોવાથી સ્વ-પર બંનેને આનંદ આપે છે.

(૪) સ્વાર્થ તથા પરાર્થ રહિત કોઈ પુરૂષ સ્વને તથા પરને બંનેને આનંદ આપતો નથી. ॥૧૧૪॥

पुनरप्याह–

**शीलव्रतगुणव्रतविरमणप्रत्याख्यानपोषधोपवासप्रतिपत्तुः सामायिकदेशावकाशिकानुपालयितुश्चतुष्पर्व्यां सम्यक् परिपूर्णं पोषधमनुपालयितुः कृतसंलेखनाभक्तपानप्रत्याख्यानपादपोपगतस्य कालमनवकांक्षमाणस्य च श्रमणोपासकस्याऽऽश्वासाश्चत्वारः ॥११५॥**

**शीलेति,** श्रमणोपासकः साधूपासकः श्रावकस्तस्याऽऽश्वासाः सावद्यव्यापारलक्षणभारविमोचनेन विश्रामाश्चित्तस्याश्वासनानीदं मे परलोकभीतस्य त्राणमित्येवं रूपाणि, स हि जिनागमसद्भावदातबुद्धितयाऽऽरम्भपरिग्रहौ दुःखपरम्पराकारिसंसारकान्तारकारणभूततया

परित्यज्यावित्याकलयन् करणभरवशतया तयोः प्रवर्त्तमानो महान्तं खेदसन्तापं भयञ्चोद्वहति भावयति च 'हृदये जिनानामाज्ञा चरित्रं ममेदृशमपुण्यस्य। एवमालप्यालमाश्चर्यं दूरं विसंवदति ॥ हतमस्माकं ज्ञानं हतमस्माकं मनुष्यमाहात्म्यम् । यत्किल लब्धविवेका अपि विचेष्टामो बालबाला इवे'ति । यदा शीलानि-समाधानविशेषां ब्रह्मचर्यविशेषा वा, व्रतानि स्थूलप्राणातिपातविरमणादीनि, गुणव्रते-दिग्व्रतोपभोगपरिभोगव्रतलक्षणे विरमणान्यनर्थदण्ड-विरतिप्रकारा रागादिविरतयो वा, प्रत्याख्यानानि-नमस्कारसहितादीनि, पोषधः पर्वदि-नमष्टम्यादि तत्रोपवसनमभक्तार्थः, एता योऽभ्युपगच्छति तदा तस्यैक आश्वासः । सामायिकं सावद्ययोगपरिवर्जननिरवद्ययोगप्रतिसेवनलक्षणं यत्र व्यवस्थितः श्राद्धः श्रमणकल्पो भवति, तथा देशे दिग्व्रतगृहीतस्य दिक् परिणामस्य विभागेऽवशकाशोऽवस्थानमवतारो विषयो यस्य तद्देशावकाशं तदेव देशावकाशिकं दिग्व्रतगृहीतस्य दिक्परिमाणस्य प्रतिदिनं संक्षेपकरणं सर्वव्रतसंक्षेपकरणं वा योऽनुपालयति प्रतिपत्त्यनन्तरमखण्डभावेनासेवते तस्यैक आश्वासः । चतुष्पर्वी चतुर्दश्यष्टम्यमावास्यापूर्णिमारूपा तस्यां परिपूर्णमहोरात्रं यावदाहारशरीरसत्कार-त्यागब्रह्मचर्याव्यापारलक्षणभेदोपेतं पोषधमासेवते तस्यापर आश्वासः, संलेखना तपोविशेषः, सा चापश्चिममारणान्तिकी संलेखना कृता येन, तथा भक्तपानयोः प्रत्याख्यानं कृतं येन, तथा पादपोपगमनमनशनविशेषं प्रतिपन्नस्य कालं मरणकालमनवकांक्षन्नवस्थातुश्चापर आश्वास इत्यर्थः ॥११५॥

પુનઃ પુરૂષના પ્રકારો જણાવે છે.

શ્રમણોપાસક અર્થાત્ શ્રાવકના ચાર વિશ્રામ સ્થાન છે.

(૧) સાધુઓની જે ઉપાસના કરે છે - સેવા કરે છે તે શ્રમણોપાસક-શ્રાવક. આવા શ્રાવકોને સાવદ્ય કાર્યને છોડવા વડે ચિત્તને આશ્વાસનરૂપ વિશ્રામો છે. નિશ્ચિત સ્થાને પહોંચે તે પહેલાંના વચ્ચે-વચ્ચેના વિશ્રામ છે. પરલોકથી ભય પામેલ મને આ ત્રાણરૂપ છે. શરણરૂપ છે... આવા પ્રકારના આ વિશ્રામો છે.

તે શ્રાવક જિનાગમના સંગથી નિર્મળ બુદ્ધિ વડે, આરંભ અને પરિગ્રહ એ બંને દુઃખની પરંપરાને કરનાર અને સંસારરૂપ કાંતારના કારણભૂત હોવાથી ત્યાગ કરવા યોગ્ય છે એમ જાણતો ઇંદ્રિયરૂપ સુભટના વશથી આરંભ અને પરિગ્રહને વિષે પ્રવર્તન કરતો અતિ ખેદ, સંતાપ અને ભયને વહન કરે છે અને નીચે પ્રમાણે ભાવના ભાવે છે.

हृदये जिनानामाज्ञा चरित्रं ममेदृशमपुण्यस्य । एवमालप्यालमाश्चर्यं दूरं विसंवदति ॥

हतमस्माकं ज्ञानं, हतमस्माकं मनुष्यमाहात्म्यम् । यत्किल लब्धविवेका अपि विचेष्टामो बालबाला इवे'ति ॥

મારા હૃદયમાં જિનેશ્વરની આજ્ઞા હોવા છતાં પુણ્યરહિત એવો મારું વર્તન તો આવું છે. આ આશ્ચર્ય છે. અત્યંત વિરોધ થાય છે... તો આવું બોલીને શું ?

અમારું જ્ઞાન હણાઈ ગયું છે... અમારું મનુષ્ય સંબંધી માહાત્મ્ય હણાઈ ગયું છે, જેથી પ્રાપ્ત થયેલા વિવેકવાળા પણ અમે નાની બાળિકાની જેમ ચેષ્ટા કરીએ છીએ.

**(૧) પ્રથમ વિસામો :-** જે અવસરે **શીલ** = સદાચાર અથવા બ્રહ્મચર્ય વિશેષ.

**વ્રતો** - સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વિગેરે...

**ગુણવ્રતો** - દિશા વ્રત અને ઉપભોગ - પરિભોગ વ્રતરૂપ.

**વિરમણ** - અનર્થદંડની વિરતિના પ્રકારો અથવા રાગાદિની વિરતિ.

**પ્રત્યાખ્યાન** - નવકારશી વિગેરે.

**પૌષધ** - આઠમ-ચૌદશ વગેરે પર્વ દિવસોમાં ઉપવાસ - આહારનો ત્યાગ.

આ શીલ વિગેરેમાં જે સ્વીકારે છે ત્યારે તેનો એક-પ્રથમ વિસામો.

**(૨) બીજો વિસામો :-** જે અવસરમાં સાવદ્ય યોગના ત્યાગપૂર્વક નિરવદ્ય યોગના સેવનરૂપ સામાયિકમાં રહેલો સાધુ શ્રમણ જેવો થાય છે. દિશા પરિમાણવ્રત ગ્રહણ કરેલ શ્રાવકને દિશાના પરિમાણના વિભાગમાં અવકાશ અર્થાત્ અવતાર વિષયક અવસ્થાન જે વ્રતમાં છે તે દેશાવકાશ તે જ દેશાવકાશિક અર્થાત્ દિશાવ્રતમાં ગ્રહણ કરેલ દિશાના પરિમાણને રોજ સંક્ષેપવારૂપ અથવા બધાંય વ્રતોના સંક્ષેપ કરવારૂપ વ્રતનું અનુપાલન કરે છે, અર્થાત્ વ્રત ગ્રહણ કર્યા પછી અખંડ રીતે પાળે છે તે પણ એક બીજો વિસામો છે.

**(૩) ત્રીજો વિસામો :-** ચૌદશ-આઠમ-અમાવાસ્યા તથા પૂર્ણિમારૂપ ચાર પર્વમાં પરિપૂર્ણ એટલે રાત્રિ-દિવસનો આહાર, શરીર સત્કાર ત્યાગ, બ્રહ્મચર્ય પાલન તથા અવ્યાપાર = સાવદ્ય પ્રવૃત્તિના ત્યાગરૂપ ચાર પ્રકાર યુક્ત પૌષધ કરે છે તે પણ એક ત્રીજો વિસામો છે.

**(૪) ચોથો વિસામો :-** સંલેખના = તપ વિશેષ... અંતિમ મારણાન્તિકી સંલેખના કરી છે જેણે... તથા ભક્ત-પાન (આહાર-પાણી)નું પચ્ચક્ખાણ કર્યું છે જેણે... પાદપોપગમન (વૃક્ષની જેમ નિશ્ચેષ્ટ) નામના અનશન વિશેષનો સ્વીકાર કર્યો છે જેણે... તથા મૃત્યુ સમયને નહીં ઈચ્છતો થકો જે વિચરે છે... રહે છે તે પણ એક ચોથો વિસામો છે. ॥૧૧૫॥

पुनरप्याह—

**उदितोदित उदितास्तमितोस्तमितोदितोस्तमितास्तमितश्च ॥११६॥**

**उदितेति**, उदितश्चासौ उदितश्च, उन्नतकुलबलसमृद्धिनिरवद्यकर्मभिरभ्युदयवान् परमसुख-संदोहोदयेनोदितश्चोदितोदितः, यथा भरतः, तथैवोदितो भास्कर इवास्तमितश्च सर्वसमृद्धि-

भ्रष्टत्वाद्दुर्गतिगतत्वाच्चेत्युदितास्तमितो यथा ब्रह्मदत्तचक्रवर्ती, स हि पूर्वमुदित उन्नतकुलोत्पन्नत्वादिना स्वभुजोपार्जितसाम्राज्यत्वेन च, पश्चादस्तमितोऽतथाविधकारणकुपितब्राह्मणप्रयुक्तपशुपालधनुर्गोलिकाप्रक्षेपणोपायप्रस्फोटिताक्षिगोलकतया मरणानन्तराप्रतिष्ठानमहानरकमहावेदनाप्राप्ततया चेति । तथाऽस्तमितो हीनकुलोत्पत्तिदुर्भगत्वदुर्गतत्वादिना, उदितश्च समृद्धिकीर्त्तिसुगतिलाभादिनेत्यस्तमितोदितो यथा हरिकेशबलाभिधानोऽनगारः, स हि जन्मान्तरोपात्तनीचैर्गोत्रकर्मवशावाप्तहरिकेशाभिधानचाण्डालकुलतया दुर्भगतया दरिद्रतया च पूर्वमस्तमित आदित्य इवानभ्युदयवत्त्वादस्तमित इति, पश्चात्तु प्रतिपन्नप्रव्रज्यो निष्प्रकम्पचरणगुणावर्जितदेवकृतसान्निध्यतया प्राप्तप्रसिद्धितया सुगतिगततया चोदित इति । अस्तमितो दुष्कुलतया दुष्कर्मकारितया च कीर्त्तिसमृद्धिलक्षणतेजोवर्जितत्वात् पुनरस्तमितो दुर्गतिगमनादित्यस्तमितास्तमितः, यथा कालाभिधानः सौकरिकः, स हि सूकरैर्मृगयां करोति दुष्कुलोत्पन्नः प्रतिदिनं महिषपञ्चशतीव्यापादक इति पूर्वमस्तमितः, पश्चादपि मृत्वा सप्तमनरकपृथिवी गत इत्यस्तमित एवेति ॥११६॥

પુનઃ ચાર પ્રકારના પુરૂષને કહે છે...

ચાર પ્રકારના પુરૂષ છે - તે આ પ્રમાણે... (૧) ઉદિતોદિત (૨) ઉદિતાસ્તમિતો (૩) અસ્તમિતોદિત તથા (૪) અસ્તમિતાસ્તમિત.

**(૧) ઉદિતોદિત** :- ઉચ્ચ કુલ, બલ, સમૃદ્ધિ અને નિર્દોષ કાર્યો વડે અભ્યુદયવાળો અને પરમ સુખ સમૂહના ઉદય વડે અંત સુધી ઉદય પામેલ તે ઉદિતોદિત દા.ત. ભરત ચક્રવર્તી.

**(૨) ઉદિતાસ્તમિતો** :- પ્રથમ ઉદય પામેલ અને પછી અસ્ત પામેલ સૂર્યની જેમ સર્વ સમૃદ્ધિ વડે ભ્રષ્ટ થવાથી અને દુર્ગતિમાં જવાથી ઉદિતાસ્તમિતો... દા.ત. ઉદય પામીને ઉદય રહિત થયેલ બ્રહ્મદત્ત ચક્રવર્તી.

ઉચ્ચ કુલમાં ઉત્પન્ન થવા વગેરેથી અને પોતાના બાહુબળથી પ્રાપ્ત કરેલ સામ્રાજ્ય વડે પ્રથમ ઉદય પામેલ અને તેવા પ્રકારના કારણથી કોપ પામેલ બ્રાહ્મણ દ્વારા પ્રેરણા પામેલ ગોવાલ વડે છોડાયેલ ધનુષ્યની ગોળીથી ફૂટી ગયેલ આંખની કીકી વડે અને મૃત્યુ બાદ અપ્રતિષ્ઠાન નામના મહા નરકવાસની મહા વેદનાની પ્રાપ્તિ વડે અસ્ત પામેલ-પતન પામેલ બ્રહ્મદત્ત ચક્રવર્તીની જેમ.

**(૩) અસ્તમિતોદિત** :- હીન કુલમાં ઉત્પત્તિ... દુર્ભાગ્ય અને દારિદ્રય વિગેરેથી પ્રથમ અસ્તમિત... અને પછી સમૃદ્ધિ-કીર્તિ-સુગતિની પ્રાપ્તિ વગેરેથી ઉદિત-ઉદય પામેલ તે અસ્તમિતોદિત... દા.ત. હરિકેશબલ નામના મુનિ...

જન્માંતરમાં બાંધેલ નીચ ગોત્ર કર્મના વશથી પ્રાપ્ત કરેલ હરિકેશ નામના ચંડાલકુલપણાથી, દુર્ભાગ્યપણાથી... દરિદ્રપણાથી પ્રથમ અસ્ત પામેલા - આથમેલા સૂર્યની જેમ અભ્યુદય ન પામવાથી અસ્તમિત પણ પછીથી પ્રવ્રજ્યાના સ્વીકારથી, નિશ્ચલ ચારિત્રના ગુણો વડે આકર્ષાયેલા દેવો વડે કરાયેલ સહાય વડે... પ્રાપ્ત થયેલી પ્રસિદ્ધિ વડે અને સદ્ગતિમાં જવા વડે ઉદિત.

**અસ્તમિતાસ્તમિત** :- પહેલાં ખરાબ કુલપણું અને દુષ્ટ કર્મ કરવાપણાથી કીર્તિ, સમૃદ્ધિરૂપ તેજથી રહિત હોવાથી અસ્તમિત...

અને પછીથી દુર્ગતિમાં જવાથી અસ્ત પામેલ તે અસ્તમિતાસ્તમિત... દા.ત. કાલ નામનો સૌકરિક.

આ કાલ સૌકરિક સુવરો વડે શિકારને કરે છે, દુષ્ટ કુલમાં ઉત્પન્ન થયેલ અને દરરોજ પાંચસો પાડાને મારનાર હોવાથી પ્રથમ અસ્તમિત... અને પછીથી પણ મરીને સાતમી નારકીમાં ગયા માટે અસ્તમિત. આમ અસ્તમિતાસ્તમિત. ॥૧૧૬॥

पुरुषाश्रयेणैवाह—

**जातिकुलबलरूपश्रुतशीलचारित्रेषु द्विकयोगाच्चतुर्भङ्गः ॥११७॥**

**जातीति,** केचिज्जातिसम्पन्ना न कुलसम्पन्नाः, अपरे जातिसम्पन्नाः कुलसम्पन्नाश्च, अन्ये न जातिसम्पन्नाः कुलसम्पन्नाश्च, इतरे न जातिसम्पन्ना न वा कुलसम्पन्नाः, एवं जातिबलयोगेन जातिरूपयोगेन जातिश्रुतयोगेन जातिशीलयोगेन जातिचारित्रयोगेन कुलबलयोगेन कुलरूपयोगेन कुलश्रुतयोगेन कुलशीलयोगेन कुलचारित्रयोगेनेत्येवंरूपतया पुरुषाश्चतुर्भङ्गपातिनो विज्ञेयाः ॥११७॥

પુનઃ પુરૂષને આશ્રયીને ચતુર્ભંગી કહે છે.

જાતિ, કુલ, બલ, રૂપ, શ્રુત, શીલ અને ચારિત્ર આ સાત પદોનો દ્વિક સંયોગથી ૨૧ (એકવીશ) ચતુર્ભંગી થાય છે, તે આ પ્રમાણે...

કોઈ જાતિ સંપન્ન છે પણ કુલ સંપન્ન નથી.

કોઈ કુલ સંપન્ન છે પણ જાતિ સંપન્ન નથી.

કોઈ જાતિ સંપન્ન પણ છે કુલ સંપન્ન પણ છે.

કોઈ જાતિ સંપન્ન પણ નથી કુલ સંપન્ન પણ નથી...

એ પ્રમાણે જાતિ અને કુલના યોગથી... જાતિ અને બલના યોગથી... જાતિ અને રૂપના યોગથી... જાતિ અને શ્રુતના યોગથી... (છ દ્વિ સંયોગ)

જાતિ અને શીલના યોગથી... જાતિ અને ચારિત્રના યોગથી... તથા કુલ અને બલના યોગથી... કુલ અને રૂપના યોગથી... (પાંચ દ્વિક સંયોગ)

કુલ અને શ્રુતના યોગથી... કુલ અને શીલના યોગથી... કુલ અને ચારિત્રના યોગથી...

આ પ્રમાણે ચતુર્ભંગીરૂપ પુરૂષો જાણવા. તથા બલ અને રૂપ, બલ અને શ્રુત, બલ અને શીલ, બલ અને ચારિત્ર. (ચાર દ્વિક સંયોગ)

તથા રૂપ અને શ્રુત, રૂપ અને શીલ, રૂપ અને ચારિત્ર. (ત્રણ દ્વિક સંયોગ)

તથા શ્રુત અને શીલ, શ્રુત અને ચારિત્ર. (બે દ્વિક સંયોગ)

તથા શીલ અને ચારિત્ર. (એક દ્વિક સંયોગ) દ્વિક સંયોગ ૨૧-૨૧ ચતુર્ભંગી થાય. ॥૧૧૭॥

पुनः पुरुषाश्रयेणाह–

**आत्मपराभ्यां वैयावृत्त्येतत्कर्तृत्वप्रतीच्छाभ्यां च ॥११८॥**

**आत्मेति,** कश्चित्पुरुष आत्मवैयावृत्त्यमेव करोति न परस्य, अलसो विसम्भोगिको वा, परस्यैव वैयावृत्त्यकरः स्वार्थनिरपेक्षः, स्वपरवैयावृत्त्यकरः स्थविरकल्पिकः कोऽप्युभयनिवृत्तोऽनशनविशेषप्रतिपन्नकादिः । वैयावृत्त्यं करोत्येवैको नेच्छति निःस्पृहत्वात्, अन्यः प्रतीच्छत्येव आचार्यत्वग्लानत्वादिना, अपरः करोति प्रतीच्छति च स्थविरविशेषः, उभयनिवृत्तोऽन्यो जिनकल्पिकादिः ॥११८॥

વૈયાવૃત્ત્યની અપેક્ષાએ ચતુર્ભંગી...

(૧) કોઈ પુરૂષ પોતાની સેવા કરે છે બીજાની નહીં. દા.ત. આળસુ કે વિસંભોગિક.

(૨) કોઈ પુરૂષ બીજાની સેવા કરે છે... સ્વયંની નહીં.

(૩) કોઈ પુરૂષ પોતાની સેવા કરે છે... બીજાની પણ કરે છે. (સ્થવિર કલ્પિક)

(૪) પોતાની પણ સેવા કરતો નથી... બીજાની પણ કરતો નથી. દા.ત. અનશન વિશેષને અંગીકાર કરનાર. જિનકલ્પી સાધુ વિ.

**અન્ય ચતુર્ભંગી :-**

(૧) કોઈ પુરૂષ વૈયાવચ્ચ કરે પણ અન્યની વૈયાવચ્ચનો સ્વીકાર કરતા નથી.

(૨) કોઈ પુરૂષ વૈયાવચ્ચ કરતાં નથી પણ અન્યની વૈયાવચ્ચનો સ્વીકાર કરે છે. આચાર્ય અથવા ગ્લાનપણાના કારણે વૈયાવચ્ચ ઈચ્છે છે.

(૩) કોઈ પુરૂષ અન્યની વૈયાવચ્ચ કરે અને બીજાની વૈયાવચ્ચનો સ્વીકાર પણ કરે. દા.ત. સ્થવિર વિશેષ.

(૪) કોઈ પુરૂષ વૈયાવચ્ચ કરે પણ નહીં અને અન્યની વૈયાવચ્ચનો સ્વીકાર પણ ન કરે. જિનકલ્પિક વિગેરે. ॥૧૧૮॥

तथा—

**गणस्यार्थसङ्ग्रहशोभाशोधिकर्तृत्वमानकर्तृत्वाभ्याञ्च ॥११९॥**

**गणस्येति**, सामान्येन कश्चिदर्थकार्यर्थान् हिताहितप्राप्तिपरिहारादीन् राजादीनां दिग्यात्रादौ करोति, मंत्री नैमित्तिको वा, स चार्थकरो न मानकरः कथमहमनर्थितः कथयिष्यामीत्यवलेपवर्जितः, एवमितरे त्रयः । गणस्य साधुसमुदायस्यार्थान् प्रयोजनान्याहारादिभिः स गणस्यार्थकरो न च मानकरः, अभ्यर्थनानपेक्षत्वात्, एवमन्ये त्रयो भङ्गा । गणस्याहारोपधिशयनादिकैर्ज्ञानादिना च संग्रहं करोति संग्रहकरः न मानकर्त्ता न माद्यति, एवमन्येऽपि । गणस्य शोभाकर्त्ता, अनवद्यसाधुसामाचारीप्रवर्त्तनेन वादिधर्मकथिनैमित्तिकविद्यासिद्धत्वादिना वा, नो मानकर्त्ता, अभ्यर्थनानपेक्षितया मदाभावेन वा, एवमन्येऽपि । गणस्य यथायोगं प्रायश्चित्तादिना शोधेः शुद्धेः कर्त्ता, अथवा शंकिते भक्तादौ सति गृहिकुले गत्वाऽनभ्यर्थितो यो भक्तशुद्धिं करोति स प्रथमः, यस्तु मानान्न गच्छति स द्वितीयः, यस्त्वभ्यर्थितो गच्छति स तृतीयः, यस्तु नाभ्यर्थनापेक्षी नापि तत्र गन्ता स चतुर्थ इति ॥११९॥

તથા અન્ય ચતુર્ભંગી...

આ સૂત્રમાં અર્થકર, ગણાર્થકર, ગણ સંગ્રહકર, ગણ શોભાકર અને ગણ શોધિકર આ પાંચ પદોથી સાથે 'માનકર' (માનકર્તૃ) પદ જોડી પાંચ ચતુર્ભંગી બતાવી છે.

(૧) અર્થકર... ન માનકર... દિગ્યાત્રાદિને વિષે રાજાદિને હિતની પ્રાપ્તિ અને અહિતના પરિહારરૂપ કાર્યને કરે છે પણ માન કરતો નથી. દા.ત. મંત્રી કે નૈમિત્તિક.

'હું વગર પૂછ્યે કેમ કહું ?' એમ માન કરતો નથી.

(૨) માન કરે - પણ કાર્ય ન કરે.

(૩) માન પણ કરે - કાર્ય પણ કરે.

(૪) માન પણ ન કરે - કાર્ય પણ ન કરે.

**ગણાર્થકર** :- ગણ એટલે સાધુ સમુદાય... તેને માટે આહારાદિ લાવવારૂપ કાર્ય કરે પણ માન ન કરે... કારણ કે તે પ્રાર્થનાની અપેક્ષાવાળો હોતો નથી... આ રીતે બીજા ત્રણ ભાંગા.

(૧) ગણ માટે આહારાદિ લાવે - માન ન કરે. (૨) ગણ માટે આહારાદિ લાવે - માન કરે. (૩) ગણ માટે આહારાદિ ન લાવે - માન કરે. (૪) આહારાદિ ન લાવે - ન માન કરે.

**ગણ સંગ્રહકર** :- ગણ માટે આહાર-ઉપધિ-શય્યા તથા જ્ઞાનાદિનો સંગ્રહ કરે છે પણ માન કરતો નથી... ગર્વ કરતો નથી. આ રીતે બીજા ત્રણ ભાંગા જાણવા.

**ગણ શોભાકર** :- ગણને નિર્દોષ સાધુ સામાચારીમાં પ્રવર્ત્તાવવા વડે અથવા વાદી-ધર્મ કથા - નૈમિત્તિક - વિદ્યા અને સિદ્ધ વગેરેપણાથી ગચ્છની શોભા કરનારા પણ માન કરનારા નહીં, કારણ કે પ્રાર્થનાની અભિલાષા નથી... અથવા અભિમાનનો અભાવ હોય છે. આ રીતે બીજા ત્રણ ભાંગા જાણવા.

**ગણ શોધિકર** :- ગણને યથાયોગ્ય પ્રાયશ્ચિત્તાદિ આપીને શુદ્ધિને જે કરે છે તે ગણ શોધિકર... અથવા આહારાદિને વિષે દોષની શંકા થયે છતે ગૃહસ્થના ઘરે જઈને તેની પ્રાર્થના સિવાય જે આહારની શુદ્ધિ કરે છે, તે પ્રથમ ભાંગો... પ્રથમ પુરૂષ.

જે માનથી જતો નથી તે બીજો પુરૂષ. ગૃહસ્થની પ્રાર્થનાથી જાય તે ત્રીજો પુરૂષ. અને જે પ્રાર્થનાની અપેક્ષા પણ કરતો નથી અને જતો પણ નથી તે ચોથો પુરૂષ. ॥૧૧૯॥

तथा—

**रूपधर्मयोर्धर्ममर्यादयोर्हानाहानाभ्याञ्च ॥१२०॥**

**रूपेति,** रूपं साधुनेपथ्यं तत्कारणवशात् कश्चित्त्यजति न धर्मं चारित्रलक्षणं बोटिकमध्यस्थितमुनिवत्, अन्यस्तु धर्मं न रूपम्, निह्नववत्, उभयमपि कश्चित् उत्प्रव्रजितवत्, नोभयं कश्चित् सुसाधुवत् । **धर्ममर्यादयोरिति,** धर्मं त्यजत्येको जिनाज्ञारूपं न मर्यादां स्वगच्छकृताम्, इह कैश्चिदाचार्यैः तीर्थकरानुपदेशेन मर्यादा कृता यथा—नास्माभिर्महाकल्पाद्यतिशयश्रुतमन्यगणसत्काय देयमिति, एवञ्च योऽन्यगणसत्काय न तद्ददाति स धर्मं त्यजति न मर्यादाम्, जिनाज्ञाननुपालनात्, तीर्थकरोपदेशो ह्येवम्—सर्वेभ्यो योग्येभ्यः श्रुतं दातव्यमिति प्रथमः । यस्तु ददाति स द्वितीयः, यस्त्वयोग्येभ्यस्तद्ददाति स तृतीयः । यस्तु श्रुताव्यवच्छेदार्थं तदव्यवच्छेदसमर्थस्य परशिष्यस्य स्वकीयदिग्बन्धं कृत्वा श्रुतं ददाति तेन न धर्मो नापि मर्यादा त्यक्तेति स चतुर्थः ॥१२०॥

તથા—

રૂપં = સાધુનો વેષ.

(૧) કારણવશાત્ કોઈ સાધુના વેષને છોડે છે પણ ચારિત્રલક્ષણ ધર્મને છોડતો નથી, બોટિક મતમાં રહેલ મુનિની જેમ.

(૨) કોઈ આત્મા ધર્મને છોડે છે પણ વેષને છોડતો નથી... નિન્હવની જેમ.

(૩) કોઈ આત્મા ધર્મને તથા વેષને બંનેને છોડે છે... દીક્ષાને છોડનારની જેમ.

(૪) કોઈ આત્મા ધર્મ તથા વેષ બંનેને છોડતા નથી... સુસાધુની જેમ. રૂપ સાથે ધર્મની આ ચતુર્ભંગી જાણવી.

હવે ધર્મ અને મર્યાદાની ચતુર્ભંગી...

(૧) કોઈ જિનાજ્ઞારૂપ ધર્મને છોડે છે પણ પોતાના ગચ્છમાં કરાયેલી મર્યાદાને છોડતા નથી.

અહીં કેટલાક આચાર્યોએ તીર્થંકરના ઉપદેશ વિના ગચ્છની મર્યાદા આ પ્રમાણે કરી કે... 'મહાકલ્પાદિ શ્રુત અન્યગચ્છવાળાઓ માટે આપણે આપવું નહીં, આ મર્યાદાના કારણે જે અન્ય ગણવાળાઓને શ્રુત ન આપ્યું તેથી જિનાજ્ઞાના પાલન ન કરવારૂપ ધર્મને છોડે છે પણ ગણની મર્યાદાને છોડતો નથી.

તીર્થંકરનો ઉપદેશ એ છે કે 'બધા યોગ્ય મુનિઓને શ્રુત આપવું' આનાથી વિરૂદ્ધ કરનારને જિનાજ્ઞા પાલન નથી... આ પ્રથમ.

(૨) જે યોગ્ય આત્માને શ્રુત આપે છે તે દ્વિતીય... જિનાજ્ઞા પાલન છે.

(૩) જે અયોગ્ય આત્માને શ્રુત આપે છે તે તૃતીય... અયોગ્યને શ્રુત આપવાની જિનાજ્ઞા નથી, તેથી ધર્મ અને ગચ્છની મર્યાદાનું ઉલ્લંઘન છે.

(૪) શ્રુતનો નાશ ન થાય માટે શ્રુતની રક્ષા કરવામાં સમર્થ અન્ય ગચ્છના શિષ્યને સ્વકીય દિગ્બંધ અર્થાત્ પોતાના ગચ્છની ક્રિયા કરાવીને શ્રુત આપે છે. (ભણનારે ભણાવનારના ગચ્છની ક્રિયાનું પાલન કરવું પડે.) તેથી આમાં ધર્મ અને ગચ્છની મર્યાદાનું ઉલ્લંઘન નથી. ॥૧૨૦॥

तथा—

**मातापितृभ्रातृमित्रसपत्नीसमा आदर्शपताकास्थाणुखरकण्टकसमाश्च श्रमणोपासकाः ॥१२१॥**

**मातापित्रिति,** श्रमणोपासको मातापितृसमानः, उपचारं विना साधुष्वेकान्तेनैव वत्सलत्वात्, भ्रातृसमोऽल्पतरप्रेमत्वात् तत्त्वविचारादौ निष्ठुरवचनादप्रीतेः, तथाविधप्रयोजने त्वत्यन्तवत्सलत्वाच्च, मित्रसमः सोपचारवचनादिना प्रीतिक्षतेः, तत्क्षतौ चापद्यप्युपेक्षकत्वात्, सपत्नीसमः, समानः पतिरस्याः सा सपत्नी यथा सा सपत्न्या ईर्ष्यावशादपराधान् वीक्षते, एवं यः साधुषु दूषणदर्शनतत्परोऽनुपकारी च स सपत्नीसमोऽभिधीयते । एवमादर्शसमो यो हि साधुभिः प्रज्ञाप्यमानानुत्सर्गापवादादीनागमिकान् भावान् यथावत् प्रतिपद्यते सन्निहितार्थानादर्शकवत् स आदर्शसमानः, यस्य बोधः पताकेवानवस्थितो विचित्रदेशनालक्षणवायुना सर्वतोऽपह्रियमाणत्वात्स पताकासमः । यस्य बोधोऽनमनस्वभावो गीतार्थदेशनया कुतोऽपि न चाल्यते कदाग्रहात् सोऽप्रज्ञापनीयः स्थाणुसमानः, यस्तु प्रज्ञाप्यमानो न केवलं स्वाग्रहान्न

चलत्यपि तु प्रज्ञापकं दुर्वचनकण्टकैर्विध्यति स खरकण्टकसमानः, खराः निष्ठुरा कण्टका यस्मिंस्तत् खरकण्टकं बब्बुलादिशाखा, सा च विलग्ना चीवरं न केवलमविनाशितं मुञ्चत्यपि तु तद्विमोचकं पुरुषादिकं हस्तादिषु कण्टकैर्विध्यति, श्रमणस्य भगवतो महावीरस्य श्रमणोपासकानां सौधर्मकल्पेऽरुणाभे विमाने चत्वारि पल्योपमानि स्थितिरिति ॥१२१॥

તથા–

શ્રમણોપાસકના ચાર પ્રકાર છે - (૧) માતા-પિતા સમાન (૨) ભાઈ સમાન (૩) મિત્ર સમાન તથા (૪) સપત્ની સમાન.

શ્રમણોપાસકના અન્ય રીતે ચાર પ્રકાર... (૧) દર્પણ સમાન (૨) પતાકા સમાન (૩) સ્તંભ સમાન તથા (૪) ખરકંટક સમાન.

**(૧) માતા-પિતા સમાન :-** શ્રાવકો કોઈપણ પ્રકારના ભેદ-ભાવ વિના સાધુઓને વિષે એકાંતે વાત્સલ્યવાળા હોય છે માટે માતા-પિતા સમાન.

**(૨) ભાઈ સમાન :-** શ્રાવકોને તત્ત્વની વિચારણામાં કઠોર વચન વડે અપ્રીતિને કારણે અલ્પતર પ્રેમ હોય છે, પરંતુ તેવા પ્રકારના પ્રયોજનને વિષે તો અત્યંત વાત્સલ્યવાળા હોવાથી ભાઈ સમાન છે.

**(૩) મિત્ર સમાન :-** ઉપચારપૂર્વકના વચનાદિથી પ્રીતિનો નાશ થવાથી અને પ્રીતિનો નાશ થયે છતે આપત્તિના સમયે પણ ઉપેક્ષા કરનાર હોવાથી તેઓ મિત્ર સમાન છે.

**(૪) સપત્ની-શૌક્ય સમાન :-** જે બે સ્ત્રીનો એક પતિ હોય તે બંને સ્ત્રીઓ સપત્ની-શૌક્ય કહેવાય.

જેમ શોક્ય પોતાની શોક્ય પ્રત્યેની ઈર્ષ્યાને કારણે તેના દોષોને જુવે છે, તે રીતે જે શ્રાવકો સાધુઓના દોષ જોવામાં તત્પર હોય અને ઉપકાર કરનારો ન હોય તે શ્રાવકો સપત્ની સમાન કહેવાય.

અન્ય રીતે શ્રમણોપાસકની ચતુર્ભંગી...

**(૧) આદર્શ સમાન :-** જે શ્રાવક સાધુઓ દ્વારા વર્ણન કરાતા ઉત્સર્ગ અને અપવાદાદિ આગમના ભાવોને યથાવત્ અર્થાત્ જેમ છે તેમ ગ્રહણ કરે છે, અર્થાત્ જેમ અરીસો સમીપમાં રહેલ પદાર્થોને ગ્રહણ કરે છે તેમ જે તત્ત્વને ગ્રહણ કરે છે તે શ્રાવકો આદર્શ સમાન કહેવાય.

**(૨) પતાકા સમાન :-** જે દિશામાં વાયુ વાતો હોય તે દિશામાં ધજા લહેરાતી હોય તેમ વિચિત્ર દેશનાદિરૂપ વાયુ વડે ચારે બાજુથી ખેંચાતો હોવાથી - ચંચલ ચિત્તવાળા તે શ્રાવકો પતાકા સમાન જાણવા.

(૩) **સ્થાણુ-સ્તંભ સમાન :-** જે શ્રાવકો ગીતાર્થ ભગવંતોની દેશના વડે પોતે કદાગ્રહી હોવાથી બોધ પામતા નથી તેવા નહીં ઝૂકવાના સ્વભાવવાળા શ્રાવકો સ્તંભ સમાન છે.

(૪) **ખરકંટક સમાન :-** જે શ્રાવકો સમજાવવા છતાં માત્ર પોતાના કદાગ્રહથી ચલિત થતા નથી એટલું જ નહીં પરંતુ સમજાવનારને દુર્વચનરૂપ કંટક વડે વીંધે છે તેઓ ખરકંટક સમાન છે.

ખર એટલે નિષ્ઠુર કાંટા છે જેને વિષે તે ખર કંટક - જેમકે બાવળ વગેરેની ડાલ... તે કપડામાં ભરાય તો વસ્ત્રને ફાડીને જ મૂકે તેમ નહીં પણ તેને મૂકાવનાર પુરૂષ વગેરેના હાથ પણ કાંટાઓ વડે વીંધાય છે. ॥૧૨૧॥

શ્રમણોપાસકના અધિકારથી કહેવાય છે કે... શ્રમણ ભગવંત મહાવીરસ્વામીના શ્રાવકોની સૌધર્મ દેવલોકમાં અરૂણાભ વિમાનમાં ચાર પલ્યોપમની સ્થિતિ છે.

अन्धकाराश्रयत आह—

**अर्हद्धर्मपूर्वगतजाततेजोव्युच्छेदेऽन्धकारः ॥१२२॥**

**अर्हदिति,** अर्हद्भिर्व्यवच्छिद्यमानैर्लोके तमिस्त्रं भवति तच्च द्रव्यतः, तस्योत्पातरूपत्वात्, छत्रभङ्गादौ रजउद्धातादिवत्, वह्निव्यवच्छेदेऽन्धकारमपि द्रव्यत एव, तथास्वभावात्, दीपादेरभावाद्वा, भावतोऽपि वा एकान्तदुष्षमादावागमादेरभावात् । अन्यद्व्यक्तम् । एवं लोकोद्योतोऽप्यर्हद्भिर्जायमानैरर्हद्भिः प्रव्रज्यमानैरर्हतां ज्ञानोत्पादपरिनिर्वाणमहिमासु चेति । एवं देवान्धकारदेवो द्योतदेवसन्निपातदेवोत्कलिकादेवकलकलास्तथा देवेन्द्राणां मनुष्यलोके आगमनञ्च भाव्यम् ॥१२२॥

હવે અંધકારને આશ્રયીને કહે છે.

ચાર કારણથી લોકમાં દ્રવ્ય તથા ભાવથી પણ અંધકાર થાય છે.

(૧) અરિહંતોનો વિચ્છેદ થયે છતે. (૨) અરીહંત પ્રરૂપેલ ધર્મને વિચ્છેદ થયે છતે. (૩) પૂર્વગત = ઉત્પાદ વગેરે પૂર્વનો વિચ્છેદ થયે છતે. (૪) અગ્નિનો વિચ્છેદ થયે છતે.

અરિહંતાદિના વિચ્છેદ થવા વડે લોકમાં અંધકાર થાય છે તે દ્રવ્યથી અંધકાર... કેમકે તેના ઉત્પાદરૂપ છે. છત્ર ભંગ વગેરે થયે છતે આંધી ચડવાની જેમ...

અગ્નિના વિચ્છેદમાં દ્રવ્યથી જ અંધકાર થાય છે, કારણ કે તેવા પ્રકારનો સ્વભાવ હોય છે... અથવા દીપક વગેરેનો અભાવ છે. અથવા ભાવથી પણ અંધકાર થાય છે, કારણ કે એકાંત દુઃષમ વગેરે કાળમાં આગમ વગેરેનો અભાવ હોય છે.

(ક્ષેત્રને આશ્રયીને આ કથન જાણી શકાય... અઢી દ્વીપ - ભરત-ઐરવત ક્ષેત્ર... મહાવિદેહ ક્ષેત્રને આશ્રયીને ફરક પડશે.)

લોકમાં ઉદ્યોત પણ ચાર કારણે થાય છે.

(૧) અરિહંતોના જન્મ સમયે. (૨) અરિહંતોની દીક્ષા અવસરે. (૩) અરિહંતોના કેવલજ્ઞાન પ્રાપ્તિના મહોત્સવ સમયે. (૪) અરિહંતોના નિર્વાણ મહોત્સવ સમયે.

તે જ રીતે દેવાંધકાર, દેવોદ્યોત, દેવોનું અવતરણ, દેવોનું એકઠા થવું અને દેવોનો કોલાહલ તથા દેવેન્દ્રોનું મનુષ્ય લોકમાં આગમન ચાર-ચાર કારણથી થાય છે.

**દેવ સન્નિપાત** :- દેવોનું એકત્રિત થઈ મનુષ્યલોકમાં આવવું.

**દેવોત્કલિકા** :- ઉત્કલિકા = તરંગ, પાણીમાં પેદા થતાં તરંગની જેમ પૂર્વોક્ત ચાર પ્રસંગે દેવોની શ્રેણિ એક પછી એક મનુષ્યલોકમાં આવે છે. મનુષ્ય લોકમાં આવેલ પંક્તિબદ્ધ દેવોના સમૂહ તે દેવોત્કલિકા.

**દેવ સન્નિપાત** :- દેવોનો મેળાપ.

**દેવોત્કલિકા** :- દેવોની લહેરી. (આનંદજન્ય કલ્લોલ)

**દેવકહકહેત્તિ** :- દેવોનો પ્રમોદપૂર્વક મહાધ્વનિ. ॥૧૨૨॥

अर्हतां प्रवचने दुःस्थितस्य साधोर्दुःखशय्या भवतीति तदाश्रयेण चतुःस्थानमाचष्टे—

**प्रवचने शङ्काकांक्षाविचिकित्सादिभिरश्रद्धधानस्य साधोः परलाभाभिलाषुकस्य दिव्यमानुषकामभोगाकांक्षिणोऽगारवासगात्रसंमर्द्दनाद्यपेक्षिणश्च दुःखशय्या ॥२३॥**

**प्रवचन इति,** दुःखदा शय्या दुःखशय्याः, ताश्च द्रव्यतोऽननुकूलखट्वादिरूपाः, भावतस्तु दुःस्थचित्ततया दुःश्रमणतास्वभावाः प्रवचनाश्रद्धानपरलाभप्रार्थनकामाशंसनस्नानादिप्रार्थनरूपाः, तत्र यः कश्चिद्गुरुकर्मा शासने भगवदुक्ते शङ्कित एकस्मिन्नपि भावे संशयितः कांक्षायुतो मतान्तरमपि साध्विति मन्ता फलं प्रति शङ्कावान् भगवच्छासनोक्तमिदं सर्वमेवमन्यथा वेति बुद्धिद्वैधं समाश्रितो नैतदेवमिति विपर्यस्तो वा सन् प्रवचनं सामान्येनैवमिदमिति न श्रद्धत्ते न वाऽभिलाषातिरेकेणाऽऽसेवनाभिमुखो भवति तथाविधस्य तस्य मनोऽसमञ्जसं याति ततो धर्मभ्रंशं संसारं वाऽऽपद्यत इत्यसौ श्रामण्यशय्यायां दुःखमास्त इत्येका दुःखशय्या, यश्च साधुर्न स्वकीयेन लाभेन तुष्यति परस्य चान्नरत्नादेर्लाभस्याशां करोति स नूनं मे दास्यतीति लभते चेद्धुक्त एव, ततोऽधिकतरमपि वाञ्छति तदेवंभूतस्य मनसोऽनवस्थानाद्धर्मभ्रंशं संसारं वा प्राप्नोतीति द्वितीया । यस्तु प्रव्रजितो यदाऽहमगारवासमावसामि तदा शरीरस्य मर्द्दनं तैलाभ्यङ्गमङ्गधावनं च लभे न मां कश्चिन्निषेधति यदा तु प्रव्रजितोऽस्मि तदा नाहमेतानि लभ इत्येवं यदा गात्रसंमर्द्दनाद्यभिलषति तदा तस्य मनसोऽस्थिरत्वाच्चतुर्थी । एतद्वैपरीत्येन सुखशय्या भाव्या ॥१२३॥

અરિહંત ભગવંતના જ પ્રવચનના અર્થ વિષે દુષ્ટપણે રહેલ સાધુને દુઃખ શય્યાઓ હોય છે તેથી તેને આશ્રયીને ચાર સ્થાન કહે છે.

(૧) નિર્ગ્રન્થ પ્રવચનમાં શંકા - આકાંક્ષા - વિચિકિત્સા આદિ વડે તેના ઉપર શ્રદ્ધા ન કરનાર સાધુને. (૨) અન્ય દ્વારા લાભ પ્રાપ્તિ કરવાની ઈચ્છાવાળા સાધુને. (૩) દિવ્ય-માનુષ્ય કામભોગોની આકાંક્ષાવાળા સાધુને. (૪) ગૃહસ્થવાસના શરીર ચોળવું-મર્દન કરવું વિગેરેની અભિલાષાવાળા સાધુને દુઃખ શય્યા હોય છે. દુઃખ આપનારી શય્યા તે દુઃખ શય્યા.

**દ્રવ્ય દુઃખશય્યા :-** અયોગ્ય ખટ્વા વિગેરે શય્યા.

**ભાવ દુઃખશય્યા :-** દુષ્ટ ચિત્તવૃત્તિ વડે દુષ્ટ શ્રમણપણાના સ્વભાવવાળી (૧) પ્રવચન અશ્રદ્ધારૂપ (૨) પરલાભ પ્રાર્થનારૂપ (૩) કામાશંસનરૂપ તથા (૪) સ્નાનાદિ પ્રાર્થન રૂપ દુઃખ શય્યા છે.

**(૧) શંકા :-** કોઈ ભારે કર્મી આત્મા અરિહંત પરમાત્માએ પ્રરૂપેલ શાસનને વિષે તેના એકાદ ભાવને વિષે પણ શંકાયુક્ત હોય.

**કાંક્ષા :-** જૈનશાસન સિવાય અન્ય મત પણ સારો છે એવી બુદ્ધિવાળો.

**વિચિકિત્સા :-** ફલ પ્રતિ શંકાવાળો.

**ભેદ સમાપન્ન :-** બુદ્ધિ વડે દ્વિધા ભાવને પામેલો અર્થાત્ જિનશાસનમાં કહેલું આ બધું આ પ્રમાણે જ છે કે બીજી રીતે ?

**કલુષ સમાપન્ન :-** જિનશાસનમાં કહેલ 'આ આ પ્રમાણે નથી જ' એવી રીતે વિપરીત બુદ્ધિવાળો આત્મા 'આ એમ છે' એવી રીતે સામાન્યથી શ્રદ્ધા કરતો નથી... અતિશય અભિલાષ વડે પરમાત્માના કથનના સેવન માટે સન્મુખ થતો નથી. તેનું મન અસમંજસ બને છે. જેથી ધર્મથી ભ્રંશ થાય છે અથવા તો સંસારને પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે સાધુ શય્યામાં દુઃખપૂર્વક રહે છે. આ પહેલી દુઃખ શય્યા.

(૨) જે સાધુ પોતાના લાભથી અર્થાત્ ભિક્ષામાં મળેલા આહાર-પાણીથી સંતોષ પામતો નથી પરંતુ બીજા પાસેથી અન્નાદિ કે રત્નાદિની પ્રાપ્તિની આશા કરે છે. તે નિશ્ચે મને આપશે - અને તે આપશે તો જ ખાઈશ, અને બીજાથી પ્રાપ્ત થયે છતે અધિકતરની ઈચ્છા કરે છે.

તેથી આવા પ્રકારની ચંચલ અવસ્થાથી ધર્મથી ભ્રંશ થાય કે સંસારને પ્રાપ્ત કરે છે. આ બીજી દુઃખ શય્યા.

(૩) દૈવી અને માનવીય કામ ભોગોની ઈચ્છા કરનારનું મન ચંચલ થાય છે તેથી તે ત્રીજી દુઃખ શય્યા.

(૪) જે સાધુ એમ વિચારે કે જ્યારે હું ઘરવાસમાં હતો ત્યારે હું શરીરનું મર્દન... તેલથી અભ્યંગ તથા શરીર પ્રક્ષાલન (ધોવું) વિગેરે કરી શકતો હતો - કોઈ નિષેધ કરતા ન હતા, પણ હવે મેં દીક્ષા લઈ લીધી તેથી હવે આ કંઈ કરી શકતો નથી.

હવે આવા વિચારથી જ્યારે તે શરીર સંમર્દન આદિની ઈચ્છા કરે છે ત્યારે તેનું મન અસ્થિર-ચંચલ થવાથી તે દુઃખ શય્યા છે. આ ચોથી દુઃખ શય્યા જાણવી.

આનાથી વિપરીત ચાર પ્રકારની સુખ શય્યા જાણવી. ॥૧૨૩॥

पुनः पुरुषविशेषानाह—

**आत्मम्भरिपरम्भरयो दुर्गतसुगता दुर्गतसुव्रता दुर्गतदुष्प्रत्यानन्दा दुर्गतदुर्गतिगामिनश्च ॥१२४॥**

**आत्मम्भरीति,** आत्मानं बिभर्ति पुष्णातीत्यात्मम्भरिः, तत्र कश्चित् आत्मम्भरिर्न परम्भरिः यथा स्वार्थकारक एव, स च जिनकल्पिकोऽन्यः परम्भनिर्नात्मम्भरिर्यथा परार्थकारक एव, स च भगवानर्हन् तस्य विवक्षया सकलस्वार्थसमाप्तेः परप्रधानप्रयोजनप्रापणप्रवणप्राणितत्वात्, अपर आत्मम्भरिः परम्भरिश्च यथा स्वपरार्थकारी, स च स्थविरकल्पिको विहितानुष्ठानः स्वार्थकरत्वात्, विधिवत्सिद्धान्तदेशनाच्च परार्थसम्पादकत्वात् । इतरस्तु नात्मम्भरिर्नापि परम्भरिर्यथोभयानुपकारी मुग्धमतिः कश्चिद्यथाच्छन्दो वेति । उभयानुपकारी दुर्गत एव स्यादिति तदाश्रयेणाह **दुर्गतसुगता** इति, पूर्वं दुर्गतो दरिद्रो धनविहीनत्वात् ज्ञानादिरत्नविहीनत्वाद्वा, पश्चादपि दुर्गतस्तथैवेत्येकः । दुर्गतः सुगतो द्वितीयः सुगतो दुर्गतस्तृतीयः, उभयथा सुगतश्चेति चतुर्थः । अत्र सुगतो द्रव्यतो धनी, भावतो ज्ञानादिगुणवान् । दुर्गतः कोऽपि व्रती स्यादित्यत आह **दुर्गतसुव्रता** इति, दरिद्रः सन् दुर्व्रतः, असम्यग्व्रतः, दुर्गतः सन् सुव्रतो निरतिचारनियमः, इतरौ प्रतीतौ । दुर्गतदुष्प्रत्यानन्दाः, कश्चिद्दुर्गतस्तथैव दुष्प्रत्यानन्दश्च, उपकृतेन कृतमुपकारं यो नाभिमन्यत इत्येकः, अपरो दुर्गतस्सन् सुप्रत्यानन्दो य उपकारं मन्यते, इतरावूह्यौ । **दुर्गतदुर्गतिगामिन** इति, तथैव दुर्गतः सन् दुर्गतिं गमिष्यतीत्येकः, दुर्गतः सन् सुगतिं गमिष्यतीत्यपरः, अन्यावप्येवम् ॥१२४॥

પુનઃ પુરૂષ વિશેષને કહે છે.

આત્મમ્ભરિની અને પરમ્ભરિની... દુર્ગતની સુગત સાથે... દુર્ગતની સુવ્રત સાથે... દુર્ગતની દુષ્પ્રત્યાનન્દ સાથે અને દુર્ગતની દુર્ગતિગામીની સાથે ચતુર્ભંગી થાય છે.

आत्मम्भरीति...

આત્માને ભરે... પોષણ કરે તે આત્મમ્ભરિ...

બીજાનું પોષણ કરે તે પરમ્ભરિ...

આના પરસ્પર ચાર ભાંગા થશે.

**(૧) આત્મમ્ભરિ ન પરમ્ભરિ :-** કોઈ પુરૂષ પોતાનું પોષણ કરનારા હોય છે, બીજાનું નહીં દા.ત. પોતાના જ કાર્યને કરનાર એવા જિનકલ્પી મહાત્મા...

**(૨) પરમ્ભરિ ન આત્મમ્ભરિ :-** બીજાનું પોષણ કરનારા હોય છે... પણ પોતાનું નહીં... દા.ત. અરિહંત ભગવંત.

પરાર્થકારી અરિહંત ભગવંત પોતાના સમગ્ર કાર્યની સમાપ્તિ થઈ ગઈ હોવાથી બીજાને મુખ્ય પ્રયોજન અર્થાત્ મોક્ષ માર્ગની પ્રાપ્તિ કરાવવા દક્ષતા-પ્રવીણતા બતાવતા હોય છે.

**(૩) આત્મમ્ભરિ-પરમ્ભરિ :-** સ્વ તથા પરનું કાર્ય કરનારા... સ્થવિરકલ્પી મહાત્માઓ... કારણ કે શાસ્ત્રોક્ત અનુષ્ઠાનથી પોતાનું કાર્ય કરનારા હોય છે... અને વિધિપૂર્વક સિદ્ધાંતની દેશનાથી પરાર્થ સંપાદક છે.

**(૪) ન આત્મમ્ભરિ ન પરમ્ભરિ :-** સ્વ તથા પરનું કાર્ય નહીં કરનારા. દા.ત. કોઈક મુઢમતિ અથવા સ્વચ્છંદાચારી.

સ્વ-પરનો ઉપકાર ન કરનાર દરિદ્રી જ હોય છે તેથી તેને આશ્રયીને કહે છે.

**દુર્ગત-સુગતની ચતુર્ભંગી :-**

દુર્ગત = ગરીબ (દ્રવ્યથી) ભાવથી દુર્ગત = જ્ઞાનાદિથી દરિદ્ર.

સુગત = ધનવાન (દ્રવ્યથી) ભાવથી સુગત = જ્ઞાનાદિ ગુણવાન.

(૧) પહેલાં દરિદ્ર... પછી પણ દુર્ગત = દરિદ્ર.

ધનથી પણ દરિદ્ર... જ્ઞાનાદિ ભાવથી પણ દરિદ્ર-હીન.

(૨) પહેલા દુર્ગત-દરિદ્ર... પછી સુગત.

(૩) પહેલાં સુગત... પછી દુર્ગત.

(૪) પહેલાં સુગત... પછી પણ સુગત.

કોઈ **દુર્ગત વ્રતી** પણ હોય છે. તેથી તે જણાવે છે.

દુર્ગત = દરિદ્ર... દુર્વ્રત = અયથાર્થ વ્રતવાળો.

સુવ્રત = નિરતિચાર નિયમવાળો.

(૧) કોઈ દરિદ્ર હોવા સાથે દુર્વ્રત - અસમ્યગ્વ્રતવાળો હોય.

(૨) કોઈ દરિદ્ર હોવા સાથે સુવ્રત - નિરતિચાર નિયમવાળો હોય.

(૩) કોઈ સુગત હોવા સાથે દુર્વ્રત.

(૪) કોઈ સુગત હોવા સાથે સુવ્રત પણ છે.

**દુર્ગત અને દુષ્પ્રત્યાનંદની ચતુર્ભંગી :-**

**દુષ્પ્રત્યાનંદ :-** ઉપકારીના ઉપકારને સ્વીકારે નહીં તે. મુશ્કેલીપૂર્વક આનંદ માને.

**સુપ્રત્યાનંદ :-** ઉપકારીના ઉપકારને માને. સહજ રીતે આનંદ પામે.

(૧) કોઈ દુર્ગત હોવા સાથે દુષ્પ્રત્યાનંદ.

(૨) કોઈ દુર્ગત હોવા સાથે સુપ્રત્યાનંદ.

(૩) કોઈ સુગત હોવા સાથે દુષ્પ્રત્યાનંદ.

(૪) કોઈ સુગત હોવા સાથે સુપ્રત્યાનંદ.

**દુર્ગત અને દુર્ગતિગામિની ચતુર્ભંગી :-**

(૧) કોઈ દુર્ગત હોતે છતે દુર્ગતિમાં જશે.

(૨) કોઈ દુર્ગત હોતે છતે સુગતિમાં જશે.

(૩) કોઈ સુગત હોતે છતે દુર્ગતિમાં જશે.

(૪) કોઈ સુગત હોતે છતે સુગતિમાં જશે. ॥૧૨૪॥

तथा—

**परिज्ञातकर्मसंज्ञाः परिज्ञातकर्मगृहावासा इहपरार्थाश्च ॥१२५॥**

**परिज्ञातेति,** कश्चित् परिज्ञातकर्मा न परिज्ञातसंज्ञः, ज्ञपरिज्ञया स्वरूपतोऽवगतानि प्रत्याख्यानपरिज्ञया च परिहृतानि कर्माणि कृष्यादीनि येन सः, न च परिज्ञाता आहारादिसंज्ञा येन स इत्येको भङ्गः, यथाऽभावितावस्थः प्रव्रजितः श्रावको वा । अपरः परिज्ञातसंज्ञो न परिज्ञातकर्मा यथा श्रावकः, सद्भावनाभावितत्वात्, कृष्यादितोऽनिवृत्तेश्च, तृतीयः साधुः चतुर्थोऽसंयत इति । परिज्ञातकर्मा सावद्यकरणकारणानुमतिनिवृत्तत्वात् कृष्यादिनिवृत्तत्वाद्वा, न परिज्ञातगृहावासोऽप्रव्रजित इत्येकः, अन्यस्तु परिज्ञातगृहावासो न त्यक्तारम्भो दुष्प्रव्रजित इति द्वितीयः, तृतीयः साधुश्चतुर्थोऽसंयतः, एवं त्यक्तसंज्ञो विशिष्टगुणस्थानकत्वादत्यक्त-गृहावासो गृहस्थत्वादित्येकः, अन्यस्तु परिहृतगृहावासो यतित्वात्, अभावितत्वान्न परिहृतसंज्ञः, अन्य उभयथा, अन्यो नोभयथेति भाव्यम् । इह जन्मन्यर्थः प्रयोजनं भोगसुखादि यस्य स इहार्थो न तु परार्थ इत्येको भङ्गः, यथा भोगपुरुषः, परत्र यस्यार्थो नेह स इत्यपरो यथा साधुः, इह परत्र च यस्यार्थः स सुश्रावक इत्यन्यः, उभयप्रतिषेधवान् कालसौकरिकादिरित्यपरः ॥१२५॥

તથા–

પરિજ્ઞાત કર્મ - તથા પરિજ્ઞાત સંજ્ઞા...

પરિજ્ઞાત કર્મ તથા પરિજ્ઞાત ગૃહવાસ... તથા ઈહાર્થ અને પરાર્થની ચતુર્ભંગી. (પરિજ્ઞાત કર્મ તથા પરિજ્ઞાત સંજ્ઞાની ચતુર્ભંગી.)

(૧) કોઈ પરિજ્ઞાત કર્મા હોય છે પરિજ્ઞાત સંજ્ઞાવાળા નથી હોતા. આ એક ભાંગો.

**પરિજ્ઞાત કર્મ :-** પાપ કર્મને જ્ઞપરિજ્ઞાથી જાણે અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે કૃષિ વિગેરે પાપકર્મનો ત્યાગ કરે તે પરિજ્ઞાત કર્મા.

**પરિજ્ઞાત સંજ્ઞા :-** સદ્‌ભાવનાથી ભાવિત... આહારાદિ ચાર સંજ્ઞા જાણનાર સદ્‌ભાવનાથી ભાવિત.

(૧) અભાવિત અવસ્થાવાળો પ્રવ્રજિત સાધુ અથવા શ્રાવક તે પરિજ્ઞાતકર્મા - અપરિજ્ઞાત સંજ્ઞાવાળા જાણવો. કૃષિ વિગેરે પાપકર્મથી નિવૃત્ત છે, પચ્ચક્‌ખાણ કર્યું છે પણ સદ્‌ભાવનાથી ભાવિત નથી આહારાદિ સંજ્ઞાવાળો છે. (આ પ્રથમ ભાંગો)

(૨) **પરિજ્ઞાત સંજ્ઞા - ન પરિજ્ઞાત કર્મ :-** જેમકે શ્રાવક... સદ્‌ભાવના વડે ભાવિત હોવાથી આહાર સંજ્ઞા વિગેરેથી રહિત પણ કૃષિ વિગેરે કર્મથી નિવૃત્ત નહીં થયેલ શ્રાવક.

(૩) **પરિજ્ઞાત કર્મ... પરિજ્ઞાત સંજ્ઞ :-** દા.ત. સાધુ.

(૪) **અપરિજ્ઞાત કર્મ... અપરિજ્ઞાત સંજ્ઞ :-** દા.ત. અસંયત આત્મા.

**પરિજ્ઞાત કર્મા તથા પરિજ્ઞાત ગૃહવાસની ચતુર્ભંગી :-**

(૧) **પરિજ્ઞાત ગૃહવાસ** = ગૃહવાસના ત્યાગી.

(૨) **પરિજ્ઞાત કર્મા - અપરિજ્ઞાત ગૃહવાસ :-** સાવદ્યકાર્ય કરવું - કરાવવું તથા અનુમોદવું. તેનાથી નિવૃત્ત અથવા કૃષિ કાર્યથી નિવૃત્ત પણ ગૃહવાસનો ત્યાગ નથી કરેલ તે અપ્રવ્રજિત... (આ પ્રથમ ભાંગો.)

(૨) **પરિજ્ઞાત ગૃહવાસ ન પરિજ્ઞાત કર્મા :-** ગૃહવાસને છોડેલ છે પણ આરંભને ત્યજ્યો નથી તે દા.ત. દુષ્પ્રવ્રજિત - દુષ્ટ સાધુ. (આ બીજો ભાંગો.)

(૩) **પરિજ્ઞાત ગૃહવાસ - પરિજ્ઞાત કર્મા :-** ઘરવાસનો પણ ત્યાગ - આરંભનો પણ ત્યાગ. દા.ત. સુસાધુ.

(૪) **અપરિજ્ઞાત ગૃહવાસ - અપરિજ્ઞાત કર્મા :-** ઘરવાસનો પણ ત્યાગ નહીં - આરંભનો પણ ત્યાગ નહીં. દા.ત. અસંયત.

**પરિજ્ઞાત સંજ્ઞ - પરિજ્ઞાત ગૃહવાસની ચતુર્ભંગી :-**

**(૧) પરિજ્ઞાત સંજ્ઞ-ત્યક્ત સંજ્ઞ - અત્યક્ત ગૃહાવાસ :-** વિશિષ્ટ ગુણસ્થાનક હોવાથી સંજ્ઞાને છોડનાર... પણ ગૃહસ્થ હોવાથી ગૃહવાસને છોડેલ નથી. (આ એક ભાંગો.)

**(૨) પરિહૃત ગૃહવાસ - ન પરિહૃત સંજ્ઞ :-** સાધુ હોવાથી ગૃહવાસનો ત્યાગ છે પણ સદ્ભાવથી ભાવિત ન હોવાથી આહારાદિ સંજ્ઞાનો ત્યાગ નથી.

**(૩) પરિહૃત ગૃહવાસ - પરિહૃત સંજ્ઞ :-** ભાવિત હોવાથી ગૃહવાસનો પણ ત્યાગ છે... આહારાદિ સંજ્ઞાનો પણ ત્યાગ છે. દા.ત. સુસાધુ.

**(૪) અપરિહૃત ગૃહવાસ - અપરિહૃત સંજ્ઞ :-** ગૃહવાસનો ત્યાગ નથી. આહારાદિ સંજ્ઞાનો પણ ત્યાગ નથી. દા.ત. અસંયત.

**ઈહાર્થ અને પરાર્થની ચતુર્ભંગી :-**

**ઈહાર્થ** = આ જન્મમાં જ ભોગ-સુખાદિ પ્રયોજનરૂપ લાગે તે ઈહાર્થ અર્થાત્ માત્ર વર્તમાનનું જ લક્ષ્ય રાખનાર.

**(૧) ઈહાર્થો ન પરાર્થ :-** આ લોકના ભોગ સુખની ઈચ્છા... ભાવિની પરલોકનું કોઈ પ્રયોજન નહીં. જેમકે ભોગપુરૂષ. ભાંગો-૧

**(૨) પરાર્થો ન ઈહાર્થ :-** પરલોકમાં-જન્માંતરમાં જેને શ્રદ્ધા છે તે પરાર્થ... પણ આ ભવમાં સુખ ભોગનું પ્રયોજન જણાતું નથી. દા.ત. સાધુ. (ભાંગો-૨)

**(૩) ઈહાર્થ-પરાર્થ :-** આ લોક તથા પરલોક બંનેમાં સુખનું પ્રયોજન જેને છે તે. દા.ત. શ્રાવક.

**(૪) ન ઈહાર્થ-પરાર્થ :-** ઉભય લોકના પ્રયોજનથી રહિત તે. કાલ સૌકરિક અથવા મૂઢ. ॥૧૨૫॥

तथा—

**एकेन द्वाभ्यां हानिवृद्धितश्च ॥१२६॥**

**एकेनेति,** चतुर्धा पुरुषा इति शेषः, कश्चिदेकेन श्रुतेनैव वर्द्धते, एकेन च सम्यग्दर्शनेन हीयते इत्येकः, एकेन श्रुतेनैवान्यो वर्द्धते द्वाभ्यां सम्यग्दर्शनविनयाभ्यां हीयत इति द्वितीयः, द्वाभ्यां श्रुतानुष्ठानाभ्यामन्यो वर्द्धते, एकेन सम्यग्दर्शनेन हीयत इति तृतीयः, द्वाभ्यां श्रुतानुष्ठानाभ्यामन्यो वर्द्धते द्वाभ्यां सम्यग्दर्शनविनयाभ्याञ्च हीयत इति चतुर्थः, अथवा ज्ञानेन वर्द्धते रागेण हीयत इत्येकः, अन्यो ज्ञानेन वर्द्धते रागद्वेषाभ्यां हीयत इति द्वितीयः, अन्यो ज्ञानसंयमाभ्यां वर्द्धते रागेण हीयत इति तृतीयः, अन्यो ज्ञानसंयमाभ्यां वर्द्धते रागद्वेषाभ्यां

हीयत इति चतुर्थः । अथवा क्रोधेन वर्द्धते मायया हीयते, क्रोधेन वर्द्धते मायालोभाभ्यां हीयते, क्रोधमानाभ्यां वर्द्धते मायया हीयते क्रोधमानाभ्यां वर्द्धते मायालोभाभ्यां हीयत इति ॥१२६॥

તથા–

એક અને બેની સાથે હાનિ અને વૃદ્ધિથી ચૌભંગી.

ચાર પ્રકારના પુરૂષો હોય છે.

(૧) કોઈ એક = શ્રુત વડે વધે છે... અને એકથી = સમ્યગ્દર્શનથી હીન થાય છે. આ એક ભાંગો.

(૨) બીજો એક વડે એટલે શ્રુત વડે વધે છે, અને બેથી અર્થાત્ સમ્યગ્દર્શન તથા વિનયથી હીન થાય છે. આ બીજો ભાંગો.

(૩) ત્રીજો બે વડે અર્થાત્ શ્રુત અને અનુષ્ઠાન વડે વૃદ્ધિ પામે છે, પણ એક વડે = સમ્યગ્દર્શન વડે હીન થાય છે. આ ત્રીજો ભાંગો.

(૪) ચોથો બે વડે = શ્રુત અને અનુષ્ઠાન વડે વધે છે અને બે વડે = સમ્યગ્દર્શન અને વિનય વડે હીન થાય છે. એ ચોથો ભાંગો. અથવા -

(૧) જ્ઞાન વડે વધે છે - રાગ વડે હીન થાય છે. તે એક ભાંગો.

(૨) જ્ઞાન વડે વધે છે - રાગ-દ્વેષ વડે હીન થાય છે. બીજો ભાંગો.

(૩) જ્ઞાન અને સંયમ વડે વધે છે - રાગ વડે હીન થાય છે. ત્રીજો ભાંગો.

(૪) જ્ઞાન અને સંયમ વડે વધે છે - રાગ-દ્વેષ વડે હીન થાય છે. ચોથો ભાંગો. અથવા -

(૧) કોઈ ક્રોધ વડે વધે છે, માયા વડે હીન થાય છે. પહેલો ભાંગો

(૨) કોઈ ક્રોધ વડે વધે છે, માયા-લોભ વડે હીન થાય છે. બીજો ભાંગો

(૩) કોઈ ક્રોધ-માન વડે વધે છે - માયા વડે હીન થાય છે. ત્રીજો ભાંગો

(૪) કોઈ ક્રોધ-માન વડે વધે છે - માયા-લોભ વડે હીન થાય છે. ચોથો ભાંગો ॥૧૨૬॥

संयतपुरुषाश्रयेणाह–

**शय्यावस्त्रपात्रस्थानप्रतिमाः प्रत्येकं चतस्त्रः ॥१२७॥**

**शय्येति**, शय्यते यस्यां सा शय्या संस्तारकः, तस्याः प्रतिमा अभिग्रहाः, तत्र उद्दिष्टं फलकादीनामन्यतमद्ग्रहीष्यामि नेतरदित्येका, यदेव प्रागुद्दिष्टं तदेव यदि द्रक्ष्यामि तदा तदेव ग्रहीष्यामि नान्यदित्यन्या, तदपि यदि तस्यैव शय्यातरस्य गृहे भवति ततो ग्रहीष्यामि नान्यत

आनीय तत्र शयिष्य इति तृतीया, तदपि फलकादिकं यदि यथासंस्तृतमेवाऽऽस्ते ततो ग्रहीष्यामि नान्यथेति चतुर्थी, आसु च प्रतिमास्वाद्ययोः प्रतिमयोर्गच्छनिर्गतानामग्रह उत्तरयोरन्यतरस्यामभिग्रहः, गच्छान्तर्गतानान्तु चतस्रोऽपि कल्पन्त इति । वस्त्रग्रहणविषये प्रतिज्ञाः वस्त्रप्रतिमाः कार्पासिकादीत्येवमुद्दिष्टं वस्त्रं याचिष्य इति प्रथमा, प्रेक्षितं वस्त्रं याचिष्ये नापरमिति द्वितीया, अन्तरपरिभोगेनोत्तरीयपरिभोगेन वा शय्यातरेण परिभुक्तप्रायं वस्त्रं ग्रहीष्यामीति तृतीया, तदेवोत्सृष्टधर्मकं ग्रहीष्यामीति चतुर्थी । अथ पात्रप्रतिमा उद्दिष्टदारुपात्रादि याचिष्य इति प्रथमा, प्रेक्षितमिति द्वितीया, दातुः स्वाङ्गिकं परिभुक्ताप्रायं द्वित्रेषु वा पात्रेषु पर्यायेण परिभुज्यमानं पात्रं याचिष्य इति तृतीया, उज्झितधर्मिकमिति चतुर्थी । कायोत्सर्गाद्यर्थे स्थानप्रतिमाः, तत्र कस्यचिद्भिक्षोरेवम्भूतोऽभिग्रहो भवति यथाऽहमचित्तं स्थानमुपाश्रयिष्यामि तत्र चाकुञ्चनप्रसारणादिकां क्रियां करिष्ये तथा किञ्चिदचित्तं कुड्यादिकमवलम्बयिष्ये तथा तत्रैव स्तोकपादविहरणं समाश्रयिष्यामीति प्रथमा प्रतिमा, द्वितीया त्वाकुञ्चनप्रसारणादिक्रियामवलम्बनञ्च करिष्ये न पादविहरणमिति, तृतीया त्वाकुञ्चनप्रसारणमेव नावलम्बनपादविहरणे इति, चतुर्थी च यत्र त्रयमपि न विधत्त इति ॥१२७॥

હવે સંયત પુરૂષને આશ્રયીને કહે છે -

શય્યા-વસ્ત્ર-પાત્ર અને સ્થાનની ચાર-ચાર પ્રતિમા-પ્રતિજ્ઞાનો નિર્દેશ છે.

જેના ઉપર સૂવાય તે શય્યા-સંથારો... તે સંબંધી પ્રતિમા = અભિગ્રહ તે શય્યા અભિગ્રહ.

(૧) ફલક = પાટીયું વિગેરેમાં કોઈપણ એક ઉદ્દિષ્ટ-નક્કી કરેલ જ લઈશ, બીજું નહીં. આ પ્રથમ અભિગ્રહ.

(૨) જે પ્રથમ નિશ્ચય કરેલ છે તેને જ જ્યારે જોઈશ ત્યારે તે જ લઈશ. પણ બીજું નહીં. આ બીજો અભિગ્રહ.

(૩) તેમાં પણ તે નિશ્ચય કરેલ શય્યા શય્યાતરના ઘરે હશે તો તેની પાસેથી લઈશ પણ બીજા સ્થાનથી લાવીને તેના ઉપર શયન કરીશ નહીં. આ ત્રીજો અભિગ્રહ.

(૪) તે ફલક વિગેરે પણ જો જેમ જોઈએ તેમ પાથરેલ હશે તો ગ્રહણ કરીશ પણ બીજી રીતે નહીં. આ ચોથી પ્રતિમા... ચોથો અભિગ્રહ.

આ ચાર પ્રતિમા-અભિગ્રહોમાં પહેલા બે અભિગ્રહો ગચ્છથી નીકળેલ સાધુઓને ગ્રહણ કરવા યોગ્ય નથી, પાછલી બે પ્રતિમા-અભિગ્રહમાંથી કોઈપણ એક અભિગ્રહ કરે. અન્ય ગચ્છમાં ગયેલા સાધુઓને તો ચારે કલ્પે છે.

**વસ્ત્ર ગ્રહણના વિષયમાં જે પ્રતિમા તે વસ્ત્ર અભિગ્રહ :-**

(૧) પહેલાં નિશ્ચિત કરેલ કોઈપણ એક કપાસ વગેરેનું વસ્ત્ર હું યાચીશ. આ પ્રથમ અભિગ્રહ.

(૨) જોયેલા વસ્ત્રને યાચીશ પણ બીજું નહીં. આ બીજો અભિગ્રહ.

(૩) નીચે પહેરવા વડે - કે ખેસ રૂપે પહેરવા વડે શય્યાતરે પ્રાયઃ સારી રીતે વાપરેલ હોય એવા વસ્ત્રને હું ગ્રહણ કરીશ. આ ત્રીજો અભિગ્રહ.

(૪) ફેંકવા-ત્યાગ કરવા યોગ્ય વસ્ત્રને હું ગ્રહણ કરીશ. આ ચોથો અભિગ્રહ.

**પાત્ર વિષયક અભિગ્રહ :-**

(૧) નિશ્ચિત કરેલ કાષ્ઠના પાત્ર વિગેરેને હું યાચીશ. આ પ્રથમ અભિગ્રહ.

(૨) જોયેલ પાત્રને યાચીશ. તે બીજો અભિગ્રહ.

(૩) દાતાની માલિકીનું - પ્રાયઃ વાપરેલું. બે-ત્રણ પાત્રામાં ક્રમપૂર્વક વપરાતું એવું પાત્રું યાચીશ. આ ત્રીજો અભિગ્રહ.

(૪) ત્યાગ કરવા યોગ્ય પાત્રને યાચીશ. આ ચોથો અભિગ્રહ.

**સ્થાન વિષયક અભિગ્રહ :-**

સ્થાન = કાયોત્સર્ગ આદિ માટે આશ્રયરૂપ તે સ્થાન.

(૧) તેમાં કોઈ સાધુને એવો અભિગ્રહ હોય છે કે - 'હું અચિત્ત સ્થાનનો આશ્રય કરીશ, અને ત્યાં પગ વિગેરેનું આકુંચન અને વિસ્તાર કરવારૂપ ક્રિયા કરીશ, તથા અચિત્ત ભીંત વગેરેનું કંઈક આલંબન લઈશ. તથા ત્યાં જ થોડા પાદ વિહરવા-ચાલવાનું કરીશ. આ પ્રથમ અભિગ્રહ.

(૨) અચિત્ત ભીંતના આલંબને હાથ-પગનું આકુંચન અને વિસ્તાર વિગેરે ક્રિયા કરીશ પણ ચાલવાનું નહીં કરીશ. આ બીજો અભિગ્રહ.

(૩) આકુંચન અને પ્રસારણ જ કરીશ પણ ભીંત આદિનું આલંબન તથા પાદવિહરણ નહીં કરું. આ ત્રીજો અભિગ્રહ.

(૪) સ્થાનમાં આકુંચન-પ્રસારણ... ભીંતાદિનું અવલંબન તથા પાદવિહાર. આ ત્રણમાંથી કશું કરીશ નહીં. આ ચોથો અભિગ્રહ. ॥૧૨૭॥

पूर्वं शरीरचेष्टानिरोधस्योक्तत्वात्तत्प्रसङ्गेनाह—

**वैक्रियाहारकतैजसकार्मणशरीराणि जीवस्पृष्टानि, औदारिकवैक्रियाहारकतैजसानि कार्मणमिश्राणि, धर्माधर्मजीवपुद्गलास्तिकायैर्लोकोव्याप्तो बादरपृथिव्यम्बुवायुवनस्पतिभिरुत्पद्यमानैश्च ॥१२८॥**

**वैक्रियेति,** स्पष्टम्, जीवेन व्याप्तानि जीवस्पृष्टानि, जीवेन हि स्पृष्टान्येव वैक्रियादीनि भवन्ति, यथौदारिकं जीवमुक्तमपि भवति मृतावस्थायां न तु तथैतानीति । कार्मणेन शरीरेण मिश्राणि न केवलानि यथौदारिकादीनि त्रीणि वैक्रियादिभिरमिश्राण्यपि भवन्ति नैवं कार्मणेनेति । **व्याप्त इति,** प्रतिप्रदेशं व्याप्त इत्यर्थः । **बादरेति,** सूक्ष्माणां पञ्चानामपि सर्वलोकात् सर्वलोके उत्पादात्, बादरतैजसानान्तु सर्वलोकादुद्वृत्त्य मनुष्यक्षेत्रे ऋजुगत्या वक्रगत्या चोत्पद्यमानानां द्वयोरूर्द्ध्वकपाटयोरेव बादरतैजस्त्वव्यपदेशस्येष्टत्वाच्च तैजसं विहाय बादरेत्युक्तम् । बादरा हि पृथिव्यम्बुवायुवनस्पतयः सर्वतो लोकादुद्वृत्त्य पृथिव्यादिघनोदध्यादिघनवातवलयादिघनोदध्यादिषु यथास्वमुत्पादस्थानेष्वन्यतरगत्योत्पद्यमाना अपर्याप्तावस्थायामतिबहुत्वात्सर्वलोकं प्रत्येकं स्पृशन्ति पर्याप्तास्त्वेते बादरतैजस्कायिकास्त्रसाश्च लोकासंख्येयभागमेव स्पृशन्तीति ॥१२८॥

હમણાં શરીરની ચેષ્ટાનો નિરોધ કહ્યો, તેથી તેના પ્રસંગથી વિશેષ કહે છે.

વૈક્રિય-આહારક-તૈજસ તથા કાર્મણ. આ ચાર શરીર જીવસ્પૃષ્ટ છે... ચાર શરીર કાર્મણ શરીરથી મિશ્ર હોય છે. તે આ પ્રમાણે -

(૧) ઔદારિક (૨) વૈક્રિય (૩) આહારક તથા (૪) તૈજસ.

ચાર અસ્તિકાયથી સર્વલોક વ્યાપ્ત છે. તે આ પ્રમાણે -

(૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) જીવાસ્તિકાય અને (૪) પુદ્ગલાસ્તિકાય. તથા ઉત્પન્ન થનારા ચાર બાદરકાયના જીવોથી લોકસ્પૃષ્ટ છે.

(૧) બાદર પૃથ્વીકાયિક જીવો (૨) બાદર અપ્કાયિક જીવો (૩) બાદર વાયુકાયિક જીવો તથા બાદર વનસ્પતિકાયિક જીવો.

वैक्रियेति, જીવ વડે વ્યાપ્ત તે જીવ સ્પૃષ્ટ શરીરો.

વૈક્રિય વિગેરે શરીરો અવશ્ય જીવ વડે જ વ્યાપ્ત હોય છે, પરંતુ જેમ જીવ વડે ત્યજાયેલ છતાં મૃતાવસ્થામાં ઔદારિક શરીર હોય છે તેમ આ વૈક્રિયાદિ શરીરો હોતા નથી.

કાર્મણ શરીર વડે ઔદારિકાદિ શરીરો હંમેશા મિશ્ર હોય છે, પણ એકલા નથી હોતા, જેમ ઔદારિકાદિ ત્રણ શરીરો વૈક્રિયાદિ શરીરો વડે અમિશ્ર પણ હોય છે, તેમ કાર્મણ શરીરથી રહિત હોતા નથી.

व्याप्त इति, દરેક પ્રદેશ પર વ્યાપ્ત હોય છે. ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય - જીવાસ્તિકાય તથા પુદ્ગલાસ્તિકાય સર્વલોકના સર્વ પ્રદેશ પર વ્યાપ્ત હોય છે.

बादरेति, પૃથ્વીકાયાદિ પાંચે સૂક્ષ્મજીવોનો સર્વલોકમાંથી સર્વલોકમાં ઉત્પત્તિ છે, બાદર તૈજસકાયના જીવો તો સર્વલોકથી ઉદ્‌વર્તના કરીને મનુષ્ય ક્ષેત્રમાં ઋજુ ગતિ કે વક્રગતિ વડે ઉત્પન્ન થતાં તે બે ઉર્ધ્વ કપાટને વિષે બાદર તૈજસકાયત્વરૂપ વ્યપદેશને ઇષ્ટ હોવાથી તૈજસ છોડીને બાદરનું વિધાન કર્યું છે.

બાદર પૃથ્વી-અપ્-વાયુ અને વનસ્પતિકાયના જીવો સમસ્ત લોકમાંથી ઉદ્‌વર્તના કરીને પૃથ્વી આદિ ઘનોદધિ વગેરે અને ઘનવાત વલયાદિને વિષે યથાયોગ્ય પોતાના ઉત્પત્તિ સ્થાનોમાં ઋજુ અથવા વક્રગતિ વડે ઉત્પન્ન થતાં અપર્યાપ્તક અવસ્થામાં અત્યંત બહુપણાથી સર્વલોકને દરેક સ્પર્શે છે. આ પૃથ્વી આદિ પર્યાપ્તાબાદર તૈજસકાયિકો અને ત્રસજીવો લોકના અસંખ્યાતા ભાગને જ સ્પર્શે છે. ॥૧૨૮॥

पृथिवीप्रसङ्गादाह—

**पृथिव्यप्तेजोवनस्पतिकायशरीरं न सुखदृश्यम्, शब्दगन्धरसस्पर्शाइन्द्रियस्पृष्टा वेद्याः जीवपुद्गला गत्यभावनिरुपग्रहत्वरूक्षत्वलोकानुभावैरलोकगमनासमर्थाः ॥१२९॥**

**पृथिवीति,** बादरवायूनां सूक्ष्माणां पञ्चानामपि पृथिव्यादिकायानामेकमनेकं वा शरीरमदृश्यमिति बोध्यम्, वनस्पतय इह साधारणा एव ग्राह्याः प्रत्येकशरीरस्यैकस्यापि दृश्यत्वात् । **न सुखदृश्यमिति,** न चक्षुषः प्रत्यक्षदृश्यमनुमानादिभिस्तु दृश्यमपीत्यर्थः । **शब्देति,** श्रोत्रादीन्द्रियसम्बद्धा एते आत्मना ज्ञायन्ते नयनमनोवर्जानां श्रोत्रादीनां प्राप्तार्थपरिच्छेदस्वभावत्वात्, उक्तञ्च 'स्पृष्टं श्रृणोति शब्दं रूपं पुनः पश्यत्यस्पृष्टं तु । गन्धं रसञ्च स्पर्शञ्च बद्धस्पृष्टं व्याकुर्या'दिति । **जीवपुद्गला** इति, अन्येषां गत्यभावात् । एते चालोके गमनाय न शन्कुवन्ति गत्यभावादिहेतुभिः, तत्र गत्यभावो लोकान्तात् परतस्तेषां गतिलक्षण-स्वभावाभावः, यथाऽधो दीपशिखायाः । निरुपग्रहत्वं धर्मास्तिकायाभावेन तज्जनित-गत्युपष्टम्भाभावः, गंत्र्यादिरहितपङ्गुवत् । रूक्षत्वं-सिकतामुष्टिवत्, लोकान्तेषु हि पुद्गला रूक्षतया तथा परिणमन्ति यथा परतो गमनाय नालम्, कर्मपुद्गलानाञ्च तथाभावे जीवा अपि, सिद्धास्तु निरुपग्रहतयैवेति । लोकानुभावो लोकमर्यादा, विषयक्षेत्रादन्यत्र मार्त्तण्डमण्डलवत् ॥१२९॥

પૃથ્વીના પ્રસ્તાવથી કહે છે.

પૃથ્વી-અપ્-તેઉ અને સાધારણ વનસ્પતિકાય આ ચાર સ્થાવરનું એક શરીર પ્રત્યક્ષ દેખાતું નથી... અતિ સૂક્ષ્મ હોવાથી.

ચાર ઇન્દ્રિ સ્પૃષ્ટ વિષયને ગ્રહણ કરે છે. અર્થાત્ શબ્દ-ગંધ-રસ અને રસઇન્દ્રિયોથી સ્પૃષ્ટ જાણવા.

ચાર કારણે જીવ અને પુદ્ગલ અલોકમાં જવા સમર્થ નથી.

પૃથિવીતિ, બાદર વાયુકાય તથા પાંચેય સૂક્ષ્મજીવોના એક અથવા અનેક શરીરો પણ અદૃશ્ય છે તેમ જાણવું, આથી મૂળમાં વાયુનું વર્જન છે. અહીં 'વનસ્પતિ' શબ્દ વડે સાધારણનું જ ગ્રહણ કરવું. કારણ કે પ્રત્યેક વનસ્પતિકાયનું એક શરીર પણ દૃશ્ય છે.

न सुखदृश्यम्, ચક્ષુથી પૃથ્વી વિગેરેનું પ્રત્યક્ષ દૃશ્ય નથી, અનુમાન વિગેરેથી જાણી શકાય છે.

शब्देति, શ્રોત્રાદિ ઇંદ્રિયો સાથે સંબંધ પામેલા વિષયો આત્માથી જણાય છે, કારણ કે આંખ અને મન સિંવાય શ્રોત્રેન્દ્રિય વિગેરેનો પ્રાપ્ત થયેલ વિષયનો બોધ કરવાનો સ્વભાવ છે.

કહ્યું છે કે, શ્રોત્રેન્દ્રિય સ્પર્શ માત્રથી શબ્દને સાંભળે છે, સ્પર્શ વિના ચક્ષુરિન્દ્રિય રૂપને જુવે છે. તથા વિશેષ રીતે સ્પર્શાયેલ ગંધ, રસ અને સ્પર્શને ઘ્રાણેન્દ્રિય વિગેરે ગ્રહણ કરે છે - જાણે છે.

**જીવપુદ્ગલા :-** જીવ અને પુદ્ગલો (ગતિ અભાવ) ધર્માસ્તિકાય આદિનો ગતિનો અભાવ આદિ કારણો હોવાથી તેઓ અલોકમાં ગમન કરવા માટે સમર્થ નથી. લોકાન્તથી આગળ ગતિ લક્ષણ સ્વભાવનો અભાવ છે, જેમ દીપકની શિખા નીચે ન જાય તેમ તેઓ જઈ શકતા નથી.

(૨) **નિરૂપગ્રહત્વં :-** ગતિમાં સહાય કરનારા ધર્માસ્તિકાયના અભાવના કારણે તેનાથી થતી ગતિ સહાયનો અભાવ હોવાથી ગાડી વિગેરેથી રહિત પાંગળાની જેમ ગમન થતું નથી.

(૩) **रूक्षत्वं :-** રેતીની મૂઠીની જેમ, લોકાંતને વિષે પુદ્ગલો રૂક્ષપણા વડે પરિણમન પામે છે જેથી ત્યાંથી અલોકમાં જવા માટે સમર્થ નથી, કર્મપુદ્ગલો પણ રૂક્ષભાવ થયે છતે જીવો અને પુદ્ગલો પણ અલોકમાં ગમન કરી શકતા નથી.

(૪) **લોકાનુભાવ :-** સિદ્ધ ભગવંતો પણ નિરૂપગ્રહતા અર્થાત્ ધર્માસ્તિકાયની ગતિસહાયના અભાવે આગળ-અલોકમાં જઈ શકતા નથી.

લોકમર્યાદાના કારણે પોતાના વિષય ક્ષેત્રથી બીજે સ્થળે સૂર્ય મંડળની જેમ જીવોની ગતિ અલોકમાં સંભવતી નથી. ॥૧૨૯॥

अथ दृष्टान्ततः प्राय उक्तार्थानां प्रतीतेस्तद्भेदानाह—

**आहरणतद्देशतद्दोषोपन्यासभेदं ज्ञातम् ॥१३०॥**

**आहरणेति,** ज्ञायतेऽस्मिन् सति दार्ष्टन्तिकोऽर्थ इत्यधिकरणे क्तप्रत्यये ज्ञातं दृष्टान्तः स द्विविधः साधर्म्यवैधर्म्यभेदात्, साधनसद्भावे साध्यस्यावश्यम्भावो यथाऽग्निरत्र धूमाद्यथा

महानसमिति प्रथमः, साध्याभावे साधनस्यावश्यमभावो यथा तत्रैवाग्न्यभावे धूमो न भवति यथा जलाशय इति द्वितीयः । यद्वा आख्यानकरूपं ज्ञातं तच्च चरितकल्पितभेदाद्द्विधा, तत्र चरितं यथा निदानं दुःखाय ब्रह्मदत्तस्येव, कल्पितं यथा प्रमादवतामनित्यं यौवनादीति देशनीयम्, यथा पाण्डुपत्रेण किशलयानां देशितं तथाहि 'जह तुब्भे तह अम्हे तुब्भेऽविय होहिहा जहा अम्हे । अप्पाहेइ पडंतं पंडुयपत्तं किसलयाणं ॥' इति, अथवा उपमानमात्रं ज्ञातम्, सुकुमारः करः किसलयमिवेत्यादिवत् । यद्वा उपपत्तिमात्रं ज्ञातं ज्ञातहेतुत्वात्, कस्माद्यवाः क्रीयन्ते ? यस्मान्मुधा न लभ्यन्त इत्यादिवदिति, एवमनेकधा साध्यप्रत्यायनस्वरूपं ज्ञातमुपाधिभेदाच्चतुर्विधमाह **आहरणेति,** यत्र समुदित एव दार्ष्टान्तिकोऽर्थ उपनीयते यथा पापं दुःखाय ब्रह्मदत्तस्येवेति तदाहरणम् । यत्र दृष्टान्तार्थदेशेनैव दार्ष्टान्तिकार्थस्योपनयनं क्रियते तत् तद्देशोदाहरणम्, यथा चन्द्र इव मुखमस्या इति, अत्र हि चन्द्रे सौम्यत्वलक्षणेनैव देशेन मुखस्योपनयनम्, नानिष्टेन नयननासावर्जितत्वकलङ्कत्वादिनेति । यत्साध्यविकलत्वादि-दोषदुष्टं तत् तद्दोषोदाहरणम्, यथा नित्यः शब्दोऽमूर्त्तत्वात् घटवदिति, अत्र साध्य-साधनवैकल्यं नाम दृष्टान्तदोषः । यच्चासभ्यादिवचनरूपं तदपि तद्दोषः, यथा सर्वथा-ऽहमसत्यं परिहरामि गुरुमस्तककर्त्तनवदिति । यद्वा साध्यसिद्धिं कुर्वदपि दोषान्तरमुपनयति तदपि तदेव, यथा सत्यं धर्ममिच्छन्ति लौकिकमुनयोऽपि 'वरं कूपशताद्वापी वरं वापीशतात् क्रतुः । वरं क्रतुशतात् पुत्रः सत्यं पुत्रशताद्वर'मिति वचनवक्तृनारदवदिति, अनेन च श्रोतुः पुत्रक्रतुप्रभृतिषु प्रायः संसारकारणेषु धर्मप्रतीतिराहितेति । यथा वा बुद्धिमता केनापि कृतमिदं जगत् सन्निवेशविशेषवत्त्वात्, घटवत्, स चेश्वर इति, अनेन हि स बुद्धिमान् कुम्भकारतुल्योऽनीश्वरः सिद्ध्यतीति ईश्वरश्च स विवक्षित इति । वादिना अभिमतार्थसाधनाय कृते वस्तूपन्यासे तद्विघटनाय यः प्रतिवादिना विरुद्धार्थोपनयः क्रियते, पर्यनुयोगोपन्यासे वा य उत्तरोपनयः स उपन्यासोपनयः, उत्तररूपमुपपत्तिमात्रमपि ज्ञातभेदः, ज्ञातहेतुत्वादीति । यथाऽकर्त्ता आत्मा अमूर्त्तत्वादाकाशवदित्युक्ते अन्य आह-आकाशवदेवाभोक्तेत्यपि प्राप्तमनिष्टञ्चैतदिति । यथा वा मांसभक्षणमदुष्टं प्राण्यङ्गत्वादोदनादिवत्, अत्राहान्यः-ओदनादिवदेव स्वपुत्रादिमांसभक्षणमप्यदुष्टमिति । यथा वा त्यक्तसङ्गा वस्त्रपात्रादिसङ्ग्रहं न कुर्वन्ति ऋषभादिवत्, अत्राह कुण्डिकाद्यपि ते न गृह्णन्ति तद्वदेवेति, तथा कस्मात् कर्म कुरुषे यस्माद्धनार्थीति । इह प्रथमं ज्ञातं सर्वसाधर्म्यरूपं द्वितीयं देशसाधर्म्यरूपं तृतीयं सदोषं चतुर्थञ्च प्रतिवाद्युत्तररूपमित्येषां स्वरूपविभागः ॥१३०॥

દષ્ટાંતથી પ્રાણીઓને કહેલા અર્થની પ્રતીતિ થાય છે માટે તેના ભેદો કહે છે.

દષ્ટાંત ચાર પ્રકારના કહ્યા છે - (૧) આહરણરૂપ (૨) આહરણ તદ્દેશ (૩) આહરણ તદ્દોષ તથા (૪) ઉપન્યાસ ઉપનય.

(૧) **आहरणेत्ति,** જે હોતે છતે દષ્ટાંતિક અર્થ જણાય છે તે જ્ઞાત-દષ્ટાંત, અહીં અધિકરણમાં '**क्त**' પ્રત્યય લાગવાથી 'જ્ઞાત' શબ્દ બન્યો છે. સાધર્મ્ય અને વૈધર્મ્યના ભેદથી તે બે પ્રકારે છે.

(૧) **સાધર્મ્ય દષ્ટાંત :-** ન્યાયશાસ્ત્ર પ્રમાણે 'સાધન હોતે છતે સાધ્યનો અવશ્ય સદ્ભાવ' હોય, દા.ત. અહીં અગ્નિ છે - ધૂમાડો હોવાથી. જેમકે મહાનસ = રસોડું.

(૨) **વૈધર્મ્ય દષ્ટાંત :-** 'સાધ્યના અભાવમાં સાધનનો અવશ્ય અભાવ. દા.ત. જયાં અગ્નિ ન હોય ત્યાં ધુમાડો ન હોય. જેમકે તળાવ. આ વૈધર્મ્ય દષ્ટાંત. બીજું દષ્ટાંત. (અગ્નિ સાધ્ય - ધૂમાડો સાધન)

(૨) **આખ્યાનક :-** આખ્યાનક = કથાનકરૂપ દષ્ટાંત... તે ચરિત્ર અને કલ્પિતના ભેદથી બે પ્રકારે છે.

(૧) **ચરિત્ર :-** નિયાણું દુઃખને માટે છે, બ્રહ્મદત્ત ચક્રવર્તીની જેમ.

(૨) **કલ્પિત :-** પ્રમાદી આત્માઓને યૌવન વિગેરે અનિત્ય છે એમ બતાવવું. કલ્પના દ્વારા કોઈ સત્ય સમજાવવું.

દા.ત. ધોળા પાંદડાએ કિસલય. કોમળ પત્રોને કહ્યું - તે આ પ્રમાણે.

'હમણાં તમે જેવા કોમળ છો તેવા જ અમે પણ હતા... હમણાં અમે સૂકાઈ ગયા છીએ, તેવા તમે પણ ભવિષ્યમાં થશો.' (મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડીઆ...) માટે ગર્વ ન કરો.

પડતા-પાકી ગયેલા પાંદડાઓ ઉપર પ્રમાણે કિશલયને બોધ આપે છે. અથવા

(૩) **ઉપમાન :- ઉપમાન માત્ર દષ્ટાંત :-** આના હાથ કોમળ પત્ર-કમળના જેવા સુકુમાર છે. ઈત્યાદિવત્. (કમળ ઉપમાન છે. હાથ ઉપમેય છે.) અથવા

(૪) **ઉત્પત્તિ :-** જ્ઞાત = ઉત્પત્તિ માત્ર દષ્ટાંતનો હેતુ હોય છે. જ્ઞાતના હેતુરૂપ જે હોય તે.

કોઈ ચોખા-યવ ખરીદનારને પૂછે - 'શા શાટે યવ ખરીદો છો ?'

ખરીદનાર જવાબ આપે... મફત નથી મળતાં માટે ખરીદીએ છીએ. ઈત્યાદિની જેમ.

આ પ્રમાણે સાધ્યને જણાવવા રૂપ દષ્ટાંત ઉપાધિના ભેદથી ચાર પ્રકારે છે. તે બતાવે છે.

પ્રસ્તુત સૂત્રમાં જ્ઞાનના ચાર ભેદ કહ્યા છે - તેનું વિવરણ.

(૧) **આહરણ :-** અપ્રતીત અર્થને જેના વડે પ્રતીતિમાં લઈ જવાય તે આહરણ. જેમાં સામુદાયિક જ દાષ્ટાંતિક અર્થ લેવાય છે.

દા.ત. જેમકે પાપ દુઃખને માટે થાય છે, બ્રહ્મદત્ત ચક્રીની જેમ. આ દૃષ્ટાંતને આહરણ જ્ઞાત કહેવાય.

(૨) **આહરણ તદ્દેશ જ્ઞાત :-** દૃષ્ટાંતના એક દેશથી દાર્ષ્ટાંતિક અર્થનો ઉપનય કરાય છે. તે તદ્દેશનું ઉદાહરણ સમજવું.

દા.ત. આનું મુખ ચંદ્રમાં જેવું છે. અહીં ચંદ્રની સૌમ્યતા સ્વરૂપ એક દેશ વડે મુખનો ઉપનય કરાયો છે. પરંતુ નેત્ર તથા નાસિકાનું રહિતપણું તથા કલંકાદિરૂપ અનિષ્ટ વડે નહીં.

(૩) **આહરણ તદ્દોષ જ્ઞાત :-** જે દૃષ્ટાંત 'સાધ્ય વિકલ' આદિ દોષોથી દુષ્ટ હોય તો તે દૃષ્ટાંતને તદ્દોષ ઉદાહરણ કહેવાય.

દા.ત. શબ્દ નિત્ય છે, અમૂર્ત હોવાથી - જેમકે ઘટ. અહીં આ દૃષ્ટાંત સાધ્ય-સાધન વિકલતા દોષથી યુક્ત છે. (ઘટ મનુષ્ય બનાવે છે તે નિત્ય નથી, અને રૂપ વગેરેથી યુક્ત છે તેથી અમૂર્ત પણ નથી.)

વળી જે અસભ્ય વગેરે વચનરૂપ છે તે પણ તદ્દોષ આહરણ છે. જેમકે - 'હું સર્વથા અસત્યનો પરિહાર કરું છું, ગુરૂના મસ્તકને કાપવાની માફક.' અથવા સાધ્યની સિદ્ધિને કરતો થકો પણ અન્ય દોષને લાવે છે તે પણ તદ્દોષ આહરણ... જેમકે - લૌકિક મુનિઓ સત્ય ધર્મને ઈચ્છે છે પણ.

'સો કુવાથી એક વાવડી સારી, સો વાવડીથી એક યજ્ઞ શ્રેષ્ઠ, સો યજ્ઞથી એક પુત્ર શ્રેષ્ઠ અને સો પુત્રથી એક સત્ય શ્રેષ્ઠ.' આ પ્રમાણે નારદની જેમ બોલે છે.

આવા વચનોથી શ્રોતાને પ્રાયઃ સંસારના કારણભૂત પુત્ર, યજ્ઞ વિગેરેને વિષે ધર્મની પ્રતીતિ બતાવેલી છે, તેથી આહરણ તદ્દોષતા છે.

વળી જેમ કોઈ બુદ્ધિમાન પુરૂષ કહે કે - 'સન્નિવેશ રચના વિશેષ યુક્ત આ જગત ઘટની જેમ કોઈ બુદ્ધિશાળીએ બનાવેલું છે. અને તે કર્તા ઈશ્વર છે.'

ઉક્ત વાક્ય વડે તે વિવક્ષિત ઈશ્વર બુદ્ધિમાન કુંભારતુલ્ય અનિશ્વર પુરૂષ વિશેષ સિદ્ધ થાય છે.

(૪) **ઉપન્યાસ ઉપનય :-** વાદિએ પોતાને ઈચ્છિત અર્થને સિદ્ધ કરવા માટે જે દૃષ્ટાંતનો ઉપન્યાસ કરેલ હોય તેના ખંડન માટે પ્રતિવાદિ દ્વારા જે વિરૂદ્ધ અર્થનો ઉપનય કરાય છે અથવા પર્યનુયોગ ઉપન્યાસમાં જે ઉત્તરરૂપ ઉપનય તે ઉપન્યાસ ઉપનય.

ઉત્તરરૂપ ઉપપત્તિમાત્ર હોવા છતાં તે પણ દૃષ્ટાંતનો ભેદ છે, કારણ કે તે તેનો-દૃષ્ટાંતનો હેતુ છે. દા.ત. 'આત્મા અકર્તા છે, કારણ કે અમૂર્ત છે, જેમકે આકાશ.' આમ વાદીએ ઉપન્યાસ કર્યો.

હવે પ્રતિવાદી કહેશે - 'આકાશની માફક આત્મા અભોક્તા પણ થશે.' આ અભોક્તાપણું તમને પણ ઈષ્ટ નથી. (આ સાંખ્યમત છે, તેઓ આત્માને કર્તા નહીં પણ ભોક્તા માને છે.)

વળી પ્રાણીનું અંગ હોવાથી ભાત વગેરેની જેમ માંસભક્ષણ દોષ રહિત છે. (વાદિ)

**વામમાર્ગી મત :-** ઓદન વગેરેની માફક પોતાના પુત્ર વગેરેનું માંસભક્ષણ પણ નિર્દોષ થશે. (પ્રતિવાદી) વળી -

**વાદિ :-** ઋષભદેવ વિગેરેની જેમ સંગરહિત મુનિઓ વસ્ત્ર-પાત્ર વિગેરેનો સંગ્રહ કરતા નથી. (આ દિગંબર મત છે)

**પ્રતિવાદિ :-** કમંડલ વિગેરે પણ તેઓ વસ્ત્રાદિની જેમ ગ્રહણ કરતા નથી. તથા

**વાદિ :-** શા માટે તું કાર્ય કરે છે.

**પ્રતિવાદિ :-** ધનની ઈચ્છાવાળો છું માટે.

અહીં પ્રથમ આહરણ નામનું જ્ઞાત સંપૂર્ણ સાધર્મ્યરૂપ છે. બીજું તદ્દેશાહરણ - દેશથી સાધર્મ્યરૂપ છે. ત્રીજું તદ્દોષાહરણ - દોષ સહિત છે. ચોથું ઉપન્યાસોપનય પ્રતિવાદીના ઉત્તરરૂપ છે.

આ પ્રમાણે ચાર પ્રકારના જ્ઞાતના સ્વરૂપનો વિભાગ છે. ॥૧૩૦॥

लोकाश्रयेणाह—

**नरकनैरयिकपापकर्माशुभपुद्गला अधोलोकेऽन्धकारकारीणः, चन्द्रसूर्यमणिज्योतींषि तिर्यग्लोक उद्योतकारीणि, देवदेवीविमानाभरणान्यूर्ध्वलोके ॥१३१॥**

**नरकेति,** नरका नारकावासाः, नैरयिकाः-नारका एते कृष्णस्वरूपत्वादन्धकारं कुर्वन्ति, पापानि कर्माणि-ज्ञानावरणादीनि मिथ्यात्वाज्ञानलक्षणभावान्धकारकारित्वादन्धकारं कुर्वन्तीत्युच्यन्ते, अथवा अन्धकारस्वरूपेऽधोलोके प्राणिनामुत्पादकत्वेन पापानां कर्मणामन्धकारकर्तृत्वम् । अशुभपुद्गलाः-तमिस्रभावेन परिणताः । शेषं स्पष्टम् ॥१३१॥

હવે લોકને આશ્રયીને કહે છે -

અધોલોકમાં ચાર વસ્તુ અંધકાર કરે છે... તે આ પ્રમાણે - (૧) નરકાવાસો (૨) નૈરયિકો (૩) પાપકર્મો તથા (૪) અશુભ પુદ્ગલો.

તિર્ચ્છાલોકમાં ચાર વસ્તુ ઉદ્યોત કરે છે... તે આ પ્રમાણે - (૧) ચંદ્રો (૨) સૂર્યો (૩) મણિ અને (૪) અગ્નિ.

ઊર્ધ્વલોકમાં ચાર વસ્તુ ઉદ્યોત કરે છે... તે આ પ્રમાણે - (૧) દેવો (૨) દેવીઓ (૩) વિમાનો તથા (૪) આભરણો.

नरकेति, નરકા = નરકાવાસો, નૈરયિકા = નારકના જીવો.

આ બે કૃષ્ણસ્વરૂપ હોવાથી અંધકાર કરે છે. તથા પાપાનિ કર્માણિ = જ્ઞાનાવરણીય વિગેરે પાપકર્મો તો મિથ્યાત્વ અને અજ્ઞાન સ્વરૂપભાવ અંધકારને કરનારા હોવાથી અંધકાર કરે છે તેમ કહેવાય છે.

અથવા અંધકાર સ્વરૂપ અધોલોકમાં પ્રાણીઓને ઉત્પન્ન કરનારા હોવાથી પાપકર્મોનું અંધકાર કર્તૃત્વ જાણવું.

અશુભ પુદ્ગલો તો અંધકાર ભાવ વડે પરિણામને પામેલા છે.

અન્ય અર્થ સ્પષ્ટ છે. ॥૧૩૧॥

भोगसुखाश्रयेण प्रसर्पकानाह—

**अनुत्पन्नभोगोत्पादनाय पूर्वोत्पन्नभोगाविप्रयोगायानुत्पन्नसुखोपभोगाय पूर्वोत्पन्नसुखाविप्रयोगाय प्रसर्पकाः ॥१३२॥**

**अनुत्पन्नेति,** प्रकर्षेण सर्पन्ति गच्छन्ति भोगाद्यर्थं देशानुदेशं सञ्चरन्ति, आरम्भपरिग्रहतो वा विस्तारं यान्तीति प्रसर्पकाः, अनुत्पन्नानसम्पन्नान् भोगान् शब्दादीन् तत्कारणद्रविणाङ्गनादीन् वा सम्पादयितुमनुत्पन्नानां वा भोगानामुत्पादनार्थम् । उक्तञ्च 'धावति रोहणं तरति सागरं भ्राम्यति गिरिनिकुञ्जेषु । मारयति बान्धवमपि पुरुषो यो भवेद्धनलुब्धः ॥ अटति बहुं वहति भारं सहते क्षुधां पापमाचरति धृष्टः । कुलशीलजातिप्रत्ययस्थितिञ्च लोभोपद्रुतस्त्यजति ॥" इति, पूर्वोत्पन्नानाञ्च भोगानामविप्रयोगाय रक्षणार्थमिति, एवमग्रेऽपि सुखञ्च भोगसम्पाद्यानन्दविशेष इति ॥१३२॥

ભોગ અને સુખને આશ્રયીને પ્રસર્પકના ભેદો કહેવાય છે.

ચાર પ્રકારના પ્રસર્પકો કહેવાય છે.

(૧) કોઈ પુરૂષ નહીં ઉત્પન્ન થયેલા ભોગોને મેળવવા માટે દેશાટન કરે છે.

(૨) કોઈ પુરૂષ પહેલાં પ્રાપ્ત થયેલ ભોગોનું રક્ષણ કરવા દેશાટન કરે છે.

(૩) કોઈ પુરૂષ અનુત્પન્ન સુખોને મેળવવા માટે દેશાટન કરે છે.

(૪) કોઈક પૂર્વે મેળવેલ સુખોની રક્ષા માટે દેશાંતરમાં ભ્રમણ કરે છે.

**અનુત્પન્નેતિ,** કોઈ પુરૂષો ભોગાદિકને માટે એક દેશથી બીજા દેશ પ્રતિ વિશેષપણે જાય છે. અથવા આરંભ અને પરિગ્રહથી વિસ્તારને પામે છે તે **પ્રસર્પકો.**

(૧) નહીં પ્રાપ્ત થયેલ શબ્દાદિ ભોગોને અથવા તેના કારણભૂત ધન અને સ્ત્રી વિગેરેને સંપાદન કરવા માટે અથવા અનુત્પન્ન ભોગોને ઉત્પન્ન કરવા માટે સંચરે છે.

કહ્યું છે કે - જે પુરૂષ ધનનો લોભી હોય છે તે રોહણગિરિ પ્રતિ દોડે છે, સમુદ્ર તરે છે, પર્વતની ગુફાઓને વિષે ભટકે છે અને ભાઈને પણ મારે છે, તથા ધૃષ્ટ એવો પુરૂષ ભારને વહે છે, ક્ષુધાને સહે છે, પાપને આચરે છે, તથા લોભમાં આસક્ત એવો તે કુલ-શીલ-સદાચાર અને જાતિની મર્યાદાને પણ ત્યજે છે.

(૨) પ્રથમ મેળવેલા અથવા વર્તમાનમાં પ્રાપ્ત થયેલા ભોગાદિકનું રક્ષણ કરવા માટે તથા ભવિષ્યમાં પણ સુખ તથા ભોગ વડે પ્રાપ્ત કરવા યોગ્ય આનંદ વિશેષ માટે એક દેશથી બીજા દેશ તરફ સંચરે છે.

આ રીતે બીજા બે ગમનના-દેશાટનના કારણો જાણવા. ॥૧૩૨॥

भोगाद्यर्थं यतमानो बद्ध्वा कर्म नारकतयोत्पद्यत इति नानाऽऽहारतो निरूपयति—

**अङ्गारमुर्मुरोपमशीतलहिमशीतला नारकाहाराः, कङ्कबिलपाणमांसपुत्रमांसोपमास्तिर्यग्योनिकाहाराः, अशनपानखादिमस्वादिमाहारा मनुष्याः वर्णगन्धरसस्पर्शमयाहारा देवाः ॥१३३॥**

**अङ्गारेति,** अल्पकालदाहत्वादङ्गारोपमः, स्थिरतरदाहत्वान्मुर्मुरोपमः, शीतवेदनोत्पादकत्वाच्छीतलः अत्यन्तशीतवेदनाजनकत्वाद्धिमशीतलः, अधोऽध इति क्रमः । कङ्कः पक्षिविशेषस्तस्याहारेण समः कंकोपमः, यथाहि कङ्कस्य दुर्जरोऽपि स्वरूपेणाहारः सुखभक्ष्यः सुखपरिणामश्च भवति तथा यस्तिरश्चां सुभक्षः सुखपरिणामश्च स कङ्कोपमः । तथा बिले प्रविशद्रव्यं बिलमेव तेनोपमा यत्र स तथा, बिले ह्यलब्धरसास्वादं झगिति किञ्चिद्यथा प्रविशति तथा यस्तेषां गलबिले प्रविशति स तथोच्यते । पाणो मातङ्गः, तन्मांसस्पृश्यत्वेन जुगुप्सया दुःखाद्यं स्यादेवं यस्तेषां दुःखाद्यः स पाणमांसोपमः । पुत्रमांसन्तु स्नेहपरतया दुःखाद्यतरं स्यादेवं यो दुःखाद्यतरः स पुत्रमांसोपमः । क्रमेण चैते शुभसमाशुभाशुभतरा वेदितव्याः, शेषं सुगमम् ॥१३३॥

ભોગાદિ માટે સંચરનારા કર્મ બાંધીને નરકપણાએ ઉત્પન્ન થાય છે માટે નારકોના આહારનું નિરૂપણ કરે છે.

નારકોનો ચાર પ્રકારનો આહાર છે - તે આ પ્રમાણે... (૧) અંગારા જેવો (૨) મુર્મુર જેવો (૩) શીતલ તથા (૪) હિમ જેવો શીતલ.

તિર્યંચોનો ચાર પ્રકારનો આહાર કહ્યો છે - તે આ પ્રમાણે... (૧) કંક પક્ષીના આહાર જેવો (૨) બિલના જેવો (૩) પાણ-ચંડાલના માંસ જેવો તથા (૪) પુત્રના માંસ સમાન.

મનુષ્યોનો ચાર પ્રકારનો આહાર કહ્યો છે. (૧) અશન (૨) પાન (૩) ખાદિમ તથા (૪) સ્વાદિમ.

દેવોનો ચાર પ્રકારનો આહાર કહેલો છે. (૧) શુભ વર્ણવાળો (૨) શુભ ગંધવાળો (૩) શુભ રસવાળો અને (૪) શુભ સ્પર્શવાળો.

अङ्गारेति,

**(૧) નારકીનો આહાર :-** અલ્પકાળ બળતરા હોવાથી **અંગારા** જેવો... ઘણા કાળ પર્યંત બળતરા-દાહ થવાથી **મુર્મુરના** જેવો... શીત વેદનાનો ઉત્પાદક હોવાથી **શીતળ** અને અત્યંત શીત વેદનાના ઉત્પાદક હોવાથી **હિમ જેવા શીતળ**.

ઉપર્યુક્ત ચારેય ક્રમશઃ એક-એકથી અધિક વેદનાવાળા છે.

**(૧) તિર્યંચ આહાર :-** કંક નામનું પક્ષી છે, તેના આહાર સમાન તે **કંકોપમ.** કંક પક્ષીને સ્વરૂપથી દુર્જર આહાર પણ સુખપૂર્વક ખાવા યોગ્ય અને સુખરૂપ પરિણામવાળો થાય છે - અર્થાત્ સુખપૂર્વક પચે છે, એ રીતે જે આહાર તિર્યંચોને સુભક્ષ અને સુખરૂપ પરિણામવાળો હોય છે તે **કંકોપમ.**

**(૨) બીલના જેવો :-** બિલને વિષે પ્રવેશ કરતું દ્રવ્ય બિલ જ છે, તેની ઉપમા છે જેને વિષે તે બિલોપમ, જેમ બિલમાં રસનો આસ્વાદ પ્રાપ્ત થયા સિવાય જલ્દીથી કિંચિત્ પ્રવેશ થાય છે, એવી રીતે જે આહાર, ગળારૂપ બિલમાં પ્રવેશે છે તે **બિલોપમ** કહેવાય છે.

**(૩) પાણ માંસ સમાન :-** 'પાણ' = ચાંડાલ, તેનું માંસ, ચાંડાલનું માંસ અસ્પર્શ્ય તથા નિંદનીય હોવાથી દુઃખપૂર્વક ખાવાયોગ્ય હોય એ રીતે તેઓને દુઃખપૂર્વક ખાવા યોગ્ય આહાર તે **પાણોપમ આહાર.**

**(૪) પુત્રના માંસ સમાન :-** પુત્રનું માંસ તો અત્યંત સ્નેહરૂપ હોવાથી અતિશય દુઃખપૂર્વક ખાવા યોગ્ય હોય, એ રીતે જે આહાર તેઓને અત્યંત દુઃખપૂર્વક ખાવા યોગ્ય હોય તે પુત્રમાંસ તુલ્ય આહાર.

ક્રમપૂર્વક આ આહારો શુભ, સમ, અશુભ અને અશુભતર જાણવા. ।।૧૩૩।।

अथ चिकित्साश्रयेणाह–

**व्रणकर्तृत्वतत्परिमर्शित्वाभ्यां तत्कर्त्तृत्वतत्संरक्षणाभ्यां तत्कर्त्तृत्वतत्संरोहित्वाभ्याञ्च चतुर्भङ्गश्चिकित्सकानाम् ।।१३४।।**

**व्रणकर्त्तृत्वेति,** चिकित्सका द्रव्यतो ज्वरादिरोगान् प्रति, भावतो रागादीन् प्रतीति, तत्रात्मनो ज्वरादेः कामादेर्वा चिकित्सक आत्मचिकित्सक उच्यते तद्भेदा अत्रोक्ता ग्राह्याः । तत्र कश्चित् व्रणं देहे क्षतं स्वयं करोति रुधिरादिनिर्गालनार्थमिति व्रणकरः परं न व्रणं परिमृशति इत्येकः, केचित्त्वन्यकृतं व्रणं परिमृशति न च तत्करोतीति द्वितीयः, अपरः परिमृशति करोति च, इतरस्तु नोभयथा । एवं भावव्रणमतिचारलक्षणं करोति कायेन, न च तदेन पुनः पुनः संस्मरणेन स्पृशति । अन्यस्तु तत्परिमृशत्यभिलाषात्, न च करोति कायतः संसारभयादिभिः । एवमितरौ । व्रणं करोति न च तत्पट्टबन्धादिना संरक्षति कश्चित्, कृतं संरक्षति न च करोत्यन्यः, भावव्रणन्त्वाश्रित्यातिचारं करोति न च तं सानुबन्धं भवन्तं कुशीलादिसंसर्ग-तन्निदानपरिहारतो रक्षत्येकः, अन्यस्तु पूर्वकृतातिचारं निदानपरिहारतो रक्षति नवं च न करोति, एवमन्यौ भाव्यौ । एको व्रणकर्त्ता न व्रणसंरोही नैव व्रणं संरोहयत्यौषधदानादिना, भावव्रणापेक्षया प्रायश्चित्ताप्रतिपत्तेः । अपरो व्रणसंरोही पूर्वकृतातिचारप्रायश्चित्तप्रतिपत्त्या, नो व्रणकरोऽपूर्वातिचाराकारित्वादिति ॥१३४॥

હવે ચિકિત્સાને આશ્રયીને કહે છે...

વ્રણકર્તૃત્વની વ્રણપરિમર્શિ સાથે... વ્રણકર્તૃત્વની વ્રણસંરક્ષણ સાથે. તથા વ્રણકર્તૃત્વની વ્રણસંરોહિત્વ સાથે ચિકિત્સકોની ચતુર્ભંગી થાય છે.

**વ્રણકર્તૃત્વેતિ,** ચિકિત્સકો દ્રવ્યથી તાવ વિગેરે રોગોની ચિકિત્સા કરે. ભાવથી રાગ-દ્વેષ વિગેરેની. તેમાં આત્મ સંબંધી - જવરાદિની અથવા કામાદિની ચિકિત્સા કરનાર તે આત્મ ચિકિત્સક કહેવાય છે. તેના ભેદો અહીં કહેલા છે તે પ્રમાણે જાણી લેવા - તે આ પ્રમાણે...

(૧) કોઈ પોતાની ચિકિત્સા કરે છે - પણ બીજાની કરતા નથી.

(૨) કોઈ બીજાની ચિકિત્સા કરે છે - પણ પોતાની કરતા નથી.

(૩) કોઈ પોતાની તથા બીજાની પણ ચિકિત્સા કરે છે.

(૪) કોઈ પોતાની તથા બીજાની પણ ચિકિત્સા કરતા નથી.

**ચાર પ્રકારના પુરૂષો કહેલા છે.**

(૧) કોઈ વ્રણ અર્થાત્ શરીરમાંથી રૂધિરાદિ કાઢવા માટે છિદ્રને પોતે કરે છે પણ વ્રણને સ્પર્શ કરતાં નથી. આ એક ભાંગો.

(૨) કોઈ બીજાએ કરેલા વ્રણને સ્પર્શ કરે છે પરંતુ પોતે વ્રણ કરતો નથી. આ બીજો ભાંગો.

(૩) કોઈ વ્રણનો સ્પર્શ પણ કરે છે તથા વ્રણ પણ કરે છે. આ ત્રીજો ભાંગો.

(૪) કોઈ વ્રણનો સ્પર્શ પણ કરતા નથી તથા વ્રણ પણ કરતા નથી. આ ચોથો ભાંગો.

એવી રીતે... (૧) કોઈ અતિચાર સ્વરૂપ ભાવવ્રણને કાયા વડે કરે છે પણ તે વ્રણને જ પુનઃ પુનઃ યાદ કરવા વડે સ્પર્શ કરતો નથી.

(૨) બીજો કોઈ તો અતિચારને વારંવાર યાદ કરવા વડે સ્પર્શ કરે છે પણ કાયાથી અભિલાષાને કરતો નથી, કેમકે સંસારનો ભય વિગેરે હોય છે.

(૩) કોઈ ભાવવ્રણને સ્પર્શ પણ કરે છે તથા કાયા વડે પણ કરે છે.

(૪) કોઈ ભાવવ્રણને સ્પર્શ પણ કરતા નથી તથા કાયા વડે પણ કરતા નથી.

ચાર પ્રકારના પુરૂષો કહેલા છે...

(૧) કોઈ વ્રણ કરે છે પણ તેને પાટો વગેરે બાંધવા વડે સંરક્ષણ કરતો નથી.

(૨) બીજો તો કરેલા વ્રણનું સંરક્ષણ કરે છે પરંતુ વ્રણને કરતો નથી.

(૩) કોઈ વ્રણને કરે છે વ્રણનું સંરક્ષણ પણ કરે છે.

(૪) કોઈ વ્રણ પણ કરતા નથી વ્રણનું સંરક્ષણ પણ કરતા નથી.

ભાવવ્રણને આશ્રયીને તો અતિચાર કરે છે પરંતુ અનુબંધ કરતા તેવા કુશિલાદિનો સંસર્ગ અને તેના નિદાનના પરિહારથી રક્ષણ કરતો નથી. આ એક.

કોઈ પૂર્વે કરેલા અતિચારને નિદાનના પરિહારથી રક્ષણ કરે છે અને નવીન અતિચાર કરતા નથી. આ બે.

કોઈ પૂર્વે કરેલા અતિચારને નિદાનના પરિહારથી રક્ષણ પણ કરતો નથી અને નવીન અતિચાર પણ કરતો નથી. આ ત્રણ.

કોઈ નિદાનના પરિહારથી રક્ષણ કરે છે. અતિચાર પણ કરે છે. આ ચાર.

**ચાર પ્રકારના પુરૂષો કહેલા છે -**

(૧) કોઈ વ્રણને કરે છે પણ ઔષધ વિગેરે વડે વ્રણને રૂઝવતો નથી. (આ રીતે અન્ય ત્રણ ભેદ જાણવા.)

ભાવ વ્રણની અપેક્ષાએ તો પ્રાયશ્ચિત્તને નહીં સ્વીકારવાથી વ્રણ સંરોહી નથી.

બીજો પૂર્વે કરેલ અતિચાર સંબંધી પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરવા વડે વ્રણ સંરોહી અર્થાત્ અતિચારને દૂર કરનાર છે, કારણ કે નો વ્રણકર અર્થાત્ નવીન અતિચારને કરનાર નથી. ॥૧૩૪॥

पुनः पुरुषभेदानाह—

**अन्तर्बहिर्भ्यां शल्यदुष्टत्वतश्च ॥१३५॥**

**अन्तरिति,** एकेऽन्तश्शल्या न बहिश्शल्याः, यस्यान्तो मध्ये शल्यं तत्तथा, यच्छल्यं व्रणस्यान्तरल्पं बहिस्तु बहु तद्बहिरिव बहिरुच्यते तद्विद्यते येषां ते बहिश्शल्याः, यदि पुनः सर्वथैव तत् ततो बहिः स्यात्तदा शल्यतैव न स्यात्, उद्धृतत्वे वा भूतभावितया स्यादपीति, अपरे बहिःशल्या नान्तः-शल्याः, येषामन्तर्बहु बहिरप्युपलभ्यते ते उभयशल्याः, चतुर्थः शून्यः, अन्तर्बहिर्भ्यां भिन्नस्य शल्यस्यैवाभावात् । भावापेक्षया गुरुसमक्षमनालोचितत्वेनान्तःशल्यमतिचाररूपं यस्य स तथा बहिःशल्यमालोचिततया यस्य । अन्तर्बहिश्च शल्यमालोचितत्वानालोचितत्वाभ्याम्, चतुर्थः शून्यः । अन्तर्दुष्टः शठतया संवृताकारत्वान्न बहिरित्येकः, अन्यस्तु करणेनोपदर्शितवाक्पारुष्यादित्वाद्बहिरेवेत्यूह्यमन्यत् ॥१३५॥

પુનઃ પુરૂષના પ્રકારો જણાવે છે...

અંતઃ અને બહિઃની સાથે શલ્ય અને દુષ્ટની ચતુર્ભંગી...

अन्तरिति, ચાર પ્રકારના પુરૂષો કહ્યા છે...

(૧) કોઈ વ્રણ અંદરમાં શલ્યવાળા હોય છે.. બહારથી શલ્ય વગરના હોય છે. અર્થાત્ જેના અંદરમાં શલ્ય હોય તે દેખાતું ન હોય તે **અંતઃશલ્ય.**

(૨) જે શલ્ય વ્રણની અંદર અલ્પ દેખાતું હોય અને બહાર વધારે દેખાતું હોય તે **બાહ્ય શલ્ય** કહેવાય.

જો વળી સર્વથા વ્રણથી બહાર હોય તો શલ્યપણું જ ન હોય. અથવા શલ્યનો ઉદ્ધાર કર્યે છતે પણ ભૂતકાળનું શલ્ય ભવિષ્યમાં પણ હોય.

(૩) જે વ્રણમાં અંદર ઘણું શલ્ય છે અને બહાર પણ દેખાય છે તે **ઉભય શલ્ય.**

(૪) અંદર અને બહાર શલ્યથી રહિત શલ્યનો અભાવ હોવાથી આ ભાંગો શૂન્ય છે.

**ભાવની અપેક્ષાએ ચતુર્ભંગી :-**

(૧) ગુરૂની સમક્ષ આલોચના ન કરવા વડે અતિચારરૂપ અંતઃશલ્ય છે જેને તે અંતઃશલ્ય.

(૨) ગુરૂની સમક્ષ આલોચના કરવા વડે બહાર શલ્ય છે જેને તે બહિઃ શલ્ય.

(૩) આલોચન ન કરવા વડે અંતઃ અને આલોચના કરવા વડે બહાર શલ્ય છે જેને તે અંતઃ બહિ શલ્ય.

(૪) અંતઃ અને બહારથી શલ્ય રહિત.

**દુષ્ટની ચતુર્ભંગી :-**

(૧) કોઈ શઠપણાથી અંદરથી દુષ્ટ છે પણ આકારને છુપાવવાથી બહારથી દુષ્ટ નથી. આ એક ભાંગો.

(૨) બીજો કારણવશાત્ વચનનું કઠોરપણું વગેરે દેખાડવાથી બહારથી દુષ્ટ છે પણ અંતરથી દુષ્ટ નથી.

(૩) કોઈ અંતરથી તથા બહારથી પણ દુષ્ટ નથી.

(૪) કોઈ અંતર અને બહાર બંનેથી દુષ્ટ છે. ॥૧૩૫॥

अथ प्रव्रज्यां निरूपयति—

**इहपरोभयलोकप्रतिबद्धाप्रतिबद्धस्वरूपा अग्रतः पृष्ठत उभयतः प्रतिबद्धा-प्रतिबद्धस्वरूपा नटभटसिंहशृगालखादितारूपा च प्रव्रज्या ॥१३६॥**

**इहेति,** इहलोकप्रतिबद्धा प्रव्रज्या निर्वाहादिमात्राद्यर्थिनाम्, परलोकप्रतिबद्धा जन्मान्तर-कामाद्यर्थिनाम्, उभयार्थिनामुभयलोकप्रतिबद्धा, विशिष्टसामायिकवतामप्रतिबद्धा । अग्रतः प्रव्रज्यापर्यायभाविषु शिष्याहारादिषु या प्रतिबद्धा साऽग्रतः प्रतिबद्धा । पृष्ठतः प्रतिबद्धा स्वजनादिषु, द्विधापि काचिदुभयतः प्रतिबद्धा अप्रतिबद्धा तु पूर्ववत् । नटस्येव संवेगविकल-धर्मकथाकरणोपार्जितभोजनादीनां नटखादितारूपा, तथाविधबलोपदर्शनलब्धभोजनादेर्भट-खादितास्वरूपा, शौर्यातिरेकादवज्ञयोपात्तस्य यथारब्धभक्षणेन वा खादिता सिंहखादितारूपा, व्यावृत्त्योपात्तस्यान्यान्यस्थानभक्षणेन वा खादिता श्रृगालखादितारूपेति ॥१३६॥

હવે પ્રવ્રજ્યાનું નિરૂપણ કરે છે...

ચાર-ચાર ભેદ વડે પ્રવ્રજ્યાનું વિધાન છે. (૧) ઈહલોક પ્રતિબદ્ધા (૨) પરલોક પ્રતિબદ્ધા (૩) ઉભયલોક પ્રતિબદ્ધા તથા (૪) અપ્રતિબદ્ધા.

(૧) અગ્રતઃ પ્રતિબદ્ધા (૨) પૃષ્ઠતઃ પ્રતિબદ્ધા (૩) ઉભયતઃ પ્રતિબદ્ધા તથા (૪) અપ્રતિબદ્ધા.

(૧) નટ ખાદિતારૂપા (૨) ભટ ખાદિતારૂપા (૩) સિંહ ખાદિતારૂપા તથા (૪) શ્રૃગાલ ખાદિતારૂપા.

इहेति, **(૧) ઈહલોક પ્રતિબદ્ધા** :- માત્ર ઉદર ભરવા વિગેરેની ઈચ્છાવાળાની જે દીક્ષા તે ઈહલોક પ્રતિબદ્ધા.

ભવાંતર સંબંધી કામભોગની ઈચ્છાવાળાની જે દીક્ષા તે **પરલોક પ્રતિબદ્ધા.**

ઉભયલોકમાં સુખ પ્રાપ્તિની ઈચ્છાવાળાની જે દીક્ષા તે **ઉભયલોક પ્રતિબદ્ધા.**

વિશિષ્ટ સામાયિકવાળાની જે દીક્ષા તે **અપ્રતિબદ્ધા.**

(૨) પ્રવ્રજ્યા લેવાથી ભાવિમાં થનારા શિષ્ય અને આહારાદિને વિષે આગળથી પ્રતિબંધવાળી જે દીક્ષા તે **અગ્રતઃ પ્રતિબદ્ધા.**

સ્વજનાદિ કે પહેલાં દીક્ષા લીધી હોય તેમના સ્નેહથી જે પાછળથી દીક્ષા લેવી તે **પૃષ્ઠતઃ પ્રતિબદ્ધા.**

આગળથી અને પાછળથી પ્રતિબદ્ધા તે **ઉભય પ્રતિબદ્ધા.**

કોઈપણ પ્રકારના પ્રતિબંધ વગરની જે **અપ્રતિબદ્ધા.**

(૩) નટની જેમ સંવેગ રહિત ધર્મકથા કહેવા વડે મેળવેલ ભોજનાદિનું ભક્ષણ જેમાં છે તે **નટખાદિતા** રૂપા પ્રવ્રજ્યા.

સુભટની જેમ બળ દેખાડીને ભોજનાદિ મેળવવું તે **ભટખાદિતા.**

સિંહની જેમ શૌર્યતાથી બધાની અવજ્ઞા કરીને મેળવેલ અથવા ભક્ષણ વડે જેમ શરૂ કર્યું છે તેમ ખાવું છે જેમાં તે **સિંહખાદિતારૂપા.**

શિયાળની જેમ દીનતાથી પ્રાપ્ત કરેલ ભોજન અન્ય સ્થળે જઈ ભક્ષણ કરવારૂપ જેમાં છે તે **શ્રૃગાલ ખાદિતારૂપા.** ॥૧૩૬॥

पुनस्तस्या एव भेदानाह—

**अवपाताख्यातसंकेतविग्रहगतिप्रव्रज्यालक्षणा तोदयित्वा प्लावयित्वा संभाष्य परिप्लुतयित्वा च प्रव्रज्या ॥१३७॥**

**अवपातेति,** सद्गुरूणां सेवाऽवपातस्ततो या प्रव्रज्या साऽवपातप्रव्रज्या । आख्यातस्य प्रव्राजयेत्याद्युक्तस्य या स्यात्साऽऽख्यातप्रव्रज्या यथाऽऽर्यरक्षितभ्रातुः फल्गुरक्षितस्य, सङ्केताद्या सा सङ्केतप्रव्रज्या मेतार्यादीनामिव, अथवा यदि त्वं प्रव्रजसि तदाऽहमपीत्येवं या सा तथेति । विग्रहगत्या पक्षिन्यायेन परिवारादिवियोगेनैकाकिनो देशान्तरगमनेन च या सा विग्रहगतिप्रव्रज्या । तथा तोदयित्वा व्यथामुत्पाद्य या प्रव्रज्या दीयते मुनिचन्द्रपुत्रस्य सागरचन्द्रेणेव सा तथोच्यते, प्लावयित्वा अन्यत्र नीत्वाऽऽर्यरक्षितवत्, सम्भाष्य गौतमेन कर्षकवत्, वचनं वा पूर्वपक्षरूपं कारयित्वा निगृह्य च प्रतिज्ञावचनं वा कारयित्वा या सा तथोक्ता । घृतादिभिः परिप्लुतभोजनः परिप्लुत एव तं कृत्वा परिप्लुतयित्वा सुहस्तिना रङ्कवत् या सा तथोच्यते ॥१३७॥

પુનઃ તેના જ ભેદોને જણાવે છે...

પ્રવ્રજ્યાના પ્રકાર જણાવતા કહે છે.

ચાર પ્રકારે પ્રવ્રજ્યા કહેલી છે... (૧) અવપાત (૨) આખ્યાત (૩) સંકેત તથા (૪) વિગ્રહગતિ પ્રવ્રજ્યા.

તથા ચાર પ્રકારે પ્રવ્રજ્યા કહેલી છે... (૧) તોદયિત્વા (૨) પ્લાવયિત્વા (૩) સંભાષ્ય તથા (૪) પરિપ્લુતયિત્વા પ્રવ્રજ્યા.

**(૧) અવપાત પ્રવ્રજ્યા :-** સદ્‌ગુરૂઓની સેવા માટે જે પ્રવ્રજ્યા તે અવપાત પ્રવ્રજ્યા.

**(૨) આખ્યાત પ્રવ્રજ્યા :-** 'તું દીક્ષા લે' એમ કહેવાથી દીક્ષા લેનારની જે પ્રવ્રજ્યા તે આખ્યાત પ્રવ્રજ્યા. (આર્યરક્ષિતસૂરિના ભાઈ ફલ્ગુરક્ષિતની જેમ.)

**(૩) સંકેત પ્રવ્રજ્યા :-** સંકેતપૂર્વકની જે પ્રવ્રજ્યા તે સંકેત પ્રવ્રજ્યા. (મેતાર્ય મુનિની જેમ.) અથવા 'જ્યારે તું દીક્ષા લઈશ ત્યારે હું પણ લઈશ' એમ સંકેતથી જે દીક્ષા તે સંકેત પ્રવ્રજ્યા.

**(૪) વિગ્રહગતિ પ્રવ્રજ્યા :-** વિગ્રહગતિ વડે અર્થાત્ પક્ષી જેમ બીજે જાય છે તે ન્યાય વડે પરિવાર વિગેરેના વિયોગથી અને દેશાંતરમાં જવા વડે એકલાની જે દીક્ષા તે વિગ્રહગતિ પ્રવ્રજ્યા.

**પ્રવ્રજ્યાના ચાર પ્રકાર :-**

**(૧) તોદયિત્વા :-** પીડા-વ્યથા પેદા કરીને જે દીક્ષા અપાય તે તોદયિત્વા. સાગરચંદ્રમુનિ વડે અપાયેલ મુનિચંદ્ર નૃપના પુત્રની જેમ.

**(૨) પ્લાવયિત્વા :-** અન્યત્ર લઈ જઈને આર્યરક્ષિતની જેમ જે દીક્ષા અપાય તે પ્લાવયિત્વા.

**(૩) સંભાષ્ય :-** જેમ ગૌતમસ્વામીએ ખેડૂતને સમજાવીને દીક્ષા આપી તેમ અથવા પૂર્વપક્ષરૂપ વચનને કરાવીને અને તેને જીતીને અથવા પ્રતિજ્ઞા કરાવીને જે દીક્ષા અપાય છે તે સંભાષ્ય પ્રવ્રજ્યા.

**(૪) પરિપ્લુતયિત્વા :-** ઘી આદિ વડે પરિપૂર્ણ ભોજન તે પરિપ્લુત... આવા પ્રકારના પરિપ્લુત ભોજન માટે જે રીતે આર્યસુહસ્તિ આચાર્ય વડે રંકને દીક્ષા આપી તે રીતે જે દીક્ષા અપાય તે પરિપ્લુતયિત્વા પ્રવ્રજ્યા. ॥૧૩૭॥

पुनरपि तद्भेदानाह–

**वपनपरिवपनशोधनपरिशोधनवती, धान्यपुञ्जितविरेल्लितविकीर्णसङ्कर्षितसमाना च ॥१३८॥**

**वपनेति,** यथा कृषिः सकृद्धान्यवपनवती द्विस्त्रिर्वा उत्पाट्य स्थानान्तरारोपणतः परिवपनवती विजातीयतृणाद्यपनयनेन शोधिता द्विस्त्रिर्वा तृणादिशोधनेन परिशोधिता भवति तथा प्रव्रज्यापि सामायिकारोपणेन वपनवती महाव्रतारोपणेन निरतिचारस्य सातिचारस्य वा मूलप्रायश्चित्तदानतः परिवपनवती सकृदतिचारालोचनेन शोधिता पुनः पुनश्च तेन परिशोधिता च भवति । एवं खले लूनपूनविशुद्धपुञ्जीकृतधान्यसमाना सकलातिचारकचवरविरहेण लब्धस्वस्वभावत्वादेका । अन्या खलक एव यद्विरेल्लितं विसारितं वायुना पूनमपुञ्जीकृतं

धान्यं तत्समाना या हि लघुनापि यत्नेन स्वस्वभावं लप्स्यत इति । अपरा तु यद्विकीर्णं गोखुरक्षुण्णतया विक्षिप्तं धान्यं तत्समाना, या हि सहजसमुत्पन्नातिचारकचवरयुक्तत्वात् साम्ग्र्यन्तरापेक्षितया कालक्षेपलभ्यस्वस्वभावा सा धान्यविकीर्णसमानोच्यते, इतरा च यत्सङ्कर्षितं क्षेत्रादाकर्षितं धान्यं तत्समाना या हि बहुतरातिचारोपेतत्वाद्बहुतरकालप्राप्तव्यस्वस्वभावा सा धान्यसङ्कर्षितसमानेति ॥१३८॥

પુનઃ દીક્ષાના ચાર પ્રકાર કહે છે...

વપન-પરિવપન - શોધન-પરિશોધનવતી... પ્રવ્રજ્યાના ચાર પ્રકાર. ધાન્યપુંજિત-વિરેલ્લિત-વિકીર્ણ-સંકષિત... પ્રવ્રજ્યાના આ ચાર પ્રકાર છે.

**વપનેતિ** જેમ એક વાર ધાન્ય વવાય તેવી ભૂમિ તે **વપનવતી.** બે અથવા ત્રણ વાર ઉખેડીને અન્ય સ્થાનમાં રોપવાથી **પરિવપનવતી.** અન્ય જાતીય ઘાસ વિગેરેને દૂર કરવા વડે **શોધિતા.** બે અથવા ત્રણ વાર તૃણાદિના શોધન વડે **પરિશોધનવતી.** કૃષિ છે તે રીતે પ્રવ્રજ્યા પણ -

સામાયિકના આરોપણ વડે **વપનવતી.** નિરતિચાર ચારિત્રવાળાને મહાવ્રતના આરોપણ વડે અથવા સાતિચાર ચારિત્રવાળાને મૂળ પ્રાયશ્ચિત્ત દેવાથી **પરિવપનવતી.** એકવાર અતિચારના આલોચનથી **શોધિતા.** તથા વારંવાર અતિચારના આલોચનથી **પરિશોધનવતી** પ્રવ્રજ્યા જાણવી.

પુનઃ પ્રવ્રજ્યાના ચાર પ્રકાર...

**ધાન્યપુંજિત :-** ખળામાં તૂસ વિગેરે કચરો કાઢીને નિર્મળ કરેલ ધાન્યના પુંજ સમાન સમસ્ત અતિચારરૂપ કચરાના અભાવ વડે મેળવેલ સ્વસ્વભાવપણાથી આ પ્રથમ ધાન્યપુંજિત પ્રવ્રજ્યા.

**વિરેલ્લિત :-** વાયુ વડે કચરાને દૂર કરેલ પણ ઢગલો નહીં કરેલ. એવા ધાન્ય સમાન પ્રવ્રજ્યા. જે થોડા પણ પ્રયત્ન વડે સ્વસ્વભાવને પ્રાપ્ત કરશે.

**વિકીર્ણ :-** બળદની ખુરા વડે ખૂંદાવાથી છૂટા થયેલ ધાન્ય સમાન પ્રવ્રજ્યા.

જે પ્રવ્રજ્યા સહજ ઉત્પન્ન થયેલ અતિચારરૂપ કચરાયુક્ત હોવાથી સાપેક્ષિત-અન્ય સામગ્રી વડે કાળના વિલંબથી સ્વસ્વભાવને મેળવવા યોગ્ય થાય છે તે ધાન્યવિકીર્ણ સમાન પ્રવ્રજ્યા કહેવાય છે.

**સંકર્ષિત :-** ક્ષેત્રથી લાવેલ અને ખળામાં રાખેલ ધાન્યના જેવી જે પ્રવ્રજ્યા તે સંકર્ષિત પ્રવ્રજ્યા.

આ પ્રવ્રજ્યા ઘણા અતિચાર સહિત હોવાથી ઘણા કાળ વડે પ્રાપ્ત કરવા યોગ્ય સ્વભાવવાળી છે તે ધાન્યસંકર્ષિત સમાન જાણવી. ॥૧૩૮॥

उपसर्गभेदानाह—

**दिव्यमानुषतिर्यग्योनिकात्मसंवेदनारूपा उपसर्गाः ॥१३९॥**

**दिव्येति,** उपसृज्यते धर्मात् प्रच्याव्यते जन्तुरेभिरित्युपसर्गा बाधाविशेषाः, ते च कर्त्तृभेदाश्चतुर्विधाः, तत्र हास्यात् प्रद्वेषाद्विमर्शाद्विमात्रातो वा दिव्या उपसर्गा भवन्ति, मानुष्या हासात् प्रद्वेषाद्विमर्शात् कुशीलप्रतिसेवनातः, भयात् प्रद्वेषादाहारादपत्यरक्षणार्थं वा तैरश्चो घट्टनस्तम्भनप्रपतनसंलेषणतो वाऽऽत्मसंवेदः ॥१३९॥

હવે ઉપસર્ગોના ભેદો જણાવે છે -

ઉપસર્ગો ચાર પ્રકારના છે - (૧) દેવસંબંધી (૨) મનુષ્ય સંબંધી (૩) તિર્યંચયોનિ સંબંધી તથા (૪) આત્મસંવેદનરૂપ = પોતાથી જ કરાયેલ.

**ઉપસર્ગો** = પાસે આવવા વડે ધર્મથી જેઓ વડે પ્રાણીઓ ભ્રષ્ટ કરાય છે તે ઉપસર્ગો... પીડા વિશેષ. કર્તાના ભેદથી તે ચાર પ્રકારે છે.

**(૧) દેવ સંબંધી :-** હાસ્યથી - પ્રદ્વેષથી - પરીક્ષાથી અને જુદી-જુદી રીતે હાસ્યાદિથી દેવ સંબંધી ઉપસર્ગો થાય છે.

**(૨) મનુષ્ય સંબંધી :-** હાસ્યથી - પ્રદ્વેષથી - પરીક્ષા કરવાથી તથા કુશીલ સેવનાની ઈચ્છાથી મનુષ્ય સંબંધી ઉપસર્ગો થાય છે.

**(૩) તિર્યંચ સંબંધી :-** ભયથી - પ્રદ્વેષથી - આહારના કારણથી તથા બાળકની રક્ષા માટે તિર્યંચ સંબંધી ઉપસર્ગો થાય છે.

**(૪) આત્મ સંવેદનરૂપ :-** સંઘટ્ટન - આંખ ચોળવા વિગેરેથી, બેસવાથી પગ ઝલાઈ જવાથી, ખાડાવિ.માં પડી જવાથી, ઘણો કાળ પગ સંકોચીને બેસવાથી, વાયુ વડે પણ રહી જાય વિગેરેથી આત્મસંવેદનીય ઉપસર્ગો થાય છે. ॥૧૩૯॥

उपसर्गसहनाज्ज्ञानावरणीयादिकर्मक्षयाद्बुद्धिभेदानाह—

**औत्पत्तिकी वैनयिकी कर्मजा पारिणामिकी च बुद्धिः ॥१४०॥**

**औत्पत्तिकीति,** उत्पत्तिरेव प्रयोजनं यस्याः सा औत्पत्तिकी, ननु क्षयोपशमः कारणमस्याः, सत्यम्, किन्तु स खल्वन्तरङ्गत्वात् सर्वबुद्धिसाधारण इति न विवक्ष्यते, न चान्यत् शास्त्रकर्माभ्यासादिकमपेक्षत इति । यद्वा बुद्ध्युत्पादनात् पूर्वं स्वयमदृष्टोऽन्यतश्चाश्रुतो मनसाप्यनालोचितस्तस्मिन्नेव क्षणे यथावस्थितोऽर्थो गृह्यते यया सा लोकद्वयाविरुद्धैकान्तिकफलवती बुद्धिरौत्पत्तिकी नटपुत्ररोहकादीनामिव । विनयो गुरुशुश्रूषा स कारणमस्यास्तत्प्रधाना

वा वैनयिकी, किञ्च कार्यभरनिस्तरणसमर्था धर्मार्थकामशास्त्राणां गृहीतसूत्रार्थसारा लोकद्वयफलवती चेयम्, नैमित्तिकसिद्धपुत्रशिष्यादीनामिव । अनाचार्यकं कर्म साचार्यकं शिल्पं कादाचित्कं वा कर्म नित्यव्यापारस्तु शिल्पम्, कर्मणो जाता कर्मजा, अपि च कर्माभिनिवेशोपलब्धकर्मपरमार्था कर्माभ्यासविचाराभ्यां विस्तीर्णा प्रशंसाफलवती च हैरण्यककर्षकादीनामिव । परिणामः सुदीर्घकालपूर्वापरार्थावलोकनादिजन्य आत्मधर्मः स प्रयोजनमस्यास्तत्प्रधाना वेति पारिणामिकी, अपि चानुमानकारणमात्रदृष्टान्तैः साध्यसाधिका वयोविपाके च पुष्टीभूताऽभ्युदयमोक्षफला च, अभयकुमारादीनामिव ॥१४०॥

ઉપસર્ગોને સહન કરવાથી જ્ઞાનાવરણીય વિગેરે કર્મનો ક્ષય થાય છે - તેનાથી પ્રગટ થતા બુદ્ધિના ભેદોને જણાવે છે.

બુદ્ધિના ચાર પ્રકાર છે - (૧) ઔત્પાતિકી (૨) વૈનયિકી (૩) કાર્મિકી તથા (૪) પારિણામિકી.

ઉત્પત્તિ જ જેનું પ્રયોજન છે તે ઔત્પાતિકી બુદ્ધિ.

**શંકા** :- ઔત્પાતિકી બુદ્ધિનું કારણ તો ક્ષયોપશમ છે ને ?

**સમાધાન** :- વાત સાચી છે, પરંતુ તે અંતરંગ કારણ હોવાથી સર્વ બુદ્ધિનું સાધારણ કારણ છે, તેથી તેની વિવક્ષા અહીં કરેલ નથી, તથા અન્ય શાસ્ત્ર અથવા શિલ્પાદિ કર્મ કે અભ્યાસ વિગેરેની આમાં અપેક્ષા નથી.

તથા બુદ્ધિની ઉત્પત્તિ થયા પહેલાં પોતે નહીં જોયેલ, બીજા પાસેથી નહીં સાંભળેલ અને મન વડે પણ નહીં વિચારેલ અર્થને તે જ ક્ષણે યથાયોગ્ય અર્થ જેના વડે ગ્રહણ કરાય છે તેવી ઉભય અવિરૂદ્ધ, એકાંત ફળવાળી જે બુદ્ધિ તે ઔત્પાતિકી બુદ્ધિ છે.

આ બુદ્ધિ નટપુત્ર રોહક વિગેરેની જેમ જાણવી.

**વૈનયિકી** :- ગુરૂની શુશ્રૂષા - સેવા રૂપ વિનય જેમાં કારણ છે અને વિનય પ્રધાન છે જેમાં તે વૈનયિકી બુદ્ધિ. તથા કાર્યના ભારને પાર પમાડવાના સામર્થ્યવાળી... ધર્મ-અર્થ અને કામશાસ્ત્રો સંબંધી સૂત્રાર્થના રહસ્યને ગ્રહણ કરનારી અને ઉભય લોકમાં ફળવાળી વૈનયિકી બુદ્ધિ છે.

આ બુદ્ધિ નૈમિત્તિક સિદ્ધપુત્રના શિષ્યાદિની જેમ જાણવી.

**કાર્મિકી** :- આચાર્ય સિવાય અન્ય પાસેથી શીખેલું કર્મ, આચાર્ય પાસેથી શીખેલું શિલ્પ અથવા કોઈ પ્રસંગે કરવામાં આવતું કર્મ, અને નિરંતર વ્યાપારરૂપે કરાતું તે શિલ્પ જાણવું.

કર્મ-કાર્યથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ તે કર્મજા. વિવક્ષિત કાર્યમાં મનને જોડવાથી તેના પરમાર્થને જાણનારી, કાર્યના અભ્યાસથી અને વિચારથી વિસ્તાર પામેલી, પ્રશંસારૂપ ફળવાળી કાર્મિકી બુદ્ધિ-કર્મજા બુદ્ધિ છે.

સોના-ચાંદીની પરીક્ષા કરનાર વિગેરેની જેમ આ બુદ્ધિ જાણવી.

**પારિણામિકી** :- લાંબા સમયપર્યંત પૂર્વાપર પદાર્થના અવલોકનથી ઉત્પન્ન થયેલ આત્મધર્મરૂપ પ્રયોજન છે જેનું... અથવા પરિણામની પ્રધાનતા છે જેમાં તે પારિણામિકી બુદ્ધિ તથા અનુમાન, કારણમાત્ર અને દૃષ્ટાંતો વડે સાધ્યને સાધનારી, વયની વૃદ્ધિ વડે પુષ્ટ થનારી, તેમજ અભ્યુદય અને મોક્ષના ફળવાળી આ બુદ્ધિ છે.

અભયકુમાર વિગેરેની જેમ આ બુદ્ધિ જાણવી. ॥૧૪૦॥

नारकत्वादिसाधनकर्माण्याह—

**महारम्भमहापरिग्रहपञ्चेन्द्रियवधकुणिमाहारैर्नैरयिकं कर्म प्रकरोति, मायित्वनिकृतिमत्त्वालीकवचनकूटतुलाकूटमानैरस्तैर्यग्योनिकं प्रकृतिभद्रकताप्रकृतिविनीतता-सानुक्रोशताऽमत्सरिकताभिर्मानुषं सरागसंयमसंयमासंयमबालतपःकर्माकामनिर्जराभिर्दैविकम् ॥१४१॥**

**महारम्भेति,** नैरयिकं कर्म नैरयिकत्वायायुष्कादि कर्म, महान्-इच्छापरिमाणेनाकृतमर्यादतया बृहन्नारम्भः पृथिव्याद्युपमर्दलक्षणो यस्य स महारम्भः, चक्रवर्त्यादिस्तत्त्वमेकं कारणम् । महान् परिग्रहो हिरण्यसुवर्णद्विपदचतुष्पदादिर्यस्य सः, तत्त्वमपरम् । पञ्चेन्द्रियाणां वधोऽपरो हेतुः । कुणिमं मांसं तदेवाहारः सोऽप्यन्यो मायित्वं मनःकुटिलता, निकृतिः कायचेष्टाद्यन्यथाकरणलक्षणा अभ्युपचारलक्षणा वा तद्वत्त्वम्, अलीकवचनमप्रियवचनमसत्यवचनं वा, कूटतुलाकूटमानेन यो व्यवहारः स कुटतुलाकूटमानः, एते तिर्यग्योनिकायुष्कादेः कारणम् । प्रकृत्या स्वभावेन भद्रकता-परानुपतापिता, प्रकृतिविनीतता, अनुपदिष्टविनीतत्वम् सानुक्रोशता-सदयता, मत्सरिकता-परगुणासहिष्णुता तत्प्रतिषेधोऽमत्सरिकता, एते मनुष्योत्पत्तिकारणकर्महेतवः । सरागसंयमः-सकषायचारित्रं वीतरागसंयमिनामायुषो बन्धाभावात् । संयमासंयमो देशसंयमः, बाला मिथ्यादृष्टयस्तेषां तपःक्रिया, अकामेन-निर्जरां प्रत्यनभिलाषेण निर्जरा-कर्मनिर्जरणहेतुर्बुभुक्षादिसहनमित्येतानि देवोत्पत्तिकारणानि ॥१४१॥

નારકપણું વિગેરે ગતિના કારણભૂત કર્મો કહે છે...

ચાર કારણ વડે જીવો નારકને યોગ્ય આયુષ્યાદિ કર્મ બાંધે છે તે આ પ્રમાણે...

(૧) મહાન આરંભ કરવાથી, મહાન પરિગ્રહ ધારણ કરવાથી, પંચેન્દ્રિયના વધથી અને માંસાહાર કરવાથી.

ચાર કારણ વડે જીવો તિર્યંચ યોનિપણાને યોગ્ય કર્મ બાંધે છે તે આ પ્રમાણે...

(૧) મનની કુટિલતાથી (૨) નિકૃતિથી (૩) જુઠું બોલવાથી તથા (૪) ખોટા તોલ અને માપ કરવાથી.

ચાર કારણથી મનુષ્યપણાને યોગ્ય આયુષ્યાદિ બાંધે છે - તે આ પ્રમાણે...

(૧) સરલતાથી (૨) વિનીત સ્વભાવથી (૩) દયાળુતાથી તથા (૪) મત્સર રહિતપણાથી.

ચાર પ્રકારે જીવ દેવગતિને યોગ્ય આયુષ્યાદિ કર્મ બાંધે છે તે આ પ્રમાણે...

(૧) સરાગ સંયમથી (૨) દેશવિરતિપણાથી (૩) બાલતપરૂપ ક્રિયાથી તથા (૪) અકામ નિર્જરાથી.

**महारम्भेति** - નૈરયિકપણા માટે અથવા નૈરયિકપણાએ કર્મ - આયુષ્યકાદિ...

**(૧) મહાઆરંભ :-** મોટી ઈચ્છાના પરિણામથી મર્યાદારહિત પૃથિવી વિગેરેના ઉપમર્દન સ્વરૂપ મોટો આરંભ છે જેમાં તે મહારંભ... ચક્રવર્તિપણા વિગેરેનો ભાવ તે મહારંભતા. નરકના આયુષ્યબંધનું આ એક કારણ છે.

**(૨) મહાપરિગ્રહ :-** હિરણ્ય-સુવર્ણ-દ્વિપદ-ચતુષ્પદાદિ મહાપરિગ્રહ જેને છે તે મહાપરિગ્રહવાળા. આ બીજું કારણ છે. **(૩) પંચેન્દ્રિયવધ :-** પંચેન્દ્રિય જીવોનો વધ તે ત્રીજું કારણ છે.

**(૪) કુણિમં :-** કુણિમં = માંસ, તે માંસનો જ આહાર છે જેનો તેઓ નરકનું આયુષ્ય બાંધે છે આ ચોથું કારણ.

**તિર્યંચગતિ યોગ્ય કારણ :-**

**(૧) માયિત્વં** - માયિત્વં = મનની કુટિલતા.

**(૨) નિકૃતિમત્વ** - નિકૃતિ એટલે બીજાને ઠગવા માટે શરીરની ચેષ્ટાનું અન્યથા કરવું અર્થાત્ કાયા દ્વારા જુદી-જુદી ચેષ્ટા કરવી અથવા અભ્યુપચાર કરવો.

**(૩) અલીકવચન** - અપ્રિય વચન બોલવું અથવા અસત્ય વચન બોલવું.

**(૪) કૂટતુલા-કુટમાન** - ખોટા ત્રાજવા તથા ખોટા માપ વડે જે વ્યવહાર તે કૂટતુલા-કુટમાન.

આ ચાર કારણ તિર્યંચયોનિના આયુષ્યના કારણરૂપ છે.

**મનુષ્યગતિ યોગ્ય કારણ :-**

**(૧) પ્રકૃતિ ભદ્રકતા** - પ્રકૃતિ એટલે સ્વભાવ વડે ભદ્રકતા - સરળતા... બીજાને પરિતાપ ન પહોંચાડવો તે ભદ્રકતા.

(૨) **પ્રકૃતિ વિનીતતા** - સ્વભાવથી નમ્રતા. ઝૂકવાનો સ્વભાવ. કોઈના ઉપદેશ વગર જ નમ્રતા.

(૩) **સાનુક્રોશતા** - દયા-કરૂણાપણું.

(૪) **અમત્સરિકતા** - બીજાના ગુણોને નહીં સહન કરવારૂપ - તે ઈર્ષ્યા. ઈર્ષ્યાનો અભાવ જેમાં છે તે અમત્સરિકા. મનુષ્ય આયુષ્ય કર્મબંધના આ કારણો જાણવા.

**દેવગતિને યોગ્ય આયુષ્યબંધના કારણ :-**

(૧) **સરાગ સંયમ :-** કષાયયુક્ત ચારિત્ર તે સરાગ સંયમ. વીતરાગ સંયમીઓને આયુષ્યના બંધનો અભાવ હોય છે.

(૨) **સંયમાસંયમ :-** સંયમ અને અસંયમરૂપ સ્વભાવ તે સંયમાસંયમ-દેશ સંયમ.

(૩) **બાલતપ :-** બાલ એટલે મિથ્યાદષ્ટિઓ - તેઓની તપરૂપ ક્રિયા તે બાલતપ ક્રિયા.

(૪) **અકામ નિર્જરા :-** નિર્જરા પ્રતિ અભિલાષા ન હોવાથી જે નિર્જરા તથા કર્મની નિર્જરારૂપ ભૂખ વગેરેનું સહન કરવું તે અકામ નિર્જરા.

આ દેવગતિના આયુષ્ય બંધરૂપ કારણો જાણવા. ॥૧૪૧॥

संयमसम्बन्धादाह—

**सर्वतः प्राणातिपातमृषावादादत्तादानमैथुनपरिग्रहविरमणानि पञ्चमहाव्रतानि स्थूलतस्तान्यणुव्रतानि ॥१४२॥**

**सर्वत इति,** पञ्चमहाव्रतानि, संख्यान्तरव्यवच्छेदाय पञ्चेति, प्रथमपश्चिमतीर्थयोः पञ्चानामेव भावात्, व्रतानि नियमाः, एषां महत्त्वञ्च सर्वजीवादिविषयत्वेन महाविषयत्वात्, यावज्जीवं त्रिविधं त्रिविधेनेति प्रत्याख्यानरूपत्वात्, देशविरतापेक्षया महतो गुणिनो व्रतरूपत्वाच्च, सर्वतः-निरवशेषात्रसस्थावरसूक्ष्मबादरभेदभिन्नात् कृतकारितानुमतिभेदाच्च, अथवा द्रव्यतः षड्जीवनिकायविषयात् क्षेत्रतः त्रिलोकसम्भवात् कालतोऽतीतादे रात्र्यादिप्रभवाद्वा भावतो रागद्वेषसमुत्थाच्च, न तु परिस्थूलादेवेत्यर्थः । प्राणानामिन्द्रियोच्छ्वासायुरादीनामतिपातः-प्राणिनः सकाशाद्विभ्रंशः प्राणातिपातः प्राणिप्राणवियोजनमित्यर्थः, तस्माद्विरमणं सम्यग्ज्ञानश्रद्धानपूर्वकं निवर्त्तनं सर्वतः सद्भावप्रतिषेधासद्भावोद्भावनार्थान्तरोक्तिगर्हाभेदात् कृतादिभेदाच्च, यद्वा द्रव्यतः सर्वधर्मास्तिकायादिद्रव्यविषयात् क्षेत्रतः सर्वलोकालोकगोचरात् कालतोऽतीतादे रात्र्यादिवर्तिनो वा भावतः कषायनोकषायादिप्रभवान्मृषाअलीकं वदनं वादो मृषावादस्तस्माद्विरमणं सर्वतः कृतादिभेदात्, यद्वा द्रव्यतः

सचेतनाचेतनद्रव्यविषयात् क्षेत्रवो ग्रामनगरारण्यादिसंभवात् कालतोऽतीतादे रात्र्यादिप्रभवाद्वा भावतो रागद्वेषसमुत्थात्, अदत्तं स्वामिनाऽवितीर्णं तस्यादानं तस्माद्विरमणं । सर्वस्मात् कृतकारितानुमतिभेदादथवा द्रव्यतो दिव्यमानुषतैरश्चभेदात् रूपरूपसहगतभेदाद्वा, तत्र रूपाणि निर्जीवानि प्रतिमारूपाण्युच्यन्ते, रूपसहगतानि तु सजीवानि, भूषणविकलानि वा रूपाणि भूषणसहितानि रूपसहगतानीति, क्षेत्रतस्त्रिलोकसंभवात् कालतो भावतश्च पूर्ववत् मैथुनाद्विरमणं । सर्वस्मात् पूर्ववत् परिग्रहाद्विरमणमिति । अणूनि च तानि व्रतान्यणुव्रतानि, अणुत्वञ्च महाव्रतापेक्षयाऽल्पविषयत्वादिति प्रतीतमेव, अथवा अनु महाव्रतकथनस्य पश्चात्तदप्रतिपत्तौ यानि व्रतानि कथ्यन्ते तान्यनुव्रतानि, यद्वा सर्वविरतापेक्षया अणोर्लघोर्गुणिनो व्रतान्यणुव्रतानि, स्थूला द्वीन्द्रियादयः सत्त्वाः, स्थूलत्वञ्चैषां सकललौकिकानां जीवत्वप्रसिद्धेः स्थूलविषयत्वात्, तस्मात् प्राणातिपाताद्विरमणम् । स्थूलः परिस्थूलवस्तुविषयोऽतिदुष्टविवक्षा-समुद्भवस्तस्मान्मृषावादात् । परिस्थूलविषयं चौर्यारोपणहेतुत्वेन प्रसिद्धमतिदुष्टाध्यवसायपूर्वकं स्थूलं तस्माददत्तादानात् । स्वदारसन्तोषात्मीयकलात्रादन्यत्रेच्छानिवृत्तिः । धनादिविषयाभि-लाषनियमनं देशतः परिग्रहविरतिरिति ॥१४२॥

મહાવ્રત પાંચ છે. (૧) પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત (૨) મૃષાવાદ વિરમણ મહાવ્રત (૩) અદત્તાદાન વિરમણ મહાવ્રત (૪) મૈથુન વિરમણ મહાવ્રત (૫) પરિગ્રહ વિરમણ મહાવ્રત.

અણુવ્રત પણ પાંચ છે. (૧) સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત (૨) સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત (૩) સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત (૪) સ્થૂલ મૈથુન વિરમણ વ્રત તથા (૫) સ્થૂલ પરિગ્રહ વિરમણ વ્રત.

'પંચ મહાવ્રતાનિ' પાંચ કહેવાથી અન્ય સંખ્યાનો નિષેધ થાય છે, તેથી ચાર નહીં પણ પાંચ... પ્રથમ અને અંતિમ જિનના તીર્થમાં પાંચનો જ સદ્ભાવ હોય છે.

'વ્રતાનિ' એટલે નિયમો... મહાન એવા નિયમો તે મહાવ્રતો.

સર્વે જીવાદિનો વિષય હોવાથી - મહાવિષયવાળા હોવાથી તેઓનું મહત્વ છે...

તથા જીવન પર્યંત ત્રિવિધ-ત્રિવિધ પ્રત્યાખ્યાન રૂપ હોવાથી તેઓનું મહત્વ છે.

અથવા દેશવિરતિની અપેક્ષાએ મોટા - વિશેષ ગુણી જનોના વ્રતો તે મહાવ્રતો...

**સમસ્ત** = ત્રસ - સ્થાવર - સૂક્ષ્મ અને બાદર ભેદથી કરેલ, કરાવેલ તથા અનુમોદનાથી કરેલ અથવા **દ્રવ્યતઃ** છ જીવ નિકાયના વિષયથી... **ક્ષેત્રથી** ત્રણ લોકના સંબંધથી... **કાળથી** અતીત વિગેરેથી અને **ભાવથી** રાગ-દ્વેષ ઉત્પન્ન થવાથી પરંતુ પરિસ્થૂલથી જ નહી...

**પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત :-** ઇન્દ્રિય - ઉચ્છ્વાસ અને આયુ વિગેરે પ્રાણોનો અતિપાત તે પ્રાણાતિપાત અર્થાત્ પ્રાણીઓના પ્રાણનો વિયોગ કરવો. પ્રાણનો ભ્રંશ કરવો તે પ્રાણાતિપાત. તેનાથી અટકવું અર્થાત્ સમ્યગ્ જ્ઞાન અને શ્રદ્ધા પૂર્વક અટકવું... તે પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત...

(૨) **મૃષાવાદ વિરમણ મહાવ્રત :-** સદ્ભાવનો નિષેધ - અસદ્ ભાવનું પ્રગટ કરવું - અન્ય અર્થનું કહેવું અને ગર્હાના ભેદથી અને કૃત - કારિતાના ભેદથી અથવા દ્રવ્યથી સર્વ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યના વિષયથી - ક્ષેત્રથી સર્વ લોકાલોકના વિષયથી - કાળથી ભૂતકાળ વિગેરેથી અથવા રાત્રિ વિગેરેમાં વર્તનારથી ભાવથી કષાય અને નોકષાયાદિના થવાથી મૃષા = જુઠું બોલવું તે મૃષાવાદ... તેનાથી અટકવું તે **મૃષાવાદ વિરમણ મહાવ્રત.**

(૩) **અદત્તાદાન વિરમણ મહાવ્રત :-** તથા સર્વથા કૃતાદિ ભેદથી અથવા **દ્રવ્યથી** સચેતન - અચેતન દ્રવ્યના વિષયથી

**ક્ષેત્રથી :-** ગ્રામ-નગર અને અરણ્ય વિગેરેના સંભવથી...

**કાલથી :-** અતીતાદિ અથવા રાત્રિ વિગેરેમાં થવાથી...

**ભાવથી :-** રાગ-દ્વેષ અને મોહ વિગેરે પેદા થવાથી અદત્તં = માલિકે ન આપેલું તેનું જે ગ્રહણ કરવું તે અદત્તાદાન તેનાથી અટકવું તે **અદત્તાદાન વિરમણ મહાવ્રત.**

(૪) **મૈથુન વિરમણ મહાવ્રત :-** તથા સમસ્ત કૃત-કારિત અને અનુમોદનાના ભેદથી અથવા **દ્રવ્યથી** દેવસંબંધી - મનુષ્ય સંબંધથી તથા તિર્યંચ સંબંધી ભેદથી, અથવા રૂપ અને રૂપ સહગતના ભેદથી રૂપ એટલે નિર્જીવ પ્રતિમાના આકારો કહેવાય છે... અને રૂપ સહગત સજીવ આકારો કહેવાય છે. અથવા ભૂષણ સહિત રૂપ અને ભૂષણ વગરના રૂપ તે રૂપ સહગત આકારો

**ક્ષેત્રથી** ત્રણે લોકમાં સંભવ હોવાથી.

કાલથી - અતીતાદિ ત્રણે કાળ અથવા રાત્રિ વિગેરેમાં થવાથી.

ભાવથી - રાગ-દ્વેષ ઉત્પન્ન થવાથી.

મૈથુનથી અટકવું તે **મૈથુન વિરમણ મહાવ્રત.**

(૫) **પરિગ્રહ વિરમણ મહાવ્રત :-** તથા સમસ્ત કૃત-કારિત અને અનુમોદનાના ભેદથી અથવા **દ્રવ્યથી** સર્વ દ્રવ્યના વિષયથી. **ક્ષેત્રથી** - ત્રણે લોક... **કાલથી** - અતીતાતિ ત્રણે કાળ અથવા રાત્રિ વિગેરેમાં થવાથી ભાવતઃ = રાગ-દ્વેષની ઉત્પત્તિથી...

સમસ્તપણે ગ્રહણ કરવું તે પરિગ્રહ તેનાથી અટકવું તે **પરિગ્રહ વિરમણ મહાવ્રત.**

**અણુવ્રત :-** નાના એવા જે વ્રતો તે અણુવ્રતો... મહાવ્રતોની અપેક્ષાએ અલ્પપણું અને અલ્પ વિષય હોવાથી પણ અણુ = નાના - લઘુ કહેવાય છે. અથવા અનુ એટલે મહાવ્રતોના કથન બાદ

મહાવ્રતોનો સ્વીકાર ન કર્યે છતે જે વ્રતો કહેવાય છે તે **અણુવ્રતો** અથવા સર્વવિરતિ ધર્મની અપેક્ષાએ અણુ-લઘુ ગુણવાળાના વ્રતો તે **અણુવ્રતો.**

**સ્થૂલ :-** બેઇંદ્રિય વિગેરે જીવો... સમસ્ત લૌકિક જીવોને જીવપણાની પ્રસિદ્ધિથી તેઓનું સ્થૂલપણું છે, સ્થૂલ વિષય હોવાથી સ્થૂલ... તે સ્થૂલ પ્રાણાતિપાતથી વિરમણ - અટકવું તથા પરિસ્થૂલ-મહાન વસ્તુ વિષયના અતિ દુષ્ટ આશયથી થયેલ તે સ્થૂલ મૃષાવાદ તેનાથી અટકવું...

પરિસ્થૂલ = મોટી વસ્તુના વિષયરૂપ સ્થૂલ અદત્તાદાન તેનાથી અટકવું... તેમજ ચોરપણાના આરોપણના હેતુ વડે પ્રસિદ્ધ અને દુષ્ટ અધ્યવસાય પૂર્વક સ્થૂલ = મોટી વસ્તુના વિષયરૂપ સ્થૂલ અદત્તાદાનથી અટકવું...

**સ્વદારા સંતોષ :-** પોતાની સ્ત્રી સિવાય અન્યત્ર ઇચ્છાથી નિવૃત્તિ... તથા ઇચ્છા-ધનાદિ વિષયના અભિલાષનું પરિમાણ નિયમ તે ઇચ્છા પરિમાણ અર્થાત્ દેશથી પરિગ્રહની વિરતિ. ॥૧૪૨॥

दुर्गतिसुगतिसाधनान्याह—

**शब्दरूपगन्धरसस्पर्शैरपरिज्ञातैर्जीवाः सज्यन्ते रज्यन्ते मूर्च्छन्ति गृध्यन्ति अध्युपपद्यन्ते विनिघातमापद्यन्ते परिज्ञाताश्च कल्याणाय ॥१४३॥**

**शब्देति,** शब्दादयो हि कामगुणा अभिलाषसम्पादकाः, स्वरूपतोऽनवगता अप्रत्याख्याता नरकादिभवप्राप्तये भवन्ति, एभिर्जीवा रागाद्याश्रयैः सह सम्बन्धं कुर्वंति, रागं यान्ति तद्दोषानवलोकनेन मोहं यान्ति प्राप्तस्यासन्तोषेणाप्राप्तस्यापरापरस्याकांक्षां कुर्वंति तदर्जनायातिशयेन यतन्ते ततश्च संसारमापद्यन्ते, त एव यदा ज्ञयरिज्ञया परिज्ञाताः प्रत्याख्यानपरिज्ञया च परिहृतास्तदा ते प्राणिनां हिताय शुभाय कल्याणाय च भवन्ति ॥१४३॥

હવે દુર્ગતિ તથા સુગતિના સાધનો કહે છે.

અજ્ઞાનતાથી શબ્દ-રૂપ-ગંધ-રસ અને સ્પર્શોનું સ્વરૂપ નહીં જાણવા વડે જીવો તેને વિષે અનુરક્ત થાય છે, રંજિત થાય છે, મૂર્છિત થાય છે, ગૃદ્ધિ પામે છે, અતિ આસક્ત થાય છે, અને વિનાશને પામે છે.

આ પાંચ ગુણોનું જ્ઞાન જીવોના કલ્યાણ માટે થાય છે.

**શબ્દેતિ :-** શબ્દ-રૂપ-રસ-ગંધ અને સ્પર્શ એ પાંચ કામગુણો છે. કામ સંબંધી ઇચ્છા કરાવનારા છે.

આ કામ ગુણોના સ્વરૂપને નહીં જાણેલા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે પ્રત્યાખ્યાન નહીં કરેલા જીવોને નરકાદિ ભવની પ્રાપ્તિ માટે થાય છે.

રાગાદિના આશ્રયભૂત આ પાંચને વિષે અથવા આ પાંચની સાથે જીવો સંબંધ કરે છે, રાગને પામે છે, તેના દોષોને નહીં જાણવાથી મોહને પામે છે, પ્રાપ્ત થયેલા કામગુણોના અસંતોષથી અને પ્રાપ્ત નહીં થયેલા બીજા-બીજા કામગુણોની આકાંક્ષા કરે છે. તેની પ્રાપ્તિ માટે વિશેષ પ્રયત્ન કરે છે, જેથી સંસાર વધે છે,

જ્ઞ પરિજ્ઞા વડે જેણે આ જાણ્યું છે તે જીવો પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે તેનો ત્યાગ કરે તો તે પ્રાણીઓના હિત માટે, શુભ માટે અને કલ્યાણ માટે થાય છે. ॥૧૪૩॥

शरीरं निरूपयति—

**नारकादिवैमानिकान्तानां शरीराणि पञ्चवर्णरसान्यौदारिकादीनि च ॥१४४॥**

**नारकादीति,** चतुर्विंशतिदण्डके नारकादिवैमानिकान्तानां वैक्रियशरीराणां पञ्चवर्णत्वं तच्च निश्चयनयात्, व्यवहारतस्त्वेकवर्णप्राचुर्यात् कृष्णादिप्रतिनियतवर्णतैव । कृष्णनीललोहितहारिद्रशुक्लाः पञ्चैव वर्णा अपरेषां सांयोगिकत्वात्, एवं रसा अपि तिक्तकटुकषायाम्लमधुराः पञ्च । एवमौदारिकाहारकतैजसकार्मणशरीराण्यपि । कार्मणातिरिक्तानि सर्वाण्यपि पर्याप्तकत्वेन स्थूलाकारधारीणि यदा भवन्ति तदा तान्यवयवभेदेन पञ्चवर्णरसवन्ति सुरभ्यसुरभिगन्धवन्त्यष्टस्पर्शाणि च, अन्यथा तु न नियतवर्णादिव्यपदेश्यानि, अपर्याप्तत्वेनावयवविभागाभावादिति ॥१४४॥

હવે શરીરનું નિરૂપણ કરે છે.

નારકથી માંડીને વૈમાનિક સુધીના સર્વ દંડકોના શરીર પાંચ વર્ણ અને પાંચ રસવાળા હોય છે, ઔદારિકાદિ શરીર પણ પાંચ વર્ણ અને પાંચ રસ યુક્ત છે.

**नारकादीति :-** નિશ્ચય નયની અપેક્ષાએ નારકથી પ્રારંભી વૈમાનિક પર્યંતના ચોવીશ દંડકને વિષે વૈક્રિય શરીરનું પંચ વર્ણપણું છે, જ્યારે વ્યવહારથી તો એક વર્ણના બાહુલ્યથી કૃષ્ણ વિગેરે વર્ણમાંથી ચોક્કસ એક વર્ણપણું જ હોય છે.

કાળા-નીલા-રાતા-પીળા તથા ધોળા આ પાંચ જ વર્ણો - રંગ છે. બીજા બધા સંયોગથી બને છે. એ રીતે રસો પણ તીખા-કડવા-કષાયી-ખાટા અને મધુર આ પાંચ પ્રકારના જ છે.

તથા ઔદારિક-આહારક-તૈજસ અને કાર્મણ આ પાંચ શરીર છે.

કાર્મણ સિવાયના ચાર શરીર પર્યાપ્તપણાએ સ્થૂલ આકારને ધારણ કરનારા જ્યારે હોય છે ત્યારે અવયવ ભેદ વડે તે પાંચ વર્ણ - પાંચ રસવાળા સુરભી - અસુરભી બે ગંધવાળા તથા આઠ સ્પર્શવાળા હોય છે.

સ્થૂલ આકારને ધારણ નહીં કરનારા શરીરો તો નિયત વર્ણ વિગેરેના વ્યપદેશવાળા નથી, કારણ કે અપર્યાપ્ત અવસ્થામાં અવયવોનો અભાવ હોય છે. ॥૧૪૪॥

शरीरिविशेषगतान् धर्मविशेषानाह—

**आख्यानविभजनदर्शनतितिक्षणानुचरणेषु प्रथमपश्चिमजिनानां कृच्छ्रवृत्तिः ॥१४५॥**

**आख्यानेती**, भरतैरवतेषु चतुर्विंशतेर्य आदिमाः पश्चिमाश्च जिनास्तेषामाख्यानादिक्रियाविशेषेषु विनेयानामृजुजडत्वेन वक्रजडत्वेन च कृच्छ्रवृत्तिर्भवति, तत्र विनेयानां महावचनाटोपप्रबोध्यत्वेन भगवतामायासोत्पत्तेराख्याने कृच्छ्रवृत्तिः । व्याख्यातेऽपि वस्तुतत्त्वस्य विभागेनावस्थापनं दुःशकं भवति, शिष्याणामुपपत्तिभिः प्रतीतावारोपयितुमुत्पन्नं परीषहादिकं तितिक्षयितुमनुष्ठापयितुञ्च दुःशकम्, तेषामृजुवक्रजडमतित्वात् । मध्यमजिनानान्तु सुगमं भवति, तद्विनेयानामृजुप्रज्ञत्वेनाल्पप्रयत्नेनैव बोधनीयत्वात्, विहितानुष्ठाने सुखप्रवर्त्तनीयत्वाच्च ॥१४५॥

જીવ વિશેષમાં રહેલા ધર્મ વિશેષોને જણાવે છે.

પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં પાંચ સ્થાનને વિષે કષ્ટ થાય છે. તે આ પ્રમાણે છે.

(૧) ધર્મ તત્વનું આખ્યાન (૨) વિભાગ (૩) તત્ત્વોને બતાવવા (૪) પરિષહ-ઉપસર્ગ સહન કરવા તથા (૫) સંયમનું પાલન... આચરણ...

(૧) आख्यानेति, ભરત અને ઐરવત ક્ષેત્રમાં ચોવીશ તીર્થંકરોમાંથી પ્રથમ અને અંતિમ તીર્થંકરોને પોતાના શિષ્યો અનુક્રમે ઋજુ અને જડ તથા વક્ર અને જડ હોવાથી આખ્યાનાદિ ક્રિયા વિશેષોમાં મુશ્કેલી પડે છે, કારણ કે - શિષ્યોને મહાન વચનમાં આટોપથી સમજાવવા વડે અર્હંતોને કષ્ટ થવાથી આખ્યાન - કથનમાં કૃચ્છ્રવૃત્તિ કહી - કષ્ટ જણાવ્યું. (૨) **વિભજન :-** તત્ત્વનું વ્યાખ્યાન કરે છતે વસ્તુતત્વના વિભાગ વડે સ્થાપવું દુઃશક્ય છે.

(૩) **દર્શન :-** યુક્તિઓ પૂર્વક શિષ્યોને પ્રતીતિ થાય તે રીતે તત્ત્વનું આરોપણ કરવા માટે દુષ્કર છે, તથા (૪) ઉત્પન્ન થયેલ પરિષહાદિને સહન કરાવવા માટે શિષ્યને તેમાં સારી રીતે જોડવા માટે દુષ્કર થાય છે. (૫) શિષ્યોને સારી રીતે ચારિત્ર પાલનમાં જોડવા - પણ દુઃશક્ય છે. શિષ્યોની ઋજુ - વક્ર અને જડ મતિ હોવાથી આ પાંચ કાર્ય દુઃશક્ય છે.

મધ્યમના બાવીશ તીર્થંકરોને તો આ પાંચે કાર્ય સુગમ છે. અનાયાસે થઇ જાય છે.

તેઓના શિષ્યો ઋજુ તથા પ્રાજ્ઞ હોવાથી અલ્પ પ્રયત્ન વડે જ બોધ પામે છે, તેમજ કહેલા અનુષ્ઠાનમાં સુખ પૂર્વક પ્રવર્તાવવા યોગ્ય બને છે. ॥૧૪૫॥

तथा—

**क्षान्तिमुक्तिमार्दवार्जवलाघवानि सत्यतपस्संयमत्यागब्रह्मचर्यवासा उत्क्षिप्तनिक्षिप्तान्तप्रान्तरूक्षचरकत्वानि अज्ञातान्नग्लानकमौनचरकत्वसंसृष्टकल्पिकत्वतज्जातसंसृष्टकल्पिकत्वानि औपनिधिकशुद्धैषणिकसंख्यादत्तिकदृष्टलाभिकपृष्टलाभिकत्वानि आचाम्लिकनिर्विकृतिकपुरिमर्द्धिकपरिमितपिण्डपातिकभिन्नपिण्डपातिकत्वानि अरसविरसान्तप्रान्तरूक्षाहाराणि च श्रमणानां नित्यं कीर्त्तितानि ॥१४६॥**

**क्षान्तीति**, क्षान्त्यादयः क्रोधलोभमानमायानिग्रहाः, लाघवमुपकरणतो गौरवत्रयत्यागो वा । सत्यं चतुर्विधमनलीकम्, तदुक्तम् 'अविसंवादनयोगः कायमनोवागजिह्मता चैव । सत्यं चतुर्विधं तच्च जिनवरमतेऽस्ति नान्यत्रे'ति । तपो द्वादशविधम्, संयमो हिंसादिनिवृत्तिः, त्यागः संविग्नैकसाम्भोगिकानां भक्तादिदानम्, ब्रह्मचर्ये मैथुनविरमणे वास इत्येष पूर्वोक्तैः सह दशविधः श्रमणधर्मः । अथ वृत्तिसंक्षेपाभिधानस्य बाह्यतपोविशेषस्य भेदा उच्यन्ते, उत्क्षिप्तं स्वप्रयोजनाय पाकभाजनादुद्धृतं तदर्थमभिग्रहविशेषाच्चरति तद्गवेषणाय गच्छतीत्युत्क्षिप्तचरकस्तस्य भाव उत्क्षिप्तचरकत्वमेवमग्रेऽपि, निक्षिप्तमनुद्धृत्तं चरतीति तथा, अन्ते भवमान्तं भुक्तावशेषं वल्लादि, प्रकृष्टमान्तं प्रान्तं तदेव पर्युषितम्, रूक्षं निस्नेहमिति, तत्राद्यौ भावाभिग्रहावितरे द्रव्याभिग्रहाः । अज्ञातः-अनुपदर्शितस्वाजन्यर्द्धिमत्प्रव्राजितादिभावः सन् भिक्षार्थमटतीत्यज्ञातचरकः, अन्नग्लानकचरकः, अन्नग्लानको दोषान्नभुक्, एवंविधः सन् चरति, अन्नग्लायकचरकः, अन्यग्लायकचरको वेति क्वचिद् दृश्यते, अन्नं विना ग्लायकः समुत्पन्नवेदनादिकारण एवेत्यर्थः, अन्यस्मै वा ग्लायकाय भोजनार्थं चरतीति तथा । मौनेन व्रतेन चरतीति मौनचरकः, संसृष्टेन खरण्टितेन हस्तभाजनादिना दीयमानं कल्पिकं कल्पवत् कल्पनीयमुचितमभिग्रहविशेषाद्भक्तादि यस्य स संसृष्टकल्पिकः, तज्जातेन-देयद्रव्यप्रकारेण यत्संसृष्टं हस्तादि तेन दीयमानं कल्पिकं यस्य सः । उपनिधीयत इत्युपनिधिः प्रत्यासन्नं यद्यथा कथञ्चिदानीतं तेन चरति तद्ग्रहणायेत्यौपनिधिकः । शुद्धा अनतिचारा एषणा शङ्कितादिदोषवर्जनरूपा तया चरतीति शुद्धैषणिकः । संख्याप्रधानाः परिमिता एव दत्तयः सकृद्भक्तादिक्षेपलक्षणा ग्राह्याः यस्य सः संख्यादत्तिकः । दृष्टस्यैव भक्तादेर्लाभस्तेन चरतीति तथा । पृष्टस्यैव साधो दीयते त इत्येवंविधेन लाभेन यश्चरति स पृष्टलाभिकः । आचाम्लेन समयप्रसिद्धेन यश्चरति स तथा । घृतादिविकृतिभ्यो यो निर्गतः स निर्विकृतिकः । पुरिमार्द्धं पूर्वाह्णलक्षणं प्रत्याख्यानविशेषो यस्य स तथा । परिमितो द्रव्यादिपरिमाणतः पिण्डपातो

भक्तादिलाभो यस्यास्ति सः । भिन्नस्यैव स्फोटितस्यैव पिण्डस्य सक्तुकादिसम्बन्धिनः पातो लाभो यस्यास्ति सः । अरसं हिंग्वादिभिरसंस्कृतमाहारयतीत्यरसो विगतरसं विरसं पुराणधान्यौदनादि रूक्षं तैलादिवर्जितम् एवम्भूतानि वस्तूनि भगवता सदा वर्णितानि श्लाघितानि कर्त्तव्यतयाऽनुमतानि च ॥१४६॥

તથા—

સાધુને નિત્ય કરવા યોગ્ય પાંચ-પાંચ કાર્ય ધર્મ જણાવે છે.

(૧) ક્ષમા-મુક્તિ-મૃદુતા-ઋજુતા તથા લાઘવ.. આ પાંચ ધર્મ... ક્રોધ-લોભ-માન અને માયાના નિગ્રહથી ક્ષમા-મુક્તિ-મૃદુતા અને ઋજુતાની પ્રાપ્તિથી થાય છે.

**લાઘવ** - ઉપકરણની અલ્પતા તથા ત્રણ ગારવના ત્યાગથી લઘુતા ગુણ પ્રાપ્ત થાય છે.

(૨) સત્ય-તપ-સંયમ-ત્યાગ તથા બ્રહ્મચર્યવાસ...

**સત્ય :-** જૂઠનો અભાવ, તેના ચાર પ્રકાર છે. (૧) અવિસંવાદન યોગ - સરલ પ્રવૃત્તિ, (૨) કાયાથી અકુટિલતા, (૩) મનથી અકુટિલતા, (૪) અને વાણીથી અકુટિલતા..

આ ચાર પ્રકારનું સત્ય જિનેશ્વરના મતમાં છે, પરંતુ બીજા મતમાં નથી. **તપ :-** બાર પ્રકારનો તપ. **સંયમ :-** હિંસા વિગેરેથી નિવૃત્તિ. **ત્યાગ :-** સંવિજ્ઞ - સાંભોગિક મુનિઓને આહારાદિ આપવા. **બ્રહ્મચર્યવાસ :-** બ્રહ્મચર્યમાં વાસ કરવો.. મૈથુન વિરમણમાં વાસ કરવો. ક્ષમા વિ. પાંચ તથા સત્ય વિગેરે પાંચ મળી દશ પ્રકારનો સાધુ ધર્મ છે.

બાહ્ય તપ વિશેષ વૃત્તિસંક્ષેપ નામના તપના ભેદો - કહેવાય છે...

(૧) ઉત્ક્ષિપ્તચરક (૨) નિક્ષિપ્ત ચરક (૩) આંત ચરક (૪) પ્રાંત ચરક તથા (૫) રૂક્ષ ચરક.

**ઉત્ક્ષિપ્ત ચરક :-** પોતાના પ્રયોજન માટે પાકના ભાજનમાંથી કાઢેલું છે, તે જ અન્નાદિ લેવા માટે અભિગ્રહ વિશેષથી ફરે છે, તેના ગવેષણ માટે જાય છે, તે ઉત્ક્ષિપ્ત ચરક... તેનો ભાવ તે ઉત્ક્ષિપ્ત ચરકત્વ.. આ રીતે બધે જાણવું.

**નિક્ષિપ્ત ચરક :-** નિક્ષિપ્ત એટલે નહીં કાઢેલું. અર્થાત્ રાંધવાના ભાજનમાં જ રહેલ આહારને માટે ફરે તે નિક્ષિપ્ત ચરક.

**અંત ચરક :-** અંત એટલે જમ્યા પછી બચેલું તે વાલ વિગેરે. તેવા પ્રકારના આહારને માટે ફરે તે અંત ચરક.

**પ્રાંત ચરક :-** અત્યંત પ્રાંત - તુચ્છ વાલાદિ આહારને માટે ફરે તે પ્રાંત તેજ પર્યુષિત.

**રૂક્ષ ચરક :-** રૂક્ષ એટલે ચિકાસ રહિત.. રસ રહિત લૂખા આહારને માટે ફરે તે રૂક્ષ ચરક.

આમાં પ્રથમના બે ભાવ અભિગ્રહ છે. બાકીના ત્રણ દ્રવ્ય અભિગ્રહ છે.

પાંચ અભિગ્રહ વિશેષ. (૧) અજ્ઞાત ચરક (૨) અન્નગ્લાનક ચરક (૩) મૌન ચરક (૪) સંસૃષ્ટ કલ્પિક (૫) તજ્જાત સંસૃષ્ટ કલ્પિક.

(૧) **અજ્ઞાત ચરક :-** પોતાના સ્વજન સંબંધી ઋદ્ધિને ન જણાવતો - પોતાની દીક્ષાના વૃત્તાંતને ન જણાવતો ભિક્ષા માટે જે ફરે તે અજ્ઞાત ચરક.

(૨) **અન્નગ્લાનક ચરક :-** દોષવાળા અન્નને ભોગવનાર.. આવા પ્રકારનો ભિક્ષા માટે ફરે.. તે અન્નગ્લાનક ચરક.

**અન્નગ્લાયક ચરક :-** આહાર વિના ખેદ પામનાર. અર્થાત્ ઉત્પન્ન થયેલ વેદનાદિ કરણવાળો. તેવા પ્રકારનો ભિક્ષા માટે ફરે..

**અન્યગ્લાયક ચરક :-** અન્ય ગ્લાન - બિમાર માટે ભિક્ષા ગ્રહણ કરવા જે ફરે તે અન્યગ્લાયક ચરક...

(૩) **મૌન ચરક :-** મૌન વ્રત વડે ભિક્ષા માટે ચરે તે મૌન ચરક.

(૪) **સંસૃષ્ટ કલ્પિક :-** ખરડાયેલા હાથ કે ભાજન વડે અપાતું તે કલ્પવાળું, કલ્પનીય અને ઉચિત આહારાદિ અભિગ્રહ વિશેષથી જે ગ્રહણ કરે તે સંસૃષ્ટ કલ્પિક.

(૫) **તજ્જાત સંસૃષ્ટ કલ્પિક :-** દેવાની વસ્તુ વડે જ ખરડાયેલ હાથ વિગેરે તેના વડે અપાતો કલ્પનીય આહારાદિ જે ગ્રહણ કરે તે તજ્જાત સંસૃષ્ટ કલ્પિક.

**અન્ય પાંચ સ્થાન :-** (૧) ઔપનિધિક. (૨) શુદ્ધૈષણિક. (૩) સંખ્યાદત્તિક (૪) દૃષ્ટલાભિક તથા (૫) પૃષ્ટલાભિક..

**ઔપનિધિક :-** નજીકમાં લઇ જવાય તે ઉપનિધિ... કોઇ રીતે જે નજીકમાં લાવેલો આહાર હોય, તેને ગ્રહણ કરવા માટે જે ફરે તે ઔપનિધિક..

**શુદ્ધૈષણિક :-** શુદ્ધ - અતિચાર રહિત - શંકાદિ દોષોના વર્જનરૂપ એષણા તેને માટે જે ફરે - અર્થાત્ બેંતાલીશ દોષ રહિત આહાર માટે જે ફરે તે શુદ્ધૈષણિક...

**સંખ્યાદત્તિક :-** સંખ્યાના પ્રમાણવાળી જ દત્તિ - અર્થાત્ એકવાર આહારાદિ જે ધારાબદ્ધ અપાય તેને જ ગ્રહણ કરનાર તે સંખ્યાદત્તિક - અખંડિત ધારા વડે જેટલી વાર આહારાદિ અપાય તેટલી દત્તિ...

**દૃષ્ટલાભિક :-** દૃષ્ટિ વડે જોયેલ આહારાદિના લાભ માટે જે ફરે તે દૃષ્ટલાભિક.

**પૃષ્ટલાભિક :-** દાતારે પૂછેલ આહારની પ્રાપ્તિ માટે જે ફરે તે પૃષ્ટલાભિક.

**અન્ય પાંચ સ્થાન :-** (૧) આચામ્લિક (૨) નિર્વિકૃતિક (૩) પુરિમર્દ્ધિક (૪) પરિમિત પિંડ પાતિક અને (૫) ભિન્ન પિંડપાતિક.

**આચામ્લિક :-** સમય પ્રસિદ્ધ આયંબિલ માટેના આહાર માટે જે ફરે તે આચામ્લિક...

**નિર્વિકૃતિક :-** ઘી વગેરે વિગઇથી રહિત આહાર માટે ફરે તે નિર્વિકૃતિક.

**પુરિમર્દ્ધિક** :- પુરિમાર્દ્ધ - મધ્યાહ્ન.. બે પ્રહર પર્યંત જેને પચ્ચક્ખાણ છે તે પુરિમર્દ્ધિક.

**પરિમિત પિંડ પાતિક** :- દ્રવ્યાદિના પરિમાણથી પરિમિત આહારની પ્રાપ્તિ જે કરે તે પરિમિત પિંડપાતિક..

**ભિન્ન પિંડ પાતિક** :- વિભાગ કરેલ અર્થાત્ જુદા કરેલ સાથવા વિગેરેના સંબંધવાળા દ્રવ્યોની પ્રાપ્તિ જે કરે તે ભિન્ન પિંડ પાતિક.

**આહાર ગ્રહણ બાદ કેવી રીતે વાપરવાનો તેના પાંચ સ્થાન** :- (૧) અરસ (૨) વિરસ (૩) અંત (૪) પ્રાંત તથા (૫) રૂક્ષ.

**અરસં** :- હિંગ આદિ મસાલા વડે સંસ્કાર ન કરાયેલ. આહારને જે વાપરે છે.. **વિરસં** :- રસ રહિત જુના ધાન્ય ચોખા વિગેરેને જે વાપરે છે. **અંત** :- લોકોએ જમી લીધું હોય પછી વધેલો આહાર. **પ્રાંત** :- અત્યંત તુચ્છ આહારને જે વાપરે છે. **રૂક્ષ** :- તેલ-ઘી વિગેરેથી રહિત લુખો આહાર જે વાપરે છે.

આવા પ્રકારના આહાર વિગેરે વસ્તુની પરમાત્માએ પ્રશંસા કરી છે. શ્લાઘા કરી છે તથા કર્તવ્યપણાએ અનુજ્ઞા આપી છે. ॥૧૪૬॥

तथा—

**क्रियास्थानप्रतिसेवनां प्रतिसेव्याप्यनालोचनं लब्धप्रायश्चित्तानारम्भणं प्रस्थाप्याप्यनिर्वेष्टारं स्थितिप्रकल्प्यान्यप्रतिसेवनञ्च कुर्वाणं साम्भोगिकं विसाम्भोगिकं कुर्वन् निर्ग्रन्थो नाज्ञाबाह्यः, कुलभेदिनं गणभेदिनं हिंसाप्रेक्षिणं छिद्रप्रेक्षिणं पुनः पुनः प्रश्नप्रयोक्तारञ्च पाराञ्चिकं कुर्वन्नपि ॥१४७॥**

**क्रियास्थानेति,** अशुभकर्मबन्धकमकृत्यविशेषलक्षणं स्थानं प्रतिसेवितारं प्रतिसेव्य तद्गुरवेऽनिवेदयितारं आलोच्य गुरूपदिष्टप्रायश्चित्तस्यानारम्भकं आरभ्यापि न निष्ठाप्रापकं स्थविरकल्पिकानां समाचारे योग्यानि विशुद्धपिण्डशय्यादीन्यतिक्रम्यान्यानि प्रतिसेवितारञ्च साम्भोगिकं-एकभोजनमण्डलिकादिकं साधर्मिकं विसाम्भोगिकं-मण्डलीबाह्यं विदधन्निर्ग्रन्थो न भगवदाज्ञामतिक्रामति, उचितत्वात्, तथा यो गच्छवासी सन् तस्यैव कुलस्य भेदायान्योऽन्यमधिकरणोत्पादनेनाभ्युत्थाता भवति, तथा गणे वसन् तस्यैव भेदाय भवति, एवं हिंसां-वधं साध्वादेर्गवेषयति, हिंसार्थमेवापभ्राजनार्थं वा प्रमत्तवादीनि छिद्राणि प्रेक्षते तथा मुहुर्मुहुरसंयमस्यायतनभूतानि सावद्यानुष्ठानप्रश्नानि प्रयुंक्ते तं साधर्मिकं पाराञ्चिकं-दशमप्रायश्चित्तविशेषवन्तमपहृतलिङ्गादिकं कुर्वन् निर्ग्रंथो भगवदाज्ञां नातिक्रामतीत्यर्थः ॥१४७॥

તથા

શ્રમણ નિર્ગંથ ભગવંતો પાંચ સ્થાનને વિષે સમાન ધર્મવાળા સાંભોગિકને અસાંભોગિક કરતાં અર્થાત્ ભોજન માંડલીમાંથી બહાર કાઢતા જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતાં નથી.

(૧) **ક્રિયાસ્થાન પ્રતિસેવિતારં** :- (૧) અશુભ કર્મના બંધરૂપ સ્થાન. અર્થાત્ અકૃત્યને સેવનારા હોય.

(૨) **પ્રતિસેવ્યાડપિ અનાલોચનં** :- પાપ કાર્યનું સેવન કરીને ગુરુને નિવેદન ન કરનારા.

(૩) **લબ્ધ પ્રાયશ્ચિત અનારંભણં** :- ગુરુને નિવેદન કરીને પણ ગુરુએ આપેલ પ્રાયશ્ચિત રૂપ તપ કરવાનો આરંભ ન કરનાર.

(૪) **પ્રસ્થાપ્યાડપિ અનિર્વેષ્ટારં** :- પ્રાયશ્ચિત રૂપ તપનો આરંભ પણ પૂર્ણ ન કરે.

(૫) **સ્થિતિ પ્રકલ્પ્યાન્ય પ્રતિસેવનં** :- સ્થવિર કલ્પવાળાઓની માસકલ્પાદિ સ્થિતિ અને વિશુદ્ધ પિંડ વિગેરે પ્રકલ્પ્ય તે સ્થિતિ પ્રકલ્પ્યો, તેને ઉલ્લંઘી - ઉલ્લંઘીને તેથી અન્ય અયોગ્ય કર્તવ્યોને સેવે છે.

આ પાંચ સ્થાનને વિષે સમાન ધર્મવાળા સાંભોગિકને અસાંભોગિક કરતાં અર્થાત્ ભોજન માંડલીમાંથી બહાર કાઢનાર નિર્ગંથ જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી.

કુલભેદિ વિગેરે પાંચ સ્થાનકને સેવનારને પારાંચિક પ્રાયશ્ચિત્ત આપનાર નિર્ગંથ જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી.

(૧) **કુલભેદી** :- જે કુલમાં વસે છે તે કુલમાં - ગચ્છમાં રહેતો છતો તે જ ગચ્છમાં ભેદ પડાવવા માટે પરસ્પર કલહને ઉત્પન્ન કરવા વડે તૈયાર થાય.

**ગણભેદિનં** :- જે ગણમાં વસે તે ગણમાં ભેદ પડાવવા તૈયાર થાય. તેને

**હિંસાપ્રેક્ષિણં** :- સાધુ વિગેરેનો વધ કરવા માટે શોધ કરનાર. તેને.

**છિદ્ર પ્રેક્ષિણં** :- સાધુ વિગેરેને મારવા માટે અથવા તેની નિંદા થાય માટે તેના પ્રમત્તાદિ દોષોને જોનાર - તેને.

**પુનઃ પુનઃ પ્રશ્નપ્રયોક્તારં** :- વારંવાર અસંયમના સ્થાનભૂત અંગુષ્ઠ પ્રશ્નાદિ અથવા સાવદ્ય અનુષ્ઠાનના પ્રયોગો કરે. તેને

દશમા પારાંચિત પ્રાયશ્ચિત રૂપ તે સાધુના વેષ - લિંગ વિગેરેને ખેંચી લેવા રૂપ પારાંચિત કરનાર નિર્ગંથ પરમાત્માની આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી. ॥૧૪૭॥

तथा—

**गणे आज्ञाधारणयोः सम्यगप्रयोक्त्रोः यथारात्निकतया विनयस्य सम्यगप्रयोक्त्रोः श्रुतपर्यवजातानां यथावसरं सम्यगपाठयित्रोः ग्लानशैक्षवैयावृत्त्यानभ्युपगंत्रोः अनापृछ्यचारिणोराचार्योपाध्याययोः पञ्च विग्रहस्थानानि ॥१४८॥**

**गण इति**, गणविषये हे साधो भवता विधेयमिदमित्येवंरूपाया आज्ञाया न विधेयमिदमिदमित्येवंरूपाया धारणाया यो न सम्यगौचित्येन प्रयोक्ता भवति येन परस्परं साधवः कलहायन्ते असम्यङ्योगाद्दुर्नियंत्रितत्वाच्च तस्याचार्यस्योपाध्यायस्य वा गणे प्रथमं विग्रहस्थानम् । रत्नानि द्विधा द्रव्यतो भावतश्च, तत्र द्रव्यतः कर्केतनादीनि, भावतो ज्ञानादीति, तत्र रत्नैर्ज्ञानादिभिर्व्यवहरतीतिरात्निको बृहत्पर्यायः, यो यो रात्निको यथारात्निकं तद्भावस्तत्ता तया, यथारात्निकतया-यथा ज्येष्ठं विनयस्य वन्दनकादेर्न सम्यक् प्रयोजयिता तादृशस्य द्वितीयं स्थानम्, श्रुतस्य यानि पर्यवजातानि सूत्रार्थप्रकारास्तेषां यथावसरं काले काले यो न सम्यक् पाठयिता तस्य तृतीयम् । यथा त्रिवर्षपर्यायस्य आचारप्रकल्पनामाध्ययनम्, चतुर्वर्षस्य सूत्रकृदङ्गम् दशाकल्पव्यवहाराः पञ्चवर्षस्य स्थानाङ्गं समवायोऽप्यष्टवर्षस्य दशवर्षस्य विवाह इत्यादिरूपोऽवसरः । ग्लानशैक्षवैयावृत्त्यं प्रति यो न सम्यक् स्वयमभ्युत्थाता तस्य चतुर्थम् । यो गणमनापृच्छय क्षेत्रान्तरसंक्रमादि करोति तस्य पञ्चमम् । एतद्वैपरीत्येन पञ्च तयोरविग्रहस्थानानि ॥१४८॥

તથા

આચાર્ય - ઉપાધ્યાયના ગણને વિષે પાંચ વિગ્રહ - કલહના સ્થાનો કહેલા છે.

(૧) ગણને વિષે વિગ્રહસ્થાનો -

'હે મુનિ ! તારે આમ કરવું' આવા પ્રકારની વિધિ રૂપ આજ્ઞા પ્રત્યે તથા ધારણા અર્થાત્ તારે આમ ન કરવું આવા પ્રકારની નિષેધ રૂપ ધારણા પ્રત્યે જે મુનિ યોગ્ય રીતે જોડાતો નથી - પાલન કરતો નથી જે કારણથી સાધુઓ પરસ્પર કલહની આચરણા કરે છે, કારણ કે તેઓની યથાર્થ વ્યાપાર-પ્રવૃત્તિ નથી અને દુઃખ પૂર્વક જોડાયેલા હોય છે. આચાર્ય - ઉપાધ્યાયના ગણને વિષે આ પ્રથમ વિગ્રહ સ્થાન છે.

(૨) રત્નો બે પ્રકારે છે, દ્રવ્યથી અને ભાવથી.

દ્રવ્યથી - કર્કેતનાદિ રત્નો... ભાવથી - જ્ઞાનાદિ રત્નો...

જ્ઞાનાદિ રત્નો વડે વ્યવહાર કરે છે તે રાત્નિક - મોટા પર્યાયવાળો તેનો ભાવ તે યથારાત્નિકતા... તે યથારાત્નિકતા વડે - યથા જ્યેષ્ઠને વંદન કરવું જોઈએ. જે આ રીતે રત્નાદિકને વંદન આદિને સારી રીતે કરતો નથી તેમાં સારી રીતે જોડાતો નથી.. આ કલહનું બીજું સ્થાન...

(૩) શ્રુતના જે પર્યવજાતાનિ અર્થાત્ સૂત્રાર્થના પ્રકારોને જેઓ ધારણ કરે છે તેઓને યોગ્ય અવસરે - યથાયોગ્ય સમયે સારી રીતે ભણાવતા નથી... તે કલહનું ત્રીજુ સ્થાન...

વાચનાની મર્યાદા આ પ્રમાણે છે.

ત્રણ વર્ષની દીક્ષાવાળાને આચાર પ્રકલ્પ - નિશીથ સૂત્રની વાચના આપે...

ચાર વર્ષના પર્યાયવાળાને સૂયગડાંગ અંગની વાચના આપે...

પાંચ વર્ષના પર્યાયવાળાને દશાશ્રુતસ્કંધ.. બૃહત્ કલ્પાદિ અને વ્યવહાર સૂત્રની...

આઠ વર્ષના પર્યાયવાળાને ઠાણાંગ તથા સમવાયાંગની...

દશ વર્ષના સંયમ પર્યાયવાળાને વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ - ભગવતીજી સૂત્રની વાચના આપે.

(૪) ગ્લાન અને શૈક્ષ (નવ દીક્ષિત) ની વૈયાવચ્ચ માટે જે સારી રીતે તત્પર થતો નથી... તે ચોથું કલહ સ્થાન...

(૫) જે ગણને પૂછ્યા વગર અન્ય ક્ષેત્રમાં ગમન વિગેરે કરે છે તે પાંચમું વિગ્રહ સ્થાન.

આ પાંચ સ્થાનથી વિપરીત હોય તે અકલહ સ્થાન કહેવાય. ॥૧૪૮॥

दुष्टाध्यवसायस्य प्राणिनस्तद्गतिस्थित्यादिप्रतिघातो भवतीति तन्निरूपयति—

**गतिस्थितिबन्धनभोगबलसम्बन्धिनः पञ्च प्रतिघाताः ॥१४९॥**

**गतीति,** देवगत्यादेः प्रकरणाच्छुभायाः प्रतिघातस्तत्प्राप्तियोग्यत्वे सति विकर्मकरणादप्राप्तिर्गतिप्रतिघातः, प्रव्रज्यादिपरिपालनतः प्राप्तव्यशुभदेवगतेर्नरकप्राप्तौ कण्डरीकस्येव । स्थितेः शुभदेवगतिप्रायोग्यकर्मणि बद्धवैव तेषां प्रतिघातः स्थितिप्रतिघातः, भवति चाध्यवसायविशेषात् स्थितेः प्रतिघातः । बन्धनं नामकर्मण उत्तरप्रकृतिरूपमौदारिकादिभेदतः पञ्चविधं तस्य प्रशस्तस्य प्राग्वत् प्रतिघातो बन्धनप्रतिघातः, बन्धनग्रहणं तत्सहचरप्रशस्तशरीरतदङ्गोपाङ्गसंहननसंस्थानानामप्युपलक्षकम्, तेन तेषामपि प्रतिघातो बोध्यः । प्रशस्तगतिस्थितिबन्धनादिप्रतिघाताभोगानां प्रशस्तगत्याद्यविनाभूतानां प्रतिघातो भोगप्रतिघातः, भवति हि कारणाभावे कार्याभावः । प्रशस्तगत्यादेवभावादेवबलस्य उपलक्षणाद्वीर्यपुरुषकारपराक्रमाणां च प्रतिघातो भवति, बलं शारीरं, वीर्यं जीवप्रभवं, पुरुषकारोऽभिमानविशेषः पुरुषकर्त्तव्यं वा, पराक्रमो निष्पादितस्वविषयोऽभिमानविशेष एव, बलवीर्ययोर्व्यापारणं वा ॥१४९॥

દુષ્ટ અધ્યવસાયવાળા જીવોને દેવની ગતિ તથા સ્થિતિનો પ્રતિઘાત થાય છે માટે તેનું નિરૂપણ કરાય છે.

પાંચ પ્રકારના પ્રતિઘાતો છે, તે આ પ્રમાણે...

(૧) ગતિ (૨) સ્થિતિ (૩) બંધન (૪) ભોગ તથા (૫) બલની અપ્રાપ્તિ રૂપ પાંચ પ્રતિઘાત...

(१) **ગતિ પ્રતિઘાત :-** દેવ ગતિ વિગેરેનું પ્રકરણ હોવાથી શુભ દેવ ગતિ વિગેરેનો પ્રતિઘાત, અર્થાત્ શુભ ગતિ પ્રાપ્તિની યોગ્યતા હોવા છતાં પણ ખરાબ - અશુભ કર્મ કરવાથી તેની પ્રાપ્તિ ન થવાથી ગતિ વિષયક પ્રતિઘાત... પ્રવ્રજ્યાના પરિપાલનથી શુભ ગતિની પ્રાપ્તિના બદલે કંડરીક મુનિની જેમ નરક ગતિની પ્રાપ્તિ - તે **ગતિ પ્રતિઘાત.**

(૨) **સ્થિતિ પ્રતિઘાત :-** શુભ દેવ ગતિ પ્રાયોગ્ય કર્મની સ્થિતિ બાંધીને જે તેનો પ્રતિઘાત તે સ્થિતિ પ્રતિઘાત.. અધ્યવસાય વિશેષથી સ્થિતિ પ્રતિઘાત થાય છે. અર્થાત્ દીર્ઘ કાલની સ્થિતિવાળી પ્રકૃતિને અલ્પ સ્થિતિવાળી કરે છે.

(૩) **બંધન પ્રતિઘાત :-** નામ કર્મની ઉત્તર પ્રકૃત્તિરૂપ બંધનના ઔદારિકાદિ ભેદથી પાંચ પ્રકાર છે, તેના સંબંધથી પ્રશસ્ત બંધનોનો પૂર્વની જેમ જે પ્રતિઘાત તે બંધન પ્રતિઘાત... બંધનને ગ્રહણ કરવાના ઉપલક્ષણથી તેના સહચર શરીર, તેના અંગોપાંગ. સંહનન અને સંસ્થાનોનો પણ પ્રતિઘાત કહેવો.

(૪) **ભોગ પ્રતિઘાત :-** પ્રશસ્ત ગતિ - સ્થિતિ - બંધનાદિના પ્રતિઘાતથી પ્રશસ્ત ગતિ આદિ સિવાય ન મળનારા ભોગોનો પ્રતિઘાત તે ભોગ પ્રતિઘાત, કારણ કે કારણના અભાવમાં કાર્યનો અભાવ અવશ્ય હોય છે.

(૫) **બલ પ્રતિઘાત :-** પ્રશસ્ત ગત્યાદિના અભાવથી જ બલ ઉપલક્ષણથી વીર્ય, પુરુષકાર અને પરાક્રમનો પ્રતિઘાત થાય છે.

**બલ :-** શરીર સંબંધી, **વીર્ય :-** જીવની આત્મિક શક્તિ... **પુરુષકાર :-** અભિમાન વિશેષ... અથવા પુરુષનું કર્તવ્ય... **પરાક્રમ :-** સ્વ વિષયભૂત કાર્ય પૂર્ણ થાય તે.. પૂર્ણ કરેલ છે સ્વ વિષયભૂત કાર્યરૂપ પરાક્રમ.. અથવા બલ તથા વીર્યની પ્રવૃત્તિરૂપ **પરાક્રમ.** ॥૧૪૯॥

सरागस्य प्रव्रजितस्य परीषहादिसहनमाह—

**पुरुषस्यास्योदीर्णकर्मत्वं यथाविष्टत्वं स्वस्य तद्भववेदनीयकर्मण उदयमसहमानस्य पापकर्मसम्पत्तिं सहमानस्य निर्जराञ्च विभाव्य छद्मस्थः आक्रोशादि सहेत ॥१५०॥**

**पुरुषस्येति,** छाद्यते येन तच्छद्म ज्ञानावरणादिघातिकर्मचतुष्टयम्, तत्र तिष्ठतीति छद्मस्थः सकषायः, स उदितान् परीषहोपसर्गान् कषायोदयनिरोधपूर्वकं सहेत तथाहि पुरुषोऽयमुदितप्रबलमिथ्यात्वादिमोहनीयकर्मा अत एवायमुन्मत्तसदृशः, उदीर्णकर्मत्वादेवासौ मामाक्रोशत्युपहासं करोति निर्भर्त्सयति दुर्वचनैर्बध्नाति रज्ज्वादिना हस्तादि छिनत्ति मारणस्थानं नयति, पात्रकम्बलपादप्रोञ्छनप्रभृतीन्याच्छिनत्ति, तथाऽयं स्याद् यक्षाविष्टोऽत एवाक्रोशादि विधत्ते, तथाऽयं परीषहोपसर्गकारी मिथ्यात्वादिकर्मवशवर्त्ती मम पुनरेतस्मिन्नेव

जन्मन्यनुभवनीयस्य तथाविधकर्मण उदयो विद्यते नैष मामाक्रोशति, तथा करोतु नामैष बालिशत्वात्, तथा मम पुनरसहमानस्य सर्वथा पापं कर्म असातादि सम्पद्यते, मम चेदं सहतो निर्जरा क्रियत इति विचिन्त्याधिसहेत, इह प्राय आक्रोशवधाभिधानपरीषहद्वयमुपसर्गविवक्षायां मानुष्यकप्राद्वेषिकादिरूपं मन्तव्यम् ॥१५०॥

સરાગ સંયમી આત્માઓ પરિષહોનું સહન કેવી રીતે કરે છે તે જણાવતા પાંચ સ્થાન કહે છે.

જેના વડે ઢંકાય તે છદ્મ - જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિ કર્મ - તેને વિષે જે રહે છે તે છદ્મસ્થ અર્થાત્ કષાય યુક્ત જીવ. આવો કષાય યુક્ત આત્મા કષાયોના ઉદયને નિરોધ કરવા પૂર્વક. ઉદયમાં આવેલા પરિષહો અને ઉપસર્ગોને સહન કરે... તે આ પ્રમાણે -

(૧) **પુરુષસ્ય ઉદીર્ણ કર્મત્વં** :- આ પુરુષ ઉદયમાં આવેલ પ્રબળ મિથ્યાત્વાદિ મોહનીય કર્મવાળો છે જેથી ઉન્મત્ત ગાંડા જેવો છે, તેથી તે મને આક્રોશ કરે છે. શ્રાપ આપે છે. ઉપહાસ કરે છે. દુર્વચનો વડે તિરસ્કાર કરે છે. દોરડી વગેરેથી બાંધે છે. હાથ વિગેરે છેદે છે. વધ સ્થાનમાં લઈ જાય છે. પાત્રા-કામળી-રજોહરણ વિગેરે છીનવી લે છે. આ પ્રથમ સ્થાન.

(૨) **યથાવિષ્ટત્વં** :- આ પુરુષ યથાવિષ્ટ અર્થાત્ દેવના આવેશવાળો છે. તેથી આક્રોશાદિ કરે છે. આ બીજું સ્થાન.

(૩) **સ્વસ્ય તદ્ભવ વેદનીય કર્મણ ઉદયમ્** :- તથા આ પુરુષ જે પરીષહ તથા ઉપસર્ગ કરનારો છે તે મિથ્યાત્વ વિગેરે કર્મને વશ થયેલ છે, તથા મારા પણ આ ભવમાં વેદવા યોગ્ય તેવા પ્રકારના કર્મનો ઉદય વર્તે છે તેથી આ મારા પ્રતિ આક્રોશ વિગેરે કરે છે. આ તૃતીય સ્થાન

(૪) **અસહમાનસ્ય પાપકર્મસમ્પત્તિ** :- આ અજ્ઞાની હોવાથી ભલે આક્રોશ કરે, પરંતુ જો હું સહન ન કરું તો પાપ કર્મનો બંધ થશે, અસાતા ઉદયમાં આવશે..

(૫) **સહમાનસ્ય નિર્જરા** :- અજ્ઞાનીના આક્રોશ વિગેરે સહન કરતાં મને એકાંતે નિર્જરા થશે, આ પ્રમાણે વિચારીને સહન કરે.

અહીં પ્રાયઃ કરીને આક્રોશ તથા વધ નામના બે પરિષહ જાણવા. ઉપસર્ગની વિવક્ષામાં પ્રદ્વેષ વિગેરે મનુષ્યની વિવક્ષામાં જાણવા. ॥૧૫૦॥

अथ छद्मस्थप्रसङ्गात् केवलिनं निरूपयति—

**ज्ञानदर्शनचारित्रतपोवीर्याण्यनुत्तराणि केवलिनः ॥१५१॥**

**ज्ञानेति**, सुगमं अनुत्तरत्वञ्च यथास्वं सर्वथाऽऽवरणक्षयात्, तत्र ज्ञानदर्शने, तदावरणक्षयात्, चारित्रतपसी मोहक्षयात्, तपसश्चारित्रभेदत्वात्, तपश्च केवलिनामनुत्तरं शैलेश्यवस्थायां शुक्लध्यानभेदस्वरूपम्, ध्यानस्याभ्यन्तरतपोभेदत्वात्, वीर्यन्तु वीर्यान्तरायक्षयादिति ॥१५१॥

હવે છદ્મસ્થના પ્રસંગથી કેવલીનું નિરૂપણ કરે છે.

કેવલીને પાંચ ગુણો અનુત્તર કહ્યા છે. જેનાથી ઉત્તર - પ્રધાન બીજા નથી તે અનુત્તર. યથાયોગ્ય પોતાના સર્વથા આવરણનો ક્ષય થવાથી.

તેમાં પહેલા બે જ્ઞાન અને દર્શન ક્રમશઃ જ્ઞાનાવરણ અને દર્શનાવરણનો ક્ષય થવાથી, પછીના બે ચારિત્ર અને તપ મોહનીયના ક્ષયથી, કેમ કે તપ એ ચારિત્રનો ભેદ છે, અને કેવલીને અનુત્તર તપ શૈલીથી અવસ્થામાં શુક્લ ધ્યાનના ભેદ (પાછલા બે) સ્વરૂપ છે. કારણ કે ધ્યાન એ અભ્યંતર તપનો ભેદ છે. વીર્ય તો વીર્યાન્તરાય કર્મના ક્ષયથી છે. ॥૧૫૧॥

निर्ग्रन्थानां निर्ग्रन्थीनाञ्चाकल्प्यानाह—

**भयदुर्भिक्षप्रवाहणप्लावनानार्याभिभवव्यतिरेकेण गङ्गायमुनासरय्वैरावतीमही-महानदीर्मासान्तर्द्वित्रिवारानुत्तरीतुं निर्ग्रन्थानां न कल्पते ॥१५२॥**

**भयेति,** गङ्गादिपञ्चमहानदीर्गुरुनिम्नगा मासस्य मध्ये द्वौ वारौ त्रिवारान् वा साधूना-मुपलक्षणात्साध्वीनाञ्चोत्तरीतुं बाहुजङ्घानावादिना लङ्घयितुं न कल्पते, आत्मसंयमोप-घातसम्भवात्, शबलचारित्रभावात् । परन्तु राजप्रत्यनीकादेः सकाशादुपध्याद्यपहारविषये भये सति दुर्भिक्षे-भिक्षाभावे सति गङ्गादौ केनचित् प्रत्यनीकेन प्रक्षिप्ते सति तेन प्लाव्यमाने सत्यनार्यैर्म्लेच्छादिभिर्जीवितचारित्रापहारिभिरभिभूते सति च तत्तरणेऽपि न दोषः ॥१५२॥

હવે નિર્ગ્રંથ અને નિર્ગ્રંથી (સાધુ - સાધ્વી) ને અકલ્પ્ય જણાવે છે.

ગંગા, યમુના, સરયુ, ઐરાવતી અને મહી આ પાંચ મહાનદીઓ, તે ઊંડી નદીઓ એક માસમાં બે કે ત્રણ વાર બાહુ અને જંઘા વડે ઉલ્લંઘન કરવા માટે પોતાનો અને સંયમનો ઘાત હોવાથી કલ્પે નહીં. વળી શબલ (મલિન) ચારિત્ર થવાથી અકલ્પ્યતા છે.... પરંતુ (૧) રાજા તેમજ દ્વેષી વગેરેના સંબંધથી ઉપધિ વગેરેના અપહરણ વિષયક ભય ઉત્પન્ન થયે છતે, (૨) ભિક્ષાનો અભાવ હોતે છતે, (૩) કોઇક દ્વેષી તે જ ગંગાદિ નદીઓમાં નાંખે, (૪) ગંગાદિ નદીઓ ઉન્માર્ગપણાએ આવતી છતી તેના વડે પાણીના સમૂહમાં તણાએલાને (૫) અનાર્યજીવન અને ચારિત્રનો નાશ કરનાર મ્લેચ્છાદિ વડે પરાભવ પામેલાઓને નદીઓને તરવામાં દોષ નથી. ॥૧૫૨॥

तथा—

**भयदुर्भिक्षनिष्काशनप्रवाहागमनानार्यपरिभवव्यतिरेकेण ग्रामान्तरविहरणं प्रथम-प्रावृषि न कल्पते, वर्षावासं पर्युषितानां ग्रामान्तरविहरणञ्च, कल्पते च ज्ञानादित्रयार्थं विष्वग्भवनेन प्रेषणेन च ॥१५३॥**

**भयेति,** आषाढश्रावणौ प्रावृट् आषाढस्तु प्रथमप्रावृट्, ऋतूनां वा प्रथमत्वात् प्रथमप्रावृट् अथवा चतुर्मासप्रमाणो वर्षाकालः प्रावृडिति विवक्षितः, अत्र सप्ततिदिनप्रमाणे प्रावृषो द्वितीये भागे गन्तुं तावन्न कल्पते एव, प्रथमभागेऽपि पञ्चाशद्दिनप्रमाणे विंशतिदिनप्रमाणे वा न कल्पते जीवव्याकुलभूतत्वात्, उक्तञ्च 'अत्र चानभिगृहीतं विंशतिरात्रिं सविंशतिं मासं । तेन परमभिगृहीतं गृहिज्ञानं कार्त्तिकं यावत्' ॥ इति, अत्रानभिगृहीतं-अनिश्चितमशिवादिभिर्निर्गमभावात् । यत्र संवत्सरेऽधिकमासो भवति तत्राषाढ्या विंशतिर्दिनानि यावदनभिग्रहिकः आवासोऽन्यत्र सविंशतिरात्रं मासं-पञ्चशतं दिनानीति । तत्र प्रावृष्येकस्माद्ग्रामान्तरं विहर्त्तुं न कल्पत इत्युत्सर्गः, भयादिकारणे त्वपवादः, उक्तञ्च 'आवाहे दुर्भिक्षे भये महति दकौघे । परिभवनं ताडनं वा यदा परः करिष्यति' इति । **वर्षावासमिति,** वर्षास्वावासोऽवस्थानं स च जघन्यत आ कार्त्तिक्या दिनसप्ततिप्रमाणो मध्यवृत्त्या चतुर्मासप्रमाण उत्कृष्टत षण्मासमानः, तत्र पर्युषितानां-सामस्त्येनोषितानां पर्युषणाकल्पेन नियमवत् वस्तुमारब्धानां ग्रामान्तरविहरणं न कल्पते, पर्युषणाकल्पश्च न्यूनोदरताकरणं विकृतिनवकपरित्यागः पीठफलकादिसंस्तारकादानमुच्चारादिमात्रकसंग्रहणं लोचकरणं शैक्षाप्रव्राजनं प्राग्गृहीतानां भस्मडगलकादीनां परित्यजनमितरेषां ग्रहणं द्विगुणवर्षोपग्रहकरणधरणमभिनवोपकरणाग्रहणं सक्रोशयोजनात् परतो गमनवर्जनमित्यादीकः । **कल्पते चेति,** ज्ञानार्थतया ग्रामान्तरविहरणं कल्पते, तत्रापूर्वः श्रुतस्कन्धोऽन्यस्याचार्यादेरस्ति स च भक्तं प्रत्याख्यातुकामः, ततो यद्यसौ तत्सकाशान्न गृह्यते ततोऽसौ व्यवच्छिद्यते, अतस्तद्ग्रहणार्थं ग्रामान्तरगमनं कल्पत इत्यर्थः । तथा दर्शनार्थतया-दर्शनप्रभावकशास्त्रार्थित्वेन, चारित्रार्थतया तु तस्य क्षेत्रस्यानेषणास्त्र्यादिदोषदुष्टतया तद्रक्षणार्थम्, आचार्यस्योपाध्यायस्य वा विष्वग्भावो मरणं तेन कारणेन, तत्र गच्छेऽन्यस्याचार्यादेरभावाद्गणान्तराश्रयणार्थम् । प्रेषणेन-आचार्योपाध्यायानां वर्षाक्षेत्रस्य बहिस्ताद्वर्त्तमानानां वैयावृत्यकरणायाचार्यादिना प्रेषितस्य गमनं कल्पत इत्यर्थः ॥१५३॥

તથા –

અષાઢ અને શ્રાવણ આ બે માસ પ્રાવૃટ્ ઋતુ છે. તેમાં અષાઢ માસ તે પ્રથમ પ્રાવૃટ્. અથવા ચાર માસના પ્રમાણવાળો વર્ષાકાળ તે પ્રાવૃટ્ એમ વિવક્ષિત છે. તેમાં સીત્તેર દિવસમાં પ્રમાણવાળા પ્રાવૃટ્ના બીજા ભાગને વિષે તો વિહાર કરીને જવું કલ્પે જ નહી. અને પચ્ચાશ દિવસના પ્રમાણવાળા પ્રથમ ભાગને વિષે કારણે જવું કલ્પે નહીં. તેમાં પણ વીશ દિવસનાં પ્રમાણવાળા પ્રથમ ભાગમાં ગ્રામાંતર જવું કલ્પે નહીં. કારણ કે તે સમયે પૃથ્વી જંતુઓ વડે વ્યાકુલ હોય છે. કહ્યું છે કે -

શ્રાવણ બહુલ (ગુજરાતી અષાઢ વદ) પંચમી વગેરેમાં સાધુ રહે છતે પણ ગૃહસ્થો પાસે રહેવાનું ચોક્કસ નહીં કરેલ હોઇ જો કોઇ ગૃહસ્થ પૂછે કે - હે આર્યો ! તમે અહીં રહ્યા છો કે નહી ? ત્યારે હજી કાંઇ ચોક્કસ કરેલું નથી એમ કહે. આવી રીતે અનિશ્ચિત ક્યાં સુધી કહેવું ? વીસ દિવસ અથવા પચાશ દિવસ સુધી. પર્યુષણા બાદ ચોક્કસ કરવું. ગૃહસ્થોને યાવત્ કાર્તિક પૂર્ણીમા સુધી રહેવાનું જણાવવું.

અહીં અનભિગૃહીત - અનિશ્ચિતપણું છે. કોઇ પણ અશિવ મરકી વગેરે ઉપદ્રવો વડે નીકળવાનો સંભવ હોવાથી અનિશ્ચિતપણું કહ્યું છે.

જે સંવત્સરોમાં અધિક માસ હોય છે તે સંવત્સરમાં આષાઢી પૂર્ણીમાથી વીસ દિવસ સુધી અનભિગૃહિક વસે. અધિક માસ ન હોય ત્યારે પચાસ દિવસ સુધી અચોક્કસ રહે.

વર્ષાઋતુમાં એક ગામથી બીજે ગામ વિહાર કરવા માટે કલ્પે નહીં આ ઉત્સર્ગ માર્ગ છે. ભયાદિ કારણે તો અપવાદ છે. (૧) માનસિક પીડા છતે અથવા ગામ બહાર કોઇ કાઢે છતે (૨) દુર્ભિક્ષા, (૩) પાણીનો મોટો પ્રવાહ આવે છતે (૪) ભય આવે છતે (૫) કોઇક દ્વેષી જ્યારે પરાભવ અથવા તાડન કરે તેમ હોય ત્યારે વર્ષાકાળમાં વિહાર કરે.

વર્ષાકાળમાં આવાસથી રહેવારૂપ વર્ષાવાસ તે જઘન્ય કાર્તિક પૂર્ણીમા સુધી સિત્તેર દિવસ પ્રમાણ, મધ્યમ વૃત્તિથી ચાતુર્માસ પ્રમાણ અને ઉત્કૃષ્ટથી છ માસ પર્યંત છે. અને બીજા ગીતાર્થનું પણ તે પ્રમાણે (તેના જણાવ્યા મુજબ) પ્રાયશ્ચિત્તનું આપવું તે આજ્ઞા.

(૪) ગીતાર્થ એટલે સૂત્રને અર્થના જાણનાર. સંવિજ્ઞ એટલે ક્રિયાપાત્ર. એવા પુરુષે દ્રવ્યાદિની અપેક્ષાએ જે અપરાધમાં જેવી રીતે જે વિશુદ્ધિ કરી હોય તેને યાદ રાખીને જે અન્ય પુરુષ, તે દોષમાં તેવી જ રીતે વિશુદ્ધિ કરાવે તે ધારણા. અથવા ગચ્છના ઉપકાર કરનારાઓએ બતાવેલા સમસ્ત અનુચિત પ્રવૃત્તિના ઉચિત પ્રાયશ્ચિત પદોને (તેની પાસેથી) વૈયાવૃત્યના કરનારા વગેરેનું જે ધારી રાખવું તે ધારણા.

(૫) દ્રવ્ય (સચિત્ત - અચિત્તાદિ), ક્ષેત્ર (દેશ, માર્ગાદિ), કાળ (સુભિક્ષ, દુર્ભિક્ષાદિ), ભાવ (રોગી, પુષ્ટ વગેરે), પુરુષ (સહન કરવા સમર્થ છે કે નહીં ?), પ્રતિસેવા (આકુટ્ટી, પ્રમાદ, હર્ષ અને કલ્પ) ની અનુવૃત્તિ વડે સંહનન, ધૈર્ય વગેરેની હાનિની અપેક્ષાએ જે પ્રાયશ્ચિત આપવું અથવા જે ગચ્છમાં સૂત્રથી ભિન્ન (છતાં પણ) કારણથી જે પ્રાયશ્ચિતનો વ્યવહાર પ્રવર્તેલ હોય અને બીજા ઘણા (ગીતાર્થ) પુરુષો વડે પરંપરાએ અનુસરાયેલ હોય તે જીત વ્યવહાર છે. ॥૧૫૩॥

अकल्प्यानामाचरणे कर्मबन्धसम्भवात्कर्मद्वारतन्निरोधद्वाराण्याचष्टे—

**मिथ्यात्वाविरतिप्रमादकषाययोगा आश्रवद्वाराणि, सम्यक्त्वविरत्यप्रमादाकषायित्वायोगित्वानि संवरद्वाराणि, उपध्युपाश्रयकषाययोगभक्तपानभेदा परिज्ञा ॥१५४॥**

**मिथ्यात्वेति,** स्पष्टम्, आश्रवणमाश्रवः, जीवतडागे कर्मजलस्य सङ्कलनम्, कर्मनिबन्धनमित्यर्थः, तस्य द्वाराणीव द्वाराणि–उपाया आश्रवद्वाराणि । संवरणं संवरः, जीवतडागे कर्मजलस्य निरोधनं तस्य द्वाराणि । कर्मणो निर्जरोपायभूतां परिज्ञामाह–**उपधीति,** परिज्ञा वस्तुस्वरूपस्य ज्ञानं तत्पूर्वकं प्रत्याख्यानञ्च, एषा द्रव्यतो भावतश्च द्विधा, द्रव्यतोऽनुपयुक्तस्य, भावतस्तूपयुक्तस्य । तत्रोपधिः रजोहरणादिः, तस्यातिरिक्तस्याशुद्धस्य सर्वस्य वा परिज्ञा उपधिपरिज्ञा, एवमग्रेऽपि ॥१५४॥

અકલ્પ્યના આચરણમાં કર્મબંધનો સંભવ હોવાથી કર્મના દ્વાર અને તેના નિરોધક દ્વારોને કહે છે.

આવવું તે આશ્રવ. જીવરૂપ તળાવમાં કર્મરૂપ જલનું એકત્ર થવું તે આશ્રવ. અર્થાત્ કર્મનું બાંધવું. તેના દરવાજાથી જેમ દ્વારો - ઉપાયો તે આશ્રવદ્વારો. તથા જીવરૂપ તળાવમાં કર્મરૂપ જળનું રૂંધન - અટકાવ કરવો તે સંવર. તેના ઉપાયો તે સંવર દ્વારો. અર્થાત્ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ આ ક્રમથી વિપર્યયરૂપ સમ્યક્ત્વ, વિરતિ , અપ્રમાદ, અકષાયીપણું અને અયોગીપણું.

પરિજ્ઞા = સારી રીતે જાણવું. અર્થાત્ વસ્તુના સ્વરૂપનું જ્ઞાન અને જ્ઞાનપૂર્વક પ્રત્યાખ્યાન. આ પરિજ્ઞા દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે છે. તેમાં ઉપયોગ રહિતને દ્રવ્યથી અને ઉપયોગવાળાને ભાવથી કહ્યું છે. તેમાં ઉપધિ - રજોહરણ વગેરે અધિક, અશુદ્ધ અથવા સર્વ ઉપધિની પરિજ્ઞા તે ઉપધિપરીજ્ઞા આવી રીતે આગળ પણ જાણી લેવું. ॥૧૫૪॥

परिज्ञा च व्यवहारवतां भवतीति तन्निरूपयति–

**आगमश्रुताज्ञाधारणाजितानि व्यवहाराः ॥१५५॥**

**आगमेति,** व्यवहारो मुमुक्षुप्रवृत्तिनिवृत्तिरूपः, तन्निबन्धनत्वाज्ज्ञानविशेषोऽपि, आगमो येन पदार्थानां परिच्छेदः, स च केवलमनःपर्यवावधिपूर्वचतुर्दशकदशकनवकरूपः । श्रुतं-आचारप्रकल्पादिश्रुतम्, नवादिपूर्वाणां श्रुतत्वेऽप्यतीन्द्रियार्थज्ञानहेतुत्वेन सातिशयत्वादागमव्यपदेशः केवलवत् । यदगीतार्थस्य पुरतो गूढार्थपदैर्देशान्तरस्थगीतार्थनिवेदनायातिचारालोचनमितरस्यापि तथैव शुद्धिदानं साऽऽज्ञा । गीतार्थसंविग्नेन द्रव्याद्यपेक्षया यत्रापराधे यथा या विशुद्धिः कृता तामवधार्य यदन्यस्तत्रैव तथैव तामेव प्रयुक्तं सा धारणा, वैयावृत्त्यकराद्वेर्वा गच्छोपग्रहकारिणोऽशेषानुचितस्योचितप्रायश्चित्तपदानां प्रदर्शितानां धरणं धारणा । द्रव्यक्षेत्रकालभावपुरुषप्रतिषेवानुवृत्त्या संहननधृत्यादिपरिहाणिमपेक्ष्य यत्प्रायश्चित्तदानं यो वा यत्र गच्छे सूत्रातिरिक्तः कारणतः प्रायश्चित्तव्यवहारः प्रवर्त्तितो बहुभिरन्यैश्चानुवर्त्तितस्तज्जितमिति ॥१५५॥

આ પરિજ્ઞા વ્યવહારવાળાને હોય છે માટે વ્યવહારનું પ્રરૂપણ કરતા કહે છે. -

મુમુક્ષુની પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપ વ્યવહાર છે. તેનું કારણ હોવાથી જ્ઞાન વિશેષ પણ વ્યવહાર છે.

(૧) આગમ :- જેના વડે પદાર્થો જણાય તે આગમ. તે કેવળ, મનઃ પર્યવ, અવધિ, ચૌદપૂર્વ, દશપૂર્વ અને નવપૂર્વરૂપ છે.

(૨) શ્રુત :- આચાર પ્રકલ્પાદિ શ્રુત. નવ વગેરે પૂર્વોનું શ્રુતપણું છે છતાં અતીન્દ્રિય - સૂક્ષ્મ જ્ઞાનનું કારણ હોવાથી કેવળજ્ઞાનની જેમ અતિશયવાળું હોવાથી આગમ (શબ્દ) નો વ્યપદેશ કર્યો છે.

(૩) આજ્ઞા :- જે અગીતાર્થની આગળ ગૂઢ અર્થવાળા પદો વડે દેશાંતરમાં રહેલ ગીતાર્થને નિવેદન કરવા માટે અતિચારનું (ગીતાર્થે) જણાવવું.

તેમાં સમસ્તપણાએ રહેલાઓને અર્થાત્ પર્યુષણાકલ્પ વડે નિયમવાળી વસ્તુ પ્રત્યે ગ્રહણ કરનાર મુનિઓને બીજા ગામમાં વિહરવું કલ્પે નહીં.

પર્યુષણાકલ્પ તે ઊણોદરતાનું કરવું, નવ વિગઈનો સર્વથા ત્યાગ, પીઠ, ફલક વગેરે સંસ્તારકનું ગ્રહણ, ઉચ્ચારાદિ સંબંધી માત્રકનું ગ્રહણ કરવું, લોચ કરવો, શિષ્યને દીક્ષા ન આપવી, પહેલા લીધેલ ભસ્મ-રાખ, ડગલ વગેરેનું તજવું, નવીનોનું ગ્રહણ કરવું. વર્ષાકાળમાં મદદ કરનાર ડબલ ઉપકરણનું ધરવું, નવીન ઉપકરણનું ગ્રહણ ન કરવું અને પાંચ કોશથી આગળ જવાનું વર્જવું.

**વિચરવું કલ્પે** :- જ્ઞાન એ જ અર્થ - પ્રયોજન છે જેને તે જ્ઞાનાર્થ. તેનો જે ભાવ તે જ્ઞાનાર્થતા. જ્ઞાનાર્થપણા વડે - અન્ય આચાર્યાદિ પાસે અપૂર્વ શ્રુતસ્કંધ છે. તે આચાર્ય આહાર પ્રત્યાખ્યાન કરવાની ઈચ્છાવાળા છે. તે કારણથી શ્રુતસ્કંધ તેની પાસેથી જો ગ્રહણ ન કરાય તો તે આચાર્યદિથી શ્રુતસ્કંધનો નાશ થાય. આ કારણથી તેને ગ્રહણ કરવા માટે ગ્રામાનુગ્રામ પ્રત્યે વિચરવું કલ્પે.

એવી રીતે દર્શનના પ્રયોજન વડે અર્થાત્ દર્શન પ્રભાવક શાસ્ત્ર (સમ્યત્યાદિ) ના પ્રયોજનથી, અને ચારિત્રના પ્રયોજનપણાએ તો જે ક્ષેત્રમાં રહેલ તે ક્ષેત્રની અનેષણા અને સ્ત્રી વગેરેના દોષ વડે દુષ્ટતાથી ચારિત્રની રક્ષા માટે, તે સાધુના આચાર્ય અને ઉપાધ્યાય મરણ પામે, તે કારણથી તે ગચ્છમાં અન્ય આચાર્યાદિકના અભાવથી અન્ય ગણનો આશ્રય કરવા માટે, તથા વર્ષાક્ષેત્ર - ચોમાસાના ક્ષેત્રથી બહાર રહેનારા આચાર્ય, ઉપાધ્યાયોનું વૈયાવૃત્ય કરવા માટે આચાર્યાદિ વડે મોકલાયેલ સાધુને વિહાર કરવો કલ્પે છે. ॥૧૫૫॥

संयताधिकारादाह—

**उद्गमोत्पादनैषणापरिकर्मपरिहरणभेद उपघातः, तथा विशुद्धिः, अर्हतां तद्धर्मस्याचार्योपाध्याययोः संघस्य विपक्वतपोब्रह्मचर्याणामवर्णवादिनः कर्मणो बन्धका वर्णवादिनश्च शुभस्य ॥१५६॥**

**उद्गमेति**, उपघातोऽशुद्धता, तत्रोद्गमोपघात उद्गमदोषैराधाकर्मादिभिः षोडशप्रकारैर्भक्तपानोपकरणालयानामशुद्धता, उत्पादनया-उत्पादनादोषैः षोडशभिर्धात्र्यादिभिरशुद्धता, एषणया-तद्दोषैः शङ्कितादिभिरशुद्धता परिकर्म-वस्त्रपात्रादेः छेदनसीवनादि तेनाशुद्धता, तद्यथा 'तिसृणामुपरि थिग्गलिकानां वस्त्रे यः थिग्गलिकां तु संसीव्येत् । पञ्चविधानामेकतरस्मिन् स प्राप्नोत्याज्ञादीनि ॥' इत्यादि, परिहरणा-आसेवा उपध्यादेस्तयाऽशुद्धता, यथा-एकाकिना हिंडकसाधुना यदासेवितमुपकरणं तदुपहतं भवतीति समयप्रसिद्धिरेव वसत्यादेरपि चिन्त्यम् । एवं विशुद्धयोऽप्युद्गमादिभिर्भक्तादीनां कल्प्यतारूपा विज्ञेयाः । उपघातविशुद्धिवृत्तयश्च जीवा निर्धर्मधार्मिकत्वाभ्यां बोधेरलाभलाभस्थानेषु प्रवर्त्तन्त इति कर्मबन्धनस्थानान्याह **अर्हतामिति**, अर्हतामवर्णनश्लाघां वदन्तीति अवर्णवादिनः । यथा 'नास्त्यर्हन् जानानो वा कथं भोगान् भुनक्ति । प्राभृतिकां वोपजीवतीत्यादि तु जिनानामवर्णः' इत्यादि । उत्तरमत्र न च ते नाभूवन्, तत्प्रणीतवचनोपलब्धेः, नापि भोगानुभवनादिर्दोषः, अवश्यवेद्यसातस्य तीर्थकरनामादिकर्मणश्च निर्जरणोपायत्वात्तस्य । तथा वीतरागत्वेन समवसरणादिषु प्रतिबन्धाभावादिति । तत्प्रज्ञप्तस्य धर्मस्य श्रुतचारित्ररूपस्यावर्णवादी यथा प्राकृतभाषानिबद्धमेतत्तथा किं चारित्रेण दानमेव श्रेय इत्यादि, उत्तरञ्चात्र प्राकृतभाषात्वं श्रुतस्य न दोषो बालादीनां सुखाध्येयत्वेनोपकारित्वात्, तथा चारित्रमेव श्रेयः निर्वाणस्यानन्तरहेतुत्वादिति । आचार्योपाध्यायानामवर्णं वदन्, यथा बालोऽयमित्यादि, उत्तरञ्च न च बालत्वादिर्दोषः, बुद्ध्यादिभिर्वृद्धत्वादिति । तथा संघस्य श्रमणादिचतुर्वर्णस्यावर्णं वदन्, यथा-कोऽयं संघो यः समवायबलेन पशुसंघ इवामार्गमपि मार्गीकरोतीति प्रतिविधानञ्च न चैतत्साधु, तस्य ज्ञानादिगुणसमुदायात्मकत्वात्तेन च मार्गस्यैव मार्गीकरणादिति । तथा विपक्वं सुपरिनिष्ठितं प्रकर्षपर्यन्तमुपगतमित्यर्थः, तपश्च ब्रह्मचर्यञ्च भवान्तरे येषाम्, विपक्वं वोदयागतं तपोब्रह्मचर्यं तद्धेतुकं देवायुष्कादिकर्म येषां ते तथा, तेषामवर्णं वदन् यथा-न सन्त्येव देवाः, कदाचनाप्यनुलभ्यमानत्वात्, किं वा तैर्विटैरिव कामासक्तमनोभिरविरतैर्निर्निमेषैरचेष्टैश्च म्रियमाणैरिव प्रवचनकार्यानुपयोगिभिरित्यादि, इहोत्तरन्तु सन्ति देवास्तत्कृतानुग्रहोपघातादि-

दर्शनात्, कामासक्तता च मोहसातकर्मोदयादित्यादि । तद्विपर्ययेणाह—**वर्णवादिनश्चेति**, तत्रार्हतां वर्णवादो यथा-'जितरागद्वेषमोहाः सर्वज्ञास्त्रिदशनाथकृतपूजाः । अत्यन्तसत्यवचनाः शिवगतिगामिनो जयन्ति जिनाः ॥' इति तत्प्रणीतधर्मवर्णवादो यथा 'वस्तुप्रकाशनसूर्योऽतिशयरत्नानां सागरो जयति । सर्वजगज्जीवबन्धुरबन्धुर्द्विविधोऽपि जिनधर्मः ॥' इति, आचार्यादिर्वर्णवादो यथा 'तेभ्यो नमस्तेभ्यो नमो भावेन पुनरपि तेभ्य एव नमः । अनुपकृतपरहितरता ये ज्ञानं ददति भव्येभ्यः ॥' इति, संघवर्णवादो यथा-'एतस्मिन् पूजिते नास्ति तद्यन्न पूजितं भवति । भुवनेऽपि पूजनीयो न गुणी संघतो यदन्यः ॥' इति, देववर्णवादो यथा 'देवानामहो शीलं विषयविषमोहिता अपि जिनभवने । अप्सरोभिरपि समं हास्यादि ये न कुर्वन्ति ॥' इति ॥१५६॥

સંયતનો અધિકાર હોવાથી કહે છે -

ઉપઘાત = અશુદ્ધતા. તે પાંચ પ્રકારે છે. (૧) ઉદ્ગમ ઉપઘાત (૨) ઉત્પાદન ઉપઘાત (૩) એષણા ઉપઘાત (૪) પરિકર્મ ઉપઘાત (૫) પરિહરણ ઉપઘાત.

(૧) ઉદ્ગમ ઉપઘાત :- આધાકર્માદિ સોળ પ્રકારના ઉદ્ગમ દોષો વડે ભાત, પાણી, ઉપકરણ ને સ્થાનની અશુદ્ધતા તે ઉદ્ગમ ઉપઘાત.

(૨) ઉત્પાદન ઉપઘાત :- પોતાનાથી ઉત્પન્ન થતા ધાત્રી આદિ સોળ ઉત્પાદના દોષ વડે અશુદ્ધતા તે ઉત્પાદન ઉપઘાત.

(૩) એષણા ઉપઘાત :- ગૃહસ્થ અને સાધુ ઉભયથી થતા શંકિતાદિ દોષોથી અશુદ્ધ તે એષણા ઉપઘાત.

(૪) પરિકર્મ ઉપઘાત :- વસ્ત્ર, પાત્રાદિના છેદન અને સીવવા વગેરેથી તેનો ઉપઘાત - અશુદ્ધતા તે પરિકર્મ ઉપઘાત. તે આ પ્રમાણે - જે સાધુ ત્રણથી અધિક થીંગડા આપે અને ઊન વગેરે પાંચ પ્રકારના વસ્ત્રમાંથી કોઇ પણ એક પ્રકારના વસ્ત્રને સીવે તે આજ્ઞાભંગાદિ દોષને પામે છે.

(૫) પરિહરણ ઉપઘાત :- પરિહરણા = આસેવા. તેથી ઉપધિ વગેરેની અશુદ્ધતા છે. તેમાં ઉપધિની અશુદ્ધતા આ પ્રમાણે - એકાકી વિચરનાર સાધુ વડે જે સેવાયેલ ઉપકરણ તે હણાયેલું - અશુદ્ધ થાય છે. એ પ્રમાણે સિદ્ધાંતમાં પ્રસિદ્ધ જ છે. (આ આચારની વ્યવસ્થા છે.)

વસતિ આદિમાં પણ તે પ્રમાણે વિચારવું.

અશુદ્ધતા કહી હવે **વિશુદ્ધિ** કહે છે. તે પણ પાંચ પ્રકારે છે.

ઉદ્ગમ, ઉત્પાદન, એષણા, પરિકર્મ, પરિહરણ વિશુદ્ધિ.

ઉદ્ગમાદિ વડે જ આહારાદિની કલ્પ્યતારૂપ જ વિશુદ્ધિઓ જાણવી.

ઉપઘાત અને વિશુદ્ધિની વૃત્તિવાળા જીવો અધાર્મિક અને ધાર્મિકપણાના બોધિના અલાભ અને લાભના સ્થાનોમાં પ્રવર્તે છે. એ પ્રમાણે કર્મબંધના સ્થાનો કહે છે.

(૧) અરિહંત, (૨) અરિહંત પ્રરૂપિત ધર્મ, (૩) આચાર્ય - ઉપાધ્યાય, (૪) સંઘ, (૫) ઉત્કૃષ્ટ તપ અને બ્રહ્મચર્યને પાળવાથી થયેલ દેવોના અવર્ણવાદ બોલવાથી જીવ દુર્લભબોધિપણાએ કર્મને બાંધે છે.

અવર્ણવાદ = અવર્ણ - અશ્લાઘા (પ્રશંસા નહીં) વાદ = બોલવું. નિંદા કરવી.

(૧) અરિહંતનો અવર્ણવાદ :- અરિહંત પ્રત્યક્ષાદિ પ્રમાણ વડે ગ્રહણ કરવા યોગ્ય નથી - અરિહંત નથી. અથવા ત્રણ જ્ઞાનથી યુક્ત હોવા છતાં ગૃહસ્થાવાસમાં ભોગોને કેમ ભોગવે છે ? કેવલજ્ઞાન ઉત્પન્ન થયે છતે દેવરચિત સમવસરણાદિ મહાઋદ્ધિને કેમ ભોગવે છે ? અથવા પ્રાભૃતિકા ઉપજીવે છે ? ઇત્યાદિ કથનરૂપ જિનેશ્વરોનો અવર્ણવાદ છે.

આનો જવાબ છે - અરિહંતો થયા નથી એમ કદાપિ કહેવું નહીં. કારણ કે તેમણે કહેલા પ્રવચનનો સાક્ષાત્કાર છે. વળી ભોગોનો અનુભવ કરવો વગેરે તેમને દોષરૂપ નથી કેમ કે તેમને અવશ્ય વેદવા યોગ્ય સાતાવેદનીય અને તીર્થંકરનામાદિ કર્મની નિર્જરાનો ઉપાય હોય છે.

વળી વીતરાગીપણાથી સમવસરણાદિને વિષે પ્રતિબંધ (રાગ) નો અભાવ હોવાથી દોષ નથી.

(૨) અરિહંત પરમાત્માએ પ્રરૂપેલ શ્રુત અને ચારિત્રરૂપ ધર્મનો અવર્ણવાદ - "પ્રાકૃત ભાષા વડે ગુંથાયેલ શ્રુત છે. વળી ચારિત્ર વડે શું ફળ છે ? દાન જ શ્રેય છે." ઇત્યાદિ અવર્ણવાદ બોલતો થતો કર્મબંધ કરે છે. જવાબ :- શ્રુતનું પ્રાકૃત ભાષારૂપ દોષપણું નથી. કારણ બાળ વગેરે જીવોને સુખપૂર્વક અભ્યાસ કરવા માટે ઉપયોગી છે. તથા મોક્ષનું અનંતર કારણ હોવાથી ચારિત્ર જ શ્રેષ્ઠ છે.

(૩) 'આ બાળક છે' ઇત્યાદિ આચાર્ય, ઉપાધ્યાયના અવર્ણવાદ - બોલતો થકો કર્મબંધ કરે છે.

ઉત્તર :- બુદ્ધિ વગેરેથી વૃદ્ધપણું હોવાથી બાલત્વાદિ દોષરૂપ નથી.

(૪) સંઘનો અવર્ણવાદ :- શ્રમણાદિ ચાર વર્ણો - પ્રકારો જેમાં છે તે ચતુર્વર્ણ. તે ચતુર્વર્ણરૂપ સંઘનો અવર્ણવાદ બોલતો કર્મબંધ કરે છે. દા.ત. આ સંઘ શો ? જે સમુદાયના બળથી પશુના સંઘની જેમ અમાર્ગને પણ માર્ગરૂપ કરે છે. આમ કહેવું ઉચિત નથી. કારણકે સંઘ જ્ઞાનાદિક ગુણનો સમુદાય છે. અને જ્ઞાનાદિ ગુણ વડે જ માર્ગને માર્ગરૂપ કરે છે.

(૫) વિપક્વ તપ બ્રહ્મચર્ય :- વિપક્વ = સારી રીતે પરિનિષ્ઠિત અર્થાત્ પ્રકર્ષ પર્યંત પ્રાપ્ત થયેલ તપ અને બ્રહ્મચર્ય ભવાંતરમાં (હતું) જેઓનું અથવા વિપક્વ - ઉદયમાં આવેલ તપ બ્રહ્મચર્યના હેતુપૂર્વક દેવાયુષ્કાદિ કર્મ જેઓને તે વિપક્વ તપ બ્રહ્મચર્યવાળા દેવોના અવર્ણવાદને

બોલતો થકો. દા.ત. દેવો નથી જ. કોઈ વખત પણ જોવામાં આવતા જ નથી. અથવા કામમાં આસક્ત ચિત્તવાળા વિટ જેવા અવિરતિઓ વડે શું ? અર્થાત્ કંઇ જ નહીં. વળી અનિમેષ અને ચેષ્ટા રહિત મરણ પામતા એવા અને શાસનના કાર્યમાં અનુપયોગી એવા દેવો વડે શું પ્રયોજન છે ? ઇત્યાદિ અવર્ણવાદ બોલવો. અહીં તેનો જવાબ છે કે - દેવો છે. કારણ કે તેના વડે કરાયેલા અનુગ્રહ અને ઉપઘાત વગેરે જોવાય છે. કામની આસક્તિ તો મોહ અને સાતા વેદનીય કર્મના ઉદયથી છે.

આ પાંચ પ્રકારે અવર્ણવાદથી જીવ કર્મ બાંધે છે. આ પાંચના વર્ણવાદ કરનાર શુભ કર્મ બાંધે છે.

**(૧) અરિહંતના વર્ણવાદ :-** રાગ, દ્વેષ અને મોહને જીતેલા, સર્વજ્ઞ, દેવોના સ્વામી ઇન્દ્રો વડે પૂજા કરાયેલા, અત્યન્ત સત્ય વચનવાળા અને મોક્ષગતિમાં જવાવાળા જિનેશ્વરો જય પામે છે.

**(૨) અરિહંત પ્રણીત ધર્મનો વર્ણવાદ :-** વસ્તુઓને પ્રકાશવામાં સૂર્ય, અતિશય રત્નોનો સાગર, સમસ્ત જગતમાં જીવોનો સ્નેહાળ બંધુ સમાન એવો બે પ્રકારનો જિનધર્મ જય પામે છે.

**(૩) આચાર્યાદિનો વર્ણવાદ :-** તેઓને નમસ્કાર હો (૨) ભાવથી ફરી નમસ્કાર હો. ઉપકાર નહીં કરેલ, બીજા જીવોના હિતમાં તત્પર જે ભવ્ય જીવોને જ્ઞાન આપે છે.

**(૪) સંઘનો વર્ણવાદ :-** સંઘની પૂજા કર્યે છતે એવો કોઇ નથી જે પૂજિત થતો નથી. ત્રણ ભુવનમાં પણ સંઘથી અન્ય પૂજવા યોગ્ય ગુણી કોઇ જ નથી.

**(૫) દેવનો વર્ણવાદ :-** અહો ! દેવોનું અદ્ભૂત શીલ છે. કેમ કે વિષયરૂપ વિષથી તેઓ મોહિત છે પણ જિનભવનમાં અપ્સરાઓની સાથે પણ હાસ્યાદિ કરતા નથી. ॥૧૫૬॥

येष्वतिशयेषु वर्त्तमान आचार्यो धर्मं नातिक्रामति तमाह—

**पादौ निगृह्य वसतेरन्तः प्रस्फोटनप्रमार्जने कारयन्नुच्चारप्रश्रवणयोः परिष्ठापनविशोधने कुर्वन्निच्छया वैयावृत्त्यं कुर्वन्नेकरात्रं द्विरात्रं वोपाश्रये एकाकी वसन् बहिर्वैकाक्येकरात्रं द्विरात्रं वा वसन्नाचार्योपाध्यायो नातिक्रामति धर्मम् ॥१५७॥**

**पादाविति,** आचार्यश्चासावुपाध्यायश्चाचार्योपाध्यायः, केषांचिदर्थदायकत्वात् परेषां सूत्रदायकत्वाच्च । आचार्योपाध्यायाविति वा, एते पञ्च साधुसमुदाये वर्त्तमानस्य वर्त्तमानयोर्वाऽतिशयाःतत्र प्रथमः, कुलादिकार्यार्थं निर्गतः प्रत्यागतश्चाचार्यः वसतेर्बहिरेव पादौ प्रस्फोटयति, अथ तत्र सागारिको यदि भवेत्तदा वसतेरन्तर्मध्ये पादौ निगृह्य-पादधूलेरुद्धूयमानाया यथाऽन्ये धूल्या न भ्रियन्ते तथा निग्रहं वचनेन कारयित्वा प्रस्फोटनं-आभिग्रहिकेनान्येन वा साधुना स्वकीयरजोहरणेनोर्णिकापादप्रोञ्छनेन वा प्रस्फोटनं कारयन्

प्रमार्जनं शनैर्लूषणं वा कारयन् धर्मं नातिक्रामति । प्रस्फोटनञ्च प्रमार्जनविशेषः, तच्च चक्षुर्व्यापारलक्षणप्रत्युपेक्षणपूर्वकमतः सप्त भङ्गा भवन्ति, तद्यथा-न प्रत्युपेक्षते न प्रमार्ष्टि चेत्येकः, न प्रत्युपेक्षते प्रमार्ष्टीति द्वितीयः, प्रत्युपेक्षते न प्रमार्ष्टीति तृतीयः, प्रत्युपेक्षते प्रमार्ष्टि चेति चतुर्थः, चतुर्थे भङ्गे भङ्गाश्चत्वारस्ते यथा-यत्तत्प्रत्युपेक्ष्यते प्रमार्ज्यते च तद्दुष्प्रत्युपेक्षितं दुष्प्रमार्जितं, दुष्प्रत्युपेक्षितं सुप्रमार्जितं वा, सुप्रत्युपेक्षितं दुष्प्रमार्जितं वा, सुप्रत्युपेक्षितं सुप्रमार्जितं वा करोतीति, इह च सप्तमः शुद्धः शेषेष्वसमाचारीति । यदि तु सागारिकश्चलस्ततः सप्ततालमात्रं सप्तपादावक्रमणमात्रं वा कालं बहिरेव स्थित्वा तस्मिन् गते पादौ प्रस्फोटयेत्ततो वसतौ प्रविशेत् । वसतेरन्तःप्रविष्टस्य चायं विधिर्विपुलायां वसतावपरिभोगस्थाने सङ्कटायाञ्चात्मसंस्तारकावकाश उपविष्टस्य पादौ प्रमार्जनीयौ, अन्यस्यापि गणावच्छेदकादेरयमेव विधिः केवलमन्यो बहिश्चिरतरं तिष्ठतीति । एतावानेव चायमतिशयो यदसावाचार्यो न चिरं बहिरास्ते, अन्यथा 'तृषोष्णभावितस्य प्रतीच्छतो मूर्च्छादिकाः । प्रचुरद्रवपाने ग्लानत्वं सूत्रार्थविराधना चैवे'ति ॥ दोषप्रसङ्गः । इतरेषां तु साधूनां न ते दोषाः, जितश्रमत्वात्, इत्येकोऽतिशयः । उपाश्रयस्यान्तः पुरीषं मूत्रं च परिष्ठापयन् पादादिलग्नञ्च विशोधयन्न धर्ममतिक्रामतीति द्वितीयोऽतिशयः, उत्सर्गतो ह्याचार्यो न विचारभूमिं गच्छति दोषसम्भवात्, तथाहि श्रुतवानयमित्यादिगुणतः पूर्वं वीथिषु वणिजो बहुमानादभ्युत्थानादि कृतवन्तस्ततो विचारभूमौ सकृद्द्विर्वा आचार्यस्य गमने आलस्यात्तन्न कुर्वन्ति पराङ्मुखाश्च भवन्ति, एतच्चेतरे दृष्ट्वा शङ्कन्तेऽयमिदानीं पतितो वणिजानामभ्युत्थानाद्यकरणादित्येवं मिथ्यात्वगमनादयो दोषाः स्युरिति । तथा वैयावृत्यकरणे यदीच्छा भवेत्तदा भक्तपानगवेषणग्रहणतः साधुभ्यो दानलक्षणं वैयावृत्त्यं कुर्यात्, अथ तदकरणे इच्छा चेन्न कुर्यात्, भावार्थश्चायमाचार्यस्य भिक्षाभ्रमणं न कल्पते, तत्र दोषास्त्वमी-'भारेण वेदना वा हिंडमाने उच्चनीचश्वासो वा । आदाने पानकच्छर्दनाद्याः ग्लानत्वे पौरुषीभङ्ग' इति । एते च सामान्यसाधोरपि प्रायः समानास्तथापि गच्छस्य तीर्थस्य वा महोपकारित्वेन रक्षणीयत्वेनाचार्यस्यायमतिशय उक्तः । तथाऽन्तरुपाश्रये एकरात्रं द्विरात्रं वा विद्यादिसाधनार्थमेकाक्येकान्ते वसन्नातिक्रामति तव तस्य दोषासम्भवात्, अन्यस्य तु तद्भावादिति चतुर्थः, एवं पञ्चमोऽपि, भावार्थश्चायं-अन्तरुपाश्रयस्य वक्षारके विष्वग्वसति, बहिर्वोपाश्रयस्य शून्यगृहादिषु वसति यदि तदाऽसामाचारी । दोषाश्चैते-पुंवेदोदयेन जनरहिते हस्तकर्मादिकरणेन संयमे भेदो भवति, मर्यादा मया लंघितेति निर्वेदेन वैहानसादिमरणञ्च प्रतिपद्यत इति ॥१५७॥

આચાર્ય જે અતિશયોને વિષે વર્તતા થકા ધર્મને ઉલ્લંઘતા નથી તે અતિશયોને કહે છે -

આચાર્ય એ જ ઉપાધ્યાય તે આચાર્યોપાધ્યાય. તે કેટલાકોને અર્થના દાયક હોવાથી આચાર્ય અને બીજાઓને સૂત્રપાઠના દાયક હોવાથી ઉપાધ્યાય. તેના અથવા આચાર્ય અને ઉપાધ્યાયના ગણમાં સાધુના સમુદાયમાં વર્તનારના અથવા વર્તનાર બંનેના આ પાંચ અતિશયો છે.

(૧) ઉપાશ્રયમાં પ્રવેશ કરતા આચાર્ય, ઉપાધ્યાય બંને પગને ગ્રહણ કરી કરીને ખંખેરાતી ધૂલીથી, જેમ બીજા સાધુઓ ધૂળ વડે ન ભરાય તેમ વચનદ્વારા શિક્ષા આપીને અભિગ્રહિક મુનિ દ્વારા અથવા અન્ય સાધુ દ્વારા પોતાના રજોહરણથી અથવા ઉનના પાદપ્રોંચ્છનથી ઝટકાવતો થકો અથવા પ્રમાર્જન કરાવતો થકો, ધીમે ધીમે સાફ કરાવતો થકો આજ્ઞાને ઉલ્લંઘતો નથી.

અહીં ભાવાર્થ એ છે કે - અહીં રહેલ આચાર્ય કુલ, ગણ વગેરેના કાર્ય પ્રસંગે બહાર નીકળેલ, તે પાછા આવેલ તે ઉત્સર્ગમાર્ગે પ્રથમ વસતિથી બહાર બંને પગને ઝટકાવે છે. જો ત્યાં સાગારિક ગૃહસ્થ હોય તો વસતિની અંદર ઝટકાવે. પ્રસ્ફોટન - ઝટકાવવું તે પણ પ્રમાર્જન વિશેષ છે.

તે દૃષ્ટિના વ્યાપારરૂપ પ્રત્યુપેક્ષણ પૂર્વક છે. તેથી અહીં સાત ભાંગા થાય છે. (૧) દૃષ્ટિએ જોતો નથી અને પ્રમાર્જન કરતો નથી. (૨) દૃષ્ટિથી જોતો નથી પણ પ્રમાર્જન કરે છે. (૩) દૃષ્ટિથી જુવે છે પણ પ્રમાર્જન કરતો નથી. (૪) દૃષ્ટિથી જુવે છે અને પ્રમાર્જન કરે છે. અહીં જે તે દૃષ્ટિથી જોવાય છે અને પ્રમાર્જન કરાય છે તેમાં ચાર ભાંગા થાય છે. માઠી રીતે જોયેલ અને માઠી રીતે પ્રમાર્જેલ, માઠી રીતે જોયેલ અને સારી રીતે પ્રમાર્જેલ, સારી રીતે જોયેલ અને માઠી રીતે પ્રમાર્જેલ અને સારી રીતે જોયેલ અને સારી રીતે પ્રમાર્જેલ. આ સાત ભાંગાઓમાં છેલ્લો ભાંગો શુદ્ધ છે. શેષ છ ભાંગામાં સામાચારી નથી.

જો સાગરિક જોનાર હોય તો સાત તાલ માત્ર અથવા સાત પગલા ભરવા માત્ર કાળ બહાર રહીને સાગારિક ગયે છતે બંને પગને ઝટકાવે. ત્યાર બાદ વસતિમાં પ્રવેશ કરે.

વસતિમાં અંદર પ્રવેશીને વિશાળ વસતિ છતે નહીં ભોગવેલ સ્થાને અને સાંકડી વસતિમાં પોતાના સંથારાના સ્થાનમાં બેઠેલા આચાર્યના બંને પગ પ્રમાર્જન કરવા યોગ્ય છે. ગણાવચ્છેદક વગેરે બીજાનો પણ આ જ વિધિ છે. ફક્ત અન્ય મુનિ, બહાર ઘણી વખત સુધી રહે છે.

એટલો જ આ અતિશય.

આચાર્ય, વિશેષ વખત બહાર ન રહે. જો ઘણો વખત રહે તો તૃષા અને તાપ વડે પીડાયેલ સુકુમાર આચાર્યને વિશેષ સમય બહાર રહેવાથી મૂર્છા વગેરે થવા પામે. તૃષા વડે ઘણું પાણી પીવે તો ગ્લાનપણું થાય અને સૂત્રાર્થની વિરાધના થાય. શેષ સાધુઓ ઘણો વખત બહાર રહે તો પણ દોષો ન થાય. કારણ કે તેઓએ શ્રમને જીતેલ છે. આ **એક અતિશય.**

(૨) ઉપાશ્રયમાં વડીનીતિ અને લઘુનીતિને બધું ય પરઠવતો થકો, પગ વગેરેમાં થયેલ અશુદ્ધિને વિશુદ્ધ કરાવતો થકો ઉલ્લંઘન કરતો નથી. આ **બીજો અતિશય** છે.

આચાર્ય ઉત્સર્ગ માર્ગે દોષના સંભવથી વિચાર ભૂમિ - સ્થંડિલ ભૂમિએ ન જાય. તે આ પ્રમાણે - આ આચાર્ય શ્રુતવાન - શાસ્ત્રજ્ઞ છે ઇત્યાદિ ગુણથી પહેલા રસ્તામાં વ્યાપારીઓ એક વખત વિચારભૂમિ પ્રત્યે જવામાં ઊભા થવું વગેરે વિનયાદિ કરતા હતા. ત્યાર બાદ બીજી વખતે આચાર્યના જવા, આવવામાં આળસથી તે વણિકો અભ્યુત્થાનાદિ કરતા નથી અને પરાઙ્મુખ થાય છે. આ પ્રમાણે જોઇને બીજા લોકો શંકા કરે છે કે - જરૂર આ આચાર્ય હમણાં પતિત થયેલ હશે કેમકે વ્યાપારીઓ ઊભા થવું આદિ અભ્યુત્થાનાદિ કરતા નથી. એવી રીતે અન્ય જીવો મિથ્યાત્વને પામે વગેરે દોષો થાય છે.

(૩) **સમર્થ**, જો વૈયાવૃત્ય કરવામાં ઇચ્છા - અભિલાષા થાય તો વૈયાવૃત્ય - ભક્ત, પાનના ગવેષણ અને ગ્રહણથી સાધુઓને માટે દેવા રૂપ કરે અને જો વૈયાવૃત્ય કરવામાં ઇચ્છા ન થાય તો ન કરે. ભાવાર્થ એ છે કે - આચાર્યને ભિક્ષા માટે ભ્રમણ કરવું કલ્પે નહી. ભિક્ષા જાય તો આ દોષો લાગે છે - આહારના ભાર વડે પીડા થાય. અથવા ટેકરા ઉપરના ગામમાં ઊંચા - નીચા રસ્તા હોવાથી ભિક્ષા માટે ફરતા શ્વાસ - દમ ચડે અને મૂર્છા આવવાથી વિશેષ પાણી પીવાને કારણ શરદી, ઉલટી વગેરે થાય. તથા ગ્લાન થવાથી સૂત્રાર્થ પોરિસીનો ભંગ થાય.

આ દોષો સામાન્ય સાધુને પણ પ્રાયઃ સમાન હોય છે. તો પણ ગચ્છના અથવા તીર્થના મહાન ઉપકાર કરનારા હોવાથી આચાર્યનો **અતિશય** કહ્યો છે. (અર્થાત્ ભિક્ષા ન જાય.) આ **ત્રીજો અતિશય** છે.

(૪) ઉપાશ્રયની અંદર એક રાત્રિ પર્યંત કે બે રાત્રિ પર્યંત વિદ્યાદિની સાધના માટે એકાકી એકાંતમાં વસતા થકા આચાર્ય આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. તેમને તેમાં દોષોનો અસંભવ છે. બીજાને તો દોષનો સદ્ભાવ છે. આ **ચોથો અતિશય** જાણવો.

(૫) આ પ્રમાણે પાંચમો અતિશય પણ જાણવો. આ બંનેનો ભાવાર્થ આ પ્રમાણે છે. - ઉપાશ્રયની અંદર વક્ષારક - ગુપ્ત સ્થાનમાં જો પૃથક્ રહે અથવા ઉપાશ્રયની બહાર શૂન્ય ઘર આદિમાં રહે તો સામાચારી નથી.

આ દોષો છે - પુરુષવેદના ઉપયોગ વડે મનુષ્ય ન હોતે છતે હસ્તકર્માદિ કરવાથી સંયમમાં ભેદ - દોષ થાય છે. અને મેં મર્યાદાનું ઉલ્લંઘન કર્યું એમ ઉદાસીન ભાવ (કંટાળા) થી વૈહાનસાદિ મરણને સ્વીકારે છે. ॥૧૫૭॥

तस्यैव गणान्निर्गमनकारणान्याह--

**गणे आज्ञाया धारणाया वा सम्यगप्रयोक्ता यथाज्येष्ठं कृतिकर्मणो विनयस्य वा सम्यगप्रयोक्ता यथावसरं श्रुतपर्यायाणां सम्यगननुप्रवाचयिता स्वपरगणसम्बन्धिनिर्ग्रन्थ्यां बहिर्लेश्यः, सुहृदादिकृतगणापक्रमणश्चाचार्योपाध्यायो गणादपक्रामेत् ॥१५८॥**

**गण इति**, आचार्योपाध्यायस्याचार्योपाध्याययोर्वा गच्छान्निर्गमः कारणैरेभिर्भवेत्, स हि गच्छविषये योगेषु प्रवर्त्तनलक्षणामाज्ञामविधेयेभ्यो निवर्त्तनलक्षणां धारणां यथौचित्यं यदा न प्रयोजयति, इदमुक्तं भवति दुर्विनीतत्वाद्गणस्य ते प्रयोक्तुमशक्नुवन् गणादपक्रामति कालिकाचार्यवदित्येकम् । तथा गणविषये यथाज्येष्ठं कृतिकर्म तथा विनयं नैव सम्यक्प्रयोक्ता भवति, आचार्यसम्पदा साभिमानत्वात्, यतः आचार्येणापि प्रतिक्रमणक्षामणादिषु उचितानामुचितविनयः कर्त्तव्य एवेति द्वितीयम् । तथाऽसौ यान् श्रुतपर्यायप्रकारानुद्देशकाध्ययनादीन् धारयति हृद्यविस्मरणतस्तान् यथावसरे गणं सम्यक्पाठयिता न भवति, तस्याविनीतत्वात् सुखलम्पटत्वान्मन्दप्रज्ञत्वाद्वाचार्यस्येति गणादपक्रामतीति तृतीयम् । तथाऽसौ गणे वर्त्तमानः स्वगणसम्बन्धिन्यां परगणसम्बन्धिन्यां वा निर्ग्रन्थ्यां तथाविधाशुभकर्मवशवर्त्तितया सकलकल्याणाश्रयसंयमसौधमध्याद्बहिः लेश्या-अन्तःकरणं यस्यासौ बहिर्लेश्य आसक्तो भवतीत्यर्थः सगणादपक्रामति इति चतुर्थम् । सुहृत्स्वजनवर्गः तस्याचार्यादेः कुतोऽपि कारणाद्गणादपक्रामेत् अतस्तस्य संग्रहाद्यर्थं गणादपक्रामेदिति पञ्चमम् ॥१५८॥

આચાર્યના ગણને વિષે અતિશયો કહ્યા. હવે તેના જ અતિશયથી વિપર્યભૂત ગણથી નિકળવાના કારણો કહે છે.

આચાર્ય, ઉપાધ્યાયનું અથવા આચાર્ય અને ઉપાધ્યાયનું ગચ્છથી નીકળવું તે ગણાપક્રમણ કહેલું છે. આ કારણોથી ગચ્છની બહાર નીકળવાનું થાય છે. તે કારણો...

(૧) આચાર્ય, ઉપાધ્યાય ગણના વિષયના યોગોને પ્રવર્ત્તનરૂપ આજ્ઞાએ અથવા નહીં કરવાને યોગ્યને વિષે નિવર્ત્તનરૂપ ધારણાને યથાયોગ્ય પ્રવર્ત્તન કરનારા તે બંનેમાં થતાં નથી.

અહીં તાત્પર્ય એ છે કે - સાધુ સમુદાયના દુર્વિનીતપણાથી આચાર્ય, ઉપાધ્યાયો યોગાદિમાં તેઓને જોડવા માટે અશક્ત થયા થકા ગણથી નીકળે છે. કાલિકાચાર્યની જેમ. આ એક કારણ.

(૨) ગણના વિષયમાં યથારાત્નિકપણાએ - યથાજયેષ્ઠ દીક્ષા પર્યાયાદિ વડે મોટા પ્રત્યે કૃતિકર્મ તથા વિનયને સારી રીતે પ્રયુંજનાર થતો નથી. કારણ કે આચાર્યની સંપદા વડે અભિમાનથી યુક્ત હોય. આ કારણથી આચાર્યે પણ પ્રતિક્રમણ ક્ષામણાદિને વિષે ઉચિત મુનિઓનો ઉચિત વિનય કરવો જ જોઈએ. આ બીજું કારણ.

(૩) આચાર્ય, ઉપાધ્યાય જે શ્રુતના પર્યાયો-ઉદ્દેશક, અધ્યયનાદિ પ્રકારોને વિસ્મરણ ન થવાથી હૃદયમાં ધારે છે તે શ્રુત પર્યાયોને યથાવસરે સાધુઓને ભણાવતો નથી. ગણ પ્રત્યે આચાર્યનું અવિનીતપણું હોવાથી, સુખમાં લંપટપણું હોવાથી અથવા મંદપ્રજ્ઞાવાળો હોવાથી ગચ્છથી નીકળે છે. આ ત્રીજું કારણ છે.

(૪) ગણમાં વર્તમાન, આચાર્ય, ઉપાધ્યાય સ્વગચ્છની અને પરગચ્છની સાધ્વીઓને વિષે તેવા પ્રકારના અશુભ કર્મના વશવર્ત્તિપણાને લઈને સકલ કલ્યાણના આધારભૂત સંયમરૂપ મહેલના મધ્યથી બહાર લેશ્યાઅંત:કરણ જેનું તે બહિર્લેશ્ય અર્થાત્ આસક્ત થાય છે. આ પ્રમાણે તે ગણથી નીકળે છે. આ ચોથું કારણ છે.

(૫) તે આચાર્યાદિના મિત્ર અને સ્વજન વર્ગ કોઈ પણ કારણથી ગચ્છથી નીકળેલ હોય આ કારણથી તે મિત્ર અને સ્વજનના સંગ્રહાદિને માટે ગચ્છથી નીકળવું કહેલ છે. સંગ્રહ-તેઓનો સ્વીકાર અને ઉપગ્રહ-વસ્ત્રાદિ વડે સહાય આ પાંચમું કારણ છે. ॥૧૫૮॥

जीवाजीवाश्रयेणाह—

**द्रव्यतः क्षेत्रतः कालतो भावतो गुणतश्च धर्मास्तिकायादयः ॥१५९॥**

**द्रव्यत इति,** धर्माधर्माकाशजीवपुद्गलाः पञ्चास्तिकायाः, तत्र धर्मास्तिकायो द्रव्यादितः पञ्चधा, द्रव्यतामधिकृत्यायमेकः, क्षेत्रमाश्रित्य लोकप्रमाणः, कालापेक्षया ध्रुवः, यतः कदापि नासीदिति न, न भवतीति न, न भविष्यतीति न, किन्तु अभूद्भवति भविष्यति च । भावापेक्षया वर्णगन्धरसस्पर्शशून्यः, गुणापेक्षया च गतिपरिणामिनां जीवपुद्गलानां सहकारितया गमन उपकारकत्वम् । एवमधर्मास्तिकायोऽपि, परन्तु गुणतः स्थितिपरिणामिनां जीवपुद्गलानां स्थितावुपकारकर्त्तृत्वम् । आकाशास्तिकायः क्षेत्रतो लोकालोकप्रमाणः, गुणतोऽवगाहनागुणः, शेषं पूर्ववत् । जीवास्तिकायो द्रव्यतोऽनन्तः जीवानां प्रत्येकं द्रव्यत्वात् क्षेत्रतो लोकप्रमाणः, कालतो नित्यः, भावतोऽमूर्त्तश्चेतनावान्, गुणतः साकारानाकारभेदोपयोगगुणः, पुद्गलास्तिकायोऽपि द्रव्यतोऽनन्तानि द्रव्याणि क्षेत्रतो लोकप्रमाणः, कालतो नित्यो भावतो वर्णगन्धरसस्पर्शवान् गुणतश्चौदारिकशरीरादितया ग्राह्यत्वात्, वर्णादिमत्तयेन्द्रियग्राह्यत्वाद्वा ग्रहणरुपगुणवानिति ॥१५९॥

હવે જીવ અને અજીવને આશ્રયીને (તેના ધર્મો) કહેવાય છે.

ધર્મ, અધર્મ, આકાશ, જીવ, પુદ્ગલો આ પાંચ અસ્તિકાય છે. તેમાં **ધર્માસ્તિકાય** દ્રવ્યાદિથી પાંચ પ્રકારે છે.

દ્રવ્યથી ધર્માસ્તિકાય એક દ્રવ્ય છે.

ક્ષેત્રથી ધર્માસ્તિકાય લોકપ્રમાણ છે.

કાલથી ધર્માસ્તિકાય ધ્રુવ છે. ક્યારે પણ ન હતો, નથી કે નહીં હોય. તેવું નથી પણ હતો, હોય છે અને હશે એવી રીતે ત્રિકાળભાવથી હોવાથી ધ્રુવ છે.

ભાવતી ધર્માસ્તિકાય વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી રહિત છે. ગુણ અપેક્ષાએ ગતિ પરિણામને પ્રાપ્ત થયેલ જીવ અને પુદ્‌ગલોને સહકારી કારણપણાથી ગમનમાં ઉપકારક થાય છે.

એવી રીતે **અધર્માસ્તિકાય** પણ સમજવો. પરંતુ. **ગુણથી** સ્થિતિ પરિણામને પ્રાપ્ત થયેલ જીવ અને પુદ્‌ગલોને ઉપકારપણું છે.

**આકાશાસ્તિકાય** ક્ષેત્રથી લોકાલોક પ્રમાણ છે. ગુણથી અવગાહના ગુણ છે. બાકી બધું પૂર્વની જેમ સમજવું.

**જીવાસ્તિકાય** દ્રવ્યથી જીવો અનંતા છે. અનંત જીવોનું પ્રત્યેકમાં દ્રવ્યપણું હોવાથી અનંત જીવ દ્રવ્યો છે.

**ક્ષેત્રથી** જીવ લોકપ્રમાણ છે. **કાલથી** જીવ નિત્ય છે.

**ભાવથી** જીવ અમૂર્ત અને ચેતનાવાન્-ચેતનવાળો છે.

**ગુણથી** જીવ સાકાર અને અનાકાર ભેદરૂપ ઉપયોગ ગુણવાળો છે.

**પુદ્‌ગલાસ્તિકાય** પણ દ્રવ્યથી અનંતા દ્રવ્યો છે.

ક્ષેત્રથી લોકપ્રમાણ છે. કાલથી નિત્ય છે. ભાવથી વર્ણ, ગંધ, રસ સ્પર્શવાળો છે. ગુણથી ઔદારિક શરીરાદિ વડે ગ્રાહ્ય હોવાથી, વર્ણાદિમાનપણાથી ઇન્દ્રિયોથી ગ્રાહ્યહોવાથી ગ્રહણરૂપ ગુણવાન છે. ॥૧૫૯॥

अथ जीवाश्रयेणाह—

**पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातका निर्ग्रन्थाः ॥१६०॥**

**पुलाकेति**, ग्रन्थादाभ्यन्तरबाह्यभेदान्मिथ्यात्वादेर्धनादेश्च निर्गता निर्ग्रन्थाः । तत्र पुलाकः स यस्तपःश्रुतहेतुकायाः संघादिप्रयोजने चक्रवर्त्यादेरपि चूर्णनसमर्थाया लब्धेरुपजीवनेन ज्ञानाद्यतिचारासेवनेन वा संयमसाररहितः, ज्ञानदर्शनचारित्रलिंगयथासूक्ष्मभेदभिन्नः । अयञ्च भेद आसेवापुलाकस्य, न तु लब्धिपुलाकस्य, तस्यैकविधत्वात्, बकुशः शरीरोपकरण-विभूषानुवर्त्तितया शुद्ध्यशुद्धिव्यतिकीर्णचरणः, अयं शरीरोपकरणानुवर्त्तितया द्विविधः, तत्र शरीरेऽनागुप्तव्यतिरेकेन करचरणवदनप्रक्षालनमक्षिकर्णनासिकाद्यवयवेभ्यो विदूषिकामलाद्य-पनयनं दन्तधावनलक्षणं केशसंस्कारञ्च देहविभूषार्थमाचरन्तः शरीरबकुशाः । अकाल एव प्रक्षालितचोलपट्टकान्तरकल्पादिचोक्षवासः प्रियाः पात्रदण्डाद्यपि तैलमात्रयोज्ज्वलीकृत्य

विभूषार्थमनुवर्त्तमाना बिभ्रत्युपकरणबकुशाः, उभयेति ऋद्धियशस्कामाः सातगौरवमाश्रिता नातीवक्रियास्वभ्युद्यता अविविक्तपरिवारा बहुच्छेदशबलयुक्ताश्च उत्तरगुणप्रतिषेवया संज्वलनकषायोदयेन वा दूषितशीलाः कुशीलाः, प्रतिसेवनकुशीलकषायकुशीलभेदेन द्विविधाः, नैर्ग्रन्थ्यं प्रति प्रस्थिता अनियतेन्द्रियाः कथञ्चित्किञ्चिदेवोत्तरगुणेषु पिण्डविशुद्धिसमितिभावनातपःप्रतिमाभिग्रहादिषु विराधयन्तः सर्वज्ञाज्ञोल्लंघनमाचरन्ति ते प्रतिसेवनाकुशीलाः । येषान्तु संयतानामपि सतां कथञ्चित्संज्वलनकषाया उदीर्यन्ते ते कषायकुशीलाः । मोहनीयाख्यग्रन्थनिर्गतो निर्ग्रन्थः क्षीणकषाय उपशान्तमोहो वा । क्षालितसकलघातिकर्ममलपटलत्वात् स्नात इव स्नातः स एव स्नातकः सयोगोऽयोगो वा केवलीति ॥१६०॥

હવે જીવને આશ્રયીને કહે છે.

મિથ્યાત્વ વગેરે (ચૌદ) અભ્યંતર ગ્રન્થથી અને ધર્મોપકરણ સિવાય ધન વગેરે (નવ) બાહ્ય ગ્રન્થથી જે નીકળેલા-છૂટેલા તે નિર્ગ્રન્થો. તેમાં

(૧) **પુલાક :** તંદુલ (ચોખા)ના કણથી શૂન્ય પલાલ. તેની જેમ તપ અને શ્રુતના હેતુવાળી સંઘાદિના પ્રયોજનમાં ચક્રવર્તી વગેરેને પણ ચૂર્ણ કરવામાં સામર્થ્યવાળી, લબ્ધિના પ્રયોગ વડે અથવા જ્ઞાનાદિમાં અતિચારને સેવવા વડે જે સંયમરૂપ સાર તેનાથી રહિત તે પુલાક.

તે જ્ઞાન, દર્શન, ચારિત્ર, લિંગ અને યથાસૂક્ષ્મ ભેદથી પાંચ પ્રકારે છે. આ ભેદ આસેવપુલાકના છે. લબ્ધિપુલાકનું એકવિધપણું હોવાથી ભેદ નથી.

(૨) **બકુશ :-** બકુશ એટલે શબલ અર્થાત્ કાબરો - શરીર અને ઉપકરણ સંબંધી વિભૂષાની અનુવર્તિપણાને લઈને શુદ્ધિ અને અશુદ્ધિ - મિશ્રિત ચારિત્ર હોય છે.

આ શરીર અને ઉપકરણ અનુવર્તિતાથી બકુશ બે પ્રકારે છે. શરીરમાં પ્રગટ વ્યતિકર વડે હાથ, પગ અને મુખ ધોવું, આંખ કાન અને નાસિકાદિ અવયવોમાંથી ખરાબ મેલ વગેરેનું દૂર કરવું, દાંતને સાફ કરવા અને કેશોનું સંસ્કારવું તે દેહની શોભા માટે આચારનારાઓ **શરીર બકુશો** છે.

**ઉપકરણ બકુશો** તો અકાળે ધોયેલ ચોલપટ્ટક અને અંતરકલ્પાદિ સ્વચ્છ વસ્ત્રમાં પ્રીતિવાળા પાત્ર અને દંડ વગેરેને પણ તેલની માત્રા વડે ઉજળા કરીને શોભા માટે ઉપકરણને ધારણ કરે છે.

બંને પ્રકારના પણ બકુશો ઋદ્ધિ અને યશની ઈચ્છાવાળા હોય છે. વળી સાતાગારવના આશ્રયવાળા હોઈને દિવસ, રાત્રિમાં કરવા યોગ્ય ક્રિયાઓ કરવામાં ઉદ્યમવાળા હોતા નથી.

(૩) **કુશીલ :** અવિવિક્ત પરિવારવાળા - અસંયમથી જુદા નહીં (જંઘાને ઘસનાર, તેલ વગેરેથી શરીરને શુદ્ધ કરનાર અને કાતર વડે કાપેલ કેશવાળો જેનો પરિવાર છે આ ભાવ છે.)

બહુ છેદ અને શબલ દોષથી યુક્ત અર્થાત્ સર્વ છેદ અને દેશ છેદને યોગ્ય અતિચાર વડે ઉત્પન્ન થયેલ શબલત્વ દોષ યુક્ત તેથી કુત્સિત.

ઉત્તરગુણની પ્રતિ સેવા વડે અથવા સંજવલન કષાયના ઉદય વડે દૂષિત શીલવાળા તે કુશીલ તેના બે ભેદ છે. (૧) પ્રતિસેવન કુશીલ, (૨) કષાય કુશીલ.

**(૧) પ્રતિસેવન કુશીલ :** જે નિર્ગ્રન્થપણા પ્રત્યે તત્પર થયેલા, ઇન્દ્રિયને કાબુમાં નહીં રાખનાર, કોઈપણ પ્રકારે કિંચિત્ પિંડવિશુદ્ધિ, સમિતિ, ભાવના, તપ, પ્રતિમા, અને અભિગ્રહાદિરૂપ ઉત્તરગુણને વિષે વિરાધના કરતા થકા સર્વજ્ઞની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તે પ્રતિસેવના કુશીલો છે.

**(૨) કષાય કુશીલ :** જે સત્સંયતોને પણ ક્વચિત્ સંજ્વલન કષાયો ઉદીરાય છે અર્થાત્ કષાયો કરે છે તે કષાય કુશીલો છે.

**(૪) નિર્ગ્રન્થ :** મોહનીય કર્મરૂપ ગ્રન્થથી નીકળેલ તે નિર્ગ્રન્થ. તે ક્ષીણ કષાય અથવા ઉપશાંત મોહ (કષાય) હોય છે.

**(૫) સ્નાતક :** સમસ્ત ઘાતીકર્મરૂપ મળના સમૂહને ધોયેલ હોવાથી સ્નાન કરેલની જેમ સ્નાત-ન્હાયેલો તે જ સ્નાતક. તે સયોગી કેવલી અથવા અયોગી કેવલી હોય છે. ॥૧૬૦॥

उपधिविशेषाश्रयेणाह–

**जाङ्गमिकभाङ्गिकसानकपोतकत्वङ्मयानि वस्त्राणि साधूनां योग्यानि और्णि-कौष्ट्रिकसानकबल्वजमौञ्जानि रजोहरणानि च ॥१६१॥**

**जाङ्गमिकेति,** जङ्गमास्त्रसास्तदवयवनिष्पन्नं कम्बलादिजाङ्गमिकम्, भङ्गा–अतसी तन्मयं भाङ्गिकम्, सनसूत्रमयं सानकम्, कार्पासिकं पोतकम्, वृक्षत्वङ्मयञ्च वस्त्र साधूनां साध्वीनाञ्च धारयितुमासेवितुं वा युज्यते, उत्सर्गतस्त्वमहामूल्ये कार्पासिकौर्णिके एव ग्राह्ये, महामूल्यता च पाटलीपुत्रीयरूपकाष्टादशकादारभ्य रूपकलक्षं यावदिति । रजो ह्रियते–अपनीयते येन तद्रजोहरणम्, तदप्यविलोममयमुष्ट्रलोममयं सनसूत्रमयं बल्वजस्तृणविशेष-स्तस्य कुट्टितत्वङ्मयं मुञ्जः शरपर्णी तन्मयं योग्यं भवति, औत्सर्गिकं रजोहरणं पट्टनिषद्याद्वययुक्तमापवादिकमनावृतदण्डम्, निर्व्याघातिकमौर्णिकदशकं व्याघातिकन्त्वितर-दिति ॥१६१॥

ઉપધિ વિશેષનું પ્રતિપાદન કરવા માટે કહે છે.

જંગમ, ત્રસ જીવોથી ઉત્પન્ન થયેલું વસ્ત્ર તે **જાંગમિક** કંબલાદિ.

**ભાંગિક :** ભંગા-અતસી અને અતસીમય વસ્ત્ર તે ભાંગિક.

**સાનક** : શણના સૂત્રમય તે સાનક.

**પોતક** : કપાસનું વસ્ત્ર તે પોતક.

**ત્વગ્મય** : વૃક્ષની છાલમય વસ્ત્ર તે ત્વગ્મય.

આ પાંચ પ્રકારના વસ્ત્ર સાધુ અને સાધ્વીઓને પહેરવા માટે અને રાખવા માટે યોગ્ય છે.

આ પાંચ પ્રકારના વસ્ત્ર કહેવા છતાં ઉત્સર્ગથી કપાસનું અને ઉનનું જ ગ્રહણ કરવા યોગ્ય છે.

તે પણ અલ્પમૂલ્યવાળું લેવા યોગ્ય છે. પાટલીપુત્ર (પટના) સંબંધી અઢાર રૂપિયાથી આરંભીને એક લાખ રૂપિયા સુધીનું વસ્ત્ર મહામૂલ્યવાન કહેવાય છે. (એ સમયમાં અઢાર રૂપિયા સુધીનું વસ્ત્ર સાધુને લેવું કલ્પતું હતું.)

રજોહરણ :- જેના વડે રજ હરાય છે, દૂર કરાય છે તે રજોહરણ. તે રજોહરણ પણ અવિ - ગાડરના રોમથી બનેલું (ઉનનું), ઊંટના રોમથી બનેલું, શણના સૂત્રથી બનેલું, બલ્વજ નામના ઘાસ વિશેષની કૂટેલી છાલથી બનેલું, મુંજ શરપર્ણી નામના ઘાસથી બનેલું આ પાંચ પ્રકારે રજોહરણ યોગ્ય છે.

ઔત્સર્ગિક રજોહરણ બે નિષદ્યા પટ્ટક સહિત - એક બહાર અને એક અંદર વસ્ત્રના વીંટનરૂપ છે અને ખુલ્લા દંડવાળું રજોહરણ તે આપવાદિક છે. ઉનની દશીવાળું તે નિર્વ્યાઘાતિક અને તે સિવાયનું વ્યાઘાતવાળું જાણવું. ॥૧૬૧॥

धार्मिकाणामालम्बनस्थानान्याह—

**षट्कायगणराजगृहपतिशरीराणि निश्रास्थानानि ॥१६२॥**

**षट्कायेति,** श्रुतचारित्रधर्मचारिण उपग्रहहेतवः षट्कायादयः, षट्कायाः पृथिव्यादयस्तेषां संयमोपकारित्वमागमप्रसिद्धम्, गच्छस्योपग्राहित्वं तत्र वसतां निर्जराविनयादिसम्भवात् । नरपतेर्धर्मसहायकत्वं दुष्टेभ्यः साधुरक्षणात् । गृहपतेर्निश्रास्थानत्वं स्थानदानेन संयमोपकारित्वात्, शरीरस्य धर्मोपग्राहित्वं स्पष्टमेव तदरक्षणे धर्महानेः ॥१६२॥

ધર્મને આચરનાર ધાર્મિક સાધુને આલંબનના સ્થાનો પાંચ કહે છે.

શ્રુત - ચારિત્રરૂપ ધર્મને સેવનાર (મુનિઓ) ને પાંચ નિશ્રાસ્થાનો - આલંબનના સ્થાનો અર્થાત્ સહાયના હેતુઓ કહેલા છે.

**પૃથ્વી વગેરે છ કાયો** તેઓનું સંયમમાં ઉપકારીપણું આગમમાં પ્રસિદ્ધ છે.

**ગણ** :- ગચ્છની ઉપકારિતા. ગચ્છમાં વસતા થકા ઘણી નિર્જરા થાય છે. કેમકે વિનયાદિનો સંભવ છે.

**રાજ** :- દુષ્ટ મનુષ્યોથી સાધુનું રક્ષણ કરવાથી રાજાનું ધર્મમાં સહાયકપણું છે.

**ગૃહપતિ** :- ગૃહપતિ તે શય્યા - વસતિને આપનાર (શય્યાતર) તે પણ નિશ્રાનું સ્થાન છે. તે સ્થાનના દાન વડે સંયમમાં ઉપકાર કરનાર છે.

**શરીર** :- શરીરની ધર્મમાં સહાયતા પ્રસિદ્ધ જ છે. શરીરનું રક્ષણ ન કરે તો ધર્મની હાનિ સ્પષ્ટ જ છે. ॥૧૬૨॥

शौचान्याह—

**पृथिव्यप्तेजोमंत्रब्रह्मसम्बन्धीनि शौचानि ॥१६३॥**

**पृथिवीति,** शौचं शुद्धिर्द्रव्यतो भावतश्च, तत्र द्रव्यशौचं पृथिव्यादिचतुष्टयसम्बन्धि, भावशौचं पञ्चमम्, तत्र पृथिव्या-मृत्तिकया शौचं शरीरादिभ्यो घर्षणलेपनादिना जुगुप्सितमलगन्धयोरपनयनम् । इह च 'एका लिङ्गे गुदे तिस्रस्तथैकत्र करे दश । उभयोः सप्त विज्ञेया मृदः शुद्धौ मनीषिभिः ॥ एतच्छौचं गृहस्थानां द्विगुणं ब्रह्मचारिणाम् । त्रिगुणं वानप्रस्थानां यतीनाञ्च चतुर्गुणम् । इति परोक्तं नाभिमतम्, गन्धाद्युपघातमात्रस्य शौचत्वेन विवक्षितत्वात्, तस्यैव युक्तियुक्तत्वाच्च । अद्भिः प्रक्षालनमप्शौचम् । अग्निना तद्विकारेण भस्मना वा शौचं तेजश्शौचम् शुचिविद्यया मंत्रशौचम् । ब्रह्मचर्यादिकुशलानुष्ठानं ब्रह्मशौचम्, अनेन च सत्यादिशौचं चतुर्विधं संगृहीतम् ॥१६३॥

હવે શૌચ કહે છે.

શૌચ = શુદ્ધિ. તે દ્રવ્ય અને ભાવથી એમ બે પ્રકારે છે. તેમાં **દ્રવ્યશૌચ** :- તેમાં પૃથિવી આદિ ચાર દ્રવ્ય શૌચ છે. અને પાંચમું તે **ભાવશૌચ** છે તેમાં

પૃથ્વીશૌચ :- માટી વડે શૌચ અર્થાત્ ઘસવું અને લેપન કરવું શરીરાદિથી દુગંછનીય મળ અને ગંધનું દૂર કરવું તે પૃથ્વી શૌચ. અહીં બીજાઓ વડે પૃથ્વીશૌચનું લક્ષણ કહેવાય છે તે બતાવે છે - "માટી વડે શુદ્ધ લિંગને વિષે એક વાર, ગુદા સ્થાનને વિષે ત્રણવાર, એક હાથમાં દશ વાર અને બંને હાથમાં સાત વાર ડાહ્યા પુરુષોએ માટી વડે શુદ્ધિ જાણવી"

"આ પ્રમાણે ગૃહસ્થોને શૌચ છે. બ્રહ્મચારીને એથી બમણું, વાનપ્રસ્થોને ત્રણ ગણું અને યતિઓને ચતુર્ગુણ શૌચ છે."

આ પ્રમાણેનું કથન અન્ય મતિઓનું છે. તે અહીં સંમત નથી. પરંતુ ગંધ વગેરેના નાશ માત્રને શૌચપણાએ વિવક્ષિત હોવાથી અને તેનું જ યુક્તિયુક્તપણું હોવાથી શૌચ છે.

પાણી વડે શૌચ તે **અપ્શૌચ** અર્થાત્ ધોવું.

અગ્નિ વડે અથવા અગ્નિના વિકારભૂત ભસ્મ વડે શૌચ તે **તેજસશૌચ.**

શુચિ વિદ્યા વડે શૌચ તે **મંત્રશૌચ.**

બ્રહ્મચર્યાદિ કુશળ અનુષ્ઠાનરૂપ શૌચ તે **બ્રહ્મશૌચ.**

આ બ્રહ્મના કથન વડે ચાર પ્રકારનું શૌચ પણ સંગૃહીત છે. ॥૧૬૩॥

पुरुषभेदानेवाह—

**ह्रीह्रीमनश्चलस्थिरोदयनसत्त्वभेदाः पुरुषाः, अनुप्रतिस्रोतान्तमध्यसर्वचारिणो भिक्षाकाः, अतिथिकृपणब्राह्मणश्वानश्रमणाश्रया वनीपकाः ॥१६४॥**

**ह्रीति**, लज्जया सत्त्वोऽविचलत्वं साधोः परीषहेषु परस्य सङ्ग्रामादौ यस्यासौ ह्रीसत्त्वः । ह्रिया मनस्येव सत्त्वं यस्य न देहे, शीतादिषु कम्पादिविकारभावात् स ह्रीमनःसत्त्वः, चलं भङ्गुरं सत्त्वं यस्य स चलसत्त्वः, एवं स्थिरसत्त्वः, उदयनं-उदयगामि प्रवर्धमानं सत्त्वं यस्यासावुदयनसत्त्वः । सत्त्वपुरुषोऽत्र भिक्षुरेवेति तदाश्रयेणाह-**अन्विति**, अनुस्रोतचारी प्रतिश्रयादारभ्य भिक्षाचारी, प्रतिस्रोतचारी, दूरादारभ्य प्रतिश्रयाभिमुखचारी, अन्तचारी, पार्श्वचारी, एवं मध्यचारी सर्वचारी च । भिक्षाकाधिकारात्तद्विशेषमाह**तिथीति**, परेषामात्मदुःखत्वदर्शनेनानुकूलभाषणज्ञो यल्लभ्यते द्रव्यं सा वनी, तां पिबत्यास्वादयति पातीति वा वनीपः स एव वनीपकः-याचकः, अत्र तु यो यस्यातिथ्यादेर्भक्तो भवति तं तत्प्रंशसनेन यो दानाभिमुखं करोति स वनीपक इति । भोजनकालोपस्थायी प्राघूर्णकोऽतिथिस्तद्दानप्रशंसनेन तद्भाक्ताद्यो लिप्सति सोऽतिथिमाश्रित्य वनीपकोऽतिथिवनीपकः, एवमन्येऽपि ॥१६४॥

હવે પુરુષના ભેદો કહે છે.

**હ્રી સત્ત્વ :-** લજ્જા વડે સાધુઓને, પરિષહોને વિષે અને અન્યને સંગ્રામાદિકને વિષે અવિચલરૂપ સત્ત્વ છે જેને તે હ્રી સત્ત્વ.

**હ્રી મનઃ સત્ત્વ :-** લજ્જા વડે પણ મનમાં જ સત્ત્વ છે જેને પરંતુ શીત વગેરેમાં કંપ વગેરે વિકારના ભાવથી શરીરને વિષે સત્વ નથી તે **હ્રી મનઃ સત્ત્વ.**

**ચલસત્ત્વ :-** ચલ (ક્ષણ ભંગુર) સત્વ છે જેને તે ચલ સત્ત્વ.

**સ્થિર સત્ત્વ :-** ચલથી વિપરીત - નિશ્ચલ હોવાથી સ્થિર સત્ત્વ.

**ઉદયન સત્ત્વ :-** ઉદય પામતું, વધતું જતું સત્વ જેને છે તે ઉદયન સત્ત્વ.

આ પાંચ પ્રકારના સત્ત્વવાળા પુરુષો કહ્યા છે તે ભિક્ષુ (સાધુ) જ હોય છે. માટે ભિક્ષુનું સ્વરૂપ જણાવતા કહે છે -

(૧) **અનુસ્રોતચારી :-** ઉપાશ્રયથી શરૂ કરીને ભિક્ષા કરનાર.

(૨) **પ્રતિસ્રોતચારી :-** દૂરના ઘરોથી આરંભીને ઉપાશ્રય સન્મુખ ગોચરી કરનાર.

(૩) **અન્તચારી** :- પડખાના ઘરમાં ગોચરી કરનાર.

(૪) **મધ્યચારી** :- મધ્યના ઘરોમાં ભિક્ષા કરનાર.

(૫) **સર્વચારી** :- સર્વ રીતે ભિક્ષા કરનાર.

ભિક્ષાકા એટલે સાધુઓના અધિકારથી ભિક્ષુક વિશેષને જ પાંચ પ્રકારે કહે છે.

**વનીપક** :- બીજાઓને પોતાનું દુ:ખિતપણું દર્શાવવા વડે, અનુકુળ ભાષણથી જે દ્રવ્ય મેળવાય છે તે 'વની' પ્રતીત છે. તેને આસ્વાદે છે અથવા સાચવે છે તે વનીપ. તે જ **વનીપક** અર્થાત્ યાચક.

અહીં પ્રસ્તુતમાં તો અતિથિ વગેરેનો જે ભક્ત હોય છે તેની પ્રશંસા કરવા વડે તેને દાનથી સન્મુખ કરે છે તે વનીપક.

(૧) અતિથિ વનીપક :- ભોજન સમયે ઉપસ્થિત થયેલ મહેમાન અતિથિ તેના (દાતારના) દાનની પ્રશંસા વડે તે ભક્ત પાસેથી મેળવવાને ઇચ્છે છે તે અતિથિને આશ્રયીને વનીપક તે **અતિથિ વનીપક.**

એવી રીતે (૨) કૃપણ વનીપક (૩) બ્રાહ્મણ વનીપક (૪) શ્વાન વનીપક, (૫) શ્રમણ વનીપક જાણવા. ॥૧૬૪॥

अथ कालाश्रयेणाह—

**नक्षत्रयुगप्रमाणलक्षणशनैश्चरसंवत्सराः पञ्च ॥१६५॥**

**नक्षत्रेणि,** चन्द्रस्य नक्षत्रमण्डलभोगकालो नक्षत्रमासः, स च सप्तविंशतिर्दिनानि, एकविंशतिः सप्तषष्टिभागा दिवसस्येति २७ $\frac{२}{६}$ $\frac{१}{७}$ । एवंविधद्वादशमासो नक्षत्रसंवत्सरः, स च त्रीणि शतान्यह्नां सप्तविंशत्युत्तराणि, एकपञ्चाशच्च सप्तषष्टिभागाः यथा ३२७ $\frac{५}{६}$ $\frac{१}{७}$ । एकोनत्रिंशद्दिनानि द्वात्रिंशच्च द्विषष्टिभागा दिवसस्येत्येवंप्रमाणः कृष्णप्रतिपदारब्धः पूर्णमासीनिष्ठितश्चान्द्रमासः, तद्यथा–२९ $\frac{३}{६}$ $\frac{२}{२}$, तेन मासेन द्वादशमासपरिमाणश्चन्द्रसंवत्सरः, तस्य च प्रमाणमिदम्, त्रीणि शतान्यह्नां चतुःपञ्चाशदुत्तराणि द्वादश च द्विषष्टिभागा यथा ३५४ $\frac{१}{६}$ $\frac{२}{२}$, एवम्भूतौ चन्द्रसंवत्सरावनुक्रमेण द्वौ ततोऽभिवर्द्धितसंवत्सरस्ततश्चन्द्रसंवत्सरः ततोऽभिवर्द्धितसंवत्सर इति पञ्चभिरेभिः संवत्सरैरेकं युगं भवति, तत्राभिवर्द्धिताख्ये संवत्सरेऽधिकमासः पतति, एकत्रिंशद्दिनान्येकविंशत्युत्तरशतं चतुर्विंशत्युत्तरशतभागानामभिवर्द्धितमासः यथा–३१ $\frac{१}{१}$ $\frac{२}{२}$ $\frac{१}{४}$, एवंविधेन मासेन द्वादशमासप्रमाणोऽभिवर्द्धितसंवत्सरः स च प्रमाणेन त्रीणि शतान्यह्नां त्र्यशीत्यधिकानि चतुश्चत्वारिंशच्च द्विषष्टिभागाः यथा–३८३ $\frac{४}{६}$ $\frac{४}{२}$ इति । प्रमाणं परिमाणं दिवसादीनां तेनोपलक्षितो नक्षत्रसंवत्सरश्चन्द्रसंवत्सर ऋतुसंवत्सर

आदित्यसंवत्सरोऽभिवर्द्धितसंवत्सरश्च प्रमाणसंवत्सरः, तत्र नक्षत्रसंवत्सरः पूर्वोक्तलक्षण एव केवलं तत्र नक्षत्रमण्डलस्य चन्द्रभोगमात्रं विवक्षितमिह तु दिनदिनभागादिप्रमाणमिति । तथा चन्द्राभिवर्धितावप्युक्तलक्षणावेव किन्तु तत्रयुगावयवतामात्रमिह तु प्रमाणमिति विशेषः । त्रिंशदहोरात्रप्रमाणैर्द्वादशभिर्ऋतुमासैः सावनमासकर्ममासपर्यायैर्निष्पन्नः षष्ट्यधिकाहोरात्रशतमानो यथा ३६० । आदित्यसंवत्सरः स च त्रिंशद्दिनान्यर्द्धश्च यथा ३० $\frac{१}{२}$ एवंविधमासद्वादशकनिष्पन्नः षट्षष्ट्यधिकाहोरात्रशतमानो यथा ३६६ । अयमेवानन्तरोक्तो नक्षत्रादिसंवत्सरो लक्षणप्रधानतया लक्षणसंवत्सर इति । यावता कालेन शनैश्चरो नक्षत्रमेकमथवा द्वादशापि राशीन् भुक्तं स शनैश्चरसंवत्सर इति ॥१६५॥

હવે કાલના આશ્રયથી કહે છે.

ચન્દ્રનો નક્ષત્ર મંડળ સંબંધી ભોગકાળ તે **નક્ષત્રમાસ** છે. તે સત્યાવીશ દિવસ અને એક દિવસના સડસઠ ભાગ કરીએ તેવા એકવીશ ભાગ ૨૭ ૨૧/૬૭ એવી રીતે બાર માસનો આ **નક્ષત્ર સંવત્સર** છે. તે ત્રણસો સત્યાવીશ દિવસ અને સડસઠીઆ એકાવન ભાગ ૩૨૭ ૫૧/૬૭ નો થાય છે.

ઓગણત્રીસ દિવસ અને બાસઠીઆ બત્રીસ ભાગ ૨૯ ૩૨/૬૨ આ પ્રમાણવાળો કૃષ્ણ (વદ) પ્રતિપદાથી આરંભીને પૂર્ણીમાએ પૂર્ણ થયેલ તે **ચન્દ્રમાસ.**

તે માસના પ્રમાણ વડે બાર માસના પરિમાણવાળો ચંદ્ર સંવત્સર હોય છે. તેનું પ્રમાણ આ પ્રમાણે - ત્રણસો ચોપન દિવસ અને બાસઠીઆ બાર ભાગ ૩૫૪ ૧૨/૬૨ આ પ્રમાણવાળા અનુક્રમે ચંદ્ર સંવત્સર બે જાણવા.

ત્યાર પછી અભિવર્ધિત સંવત્સર, ત્યાર પછી ચન્દ્ર સંવત્સર, ત્યાર પછી અભિવર્ધિત સંવત્સર.

આ પાંચ સંવત્સર વડે એક યુગ થાય છે. તેમાં અભિવર્ધિત નામના સંવત્સરમાં અધિક માસ પડે છે.

**અભિવર્ધિત માસ :-** એકત્રીશ દિવસ અને એક દિવસના એકસો ચોવીશ ભાગ કરીએ તેવા એકસો એકવીશ ભાગ પ્રમાણ ૩૧ ૧૨૧/૧૨૪ છે.

આવા પ્રકારના માસ વડે બાર માસના પ્રમાણવાળો **અભિવર્ધિત સંવત્સર** છે. તે પ્રમાણ વડે ત્રણસો ત્યાશી દિવસ અને બાસઠીઆ ચુમ્માલીશ ભાગ ૩૮૩ ૪૪/૬૨ આ પ્રમાણવાળો **અભિવર્ધિત સંવત્સર** જાણવો.

આ ચન્દ્રાદિ પાંચ સંવત્સર વડે એક યુગ થાય છે. આ પાંચ સંવત્સરમાંથી અભિવર્ધિત નામના સંવત્સરમાં અધિક માસ પડે છે.

પ્રમાણ - દિવસાદિના પરિમાણ વડે ઓળખાતો નક્ષત્ર સંવત્સર વગેરે જ પ્રમાણ સંવત્સર છે.

તેમાં નક્ષત્ર સંવત્સર, ચંદ્ર સંવત્સર, ઋતુ સંવત્સર, આદિત્ય સંવત્સર અને અભિવર્ધિત સંવત્સર પ્રમાણ સંવત્સર છે.

તેમાં નક્ષત્ર સંવત્સર ઉક્ત લક્ષણવાળો છે પરંતુ ત્યાં કેવળ નક્ષત્ર મંડળનો ચન્દ્રભોગ માત્ર વિવક્ષિત છે. અને અહીં તો દિવસ ભાગ વગેરેનું પ્રમાણ વિવક્ષિત છે.

તથા ચન્દ્ર અને અભિવર્ધિત સંવત્સર પણ ઉક્ત લક્ષણવાળા જ છે પરંતુ ત્યાં યુગના વિભાગ માત્ર કહેલ છે અને અહીં તો દિવસાદિના પ્રમાણ વડે કહેલ છે. આ વિશેષ (ભેદ) છે.

**ઋતુ સંવત્સર :-** ત્રીશ અહોરાત્રના પ્રમાણવાળો ઋતુમાસ. તેવા બાર ઋતુમાસ વડે સાવનમાસ અને કર્મમાસ નામના પર્યાય (અપર નામ) વડે થયેલ ત્રણસો સાઠ (૩૬૦) અહોરાત્ર પ્રમાણવાળો છે.

**આદિત્ય સંવર :-** તે સાડાત્રીશ ૩૦ ૧/૨ દિવસનો એક માસ, એવા બાર માસ વડે થયેલ ત્રણસો છાસઠ (૩૬૬) અહોરાત્ર પ્રમાણવાળો હોય છે.

અનંતર કહેલ એ જ નક્ષત્રાદિ સંવત્સર, લક્ષણની પ્રધાનતા વડે **લક્ષણ સંવત્સર** કહેવાય છે.

જેટલા કાળ વડે શનૈશ્ચર (ગ્રહ) એક નક્ષત્રને અથવા બારે રાશિઓને ભોગવે તે **શનૈશ્ચર સંવત્સર** કહેવાય છે. ॥૧૬૫॥

कालात्यये शरीरिणां शरीरान्निर्गमात् तन्मार्गमाह—

**पादोरूर:शिरस्सर्वांगैर्जीवस्य निर्गमनं क्रमेण नरकतिर्यङ्मनुष्यदेवसिद्धिगतिगमनसूचकम् ॥१६६॥**

**पादेति,** मरणकाले शरीरिणः शरीरान्निर्गमो निर्याणं तच्च पादादिद्वारेण भवति, तथा च करणभूताभ्यां पादाभ्यां यदा जीवः शरीरान्निर्याति तदा स निरयगामी भवति, एवमन्यत्रापि ॥१६६॥

કાળ વ્યતીત થયે છતે પ્રાણીઓને શરીરમાંથી નીકળવાનું થાય છે. માટે તેના નીકળવાના માર્ગને કહે છે.

નિર્યાણ - મરણના સમયમાં જીવનો શરીરમાંથી નીકળવાનો માર્ગ તે નિર્યાણમાર્ગ. અર્થાત્ પગ વગેરે. માર્ગભૂત અને કરણ (સાધન) તાને પામેલ બંને પગ દ્વારા જીવ શરીરથી નીકળે છે. એવી રીતે બંને સાથળ દ્વારા છાતી, મસ્તક અને સર્વાંગથી જીવ નીકળે છે.

બંને પગથી નીકળતો જીવ નરકગામી - નરકમાં જનારો હોય છે. બંને સાથળથી નીકળતો જીવ તિર્યંચગામી થાય છે. હૃદયથી નીકળતો જીવ મનુષ્યગામી થાય છે. મસ્તકથી નીકળતો જીવ દેવગામી થાય છે. અને સર્વાંગ - બધા ૫ અંગોથી નીકળતો જીવ સિદ્ધિગતિને પામે છે. ॥૧૬૬॥

अथ ज्ञानावरणक्षपणोपायमाह--

**वाचनापृच्छनापरिवर्तनाऽनुप्रेक्षाधर्मकथारूपः स्वाध्यायः सङ्ग्रहोपग्रहणनिर्जरणश्रुतस्फुटताऽव्यवच्छित्तिनयार्थं श्रुतस्य वाचना ॥१६७॥**

**वाचनेति**, वक्ति शिष्यस्तं प्रति गुरोः प्रयोजकभावो वाचना-पाठनम् । गृहीतवाचनेनापि संशयाद्युत्पत्तौ पुनः प्रष्टव्यमिति पूर्वाधीतस्य सूत्रादेः शङ्कितादौ प्रश्नः प्रच्छना । प्रच्छनाविशोधितस्य सूत्रस्य मा भूद्विस्मरणमिति परिवर्त्तना सूत्रस्य गणनमित्यर्थः, सूत्रवदर्थेऽपि सम्भवति विस्मरणमतः सोऽपि परिभावनीय इत्यनुप्रेक्षणमनुप्रेक्षा, चिन्तनेत्यर्थः । एवमभ्यस्तश्रुतेन धर्मकथाविधेयेति श्रुतरूपस्य धर्मस्य व्याख्या धर्मकथेति । श्रुतं सूत्रमात्रं वा सङ्ग्राहः शिष्याणां श्रूतोपादानं तदर्थमेषां श्रुतसङ्ग्रहो भवत्विति प्रयोजनेन श्रुतं वाचनीयं शिक्षणीयञ्च, एवमेते भक्तपानवस्त्राद्युत्पादनसमर्थतयोपष्टम्भिता भवन्त्वित्युपग्रहार्थमेवं मे कर्मणां निर्जरणं भवत्विति निर्जरार्थमेवं वाचयतो मे ग्रन्थो जातविशेषः स्फुटतया भविष्यतीति श्रुतस्फुटतार्थं श्रुतस्याव्यवच्छित्त्या कालान्तरनयनार्थञ्च वाचयेत् ॥१६७॥

હવે જ્ઞાનાવરણ કર્મના ક્ષયના ઉપાયને કહે છે.

(૧) ભણવા માટે કહેનાર શિષ્ય પ્રત્યે ગુરુનો પ્રયોજક ભાવ તે વાચના. અર્થાત્ ભણાવવું તે **વાચના.**

(૨) વાચના લીધેલ શિષ્યે પણ સંશયાદિ ઉત્પન્ન થયે છતે પુનઃ પૂછવું અર્થાત્ પૂર્વે ભણેલ સૂત્રાદિ સંબંધી શંકા વગેરેમાં પ્રશ્ન કરવો તે **પૃચ્છના.**

(૩) પૂછવાથી વિશેષ શુદ્ધ થયેલ સૂત્રનું વિસ્મરણ ન થાય માટે પરાવર્ત્તના કરવી. અર્થાત્ સૂત્રનું ગુણન કરવું તે **પરાવર્ત્તના.**

(૪) સૂત્રની જેમ અર્થમાં પણ વિસ્મૃતિનો સંભવ છે તેથી અર્થ પણ વારંવાર વિચારવા યોગ્ય છે માટે અનુપ્રેક્ષવું તે **અનુપ્રેક્ષા.** અર્થાત્ વિચારવું.

(૫) એ પ્રમાણે અભ્યાસ કરેલ શ્રુત વડે ધર્મકથા કરવા યોગ્ય છે. શ્રુતરૂપ ધર્મની જે કથા (વ્યાખ્યા) તે **ધર્મકથા.**

પાંચ કારણોથી ગુરૂ શિષ્યને સૂત્રની વાચના આપે - ભણાવે.

(૧) **સંગ્રહ :-** શ્રુતને અથવા સૂત્રમાત્રને ભણાવે. તેમાં સંગ્રહ - શિષ્યોને શ્રુતનું ગ્રહણ. તે જ અર્થ - પ્રયોજન માટે અર્થાત્ સંગ્રહરૂપ પ્રયોજનને માટે અથવા સંગ્રહ એ જ પ્રયોજન છે જેને તે સંગ્રહાર્થ. તેના ભાવરૂપ સંગ્રહાર્થતા વડે એટલે શિષ્યોને શ્રુતનો સંગ્રહ થાઓ. માટે વાચના આપવી જોઈએ, શીખવાડવું જોઈએ.

(૨) ઉપગ્રહણ :- ઉપગ્રહ માટે. ભણાવવાથી શિષ્યો, ભક્ત, પાન અને વસ્ત્રાદિને મેળવવામાં સમર્થપણાએ આધારભૂત થાઓ. આ ભાવ છે.

(૩) નિર્જરા :- મને કર્મોની નિર્જરા જ થાઓ આ હેતુથી.

(૪) શ્રુત સ્ફુટતા :- વાચના આપતા એવા મને ગ્રન્થ વિશેષ થશે. અર્થાત્ શાસ્ત્ર સ્ફૂટપણાએ થશે.

(૫) અવ્યવચ્છિત્તિનય :- અવિચ્છિન્નપણાએ નયન - શ્રુતનું કાળાંતરમાં પમાડવું અર્થાત્ ચિરકાળ પર્યંત ચાલે તે અવ્યવચ્છિત્તિનય (શાસ્ત્રની પરંપરા અખંડીત ચાલે) તે માટે.

આ પાંચ કારણોથી વાચના આપે. ॥૧૬૭॥

गणं धारयितुं योग्यं गुणिनमाह–

**श्रद्धासत्यमेधाबहुश्रुतशक्त्यल्पाधिकरणवन्तो गणधारकाष्षट् ॥१६८॥**

**श्रद्धेति,** गच्छं मर्यादायां धारयितुं पालयितुं वा योग्यः श्रद्धावान्, अश्रद्धावतो हि स्वयममर्यादावर्त्तितया परेषां मर्यादास्थापनायामसमर्थत्वाद्गणधरार्हता न स्यात् । सद्भयो जीवेभ्यो हितं सत्यं तद्वान्, प्रतिज्ञातशूरो वा, एवम्भूतो हि पुरुषो गणपालक आदेयश्च स्यादिति । मेधावान् श्रुतग्रहणशक्तिमान्, एवं भूतो हि श्रुतमन्यतो झगिति गृहीत्वा शिष्याध्यापने समर्थो भवतीति । बहुश्रुतवान् यस्य सूत्रार्थरूपं श्रुतं प्रभूतं सः, अन्यथा हि गणानुपकारी स्यात् । शक्तिमान् शरीरमन्त्रतन्त्रपरिवारादिसामर्थ्ययुक्तः, स हि विविधास्वापत्सु गणस्यात्मनश्च निस्तारको भवति । अल्पाधिकरणवानल्पमविद्यमानमधिकरणं स्वपर-पक्षविषयो विग्रहस्तद्वान् स ह्यनुवर्त्तकतया गणस्याहानिकारको भवतीति ॥१६८॥

ગણને ધારણ કરવા યોગ્ય એવા ગુણિને કહે છે.

ગુણવિશેષ છ સ્થાનો વડે યુક્ત અણગાર - ભિક્ષુ ગચ્છને મર્યાદામાં ધારણ કરવા માટે અથવા પાલન કરવા માટે યોગ્ય છે.

(૧) શ્રદ્ધાવાન્ :- અશ્રદ્ધાવાળો તો સ્વયં મર્યાદામાં નહીં વર્તવાથી બીજાઓને મર્યાદા વડે સ્થાપવામાં અસમર્થ હોવાથી ગણને ધારણ કરવા માટે અયોગ્ય છે.

(૨) સત્યવાન્ :- જીવો માટે હિતપણાએ અથવા કરેલ પ્રતિજ્ઞામાં શૂરપણા વડે સત્ય. આવા પ્રકારનો સત્યવાળો પુરુષ ગચ્છનો પાલક અને આદેય વચનવાળો થાય.

(૩) મેધાવી :- શ્રુતને ગ્રહણ કરવાની શક્તિવાળો તે મેધાવી. આવો પુરુષ જ બીજા પાસેથી શીઘ્ર શ્રુતને ગ્રહણ કરીને શિષ્યોને ભણાવવામાં સમર્થ થાય છે.

(૪) **બહુશ્રુતવાન્ :-** બહુ = ઘણું સૂત્ર અને અર્થ રૂપ શ્રુત છે જેને તે બહુશ્રુત. જો તેવો ન હોય તો ગણને ઉપકાર કરનાર ન થાય.

(૫) **શક્તિમાન :-** શક્તિવાળો. શરીર, મંત્ર, તંત્ર અને પરિવાર વગેરેના સામર્થ્યવાળો. તે વિવિધ આપત્તિઓમાં ગચ્છનો અને પોતાનો નિસ્તારક થાય છે.

(૬) **અલ્પ અધિકરણવાળો :-** અલ્પ - નથી વિદ્યમાન સ્વપક્ષ અને પરપક્ષ વિષયક અધિકરણ - વિગ્રહ જેને તે અલ્પ અધિકરણવાળો. તે અનુવર્ત્તકપણાએ ગણને અહાનિ - લાભકારક થાય છે.

આ પ્રમાણેના છ ગુણવાન ગચ્છને ધારણ કરવા માટે યોગ્ય છે. ॥૧૬૮॥

जीवानां दुर्लभ्यपर्यायविशेषानाह—

**मानुषार्यक्षेत्रसुकुलजन्मार्हद्धर्मश्रवणश्रुतश्रद्धानसम्यक्त्वसंस्पर्शनानि न सुलभानि ॥१६९॥**

**मानुषेति,** मनुष्यसम्बन्धिजन्म सर्वजीवानां न सुलभं न सुप्रापं कृच्छ्रलभ्यमित्यर्थः, न पुनरलभ्यं केषांचिज्जीवानां तल्लाभोपलम्भात् । उक्तञ्च 'ननु पुनरिदमतिदुर्लभमगाधसंसार-जलधिविभ्रष्टम् । मानुष्यं खद्योतकतडिल्लताविलसितप्रतिमम् ॥' इति । तथाऽऽर्यक्षेत्रेऽर्धषड्विंशतिजनपदरूपे जननं न सुलभम्, उक्तञ्च 'सत्यपि च मानुषत्वे दुर्लभतरमार्य-भूमिसम्भवनम् । यस्मिन् धर्माचारप्रवणत्वं प्राप्नुयात् प्राणी ॥' इति, एवमिक्ष्वाक्वादिके सुकुले प्रभवो न सुलभः, उक्तञ्च 'आर्यक्षेत्रोत्पत्तौ सत्यामपि सत्कुलं न सुलभं स्यात् । सच्चरणगुणमणीनां पात्रं प्राणी भवति यत्र ॥' इति, तथा केवलिप्रज्ञप्तस्य धर्मस्य श्रवणत्वं दुर्लभम् यतोऽभिहितं 'सुलभा सुरलोकश्री रत्नाकरमेखला मही सुलभा । निर्वृतिसुख-जनितरुचिर्जिनवचनश्रुतिर्जगति दुर्लभा ॥' इति, श्रुतस्य श्रद्धानमपि दुर्लभम्, उक्तञ्च 'कदाचिच्छ्रवणं लब्ध्वा श्रद्धा परमदुर्लभा । श्रुत्वा न्यायोपपन्नं मार्गं बहवः परिभ्रश्यन्ति ॥' इति, सामान्येन श्रद्धितस्योपपत्तिभिः प्रतीतस्य सम्यक् कायेन स्पर्शनं दुर्लभम् यदाह 'धर्ममपि तु श्रद्दधतां दुर्लभा कायेन स्पर्शना । इह कामगुणेषु मूर्च्छितानां समयं गौतम ! मा प्रमाद्येः' इति । एतेषां दुर्लभत्वञ्च प्रमादादिप्रसक्तप्राणिनामेव, न सर्वेषाम् ॥१६९॥

જીવોને દુર્લભ એવા પર્યાય વિશેષોને કહે છે.

છ વસ્તુઓ, સર્વ જીવોને સુલભ - સુખે પ્રાપ્ત થતી નથી અર્થાત્ દુઃખે મળે છે. પરંતુ અલભ્ય નથી. કારણ કે કેટલાક જીવોને તેનો લાભ થાય છે.

(૧) **મનુષ્ય જન્મ :-** મનુષ્ય સંબંધી ભવ તે સુલભ નથી. કહ્યું છે કે - ખદ્યોત અને વિજળીના ઝબકારાના વિલાસ જેવું ચંચલ આ મનુષ્યપણું અગાધ સંસારરૂપ સમુદ્રમાં જે ગુમાવ્યું તે ફરીથી મળવું અતિ દુર્લભ છે.

(૨) **આર્યક્ષેત્ર :-** સાડા પચ્ચીશ દેશરૂપ આર્યક્ષેત્રને વિષે જન્મ થવો તે પણ દુર્લભ છે. કહ્યું છે કે - મનુષ્યપણું પ્રાપ્ત થયે છતે પણ આર્યભૂમિમાં ઉત્પન્ન થવું અત્યંત દુર્લભ છે. જે ક્ષેત્રમાં પ્રાણી ધર્મના આચરણથી રૂચિપણાને પ્રાપ્ત થાય.

(૩) **સુકુલમાં જન્મ :-** એ જ પ્રમાણે ઇક્ષ્વાકુ આદિ કુળમાં જન્મ સુલભ નથી. કહ્યુ છે કે - આર્યક્ષેત્રમાં ઉત્પન્ન થયે છતે પણ સત્કુળ મળવું સુલભ હોતું નથી. જે સત્કુળમાં પ્રાણી ચારિત્રના ગુણરૂપ મણીઓનું પાત્ર થાય છે.

(૪) **અર્હદ્ધર્મ શ્રમણ :-** કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ પણ દુર્લભ છે. કહ્યું છે કે - દેવલોકની લક્ષ્મી મળવી સુલભ છે. સમુદ્રના છેડા સુધી પૃથ્વી મળવી સુલભ છે. પરંતુ મોક્ષસુખમાં ઉત્પન્ન થયેલ છે રૂચિ જેનાથી એવી જિનવચનની શ્રુતિ (સાંભળવું) જગતમાં દુર્લભ છે.

(૫) **શ્રુત શ્રદ્ધાન :-** શ્રવણ કરેલ ધર્મની શ્રદ્ધા થવી દુર્લભ છે. કહ્યું છે કે - કદાચિત ધર્મના શ્રવણને પ્રાપ્ત કરીને પણ શ્રદ્ધા થવી પરમ દુર્લભ છે. કારણકે ઘણા જીવો ન્યાયી સમ્યગ્ માર્ગને સાંભળીને પણ પરિભ્રષ્ટ થાય છે.

(૬) **સમ્યગ્સ્પર્શન :-** સામાન્યથી શ્રદ્ધા કરેલને, યુક્તિઓ વડે નિશ્ચિત કરેલને પણ સમ્યગ્ - (અવિરતિની જેમ મનોરથ માત્ર વડે નહી) કાયા વડે સ્પર્શવું દુર્લભ છે. કહ્યું છે કે - સર્વજ્ઞ પ્રણીત ધર્મની શ્રદ્ધા કરતા છતાં પણ કાયા વડે સ્પર્શવું - આચરણા કરવી દુર્લભ છે. કેમકે આ જગતમાં જીવો શબ્દાદિ વિષયમાં ગૃદ્ધ છે. આથી ધર્મની સામગ્રી પામીને હે ગૌતમ ! સમય માત્ર પ્રમાદ ન કર. મનુષ્યભવ આદિનું દુર્લભપણું પ્રમાદ આદિમાં આસક્ત પ્રાણીઓને જ હોય છે. પરંતુ સઘળાને નહીં. ॥૧૬૯॥

मनुष्यभेदानाह—

**त्रिविधाः सम्मूर्च्छनजास्त्रिविधा गर्भव्युत्क्रान्तिकाश्च मनुष्याः, अर्हच्चक्रवर्त्ति-बलदेववासुदेवचारणविद्याधरा ऋद्धिमन्तः ॥१७०॥**

**त्रिविधा इति,** मनुष्या द्विविधाः सम्मूर्च्छनजा गर्भव्युत्क्रान्तिकाश्च, तत्र सम्मूर्च्छनजा कर्मभूमिजा अकर्मभूमिजा अन्तरद्वीपगाश्च तथैव गर्भव्युत्क्रान्तिकाश्च स्पष्टं शेषम् ॥१७०॥

મનુષ્યના ભેદો કહે છે.

મનુષ્યો બે પ્રકારે છે. (૧) સમૂર્છિમ, (૨) ગર્ભજ. તેમાં સમૂર્છિમ મનુષ્યો ત્રણ પ્રકારે છે. (૧) કર્મભૂમિના (૨) અકર્મભૂમિના (૩) અંતરદ્વીપના. તેવી જ રીતે ગર્ભજ મનુષ્યો પણ ત્રણ પ્રકારે છે. (૧) કર્મભૂમિના (૨) અકર્મભૂમિના (૩) અંતરદ્વીપના. ॥૧૭૦॥

संहननसंस्थाने आह—

**वज्रर्षभनाराचर्षभनाराचनाराचार्द्धनाराचकीलिकासेवार्त्तानि संहननानि, समचतुरस्रन्यग्रोधपरिमण्डलसादिकुब्जवामनहुण्डानि संस्थानानि ॥१७१॥**

**वज्रेति**, संहननमस्थिसञ्चयः, शक्तिविशेष इत्यन्ये, तत्र वज्रं-कीलिका ऋषभः परिवेष्टनपट्टः, नाराचः-उभयतो मर्कटबन्धः, यत्र द्वयोरस्थ्नोरुभयतो मर्कटबन्धेन बद्धयोः पट्टाकृतिना तृतीयेनास्थ्ना परिवेष्टितयोरुपरि तदस्थित्रयभेदिकीलिकाकारं वज्रनामकमस्थि भवति तद्वज्रर्षभनाराचम्। यत्र तु कीलिका नास्ति तदृषभनाराचम्। यत्र तूभयोर्मर्कटबन्ध एव तन्नाराचम्, यत्र त्वेकतो मर्कटबन्धो द्वितीयपार्श्वे कीलिका तदर्धनाराचम्, कीलिकाविद्धास्थिद्वयसञ्चितं कीलिकम् । अस्थिद्वयपर्यन्तस्पर्शनलक्षणां सेवामार्त्तं सेवामागतमिति सेवार्त्तम् । शक्तिपक्षे त्वेवंविधदार्वादेरिव दृढत्वं संहननम् । संस्थानं अवयवरचनात्मिका शरीराकृतिः, तत्र समाः-शरीरलक्षणोक्तप्रमाणाविसंवादिन्यश्चतस्रोऽस्रयो यस्य तत् समचतुरस्रम् । आश्रयस्त्विह चतुर्दिग्विभागोपलक्षिताः शरीरावयवास्ततश्च सर्वेऽप्यवयवाः शरीरलक्षणोक्तप्रमाणाव्यभिचारिणो यस्य न तु न्यूनाधिकप्रमाणास्तत्तुल्यं समचतुरस्रम् । न्यग्रोधवत्परिमण्डलं न्यग्रोधपरिमण्डलम्, यथा न्यग्रोध उपरिसम्पूर्णावयवोऽधस्तनभागे तु न तथेदमपि नाभेरुपरि विस्तृतबहुलं शरीरलक्षणभाक्, अधस्तु हीनाधिकप्रमाणमिति । सादि, आदिरिहोत्सेधाख्यो नाभेरधस्तनो देहभागो गृह्यते तेन शरीरलक्षणभाजा सह वर्त्तते यत्तत् सादि, सर्वमेव हि शरीरमविशिष्टेनादिना सह वर्त्तत इति विशेषणान्यथानुपपत्तेरिह विशिष्टता लभ्यते, अतः सादि-उत्सेधबहुलं परिपूर्णोत्सेधमित्यर्थः । यत्र पाणिपादशिरोग्रीवं लक्षणव्यभिचारि शेषं लक्षणयुतं तत्कुब्जम् । तद्विपरीतं वामनम्, हुण्डन्त्वेकोऽप्यवयवो यत्र प्रमाणयुतो न भवति तदिति ॥१७१॥

હવે સંઘયણ અને સંસ્થાન કહે છે.

સંહનન - હાડકાનો સંચય. અન્ય આચાર્યો સંઘયણને શક્તિ વિશેષ કહે છે.

(૧) તેમાં **વજ્રઋષભનારાચ** :- વજ્ર = કીલિકા (ખીલી) ઋષભ = ચોતરફ વીંટવાનો પાટો, નારાચ = બંને પડખેથી મર્કટબંધ.

જેમાં બે અસ્થિ બંને પડખેથી મર્કટબંધ વડે બંધાયેલ હોય અને પટ્ટની આકૃતિવાળા ત્રીજા હાડકા વડે વીંટાયેલ હોય, વળી તેના ઉપર તે ત્રણ હાડકાને ભેદનારૂં ખીલીના આકારવાળું વજ્ર નામનું હાડકું હોય તે વજ્રઋષભનારાચ નામનું પહેલું સંઘયણ.

(૨) જેમાં ફક્ત ખીલી નથી તે બીજું **ઋષભનારાચ સંઘયણ.**

(૩) જેમાં બંને પડખે મર્કટબંધ હોય (પરંતુ પટ્ટ તથા કીલિકા ન હોય) તે ત્રીજું **નારાચ સંઘયણ.**

(૪) જ્યાં એક પડખાથી મર્કટબંધ અને બીજા પડખામાં ખીલી હોય તે ચોથું **અર્ધનારાચ સંઘયણ.**

(૫) ખીલીથી વીંધાયેલ બે હાડકાના સંચયવાળું તે **કીલિકા નામનું** પાંચમું સંઘયણ.

(૬) બે હાડકાના છેડાને સ્પર્શનરૂપ સેવા પ્રત્યે પ્રાપ્ત થયેલું (અર્થાત્ તેલ મર્દનાદિ સેવાની આકાંક્ષાવાળું તે સેવાર્ત નામનું છઠ્ઠું સંઘયણ જાણવું.

શક્તિ વિશેષ પક્ષમાં તો શક્તિ વિશિષ્ટ લાકડા વગેરેની જેમ દૃઢપણું તે સંહનન સમજવું. સંસ્થાન = અવયવોની રચનાત્મક શરીરની આકૃતિરૂપ છે. તેમાં

(૧) **સમચતુરસ્ર :-** સમાઃ = શરીરના લક્ષણરૂપ કહેલ પ્રમાણથી અવિરોધી એવી ચાર અસ્રી છે જેને તે સમચતુરસ્ર સંસ્થાન. અહીં અસ્રિ એટલે ચાર દિશાના વિભાગ વડે જણાતા શરીરના અવયવો છે. તેથી જેના બધા ય અવયવો શરીર સંબંધી લક્ષણના કહેલ પ્રમાણથી અવ્યભિચારવાળા છે. પરંતુ ન્યૂનાધિક પ્રમાણવાળા નથી તેના જેવું તે સમચતુરસ્ર સંસ્થાન.

(૨) **ન્યગ્રોધ પરિમંડલ :-** વડના ઝાડ જેવા વિસ્તાર (ઘેરાવા) વાળું તે ન્યગ્રોધ પરિમંડલ. જેમ વડવૃક્ષ ઉપરના ભાગમાં સંપૂર્ણ અવયવવાળો હોય છે અને નીચેના ભાગમાં તેવો હોતો નથી. તેમ આ સંસ્થાન પણ નાભિથી ઉપર બહુલ વિસ્તાર વાળું છે અને નીચેના ભાગમાં તો હીનાધિક પ્રમાણવાળું હોય છે.

(૩) **સાદિ :-** અહીં 'આદિ' શબ્દથી ઊંચાઇરૂપ નાભિની નીચેનો દેહ ભાગ ગ્રહણ કરાય છે. તે શરીર - લક્ષણના કહેલ પ્રમાણને ભજનાર તે આદિ સાથે જે વર્તે છે તે સાદિ. આખું શરીર અવિશિષ્ટ આદિ સાથે જે વર્તે છે માટે આ વિશેષણ છે. અન્યથા (નહીતર) ઉપપત્તિ - સંગતિ ન થવાથી અહીં વિશિષ્ટતા પ્રાપ્ત થાય છે. સાદિ - ઉત્સેધ બહુલ અર્થાત્ પરિપૂર્ણ ઊંચાઈ.

(૪) **કુબ્જ :-** અધસ્તનકાય મડભ - ન્યૂનાધિક. અહીં અધસ્તનકાય શબ્દથી પગ, હાથ, શિર અને ગ્રીવા કહેવાય છે. તે જેમાં શરીર લક્ષણના કહેલ પ્રમાણથી વ્યભિચારી (અસુંદર) હોય અને વળી જે શેષ શરીર (પીઠ, ઉદર, હૃદય) યથોક્ત પ્રમાણવાળું હોય તે કુબ્જ સંસ્થાન.

(૫) **વામન :-** મડહકોષ્ઠ, જેમાં હાથ, પગ, શિર અને ગ્રીવા યથોક્ત પ્રમાણવાળા હોય અને શેષ શરીર મડભ - ન્યૂનાધિક પ્રમાણવાળું હોય તે વામન સંસ્થાન.

(૬) **હુંડ :-** સર્વત્ર અયુક્ત હોય. પ્રાયઃ જેનું એક પણ અવયવ શરીર લક્ષણના કહેલ પ્રમાણની સાથે મળતું ન હોય તે અસંસ્થિત હુંડક નામનું સંસ્થાન. જેનો એક પણ અવયવ પ્રમાણ યુક્ત ન હોય. ॥૧૭૧॥

अशुभानुबन्धानाह–

**पर्यायपरिवारश्रुततपोलाभपूजासत्कारा अनात्मवतोऽहिताय, आत्मवतश्च हिताय ॥१७२॥**

**पर्यायेति**, अकषायो ह्यात्माऽऽत्मा भवति, स्वस्वरूपावस्थितत्वात्, यस्तद्वान्न भवति सोऽनात्मवान् सकषाय इत्यर्थस्तस्य पर्यायो जन्मकालः प्रव्रज्याकालो वा स यदि महान् तदा मानकारणं भवति, अत एव तस्यैहिकामुष्मिकापायजनकत्वम्, गृहस्थापेक्षया चाल्पोऽपि प्रव्रज्यापर्यायो मानहेतुरेव, तत्र जन्मपर्यायो महानहिताय, यथा बाहुबलिनः, एवमन्येऽपि वाच्याः । परिवारः शिष्यादिः, श्रुतं पूर्वगतादि, उक्तञ्च 'यथा यथा बहुश्रुतः संमतश्च शिष्यगणसंपरिवृतश्च । अविनिश्चितश्च समये तथा तथा सिद्धान्तप्रत्यनीकः ॥' इति, तपोऽनशनादि, लाभोऽन्नादीनाम्, पूजा स्तवादिरूपा तत्पूर्वकस्सत्कारः-वस्त्राभ्यर्चनं पूजायां वा आदरः, एते अशुभानुबन्धाय भवन्ति । यस्त्वात्मवान्-स्वस्वरूपावस्थितस्तस्यैते हितायैव भवन्ति कषायशून्यत्वादिति ॥१७२॥

અશુભ અનુબંધોને કહે છે.

કષાય રહિત આત્મા જ આત્મા હોય છે. કેમ કે પોતાના સ્વરૂપમાં અવસ્થિત છે. પરંતુ જે કષાય રહિત ન હોય તે અનાત્મવાન્ અર્થાત્ કષાય સહિત છે તેનો પર્યાય - જન્મકાળ કે પ્રવ્રજ્યા કાળ તે જો મહાન (મોટો) છે તો માનનું કારણ થાય છે. અથવા મહાન માનનું કારણ છે, આથી જ તેને આલોક સંબંધી કે પરલોક સંબંધી દોષને ઉત્પન્ન કરનાર છે.

(૧) **પર્યાય** :- ગૃહસ્થની અપેક્ષાએ અલ્પ દીક્ષા પર્યાય પણ માનનો હેતુ જ થાય છે.

તેમાં મહાન્ જન્મ પર્યાય મહાન્ અહિત માટે થાય છે. જેમ બાહુબલીને થયું. (બાહુબલી દીક્ષા પર્યાયમાં નાના હોવા છતાં પણ જન્મ પર્યાયે મોટા હોવાથી 'મારાથી નાના અઠ્ઠાણું ભાઈઓને વંદન કેમ કરાય ? એવું માનનું કારણ થયું હતું)

આ રીતે **જન્મ પર્યાય** કે **દીક્ષા પર્યાય** માનનું કારણ બને છે. આ પ્રમાણે બીજા પણ કહેવા.

(૨) **પરિવાર** :- શિષ્યાદિ સમુદાય પરિવાર સહિત હોય તે પણ માનનું કારણ બને છે.

(૩) **શ્રુત** :- પૂર્વગતાદિ શ્રુત. કહ્યું છે કે -

"જેમ જેમ બહુશ્રુત હોય, બહુ જનને સંમત હોય, શિષ્યના સમુદાય સહિત હોય પરંતુ જો સિદ્ધાંતના વિષયમાં અનિશ્ચિત, તત્ત્વનો જાણનાર ન હોય તો સિદ્ધાંતનો પ્રત્યનીક - શત્રુ થાય છે.

(૪) **તપ** :- અનશનાદિ (૫) **લાભ** :- અન્નાદિનો લાભ.

(૬) **પૂજા સત્કાર** :- સ્તુત્યાદિ પૂજા પૂર્વક સત્કાર તે વસ્ત્રાદિ વડે અભ્યર્ચન અથવા પૂજાને વિષે આદર તે પૂજાસત્કાર.

આ છ એ અશુભના અનુબંધ માટે થાય છે.

વળી જે આત્મવાન્ છે - સ્વ સ્વરૂપમાં રહેલ છે તેને આ હિત માટે જ થાય છે કારણ કે કષાયથી રહિત છે. ।।૧૭૨।।

सकर्मणा दिक्ष्वेव गत्यादय इत्याह—

**पूर्वपश्चिमदक्षिणोत्तरोर्ध्वाधोदिग्भिर्जीवानां गत्यादिः प्रवर्त्तते ।।१७३।।**

**पूर्वेति,** षट्स्थानकानुरोधेन विदिशोऽविवक्षिताः, आभिः षड्भिर्दिग्भिः जीवानां गतिः-उत्पत्तिस्थानगमनं प्रवर्त्तते, तेषामनुश्रेणिगमनात्, एवमागतिव्युत्क्रान्त्याहारवृद्धिनिवृद्धिविकुर्वणागतिपर्यायसमुद्घातकालसंयोगदर्शनाभिगमज्ञानाभिगमजीवाभिगमाजीवाभिगमा वाच्याः किन्तु गत्यागती प्रज्ञापकस्थानापेक्षिण्यौ प्रसिद्धे एव, व्युत्क्रान्तिः-उत्पत्तिस्थानप्राप्तस्योत्पादः, सापि ऋजुगतौ षट्स्वेव दिक्षु, आहारः प्रतीतः, सोऽपि षट्स्वेव दिक्षु, एतद्व्यवस्थितप्रदेशावगाढपुद्गलानामेव जीवेन स्पर्शनात्, स्पृष्टानामेव चाहरणात्, तथा शरीरस्य वृद्धिः, निवृद्धिर्हानिः, तस्यैव विकुर्वणा-वैक्रियकरणं गतिपर्यायो गमनमात्रं न परलोकगमनरूपः, तस्य गत्यागतिग्रहणेनोक्तत्वात्, समुद्घातो वेदनादिकः सप्तविधः, कालसंयोगः-समयक्षेत्रमध्ये आदित्यादिप्रकाशसम्बन्धलक्षणः, दर्शनं सामान्यग्राही बोधः, तच्चेह गुणप्रत्ययावध्यादिप्रत्यक्षरूपं तेनाभिगमो वस्तुनः परिच्छेदस्तत्प्राप्तिर्वा दर्शनाभिगमः, एवं ज्ञानाभिगमोऽपि, जीवाभिगमः-सत्त्वाधिगमो गुणप्रत्ययावध्यादिप्रत्यक्षतः, अजीवाभिगमः-तथैव पुद्गलास्तिकायाद्यधिगम इति पञ्चेन्द्रियतिर्यग्योनिकानां मानुष्याणाममी गत्यादयः सामस्त्येन ज्ञेयाः ।।१७३।।

કર્મવાળા જીવોની દિશાઓને વિષે જ ગત્યાદિ હોય છે માટે દિશાઓ અને તેઓને વિષે ગતિ વગેરેને પ્રરૂપતા કહે છે.

છ સ્થાનના અનુરોધથી વિદિશાઓની વિવક્ષા કરી નથી. માટે પૂર્વ પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર, ઉર્ધ્વ, અધો આ છ જ દિશાઓ કહેલી છે. છ દિશાઓ વડે જીવની ગતિ અર્થાત્ ઉત્પત્તિ સ્થાન પ્રત્યે જવું પ્રવર્ત્તે છે. કેમકે તેઓનું અનુશ્રેણી - સમશ્રેણી વડે ગમન છે.

આ પ્રમાણે આગતિ, વ્યુત્ક્રાન્તિ, આહાર, શરીરની વૃદ્ધિ, નિર્વૃદ્ધિ, વિકુર્વણા, ગતિ પર્યાય, સમુદ્ઘાત, કાળસંયોગ, દર્શનાભિગમ, જ્ઞાનાભિગમ, જીવાભિગમ, અજીવાભિગમાદિ જાણવા કહેવા યોગ્ય છે.

(૧,૨) પરંતુ ગતિ, આગતિ બંને પ્રજ્ઞાપકના સ્થાનની અપેક્ષાવાળા પ્રસિદ્ધ જ છે.

(૩) **વ્યુત્ક્રાન્તિ :-** ઉત્પત્તિ સ્થાનને પામેલાનું ઉપજવું. તે પણ ઋજુગતિમાં છ દિશાઓને વિષે જ હોય છે.

(૪) **આહાર :-** પ્રતીત છે, તે પણ છ દિશાઓમાં જ છે. કેમકે આ છ દિશાઓના પ્રદેશોમાં અવગાહીને રહેલા પુદ્‌ગલોનું જ જીવ વડે સ્પર્શન છે અને સ્પર્શેલ પુદ્‌ગલોનો જ આહાર છે.

(૫) **શરીરની વૃદ્ધિ,** (૬) **શરીરની હાનિ,** (૭) **શરીરની જ વિકુર્વણા** - વૈક્રિય કરવું.

(૮) **ગતિ પર્યાય :-** ગતિ પર્યાય તે ગમન માત્ર પણ પરલોક ગમનરૂપ નહીં કેમકે તેનું ગતિ અને આગતિ શબ્દ વડે ગ્રહણ કરેલ છે.

(૯) **સમુદ્‌ઘાત :-** વેદનાદિ સાત પ્રકારના સમુદ્‌ઘાત.

(૧૦) **કાળ સંયોગ :-** સમય ક્ષેત્રની અંદર આદિત્યાદિ પ્રકાશના સંબંધ લક્ષણવાળો.

(૧૧) **દર્શનાભિગમ :-** દર્શન તે સામાન્યગ્રાહી બોધ. તે અહીં ગુણપ્રત્યય અવધિ વગેરે પ્રત્યક્ષરૂપ લેવા. તેના વડે અભિગમ વસ્તુઓનો પરિચ્છેદ અથવા વસ્તુની પ્રાપ્તિ તે દર્શનાભિગમ.

(૧૨) **જ્ઞાનાભિગમ :-** એવી રીતે જ્ઞાનાભિગમ પણ જાણવો.

(૧૩) **જીવાભિગમ :-** ગુણ પ્રત્યય અવધિ વગેરે પ્રત્યક્ષથી જીવોને જાણવું.

(૧૪) **અજીવાભિગમ :-** પુદ્‌ગલાસ્તિકાયને જાણવો. તે પણ અવધિ આદિથી પ્રત્યક્ષ જાણવો આ રીતે પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોની ગતિ આદિ સમસ્તપણે જાણવા. ॥૧૭૩॥

अथ संयतमनुष्याणामाहारग्रहणकारणान्याह—

**वेदनावैयावृत्त्येर्यासंयमप्राणपालनधर्मचिन्तार्थं निर्ग्रन्थस्याहारं गृह्णतो न दोषाय, आतङ्कोपसर्गतितिक्षाप्राणिदयातपःशरीरव्यवच्छेदार्थञ्च त्यजतः ॥१७४॥**

**वेदनेति,** एभिर्निमितैरशनादिकमभ्यवहरन्निर्गन्थो नाज्ञामतिक्रामति पुष्टकारणत्वात्, अन्यथा त्वतिक्रामत्येव, रागादिभावात्, क्षुद्वेदनोपशमनार्थमाचार्यादिवैयावृत्त्यकरणार्थमीर्याविशुद्ध्यर्थं प्रेक्षोत्प्रेक्षामार्जनादिसंयमार्थं प्राणसंधारणार्थं गुणनानुप्रेक्षणार्थञ्च भुञ्जीत । आहारपरित्यजननिदानमाह **आतङ्केति,** आतङ्के-ज्वरादौ, उपसर्गे-राजस्वजनादिजनिते प्रतिकूलानुकूलस्वभावे, तितिक्षायां-मैथुनव्रतसंरक्षणस्याधिसहने, आहारत्यागिनो हि ब्रह्मचर्यं सुरक्षितं भवतीति । प्राणिदयायां-संपातिमत्रसादिसंरक्षणे, तपसि-चतुर्थादिषण्मासान्तस्वरूपे, शरीरव्यवच्छेदार्थं-देहत्यागायाहारं परित्यजन्नातिक्रामत्याज्ञामिति ॥१७४॥

સંયત મનુષ્યોને આહાર ગ્રહણ અને અગ્રહણ કરવાના કારણો કહે છે.

આ કારણો વડે અશનાદિક આહારને વાપરતો થકો નિર્ગ્રંથ પુષ્ટ કારણપણાથી આજ્ઞાને ઉલ્લંઘતો નથી. પરંતુ પુષ્ટ કારણ વિના રાગાદિ ભાવથી તો ઉલ્લંઘન કરે છે. તે પુષ્ટ કારણ આ પ્રમાણે -

(૧) **વેદના :-** ભૂખની વેદના (બાધા) ને શમાવવા માટે

(૨) **વૈયાવૃત્ય :-** આચાર્યદિના કાર્યને કરવું તે વૈયાવૃત્ય કરવા માટે

(૩) **ઈર્યા :-** ગમન. તેની વિશુદ્ધિ - યુગ માત્ર રાખેલ દૃષ્ટિપણું તે ઈર્યા વિશુદ્ધિ તેને માટે. ભૂખ્યો હોય તો ઈર્યાની વિશુદ્ધિ વિષે અશક્ત થાય માટે ઈર્યા વિશુદ્ધિ માટે.

(૪) **સંયમ :-** પ્રેક્ષા, ઉત્પ્રેક્ષા અને પ્રમાર્જનાદિ રૂપ સંયમને માટે

(૫) **પ્રાણ પાલન :-** ઉચ્છ્વાસાદિ પ્રાણો અથવા બલરૂપ પ્રાણ તેઓની અથવા તેની વૃત્તિ - પાલન માટે અર્થાત્ પ્રાણોને સારી રીતે ટકાવવા માટે.

(૬) **ધર્મ ચિંતા :-** ધર્મની ચિંતા માટે. અર્થાત્ ગુણન (પરાવર્તન) અને અનુપ્રેક્ષા માટે.

આ છ કારણે આહાર કરવાનો કહેલો છે.

હવે આહારને છોડવાના કારણ કહે છે.

(૧) **આતંક :-** તાવ આદિ રોગ ઉત્પન્ન થયે છતે. (૨) **ઉપસર્ગ :-** રાજા અને સ્વજનાદિથી થયેલ પ્રતિકુળ અને અનુકુળ સ્વભાવવાળા ઉપસર્ગ થયે છતે.

(૩) **તિતિક્ષા :-** વિશેષ સહન કરવામાં કોનો ? બ્રહ્મચર્ય ગુપ્તિનો. અર્થાત્ ચોથા વ્રતના સંરક્ષણનો. કારણકે આહારના ત્યાગ કરનારનું જ બ્રહ્મચર્ય સુરક્ષિત થાય.

(૪) **પ્રાણી દયા :-** સંપાતિમ આવીને પડતા (ચોતરફથી) આવીને પડતા ત્રસાદિ જીવોનું સંરક્ષણ અને (૫) **તપ :-** એક ઉપવાસથી આરંભીને છ મહિના સુધી તપ. પ્રાણીની દયા અને તપ તે બંનેનો હેતુ તે દયાના નિમિત્તે તપનિમિત્તે. (૬) **શરીર વ્યવચ્છેદાર્થ :-** દેહના ત્યાગ (અનશન) માટે આ છ કારણે આહારને છોડતો થકો આજ્ઞાને ઉલ્લંઘતો નથી. ॥૧૭૪॥

प्रमादा हि मद्यनिद्राविषयकषायद्यूतप्रतिलेखनाप्रमादरूपाः श्रमणादेः सदुपयोगाभावहेतव इति ते निरूपयितव्यास्तत्र मद्यादीनां स्पष्टतया प्रत्युपेक्षाप्रमादं षष्ठं निरूपयति—

**आरभटा सम्मर्दा मोसली प्रस्फोटना विक्षिप्ता वेदिका च प्रमादप्रत्युपेक्षा, अप्रमादप्रत्युपेक्षणा तु अनर्त्तिता, अवलिता, अननुबन्धिनी, अमोसली, षट्प्रस्फोटक-नवखोटकाः प्राणिप्राणविशोधना च ॥१७५॥**

**आरभटेति,** प्रत्युपेक्षणं प्रत्युपेक्षा, सा च द्रव्यक्षेत्रकालभावभेदाच्चतुर्धा, तत्र द्रव्य-प्रत्युपेक्षणा वस्त्रपात्राद्युपकरणानामशनपानाद्याहाराणाञ्च चक्षुर्निरीक्षणरूपा, क्षेत्रप्रत्युपेक्षया

कायोत्सर्गनिषदनशयनस्थानानां स्थण्डिलानां मार्गस्य विहारक्षेत्रस्य च निरूपणा, कालप्रत्युपेक्षणा उचितानुष्ठानकरणार्थं कालविशेषस्य पर्यालोचना, भावप्रत्युपेक्षा धर्मजागरिकादिरूपा, तत्र प्रत्युपेक्षायां प्रमादः शैथिल्यमाज्ञातिक्रमो वा प्रत्युपेक्षाप्रमादः, अनेन च प्रमार्जनाभिक्षाचर्यादिष्विच्छाकारमिथ्याकारादिषु च दशविधसामाचारीरूपव्यापारेषु यः प्रमादोऽसावुपलक्षितः, तस्यापि सामाचारीगतत्वेनैतत्प्रमादलक्षणाव्यभिचारित्वात् । आरभटा-वितथकरणरूपा, अथवा त्वरितं सर्वमारभमाणस्य, अथवाऽर्धप्रत्युपेक्षित एवैकत्र यदन्यान्यवस्त्रग्रहणं साऽऽरभटा, सा च वर्जनीया सदोषत्वादेवं सर्वत्र । यत्र वस्त्रस्य मध्यप्रदेशे संवलिताः कोणा भवन्ति यत्र वा प्रत्युपेक्षणीयोपधिवेण्टिकायामेवोपविश्य प्रत्युपेक्षते सा संमर्द्दा । मोसली प्रत्युपेक्ष्यमाणवस्त्रभागेन तिर्यगूर्ध्वमधो वा घट्टनरूपा । प्रस्फोटना प्रकर्षेण धूननं रेणुगुण्ठितस्येव वस्त्रस्येति, विक्षिप्ता-वस्त्र प्रत्युपेक्ष्य ततोऽन्यत्र यवनिकादौ यत्प्रक्षिपति वस्त्राञ्चलादीनां वा यदूर्ध्वक्षेपणं सा । वेदिका पञ्च प्रकारा तत्रोर्ध्ववेदिका यत्र जानुनोरुपरि हस्तौ कृत्वा प्रत्युप्रेक्षते, अधोवेदिका जान्वोरधो हस्तौ निवेश्य, तिर्यग्वेदिका जान्वोः पार्श्वतो हस्तौ नीत्वा, द्विधा वेदिका बाह्वोरन्तरे द्वे अपि जानुनी कृत्वा, एकतो वेदिका एकं जानु बाह्वोरन्तरे कृत्वा, इति । उक्तविपरीतप्रत्युपेक्षण-**माहाप्रमादेति**, वस्त्रमात्मा वा न नर्त्तितं-न नृत्यवदिव कृतं यत्र तदनर्त्तितम्, तत्र वस्त्रं नर्त्तयति आत्मानञ्च, वस्त्रं न नर्तयत्यात्मानन्तु नर्त्तयति, वस्त्रं नर्त्तयति नात्मानम्, न वस्त्रं नर्त्तयति न वाऽऽत्मानमिति चत्वारो भङ्गाः । वस्त्रं शरीरं वा न वलितं कृतं यत्र तदवलितमत्रापि चत्वारो भङ्गाः । न विद्यतेऽनुबन्धः सातत्यप्रस्फोटकादीनां यत्रासावननु-बन्धिनी । न विद्यते उक्तलक्षणा मोसली यत्रासावमोसली । वस्त्रे प्रसारिते सति चक्षुषा निरूप्य तदर्वाग्भागं तत्परावर्त्त्य निरूप्य च त्रयः प्रस्फोटकाः कर्त्तव्याः, तथा तत्परावृत्त्य चक्षुषा निरूप्य च पुनरपरे त्रयः प्रस्फोटका एवमेते षट्, तथा नवखोटकाः ते च त्रयस्त्रयः प्रमार्जनानां क्रमेण त्रयेण त्रयेणान्तरिताः कार्या इति पदद्वयेनापि पञ्चमी अप्रमादप्रत्युपेक्षणा, तयोः सदृशत्वात् । तथा पाणेः-हस्तस्योपरि प्राणानां-प्राणिनां कुन्थ्वादीनां विशोधना-प्रमार्जना प्रत्युपेक्ष्यमाणवस्त्रेणैव नवैव वाराः कार्या इति ॥१७५॥

શ્રમણ આદિને સદ્‌ઉપયોગના અભાવના કારણરૂપ છ પ્રમાદ છે. (૧) દારૂ (૨) નિદ્રા (૩) વિષય (૪) કષાય (૫) જુગાર (૬) પ્રતિલેખના તે નિરૂપણ કરવા યોગ્ય છે. તેમાં મદ્ય-દારૂ આદિ સ્પષ્ટ હોવાથી છઠ્ઠા પ્રત્યુપેક્ષા પ્રમાદનું નિરૂપણ કરે છે. સારી રીતે તપાસવું તે પ્રત્યુપેક્ષા. અને તે પ્રત્યુપેક્ષા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના ભેદથી ચાર પ્રકારની છે. તેમાં

**द्रव्यप्रत्युपेक्षणा :-** વસ્ત્ર, પાત્રાદિ ઉપકરણોની અને અશન, પાનાદિ આહારોની ચક્ષુથી જોવારૂપ. દ્રવ્યપ્રત્યુપેક્ષણા.

**क्षेत्रप्रत्युपेक्षणा :-** કાયોત્સર્ગ અને બેસવા કે સૂવારૂપ સ્થાનની, સ્થંડિલોના માર્ગની અને વિહાર ક્ષેત્રની ચોક્કસ કરવા રૂપ ક્ષેત્રપ્રત્યુપેક્ષણા.

**કાળપ્રત્યુપેક્ષણા :-** ઉચિત - યોગ્ય અનુષ્ઠાન કરવા માટે કાળ વિશેષની વિચારણા તે કાળ પ્રત્યુપેક્ષણા. **ભાવ પ્રત્યુપેક્ષણા :-** ધર્મ જાગરિકાદિ રૂપ ભાવ પ્રત્યુપેક્ષણા.

પ્રત્યુપેક્ષણામાં પ્રમાદ - શિથિલતા અથવા આજ્ઞાનું ઉલ્લંઘન તે પ્રત્યુપેક્ષણા પ્રમાદ છે. આ કથન વડે પ્રમાર્જના, ભિક્ષાચર્યાદિને વિષે અને ઇચ્છાકાર, મિથ્યાકારાદિ દશ પ્રકારની સામાચારીરૂપ વ્યાપારોને વિષે જે પ્રમાદ થાય છે તે બતાવેલ છે. કારણ કે તેનું પણ સામાચારીમાં અંતર્ગતપણાને લઇને છઠ્ઠા પ્રમાદ લક્ષણને વિષે અવ્યભિચારીપણું છે.

આ પ્રત્યુપેક્ષા પ્રમાદ કહ્યો હવે તદ્દવિશિષ્ટ તેને જ - પ્રમાદ યુક્તાદિ પડિલેહણાને કહે છે.

**પ્રમાદ પડિલેહણા**

**(૧) આરભડા :-** અયથાર્થ કરવારૂપ અથવા શીઘ્ર બધુંય શરૂ કરનારની અથવા એક વસ્ત્ર અર્ધું પડિલેહણ કીધે છતે જે અન્ય અન્ય વસ્ત્રને ગ્રહણ કરવું તે આરભડા. તે સદોષ હોવાથી વર્જનીય છે. આ પ્રમાણે સર્વત્ર સંબંધ કરવા યોગ્ય છે.

**(૨) સમ્મર્દા :-** જેમાં વસ્ત્રના મધ્યભાગે સળ પડેલા ખૂણા થાય છે. અથવા જેમાં પ્રત્યુપેક્ષણીય ઉપધિના વીંટલા પર બેસીને પડિલેહણ કરે છે તે સમ્મર્દા.

**(૩) મોસલી :-** પડિલેહણ કરાતા વસ્ત્રના ભાગ વડે તીર્ચ્છા, ઊર્ધ્વ અથવા નીચે સંઘટ્ટનરૂપ પ્રમાદ યુક્ત પ્રત્યુપેક્ષણા તે મોસલી.

**(૪) પ્રસ્ફોટના :-** રજથી ખરડાયેલ વસ્ત્રની જેમ વિશેષ કંપાવવા રૂપ તે પ્રસ્ફોટના.

**(૫) વિક્ષિપ્તા :-** વસ્ત્રને પડિલેહીને ત્યાર બાદ અન્યત્ર - વસ્ત્રના પડદા વગેરે ઉપર જે મૂકે છે અથવા વસ્ત્રના છેડા વગેરેનું જે ઊંચે ઉછાળવું તે વિક્ષિપ્તા કહેવાય છે.

**(૬) વેદિકા :-** વેદિકા પાંચ પ્રકારે છે. તેમાં

**(૨) ઊર્ધ્વવેદિકા** - જેમાં બંને જાનુ ઉપર બંને હાથ રાખીને પડિલેહણ કરે છે તે **ઊર્ધ્વવેદિકા**

**(૨) અધોવેદિકા :-** બંને જાનુની નીચે બંને હાથ રાખીને પડિલેહણ કરે તે અધોવેદિકા.

**(૩) તિર્યગ્ વેદિકા :-** બંને જાનુની પડખે બંને હાથ લઇને કરે તે તિર્યગ્ વેદિકા.

**(૪) દ્વિધા વેદિકા :-** બંને બાહુની અંદર બંને જાનુને કરીને કરે તે દ્વિધા વેદિકા.

**(૫) એકતોવેદિકા :-** એક જાનુને બંને બાહુની અંદર કરીને કરે તે એકતોવેદિકા.

આ પાંચ પ્રકારે છઠ્ઠી પ્રમાદ પ્રત્યુપેક્ષણા છે.

હવે છ પ્રકારે પ્રમાદથી વિપરીતરૂપ અપ્રમાદવડે પ્રત્યુપેક્ષણા તે અપ્રમાદ પ્રત્યુપેક્ષણા. તે આ પ્રમાણે -

(૧) **અનર્તિતા :-** જેમાં વસ્ત્ર અથવા આત્મા (શરીર) નાચનારની જેમ નાચેલ નથી તે અનર્તિત પ્રત્યુપેક્ષણા. તેમાં ચાર ભાંગા થાય છે.

(૧) વસ્ત્ર નહીં નચાવેલ અને શરીર નહીં નચાવેલ.

(૨) વસ્ત્રને નહીં નચાવેલ પણ શરીરને નચાવેલ.

(૩) વસ્ત્રને નચાવેલ પણ શરીરને નહીં નચાવેલ.

(૪) વસ્ત્ર અને શરીર બંનેને નચાવેલ.

આ ચાર ભાંગામાં પ્રથમ ભાંગો શુદ્ધ છે.

(૨) **અવલિતા :-** જેમાં વસ્ત્ર અથવા શરીર વાળેલું કર્યું નથી તે અવલિત.

અહીં પણ ચાર ભાંગા સમજવા.

(૧) જેમાં વસ્ત્ર કે શરીર વાળેલું કર્યું નથી. (૨) જેમાં વસ્ત્રને નહીં વાળેલ પણ શરીરને વાળેલ, (૩) વસ્ત્રને વાળેલ શરીરને નહીં વાળેલ, (૪) જેમાં વસ્ત્ર અને શરીર બંનેને વાળેલ.

(૩) **અનનુબન્ધિની :-** જેમાં નિરંતર પ્રસ્ફોટક વગેરેનો અનુબંધ વિદ્યમાન નથી તે અનનુબન્ધિની. અથવા અનુબંધી નહી તે અનનુબંધી.

(૪) **અમોસલી :-** કહેલ લક્ષણવાળી મોસલી જેમાં નથી તે અમોસલી.

(૫) **ષટ્ પ્રસ્ફોટક નવ ખોટકા :-** તેમાં વસ્ત્ર પ્રસારિત (ખુલ્લુ) કરે છતે તેના પ્રથમ ભાગને ચક્ષુ વડે જોઈને, તેને પાછો ફેરવીને અને જોઈને ત્રણ પુરિમા - પ્રસ્ફોટકો કરવા તથા તેને પુનઃ ફેરવીને આંખો વડે જોઈને ફરીથી બીજા ત્રણ પ્રસ્ફોટકો કરવા. એવી રીતે આ છ તથા નવ ખોટકો તે ત્રણ ત્રણ પ્રમાર્જનના ત્રણ ત્રણ અંતર વડે અંતરિત કરવા. એમ બે પદ વડે પાંચમી અપ્રમાદ પ્રત્યુપેક્ષણા પુરિમ અને ખોટકોના સદૃશપણાથી કહી.

(૬) **પાણિપ્રાણ વિશોધના :-** હાથ ઉપર કુંથુઆ વગેરે જીવોની વિશોધના રૂપ પ્રમાર્જના તે પ્રત્યુપેક્ષણા કરાતા વસ્ત્રથી જ ઉક્ત ન્યાય વડે ખોટકોથી અંતરિત નવ વાર જ કરવી. આ છટ્ઠી અપ્રમાદ પ્રત્યુપેક્ષણા છે. ॥૧૭૫॥

तप आश्रयेणाह—

**अनशनावमोदरिकाभिक्षाचर्यारसपरित्यागकायक्लेशप्रतिसंलीनतारूपं बाह्यं तपः प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायध्यानव्युत्सर्गलक्षणमाभ्यन्तरम् ॥१७६॥**

**अनशनेति,** आहारत्यागोऽनशनम्, इत्वरं यावत्कथिकञ्च, इत्वरं चतुर्थादि

षण्मासान्तमिदं तीर्थमाश्रित्य । यावत्कथिकन्त्वाजन्मभावि त्रिधा-पादपोपगमनेङ्गितमरण-भक्तपरिज्ञाभेदात् । ऊनोदरकरणमवमोदरिका सा च द्रव्यत उपकरणभक्तपानविषया, भावतः क्रोधादित्यागः । भिक्षाचरणं भिक्षाचर्या सैव तपो निर्जराङ्गत्वादनशनवत्, विचित्राभिग्रहयुक्तत्वेन वृत्तिसंक्षेपरूपा वा सा, भिक्षा चर्यायां द्रव्यादिविषयतया चतुर्विधा अभिग्रहाः, अलेपकार्याद्येव द्रव्यं ग्रहीष्य इति द्रव्यतः, परग्रामगृहपञ्चकादिलब्धं द्रव्यं ग्रहीष्य इति क्षेत्रतः, पूर्वाह्णादाविति कालतः, गानादिप्रवृत्ताल्लब्धमिति भावतः । क्षीरादीनां परित्यागो रसपरित्यागः । शरीरक्लेशनं कायक्लेशः स च वीरासनादिरनेकधा । गुप्तया प्रतिसंलीनता, सा चेन्द्रियकषाययोगविषया विविक्तशयनासनता वा बाह्यं तपः, आसेव्यमानस्यास्य लौकिकैरपि तपस्तया ज्ञायमानत्वात्, प्रायो बहिश्शरीरस्य तापकत्वाद्वा । आभ्यन्तरत्वञ्च तपसो लौकिकैरनभिलक्ष्यत्वात् तन्त्रान्तरीयैश्च परमार्थतोऽनासेव्यमानत्वात् मोक्षप्राप्त्यन्तरङ्गत्वाच्च, प्रायश्चित्तमालोचनादि, विनयो ज्ञानादिभेदः, वैयावृत्त्यं धर्मसाधनार्थमन्नादिदानम्, स्वाध्यायो वाचनादिः, ध्यानमेकाग्रता-चित्तनिरोधः, व्युत्सर्गः परित्यागः, स च द्रव्यतो गणशरीरोपध्याहारविषयः, भावतः क्रोधादिविषयः ॥१७६॥

હવે તપ કહે છે.

(૧) આહારનો ત્યાગ તે **અનશન.** તે બે પ્રકારે છે. (૧) **ઇત્વર** (અલ્પકાલીન) અને **યાવત્કથિત.** આ તીર્થને આશ્રયીને ઇત્વર તે એક ઉપવાસથી આરંભીને છ માસ પર્યંત છે. યાવત્કથિત તો જીવન પર્યંત છે. તે ત્રણ પ્રકારે છે. (૧) પાદપોપગમન (૨) ઇંગિત મરણ અને (૩) ભક્ત પરિજ્ઞા.

(૨) **અવમોદરિકા :-** અવમ = ઊણું, ઉદર = જઠર તે અવમોદર. તેનું કરવું તે અવમોદરિકા. તે દ્રવ્યથી ઉપકરણ અને ભક્ત પાનના વિષયવાળી પ્રતીત છે અને ભાવથી તો ક્રોધાદિના ત્યાગરૂપ છે.

(૩) **ભિક્ષાચર્યા :-** ભિક્ષાને માટે ચરવું તે ભિક્ષાચર્યા. તે જ તપ નિર્જરાના અંગભૂત હોવાથી અનશનની જેમ અથવા સામાન્યથી ગ્રહણમાં પણ વિચિત્ર અભિગ્રહ યુક્તપણાને લીધે વિશિષ્ટ વૃત્તિ સંક્ષેપરૂપ આ (ભિક્ષાચર્યા) ગ્રહણ કરવી.

આ ભિક્ષાચર્યામાં દ્રવ્યાદિ વિષયપણાને ચાર પ્રકારે અભિગ્રહો છે. તેમાં **દ્રવ્યથી** અલેપકારી (વાલ વગેરે) દ્રવ્યને જ ગ્રહણ કરીશ. **ક્ષેત્રથી** પરગ્રામ, પાંચ ઘર વગેરેથી મેળવેલ દ્રવ્યને જ ગ્રહણ કરીશ. **કાળથી** પૂર્વાહ્‌ન વગેરે (આગલા બે પ્રહરાદિમાં) મળેલ તથા **ભાવથી** ગાયન વગેરેમાં પ્રવૃત્ત થયેલ પાસેથી મેળવેલ દ્રવ્યને ગ્રહણ કરીશ.

(४) **રસ પરિત્યાગ** ક્ષીર વગેરે રસોનો પરિત્યાગ.

(૫) **કાયક્લેશ** શરીરને ક્લેશ આપવો તે વીરાસનાદિ અનેક પ્રકારે છે.

(૬) **પ્રતિ સંલીનતા** ગુપ્તતા તે ઇન્દ્રિય, કષાય અને યોગના વિષયવાળી અથવા વિવક્ત (પૃથક્) શયન અને આસનતાવાળી છે.

આ બાહ્ય તપ છે. બાહ્ય એટલે તપ પ્રત્યે આચરનારને લૌકિકો વડે પણ તપ રૂપે જણાતું હોવાથી પ્રાયઃ બાહ્ય તપ છે. શરીરને તપાવનાર હોવાથી બાહ્ય તપ છે.

**અભ્યંતર તપ** લૌકિકો વડે (તપ સ્વરૂપે) નહીં જણાતું હોવાથી તંત્રાન્તરીઓ - જૈનેતરો દ્વારા પરમાર્થથી નહીં સેવાયેલ હોવાથી અને મોક્ષની પ્રાપ્તિમાં અતરંગ હોવાથી અભ્યંતર તપ છે. તે છ પ્રકારે છે.

(૧) **પ્રાયશ્ચિત્ત** :- કહેલ વિશિષ્ટ સ્વરૂપવાળું આલોચનાદિ દશ પ્રકારે છે.

(૨) **વિનય** :- વિશેષે કરી જેના વડે કર્મ દૂર કરાય તે વિનય. તે જ્ઞાનાદિ ભેદથી સાત પ્રકારે છે. (૩) **વૈયાવૃત્ય** :- તલ્લીનતા (સેવા) નો ભાવ તે વૈયાવૃત્ય. ધર્મના સાધનને માટે અન્નાદિનું આપવું. ભણાવનારને વિધિ પૂર્વક અન્ન - વસ્ત્રાદિ આપવા.

(૪) **સ્વાધ્યાય** :- વાચનાદિ. સારી રીતે મર્યાદા પૂર્વક અધ્યયન કરવું તે સ્વાધ્યાય. તે સ્વાધ્યાય વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથાદિ પાંચ પ્રકારે છે.

(૫) **ધ્યાન** :- એકાગ્રતા ચિત્તવૃત્તિના નિરોધરૂપ ધ્યાન છે.

(૬) **વ્યુત્સર્ગ** :- પરિત્યાગ, છોડવું તે બે પ્રકારે છે. (૧) દ્રવ્યથી, (૨) ભાવથી. દ્રવ્યથી - ગણ, શરીર, ઉપધિ અને આહારના વિષયવાળો ત્યાગ. ભાવથી - ક્રોધાદિના વિષયવાળો અર્થાત્ ક્રોધાદિનો ત્યાગ. ॥૧૭૬॥

सत्त्वानामनपायतः साधुना भिक्षाचर्या कार्येति षोढा तां दर्शयति—

**पेटार्धपेटा गोमूत्रिका पतङ्गवीथिका शङ्खवृत्ता गत्वाप्रत्यागता च गोचरचर्या ॥१७७॥**

**पेटेति**, गोश्चरो गोचरस्तद्वच्चर्या गोचरचर्या, यथा गोरुच्चनीचतृणेष्वविशेषेण चरणं प्रवर्त्तते तथा यत्साधोररक्तद्विष्टस्योच्चनीचमध्यमकुलेषु धर्मसाधनदेहपरिपालनाय भिक्षार्थं चरणं सा गोचरचर्या, इयमेकस्वरूपाऽप्यभिग्रहविशेषात् षोढा, तत्र प्रथमा पेटा–वंशदलमयं वस्त्रादिस्थानं जनप्रतीतम्, सा च चतुरस्रा भवति, ततश्च साधुभिरभिग्रहविशेषाद्यस्यां चर्यायां ग्रामादिक्षेत्रं पेटावच्चतुरस्रं विभजन् विहरति सा पेटेत्युच्यते, एवमर्द्धपेटापि । गोमूत्रणं गोमूत्रिका तद्वद्या सा, इयं हि परस्पराभिमुखगृहपंक्त्योरेकस्यां गत्वा पुनरितरस्यां

पुनस्तस्यामेवेत्येवं क्रमेण भावनीया । पतङ्गस्य शलभस्य वीथिकामार्गस्तद्वद्या सा, पतङ्गगतिर्ह्यनियतक्रमा भवति, एवं याऽनाश्रितक्रमा सा तथा । शंखवत्-शंखभ्रमिवद्या वृत्ता सा शङ्खवृत्ता, द्विविधा सा, यस्यां क्षेत्रबहिर्भागात् शंखवृत्तत्वगत्याऽटन् क्षेत्रमध्यभागमायाति साऽभ्यन्तरशंखा, यस्यां तु मध्यभागाद्बहिर्याति सा बहिःशंखा । उपाश्रयान्निर्गतः सन्नेकस्यां गृहपंक्तौ भिक्षमाणः क्षेत्रपर्यन्तं गत्वा प्रत्यागच्छन् पुनर्द्वितीयायां गृहपंक्तौ यस्यां भिक्षते सा गत्वाप्रत्यागतेति ॥१७७॥

જીવોને પીડા કર્યા વિના સાધુઓને ભિક્ષાચર્યા કરવા યોગ્ય છે અને તે છ પ્રકારે છે એમ બતાવવા માટે કહે છે.

ગો = ગાય. ગાયનું ચરવું તે ગોચર. તેની જેમ જે ચર્યા - ફરવું તે ગોચર ચર્યા. જેમ બળદ (ગાય) ઊંચ - નીચ તૃણને વિષે સામાન્યથી ચરવામાં પ્રવર્તે છે તેમ રાગ, દ્વેષ રહિત સાધુનું ઊંચ - નીચ - મધ્યમ કુળોને વિષે, ધર્મના સાધનભૂત દેહના પરિપાલન માટે ભિક્ષાર્થે જે ફરવું તે ગોચરચર્યા છે. આ એક સ્વરૂપવાળી છતાં પણ અભિગ્રહ વિશેષથી છ પ્રકારે છે.

(૧) **પેટા :-** વંશના દલમય વસ્ત્રાદિના સ્થાનભૂત લોક પ્રસિદ્ધ (પેટી) છે. તે ચોરસ હોય છે. સાધુ, અભિગ્રહ વિશેષથી જે ચર્યામાં ગ્રામાદિ ક્ષેત્રને વિષે પેટીની જેમ ચોરસ વિભાગ કરતો થકો વિચરે છે તે પેટા કહેવાય છે. (૨) **અર્ધ પેટા :-** એવી રીતે અર્ધપેટા પણ આના અનુસારે કહેવી.

(૩) **ગોમૂત્રિકા :-** ગો - બળદનું મુતરવું તે ગોમૂત્રિકા. તેની જેમ જે ચર્યા તે ગોમૂત્રિકા. આ પરસ્પર સન્મુખ ઘરોની પંક્તિમાંથી એક પંક્તિમાં જઇને વળી બીજી પંક્તિમાં, વળી પહેલી પંક્તિમાં એવી રીતે ક્રમ વડે ભાવવું.

(૪) **પતંગવીથિકા :-** પતંગ - શલભ, પતંગીયું. તેની વીથિકા (માર્ગ) ની જેમ જે ચર્યા તે પતંગવીથિકા. પતંગીયાની ગતિ જ અનિતય ક્રમવાળી હોય છે. એવી રીતે જે અચોક્કસ ક્રમવાળી ચર્યા તે તેના જેવી જ સમજવી.

(૫) **શંખવૃત્તા :-** શંખની જેમ - શંખની ભ્રમિની જેમ ગોળાઇવાળી જે ચર્યા તે શંખવૃત્તા. તે બે પ્રકારે છે. તેમાં જે ચર્યાને વિષે ક્ષેત્રના બહારના ભાગથી શંખની જેમ ગોળાઈવાળી ગતિ વડે ભમતો થકો ક્ષેત્રના મધ્ય ભાગમાં આવે છે તે **અભ્યંતર શંખા** અને જેમાં મધ્ય ભાગથી બહાર જાય તે **બહિઃ શંખા.**

(૬) **ગત્યા પ્રત્યાગત્યા :-** ઉપાશ્રયમાંથી નીકળીને ઘરોની પંક્તિમાં ભિક્ષા કરતો થકો ક્ષેત્રના છેડા સુધી જઇને પાછો આવીને ફરીથી બીજા ઘરોની પંક્તિમાં જે ભિક્ષા માટે ફરે છે તે ગત્યાપ્રત્યાગતા છે. ॥૧૭૭॥

साधोर्यानि वचनानि वक्तुं न कल्पन्ते तान्याह–

**अलीकहीलितखिंसितपरुषागारस्थितव्युपशमितोदीरणवचनानि निर्ग्रन्थस्याकल्प्यानि ॥१७८॥**

**अलीकेति,** प्रचलायसे किं दिवेत्यादिप्रश्ने न प्रचलाये इत्यादि अलीकवचनम्, सासूयं वचनं हीलितवचनम् यथा गणिन् ! वाचक ! ज्येष्ठार्येत्यादि । खिंसितं जन्मकर्माद्युद्घट्टनतः, परूषं यथा कौलिकः इत्यादि यथा दुष्ट शैक्षेत्यादि । गृहिणां वचनमगारस्थितवचनं यथा पुत्र, मामक, भागिनेयेत्यादि । व्युपशमितस्य-उपशमितस्य पुनरुदीरणमिति ॥१७८॥

સાધુને જે વચન કહેવા માટે કલ્પે નહીં તે કહે છે.

**અલીક** :- દિવસે તું કેમ પ્રચલા કરે છે ? અર્થાત્ ઊભા કે બેઠા નિદ્રા કેમ લે છે ? ઇત્યાદિ પ્રશ્નોમાં 'હું પ્રચલા કરતો નથી' ઇત્યાદિ કહેવું તે અલીક (જુઠ્ઠ) વચન.

**હીલિત** :- ઇર્ષ્યાપૂર્વક હે ગણિ, વાચક, જયેષ્ઠાર્ય ઇત્યાદિ કહેવું તે. **ખિંસિત** :- જન્મ કર્માદિને ઉઘાડવાથી. **પરુષ** :- દુષ્ટ, શૈક્ષ, કૌલિક આદિ કહેવું તે. **અગાર** :- ગૃહમાં રહેલા તે ગૃહસ્થો. તેઓનું જે વચન તે અગાર સ્થિતવચન. પુત્ર, મામા, ભાણેજ ઇત્યાદિ. **વ્યુપશમિત ઉદીરણ વચન** :- ઉપશાંત થયેલાને ફરીથી ઉદીરવા માટે બોલવું કલ્પે નહીં... ઉદીરણ વચન નામનું આ છઠ્ઠું અવચન કહ્યું.

આ રીતે છ પ્રકારના વચનો સાધુએ કહેવા કલ્પે નહીં. ॥૧૭૮॥

अवचनेषु प्रायश्चित्तप्रस्तारो भवतीति तानाह–

**प्राणातिपातमृषावादादत्तादानाविरत्यपुरुषदासवादिनां कल्पप्रस्ताराः ॥१७९॥**

**प्राणातिपातेति,** प्राणातिपातस्य वदनशीलः, प्राणातिपातस्य वाचं वदति साधौ प्रायश्चित्तस्य प्रस्तारो भवतीत्येकः । यथाऽन्यजनविनाशितदर्दुरे न्यस्तपादं भिक्षुमुपलभ्य क्षुल्लक आह– साधो ! दर्दुरो भवता मारित इति, भिक्षुराह-नैवम्, क्षुल्लक आह-द्वितीयमपि व्रतं ते नास्ति, ततः क्षुल्लको भिक्षाचर्यातो निवृत्त्याचार्यसमीपमागच्छतीत्येकं प्रायश्चित्तस्थानम्, ततः साधयति यथा तेन दर्दुरो मारित इति प्रायश्चित्तान्तरम्, ततोऽभ्याख्यातसाधुराचार्येणोक्तः-यथा दर्दुरो भवता मारितः, असावाह-नैवमिह क्षुल्लकस्य प्रायश्चित्तान्तरम्, पुनः क्षुल्लक आह-पुनरप्यपलपसीति, भिक्षुराह-गृहस्थाः पृच्छ्यन्तामिति, वृषभा गत्वा पृच्छन्तीति प्रायश्चित्तान्तरमित्येवं योऽभ्याख्याति तस्य मृषावाददोष एव, यस्तु सत्यमारितं निह्नुते तस्य दोषद्वयमिति । मृषावादस्य वदनशीलः, मृषावादं वदति साधौ प्रायश्चित्तप्रस्तारो भवतीत्यर्थः,

तथा हि-क्वचित् संखड्यामकालत्वात् प्रतिषिद्धौ साधू अन्यत्र गतौ, ततो मुहूर्त्तान्तरे रत्नाधिकेनोक्तम्-व्रजामः संखड्यामिदानीं भोजनकालो यतस्तत्रेति, लघुर्भणति प्रतिषिद्धोऽहं न पुनर्व्रजामि, ततोऽसौ निवृत्त्याचार्यायेदमालोचयति यथा-अयं दीनकरुणवचनैर्याचते, प्रतिषिद्धोऽपि च प्रविशत्येषणां प्रेरयतीत्यादि, ततो रत्नाधिकमाचार्यो भणति-साधो ! भवानेवं करोति ? स आह-नैवमित्यादी, पूर्ववत् प्रस्तारः । एवमदत्तादानस्य वादं वदति, अत्र भावना-एकत्र गेहे भिक्षा लब्धा सा अवमेन गृहीता यावदसौ भाजनं संमार्ष्टि तावद्रत्नाधिकेन संखड्यां मोदका लब्धास्तानवमो दृष्ट्वा निवृत्त्याचार्यस्यालोचयति-यथाऽनेनादत्ता मोदका गृहीता इत्यादि, प्रस्तारः प्राग्वदिति । एवमविरतिरब्रह्म तद्वादं वार्त्ता वा, अथवा न विद्यते विरतिर्यस्यास्साऽविरतिः स्त्री, तद्वादं तदासेवाभणनरूपां वा वार्त्तां वदति, तथाहि-अवमो भावयति एष रत्नाधिकतया मां स्खलितादिषु प्रेरयति, ततो रोषादभ्याख्याति स 'ज्येष्ठार्येणाकार्यं सद्य आर्यागृहे कृतमद्य । उपजीवितश्च भदन्त ! मयाऽपि संस्पृष्टकल्पोऽत्र' ॥ इति, प्रस्तारभावना प्राग्वत् । अपुरुषो-नपुंसक इत्येवं वादं वार्त्तां वा वदति, भावनात्र-आचार्यं प्रत्याह-अयं साधुर्नपुंसक इति, आचार्य आह-कथं जानासि ? स आह-एतन्निजकैरहमुक्तः-किं भवतां कल्पते प्रव्राजयितुं नपुंसकमिति, ममापि किञ्चित्तल्लिङ्गदर्शनाच्छंका अस्तीति, प्रस्तारः प्राग्वत् । तथा दासवादं वदति, भावना-कश्चिदाह-दासोऽयम्, आचार्य आह-कथम् ? स आह-देहाकाराः कथयन्ति दासत्वमस्येति, प्रस्तारः प्राग्वत्, एवं षड्विधान् प्रस्तारान् मासगुर्वादिपाराञ्चिकानभ्युपगमत आत्मनि प्रस्तुतान् विधायाभ्याख्यानदायकसाधुरभ्याख्येयार्थस्यासद्भूततयाऽभ्याख्यानसमर्थनं कर्तुमशक्नुवन् स्वयमपि प्राणातिपातादिकर्तुरिव स्थानं प्राप्तः प्राणातिपातादिकारीव दण्डनीयः स्यादिति ॥१७९॥

આવા અકલ્પ્ય - અવયવોને વિષે પ્રાયશ્ચિત્તોનો પ્રસ્તાર થાય છે. માટે તેને કહે છે.

સાધુના આચારની વિશુદ્ધિ માટે છ પ્રસ્તારો - પ્રાયશ્ચિત્તની રચનાના વિશેષો કહેલા છે. તે આ પ્રમાણે -

(૧) **પ્રાણાતિપાત** નો વાદ - વાર્તા અથવા વાચાને બોલતા સાધુને વિષે પ્રાયશ્ચિત્તનો પ્રસ્તાર થાય છે. જેમ બીજા મનુષ્યો વડે નાશ પામેલ દેડકા ઉપર મૂકેલ પગવાળા સાધુને જોઇને ક્ષુલ્લક (નાનો-લઘુ) સાધુ બોલ્યો - હે સાધુ ! તમારા વડે દેડકો મરાયો ? સાધુએ કહ્યું - નથી મરાયો. (પ્રથમથી જ મરાયેલ છે) ક્ષુલ્લક બોલ્યો - તમારે વિષે બીજું વ્રત પણ નથી ? ત્યાર બાદ ક્ષુલ્લક ભિક્ષાચર્યાથી નિવૃત્ત થઇને આચાર્ય પાસે આવે છે. આ એક પ્રાયશ્ચિત્તનું સ્થાન છે. ત્યાર બાદ સાધુથી દેડકો મરાયો છે આ પ્રાયશ્ચિત્તાંતર છે. ત્યાર પછી અભ્યાખ્યાત (દોષ અપાયેલ) સાધુને

આચાર્યે પૂછ્યું કે - તમારા વડે દેડકો મરાયો છે ? ત્યારે તે સાધુ બોલ્યા - નથી મરાયો. અહીં ક્ષુલ્લકને પ્રાયશ્ચિત્તાંતર છે. વળી ક્ષુલ્લક કહે છે - તે સાધુ ફરીથી પણ જુઠ્ઠ બોલે છે. ત્યારે સાધુ બોલ્યા - ગૃહસ્થોને પૂછો. વૃષભ - સમર્થ મુનિઓને જઇને પૂછે છે, આ પ્રાયશ્ચિત્તાંતર છે. એ પ્રમાણે જે ખોટું બોલે છે તેને મૃષાવાદ દોષ જ છે અને જે ખરેખર મારેલને ગોપવે છે તેને બંને (હિંસા અને મૃષા) દોષ છે.

(૨) **મૃષાવાદ** સંબંધી વાદ - વિકલ્પને અથવા વાર્તાને બોલતા સાધુને વિષે પ્રાયશ્ચિત્તનો પ્રસ્તાર થાય છે. તે આ પ્રમાણે -

કોઇક સંખડી (જમણવાર) માં અકાળપણાથી નિષિદ્ધ કરાયેલ બે સાધુઓ બીજે સ્થળે ગયા. ત્યાર બાદ મુહૂર્તાન્તરે રત્નાધિકે કહ્યું - અમે સંખડીમાં જઇએ છીએ. કેમકે ત્યાં હમણા ભોજનનો સમય છે. ત્યારે લઘુ મુનિ કહે છે - નિષિદ્ધ કરાયેલ હું હવે ફરીથી ત્યાં જવા ઇચ્છતો નથી. ત્યાર બાદ લઘુ મુનિ નિવૃત્ત થઇને આચાર્યની પાસે આલોચે છે કે - આ રત્નાધિક (જયેષ્ઠ) મુનિ દીન, કરૂણ વચન વડે યાચે છે, નિષિદ્ધ કરાયા છતાં પણ પ્રવેશે છે. એષણા પ્રત્યે પ્રેરે છે - નાશ કરે છે ઇત્યાદિ. ત્યાર પછી રત્નાધિકને આચાર્ય પૂછે છે - હે સાધુ ! આપ આવું કરો છો ? ત્યારે તે બોલ્યા - એમ નહીં જ. ઇત્યાદિ પૂર્વવત્ પ્રસ્તાર જાણવો.

(૩) **અદત્તાદાન** એવી રીતે અદત્તાદાનના વાદને બોલે છે. અહીં ભાવના એ છે કે - એક ઘરમાં ભિક્ષા મળી, તે લઘુ મુનિએ ગ્રહણ કરી. પાત્રને ધોવે છે ત્યાં રત્નાધિક વડે જમણવારમાંથી લાડૂઓ લવાયા. જેટલામાં આ લઘુ મુનિ લાડવા જોઇને ત્યાંથી નિવૃત્ત થઇને આચાર્યની આગળ નિવેદન કરે છે કે - આ રત્નાધિક મુનિએ અદત્ત મોદકો લીધેલ છે. ઇત્યાદિ પ્રસ્તાર પૂર્વવત્.

(૪) **અવિરતિ** અબ્રહ્મ. તેનો વાદ કે વાર્તા અથવા નથી વિદ્યમાન વિરતિ જેણીને તે અવિરતિકા - સ્ત્રી, તેણીનો વાદ કે વાર્તા. તેણીની આ સેવાના કથનરૂપ વાદને કહે છે. તે આ પ્રમાણે - અવમ (લઘુ મુનિ) વિચારે છે કે - આ મુનિ રત્નાધિકપણા વડે મને સ્ખલિતાદિ સ્થાનમાં પ્રેરે છે - વારંવાર કહે છે તેથી રોષથી તેના ઉપર ખોટું આળ આપે છે. હે ભદન્ત ! જયેષ્ઠાર્યે - રત્નાધિક મુનિએ આજે આર્યાના ઘરમાં હમણાં (મૈથુન સેવારૂપ) અકાર્ય કર્યું. તેથી સંસર્ગવશાત્ મેં પણ સ્પૃષ્ટકલ્પ - મૈથુન સેવા આચરેલ છે. અર્થાત્ તેણે ભોગવેલી આર્યાને ભોગવી છે.

પ્રસ્તારની ભાવના પૂર્વની જેમ સમજવી.

(૫) **અપુરૂષ** 'આ નપુંસક છે' એવી રીતે વાદ - વાર્તા બોલે છે.

અહીં ભાવના એ છે કે- આચાર્ય પ્રત્યે કહે છે કે- આ સાધુ નપુંસક છે. આચાર્ય પૂછે છે તું કેમ જાણે છે ? તે કહે છે કે- એ મુનિના નિજક - સંબંધીઓએ મને કહ્યું છે કે- શું તમોને નપુંસકને દીક્ષા દેવી કલ્પે ? મને પણ શંકા છે, કેમ કે ઊભા રહેવું, ચાલવું, શરીરનો દેખાવ અને ભાષાદિ લક્ષણ વડે તેઓ નપુંસક સદશ દેખાય છે. એવી રીતે અપુરૂષ વચનને વિષે ઘણા પ્રસ્તારના આરોપણ કરે.

(६) **દાસવાદઃ**- હવે દાસવાદને કહે છે. ભાવના એ છે કે- કોઇ કહે કે- આ દાસ છે. આચાર્ય પૂછે છે કે- કેવી રીતે ? તે કહે આના દેહના આકારો દાસપણાને કહે છે. પ્રસ્તાર પૂર્વવત્.

આ પ્રમાણે આ અનંતર કહેલ છ કલ્પ - સાધુના આચાર સંબંધી પ્રસ્તાર - પ્રાયશ્ચિત્તની રચનાના વિશેષોને માસગુરૂ વગેરે પારાંચિક પર્યંતને પ્રસ્તાર્ય - સ્વીકારથી આત્માને વિષે પ્રસ્તુત પ્રસ્તારોને કરીને અથવા પ્રસ્તાર કરનાર - ખોટું આળ આપનાર સાધુ, સમ્યક્ નહીં પૂરતો થકો અર્થાત્ કહેવા યોગ્ય અર્થના અસત્યપણાને લઇને અભ્યાખ્યાન (કથન) ના સમર્થનને કરવા માટે શક્તિમાન ન થયો થકો ઊલટી વાણીને કરતો થકો. તેના જ પ્રાણાતિપાતાદિના કરનારના જ સ્થાનને પ્રાપ્ત થાય છે. અર્થાત્ પ્રાણાતિપાતાદિને કરનારની જેમ દંડ કરવા યોગ્ય થાય છે. ॥૧૭૯॥

अथायुर्बन्धप्रकारानाह—

**जातिगतिस्थित्यवगाहनाप्रदेशानुभावनामनिधत्तायूंष्यायुर्बन्धाः ॥१८०॥**

**जातीति,** जातिरेकेन्द्रियजात्यादिः पञ्चधा स एव नामकर्मण उत्तरप्रकृतिविशेषो-जीवपरिणामो वा, जातिनाम्ना सह निधत्तं-निषिक्तं यदायुस्तज्जातिनामनिधत्तायुः, निषेकश्च कर्मपुद्गलानां प्रतिसमयमनुभवनरचना । एवं गतिर्नारकादिका चतुर्धा शेषं पूर्ववत्, तथा स्थितिः यत्स्थातव्यं केनचिद्विवक्षितेन भावेन जीवेनायुः कर्मणा वा, सैव नामः परिणामो धर्मः स्थितिनाम, तेन विशिष्टं निधत्तं यदायुर्दलिकरूपं तत्स्थितिनामनिधत्तायुः । अथवा जातिनामगतिनामावगाहनामभिर्जातिगत्यवगाहनानां प्रकृतिमात्रं विवक्षितम्, स्थितिप्रदेशानुभागनामभिस्तासामेव स्थित्यादयो विवक्षिताः, ते च जात्यादिनामसम्बन्धित्वान्नामकर्मरूपा एवेति नामशब्दः सर्वत्र कर्मार्थो घटत इति, स्थितिरूपं नामकर्म स्थितिनाम, ते न सह निधत्तं यदायुस्तत् स्थितिनामनिधत्तायुरिति । तथा अवगाहते यस्यां जीवः सोऽवगाहना शरीरमौदारिकादि, तस्या नाम–औदारिकादिशरीरनामकर्मेत्यवगाहनानाम, तेन सह यन्निधत्तमायुस्तदवगाहनानामनिधत्तायुरिति । तथा प्रदेशानां-आयुःकर्मद्रव्याणां नाम तथाविधा परिणतिः, तेन सह यन्निधत्तमायुस्तत्प्रदेशनामनिधत्तायुः । तथाऽनुभाग आयुर्द्रव्याणामेव विपाकः स एव नाम परिणामस्तेन सह निधत्तं यदायुस्तदनुभागनामनिधत्तायुरिति । अथ किमर्थं जात्यादिनामकर्मणाऽऽयुर्विशिष्यते, उच्यते, आयुष्कस्य प्राधान्योपदर्शनार्थम्, यस्मान्नारकाद्यायुरुदये सति जात्यादिनामकर्मणामुदयो भवति नारकादिभवोपग्राहकञ्चायुरेव, एतदुक्तम्भवति नारकायुःसंवेदनप्रथमसमय एव नारक इत्युच्यते तत्सहचारिणाञ्च पञ्चेन्द्रियजात्यादिनामकर्मणामप्युदय इति । इह चायुर्बन्धस्य षड्विधत्वे उपक्षिप्ते यदायुषः

षड्विधत्वमुक्तं तदायुषो बन्धाव्यतिरेकाद्बद्धस्यैव चायुर्व्यपदेशविषयत्वादिति, षड्विधोऽयमायुर्बन्धो नैरयिकादिवैमानिकान्तानाम् । नैरयिका नियमेन षण्मासावशिष्टायुष्काः परभविकायुर्बध्नन्ति, एवमसुरकुमारादिस्तनितकुमारान्ताः । तथा 'नैरयिकसुरा असंख्येयायुषस्तिर्यग्मनुष्याः शेषके तु षण्मासे । एकविकला निरुपक्रमायुषस्तिर्यग्मनुष्या आयुष्कतृतीयभागे ॥ अवशेषाः सोपक्रमास्तृतीयनवमसप्तविंशतितमे भागे । परभवायुर्बध्नन्ति निजभवे सर्वे जीवाः ॥ इति ॥१८०॥

હવે આયુષ્યના બંધના પ્રકારો કહે છે. આયુષ્યનો બંધ તે આયુ બંધ. તે છ પ્રકારે છે. (૧) જાતિ તે એકેન્દ્રિય જાતિ આદિ પાંચ પ્રકારે છે. તે જ નામ - નામ કર્મની ઉત્તર પ્રકૃત્તિ વિશેષ અથવા જીવનો પરિણામ. તે જાતિ નામ કર્મની સાથે નિધત્ત (નિષેક કરેલ) જે આયુષ્ય તે **જાતિ નામ નિધત્તાયુ.** નિષેક - કર્મ પુદ્‌ગલોની પ્રતિસમય અનુભવનરૂપ રચના.

(૨) એવી રીતે ગતિ નરકાદિ ચાર પ્રકારે. ગતિ સાથે નિષેક કરેલ આયુ તે **ગતિનામ નિધત્તાયુ.**

(૩) સ્થિતિ = કોઇક વિવક્ષિત ભાવ વડે અથવા આયુષ્ય કર્મ વડે જે સ્થિર રહેવું તે સ્થિતિ. તે જ નામ - પરિણામ (ધર્મ) તે સ્થિતિ નામ. તે વડે વિશિષ્ટ નિધત્ત જે દલિકરૂપ આયુ તે સ્થિતિનામ નિધત્તાયુ. અથવા આ સૂત્રમાં જાતિનામ, ગતિનામ, અવગાહના નામના ગ્રહણથી **જાતિ, ગતિ** અને **અવગાહનાને** પ્રકૃતિ માત્ર કહ્યું અને **સ્થિતિ પ્રદેશ** અને અનુભાગ નામના ગ્રહણથી તેઓની જ સ્થિતિ વગેરે કહ્યા, અને તે સ્થિતિ વગેરે, જાતિ વગેરે નામના સંબંધીપણાથી નામકર્મરૂપ જ છે. એવી રીતે 'નામ' શબ્દ સર્વત્ર કર્મના અર્થમાં ઘટે છે. માટે સ્થિતિરૂપ નામ કર્મ તે સ્થિતિનામ તેની સાથે જે નિધત્ત આયુ તે **અવગાહના નામ નિધત્તાયુ.**

(૪) **અવગાહના** :- જેમાં જીવ અવગાહે છે (રહે છે) તે અવગાહના. તે ઔદારિકાદિ શરીર. તેણીનું નામ તે ઔદારિકાદિ શરીર નામ કર્મ તે અવગાહના નામ. તેની સાથે જે નિધત્ત આયુ તે **અવગાહના નામ નિધત્તાયુ.**

(૫) **પ્રદેશ** :- આયુષ્ય કર્મ - દ્રવ્યરૂપ પ્રદેશોનું નામ - તેવા પ્રકારની પરિણતિ તે પ્રદેશનામ. અથવા પ્રદેશરૂપ નામ કર્મ વિશેષ તે પ્રદેશનામ. તેની સાથે જે નિધત્તાયુ તે **પ્રદેશનામ નિધત્તાયુ.**

(૬) **અનુભાગ** :- અનુભાગ આયુના દ્રવ્યોનો જ વિપાક - રસ તત્સ્વરૂપ જ નામ - પરિણામ તે અનુભાગ નામ અથવા અનુભાગરૂપ નામ કર્મ તે અનુભાગ નામ. તેની સાથે જે નિધત્તાયુ તે **અનુભાવ નિધત્તાયુ.**

**પ્રશ્ન** :- શા માટે જાતિ આદિ નામ કર્મ વડે આયુષ્ય વિશેષાય છે ?

ઉત્તર :- આયુષ્યનું પ્રધાનપણું બતાવવા માટે. જે કારણથી નારકાદિ આયુનો ઉદય થયે છતે જાતિ વગેરે નામ કર્મનો ઉદય થાય છે અને નારકાદિ ભવનો ઉપગ્રાહક આયુષ્ય જ છે. કહ્યું છે કે- નારકાયુના અનુભવ રૂપ પ્રથમ સમયમાં જ નારક કહેવાય છે અને તેના સહચારી પંચેન્દ્રિય જાતિ વગેરે નામકર્મોનો પણ ઉદય થાય છે.

અહીં આયુષ્યના બંધનો નિક્ષેપ કરે છતે જે ષડ્વિધપણું કહ્યું તે આયુષ્ય બંધના અભિન્નપણાથી અને બંધાયેલને જ આયુષ્યનો વ્યપદેશ છે. બંધાયેલ જ વ્યપદેશનો વિષય છે. માટે આયુષ્ય બંધના છ પ્રકાર કહ્યા છે. આ છ પ્રકારનો આયુષ્યનો બંધ નરકથી લઈને વૈમાનિક સુધીનાઓને હોય છે.

નારકો અવશ્ય છ મહિનાનું આયુષ્ય બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. એ જ પ્રમાણે અસુરકુમારાદિથી સ્તનિતકુમાર સુધીના બાંધે છે. તેવી રીતે નૈરયિકો, દેવો અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચ તથા મનુષ્યો-યુગલીકો પોતાનું છ માસ આયુષ્ય બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને નિરૂપક્રમ આયુષ્યવાળા તિર્યંચ, મનુષ્યો (સંખ્યાત વર્ષના આયુષ્યવાળા) પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે તથા બાકીના સોપક્રમ આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચો પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે અથવા નવમે કે સત્તાવીશમે ભાગે પરભવનું આયુષ્ય બાંધે છે. ॥૧૮૦॥

अथ गणापक्रमकारणानि सप्त प्राह—

**सर्वेषां केषाञ्चिद्वा धर्माणामभिरुचिविचिकित्सादानेभ्य एकाकिविहारप्रतिमामुपसम्पद्य विहाराय च गणापक्रमः प्रज्ञप्तः ॥१८१॥**

**सर्वेषामिति,** प्रयोजनभेदेन गणान्निर्गमस्तीर्थकरादिभिः प्रज्ञप्तः, तद्यथा-सर्वेषां धर्माणां निर्जराहेतुभूतानां श्रुतभेदानां सूत्रार्थोभयविषयाणामपूर्वग्रहणविस्मृतसन्धानपूर्वाधीतपरावर्त्तनरूपाणां क्षपणवैयावृत्त्यरूपाणां चारित्रभेदानाञ्चाभिरुचिश्चिकीर्षा तत्प्रयोजनेनेत्येकं स्थानं बहुश्रुतादिसामग्र्यभावेन स्वगण एतेषामसंपत्तेः परगणे सम्पत्तेश्च गुरूनापृच्छ्य गच्छन्निर्गच्छेत् । तथा केषाञ्चिदेव श्रुतधर्माणां चारित्रधर्माणां वा चिकीर्षया न तु सर्वेषामिति द्वितीयम् । एवं सर्वधर्मविषयसंशयापनोदनाय स्वगणादपक्रमणमिति तृतीयम्, केषाञ्चिद्धर्मविषयसंशयव्यपोहायेति चतुर्थम्, अन्येभ्यः सर्वेषां धर्माणां दानाय स्वगणे पात्राभावादिति पञ्चमम्, केषाञ्चिद्धर्माणां दानायेति षष्ठम्; तथैकाकिनो गच्छनिर्गतस्य जिनकल्पिकादितया यो विहारो-विचरणं तस्य या प्रतिमा-प्रतिज्ञा तामङ्गीकृत्य विहर्त्तुमिति सप्तमम् । इह सर्वत्र स्वगुरुं पृष्ट्वैव विसर्जितेनापक्रमितव्यम्, उक्तकारणवशात् पक्षादिकालात् परतोऽविसर्जितो-ऽपि गच्छेन्निष्कारणन्तु गणापक्रमणं न विधेयमिति ॥१८१॥

હવે ગણથી નીકળવાના સાત કારણો કહે છે.

ગણ = ગચ્છથી, અપક્રમણ - નીકળવું તે ગણાપક્રમ

પ્રયોજન વિશેષથી ગચ્છથી નીકળવું તે તીર્થંકર આદિએ કહેલું છે. તે આ પ્રમાણે - નિર્જરાના કારણરૂપ સર્વ ધર્મોને સૂત્ર અને અર્થરૂપ ઉભય વિષયવાળા શ્રુતભેદોને અર્થાત્ અપૂર્વશ્રુતનું ગ્રહણ, વિસ્મરણ થયેલાનું સંધાન (પુનઃ સ્મરણ) અને પૂર્વે ભણેલાના પરાવર્ત્તનરૂપ શ્રુતના ધર્મોને અને ક્ષપણ - તપ, વૈયાવૃત્યરૂપ ચારિત્ર ધર્મો પ્રત્યે હું ઇચ્છું છું. તે અમુક પર ગચ્છમાં પ્રાપ્ત થાય છે પરંતુ અહીં સ્વ ગચ્છમાં મળે તેમ નથી તેથી તેને મેળવવા માટે હે ભદન્ત ! હું સ્વ ગચ્છમાંથી નીકળું છું. આ રીતે શ્રુત અને ચારિત્ર ધર્મમાં અભિરૂચિ અને કરવાની ઇચ્છા પ્રયોજન છે. આ એક સ્થાન બહુશ્રુતાદિ સામગ્રીના અભાવે કહ્યું. આ રીતે ગુરૂને પૂછવા દ્વારા **એક ગણાપક્રમણ** કહ્યું.

કોઇ એક શ્રુતધર્મો પ્રત્યે અથવા ચારિત્રધર્મો પ્રત્યે રૂચિ કરૂં છું - ઇચ્છું છું પરંતુ સર્વ શ્રુત ધર્મો પ્રત્યે અથવા ચારિત્ર ધર્મો પ્રત્યે ઇચ્છતો નથી. આ કારણથી ઇચ્છિત ધર્મોને સ્વગચ્છમાં કરવાની સામગ્રીના અભાવથી હે ભદન્ત ! હું નીકળું છું. આ **બીજું ગણાપક્રમણ.**

આ પ્રમાણે સર્વ ધર્મના વિષયમાં હું સંશય કરૂં છું. તેથી સંશયનું નિરાકરણ કરવા માટે સ્વગણથી નીકળું છું. આ **ત્રીજું ગણાપક્રમણ.**

એવી રીતે કોઇક ધર્મોના વિષયમાં સંશય કરૂં છું તેને દૂર કરવા માટે હું સ્વગણથી નીકળું છું આ **ચોથું ગણાપક્રમણ.**

બીજાઓને સર્વ ધર્મ આપું છું. પરંતુ સ્વગણમાં પાત્ર નથી માટે સર્વ ધર્મ બીજાઓને આપવા માટે ગણમાંથી હું નીકળું છું. આ **પાંચમું ગણાપક્રમણ.**

કેટલાક ધર્મો બીજાને આપવા માટે હું ગણથી નીકળું છું. આ **છઠ્ઠું ગણાપક્રમણ.**

તથા હે ભદન્ત ! એકાકીપણે ગચ્છમાંથી નીકળીને જિનકલ્પાદિપણા વડે જે વિહાર - વિચરવું તેની જે પ્રતિમાની પ્રતિપત્તિ - પ્રતિજ્ઞા તે એકાકી વિહાર પ્રતિમા. તેને અંગીકાર કરીને વિચરવા માટે હું નીકળું છું. આ **સાતમું ગણાપક્રમણ.**

અહીં સર્વત્ર પોતાના ગુરૂને પૂછીને જ ગુરૂ દ્વારાં આજ્ઞા અપાયેલ શિષ્યે નીકળવું જોઇએ.

ઉક્ત કારણવશાત્ પક્ષાદિ કાળથી ઉપર ગુરૂએ આજ્ઞા ન આપી હોય તો પણ શિષ્ય જાય. (આ વિધેય છે) કારણ સિવાય ગચ્છમાંથી નીકળવું તે અવિધેય છે. આચરવા યોગ્ય નથી. ॥૧૮૧॥

अथ योन्याश्रयेण जीवानाह—

**अण्डजपोतजजरायुजरसजसंस्वेदजसंमूर्च्छिमोद्भिज्जा जीवाः ॥१८२॥**

**अण्डजेति**, योनिभेदात्सप्तधा जीवाः, यथाऽण्डजाः पक्षिमत्स्यसर्पादयः पोतं-वस्त्र तद्वज्जाताः, पोतादिव वा बोहित्थाज्जाता अजरायुवेष्टिता इत्यर्थो हस्तिवल्गुलीप्रभृतयः, जरायुजा मनुष्या गवादयश्च, रसे-तीमनकाञ्जिकादौ जाता रसजा ईलिकादयः संस्वेदजा यूकादयः, सम्मूर्च्छिमाः कृम्यादयः, उद्भिज्जा भूमिभेदाज्जाताः खञ्जनकादयः । एषां प्रत्येकं गत्यागती सप्तस्वेषु भवतः ॥१८२॥

હવે યોનિના આશ્રયથી જીવોને કહે છે.

યોનિ (ઉત્પત્તિ સ્થાન) ના ભેદથી સાત પ્રકારના જીવો છે.

(૧) **અંડજ** :- પક્ષી, મત્સ્ય અને સર્પ વગેરે.

(૨) **પોતજ** :- પોત = વસ્ત્રની માફક ઉત્પન્ન થયેલા અથવા વહાણથી ઉત્પન્ન થયેલાની જેમ (ખુલ્લા) જન્મેલા. અર્થાત્ જરાયુ (જર) થી વીંટાયેલા નહીં તે પોતજો. હાથી, વાગુલ વગેરે.

(૩) **જરાયુજ** :- જરામાં ગર્ભ (આળ) ના વેષ્ટનમાં જન્મેલા અર્થાત્ ઓળથી વીંટાયેલા તે જરાયુજો - મનુષ્ય વગેરે. ગાય આદિ.

(૪) **રસજ** :- રસ- તીમન એટલે બોડો, કાંજી વગેરેમાં ઉત્પન્ન થયેલ તે રસજ ઇયળ આદિ. (ચલિત રસમાં બેઇન્દ્રિય જીવો ઉપજે છે.)

(૫) **સંસ્વેદજ** :- પરસેવાથી ઉત્પન્ન થયેલા તે સંસ્વેદજ - જૂ આદિ યૂકાદિ.

(૬) **સમ્મૂર્છિમ** :- સંમૂર્છન વડે ઉત્પન્ન થયેલા તે કૃમિ વગેરે.

(૭) **ઉદ્ભિજ્જ** :- ભૂમિના ભેદથી ઉત્પન્ન થયેલ તે ઉદ્ભિજ્જ. ખંજનક આદિ.

આ દરેકની ગતિ અને આગતિ આ સાતમાં હોય છે. તેમાં મરેલાઓને અંડજાદિ યોનિલક્ષણ સાત ગતિઓ છે. ॥૧૮૨॥

उक्तजीवसाधारणत्वाद्भयस्य तन्निरूपयति--

**इह परलोकादानाकस्माद्वेदनामरणाश्लोका भयस्थानानि ॥१८३॥**

**इहेति**, भयं मोहनीयप्रकृतिसमुत्थ आत्मपरिणामः तस्य स्थानान्याश्रयाः, यथा मनुष्यादिकस्य सजातीयादन्यस्मान्मनुष्यादेरेव सकाशाद्यद्भयं तदिहलोकभयम्, इहाधिकृतभीतिमतो जातौ लोक इहलोकस्ततो भयमिति व्युत्पत्तिः । तथा पराद्विजातीयात्तिर्यग्देवादेः सकाशान्मनुष्यादीनां यद्भयं तत्परलोकभयम्, आदानं धनं तदर्थं चौरादिभ्यो यद्भयं तदादानभयम्, अकस्मादेव बाह्यनिमित्तानपेक्षं गृहादिष्वेव स्थितस्य रात्र्यादौ भयमकस्माद्भयम् वेदना-पीडा तद्भयं वेदनाभयम्, मरणभयं प्रतीतम्, अश्लोकभयं अकीर्तिभयं, एवं हि क्रियमाणे महदयशो भविष्यतीति तद्भयात्र प्रवर्त्तत इति ॥१८३॥

અંડજાદિ જીવો કહ્યા તે જીવોને સાધારણ રીતે ભય હોય માટે હવે ભયનું નિરૂપણ કરે છે.

ભય = મોહનીયની પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ આત્માનો પરિણામ તે ભય. તેના સ્થાનો - આશ્રયો તે ભયસ્થાનો.

(૧) **ઇહ લોક ભય** :- મનુષ્યાદિને સ્વજાતિય અન્ય મનુષ્યાદિથી થયેલ ભય તે ઇહલોક ભય.

અહીં અધિકૃત ભયવાળી જાતિને વિષે જે લોક તે ઇહલોક. તેથી જે ભય તે ઇહલોક ભય. આ વ્યુત્પત્તિ છે.

(૨) **પરલોકભય** :- પર - વિજાતીય - તિર્યંચ, દેવાદિથી મનુષ્યાદિને જે ભય થાય તે પરલોક ભય.

(૩) **આદાન ભય** :- ગ્રહણ કરાય છે તે આદાન. અર્થાત્ ધન. તેના માટે ચોરાદિથી થતો ભય તે આદાનભય.

(૪) **અકસ્માદ્ ભય** :- અકસ્માત્થી જ બાહ્ય નિમિત્તની અપેક્ષા સિવાય ઘર વગેરેમાં જ રહેલાને રાત્રિ વિગેરેને વિષે જે ભય થાય તે અકસ્માત્ ભય.

(૫) **વેદના ભય** :- પીડાથી જે ભય થાય તે વેદના ભય.

(૬) **મરણ ભય** :- મરણભય તો પ્રતીત છે.

(૭) **અશ્લોકભય** :- અપકીર્તિનો ભય. અર્થાત્ આ પ્રમાણે કાર્ય કરવામાં મહાન અપયશ થાય છે તેમ વિચારી તેવા ભયથી અકાર્યમાં પ્રવર્તે નહીં. ॥૧૮૩॥

छद्मस्थज्ञानोपायानाह—

**प्राणानामतिपातयिता मृषावादिताऽदत्तगृहीता शब्दादीनास्वादयिता पूजाद्यनुमोदयिता सावद्यप्रतिसेविताऽन्यथाकारी च छद्मस्थः ॥१८४॥**

**प्राणानामिति,** यतोऽयं प्राणानतिपातयत्यतोऽसौ छद्मस्थ इत्येवं सप्तभिर्हेतुभूतैः स्थानैः छद्मस्थं जानीयात्, अत्र प्रयोगोऽयं छद्मस्थः प्राणातिपातनादिति । केवली हि क्षीणचारित्रावरणत्वान्निरतिचारसंयमत्वादप्रतिसेवित्वान्न कदाचिदपि प्राणानामतिपातयिता भवतीति, सर्वत्रैवं भावना कार्या । तथा मृषावादित्वाददत्तानां ग्रहणाच्छब्दस्पर्शरसरूपगन्धानामास्वादनात् परेण स्वस्थ क्रियमाणस्य पूजासत्कारादेरनुमोदनात् सावद्यमाधाकर्मादिकं सपापमित्येवं प्रज्ञाप्य स्वयं तस्यैव प्रतिसेवनादन्यथाऽभिधायान्यथाकरणाच्च छद्मस्थो गम्यत इति । एतान्येव विपर्यस्तानि केवलिगमकानि भवन्तीति ॥१८४॥

ભય તો છદ્મસ્થને જ હોય છે અને તે જે સ્થાનો વડે જણાય તે સ્થાનો કહે છે. છદ્મસ્થને જાણવાના ઉપાયો કહે છે.

કારણ કે આ પ્રાણોનો નાશ કરનાર છે માટે આ છદ્મસ્થ છે. આ પ્રમાણે હેતુભૂત સાત સ્થાનો વડે છદ્મસ્થને જાણે. અહીં પ્રયોગ આ પ્રમાણે -

(૧) આ છદ્મસ્થ છે. પ્રાણોનો નાશ કરતો હોવાથી. પ્રાણીઓને (ક્યારેક નાશ કરનાર હોય છે.) મારવાથી આ છદ્મસ્થ છે. એમ નિશ્ચય કરાય છે. કેવલી તો ચારિત્રાવરણ કર્મના ક્ષીણપણાથી નિરતિચાર ચારિત્રપણાને લઈને અપ્રતિસેવી હોવાથી ક્યારેય પણ પ્રાણીઓનો નાશ કરનાર હોય નહીં. એવી રીતે સર્વત્ર ભાવના જાણવી.

(૨) છદ્મસ્થ અસત્ય બોલનાર હોય છે.

(૩) છદ્મસ્થ અદત્તને લેનાર હોય છે.

(૪) છદ્મસ્થ શબ્દાદિ વિષયોને આસ્વાદનાર હોય છે.

(૫) છદ્મસ્થ પૂજા - સત્કાર - પુષ્પ વડે અર્ચન અને વસ્ત્રાદિ અર્ચનમાં બીજાએ પોતાનું સન્માન કરવાથી તેનું અનુમોદન કરનાર અર્થાત્ પૂજાદિમાં હર્ષ પામનાર.

(૬) છદ્મસ્થ આ 'આધાકર્માદિ સાવદ્ય - પાપ સહિત છે' એવી રીતે પ્રરૂપીને તેનું જ પ્રતિસેવન કરનાર હોય છે.

(૭) સામાન્યથી જેમ બોલનાર છે તેમ કરનાર નથી. જુદી રીતે કહીને જુદી રીતે કરનાર હોય છે.

આ સાત સ્થાનો વિપર્યસ્તપણાએ કેવલીને જણાવનારા હોય છે. ॥૧૮૪॥

केवलिनः प्रायो गोत्रविशेषवन्त एव भवन्तीति मूलगोत्रविभागमाह–

**काश्यपगौतमवत्सकुत्सकौशिकमण्डववाशिष्ठा मूलगोत्राणि ॥१८५॥**

**काश्यपेति,** तथाविधैकैकपुरुषप्रभवा मनुष्यसन्ताना गोत्राणि, उत्तरगोत्रापेक्षयाऽऽदिभूतानि गोत्राणि मूलगोत्राणि तानि सप्त, यथा काशे भवः काश्यो रसस्तं पीतवानिति काश्यपः, तदपत्यानि काश्यपाः, मुनिसुव्रतनेमिवर्जा जिनाश्चक्रवर्त्यादयश्च क्षत्रियाः सप्तमगणधरादयो द्विजा जम्बूस्वाम्यादयो गृहपतयश्च । गोत्रगोत्रवद्वयोऽभेदादेवं निर्देशोऽन्यथा काश्यपं गोत्रमिति वक्तव्यं स्यात् । गोतमस्यापत्यानि गौतमा क्षत्रियादयो यथा सुव्रतनेमी जिनौ नारायणपद्मवर्जवासुदेवबलदेवा इन्द्रभूत्यादिगणनाथत्रयं वैरस्वामी च । वत्सस्यापत्यानि वत्साः शय्यम्भवादयः, कुत्साः शिवभूत्यादयः, कौशिकाः षडुलुकादयः, मण्डोरपत्यानि मण्डवाः । वशिष्ठस्यापत्यानि वाशिष्ठाः षष्ठगणधरार्यसुहस्त्यादयः । एवं काश्यपादीनामवान्तराणि सप्त सप्त गोत्राणि भवन्ति ॥१८५॥

કેવલીઓ પ્રાયઃ ગોત્રવિશેષવાળા જ હોય છે માટે મૂલ ગોત્રના વિભાગને કહે છે.

ગોત્ર = તેવા પ્રકારના એક એક પુરુષથી ઉત્પન્ન થયેલા મનુષ્ય સંતાનો. ઉત્તર ગોત્રની અપેક્ષાએ મૂળભૂત - આદિભૂત ગોત્રો તે મૂળગોત્રો. તે સાત છે.

(૧) **કાશ્યપ** :- કાશમાં થયેલ તે કાશ્ય - રસ. તેને પીધેલ તે કાશ્યપ. તેના અપત્યો - વંશજો તે કાશ્યપો. શ્રી મુનિસુવ્રત ભ. અને શ્રી નેમિનાથ ભ. ને છોડીને શેષ જિનો, ચક્રવર્તી વગેરે ક્ષત્રિયો, સાતમા ગણધર (મૌર્યપુત્ર) વગેરે બ્રાહ્મણો અને જંબૂસ્વામી વગેરે ગૃહપતિઓ (વૈશ્યો) કાશ્યપ ગોત્રવાળા છે. અહીં ગોત્રનો ગોત્રવાળા સાથે અભેદ કરીને આ પ્રમાણે નિર્દેશ (કાશ્યપો) કરેલ છે. અન્યથા 'કાશ્યપ' એમ કહેવું થાત. એવી રીતે સર્વત્ર સમજવું.

(૨) **ગૌતમ** :- ગૌતમના અપત્યો તે ગૌતમો. ક્ષત્રિયાદિ શ્રી મુનિસુવ્રતસ્વામી અને શ્રી નેમિનાથ જિન, નારાયણ (લક્ષ્મણ) અને પદ્મ (રામચન્દ્ર) સિવાય શેષ વાસુદેવ અને બલદેવો (ક્ષત્રિય), ઇન્દ્રભૂતિ આદિ ત્રણ ગણધરો (બ્રાહ્મણો)અને વૈર (વજ્ર) સ્વામી (વૈશ્ય) છે. જે ગૌતમ ગોત્રવાળા છે.

(૩) **વત્સ** :- વત્સના અપત્યો તે વત્સો શય્યંભવ (દશવૈકાલિકના કર્તા) વગેરે વત્સ ગોત્રના છે.

(૪) **કુત્સ** :- શિવભૂતિ આદિ કુત્સ ગોત્રવાળા છે.

(૫) **કૌશિક** :- કૌશિકો ષડુલૂક (ત્રૈરાશિક મતને ઉત્પન્ન કરનાર) વગેરે છે.

(૬) **મંડવ** :- મંડુના અપત્યો તે મંડવો.

(૭) **વાશિષ્ઠા** :- વશિષ્ઠના અપત્યો તે વાશિષ્ઠો. છઠ્ઠા ગણધર (મંડિત) અને આર્યસુહસ્તિ (સંપ્રતિ રાજાના ગુરૂ) વગેરે.

આ પ્રમાણે કાશ્યપ આદિના અવાંતર સાત સાત ગોત્ર હોય છે. ॥૧૮૫॥

अयं गोत्रविभागो नयविशेषमताद्भवतीति नयानाह—

**नैगमसङ्ग्रहव्यवहारर्जुसुत्रशब्दसमभिरूढैवम्भूता नयाः ॥१८६॥**

**नैगमेति,** एते मूलनयाः सप्त, उत्तरनयास्तु सप्तशतानि भवन्ति । तथायं सङ्ग्रहश्लोकाः "शुद्धं द्रव्यं समाश्रित्य सङ्ग्रहस्तदशुद्धितः । नैगमव्यवहारौ स्तः शेषाः पर्यायमाश्रिताः ॥ अन्यदेव हि सामान्यमभिन्नज्ञानकारणम् । विशेषोऽप्यन्य एवेति मन्यते नैगमो नयः । सद्रूपतानतिक्रान्तस्वस्वभावमिदं जगत् । सत्तारूपतया सर्वं सङ्गृह्णन् सङ्ग्रहो मतः ॥ व्यवहारस्तु तामेव प्रतिवस्तु व्यवस्थिताम् । तथैव दृश्यमानत्वाद्व्यवहारयति देहिनः ॥ तत्रर्जुसूत्रनीतिः स्यात् शुद्धपर्यायसंस्थिता । नश्वरस्यैव भावस्य भावात्स्थितिवियोगतः ॥

अतीतानागताकारकालसंस्पर्शवर्जितम् । वर्त्तमानतया सर्वमृजुसूत्रेण सूत्र्यते ॥ विरोधिलिङ्ग-संख्यादिभेदाद्भिन्नस्वभावताम् । तस्यैव मन्यमानोऽयं शब्दः प्रत्यवतिष्ठते ॥ तथाविधस्य तस्यापि वस्तुनः क्षणवृत्तिनः । ब्रूते समभिरूढस्तु संज्ञाभेदेन भिन्नताम् ॥ एकस्यापि ध्वनेर्वाच्यं सदा तन्नोपपद्यते । क्रियाभेदेन भिन्नत्वादेवम्भूतोऽभिमन्यते ॥" इति ॥१८६॥

આ ગોત્રનો વિભાગ નયવિશેષના મતથી થાય છે માટે નયો કહે છે.

સાત મૂળ નયો છે. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત. આ પ્રમાણે મૂળ નયો સાત છે અને ઉત્તર નયો તો સાતસો છે. મૂળ દરેક નયોના સો સો ભેદ કરવાથી સાત નયના સાતસો ભેદ થાય છે.

આ તેના સંગ્રહ શ્લોકો છે તે ટીકામાં દર્શાવેલા છે...

શુદ્ધ દ્રવ્યને આશ્રયીને સંગ્રહ નય છે અને તેની (દ્રવ્યની) અશુદ્ધિથી નૈગમ અને વ્યવહાર આ બે નય છે. શેષ ચાર નયો પર્યાયને આશ્રયેલા છે.

અભિન્ન જ્ઞાનના કારણભૂત સામાન્ય જુદું જ છે અને વિશેષ પણ જુદું જ છે. (ભિન્ન જ્ઞાનનું કારણ છે) એવી રીતે નૈગમ નય (ઉભયને જુદા જુદા) માને છે.

સ્વસ્વભાવલક્ષણ 'સત્' રૂપતાને નહીં ઉલ્લંઘન કરાયેલ આ જગત છે એમ સત્તારૂપપણા વડે સર્વને સંગ્રહ - એકત્ર કરતો થકો સંગ્રહ નય માનેલ છે.

વ્યવહાર નય, પ્રત્યેક વસ્તુમાં રહેલ 'સત્' ને જ (ભિન્ન) માને છે. કેમકે તેમ જ દેખાતું હોવાથી પ્રાણીઓનો વ્યવહાર થાય છે. (એક રૂપ હોય તો વ્યવહાર ન થાય)

તેમાં ઋજુસૂત્રની માન્યતા શુદ્ધ પર્યાયમાં જ રહેલી છે. વિનાશ ભાવના ભાવથી સ્થિતિના વિયોગથી જ અતીત અને અનાગત આકારરૂપ કાળના સંબંધ વર્જિત (માત્ર) વર્તમાનપણા વડે સર્વ ઋજુસૂત્ર નયથી જણાય છે.

તે ઘટાદિ વસ્તુને જ સ્ત્રીલિંગાદિ વિરોધ લિંગ અને એક વચનાદિ સંખ્યાદિ ભેદથી ભિન્ન સ્વભાવને માનતો થકો આ શબ્દ નય રહે છે.

તેવા પ્રકારની - લિંગ અને સંખ્યાના ભેદવાળી અને ક્ષણવૃત્તિવાળી ઘટાદિ - વસ્તુઓને પણ (કુટ-કુંભાદિ) સંજ્ઞાના ભેદ વડે ભિન્નતાને સમભિરૂઢ નય માને છે.

સદા એક ધ્વનિનો વાચ્ય અર્થ હોય તેને પણ ક્રિયાના ભેદ વડે ભિન્ન હોવાથી એ નય અભેદ સ્વીકારતો નથી. એવી રીતે એવંભૂત નય (ક્રિયાકારીપણાએ) વસ્તુને માને છે. ॥૧૮૬॥

अण्डजादिजीवाः संसारिणस्तेषां संसरणमायुर्भेदे भवतीति तद्दर्शयति--

**अध्यवसायनिमित्ताहारवेदनापराघातस्पर्शश्वासोच्छ्वासा आयुरुपक्रमाः ॥१८७॥**

**अध्यवसायेति,** आयुषो जीवितव्यस्य उपक्रमाः स च सप्तविधनिमित्तप्रापितत्वात्सप्तविधः, तत्राध्यवसानं-रागस्नेहभयात्मकोऽध्यवसायः, निमित्तं-दण्डकशाशस्त्रादीनि, तत्र सत्यायुर्भिद्यते, तथा—भोजनेऽधिके सति, तथा वेदना-नयनादिपीडा, पराघातो गर्भपातादिसमुत्थः, तथा स्पर्शः तथा विधभुजङ्गादिसम्बन्धी, उच्छ्वासनिःश्वासौ निरुद्धावाश्रित्यायुषो भेदः, अयञ्चायुर्भेदः सोपक्रमायुषामेव, नेतरेषाम्, न च तथासति कृतनाशोऽकृताभ्यागमश्च स्यात्, संवत्सरशतमुपनिबद्धस्यायुषोऽपान्तराल एव हि व्यपगमात् कृतनाशः, येन च कर्मणा तद्भिद्यते तस्याकृतस्यैवाभ्यागमः, एवञ्च मोक्षानाश्वासः ततश्चारित्राप्रवृत्त्यादयो दोषाः स्युरिति वाच्यम्, यथाहि वर्षशतभोग्यभक्तमप्यग्निकव्याधितस्याल्पेनापि कालेनोपभुंजानस्य न कृतनाशो नाप्यकृताभ्यागमस्तद्वदिहापीति ॥१८७॥

અંડજાદિ સંસારી જીવોનું સંસરણ આયુષ્યનો ભેદ થયે છતે હોય છે માટે તેને બતાવવા થકા સૂત્રકાર કહે છે -

આયુષ - જીવિતવ્યનો ભેદ - ઉપક્રમ તે આયુર્ભેદ. તે સાત પ્રકારના નિમિત્તને પ્રાપ્ત કરેલ હોવાથી સાત પ્રકારે જ છે. તેમાં (૧) **અધ્યવસાન** :- રાગ, સ્નેહ અને ભયાત્મક અધ્યવસાય તે અધ્યવસાન.

(૨) **નિમિત્ત** :- દંડ, ચાબુક અને શસ્ત્રાદિ.

અધ્યવસાન અને નિમિત્ત પ્રાપ્ત થયે છતે આયુષ્ય ભેદાય છે.

(૩) **આહાર** :- ભોજન અધિક કીધે છતે.

(૪) **વેદના** :- આંખ વગેરેની પીડા.

(૫) **પરાઘાત** :- ખાડામાં પડવું વગેરેથી ઉઠેલ. ગર્ભપાતાદિથી ઉઠેલ.

(૬) **સ્પર્શ** :- તેવા પ્રકારના સર્પ વગેરે સંબંધી સ્પર્શ થયે છતે.

(૭) **શ્વાસોચ્છ્વાસ** :- રૂંધાયેલા શ્વાસ અને ઉચ્છ્વાસને આશ્રયીને.

આ પ્રમાણે સાત પ્રકારે આયુષ્ય ભેદાય છે. આ સાતને આશ્રયીને આયુષ્યનો ભેદ થાય છે. અથવા અધ્યવસાન, નિમિત્તાદિ આયુષ્યના ઉપક્રમનું કારણ છે. આ આયુષ્યનો ભેદ, સોપક્રમ આયુષ્યવાળા જીવોને જ હોય છે, પરંતુ બીજાઓને - નિરૂપક્રમ આયુષ્યવાળાને હોય નહીં.

**શંકા** :- જો એવી રીતે આયુષ્ય ભેદાય છે તો તેથી કૃતનાશ - કરેલનો નાશ અને નહીં કરેલનું આવવું થાય, કેવી રીતે ? એક સો વર્ષના બાંધેલ આયુષ્યનો, મધ્યમાં જ નાશ થવાથી કૃતનાશ અને જે કર્મ વડે તે ભેદાય છે તે નહીં કરેલ કર્મનું આવવું જ થાય છે. એવી રીતે મોક્ષનો અવિશ્વાસ થાય અને તેથી ચારિત્રમાં અપ્રવૃત્તિ વગેરે દોષો થાય.

**સમાધાન :-** જેમ એક સો વર્ષ વડે ભોગવવા યોગ્ય ભોજનને પણ અગ્નિક (ભસ્મક) વ્યાધિ વડે બાધિતને થોડા કાળ વડે પણ ભોગવવા થકા કૃતનાશ પણ નથી અને અકૃતાગમ પણ નથી. તેની જેમ અહીં પણ સમજવું. ॥૧૮૭॥

अथ दर्शनभेदानाह—

**सम्यङ्मिथ्यासम्यङ्मिथ्यादर्शनचक्षुरचक्षुरवधिकेवलदर्शनभेदं दर्शनम् ॥१८८॥**

**सम्यङ्मिति,** सम्यग्दर्शनं-सम्यक्त्वं मिथ्यादर्शनं-मिथ्यात्वं सम्यङ्मिथ्यादर्शनं मिश्रं, एतच्च त्रिविधमपि दर्शनमोहनीयभेदानां क्षयक्षयोपशमोपशमोदयेभ्यो जायते तथाविधरुचिस्वभावञ्च, चक्षुर्दर्शनादि तु दर्शनावरणीयभेदचतुष्टयस्य यथासम्भवं क्षयोपशमक्षयाभ्यां जायते सामान्यग्रहणस्वभावञ्च, तदेवं श्रद्धानसामान्यग्रहणयोर्दर्शनशब्दवाच्यत्वाद्दर्शनं सप्तधोक्तमिति ॥१८८॥

હવે દર્શનના ભેદ કહે છે.

(૧) સમ્યગ્ દર્શન (૨) મિથ્યાદર્શન (૩) સમ્યગ્ મિથ્યા - મિશ્ર દર્શન (૪) ચક્ષુદર્શન (૫) અચક્ષુદર્શન (૬) અવધિ દર્શન (૭) કેવલ દર્શન.

આ સાત પ્રકારે દર્શન છે.

સમ્યગ્ દર્શન તે સમ્યક્ત્વ. મિથ્યાદર્શન તે મિથ્યાત્વ.

સમ્યગ્ મિથ્યાદર્શન તે મિશ્ર.

આ ત્રણ પ્રકારનું દર્શન પણ ત્રણ પ્રકારના દર્શન મોહનીય કર્મના ક્ષય, ક્ષયોપશમ, ઉપશમ અને ઉદયથી થાય છે, અને તેવા પ્રકારની રૂચિરૂપ સ્વભાવવાળું છે.

ચક્ષુદર્શનાદિ તો દર્શનાવરણીય કર્મના ચાર ભેદના યથાસંભવ ક્ષયોપશમ અને ક્ષયથી થાય છે. તથા સામાન્યના ગ્રહણરૂપ (બોધ) સ્વભાવવાળું છે.

તે પ્રમાણે - ૩ શ્રદ્ધાન અને ૪ સામાન્યગ્રહણને દર્શન શબ્દ વડે વાચ્ય હોવાથી સાત પ્રકારે દર્શન કહ્યું છે. ॥૧૮૮॥

अथ विनयभेदानाह—

**ज्ञानदर्शनचारित्रमनोवाक्कायलोकोपचाराश्रयो विनयः ॥१८९॥**

**ज्ञानेति,** विनीयतेऽष्टप्रकारं कर्मानेनेति विनयः, ज्ञानमाभिनिबोधिकादि पञ्चधा तदेव विनयः, तस्य वा विनयो भक्त्यादिकरणं ज्ञानविनयः, 'भत्ती तह बहुमाणो तद्दिट्ठत्थाण संम भावयणा । विहिगहणब्भासोऽविय एसो विणओ जिणाभिहिओ ॥' इति । दर्शनं सम्यक्त्वं

तदेव तस्य वा विनयः दर्शनगुणाधिकानां शुश्रूषणाऽनाशातनारूपो दर्शनविनयः, 'सुस्सूसणा अणासायणा य विणओ उ दंसणे दुविहो । दंसणगुणाहिएसुं कज्जइ सुस्सूसणाविणओ ॥ सक्कारब्भुट्ठाणे सम्माणा सणअभिग्गहो तह य । आणसमणुप्पयाणं कीकम्मं अंजलिगहो य ॥ इंतस्सऽणुगच्छणया ठियस्स तह पज्जुवासणा भणिया । गच्छंताणुव्वयणं एसो सुस्सूसणा-विणओ ॥' इति, अनुचितक्रियाविनिवृत्तिरनाशातनाविनयः, अयं पञ्चदशविधः 'तित्थगर धम्म आयरिय वायगे थेर कुलगणे संघे । संभोगिय किरियाए मइनाणाईण य तहेव' इति । चारित्रमेव विनयश्चारित्रस्य वा श्रद्धानादिरूपो विनयश्चारित्रविनयः 'सामाइयादिचरणस्स सद्दहणया तहेव काएणं । संफासणं परूवण मह पुरओ भव्वसत्ताणं ॥ इति । मनोवाक्काय-विनयास्तु मनःप्रभृतीनां विनयार्हेषु कुशलप्रवृत्त्यादिः । 'मणवइकाइयविणओ आयरियाईण सव्वकालंपि । अकुसलाण निरिहो कुसलाणमुईरणं तहय ॥' इति, लोकानामुपचारो व्यवहारः तेन स एव वा विनयो लोकोपचारविनयो लोकोपचारश्च श्रुताद्यर्थिनाऽऽचार्यादिसमीपे आसितव्यं पराभिप्रायानुवर्त्तिता श्रुतं प्रापितोऽहमनेनेति तस्य विनये वर्त्तनं भक्तादिनोपचारे कृते प्रसन्ना गुरवः प्रत्युपकरणं सूत्रादिदानतः करिष्यन्तीति भक्तादिदाने प्रयतितव्यं दुःखार्त्तसौषधादिगवेषणमवसरज्ञता सर्वेष्वर्थेष्वानुकूल्यमिति ॥१८९॥

હવે વિનયના ભેદ કહે છે.

જેના વડે આઠ પ્રકારનું કર્મ દૂર કરાય છે તે **વિનય.** તે વિનય સાત પ્રકારે છે. (૧) જ્ઞાન વિનય (૨) દર્શન વિનય (૩) ચારિત્ર વિનય (૪) મન વિનય (૫) વચન વિનય (૬) કાય વિનય (૭) લોકોના ઉપચાર રૂપ વ્યવહારિક વિનય.

**(૧) જ્ઞાન વિનય :-** જ્ઞાન આભિનિબોધિક - મતિ વગેરે પાંચ પ્રકારે કહેલ છે, તે જ વિનય તે જ્ઞાન વિનય અથવા જ્ઞાનનો વિનય - ભક્તિ વગેરે કરવું તે જ્ઞાન વિનય.

કહ્યું છે કે - (૧) ભક્તિ - બાહ્ય ઉપચારરૂપ (૨) બહુમાન - અંતરંગ પ્રેમ (૩) જ્ઞાન વડે જાણેલ પદાર્થની સમ્યગ્ ભાવના - વિચારણા (૪) વિધિપૂર્વક ગ્રહણ. અને (૫) વારંવાર અભ્યાસ કરવો. આ પાંચ પ્રકારનો વિનય જિનેન્દ્રોએ કહેલ છે.

**(૨) દર્શન વિનય :-** દર્શન - સમ્યક્ત્વ. તે જ વિનય તે દર્શન વિનય. અથવા દર્શનનો વિનય તે દર્શન વિનય. દર્શનથી અભિન્ન હોવાથી દર્શની - સમ્યક્ત્વ ગુણથી અધિક પુરુષોની શુશ્રૂષણા - સેવા અને અનાશતના રૂપ વિનય તે દર્શન વિનય.

કહ્યું છે કે શુશ્રૂષણા અને અનાશાતના રૂપ દર્શન વિનય બે પ્રકારે છે. તેમાં દર્શનગુણમાં અધિક છે તેનો શુશ્રૂષણા આદિ વિનય કરવો જોઈએ.

(૧) સ્તવન, વંદનાદિ વડે **સત્કાર** (૨) વિનયને યોગ્ય પુરુષોને જોઇને આસનથી ઊઠવું તે **અભ્યુત્થાન** (૩) વસ્ત્ર, પાત્રાદિ વડે પૂજા કરવી તે **સન્માન** (૪) **આસનાભિગ્રહ** વળી બેઠા પછી આદર પૂર્વક આસનને લાવીને 'અહીં બેસો' એમ નિમંત્રણ કરવું (૫) **આસનાનું પ્રદાન** આસનને એક સ્થાનથી બીજા સ્થાનમાં લઇ જવું (૬) **કૃતિકર્મ** દ્વાદશાવર્ત વંદન કરવું (૭) **અંજલિગ્રહ** - હસ્તાંજલિનું જોડવું (૮) આવતાની સન્મુખ જવું (૯) બેઠેલાની પર્યુપાસના - વિશેષ સેવા કરવી (૧૦) જતાની પાછળ મૂકવા જવું આ દશ પ્રકારે શુશ્રૂષણા વિનય છે. ઉચિત ક્રિયારૂપ આ દર્શનમાં **શુશ્રૂષણા** વિનય છે.

**અનાશાતના વિનય** તો અનુચિત ક્રિયાની નિવૃત્તિ (ત્યાગ) રૂપ છે. તે પંદર પ્રકારે છે.

૧. તીર્થંકર ૨. ધર્મ ૩. આચાર્ય ૪. ઉપાધ્યાય ૫. સ્થવિર ૬. કુલ ૭. ગણ ૮. સંઘ ૯. સાંભોગિક - એક સામાચારીવાળા સાધુ ૧૦ ક્રિયા - આસ્તિકતા ૧૧ થી ૧૫ મતિ વગેરે પાંચ જ્ઞાન. આ પંદર સ્થાનો છે.

અહીં ભાવના એ છે કે- તીર્થંકરની અનાશાતનામાં તથા તીર્થંકર પ્રરૂપિત ધર્મની અનાશાતનામાં વર્તવું. એવી રીતે સમજવું.

(૩) **ચારિત્ર વિનય :-** ચારિત્ર જ વિનય અથવા ચારિત્રનો જ શ્રદ્ધાનાદિરૂપ વિનય તે ચારિત્ર વિનય. કહ્યું છે કે- (૧) સામાયિકાદિ ચારિત્રનું શ્રદ્ધાન કરવું (૨) તેમ જ કાયા વડે સ્પર્શવું - કરવું (૩) ભવ્ય જીવોની આગળ પ્રરૂપવું - સભાના પ્રબંધથી વિસ્તારથી વ્યાખ્યાન કરવું. આ પ્રમાણે ત્રણ પ્રકારે ચારિત્રવિનય છે.

(૪,૫,૬) **મન, વચન અને કાયાનો વિનય :-** તો મન વગેરેના વિનયને યોગ્ય સ્થાનને વિષે કુશલ પ્રવૃત્તિ વગેરે છે. કહ્યું છે કે-

આચાર્યાદિનો સર્વકાલમાં પણ મન, વચન અને કાયા વડે વિનય તો અકુશલ યોગનો નિરોધ અને કુશલ યોગોની ઉદીરણા - પ્રવૃત્તિ કરવારૂપ સમજવો.

(૭) **લોકોપચાર વિનય :-** લોકોનો ઉપચાર - વ્યવહાર તેના વડે અથવા તે જ વિનય તે લોકોપચાર વિનય છે. શ્રુતાદિના અર્થી જીવોએ આચાર્યાદિની સમીપ રહેવું. બીજાના અભિપ્રાય પ્રમાણે વર્તવાપણું. હું એમની પાસેથી શ્રુત પામ્યો છું માટે વિશેષતઃ તેમના વિનયમાં વર્તવું જોઇએ અને તેમનું અનુષ્ઠાન કરવું જોઇએ.

ભોજનાદિ વડે ઉપચાર કીધે છતે ગુરૂઓ પ્રસન્ન થયા થકા સૂત્રાદિના દાનથી મારા પર પ્રત્યુપકાર કરશે માટે ભક્ત આદિના દાન પ્રત્યે મારે પ્રયત્ન કરવો જોઇએ.

દુઃખથી પીડાયેલને ઔષધ આદિનું ગવેષવું તે જ આર્ત્તગવેષણતા. અર્થાત્ પીડિતને ઉપકાર કરવો અથવા પોતે કે આપ્ત (સ્વજન ભૂત) થઇને ગવેષવું - સારી કે માઠી સ્થિતિનું શોધન કરવું. દેશ કાલજ્ઞતા - અવસરને જાણવાપણું સર્વ અર્થમાં અનુકુળપણું. ॥૧૮૯॥

विनयात् कर्मघातो भवति स च समुद्घाते विशिष्टतर इति तत्प्ररूपयति—

**वेदनाकषायमारणान्तिकवैकुर्विकतैजसाहारककेवलिभेदः समुद्घातः ॥१९०॥**

**वेदनेति**, हननं घातः, समित्येकीभावे, उदिति प्राबल्ये, एकीभावेन प्राबल्येन च घातः- निर्जरा समुद्घातः, आत्मनो वेदनाकषायाद्यनुभवपरिणामेनैकीभावगमनम्, यदा ह्यात्मा वेदनीयाद्यनुभवज्ञानपरिणतो भवति तदा नान्यज्ञानपरिणत इति, प्राबल्येन कथं घातः ? यस्माद्वेदनीयादिसमुद्घातपरिणतो बहून् वेदनीयादिकर्मप्रदेशान् कालान्तरानुभवयोग्यानुदीरणाकरणेनाकृष्योदये प्रक्षिप्यानुभूय निर्जरयति, आत्मप्रदेशैः सह संश्लिष्टान् शातयतीत्यर्थः । स च वेदनादिभेदेन सप्तधा भवति यथा-असद्वेद्यकर्माश्रयो वेदनासमुद्घात, कषायाख्यचारित्रमोहनीयकर्माश्रयः कषायसमुद्घातः, अन्तर्मुहूर्त्तशेषायुष्ककर्माश्रयो मारणान्तिकसमुद्घातः, वैकुर्विकतैजसाहारकमुद्घाताः शरीरनामकर्माश्रयाः केवलिसमुद्घातस्तु सदसद्वेद्यशुभाशुभनामोच्चनीचैर्गोत्रकर्माश्रयः, तत्र वेदनासमुद्घातसमुद्धत आत्मा वेदनीयकर्मपुद्गलशाटं करोति, कषायसमुद्घातसमुद्धतः कषायपुद्गलशाटं मारणान्तिकसमुद्घातसमुद्धत आयुष्यकर्मपुद्गलघातं वैकुर्विकसमुद्घातसमुद्धतस्तु जीवप्रदेशान् शरीराद्बहिर्निष्काश्य शरीरविष्कम्भबाहल्यमात्रमायामतश्च संख्येयानि योजनानि दण्ड निसृजति निसृज्य च यथास्थूलान् वैक्रियशरीरनामकर्मपुद्गलान् प्राग्बद्धान् नाशयति, एवं तैजसाहारकमसमुद्घातावपि । केवलिसमुद्घातेन समुद्धतः केवली वेदनीयादिकर्मपुद्गलान् प्राग्बद्धान् शातयति, एवं तैजसाहारकसमुद्घातावपि । केवलिसमुद्घातेन समुद्धतः केवली वेदनीयादिकर्मपुद्गलान् शातयतीति । इहान्त्योऽष्टसामयिकः शेषास्त्वसंख्यातसामयिकाः । मनुष्याणामेव सप्त समुद्घाता भवन्ति ॥१९०॥

વિનયથી કર્મનો ઘાત થાય છે અને તે કર્મનો ઘાત સમુદ્ઘાતમાં વિશિષ્ટતર થાય છે માટે સમુદ્ઘાતનું પ્રરૂપણ કરે છે.

સમુદ્ઘાત :- હણવું તે ઘાત. સમ્ = એકીભાવમાં ઉદ્ = પ્રાબલ્ય. એકીભાવ વડે અને પ્રબલતાથી ઘાત - નિર્જરા તે સમુદ્ઘાત.

**પ્રશ્ન** :- કોનો કોની સાથે એકીભાવ ?

**ઉત્તર** :- આત્માનો વેદના, કષાય આદિના અનુભવરૂપ પરિણામ અર્થાત્ જ્યારે આત્મા વેદના આદિના અનુભવરૂપ જ્ઞાન વડે પરિણત થાય છે ત્યારે અન્ય જ્ઞાનથી પરિણત હોતો નથી. આ રીતે આત્માનું વેદના આદિ સાથે એકીભાવ થવું.

**પ્રશ્ન** :- પ્રબલતાથી ઘાત કેવી રીતે ?

**ઉત્તર** :- જે હેતુથી વેદના આદિ સમુદ્‌ઘાત વડે પરિણત (જીવ) કાલાંતરમાં અનુભવવા યોગ્ય, ઘણા વેદનીયાદિ કર્મ પ્રદેશોને ઉદીરણાકરણ વડે આકર્ષીને (ખેંચીને) ઉદયમાં પ્રક્ષેપી અનુભવીને નિર્જરે છે. અર્થાત્ આત્માના પ્રદેશોની સાથે મળી ગયેલ કર્મ પ્રદેશોને સાડે છે - દૂર કરે છે. પૂર્વ કરેલ કર્મનું શાટન - નાશ તે નિર્જરા છે. આ રીતે પ્રબલતાથી ઘાત સમજવો.

તે સમુદ્‌ઘાત સાત પ્રકારે છે.

(૧) **વેદના** સમુદ્‌ઘાત અસાતા વેદનીય કર્મના આશ્રયવાળો છે.

(૨) **કષાય** સમુદ્‌ઘાત કષાય નામના ચારિત્ર મોહનીય કર્મના આશ્રયવાળો છે.

(૩) **મારણાંતિક** સમુદ્‌ઘાત અંતર્મુહૂર્ત શેષ આયુષ્ય કર્મના આશ્રયવાળો છે.

(૪-૫-૬) **વૈકુર્વિક, તૈજસ** અને **આહારક** આ ત્રણ સમુદ્‌ઘાત શરીરનામકર્મના આશ્રયવાળા છે.

(૭) **કેવલી** સમુદ્‌ઘાત સાતા અને અસાતા વેદનીય, શુભ અને અશુભ નામ તથા ઉચ્ચ અને નીચ ગોત્ર આ ત્રણ કર્મના આશ્રયવાળો છે.

તેમાં વેદનીય કર્મના સમુદ્‌ઘાત વડે જોડાયેલ આત્મા વેદનીય કર્મ પુદ્‌ગલનો નાશ કરે છે કષાય સમુદ્‌ઘાત વડે જોડાયેલ આત્મા કષાય પુદ્‌ગલનું શાટન કરે છે. મારણાંતિક સમુદ્‌ઘાત વડે જોડાયેલ આત્મા આયુષ્ય કર્મના પુદ્‌ગલોનો ઘાત કરે છે. વૈક્રિય સમુદ્‌ઘાત વડે જોડાયેલ આત્મા તો જીવના પ્રદેશોને શરીરથી બહાર કાઢીને શરીરના વિષ્કંભ (પહોળાઈ) જેટલો પહોળો અને લંબાઈથી સંખ્યાત યોજનના દંડને કરે છે. કરીને પૂર્વે બાંધેલ વૈક્રિય શરીર નામ કર્મના યથા સ્થૂલ પુદ્‌ગલોને શાટન કરે છે. એવી રીતે તૈજસ અને આહારક સમુદ્‌ઘાત પણ વ્યાખ્યા કરવા યોગ્ય છે.

કેવલી સમુદ્‌ઘાત વડે જોડાયેલ કેવલી, વેદનીયાદિ કર્મના પુદ્‌ગલોનો નાશ કરે છે. અહીં છેલ્લો (કેવલી) સમુદ્‌ઘાત આઠ સમયનો છે. બાકીના છ સમુદ્‌ઘાતો તો અસંખ્યાત સમયના છે.

ચોવીશ દંડકની વિચારણામાં સાતે સમુદ્‌ઘાતો મનુષ્યોને જ હોય છે. ॥૧૯૦॥

समुद्घातादीन् भगवदुक्तानन्यथा प्ररूपयन् प्रवचनबाह्यो भवतीति निह्नवानाह—

**बहुरतजीवप्रादेशिकाव्यक्तिकसामुच्छेदिकद्वैक्रियत्रैराशिकाबद्धिकाः प्रवचननिह्नवाः ॥१९१॥**

**बहुरतेति,** प्रवचनमागममन्यथा प्ररूपयन्तीति प्रवचननिह्नवाः, यथा-बहुरताः-बहुषु समयेषु सक्ता दीर्घकालेन द्रव्यमुत्पद्यतः इति प्ररूपिणः, एकेन समयेन क्रियाध्यासितरूपेण वस्तुनोऽनुत्पत्तेः प्रभूतसमयेन चोत्पत्तेरिति । जीवप्रादेशिका जीवः प्रदेश एव येषान्ते जीवप्रदेशिकाश्चरमप्रदेशजीवप्ररूपिणः । अव्यक्तमस्फुटं वस्त्वभ्युपगमतो विद्यते येषान्ते-

ऽव्यक्तिकाः संयताद्यवगमे संदिग्धबुद्धयः । समुच्छेदः प्रसूत्यनन्तरं निरन्वयविनाशस्तं ब्रुवत इति सामुच्छेदिकाः, क्षणक्षयिकभावप्ररूपकाः । द्वे क्रिये समुदिते वेदिनो द्वैक्रियाः, कालाभेदेन क्रियाद्वयानुभवप्ररूपिणः । जीवाजीवनोजीवभेदास्त्रयो राशयः समाहृतास्त्रिराशि तत्प्रयोजनं येषां ते त्रैराशिका राशित्रयख्यापकाः । स्पृष्टं जीवेन कर्म न स्कन्धबन्धवद्बद्धं तदेषामस्तीत्यबद्धिकाः स्पृष्टकर्मविपाकप्ररूपका इति ॥१९१॥

જિનેશ્વર ભગવાને કહેલ આ સમુદ્ઘાતાદિ વસ્તુનું બીજી રીતે અન્યથા (વિપરીતપણે) પ્રરૂપણ કરે તે પ્રવચન - સંઘ બહાર થાય છે. દા.ત. જેમ નિન્હવો. માટે હવે નિન્હવો કહે છે-

પ્રવચન એટલે આગમની ઉત્થાપના - બીજી રીતે પ્રરૂપણા કરે તે પ્રવચન નિન્હવ છે. તેના સાત પ્રકાર છે.

(૧) **બહુરત નિન્હવ** :- ઘણા સમયોમાં રત એટલે કે આસક્ત થયેલા દીર્ઘકાલે - લાંબા સમયે દ્રવ્ય ઉત્પન્ન થાય છે તેવી પ્રરૂપણા કરનારા. તે બહુરત નિન્હવ છે. એક એક સમય વડે (ક્રિયાકાલ રૂપ એક સમયમાં) વસ્તુની ઉત્પત્તિ ન માનવાથી અને ઘણા સમયો વડે ઉત્પત્તિને માનવાથી ઘણા સમયોમાં આસક્ત થયેલા તે બહુરત. અર્થાત્ દીર્ઘકાલે દ્રવ્યની ઉત્પત્તિ માનનારા છે.

(૨) **જીવ પ્રાદેશિક નિન્હવ** :- છેલ્લા પ્રદેશમાં જીવત્વને માનનારા.

'પ્રદેશ જ જીવ છે જેઓને' તે જીવપ્રદેશો. તે જ જીવ પ્રાદેશિક.

(૩) **અવ્યક્તિક નિન્હવ** :- સાધુ વિગેરેને જાણવામાં સંદેહવાળા.

અવ્યક્ત = અપ્રગટ વસ્તુ સ્વીકારવાથી અવ્યક્ત (વાદ) વિદ્યમાન છે જેઓને તે અવ્યક્તિકો. અર્થાત્ સંયતાદિને જાણવામાં સંદિગ્ધ બુદ્ધિવાળા. કોણ જાણે આ સંયમી છે કે અસંયમી ? ઇત્યાદિ સંશયવાળા.

(૪) **સામુચ્છેદિક નિન્હવ** :- ક્ષણિક ભાવને માનનારા.

સમુચ્છેદ = ઉત્પત્તિ થયા પછી તરત જ નિરન્વયપણે સમસ્તપણે અને પ્રકર્ષથી છેદ તે સમુચ્છેદ. અર્થાત્ ક્ષણમાં ક્ષય પામનાર ભાવો છે એમ પ્રરૂપણા કરનારા તે સામુચ્છેદિક નિન્હવ.

(૫) **દ્વૈક્રિય નિન્હવ** :- એક સમયમાં બે ક્રિયા માનનાર.

બે ક્રિયા એકત્રિત થાય તે દ્વૈક્રિય. તેને - બે ક્રિયાને કહે અથવા અનુભવે તે દ્વૈક્રિય. અર્થાત્ કાલના અભેદથી (એક સમયે) બે ક્રિયાનો અનુભવ થાય છે તેવી પ્રરૂપણા કરનારા તે દ્વૈક્રિય નિન્હવ.

(૬) **ત્રૈરાશિક નિન્હવ** :- જીવ, અજીવ અને નોજીવ એમ ત્રણ રાશિની પ્રરૂપણા કરનારા.

૧. નિરન્વય નાશ એટલે શું ? ઘડો ફૂટી ગયા પછી માટી રહે છે તે સાન્વય નાશ પણ બૌદ્ધો નિરન્વય નાશ માને છે. નિરન્વય નાશ એટલે કશું રહે નહી.

જીવ, અજીવ, નોજીવના ભેદરૂપ ત્રણ રાશિનો સમુદાય તે ત્રિરાશિ તેનું પ્રયોજન છે જેઓને તે ત્રૈરાશિક. અર્થાત્ ત્રણ રાશિની પ્રરૂપણા કરનારા.

(૭) **અબદ્ધિક નિન્હવ :-** જીવને કર્મ માત્ર સ્પર્શેલ છે - સ્પર્શ માત્ર છે પણ બદ્ધ નથી - બંધાયેલ નથી તેવી પ્રરૂપણા કરનાર. જીવ વડે કર્મ સ્પર્શાયેલું છે પરંતુ સ્કંધના બંધની જેમ બાંધેલું નથી તે અબદ્ધ છે જેઓના મતમાં તે અબદ્ધિકો અર્થાત્ જીવને સ્પર્શેલ કર્મના વિપાકને (અનુભવને) પ્રરૂપનારા. ॥૧૯૧॥

अथैकाकिविहारप्रतिमायोग्यमष्टस्थानाश्रयेणाह—

**श्रद्धासत्यमेधाबहुश्रुतशक्तिनिष्कलहधृतिवीर्यसम्पन्न एकाकिविहारप्रतिमायोग्यः ॥१९२॥**

**श्रद्धेति,** एकाकिनो विहारो ग्रामादिचर्या स एव प्रतिमाऽभिग्रह एकाकिविहारप्रतिमा जिनकल्पप्रतिमा मासिक्यादिका वा भिक्षुप्रतिमा तदाश्रयेण ग्रामादिषु चरितुं योग्य इत्यर्थः । श्रद्धा-तत्त्वेषु श्रद्धानमास्तिक्यमित्यर्थः, अनुष्ठानेषु वा निजोऽभिलाषस्तद्वत् सकलनाकिनायकैरप्यचलनीयसम्यक्त्वचारित्रमित्यर्थः । सत्यं-सत्यवादित्वं प्रतिज्ञाशूरत्वात् सद्भ्यो हितत्वाद्वा सत्यम्, मेधा-श्रुतग्रहणशक्तिः, बहुश्रुतं-प्रचुर आगमः सूत्रतोऽर्थतश्च, तच्चोत्कृष्टतोऽसम्पूर्णदशपूर्वधरं जघन्यतो नवमस्य तृतीयवस्तु, शक्तिः पञ्चविधा तुलना 'तपसा सत्त्वेन सूत्रेणैकत्वेन बलेन च । तुलना पञ्चधा उक्ता जिनकल्पं प्रतिपद्यमानस्य' इति । निष्कलहमल्पाधिकरणम्, धृतिश्चित्तस्वास्थ्यमरतिरत्यनुलोमप्रतिलोमोपसर्गसहत्वं, वीर्यमुत्साहातिरेकः, एवंविधगुणविशिष्टोऽनगारः सर्वप्राणिनां रक्षणक्षमो भवति स त्वेकाकियोग्यः ॥१९२॥

વિશિષ્ટ ગુણવાળો અણગાર એકલ વિહારીની પ્રતિમાને સ્વીકારીને વિચરવા માટે યોગ્ય છે તે આઠ સ્થાનને આશ્રયીને આઠ પુરુષ જણાવતા કહે છે.

એકાકીપણે વિહાર એટલે ગામ આદિમાં વિચરવું તે. પ્રતિમા એટલે અભિગ્રહ. તે જ એકાકી વિહાર પ્રતિમા, જિનકલ્પ પ્રતિમા અથવા માસિકી (મહિનાની) આદિ ભિક્ષુની પ્રતિમાને સ્વીકારીને ગામ આદિમાં વિચરવા માટે યોગ્ય છે. તે -

(૧) **શ્રદ્ધાવાળો પુરૂષ :-** શ્રદ્ધા એટલે તત્ત્વોમાં આસ્તિક્ય - શ્રદ્ધાવાળો. અથવા અનુષ્ઠાનોમાં પોતાની રૂચિવાળો. સકલ દેવના નાયકો વડે પણ ચલાયમાન કરાવી શકાય નહીં એવા સમ્યક્ત્વ-ચારિત્રવાળો.

(૨) **સત્યવાદી પુરૂષ :-** સત્ય એટલે પ્રતિજ્ઞામાં શૂર હોવાથી (પ્રતિજ્ઞાનો નિર્વાહ કરનાર) અથવા જીવોને હિતકર એવું સત્ય બોલનાર.

(૩) **મેધાવી પુરૂષ** :- શ્રુતને ગ્રહણ કરવાની શક્તિવાળો હોવાથી મેધાવી.

(૪) **બહુશ્રુત પુરૂષ** :- બહુ = ઘણા શ્રુત = આગમ. સૂત્ર અને અર્થથી જેની પાસે ઘણું જ્ઞાન છે તે બહુશ્રુત. તે ઉત્કૃષ્ટથી કંઇક ન્યૂન દશ પૂર્વધર અને જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી (આચાર) વસ્તુને જાણનાર.

(૫) **શક્તિ** :- જિનકલ્પાદિની તુલના કરનારની તપ, સત્ય, શ્રુત, એકત્વ, શક્તિ પાંચ પ્રકારની કહેલી છે. અને બલથી એમ પાંચ પ્રકારે જિનકલ્પ સ્વીકારનારને તુલના કહી છે.

(૬) **નિષ્કલહ** :- અલ્પ અધિકરણવાળો, કલહ નહીં કરનાર.

(૭) **ધૃતિમાન** :- ધીરજવાળો, ચિત્તની સ્વસ્થતા પૂર્વક અર્થાત્ અરતિ, રતિ અનુકુળ અને પ્રતિકૂળ ઉપસર્ગને સહન કરનાર.

(૮) **વીર્યવાન** :- ઉત્સાહના અતિરેકથી યુક્ત. અત્યંત ઉત્સાહવાળો.

એવા પ્રકારનો અણગાર બધા ય પ્રાણીઓના રક્ષણમાં સમર્થ હોય છે. તે એકાકી વિહાર માટે યોગ્ય છે. ॥૧૯૨॥

उपर्युक्तगुणाभावे माया भवति तद्भावादनालोचना भवेदित्यत आह—

**कृतवत्ताकुर्वत्ताकरिष्यत्ताऽकीर्त्यवर्णापनकीर्त्तियशःपरिहाणिभ्योऽतिचारं कृत्वाऽनालोचयति मायी ॥१९३॥**

**कृतवत्तेति,** अहमपराधं कृतवान् कृतत्वाच्च कथं तस्य निन्दादि युज्यते तथा साम्प्रतमपि तमतिचारं करोमीति कीदृश्यनिवृत्तस्यालोचनादि क्रिया ? तथा करिष्याम्यहमिति न युक्तमालोचनादि, तथाऽकीर्तिः-एकदिग्गामिन्यप्रसिद्धिः, अवर्णोऽयशः-सर्वदिग्गामिन्यप्रसिद्धिरेतद्द्वयमविद्यमानं मे भविष्यत्यालोचनादौ कृते, तथाऽपनयः पूजासत्कारादेः स्यात् तथा कीर्त्तेः यशसश्च विद्यमानस्य हानिः स्यादित्यतिचारं विधायाऽपि मायावान् नालोचयति-न गुरवे निवेदयति, न मिथ्यादुष्कृतं ददाति नात्मानं गर्हते नातिचारान्निवर्त्तते न चातिचारकलङ्कस्य धावनं शुभभावजलेनापुनः करणेनाभ्युत्थानं करोति न वा योग्यं प्रायश्चित्तं प्रतिपद्यते । यस्त्वासेवावसर एव मायी नालोचनाद्यवसरे स त्वपराधं विधाय जन्मेदं गर्हितं सातिचारत्वेन निन्दितत्वात्, देवजन्मापि मम गर्हितं किल्बिषिकादिरूपत्वात्, मनुष्यजन्मापि गर्हितं जात्यैश्वर्यरूपादिरहितत्वात्, न वा य एकमपि बह्वपि वा कृत्वा नालोचयति तस्य ज्ञानादिमोक्षमार्गाराधना, यस्त्वालोचनादि विधत्ते तस्यैवाऽऽराधना फलवती, तथाऽऽचार्योपाध्यायस्य मेऽतिशेषं ज्ञानदर्शनं समुत्पद्येत स च मामालोचयेदिति भीत्या विभाव्यालोचनादि करोत्येवेति ॥१९३॥

ઉપર બતાવ્યા તે ગુણોના અભાવમાં માયા થાય છે. અને માયા હોવાથી માયાવી માયા કરીને આલોચના ન કરે માટે કહે છે...

મેં અપરાધ કરેલ છે અને અપરાધ કરેલ હોવાથી તેની નિંદા આદિ કેવી રીતે યુક્ત થાય ? વળી હમણાં પણ તે અતિચાર હું કરૂં છું. તો પછી નિવૃત્ત નહીં થયેલાને આલોચનાદિ ક્રિયા કેવી રીતે ? તથા ભવિષ્યમાં હું કરીશ, તો પછી આલોચનાદિ કરવું યુક્ત નથી.

અકીર્તિ = એક દિશા વ્યાપી અપ્રસિદ્ધિ,

અવર્ણ = સર્વ દિશામાં વિસ્તરનારી અપ્રસિદ્ધિ.

જો હું આલોચના કરીશ તો આ બંને મારે અવિદ્યમાન થશે. તથા પૂજા, સત્કારાદિ દૂર થશે, વિદ્યમાન કીર્તિ અને યશની મારે હાનિ થશે.

આ પ્રમાણે (વિચારીને) અતિચાર સેવીને (કરીને) પણ માયાવી આલોચના ન કરે. ગુરૂ સમક્ષ નિવેદન કરે નહીં, મિચ્છા મિ દુક્કડમ્ આપે નહીં. આત્મ સાક્ષીએ નિંદા કરે નહીં. અતિચારથી નિવર્તે (પાછો ફરે) નહીં. શુદ્ધ ભાવરૂપ જળથી અતિચારરૂપ કલંકને શુદ્ધ કરે નહીં. ફરીથી ન કરવા વડે ઉઠે નહીં - તૈયાર થાય નહીં. તથા યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત રૂપ તપ કર્મને સ્વીકારે નહીં.

વળી આસેવા = દોષ કરવાના જ અવસરે માયાવી છે પરંતુ આલોચનાદિના અવસરે નહીં, કારણ કે માયાવીની આલોચનાદિમાં પ્રવૃત્તિ હોતી નથી.

વળી તે માયાવીને જ આલોચના ન કરવામાં અનર્થ છે. તે બતાવે છે - આ લોક (જન્મ) ગર્હિત થાય છે. અતિચાર સહિતપણાને લઇને નિંદિત હોવાથી આ જન્મ ગર્હિત થાય છે. પરલોકમાં કિલ્બિષિકાદિ દેવ રૂપે ઉત્પત્તિ થવાથી દેવ જન્મ પણ મારો ગર્હિત થાય છે. મનુષ્ય જન્મ પણ જાતિ, ઐશ્વર્ય રૂપાદિ રહિત હોવાથી ગર્હિત - નિંદિત થાય છે.

વળી જે માયાવી એક અતિચારરૂપ માયા કે બહુ અતિચારરૂપ માયા કરીને આલોચના ન કરે તેને જ્ઞાનાદિ મોક્ષમાર્ગની આરાધના નથી. વળી જે આલોચનાદિ કરે છે તેની જ આરાધના ફળવાળી થાય છે. તથા જો મારા આચાર્ય, ઉપાધ્યાયને અતિશયવાળા જ્ઞાન, દર્શન ઉત્પન્ન થાય તો મને જ્ઞાનથી જાણે કે એણે અતિચારો કર્યા છે એવા ભયથી આલોચનાદિ કરે જ (તેને પણ આરાધના છે) ॥૧૯૩॥

आचार्यादिसमक्षमालोचना कार्येति तत्समृद्धिमाह—

**आचारश्रुतशरीरवचनवाचनामतिप्रयोगसङ्ग्रहपरिज्ञाविषया गणिसम्पत् ॥१९४॥**

**आचारेति**, समुदायो गुणानां साधूनां वा भूयानतिशयवान् गणः, सोऽस्यास्तीति गणी आचार्यस्तस्य सम्पत्, समृद्धिर्भावरूपा गणिसम्पत्, तत्राचरणमाचारोऽनुष्ठानं स एव

सम्पद्विभूतिः, तस्य वा सम्पत् सम्पत्तिः प्राप्तिः आचारसम्पत् सा च चतुर्धा-यथा संयमध्रुवयोगयुक्तता, चरणे नित्यं समाध्युपयुक्ततेत्यर्थः, असंप्रग्रहः-आत्मनो जात्याद्युत्सेकरूपग्रहवर्जनम्, अनियतवृत्तिः-अनियतविहारः, वृद्धशीलता-वपुर्मनसो निर्विकारता, एवं श्रुतसम्पदपि चतुर्धा यथा-बहुश्रुतता-युगप्रधानागमता, परिचितसूत्रता, विचित्रसूत्रता स्वसमयादिभेदात्, घोषशुद्धिकरता चोदात्तादिविज्ञानादिति शरीरसम्पच्चतुर्धा यथा-आरोहपरिणाहयुक्तता-उचितदैर्घ्यविस्तारतेत्यर्थः, अनपत्रपता-अलज्जनीयाङ्गतेत्यर्थः, परिपूर्णेन्द्रियता, स्थिरसंहननता चेति । वचनसम्पच्चतुर्धा यथा-आदेयवचनता मधुरवचनता, अनिश्रितवचनता-मध्यस्थवचनेत्यर्थः, असंदिग्धवचनता चेति । वाचनासम्पच्चतुर्धा यथा-विदित्वोद्देशनं, विदित्वा समुद्देशनं परिणामिकादिकं शिष्यं ज्ञात्वेत्यर्थः । पारिनिर्वाप्य वाचना-पूर्वदत्तालापकानधिगमय्य शिष्यं पुनः सूत्रदानमित्यर्थः । अर्थनिर्यापणा-अर्थस्य पूर्वापरसाङ्गत्येन गमनिकेत्यर्थः । मतिसम्पच्चतुर्धा, अवग्रहेहापायधारणाभेदात्, प्रयोगसम्पच्चतुर्धा इह प्रयोगो वादविषयः, तत्रात्मपरिज्ञानं वादादिसामर्थ्यविषये, पुरुषपरिज्ञानं किंनयोऽयं वाद्यादिरिति, क्षेत्रपरिज्ञानम्, वस्तुपरिज्ञानं वस्त्विह वादकाले राजामात्यादि । सङ्ग्रहपरिज्ञा सङ्ग्रहः स्वीकारणं तत्र परिज्ञा-ज्ञानं सापि चतुर्विधा तद्यथा-बालादियोग्यक्षेत्रविषया, पीठफलकादिविषया यथासमयं स्वाध्यायभिक्षादिविषया, यथोचितविनयविषया चेति ॥१९४॥

આચાર્ય આદિની પાસે આલોચના કરવી જોઇએ તો તે આચાર્ય આદિની ભાવ સમૃદ્ધિ કહે છે.

ગણ = ઘણો અથવા અતિશયવાળો સમુદાય. તે ગુણોનો કે સાધુઓનો સમુદાય જેની પાસે છે તે ગણી - આચાર્ય. તેની સંપત્ એટલે ભાવરૂપ સમૃદ્ધિ તે ગણિસંપત્ કહેવાય છે. તે આઠ પ્રકારે છે. તેમાં -

**(૧) આચાર સંપત્ :-** આચરવું તે આચાર - અનુષ્ઠાન. તે જ સંપત્ - વિભૂતિ અથવા તેની પ્રાપ્તિ તે આચાર સંપત્. તે આચાર સંપત્ ચાર પ્રકારે છે.

(૧) **સંયમ ધ્રુવયોગ યુક્તતા :-** ચારિત્રમાં હંમેશા સમાધિ પૂર્વક સાવધાનતા.

(૨) **અસંપ્રગ્રહઃ :-** આત્માને જાતિ વગેરેના અહંકારરૂપ આગ્રહનું વર્જવું.

(૩) **અનિયતવૃત્તિ :-** અનિયત વિહાર. (૪) **વૃદ્ધશીલતા :-** શરીર અને મનથી નિર્વિકારતા.

**(૨) શ્રુત સંપત્ :-** શ્રુત સંપત્ પણ ચાર પ્રકારે છે.

(૧) **બહુશ્રુતતા :-** યુગપ્રધાન આગમતા. જે યુગમાં જેટલા આગમો મોજૂદ હોય તે આગમોનું પારગામીપણું.

(૨) **પરિચિત સૂત્રતા** (૩) **વિચિત્ર સૂત્રતા :-** સ્વ સમય (સિદ્ધાંત) આદિના ભેદથી વિચિત્ર સૂત્રતા.

(૪) **ઘોષવિશુદ્ધિકરતા :-** ઉદાત્ત આદિના જ્ઞાનથી ઘોષ (ઉચ્ચાર) ની વિશુદ્ધિ કરવાપણું.

**(૩) શરીર સંપત્ :-** શરીરનું યોગ્ય પ્રમાણ અને સંપૂર્ણ અવયવાદિ.

(૧) **આરોહ પરિણાહયુક્તતા :-** યોગ્ય લંબાઈ અને પહોળાઈ. (૨) **અનપત્રપતા :-** અલજ્જનીય અંગપણું.

(૩) **પરિપૂર્ણ ઇન્દ્રિયતા :-** પરિપૂર્ણ ઇન્દ્રિયપણું. (૪) **સ્થિર સંહનનતા :-** સ્થિર સંઘયણપણું.

**(૪) વચન સંપત્ :-** વચન સંપત્ ચાર પ્રકારે છે.

(૧) **આદેયવચનતા** (૨) **મધુરવચનતા.** (૩) **અનિશ્રિતવચનતા** મધ્યસ્થપણું (૪) **અસંદિગ્ધવચનતા** નિઃસંદેહ વચનતા.

**(૫) વાચના સંપત્ :-** ચાર પ્રકારે છે.

(૧) શિષ્યની યોગ્યતા જાણીને ઉદ્દેશન કરવું. (૨) પાકી બુદ્ધિવાળો શિષ્ય જાણીને સમુદ્દેશન કરવું.

(૩) પરિનિર્વાપ્યવાચના - પૂર્વે આપેલ આલાપકોને પરિપક્વ કરાવીને શિષ્યને ફરીથી સૂત્ર આપવું. (૪) અર્થ નિર્યાપણા :- પૂર્વાપરની સંગતિ વડે અર્થની ગમનિકા - વિચારણા કરાવવી.

**(૬) મતિ સંપત્ :-** અવગ્રહ, ઈહા, અપાય અને ધારણાના ભેદથી ચાર પ્રકારે છે.

**(૭) પ્રયોગ સંપત્ :-** ચાર પ્રકારે છે. પ્રયોગ એટલે વાદનો વિષય.

(૧) વાદાદિ સામર્થ્યના વિષયમાં પોતાની શક્તિનું પરિજ્ઞાન.

(૨) પુરૂષ પરિજ્ઞાન - વાદિ વગેરેનો ક્યો નય (મત) છે તેનું જ્ઞાન. (૩) ક્ષેત્ર પરિજ્ઞાન-

(૪) વસ્તુનું પરિજ્ઞાન - અહીં વસ્તુ એટલે વાદના સમયમાં રાજા, અમાત્ય વગેરેનું જ્ઞાન.

**(૮) સંગ્રહ પરિજ્ઞા :-** સંગ્રહ એટલે સ્વીકારવું. તેમાં પરિજ્ઞા = જ્ઞાન. તે પણ ચાર પ્રકારે છે.

(૧) બાલાદિને યોગ્ય ક્ષેત્રના વિષયવાળી. (૨) પીઠ, ફલક આદિના વિષયવાળી.

(૩) યથાસમયે સ્વાધ્યાય અને ભિક્ષાના વિષયવાળી. (૪) યથોચિત વિનયના વિષયવાળી. ॥૧૯૪॥

पुनरपि तस्यैव स्वरूपमालोचनयोग्यं तथाऽऽलोचकसाधुस्वरूपमाह—

**आचाराधारव्यवहारज्ञाऽपव्रीडकप्रकार्यपरिश्राविनिर्यापकापायदर्शिनोऽनगारा आलोचनादानयोग्याः, जातिकुलविनयज्ञानदर्शनचारित्रसम्पन्नक्षान्तदान्ता अनगारा दोषालोचनार्हाः ॥१९५॥**

**आचारेति,** ज्ञानासेवनाभ्यां ज्ञानादिपञ्चविधाचारवानालोचकेनालोच्यमानानामतीचाराणामवधारणावान्, आगमश्रुताज्ञाधारणाजीतलक्षणानां पञ्चानां व्यवहाराणां वेत्ता, यो लज्जया सम्यगनालोचयन्तं सर्वं यथा सम्यगालोचयति तथा विधायाऽपव्रीडकः, प्रकारी- आलोचिते सति यः शुद्धिं प्रकर्षेण कारयति सः, अपरिश्रावीय आलोचकदोषानुपश्रुत्यान्यस्मै न प्रतिपादयति सः, निर्यापकः-यस्तथा करोति यथा गुर्वपि प्रायश्चित्तं शिष्यो निर्वाहयति सः, शिष्यचित्तभङ्गानिर्वाहादीन् दुर्भिक्षदौर्बल्यादिकृतानपायान् पश्यतीत्येवं शीलोऽपायदर्शी, सम्यगनालोचनायां दुर्लभबोधिकत्वादीनपायान् शिष्यस्य दर्शयतीति वेति । जातिकुले मातापितृपक्षौ, तत्सम्पन्नः प्रायोऽकृत्यं न करोति, कृत्वापि पश्चात्तापादालोचयतीति तथाविधः, विनयसंपन्नः सुखेनैवालोचयति, ज्ञानसम्पन्नो दोषविपाकं प्रायश्चित्तं वाऽवगच्छति, दर्शनसम्पन्नः शुद्धोऽहमित्येवं श्रद्धत्ते चारित्रसम्पन्नो भूयस्तमपराधं न करोति सम्यगालोचयति प्रायश्चित्तञ्च निर्वाहयति क्षान्तः परुषं भणितोऽप्याचार्यैर्न रुष्यति दान्तः प्रायश्चित्तं दत्तं वोढुं समर्थो भवतीति ॥१९५॥

ફરી પણ તેના જ સ્વરૂપને વિચારવા યોગ્ય છે તેમ જ આલોચના કરનાર સાધુના સ્વરૂપને કહે છે.....

જ્ઞાન અને આસેવન શિક્ષા વડે જ્ઞાનાદિ પાંચ પ્રકારના આચારવાળો, આલોચના કરનાર વડે આલોચના કરાતા અતિચારોની અવધારણાવાળો આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા, જીત સ્વરૂપ પાંચે ય વ્યવહારનો જે જ્ઞાતા છે, જે શરમથી સારી રીતે (ખુલ્લા દિલથી) આલોચના નહીં કરનારને બધું જેમ સારી રીતે આલોચના કરાવે તેવું કરનારને **અપવ્રીડક** કહેવાય છે.

આલોચના કરે છતે જે વિશેષે કરીને શુદ્ધિને કરાવે છે તે **પ્રકારી** છે.

જે આલોચના લેનારના દોષોને સાંભળીને બીજાને ન કહે તે **અપરિશ્રાવી** કહેવાય છે.

જે તે પ્રમાણે કરે છે - નિર્યાપણા કરાવે છે કે - જેમ શિષ્ય મોટા પણ પ્રાયશ્ચિતનો નિર્વાહ કરે છે તે **નિર્યાપક** છે.

દુકાળ અને દુર્બલતાદિ વડે કરાયેલ શિષ્યના ચિત્તભંગ અને અનિર્વાહાદિરૂપ અપાયોને જોવાના સ્વભાવવાળો જે છે તે **અપાયદર્શી** છે. અથવા સારી રીતે આલોચના ન કરવામાં દુર્લભબોધિપણું વગેરે અપાયો શિષ્યોને બતાવે છે તે **અપાયદર્શી** છે. અપાયદર્શી એવા સાધુઓ આલોચના આપવા માટે યોગ્ય છે. જાતિ = માતાનો પક્ષ, કુળ = પિતાનો પક્ષ.

**જાતિકુળસંપન્ન** એવો તે પ્રાયઃ અકૃત્યને કરતો નથી અને કદાચ થઇ જાય તો કરીને પણ પશ્ચાત્તાપથી આલોચના કરે છે. તેવા પ્રકારનો વિનય સંપન્ન સુખેથી - સહેલાઈથી આલોચના કરે છે.

**જ્ઞાનસંપન્ન** દોષના ફળને અથવા પ્રાયશ્ચિતને જાણે છે.

**દર્શનસંપન્ન** હું શુદ્ધ છું એ પ્રમાણે શ્રદ્ધા કરે છે. **ચારિત્રસંપન્ન** ફરી વાર તે અપરાધને કરતો નથી અને સારી રીતે આલોચના અને પ્રાયશ્ચિત્તનો નિર્વાહ કરે છે. **ક્ષાન્ત** ક્ષમાવાળો હોય તે આચાર્ય વડે કઠોર કે કર્કશ વચનો વડે કહેવાયેલ પણ ગુસ્સો કરતો નથી. **દાન્ત** આપેલ પ્રાયશ્ચિત્તને કરવા માટે સમર્થ હોય છે. ॥૧૯૫॥

आलोचना च मदाभावे स्यात्तत्र श्रुतमदोऽन्तर्गतः स च प्रायो वादिनां भवतीति वादिविशेषानाह—

**एकत्वानेकत्वमितनिर्मितत्वसुखसमुच्छेदनित्यत्वपरलोकाभाववादिनोऽक्रियावादिनः ॥१९६॥**

**एकत्वेति,** सकलपदार्थसार्थव्यापिन्यस्तीत्येवंरूपा क्रिया, सैव कुत्सिता अयथावस्तुविषयत्वादक्रिया तां वदन्तीत्येवंशीला अक्रियावादिनः, यथावस्थितं हि वस्त्वनेकान्तात्मकं तन्नास्त्येकान्तात्मकमेव चास्तीति प्रतिपत्तिमन्त इत्यर्थः, एवंवादित्वाच्चैते परलोकसाधकक्रियामपि परमार्थतो न वदन्ति, तन्मतवस्तुसत्त्वे हि परलोकसाधकक्रियाया अयोगादक्रियावादिन एव ते । तत्र एक एवात्मादिरर्थ इत्येवंवदतीत्येकत्ववादी, उक्तञ्च तन्मतानुसारिभिः 'एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः । एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत् ॥' इति, अपरस्त्वात्मैवास्ति नान्यदिति प्रतिपन्नः, तदुक्तं 'पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भाव्य'मित्यादि, तथा 'नित्यज्ञानविवर्त्तोऽयं क्षितितेजोजलादिकाः । आत्मा तदात्मकश्चेति सङ्गिरन्ते परे पुनः ॥ इति, शब्दाद्वैतवादी तु सर्वं शब्दात्मकमिदमित्येकत्वं प्रतिपन्नः, उक्तञ्च 'अनादिनिधनं ब्रह्म शब्दतत्त्वं यदक्षरं । विवर्त्ततेऽर्थभावेन प्रक्रिया जगतो यतः ॥' इति, अथवा सामान्यवादी सर्वमेवैकं प्रतिपद्यते सामान्यस्यैकत्वादित्येवमनेकधैकत्ववादी, अक्रियावादिता चैषां तदन्यस्याभावप्रतिपादनात्, तत्तद्वादानां युक्त्यनुपपन्नानामभ्युपगमाच्च, एवमग्रेऽपि । तथा सत्यपि कथञ्चिदेकत्वे भावानां सर्वथाऽनेकत्वं वदतीत्यनेकत्ववादी, यथा परस्परविलक्षणा एव भावाः, तथैव प्रमीयमाणत्वात्, यथा रूपं रूपतयेति, अभेदे तु भावानां जीवाजीवबद्धमुक्तसुखितदुःखितादीनामेकत्वप्रसङ्गाद्दीक्षादिवैयर्थ्यमिति । किञ्च सामान्यमङ्गीकृत्यैकत्वं विवक्षितं परैः, सामान्यञ्च भेदेभ्यो भिन्नाभिन्नतया विचार्यमाणं न घटते, एवमवयवेभ्योऽवयवी धर्मेभ्यश्च धर्मीत्येवमनेकत्ववादी, अस्याप्यक्रियावादित्वं सामान्यादिरूपतयैकत्वे सत्यपि भावानां सामान्यादिनिषेधेन तन्निषेधनादिति, न च सामान्यं सर्वथा

नास्ति, अभिन्नज्ञानाभिधानाभावप्रसङ्गात्, सर्वथा वैलक्षण्ये चैकपरमाणुमन्तरेण सर्वेषामपरमाणुत्वप्रसङ्गात् तथाऽवयविनं धर्मिणञ्च विना न प्रतिनियतावयवधर्मव्यवस्था स्यात्, भेदाभेदविकल्पदूषणञ्च कथञ्चिद्वादाभ्युपगमेन निरवकाशमिति । जीवानामनन्तानन्तत्वेऽपि परिमितान यो वदति स मितवादी, 'उत्सन्नभव्यकं भविष्यति भुवनमि'त्यभ्युपगमात् । अङ्गुष्ठपर्वमात्रं श्यामाकतन्दुलमात्रं वा मितं वदति न त्वपरिमितमसंख्येयप्रदेशात्मकतया, अङ्गुलासंख्येयादारभ्य यावल्लोकमापूरयतीत्येवमनियतप्रमाणतया वा, अथवा मितं सप्तद्वीपसमुद्रात्मकतया लोकं वदत्यन्यथाभूतमपीति मितवादीति, तस्याप्यक्रियावादित्वं वस्तुतत्त्वनिषेधनादेवेति । निर्मितमीश्वरब्रह्मपुरुषादिना कृतं लोकं वदतीति निर्मितत्ववादी, प्रमाणयति च-बुद्धिमत्कारणकृतं भुवनं संस्थानवत्त्वात्, घटादिवदित्यादि, अक्रियावादित्वं चास्य 'न कदाचिदनीदृशं जगदि'ति वचनादकृत्रिमभुवनस्याकृत्रिमतानिषेधात्, नचेश्वरादिकर्तृकत्वं जगतोऽस्ति, कुलालादिकारकवैयर्थ्यप्रसङ्गात्, कुलालादिवच्चेश्वरादेर्बुद्धिमत्कारणस्यानीश्वरताप्रसङ्गात्, ईश्वरस्याशरीरतया कारणत्वासम्भवात् सशरीरत्वे तच्छरीरस्यापि सशरीरकर्त्रन्तरेणासम्भवात्तथाविधस्य कल्पनेऽनवस्थाप्रसङ्गाच्च । तथा सुखस्यैव वादी, सुखमेव ह्यनुशीलनीयं सुखार्थिना न तु दुःखरूपं तपोनियमब्रह्मचर्यादि, कारणानुरूपत्वात् कार्यस्य, न हि शुक्लैः तन्तुभिरारब्धो रक्तः पटो भवति, अपि तु शुक्ल एव, तथा सुखासेवनात्सुखमेवेति, अक्रियावादिता चास्य संयमतपसोः पारमार्थिकप्रशमसुखरूपयोर्दुःखत्वेनाभ्युपगमात्, कारणानुरूपकार्याभ्युपगमस्य च विषयसुखादननुरूपस्य निर्वाणस्याभ्युपगमेन बाधितत्वादिति । समुच्छेदवादी-उत्पत्त्यनन्तरमेव निरन्वयविनाशितावादी क्षणिकवादीत्यर्थः नित्यस्य क्रमयौगपद्याभ्यामर्थक्रियाकारित्वासम्भवेनार्थक्रियाकारित्वलक्षणसत्त्वस्य तत्रासम्भवादिति, अक्रियावादित्वञ्चास्य क्षणिकत्वाभ्युपगमे परलोकाभावप्रसङ्गात् फलार्थिनाञ्च क्रियास्वप्रवृत्तेः, सकलक्रियासु प्रवर्त्तकस्यासंख्येयसमयसंभव्यनेकवर्णोल्लेखवतो विकल्पस्य प्रतिसमयक्षयित्वे एकाभिसन्धिप्रत्ययाभावात् सकलव्यवहारोच्छेदाच्च । एवं नित्यत्ववादी-नित्यो हि लोकः, आविर्भावतिरोभावमात्रत्वादुत्पादविनाशयोः, असतोऽनुत्पादाच्छशविषाणस्येव, सतश्चाविनाशाद्घटवत्, न हि सर्वथा घटो विनष्टः, कपालाद्यवस्थाभिस्तस्य परिणतत्वात्, तासाञ्चापारमार्थिकत्वान्मृत्सामान्यस्यैव पारमार्थिकत्वात्तस्य चाविनष्टत्वादिति, अक्रियावादिता चास्यैकान्तनित्यस्य स्थिरैकरूपतया सकलक्रियाविलोपाभ्युपगमादिति । एवं परलोकाभाववादी तु न विद्यते मोक्षो जन्मान्तरं वा, आत्मा हि नास्ति प्रत्यक्षादिप्रमाणाविषयत्वात्तदभावाच्च न

पुण्यपापलक्षणं कर्म तदभावान्न परलोको मोक्षो वेति, अक्रियावादिता चास्य प्रत्यक्षाद्यप्रवृत्त्याऽऽत्मादीनां निराकर्त्तुमशक्यत्वात्, सत्यपि वस्तुनि प्रमाणाप्रवृत्तिदर्शनात्, आगमविशेषसिद्धत्वाच्च, नापि चैतन्यमुपलभ्यमानं भूतधर्मो भवितुमर्हति, विवक्षितभूताभावेऽपि जातिस्मरणादिदर्शनादिति, मतानामेषामष्टानां विस्तरतो निरूपणं प्रतिविधानञ्च तत्त्वन्यायविभाकरसम्मतितत्त्वसोपानादौ द्रष्टव्यम् ॥१९६॥

આલોચના મદના અભાવમાં થાય છે. મદમાં શ્રુતનો મદ છે. અને તે પ્રાયઃ વાદીઓને હોય છે. માટે વાદી વિશેષને કહે છે.

આઠ અક્રિયાવાદી છે. ૧. એકવાદી, ૨. અનેકવાદી, ૩. મિત્તવાદી, ૪.નિર્મિતવાદી, ૫. સાતવાદી ૬. સમુચ્છેદવાદી ૭. ક્ષણિકવાદી ૮. પરલોકવાદી.

સમસ્ત પદાર્થમાં સમૂહમાં વ્યાપીને રહેલ 'અસ્તિ' એ રૂપવાળી જે ક્રિયા તે જ કુત્સિત છે - તે જ અયથાર્થ વસ્તુના વિષયપણે કુત્સિતા નિંદિતા તે અક્રિયા. તે અક્રિયાને જેઓ બોલે છે એવા સ્વભાવવાળા તે અક્રિયાવાદી છે.

યથાવસ્થિત વસ્તુતો અનેકાંતાત્મક નથી પરંતુ એકાતાત્મક જ છે. એ પ્રમાણે સ્વીકારવાવાળા અર્થાત્ નાસ્તિકો એ રીતે બોલનારા હોવાથી તેઓ પરલોક સાધક ક્રિયાને પણ પરમાર્થથી કહેતા નથી. તેઓના મતમાં વસ્તુઓનો સદ્ભાવ છતે પણ પરલોકને સાધક ક્રિયાના અયોગથી તેઓ અક્રિયાવાદી જ છે. તેમાં

**(૧) એકત્વવાદી :-** એક જ આત્માદિ પદાર્થ છે એમ બોલે છે તે એકત્વવાદી છે.

તે મતાનુસારીઓ વડે કહેવાયું છે -

એક જ ભૂતરૂપ આત્મા, પ્રત્યેક પ્રત્યેક ભૂત-જીવમાં વ્યવસ્થિત રહેલ છે. પરંતુ તે એક પ્રકારે અને અનેક પ્રકારે જલ - ચંદ્રની જેમ દેખાય છે. અર્થાત્ જેમ એક ચન્દ્ર છતાં જલમાં તેના પ્રતિબિંબો પડવાથી અનેક ચન્દ્ર દેખાય છે.

બીજો એક વાદી તો આત્મા જ છે. પરંતુ બીજો કોઈ પદાર્થ નથી એમ સ્વીકારનારો છે. કહ્યું છે કે- "આ બધું પુરૂષ જ છે. જે સર્વ થયેલ અને થશે" ઈત્યાદિ.

વળી બીજા વાદીઓ કહે છે - "હંમેશા જ્ઞાનથી યુક્ત, પૃથ્વી, તેજ, જલ વગેરેવાળો આ આત્મા તદાત્મક જ છે.

વળી શબ્દાદ્વૈત (એક) વાદીઓ તો બધું ય વિશ્વ શબ્દાત્મક છે એવી રીતે એકત્વને માને છે કહ્યું છે કે-

શબ્દ તત્ત્વરૂપ જે અક્ષર, અર્થભાવ વડે વર્તે છે તે અનાદિ - અનંત બ્રહ્મ છે જેથી આ જગતની પ્રક્રિયા છે.

અથવા સામાન્યવાદી બધું ય એક જ સ્વીકારે છે. કેમ કે સામાન્યનું એકપણું છે એવી રીતે અનેક પ્રકારે એકત્વવાદી છે. એનું અક્રિયાવાદીપણું તો તેનાથી અન્ય સદ્ભૂત - રહેલા છતાં ભાવોને 'નાસ્તિ' નથી એમ પ્રતિપાદન કરવાથી અને યુક્તિઓ વડે અઘટમાન (આત્માદ્વૈત, પુરૂષાદ્વૈત અને શબ્દાદ્વૈતાદિના અસ્તિપણાનો સ્વીકાર કરવાથી) હોવાથી છે.

(૨) તથા કથંચિત એકપણું છતે પણ સર્વથા - એકાંતે ભાવોનું અનેકપણું કહે છે તે **અનેકાંતવાદી :-**

પરસ્પર વિલક્ષણ - જુદા જ ભાવો છે. તે જ પ્રમાણે પ્રમાણ કરાય છે. જેમ રૂપ, રૂપપણાએ (ભિન્ન છે) ભાવોના અભેદમાં તો જીવ, અજીવ, બદ્ધ, મુક્ત, સુખી, દુઃખી વગેરેનો એકપણાનો પ્રસંગ થવાથી દીક્ષાદિ નિરર્થક થશે.

વિશેષ કહે છે - સામાન્યને અંગીકાર કરીને બીજા વાદીઓએ એકપણું વિવક્ષેલ છે. પરંતુ સામાન્ય ભેદ - વિશેષથી ભિન્ન અને અભિન્નપણાએ વિચારાતું ઘટતું નથી. એવી રીતે અવયવોથી અવયવી, ધર્મોથી ધર્મી આ પ્રમાણે અનેકવાદી કહે છે.

એનું પણ અક્રિયાવાદીપણું સામાન્યાદિ રૂપપણાએ કરી ભાવોનું એકત્વ હોતે છતે પણ સામાન્યાદિના નિષેધ વડે છે. તેનો નિષેધ કરવાથી. કારણકે સામાન્ય સર્વથા નથી એમ (યુક્ત) નથી. કેમકે અભિન્ન જ્ઞાનના કથનના અભાવનો પ્રસંગ આવવાથી, વળી સર્વથા ભિન્નપણું (સ્વીકાર્યે) છતે એક પરમાણુ સિવાય બધાય પરમાણુઓને અપર પરમાણુપણાનો પ્રસંગ આવે. તથા અવયવી અને ધર્મી સિવાય પ્રતિનિયત ધર્મની વ્યવસ્થા નહીં થાય. (અર્થાત્ આ કોના અવયવો છે એમ નહીં કહી શકાય. તેથી સર્વ સંકરપણું પ્રાપ્ત થાય) અને ભેદ, અભેદ વિકલ્પરૂપ દૂષણ તો કથંચિત્ વાદના સ્વીકાર વડે અવકાશ રહિત છે.

**(૩) મિતવાદી :-** જીવોનું અનંતાનંતપણું હોવા છતાં પણ મિત = પરિણામવાળા કહે છે - 'ઉચ્છેદ પામવાવાળું જગત થશે - પ્રલય થશે.' એ પ્રમાણે સ્વીકારવાથી અથવા પ્રમાણવાળો અંગુઠાના પર્વ માત્ર કે શ્યામક તંદુલ માત્ર જીવને કહે છે પરંતુ અપરિમિત અસંખ્યેય પ્રદેશાત્મકપણાએ કે અંગુલના અસંખ્યેય ભાગથી આરંભીને યાવત્ લોકને પૂરે છે. એવી રીતે અનિયત પ્રમાણપણે સ્વીકારતો નથી. અથવા મિત-સપ્તદ્વીપ સમુદ્રપણાએ લોકને કહે છે. અન્યથા ભૂત પણ કહે છે તે મિતવાદી. તેનું પણ અક્રિયાવાદીપણું વસ્તુતત્ત્વના નિષેધથી જાણવું.

**(૪) નિર્મિતવાદી :-** ઈશ્વર, બ્રહ્મ, પુરૂષાદિવડે કરાયેલ લોક છે. એવું કહે છે તે નિર્મિતવાદી છે. તેમાં પ્રમાણ આપે છે - બુદ્ધિમાન (પુરૂષ)રૂપ કારણવડે કરાયેલું આ જગત છે. કેમકે ઘટની જેમ સંસ્થાન-આકારવાળું હોય છે. ઈત્યાદિ.

અક્રિયાવાદીપણું તો એનું "ક્યારે પણ અનિદશ જગત ન હતું અર્થાત્ એવું જ હતું" આ વચનથી અકૃત્રિમ જગતની અકૃત્રિમતાનો નિષેધ કર્યો છે. કારણ કે ઈશ્વરાદિ વડે જગતનું કર્તાપણું

નથી. (તેમ માનવાથી) કુંભારાદિને કર્તાપણાનો પ્રસંગ વ્યર્થ થશે અને કુંભારાદિની જેમ બુદ્ધિમાન કારણભૂત ઈશ્વરાદિને અનિશ્વરતાનો પ્રસંગ આવશે. અર્થાત્ કુંભારાદિ સદૃશ ઈશ્વર થશે. વળી અશરીરપણાને લઈને ઈશ્વરને કારણના અભાવથી ક્રિયામાં અપ્રવૃત્તિ થાય અને શરીરપણું છતે ઈશ્વરના શરીરનું પણ અન્યકર્તાવડે થવું જોઈએ. એ પ્રમાણે તો અનવસ્થાનો પ્રસંગ થશે.

(૫) **સાતવાદી** :- સાત = સુખ ભોગવવું એમ કહે છે તે સાતવાદી. સુખના અર્થી જીવોએ સુખ ભોગવવું પરંતુ અસાત-દુઃખરૂપ તપ, નિયમ અને બ્રહ્મચર્યાદિનું કરવું નહી, કેમકે કાર્યનું કારણને અનુરૂપપણું હોય છે. સફેદ તંતુઓ વડે આરંભેલું વસ્ત્ર, લાલ થતું નથી પરંતુ શુક્લ જ થાય છે. એવી રીતે સુખના સેવનથી સુખ જ થાય છે.

અક્રિયાવાદીપણું તો એનું પારમાર્થિક પ્રશમ સુખરૂપ સંયમ અને તપને દુઃખપણે સ્વીકારવાથી અને કારણને અનુરૂપ કાર્યના સ્વીકારનું તો વિષયસુખથી અનનુરૂપ મોક્ષસુખને માનવા વડે બાધિતપણું હોવાથી.

(૬) **સમુચ્છેદવાદી** :- ઉત્પત્તિ પછી તરત જ દરેક ક્ષણમાં નિરન્વય-સંબંધ રહિત નાશને જે કહે છે અર્થાત્ ક્ષણિકવાદી તે સમુચ્છેદવાદી છે. સત્‌નું લક્ષણ છે અર્થક્રિયાકારિત્વ. નિત્ય વસ્તુમાં ક્રમથી કે એકી સાથે પણ કાર્યનો સંભવ નથી. તેથી તેમાં અર્થક્રિયાકારિત્વ લક્ષણનો પણ સંભવ નથી.

જો કાર્ય ન કરવામાં પણ વસ્તુપણે સ્વીકાર કરાય તો ખરવિષાણ (ગધેડાના શીંગડા)ને પણ સત્‌પણાનો પ્રસંગ આવશે. અને નિત્યવસ્તુ કાર્યને ક્રમશઃ કરે નહી. કેમકે નિત્ય = છે છે છે. એક સ્વભાવપણું હોઈ કાલાંતરમાં થનાર બધા ય કાર્યના ભાવનો પ્રસંગ આવે છે. જો એમ નહીં સ્વીકારશો તો દરેક ક્ષણમાં અન્ય અન્ય સ્વભાવની ઉત્પત્તિ થવા વડે નિત્યત્વની હાનિ થશે.

નિત્ય વસ્તુ એકી સાથે પણ કાર્યને કરે નહીં. કારણ કે એકી સાથે કાર્ય નહીં કરવાનું પ્રત્યક્ષથી સિદ્ધ છે. આ હેતુથી ક્ષણિક વસ્તુ જ કાર્યને કરે છે. એ રીતે અર્થક્રિયાકારીપણાથી ક્ષણિક વસ્તુ છે.

આ અક્રિયાવાદી એવી રીતે જાણવો - સંબંધ રહિત નાશનો સ્વીકાર અર્થાત્ માનવામાં જ પરલોકના અભાવને ઉત્પન્ન કરે છે. તથા ફલના અર્થી જીવોને ક્રિયામાં અપ્રવૃત્તિ ઉત્પન્ન કરે છે. તથા સમસ્ત ક્રિયામાં પ્રવર્તકને અસંખ્યેય સમયમાં થનાર અનેક અક્ષરના ઉલ્લેખવાળા વિકલ્પનું પ્રતિસમય ક્ષયપણું થયે છતે એક ઈચ્છિત પ્રત્યયના અભાવથી સમસ્ત વ્યવહારનો ઉચ્છેદ થાય.

આ કારણથી જ એકાંત ક્ષણિક મતથી કુંભારાદિ પાસેથી અર્થક્રિયા ઘટી શકતી નથી. માટે વસ્તુ પર્યાયથી સમુચ્છેદ-નાશવાળી છે, પરંતુ દ્રવ્યથી નાશવાળી નથી.

(૭) **નિત્યવાદી** :- વસ્તુને જે નિત્ય કહે તે નિત્યવાદી છે. તે આ પ્રમાણે - લોક નિત્ય છે કેમકે ઉત્પાદ અને વિનાશના આવિર્ભાવ-પ્રગટ થવું અને તિરોભાવ-અંતર્ભાવ માત્રપણાથી સસલાના

શીંગડાની જેમ 'અસત્'નો ઉત્પાદ ન થવાથી અને ઘટની જેમ 'સત્'નો વિનાશ ન થવાથી. કારણ કે ઘટ સર્વથા નાશ પામેલ નથી. કપાલાદિ અવસ્થા વડે તેનું પરિણતપણું હોવાથી. વળી કપાલાદિ અવસ્થાનું અપારમાર્થિકપણું હોવાથી અને માટીરૂપ સામાન્યનું જ પારમાર્થિકપણું હોવાથી અને મૃત્તિકારૂપ સામાન્યના અવિનષ્ટપણાથી. (આ નિત્યવાદીનો પક્ષ છે.)

સ્થિર એકરૂપપણે એકાંત નિત્યને સ્વીકારવા વડે સકલ ક્રિયાનો લોપ સ્વીકારવાથી આ અક્રિયાવાદી છે.

(૮) **પરલોક અભાવવાદી** :- મોક્ષ નથી, જન્માંતર અર્થાત્ બીજો જન્મ - પરલોક નથી એમ જે કહે છે તે પરલોક અભાવવાદી છે. તે આ પ્રમાણે - આત્મા નથી કારણ કે પ્રત્યક્ષાદિ પ્રમાણનો વિષયભૂત નથી. અને આત્માનો અભાવ છે માટે પુણ્ય, પાપરૂપ કર્મ નથી. અને કર્મનો અભાવ છે માટે પરલોક નથી અને મોક્ષ પણ નથી.

વાદીની અક્રિયાવાદિતા સ્ફુટ જ છે. એનો મત સંગત (યોગ્ય) નથી. કારણ કે પ્રત્યક્ષાદિની અપ્રવૃત્તિ વડે આત્માદિનું નિરાકરણ-ખંડન કરવા માટે અશક્ય હોવાથી. વસ્તુ હોવા છતાં પ્રમાણની અપ્રવૃત્તિ જોવાથી અને આગમવિશેષથી વસ્તુ સિદ્ધ થતી હોવાથી.

તથા ભૂતધર્મતા પણ ચૈતન્યની નથી. કારણ કે વિવક્ષિત ભૂતોના અભાવમાં પણ જાતિસ્મરણ આદિ દેખાય છે.

અહીં આઠે વાદીઓનું પણ સૂચન માત્ર બતાવ્યું છે. વિસ્તારથી નિરૂપણ અને પ્રતિવિધાન (જવાબ) તત્ત્વન્યાયવિભાકર, સમ્મતિતત્ત્વસોપાન આદિ અન્ય ગ્રન્થથી જાણવું અને વિચારવું. ॥૧૯૬॥

एते वादिनः शास्त्रपरिकर्मितमतयो भवन्ति, शास्त्रं च वचनविभक्तियोगेनार्थप्रतिपादकमिति वचनविभक्तीराह—

**प्रथमादयोऽष्टौ वचनविभक्तयः ॥१९७॥**

**प्रथमादय** इति, एकत्वद्वित्वबहुत्वलक्षणोऽर्थ उच्यते यैस्तानि वचनानि, विभज्यते कर्तृत्वकर्मत्वादिलक्षणोऽर्थो यया सा विभक्तिः, वचनात्मिका विभक्तिर्वचनविभक्तिः सु औ जसित्यादि, कर्मादिकारकशक्तिभिरधिकस्य लिङ्गार्थमात्रस्य यत्र प्रतिपादनं तत्र प्रथमा भवति, यथा स वा अयं वाऽऽस्ते अहं वा आसे इत्यादि । कर्तुः क्रियया व्याप्तुमिष्यमात्रं कर्म तत्र द्वितीया यथा भण इमं श्लोकं घटं ददाति ग्रामं यातीत्यादि । क्रियां प्रति साधकतमं करणं, तत्र तृतीया यथा-दानेन लभते धर्ममित्यादि । यस्मै सत्कृत्य प्रदाप्यते यस्मै वा सम्प्रदीयते स सम्प्रदानं, तत्र चतुर्थी यथा-भिक्षवे भिक्षां दापयति ददाति वेत्यादि । सम्प्रदानस्योप-

लक्षणत्वान्नमःस्वस्तिस्वाहास्वधाऽलंवषड्योगाच्च चतुर्थी नमः शाखायै इत्यादि । अपादीयते अपायतो–विश्लेषत आ–मर्यादया दीयते खण्ड्यते आदीयते–गृह्यते वा यस्मात्तदपादानं अवधिमात्रमित्यर्थः, तत्र पञ्चमी यथा–अपनय गृहाद्धान्यं कुशूलाद्‌गृहाणेति । स्वस्वामिसम्बन्धे षष्ठी भवति, यथा तस्यायं भृत्य इत्यादि । सन्निधीयते क्रियाऽस्मिन्निति सन्निधानमाधारस्तत्र सप्तमी विषयोपलक्षणत्वाच्चास्य काले भावे च क्रियाविशेषणेऽपि, तत्र सन्निधाने यथा तद्भक्तमिह पात्रे, तत्सप्तच्छदवनमिह शरदि पुष्यति, अत्र पुष्यनक्रिया शरदा विशेषिता, तत्कुटुम्बकमिह गवि दुह्यमाणायां गतम्, अत्र गमनक्रिया गोदोहनभावेन विशेषितेति । आमंत्रणे प्रथमा, इयं विभक्तिरामंत्रणलक्षणार्थस्य कर्मकरणादिवल्लिङ्गार्थमात्रातिरिक्तस्य प्रतिपादकत्वेनाष्टमी विभक्तिरुक्ता यथा हे युवन्नित्यादि ॥१९७॥

આ બધા વાદીઓ શાસ્ત્રપરિકર્મિત બુદ્ધિવાળા હોય છે, અને શાસ્ત્ર વચન-વિભક્તિના સંબંધથી અર્થનું પ્રતિપાદન કરનારા હોય છે માટે વચન અને વિભક્તિઓ કહે છે.

એક, બે અથવા બેથી વધારે જેના વડે કહેવાય છે તે **વચન** છે. કર્તા, કર્માદિ સ્વરૂપ અર્થ જેના વડે વિભાગ કરાય છે તે **વિભક્તિ** છે. વચનસ્વરૂપ વિભક્તિ તે વચન વિભક્તિ કહેવાય છે. સુ,ઔ,જસ્ ઈત્યાદિ.

કર્માદિકારક શક્તિ વડે અધિક, લિંગાર્થમાત્રનું જ્યાં પ્રતિપાદન કરાય છે ત્યાં (તેમાં) **પ્રથમા** વિભક્તિ થાય છે. જેમકે - 'તે' 'કે' 'આ' છે ને 'હું છું'.

કર્તાની ક્રિયા વડે જે પ્રાપ્ત કરવા માટે ઈચ્છાય તે **કર્મ**. તેમાં બીજી વિભક્તિ થાય. દા.ત. આ શ્લોકને ભણ, તે ઘડાને આપે છે, તે ગામ જાય છે. ક્રિયા માટે અત્યંત ઉપયોગી સાધન તે **કરણ**. અને તેમાં-કરણને **તૃતીયા** વિભક્તિ થાય છે. દા.ત. દાન વડે ધર્મ મેળવે છે. જેને સત્કાર કરીને અપાય છે અથવા તો જેને અપાય છે તેને સંપ્રદાન કહેવાય છે. તેમાં **ચતુર્થી** વિભક્તિ થાય છે. દા.ત. ભિક્ષુકને ભિક્ષા અપાવે છે અથવા આપે છે. સંપ્રદાનના ઉપલક્ષણથી નમઃ, સ્વસ્તિ, સ્વાહા, સ્વધા, અલં, વષડ્‌ના યોગમાં **ચતુર્થી** વિભક્તિ થાય છે. દા.ત. શાખાને નમસ્કાર થાઓ.

વિશ્લેષણ કરે છે. જુદા કરવાથી મર્યાદા વડે અપાય છે - આ વચનથી ટૂકડો કરાય છે, લેવાય છે, ગ્રહણ કરાય છે જેમાંથી તે અપાદાન અવધિમાત્ર મર્યાદાપ્રમાણ છે. તેમાં પાંચમી વિભક્તિ થાય છે. દા.ત. ઘરથી ધાન્ય લઈ લે. કોઠીમાંથી ગ્રહણ કર.

**સ્વસ્વામી સંબંધમાં છઠ્ઠી** વિભક્તિ થાય છે. સ્વ એટલે પોતે અને સ્વામી તે બંનેનું વચન-કથન તે સ્વસ્વામીના વચનમાં અર્થાત્ સંબંધમાં **ષષ્ઠી** વિભક્તિ થાય છે. દા.ત. તેનો આ નોકર છે. ઈત્યાદિ.

જેમાં ક્રિયા કરાય તે સંનિધાન કે આધાર તેમાં સપ્તમી વિભક્તિ થાય છે. વિષયના ઉપલક્ષણથી કાળ, ભાવરૂપ ક્રિયા વિશેષણ (ક્રિયા વિષય)માં પણ સપ્તમી થાય છે. દા.ત. સંનિધાનમાં (આધારમાં) - ભોજન આ પાત્રમાં છે.

**શરદઋતુમાં** સપ્તચ્છદનું વન ખીલે છે. અહીં ખીલવાની ક્રિયા શરદ (કાલ) ઋતુ વડે વિશેષિત કરાયેલ છે. તેનું કુટુંબ ગાય **દોહતે છતે ગયું.** અહીં જવાની ક્રિયા ગોદોહનરૂપ ભાવ વડે વિશેષિત કરાયેલ છે.

**આમંત્રણમાં** પ્રથમા વિભક્તિ થાય છે. આ વિભક્તિ આમંત્રણ સ્વરૂપ અર્થને, કર્મ, કરણાદિની જેમ લિંગાર્થ માત્રથી ભિન્ન પ્રતિપાદકપણાએ કરીને અષ્ટમી વિભક્તિ કહી છે. દા.ત. હે યુવન્ ! ઈત્યાદિ. ॥૧૯૭॥

विशिष्टवचनरचनायाः शास्त्रत्वात्तद्विशेषायुर्वेदविभागमाह—

**कुमारभृत्यदेहचिकित्साशालाक्यशल्यहत्याजाङ्गुलिभूतविद्याक्षारतन्त्ररसायन-तन्त्रभेदा आयुर्वेदाः ॥१९८॥**

**कुमारभृत्येति,** आयुर्जीवितं तद्विदन्ति रक्षितुमनुभवन्ति चोपक्रमरक्षणे विदन्ति वा लभन्ते यथाकालं तेन तस्मात्तस्मिन् वेत्यायुर्वेदश्चिकित्साशास्त्रं तदष्टविधम्, यथा कुमारभृत्यं–बालकानां पोषणे योग्यं तद्धि तन्त्रं कुमारभरणक्षीरदोषसंशोधनाय दुष्टशून्यनिमित्तानां व्याधीनामुपशमनार्थञ्च भवति । देहचिकित्सा ज्वरादिरोगग्रस्तस्य देहस्य चिकित्साप्रतिपादकं तन्त्रम्, तद्धि मध्याङ्गसमाश्रितानां ज्वरातीसाररक्तशोफोन्मादप्रमेहकुष्ठादीनां शमनार्थमिति । शलाकायाः कर्म शालाक्यं तत्प्रतिपादकं तन्त्रमेतद्धि ऊर्ध्ववक्रगतानां रोगाणां श्रवणवदन-नयनघ्राणादिसंश्रितानामुपशमनार्थमिति । शल्यस्योद्धारः शल्यहत्या, तत्प्रतिपादकं तन्त्रमपि तथा, तत्तृणकाष्ठपाषाणपांसुलोहलोष्टास्थिनखप्रायाङ्गान्तर्गतशल्योद्धरणार्थम् । जाङ्गुलीति विषविघाततन्त्रम्, तद्धि सर्पकीटलूतादष्टविषनाशनार्थं विविधविषसंयोगोपशमनार्थञ्च । भूतादीनां निग्रहार्थं विद्या भूतविद्या सा हि देवासुरगन्धर्वयक्षरक्षःपितृपिशाचनागग्रहाद्युप-सृष्टचेतसां शान्तिकर्मबलिकरणादिग्रहोपशमनार्था, क्षरणं क्षारः शुक्रस्य, तद्विषयं तन्त्रं क्षारतन्त्रमिदं हि सुश्रुतादिषु वाजीकरणतन्त्रमुच्यते, अवाजिनो वाजीकरणं रेतोवृद्ध्याऽश्वस्येव करणमित्यनयोः शब्दार्थः सम एवेति, तत्तन्त्रं ह्यल्पक्षीणविशुष्करेतसामाप्यायनप्रसादोपजनन-निमित्तमिति । रसोऽमृतरसस्तस्य प्राप्तिः रसायनम्, तद्धि वयःस्थापनमायुर्मेधाकरणं रोगापहरणसमर्थञ्च तत्प्रतिपादकं शास्त्रं रसायनतन्त्रमिति ॥१९८॥

વિશિષ્ટ વચનની રચનાથી જ શાસ્ત્ર વિશેષ બને છે. તેમાં તે શાસ્ત્ર વિશેષ આયુર્વેદના વિભાગને કહે છે.

આયુ = જીવન. તેના રક્ષણ કરવાનું જે જાણે છે અથવા અનુભવે છે.

ઉપક્રમ = ઉપાય અને રક્ષણને જાણે છે અને યથાસમયે જેના વડે, જેનાથી અથવા જેના વિષે (જેમાં) મેળવે છે તે આયુર્વેદ એટલે ચિકિત્સાશાસ્ત્ર છે તે આઠ પ્રકારે છે.

**(૧) કુમારભૃત્ય :-** બાળકોના પોષણમાં જે યોગ્ય હોય તે શાસ્ત્ર. કુમારના ભરણ-પોષણ માટે દૂધના દોષના સંશોધન માટે તથા દુષ્ટરહિત નિમિત્તવાળા વ્યાધિઓના ઉપશમાવવા માટે રચાયેલું જે છે તે કુમારભૃત્ય શાસ્ત્ર.

**(૨) દેહચિકિત્સા :-** તાવ આદિ રોગથી ગ્રસ્ત શરીરની ચિકિત્સા (સારવાર) જણાવનારું શાસ્ત્ર તે દેહચિકિત્સા શાસ્ત્ર. તે મધ્યાંગ (ગળાથી નીચેનું અંગ)ને આશ્રયીને થયેલા જવર (તાવ) અતીસાર (જાડા) લોહી, સોજો, ઉન્માદ (ગાંડપણ), ડાયાબીટીશ, કોઢ આદિના રોગોને શાંત-શમાવવા માટે રચાયેલું શાસ્ત્ર તે દેહચિકિત્સા શાસ્ત્ર.

**(૩) શાલાક્ય :-** શલાકાનું કાર્ય તે શાલાક્ય. તેને જણાવનારું શાસ્ત્ર તે શાલાક્ય. આ શાલાક્ય શાસ્ત્ર તે ઊંચે (ગળાથી ઉપરના ભાગના) ગયેલા, વાંકા થયેલા કાન, મોંઢુ, આંખ, નાક આદિ તેનાથી સંબંધિત રોગોના ઉપશમન માટે રચાયેલું આ શાલાક્ય (શળીનું કાર્ય) શાસ્ત્ર છે.

**(૪) શલ્યહત્યા :-** શલ્યને ઉદ્ધરવું અર્થાત્ કાંટાને કાઢવું યાને કાંટાનો નાશ બતાવનારૂં શાસ્ત્ર તે શલ્યહત્યા. દા.ત. ઘાસ, લાકડું, પથ્થર, ધૂળ, લોઢું, ઢેફુ, હાડકા, નખ વગેરે અંગની અંદર રહેલ શલ્યના ઉદ્ધાર માટે જે રચાયેલું શાસ્ત્ર તે શલ્યહત્યા શાસ્ત્ર છે.

**(૫) જાંગુલિ :-** વિષના નાશનું તંત્ર તે જાંગુલિ શાસ્ત્ર. તે સાપ, કીડા, કરોળીયાથી ડંસાયેલા વિષના નાશ માટે તેમજ વિવિધ પ્રકારના ઝેરને ઉપશમાવવા માટે રચાયેલ તે જાંગુલિ શાસ્ત્ર છે.

**(૬) ભૂતવિદ્યા :-** ભૂતાદિના નિગ્રહ માટે જે વિદ્યા છે તે ભૂતવિદ્યા. તે શાસ્ત્ર દેવ, અસુર, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, પિતા, પિશાચ, નાગ, ગ્રહાદિથી ઉપદ્રવ પામેલા - ગ્રસ્ત થયેલા ચિત્તવાળાને શાંતિકર્મ, બલિકર્મ કરવું આદિ અને ગ્રહોના ઉપશમન કરનારી વિદ્યા જેમાં છે તે ભૂતવિદ્યા શાસ્ત્ર.

**(૭) ક્ષારતંત્ર :-** શરીરમાંથી શુક્રનું ઝરવું તેના વિષયનું શાસ્ત્ર તે ક્ષારતંત્ર છે. આ સુશ્રુત આદિમાં વાજીકરણનું શાસ્ત્ર કહેવાય છે. અવાજીને વાજી કરવું અર્થાત્ વીર્યની વૃદ્ધિ વડે (જે ઘોડા જેવો નથી તેને) ઘોડા જેવો પુષ્ટ બનાવવો. આ બંનેનો (ક્ષારતંત્ર અને વાજીકરણ તંત્ર) શબ્દાર્થ સમાન છે. તે વિષયવાળું શાસ્ત્ર તો અલ્પ, ક્ષીણ અને સુકાઈ ગયેલા વીર્યવાળા પુરૂષોને વૃદ્ધિ, પ્રસાદ અને ઉપજનન (પેદા કરવું) રૂપ વિશેષ હર્ષને ઉત્પન્ન કરવા માટે રચાયેલું શાસ્ત્ર તે ક્ષારતંત્ર છે.

(૮) **રસાયનતંત્ર** :- રસ = અમૃત રસ. તેનું અયન = પ્રાપ્તિ. અમૃતરસની પ્રાપ્તિ તે રસાયન. તે રસાયણ ખરેખર જુવાનીને ટકાવનારૂં, આયુષ્યની વૃદ્ધિ કરાવનારૂં, બુદ્ધિને વધારનારૂં, રોગ દૂર કરવા માટે સમર્થ છે. તેને પ્રતિપાદન કરનારૂં શાસ્ત્ર તે રસાયનશાસ્ત્ર છે. ॥૧૯૮॥

आयुर्वेदस्तु सर्वजीवोपयोगीति जीवाश्रयेणाह–

**प्रथमाप्रथमसमयभेदान्नैरयिकादयो जीवाः सांसारिकाः । जीवास्तु नैरयिकाः स्त्रीपुंसतिर्यग्योनिकमनुष्यदेवाः सिद्धाश्च, मतिश्रुतावधिमनःपर्यवकेवलज्ञानिनो मत्यज्ञान-श्रुताज्ञानविभङ्गज्ञानवन्तश्च वा ॥१९९॥**

**प्रथमेति**, स्पष्टम्, प्रथमसमयनैरयिका नरकायुःप्रथमसमयोदये, इतरे त्वितरस्मिन्नेवं तिर्यङ्मनुष्यदेवा अपि, नैरयिकानामेकवेदवत्त्वादेकभेदः शेषसंसारिणां वेदद्वयवत्त्वाद्विरूपत्वं सिद्धस्त्वेक एव यद्यपि मनुष्याणां तृतीयवेदसत्त्वेऽपि नारकान्तर्गतनपुंसकवेदसमाविष्टत्वान्न पृथग्गृहीतोऽल्पत्वेनाविवक्षितत्वाद्वा ॥१९९॥

આયુર્વેદ સર્વ જીવોને ઉપયોગી છે માટે જીવના આશ્રયથી કહે છે.

પ્રથમ સમયના નારકો એટલે નરકના આયુષ્યના પ્રથમ સમયના ઉદયવાળા. વળી બીજાઓ યાને તિર્યંચ આયુષ્યના પ્રથમ સમયના ઉદયમાં રહેલા તિર્યંચો, મનુષ્ય આયુષ્યના પ્રથમ સમયના ઉદયમાં રહેલ મનુષ્યો, દેવ આયુષ્યના પ્રથમ સમયના ઉદયમાં રહેલ દેવો પણ સંસારી સમજવા. અને અપ્રથમ સમયના પણ બધા સમજવા.

નારકીઓ ફક્ત નપુંસકવેદવાળા હોવાથી એક ભેદરૂપે છે. બાકી સંસારીઓનો પુરૂષવેદ તેમજ સ્ત્રીવેદ હોવાથી બે વેદવાળા છે. વળી સિદ્ધ ભગવંત વિરૂપપણાથી એક જ ભેદવાળા છે. જો કે મનુષ્યોને ત્રણ વેદ હોવા છતાં પણ બે વેદ કેમ કહ્યા ? નરકમાં નપુંસકવેદનો સમાવેશ થઈ જતો હોવાથી જુદો ગ્રહણ નથી કર્યો, અથવા અલ્પ હોવાથી વિવક્ષા નથી કરી.

**સૂત્રાર્થ** :- દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક આ બધા જીવો પોતપોતાના આયુષ્યના પ્રથમ સમયના ઉદયમાં અને અન્ય સમયના ઉદયમાં સંસારી છે. અને તેઓ સ્ત્રીવેદ, પુરૂષવેદ અને નપુંસકવેદવાળા છે. સિદ્ધના જીવો વિરૂપી છે. તે સંસારી જીવોમાં કેટલાક મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાનવાળા છે, અને કેટલાક મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનવાળા છે. ॥૧૯૯॥

ज्ञानिनां प्रकमात्संयमिनः प्राह–

**प्रथमाप्रथमसमयाभ्यां सूक्ष्मसम्परायसरागबादरसंपरायोपशान्तकषायवीतराग-क्षीणकषायवीतरागसंयमभेदाः संयमिनः ॥२००॥**

**प्रथमेति**, संयमश्चारित्रं सरागवीतरागभेदाद्द्विप्रकारम्, सरागो द्विधा सूक्ष्मबादर-कषायभेदात्, पुनस्तौ प्रथमाप्रथमसमयभेदाद्द्विधा, एवं चतुर्धा सरागसंयमः, तत्र प्रथमः समयः प्राप्तौ यस्य स प्रथमसमयः सूक्ष्मः किट्टीकृतः सम्परायः कषायः संज्वलनलोभलक्षणो वेद्यमानो यस्मिन् सः, तथा सहरागेन–अभिष्वंगलक्षणेन यः स सरागः, स एव संयमः, तथा च कर्मधारये प्रथमसमयसूक्ष्मसम्परायसरागसंयम इत्येकः, द्वितीयोऽप्रथमसमयविशेषित इति । बादरा अकिट्टीकृताः सम्परायाः संज्वलनक्रोधादयो यस्मिन् स बादरसम्पराय इति । वीतरागसंयमस्तु श्रेणिद्वयाश्रयणाद्द्विविधः, प्रथमाप्रथमसमयभेदेनैकैको द्विविध इति चतुर्विधः, सामस्त्येन चाष्टधेति ॥२००॥

જ્ઞાનીઓના પ્રક્રમથી સંયમીઓનું કહે છે.

સંયમ એટલે ચારિત્ર. સરાગસંયમ અને વીતરાગ સંયમના ભેદથી બે પ્રકારે છે. સરાગ સંયમ બે પ્રકારે છે. સૂક્ષ્મકષાય અને બાદરકષાય. તે બંનેના બે ભેદ છે.

(૧) પ્રથમ સમય સૂક્ષ્મકષાય સરાગ સંયમ. (૨) અપ્રથમ સમય સૂક્ષ્મકષાય સરાગ સંયમ.

(૩) પ્રથમ સમય બાદરકષાય સરાગ સંયમ. (૪) અપ્રથમ સમય બાદરકષાય સરાગ સંયમ.

આ પ્રમાણે ચાર પ્રકારે સરાગ સંયમ છે. તેમાં પ્રથમ સમય (સંયમની) પ્રાપ્તિમાં છે જેનો તે પ્રથમ સમય સંયમ, સૂક્ષ્મ-કિટ્ટીકૃત કિટ્ટીકરાયેલ = સૂક્ષ્મખંડ રૂપે કરેલ, સંપરાય-કષાય, સંજ્વલન લોભલક્ષણ વેદાય છે જે સંયમમાં તે સૂક્ષ્મ સંપરાય. તેમજ રાગસહિત જે સંયમ તે સરાગ સંયમ. તથા કર્મધારય સમાસમાં (૧) પ્રથમ સમય સૂક્ષ્મસંપરાય સ્વરૂપ સરાગ સંયમ એ પ્રમાણે એકને. (૨) અપ્રથમસમય સૂક્ષ્મ સંપરાય સ્વરૂપ સરાગસંયમ એ પ્રમાણે બીજો ભેદ.

**બાદર** = ચૂર્ણરૂપે નહીં કરાયેલા, કષાયો-સંજ્વલન ક્રોધાદિ જેમાં (જે સંયમમાં) તે બાદર સંપરાય. (૧) પ્રથમ સમય બાદર સંપરાય સ્વરૂપ સરાગ સંયમ. (૨) અપ્રથમ સમય બાદર સંપરાય સ્વરૂપ સરાગ સંયમ.

વીતરાગ સંયમ તો બે શ્રેણિના આશ્રયથી બે પ્રકારે છે. ઉપશમ શ્રેણિના બે ભેદ -

(૧) પ્રથમ સમય સૂક્ષ્મસંપરાય વીતરાગ સંયમ. (૨) અપ્રથમ સમય બાદરસંપરાય વીતરાગ સંયમ.

ક્ષપક શ્રેણિના બે ભેદ - (૧) પ્રથમ સમય ક્ષપક વીતરાગ સંયમ. (૨) અપ્રથમ સમય ક્ષપક વીતરાગ સંયમ. બધા મળીને કુલ આઠ ભેદ છે.

(૧) પ્રથમ સમય સૂક્ષ્મ સંપરાય સ્વરૂપ સરાગ સંયમ. (૨) અપ્રથમ સમય સૂક્ષ્મ સંપરાય સ્વરૂપ સરાગ સંયમ. (૩) પ્રથમ સમય બાદર સંપરાય સ્વરૂપ સરાગ સંયમ. (૪) અપ્રથમ સમય

બાદર સંપરાય સ્વરૂપ સરાગ સંયમ. (૫) પ્રથમ સમય સૂક્ષ્મ સંપરાય વીતરાગ સંયમ. (૬) અપ્રથમ સમય સૂક્ષ્મ સંપરાય વીતરાગ સંયમ. (૭) પ્રથમ સમય ક્ષપક વીતરાગ સંયમ. (૮) અપ્રથમ સમય ક્ષપક વીતરાગ સંયમ. ॥૨૦૦॥

संयमसिद्धिश्च शुभानुष्ठानेष्वप्रमादित्वाद्भवतीत्यप्रमादस्थानान्याह—

**अश्रुतधर्मश्रवणाय श्रुतधर्मपरिपाकाय संयमेनपापकर्मविशोधनाय प्राक्कर्मणां तपसा निर्जरायै परिजनसङ्ग्रहाय शैक्षस्याचारगोचरग्रहणतायै ग्लानस्य वैयावृत्त्यकरणायाधीकरणस्योपशमनाय च पराक्रमो विधेयः ॥२०१॥**

**अश्रुतेति,** अनाकर्णितानां श्रुतधर्माणां सम्यक् श्रवणायाभ्युत्थातव्यं न प्रमादः कार्यः, श्रुतानाञ्चाविच्युतिस्मृतिवासनाविषयीकरणाय पापानां कर्मणां संयमेन विशुद्धिकरणाय, प्राचीनानाञ्च कर्मणां तपसा विशोधनाय, अनाश्रितस्य शिष्यवर्गस्य संग्रहणायाभिनवप्रव्रजितमाचारो ज्ञानादिविषयः पञ्चविधो गोचरश्च भिक्षाचर्या तौ ग्राहयितुं ग्लानस्याग्लानभावेन वैयावृत्त्यकरणायाधिकरणस्य विरोधस्योपशमनाय चाभ्युत्तिष्ठेत् ॥२०१॥

સંયમની સિદ્ધિ શુભ અનુષ્ઠાનોમાં અપ્રમાદીપણાથી થાય છે. તેથી અપ્રમાદના સ્થાનો કહે છે.

(૧) નહીં સાંભળેલા શ્રુતધર્મોને સારી રીતે સાંભળવા માટે ઉદ્યત રહેવું જોઈએ. પણ પ્રમાદ ન કરવો જોઈએ, (૨) સાંભળેલા શ્રુતધર્મોની અવિચ્યુતિ, સ્મૃતિ અને વાસનારૂપ વિષય કરવા માટે, (૩) સંયમ વડે પાપકર્મોની વિશુદ્ધિ કરવા માટે, (૪) તપ વડે જૂના કર્મોની વિશુદ્ધિ-નિર્જરા માટે, (૫) આશ્રય નહીં કરેલ તેવા શિષ્યવર્ગના સંગ્રહ માટે અનાશ્રિત શિષ્યોની ઉપસંપદા માટે, (૬) નવા દીક્ષિતને જ્ઞાનાદિ પાંચ આચાર અને ભિક્ષાચર્યાનો વિષય તે બંને ગ્રહણ કરાવવા માટે, (૭) ગ્લાન-બીમારની અગ્લાનપણે - ખેદ રહિત સેવા-વૈયાવૃત્ય કરવા માટે-તત્પરતાથી વૈયાવૃત્ય કરવા માટે, (૮) ઝઘડા વગેરે વિરોધની શાંતિ માટે અધિકરણ (વિરોધ)ની ઉપશાંતિ માટે પરાક્રમ કરવું જોઈએ. અર્થાત્ ઉદ્યત રહેવું જોઈએ. તત્પર રહેવું જોઈએ. ॥૨૦૧॥

एवंगुणविशेषविशिष्टोऽप्रमादी कश्चित्केवलीभूत्वा वेदनीयादिकर्मस्थितीनामायुष्कस्थित्या समीकरणाय केवलिसमुद्घातं करोतीति तमाह—

**दण्डकपाटमन्थानलोकपूरणकरणलोकपूरणमन्थानकपाटदण्डोपसंहरणान्यष्टसामयिकानि केवलिसमुद्घातः ॥२०२॥**

**दण्डेति,** समुद्घातं प्रारभमाणः प्रथममेवान्तर्मौहूर्त्तिकमुदीरणावलिकायां कर्मप्रक्षेपव्यापाररूपमावर्जीकरणं प्रथममेवाभ्येति ततः समुद्घातं गच्छति तत्र च प्रथमसमये

स्वदेहविष्कम्भमूर्ध्वमधश्चाऽऽयतमुभयतोऽपि लोकान्तगामिनं जीवप्रदेशसंघातं दण्डमिव दण्डं केवली ज्ञानाभोगतः करोति, द्वितीये तु तमेव दण्डं पूर्वापरदिग्द्वयप्रसारणात् पार्श्वतो लोकान्तगामि कपाटमिव कपाटं करोति, तृतीये तदेव दक्षिणोत्तरदिग्द्वये प्रसारणान्मन्थानं लोकान्तप्रापिणं करोति, एवं च लोकस्य प्रायो बहु पूरितं भवति, मन्थान्तराण्यपूरितानि भवन्ति, अनुश्रेणिगमनाज्जीवप्रदेशानामिति, चतुर्थे तु समये मन्थान्तराण्यपि सकललोकनिष्कुटैः सह पूरयति, ततश्च सकलो लोकः पूरितो भवति, तदनन्तरमेव पञ्चमे समये यथोक्तप्रतिलोमं मन्थान्तराणि संहरति-जीवप्रदेशान् सकर्मकान् संकोचयति, षष्ठे मन्थानमुपसंहरति, घनतरसंकोचात् सप्तमे कपाटमुपसंहरति दण्डात्मनि संकोचात्, अष्टमे दण्डमुपसंहृत्य शरीरस्थ एव भवति तत्र च "औदारिकप्रयोक्ता प्रथमाष्टमसमययोरसाविष्टः । मिश्रौदारिकयोक्ता सप्तमषष्ठद्वितीयेषु ॥ कार्मणशरीरयोगी चतुर्थके पञ्चमे तृतीये च । समयत्रये च तस्मिन् भवत्यनाहारको नियमात् ॥" इति, वाङ्मनसोस्त्वप्रयोक्तैव, प्रयोजनाभावादिति, इत्येवमष्टसामयिकः केवलिसमुद्घातो न शेष इति ॥२०२॥

આવા પ્રકારના ગુણ વિશેષથી વિશિષ્ટ અપ્રમાદી એવો કોઈ કેવલી થઈને વેદનીય આદિ કર્મની સ્થિતિઓને આયુષ્ય કર્મની સ્થિતિની સાથે સમાન કરવા માટે કેવલી સમુદ્‌ઘાત કરે છે માટે કેવલી સમુદ્‌ઘાત કહે છે.

સમુદ્‌ઘાતનો પ્રારંભ કરનાર પહેલા અવશ્ય આવર્જીકરણ કરે છે. અર્થાત્ અંતર્મુહૂર્ત પ્રમાણ, ઉદયાવલિમાં નહીં આવેલ કર્મોને ઉદયાવલિમાં પ્રક્ષેપવારૂપ વ્યાપાર-પ્રયોગ કરે છે. ત્યાર પછી સમુદ્‌ઘાત પામે છે - કરે છે. તેમાં પહેલા સમયે પોતાના દેહ પ્રમાણે પહોળો અને ઊંચે-નીચે લાંબો બંને તરફ લોકાંત સુધી જવાવાળો જીવના પ્રદેશોના સમૂહરૂપ દંડની જેમ દંડને કેવલી જ્ઞાનના ઉપયોગથી કરે છે.

બીજે સમયે તો તે જ દંડને પૂર્વ અને પશ્ચિમ એ બે દિશામાં ફેલાવવાથી બંને પડખે લોકાંતગામી કપાટની જેમ કપાટ કરે છે.

ત્રીજા સમયે તે જ દંડને દક્ષિણ અને ઉત્તર એ બે દિશામાં પ્રસારવા મંથાન (રવૈયો) કરે છે. તે લોકાંત સુધી પહોંચનારો જ હોય છે. એ પ્રમાણે કરવાથી પ્રાયઃ લોકને બહુ પૂરેલું હોય છે. પરંતુ મંથાનના આંતરાઓ પૂરેલા હોતા નથી. જેમકે જીવના પ્રદેશોનું ગમન સમશ્રેણીએ હોવાથી તે રવૈયાના આંતરાઓ ખાલી રહે છે.

ચોથા સમયે મંથાનના આંતરાઓને પણ સમસ્ત લોકના નિષ્કૂટોની સાથે પૂરે છે. તેથી સમસ્ત લોક પૂરાયેલો થાય છે.

ત્યાર પછી તરત જ પાંચમા સમયે જેમ કહેલ છે તેનાથી પ્રતિલોમ = ઊલટા ક્રમથી મંથાનના આંતરાઓને સંહરે છે. કર્મસહિત જીવના પ્રદેશોને સંકોચે છે.

છઠ્ઠે સમયે મંથાનને સંહરે છે. ઘનતર અતિશય-સંકોચથી સાતમે સમયે કપાટને સંહરે છે. દંડની અંદર સંકોચ કરવાથી આઠમે સમયે દંડને સંહરીને શરીરમાં રહેલ જ (પૂર્વની જેમ) થાય છે.

તેમાં પહેલા અને આઠમા સમયમાં ઔદારિકના પ્રયોગવાળો આ હોય છે. બીજા, છઠ્ઠા અને સાતમા સમયમાં ઔદારિકમિશ્ર યોગવાળા હોય છે. ત્રીજા, ચોથા તથા પાંચમા સમયમાં કાર્મણ શરીરના યોગવાળા હોય છે. આ ત્રીજા, ચોથા તથા પાંચમા આ ત્રણ સમયમાં જીવ અવશ્ય અનાહારક હોય છે. પ્રયોજનનો અભાવ હોવાથી વચન અને મનોયોગના પ્રયોગથી તો રહિત હોય છે. આ પ્રમાણે આઠ સમયવાળો કેવલી સમુદ્ઘાત છે. પરંતુ બીજા (સમુદ્ઘાત) નહીં. ॥૨૦૨॥

केवली च ब्रह्मचारिविशेष एवेति ब्रह्मचर्यप्रतिपादकनवाध्ययनान्याचारप्रथमश्रुतस्कन्धरूपाण्याचष्टे—

**शस्त्रपरिज्ञालोकविजयशीतोष्णीयसम्यक्त्वलोकसारधूतविमोहोपधानश्रुतमहापरिज्ञा नव ब्रह्मचर्याणि ॥२०३॥**

**शस्त्रपरिज्ञेति,** शस्त्रं द्रव्यभावभेदादनेकविधम्, जीवविघातनिमित्तस्य तस्य परिज्ञा-ज्ञानपूर्वकं प्रत्याख्यानं यत्र वर्ण्यते सा शस्त्रपरिज्ञा, रागद्वेषलक्षणस्य भावलोकस्य विजयो निराकरणं यत्र स लोकविजयः, अनुकूलान् परिषहान् शीतान् प्रतिकूलांश्चोष्णानाश्रित्य यत्कृतं तच्छीतोष्णीयम्, सम्यक्त्वमचलं विधेयं न तापसादीनां कष्टतपःसेविनामष्टगुणैश्वर्यमुद्वीक्ष्य दृष्टिमोहः कार्य इति प्रतिपादनपरं सम्यक्त्वम्, अज्ञानाद्यसारत्यागेन लोकसाररत्नत्रयोद्युक्तेन भाव्यमित्येवमर्थं लोकसारः, धूतं सङ्गानां त्यजनं तत्प्रतिपादकं धूतम्, मोहसमुत्थेषु परीषहोपसर्गेषु प्रादुर्भूतेषु विमोहो भवेत्तान् सम्यक् सहेतेति यत्राभिधीयते स विमोहः, महावीरसेवितस्योपधानस्य तपसः प्रतिपादकं श्रुतमुपधानश्रुतमिति, महती परिज्ञा-अन्तक्रिया-लक्षणा सम्यग्विधेयेति प्रतिपादनपरं महापरिज्ञेति नव ब्रह्मचर्याणि, ब्रह्म कुशलानुष्ठानं तच्च तच्चर्यमासेव्यञ्च ब्रह्मचर्यं-संयमः, तत्प्रतिपादकाध्ययनानि आचारप्रथमश्रुतस्कन्धप्रतिबद्धानि ब्रह्मचर्याणीति ॥२०३॥

કેવલી ભગવંત બ્રહ્મચારી વિશેષ જ હોય છે તેથી બ્રહ્મચર્યનું પ્રતિપાદન કરનાર નવ અધ્યયનો આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધરૂપ છે તેને કહે છે -

(૧) શસ્ત્ર = દ્રવ્ય અને ભાવના ભેદથી અનેક પ્રકારનું છે. જીવના નાશનું નિમિત્ત એવું જે શસ્ત્ર તેનું પરિજ્ઞા = જ્ઞાનપૂર્વક પચ્ચક્ખાણ જેમાં કહેવાય છે તે **શસ્ત્રપરિજ્ઞા** અધ્યયન.

(૨) રાગ, દ્વેષરૂપ ભાવલોકનો વિજય-નિરાકરણ જેમાં કહેવાય છે તે **લોકવિજય** અધ્યયન.

(૩) અનુકૂલ પરીષહરૂપ-શીત અને પ્રતિકૂલ પરિષહરૂપ-ઉષ્ણને આશ્રયીને જે કરેલું છે તે **શીતોષ્ણીય** અધ્યયન.

(૪) સમ્યક્ત્વને નિશ્ચલ કરવું પરંતુ કષ્ટતપને સેવનારા તાપસાદિના અષ્ટગુણરૂપ ઐશ્વર્યનો દૃષ્ટિમોહ કરવો નહીં. અર્થાત્ પ્રશંસા કરવી નહીં એવી રીતે પ્રતિપાદનમાં તત્પર એવું અધ્યયન તે **સમ્યક્ત્વ** અધ્યયન.

(૫) અજ્ઞાનાદિ અસારનો ત્યાગ કરીને લોકના સારભૂત રત્નત્રયમાં ઉદ્યમ કરવો. આવા પ્રકારના અર્થવાળું તે **લોકસાર** અધ્યયન છે.

(૬) પરિગ્રહાદિ સંગનો ત્યાગ કરવો તેનું પ્રતિપાદન કરનારૂં **ધૂત** અધ્યયન છે.

(૭) મોહથી ઉત્પન્ન થયેલ પરીષહ, ઉપસર્ગોનો પ્રાદુર્ભાવ-ઉદય થયે છતે વિમોહ થાય તેને સારી રીતે સહે એમ જેમાં કહેવાય છે તે **વિમોહ** અધ્યયન છે.

(૮) મહાવીર પ્રભુએ સેવેલ ઉપધાન-તપનું પ્રતિપાદન કરનાર શ્રુત-ગ્રન્થ તે **ઉપધાન શ્રુત** અધ્યયન.

(૯) અંતક્રિયાસ્વરૂપ મોટી પરિજ્ઞા સારી રીતે કરવી એવું પ્રતિપાદન કરવામાં તત્પર એવું જે અધ્યયન તે **મહાપરિજ્ઞા** અધ્યયન.

બ્રહ્મ = કુશલ (સારૂં) અનુષ્ઠાન તેનું સેવન = બ્રહ્મચર્ય. તે બ્રહ્મચર્ય સેવવું જોઈએ. બ્રહ્મચર્ય = સંયમ. તેનું પ્રતિપાદન કરનાર અધ્યયનો જે આચારાંગસૂત્રમાં પ્રથમ શ્રુતસ્કંધરૂપે ગુંથાયેલા છે તે બ્રહ્મચર્ય અધ્યયનો (નવ) છે. ॥૨૦૩॥

ब्रह्मचर्यशब्देन मैथुनविरतिरप्यभिधीयत इति तद्गुप्तीराह—

**विविक्तस्थानसेवनस्त्रीकथापरिवर्जनस्त्रीनिषद्यानासेवनमनोहरेन्द्रियाचिन्तनप्रणीतरसाभोजनातिमात्राहारवर्जनपूर्वक्रीडितास्मरणशब्दाद्यननुपातित्वसातसुखाप्रतिबद्धत्वानि तद्गुप्तयः ॥२०४॥**

**विविक्तेति,** स्त्रीपशुपण्डकेभ्यः पृथग्वर्त्तिनां शयनासनादिस्थानानामासेवको भवति ब्रह्मचारी, अन्यथा तद्बाधासम्भवात्, तस्माद्देवीनार्यादिसमाकीर्णस्थानासेवनं मनोविकारसम्भवान्न कार्यमित्येकं स्थानम् । स्त्रीकथापरिवर्जनम्, केवलानां स्त्रीणां धर्मदेशनादिलक्षणवाक्यप्रबन्धरूपां जातिरूपादिविषयां वा कथां यो न कथयति स ब्रह्मचारीति द्वितीयम् ।

स्त्रीनिषद्यानासेवनम्-येषु स्थानेषु स्त्रियस्तिष्ठन्ति तत्रैकासने नोपविशेत्, उत्थितास्वपि तासु मुहूर्त्तं यावन्नोपविशेदिति तृतीयम् । मनोहरेन्द्रियाचिन्तनम्-स्त्रीणां नयननासिकादीनि दृष्टमात्रतोऽनुचिन्तनादपि वा मनोहराणि नातिशयेन चिन्तयिता भवेत् किमहो लावण्यं तन्नयनयोरित्येवमिति चतुर्थम् । प्रणीतरसाभोजनम्-न गलत्स्नेहबिन्दुभोक्तास्यादिति पञ्चमम् । अतिमात्राहारवर्जनम्-पानभोजनस्य रूक्षस्यापि 'अर्धमशनस्य सव्यञ्जनस्य कुर्याद्द्रव्यस्य द्वौ भागौ । वायुप्रविचारणार्थं षष्ठं भागमूनं कुर्यादि'ति प्रमाणातिक्रमेण नाहारको भवेत् खाद्यस्वाद्ययोरुत्सर्गतो यतीनामयोग्यत्वं विज्ञेयमिति षष्ठम् । पूर्वक्रीडितास्मरणम्-गृहस्थावस्थायां कृतस्य स्त्रीसम्भोगाद्यनुभवस्य द्यूतादिरमणस्य च न स्मर्त्ता भवेदिति सप्तमम् । शब्दाद्यननुपातित्वम्-मर्मभाषितादिकमभिष्वङ्गहेतुं रूपानुपातिनं ख्यात्यनुपातिनं वा न वदेदित्यष्टमम् । सातसुखाप्रतिबद्धत्वं-साताख्यपुण्यप्रकृतेः सकाशाद्यत्सौख्यं गन्धरसस्पर्शलक्षणं विषयसम्पाद्यं तत्परो न भवेत्, उपशमसौख्यप्रतिबद्धत्वस्यात्र निषेध इति नवममित्येवं नव ब्रह्मचर्यस्य मैथुनव्रतस्य गुप्तयो रक्षाप्रकाराः ॥२०४॥

'બ્રહ્મચર્ય' શબ્દથી મૈથુનની વિરતિ પણ કહેવાય છે માટે બ્રહ્મચર્યની ગુપ્તિઓનું પ્રતિપાદન કરતા કહે છે -

(૧) **સ્ત્રી,** પશુ તેમજ નપુંસકોથી અલગ રહેનાર, શયન, આસનાદિ સ્થાનોને સેવનાર બ્રહ્મચારી હોય છે. જો તેમ ન કરે તો તેને બાધાનો સંભવ હોવાથી તથા દેવી, સ્ત્રી આદિથી વ્યાપ્ત એવા સ્થાનોનું સેવન કરવાથી મનમાં વિકારો ઉત્પન્ન થવાની સંભાવના હોવાથી સ્ત્રી આદિ જે સ્થાનમાં રહ્યા છે ત્યાં બ્રહ્મચારીએ ન રહેવું જોઈએ. આ પહેલું સ્થાન.

(૨) **સ્ત્રીકથાનું વર્જન :-** ફક્ત સ્ત્રીઓને ધર્મદેશનારૂપ વાક્યના પ્રબંધરૂપ કથાને ન કહે. અથવા જાતિ, રૂપાદિ વિષયવાળી કથાને જે કહેતો નથી તે બ્રહ્મચારી છે. આ બીજું સ્થાન.

(૩) **સ્ત્રીનિષદ્યા સેવન :-** જે સ્થાનો (આસનાદિ પર)માં સ્ત્રીઓ બેઠી હોય તે એક જ આસન પર ન બેસે. તે આસન પરથી સ્ત્રીઓ ઊઠી જાય તો પણ મુહૂર્ત સુધી તેના પર બેસે નહી. આ ત્રીજું સ્થાન.

(૪) **મનોહરેન્દ્રિયાચિંતનં :-** સ્ત્રીઓના નેત્ર, નાસિકાદિ જોવા માત્રથી જ (આકર્ષણ થાય છે.) તેથી જોયા પછી આ મનોહર છે એમ ચિંતવન કરવાથી પણ (આહ્લાદક લાગે છે.) અતિશય ચિંતન કરનાર પણ ન થાય 'અરે આના નયનોનું શું લાવણ્ય છે ?' એ પ્રમાણે આ ચોથું સ્થાન.

(૫) **પ્રણીતરસાભોજન** :- ઝરતા-તરબતર ચીકાશવાળા બિંદુવાળા ભોજનને કરનારો ન હોય. અર્થાત્ આવી રસવાળી વસ્તુને ખાનાર ન હોય આ પાંચમું સ્થાન.

(૬) **અતિમાત્રાહારવર્જન** : લૂખા પણ પાણી અને ભોજનનો માત્રાથી વધારે આહાર કરે નહીં. અહીં ઉદરને છ ભાગ વડે વહેંચવો. તેમાં અર્ધ = ત્રણ ભાગ વ્યંજન = શાક. છાશ આદિ સહિત ચોખા, મગ વગેરે અન્નના કરવા, અને દ્રવ્ય પાણીના બે ભાગ કરવા અને એક ભાગ વાયુનો પ્રચાર થાય - ફરી શકે તેના માટે ઓછો કરવો. અર્થાત્ ખાલી રાખવો.

એવી રીતે પ્રમાણના અતિક્રમ વડે આહાર કરનાર હોય નહીં. ઉત્સર્ગથી ખાદ્ય-સુખડી મેવો વગેરે અને સ્વાદ્ય-લવિંગ, સોપારી, એલચી વગેરે આ બંને સાધુઓને યોગ્ય નથી. બંને વસ્તુનું સાધુઓને અયોગ્યપણું જાણવું. આ છટ્ઠું સ્થાન છે.

(૭) **પૂર્વક્રીડિતાસ્મરણ** :- ગૃહસ્થાવસ્થામાં કરેલ સ્ત્રી સંબંધી સંભોગના અનુભવને અને જુગારાદિ રમવારૂપ ક્રીડાને યાદ કરે નહીં. આ સાતમું સ્થાન છે.

(૮) **શબ્દાદિ અનનુપાતિત્વમ્** :- મર્મ બોલેલ આદિ રાગના કારણરૂપ એવા સ્વભાવવાળો તે શબ્દાનુપાતી, એવી રીતે રૂપાનુપાતી, ખ્યાતિ-શ્લોકાનુપાતી એવા શબ્દાદિ બોલે નહીં. આ આઠમું સ્થાન છે.

(૯) **સાતસુખાપ્રતિબદ્ધત્વ** :- સાતા નામની પુણ્ય પ્રકૃતિથી સૌખ્ય-ગંધ, રસ, સ્પર્શરૂપ વિષયથી પ્રાપ્ત થવા યોગ્ય સુખમાં બ્રહ્મચારી તત્પર હોય નહીં. અહીં ઉપશમથી ઉત્પન્ન થતા સુખમાં પ્રતિબદ્ધ-બંધાયેલાનો નિષેધ છે. (અર્થાત્ સાધુઓને સાત = ઉપશમથી થતું જે સુખ તેમાં નિષેધ નથી.) તેમ સમજવું. આ પ્રમાણે આ નવમું સ્થાન છે.

આ રીતે બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓ છે. ગુપ્તિઓ = રક્ષાના પ્રકારો (વાડ) છે. ॥૨૦૪॥

सम्यग्जीवादिपदार्थविज्ञाने ब्रह्मचर्यस्य निष्पत्तेः पदार्थविभागमाह—

**जीवाजीवपुण्यपापाश्रवसंवरनिर्जराबन्धमोक्षा नव सत्पदार्थाः ॥२०५॥**

**जीवेति**, सद्भूताः पदार्थाः सत्पदार्थाः पारमार्थिकवस्तूनीत्यर्थः, सुखज्ञानोपयोगलक्षणो जीवः, ज्ञानदर्शनसुखादिपर्यायवानित्यर्थः, तेन सिद्धानामपि सङ्ग्रहः, न तु दशविधप्राणधारी सिद्धे तदभावात्, तद्विपरीतोऽजीवो रूप्यरूपिस्वरूपः, पुद्गला रूपवन्तोऽजीवाः, धर्मादयोऽरूपिणोऽजीवाः । पुण्यं शुभप्रकृतिरूपं कर्म, पापं तद्विपरीतम्, आश्रूयते गृह्यते कर्मानेनेत्याश्रवः शुभाशुभकर्मादानहेतुः । संवरो गुप्त्यादिभिराश्रवनिरोधः, विपाकात्तपसा वा कर्मणां देशतः क्षपणा निर्जरा, आश्रवगृहीतस्य कर्मण आत्मना संयोगो बन्धः, कृत्स्नकर्मक्षयादात्मनः स्वात्मन्यवस्थानं मोक्षः । ननु जीवाजीवव्यतिरिक्ताः पुण्योदयो न

सन्ति, तथाऽयुज्यमानत्वात्, तथा हि पुण्यपापे कर्मणी बन्धोऽपि तदात्मक एव, कर्म च पुद्गलपरिणामत्वादजीव एव, आश्रवस्तु मिथ्यादर्शनादिरूपः परिणामो जीवस्य, स चात्मानं पुद्गलांश्च विरहय्य कोऽन्यः ?, संवरोऽप्याश्रवनिरोधो देशसर्वभेद आत्मनः परिणामो निवृत्तिरूपो निर्जरा तु कर्मपरिशाटो जीवः कर्मणां यत्पार्थक्यमापादयति स्वशक्त्या, मोक्षोऽप्यात्मा समस्तकर्मविरहितः, तस्माज्जीवाजीवौ सत्पदार्थाविति, सत्यमेतत्, किन्तु यावेव जीवाजीवपदार्थौ सामान्येनोक्तौ तावेवेह विशेषतो नवधोक्तौ, सामान्यविशेषात्मकत्वाद्वस्तुनः, तथेह मोक्षमार्गे शिष्यः प्रवर्त्तनीयो न सङ्ग्रहाभिधानमात्रमेव कर्त्तव्यम्, स यदैवमाख्यायते आश्रवो बन्धो बन्धद्वारायाते च पुण्यपापे मुख्यानि तत्त्वानि संसारकारणानि, संवरनिर्जरे च मोक्षस्य तदा संसारकारणत्यागेनेतरत्र प्रवर्त्तते नान्यथेत्यतः षट्कोपन्यासः, मुख्यसाध्यख्यापनार्थञ्च मोक्षस्येति ॥२०५॥

સમ્યગ્ જીવાદિ પદાર્થનું જ્ઞાન હોતે છતે બ્રહ્મચર્યની નિષ્પત્તિ હોવાથી હવે પદાર્થના વિભાગને કહે છે.

સદ્ભાવથી અર્થાત્ પરમાર્થથી (પરંતુ ઉપચારથી નહીં) એવા પદાર્થો-વસ્તુઓ તે સત્પદાર્થો.

**જીવ :-** જીવો સુખ (દુઃખ) અને જ્ઞાનરૂપ ઉપયોગ લક્ષણવાળા છે. અર્થાત્ જીવ જ્ઞાન, દર્શન અને સુખાદિ પર્યાયવાળો છે. તેથી સિદ્ધોનો પણ સમાવેશ થાય છે. પરંતુ દશપ્રાણને ધારણ કરે તે જીવ એમ કહેવું નહીં. કારણ કે સિદ્ધોમાં પ્રાણનો અભાવ છે.

**અજીવ :-** તેનાથી વિપરીત તે અજીવ છે. જે રૂપી, અરૂપી સ્વરૂપ છે. તેમાં પુદ્ગલો રૂપવાળા અજીવો છે. ધર્માદિ અરૂપી એવા અજીવો છે.

**પુણ્ય :-** પુણ્ય શુભ પ્રકૃતિરૂપ કર્મ છે. **પાપ :-** તેનાથી વિપરીત અશુભ પ્રકૃતિરૂપ કર્મ છે.

**આશ્રવ :-** જેના વડે કર્મ ગ્રહણ કરાય છે તે આશ્રવ. અર્થાત્ શુભ, અશુભ કર્મને ગ્રહણ કરવાનો હેતુ. **સંવર :-** ગુપ્તિ વગેરેથી આશ્રવના વિરોધરૂપ તે સંવર.

**નિર્જરા :-** વિપાકથી (ભોગવવાથી) અથવા તપ વડે દેશથી કર્મોનું ખપાવવું તે નિર્જરા છે.

**બંધ :-** આશ્રવ વડે ગ્રહણ કરાયેલા કર્મોનો આત્માની સાથે સંયોગ તે બંધ છે.

**મોક્ષ :-** સમસ્ત કર્મના ક્ષયથી આત્માનું પોતાના આત્મામાં જ સ્થિર થવું તે મોક્ષ છે.

**શંકા :-** જીવ અને અજીવથી જુદા પુણ્ય વગેરે પદાર્થો છે નહીં કેમકે તેવી રીતે ઘટમાન નથી. તે આ પ્રમાણે - પુણ્ય અને પાપ એ બંને કર્મ છે અને બંધ પણ તદાત્મક-કર્મસ્વરૂપ જ છે. અને તે કર્મ, પુદ્ગલનો પરિણામ છે. અને તે પુદ્ગલો અજીવો છે. આશ્રવ તો મિથ્યાદર્શનાદિરૂપ જીવોનો પરિણામ છે. આત્મા અને પુદ્ગલોને છોડીને એનાથી બીજો કોણ છે ? સંવર પણ

આશ્રવના નિરોધરૂપ દેશ અને સર્વના ભેદરૂપ આત્માનો નિવૃત્તિરૂપ પરિણામ છે. નિર્જરા તો કર્મના પરિશાટન (નાશ) રૂપ છે જે પોતાની શક્તિ વડે જીવ અને કર્મોનું જુદાપણું સંપાદન કરે છે, તદ્રૂપ છે. અને મોક્ષ પણ સમસ્ત કર્મથી રહિત આત્મારૂપ છે તે કારણથી જીવ અને અજીવરૂપ બે સદ્ભાવ પદાર્થ છે એમ કહેવા યોગ્ય છે.

**સમાધાન :** તમારૂં આ કથન સત્ય છે. પરંતુ જે આ જીવ અને અજીવ પદાર્થ જ સામાન્યથી બે પ્રકારે કહેલ છે તે જ અહીં વિશેષથી નવ પ્રકારે કહેલ છે. કારણ કે વસ્તુ સામાન્ય-વિશેષાત્મક છે. વસ્તુનું સામાન્ય-વિશેષાત્મકપણું છે.

તેમ જ અહીં શિષ્ય મોક્ષમાર્ગમાં પ્રવર્ત્તાવવા યોગ્ય છે, પરંતુ નામ માત્ર જ સંગ્રહવા યોગ્ય નથી. એ તો જ્યારે આવી રીતે (ગુરૂ) કહે કે - આશ્રવ, બંધ અને બંધદ્વાર આવે છતે પુણ્ય, પાપ. આ ચાર મુખ્ય તત્ત્વો સંસારના કારણભૂત છે, તથા સંવર અને નિર્જરા આ બે મોક્ષના કારણ છે. ત્યારે (શિષ્ય), સંસારના કારણભૂત ચાર તત્ત્વના ત્યાગપૂર્વક બીજે-સંવર અને નિર્જરામાં પ્રવર્ત્તે છે. પરંતુ અન્યથા નહીં. આ કારણથી છ તત્ત્વનું સ્થાપન છે, મોક્ષનું મુખ્ય સાધન બતાવવા માટે. ॥૨૦૫॥

अथ जीवस्य बाह्याभ्यन्तररोगोत्पत्तिकारणविशेषानाह—

**अत्यासनाहितासनातिनिद्रातिजागरणोच्चारनिरोधप्रस्त्रवणनिरोधाध्वगमनभोजनप्रतिकूलतेन्द्रियार्थविकोपनैः रोगोत्पत्तिः, निद्रानिद्रानिद्राप्रचलाप्रचलाप्रचलास्त्यानर्द्धिचक्षुरचक्षुरवधिकेवलदर्शनावरणानि दर्शनावरणीयं कर्म ॥२०६॥**

**अत्यासनेति,** सततोपवेशनमत्यासनम्, अननुकूलासनं टोलपाषाणादिकमहितासनम्, प्रकृत्यननुकूलभोजनं भोजनप्रतिकूलता, इन्द्रियार्थानां शब्दादिविषयाणां विपाक इन्द्रियार्थविकोपनम्, स्पष्टमन्यत् । रोगोत्पत्तिः शारीररोगोत्पत्तिरित्यर्थः । आन्तररोगकारणभूतकर्मविशेषभेदानाह-निद्रेति, सुखप्रबोधा स्वापावस्था निद्रा नखच्छोटिका मात्रेणापि यत्र प्रबोधो भवति, तद्विपाकवेद्या कर्मप्रकृतिरपि निद्रा, कार्येण व्यपदेशात् । दुःखप्रबोधा स्वापावस्था निद्रातिशायित्वान्निद्रानिद्रा, तस्यां ह्यत्यर्थमस्फुटतरीभूतचैतन्यत्वादुःखेन बहुभिर्घोलनादिभिः प्रबोधो भवत्यतः सुखप्रबोधनिद्रापेक्षयाऽस्या अतिशायिनीत्वम्, तद्विपाकवेद्या कर्मप्रकृतिरपि तथा, यस्यां स्वापावस्थायामुपविष्ट ऊर्ध्वस्थितो वा प्रचलति सा प्रचला, सा ह्युपविष्टस्योर्ध्वस्थितस्य वा घूर्णमानस्य स्वप्तुर्भवति, तथाविधविपाकवेद्या कर्मप्रकृतिरपि प्रचला । प्रचलाप्रचला हि चङ्क्रमणादि कुर्वतः स्वप्तुर्भवति, अतः स्थानस्थितस्वप्तृभवां प्रचलामपेक्ष्यातिशायिनी, तद्विपाकगम्या कर्मप्रकृतिरपि तथा । यस्या जाग्रदवस्था-

ऽध्यवसितार्थसाधनविषया बह्वभिकांक्षा भवति सा स्त्यानर्द्धिः, तस्यां हि सत्यां जाग्रदवस्थाध्यवसितमर्थमुत्थाय साधयति, तद्भावे हि स्वप्तुः केशवार्द्धबलसदृशी शक्तिर्भवति, तदेवं निद्रापञ्चकं दर्शनावरणक्षयोपशमाल्लब्धात्मलाभानां दर्शनलब्धीनामावारकम्, दर्शनलब्धीनां मूलत एव लाभस्यावारकं चक्षुर्दर्शनादिकम्, चक्षुषा सामान्यग्राही बोधश्चक्षुर्दर्शनं तस्यावरणं चक्षुर्दर्शनावरणम्, तद्वर्जेन्द्रियचतुष्टयेन मनसा वा यद्दर्शनं तदचक्षुर्दर्शनं तदावरणमचक्षुर्दर्शनावरणम्, करणनिरपेक्षरूपिद्रव्यविषयं दर्शनमवधिदर्शनं तदावरणम्, सकलवस्तुदर्शनं केवलदर्शनं तदावरणमित्येवं नवविधं दर्शनावरणम् ॥२०६॥

હવે જીવના બાહ્ય અને અભ્યંતર રોગની ઉત્પત્તિના કારણ વિશેષોને કહે છે -

(૧) સતત-નિરંતર બેસી રહેવું તે **અત્યાસન** છે.

(૨) પ્રતિકૂળ એવું જે આસન તે ટોલ, પાષાણાદિ તે **અહિતાસન** છે.

(૩) અતિનિદ્રા, (૪) અતિ જાગવું, (૫) ઠલ્લાને રોકવો, (૬) માત્રાને રોકવું,

(૭) અતિપ્રવાસ કે અતિવિહાર, (૮) પ્રકૃતિને અનુકૂલ નહીં તેવું ભોજન,

(૯) ઇન્દ્રિયોના અર્થો-શબ્દાદિ વિષયોનો વિપાક તે ઇન્દ્રિયાર્થ વિકોપન.

આ રીતે શરીરના રોગની ઉત્પત્તિ થાય છે. આ બાહ્યરોગની ઉત્પત્તિના નવ કારણો બતાવ્યા.

હવે અભ્યંતર રોગના કારણભૂત કર્મવિશેષ ભેદોને કહે છે.

(૧) સુખે જાગવારૂપ સુપ્ત અવસ્થા, સૂતેલાને સુખેથી ઉઠાડી શકાય તે **નિદ્રા**. ચપટી વગાડવા માત્રથી ઊંઘમાંથી ઊઠી જાય તે **નિદ્રા**. તેના વિપાકને અનુભવવા યોગ્ય કર્મપ્રકૃતિ પણ **નિદ્રા**. એ પ્રમાણે કાર્યથી વ્યપદેશ કરાય છે.

(૨) દુઃખે જાગી શકાય તેવી ઊંઘની અવસ્થા, નિદ્રાથી ચઢીયાતી હોવાથી તે **નિદ્રાનિદ્રા** છે. તેમાં અત્યંત અસ્પષ્ટ ચૈતન્ય હોવાથી દુઃખેથી ઘણું હલાવવા વડે જાગે છે. ખૂબ ઢંઢોળીએ ત્યારે જાગે છે આથી નિદ્રાની અપેક્ષાએ ઘણું સુવાપણું છે. તેના વિપાકને અનુભવના યોગ્ય કર્મ પ્રકૃતિ પણ કાર્ય દ્વારાએ **નિદ્રાનિદ્રા** કહેવાય છે.

(૩) જેમાં - જે સૂતેલી અવસ્થામાં બેઠેલો કે ઊભેલો ઝોલા ખાય છે. ઊંઘે છે તે પ્રચલા છે. તે બેઠેલ તે ઊભા રહેલ ડોલાયમાન થતા ઊંઘનારને હોય છે. તેવા પ્રકારની વિપાકથી અનુભવવા યોગ્ય કર્મપ્રકૃતિ પણ **પ્રચલા** છે.

(૪) ચાલતા ચાલતા ઊંઘનારને આ પ્રચલાપ્રચલા હોય છે. સ્થાનમાં રહેલ ઊંઘનારને થયેલી પ્રચલાની અપેક્ષાએ અતિશાયી છે - વધારે છે. તેના વિપાકને અનુભવવા યોગ્ય કર્મપ્રકૃતિ પણ પ્રચલાપ્રચલા છે.

(૫) જાગ્રત અવસ્થામાં ચિંતવેલ કાર્યને સાધવાના વિષયવાળી, ઘણા અભિલાષવાળી જે નિદ્રા તે સ્ત્યાનર્દ્ધિ. તે નિદ્રા હોતે છતે જાગ્રત અવસ્થામાં ચિંતવેલ કાર્યને ઊઠીને (નિદ્રામાં) કરે છે. આવી થીણદ્ધી નિદ્રા જેને હોય છે તેની વાસુદેવના અર્ધા બલ જેવી શક્તિ હોય છે.

તે જ આ નિદ્રાપંચક દર્શનાવરણ કર્મના ક્ષયોપશમથી મેળવેલ આત્મલાભરૂપ દર્શનલબ્ધિઓને આવરણ કરનારૂં-રોકનારૂં છે.

હવે જે દર્શનલબ્ધિઓના લાભને મૂળથી જ આવરણ કરનાર છે તે ચક્ષુદર્શનાદિ છે.

ચક્ષુ વડે સામાન્યગ્રાહી બોધ તે ચક્ષુદર્શન. તેનું આવરણ તે. (૬) **ચક્ષુદર્શનાવરણ** :- અલગ ચક્ષુ સિવાયની ચાર ઈન્દ્રિયો વડે અથવા મન વડે જે દર્શન તે. (૭) અચક્ષુ દર્શન તેનું આવરણ તે **અચક્ષુદર્શનાવરણ.**

(૮) ઈન્દ્રિયોની અપેક્ષા સિવાય (ઈન્દ્રિયો વિના) રૂપી દ્રવ્ય વિષયનો જે સામાન્ય બોધરૂપ દર્શન તે અવધિદર્શન. તેનું આવરણ કરે તે **અવધિદર્શનાવરણ.**

(૯) સકલ વસ્તુના સામાન્ય બોધરૂપ જે દર્શન તે કેવલદર્શન. તેનું આવરણ કરે તે **કેવલદર્શનાવરણ.** (કર્મ.) આ પ્રમાણે નવ પ્રકારે દર્શનાવરણ કર્મ કહ્યું. ॥૨૦૬॥

उपर्युक्तकर्मणां विकृतिभोगाधिक्याद्भावाद्विकृतीराह—

**क्षीरदधिनवनीतसर्पिस्तैलगुडमधुमद्यमांसानि नवस्रोतःपरिस्रवलक्षणशरीरस्योपचयहेतवो विकृतयः ॥२०७॥**

**क्षीरेति,** क्षीरं पञ्चधा अजैडकागोमहिष्युष्ट्रीभेदात्, दधिनवनीतघृतानि चतुर्धैव, उष्ट्रीणां तदभावात् तैलं चतुर्धा तिलातसीकुसुम्भसर्षपभेदात्, गुडो द्विधा द्रवपिण्डभेदात्, मधु त्रिधा माक्षिककौन्तिकभ्रामरभेदात्, मद्यं द्विधा काष्ठपिष्टभेदात्, मांसं त्रिधा जलस्थलाकाशचरभेदादिति, एतानि नव पुरुषापेक्षया नवभिः स्रोतोभिश्छिद्रैः कर्णनयननासिकास्योपस्थपायुस्वरूपैः परिस्रवतिमलं क्षरतीति नवस्रोतःपरिस्रवलक्षणं शरीरमौदारिकमेव, तस्योपचयहेतवो विकृतयो विकारकारित्वादिति ॥२०७॥

ઉપર કહેલ કર્મો વિકૃતિ (કરે તેવા)ના ભોગોની અધિકતાથી હોય છે માટે હવે વિગઈઓ કહે છે.

**ક્ષીર** = દૂધ. દૂધ પાંચ પ્રકારે છે. બકરી, ઘેટી, ગાય, ભેંસ અને ઊંટડીના ભેદથી પાંચ પ્રકારે દૂધ છે.

**દહીં, માખણ** અને **ઘી**ના ચાર જ પ્રકાર છે. કારણ કે ઊંટડીના દૂધના દહીં, માખણ, ઘી બનતું નથી. તેના દૂધમાં તેનો અભાવ છે.

તેલ ચાર પ્રકારે છે. તલનું, અલસીનું, કુસુંભ અને સરસવનું.

**ગોળ** બે પ્રકારે છે. પાતળો (પ્રવાહી) અને કઠણ એમ બે ભેદથી બે પ્રકારે ગોળ છે.

**મધ** ત્રણ પ્રકારે છે. (૧) માખીનું, (૨) કૌન્તિક = ચઉરિન્દ્રિય જીવની જાતિ વિશેષનું અને (૩) ભમરીનું.

**મદ્ય** = દારૂ. બે પ્રકારે છે (૧) કાષ્ઠનો (તાડ વગેરેનો) (૨) પિષ્ટ = લાટે આદિનો

**માંસ** ત્રણ પ્રકારે છે. (૧) જલચર, (૨) સ્થલચર, (૩) ખેચરના ભેદથી ત્રણ પ્રકારે છે.

આ નવ વિગઈઓ છે. જે શરીરની વૃદ્ધિના કારણરૂપ છે. (તેમાંથી પાંચ ભક્ષ્ય છે અને મધ, માંસ, માખણ, મદિરા ચાર અભક્ષ્ય છે.) શરીરની પુષ્ટિ કરનાર વિગઈઓ કહી તો હવે શરીર કેવું છે ? તે કહે છે. પુરૂષની અપેક્ષાએ નવ છિદ્રોથી મેલ નીકળે છે. (તે નવ છિદ્ર - બે કાન, બે આંખ, બે નાસિકા (નસકોરા), મુખ, મૂત્રસ્થાન, અપાન (ગુદાદ્વાર). આવું નવ છિદ્રોથી નીકળતા મેલવાળું ઔદારિક શરીર તેની પુષ્ટિનું કારણ વિગઈઓ છે. વિકાર કરતી હોવાથી. ॥૨૦૭॥

एवंविधशरीरेण कदाचित् पुण्यमप्युपादीयत इति तद्भेदानाह—

**अन्नपानवस्त्रगृहसंस्तारकमनोवचःकायनमस्कारपुण्यानि पुण्यभेदाः ॥२०८॥**

**अन्नेति,** पात्रायान्नदानाद्यस्तीर्थकरनामादिपुण्यप्रकृतिबन्धस्तदन्नपुण्यमेवं सर्वत्र, मनसा गुणिषु तोषाद्वचसा प्रशंसनात्, कायेन पर्युपासनान्नमस्काराच्च यत्पुण्यं तन्मनःपुण्यादीनि, उक्तञ्च 'अन्नं पानञ्च वस्त्रञ्च, आलयः शयनासनम् । शुश्रूषा वन्दनं तुष्टिः पुण्यं नवविधं स्मृत' मिति ॥२०८॥

આવા પ્રકારના શરીર વડે કદાચિત પુણ્ય પણ ઉપાર્જન કરાય છે માટે પુણ્યના ભેદ કહે છે.

પાત્રને અન્નદાન આપવાથી જે તીર્થંકર નામકર્માદિ પુણ્ય પ્રકૃતિનો બંધ તે અન્નપુણ્ય જ છે. આ રીતે સર્વત્ર સમજવું. અર્થાત્ પાન, વસ્ત્ર, વસતિ, સંથારો, આસનાદિ, આપવાથી જે પુણ્ય પ્રકૃતિનો બંધ તે પાન પુણ્ય, વસ્ત્ર પુણ્ય, ગૃહ-વસતિ પુણ્ય, સંસ્તારક - શયનાદિ સંસ્તારક પુણ્ય.

મન વડે ગુણીજનોને વિષે સંતોષ થવાથી, જે પુણ્ય થાય તે મનઃપુણ્ય.

વચન વડે પ્રશંસા કરવાથી જે પુણ્ય થાય તે વચન પુણ્ય.

કાયા વડે પર્યુપાસના - સેવા કરવાથી જે પુણ્ય થાય તે કાય પુણ્ય. અને નમસ્કાર-વંદનાદિ વડે જે પુણ્ય થાય તે નમસ્કાર પુણ્ય છે.

કહ્યું છે કે - (૧) અન્ન, (૨) પાણી, (૩) વસ્ત્ર, (૪) સ્થાન, (૫) શયન, (૬) આસન, (૭) સેવા, (૮) વંદન (સ્તુતિ), (૯) તુષ્ટિ-ખુશી થવું. આ નવ પ્રકારનું પુણ્ય કહેલું છે. ॥૨૦૮॥

पुण्यविपर्ययरूपस्य पापस्य कारणभूतानि श्रुतान्याह—

**उत्पातनिमित्तमन्त्रमातङ्गायुर्वेदकलावास्त्वज्ञानमिथ्याप्रवचनानि पापश्रुतानि ॥२०९॥**

**उत्पातेति,** उत्पातः-प्रकृतिविकाररूपः सहजरुधिरवृष्ट्यादि तत्प्रतिपादनपरं शास्त्रमपि तथा राष्ट्रोत्पातादि, निमित्तं-अतीतादिपरिज्ञानोपायं शास्त्रं कूटपर्वतादि, मन्त्रो मन्त्रशास्त्रं जीवोद्धरणगारुडादि, मातङ्गविद्या-यदुपदेशादतीतादि कथयन्ति डोण्ड्यो बधिरा इति लोकप्रतीताः, आयुर्वेदश्चिकित्साशास्त्रम्, कला-लेखाद्याः गणितप्रधानाः शकुनरुतपर्यवसाना द्वासप्ततिस्तच्छास्त्राण्यपि तथा, वास्तुविद्या-भवनप्रासादनगरादिलक्षणशास्त्रं, एतच्च सर्वमपि श्रुतं पापोपादानहेतुः संयतेन पुष्टालम्बनेन त्वासेव्यमानसपापश्रुतमेवेति ॥२०९॥

પુણ્યના વિપર્યયરૂપ પાપના કારણભૂત શ્રુતને કહે છે.

(૧) **ઉત્પાત** :- પ્રકૃતિના વિકારરૂપ સહજ લોહીવૃષ્ટિ આદિ તેનું પ્રતિપાદન કરવામાં તત્પર રાષ્ટ્રોત્પાત વગેરે શાસ્ત્ર પણ ઉત્પાત કહેવાય છે.

(૨) **નિમિત્ત** :- અતીત (ભૂત) કાલાદિના પરિજ્ઞાનના ઉપાયરૂપ, કૂટ પર્વતાદિ નિમિત્ત શાસ્ત્ર.

(૩) **મંત્ર** :- મંત્ર શાસ્ત્ર અર્થાત્ જીવનું ઉદ્ધરણ-ખેંચી કાઢવારૂપ ગારૂડ શાસ્ત્રાદિ.

(૪) **માતંગવિદ્યા** :- જેના ઉપદેશથી અતીત આદિ (વૃત્તાંત)ને કહે છે તે ડોડી અને બહેરા લોકમાં પ્રસિદ્ધ છે. (૫) **આયુર્વેદ** :- ચિકિત્સા (વૈદક) શાસ્ત્ર.

(૬) **કલા** :- ગણિત પ્રધાન લેખથી આરંભિને શકુનરૂત-પક્ષીઓના શબ્દના શુકન પર્યંત બોંતેર કલાઓ છે તેના શાસ્ત્રો પણ કલાશાસ્ત્ર.

(૭) **વાસ્તુવિદ્યા** :- ભવન, પ્રાસાદ, નગર વગેરે તેના લક્ષણ વિશિષ્ટ શાસ્ત્ર તે વાસ્તુવિદ્યા.

(૮) **અજ્ઞાન** :- ભારત, કાવ્ય, નાટક વગેરે લૌકિક શાસ્ત્ર.

(૯) **મિથ્યાપ્રવચન** :- બૌદ્ધ આદિ કુતીર્થિકોનું શાસન-શાસ્ત્ર.

આ બધુંય પાપશ્રુત-પાપના ઉપાદાનનું કારણ છે પણ સાધુએ પુષ્ટ આલંબનથી સેવ્યું થકું સપાપશ્રુત જ છે. ॥૨૦૯॥

एतच्छ्रुतावलम्बिनो निपुणा भवन्तीति निपुणपुरुषाभिधानायाह—

**संख्याननिमित्तकायिकपुराणप्रकृतिदक्षपरपंडितवादिभूतिकर्मचिकित्सका नैपुणिकाः ॥२१०॥**

**संख्यानेति,** संख्यानं-गणितं तद्योगात्पुरुषोऽपि तथा, गणितविषये निपुण इत्यर्थः, एवमग्रेऽपि, निमित्तं-चूडामणिप्रभृति, कायिकं-शारीरिकमिडापिङ्गलादिप्राणतत्त्वमित्यर्थः, पुराणो वृद्धः स च चिरजीवित्वाद्दृष्टबहुविधव्यतिकरत्वान्नैपुणिकः, शास्त्रविशेषो वा पुराणं तज्ज्ञो निपुणप्रायो भवति, प्रकृत्यैव दक्षः सर्वप्रयोजनानामकालहीनतया कर्त्तेति, परपण्डितो बहुशास्त्रज्ञो यस्य मित्रादिः पण्डितः स वा, अयं हि वैद्यकृष्णकवन्निपुणसंसर्गान्निपुणो भवति, वादी-वादलब्धिसम्पन्नो यः परेण न जीयते, मंत्रवादी वा धातुवादी वा, ज्वरादिरक्षानिमित्तं भूतिदानं भूतिकर्म तत्र निपुणः, चिकित्सकः, चिकित्सायां निपुणः, एते निपुणं सूक्ष्मं ज्ञानं तेन चरन्तीति नैपुणिकाः ॥२१०॥

આ ઉત્પાતાદિ શ્રુતવાળા નિપુણ હોય છે માટે નિપુણ પુરૂષોને કહેવા માટે કહે છે -

**(૧) સંખ્યાન** :- સંખ્યાન-ગણિત તેના યોગથી પુરૂષ પણ સંખ્યાન કહેવાય છે. અર્થાત્ ગણિત (સંખ્યાન)ના વિષયમાં નિપુણ તે સંખ્યાન.

**(૨) નિમિત્ત** :- ચૂડામણિ આદિ (પ્રમુખ) શાસ્ત્રમાં નિપુણ તે નિમિત્ત.

**(૩) કાયિક** :- શારીરિક ઇડા, પિંગલાદિ પ્રાણતત્ત્વમાં નિપુણ તે કાયિક.

**(૪) પુરાણ** :- વૃદ્ધ. તે લાંબા જીવનવાળો હોવાથી ઘણા પ્રકારના વૃત્તાંતને જોયેલ હોવાથી નૈપુણિક અથવા પુરાણ શાસ્ત્રવિશેષને જાણનાર પ્રાયઃ નિપુણ હોય છે.

**(૫) પ્રકૃતિદક્ષ** :- પ્રકૃતિથી જ દક્ષ. બધાય કાર્ય અકાલહીનપણાએ અર્થાત્ યોગ્ય સમયે કરનાર હોય છે. **(૬) પરપંડિત** :- ઘણા શાસ્ત્રોને જાણનાર અથવા મિત્ર વગેરે પંડિત છે જેના તે પરપંડિત. તે પણ નિપુણના સંસર્ગથી નિપુણ હોય છે. વૈદ્ય કૃષ્ણકની જેમ.

**(૭) વાદી** :- વાદ લબ્ધિથી સંપન્ન જે બીજાથી જીતી ન શકાય તે અથવા મંત્રવાદી, ધાતુવાદી.

**(૮) ભૂતિકર્મ** :- જ્વરાદિની રક્ષા માટે ભૂતિનું આપવું તે ભૂતિકર્મ. તેમાં નિપુણ. **(૯) ચિકિત્સક** :- ચિકિત્સા કરવામાં નિપુણ તે ચિકિત્સક. આ બધા નિપુણ = સૂક્ષ્મ જ્ઞાન, તેનાથી વિચરે છે માટે નૈપુણિકો છે. ॥૨૧૦॥

सत्यायुषि नैपुण्यं भवतीति तत्परिणामानाह—

**गतितद्बन्धनस्थितितद्बन्धनोर्ध्वाधस्तिर्यग्दीर्घह्रस्वगमनपरिणामा आयुषः परिणामाः ॥२११॥**

**गतीति,** गतिर्देवादिका तां नियतां येन स्वभावेनायुर्जीवं प्रापयति स आयुषो गतिपरिणामः, येनायुःस्वभावेन प्रतिनियतगतिकर्मबन्धो भवति तथा नरकायुःस्वभावेन

मनुष्यतिर्यग्गतिनामकर्मणी बध्नाति न देवनरकगतिनामकर्मणीति स गतिबन्धनपरिणामः, आयुषो या अन्तर्मुहूर्त्तादि त्रयस्त्रिंशत्सागरोपमान्ता स्थितिर्भवति स स्थितिपरिणामः, येन पूर्वभवायुःपरिणामेन परभवायुषो नियतां स्थितिं बध्नाति स स्थितिबन्धनपरिणामः, यथा तिर्यगायुःपरिणामेन देवायुष उत्कृष्टतोऽप्यष्टादशसागरोपमाणीति, येनायुःस्वभावेन जीवस्योर्ध्वदिशि गमनशक्तिलक्षणः परिणामो भवति स ऊर्ध्वगमनपरिणामः, एवमधोगमनपरिणामतिर्यग्गमनपरिणामौ भाव्यौ, यत आयुःस्वभावाज्जीवस्य दीर्घ-दीर्घगमनतया लोकान्ताल्लोकान्तं यावद्गमनशक्तिर्भवति स दीर्घगमनपरिणामः । यस्माच्च ह्रस्वं गमनं स ह्रस्वगमनपरिणामः, इत्येते कर्मप्रकृतिविशेषस्यायुषः परिणामः-स्वभावः शक्तिर्धर्म इति ॥२११॥

આયુષ્ય હોતે છતે હોંશિયાર થાય છે માટે આયુષ્યના પરિણામોને કહે છે.

આયુષ્ય નામની કર્મપ્રકૃતિ વિશેષ છે. તેનો પરિણામ એટલે સ્વભાવ, શક્તિ, ધર્મ તે આયુષ્યનો પરિણામ. તેમાં -

(૧) ગતિ = દેવાદિ. તેને (તે ગતિને) નિયત (ચોક્કસ), જે સ્વભાવ વડે - જે શક્તિથી આયુષ્ય જીવને પ્રાપ્ત કરાવે છે તે આયુષ્યનો ગતિ પરિણામ અર્થાત્ જે સ્વભાવથી આયુષ્ય જીવને દેવાદિ નિયત ગતિ પ્રાપ્ત કરાવે છે તે આયુષ્યનો **ગતિ પરિણામ** છે.

(૨) જે આયુષ્યના સ્વભાવથી પ્રતિનિયત ગતિના કર્મનો બંધ થાય છે, દા.ત. નરકાયુના સ્વભાવથી મનુષ્યગતિ નામકર્મ અને તિર્યંચગતિ નામકર્મ બંધાય છે પરંતુ દેવગતિ કે નરકગતિ નામકર્મ બંધાય નહીં તે **ગતિબંધન પરિણામ.**

(૩) આયુષ્યની જે અંતર્મુહૂર્ત વગેરેથી માંડીને તેત્રીશ સાગરોપમ સુધીની સ્થિતિ થાય છે તે **સ્થિતિ પરિણામ.**

(૪) જે પૂર્વભવ સંબંધી આયુષ્યના પરિણામ વડે પરભવના આયુષ્યની નિયત સ્થિતિ બાંધે છે તે **સ્થિતિબંધન પરિણામ.** જેમ તિર્યંચ આયુષ્યના પરિણામ વડે દેવનું આયુષ્ય ઉત્કૃષ્ટથી પણ અઢાર સાગરોપમ સુધી જ બાંધે છે.

(૫) જે આયુષ્યના સ્વભાવ વડે જીવને ઊર્ધ્વ દિશામાં ગમન શક્તિરૂપ પરિણામ હોય છે તે **ઊર્ધ્વગમન પરિણામ.**

(૬) એવી રીતે જે આયુષ્યના સ્વભાવ વડે જીવને અધો દિશામાં ગમન શક્તિરૂપ પરિણામ હોય છે તે **અધોગમન પરિણામ.**

(૭) જે આયુષ્યના સ્વભાવ વડે જીવને તિર્યગ્ દિશામાં ગમન શક્તિરૂપ પરિણામ હોય છે તે **તિર્યગ્ગમન પરિણામ.**

(૮) જે આયુષ્યના સ્વભાવ વડે જીવને દીર્ઘ-દૂર ગમનપણાએ યાવત્ લોકાંતથી લોકાંત સુધી ગમન કરવાની શક્તિ હોય છે તે **દીર્ઘગમન પરિણામ.**

(૯) એવી રીતે હ્રસ્વ એટલે થોડું ગમન કરવાની શક્તિ હોય છે તે **હ્રસ્વગમન પરિણામ.**

આ પ્રમાણે આ પરિણામો કર્મપ્રકૃતિ વિશેષ આયુષ્યના પરિણામ-સ્વભાવ-શક્તિ-ધર્મ છે. ॥૨૧૧॥

यावन्नोकषायमायुषःपरिणामा भवन्तीति तानाह—

**स्त्रीपुरुषनपुंसकवेदहास्यरत्यरतिभयशोकजुगुप्सा नव नोकषायाः ॥२१२॥**

**स्त्रीति,** कषायैः क्रोधादिभिः सहचरा नोकषायाः, केवलानां नैषां प्राधान्यं किन्तु यैरनन्तानुबन्ध्यादिभिः सहोदयं यान्ति तद्विपाकसदृशमेव विपाकमादर्शयन्तीति नोकषाय-वेदनीयभेदा इत्यर्थः, यदुदयेन स्त्रियाः पुंस्यभिलाषः पित्तोदयेन मधुराभिलाषवत् स फुंफकाग्निसमानः स्त्रीवेदः, यदुदयेन पुंसः स्त्रियामभिलाषः श्लेष्मोदयादम्लाभिलाषवत् स तृणाग्निज्वालासमानः पुंवेदः, यदुदयेन नपुंसकस्य स्त्रीपुंसयोरुभयोरभिलाषः पित्तश्लेष्मणो-रुदये मज्जिताभिलाषवत् स महानगरदाहाग्निसमानो नपुंसकवेदः । यदुदयेन सनिमित्त-मनिमित्तं वा हसति तत्कर्म हास्यम् । यदुदयेन सचित्ताचित्तेषु बाह्यद्रव्येषु जीवस्य रतिरुत्पद्यते तद्रतिकर्म, यदुदयेन तेष्वेवारतिरुत्पद्यते तदरतिकर्म, यदुदयेन भयवर्जितस्यापि जीवस्येह-लोकादिसप्तप्रकारं भयमुत्पद्यते तद्भयकर्म, यदुदयेन शोकरहितस्यापि जीवस्याक्रन्दनादिः शोको जायते तच्छोककर्मेति, यदुदयेन च विष्ठादिबीभत्सपदार्थेभ्यो जुगुप्सते तज्जुगुप्साकर्मेति ॥२१२॥

નોકષાય સુધી આયુષ્યના પરિણામો હોય છે માટે નોકષાયોને કહે છે.

ક્રોધાદિ કષાયોની સાથે રહેનારા નોકષાયો હોય છે. માત્ર (એકલા) નોકષાયોનું પ્રાધાન્ય નથી - પ્રધાનપણું નથી પરંતુ જે અનંતાનુબંધી વગેરે કષાયોની સાથે ઉદયમાં આવે છે તેના વિપાક જેવા જ વિપાકને બતાવે છે. આ રીતે નોકષાયપણાએ જે કર્મ વેદાય છે તે નોકષાયવેદનીય છે. તેમાં - જેના ઉદયથી સ્ત્રીને પુરૂષને વિષે અભિલાષ થાય છે. પિત્તના ઉદયથી મધુર ખાવાના અભિલાષની જેમ તે ફુંફુમ અગ્નિ (છાણના અગ્નિ) સમાન **સ્ત્રી વેદ** છે.

જેના ઉદયથી પુરૂષને સ્ત્રીને વિષે અભિલાષ થાય છે. શ્લેષ્મ (કફ)ના ઉદયથી ખાટું ખાવાના અભિલાષની જેમ. તે ઘાસના અગ્નિ-દાવાગ્નિની જ્વાલા સમાન **પુરૂષ વેદ** છે.

જેના ઉદયથી નપુંસક-સ્ત્રી તથા પુરૂષ ઉભયને વિષે અભિલાષ થાય છે. પિત્ત મિશ્રિત કફના ઉદયમાં મજ્જિત (અર્થાત્ દહીંવડા વગેરે મિશ્રિત) પદાર્થના અભિલાષની જેમ. તે મહાનગરના દાહના અગ્નિ સમાન **નપુંસક વેદ** છે.

જેના ઉદયથી નિમિત્ત સહિત અથવા નિમિત્ત વિના હસે છે તે **હાસ્ય કર્મ.**

જેના ઉદયથી સચિત્ત કે અચિત્ત બાહ્ય દ્રવ્યોને વિષે જીવને રતિ ઉત્પન્ન થાય તે **રતિ કર્મ.**

જેના ઉદયથી તે જ બાહ્ય દ્રવ્યોને વિષે અરતિ ઉત્પન્ન થાય છે તે **અરતિ કર્મ.**

જેના ઉદયથી ભય રહિત જીવને પણ ઈહલોકાદિ વગેરે સાત પ્રકારનો ભય ઉત્પન્ન થાય છે તે **ભયકર્મ.**

જેના ઉદયથી શોક રહિત જીવને પણ આક્રંદ વગેરે શોક ઉત્પન્ન થાય છે તે **શોક કર્મ.**

જેના ઉદયથી વિષ્ટાદિ બીભત્સ પદાર્થોની જુગુપ્સા (સૂગ) થાય છે તે **જુગુપ્સા કર્મ.** ॥૨૧૨॥

नोकषायवतो लोके पुनःपुनरुत्पादावश्यम्भावात् सदा लोकस्थितिरित्याह—

**तत्रैव पुनर्जननं सततं कर्मणो मोहनीयस्य वा बन्धनं जीवाजीवावैपरीत्यं त्रसस्थावराव्यवच्छेदो लोकालोकावैपरीत्यं तयोरन्योऽन्याननुप्रवेशो जीवलोकसमनैयत्यं जीवादिगतिपर्यायलोकसमनियतत्वं लोकान्तेषु पुद्गलानां रूक्षतया परिणमनञ्चेति दशधा लोकस्थितिः ॥२१३॥**

**तत्रैवेति,** यज्जीवानां मृत्वा तत्रैव लोकदेशे गतौ योनौ कुले वा सान्तरं निरन्तरं वौचित्येन पुनः पुनः प्रत्युत्पादः सैका लोकस्थितिः, प्रवाहतोऽनाद्यपर्यवसितं कालं यावन्निरन्तरं जीवैर्ज्ञानावरणादिपापकर्मबन्धनस्य क्रियमाणत्वादिति द्वितीया लोकस्थितिः, एवमेव सदा मोहनीयकर्मणो बन्धनं तृतीया लोकस्थितिः, मोहनीयस्य प्रधानत्वाद्भेदेन निर्देशः । कदापि जीवानामजीवतयाऽजीवानाञ्च जीवत्वेनाभवनमिति चतुर्थी, कालत्रये कदापि त्रसानां स्थावराणां वा व्यवच्छेदाभाव इति पञ्चमी, लोकस्यालोकत्वेनालोकस्य च लोकत्वेन कदाप्यभवनमिति षष्ठी, लोकालोकयोः परस्परमनुप्रवेशाभाव इति सप्तमी, यावति क्षेत्रे लोकव्यपदेशस्तावति क्षेत्रे जीवाः, यावति च क्षेत्रे जीवास्तावति लोक इत्यष्टमी, यावति जीवानां पुद्गलानाञ्च गतिपर्यायस्तावति लोकः, यावति च लोकस्तावति तेषां गतिपर्याय इति नवमी, लोकान्तेषु स्वभावादेव पुद्गलानां रूक्षतया परिणमनाद्धर्मास्तिकायाभावाच्च न शन्कुवन्ति लोकान्ताद्बहिर्गन्तुमिति दशमी लोकस्थितिरिति ॥२१३॥

લોકમાં નોકષાયવાળાની ઉત્પત્તિ વારંવાર અવશ્ય થવાની છે આથી હવે લોકસ્થિતિ કહે છે -

(૧) જે જીવો મરીને તે જ લોકના દેશમાં, ગતિમાં, યોનિમાં અથવા કુલમાં, અંતર સહિત કે નિરંતર ઉચિતપણાએ ફરી ફરી ઉત્પન્ન થાય છે તે એક લોકસ્થિતિ છે.

(૨) સદા-પ્રવાહથી અનાદિ અનંત કાલ સુધી નિરંતર જીવો વડે જ્ઞાનાવરણાદિ પાપ કર્મનો બંધ કરાય છે. નિરંતર કર્મના બંધનરૂપ બીજી લોકસ્થિતિ છે.

(૩) આ જ પ્રમાણે હંમેશા મોહનીય કર્મનું બંધન છે તે ત્રીજી લોકસ્થિતિ છે. મોહનીય કર્મની પ્રધાનતા હોવાથી મોહનીય કર્મનો બંધ એ જુદો કહ્યો છે.

(૪) ક્યારે પણ જીવોનું અજીવપણા વડે કે અજીવોનું જીવપણા વડે થતું નથી. અર્થાત્ જીવો, અજીવ ન બને કે અજીવો જીવો ન બને તે ચોથી લોકસ્થિતિ છે.

(૫) ત્રણે કાળમાં ક્યારે પણ ત્રસ અને સ્થાવર જીવોના વ્યવચ્છેદનો અભાવ અવ્યવચ્છેદ અભાવ ન થવારૂપ પાંચમી લોકસ્થિતિ છે. (ક્યારે પણ અભાવ હોતો નથી.) (ત્રસ-સ્થાવર જીવો હોય જ છે.)

(૬) લોકનું અલોકરૂપે ન થવું, અને અલોકનું લોકરૂપે ન થવું તે છઠ્ઠી લોકસ્થિતિ છે.

(૭) લોક અને અલોકનો પરસ્પર પ્રવેશ ન થવો તે સાતમી લોકસ્થિતિ છે.

(૮) જેટલા ક્ષેત્રમાં લોકનો વ્યપદેશ છે તેટલા ક્ષેત્રમાં જીવો છે. જેટલા ક્ષેત્રમાં જીવો છે તેટલો લોક છે. આ આઠમી લોકસ્થિતિ.

(૯) જેટલામાં જીવો અને પુદ્ગલોનો ગતિપર્યાય છે તેટલો જ લોક છે અને જેટલો લોક છે તેટલો તેઓનો ગતિ પર્યાય છે. આ નવમી લોકસ્થિતિ.

(૧૦) લોકાંતે સ્વભાવથી જ પુદ્ગલો રૂક્ષપણે પરિણમે છે અને ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી લોકાંતથી બહાર જવા માટે સમર્થ થતા નથી. આ દશમી લોકસ્થિતિ છે. ॥૨૧૩॥

विशिष्टवक्तृनिसृष्टाः शब्दपुद्गला लोकान्त एव गच्छन्तीति प्रस्तावाच्छब्दादिविषयाश्रयेणाह—

**देशसर्वापेक्षाः शब्दादय इन्द्रियार्था दश ॥२१४॥**

**देशेति**, कालभेदेन कश्चिद्विवक्षितशब्दसमूहापेक्षया देशतः कांश्चिच्छब्दानश्रृणोत् श्रृणोति श्रोष्यति च, सर्वतः सर्वान् कदाचिदिन्द्रियापेक्षया वा कश्चित् श्रोत्रेन्द्रियेण देशतः सम्भिन्नश्रोतोलब्धियुक्तावस्थायां सर्वैरिन्द्रियैः सर्वतः, अथवैककर्णेन देशतः, उभाभ्याञ्च सर्वत इति, सर्वत्रैवम् ॥२१४॥

લોકસ્થિતિથી જ વિશિષ્ટ વક્તા વડે નીકળેલા શબ્દ પુદ્ગલો પણ લોકાંત સુધી જ જાય છે. આ પ્રસ્તાવથી શબ્દાદિ વિષયના આશ્રયથી કહે છે.

કાલના ભેદથી કોઈ વિવક્ષિત શબ્દના સમૂહની અપેક્ષાએ દેશથી કેટલાક શબ્દોને સાંભળ્યા, સાંભળે છે અને સાંભળશે.

સર્વથી સર્વ (શબ્દો)ને કોઈક ઈન્દ્રિયની અપેક્ષાએ કોઈક શ્રોત્રેન્દ્રિય વડે દેશથી અને સંભિન્નશ્રોત નામની લબ્ધિથી યુક્ત અવસ્થામાં બધી ઈન્દ્રિયો વડે સર્વથી સાંભળેલ છે. અથવા દેશથી એક કાન વડે અને સર્વથી બંને કાન વડે સાંભળેલ છે. આવી રીતે સર્વત્ર સમજવું. ॥૨૧૪॥

इन्द्रियार्थानां पौद्गलिकत्वात् पुद्गलस्वरूपविशेषमाह—

**अच्छिन्नतया पुद्गलचलनमाह्रियमाणपरिणम्यमानोच्छ्वस्यमाननिःश्वस्यमानवेद्यमान-निजीर्यमाणवैक्रियमाणपरिचार्यमाणयक्षाविष्टवातपरिगतेषु सत्सु ॥२१५॥**

**अच्छिन्नतयेति,** यदा पुद्गलः आह्रियमाणः-खाद्यमानः-आहारेऽभ्यवह्रियमाणो भवति तदाऽच्छिन्नः-अपृथग्भूतः शरीरे उत्पाट्यमानो विवक्षितस्कन्धे वा सम्बद्धस्सन् स्थानानान्तरं गच्छेत्, एवं परिणम्यमान उदराग्निना खलरसभावेन, उच्छ्वासे क्रियमाणे सति, एवं निःश्वस्यमानः, वेद्यमानो निजीर्यमाणश्च कर्मपुद्गलः, वैक्रियमाणः-वैक्रियशरीरतया परिणम्यमानः, परिचार्यमाणः-मैथुनसंज्ञाया विषयीक्रियमाणः, शुक्रपुद्गलादिः, यक्षाविष्टः-यक्षाद्याविष्टे सति पुरुषे यच्छरीरलक्षणः पुद्गलः, वातपरिगतः-देहगतवायुप्रेरितो वातपरिगते वा देहे सति बाह्यवातेन वोत्क्षिप्त इति ॥२१५॥

ઈન્દ્રિયના વિષયો પૌદ્ગલિક (પુદ્ગલના ધર્મો) છે માટે પુદ્ગલના સ્વરૂપ વિશેષને કહે છે.

(૧) જ્યારે પુદ્ગલ આહાર કરાતો-ખવાતો, આહારમાં ઉપયોગ કરાતો હોય છે ત્યારે અચ્છિન્ન = જુદો નહીં થયેલ શરીરમાં અથવા વિવક્ષિત સ્કંધમાં સંબંધવાળો. (અર્થાત્ શરીરથી અભિન્નરૂપે ઉપાડાતો, સ્કંધમાં સારી રીતે બંધાયો છતો) સ્થાનાંતરમાં જાય. અર્થાત્ પુદ્ગલ ચલે.

(૨) પરિણામને પ્રાપ્ત કરાતો પુદ્ગલ જ ઉદરના અગ્નિ વડે ખલ અને રસભાવ વડે અથવા ભોજનમાં પરિણામને પમાડતો પુદ્ગલ ચલે. (૩) એવી રીતે ઉચ્છ્વાસ લીધે છતે, વાયુનો પુદ્ગલ ચલે. (૪) નિશ્વાસને લેવાતો અથવા નિઃશ્વાસ લીધે છતે પુદ્ગલ ચલે.

(૫) વેદાતો અથવા કર્મ વેદતે છતે પુદ્ગલ ચલે. (૬) નિર્જરાતો અને નિર્જરાતે છતે કર્મપુદ્ગલ ચલે.

(૭) વૈક્રિય શરીરપણે પરીણામને પામતો અથવા વૈક્રિય શરીર કરે છતે ચલે.

(૮) મૈથુન સંજ્ઞાના વિષયવાળો કરાતો શુક્ર (વીર્ય) પુદ્દ્ગલાદિ અથવા સ્ત્રીના શરીરાદિનો ભોગ કીધે છતે શુક્રાદિ જ ચલે. (૯) ભૂતાદિ વડે અધિષ્ઠિત ચલે અથવા યક્ષના આવેશવાળો પુરૂપ થયે છતે તેનો શરીરરૂપ પુદ્દ્ગલ ચલે.

(૧૦) દેહમાં રહેલ વાયુ વડે પ્રેરિત પુદ્દ્ગલ ચલે અથવા વાયુ વડે વ્યાપ્ત દેહ થયે છતે કે બાહ્યવાયુ વડે ફેંકેલ પુદ્દ્ગલ ચલે. ॥૨૧૫॥

इन्द्रियार्थानां मनोज्ञामनोज्ञरूपाणां शब्दादीनामपहारे उपनयने वा क्रोधाद्युत्पत्त्याऽसंयमभावप्राप्तेस्तदभावे च संयमभावप्राप्तेः संयमासंयमावाह–

**पृथिव्यप्तेजोवायुवनस्पतिकायद्वित्रिचतुःपञ्चेन्द्रियाजीवकायविषयौ संयमासंयमौ ॥२१६॥**

**पृथिवीति**, सुगमं सूत्रम् । संयम्यते नियम्यते आत्मा पापव्यापारसम्भारादनेनेति संयमः, पृथिव्यादिविषयेभ्यः संघट्टपरितापनोपद्रवणेभ्य उपरमो वा, अजीवकायसंयमश्च पुस्तकादीनां ग्रहणपरिभोगोपरमः । एतद्विपर्ययरूपोऽसंयमः ॥२१६॥

ઈન્દ્રિયોના સુંદર કે અસુંદર શબ્દાદિ વિષયોને છોડવામાં કે લેવામાં ક્રોધાદિની ઉત્પત્તિથી અસંયમભાવની પ્રાપ્તિ અને તેના અભાવમાં સંયમભાવની પ્રાપ્તિ હોવાથી સંયમ અને અસંયમને કહે છે -

જેના વડે પાપ વ્યાપારના સમૂહથી આત્મા સંયમિત કરાય છે, નિયમિત કરાય છે તે સંયમ કહેવાય છે.

પૃથ્વી, પાણી, તેજ, વાયુ, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, અજીવકાય યાને જીવ તથા અજીવ બંનેના વિષયવાળું સંયમ અને અસંયમ છે.

પૃથ્વી આદિ વિષયોથી, સંઘટ્ટ = સ્પર્શ. પીડા આપવી-પરિતાપ ઉપજાવવો, ઉપદ્રવ આ બધાથી અટકવું તે પૃથ્વી આદિ જીવ સંયમ કહેવાય છે. પુસ્તક આદિનું ગ્રહણ, પરિભોગ તેનાથી અટકવું તે અજીવકાય સંયમ છે.

આનાથી વિપરીત વિરૂદ્ધ (અટકવું નહીં) તે અસંયમ છે. ॥૨૧૬॥

संयमश्च चारित्रभेद इति प्रव्रज्याभेदानाह–

**छन्दरोषपरिद्युस्वप्नप्रतिश्रुतस्मरणरोगानादरदेवसंज्ञप्तिवत्सानुबन्धैः प्रव्रज्याः ।२१७।**

**छन्देति**, स्वकीयाभिप्रायविशेषः छन्दः तस्मात् प्रव्रज्या गृह्यते गोविन्दवाचकस्येव, सुन्दरीनन्दनस्येव वा, परकीयाद्वा भ्रातृवशभवदत्तस्येव । रोषात् शिवभूतेरिव, परिद्युना-दारिक्षद्र्येण काष्ठहारकस्येव, स्वप्नात् पुष्पचूलाया इव, प्रतिश्रुतात्–प्रतिज्ञानात्–शालिभद्र-

भगिनीपतिधन्यकस्येव, स्मरणात् मल्लिनाथस्मारितजन्मान्तराणां प्रतिबुद्धयादिराज्ञामिव, रोगात्-सनत्कुमारस्येव, अनादरात्-नन्दिषेणस्येव, देवप्रतिबोधनात्-मेतार्यादेरिव, वत्सः-पुत्रतदनुबन्धात् वैरस्वामिमातुरिव ॥२१७॥

અને સંયમ એ ચારિત્રનો ભેદ છે માટે પ્રવ્રજ્યાના ભેદોને કહે છે -

(૧) **છંદ** :- પોતાનો અભિપ્રાય વિશેષ. તેનાથી (ઈચ્છાથી) ગોવિંદ વાચકની જેમ પ્રવ્રજ્યા ગ્રહણ કરાય છે. અથવા સુંદરીના નંદન (પુત્ર)ની જેમ, પારકાના અભિપ્રાયથી ભાઈને વશ એવા ભવદત્તની જેમ. (૨) **રોષ** :- શિવભૂતિની જેમ રોષથી પ્રવ્રજ્યા ગ્રહણ કરાય છે તે રોષથી.

(૩) **પરિદ્યુ** :- દારિદ્રથી કઠીયારાની જેમ પ્રવ્રજ્યા ગ્રહણ કરાય છે તે પરિદ્યુથી.

(૪) **સ્વપ્ન** :- સ્વપ્નથી પુષ્પચૂલાની જેમ પ્રવ્રજ્યા ગ્રહણ કરાય છે તે સ્વપ્નથી.

(૫) **પ્રતિશ્રુત** :- પ્રતિજ્ઞાથી શાલિભદ્રની બહેનના પતિ (બનેવી) ધન્નાની જેમ પ્રવ્રજ્યા ગ્રહણ કરાય છે તે પ્રતિશ્રુત.

(૬) **સ્મરણ** :- સ્મરણથી-શ્રીમલ્લિનાથ ભ. યાદ કરાવેલ જન્માંતર (પૂર્વજન્મ)થી પ્રતિબોધ પામેલ (છ) રાજાઓની જેમ પ્રવ્રજ્યા ગ્રહણ કરે તે સ્મરણથી.

(૭) **રોગ** :- સનતકુમારની જેમ રોગથી પ્રવ્રજ્યા ગ્રહણ કરાય તે રોગથી.

(૮) **અનાદર** :- નંદીષેણની જેમ અનાદરથી પ્રવ્રજ્યા ગ્રહણ કરાય તે અનાદર.

(૯) **દેવ** :- દેવના પ્રતિબોધવાથી મેતાર્ય આદિની જેમ દીક્ષા લેવાય તે દેવસંજ્ઞપ્તિ.

(૧૦) **વત્સ** :- પુત્રના સ્નેહથી વજ્રસ્વામીની માતા સુનંદાની જેમ દીક્ષા લેવાય છે તે વત્સાનુબંધ પ્રવ્રજ્યા. ॥૨૧૭॥

प्रव्रज्याया जीवपरिणामविशेषत्वादन्यानपि तत्परिणामविशेषान् तद्विपरीतस्वरूपस्याजीवस्य च पर्यायविशेषानाह—

**गतीन्द्रियकषायलेश्यायोगोपयोगज्ञानदर्शनचारित्रवेदपरिणामा जीवस्य, बन्धनगतिसंस्थानभेदवर्णरसगन्धस्पर्शागुरुलघुशब्दपरिणामा अजीवस्य ॥२१८॥**

**गतीति**, परिणमनं परिणामस्तद्भावगमनमित्यर्थः, यदाह 'परिणामो ह्यर्थान्तरगमनं न च सर्वथा व्यवस्थानं । न च सर्वथा विनाशः परिणामस्तद्विदामिष्टः ॥' इति, द्रव्यार्थनयस्येति शेषः 'सत्पर्यायेण नाशः प्रादुर्भावोऽसता च पर्ययतः । द्रव्याणां परीणामः प्रोक्तः खलु पर्ययनयस्य ॥' इति, तत्र जीवस्य परिणामो जीवपरिणामः स च प्रायोगिकः, तत्र गतिरेव परिणामो गतिपरिणामः, एवं सर्वत्र, गतिश्चेह गतिनामकर्मोदयान्नारकादिव्यपदेशहेतुः,

तत्परिणामश्चाभवक्षयादिति, स च नरकगत्यादिश्चतुर्विधः, गतिपरिणामे च सत्येवेन्द्रिय-परिणामो भवति, स चेन्द्रियपरिणामः श्रोत्रादिभेदात् पञ्चधा, इन्द्रियपरिणतौ चेष्टानिष्टविषय-सम्बन्धाद्रागपरिणतिरिति कषायपरिणामः स च क्रोधादिभेदाच्चतुर्विधः, कषायपरिणामे सति लेश्यापरिणतिर्न तु लेश्यापरिणतौ कषायपरिणति, येन क्षीणकषायस्यापि शुक्ललेश्या-परिणतिर्देशोनपूर्वकोटिं यावद्भवति, स च लेश्यापरिणामः कृष्णादिभेदात् षोढा, अयञ्च योगपरिणामे सति भवति यतो निरुद्धयोगस्य लेश्यापरिणामोऽपैति, स योगपरिणामो मनोवाक् कायभेदात्त्रिधा, संसारिणाञ्च योगपरिणतावुपयोगपरिणतिर्भवति स च साकारानाकार भेदाद्द्विधा, सति चोपयोगपरिणामे ज्ञानपरिणामो भवति स चाभिनिबोधिकादिभेदात् पञ्चधा, तथा मिथ्यादृष्टेर्ज्ञानमप्यज्ञानपरिणामो मत्यज्ञानश्रुताज्ञानविभङ्गज्ञानलक्षणस्त्रिविधोऽपि विशेष-ग्रहणसाधर्म्यात् ज्ञानपरिणामग्रहणेन गृहीतो द्रष्टव्यः । ज्ञानाज्ञानपरिणामे च सति सम्यक्त्वादि-परिणतिरिति दर्शनपरिणामः, स च त्रिधा सम्यक्त्वमिथ्यात्वमिश्रभेदात्, सम्यक्त्वे सति चारित्रपरिणामः, स च सामायिकादिभेदात् पञ्चधा, स्त्र्यादिवेदपरिणामे चारित्रपरिणामो न तु चारित्रपरिणामे वेदपरिणतिर्यतोऽवेदकस्यापि यथाख्यातचारित्रपरिणतिर्दृष्टेति वेदपरिणाम उक्तः स च स्त्र्यादिभेदात्त्रिविध इति । अजीवानां परिणामाश्च–बन्धनं–पुद्गलानां परस्परं सम्बन्धः संश्लेषरूपः, स एव परिणामः एवं सर्वत्र, तल्लक्षणञ्च 'समस्निग्धतया बन्धो न भवति समरूक्षतयापि न भवति । विमात्रस्निग्धरूक्षत्वेन बन्धस्तु स्कन्धानामि'ति, एतदुक्तं भवति समगुणस्निग्धेन परमाण्वादिना बन्धो न भवति, समगुणरूक्षेण, यदा विषमा मात्रा तदा भवति बन्धः, विषममात्रानिरूपणार्थमुच्यते 'स्निग्धस्य स्निग्धेन द्विकाधिकेन रूक्षस्य रूक्षेण द्विकाधिकेन । स्निग्धस्य रूक्षेणापैति बन्धो जघन्यवर्जो विषमः समो वा ॥' इति, गतिपरिणामो द्विविधः स्पृशद्गतिपरिणाम इतरश्च, तत्राद्यो येन प्रयत्नविशेषात् क्षेत्रप्रदेशान् स्पृशन् गच्छति, येनास्पृशन्नेव तान् गच्छति, न चायं न सम्भाव्यते गतिमद्द्रव्याणां प्रयत्नभेदोपलब्धेः, तथाहि–अभ्रङ्कषहर्म्यतलगतविमुक्ताश्मपातकालभेद उपलभ्यते अनवरतगतिप्रवृत्तानाञ्च देशान्तरप्राप्ति-कालभेदश्चेत्यतः संभाव्यतेऽस्पृशद्गतिपरिणामः, अथवा दीर्घह्रस्वभेदाद्द्विविधोऽयम् । संस्थान-परिणामः परिमण्डलवृत्तत्र्यस्रचतुरस्रायतभेदात् पञ्चविधः, भेदपरिणामः पञ्चधा, तत्र खण्डभेदः क्षिप्तमृत्पिण्डस्येव, प्रतरभेदोऽभ्रपटलस्येव, अनुतटभेदो वंशस्येव, चूर्णभेद-श्चूर्णनम्, उत्करिकाभेदः समुत्कीर्यमाणप्रस्थकस्येवेति । वर्णपरिणामः पञ्चधा, गन्धपरिणामो द्विधा रसपरिणामः पञ्चधा, स्पर्शपरिणामोऽष्टधा, न गुरुकमधोगमनस्वभावं न लघुकमूर्ध्व-

गमनस्वभावं यद्द्रव्यं तदगुरुलघुकम्, अत्यन्तसूक्ष्मं भाषामनःकर्मद्रव्यादि स एव परिणामः, एतद्ग्रहणेनैतद्विपक्षोऽपि गृहीतो द्रष्टव्यः, तत्र विवक्षया गुरु विवक्षया च लघु यद्द्रव्यं तद्गुरुलघुकमौदारिकादिस्थूलतरम् । इदमुक्तस्वरूपं द्विविधं वस्तु निश्चयनयमतेन । व्यवहारतस्तु चतुर्धा, तत्र गुरुकमधोगमनस्वभावं वज्रादि, लघुकमूर्ध्वगमनस्वभावं धूमादि, गुरुलघुकं तिर्यग्गामिवायुज्योतिष्कविमानादि, अगुरुलघुकमाकाशादि । शब्दपरिणामः शुभाशुभभेदाद्विधेति ॥२१८॥

પ્રવ્રજ્યા એ જીવનો પરિણામ વિશેષ હોવાથી જીવના બીજા પણ પરિણામ વિશેષોને તથા તેનાથી વિપરીત સ્વરૂપવાળા અજીવના પર્યાય વિશેષોને કહે છે -

પરિણમવું તે પરિણામ. અર્થાત્ તે સ્વરૂપે જવું. તે કહ્યું છે કે - 'પરિણામ જ અર્થાંતર ગમનરૂપ છે પરંતુ સર્વથા તે રૂપે રહેવું નથી. તેમ સર્વથા વિનાશરૂપ નથી તે પરિણામ. તેના સ્વરૂપને જાણનારા પંડિતોને ઈષ્ટ છે.' આ પ્રમાણે દ્રવ્યાર્થિક નયના મતે સમજવું.

પર્યાયાર્થિક નયના મતથી તો દ્રવ્યોનો છતા પર્યાય વડે નાશ તથા અછતા પર્યાયો વડે પ્રાદુર્ભાવ-ઉત્પન્ન થવારૂપ પરિણામ કહેલ છે.

તેમાં - એવી રીતે જીવનો પરિણામ તે જીવ પરિણામ. તે પ્રાયોગિક છે અર્થાત્ પ્રયોગથી છે.

તેમાં ગતિ એ જ પરિણામ તે ગતિ પરિણામ. એવી રીતે સર્વત્ર સમજવું.

**(૧) ગતિ પરિણામ :-** અહીં ગતિ તો ગતિ નામકર્મના ઉદયથી નારકાદિ વ્યપદેશના હેતુભૂત છે. (નારકાદિ કહેવામાં કારણરૂપ છે.) અને તેનો પરિણામ તો આ ભવના ક્ષયથી છે. તે નરકગતિ ચાર પ્રકારે છે.

**(૨) ઈન્દ્રિય પરિણામ :-** ગતિ પરિણામ થયે છતે જ ઈન્દ્રિયોનો પરિણામ થાય છે. તે ઈન્દ્રિયોનો પરિણામ શ્રોત્રાદિ ભેદથી પાંચ પ્રકારે છે.

**(૩) કષાય પરિણામ :-** ઈન્દ્રિયોની પરિણતિને વિષે ઇષ્ટ અને અનિષ્ટ વિષયના સંબંધથી રાગ (દ્વેષ રૂપ) પરિણતિ થાય છે તેથી હવે કષાયનો પરિણામ કહેલ છે. તે કષાય પરિણામ ક્રોધાદિ ભેદથી ચાર પ્રકારે છે.

**(૪) લેશ્યા પરિણામ :-** કષાય પરિણામ થયે છતે લેશ્યાનો પરિણામ થાય છે. પરંતુ લેશ્યાની પરિણતિ હોતે છતે કષાયની પરિણતિ નથી. કારણ કે ક્ષીણ કષાય જીવને પણ શુક્લ લેશ્યાની પરિણતિ દેશોનપૂર્વ ક્રોડ વર્ષ પર્યંત હોય છે. અને તે લેશ્યાનો પરિણામ કૃષ્ણાદિ ભેદથી છ પ્રકારે છે.

**(૫) યોગ પરિણામ :-** લેશ્યાનો પરિણામ, યોગ પરિણામ હોતે છતે હોય છે કારણ કે રૂંધન કરેલ યોગવાળાને લેશ્યાનો પરિણામ દૂર થાય છે. તે યોગ પરિણામ. મન, વચન, કાયાના ભેદથી ત્રણ પ્રકારે છે.

(૬) **ઉપયોગ પરિણામ :-** સંસારી જીવોને યોગની પરિણતિમાં ઉપયોગની પરિણતિ હોય છે માટે યોગ પછી ઉપયોગ પરિણામ કહ્યો. તે ઉપયોગ (૧) સાકાર, (૨) અનાકાર ભેદથી બે પ્રકારે છે.

(૭) **જ્ઞાન પરિણામ :-** ઉપયોગ પરિણામ હોતે છતે જ્ઞાન પરિણામ હોય છે. તે જ્ઞાન પરિણામ આભિનિબોધિક (મતિ) જ્ઞાન આદિ ભેદથી પાંચ પ્રકારે છે. તથા મિથ્યાદષ્ટિનું જ્ઞાન પણ અજ્ઞાન પરિણામ મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગ જ્ઞાન રૂપે ત્રણ પ્રકારે છે. પણ તે વિશેષ ગ્રહણના સમાનપણાથી જ્ઞાન પરિણામના ગ્રહણ વડે ગ્રહણ કરેલ સમજવો.

(૮) **દર્શન પરિણામ :-** જ્ઞાન અને અજ્ઞાન પરિણામ હોતે છતે સમ્યક્ત્વાદિની પરિણતિ છે માટે જ્ઞાન પછી દર્શન પરિણામ કહ્યો છે. અને તે દર્શન પરિણામ સમ્યક્ત્વ, મિથ્યાત્ત્વ અને મિશ્રના ભેદથી ત્રણ પ્રકારે છે.

(૯) **ચારિત્ર પરિણામ :-** સમ્યક્ત્વ હોતે છતે ચારિત્રનો પરિણામ હોય છે પરંતુ ચારિત્રના પરિણામમાં વેદની પરિણતિ નથી કારણ કે અવેદક જીવને પણ યથાખ્યાતચારિત્રની પરિણતિ જોવાયેલી છે. (કહેલ) છે. માટે ચારિત્ર પરિણામ પછી વેદ પરિણામ કહ્યો. તે વેદ પરિણામ. સ્ત્રી આદિ ભેદથી ત્રણ પ્રકારે છે.

હવે **અજીવોના પરિણામ** કહે છે.

(૧) **બંધન પરિણામ :-** પરસ્પર પુદ્‌ગલોનો સંબંધ અર્થાત્ મિલન, તદ્‌રૂપ પરિણામ તે બંધન પરિણામ. એવી રીતે સર્વત્ર જાણવું.

બંધન પરિણામનું લક્ષણ આ છે - સમાન ગુણવાળા સ્નિગ્ધ (ચીકણા) પરમાણુઓનો અન્ય સમાન ગુણવાળા સ્નિગ્ધ પરમાણુ વગેરેની સાથે બંધ થતો નથી. તથા સમાન ગુણવાળા રૂક્ષ પરમાણુઓનો પણ સમાન ગુણવાળા રૂક્ષ પરમાણુ વગેરેની સાથે બંધ થતો નથી. જ્યારે વિષમ માત્રા હોય, અર્થાત્ વધુ, ઓછા ગુણ હોય ત્યારે સ્નિગ્ધ, રૂક્ષપણે સ્કંધોનો બંધ થાય છે.

શું કહ્યું ? આ પ્રમાણે કહ્યું કે - સમાન ગુણવાળા સ્નિગ્ધની સાથે પરમાણુ આદિનો બંધ નથી થતો. તેવી રીતે સમાન ગુણવાળા રૂક્ષની સાથે બંધ થતો નથી. જ્યારે વિષમ માત્રા હોય ત્યારે બંધ થાય છે. વિષમ માત્રાના નિરૂપણ માટે કહે છે - સ્નિગ્ધ પરમાણુ વગેરેનો સ્નિગ્ધ પરમાણુ વગેરેની સાથે બંધ થાય તો બે ગુણ અધિક પરમાણુ સાથે બંધ થાય. રૂક્ષ પરમાણુ વગેરેનો રૂક્ષની સાથે બંધ થાય તો બે ગુણ અધિક પરમાણુ વગેરે સાથે જ બંધ થાય. પરંતુ રૂક્ષ અને સ્નિગ્ધ પરમાણુ વગેરેનો તો જઘન્ય વર્જીને ચાહે વિષમ માત્રાએ હોય અથવા સમ માત્રાએ - સમાન ગુણવાળા હોય તો પણ બંધ થાય છે. માત્ર જઘન્ય એક ગુણ સ્નિગ્ધ અને એક ગુણ રૂક્ષ પરમાણુ વગેરેનો બંધ ન થાય.

(૨) **ગતિ પરિણામ :-** ગતિ પરિણામ બે પ્રકારે છે.

(૧) **સ્પૃશદ્ગતિ પરિણામ** - જે પ્રયત્ન વિશેષથી ક્ષેત્ર (આકાશ)ના પ્રદેશોને સ્પર્શતો (પરમાણુ વગેરે) જાય છે તે સ્પૃશદ્ગતિ પરિણામ.

(૨) **અસ્પૃશદ્ગતિ પરિણામ** - આકાશ પ્રદેશોને નહીં સ્પર્શતો જાય છે તે. એટલે કે મનુષ્યલોકમાંથી જીવ સિદ્ધ થાય છે ત્યારે જે સમયે જીવ આયુપૂર્ણ કરે છે તે જ સમયે સાત રજ્જુ પાર કરી સિદ્ધશિલા પહોંચે છે. એક સમયની ગતિ છે. બીજા સમયે સ્પર્શતો નથી. તે અસ્પૃશદ્ગતિ. આ સંભવી શકે નહીં, એમ નથી અર્થાત્ સંભવી શકે છે. ગતિવાળા દ્રવ્યોની પ્રયત્નના ભેદથી ઉપલબ્ધિ હોવાથી (કોઈ દ્રવ્યની ગતિ હોય છે. કોઈની વધારે હોય છે.) તે આ પ્રમાણે - ગગનચુંબી હવેલીના તળીયામાં રહેલને ત્યાંથી મુકાયેલ પથ્થરો કાલભેદથી મેળવાય છે. આ પથ્થર નીચે પડે તો કોઈ જલ્દી પડે, કોઈને ટાઈમ વધારે લાગે તેમ કાલનો ભેદ થાય છે. નિરંતર ગતિમાં પ્રવૃત્ત થયેલા જુદા જુદા દેશને પ્રાપ્ત થાય છે. કોઈને એક સમય લાગે છે. તો કોઈને અસંખ્ય સમય લાગે છે. આ રીતે દેશાંતર પ્રાપ્તિમાં કાલનો ભેદ જણાય છે. આથી અસ્પૃશદ્ગતિ પરિણામ સંભવી શકે છે. અથવા દીર્ઘ અને હ્રસ્વના ભેદથી બે પ્રકારે છે. દીર્ઘ ગતિ પરિણામ અને હ્રસ્વ ગતિ પરિણામ.

(૩) **સંસ્થાન પરિણામ :-** પરિમંડલ, વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર અને આયતના ભેદથી પાંચ પ્રકારે સંસ્થાન પરિણામ છે.

(૪) **ભેદ પરિણામ :-** ભેદ પરિણામ પાંચ પ્રકારે છે. તેમાં -

**ખંડભેદ** - માટીના પિંડને ફેંકવાથી જે ટૂકડે ટૂકડા થાય છે તે ખંડભેદ.

**પ્રતરભેદ** - મેઘ સમૂહનું આપ મેળે ટૂકડે ટૂકડા થઈ જવું તે. અભ્રકના પડની જેમ.

**અનુતટ ભેદ** - વાંશ ફાટવાની જે ક્રિયા થાય છે તે. વાંશની જેમ. (વાંશને ચીરવાથી તેની છાલનો ભેદ થાય છે તે.) **ચૂર્ણભેદ** - કોઈ પણ વસ્તુનો એકદમ ભૂકો થઈ જવો. **ઉત્કરિકાભેદ** - પહાડના ભેદનની જે ક્રિયા થઈ તે. પ્રસ્થક-પોપડો ઉખેડવાની જેમ.

(૫) **વર્ણ પરિણામ :-** પાંચ પ્રકારે છે. કૃષ્ણ, નીલ, પીત, રક્ત અને શ્વેત.

(૬) **ગંધ પરિણામ :-** બે પ્રકારે છે. સુરભિ અને દુરભિ. (સુગંધ અને દુર્ગંધ)

(૭) **રસ પરિણામ :-** રસ પરિણામ પાંચ પ્રકારે છે. તિક્ત, કટુ, કસાય, ખાટો, મધુર રસ.

(૮) **સ્પર્શ પરિણામ :-** સ્પર્શ પરિણામ આઠ પ્રકારે છે.

(૯) **અગુરુલઘુ પરિણામ :-** નીચે જવાના સ્વભાવવાળું જે ભારે નથી અને ઊંચે જવાના સ્વભાવવાળું હલકું નથી એવું જે દ્રવ્ય તે અગુરુલઘુ દ્રવ્ય છે. અત્યંત સૂક્ષ્મ ભાષા, મન અને કર્મ દ્રવ્યાદિ તે જ પરિણામ તે અગુરુલઘુ પરિણામ.

આના જ ગ્રહણથી એનો વિપક્ષ ગુરુલઘુ પણ ગ્રહણ કરેલો સમજવો. તેમાં વિવક્ષાથી જે ગુરૂ અને વિવક્ષાથી લઘુ એવું જે દ્રવ્ય તે ગુરૂલઘુ દ્રવ્ય. તે ઔદારિકાદિ અત્યંત સ્થૂલરૂપે છે.

આ બે પ્રકારના સ્વરૂપવાળી વસ્તુ તે નિશ્ચય નયના મતથી છે. (૧) ગુરૂલઘુ, (૨) અગુરૂલઘુ.

વ્યવહાર નયના મતે વસ્તુ ચાર પ્રકારે છે. ગુરૂ - ભારે, નીચે જવાના સ્વભાવવાળી વસ્તુ વજ્ર વિગેરે. લઘુ - હલકું, ઊંચે જવાના સ્વભાવવાળા ધૂમાડો વિગેરે. ગુરુલઘુ - તીર્છા જનાર વાયુ, જ્યોતિષ્ક વિમાનાદિ. અગુરુલઘુ - આકાશ આદિ.

(૧૦) **શબ્દ પરિણામ :-** શબ્દ પરિણામના બે ભેદ છે. (૧) શુભ શબ્દ પરિણામ (૨) અશુભ શબ્દ પરિણામ. ॥૨૧૮॥

अजीवपरिणामाधिकारादन्तरिक्षलक्षणाजीवपरिणामोपाधिकमस्वाध्यायिकव्यपदेश्यं पुद्गलपरिणामविशेषमाह–

**उल्कापातदिग्दाहगर्जितविद्युन्निर्घातमिश्रप्रभायक्षादीप्तधूमिकामहिकारजउद्धाता आन्तरिक्षकास्वाध्यायाः ॥२१९॥**

**उल्कापातेति,** अन्तरिक्षे भव आन्तरिक्षकः, स्वाध्यायो वाचनादिः पञ्चविधो यस्मिन्नस्ति स स्वाध्यायिकस्तदभावोऽस्वाध्यायिकः, तत्र उल्का-आकाशजा तस्याः पात उल्कापातः, दिशो दिशि वा दाहो दिग्दाहः, इदमुक्तम्भवति-एकतरदिग्विभागे महानगर-प्रदीपनकमिव य उद्योतो भूमावप्रतिष्ठितो गगनतलवर्त्ती स दिग्दाह इति, गर्जितं-जीमूतध्वनिः, विद्युत्तडित्, निर्घातः साभ्रे निरभ्रे वा गगने व्यन्तरकृतो महागर्जितध्वनिः, मिश्रप्रभा-संध्याप्रभा चन्द्रप्रभा च यदि युगपद्भवतस्तथाविधा, तत्र चन्द्रप्रभाऽऽवृत्ता संध्याऽपगच्छन्ती न ज्ञायते शुक्लपक्षप्रतिपदादिषु दिनेषु, संध्याच्छेदे वाऽज्ञायमाने कालवेला न जानन्त्यतस्त्रीणि दिनानि प्रादोषिकं कालं न गृह्णन्ति ततः कालिकस्यास्वाध्यायः स्यात् । यक्षादीप्तमाकाशे भवति, एतेषु स्वाध्यायं कुर्वतां क्षुद्रदेवता छलनां करोति, धूमिका-महिकाभेदो वर्णतो धूमिका धूमाकारा धूम्रेत्यर्थः, महिका-प्रतीता, एतच्च द्वयमपि कार्त्तिकादिषु गर्भमासेषु भवति, तच्च पतनानन्तरमेव सूक्ष्मत्वात्सर्वमप्यप्कायभावितं करोतीति, रजउद्घातः-विस्रसापरिणामतः समन्ताद्रेणुपतनमिति ॥२१९॥

અજીવ પરિણામના અધિકારથી આકાશલક્ષણ અજીવ પરિણામના આધારે (અજીવ પરિણામરૂપ ઉપાધિક વ્યપદેશ કરવા યોગ્ય) અસ્વાધ્યાય સંબંધી પુદ્‌ગલ પરિણામ વિશેષને કહે છે -

આકાશમાં થયેલું તે આંતરિક્ષક. સ્વાધ્યાય વાચનાદિ પાંચ પ્રકારનો જેમાં છે તે સ્વાધ્યાયિક. તેનો અભાવ તે અસ્વાધ્યાયિક. તેમાં -

(૧) **ઉલ્કા :-** આકાશમાં થનારી જે (વિજળી આદિ) તેનું પડવું તે **ઉલ્કાપાત.**

(૨) **દિગ્દાહ :-** દિશાનો અથવા દિશામાં જે દાહ તે દિગ્દાહ. તાત્પર્ય એ છે કે - કોઈ એક દિશાના વિભાગમાં મહાનગરમાં આગ લાગી હોય તેમ જે પ્રદેશ ભૂમિ પર ન રહ્યો હોય અને આકાશમાં રહ્યો હોય તે દિગ્દાહ.

(૩) **ગર્જિત :-** મેઘનો ધ્વનિ. (૪) **વિજળી :-** વિજળીનો ચમકારો થાય ત્યારે.

(૫) **નિર્ઘાત :-** આકાશ વાદળાઓથી ઘેરાયેલું હોય કે વાદળા વગરનું હોય તેવા આકાશમાં વ્યંતરે કરેલ મહાગર્જના જેવો અવાજ યાને કડાકા થાય ત્યારે.

(૬) **મિશ્રપ્રભા :-** સંધ્યાની પ્રભા અને ચંદ્રની પ્રભા જેમાં બંને એકી સાથે થાય છે તે મિશ્રપ્રભા. તેમાં ચંદ્રની પ્રભા વડે ઢંકાયેલ (નાશ પામતી) સંધ્યા દૂર જતી સંધ્યા, શુક્લ પક્ષના પડવાદિ દિવસોમાં જણાતી નથી. અથવા સંધ્યાનો વિભાગ-છેદ નહીં જણાતે છતે કાલવેલા જણાય નહીં આથી ત્રણ દિવસ પ્રાદોષિક કાલને ગ્રહણ (કાલગ્રહણ) ન કરે. તેથી કાલિક સૂત્રનો અસ્વાધ્યાય થાય.

(૭) **યક્ષાદીપ્ત :-** યક્ષાદીપ્ત આકાશમાં થાય છે. (કોઈ એક દિશામાં રહી રહીને જે વિજળી જેવો પ્રકાશ આકાશમાં થાય છે તે યક્ષાદીપ્ત.) આ બધાયને વિષે સ્વાધ્યાય કરનારને ક્ષુદ્ર દેવતા છલે છે.

(૮) **ધૂમિકા :-** મહિકાનો જે ભેદ, વર્ણથી ધૂમિકા ધૂમના આકારવાળી ધૂમ્રા હોય છે.

(૯) **મહિકા :-** ઝાકળ પ્રતીત છે. આ ધૂમિકા અને મહિકા બંને પણ કાર્તિક આદિ ગર્ભમાસોમાં હોય છે અને તે પડ્યા પછી તરત જ સૂક્ષ્મ હોવાથી બધું જ અપકાયરૂપ કરે છે.

(૧૦) **રજઉદ્ઘાત :-** વિસ્રસા (સ્વાભાવિક) પરિણામથી ચારે તરફથી ધૂળનું પડવું તેને રજઉદ્ઘાત કહેવાય છે.

આ રીતે આકાશ સંબંધી દશ અસ્વાધ્યાય કાલ છે. ॥૨૧૯॥

पुनरप्यस्वाध्यायकालमाह—

**अस्थिमांसशोणिताशुचिश्मशानसमीपचन्द्रसूर्यग्रहणपतनराजविग्रहवसतिमध्यगशरीराणि औदारिकस्यास्वाध्यायाः ॥२२०॥**

**अस्थीति,** औदारिकस्य मनुष्यतिर्यक्शरीरस्य सम्बन्ध्यस्वाध्यायाः, अस्वाध्याये निमित्तभूत मौदारिकमिति भावः । तत्रास्थिमांसशोणितानि प्रतीतानि । तत्र पञ्चेन्द्रिय-

तिरश्चामस्वाध्यायिकं द्रव्यतोऽस्थिमांसशोणितानि चर्म च, क्षेत्रतः षष्टिहस्ताभ्यन्तरे, कालतः सम्भवकालाद्यावत्तृतीया पौरुषी मार्जारादिभिर्मूषिकादिव्यापादनेऽहोरात्रञ्च, भावतः सूत्रं नन्द्यादिकं नाध्येतव्यमिति, मनुष्यसम्बन्ध्यप्येयमेव, नवरं क्षेत्रतो हस्तशतमध्ये कालतोऽहोरात्रं यावत्, आर्तवं दिनत्रयं, स्त्रीजन्मनि दिनाष्टकं पुरुषजन्मनि दिनसप्तकम्, अस्थीनि तु जीवविमोक्षदिनादारभ्य हस्तशताभ्यन्तरस्थितानि द्वादशवर्षाणि यावदस्वाध्यायिकं भवति, चिताग्निना दग्धान्युदकवाहेन वा व्यूढान्यस्वाध्यायिकं न भवति, भूमिनिखातान्यस्वाध्यायिकमिति । अशुचीन्यमेध्यानि मूत्रपुरीषाणि, तेषां समीपमस्वाध्यायिकं भवति । श्मशानसमीपं-शवस्थानसमीपम्, चन्द्रग्रहणं-चन्द्रविमानस्य राहुविमानतेजसोपरञ्जनमेवं सूर्यग्रहणमपी, इह कालमानञ्च-यदि चन्द्रः सूर्यो वा ग्रहणे सति सग्रहोऽन्यथा वा निमज्जति तदा ग्रहणकालं तद्रात्रिशेषं तदहोरात्रशेषञ्च ततः परमहोरात्रञ्च वर्जयन्ति । आचरितन्तु यदि तत्रैव रात्रौ दिने वा मुक्तः तदा चन्द्रग्रहणे तस्या एव रात्रेः शेषं परिहरन्ति, सूर्यग्रहणे तु तद्दिनशेषं परिहृत्यानन्तरं रात्रिमपि परिहरन्तीति । चन्द्रसूर्योपरागयोश्चौदारिकत्वं तद्विमानपृथिवीकायिकापेक्षयाऽवसेयमान्तरीक्षकत्वन्तु सदपि न विवक्षितम् । पतनं-मरणं राजामात्यसेनापतिग्रामभोगिकादीनाम्, तत्र यदा दण्डिकः कालगतो भवति राजा वाऽन्यो यावन्न भवति तदा समयेऽनिर्भये स्वाध्यायं वर्जयन्तीति निर्भयश्रवणानन्तरमपि अहोरात्रं वर्जयन्तीति ग्राममहत्तरेऽधिकारनियुक्ते बहुस्वजने वा शय्यान्तरे वा पुरुषान्तरे वा सप्तगृहाभ्यन्तरमृतेऽहोरात्रं स्वाध्यायं वर्जयन्ति शनैर्वा पठन्ति, निर्दुःखा एते इति गर्हां लोको मा कार्षीदिति । राजविग्रहो-राज्ञां सङ्ग्रामः, उपलक्षणत्वात्सेनापतिग्रामभोगिकमहत्तरपुरुषस्त्रीमल्लयुद्धान्यस्वाध्यायिकम्, यत एते प्रायो व्यन्तरबहुलास्तेषु प्रमत्तं देवतां छलयेन्निर्दुःखा एते इत्युड्डाहो वाऽप्रीतिकं वा भवेदित्यतो यद्विग्रहादिकं यच्चिरकालं यस्मिन् क्षेत्रे भवति तत्र विग्रहादिके तावत्कालं तत्र क्षेत्रे स्वाध्यायं परिहरन्ति । वसति मध्यगशरीराणि-उपाश्रयस्य मध्ये वर्त्तमानमौदारिकं मनुष्यादिसत्कं शरीरं यद्यद्भिन्नं भवति तदा हस्तशताभ्यन्तरेऽस्वाध्यायिकं भवति, अथानुद्भिन्नं तथापि कुत्सितत्वादाचरितत्वाच्च हस्तशतं वर्ज्यते, परिष्ठापिते तु तत्र तत्स्थानं शुद्धं भवतीति ॥२२०॥

ફરી પણ અસ્વાધ્યાય કાલને કહે છે.

ઔદારિક મનુષ્ય અને તિર્યંચના શરીર સંબંધી અસ્વાધ્યાયકાળ કહે છે. અસ્વાધ્યાયમાં નિમિત્તભૂત ઔદારિક શરીર છે. તેમાં (૧) હાડકા, (૨) માંસ, (૩) લોહી પ્રસિદ્ધ છે. તેમાં

પંચેન્દ્રિય તિર્યંચો સંબંધી અસ્વાધ્યાયિક દ્રવ્યથી - હાડકા, માંસ, લોહી અને ચામડું આ ચાર અસ્વાધ્યાયિક હોય છે. ક્ષેત્રથી - સાંઇઠ(૬૦) હાથની અંદર. કાલથી સંભવ કાલથી માંડીને યાવત્ ત્રીજી પોરિસી સુધી. બિલાડી વગેરે દ્વારા ઉંદરાદિના નાશમાં અહોરાત્ર પર્યંત અસ્વાધ્યાય હોય છે. ભાવથી નંદી આદિ સૂત્રનું અધ્યયન કરવું નહીં. મનુષ્ય સંબંધી અસ્વાધ્યાય પણ એમ જ છે. પરંતુ વિશેષ એ છે કે - ક્ષેત્રથી એકસો(૧૦૦) હાથની અંદરમાં, કાલથી-અહોરાત્ર સુધી, યાવત્ આર્તવ (અંતરાય) સંબંધી ત્રણ દિવસ સુધી, પુત્રીના જન્મમાં આઠ દિવસ સુધી, પુત્રના જન્મમાં સાત દિવસ સુધી.

હાડકાના વિષે તો જીવના વિનાશના (મરણ થાય) દિવસથી માંડીને (આરંભીને) એકસો હાથની અંદર રહેલા-દાટેલા હોય તો બાર વર્ષ સુધી અસ્વાધ્યાય હોય છે.

ચિતાના અગ્નિ વડે બળેલા અથવા પાણીના પ્રવાહ વડે તણાયેલા હાડકાઓ હોય તો અસ્વાધ્યાય થાય નહીં, પરંતુ ભૂમિમાં દાટેલા હાડકાઓ હોય તો અસ્વાધ્યાય થાય છે.

(૪) અશુચિ-વિષ્ટા અને મૂત્રની સમીપે અસ્વાધ્યાય હોય છે.

(૫) શ્મશાનની નજીકમાં (મડદાના સ્થાનથી નજીકમાં) અસ્વાધ્યાય છે.

(૬-૭) ચંદ્ર ગ્રહણ અને સૂર્ય ગ્રહણ = ચંદ્રના વિમાનનું કે સૂર્યના વિમાનનું રાહુના તેજથી ઢંકાઈ જવું. અહીં કાલમાન છે - જો ચંદ્ર અથવા સૂર્ય ગ્રહણ થયે છતે સગ્રહ (ખગ્રાસ) અથવા અસંપૂર્ણ બૂડે (ડૂબે) ત્યારે ગ્રહણ કાલ, તે રાત્રિ શેષ, અહોરાત્ર શેષ અને ત્યાર પછી અહોરાત્ર પર્યંત વર્જે છે. આચાર એવો છે કે - જો તે જ રાત્રિ કે દિવસમાં ચંદ્ર ગ્રહણ મુકાયું હોય તો તે જ રાત્રિના શેષમાં (બાકીની રાત્રિમાં) સ્વાધ્યાયનું વર્જન છે. સૂર્ય ગ્રહણમાં તે બાકી રહેલા દિવસને છોડીને પછીની તરતની રાત્રિને પણ છોડે છે.

**પ્રશ્ન** :- સૂર્ય અને ચંદ્ર તો આકાશમાં છે તો પછી અહીં ઔદારિકમાં કેમ તેનું ગ્રહણ કર્યું ?

**ઉત્તર** :- સૂર્ય, ચંદ્ર આકાશમાં રહે છે તો પણ તેમના વિમાનો પૃથ્વીકાયના હોવાથી પૃથ્વીકાયિક જીવની અપેક્ષાએ ઔદારિકપણું કહ્યું છે. અંતરીક્ષપણું છે તો પણ તેની વિવક્ષા કરી નથી.

(૮) **પતન** :- પતન એટલે મરણ. રાજા, પ્રધાન, સેનાપતિ, ગામના માલિક વગેરેનું મરણ. તેમાં જ્યારે દંડનાયક અથવા રાજા મરણ પામે છે અને જ્યાં સુધી બીજો રાજા થતો નથી ત્યારે નિર્ભયમાં સ્વાધ્યાયને છોડે છે. નિર્ભયના શ્રવણ પછી પણ અહોરાત્ર સ્વાધ્યાય છોડે છે.

ગામના મોટા માણસ-મુખ્ય પુરૂષનું, અધિકારી (અમલદાર)નું, ઘણા કુટુંબવાળાનું, શય્યાતર અથવા ઉપાશ્રયથી સાતમા ઘરની અંદર સામાન્ય પુરૂષનું પણ મરણ થયું હોય તો અહોરાત્ર સુધી સ્વાધ્યાય વર્જે છે, અથવા ધીમે ધીમે ભણે છે. કેમકે આ સાધુઓ દુઃખ વગરના છે એવી રીતે લોકો ગર્હા ન કરે. માટે સ્વાધ્યાય વર્જે.

(૯) **રાજ વિગ્રહ :-** રાજાનું યુદ્ધ, ઉપલક્ષણથી સેનાપતિ, ગ્રામ ભોગિક, મહત્તર પુરૂષ, સ્ત્રી, મલ્લના યુદ્ધોના સમયે સ્વાધ્યાય ન કરે. કારણ કે આવા સ્થાનોમાં પ્રાયઃ કરીને ઘણા વ્યંતરો કૌતુકથી આવે છે અને પ્રમાદીને દેવતા છળે છે. અથવા આ સાધુઓ દુઃખ વિનાના છે એમ ઉડ્ડાહ (અપયશ-ઠેકડી) થાય અથવા અપ્રીતિ થાય. માટે જ્યાં આગળ જેટલો લાંબો સમય યુદ્ધ વગેરે થાય તેટલો સમય તે ક્ષેત્રમાં (તે જગાએ) સ્વાધ્યાય ન કરે.

(૧૦) **વસતિ મધ્યગ શરીરાણિ :-** ઉપાશ્રયની અંદર (મધ્યમાં રહેલ) રહેલ ઔદારિક મનુષ્યાદિ સંબંધી શરીર શસ્ત્ર વગેરેથી ભેદાયેલું હોય તો સો હાથની અંદર અસ્વાધ્યાય થાય. અને જો ભેદાયેલું ન હોય તો પણ કુત્સિતપણાથી અને આચરિતપણાથી (ખરાબ હોવાથી અને ખરાબ આચરણ થવાથી સો હાથ સુધી સ્વાધ્યાય વજર્ય છે. પરઠવ્યા પછી ત્યાં તે સ્થાન શુદ્ધ થાય છે. ॥૨૨૦॥

उपर्युक्तास्वाध्यायावर्जनेन सुक्ष्मजीवेष्ववतरन्तीति तद्भेदानाह—

**प्राणपनकबीजहरितपुष्पाण्डलयनस्नेहगणितभङ्गसूक्ष्माणि सूक्ष्माणि ॥२२१॥**

**प्राणेति,** प्राणसूक्ष्मं-अनुद्धरितकुन्थुः, पनकसूक्ष्मं उल्लीप्रभृति, बीजसूक्ष्मं व्रीह्यादीनां नखिका, हरितसूक्ष्मं-भूमिसमवर्णं तृणम्, पुष्पसूक्ष्मं-वटादिपुष्पाणि, अण्डसूक्ष्मं-कीटिकाद्यण्डकानि, लयनसूक्ष्मं-कीटिकानगरादि, स्नेहसूक्ष्मं-अवश्यायादी, गणितसूक्ष्मं-गणितं जीवादीनां सङ्कलनादि तदेव सूक्ष्मं सूक्ष्मबुद्धिगम्यत्वात्, श्रूयते च वज्रान्तं गणितमिति । भङ्गसूक्ष्मं-भङ्गा-भङ्गकाः वस्तुविकल्पास्ते च द्विधा-तत्राद्यास्स्थानभंगका यथा-द्रव्यतो नामैका हिंसा न भावतः, अन्या भावतो न द्रव्यतः अपरा भावतो द्रव्यतश्च, इतरा च न भावतो नापि द्रव्यत इति । इतरे क्रमभंगकास्तु-द्रव्यतो हिंसाभावतश्च, द्रव्यतोऽन्या न भावतः, न द्रव्यतोऽन्या भावतः, अन्या च द्रव्यतो न भावत इति, तल्लक्षणं सूक्ष्मं भङ्गसूक्ष्मम्, सूक्ष्मता चास्य भजनीयपदबहुत्वे गहनभावेन सूक्ष्मबुद्धिगम्यत्वादिति ॥२२१॥

ઉપર કહ્યા મુજબ અસ્વાધ્યાયને ન છોડવાથી સૂક્ષ્મ જીવોમાં અવતરે છે. માટે સૂક્ષ્મ જીવોના ભેદોને કહે છે.

(૧) **પ્રાણ સૂક્ષ્મ :-** ઉદ્ધરી ન શકાય એવા જીવો કુંથુઆ. જે જીવો ચાલે ત્યારે જ નજરે પડે છે તે પ્રાણ સૂક્ષ્મ.

(૨) **પનકસૂક્ષ્મ :-** ઉલ્લી આદિ. વર્ષા ઋતુમાં જમીન, કાષ્ઠ આદિ પર જે પંચવર્ણી લીલફૂગ થાય છે તે પનકસૂક્ષ્મ. (૩) **બીજસૂક્ષ્મ :-** ચોખા આદિની નખિકા = અગ્રભાગ. જેમાં અંકુર ઉત્પન્ન થાય તે બીજસૂક્ષ્મ. (૪) **હરિતસૂક્ષ્મ :-** ભૂમિના જેવા વર્ણવાળું ઘાસ તે હરિતસૂક્ષ્મ.

(५) **પુષ્પસૂક્ષ્મ** :- વડ આદિના ફૂલો તે પુષ્પસૂક્ષ્મ. (૬) **અંડસૂક્ષ્મ** :- કીડી આદિના ઈંડા તે અંડસૂક્ષ્મ. (૭) **લયનસૂક્ષ્મ** :- કીડીના નગરાદિ. કીડીયારામાં રહેલ કીડી આદિ સૂક્ષ્મ જીવો તે લયનસૂક્ષ્મ. (૮) **સ્નેહસૂક્ષ્મ** :- હિમ, ઠાર આદિ તે સ્નેહસૂક્ષ્મ. (૯) **ગણિતસૂક્ષ્મ** :- જીવાદિની સંકલનાદિ તે જ સૂક્ષ્મ. કારણ કે સૂક્ષ્મ બુદ્ધિવાળા જીવો વડે સમજી શકાય તેવું છે. તે ગણિતસૂક્ષ્મ. તે વજ્ર સુધીનું ગણિત સંભળાય છે.

(૧૦) **ભંગસૂક્ષ્મ** :- ભાંગા એટલે વસ્તુના વિકલ્પો. જેમાં ભંગ = ભાંગા સૂક્ષ્મ હોય તે ભંગસૂક્ષ્મ.

તે વિકલ્પો બે પ્રકારે છે - (૧) સ્થાન ભાંગા, (૨) ક્રમ ભાંગા.

સ્થાન ભાંગા - જેમાં (૧) દ્રવ્યથી હિંસા છે, ભાવથી નથી. (૨) ભાવથી હિંસા છે, દ્રવ્યથી નથી. (૩) ભાવથી પણ હિંસા અને દ્રવ્યથી પણ હિંસા. (૪) ભાવથી કે દ્રવ્યથી હિંસા નહીં. ભાવથી પણ હિંસા નહીં. દ્રવ્યથી પણ હિંસા નહીં.

ક્રમ ભાંગા - (૧) દ્રવ્યથી હિંસા અને ભાવથી હિંસા. (૨) દ્રવ્યથી હિંસા અને ભાવથી નહીં.

(૩) દ્રવ્યથી હિંસા નહીં પણ ભાવથી હિંસા. (૪) દ્રવ્યથી હિંસા નહીં અને ભાવથી પણ હિંસા નહીં.

આવા પ્રકારના લક્ષણવાળું સૂક્ષ્મ તે ભંગસૂક્ષ્મ. અને આની સૂક્ષ્મતા ભજનીય પદ બહુત્વ - ઘણા વિકલ્પો હોતે છતે ગહનતાથી સૂક્ષ્મ બુદ્ધિથી જાણવા યોગ્ય - ગમ્ય હોવાથી આ પ્રમાણે છે. ॥૨૨૧॥

भङ्गद्वयस्य व्याख्यानाधीनत्वादनुयोगप्रकारानाह—

**द्रव्यमातृकापदैकार्थिककरणार्पितानर्पितभाविताभावितबाह्याबाह्यशाश्वताशाश्वततथाज्ञानाऽतथाज्ञानविषयो द्रव्यानुयोगः ॥२२२॥**

**द्रव्येति,** अनुयोजनं-सूत्रस्यार्थेन सम्बन्धनम्, अनुकूलो वा योगः-सूत्रस्याभिधेयार्थं प्रति व्यापारोऽनुयोगः व्याख्यानमिति भावः, स च चतुर्धा व्याख्येयभेदात्, तद्यथा-चरणकरणानुयोगो धर्मकथानुयोगो गणितानुयोगो द्रव्यानुयोगश्चेति, तत्र द्रव्यजीवादेरनुयोगो-विचारो द्रव्यानुयोगः, स च दशधा, तत्र यज्जीवादेर्द्रव्यत्वं विचार्यते स द्रव्यानुयोगः यथा द्रवति गच्छति तांस्तान् पर्यायान्, द्रूयते वा तैस्तैः पर्यायैरिति द्रव्यं गुणपर्यायवानित्यर्थः, तत्र सन्ति जीवे ज्ञानादयः सहभावित्वलक्षणा गुणाः, न हि तद्वियुक्तो जीवः कदाचनापि सम्भवति, जीवत्वहानेः, तथा पर्याया अपि मानुषत्वबाल्यादयः कालकृतावस्थालक्षणास्तत्र सन्त्येवेति, अतोऽसौ गुणपर्यायवत्त्वात् द्रव्यमित्यादिद्रव्यानुयोगः । मातृकेव मातृका, प्रवचनपुरुष-

स्योत्पादव्ययध्रौव्यलक्षणा पदत्रयी तस्या अनुयोगो यथा उत्पादवज्जीवद्रव्यं बाल्यादिपर्यायाणामनुक्षणमुत्पत्तिदर्शनात्, अनुत्पादे च वृद्धाद्यवस्थानामप्राप्तिप्रसङ्गादसमञ्जसापत्तेः, तथा व्ययवज्जीवद्रव्यं प्रतिक्षणं बालाद्यवस्थानां व्ययदर्शनादव्ययत्वे च सर्वदा बाल्यादिप्राप्तेरसमञ्जसमेव, तथा यदि सर्वथाप्युत्पादव्ययवदेव तत्र केनापि प्रकारेण ध्रुवं स्यात्तदाऽकृताभ्यागमकृतविप्रणाशप्राप्त्या पूर्वदृष्टानुस्मरणाभिलाषादिभावानामभावप्रसङ्गेन च सकलेहलोकपरलोकालम्बनानुष्ठानानामभावतोऽसमञ्जसमेव ततो द्रव्यतयाऽस्य ध्रौव्यमित्युत्पादव्ययध्रौव्ययुक्तमतो द्रव्यमित्यादिमातृकापदानुयोगः । एकश्चासावर्थश्चाभिधेयो जीवादिः स एषामस्ति त एकार्थिकाः शब्दास्तैरनुयोगः कथनमित्यर्थः, एकार्थिकानुयोगो यथा जीवद्रव्यं प्रति जीवः प्राणीभूतः सत्त्व इत्यादि । एकार्थिकानां वाऽनुयोगो यथा जीवनात् प्राणधारणाज्जीवः, प्राणानामुच्छ्वासादीनामस्तित्वात् प्राणी, सर्वदा भवनाद्भूतः, सर्वदा सत्त्वात्सत्त्व इत्यादि । क्रियत एभिरिति करणानि, तेषामनुयोगः करणानुयोगः, तथा हि-जीवद्रव्यस्य कर्त्तुर्विचित्रक्रियासु साधकतमानि कालस्वभावनियतिपूर्वकृतानि, नैकाकी जीवः किञ्चन कर्त्तुमलमिति । मृद्द्रव्यं वा कुलालचक्रचीवरदण्डादिकं कारणकलापमन्तरेण न घटलक्षणं कार्यं प्रति घटत इति तस्य तानि करणानीति द्रव्यस्य करणानुयोगः । द्रव्यं ह्यर्पितं विशेषितं यथा जीवद्रव्यं किंविधं ? संसारीति, संसार्यपि त्रसरूपं तदपि पञ्चेन्द्रियं तदपि नररूपमित्यादि, अनर्पितमविशेषितमेव, यथा जीवद्रव्यमिति ततश्चार्पितञ्च तदनर्पितञ्चेत्यर्पितानर्पितं द्रव्यं भवतीति द्रव्यानुयोगः । तथा भावितं-वासितं द्रव्यान्तरसंसर्गतः, अभावितमन्यथैव । यथा जीवद्रव्यं भावितं किञ्चित्, तच्च प्रशस्तभावितमितरभावितञ्च, प्रशस्तभावितं संविग्नभावितमप्रशस्तभावितमितरभावितम् । तद्द्विविधमपि वामनीयमवामनीयञ्च, तत्र वामनीयं यत्संसर्गजं गुणं दोषं वा संसर्गान्तरेण वमति, अवामनीयन्त्वन्यथा, अभावितं त्वसंसर्गप्राप्तं प्राप्तसंसर्गं वा वज्रतन्दुलकल्पं न वासयितुं शक्यमिति, एवं घटादिकं द्रव्यमपि, ततश्च भावितं चाभावितञ्च भाविताभावितमेवंभूतो विचारो द्रव्यानुयोग इति । बाह्याबाह्यम्, तत्र जीवद्रव्यं बाह्यं चैतन्यधर्मेणाकाशास्तिकायादिभ्यो विलक्षणत्वात् तदेवाबाह्यममूर्त्तत्वादिना धर्मेणामूर्त्तत्वादुभयेषामपि, चैतन्येन वाऽबाह्यं जीवास्तिकायात्, चैतन्यलक्षणत्वादुभयोरपि, अथवा घटादिद्रव्यं बाह्यं कर्मचैतन्यादित्वबाह्यमाध्यात्मिकमिति यावत्, एवमन्यो द्रव्यानुयोगः । शाश्वताशाश्वतम्, तत्र जीवद्रव्यमनादिनिधनत्वाच्छाश्वतम्, तदेवापरापरपर्यायप्राप्तितोऽशाश्वतमित्येवमन्यो द्रव्यानुयोगः । यथा वस्तु तथा ज्ञानं यस्य

तत्तथाज्ञानं सम्यग्दृष्टि जीवद्रव्यं तस्यैवावितथज्ञानत्वात्, अथवा यथा तद्वस्तु तथैव ज्ञानमवबोधः प्रतीतिर्यस्मिंस्तत्तथाज्ञानं घटादिद्रव्यं घटादितयैव प्रतिभासमानं जैनाभ्युपगतं वा परिणामि परिणामितयैव प्रतिभासमानमित्येवमन्यो द्रव्यानुयोगः । अतथाज्ञानं मिथ्यादृष्टि-जीवद्रव्यमलातद्रव्यं वा वक्रतयाऽवभासमानमेकान्तवाद्यभ्युपगतं वा वस्तु, तथाहि एकान्तेन नित्यमनित्यं वा वस्तु तैरभ्युपगतं प्रतिभाति च तत्परिणामितयेति तदतथाज्ञानमित्येवमन्यो द्रव्यानुयोग इति ॥२२२॥

બે ભાંગાના વ્યાખ્યાનો આધીન હોવાથી અનુયોગના પ્રકારોને કહે છે.

દ્રવ્યાનુયોગના દશ (૧૦) પ્રકાર છે.. તે આ પ્રમાણે - (૧) દ્રવ્યાનુયોગ (૨) માતૃકાનુયોગ (૩) એકાર્થિકાનુયોગ (૪) કરણાનુયોગ (૫) અર્પિતાનર્પિતાનુયોગ (૬) ભાવિતાભાવિતાનુયોગ (૭) બાહ્યાબાહ્યાનુયોગ (૮) શાશ્વતાશાશ્વતાનુયોગ (૯) તથાજ્ઞાનાનુયોગ અને (૧૦) અતથાજ્ઞાનાનુયોગ.

**દ્રવ્યેતિ** :- અનુયોજનં = સૂત્રનો અર્થ સાથે સંબંધ... અથવા અનુકૂલ યોગ... સૂત્રનો અભિધેયાર્થ પ્રતિ વ્યાપાર તે અનુયોગ... અર્થાત્ તેનું કથન કરવું એવો ભાવ છે.

તે અનુયોગ કહેવા યોગ્ય ભેદથી ચાર પ્રકારે બતાવેલ છે, તે આ પ્રમાણે - (૧) ચરણકરણાનુયોગ (૨) ધર્મકથાનુયોગ (૩) ગણિતાનુયોગ અને (૪) દ્રવ્યાનુયોગ.

તેમાં જીવાદિ દ્રવ્યોનો વિચાર તે દ્રવ્યાનુયોગ... તે દશ પ્રકારે છે.

**(૧) દ્રવ્યાનુયોગ** :- જીવાદિનું જે દ્રવ્યપણું વિચારાય છે તે **દ્રવ્યાનુયોગ.** જેમકે દ્રવતિ અર્થાત્ તે-તે પર્યાયોને પામે છે અથવા દ્રૂયતે એટલે તે-તે પર્યાયો વડે શ્રવે છે - ઝરે છે તે દ્રવ્ય અર્થાત્ ગુણ અને પર્યાયવાળો પદાર્થ તે દ્રવ્ય.

જીવમાં સહભાવિત્વલક્ષણવાળા જ્ઞાનાદિ ગુણો હંમેશા વિદ્યમાન હોય છે. પરંતુ તે જ્ઞાનાદિ ગુણોથી રહિત ક્યારે પણ જીવ સંભવે નહીં, કારણ કે ગુણરહિતપણામાં જીવત્વની હાનિ છે. માનુષત્વ અને બાલ્યાવસ્થાદિ કાલકૃત અવસ્થા તથા લક્ષણ પર્યાયો પણ તેમાં છે જ.

આથી ગુણપર્યાયવાળા દ્રવ્ય હોય છે - ઈત્યાદિ વિચારણા કરવી તે **દ્રવ્યાનુયોગ.**

**(૨) માતૃકાનુયોગ** :- માતૃકાની જેમ માતૃકા અર્થાત્ પ્રવચન-સિદ્ધાંતરૂપ પુરુષની ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યરૂપ ત્રીપદી તે માતૃકા અને તેનો અનુયોગ અર્થાત્ વિચાર કરવો, જેમકે -

જીવદ્રવ્ય ઉત્પાદવાળું છે, કેમકે બાલ્યાદિ પર્યાયોની પ્રતિક્ષણ તેમાં ઉત્પત્તિ દેખાવાથી...

જો જીવદ્રવ્યમાં ઉત્પાદ માનવામાં ન આવે તો વૃદ્ધત્વાદિ અવસ્થાની અપ્રાપ્તિનો પ્રસંગ આવવાથી અસમંજસપણું અર્થાત્ અઘટિતની આપત્તિ આવશે. તથા વ્યયવાળું જીવદ્રવ્ય છે...

કેમકે દરેક ક્ષણમાં બાલ્યાવસ્થાદિ વ્યયને જોવાથી... અવ્યયપણામાં તો સર્વદા બાલ્યાદિની પ્રાપ્તિથી અસમંજસપણું જ થશે. અર્થાત્ બાળક, બાળક જ રહે... યુવા કે વૃદ્ધ ન બને...

તથા જો સર્વથા જ ઉત્પાદ અને વ્યયવાળું દ્રવ્ય હોય તો કોઈપણ રીતે ધ્રુવ ન થાય, ત્યારે અકૃતનું આવવું અને કૃતનાશની પ્રાપ્તિ થવાથી અને પૂર્વે જોયેલ વસ્તુનું અનુસ્મરણ તથા અભિલાષ વગેરે ભાવોના અભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય... જેથી આ લોક અને પરલોક સંબંધી આલંબનભૂત અનુષ્ઠાનોનો અભાવ થવાથી અસમંજસપણું જ થશે... આથી દ્રવ્યપણાએ આનું ધ્રુવપણું છે... માટે ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યયુક્ત દ્રવ્ય છે - ઈત્યાદિ વિચારણા તે **માતૃકાપદાનુયોગ.**

**(૩) એકાર્થિક અનુયોગ :-** સમાન અર્થવાળા શબ્દો તે એકાર્થિક... એક એવો અર્થ કહેવા યોગ્ય જે જીવાદિ પદાર્થ, તે છે જેઓને તે એકાર્થિક શબ્દો... તે એકાર્થિક શબ્દો વડે જે અનુયોગ વ્યાખ્યાન થાય તે એકાર્થિકાનુયોગ. જેમકે જીવ દ્રવ્યને જીવ, પ્રાણી, ભૂત અને સત્ત્વ ઈત્યાદિ શબ્દોથી ઓળખાવાય છે. અથવા એક અર્થિકોનો જે અનુયોગ... જેમકે - જીવનાત્ = પ્રાણને ધારણ કરવાથી **જીવ...** ઉચ્છવાસાદિ પ્રાણના અસ્તિત્વથી **પ્રાણી...** ત્રણે કાળમાં તેને સદ્ભાવ હોવાથી **ભૂત...** તેની વિદ્યમાનતા કાયમ રહેતી હોવાથી તેને **સત્ત્વ** પણ કહે છે.

**(૪) કરણાનુયોગ :-** જેઓ વડે કરાય છે તે કરણો તેનો અનુયોગ તે કરણાનુયોગ... તે આ પ્રમાણે - કર્તા એવા જીવ દ્રવ્યની જુદી-જુદી ક્રિયાઓમાં કાળ-સ્વભાવ-નિયતિ અને પૂર્વના કર્મરૂપ કારણો સાધકતમરૂપે છે, કારણ કે એકલો જીવ કંઈ જ કરવા માટે સમર્થ નથી.

માટીરૂપ દ્રવ્ય તે કુંભાર-ચક્ર-ચીવર અને દંડ વિગેરેના સમૂહ રહિત ઘટ રૂપ કાર્ય માટે સમર્થ થતું નથી, તેના તે કારણો છે - સાધનો છે. એવી રીતે દ્રવ્યનો કરણાનુયોગ છે.

**(૫) અર્પિતાનર્પિતાનુયોગ :-** અર્પિત = વિશેષિત - વિશેષણથી યુક્ત અનર્પિત = અવિશેષિત... વિશેષણથી રહિત.

**દ્રવ્ય જ અર્પિત** છે અર્થાત્ વિશેષિત છે. જેમકે -જીવ દ્રવ્ય... જીવ દ્રવ્ય કેવા પ્રકારનું છે ? સંસારી... સંસારી પણ ત્રસ રૂપ... ત્રસ પણ પંચેન્દ્રિય રૂપે... પંચેન્દ્રિય પણ મનુષ્ય રૂપે... ઈત્યાદિ. **અનર્પિત** - વિશેષણ રહિત જ. જેમકે જીવદ્રવ્ય...

આમ દ્રવ્ય અર્પિત અને અનર્પિત થાય છે.. આ અર્પિત અને અનર્પિત દ્રવ્યનો અનુયોગ તે અર્પિતાનર્પિતાનુયોગ...

**(૬) ભાવિતાભાવિત :-** ભાવિત = અન્ય દ્રવ્યના સંસર્ગથી વાસિત થયેલ... અભાવિત = અન્ય દ્રવ્યના સંસર્ગથી વાસિત ન થયેલ.

જેમકે જીવદ્રવ્ય કિંચિત વાસિત છે. વળી તે જીવ દ્રવ્ય પ્રશસ્ત ભાવિત અને અપ્રશસ્ત ભાવિત છે. પ્રશસ્ત ભાવિત = સંવિજ્ઞ પુરૂષ વડે ભાવિત અને અપ્રશસ્ત ભાવિત = કુમતિ પુરૂષ વડે ભાવિત.

તે પણ બે પ્રકારે છે - **વામનીય** - વમી શકાય તેવું. સંસર્ગથી ઉત્પન્ન થયેલ ગુણ અથવા દોષ અન્ય સંસર્ગથી વમે છે, ત્યાગ કરે છે. **અવામનીય** - સંસર્ગથી પ્રાપ્ત થયેલ ગુણો કે દોષોનું અન્ય સંસર્ગથી વમન ન કરે - ત્યાગ ન કરે.

અભાવિત તો સંસર્ગને નહીં પામેલું કે સંસર્ગને પામેલું વજ્ર તંદુલની જેમ (કોરડા મગની જેમ) વાસિત થવા શક્ય નથી. એ રીતે ઘટ વિગેરે પણ દ્રવ્યને સમજવું. આમ ભાવિત કે અભાવિતનો વિચાર કરવો તે **ભાવિતાભાવિત દ્રવ્યાનુયોગ.**

**(૭) બાહ્યાબાહ્ય :-** બાહ્ય એટલે ભિન્ન... અબાહ્ય એટલે અભિન્ન. જીવ દ્રવ્ય ચૈતન્ય ધર્મરૂપ હોવાથી આકાશાસ્તિકાયાદિ ધર્મથી ભિન્ન હોવાથી બાહ્ય છે. તેમજ તે જ જીવ દ્રવ્ય અમૂર્ત હોવાથી આકાશાસ્તિકાયાદિ જે અમૂર્ત છે તેની અપેક્ષાએ તે બંનેસમાન હોવાથી અબાહ્ય છે. અથવા ચૈતન્ય ધર્મથી જીવાસ્તિકાયથી જીવ અબાહ્ય છે કારણ કે તે બંનેનું ચૈતન્ય લક્ષણ છે. અથવા ઘટાદિ દ્રવ્ય બાહ્ય છે - દેખાય છે, અને કર્મ-ચૈતન્ય વિગેરે તો અબાહ્ય છે કારણ કે તે આધ્યાત્મિક છે - દેખાતા નથી આ રીતે **બાહ્યાબાહ્ય દ્રવ્યાનુયોગ.**

**(૮) શાશ્વતાશાશ્વત :-** જીવ દ્રવ્ય અનાદિ અનંત હોવાથી શાશ્વત છે તે જ નવીન-નવીન પર્યાયો પામવાથી અશાશ્વત છે. આ રીતે **શાશ્વતાશાશ્વત દ્રવ્યાનુયોગ.**

**(૯) તથાજ્ઞાનાનુયોગ :-** વસ્તુ જેવી હોય તેવું તેનું જ્ઞાન તે તથાજ્ઞાન. જીવદ્રવ્યવિષે સમ્યગ્દષ્ટિ જીવોનું અવિતથ જ્ઞાન હોવાથી તથાજ્ઞાન કહેવાય. અથવા જે વસ્તુ જેવી છે તેવું જ જ્ઞાન-અવબોધ કે પ્રતીતિ જેમાં થાય તે તથાજ્ઞાન. જેમકે ઘટાદિ દ્રવ્યને ઘટાદિરૂપે જ જણાય... તે તથાજ્ઞાન. અથવા જૈનો વડે સ્વીકારાયેલું પરિણામી દ્રવ્ય પરિણામરૂપે જ જણાય તે તથાજ્ઞાન. આ રીતે તથાજ્ઞાનની વિચારણા તે **તથાજ્ઞાનાનુયોગ.**

**(૧૦) અતથાજ્ઞાનાનુયોગ :-** મિથ્યાદષ્ટિ જીવ દ્રવ્ય અથવા અલાત એટલે કે ઊંબાડિયું તે વક્ર ન હોવા છતાં ગોળ દેખાવાથી અતથાજ્ઞાન. અથવા એકાંતવાદીઓએ સ્વીકારેલું જ્ઞાન તે અતથાજ્ઞાન.

તે આ રીતે... એકાંતે નિત્ય કે એકાંતે અનિત્ય વસ્તુ તેઓએ સ્વીકારી છે, અને જે રીતે સ્વીકારી છે તે રીતે અર્થાત્ એકાંતે નિત્ય અને એકાંતે અનિત્ય રીતે તેમને જણાય છે - આથી અતથાજ્ઞાન.

આમ અતથાજ્ઞાનની જે વિચારણા તે **અતથાજ્ઞાનાનુયોગ.** ॥૨૨૨॥

अथाज्ञानप्रस्तावान्मिथ्यात्वमाह—

**धर्माधर्ममार्गामार्गजीवाजीवसाध्यसाधुमुक्तामुक्तेषुविपर्ययसंज्ञामिथ्वात्वम्॥२२३॥**

**धर्मेति,** धर्मे–कषच्छेदादिशुद्धे सम्यक्श्रुते आप्तवचनलक्षणेऽधर्मसंज्ञा सर्व एव पुरुषा रागादिमन्तोऽसर्वज्ञाश्च पुरुषत्वादहमिवेत्यादि प्रमाणतोऽनाप्ताः तदभावान्नेतदुपादिष्टं शास्त्रं धर्म

इत्यादिकुविकल्पवशादनागमबुद्धिरिति । अधर्मे श्रुतलक्षणविहीनत्वादनागमेऽपौरुषेयादौ धर्मसंज्ञा आगमबुद्धिर्मिथ्यात्वं विपर्यस्तत्वादिति । मार्गेऽमार्गसंज्ञेति प्रतीतम् । अमार्गे निर्वृतिपुरीं प्रति अनध्वनि वस्तुतत्त्वापेक्षया विपरीतश्रद्धानज्ञानानुष्ठानरूपे मार्गसंज्ञा-कुवासनातो मार्गबुद्धिरिति । जीवेषु पृथिव्यादिष्वजीवसंज्ञा यथा न भवन्ति पृथिव्यादयो जीवा उच्छ्वासादीनां प्राणिधर्माणामनुपलम्भात्, घटवदिति । अजीवेषु आकाशपरमाण्वादिषु जीवसंज्ञा पुरुष एवेदं सर्वमित्याद्यभ्युपगमात्, तथा 'क्षितिजलपवनहुताशनयजमानाकाशचन्द्रसूर्याख्याः इति मूर्त्तयो महेश्वरसम्बन्धिन्यो भवन्त्यष्टौ इति । साधुषु ब्रह्मचर्यादिगुणान्वितेषु असाधुसंज्ञा, एते हि कुमारप्रव्रजिता नास्त्येषां गतिरपुत्रत्वात् स्नानादिविरहितत्वाद्वेत्यादिविकल्पात्मिका । असाधुषु षड्जीवनिकायवधानिवृत्तेष्वौद्देशिकादिभोजिष्वब्रह्मचारिषु साधुसंज्ञा, यथा साधव एते सर्व-पापप्रवृत्ता अपि ब्रह्ममुद्राधारित्वादित्यादिविकल्परूपा । मुक्तेषु सकलकर्मकृतविकारविरहि-तेष्वनन्तज्ञानदर्शनसुखवीर्ययुक्तेषु अमुक्तसंज्ञा, न सन्त्येवेदृशा मुक्ताः मुक्तस्य विध्यात-दीपककल्पत्वात्, आत्मन एव वा नास्तित्वादित्यादिविकल्परूपा । तथाऽमुक्तेषु सकर्मसु लोकव्यापारप्रवृत्तेषु मुक्तसंज्ञा, यथा 'अणिमाद्यष्टविधं प्राप्य ह्यैश्वर्यं कृतिनः सदा । मोदन्ते निर्वृतात्मानस्तीर्णाः परमदुस्तर'मित्यादिविकल्परूपेति ॥२२३॥

હવે અજ્ઞાનના પ્રસ્તાવથી મિથ્યાત્વને કહે છે -

મિથ્યાત્વ દશ પ્રકારના છે તે આ પ્રમાણે - (૧) ધર્મ, (૨) અધર્મ, (૩) માર્ગ, (૪) અમાર્ગ, (૫) જીવ, (૬) અજીવ, (૭) સાધુ, (૮) અસાધુ, (૯) મુક્ત તથા (૧૦) અમુક્ત. આ સર્વને વિષે વિપરીત બુદ્ધિ તે મિથ્યાત્વ કહેવાય.

**(૧) ધર્મ સંબંધી વિપરીત બુદ્ધિ :-** કષ-છેદાદિ પરીક્ષાથી શુદ્ધ-સમ્યક્જ્ઞાન સ્વરૂપ - તથા આપ્ત વચનરૂપ ધર્મને વિષે અધર્મની બુદ્ધિ... તે આ રીતે - બધા જ પુરૂષો રાગાદિવાળા છે અને અસર્વજ્ઞ છે, જેમકે પુરૂષપણાથી હું અસર્વજ્ઞ છું... ઈત્યાદિ પ્રમાણથી અનાપ્ત પુરૂષો છે અને આપ્તના અભાવથી તેમણે ઉપદેશેલું શાસ્ત્ર ધર્મરૂપ નથી, ઈત્યાદિ કુવિકલ્પના વશથી અનાગમબુદ્ધિરૂપ મિથ્યાત્વ.

**(૨) અધર્મને વિષે ધર્મની બુદ્ધિ :-** શ્રુત લક્ષણથી રહિત-અપૌરૂષેય સ્વરૂપ-અનાગમરૂપ અધર્મમાં આગમરૂપ ધર્મની બુદ્ધિ એ મિથ્યાત્વ છે... વિપરિતતા હોવાથી.

**(૩) માર્ગમાં અમાર્ગની બુદ્ધિ :-** મોક્ષ માર્ગને વિષે અર્થાત્ મોક્ષ પ્રાપ્તિ કરાવનાર રત્નત્રયીને વિષે અમાર્ગની બુદ્ધિ તે મિથ્યાત્વ.

**(૪) અમાર્ગમાં માર્ગની બુદ્ધિ :-** વસ્તુતત્ત્વની અપેક્ષાએ વિપરીત શ્રદ્ધા-વિપરીત જ્ઞાન અને વિપરીત અનુષ્ઠાનરૂપ અમાર્ગમાં કુવાસનાથી માર્ગની બુદ્ધિ કરવી તે મિથ્યાત્વ.

**(૫) જીવમાં અજીવની બુદ્ધિ :-** પૃથ્વીકાય વિગેરે જીવોમાં અજીવની બુદ્ધિ - તે આ પ્રમાણે. પૃથ્વીકાય આદિ જીવો ઉચ્છવાસાદિ જે જીવના ધર્મો છે તેને ધારણ કરતા ન હોવાથી ઘટની જેમ અજીવ છે - તેવા પ્રકારની બુદ્ધિ કરવી તે મિથ્યાત્વ.

**(૬) અજીવમાં જીવની બુદ્ધિ :-** અજીવરૂપ આકાશ-પરમાણુ વિગેરેમાં જીવ છે કારણ કે 'પુરૂષ એવ ઈદં' આ બધું જડ-ચૈતન્ય પુરૂષરૂપે જ છે ઈત્યાદિની માન્યતાથી... તેઓ માને છે કે પૃથ્વી, જલ, પવન, અગ્નિ, યજમાન, આકાશ, ચંદ્ર અને સૂર્ય આ આઠ મૂર્તિઓ મહેશ્વર સંબંધી છે.

**(૭) સાધુમાં અસાધુની બુદ્ધિ :-** બ્રહ્મચર્યાદિ ગુણયુક્ત સાધુઓને વિષે અસાધુની સંજ્ઞા તે આ રીતે, કુમાર અવસ્થામાં દીક્ષા લીધેલા આ લોકો અપુત્રીયા હોવાથી તેઓની ગતિ નથી. અથવા તો સ્નાનાદિ પણ તેઓ કરતા નથી માટે તેઓની ગતિ નથી તેવા વિકલ્પરૂપ મિથ્યાત્વ.

**(૮) અસાધુમાં સાધુની બુદ્ધિ :-** છ જીવ નિકાયની વિરાધનાથી નહીં અટકેલા, ઔદેશિકાદિ આહારને વાપરનારા અને અબ્રહ્મચારી એવા અસાધુઓને વિષે સાધુપણાની બુદ્ધિ, જેમકે સર્વ પાપમાં પ્રવર્તેલા છે તો પણ બ્રહ્મમુદ્રાને ધારણ કરનારા હોવાથી આ સાધુઓ છે - ઈત્યાદિ વિકલ્પરૂપ મિથ્યાત્વ.

**(૯) મુક્તમાં અમુક્તની બુદ્ધિ :-** સમસ્ત કર્મથી કરાયેલ વિકારથી રહિત તથા અનંત જ્ઞાન-દર્શન-સુખ તથા વીર્યથી યુક્ત એવા મુક્તાત્માઓમાં અમુક્તની બુદ્ધિ. તે આ પ્રમાણે - મુક્ત જીવો બુઝાયેલા દીપક સમાન છે - અથવા આત્મા જ નથી. માટે મુક્ત જીવો નથી, ઈત્યાદિ વિકલ્પરૂપ મિથ્યાત્વ.

**(૧૦) અમુક્તમાં મુક્તની બુદ્ધિ :-** કર્મસહિત અને લોકવ્યાપારમાં પ્રવૃત્ત જીવોને વિષે મુક્તની બુદ્ધિ, જેમ અણિમાદિ આઠ પ્રકારના ઐશ્વર્યને પામીને હંમેશા પુણ્યવાન નિવૃત્ત આત્મા થયા થકા પરમ દુસ્તરને તરેલા હર્ષને પામે છે... આવા પ્રકારનો વિકલ્પ તે મિથ્યાત્વ. ॥૨૨૩॥

पूर्वोदितानां सुखं न कदाचिदपीति सुखं निरूपयति–

**आरोग्यदीर्घायुराढ्यत्वकामभोगसन्तोषास्तित्वशुभभोगनिष्क्रमानाबाधानि सुखानि ॥२२४॥**

**आरोग्येति**, आरोग्यं नीरोगता, दीर्घमायुः चिरजीवितं शुभम्, आढ्यत्वं धन-पतित्वं सुखकारणत्वात् सुरवरूपम् अथवा आढ्यैः क्रियमाणा पूजाऽऽढ्यत्वम्, कामःशब्दरूप-लक्षणः, भोगः गन्धरसस्पर्शस्वरूपः संश्लेषपूर्वकसुखजनकत्वात् सन्तोषः-अल्पेच्छता,

तत्सुखमेव, आनन्दरूपत्वात्सन्तोषस्य, उक्तञ्च 'आरोग्गसारियं माणुसत्तणं सच्चसारिओ धम्मो। विज्जा निच्छियसारा सुहाइं संतोससाराइं॥' इति, अस्तित्वं येन येन यदा यदा प्रयोजनं तदा तदा तस्य सत्त्वम् अस्यानन्दहेतुत्वात्सुखरूपता, शुभभोगः अनिन्दिता विषयेषु भोगक्रिया सा सुखमेव सातोदयसम्पाद्यत्वात् निष्क्रमः अविरति-जम्बालान्निष्क्रमणं प्रव्रज्येत्यर्थः भवस्थानां हि निष्क्रमणमेव सुखं निराबाधस्वायत्तानन्दरूपत्वात् शेष सुखानि च दुःखप्रतीकारमात्रत्वात्सुखाभिमानजनकत्वाच्च न तत्त्वतः सुखं भवतीती। अनाबाधं-जन्मजरामरणक्षुत्पिपासाद्याबाधारहितं सर्वोत्तमं मोक्षसुखमित्यर्थः ॥२२४॥

પૂર્વે ઉદય પામેલાઓને ક્યારેય સુખ નથી આથી હવે સુખને કહે છે.

દશ પ્રકારના સુખ છે... (૧) આરોગ્ય, (૨) દીર્ઘાયુ, (૩) આઢ્યતા, (૪) કામ, (૫) ભોગ, (૬) સંતોષ, (૭) અસ્તિત્વ, (૮) શુભ ભોગ, (૯) નિષ્ક્રમણ તથા (૧૦) અવ્યાબાધ.

**આરોગ્યેતિ :- (૧) આરોગ્યં** = નિરોગીપણું. **(૨) દીર્ઘાયુ** = શુભ એવું લાંબાકાળ સુધીનું જીવન. **(૩) આઢ્યત્વં** = ધનનું સ્વામિત્વ તે સુખનું કારણ હોવાથી સુખ કહેવાય. અથવા ધનાઢ્યો વડે કરાતી પૂજા તે આઢ્યત્વં. **(૪) કામ** = શબ્દ અને રૂપલક્ષણ કામ તે સુખનું કારણ હોવાથી સુખ છે. **(૫) ભોગ** = ગંધ-રસ અને સ્પર્શરૂપ ભોગો આશ્લેષપૂર્વકના સુખના કારણરૂપ હોવાથી સુખ છે. **(૬) સંતોષ** = અલ્પ ઇચ્છાપણું તે પણ સુખ છે. કારણ કે સંતોષ આનંદરૂપ છે. કહ્યું છે કે - મનુષ્યપણાનો સાર આરોગ્ય છે, ધર્મનો સાર સત્ય છે, વિદ્યાનો સાર નિશ્ચય છે, અને સુખનો સાર સંતોષ છે, એ પ્રમાણે. **(૭) અસ્તિત્વ** = જે-જે વસ્તુનું જ્યારે-જ્યારે પ્રયોજન પડે ત્યારે ત્યારે તેની વિદ્યમાનતા આનંદનો હેતુ હોવાથી સુખરૂપ છે. **(૮) શુભ ભોગ** = અનિંદિત વિષયોમાં જે ભોગની ક્રિયા તે સાતાના ઉદયથી પ્રાપ્ત થતી હોવાથી સુખરૂપ છે. **(૯) નિષ્ક્રમણ** = અવિરતિરૂપ કાદવમાંથી બહાર નીકળવું તે પ્રવ્રજ્યા. સંસારમાં રહેલા જીવોને દીક્ષા જ સુખરૂપ છે, કારણ કે દીક્ષા બાધારહિત, સ્વાધીન અને આનંદરૂપ છે. બાકીના સુખો દુઃખના પ્રતીકાર માત્રથી સુખના અભિમાનને પેદા કરનાર હોવાથી વાસ્તવિક સુખરૂપ નથી. **(૧૦) અનાબાધ** = જન્મ-જરા-મરણ-ક્ષુધા-તરસ વિગેરે પીડાથી રહિત સર્વોત્તમ મોક્ષ સુખ છે... એ પ્રમાણે જાણવું. ॥૨૨૪॥

निष्क्रमणसुखं हि चारित्रसुखं तच्चानुपहतमनाबाधसुखाय, अतः चारित्रस्यैतत्साधनस्य भक्तादेर्ज्ञानादेश्चोपघातकं निरूपयति-

**उद्गमोत्पादनैषणापरिकर्मपरिहरणाज्ञानदर्शनचारित्राप्रीतिकसंरक्षणविषय उपघातो विशुद्धिश्च ॥२२५॥**

**उद्गमेति,** आधाकर्मादिना षोडशविधेनोद्गमेन चारित्रस्य विराधनं भक्तादेर्वा अकल्प्यता उद्गमोपघातः, एवं धात्र्यादिदोषलक्षणयोत्पादनया शंकितादिभेदयैषणया उपघातः, वस्त्र-पात्रादिसमारचनं परिकर्म तेनोपघातः, स्वाध्यायस्य श्रमादिना शरीरस्य संयमस्य वोपघातः परिकर्मोपघातः । अलाक्षणिकस्याकल्प्यस्य वोपकरणस्याऽऽसेवा परिहरणा तयोपघातः, श्रुतज्ञानापेक्षया प्रमादतः ज्ञानोपघातः, शङ्कितादिभिर्दर्शनोपघातः, समितिभङ्गादिभिश्चारित्रोपघातः, विनयादेरप्रीतिकोपघातः संरक्षणे शरीरादिविषये मूर्च्छा तया उपघातः परिग्रह-विरतेरिति संरक्षणोपघातः । विशुद्धिश्च–भक्तादेर्निरवद्यता उद्गमादिविशुद्धिः, परिकर्मणा वसत्यादिसारवणलक्षणेन क्रियमाणेन विशुद्धिर्या संयमस्य सा परिकर्मविशुद्धिः परिहरणया–वस्त्रादेः शास्त्रीययाऽऽसेवनया विशुद्धिः परिहरणाविशुद्धिः ज्ञानादित्रयविशुद्धयस्तदाचार-परिपालनातः, अप्रीतिकस्य विशोधिस्तन्निवर्त्तनात्, संरक्षणं संयमार्थमुपध्यादेस्तेन विशुद्धिश्चारित्रस्येति संरक्षणविशुद्धिरिति ॥२२५॥

નિષ્ક્રમણ સુખ ચારિત્ર સુખ કહ્યું, ચારિત્રનું સુખ અખંડિત-અનાબાધ સુખને માટે થાય છે, તેથી સુખના સાધનરૂપ ચારિત્રના ભક્તાદિ અને જ્ઞાનાદિ ઉપઘાતનું નિરૂપણ કરે છે.

ચારિત્રની વિરાધનારૂપ દશ (૧૦) પ્રકારનો ઉપઘાત કહેલ છે, તે આ પ્રમાણે - (૧) ઉદ્ગમ, (૨) ઉત્પાદન, (૩) એષણા, (૪) પરિકર્મ, (૫) પરિહરણા, (૬) જ્ઞાન, (૭) દર્શન, (૮) ચારિત્ર, (૯) અપ્રીતિક તથા (૧૦) સંરક્ષણ વિષયક.

એ પ્રમાણે ચારિત્રને નિર્મળ કરવારૂપ વિશોધિ પણ દશ પ્રકારે છે.

**(૧) ઉદ્ગમ ઉપઘાત :-** ઉદ્ગમ એટલે આધાકર્માદિ સોળ પ્રકારના દોષ વડે ચારિત્રની વિરાધના અથવા ભોજન વિગેરેની અકલ્પ્યતા તે ઉદ્ગમ ઉપઘાત.

**(૨) ઉત્પાદન ઉપઘાત :-** ધાત્રી દોષ વિગેરે સોળ દોષરૂપ વિરાધના ઉત્પાદન ઉપઘાત.

**(૩) એષણા :-** શંકિત વિગેરે દશ એષણાના ભેદ વડે જે વિરાધના તે એષણા ઉપઘાત.

**(૪) પરિકર્મ :-** વસ્ત્ર-પાત્ર આદિનું ગોઠવવું અથવા સાંધવું-સીવવું વિ. પરિકર્મ - શ્રમાદિથી શરીરનો કે સંયમનો ઉપઘાત તે પરિકર્મ ઉપઘાત.

**(૫) પરિહરણા :-** અલાક્ષણિક કે અકલ્પ્ય એવા ઉપકરણોનું સેવન કરવાથી જે વિરાધના તે પરિહરણા ઉપઘાત. (અલાક્ષણિક એટલે ઓઘો-મુહપત્તિ વગેરે શાસ્ત્રોક્ત પ્રમાણથી વિપરીત લક્ષણરૂપ સમજવા.)

**(૬) જ્ઞાન ઉપઘાત :-** શ્રુતજ્ઞાનની અપેક્ષાએ પ્રમાદથી થતી વિરાધના અર્થાત્ પ્રમાદને કારણે શ્રુતજ્ઞાનમાં જે ખામી આવે તે જ્ઞાન ઉપઘાત.

(૭) **દર્શન ઉપઘાત** :- શંકા આદિ વડે સમ્યક્ત્વની જે વિરાધના થાય તે દર્શન ઉપઘાત.

(૮) **ચારિત્ર ઉપઘાત** :- સમિતિ આદિના ભંગથી જે વિરાધના તે ચારિત્ર ઉપઘાત.

(૯) **અપ્રીતિક ઉપઘાત** :- અપ્રીતિને કારણે જે વિનય આદિનો ઉપઘાત થાય તે અપ્રીતિક ઉપઘાત. (૧૦) **સંરક્ષણ** :- શરીરાદિની મૂર્ચ્છાને કારણે થતો ઉપઘાત. પરિગ્રહની વિરતિની વિરાધના રૂપ ઉપઘાત તે સંરક્ષણ ઉપઘાત. ઉપઘાતના વિપક્ષભૂત દશ પ્રકારની વિશુદ્ધિ.

**વિશુદ્ધિ** :- ભક્ત-પાનાદિ દોષોની નિર્દોષતા તે ઉદ્‌ગમ[૧]-ઉત્પાદ[૨] તથા એષણા[૩]ની વિશુદ્ધિ.

**પરિકર્મ** :- વસતિ વિગેરેની સારવણ અર્થાત્ કાજો કાઢવારૂપ જે સારસંભાળ તેના દ્વારા થતી વિશુદ્ધિ તે પરિકર્મ[૪] વિશુદ્ધિ.

**પરિહરણા** :- શાસ્ત્રીય આજ્ઞા-શાસ્ત્રોક્ત આસેવના વડે જે વિશુદ્ધિ તે પરિહરણા[૫] વિશુદ્ધિ.

જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયીના પાલનથી જે વિશુદ્ધિ તે જ્ઞાન[૬]-દર્શન[૭]-ચારિત્ર[૮] વિશુદ્ધિ.

અપ્રીતિકરૂપ અવિનય વિગેરેના ત્યાગ દ્વારા જે વિશુદ્ધિ તે અપ્રીતિક[૯] વિશુદ્ધિ.

સંયમની પાલના માટે ઉપધિ વિગેરેના સંરક્ષણ વડે ચારિત્રમાં જે વિશુદ્ધિ પેદા થાય તે સંરક્ષણ[૧૦] વિશુદ્ધિ. ॥૨૨૫॥

एवंविधविशुद्धियुतः सत्यमेव भाषत इति तन्निरूपयति-

**जनपदसम्मतस्थापनानामरूपप्रतीत्यव्यवहारभावयोगौपम्यविषयं सत्यम् ।२२६।**

**जनपदेति**, सन्तः प्राणिनः पदार्था मुनयो वा तेभ्यो हितं सत्यं दशविधम्, यथा-सत्यपदं सर्वत्र सम्बन्धनीयम्, जनपदेषु-देशेषु यद्यदर्थवाचकतया रूढं देशान्तरेऽपि तत्तदर्थवाचकतया प्रयुज्यमानं सत्यमवितथमिति जनपदसत्यम् यथा कोङ्कणादिषु पयःपिच्चं नीरमुदकमित्यादि, सत्यत्वञ्चास्यादुष्टविवक्षाहेतुत्वान्नानाजनपदेष्विष्टार्थप्रतिपत्तिजनकत्वा-द्व्यवहारप्रवृत्तः, एवमन्यत्रापि भावना कार्या । सम्मतसत्यं-कुमुदकुवलयोत्पलतामरसानां समाने पङ्कसमुद्भवे गोपालादीनामपि सम्मतमरविन्दमेव पङ्कजमिति, अतस्तत्र सम्मततया पङ्कजशब्दः सत्यः कुवलयादावसत्यः असम्मतत्वात् । स्थाप्यत इति स्थापना यल्लेप्यादिकर्मार्हदादिविकल्पेन स्थाप्यते तद्विषये सत्यं स्थापनासत्यम्, यथाऽजिनोऽपि जिनोऽयमनाचार्योऽप्याचार्योऽयमिति, नामसत्यं-यथा कुलमवर्द्धयन्नपि कुलवर्द्धन उच्यते । रूपसत्यं यथा प्रपञ्चयतिः प्रव्रजितरूपं धारयन् प्रव्रजित उच्यते न चासत्यताऽस्येति । प्रतीत्यसत्यं-वस्त्वन्तरमाश्रित्य सत्यम् । यथाऽनामिकाया दीर्घत्वं ह्रस्वत्वञ्चेति, तथा ह्यनन्तपरिणामस्य द्रव्यस्य तत्तत्सहकारिकारण-सन्निधाने तत्तद्रूपमभिव्यज्यत इति सत्यता । व्यवहारसत्यता-यथा दह्यते गिरिः गलति

भाजनमित्यादि, अयं च गिरिगततृणादिदाहे व्यवहारः प्रवर्त्तते, उदके च गलति सतीति । भावसत्यं भूयिष्ठशुक्लादिपर्यायमाश्रित्य शुक्ला बलाकेति, सत्यपि हि पञ्चवर्णसम्भवे शुक्लवर्णोत्कटत्वात् शुक्लेति । योगसत्यं-सम्बन्धतो यथा दण्डयोगाद्दण्डी, छत्रयोगाच्छत्री एवोच्यते । औपम्यसत्यं-उपमेवौपम्यं तेन सत्यं यथा समुद्रवत्तडागं देवोऽयं सिंहस्त्वमिति ॥२२६॥

આવા પ્રકારની વિશુદ્ધિવાળા આત્મા સાચું જ બોલે, તેથી હવે તેનું નિરૂપણ કરે છે.

૧૦ પ્રકારના સત્ય છે... (૧) જનપદ સત્ય, (૨) સમ્મત, (૩) સ્થાપના, (૪) નામ, (૫) રૂપ, (૬) પ્રતીત્ય, (૭) વ્યવહાર, (૮) ભાવ, (૯) યોગ તથા (૧૦) ઔપમ્ય સત્ય.

પ્રાણીઓ-પદાર્થો અથવા મુનિઓ તેઓ માટે જે હિત તે સત્ય... તેના દશ પ્રકાર છે... તે આ પ્રમાણે... 'સત્ય' પદનો સર્વત્ર સંબંધ કરવા યોગ્ય છે.

**(૧) જનપદ સત્ય :-** દેશોમાં જે-જે અર્થ વાચકપણા વડે રૂઢ થયો હોય તે-તે અર્થ વાચકપણાએ દેશાંતરમાં પ્રયોગ કરાતો હોય તો તે અવિતથ છે તેથી તે જનપદ સત્ય કહેવાય. જેમકે કોંકણાદિ દેશોમાં પાણી માટે પયઃ, પિચ્ચં, નીરં, ઉદકમ વિગેરે શબ્દોનો પ્રયોગ થાય છે.

અદુષ્ટ વિવક્ષા હોવાથી તથા વિવિધ દેશોને વિષે ઈચ્છિત અર્થની પ્રાપ્તિ કરાવનાર હોવાથી, તથા વ્યવહારની પ્રવૃત્તિ થવાથી આ ભાષાનું સત્યપણું છે. આ રીતે બીજા સત્યોને વિષે પણ ભાવના કરવી.

**(૨) સમ્મત સત્ય :-** સંમત એવું સત્ય સંમત સત્ય... જેમકે કુમુદ-કુવલય-ઉત્પલ તથા તામરસની સમાનપણે કાદવમાં ઉત્પત્તિ છે પણ આબાલ-ગોપાલ વિગેરેને 'અરવિંદ' શબ્દ જ પંકજ રૂપે સંમત છે, તેથી તેમાં સંમતપણું હોવાથી 'પંકજ' શબ્દ સત્ય છે. જ્યારે 'કુવલય' વિગેરે શબ્દોમાં 'પંકજ' શબ્દ સંમત ન હોવાથી અસત્ય છે.

**(૩) સ્થાપના સત્ય :-** જે સ્થપાય તે સ્થાપના... જે લેપ્યાદિ કર્મ અરિહંતાદિના અભિપ્રાય વડે સ્થપાય છે. જેમકે આ પ્રતિમા અરિહંતની છે વિ. સ્થાપના સત્ય. આચાર્ય ન હોવા છતાં પણ આ આચાર્ય છે... જિન ન હોવા છતાં પણ આ જિન છે તે રીતે સ્વીકારવું તે સ્થાપના સત્ય.

**(૪) નામ સત્ય :-** માત્ર નામથી સત્ય તે નામ સત્ય... જેમકે કુલની વૃદ્ધિને ન કરતો હોય તો પણ કુલવર્દ્ધન કહેવાય છે.

**(૫) રૂપ સત્ય :-** કોઈ દંભથી પ્રવ્રજિત થયેલા મુનિ સંયમના વેષને ધારણ કરતો થકો દીક્ષિત કહેવાય છે, કારણ કે એના વેષની અસત્યતા નથી.

**(૬) પ્રતીત્ય સત્ય :-** અન્ય વસ્તુને આશ્રયીને જે સત્ય તે પ્રતીત સત્ય... જેમકે અનામિકા મધ્યમાની અપેક્ષાએ નાની છે અને કનિષ્ઠાની અપેક્ષાએ લાંબી છે. તેમ અનંત પરિણામવાળા દ્રવ્યનું તે તે સહકારિ કારણની સાથે તે તે સ્વરૂપે પ્રગટ થવું તે સત્યતા.

(૭) **વ્યવહાર સત્યતા** :- વ્યવહાર વડે સત્ય તે વ્યવહાર સત્ય... જેમકે પર્વત બળે છે, ભાજન ગળે છે, અહીં પર્વતમાં રહેલ તૃણાદિના બળવામાં અને પાત્રમાં રહેલા પાણીના ગળવામાં આવા પ્રકારનો વ્યવહાર થાય છે.

(૮) **ભાવ સત્ય** :- અધિક શુક્લાદિ પર્યાયને આશ્રયીને જે સત્ય તે ભાવ સત્ય... જેમકે બગલાઓ ધોળા છે - બગલાઓમાં પાંચે વર્ણનો સંભવ હોતે છતે પણ શુક્લ વર્ણની ઉત્કટતા-અતિશયતા હોવાથી શુક્લ કહેવાય છે.

(૯) **યોગ સત્ય** :- સંબંધ દ્વારા સત્ય તે યોગ સત્ય... જેમકે દંડના યોગથી દંડી... છત્રના યોગથી છત્રી કહેવાય છે.

(૧૦) **ઔપમ્ય સત્ય** :- ઉપમા એ જ ઔપમ્ય... તેના વડે જે સત્ય તે ઔપમ્ય સત્ય. જેમકે સમુદ્રના જેવું તળાવ છે - આ દેવ છે... તું સિંહ છે. વિગેરે... ॥૨૨૬॥

सत्यविपक्षं मृषां मिश्रञ्चाह-

**क्रोधमायालोभप्रेमद्वेषहासभयाख्यायिकोपचोपघाताश्रिता मृषा, उत्पन्नविगत-मिश्रजीवाजीवमिश्रानन्तपरीत्ताद्धाद्धाद्धा विषया मिश्रा भाषा ॥२२७॥**

**क्रोधेति**, क्रोधविषया भाषा मृषा, यथा क्रोधाभिभुतोऽदासमपि दासमभिधत्ते, मानविषया यथा मानाध्मातः कश्चित् केनचिदल्पधनोऽपि पृष्टः सन्नाह-महाधनोऽहमिति, मायाविषया यथामायाकारप्रभृतय आहुः-नष्टो गोलक इति, लोभाश्रयेण यथा वणिक्प्रभृतीनामन्यथा क्रीतमेवेत्थं क्रीतमित्यादि प्रेमाश्रयेण यथा अतिरक्तानां दासोऽहं तवेत्यादि, द्वेषनिश्रितं यथा-मत्सरिणां गुणवत्यपि निर्गुणोऽयमित्यादि, हासविषया यथा कन्दर्पिकाणां कस्मिंश्चित्कस्य-चित्सम्बन्धिनि गृहीते पृष्टानां न दृष्टमित्यादि, भयाश्रया यथा तस्करादिगृहीतानां तथा तथाऽसमञ्जसाभिधानम्, आख्यायिकाश्रिता-यथा तत्प्रतिबद्धोऽसत्प्रलापः, उपघातः प्राणिवध-स्तदाश्रयेण यथा अचौरे चौरोऽयमित्यभ्याख्यानमिति । सत्यासत्ययोगाद्यद्वचनं तदाह-उत्पन्नेति, उत्पन्नविषया मिश्रा यथैकं नगरमधिकृत्य अस्मिन्नद्य दशदारका उत्पन्ना इत्यभिदधतः, तन्न्यूनाधिकभावे व्यवहारतोऽस्य सत्यमृषात्वत्, श्वस्ते शतं दास्यामीत्यभिधाय पञ्चाशत्यपि दत्तायां लोके मृषात्वादर्शनादनुत्पन्नेष्वेवादत्तेष्वेव वा मृषात्वसिद्धेः, सर्वथा क्रियाभावेन सर्वथा व्यत्ययात्, एवमग्रेऽपि भावनीयम्, विगतविषया यथा एकं ग्राममधिकृत्यास्मिन्नद्य दशवृद्धा विगता इत्यभिदधतो न्यूनाधिकभावे मिश्रम् । उत्पन्नविगतलक्षणं मिश्रञ्च यथैकं पत्तनमधि-कृत्यास्मिन्नद्य दशदारका जाताः दश च वृद्धा विगता इत्यभिदधतस्तन्न्यूनाधिकभावे । जीवविषयं मिश्रं यथा जीवन्मृतकृमिराशौ जीवराशिरिति, अजीवानाश्रित्यमिश्रं यथा तस्मिन्नेव

प्रभूतमृत कृमिराशावजीवराशिरिति, जीवाजीवविषयं मिश्रं यथा तस्मिन्नेव जीवन्मृतकृमिराशौ प्रमाणनियमेनैतावन्तो जीवन्त्येतावन्तश्च मृता इत्यभिदधतस्तन्न्यूनाधिकत्वे । अनन्तविषयं मिश्रं यथा मूलकन्दादौ परीतपत्रादिमत्यनन्तकायोऽयमित्यभिदधतः । परीतविषयं-यथाऽनन्तकाय-लेशवर्ति परीत्ते परीत्तोऽयमित्यभिदधतः । कालविषयं सत्यासत्यं यथा कश्चित् कस्मिंश्चित् प्रयोजने सहायांस्त्वरयन् परिणतप्राये वा वासरे एव रजनी वर्त्तत इति ब्रवीति । अद्धा दिवसो रजनी वा तदेकदेशः प्रहरादिः अद्धाद्धा तद्विषयं मिश्रं यथा कश्चित् कस्मिंश्चित् प्रयोजने प्रहरमात्र एव मध्याह्न इत्याहेति ॥२२७॥

હવે સત્યના વિપક્ષરૂપ મૃષાને તથા મિશ્ર ભાષાને કહે છે.

૧૦ પ્રકારે મૃષા ભાષા છે... (૧) ક્રોધથી, (૨) માનથી, (૩) માયાથી, (૪) લોભથી, (૫) પ્રેમથી, (૬) દ્વેષથી, (૭) હાસ્યથી, (૮) ભયથી, (૯) આખ્યાયિકાથી (૧૦) ઉપઘાત દ્વારા નીકળેલું વચન.

**(૧) ક્રોધ :-** ક્રોધમાં બોલાયેલી ભાષા તે મૃષા ભાષા છે. જેમકે ક્રોધથી પરાભવ પામ્યો થકો દાસ ન હોય તેને પણ દાસ કહે છે.

**(૨) માન :-** માનને વશ થયેલી બોલાયેલી ભાષા તે મૃષા ભાષા. જેમકે, માનથી ધમધમેલો પુરૂષ, કોઈ વડે પૂછાયે છતે, અલ્પ ધનવાળો હોવા છતાં પણ હું મહાધનવાળો છું એમ કહે.

**(૩) માયા :-** માયા દ્વારા મૃષા તે માયા મૃષા... જેમકે માયા કરનારા વિગેરે કહે કે પિંડનાશ થયો છે, એ પ્રમાણે...

**(૪) લોભ :-** લોભનો આશ્રય કરીને જે બોલાય તે લોભ મૃષા. જેમકે વાણીયા-વેપારી વિગેરે ઓછા મૂલ્યે ખરીદ્યું હોય તો પણ વધારે મૂલ્યે ખરીદ્યું છે એમ કહે.

**(૫) પ્રેમ :-** પ્રેમ-રાગને કારણે જે બોલાય તે પ્રેમ મૃષા ભાષા. જેમકે અતિરાગવાળો કહે કે 'હું તારો દાસ છું...' ઇત્યાદિ.

**(૬) દ્વેષ :-** દ્વેષને આશ્રયીને જે બોલાય તે દ્વેષ મૃષા ભાષા. જેમકે ઈર્ષ્યાળુઓનું વચન-ગુણવાન પુરૂષોને વિષે 'આ નિર્ગુણ છે.' એવું વચન...

**(૭) હાસ્ય :-** હાસ્યમાં બોલાયેલું તે હાસ્ય મૃષાભાષા... જેમકે કામી પુરૂષોનું વચન-કોઇ પુરૂષનો કોઇ સંબંધી પકડાયે છતે પુછવાથી- 'નથી જોયું' એ પ્રમાણે કહેવું.

**(૮) ભય :-** ભયને આશ્રયીને જે બોલાય તે ભય મૃષા વચન. પકડાયેલા ચોર વિગેરેનું જેમ-તેમ બોલવું.

**(૯) આખ્યાયિકા :-** આખ્યાયિકા દ્વારા જે બોલાય તે આખ્યાયિકા મૃષા. કથામાં રચાયેલ જે અસત્ પ્રલાપ તે આખ્યાયિકા મૃષા ભાષા.

**(૧૦) ઉપઘાત :-** ઉપઘાતરૂપ વચન તે ઉપઘાત મૃષા ભાષા. પ્રાણિવધના આશ્રયીને બોલાય અર્થાત્ ચોર ન હોય તેને પણ મારવાની બુદ્ધિએ ચોર કહેવો તે ઉપઘાત મૃષા ભાષા.

**દશ પ્રકારની મિશ્ર ભાષા :-** સત્ય અને અસત્ય બંનેના યોગથી બોલાતી ભાષા તે મિશ્ર ભાષા.

**(૧) ઉત્પન્ન વિષયક :-** ઉત્પત્તિ વિષયક મિશ્ર ભાષા -

જેમકે એક નગરને આશ્રયીને 'આજે આ નગરમાં દસ બાળકો ઉત્પન્ન થયા છે' આવું બોલતે છતે ન્યૂન કે અધિકની સંભાવના હોવાથી વ્યવહારથી તે મિશ્ર ભાષા કહેવાય. 'પ્રાતઃ કાલે તને હું સો રૂપિયા આપીશ' એમ કહીને પચ્ચાશ - ૫૦ રૂપિયા આપે છતે લોકમાં તેનું મૃષાપણું ન દેખાતું હોવાથી - તથા નહીં ઉત્પન્ન થયેલને વિષે તથા નહીં આપેલને વિષે મૃષાપણાની સિદ્ધિ દેખાતી હોવાથી કેમકે સર્વથા ક્રિયાના અભાવ વડે સર્વથા વિપરિતપણાથી એ રીતે વિગતાદિને વિષે પણ જાણવું.

**(૨) વિગત વિષયક મૃષા :-** નાશના વિષયરૂપ ભાષા તે વિગત મિશ્ર ભાષા.

જેમકે કોઇ ગામને આશ્રયીને 'આ ગામમાં આજે દશ વૃદ્ધો મૃત્યુ પામ્યા' આ વચનમાં ન્યૂનાધિકની સંભાવના હોવાથી વિગત વિષયક મિશ્ર ભાષા...

**(૩) ઉત્પન્ન વિગત મૃષા :-** ઉત્પત્તિ તથા નાશ સંબંધી મિશ્ર ભાષા -

જેમ કે આ પત્તનમાં આજે દશ બાળકો જન્મ્યા તથા દશ વૃદ્ધો મરણ પામ્યા. ન્યૂનાધિકની સંભાવના હોવાથી આ ઉત્પન્ન - વિગત મિશ્ર ભાષા -

**(૪) જીવ મિશ્ર :-** જીવ વિષયક મિશ્ર વચન તે જીવ મિશ્ર ભાષા - જેમકે જીવિત તથા મૃત કરમીયાઓના સમૂહને વિષે 'આ જીવરાશિ' છે તેવું વચન તે જીવ મિશ્ર ભાષા...

**(૫) અજીવ મિશ્ર ભાષા :-** અજીવોને આશ્રયીને જે મિશ્ર વચન તે અજીવ મિશ્ર ભાષા જેમકે ઘણી મરેલી કૃમિની રાશિ હોતે છતે 'આ અજીવ રાશિ' છે તેવું વચન તે અજીવ મિશ્ર ભાષા...

**(૬) જીવાજીવ મિશ્ર ભાષા :-** જીવ અને અજીવવાળું જે મિશ્ર વચન તે જીવાજીવમિશ્ર ભાષા - જેમકે - તે જ જીવતા અને મરેલા કૃમિઓની રાશિને વિષે પ્રમાણના નિયમ વડે 'આટલા જીવતા છે કે આટલા મરેલા છે' તેવું બોલતા ન્યૂન કે અધિકની સંભાવના હોવાથી જીવાજીવ મિશ્ર ભાષા -

**(૭) અનંત મિશ્ર :-** અનંતના વિષયવાળું મિશ્ર તે અનંત મિશ્ર - જેમકે પ્રત્યેક પાંદડાવાળા કંદમૂલાદિને વિષે આ અનંતકાય છે એમ બોલાય તે અનંત મિશ્ર ભાષા.

**(૮) પરિત્ત મિશ્ર :-** પ્રત્યેકને આશ્રયીને મિશ્ર તે પરિત્ત મિશ્ર...

જેમ કે અનંતકાયના લેશવાળા પ્રત્યેકમાં આ પ્રત્યેક છે એમ બોલતો થકો પરિત્ત મિશ્ર ભાષા

(૯) **અદ્ધા મિશ્ર :-** કાલ વિષયક સત્યાસત્ય તે અદ્ધા મિશ્ર... જેમકે કોઇ વ્યક્તિ કોઇ પ્રયોજન હોતે છતે સહાયકોને ઉતાવળ કરાવતો પરિણત પ્રાયઃ અર્થાત્ સ્વલ્પ દિવસ હોતે છતે રાત્રિ વર્તે છે એમ કહે તે અદ્ધા મિશ્ર ભાષા.

(૧૦) **અદ્ધાદ્ધા મિશ્ર :-** અદ્ધા એટલે દિવસ કે રાત્રિ તેનો એક ભાગ પ્રહરાદિ તે અદ્ધાદ્ધા - તે વિષયક જે મિશ્ર વચન તે અદ્ધાદ્ધા મિશ્ર ભાષા. જેમ કે કોઇ પુરુષ, કોઇક પ્રયોજનમાં પ્રહર માત્રમાં જ મધ્યાહ્ન થયો એમ કહે તે અદ્ધાદ્ધા મિશ્ર. ॥૨૨૭॥

सत्यभाषणं हि सकलप्राणिनां सुखावहमशस्त्ररूपत्वात् शस्त्रमेव हि दुःखावहमिति तन्निरूपयति-

**अग्निविषलवणस्नेहक्षाराम्लदुष्प्रयुक्तमनोवाक्कायाविरतयः शस्त्राणि ॥२२८॥**

**अग्नीति**, शस्यते हिंस्यतेऽनेनेति शस्त्रं हिंसकं वस्तु तच्च द्विधा द्रव्यतो भावतश्च, तत्र द्रव्यतो यथा अग्निः-अनलः, स च विसदृशानलापेक्षया स्वकायशस्त्रं भवति पृथिव्याद्यपेक्षया परकायशस्त्रम् । विषं स्थावरजङ्गमभेदं लवणं प्रसिद्धम् स्नेहस्तैलघृतादिः, क्षारो भस्मादि, अम्लं-काञ्जिकम्, भावस्वरूपन्तु शस्त्रं यथा दुष्प्रयुक्तमकुशलं मनस्तथाविधा वाक् तथाविधं शरीरं, कायस्य हि हिंसाप्रवृत्तौ खड्गादेरुपकरणत्वात्तद्ग्रहणं विज्ञेयम् । अविरतिरप्रत्याख्यानमिति ॥२२८॥

અશસ્ત્રરૂપ હોવાથી સત્ય ભાષણ જ સર્વે પ્રાણીઓને સુખ માટે થાય છે જ્યારે શસ્ત્ર જ ખરેખર દુઃખ રૂપ થાય છે તેથી હવે તેનું નિરૂપણ કરે છે.

દશ પ્રકારના શસ્ત્ર છે - તે આ પ્રમાણે

(૧) અગ્નિ (૨) વિષ (૩) લવણ (૪) સ્નેહ (૫) ક્ષાર (૬) અમ્લ (૬) દુષ્પ્રયુક્ત મન (૮) દુષ્પ્રયુક્ત વચન (૯) દુષ્પ્રયુક્ત કાયા તથા (૧૦) અવિરતિ.

અગ્નીતિ, જેના વડે હિંસા કરાય છે તે શસ્ત્ર અર્થાત્ હિંસક વસ્તુ... તે બે પ્રકારે છે - દ્રવ્ય અને ભાવથી. દ્રવ્ય હિંસા.. જેમકે

(૧) **અગ્નિ :-** અગ્નિ એટલે અનલ... તે અગ્નિ વિજાતીય અગ્નિની અપેક્ષાએ સ્વકાય શસ્ત્રરૂપ થાય છે.. પૃથ્વીકાયાદિની અપેક્ષાએ તે પરકાય શસ્ત્ર સ્વરૂપ છે. (૨) **વિષ :-** સ્થાવર અને જંગમના ભેદથી વિષ બે પ્રકારે છે. (૩) **લવણ :-** લવણ પ્રસિદ્ધ છે. (૪) **સ્નેહ :-** તેલ - ઘી વિગેરે - તેમાં પડવાથી જીવ-જંતુ મરી જાય માટે. (૫) **ક્ષાર :-** ભસ્મ વિગેરે. (૬) **અમ્લ :-** કાંજી વિગેરે. આ છ દ્રવ્ય શસ્ત્ર છે. હવે ભાવ શસ્ત્ર... (૭) દુષ્પ્રયુક્ત મન અર્થાત્ અકુશલ

મન... (૮) દુષ્પ્રયુક્ત વાણી અર્થાત્ અકુશલ વચન... (૯) દુષ્પ્રયુક્ત કાયા અર્થાત્ અકુશલ શરીર... હિંસાની પ્રવૃત્તિમાં તલવાર આદિના ઉપકરણ રૂપ હોવાથી કાયાનું ગ્રહણ કર્યુ છે. (૧૦) અવિરતિ = પચ્ચક્ખાણ રહિતતા - અપ્રત્યાખ્યાન. ॥૨૨૮॥

अविरत्यादेर्दोषत्वात्तत्प्रस्तावाद्दोषचिशेषानाह-

**तज्जातमतिभङ्गप्रशास्तृपरिहरणकारणस्वलक्षणहेतुसंक्रमणनिग्रहवस्तुदोषा दोषाः ॥२२९॥**

**तज्जातेति,** एते हि दोषा गुरुशिष्ययोर्वादिनोर्वा वादाश्रया इव लक्ष्यन्ते तस्य गुर्वादेर्जातं-जातिः प्रकारो वा जन्ममर्मकर्मादिलक्षणं तज्जातं तदेव दूषणमिति कृत्वा दोषस्तज्जातदोषः तथाविधकुलादिना दूषणमित्यर्थः, अथवा प्रतिवाद्यादेः सकाशाज्जातः क्षोभान्मुखस्तम्भादिलक्षणो दोषस्तजातदोषाः । निजमतेर्विनाशः विस्मृत्यादिलक्षणो वा दोषो मतिभङ्गदोषः। प्रशास्ताअनुशासकः मर्यादाकारी सभानायकः सभ्यो वा, तस्माद्द्विष्टादुपेक्षकाद्वा दोषः प्रतिवादिनो जयदानलक्षणो विस्मृतप्रमेयवादिनः प्रमेयस्मारणादिलक्षणो वा प्रशास्तृदोषः । परिहरणमासेवा स्वदर्शनस्थित्या लोकरूढ्या वा अनासेव्यस्य, तदेव दोषः परिहरणदोषः, अथवा सभारूढ्या सेव्यस्य वस्तुनोऽनासेवनं परिहरणं तदेव तस्माद्वा दोषः, यद्वा वादिनोपन्यस्तस्य दूषणस्य सम्यक्परिहारो जात्युत्तरं परिहरणदोष इति, यथा बौद्धेनोक्तमनित्यः शब्दः कृतकत्वाद्घटवदिति, अत्र मीमांसकः परिहारमाह-ननु घटगतं कृतकत्वं शब्दस्यानित्यत्वसाधनायोपन्यस्यते शब्दगतं वा, आद्येऽसिद्धता, हेतोः शब्देऽभावात्, द्वितीये चानित्यत्वेन तद्व्यासमुपलब्धमित्यसाधारणानैकान्तिको हेतुरिति, अयं न सम्यक् परिहारः, सर्वानुमानोच्छेदप्रसङ्गात्, अनुमानं हि साधनधर्ममात्रात् साध्यधर्ममात्रनिर्णयात्मकम्, अन्यथा धूमादनलानुमानमपि न सिद्ध्येत्, तथाहि अग्निरत्र धूमात्, यथा महानसे इति अत्रापि विकल्प्यते किं पर्वतगतो धूमो हेतुरुत महानसगतः, आद्ये नाग्निना धूमस्य व्याप्तिः सिद्धेत्यसाधारणानैकोन्तिको हेतुः, द्वितीयेऽसिद्धः पर्वते तस्यावृत्तेरिति, अयं परिहरणदोषः । लक्ष्यते तदन्यव्यपोहेनावधार्यते वस्त्वनेनेति लक्षणं स्वं च तल्लक्षणञ्च स्वलक्षणं यथा जीवस्योपयोगः, यथा वा प्रमाणस्य स्वपरावभासकज्ञानत्वम् । करोतीति कारणं-परोक्षार्थनिर्णयनिमित्तमुपपत्तिमात्रं यथा निरुपमसुखः सिद्धो अनाबाधज्ञानप्रकर्षात्, नात्र किल सकललोकप्रतीतः साध्यसाधनधर्मानुगतो दृष्टान्तोऽस्तीत्युपपत्तिमात्रता । दृष्टान्तसद्भावेऽस्यैव हेतुव्यपदेशः स्यात्, हिनोति गमयतीति हेतुः साध्यसद्भावभावतदभावतदभावाभावलक्षणः,

अथवा स्वलक्षणकारणहेतुदोषाणामन्यथा व्याख्यानं कार्य-यथा लक्षणदोषोऽसंभवोऽव्याप्तिरतिव्याप्तिर्वा, तत्र यस्यार्थस्य सन्निधानासन्निधानाभ्यां ज्ञानप्रतिभासभेदः तत्स्वलक्षणमिति स्वलक्षणस्य लक्षणं तदिन्द्रियप्रत्यक्षमेवाश्रित्य स्यान्न योगिज्ञानं तत्र हि न सन्निधानासन्निधानाभ्यां प्रतिभासभेदोऽस्तीत्यतस्तदपेक्षया न किञ्चित्स्वलक्षणं स्यादिति अव्याप्तेरुदाहरणम्,अतिव्याप्तिर्यथा-अर्थोपलब्धिहेतुः प्रमाणमिति प्रमाणलक्षणं, इह चार्थोपलब्धिहेतुभूतानां चक्षुर्दध्योदनभोजनादीनामानन्त्येन प्रमाणेयत्ता न स्यात्, यद्वा लक्ष्यतेऽनेनेति व्युत्पत्त्या दृष्टान्तो लक्षणं तद्दोषः साध्यविकलत्वादिः, नित्यः शब्दो मूर्त्तत्वात्, घटवदिति साध्यविकलत्वम् । कारण दोषः साध्यं प्रति तद्व्यभिचारः, यथाऽपौरुषेयो वेदो वेदकारणस्याश्रूयमाणत्वादिति, अश्रूयमाणत्वं हि कारणान्तरादपि सम्भवतीति । हेतुदोषोऽसिद्धविरुद्धानैकान्तिकत्वलक्षणः, तत्रासिद्धः, अनित्यः शब्दश्चाक्षुषत्वाद्धटवदिति, अत्र हि चाक्षुषत्वं शब्दे न सिद्धम् विरुद्धो यथा नित्यश्शब्दः कृतकत्वाद्धटवदित्यत्र घटे कृतकत्वं नित्यत्वविरुद्धमनित्यत्वमेव साधयति,अनैकान्तिको यथा नित्यः शब्दः प्रमेयत्वादाकाशवदित्यत्र प्रमेयत्वमनित्येष्वपि वर्त्तते, ततः संशय एवेति । संक्रामणं प्रस्तुतप्रमेयेऽप्रस्तुतप्रमेयस्य प्रवेशनं प्रमेयान्तरगमनमित्यर्थः, अथवा प्रतिवादिमते आत्मनः संक्रामणं परमताभ्यनुज्ञानमित्यर्थः, तदेव दोष इति । निग्रहः-छलादिना पराजयस्थानं स एव दोष इति । वसतः साध्यधर्मसाधनधर्मावत्रेति वस्तुप्रकरणात् पक्षः, तस्य दोषः-प्रत्यक्षनिराकृतत्वादिः, यथाऽश्रावणः शब्दः, अत्र शब्देऽश्रावणत्वं प्रत्यक्षनिराकृतमिति ॥२२९॥

અવિરતિ વગેરે દોષો શસ્ત્રરૂપ છે, એમ કહ્યું, માટે દોષના પ્રસ્તાવથી દોષ વિશેષના નિરૂપણ માટે કહે છે.

દશ પ્રકારે દોષ કહેલા છે.

(૧) તજ્જાત દોષ (૨) મતિ ભંગ દોષ (૩) પ્રશાસ્તૃ દોષ (૪) પરિહરણ દોષ (૫) સ્વ લક્ષણ દોષ (૬) કારણ દોષ (૭) હેતુ દોષ (૮) સંક્રમણ દોષ (૯) નિગ્રહ દોષ તથા (૧૦) વસ્તુ દોષ...

આ દોષો ગુરૂ અને શિષ્યના અથવા વાદિ અને પ્રતિવાદીના વાદનો આશ્રય લઇને થતાં હોય છે. તેમાં

(૧) **તજ્જાત :-** ગુરૂ વિગેરેની જાતિ અથવા જન્મ, મર્મ કર્માદિ સ્વરૂપ તેમાં જે દૂષણ તે તજ્જાત તે જ દૂષણ છે એ પ્રમાણે કરીને જે દોષ થાય તે તજ્જાત દોષ... અર્થાત્ તેવા પ્રકારના

કુલાદિ વડે દૂષણ દેવું અથવા- પ્રતિવાદી દ્વારા ઉત્પન્ન થયેલા ક્ષોભને કારણે વાદીના મુખ થંભી જાય. ચૂપ થઇ જાય તેવા પ્રકારનો જે દોષ તે તજ્જાત દોષ...

(૨) **મતિ ભંગ દોષ** :- પોતાની જ બુદ્ધિનો વિનાશ તે મતિ ભંગ અર્થાત્ વિસ્મરણ રૂપ દોષ તે મતિ ભંગ દોષ.

(૩) **પ્રશાસ્તૃ દોષ** :- વાદી અને પ્રતિવાદીના વાદનો નિર્ણાયક હોય છે તે **પ્રશાસ્તા** કહેવાય - અર્થાત્ અનુશાસન કરનાર - મર્યાદા કરનાર - સભાનો નાયક કે સભ્ય તે પ્રશાસ્તા, તેના દ્વારા દોષથી કે ઉપેક્ષાથી પ્રતિવાદીને જય આપવા રૂપ દોષ... અથવા વીસરી ગયેલા પ્રમેય વિષયવાળા પ્રતિવાદીને પ્રમેયનું સ્મરણ કરાવવા રૂપ દોષ તે પ્રશાસ્તૃ દોષ...

(૪) **પરિહરણ દોષ** :- પરિહરણ = સેવવું... અર્થાત્ જે વસ્તુનું સેવન કરવાનો સ્વ શાસ્ત્રોએ નિષેધ કર્યો હોય અથવા લોકરૂઢિ દ્વારા જેના સેવનનો નિષેધ હોય એવી વસ્તુનું સેવન કર્યુ હોય તેનું નામ પરિહરણ દોષ.. અથવા પરિહરણ = ન સેવવું... અર્થાત્ સભાની રૂઢિ વડે સેવવા યોગ્ય વસ્તુનું નહિ સેવવું તે જ દોષ અથવા તેના દ્વારા જે દોષ... તે પરિહરણ દોષ.

અથવા વાદીએ સ્થાપન કરેલ દૂષણને જે સમ્યક્પરિહારરૂપ પ્રત્યુત્તર તે પરિહરણ દોષ

જેમકે બૌદ્ધે કહ્યું છે - 'શબ્દઃ અનિત્યઃ કૃતકત્વાત્ ઘટવત્' ઇતિ... (અનુમાન)

અહીં મીમાંસક તેનો પરિહાર કરે છે-

હે બૌદ્ધવાદી ! ઘટ સંબંધી કૃતકપણું- તમે શબ્દનું અનિત્યપણું સિદ્ધ કરવા માટે સ્થાપો છો કે શબ્દમાં રહેલું અનિત્યપણુ સિદ્ધ કરવા માટે ? આ બંને પક્ષમાં દોષ આપતા મીમાંસક કહે છે કે-

**પ્રથમ પક્ષમાં દોષ** :- જો ઘટગત કૃતકતાને આધારે તમે શબ્દમાં અનિત્યતા સિદ્ધ કરવા માંગતા હો તો તે શબ્દમાં નહીં ઘટી શકે કારણકે હેતુ અસિદ્ધ છે. કારણ કે ઘટમાં રહેલ કૃતકતા ઘટમાં છે શબ્દમાં નથી તેથી પક્ષમાં હેતુ ન રહેવાથી સ્વરુપાસિદ્ધ હેત્વાભાસ રૂપ દોષ છે.

**બીજા પક્ષમાં દોષ** :- જો કહેશો કે શબ્દ સંબંધી અનિત્યપણું છે, તો અનિત્યપણાએ વ્યાપ્તિની ઉપલબ્ધિ નથી, તેથી તમારા હેતુમાં અસાધારણ અનૈકાંતિક દોષ ઘટશે.

'યત્ર યત્ર (શબ્દનિષ્ઠ) કૃતકત્વ તત્ર તત્ર અનિત્યત્વ' અનિત્ય સાથે આ વ્યાપ્તિ ઉપલબ્ધ નથી...

ઘટમાં કૃતકત્વ સિદ્ધ છે અને અનિત્યત્વ પણ સિદ્ધ છે, પણ ઘટમાં રહેલું કૃતકત્વ શબ્દમાં નથી એટલે અનિત્યત્વ પણ શબ્દમાં નથી.

મીમાંસકે જે આ પરિહાર કર્યો છે તે અસમ્યક્ છે, કારણકે આ પરિહાર રૂપ કથન વડે સર્વ અનુમાનના ઉચ્છેદનો પ્રસંગ આવશે આ રીતે માનવાથી તો કોઇ અનુમાન જ નહીં થાય.

અનુમાન તો સાધન ધર્મ માત્રથી સાધ્ય ધર્મ માત્રનો નિર્ણયાત્મક છે, જો એમ ન માનીએ તો ધૂમથી અગ્નિનું અનુમાન પણ સિદ્ધ નહીં થાય.

અહીં પણ બે વિકલ્પ કરાય છે.

(૧) **પ્રથમ વિકલ્પ :-** 'પર્વતો વહ્નિમાન્ ધૂમાત્' થી જે ધૂમ હેતુ છે તે શું પર્વતીય ધૂમ છે ? જો 'પર્વતીય ધૂમ' હેતુ હોય તો પર્વતીય ધૂમમાં વહ્નિની વ્યાપ્તિ નથી, વ્યાપ્તિ તો મહાનસીય ધૂમમાં મહાનસીય વહ્નિની વ્યાપ્તિ છે. રસોડામાં વારંવાર જોયું છે કે (રસોડામાં) જ્યાં -જ્યાં રસોડાનો ધૂમ છે ત્યાં ત્યાં રસોડાનો અગ્નિ છે.

(૨) **બીજો વિકલ્પ :-** 'પર્વતો વહ્નિમાન્ ધૂમાત્' અનુમાનમાં જે ધૂમ હેતુ છે - તેને 'મહાનસીય ધૂમ' હેતુ છે તેમ માનો તો પર્વત ઉપર તમે જે ધૂમાડો જોયો તે પર્વતીય ધૂમ છે, પણ પર્વતમાં રસોડાનો ધૂમાડો નથી. અને પર્વત પક્ષમાં હેતુ એવો મહાનસીય ધૂમ નથી. આમ પક્ષમાં હેતુ ન રહેવાથી 'સ્વરૂપાસિદ્ધ હેત્વાભાસ છે. પક્ષમાં હેતુ જ નથી તો સાધ્ય વહ્નિ શી રીતે સિદ્ધ થાય. આ રીતે મીમાંસકે કરેલો પરિહાર અસમ્યક્ પરિહાર છે. ધૂમમાં વહ્નિની વ્યાપ્તિ છે, આમ સામાન્ય ધર્મ ધૂમ માત્રથી સાધ્ય રૂપ વહ્નિ ધર્મનો નિશ્ચય કરવો.

રસોડામાં ધૂમ છે ત્યાં વહ્નિ છે, એમ વારંવાર જોયા બાદ 'જ્યાં રસોડામાં મહાનસીય ધૂમ છે ત્યાં મહાનસીય વહ્નિ છે' એવી વ્યાપ્તિ માત્ર ગ્રહણ કરી નથી પણ સામાન્યથી જ્યાં ધૂમ છે ત્યાં વહ્નિ છે (સાહચર્ય નિયમ) એવી વ્યાપ્તિ ગ્રહણ કરી છે. આમ જો ન માનો તો કોઇ અનુમાન જ નહિ થઇ શકે. આમ આને પરિહરણ દોષ રૂપ જાણવો.

(૫) **સ્વ લક્ષણ દોષ :-** અન્યને દૂર કરીને ચોક્કસ કરાય છે વસ્તુ જેના વડે તે લક્ષણ પોતાનું જે લક્ષણ તે સ્વ લક્ષણ જેમકે 'ઉપયોગ એ જીવનું લક્ષણ છે. અથવા 'સ્વ અને પરના પ્રકાશ રૂપ જાણવાપણું' એ પ્રમાણનું લક્ષણ છે. ઉપરોક્ત સ્વ લક્ષણમાં દોષ તે સ્વ લક્ષણ દોષ.

(૬) **કારણ દોષ :-** કરોતિ = કરે તે કારણ... આ કારણ પરોક્ષ અર્થનો નિર્ણય કરાવવામાં નિમિત્ત રૂપ ઉપપત્તિ માત્ર રૂપ હોય છે. જેમ કે - સિદ્ધ ભગવંતો નિરૂપમ સુખવાળા હોય છે, નિરાબાધ જ્ઞાનના પ્રકર્ષથી, (અનુમાન) અહીં સમસ્ત લોકમાં પ્રસિદ્ધ સાધ્ય-સાધન ધર્મને અનુરૂપ એવું કોઇ દૃષ્ટાંત નથી તેથી આવા કથનને ઉપપત્તિ રૂપે જ સમજવું દૃષ્ટાંતના સદ્ભાવમાં એને જ હેતુનો વ્યપદેશ થાય છે.

(૭) **હેતુ દોષ :-** હિનોતિ = ગમયતિ ઇતિ હેતુ: જે જણાવે તે હેતુ... સાધ્યના સદ્ભાવનો ભાવ અને તેના અભાવના અભાવરૂપ લક્ષણને જણાવે તે હેતુ... (અથવા સ્વલક્ષણ-કારણ અને હેતુ દોષની બીજી વ્યાખ્યા.) અહીં સ્વ લક્ષણાદિનો દ્વંદ્વ સમાસ છે. જેથી સ્વ લક્ષણ દોષ. કારણ દોષ અને હેતુ દોષ આમ સમાસ કરાય - અથવા લક્ષણની સાથે કરણ અને હેતુ તે બંનેનો દોષ...

જેમકે - **અસંભવ - અવ્યાપ્તિ કે અતિવ્યાપ્તિ રૂપ લક્ષણ દોષ છે.**

**તેમાં સ્વ લક્ષણમાં અવ્યાપ્તિ આ પ્રમાણે :-** અર્થના સમીપથી અને દૂરથી જ્ઞાનના પ્રતિભાસના ભેદ તે સ્વલક્ષણ, આ સ્વ લક્ષણ નામે લક્ષણ છે, આ ઇન્દ્રિય વડે પ્રત્યક્ષને આશ્રયીને હોય પરંતુ યોગી જ્ઞાનને આશ્રયીને ન હોય. ઇન્દ્રિય પ્રત્યક્ષ રૂપ જ્ઞાનમાં જેમ પદાર્થ નજીક હોય તેમ સ્પષ્ટ જ્ઞાન થાય છે અને પદાર્થ દૂર હોય તો સ્પષ્ટ જ્ઞાન થતું નથી. પણ યોગિ જ્ઞાન એટલે અવધિજ્ઞાનાદિમાં એવું નથી. અવધિજ્ઞાનમાં તો પદાર્થ દૂર હોય કે નજીક... ઢાંકેલો હોય કે ખુલ્લો... તો પણ સ્પષ્ટ જ્ઞાન થાય છે.

આમ યોગિ જ્ઞાનની અપેક્ષાએ કંઇપણ સ્વલક્ષણ નહીં થાય - જેથી અવ્યાપ્તિ..

**અતિવ્યાપ્તિ :-** જે લક્ષણ લક્ષ્ય સિવાયના અલક્ષ્યમાં પણ ઘટે તે અતિવ્યાપ્તિ. અહીં અતિવ્યાપ્તિ આ પ્રમાણે-

'અર્થની ઉપલબ્ધિનો હેતુ તે પ્રમાણ' આ પ્રમાણનું લક્ષણ છે. અહીં પ્રમાણ લક્ષ્ય છે અને અર્થોપલબ્ધિ હેતુ તે લક્ષણ છે. અહીં અર્થોપલબ્ધિના હેતુ રૂપ ચક્ષુ - દધિ - ઓદન આદિ અનંત વસ્તુઓ પણ હોઈ શકે છે. પ્રત્યક્ષ જ્ઞાનમાં ઓદન - દધિ આદિ વિષય કારણ છે. કેમ કે વિષય હોય તો જ જ્ઞાન થાય. અને ચક્ષુ આદિ ઇન્દ્રિય વસ્તુના જ્ઞાનમાં સાધન છે માટે તે પ્રમાણ થઇ જશે. આમ પ્રમાણની અનંતતા થઇ જવાનો પ્રસંગ પ્રાપ્ત થઇ જશે. તેથી પ્રમાણની સંખ્યામાં અવરોધ આવવાથી આ લક્ષણ અલક્ષ્યમાં જવાથી અતિવ્યાપ્તિ દોષ. અથવા 'સ્વ' શબ્દ વડે દાર્ષ્ટાન્તિક અર્થ લેવામાં આવ્યો છે, તેથી દાર્ષ્ટાન્તિક પદાર્થ જેના દ્વારા જણાય તે **સ્વ લક્ષણ છે.** આ દૃષ્ટાંતનો જે સાધ્ય વિકલતા રૂપ દોષ છે તેનું નામ 'સ્વ લક્ષણ દોષ..'

જેમકે - 'शब्दो नित्यः मूर्तत्वात् घटवत्' (અનુમાન) ઘટની જેમ મૂર્ત હોવાથી શબ્દ નિત્ય છે.

અહીં દૃષ્ટાંતમાં 'નિત્યત્વ' સાધ્ય છે - તે રહેલું નથી, તેથી તેને 'સાધ્ય વિકલતા' રૂપ દૃષ્ટાંત દોષ કરી શકાય.

(૬) **કારણ દોષ :-** સાધ્ય પ્રતિ તેનો વ્યભિચાર. જેમ કે- 'અપૌરુષેયો વેદો વેદકારણસ્યાશ્રુયમાણત્વાદ્ ઇતિ..'

વેદની રચના કરનાર પુરુષરૂપ કારણ સાંભળવામાં આવ્યું નથી - અર્થાત્ કોઇપણ પુરુષ દ્વારા તેમની રચના થઇ નથી, તેથી વેદો અપૌરુષેય છે.

અહીં વેદના રચનારની અશ્રૂયમાણતા અન્ય કારણોને લીધે પણ હોઇ શકે છે, તેથી આ પ્રકારના કથનમાં **કારણ દોષ** છે.

(૭) **હેતુ દોષ :-** હેતુ દોષ ત્રણ પ્રકારે છે (૧) અસિદ્ધ (૨) વિરુદ્ધ તથા અનૈકાંતિક રૂપ... તે આ પ્રમાણે ...

(१) **અસિદ્ધ** :- 'शब्दः अनित्यः चाक्षुषत्वात् घटवत्' (અનુમાન) અહીં ચાક્ષુત્વ હેતુ દોષરૂપ છે, કારણ કે શબ્દમાં ચક્ષુવડે જોવાપણું સિદ્ધ નથી.

'પક્ષમાં સાધનનો અભાવ તેનું નામ જ અસિદ્ધ દોષ છે. હેતુના કારણે દોષ આવવાથી હેતુ દોષ.

(૨) **વિરુદ્ધ** :- 'शब्दो नित्यः कृतकत्वात् घटवत्' (અનુમાન) શબ્દ ઘટની જેમ કૃતક હોવાથી નિત્ય છે.

આ અનુમાનમાં કૃતકત્વરૂપ હેતુ પોતાના સાધ્ય - 'નિત્યત્વ' થી વિરુદ્ધ એવા અનિત્યત્વ સાથે વ્યાપ્ત હોવાથી અનિત્યત્વનો સાધક થાય છે, પણ નિત્યત્વનો નહીં માટે વિરુદ્ધ દોષ છે.

(૩) **અનૈકાંતિક દોષ** :- 'शब्दो नित्यः प्रमेयत्वात् आकाशवत्'

પ્રમેય હોવાથી શબ્દ આકાશની જેમ નિત્ય છે, આ અનુમાનમાં 'પ્રમેયત્વ' રૂપ હેતુ નિત્ય એવા આકાશમાં રહે છે, એ જ પ્રમાણે અનિત્ય એવા ઘટ-પટ વિગેરેમાં પણ રહે છે, આમ પક્ષમાં (સપક્ષ) રહેવા છતાં વિપક્ષમાં પણ હેતુ રહેતો હોવાથી અનૈકાંતિક દોષ.

(૮) **સંક્રમણ દોષ** :- ૧. પ્રસ્તુત પ્રમેયમાં અપ્રસ્તુત પ્રમેયનો પ્રવેશ અર્થાત્ વિષયાંતરમાં જવું તે સંક્રમણ દોષ અથવા ૨. પ્રતિવાદીના મતમાં સંક્રમણ કરવું એટલે કે તેના મતમાં ભળી તેનું સમર્થન કરવું, તે સંક્રમણ દોષ.

(૯) **નિગ્રહ દોષ** :- છલાદિ વડે પરાજય સ્થાન તે જ દોષ... તે નિગ્રહ દોષ...

(૧૦) **વસ્તુ દોષ** :- સાધ્ય અને સાધન રૂપ ધર્મ જ્યાં રહે છે તે વસ્તુ. વસ્તુનુ રૂપ પક્ષ હોય છે. પક્ષનો જે દોષ તે વસ્તુ દોષ - પ્રત્યક્ષથી નિરાકરણપણું વગેરે.. જેમકે 'શબ્દઃ અશ્રાવણઃ' અહીં 'શબ્દ' પક્ષ છે 'અશ્રાવણત્વ' સાધ્ય છે. શબ્દમાં અશ્રાવણત્વનું પ્રત્યક્ષ જ નિરાકરણ થઇ જાય છે. ॥૨૨૯॥

एते दोषा अनुयोगगम्यां,अनुयोगश्च वचनतोऽर्थतश्च भवति, तत्र दानलक्षणार्थस्य भेदानामनुयोगमाह-

**अनुकम्पासङ्ग्रहभयकारुण्यलज्जागौरवाधर्मधर्मविषयं करिष्यति कृतमिति बुद्धिविषयञ्च दानम् ॥२३०॥**

**अनुकम्पेति,** अनुकम्पा-कृपा तया दानं दीनानाथविषयमनुकम्पादानम्, अनुकम्पातो यद्दानं तदनुकम्पैव, उपचारात्, उक्तञ्च कृपणेऽनाथदरिद्रे व्यसनप्राप्ते च रोगशोकहते । यद्दीयते कृपार्थमनुकम्पा तद्भवेद्दानम् इति । सङ्ग्रहणं सङ्ग्रहः-व्यसनादौ सहायकरणं तदर्थं दानं संग्रहदानम्, यद्वा अभेदाद्दानमपि संग्रह उच्यते, आह च 'अभ्युदये व्यसने वा यत्किञ्चिद्दीयते

सहायार्थम् । तत्सङ्ग्रहतोऽभिमतं मुनिभिर्दानं न मोक्षाय ॥' इति, भयाद्यद्दानं तद्भयदानम्, भयनिमित्ताद्वा दानमपि भयमुपचारात्, उक्तञ्च 'राजारक्षपुरोहितमधुमुखमावल्लदण्डपाशिषु च । यद्दीयते भयार्थात्तद्भयदानं बुधैर्ज्ञेयम् ॥' इति, कारुण्यं-शोकस्तेन पुत्रवियोगादिजनितेन तदीयस्यापि तल्पादेः स जन्मान्तरे सुखितो भवत्विति वासनातोऽन्यस्य वा यद्दानं तत्कारुण्यदानं कारुण्यजन्यत्वाद्वा दानमपि कारुण्यमुपचारात्, लज्जया ह्रिया दानं यत्तल्लज्जादानम्, उक्तञ्च 'अभ्यर्थितः परेण तु यद्दानं जनसमूहमध्यगतः । परचित्तरक्षणार्थं लज्जायास्तद्भवेद्दानम् ॥' इति । गौरवेण-गर्वेण यद्दीयते तद्गौरवदानम्, उक्तञ्च 'नटन- र्त्तमुष्टिकेभ्यो दानं सम्बन्धिबन्धुमित्रेभ्यः । यद्दीयते यशोऽर्थं गर्वेण तु तद्भवेद्दानम् ॥' इति, अधर्मपोषकं दानमधर्मदानम्, अधर्मकारणाद्वाऽधर्म एवेति, उक्तञ्च 'हिंसानृतचौर्योद्यतपरदारपरिग्रहप्रसक्तेभ्यः । यद्दीयते हि तेषां तज्जानीयादधर्माय ॥' इति, धर्मकारणं यत्तद्धर्मदानं धर्म एव वा, उक्तञ्च 'समतृणमणिमुक्तेभ्यो यद्दानं दीयते सुपात्रेभ्यः । अक्षयमतुलमनन्तं तद्दानं भवति धर्माय ॥' इति, करिष्यति कञ्चनोपकारं ममायमिति बुद्ध्या यद्दानं तत्करिष्यतीति दानमुच्यते । कृतं ममानेन तत्प्रयोजनमिति तत्प्रत्युपकारार्थं यद्दानं तत्कृतमिति, उक्तञ्च 'शतशः कृतोपकारं दत्तञ्च सहस्रशो ममानेन । अहमपि ददामि किञ्चित्प्रत्युपकाराय तद्दानम् ॥' इति ॥२३०॥

અનુયોગ દ્વારા ગમ્ય દોષો કહ્યા - વચનના અનુયોગથી અર્થનો અનુયોગ પ્રવર્તે છે, માટે દાન સ્વરૂપ અર્થના ભેદો સંબંધી અનુયોગને કહે છે.

દશ પ્રકારનું દાન કહેલું છે - તે આ પ્રમાણે -

(૧) અનુકંપા (૨) સંગ્રહ (૩) ભય (૪) કારુણ્ય (૫) લજ્જા (૬) ગૌરવ (૭) અધર્મ (૮) ધર્મ (૯) કરિષ્યતિ તથા (૧૦) કૃતદાન...

આવા પ્રકારની બુદ્ધિ વિષયક આ દાનના પ્રકાર છે.

અનુકમ્પેતિ,

(૧) **અનુકંપા :-** અનુકંપા એટલે દયા વડે દીન અનાથના વિષયવાળું દાન તે અનુકંપાદાન અથવા અનુકંપાથી અપાય તે દાન ઉપચારથી અનુકંપા જ છે. ઉમાસ્વાતિ મહારાજાએ કહ્યું છે- 'કૃપણ - અનાથ - દરિદ્ર - કષ્ટમાં આવેલ - રોગ અને શોકથી હણાયેલ એવા પુરુષને દયાના ભાવથી જે દેવાય છે તે અનુકંપા દાન

(૨) **સંગ્રહ :-** સંગ્રહવું તે સંગ્રહ. કષ્ટ વિગેરેમાં મદદ કરવી તેના માટે જે દાન તે સંગ્રહ દાન અથવા અભેદથી દાન પણ સંગ્રહ કહેવાય છે કહ્યું છે કે - અભ્યુદય - ઉત્કર્ષમાં અથવા કષ્ટમાં જે કંઇ સહાય માટે દાન અપાય છે તે દાન મુનિઓએ સંગ્રહથી માનેલું છે પરંતુ મોક્ષને માટે નહીં.

(૩) **ભય દાન :-** ભયથી જે આપવું તે ભય દાન અથવા ભયના નિમિત્તથી જે દાન તે પણ ઉપચારથી ભય દાન છે. કહ્યું છે કે - રાજા, કોટવાલ, પુરોહિત, દુર્જન, મલ્લ અને દંડપાશી અર્થાત્ થોડા અપરાધમાં ભારે શિક્ષા કરનાર એવા પુરુષોને વિષે જે ભયને લઇને દાન દેવાય છે તે ભય દાન પંડિતોએ સમજવું.

(૪) **કારુણ્ય દાન :-** કારુણ્ય એટલે શોક... પુત્ર વિયોગથી ઉત્પન્ન થયેલ શોકથી તે પુત્રાદિ ભવાંતરમાં સુખી થાઓ એવી વાસનાથી તેની જ શય્યા વગેરેનું દાન અથવા બીજી વસ્તુઓનું જે દાન તે કારુણ્ય દાન અથવા કારુણ્યથી ઉત્પન્ન થયેલ હોવાથી તે દાન પણ ઉપચારથી કારુણ્ય દાન કહેવાય છે.

(૫) **લજ્જા દાન :-** લજ્જાથી જે દાન અપાય તે લજ્જા દાન... લોકોની વચ્ચે રહેલ પુરુષની પાસે કોઇએ યાચના કરી ત્યારે બીજા લોકોનું મન રાખવા માટે - ચિત્તની રક્ષા માટે જે આપવું તે લજ્જા દાન.

(૬) **ગૌરવ દાન :-** ગર્વથી જે અપાય તે ગૌરવ દાન. કહ્યું છે કે- નટ, નાચનાર, મુષ્ટિ યુદ્ધ કરનાર મલ્લોને, સંબંધિઓને તથા મિત્રોને યશ માટે ગર્વથી જે દાન અપાય તે ગૌરવ દાન...

(૭) **અધર્મ દાન :-** અધર્મને પોષણ કરનારું દાન તે અધર્મ દાન અથવા અધર્મનું કારણ હોવાથી અધર્મ જ છે. કહ્યું છે કે- હિંસા, અસત્ય, ચોરીમાં તત્પર, પરદારામાં લંપટ, અને પરિગ્રહમાં આસક્ત એવા લોકોને જે દાન અપાય તે અધર્મ દાન... (આવા લોકોને સંકટમાં અનુકંપા બુદ્ધિથી અપાય તો તે અધર્મ નથી)

(૮) **ધર્મ દાન :-** ધર્મના કારણભૂત જે દાન તે ધર્મ દાન...અથવા ધર્મમાં જ જે દાન તે ધર્મ દાન.. કહ્યું છે કે - જેઓને ઘાસ અને મણિ સમાન છે તેવા નિર્લોભી સુપાત્રને જે દાન અપાય છે તે અક્ષય, અતુલ અને અનંત એવું દાન ધર્મને માટે કહેવાય.

(૯) **કરિષ્યતિ દાન :-** આ મારા વિષે કંઇક ઉપકાર કરશે એવી બુદ્ધિ વડે જે દાન કરાય તે કરિષ્યતિ દાન...

(૧૦) **કૃત દાન :-** મારા ઉપર તેણે ઉપકાર કર્યો છે, તે પ્રયોજન રૂપ પ્રત્યુપકારને માટે જે દાન તે કૃત દાન... કહ્યું છે કે - મારા ઉપર તેણે સેંકડો ઉપકાર કર્યા છે. અને હજારો વખત તેણે મને આપ્યું છે, તેથી હું પણ તેના પ્રત્યુપકાર માટે કંઇક આપું એવી ભાવનાથી જે અપાય છે તે કૃત દાન. ॥૨૩૦॥

दानधर्मेऽपि संस्थितत्वात् प्रत्याख्यानधर्ममाह-

**अनागतातिक्रान्तकोटीसहितनियंत्रितसाकारानाकारपरिमाणकृतनिरवशेषसंकेतकाद्धारूपं प्रत्याख्यानम् ॥२३१॥**

**अनागतेति,** प्रत्याख्यानं निवृत्तिरित्यर्थः, अनागतकरणादनागतं-पर्युषणादावाचार्यादिवैयावृत्यकरणान्तरायसद्भावादारत एव तत्तपःकरणम् । अतिक्रान्तं अतीते पर्युषणादौ करणात् । कोटीभ्यां एकस्य चतुर्थादेरन्तविभागोऽपरस्य चतुर्थादेरेवारम्भविभाग इत्येवं लक्षणाभ्यां सहितं-युक्तं कोटीसहितं मिलितोभयप्रत्याख्यानकोटेश्चतुर्थादेः करणमित्यर्थः । नितरां यंत्रितं नियंत्रितं-प्रतिज्ञातदिनादौ ग्लानत्वाद्यन्तरायभावेऽपि नियमात् कर्त्तव्यमिति हृदयम्, एतश्च प्रथमसंहननमेवेति । आक्रियन्त इत्याकाराः प्रत्याख्यानापवादहेतवोऽनाभोगाद्याः, तैः सहितम् । अविद्यमाना आकाराः-महत्तरादयो विप्रयोजनत्वात् प्रतिपत्तुर्यस्मिंस्तदनाकारम्, तत्राप्यनाभोगसहसाकारावाकारौ स्याताम्, मुखेऽङ्गुल्यादिप्रक्षेपसम्भवात् । परिमाणं संख्यानं दत्तिकवलगृहभिक्षादीनां कृतं यस्मिंस्तत्परिमाणकृतम् । निर्गतमवशेषमपि अल्पाल्पमशनाद्याहारजातं यस्मात्तन्निरवशेषं निरवशेषं वा सर्वमशनादि तद्विषयत्वान्निरवशेषमिति । केतनं केतश्चिह्नमङ्गुष्ठमुष्टिग्रन्थिगृहादिकं स एव केतकः 'तत्सहित्तं सकेतकम् । अद्धा कालः पौरुष्यादिकालमानमाश्रित्येति भावः ॥२३१॥

દાન ધર્મમાં પણ રહેલો હોવાથી હવે પચ્ચક્ખાણ ધર્મને કહે છે.

પ્રત્યાખ્યાન દશ પ્રકારે છે. તે આ પ્રમાણે...

(૧) અનાગત (૨) અતિક્રાન્ત (૩) કોટિ સહિત (૪) નિયંત્રિત (૫) સાકાર (૬) અનાકાર (૭) પરિમાણ કૃત (૮) નિરવશેષ (૯) સંકેતક તથા (૧૦) અદ્ધા રૂપ...

પ્રત્યાખ્યાન એટલે નિવૃત્તિ...

(૧) **અનાગત :-** ભવિષ્યકાળ સંબંધી કરાતું હોવાથી અનાગત - અર્થાત્ પર્યુષણ વિગેરેમાં આચાર્ય ભગવંતાદિનું વૈયાવૃત્ય કરવામાં અંતરાયની સંભાવનાથી પ્રથમ જ તે તપ કરી લેવો તે **અનાગત તપ**

(૨) **અતિક્રાંત :-** પર્યુષણાદિ વ્યતીત થયે છતે જે પચ્ચક્ખાણ કરાય તે અતિક્રાંત પચ્ચક્ખાણ.

(૩) **કોટિ પચ્ચક્ખાણ :-** બંને કોટિથી જે પચ્ચક્ખાણ તે કોટિ પચ્ચક્ખાણ. એક ઉપવાસાદિનો અંત વિભાગ અને બીજા ઉપવાસાદિનો આરંભ એ રીતે બંને કોટિથી સહિત - યુક્ત તે કોટિ સહિત અર્થાત્ પ્રત્યાખ્યાનની મળેલ કોટિ રૂપ ઉપવાસાદિનું કરવું.

(૪) **નિયંત્રિત :-** અત્યંત યંત્રિત કરેલ તે નિયંત્રિત... પ્રતિજ્ઞા કરેલ દિવસોમાં ગ્લાનપણું - બિમારી આદિ અંતરાય આવે છતે પણ અવશ્ય તે નક્કી કરેલ પચ્ચક્ખાણ કરે જ. તે નિયંત્રિત.. આ પચ્ચક્ખાણ પ્રથમ સંઘયણવાળાને જ હોય છે.

(૫) **સાકાર** :- આગાર સહિત તે સાકાર અર્થાત્ છૂટ - અપવાદ ચારે તરફથી જે કરાય છે તે સાકાર. પ્રત્યાખ્યાનના અપવાદના હેતુભૂત જે અનાભોગ વિગેરે આગારો છે તેનાથી સહિત તે સાગાર પચ્ચક્ખાણ. અર્થાત્ જે પચ્ચક્ખાણમાં અપવાદનું સેવન છે તે સાગાર પચ્ચક્ખાણ.

(૬) **અનાગાર** :- આગાર રહિત પચ્ચક્ખાણ તે અનાગાર.. પ્રયોજન ન હોવાથી મહત્તરાગારેણં વિગેરે બીનજરૂરી આગારો પચ્ચક્ખાણ સ્વીકારનારને નથી હોતા તે અનાગાર.. તેમાં પણ અનાભોગ અને સહસાકાર આ બે આગાર હોય જ, કારણકે મુખમાં આંગળી નાંખવા વિગેરેની સંભાવના રહેલી છે આથી આ બે આગાર હોય.

(૭) **પરિમાણ કૃત** :- જે પચ્ચક્ખાણમાં આહારાદિની દત્તીઓની - કોળીયાઓની-ઘરોની તથા ભિક્ષા વિગેરેની મર્યાદા નક્કી કરવામાં આવે તે પરિમાણ કૃત...

(૮) **નિરવશેષ** :- જે પચ્ચક્ખાણમાં ચારે પ્રકારના જે અશનાદિ આહાર છે તેના ન્યૂનાતિન્યૂન અંશનો પણ જેમાં ત્યાગ છે. અર્થાત્ ચારે પ્રકારના આહારનો સંપૂર્ણ ત્યાગ તે નિરવશેષ..

(૯) **કેતન** :- કેતન એટલે ચિહ્ન... જે પચ્ચક્ખાણ અંગૂઠો - મુઠ્ઠિ - ગાંઠ કે ઘર આદિ ચિહ્નથી સહિત હોય તે કેતન પચ્ચક્ખાણ જેમ કે અંગૂઠો કે મુઠ્ઠિ વાળીને ન ખોલું ત્યાં સુધી પચ્ચક્ખાણ વિગેરે.

(૧૦) **અદ્ધા** :- પોરિસિ વિગેરે કાલ માનને આશ્રયીને કરેલું પચ્ચક્ખાણ તે અદ્ધા પચ્ચક્ખાણ. ॥૨૩૧॥

प्रत्याख्यानस्य साधुसामाचारीत्वादन्यामपि सामाचारी निरूपयति–

**इच्छामिथ्यातथाकारावश्यकीनैषेधिक्यापृच्छनाप्रतिपृच्छाछन्दनानिमंत्रणोपसम्पदः सामाचार्यः ॥२३२॥**

**इच्छेति**, संव्यवहारः सामाचारी, इच्छाकारः बलाभियोगमन्तरेण करणम्, इच्छापूर्वकं करणं न बलाभियोगपूर्वकमित्यर्थः । मिथ्याकारो मिथ्याक्रिया तथा च संयमयोगे वितथाचरणे विदितजिनवचनसाराः साधवस्तत्क्रियावैतथ्यप्रदर्शनाय मिथ्याकारं कुर्वते मिथ्याक्रियेयमिति । तथाकरणं तथाकारः स च सूत्रप्रश्नादिगोचरः यथा भवद्भिरुक्तं तथैवेदमित्येवंस्वरूपः, अयञ्च पुरुषविशेषविषय एवं प्रयोक्तव्यः । अवश्यकर्त्तव्यैर्योगैर्निष्पन्नाऽऽवश्यकी, एतत्प्रयोग आश्रयान्निर्गच्छत आवश्यकयोगयुक्तस्य साधोर्भवति । नैषेधिकी–व्यापारान्तरनिषेधरूपा, प्रयोगश्चास्या आश्रये प्रविशत इति । 'आपृच्छनमापृच्छा सा विहारभूमिगमनादिषु प्रयोजनेषु गुरोः कार्या । प्रतिपृच्छा–प्रतिप्रश्नः, सा च प्राग्नियुक्तेनापि करणकाले कार्या पूर्वं निषिद्धेन वा प्रयोजनतस्तदेव कर्तुकामेनेति । छन्दना प्राग्गृहीतेनाशनादिना कार्या । निमंत्रणा–

अगृहीतेनैवाशनादिना भवदर्थमहमशनादिकमानयाम्येवम्भूता । उपसम्पत्-इतो भवदीयोऽहमित्यभ्युपगमः सा च ज्ञानदर्शनचारित्रार्थत्वात्त्रिधा, तत्र ज्ञानोपसम्पत् सूत्रार्थयोः पूर्वगृहीतयोः स्थिरीकरणार्थं तथा प्रथमतो ग्रहणार्थं उपसम्पद्यते दर्शनोपसम्पदप्येवं किन्तु दर्शनप्रभावकसम्मत्यादि शास्त्रविषया, चारित्रोपसम्पच्च वैयावृत्त्यकरणार्थं क्षपणार्थञ्चोपसम्पद्यमानस्येति ॥२३२॥

પ્રત્યાખ્યાન તો સાધુની સામાચારી રૂપ છે માટે તેના અધિકારથી બીજી સામાચારીનું નિરૂપણ કરે છે.

સામાચારી દશ પ્રકારે છે - તે આ પ્રમાણે -

(૧) ઇચ્છાકાર (૨) મિથ્યાકાર (૩) તથાકાર (૪) આવશ્યકી (૫) નૈષેધિકી (૬) આપૃચ્છા (૭) પ્રતિપૃચ્છા (૮) છંદણા (૯) નિમંત્રણ તથા (૧૦) ઉપસંપદા.

સામાચારી = સાધુઓનો સારો વ્યવહાર..

(૧) **ઇચ્છાકાર સામાચારી :-** ઇચ્છા પૂર્વક બળાત્કાર વગર કરવું તે ઇચ્છાકાર..ઇચ્છાકારેણ એટલે કે 'આપની ઇચ્છા હોય તો મારું આ કાર્ય કરો' આમ ઇચ્છા પ્રધાન ક્રિયા વડે, પરંતુ બલાત્કાર પૂર્વકની ક્રિયા વડે નહીં.

(૨) **મિથ્યાકાર :-** મિથ્યા ક્રિયા તે મિથ્યાકાર... સંયમ યોગમાં અકૃત્યનું સેવન થઇ જાય તો જાણ્યો છે જિન વચનનો સાર જેણે એવા સાધુ ભગવંતો તે અકૃત્યને નિષ્ફળ બનાવવા માટે મિચ્છાકાર અર્થાત્ મિચ્છા મિ દુક્કડમ્ કહે છે.

(૩) **તથાકાર :-** તથા એટલે તહત્તિ કરવું તે 'તથાકાર' ગુરૂને સૂત્ર સંબંધી પ્રશ્નો વિષયક તહત્તિ કરતા ગુરૂને કહેવું કે - 'આપે જે કહ્યું તે, તે પ્રમાણે જ છે. આ પુરુષ વિશેષ અર્થાત્ બહુશ્રુતના સંબંધમાં જ પ્રયોગ કરવો યોગ્ય છે.

(૪) **આવશ્યકી :-** અવશ્ય કરવા યોગ્ય યોગ વડે કરાતી ક્રિયા તે આવશ્યકી.. આવશ્યક યોગથી યુક્ત એવા સાધુને ઉપાશ્રયથી બહાર નીકળતા આ 'આવસ્સહી' નો પ્રયોગ હોય છે. અર્થાત્ ' આવશ્યક ક્રિયા માટે બહાર નીકળું છું..'

(૫) **નૈષેધિકી :-** બીજી પ્રવૃત્તિના નિષેધ રૂપે નૈષેધિકી ક્રિયા છે. ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં સાધુ ભગવંતો આનો પ્રયોગ કરે છે. અર્થાત્ 'નીસિહિ' બોલીને પ્રવેશ કરે છે.

(૬) **આપૃચ્છના :-** આપૃચ્છના = પૂછવું. પ્રયોજનમાં વિહારભૂમિ (સ્થંડિલ ભૂમિ) માં જવા રૂપ પ્રયોજનમાં ગુરૂને પૂછવું અર્થાત્ કોઇ પણ કાર્ય કરતાં ગુરૂને જણાવીને કરવું.

(૭) **પ્રતિપૃચ્છા :-** પુનઃ પૂછવું તે પ્રતિપૃચ્છા.. પૂર્વે ગુરૂએ કાર્ય કરવા માટે કહેલું હોવા છતાં કાર્ય કરવાના સમયે ફરી પૂછવું. અથવા પૂર્વે નિષેધ કરેલ કાર્યમાં પ્રયોજન હોતે છતે તે જ કાર્ય માટે ફરી પૂછવું.

(૮) **છંદના :-** સાધુ પોતે ગ્રહણ કરેલ અશનાદિ વડે ગુરૂની આજ્ઞાથી અન્ય સાધુઓને લાભ આપવા વિનંતિ કરે.. આનું નામ છંદના..

(૯) **નિમંત્રણા :-** ગોચરી લાવતા પહેલા અશનાદિ આહાર લાવવા માટે વિનંતિ કરવી. 'આપના માટે હું અશનાદિ લાવું ? મને લાભ આપો. આવી વિનંતિ તે નિમંત્રણા..

(૧૦) **ઉપસંપદા :-** 'હવેથી હું આપનો છું' એ પ્રમાણે સ્વીકાર તે ઉપસંપદા. જ્ઞાન - દર્શન અને ચારિત્રના ભેદથી ઉપસંપદા ત્રણ પ્રકારે છે.

(૧) **જ્ઞાન ઉપસંપદા :-** પૂર્વે ગ્રહણ કરેલ સૂત્ર અને અર્થના સ્થિરીકરણ માટે... ત્રુટિત સૂત્ર અને અર્થના અનુસંધાન માટે.. અથવા તો પહેલેથી નવીન અભ્યાસ કરવા માટે જ્ઞાન ઉપસંપદા...

(૨) **દર્શન ઉપસંપદા :-** દર્શન ઉપસંપદા પણ તે રીતે જ છે, પણ દર્શન - પ્રભાવક સમ્મતિ તર્ક આદિ શાસ્ત્રોના અભ્યાસ માટે લેવાતી આ ઉપસંપદા છે.

(૩) **ચારિત્ર ઉપસંપદા :-** વૈયાવચ્ચ કરવા માટે અથવા તપ દ્વારા કર્મક્ષયની ભાવના માટે જે સ્વીકારાય તે ચારિત્ર ઉપસંપદા. ॥૨૩૨॥

दर्शनविषयाप्युपसम्पद्भवति तच्च दर्शनं सरागसम्यग्दर्शनमपीति तन्निरूपयति-

**निसर्गोपदेशाज्ञासूत्रबीजाधिगमविस्तारक्रियासंक्षेपधर्मरुचयःसरागसम्यग्दर्शनानि ॥२३३॥**

**निसर्गेति,** सरागस्य-अनुपशान्ताक्षीणमोहस्य यत्सम्यग्दर्शनं तत्त्वार्थश्रद्धानं तत्तथा । तत्र निसर्गः-स्वभावस्तेन रुचिः-तत्त्वाभिलाषरूपाऽस्येति निसर्गतो रुचिरिति वा निसर्गरुचिः, यो हि जातिस्मरणप्रतिभादिरूपया स्वमत्याऽवगतान् सद्भूतान् जीवादिपदार्थान् श्रद्दधाति स निसर्गरुचिः। उपदेशो गुर्वादिना कथनम् तेन रुचिर्यस्येत्युपदेशरुचिः यो हि जिनोक्तानेव जीवादीनर्थान् तीर्थकरशिष्यादिनोपदिष्टान् श्रद्धत्ते स उपदेशरुचिः । आज्ञा-सर्वज्ञवचनं, तथारुचिर्यस्य स तथा, यो हि प्रतनुरागद्वेषमिथ्याज्ञानतयाऽऽचार्यादीनामाज्ञयैव कुग्रहा-भावाज्जीवादि तथेति रोचते माषतुषादिवत् स आज्ञारुचिः सूत्रेण रुचिर्यस्य स सूत्ररुचिः, यो हि सूत्रागममधीयानस्तेनैवाङ्गप्रविष्टादिना सम्यक्त्वं लभते-गोविन्दवाचकवत् स सूत्ररुचिः बीजमिवबीजं यदेकमप्यनेकार्थप्रतिबोधोत्पादकं वचस्तेन रुचिर्यस्य स बीजरुचिःयस्य ह्येकेनापि जिवादीना पदेनावगतेनानेकेषु पदार्थेषु रुचिरुपैति स बीजरुचिः । येन ह्याचारादिकं

श्रुतमर्थतोऽधिगतं भवति सोऽभिगमरुचिः । विस्तारो व्यासः, ततो रुचिर्यस्य सः, येन हि धर्मास्तिकायादिद्रव्याणां सर्वपर्यायाः सर्वैर्नयप्रमाणैर्ज्ञाता भवन्ति स विस्ताररुचिः, ज्ञानानुसारिरुचित्वात् । क्रियानुष्ठानं तत्र रुचिर्यस्य, यस्य दर्शनाद्याचारानुष्ठाने भावतो रुचिरस्ति स क्रियारुचिः । संक्षेपः संग्रहः तत्र रुचिर्यस्य, यो ह्यप्रतिपन्नकपिलादिदर्शनो जिनप्रवचनानभिज्ञश्च संक्षेपेणैव चिलातिपुत्रवदुपशमादिपदत्रयेण तत्त्वरुचिमवाप्नोति स संक्षेपरुचिः । धर्मे श्रुतादौ रुचिर्यस्य, यो हि धर्मास्तिकायं श्रुतधर्मं चारित्रधर्मं च जिनोक्तं श्रद्धत्ते स धर्मरुचिरिति ॥२३३॥

દર્શન વિષયક પણ ઉપસંપદા હોય છે, અને તે દર્શન સરાગ સમ્યગ્દર્શન પણ હોય તેથી તેનું નિરૂપણ કરે છે.

સરાગ સમ્યગ્દર્શન દશ પ્રકારે છે - તે આ પ્રમાણે -

(૧) નિસર્ગ (૨) ઉપદેશ રુચિ (૩) આજ્ઞા રુચિ (૪) સૂત્ર રુચિ (૫) બીજ રુચિ (૬) અભિગમ રુચિ (૭) વિસ્તાર રુચિ (૮) ક્રિયા રુચિ (૯) સંક્ષેપ રુચિ તથા (૧૦) ધર્મ રુચિ.

ઉપશાંત નહિ થયેલ અને ક્ષય નહિ પામેલ એવા મોહાધીન આત્માનું જે સમ્યગ્દર્શન... તથા તત્ત્વ રૂપ પદાર્થની જે શ્રદ્ધા તે સરાગ સમ્યગ્દર્શન..

(૧) **નિસર્ગ રુચિ :-** નિસર્ગ = સ્વભાવ, તેના વડે તત્ત્વના અભિલાષ રૂપ રુચિ છે જેને તે નિસર્ગ રુચિ... અથવા સહજથી રુચિ તે નિસર્ગ રુચિ... અર્થાત્ જે જાતિસ્મરણ જ્ઞાનાદિ રૂપ પોતાની બુદ્ધિ વડે જાણેલા સદ્ભૂત જીવાદિ પદાર્થો પ્રતિ શ્રદ્ધા કરે છે તે નિસર્ગ રુચિ..

(૨) **ઉપદેશ રુચિ :-** ગુરૂ આદિ વડે જે કહેવાય તે ઉપદેશ. તે ઉપદેશ દ્વારા રુચિ તે ઉપદેશ રુચિ.. પરમાત્માએ કહેલ જીવાદિ પદાર્થો કે જે તીર્થંકર કે તેમના શિષ્યાદિ વડે કહેવાયા હોય તેના ઉપરની શ્રદ્ધા તે ઉપદેશ રુચિ...

(૩) **આજ્ઞા રુચિ :-** સર્વજ્ઞનું વચન તે આજ્ઞા, તેમાં જેની રુચિ છે તે આજ્ઞા રુચિ... મંદ થયેલા રાગ-દ્વેષ અને મિથ્યા જ્ઞાન વડે, આચાર્યની આજ્ઞા વડે, કુગ્રહના અભાવથી જીવાદિ તત્ત્વો તેમજ છે અર્થાત્ જિનેશ્વરોએ કહેલા સત્ય છે તેમ માષતુષાદિ મુનિની જેમ સ્વીકારવા તેના પ્રતિ રુચિ કરવી તે આજ્ઞા રુચિ...

(૪) **સૂત્ર રુચિ :-** સૂત્ર વડે રુચિ તે સૂત્ર રુચિ... સૂત્રાગમને ભણતાં - ભણતાં તે જ અંગ પ્રવિષ્ટાદિ વડે ગોવિંદવાચકની જેમ સમ્યક્ત્વને પામે છે તે સૂત્ર રુચિ.

(૫) **બીજ રુચિ :-** બીજની જેમ બીજ.. અર્થાત્ એક બીજ જેમ બીજા બીજને પેદા કરે છે તેમ એક પણ અનેકાર્થરૂપ પ્રતિબોધને ઉત્પન્ન કરનારું વચન - તેના વડે જેની રુચિ તે બીજ રુચિ... અર્થાત્ જેને એક પણ જીવાદિ પદને જાણવા વડે અનેક પદાર્થને વિષે રુચિ ઉત્પન્ન થાય છે તે બીજ રુચિ...

(६) **અભિગમ રુચિ :-** જેના વડે આચારાંગાદિ શ્રુત જ્ઞાનનો અર્થથી બોધ થાય તે અભિગમ રુચિ...

(૭) **વિસ્તાર રુચિ :-** વિસ્તાર એટલે ફેલાવો, તેના દ્વારા રુચિ છે જેની તે વિસ્તાર રુચિ... જેણે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના સર્વ પર્યાયો, સર્વ નય અને પ્રમાણ વડે જાણેલા હોય છે તે વિસ્તાર રુચિ છે, કારણકે જ્ઞાનને અનુસરનારી રુચિ હોય છે.

(૮) **ક્રિયા રુચિ :-** ક્રિયા એટલે અનુષ્ઠાન... ક્રિયામાં રુચિ છે જેની તે ક્રિયા રુચિ... દર્શનાચારાદિ અનુષ્ઠાનમાં ભાવથી જેની રુચિ છે તે ક્રિયા રુચિ...

(૯) **સંક્ષેપ રુચિ :-** સંક્ષેપ એટલે સંગ્રહ... તેને વિષે રુચિ છે જેની તે સંક્ષેપ રુચિ...

જેણે કપિલાદિ દર્શન સ્વીકાર્યું નથી અને જિનપ્રવચનથી અનભિજ્ઞ હોય તે ચિલાતીપુત્રની જેમ ઉપશમ - વિવેગ અને સંવર રૂપ માત્ર ત્રણ પદ વડે જ તત્ત્વની રુચિને પામે છે તે સંક્ષેપ રુચિ.

(૧૦) **ધર્મ રુચિ :-** શ્રુત વિગેરે ધર્મમાં જેની રુચિ હોય તે ધર્મ રુચિ... અને જે જિનોક્ત ધર્માસ્તિકાય અને શ્રુત ધર્મ તથા ચારિત્ર ધર્મની શ્રદ્ધા રાખે છે તે ધર્મ રુચિ જાણવી. ॥૨૩૩॥

अयञ्च सम्यग्दृष्टिर्दशानामपि संज्ञानां क्रमेण व्यवच्छेदं करोतीति ता आह–

**आहारभयमैथुनपरिग्रहक्रोधमानमायालोभलोकौघाः संज्ञाः ॥२३४॥**

**आहारेति,** संज्ञानं संज्ञा, आभोग इत्यर्थः, मनोविज्ञानमित्यन्ये, संज्ञायते वा आहाराद्यर्थी जीवोऽनयेति संज्ञा वेदनीयमोहनीयोदयाश्रया ज्ञानदर्शनावरणक्षयोपशमाश्रया च विचित्रा आहारादिप्राप्तये क्रियैवेत्यर्थः, सा चोपाधिभेदाद्भिद्यमाना दशप्रकारा भवतीति, तत्र क्षुद्वेदनीयोदयात्कवलाद्याहारार्थं पुद्गलोपादानक्रियैव संज्ञायतेऽनयेति आहारसंज्ञा, भयवेदनीयोदयाद्भयोद्भ्रान्तस्य दृष्टिवदनविकाररोमाञ्चोद्भेदादिक्रियैव संज्ञायतेऽनयेति भयसंज्ञा, पुंवेदाद्युदयान्मैथुनाय स्त्र्याद्यङ्गालोकनप्रसन्नवदनस्तंभितोरुवेपथुप्रभृतिलक्षणा च क्रियैव संज्ञायतेऽनयेति मैथुनसंज्ञा, लोभोदयात् प्रधानभवकारणाभिष्वङ्गपूर्विका सचित्तेतरद्रव्योपादानक्रिया च संज्ञायतेऽनयेति परिग्रहसंज्ञा, क्रोधोदयात्तदावेशगर्भा प्ररूक्षमुखनयनदन्तच्छदचेष्टैव संज्ञायतेऽनयेति क्रोधसंज्ञा, मानोदयादहङ्काराधिकोत्सेकादिपरिण तिरेव संज्ञायतेऽनयेति मानसंज्ञा, मायोदयेनाशुभसंक्लेशादनृतसम्भाषणादिक्रियैव संज्ञायतेऽनयेति मायासंज्ञा, लोभोदयाल्लालसत्वान्वितात्सचित्तेतरद्रव्यप्रार्थनैव संज्ञायतेऽनयेति लोभसंज्ञा, मतिज्ञानाद्यावरणक्षयोपशमाऽच्छन्दाद्यर्थगोचरा सामान्यावबोधक्रियैव संज्ञायतेऽनयेत्योघसंज्ञा, तद्विशेषावबोधक्रियैव संज्ञायतेऽनयेति लोकसंज्ञा, ततश्चोघसंज्ञादर्शनोपयोगः, लोकसंज्ञा ज्ञानोपयोग इति ॥२३४॥

સમ્યગ્દષ્ટિ આત્મા દશે સંજ્ઞાનો ક્રમપૂર્વક નાશ કરે છે તેથી હવે તે સંજ્ઞાઓ જણાવે છે.

સંજ્ઞા દશ છે, તે આ પ્રમાણે-

(૧) આહાર (૨) ભય (૩) મૈથુન (૪) પરિગ્રહ (૫) ક્રોધ (૬) માન (૭) માયા (૮) લોભ (૯) લોક તથા (૧૦) ઓઘ સંજ્ઞા...

संज्ञानं संज्ञा એટલે કે આભોગ - સંકલ્પ... અન્ય આચાર્યો મનના વિજ્ઞાન રૂપ કહે છે, અથવા આહારાદિનો અભિલાષી જીવ જેના વડે સારી રીતે જણાય છે તે **સંજ્ઞા** વેદનીય અને મોહનીય કર્મના આશ્રયવાળી અને જ્ઞાનાવરણ - દર્શનાવરણ કર્મના ક્ષયોપશમ રૂપ વિચિત્ર પ્રકારની આહારાદિની પ્રાપ્તિ માટે જે ક્રિયા તે સંજ્ઞા... ઉપાધિના ભેદ વડે ભેદ કરતાં તેના દશ - ૧૦ પ્રકાર થાય છે.

(૧) **આહાર સંજ્ઞા :-** ક્ષુધા વેદનીયના ઉદયથી કવલાદિ આહાર માટે પુદ્ગલને ગ્રહણ કરવાની ક્રિયા જ જેના વડે જણાય તે આહાર સંજ્ઞા...

(૨) **ભય સંજ્ઞા :-** ભય વેદનીય કર્મના ઉદયથી ભયથી અત્યંત ઉદ્ભ્રાંત થયેલની દૃષ્ટિ - મુખનો વિકાર - તથા રોમરાજી ખડી થઇ જવી વગેરે ક્રિયા જેના વડે જણાય છે તે ભય સંજ્ઞા.

(૩) **મૈથુન સંજ્ઞા :-** પુરુષ વેદાદિના ઉદયથી મૈથુન માટે સ્ત્રી આદિના અંગોનું અવલોકન... પ્રસન્ન વદન... થાંભલાની જેમ થીજી ગયેલ સાથળનું કંપન... વિગેરે લક્ષણવાળી ક્રિયા જેના વડે જણાય છે તે મૈથુન સંજ્ઞા.

(૪) **પરિગ્રહ સંજ્ઞા :-** લોભના ઉદયથી મુખ્ય ભવના કારણભૂત આસક્તિ પૂર્વક સચિત્ત કે અચિત્ત દ્રવ્યના ગ્રહણરૂપ ક્રિયા જેના વડે જણાય છે તે પરિગ્રહ સંજ્ઞા.

(૫) **ક્રોધ સંજ્ઞા :-** ક્રોધ મોહનીયના ઉદયથી તેના આવેશથી યુક્ત મુખ, નયન અને હોઠની ચેષ્ટા જેના વડે જણાય છે તે ક્રોધ સંજ્ઞા.

(૬) **માન સંજ્ઞા :-** માનના ઉદયથી અહંકારાત્મક અધિક ઉત્કર્ષ વગેરે પરિણતિ જેના વડે જણાય તે માન સંજ્ઞા.

(૭) **માયા સંજ્ઞા :-** માયાના ઉદયથી અશુભ સંકલેશથી અસત્ય બોલવાની ક્રિયા વડે જણાય છે તે માયા સંજ્ઞા.

(૮) **લોભ સંજ્ઞા :-** લોભના ઉદયથી લાલસાથી યુક્ત હોવાથી સચિત્ત - અચિત્ત દ્રવ્યની પ્રાર્થના જ જેના વડે જણાય છે તે લોભ સંજ્ઞા.

(૯) **ઓઘ સંજ્ઞા :-** સામાન્ય પ્રવૃત્તિ તે ઓઘ સંજ્ઞા... મતિ જ્ઞાનાવરણીય આદિના ક્ષયોપશમથી શબ્દાદિ અર્થ વિષયક સામાન્ય બોધ રૂપ ક્રિયા જેના વડે જણાય તે ઓઘ સંજ્ઞા...

(૧૦) **લોક સંજ્ઞા :-** લોક દૃષ્ટિ તે લોક સંજ્ઞા... તથા તેનાથી વિશેષ બોધ રૂપ ક્રિયા જ જણાય છે જેના વડે તે લોક સંજ્ઞા. તેવી જ ઓઘસંજ્ઞા સામાન્ય દર્શનના ઉપયોગ રૂપ અને લોકસંજ્ઞા જ્ઞાનના ઉપયોગ રૂપ છે. ॥૨૩૪॥

संज्ञावन्तो व्यवस्थावन्तोऽपि भवन्तीति सामान्येन धर्मं निरूपयति-

**ग्रामनगरराष्ट्रपाखण्डकुलगणसंघश्रुतचारित्रास्तिकाया धर्माः ॥२३५॥**

**ग्रामेति,** जनपदाश्रया ग्रामास्तेषां तेषु वा धर्मः-समाचारो व्यवस्थेति ग्रामधर्मः, स प्रतिग्रामं भिन्नः, अथवा ग्रामः इन्द्रियग्रामो रूढेस्तद्धर्मो विषयाभिलाषः । नगरधर्मो नगराचारः सोऽपि प्रतिनगरं प्रायो भिन्न एव, राष्ट्रधर्मो देशाचारः, पाखण्डधर्मः पाखण्डिनामाचारः, कुलधर्मःउग्रादिकुलाचारः, अथवा कुलं चान्द्रादिकमार्हतानां गच्छसमूहात्मकं तस्य धर्मः सामाचारी, गणधर्मो मल्लादिगणव्यवस्था, जैनानां वा कुलसमुदायो गणः कोटिकादिस्तद्धर्मः तत्सामाचारी, संघधर्मो गोष्ठीसमाचारः, आर्हतानां वा गणसमुदायरूपश्चतुर्वर्णो वा संघस्तद्धर्मस्तत्समाचारः, श्रुतमेवाचारादिकं दुर्गतिप्रपतज्जीवधारणाद्धर्मः श्रुतधर्मः, चयरिक्तीकरणाच्चारित्रं तदेव धर्मश्चारित्रधर्मः, अस्तयः प्रदेशास्तेषां कायो राशिरस्तिकायः स एव धर्मः, गतिपर्याये जीवपुद्गलयोर्धारणादित्यस्तिकायधर्म इति ॥२३५॥

સંજ્ઞાવાળા વ્યવસ્થાવાળા પણ હોય છે તેથી સામાન્યથી ધર્મનું નિરૂપણ કરે છે.

દશ પ્રકારે ધર્મ છે - તે આ પ્રમાણે -

(૧) ગ્રામ ધર્મ (૨) નગર ધર્મ (૩) રાષ્ટ્ર ધર્મ (૪) પાખંડ ધર્મ (૫) કુલ ધર્મ (૬) ગણ ધર્મ (૭) સંઘ ધર્મ (૮) શ્રુત ધર્મ (૯) ચારિત્ર ધર્મ તથા (૧૦) અસ્તિકાય ધર્મ.

(૧) **ગ્રામ ધર્મ :-** દેશના આશ્રયવાળા જે ગામો તે ગામોનો ધર્મ કે તે ગામોમાં ધર્મ - આચાર - વ્યવસ્થા તે ગ્રામ ધર્મ... દરેક ગામોમાં ભિન્ન - ભિન્ન ધર્મ હોય છે. અથવા ગ્રામ એટલે ઇન્દ્રિયો... ગ્રામ = સમૂહ (રૂઢ છે) તેના વિષયાભિલાષ સ્વરૂપ ધર્મ તે ગ્રામ ધર્મ...

(૨) **નગર ધર્મ :-** નગરનો ધર્મ - આચાર, તે પણ દરેક નગરમાં પ્રાયઃ ભિન્ન જ હોય છે.

(૩) **રાષ્ટ્ર ધર્મ :-** દેશનો આચાર (૪) **પાખંડ ધર્મ :-** પાખંડિયાઓનો આચાર.

(૫) **કુલ ધર્મ :-** ઉગ્ર-ભોગ વિગેરે કુલ તેનો આચાર તે કુલ ધર્મ. અથવા જૈન મુનિ ભગવંતોના ગચ્છના સમૂહરૂપ ચાંદ્રાદિ કુલ. તેનો આચાર તે કુલ ધર્મ...

(૬) **ગણ ધર્મ :-** મલ્લાદિના સમૂહની વ્યવસ્થા.:. અથવા જૈનોના કુલના સમુદાય રૂપ કોટિકાદિ ગણ તેની સામાચારી રૂપ ધર્મ તે ગણ ધર્મ.

(૭) **સંઘ ધર્મ :-** મિત્ર મંડળની વ્યવસ્થા.. અથવા જૈનોના સમુદાયરૂપ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘ તેનો ધર્મ તેની સામાચારી તે સંઘ ધર્મ...

(૮) **શ્રુત ધર્મ :-** આચારાંગાદિ શ્રુત... દુર્ગતિમાં પડતાં જીવોને તે બચાવનાર હોવાથી તે ધર્મ તે શ્રુત ધર્મ... (૯) **ચારિત્ર ધર્મ :-** કર્મના સંચયને ખાલી કરે તે ચારિત્ર. તેનો જે ધર્મ તે ચારિત્ર ધર્મ.

(૧૦) **અસ્તિકાય ધર્મ :-** અસ્તય: એટલે પ્રદેશો... તેઓનો સમૂહ તે અસ્તિકાય... તે જ ધર્મ... ગતિ પર્યાય વડે જીવ અને પુદ્‌ગલ એ બંનેને ધારણ કરતો હોવાથી - મદદ કરતો હોવાથી અસ્તિકાય  ધર્મ છે. ॥૨૩૫॥

सोऽयं धर्मः स्थविरैः कृतो भवतीति तानाह-

**ग्रामनगरराष्ट्रप्रशास्तृकुलगणसंघजातिश्रुतपर्यायसम्बन्धिनः स्थविराः ॥२३६॥**

**ग्रामेति,** दुर्व्यवस्थितं जनं सन्मार्गे स्थापयन्ति-स्थिरीकुर्वन्तीति स्थविराः तत्र ये ग्रामनगरराष्ट्रेषु व्यवस्थाकारिणो बुद्धिमन्त आदेयाः प्रभविष्णवस्ते तत्तत्स्थविराः, प्रशासति शिक्षयन्ति ये ते प्रशास्तारः-धर्मोपदेशकाः, ते च स्थविराः । कुलस्य गणस्य संघस्य च लौकिकस्य लोकोत्तरस्य च ये व्यवस्थाकारिणः तद्भङ्क्तुश्च निग्राहकाः स्थविरास्ते तथा । षष्टिवर्षप्रमाणजन्मपर्याया जातिस्थविराः । समवायाद्यङ्गधारिणः श्रुतस्थविराः विंशतिवर्ष-प्रमाणप्रव्रज्यापर्यायवन्तः पर्यायस्थविरा इति ॥२३६॥

તે આ ધર્મ સ્થવિરો વડે કરેલો હોવાથી સ્થવિરોનું નિરૂપણ કરે છે.

દશ પ્રકારના સ્થવિરો છે - તે આ પ્રમાણે -

(૧) ગ્રામ સ્થવિર (૨) નગર સ્થવિર (૩) રાષ્ટ્ર સ્થવિર (૪) પ્રશાસ્તૃ સ્થવિર (૫) કુલ સ્થવિર (૬) ગણ સ્થવિર (૭) સંઘ સ્થવિર (૮) જાતિ સ્થવિર (૯) શ્રુત સ્થવિર તથા (૧૦) પર્યાય સ્થવિર... ઉન્માર્ગમાં ગયેલા લોકોને સન્માર્ગમાં લાવે તે સ્થવિરો... ખરાબ સ્થિતિમાં રહેલા લોકોને સન્માર્ગમાં સ્થાપે - સ્થિર કરે તે સ્થવિરો.

(૧) **ગ્રામ સ્થવિરો :-** ગામની વ્યવસ્થા કરનાર બુદ્ધિશાળી પુરુષો, આદેય અર્થાત્ જેના વચનનો સ્વીકાર થાય એવા પ્રભાવવાળા પુરુષો તે ગ્રામ સ્થવિરો.

(૨) **નગર સ્થવિરો :-** નગરની વ્યવસ્થા કરનારા બુદ્ધિશાળી પુરુષો - જેનું વચન માન્ય થતું હોય તેવા પ્રભાવી પુરુષો તે નગર સ્થવિરો.

(૩) **રાષ્ટ્ર સ્થવિરો :-** રાષ્ટ્રની વ્યવસ્થા કરનારા બુદ્ધિશાળી પુરુષો - જેનું વચન માન્ય થતું હોય તેવા પ્રભાવી પુરુષો તે રાષ્ટ્ર સ્થવિરો.

(૪) **પ્રશાસ્તૃ સ્થવિરો** :- જે શીખવાડે - શિક્ષા આપે તે પ્રાશાસ્તા... ધર્મના ઉપદેશ દ્વારા લોકોને સ્થિર કરે તે પ્રશાસ્તૃ સ્થવિરો.

(૫) **કુલ સ્થવિરો** :- લૌકિક ઉગ્રાદિ તથા લોકોત્તર ચાંદ્રાદિ કુલની વ્યવસ્થા કરનારા અને તે વ્યવસ્થાનો ભંગ કરનારાઓને શિક્ષા કરનારા તે કુલ સ્થવિરો.

(૬) **ગણ સ્થવિરો** :- લૌકિક તથા લોકોત્તર કોટિ વિગેરે ગણની વ્યવસ્થા કરનારા અને તે વ્યવસ્થાનો ભંગ કરનારાઓને શિક્ષા કરનારા તે ગણ સ્થવિરો.

(૭) **સંઘ સ્થવિરો** :- લૌકિક તથા લોકોત્તર સંઘની વ્યવસ્થા કરનારા તથા વ્યવસ્થાનો ભંગ કરનારાઓને શિક્ષા કરનારા તે સંઘ સ્થવિરો.

(૮) **જાતિ સ્થવિરો** :- ૬૦ - સાઇઠ વર્ષની ઊંમરવાળા તે જાતિ સ્થવિરો.

(૯) **શ્રુત સ્થવિરો** :- સમવાયાંગાદિ અંગ સૂત્રને ધારણ કરનારા તે શ્રુત સ્થવિરો.

(૧૦) **પર્યાય સ્થવિરો** :- વીશ - ૨૦ વર્ષ પ્રમાણ દીક્ષા પર્યાયવાળા તે પર્યાય સ્થવિરો. ||૨૩૬||

ग्रमस्थविरादयः संसारिण इति तत्पर्यायविशेषानाह-

**बालक्रीडामन्दबलप्रज्ञाहायनीप्रपञ्चाप्राग्भारामुङ्मुखीशायनीभेदाद्दशां ॥२३७॥**

**बालेति,** यत्र काले मनुष्याणां वर्षशतमायुः स कालो वर्षशतायुष्कः, तत्र यः पुरुषः सोऽप्युपचाराद्वर्षशतायुष्को मुख्यवृत्त्या वर्षशतायुषि पुरुषे गृह्यमाणे पूर्वकोट्यायुष्कपुरुषकाले वर्षशतायुषः पुरुषस्य कस्यचित्कुमारत्वेऽपि बालादिदशादशकसमाप्तिः स्यात्, न चैवम्, ततः उपचार एव युक्तः, वर्षदशकप्रमाणाः कालकृता अवस्था दशा, वर्षशतायुर्ग्रहणं विशिष्टतर-दशस्थानकानुरोधात्, विशिष्टतरत्वञ्च वर्षदशकप्रमाणत्वात्, अन्यथा पूर्वकोट्यायुषोऽपि बालाद्या दशावस्था भवन्त्येव, केवलं दशवर्षप्रमाणा न भवन्ति, बहुवर्षा वा अल्पवर्षा वा स्युरिति । तत्र बालस्येयमवस्था धर्मधर्मिणोरभेदाद्वाला जातमात्रस्य जन्तोः प्रथमा दशा सुखदुःखानाम-त्यन्तविज्ञानाभावात् । क्रीडाप्रधाना दशा क्रीडा 'द्वितीया कामभोगेषु तीव्रमत्यनुदयात् । विशिष्टबलबुद्धिकार्योपदर्शनासमर्थो भोगानुभूतावेव च समर्थो यस्यामवस्थायां सा मन्दा तृतीया भोगोपार्जने मन्दत्वात् । यस्यां पुरुषस्य बलं भवति सा बलयोगाद्वला चतुर्थी बलदर्शनसामर्थ्यात् । ईप्सितार्थसम्पादनविषयायाः कुटुम्बाभिवृद्धिविषयाया वा बुद्धेर्योगाद्दशापि प्रज्ञा पञ्चमी, हापयति-इन्द्रियाण्यपटूनि करोति यस्यां दशायां सा हायनी षष्ठी, कामेषु विरजनादिन्द्रियाणां क्षीणशक्तित्वाच्च । प्रपञ्चयति-स्रंसयत्यारोग्यादिति प्रपञ्चा सप्तमी

रोगजालोद्धुतेः, प्राग्भारं ईषदवनतं गात्रं यस्यां भवति सा प्राग्भारा अष्टमी संकुचितवलि-चर्मत्वात् मोचनं-मुक् जराराक्षसीसमाक्रान्तशरीरगृहस्य जीवस्य मुचं प्रति मुखं यस्यां सा मुङ्मुखी नवमी, शाययति-निद्रावन्तं करोति यस्यां सा शायनी दशमी हीनभिन्नस्वरत्वाद्दीनत्वाद्दुर्बलत्वाच्चेति ॥२३७॥

ગ્રામ સ્થવિરો વિગેરે સંસારી હોય છે, તેથી તેમના પર્યાય વિશેષોને કહે છે.

દશ દશા નીચે પ્રમાણે જાણવી.

(૧) બાલ (૨) ક્રીડા (૩) મંદા (૪) બલા (૫) પ્રજ્ઞા (૬) હાયની (૭) પ્રપંચા (૮) પ્રાગ્ભારા (૯) મુક્ષુખી, તથા (૧૦) શાયની.

જે કાલમાં મનુષ્યોનું એક સો વર્ષનું આયુષ્ય હોય તે કાલ વર્ષશતાયુષ્ક કાલ. તે કાલમાં જે પુરુષ તે પણ ઉપચારથી વર્ષશતાયુષ્ક.મુખ્યવૃત્તિથી સો વર્ષના આયુષ્યવાળા પુરુષનું ગ્રહણ કરીએ તો પૂર્વ ક્રોડ આયુષ્યવાળા પુરુષના કાળમાં સો વર્ષના આયુષ્યવાળા કોઇક પુરુષને કુમારપણામાં પણ બલાદિ દશા દશકની સમાપ્તિ થાય, એમ તમે જો માનતા હો તો એમ નથી, તેથી ફક્ત ઉપચાર જ યોગ્ય છે.

વર્ષ દશકના પ્રમાણવાળી કાલકૃત અવસ્થા જાણવી - અર્થાત્ દશ વર્ષની એક દશા... સો વર્ષની દશ દશા... અહીં વર્ષ શતાયુનું ગ્રહણ વિશિષ્ટતર દશ સ્થાનકના અનુરોધથી જ છે. દશ સ્થાનકનું વિશિષ્ટતરપણું આ પ્રમાણે છે.

સો વર્ષની અપેક્ષાએ દશ વર્ષના પ્રમાણવાળી દશા દશ છે, પૂર્વ ક્રોડ વર્ષના આયુષ્યવાળાઓને પણ બાલાદિ દશ અવસ્થાઓ હોય છે. તેઓની દશા માત્ર દશ વર્ષના પ્રમાણવાળી ન હોય, પરંતુ બહુ વર્ષવાળી અથવા અલ્પ વર્ષવાળી હોય છે, આ તાત્પર્ય છે.

(૧) **બાલ દશા :-** જેમાં સુખ દુઃખનું વિશેષ જ્ઞાન ન હોય તે બાલ દશા. બાલની આ અવસ્થા ધર્મ અને ધર્મીમાં અભેદ માનીને જાણવી. માત્ર જન્મ પામેલા જીવની જે પ્રથમ દશા છે, તેમાં સુખ કે દુઃખને બહુ જાણે નહીં, સામાન્યથી જાણે માટે તે બાલ દશા છે.

(ધર્મ એટલે અવસ્થા અને ધર્મી એટલે બાલ)

(૨) **ક્રીડા દશા :-** ક્રીડા પ્રધાન જે દશા તે ક્રિડા દશા.... આ બીજી દશામાં જીવ વિવિધ ક્રીડા કરે છે પણ કામ ભોગને વિષે તીવ્ર મતિ હોતી નથી.

(૩) **મન્દા દશા :-** વિશિષ્ટ બલ કે બુદ્ધિ પૂર્વક કાર્ય કરી બતાવવામાં અસમર્થ અને માત્ર ભોગ ભોગવવા જ સમર્થ જે અવસ્થામાં હોય તે ત્રીજી મન્દા દશા. આ અવસ્થામાં જીવો ભોગ ઉપાર્જન કરવામાં મંદ હોય છે.

(૪) **બલા દશા :-** જે અવસ્થામાં પુરુષને બલ-શક્તિ હોય છે તે બલના યોગથી બલા કહેવાય છે... આ અવસ્થામાં બલ બતાવવાનું સામર્થ્ય પણ હોય છે.

(૫) **પ્રજ્ઞા દશા :-** ઇચ્છિત અર્થને પ્રાપ્ત કરવાના વિષયવાળી અથવા કુટુંબ વિગેરેની અભિવૃદ્ધિ કરવાના વિષયવાળી બુદ્ધિના યોગથી પાંચમી પ્રજ્ઞા નામની દશા.

(૬) **હાયની દશા :-** જેમાં પુરુષ કામથી વિરક્ત થાય અને ઇન્દ્રિયોના બલની હાનિ થાય તે હાયની દશા... ઇન્દ્રિયોને પોતાના વિષયને ગ્રહણ કરવામાં અપટૂ - અસમર્થ કરે છે.. ભોગ-સુખમાં વિરક્ત થવાથી તથા ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ થવાથી આ દશા હાયની કહેવાય છે.

(૭) **પ્રપંચા દશા :-** જેમાં શ્લેષ્માદિ નીકળે - ખાંસી વિગેરે ઉપદ્રવ તે પ્રપંચા દશા આરોગ્યથી દૂર કરે તે... અને રોગોની ઉત્પત્તિ કરે તે સાતમી પ્રપંચા દશા.

(૮) **પ્રાગ્ભારા દશા :-** વૃદ્ધાવસ્થાને કારણે જરાક શરીર નમી જાય તે પ્રાગ્ભાર દશા... તથા જેમાં શરીર પર કરચલીઓ પડી જાય તે પ્રાગ્ભારા દશા.

(૯) **મુમ્મુખી દશા :-** મોચનં - મૂક્ - અર્થાત્ જરા રૂપ રાક્ષસીથી ઘેરાયેલા શરીરરૂપ ઘરવાળા જીવનો ત્યાગ કરવા તરફ જેનું મુખ છે - તેવી દશા. અર્થાત્ વૃદ્ધાવસ્થાને કારણે જીવનના અંતની ઇચ્છા છે જેમાં તેવી દશા તે મુમ્મુખી દશા.

(૧૦) **શાયની દશા :-** જે દશામાં સૂતો રહે છે અને દુઃખિત હોય છે, તે શાયની દશા. સુવાડે છે. નિદ્રાવાળો કરે છે, જેમાં તે... તથા હીન અને ભિન્ન ભેદાયેલ સ્વર થવાથી... દીનપણાથી તથા દુર્બલપણાથી આ દશમી શાયની દશા છે. ॥૨૩૭॥

अथ मङ्गलरूपं भगवन्तं महावीरं विघ्नविघाताय स्मरन् दशाऽऽश्चर्याण्याह–

**उपसर्गगर्भहरणस्त्रीतीर्थाभव्यपर्षत्कृष्णावरकंकागमनचन्द्रसूर्यावतरणहरिवंश-कुलोत्पत्तिचमरोत्पाताष्टशतसिद्धासंयतपूजा आश्चर्याणि ॥२३८॥**

**उपसर्गेति,** आ–विस्मयतश्चर्यन्तेऽवगम्यन्ते इत्याश्चर्याण्यद्भुतानि, तत्रोपसृज्यते क्षिप्यते च्याव्यते प्राणी धर्मादिभिरित्युपसर्गा देवादिकृतोपद्रवाः, ते च भगवतो महावीरस्य छद्मस्थकाले केवलिकाले च नरामरतिर्यक्कृता अभूवन्, इदञ्च किल न कदाचिद्भूतपूर्वं तीर्थकरादि अनुत्तरपुण्यसम्भारतया नोपसर्गभाजनमपि तु सकलनरामरतिरश्चां सत्कारादिस्थानमेवेति अनन्तकालभाव्ययमर्थो लोकेऽद्भुतभूत इति । गर्भस्य–उदरसत्त्वस्य हरणं–उदरान्तरसंक्रामणं गर्भहरणम्, एतदपि तीर्थकरापेक्षयाऽभूतपूर्वं सद्भगवतो महावीरस्य जातम्, पुरन्दरादिष्टेन हरिणेगमेषिदेवेन देवानन्दाभिधानब्राह्मण्युदरात्त्रिशलाभिधानाया राजपत्न्या उदरे सङ्क्रमणात्, एतदप्यनन्तकालभावित्वादाश्चर्यमेवेति । स्त्री योषित् तस्यास्तीर्थकरत्वेनोत्पन्नायाः तीर्थं

द्वादशाङ्गं सङ्घो वा, तीर्थं हि पुरुषसिंहा पुरुषवरगन्धहस्तिनस्त्रिभुवनेऽप्यव्याहतप्रभुभावाः प्रवर्त्तयन्ति, इह त्ववसर्पिण्यां मिथिलानगरीपतेः कुम्भकराजस्य दुहिता मल्ल्यभिधाना एकोनविंशतितमतीर्थकरस्थानोत्पन्ना तीर्थं प्रवर्त्तितवतीत्यनन्तकालजातत्वादस्य भावस्याश्चर्यतेति । चारित्रधर्मस्यायोग्या पर्षत्-तीर्थकरसमवसरणश्रोतृलोकः अभव्यपर्षत्, श्रूयते हि भगवतो वर्द्धमानस्य जृम्भिकग्रामनगराद्बहिरुत्पन्नकेवलस्य तदनन्तरं मिलितचतुर्विधदेवनिकायविरचितसमवसरणस्य भक्तिकुतूहलाकृष्टसमायातानेकनरामरविशिष्टतिरश्चां स्वस्वभाषानुसारिणाऽतिमनोहारिणा महाध्वनिना कल्पपरिपालनायैव धर्मकथा बभूव, यतो न केनापि तत्र विरतिः प्रतिपन्ना, न चैतत्तीर्थकृतः कस्यापि भूतपूर्वमितीदमाश्चर्यम् । कृष्णस्य नवमवासुदेवस्यापरकङ्का-राजधानी गति विषया जातेति अजातपूर्वत्वादाश्चर्यम्, श्रूयते हि पाण्डवभार्या द्रौपदी धातकीखण्डभरतक्षेत्रापरकंकाराजधानीनिवासिपद्मराजेन देवसामर्थ्येनापहृता, द्वारकावतीवास्तव्यश्च कृष्णो वासुदेवो नारदादुपलब्धतद्वृत्तः समाराधितसुस्थिताभिधानलवणसमुद्राधिपतिर्देवः पञ्चभिः पाण्डवैः सह द्वियोजनलक्षप्रमाणं जलधिमतिक्रम्य पद्मराजं रणविमर्देन विजित्य द्रौपदीमानीतवान्, तत्र च कपिलवासुदेवो मुनिसुव्रतजिनात्कृष्णवासुदेवागमनवार्त्तामुपलभ्य स बहुमानं कृष्णदर्शनार्थमागता, कृष्णश्च तदा समुद्रमुल्लंघयति स्म ततस्तेन पाञ्चजन्यः पूरितः कृष्णेनापि तथैव ततः परस्परशङ्खशब्दश्रवणमजायतेति । भगवतो महावीरस्य वन्दनार्थमवतरणमाकाशात्समवसरणभूम्यां चन्द्रसूर्ययोः शाश्वतविमानोपेतयोः बभूवेदमप्याश्चर्यमेवेति । हरेः पुरुषविशेषस्य वंशः-पुत्रपौत्रादिपरम्परा हरिवंशः तल्लक्षणं यत्कुलं तस्योत्पत्तिः, कुलं ह्यनेकधा अतो हरिवंशेन विशिष्यते, एतदप्याश्चर्यमेवेति, श्रूयते हि भरतक्षेत्रापेक्षया यत्तृतीयं हरिवर्षाख्यं मिथुनकक्षेत्रं ततः केनापि पूर्वविरोधिना व्यन्तरसुरेण मिथुनकमेकं भरतक्षेत्रे क्षिप्तं तेन पुण्यानुभावाद्राज्यं प्राप्तं ततो हरिवर्षजातहरिनाम्नः पुरुषाद्यो वंशः स तथेति । चमरस्य-असुरकुमारराजस्योत्पतनमूर्ध्वगमनं चमरोत्पातः सोऽप्याकस्मिकत्वादाश्चर्यम्, श्रूयते हि चमरचञ्चाराजधानीनिवासी चमरेन्द्रोऽभिनवोत्पन्नः सन्नूर्ध्वमवधिनाऽऽलोकयामास, ततः स्वशीर्षोपरि सौधर्मव्यवस्थितं शक्रं ददर्श, ततो मत्सराध्मातः शक्रतिरस्काराहितमतिरिहागत्य भगवन्तं महावीरं छद्मस्थावस्थमेकरात्रिकीं प्रतिमां प्रतिपन्नं सुसुमारनगरोद्यानवर्त्तिनं सबहुमानं प्रणम्य भगवंस्त्वत्पादपंकजं मे शरणमरिपराजितस्येति विकल्प्य विरचितघोररूपो लक्षयोजनमानशरीरः परिघरत्नं प्रहरणं परितो भ्रामयन् गर्जन्नास्फोटयन् देवांस्त्रासयन् उत्पपात, सौधर्मावतंसकविमानवेदिकायां पादन्यासं कृत्वा शक्रमाक्रोशयामास, शक्रोऽपि कोपाज्ज्वा-

ज्वल्यमानस्फारस्फुरत्स्फुलिङ्गशतसमाकुलं कुलिशं तं प्रति मुमोच, स च भयात् प्रतिनिवृत्य भगवत्पादौ शरणं प्रपेदे, शक्रोऽप्यवधिज्ञानावगततद्व्यतिकरस्तीर्थकराशातनाभयात् शीघ्रमागत्य वज्रमुपसञ्जहार, बभाण च मुक्तोऽस्यहो भगवतः प्रसादान्नास्ति मत्तस्ते भयमिति । अष्टाभिरधिकं शतमष्टशतं तच्च ते सिद्धाश्च-निर्वृताः अष्टशतसिद्धाः, इदमप्यनन्तकालजातमित्याश्चर्यमिति, असंयता असंयमवन्तः आरम्भपरिग्रहप्रसक्ता अब्रह्मचारिणस्तेषु पूजा-सत्कारः, सर्वदा हि किल संयता एव पूजार्हाः, अस्यान्त्ववसर्पिण्यां विपरीतं जातमित्याश्चर्यमिति ॥२३८॥

હવે મંગલરૂપ ભગવાન મહાવીરને વિઘ્નના નાશ માટે સ્મરણ કરતાં દશ આશ્ચર્યો કહે છે.

આશ્ચર્ય દશ છે - તે આ પ્રમાણે -

(૧) ઉપસર્ગ (૨) ગર્ભ હરણ (૩) સ્ત્રી તીર્થંકર (૪) અભવ્ય પર્ષદા (૫) કૃષ્ણનું અપરકંકામાં ગમન (૬) ચંદ્ર-સૂર્યનું મૂળ વિમાન દ્વારા અવતરણ (૭) હરિવંશકુલની ઉત્પત્તિ (૮) ચમરાનો ઉત્પાત (૯) ૧૦૮ આત્માની સિદ્ધિ તથા (૧૦) અસંયત પૂજા...

आ - વિસ્મયથી चर्यन्ते = જણાય... વિસ્મયથી જે જણાય તે આશ્ચર્ય અર્થાત્ અદ્ભૂત ઘટનાઓ ઉપસર્જન કરાય છે, ફેંકાય છે, પતિત થાય છે પ્રાણીઓ ધર્મથી જેના વડે તે ઉપસર્ગો, અર્થાત્ દેવાદિ દ્વારા કરાયેલ ઉપસર્ગ...

**(૧) ઉપસર્ગ :-** ભગવાન મહાવીરને છદ્મસ્થ કાળમાં તથા કેવલી કાલમાં મનુષ્ય, દેવ તથા તિર્યંચો વડે આ ઉપસર્ગો થયા છે, કેવલી અવસ્થામાં આવા ઉપસર્ગો થાય તેવું ક્યારેય પહેલા થયું નથી, કારણ કે તીર્થંકર પરમાત્મા વિગેરે અનુત્તર પુણ્યના સમૂહથી ઉપસર્ગના સ્થાન સ્વરૂપે નથી હોતા, પરંતુ સમસ્ત મનુષ્ય-દેવ તથા તિર્યંચોને માટે સત્કારને યોગ્ય જ હોય છે. તેથી અનંતકાલે થયેલ સંગમ વિગેરેના ઉપસર્ગો લોકોમાં આશ્ચર્યભૂત ગણાય છે.

**(૨) ગર્ભાપહાર :-** ગર્ભાપહાર એટલે ગર્ભમાં રહેલ જીવનું હરણ થવું અર્થાત્ એક ઉદરમાંથી બીજાના ઉદરમાં સંક્રમણ કરવું. આ ઘટના પણ તીર્થંકરોની અપેક્ષાએ પહેલાં નહીં થયેલ. છતાં ભગવાન મહાવીરનું ગર્ભાપિહરણ થયું. ઇંદ્ર મહારાજાની આજ્ઞાથી હરિણગમેષિ દેવે, દેવાનંદા નામની બ્રાહ્મણીના ઉદરથી પરમાત્મા મહાવીરના જીવનું ત્રિશલા નામની રાજપત્ની-રાણીના ઉદરમાં સંક્રમણ કર્યું... આ પણ અનંતકાલે થવાથી આશ્ચર્ય કહેવાય છે.

**(૩) સ્ત્રી તીર્થંકર :-** તીર્થંકરપણાએ ઉત્પન્ન થયેલ સ્ત્રીનું તીર્થ... દ્વાદશાંગી અથવા સંઘ પણ તીર્થસ્વરૂપ છે, સામાન્ય રીતે પુરૂષોને વિષે સિંહ સમાન... શ્રેષ્ઠ ગંધહસ્તિ સમાન, ત્રિભુવનમાં પણ અવ્યાહત સામર્થ્યવાળા પુરૂષો પ્રવર્તાવે છે. પરંતુ આ અવસર્પિણીમાં મિથિલા નગરીના સ્વામી કુંભન રાજાની પુત્રી મલ્લિ નામની ઓગણીસમા તીર્થંકરના સ્થાનમાં ઉત્પન્ન થયા અને તીર્થ પ્રવર્તાવ્યું. આવું પણ અનંતકાલે બનતું હોવાથી આશ્ચર્ય ગણાય છે.

**(૪) અભવ્યપર્ષદા :-** ચારિત્રધર્મને સ્વીકારવા અયોગ્ય પર્ષદા તે અભવ્ય પર્ષદા. પર્ષદા એટલે સમવસરણમાં તીર્થંકરની દેશના સાંભળનારા શ્રોતાઓ. સંભળાય છે કે જૃંભક ગ્રામના નગરની બહાર ભગવાન વર્ધમાનસ્વામીને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું, ત્યાર પછી ચાર નિકાયના દેવોએ મળીને સમવસરણની રચના કરી. ભક્તિ અને કુતૂહલથી આકર્ષાઈને આવેલ અનેક મનુષ્યો, દેવો અને વિશિષ્ટ તિર્યંચોને પોતપોતાની ભાષામાં સમજાય તેવી, અતિ મનોહર એવી મહાધ્વનિ વડે આચારના પાલન માટે જ ધર્મકથા થઈ, તેમાં કોઈએ પણ વિરતિનો સ્વીકાર ન કર્યો. આમ કોઈપણ તીર્થંકરની પ્રથમ દેશના નિષ્ફળ જાય તેવું પૂર્વે કદાપિ થયું નથી, માટે આ આશ્ચર્ય છે.

**(૫) કૃષ્ણ મહારાજાનું અપરકંકામાં ગમન :-** નવમા વાસુદેવ શ્રીકૃષ્ણમહારાજાનું અપરકંકા રાજધાનીમાં ગમન થયું, આવી ઘટના પહેલાં ન થઈ હોવાથી આશ્ચર્યરૂપ છે.

સંભળાય છે કે ધાતકીખંડ સંબંધી ભરતક્ષેત્રની અપરકંકા રાજધાનીના સ્વામી પદ્મ નામના રાજાએ દેવના સામર્થ્યથી પાંડવોની ભાર્યા દ્રૌપદીનું અપહરણ કર્યું. આ બાજુ દ્વારકાવતી નિવાસી કૃષ્ણ વાસુદેવે નારદ દ્વારા તેનો વૃત્તાંત જાણીને લવણ સમુદ્રના અધિપતિ સુસ્થિત દેવની આરાધના કરી, તે દેવની સહાયથી પાંચ પાંડવોની સાથે બે લાખ યોજન પ્રમાણ લવણ સમુદ્રને ઉલ્લંઘીને પદ્મ રાજાને રણમાં વિશેષ મર્દન કરવા વડે જીતીને દ્રૌપદીને લઈ આવ્યા.

આ બાજુ ત્યાં કપિલનામના વાસુદેવ (તે ક્ષેત્રના) શ્રી મુનિસુવ્રત નામના (તે ક્ષેત્રના) જિનેશ્વર પાસેથી કૃષ્ણ વાસુદેવના આગમનની વાત જાણીને બહુમાન સહિત કૃષ્ણ મહારાજાના દર્શન માટે આવ્યા. તે સમયે કૃષ્ણ મહારાજા સમુદ્રનું ઉલ્લંઘન કરતા હતા, ત્યારે તેણે પાંચજન્ય નામે પોતાનો શંખ ફૂંક્યો, કૃષ્ણ મહારાજાએ પણ પ્રત્યુત્તરરૂપે પોતાનો શંખ ફૂંક્યો. આમ બંને વાસુદેવનો પરસ્પર થયેલો શંખનો ધ્વનિ સંભળાયો.

**(૬) સૂર્ય-ચંદ્રનું મૂળ વિમાને અવતરણ :-** પરમાત્મા મહાવીરને વંદન કરવા માટે સૂર્ય અને ચંદ્ર શાશ્વત વિમાન સહિત દેવલોકથી (આકાશથી) મનુષ્યલોકની ભૂમિ પર સમવસરણમાં આવ્યા. અવતરણ કર્યું તે પણ એક આશ્ચર્ય છે. (મૂળ વિમાને દેવો આવતા નથી.)

**(૭) હરિવંશની ઉત્પત્તિ :-** હરિ નામના પુરૂષનો વંશ તે હરિવંશ... વંશ એટલે પુત્ર-પૌત્રાદિની પરંપરા... આવા પ્રકારના કુલની જે ઉત્પત્તિ તે હરિવંશ-કુલોત્પત્તિ... કુલ તો અનેક પ્રકારે છે, આથી હરિવંશ વડે વિશેષણ અપાય છે. આ પણ આશ્ચર્ય જ છે. સંભળાય છે કે ભરતક્ષેત્રની અપેક્ષાએ ત્રીજા હરિવર્ષ નામના યુગલિક ક્ષેત્રમાંથી કોઈક પૂર્વભવના વિરોધી વ્યંતર દેવે એક યુગલિક ભરતક્ષેત્રમાં મૂક્યું. તેના વડે પુણ્યના પ્રભાવથી રાજ્ય પ્રાપ્ત કરાયું, તેથી હરિવર્ષક્ષેત્ર વંશમાં થયેલ હરિ નામના પુરૂષનો વંશ તે હરિવંશ.

**(૮) ચમરાનો ઉત્પાત :-** ચમર નામના અસુરકુમારના રાજા અર્થાત્ ઇંદ્રનું ઉત્પતન. ઊંચે જવું તે ચમરોત્પાત, તે પણ અકસ્માત થયેલ હોવાથી આશ્ચર્ય છે. સંભળાય છે કે ચમરચંચા રાજધાની નિવાસી ચમરેન્દ્ર કે જે નવો જ ઉત્પન્ન થયો હતો અને તેણે ઉત્પન્ન થતાં જ અવધિજ્ઞાન વડે ઊંચે જોયું. ત્યારે પોતાના મસ્તક ઉપર સૌધર્મ દેવલોકમાં રહેલ ઇંદ્રને જોયો. ઈર્ષ્યાથી ધમધમેલો - ઇંદ્ર પ્રતિ તિરસ્કારની બુદ્ધિવાળો તે અહીં મનુષ્યલોકમાં આવીને છદ્મસ્થ અવસ્થામાં એક રાત્રિકી પ્રતિમાને સ્વીકારેલા, સુસુમારનગરના ઉદ્યાનમાં રહેલા ભગવાન મહાવીરને બહુમાનપૂર્વક નમસ્કાર કરીને... 'હે ભગવન્ ! શત્રુથી પરાભવ પામેલા એવા મને તમારા ચરણ-કમળનું શરણ હો.'

આ પ્રમાણે વિકલ્પ કરીને ભયંકર રૂપવાળો, લાખ યોજન પ્રમાણ શરીરવાળો, પરિઘરત્ન નામના પોતાના શસ્ત્રને ચારે તરફ ભમાવતો, ગર્જના કરતો, આસ્ફોટન કરતો, દેવોને ત્રાસ પમાડતો ઊંચે જવા લાગ્યો. સૌધર્માવતંસક નામના વિમાનની વેદિકા ઉપર પગ મૂકીને શક્રેન્દ્રને આક્રોશ કરવા લાગ્યો. શક્રેન્દ્રે પણ કોપથી, જાજવલ્યમાન, અતિશય બળતા સેંકડો અગ્નિના કણિયાઓ વડે વ્યાપ્ત એવા વજ્રને તેના પ્રતિ મૂક્યું-ફેક્યું. અને તે ચમરેન્દ્ર ભયથી પાછો ફરીને ભગવંતના ચરણનું શરણ સ્વીકાર્યું. શક્રેન્દ્રે પણ અવધિજ્ઞાનથી તે વૃત્તાંતને જાણીને તીર્થંકરની આશાતનાના ભયથી જલ્દી આવીને વજ્ર પાછું ખેંચી લીધું. અને કહ્યું કે - 'તું પરમાત્માની કૃપાથી આજે મુક્ત થયો છે, તને મારાથી કોઈ ભય નથી.' આ પ્રમાણે ચમરાના ઉત્પાતરૂપ આશ્ચર્ય જાણવું.

**(૯) એકશો આઠ (૧૦૮) આત્મા ઉત્કૃષ્ટ અવગાહનાવાળા એક સમયમાં સિદ્ધ થયા તે આશ્ચર્ય.** આવું પણ અનંતકાળે થતું હોવાથી આશ્ચર્ય.

**(૧૦) અસંયતની પૂજા :-** આરંભ-પરિગ્રહમાં આસક્ત, અબ્રહ્મચારીને અસંયત કહેવાય. તેઓના પૂજા-સત્કાર તે અસંયત પૂજા... હંમેશા ખરેખર તો સંયમી આત્માઓ જ પૂજાને યોગ્ય હોય છે, પરંતુ આ અવસર્પિણીમાં વિપરીત થયું તે આશ્ચર્ય.

**स्थानाङ्गजलधिमध्याद्विमला मुक्ता समुद्धृता एताः ।**
**नूनं बालमतीनां मानसमोदं वितन्वन्तु ॥**

ઠાણાંગ સૂત્ર રૂપ સમુદ્રમાંથી આ નિર્મલ મોતીઓ ઉદ્ધૃત કરાયા છે જે ખરેખર બાલ-અલ્પ બુદ્ધિવાળા મનના આનંદ-હર્ષનો વિસ્તાર કરે.

• • •

-પ્રશસ્તિઃ-

इति श्रीतपोगच्छनभोमणिश्रीमद्विजयानन्दसूरीश्वरपट्टालङ्कारश्रीमद्विजय कमलसूरीश्वरचरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण विजय-लब्धिसूरीणा सङ्कलितायां सूत्रार्थमुक्तावल्यां स्थानाङ्ग लक्षणा चतुर्थी मुक्तासरिका वृत्ता ।

તપગચ્છરૂપ ગગન મંડલને વિષે મણિસમાન શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર શ્રીમદ્વિજયકમલસૂરીશ્વરજીમહારાજાના ચરણ-કમળને વિષે ભક્તિમાં તત્પર તેમના પટ્ટધર શિષ્ય શ્રીમદ્વિજયલબ્ધિસૂરીશ્વરજીમહારાજા વડે સંકલન કરાયેલ સૂત્રાર્થમુક્તાવલી ગ્રંથની સ્થાનાંગસૂત્રરૂપ ચોથી મોતીની માળા ગૂંથાઈ...!

પૂ. દાદાગુરૂદેવશ્રી લબ્ધિસૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર પૂ. ન્યાયતર્કનિપુણ આ. વિક્રમસૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર પ્રાચીન તીર્થોદ્ધારક મૂર્ધન્ય આ. રાજયશસૂરીશ્વરજી આજ્ઞાવર્તિની સાધ્વીવર્યા સર્વોદયાશ્રીજી મ. ના શિષ્યા એકાદશાંગપાઠી સાધ્વી રત્નચૂલાશ્રીજી તથા સાધ્વી નયપદ્માશ્રીજી આદિ આર્યાવૃન્દે પૂ. દાદાગુરૂદેવશ્રીની સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી વર્ષસ્મૃત્યર્થે સ્થાનાંગસૂત્રરૂપ ચોથી મોતીની માળાનો ગુજરાતી અનુવાદ કર્યો....

શ્રી શુભં ભવતુ

• • •

॥ દેવાધિદેવ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ ॥
॥ ગિરનારમંડન શ્રી નેમિનાથાય નમઃ ॥
॥ પૂ.આત્મ-કમલ-લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરીશ્વરેભ્યો નમઃ ॥

ॐ

# શ્રી સમવાયાંગસૂત્ર મુક્તાસરિકા

: શુભાશિષ :

પૂ. પ્રભાવક પ્રવચનકાર આચાર્યદેવ

શ્રીમદ્વિજય **યશોવર્મસૂરીશ્વરજી મ.સા.**

: ભાવાનુવાદ :

પરમ પૂજ્ય જૈનરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ

**શ્રીમદ્વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.સા.**ના

પટ્ટધર પૂ. શાસનપ્રભાવક આચાર્યદેવ

**શ્રીમદ્વિજય વિક્રમસૂરીશ્વરજી મ.સા.**ના

આજીવન ગુરુચરણસેવી તપસ્વી પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય પદ્મયશસૂરીશ્વરજી મ.સા.**ના

શિષ્યરત્ન વિદ્વત્વર્ય પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય અજિતયશસૂરીશ્વરજી મ.સા.**

# પ્રાસ્તાવિકમ્

દ્રવિડદેશાલંકાર ન્યાયાચાર્ય પંડિતરાજશ્રી નારાયણાચાર્યને તેમનું સાંનિધ્ય કરનારા, તેમની પરંપરામાં શાસ્ત્રોના અધિષ્ઠાતા ગણાતા 'શ્રી હયોગ્રીવ યક્ષે' જેઓ શ્રીમદ્‌ની શાસ્ત્રસર્જનમાં થયેલી અનુપ્રેક્ષાઓ માટે 'અશ્રુતપૂર્વ કે અપૂર્વ લાગતી પણ એમની અનુપ્રેક્ષાઓ શાસ્ત્રાનુસારી જ માનવી' એમ જણાવ્યુ હતું તે સ્વનામ ધન્ય શ્રુતસાગર પૂજ્યપાદ્ દાદાગુરૂદેવશ્રી **લબ્ધિસૂરીશ્વરજી મહારાજા** દ્વારા થયેલા અનેકાનેક શાસ્ત્રોના સર્જન, સંપાદન અને સંકલનમાં એક આગવું સ્થાન અને સન્માન પ્રાપ્ત કરનારો ગ્રંથ એટલે **'સૂત્રાર્થ મુક્તાવલિ...'**

આ ગ્રંથમાં - **શ્રી અનુયોગદ્વાર સૂત્ર, આચારાંગ સૂત્ર, સૂત્રકૃતાંગ સૂત્ર, સ્થાનાંગ સૂત્ર,** તથા **સમવાયાંગ સૂત્ર** જેવા ગંભીર અને અનેકવિધ નવા પદાર્થોથી છલોછલ ભરેલા આગમ સૂત્ર - અંગસૂત્રના પદાર્થોનો સારગ્રાહી સૂત્રાત્મક સંગ્રહ છે. જે તેઓ શ્રીમદ્‌નું પ્રૌઢ શાસ્ત્ર સંકલન દર્શાવે છે, તો તેઓ શ્રીમદ્‌નું સંસ્કૃત ભાષામાં એજ સૂત્રો ઉપરનું વિવરણ એ એ પૂજ્યનું પાંડિત્ય પૂર્ણ શાસ્ત્ર સર્જન સૂચવે છે.

જૈન આગમ સાહિત્યમાં શ્રી પંચમ ગણધર ભગવંત સુધર્માસ્વામીજી વિરચિત દ્વાદશાંગીના ચતુર્થ અંગ સમવાયાંગ સૂત્ર વર્તમાન સમયમાં ચાર વિભાગ ધરાવે છે.

પ્રથમ વિભાગમાં.. ૧ થી ૧૦૦ સુધીના પદાર્થો, પછી ૧૫૦, ૨૦૦, ૨૫૦, ૩૦૦, ૩૫૦, ૪૦૦, ૪૫૦, ૫૦૦, ૬૦૦, ૭૦૦, ૮૦૦, ૯૦૦, ૧૦૦૦, ૧૧૦૦, ૨૦૦૦, ૩૦૦૦, ૪૦૦૦, ૫૦૦૦, ૬૦૦૦, ૭૦૦૦, ૮૦૦૦, ૯૦૦૦, ૧૦,૦૦૦, ૧૦૦૦૦૦, ૧૦૦૦૦૦૦૦, તથા ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ આટલા પદાર્થોનું વર્ણન છે.

દ્વિતીય વિભાગમાં... શ્રી દ્વાદશાંગીનું વર્ણન છે.

તૃતીય વિભાગમાં... અજીવરાશિ તથા જીવરાશિનું અને જીવરાશિમાં જીવોના આવાસો, શરીર ઇત્યાદિ અનેક વિષયોનું વર્ણન છે.

ચતુર્થ વિભાગમાં... શ્રી તીર્થંકરો, શ્રી ગણધરો, કુલકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો અને પ્રતિવાસુદેવો આદિના માતા પિતા તથા નગરોનું વર્ણન છે.

શ્રી સમવાયાંગ સૂત્રમાં આવતા વિવિધ વિષયોનું વિવેચન જોતા નવાઙ્ગી ટીકાકાર **શ્રી અભયદેવસૂરીશ્વરજીમહારાજાનું** જ્ઞાન કેટલું બધું ગંભીર તથા વ્યાપક હતું એ સહજ રીતે જણાવાઇ આવે છે. પોતે સંવેગી પક્ષના હોવા છતાં આ મહાપુરુષે જે સમયે ચૈત્યવાસિ તથા સંવેગી પક્ષ વચ્ચે કટ્ટર વિરોધનું વાતાવરણ હતું તે સમયે ચૈત્યવાસિઓના અગ્રેસર મહાન વિદ્વાન, ઓઘનિર્યુક્તિ ગ્રંથ ટીકાકાર **શ્રી દ્રોણાચાર્ય** વિગેરેના સહકાર મેળવી તેઓ પાસે પણ આ ગ્રંથની શુદ્ધિ કરાવીને આ તથા

ઠાણાંગ આદિ આગમ ગ્રંથોના તેઓ શ્રીમદે સકલશ્રી સંઘમાં રહસ્યોદ્‌ઘાટન કર્યું. તેઓ શ્રીમદ્‌માં રહેલી અપૂર્વ શ્રુતભક્તિ તથા ઔદાર્યના સમર્થક આથી વિશેષ તો કયા પ્રસંગો હોઇ શકે ?

મૂળ સમવાયાંગ આગમ જેવો બહોળો વિસ્તાર અહીં પ્રસ્તુત સૂત્રાર્થમુક્તાવલિમાં નથી, પરંતુ અન્ય ચાર આગમ ગ્રંથોની જેમ અહીં પણ પૂજ્યપાદ્‌ દાદાગુરૂદેવશ્રીએ મહત્વના સાર ભૂત પદાર્થોને સંગ્રહીત, સંકલિત કર્યા છે. જેની રજુઆત તેઓ શ્રીમદે લખેલી આજ ગ્રંથની પ્રસ્તાવનામાં કહી છે.

તત્વાર્થ સૂત્ર તથા તેના ભાષ્ય જેવી લાગતી આ ગ્રંથની પણ રચનાશૈલી વિદ્વજ્જનોને પદાર્થોપસ્થિતિ માટે તથા જિજ્ઞાસુજનોને પદાર્થબોધ માટે અવશ્યમેવ ઉપકારક બનશે જ એ વાત નિઃસંદેહ છે.

શાસ્ત્રોના સર્જન કે અનુવાદ માટે આવશ્યક જણાતા બે પાયાના ગુણો, એક પ્રૌઢ મતિ... અને બીજી પ્રાઞ્જલ અભિવ્યક્તિ આ બંને ખૂબીઓના સ્વામી પૂજ્યપાદ ભવોદધિતારક ગુરુ મહારાજશ્રી અજિતયશસૂરીશ્વરજી મહારાજા દ્વારા શ્રી સંઘના કરકમલમાં અનુવાદિત થઇ અર્પણ કરાયેલી આ ગ્રંથ અંતર્ગત 'શ્રી સમવાયમુક્તાસરિકા' વિદ્વજ્જગતમાં સ્તુત્ય, આદરણીય તથા મનનીય બનશે જ એ નિઃસંશય છે.

પૂજ્યપાદ દાદાગુરુદેવશ્રી **લબ્ધિસૂરીશ્વરજી મહારાજાના** દિગ્ગજ પટ્ટધર બહુશ્રુત ગીતાર્થ પૂજ્યપાદ ગુરૂદેવશ્રી **વિક્રમસૂરીશ્વરજી મહારાજાના** વરદહસ્તે બાલ્યવયે સિદ્ધિગિરિ તીર્થાધિરાજમાં સંયમ પ્રાપ્ત કરી તેઓ શ્રીમદ્‌ના અપૂર્વશ્રુતનો વારસો પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય પામનારા, વિદ્વદ્વર્ય અધ્યાત્મમૂર્તિ પૂજ્યપાદ ગુરૂભગવંત આચાર્ય ભગવંત **શ્રી અજિતયશસૂરીશ્વરજી મહારાજાને,** શ્રી **લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરીશ્વર** પટ્ટાલંકાર, સંયમ, સારલ્ય અને સૌભાગ્યના નિર્મલ પ્રવાહે નિજ જીવનને રમણીય તીર્થરૂપ બનાવનારા પૂજ્યપાદ્‌ આચાર્યદેવશ્રી **પુણ્યાનંદસૂરીશ્વરજી મહારાજા** તથા શ્રુતભક્તિપરાયણ પૂજ્ય ગણિવર્યશ્રી **વિક્રમસેનવિજયજી મહારાજનુ** સમવાયમુક્તાસરિકાનો ગુર્જર અનુવાદ કરવા માટે આત્મીય આમંત્રણ મળ્યું.

અનેકવિધ વ્યસ્તતા વચ્ચે પણ આ આમંત્રણ સામે આનાકાની ન કરી શકનારા પૂજ્ય ગુરૂભગવંતે સમય કાઢી કાઢીને પણ આ અનુવાદ પૂર્ણ કર્યો.

શ્રી લબ્ધિ-વિક્રમ પટ્ટરત્ન સમતાનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી **યશોવર્મસૂરીશ્વરજી મહારાજાના** મંગલ આશિર્વાદથી તથા શ્રી લબ્ધિ-વિક્રમ પટ્ટાલંકાર સંયમનિધિ પૂજ્યપાદ્‌ આચાર્ય ભગવંતશ્રી **પદ્મયશસૂરીશ્વરજી મહારાજાની** મંગલ પ્રેરણાથી કરાયેલો આ અનુવાદ ગુરુભગવંતની વિરલ શ્રુતભક્તિ અને શ્રુત અભિવ્યક્તિના સંવાદ રૂપ બનો...

પ્રાન્તે પૂજ્યશ્રી હજુ પણ ઝળહળતા શ્રુત વારસાને વરસતા વરસાદની જેમ ખૂબ ખૂબ વરસાવો... એજ મંગલ પ્રાર્થના સહ વિરમુ છું.

**ગુરુકૃપાકાંક્ષી મુ. સંસ્કારયશવિજય**
**દીપાવલી પર્વ-ગુરુ પર્વ દિન...**

● ● ●

## શ્રી સમવાયાંગ સૂત્ર (૧૬૬૭ શ્લોક પ્રમાણ)
## શ્રી અભચદેવીયા ટીકા - ૩૫૭૫ શ્લોક પ્રમાણ

આ સમવાયાંગ સૂત્રમાં ૧ થી ૧૦૦ સુધીની સંખ્યામાં વસ્તુનું નિરૂપણ કરી કોડા ક્રોડી સુધીની સંખ્યાવાળા પદાર્થોનો નિર્દેશ કર્યો છે. છેવટે સમસ્ત દ્વાદશાંગી (સર્વ આગમો)નો સંક્ષિપ્ત પરિચય, તીર્થંકરો, ચક્રવર્તી, વાસુદેવ-બલદેવ-પ્રતિવાસુદેવ વગેરે ઘણી વસ્તુઓનો સંગ્રહ છે. સ્થાનાંગસૂત્ર આગમની અને આ આગમની શૈલી સમાન છે. સમવાય એટલે ભેગું કરવું. આ આગમમાં સંખ્યાના માધ્યમે જે તત્ત્વો ભેગા કરીને રસાળ શૈલીએ વર્ણવ્યા છે.

**અધ્યયન-૧, ઉદ્દેશ-૧**

- **૧લા સમવાયમાં** આત્મા-અનાત્મા, દંડ-અદંડ, ક્રિયા-અક્રિયા, લોક-અલોક, ધર્મ-અધર્મ, પુણ્ય-પાપ, બંધ-મોક્ષ, આશ્રવ-સંવર, વેદના-નિર્જરા અને અંતે કેટલાક ભવ્ય જીવો એક ભવ પછી મુક્તિ પામે છે તેનું વર્ણન છે.
- **૨ જા સમવાયમાં** બે દંડ, બે રાશિ, બે બંધન વગેરેનું વર્ણન કરી અંતે બે ભવમાંથી મુક્તિની વાત કરી છે.
- **૩જા સમવાયમાં** ત્રણ દંડ, ત્રણ ગુપ્તિ, ત્રણ શલ્ય, ત્રણ ગારવ, ત્રણ વિરાધના વગેરેનું વર્ણન કરી ત્રણ ભવથી મુક્તિનું વર્ણન છે.
- **૪થા સમવાયમાં** ચાર કષાય તેમજ ધ્યાન, ક્રિયા, સંજ્ઞા, બંધ, યોજનનું પરિમાણ વગેરેનું વર્ણન કરી અંતે ચાર ભવથી મુક્તિની વાત કરી છે.
- **૫ મા સમવાયમાં** પાંચ ક્રિયા, મહાવ્રત, કામગુણ, આશ્રવદ્વાર, સંવરદ્વાર, નિર્જરાસ્થાન, સમિતિ, અસ્તિકાય વગેરેનું વર્ણન કરી અંતે પાંચ ભવથી મુક્તિની વાત જણાવી છે.
- **૬ઠ્ઠા સમવાયમાં** છ લેશ્યા, છ જીવનિયકાય, બાહ્યતપ, આભ્યંતરતપ, છાદ્મસ્થિક સમુદ્ઘાત અને અર્થાવગ્રહનું વર્ણન અને પછી બીજા છ-છ પ્રકારનું વર્ણન કરી અંતે છ ભવની મુક્તિવાળાની વાત જણાવી છે.
- **૭મા સમવાયમાં** ભવસ્થાન, સમુદ્ઘાત, મહાવીરભગવાનની ઊંચાઈ વગેરેનું વર્ણન કરી અંતે સાત ભવથી મુક્તિની વાત કરી છે.

- **૮મા સમવાયમાં** મદસ્થાન, આઠ પ્રવચનમાતા વગેરેનું વિસ્તૃત વર્ણન કરી આઠ ભવથી મુક્તિની વાત જણાવી છે.
- **૯મા સમવાયમાં** બ્રહ્મચર્ય ગુપ્તિ, બ્રહ્મચર્ય અગુપ્તિ, ભગવાન પાર્શ્વનાથની ઊંચાઈ વગેરેનું વિસ્તૃત વર્ણન કરી અંતે નવ ભવથી મુક્તિની વાત કરી છે.
- **૧૦મા સમવાયમાં** શ્રમણધર્મ, ચિત્તસમાધિસ્થાન વગેરેનું વિસ્તૃત વર્ણન કરી દસ ભવથી મુક્તિની વાત જણાવી છે.
- **૧૧મા સમવાયમાં** ઉપાસક પડિમા, ભગવાન મહાવીરના અગિયાર ગણધરો અને અંતે અગિયાર ભવથી મુક્તિની વાત છે.
- **૧૨મા સમવાયમાં** ભિક્ષુપ્રતિમા, વંદનના આવર્ત, જઘન્ય દિવસ-રાત્રિના અંતમુહૂર્ત અને અંતે બાર ભવથી મુક્તિની વાત જણાવી છે.
- **૧૩મા સમવાયમાં** ક્રિયાસ્થાન, સૂર્યમંડલનું પરિમાણ અને અંતે તેર ભવથી મુક્તિની વાત જણાવી છે.
- **૧૪મા સમવાયમાં** ભૂતગ્રામ, પૂર્વગુણસ્થાન, ચક્રવર્તીના રત્ન, ભગવાન મહાવીરની ઉત્કૃષ્ટ સંપદા અને અંતે ચૌદ ભવથી મુક્તિની વાત કરી છે.
- **૧૫ મા સમવાયમાં** પરમાધામી દેવ, ભગવાન નેમિનાથની ઊંચાઈ, વિદ્યાપ્રવાદપૂર્વની વસ્તુ. સંજ્ઞી મનુષ્યમાં યોગ અને અંતે અધ્યયનની ગાથાઓ, કષાયના ભેદ, મેરુપર્વતના નામ અને અંતે પંદર ભવથી મોક્ષે જનારની વાત છે.
- **૧૬મા સમવાયમાં** સૂત્રકૃતાંગના સોળ અધ્યયનની ગાથાઓ, કષાયના ભેદ, મેરુપર્વતના નામ અને અંતે સોળ ભવથી મોક્ષે જનારની વાત છે.
- **૧૭મા સમવાયમાં** સત્તર પ્રકારના અસંયમ-સંયમ અને અંતે સત્તર ભવથી મુક્તિની વાત જણાવી છે.
- **૧૮મા સમવાયમાં** બ્રહ્મચર્ય, ભગવાન નેમિનાથની ઉત્કૃષ્ટ સંપદા, બ્રાહ્મી લિપિના અઢાર પ્રકાર અને અંતે અઢાર ભવથી મુક્તિની વાત કરી છે.
- **૧૯મા સમવાયમાં** જ્ઞાતાધર્મકથા, પ્રથમ શ્રુતસ્કંધના અધ્યયન અને અંતે ઓગણીસમા ભવથી મુક્તિની વાત જણાવી છે.
- **૨૦મા સમવાયમાં** અસમાધિસ્થાન, ભગવાન મુનિસુવ્રતસ્વામીની ઊંચાઈ અને અંતે વીસ ભવથી મુક્તિની વાત જણાવી છે.
- **૨૧મા સમવાયમાં** સબલ દોષ અને અંતે એકવીસમા ભવે મુક્તિ થવાની વાત છે.

- **૨૨મા સમવાયમાં** પરીષહ, દષ્ટિવાદની વિગતો, પુદ્ગલના પ્રકાર અને અંતે બાવીસ ભવથી મુક્તિની વાત કરી છે.
- **૨૩મા સમવાયમાં** સૂત્રકૃતાંગના બે શ્રુતસ્કંધોના અધ્યયન અને અંતે ત્રેવીસ ભવથી મુક્તિ જવાની વાત જણાવી છે.
- **૨૪મા સમવાયમાં** ચોવીસ તીર્થંકર તેમજ ગંગા, સિંધુ, રક્તા, રક્તવતી વગેરે નદીઓના પ્રવાહ, વિસ્તાર અને અંતે ચોવીસ ભવે સિદ્ધ થનારની વાત છે.
- **૨૫ મા સમવાયમાં** પાંચ મહાવ્રતની ભાવના, ભગવાન મલ્લિનાથની ઊંચાઈ અને અંતે પચ્ચીસમા ભવથી મુક્ત થનારની વાત જણાવી છે.
- **૨૬મા સમવાયમાં** દશ શ્રુતસ્કંધ, બૃહત્કલ્પ અને વ્યવહારના ઉદ્દેશકોની સંપદા અને અંતે છવ્વીસ ભવથી મુક્તિએ જનારની વાત છે.
- **૨૭મા સમવાયમાં** અણગાર ગુણો વગેરેનું વર્ણન કરી અંતે સત્તાવીસ ભવથી મુક્તિની વાત જણાવી છે.
- **૨૮મા સમવાયમાં** આચાર પ્રકલ્પ, મૌનની પ્રકૃતિઓ વગેરેનું વર્ણન કરી અંતે અઠ્ઠાવીસ ભવે મુક્તિએ જનારની વાત કરે છે.
- **૨૯મા સમવાયમાં** પાપશ્રુત, જુદા-જુદા માસના દિવસ-રાત, ચંદ્ર, દિવસના મુહૂર્ત વગેરેનું વર્ણન કરી અંતે ઓગણત્રીસ ભવથી મુક્ત થનારની વાત છે.
- **૩૦મા સમવાયમાં** મોહનીયના સ્થાન, ત્રીસ મુહૂર્તોનાં નામ વગેરે વર્ણન કરી ત્રીસ ભવથી મુક્ત થનારની વાત કરી છે.
- **૩૧મા સમવાયમાં** સિદ્ધોના ગુણ વગેરેનું વર્ણન કરી અંતે એકત્રીસ ભવથી મુક્ત થનારની વાત જણાવી છે.
- **૩૨મા સમવાયમાં** યોગસંગ્રહ, દેવેન્દ્ર વગેરેનું વર્ણન કરી અંતે બત્રીસ ભવથી મુક્ત થનારની વાત કરી છે.
- **૩૩મા સમવાયમાં** આશાતના વગેરેનું વર્ણન કરી અંતે સર્વાર્થસિદ્ધિ વિમાનના દેવોના શ્વાસોચ્છ્વાસ, કાળ, આહાર, ઈચ્છા અંતે તેત્રીસ ભવથી મુક્તિ થનારની વાત જણાવી છે.
- **૩૪મા સમવાયમાં** તીર્થંકરના અતિશયો, ચક્રવર્તીના વિજયક્ષેત્રો વગેરેનું વર્ણન છે.
- **૩૫મા સમવાયમાં** સત્યવચનાતિસય, ભગવાન કુંથુનાથ અને અરનાથની ઊંચાઈ વગેરેનું વર્ણન છે.

- **૩૬મા સમવાયમાં** ઉત્તરાધ્યયનના અધ્યયન, મહાવીરભગવાનની સંપદા વગેરેનું વર્ણન છે.
- **૩૭મા સમવાયમાં** ભગવાન કુંથુનાથ અને અરનાથના ગણધર વગેરેનું વર્ણન છે.
- **૩૮મા સમવાયમાં** ભગવાન પાર્શ્વનાથની ઉત્કૃષ્ટ શ્રમણી સંપદા વગેરેનું વર્ણન છે.
- **૩૯મા સમવાયમાં** ભગવાન નેમિનાથના અવધિજ્ઞાની મુનિ અને સમયક્ષેત્રના કુલ-પર્વત વગેરેનું વર્ણન છે.
- **૪૦મા સમવાયમાં** ભગવાન અરિષ્ટનેમિની શ્રમણી સંપદા, ભગવાન શાંતિનાથની ઊંચાઈ વગેરે વર્ણિત છે.
- **૪૧મા સમવાયમાં** ભગવાન નેમિનાથની શ્રમણી સંપદા વગેરેનું વર્ણન છે.
- **૪૨મા સમવાયમાં** ભગવાન મહાવીરસ્વામીનો શ્રમણ પર્યાય, નામ-કર્મની ઉત્તરક્રિયાઓ વગેરે વર્ણિત છે.
- **૪૩મા સમવાયમાં** કર્મવિપાકના અધ્યયન વગેરે વર્ણિત છે.
- **૪૪મા સમવાયમાં** ઋષિ ભાષિતના અધ્યયન વગેરેનું વર્ણન છે.
- **૪૫મા સમવાયમાં** ભગવાન અરનાથની ઊંચાઈ વગેરે વર્ણન છે.
- **૪૬મા સમવાયમાં** દૃષ્ટિવાદના માતૃકાપદ, બ્રાહ્મીલિપિના માતૃકાક્ષર વગેરેનું વર્ણન છે.
- **૪૭મા સમવાયમાં** સ્થવિર અગ્નિભૂતિના સહવાસ વગેરે વર્ણિત છે.
- **૪૮મા સમવાયમાં** ચક્રવર્તીના પ્રમુખ નગરો, ભગવાન ધર્મનાથના ગણધર વગેરેનું વર્ણન છે.
- **૪૯મા સમવાયમાં** ત્રિ-ઈન્દ્રિયોની સ્થિતિ વગેરે વર્ણિત છે.
- **૫૦મા સમવાયમાં** ભગવાન મુનિસુવ્રતસ્વામીની શ્રમણી સંપદા વગેરેનું વર્ણન છે.
- **૫૧મા સમવાયમાં** આચારાંગ પ્રથમ શ્રુતસ્કંધ, અધ્યયનોના ઉદ્દેશક વગેરેનું વર્ણન છે.
- **૫૨મા સમવાયમાં** મોહનીય કર્મના નામ વગેરે વર્ણિત છે.
- **૫૩મા સમવાયમાં** દેવ, કુરુક્ષેત્રના જીવોની તથા પાતાળ કલશોની વાતો છે.
- **૫૪મા સમવાયમાં** ભરતક્ષેત્રમાં ઉત્સર્પિણી - અવસર્પિણીમાં થયેલા ઉત્તમ પુરુષો, અનંતનાથના ગણધર વગેરે વર્ણિત છે.
- **૫૫મા સમવાયમાં** ભગવાન મલ્લિનાથનું આયુષ્ય ભગવાન મહાવીરનું અંતિમ પ્રવચન વગેરે વર્ણિત છે.

- **૫૬મા સમવાયમાં** ભગવાન વિમલનાથના ગણ અને ગણધરોનું વર્ણન છે.
- **૫૭મા સમવાયમાં** આચારાંગ (ચૂલિકા છોડીને) સૂત્રકૃતાંગ અને સ્થાનાંગના અધ્યયન વગેરેનું વર્ણન છે.
- **૫૮મા સમવાયમાં** પહેલા, બીજા અને પાંચમાં નરકના આવાસનું વર્ણન છે.
- **૫૯મા સમવાયમાં** ચાંદ્ર સંવત્સરના દિવસ-રાત, ભગવાન સંભવનાથનો ગૃહવાસ વગેરે વર્ણિત છે.
- **૬૦મા સમવાયમાં** એક મંડળમાં સૂર્યને રહેવાનો સમય, ભગવાન વિમલનાથની ઊંચાઈ વગેરેનું વર્ણન છે.
- **૬૧મા સમવાયમાં** યુગ, ઋતુ, માસ વગેરેનું વર્ણન છે.
- **૬૨મા સમવાયમાં** ભગવાન વાસુપૂજ્યના ગણ અને ગણધર, પાંચવર્ષીય યુગની પૂર્ણિમા અને અમાસ શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ, ભાગ-હાનિ વગેરેનું વર્ણન છે.
- **૬૩મા સમવાયમાં** ભગવાન ઋષભદેવનો ગૃહવાસકાળ વગેરે વર્ણિત છે.
- **૬૪મા સમવાયમાં** અસુરકુમારોના ભુવન, ચક્રવર્તીના મુક્તાહારની સેરો વગેરેનું વર્ણન છે.
- **૬૫મા સમવાયમાં** જંબૂદ્વીપના સૂર્યમંડળ વગેરે વર્ણિત છે.
- **૬૬મા સમવાયમાં** દક્ષિણાર્ધ મનુષ્યક્ષેત્રના સૂર્ય-ચંદ્ર વગેરેનું વર્ણન છે.
- **૬૭મા સમવાયમાં** પંચવર્ષીય યુગના નક્ષત્રવાસ વગેરે વર્ણિત છે.
- **૬૮મા સમવાયમાં** ભગવાન વિમલનાથની શ્રમણી સંપદા વગેરેનું વર્ણન છે.
- **૬૯મા સમવાયમાં** મોહનીય સિવાયની સાત કર્મોની ઉત્તર પ્રકૃતિઓ વર્ણિત છે.
- **૭૦મા સમવાયમાં** ભગવાન મહાવીરના વર્ષાવાસના દિવસ-રાત, મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનું વર્ણન છે.
- **૭૧મા સમવાયમાં** વીર્યપ્રવાહના પ્રાભૃત, ભગવાન અજિતનાથ અને સગર ચક્રવર્તીનો ગૃહસ્થકાળ વર્ણિત છે.
- **૭૨મા સમવાયમાં** સ્વર્ણકુમારના ભવન, ભગવાન મહાવીરનું આયુ વગેરે વર્ણિત છે.
- **૭૩મા સમવાયમાં** હરિવર્ષના જીવો વગેરેનું વર્ણન છે.
- **૭૪મા સમવાયમાં** સ્થવિર અગ્નિભૂતિનું આયુ વગેરે વર્ણિત છે.
- **૭૫મા સમવાયમાં** ભગવાન સુવિધિનાથના સામાન્ય કેવલી, ભગવાન શીતલનાથ અને ભગવાન શાંતિનાથના ગૃહવાસકાળ વગેરેનું વર્ણન છે.

- **૭૬મા સમવાયમાં** વિદ્યુત્‌કુમાર, દ્વીપકુમાર, દિશા, ઉદધિ, સ્તનિત, અગ્નિ વગેરે કુમારોના ભવનોનું વર્ણન છે.
- **૭૭મા સમવાયમાં** ભરત ચક્રવર્તીની કુમાર અવસ્થા વગેરે વર્ણિત છે.
- **૭૮મા સમવાયમાં** સ્થવિર અકંપિતના આયુ વગેરેનું વર્ણન છે.
- **૭૯મા સમવાયમાં** જંબૂદ્વીપમાં પ્રત્યેક દ્વારોનું અંતર વગેરેનું વર્ણન છે.
- **૮૦મા સમવાયમાં** ભગવાન શ્રેયાંસનાથની ઊંચાઈ વગેરે વર્ણિત છે.
- **૮૧મા સમવાયમાં** નવ નવમીકા ભિક્ષુપ્રતિમાના દિવસ વગેરેનું વર્ણન છે.
- **૮૨મા સમવાયમાં** જંબૂદ્વીપના સૂર્યના મંડળ વગેરે વર્ણિત છે.
- **૮૩મા સમવાયમાં** ભગવાન મહાવીરના ગર્ભહરણદિન વગેરેનું વર્ણન છે.
- **૮૪મા સમવાયમાં** ભગવાન ઋષભદેવ, ભગવાન શ્રેયાંસનાથ, ભરત, બાહુબલી, બ્રાહ્મી સુંદરીના સર્વ આયુનું વર્ણન અને અંતે સર્વ વિમાનોનું વર્ણન છે.
- **૮૫મા સમવાયમાં** ચૂલિકાસહિત આચારાંગના ઉદ્દેશક વગેરે વર્ણિત છે.
- **૮૬મા સમવાયમાં** ભગવાન સુવિધિનાથના ગણ-ગણધર, ભગવાન સુપાર્શ્વનાથના વાદીમુનિ વગેરેનું વર્ણન છે.
- **૮૭મા સમવાયમાં** મેરુ પર્વતના પૂર્વ ભાગનો અંત અને ગોસ્તંભ આવાસ પર્વતના પશ્ચિમ ભાગનો અંત - આ અંતર વગેરે વર્ણિત છે.
- **૮૮મા સમવાયમાં** એક ચંદ્ર-સૂર્યના ગ્રહ, દૃષ્ટિવાદના સૂત્ર વગેરેનું વર્ણન છે.
- **૮૯મા સમવાયમાં** ભગવાન ઋષભદેવ અને ભગવાન મહાવીરના નિર્વાણકાળ વગેરે વર્ણિત છે.
- **૯૦મા સમવાયમાં** ભગવાન શીતલનાથની ઊંચાઈ વગેરે વર્ણિત છે.
- **૯૧મા સમવાયમાં** વૈયાવૃત્ત પ્રતિમા, કાલોદધિ સમુદ્રની પરિધિ વગેરેનું વર્ણન છે.
- **૯૨મા સમવાયમાં** સર્વપ્રતિમા, સ્થવિર ઈન્દ્રભૂતિના આયુ વગેરેનું વર્ણન છે.
- **૯૩મા સમવાયમાં** ભગવાન ચંદ્રપ્રભુના ગણ અને ગણધર વગેરેનું વર્ણન છે.
- **૯૪મા સમવાયમાં** ભગવાન અજિતનાથના અવધિજ્ઞાની મુનિઓ, નિષધ પર્વતની આયામ વગેરે વર્ણિત છે..
- **૯૫મા સમવાયમાં** ભગવાન સુપાર્શ્વનાથના ગણ અને ગણધર સ્થવિર મૌર્યપુત્રના આયુ વગેરેનું વર્ણન છે.

- **૯૬મા સમવાયમાં** ચક્રવર્તીના ગામ, વાયુકુમારના ભવન, દંડ ધનુષનું અંગુલ પ્રમાણ વગેરે વર્ણિત છે.
- **૯૭મા સમવાયમાં** આઠ કર્મોની ઉત્તર પ્રકૃતિઓ વગેરેનું વર્ણન છે.
- **૯૮મા સમવાયમાં** નંદનવનના ઉપરના ભાગથી પાંડુકવનના અધોભાગનું અંતર વર્ણિત છે.
- **૯૯મા સમવાયમાં** મેરુ પર્વતની ઊંચાઈ વગેરે વર્ણન છે.
- **૧૦૦મા સમવાયમાં** ભગવાન સુવિધિનાથની ઊંચાઈ, ભગવાન પાર્શ્વનાથનું આયુ વગેરે વર્ણિત છે.
- **૧૫૦મા સમવાયમાં** ભગવાન ચંદ્રપ્રભુની ઊંચાઈ, આરણ, અચ્યુતકલ્પના વિમાન વગેરેનું વર્ણન છે.
- **૨૦૦મા સમવાયમાં** સુપાર્શ્વનાથની ઊંચાઈ વગેરે વર્ણિત છે.
- **૨૫૦મા સમવાયમાં** ભગવાન પદ્મપ્રભુની ઊંચાઈ, અસુરકુમારોના પ્રાસાદોની ઊંચાઈ વગેરે વર્ણિત છે.
- **૩૦૦મા સમવાયમાં** ભગવાન સુમતિનાથની ઊંચાઈ, ભગવાન મહાવીરસ્વામીના ચૌદ પૂર્વીય મુનિ વગેરેનું વર્ણન છે.
- **૩૫૦મા સમવાયમાં** ભગવાન પાર્શ્વનાથના ચૌદ પૂર્વધારી મુનિ, ભગવાન અભિનંદનની ઊંચાઈ વગેરેનું વર્ણન છે.
- **૪૦૦મા સમવાયમાં** ભગવાન સંભવનાથની ઊંચાઈ વગેરેનું વર્ણન કરી અંતે ભગવાન મહાવીરના ઉત્કૃષ્ટવાદી મુનિનું વર્ણન છે.
- **૪૫૦મા સમવાયમાં** ભગવાન અજિતનાથની અને સગરચક્રવર્તીની ઊંચાઈ વગેરેનું વર્ણન છે.
- **૫૦૦મા સમવાયમાં** ભગવાન ઋષભદેવની, ભરત ચક્રવર્તીની તથા વિવિધ પર્વતોની ઊંચાઈ વગેરેનું વર્ણન છે.
- **૬૦૦મા સમવાયમાં** ભગવાન પાર્શ્વનાથના આદિમુનિ, ભગવાન વાસુપૂજ્યની સાથે દીક્ષિત થયેલા મુનિઓનું વર્ણન છે.
- **૭૦૦મા સમવાયમાં** ભગવાન મહાવીરના કેવલજ્ઞાની શિષ્યો અને ભગવાન અરિષ્ટનેમિનો કેવલી-પર્યાય વર્ણિત છે.

- **૮૦૦મા સમવાયમાં** ભગવાન અરિષ્ટનેમિના ઉત્કૃષ્ટવાદી મુનિઓ તથા વિવિધ વિમાનોની ઊંચાઈનું વર્ણન છે.
- **૯૦૦મા સમવાયમાં** વિવિધ વિમાનોની ઊંચાઈ વગેરે વર્ણન છે.
- **૧૦૦૦મા સમવાયમાં** સર્વ ગ્રૈવેયક વિમાનોની ઊંચાઈ વગેરેનું વર્ણન કરી અંતે પદ્મદ્રહ, પુંડરીક દ્રહના વર્ણનની વાત કરી છે.
- **૧૧૦૦મા સમવાયમાં** ભગવાન પાર્શ્વનાથના વૈક્રિય લબ્ધિવાળા શિષ્યોનું વર્ણન છે.
- **૨૦૦૦મા સમવાયમાં** મહાપદ્મદ્રહ, મહાપુંડરીકદ્રહના આયામોનું વર્ણન છે.
- **૩૦૦૦મા સમવાયમાં** રત્નપ્રભાના વજ્રકાંડના ચરમાન્તથી લોહિતાક્ષ કાંડના ચરમાન્ત સુધીના અંતરનું વર્ણન છે.
- **૪૦૦૦મા સમવાયમાં** તિગિચ્છદ્રહના અને કેશરીદ્રહના આયામોનું વર્ણન છે.
- **૫૦૦૦મા સમવાયમાં** ધરણીતલમાં મેરુના મધ્યભાગથી અંતિમ ભાગ સુધીનું અંતર વર્ણિત છે.
- **૬૦૦૦મા સમવાયમાં** સહસ્રાર-કલ્પના વિમાનોનું વર્ણન છે.
- **૭૦૦૦મા સમવાયમાં** ઉપરના તલથી પુલકકાંડના નીચેના સ્થળના અંતરનું વર્ણન છે.
- **૮૦૦૦મા સમવાયમાં** હરિવર્ષ અને રમ્યક્વર્ષના વિસ્તારનું વર્ણન છે.
- **૯૦૦૦મા સમવાયમાં** દક્ષિત અર્ધ ભરતની જીવાનું આયામ વર્ણિત છે.
- **૧૦૦૦૦મા સમવાયમાં** મેરુપર્વતના વિષ્કંભનું વર્ણન છે.
- **એક લાખથી આઠ લાખના સમવાયમાં** જંબૂદ્વીપના આયામ અને વિષ્કંભથી માંડીને અંતે મહેન્દ્રકલ્પના વિમાનોનું વર્ણન છે.
- **કોટિ સમવાયમાં** ભગવાન અજિતનાથના અવધિજ્ઞાની, પુરૂષસિંહ વાસુદેવનું આયુ વગેરેનું વર્ણન છે.
- **કોટાકોટિ સમવાયમાં** ભગવાન મહાવીરના પોટિલ ભવના શ્રમણ-પર્યાય, ભગવાન ઋષભદેવથી ભગવાન મહાવીરનું અંતર તથા તેર સૂત્રોમાં દ્વાદશ અંગોનો પરિચય, બે રાશિ, ચોવીસ દંડકમાં પર્યાપ્ત-અપર્યાપ્ત સર્વ નરકાવાસ, સર્વ ભવનાવાસ, સર્વ વિમાનાવાસ વગેરેનું વિસ્તૃત વર્ણન કરી, ચોવીસ તીર્થંકરો, બાર ચક્રવર્તીઓ, નવ બલદેવો, નવ વાસુદેવો, નવ પ્રતિવાસુદેવો વગેરેના માતા-પિતા વગેરેની ગતિ-આગતિ, પૂર્વભવના ધર્માચાર્યો અને અંતે નવ વાસુદેવોની નિદાન ભૂમિઓ અને નિદાનના કારણો જણાવી ઉપસંહારમાં સમવાયાંગમાં વર્ણિત વિષયો સંક્ષિપ્તમાં જણાવ્યા છે.

● ● ●

# श्री समवायांगसूत्रमुक्तासरिका विषयानुक्रमणिका


| विषयाः |
|---|
| उक्तातिदेशाभिधानम् |
| तद्व्याख्यानम् |
| जीवाद्याश्रयक्षेत्रमानवर्णनम् |
| जम्बूद्वीपमानाभिधानम् |
| अप्रतिष्ठाननरकाभिधानम् |
| पालकविमानमहाविमानमानवर्णनम् |
| एकतारकनक्षत्रकथनम् |
| युगादावभिजिति प्रथमं चन्द्रयोग इति वर्णनम् |
| देवानां स्थितिविशेषकथनम् |
| द्व्यादिपल्योपमस्थितिकानामभिधानम् |
| स्थित्यनुसारेण देवानामुच्छ्वासादिकथनम् |
| एकादिसागरोपमस्थित्याश्रयेणोच्छ्वा-साद्यभिधानं |
| चित्तसमाधिस्थानभेदाख्यानम् |
| धर्मचिन्तादिदशसमाधिभेदप्रकटनम् |
| उपासकप्रतिमाभेदाः |
| दर्शनश्रावकादिभेदान्वाख्यानम् |
| सम्भोगभेदाः |
| वारत्रयोपरि अशुद्धोपधिग्रहणकर्तुः प्रायश्चित्ताभिधानम् |
| श्रुतविषये संभोग्यासंभोग्यप्रकाशनम् |
| भक्तपानाञ्जलिप्रग्रहनिकाचनेषु तत्कथनम् |
| अभ्युत्थानादिविषये तद्वर्णनम् |
| क्रियास्थानभेदाः |
| चतुर्दशपूर्वभेदाः |
| पूर्वस्वरूपकथनम् |

| विषयाः |
|---|
| उत्पादपूर्वादिवर्णनम् |
| परमाधार्मिकभेदाः |
| अम्बादितद्भेदवर्णनम् |
| षोडशकषायकथनम् |
| तत्स्फुटीकरणम् |
| संयमासंयमविषयवर्णनम् |
| संयमिनामष्टादशस्थानकथनम् |
| सक्षुद्रकव्यक्तपदसार्थक्यप्रकाशनम् |
| ज्ञाताध्ययनभेदाः |
| उत्क्षिप्ताध्ययनादिवर्णनम् |
| असमाधिस्थानवर्णनम् |
| द्रुतचारित्वादितद्भेदप्रकाशनम् |
| शबलभेदाः |
| हस्तकर्मादितद्भेदवर्णनम् |
| परीषहभेदाः |
| क्षुभुक्षादितद्भेदवर्णनम् |
| सूत्रकृताङ्गाध्ययनभेदाः |
| चतुर्विंशतितीर्थकराः |
| भावनाभेदाः |
| प्रथममहाव्रतभावनाः |
| द्वितीयमहाव्रतभावनाः |
| तृतीयमहाव्रतभावनाः |
| चतुर्थमहाव्रतभावनाः |
| पञ्चममहाव्रतभावनाः |
| भावनाभावे मोहनीयसद्भावनैयत्यकथनम् |
| अभवसिद्धिकानामेतानि सदैवेति कथनम् |

विषयाः

अनगारगुणवर्णनम्
व्रतपञ्चकादिगुणव्यावर्णनम्
देवगतियोग्यकर्मबन्धकथनम्
नैरयिकयोग्यकर्मबंधकथनम्
पापश्रुताख्यानम्
भौमादिश्रुताभिधानम्
महामोहनीयस्थानवर्णनम्
त्रिंशतां तेषां संक्षेपतो वर्णनम्
सिद्धादिगुणकथनम्
प्रशस्तयोगसङ्ग्रहवर्णनम्
तेषां द्वात्रिंशद्भेदकथनम्
आशातनाभेदवर्णनम्
तीर्थकृदतिशयवर्णनम्
अर्धमागध्या धर्माख्यानकथनम्
अर्धमागधीस्वरूपम्
वचनातिशयनिरूपणम्
शब्दापेक्षयाऽतिशयसप्तकवर्णनम्
अर्थापेक्षया महार्थाद्यतिशय प्रकाशनम्
तीर्थकृतां सम्पत्तिवर्णनम्
महावीरश्रमणकालाभिधानम्
नरकावाससंख्यानिरूपणम्
प्रथमपृथिव्यां तदावासकथनम्
चतुर्थपृथिव्यां तदावासवर्णनम्
पञ्चमपृथिव्यां तदावासवर्णनम्
ऋषिभाषिताध्ययनसंख्याकथनम्
समयक्षेत्रप्रमाणादिवर्णनम्
सीमन्तकादीनां प्रमाणवर्णनम्
दृष्टिवादस्य मातृकापदसंख्या
ब्राह्मीलिप्यां मातृकाक्षरसंख्या
अग्निभूतेरगारवासकालसंख्यानम्
धर्मजिनस्य गणादिनिरूपणम्

विषयाः

भिक्षुप्रतिमाविशेषस्य कालप्रकाशनम्
भिक्षुनिक्षेपाः
भावभिक्षुभेदाः
सप्तसप्तकिका प्रतिमा
मुनिसुव्रतस्याऽऽर्यिकामानम्
मुनिनिक्षेपाः
अनन्तजिनपुरुषोत्तमयोर्देहमानम्
एकपञ्चाशत्प्रकृतिककर्मकथनम्
द्विपञ्चाशत्प्रकृतिककर्मवर्णनम्
संमूर्च्छितोरःपरिसर्पाणां स्थित्यभिधानम्
पर्याप्तकापर्याप्तकविवेकः
भरतैरवतयोरुत्सर्पिण्यामुत्तमपुरुषसंख्या
पुरुषनिक्षेपाः
उत्तममध्यमजघन्यपुरुषाभिधानम्
प्रथमद्वितीयपृथिव्योर्नरकावाससंख्या
तस्यैव स्फुटीकरणम्
जम्बूद्वीपे नक्षत्रचन्द्रसंख्या
तद्व्याख्यानम्
गणिपिटकानामध्ययनसंख्या
तद्विशदीकरणम्
प्रथमद्वितीयपञ्चमपृथिवीषु निरयावाससंख्या
चन्द्रवर्षस्य ऋतुदिनप्रमाणम्
उदितस्थाने सूर्यस्य पुनरुदयकालमानम्
मण्डलसंख्या
एकमुहूर्ते सूर्यस्य गतिवर्णनम्
ऋतुमासपरिमाणं युगस्य
चन्द्रस्य प्रतिदिनावस्थावर्णनम्
चन्द्रस्य वृद्ध्यपवृद्धिभागवर्णनम्
चन्द्रमासपरिमाणम्
निषधे सूर्यमण्डलाख्यानम्
नीलवति सूर्यमण्डलप्रकाशनम्
अष्टाष्टमिकाप्रतिमाकथनम्

| विषया: |
|---|
| तद्व्याख्यानम् |
| सौधर्मावतंसकस्य प्रतिदिशं भौमसंख्या |
| तदभिप्रायप्रकाशनम् |
| सूर्यचन्द्रप्रकाश्यक्षेत्रकथनम् |
| मानुषक्षेत्रस्वरूपनिरूपणम् |
| तत्र चन्द्रसूर्यसंख्याप्रतिपादनम् |
| चन्द्रसूर्ययोर्मानुषे पङ्क्तिनिरूपणम् |
| युगस्य नक्षत्रमाससंख्यावर्णनम् |
| नक्षत्रमासमानवर्णनम् |
| धातकीखण्डेऽष्टषष्टिचक्रवर्त्त्यादीनामभिधानम् |
| चक्रवर्तिवासुदेवयोरेकदा तावन्मानस्यासम्भवमाशंक्य समाधानविधानम् |
| समयक्षेत्रे वर्षादीनां संख्याकथनम् |
| सामान्येन क्षेत्रवर्षवर्षधराणामभिधानम् |
| मोहनीयस्य स्थितिकथनम् |
| स्थितिबन्धाभिधानम् |
| स्थितिद्वैविध्यम् |
| उभयो: स्थितिमानकथनम् |
| अबाधाकालप्रकाशनम् |
| कर्मनिषेधककथनम् |
| सूर्यस्यावृत्तिकथनम् |
| तस्यास्संघटनम् |
| द्वासप्ततिकलाभिधानम् |
| लेखद्वैविध्यनिरूपणम् |
| अक्षरदोषाभिधानम् |
| गणितादिकलावर्णनम् |
| विजयबलदेवस्य सिद्धताकथनम् |
| अग्निभूते: सिद्धताख्यापनम् |
| शीतलस्य गृहावासमानम् |
| शान्ते: गृहावासकाल: |
| विद्युत्कुमाराणां भवनावाससंख्या |
| भवनमात्रसंख्याभिधानम् |

| विषया: |
|---|
| असुरकुमारादीनां भवनसंख्या |
| गर्दतोयतुषितानां परिवारसंख्या |
| तत्संघटनम् |
| वैश्रवणस्याधिपत्यम् |
| तद्व्याख्या |
| विजयादिद्वारान्तरनिरूपणम् |
| तद्व्यवस्थापनम् |
| श्रेयांसादीनां देहमानवर्णनम् |
| तद्विमर्शनम् |
| नवनवमिकाप्रतिमा |
| तन्निरूपणम् |
| महावीरगर्भान्तरगमनम् |
| तद्विशदीकरणम् |
| नरकयोन्यो: संख्या |
| नरकावाससंख्याविभाग: |
| योनिसंख्याविभाग: |
| कारिकाव्यावर्णनम् |
| उत्पत्तिस्थानानन्त्यशङ्कानिरास: |
| आचाराङ्गस्योद्देशनकालकथनम् |
| तद्व्यवस्थापनम् |
| सुविधेर्गणादिकथनम् |
| तद्व्याख्यानम् |
| मेरूपूर्वान्तगोस्तूभचरमान्तयोरन्तराभिधानम् |
| तत्समर्थनम् |
| ऋषभजिनस्य संसारादुपरमकाल: |
| तद्विशदीकरणम् |
| अजितशान्तिनाथयोर्गणादिवर्णनम् |
| परवैयावृत्त्यकर्मप्रतिमाकथनम् |
| तन्निरूपणम् |
| प्रतिमाभेदा: |
| तद्विभागपूर्वकव्याख्या |

| विषयाः |
| --- |
| विषमाहोरात्रकृत्सूर्यमण्डलवर्णनम् |
| तद्विमलीकरणम् |
| अजितस्यावधिज्ञानिसंख्या |
| कुन्थुनाथस्य परमायुवर्णनम् |
| वायुकुमाराणां भवनसंख्या |
| तद्व्यावर्णनम् |
| कर्माष्टकोत्तरप्रकृतयः |
| तन्निरूपणम् |
| नन्दनवनस्योपरिष्टात् चरमान्ततः पाण्डुकवनस्याधस्तनचरमान्तं यावदन्तरकथनम् |
| नन्दनवनस्य पूर्वचरमान्तात्पश्चिमचरमान्तं यावदन्तरकथनम् |
| दशदशमिकाभिक्षुप्रतिमा |
| तद्व्याख्यानम् |
| आचाराङ्गप्रतिपाद्यविषयाः |
| सूत्रकृताङ्गप्रतिपाद्यविषयाः |
| स्थानाङ्गस्थापनीयविषयाः |

| विषयाः |
| --- |
| समवायाङ्गसमवयनविषयाः |
| व्याख्याप्रज्ञप्तिप्रज्ञाप्यविषयाः |
| ज्ञाताधर्मकथाकथनीयविषयाः |
| उपासकदशोपास्यविषयाः |
| अन्तकृतदशाज्ञाप्यन्तकृतविषयादयः |
| अनुत्तरोपपातिकदशावक्तव्यम् |
| तद्व्याख्यानम् |
| प्रश्नव्याकरणाभिधेयाः |
| तदर्थव्यावर्णनम् |
| विपाकश्रुतविषयाः |
| दृष्टिवादवक्तव्यता |
| द्वादशाङ्गस्यानित्यतादि |
| तद्विराधकस्य फलम् |
| तदाराधकस्य फलम् |
| समवायोपसंहरणम् |
| मुक्तासरिकोपसंहारः |


• • •

नमोस्तु तस्मै जिनशासनाय

सुअस्स भगवओ

શ્રુતજ્ઞાન એ જ ભગવાન

नमो नमो नाणदीवायरस्स

## શ્રી જ્ઞાનપદ

(રાગ- સિદ્ધારથના રે નંદન વિનવું.)

વર્ધમાન જિન તુમસે વિનવું, આપો મુક્તિ પ્રકાશ
લાખ ચોરાશી દુઃખ તમ વારીને
પામું શિવપુર વાસ, વર્ધમાન ... ૧

જ્ઞાન બરાબર ગુણ કોઉ જગ નહિ, તારણ આ
સંસાર, અણજાણ્યો જન કહો કિમ ભવ તરે,
નહિ જ્યાં ધ્યેય વિચાર, વર્ધમાન ... ૨

જ્ઞાની કર્મ ખપે એક શ્વાસમાં, કોટા કોટી પ્રમાણ,
અજ્ઞાની જે ક્રોડો ભવ કરી,
ન કરે જેહની રે હાણ, વર્ધમાન ... ૩

નાણી આચારજ ઉવજ્ઝાયની પદવી લહે
સુખ ખાણ, પૂજા નિજ દેશે ભૂપતિ લહે,
નાણી ત્રિજગમાં રે જાણ, વર્ધમાન ... ૪

નાણે આત્મ કમલ પ્રફુલ્લતું પામે આનંદ સાર,
**લબ્ધિસૂરિમાં** એ ગુણ આવતાં,
જલ્દી હે ભવપાર, વર્ધમાન ... ૫

•••

# अथ समवायमुक्तासरिका

अथ समवायाङ्गस्य सारार्थमाख्यातुमाह-

**उक्तो जीवादीनामेकत्वादिक्रमः ॥१॥**

उक्तेति, स्थानाङ्गसारवर्णनावसर इति शेषः, कथञ्चिदात्मा एकः प्रदेशार्थतयाऽसंख्यात-प्रदेशोऽपि प्रतिक्षणं पूर्तस्वभावत्यागपरस्वभावग्रहणयोगेनानन्तभेदोऽपि द्रव्यार्थतया काल-त्रयानुगामिचैतन्यमात्रापेक्षया एकः, अजीवोऽपि प्रदेशार्थतया संख्येयासंख्येयानन्तप्रदेशोऽपि तथाविधैकपरिणामरूपद्रव्यार्थापेक्षया एकः, एवं दण्डक्रियादीनामप्येकरूपत्वं त्रसस्थावरादि-भेदेन द्वैविध्यादिकमप्युक्तमेव, अत्र च यदनुक्तं तेषामेवात्र किञ्चित्समवायः क्रियत इति भावः ॥१॥

હવે સમવાયાંગનો સાર કહેવા માટે કહે છે.

શ્રી સ્થાનાંગસૂત્રનો સાર વર્ણવતા જીવાદિનો એકત્વ વિગેરે ક્રમ કહ્યો હતો.

કોઈક આત્મા પ્રદેશોથી અસંખ્યાત પ્રદેશવાળો હોવા છતાં, પ્રત્યેક ક્ષણે પૂર્વ સ્વભાવના ત્યાગથી અને અપર સ્વભાવના ગ્રહણથી અનંતભેદવાળો હોવા છતાં પણ ત્રણે કાલમાં અનુગત રહેનારા એવા ચૈતન્યથી એક જ છે. એ જ પ્રમાણે અજીવ પણ સ્વપ્રદેશોથી સંખ્યાત, અસંખ્યાત કે અનંત પ્રદેશી હોવા છતા પણ તથાવિધ દ્રવ્યતાથી એક જ છે. એ પ્રમાણે દંડક્રિયાદિનું એકરૂપત્વ અને ત્રસસ્થાવરાદિના ભેદથી દ્વિવિધત્વ પણ પહેલા સ્થાનાઙ્ગસૂત્ર વૃત્તિમાં જણાવાયું છે. ॥૧॥

હવે અહિંયા જે નથી કહેવામાં આવ્યા તેવા પદાર્થો જણાવીએ છીએ.

जीवाद्याश्रयभूतं क्षेत्रमवलम्ब्याह-

**जम्बूद्वीपाप्रतिष्ठाननरकपालकविमानमहाविमानानि एकयोजनशतसहस्रमानानि ॥२॥**

**जम्बूद्वीपेति,** जम्ब्वा सुदर्शनापरनाम्न्याऽनादृतदेवावासभूतयोपलक्षितो द्वीपो जम्बूप्रधानो वा द्वीपः सर्वद्वीपानां धातकीखण्डादीनां सर्वसमुद्राणां लवणोदादीनां सर्वात्मनाऽभ्यन्तरः सकलतिर्यग्लोकमध्यवर्त्ती आयामेन विष्कम्भेन च योजनशतसहस्रप्रमाणः जम्बूद्विपानां

बहुत्वेऽपि उक्तप्रमाण एक एवेत्यर्थः । अप्रतिष्ठाननरकः सप्तमनरकपृथिवीरूपः पञ्चानां कालादीनां नरकावासानां मध्यवर्त्ती नरकावासः, यत्र महारम्भाः कुटुम्बिनो चक्रवर्त्तिनो वासुदेवाः तन्दुलमत्स्यप्रभृतयो माण्डलिको राजानश्चातिशयेन गच्छन्ति सोऽपि आयामविष्कम्भत एकयोजनशतसहस्रमानः, पालकं यानविमानं सौधर्मेन्द्रसम्बन्ध्याभियोगिकपालकाभिधानदेव-कृतं वैक्रियं पारियानिकमिति यदुच्यते, इदमपि तावन्मानम् तथा सर्वार्थसिद्धमहाविमानमपि तावन्मानमिति ॥२॥

જીવાદિ આશ્રયભૂત ક્ષેત્રને અવલંબિને કહે છે.

જેનુ બીજું નામ સુદર્શન છે એવા અનાદતદેવતાના આવાસરૂપ જાંબુ વૃક્ષથી ઉપલક્ષિત એવો જંબૂદ્વીપ, અથવા ધાતકીખંડાદિ સર્વ દ્વીપો અને લવણસમુદ્રાદિ સર્વ સમુદ્રોની વચ્ચે રહેલો અને સકલ તીર્છાલોકની પણ વચ્ચે રહેલો, લંબાઈ અને પહોળાઈથી ૧ લાખ યોજનના પ્રમાણવાળો હોવાથી જંબુદ્વીપો ઘણા હોવા છતાં પણ આવો જંબુદ્વીપ તો માત્ર એક જ છે.

-અપ્રતિષ્ઠાનનરક એ સાતમી નરકસ્વરૂપ છે. જેનું સ્થાન કાલાદિ પાંચ નરકાવાસોની મધ્યમાં રહેલુ છે. આ અપ્રતિષ્ઠાનનરકમાં મહાઆરંભીઓ, ચક્રવર્તીઓ, વાસુદેવો અને તંડુલમત્સ્યાદિ માછલાઓ, મંડલિક રાજાઓ જાય છે. આ નરકાવાસનું માપ પણ લંબાઈ અને પહોળાઈથી એક લાખ યોજનનું છે.

પાલક એ મહાવિમાન છે. આ વિમાન સૌધર્મેન્દ્રના આભિયોગીક (સેવક) ગણાતા પાલક નામના દેવતા એ વૈક્રિય પુદ્ગલોથી બનાવેલું એક લાખ યોજનની લંબાઈ પહોળાઈવાળુ જ હોય છે. અને એ બધાની જેમ જ સર્વાર્થસિદ્ધ વિમાન પણ એક લાખ યોજન પ્રમાણ જ હોય છે. ॥૨॥

ज्योतिष्काश्रयेणाह–

**आर्द्राचित्रास्वातय एकैकाः ॥३॥**

**आर्द्रेति,** नक्षत्राण्यष्टाविंशतिः, अभिजिदादीन्युत्तराषाढापर्यवसानानि, सर्वेषां काल-विक्षेषाणामादौ चन्द्रयोगमधिकृत्याभिजिन्नक्षत्रस्य प्रवर्तमानत्वात्, सर्वेषामपि हि सुषम-सुषमादिरूपाणां कालविशेषाणामादिर्युगम्, तस्य चादिः श्रावणे मासि बहुलपक्षे प्रतिपदि तिथौ बालवकरणेऽभिजिति नक्षत्रे चन्द्रेण सह योगमुपगच्छति, एतानि सर्वाणि नक्षत्राणि प्रत्येकं द्वे द्वे, तारकापेक्षया तु आर्द्रादयः सूत्रोक्ताः एकैका त्रितारा अश्विनी भरणी च, षट्तारा कृत्तिका, रोहिणी पञ्चतारा, मृगशिरा त्रितारा, पञ्चतारा पुनर्वसू, त्रितारा पुष्या, आश्लेषा षट्तारा, सप्ततारा मघा, फाल्गुनीद्वयमपि द्वि द्वि तारकम्, पञ्चतारा हस्ता विशाखा च, चतुस्तारा अनुराधा, त्रितारा ज्येष्ठा, एकादशतारा मूला, चतुस्तारा पूर्वाषाढा उत्तराषाढा च,

त्रितारा अभिजित् श्रवणा च, धनिष्ठा पञ्चतारा शततारा शतभिषा द्वितारा पूर्वाप्रोष्ठपदा उत्तराप्रोष्ठपदा च द्वाविंशतितारा रेवतीति ॥३॥

હવે જ્યોતિષ્કોને આશ્રયિને જણાવે છે.

અભિજિત નક્ષત્રથી ઉત્તરાષાઢા સુધીના અઠ્ઠાવીશ નક્ષત્રો છે. તેમાં જે પણ સુષમસુષમાદિ કાલવિશેષો છે તે બધાના પ્રારંભમાં અભિજિત નક્ષત્રનો જ ચંદ્ર હોય છે.. એટલે કે આ બધા જ કાળ વિશેષોમાં અભિજિત નક્ષત્ર હોય છે. અહિંયા એમ જણાવે છે કે બધા જ સુષમસુષમાદિ રૂપ કાલ વિશેષોની આદિ તે યુગ કહેવાય છે. અને તેનો પહેલો શ્રાવણ માસ હોય છે, બહુલ નામનું પખવાડીયું હોય છે. પ્રતિપદા (એકમ) તીથિ હોય છે, બાલવ નામનું કરણ હોય છે, અને અભિજિત નામના નક્ષત્રમાં ચંદ્રનો યોગ હોય છે. આ બધા જ નક્ષત્રો બે બેની જોડીમાં છે.. તારાની અપેક્ષાએ આર્દ્રા, ચિત્રા અને સ્વાતિ એમ ત્રણ નક્ષત્રો એકેક જ છે. ત્રણ તારા વાળા અશ્વિની અને ભરણી નક્ષત્રો છે, છ તારાવાળું કૃત્તિકા, પાંચ તારા રોહિણી, ત્રણ તારાવાળું મૃગશિર, પાંચ તારાવાળું પુનર્વસુ, ત્રણ તારાવાળું પુષ્ય, છ તારાવાળુ આશ્લેષા, સાત તારાવાળું મઘા, બંને ફાલ્ગુની બે તારાવાળું, પાંચ તારાવાળું હસ્ત અને વિશાખા, ચાર તારાવાળું અનુરાધા, ત્રણ તારાવાળું જયેષ્ઠા, અગ્યાર તારાવાળું મૂળ, ચાર તારાવાળુ પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા, ત્રણ તારાવાળું અભિજિત અને શ્રવણ, પાંચ તારાવાળું ધનિષ્ઠા, સો તારાવાળું શતભિષા, બે તારાવાળું પૂર્વાભાદ્રપદા અને ઉત્તરભાદ્રપદા અને બાવીશ તારાવાળું રેવતી નક્ષત્ર હોય છે. ॥૩॥

नक्षत्राणां देवविशेषत्वात् देवानां स्थितिविशेषानाचष्टे-

**एकपल्योपमस्थितयः रत्नप्रभानैरयिका असुरकुमाराश्चमरबलिवर्जभवनवासिनोऽसंख्येयवर्षायुस्संज्ञिपञ्चेन्द्रियतिर्यग्योनिका असंख्येयवर्षायुष्कगर्भव्युत्क्रान्तिकसंज्ञिमनुष्याः वानव्यन्तरदेवाः सौधर्मकल्पदेवा ईशानकल्पदेवाश्च ॥४॥**

**एकेति**, एकं पल्योपमं स्थितिर्येषान्ते, केचन नैरयिकाः रत्नप्रभापृथिव्यामेकपल्योपमस्थितयो वर्त्तन्ते सा च चतुर्थे प्रस्तरे मध्यमाऽवसेया उत्कर्षेणैषां स्थितिस्तु एकं सागरोपमम् । असुरकुमाराणान्तूत्कर्षेण स्थितिः साधिकमेकं सागरोपमम् । असुरकुमारेन्द्रवर्जितानां भवनवासिनां देवानां केषांचित् मध्यमा एकपल्योपमं स्थितिः, उत्कृष्टा तु देशोने द्वे पल्योपमे तथाविधतिर्यग्योनिकानामेकं पल्योपमं स्थितिः सा च हेमवतैरण्यवतवर्षयोरुत्पन्नानां विज्ञेया वानव्यन्तरा अपि देवा एव ग्राह्याः, न तु देव्यस्तासामर्धपल्योपमस्थितित्वात् सौधर्म कल्पे देवशब्देन देवा देव्यश्च गृहीताः, सौधर्म हि पल्योपमाद्धीनतरा स्थितिर्जघन्यतोऽपि नास्ति, इयञ्च प्रथमप्रस्तरे जघन्याऽवसेया । ईशानकल्पदेवा इत्यत्रापि देवा देव्यश्च ग्राह्याः तत्र हि सातिरेकपल्योपमादन्या जघन्यतः स्थितिरेव नास्ति ॥४॥

હવે ઉપરોક્ત નક્ષત્રો એ દેવતા વિશેષરૂપ હોવાથી દેવોની સ્થિતિ જણાવી રહ્યા છે.

એક પલ્યોપમની સ્થિતિ છે જેમની તેવા કેટલાક નારકીઓ... આવી સ્થિતિ વાળા નારકો રત્નપ્રભા પૃથ્વી નામની પહેલી નરકના ચોથા પ્રસ્તર (પાથડામાં) રહે છે. તેઓની સ્થિતિ સાધિક એક સાગરોપમની હોય છે. અસુરકુમારના ઇન્દ્રને છોડીને બાકીના કેટલાક ભવનપતિનિકાયના દેવોની મધ્યમસ્થિતિ એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોન દ્વિપલ્યોપમની હોય છે. હૈમવત અને ઐરણ્યવત એમ બે વર્ષક્ષેત્રોમાં ઉત્પન્ન થયેલા તિર્યંચોની પણ એક પલ્યોપમ સ્થિતિ હોય છે. આ જ રીતે એક પલ્યોપમની સ્થિતિવાળા વાણવ્યન્તરના દેવતાઓ જ સમજવા, કારણકે દેવીઓની તો સ્થિતિ અર્ધપલ્યોપમની જ છે. સૂત્રમાં સૌધર્મ દેવલોકના દેવ શબ્દથી દેવીઓ પણ ગ્રહણ કરી છે, કારણકે પ્રથમ દેવલોકની તો જઘન્ય સ્થિતિ પણ પલ્યોપમથી ઓછી નથી. આ ૧ પલ્યોપમની સ્થિતિ પહેલા દેવલોકના પહેલા પાથડાની જઘન્ય સ્થિતિ છે. એવી જ રીતે મૂળ સૂત્રમાં ઈશાનદેવલોકના દેવ શબ્દથી દેવીઓનું પણ ગ્રહણ કરવું, કારણકે બીજા દેવલોકે સાધિક પલ્યોપમથી ઓછી જઘન્યથી પણ કોઇ દેવ કે દેવીની આયુ સ્થિતિ હોતી નથી. ॥૪॥

तथा–

**द्वित्रिपल्योपमस्थितिका अपि ।।५।।**

**द्वीति**, रत्नप्रभायां नैरयिकाणां द्विपल्योपमास्थितिश्चतुर्थप्रस्तरे मध्यमा असुरेन्द्रवर्जभवनवासिनां द्वे देशोने पल्योपमे स्थितिरौदीच्यनागकुमारादीनाश्रित्य तथाविधतिरश्चां मनुष्याणाञ्च हरिवर्षरम्यकवर्षजन्मनां द्विपल्योपमा स्थितिरिति एवमन्यत्रापि भाव्यम् । रत्नप्रभानारकाणां असुरकुमाराणां सौधर्मेशानकल्पदेवानान्तु त्रिचतुःपञ्चषट्सप्ताष्टनवादिपल्योपमानि स्थितयः ।।५।।

તથા–

રત્નપ્રભાનારકના ચોથા પ્રસ્તરના નારકીઓની મધ્યમસ્થિતિ બે પલ્યોપમની હોય છે. અસુરનિકાયના ઇન્દ્રને છોડીને ભવનવાસીઓની દેશોન દ્વિપલ્યોપમની સ્થિતિ હોય છે. ઉત્તર દિશાના નાગકુમારાદિને આશ્રયિને તથા હરિવર્ષ અને રમ્યક્વર્ષના તિર્યંચ અને મનુષ્યોની આયુષ્ય સ્થિતિ બે પલ્યોપમની હોય છે, રત્નપ્રભા નારકીઓ, અસુરકુમારો, સૌધર્મ તથા ઈશાનકલ્પના દેવોની ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ પલ્યોપમાદિની સ્થિતિ હોય છે. ॥૫॥

स्थित्यनुसारेण देवानामुच्छ्वासादीनाह–

**यावत्सागरोपमस्थितिकस्य देवस्य तावदर्धमासेषूच्छ्वासस्तावद्वर्षसहस्रैराहारः ।।६।।**

**यावदिति,** यथा ये देवाः सागरादिलोकहितावसानं विमानमासाद्य देवत्वेनोत्पन्ना न तु देवीत्वेन तासां सागरोपमस्थितेरसम्भवात् तेषां देवानामेकं सागरोपमं स्थितिः विमान-मेतत्सप्तमे प्रस्तरे, येषाञ्चैकसागरोपमं स्थितिः ते देवा एकस्यार्धमासस्यान्ते उच्छ्वसन्ति निःश्वसन्ति वा तेषामेकस्य वर्षसहस्रस्यान्ते आहारार्थमाहारपुद्गलानां ग्रहणमाभोगतो भवति अनाभोगतस्तु प्रतिसमयमेव ग्रहणं विग्रहगतेरन्यत्र भवति । ये शुभादि सौधर्मावतंसकावसानं विमानमासाद्य देवत्वेनोत्पन्नाः तेषामुत्कर्षेण द्वे सागरोपमे स्थितिः । तथाविधानां द्वयो-रर्धमासयोरन्ते उच्छ्वासादयः द्वयोर्वर्षसहस्रयोरन्ते आहार पुद्गलग्रहणम् । ये देवा आभङ्करादि चन्द्रोत्तरावतंसकावसानं विमानमासाद्य देवत्वेनोत्पन्नास्तेषामुत्कर्षेण त्रीणि सागरोपमाणि स्थितिः त्रयाणामर्धमासानामन्ते उच्छ्वासादयः त्रयाणां वर्षसहस्राणामन्ते आहारपुद्गलग्रहणम् । कृष्ट्यादि कृष्ट्युत्तरावतंसकावसानं विमानमासाद्य ये देवत्वेनोत्पन्नास्तेषामुत्कर्षेण चत्वारि सागरोपमाणि स्थितिः, तदनुसारेणोच्छ्वासादयः । वातसुवातादि वायुत्तरावतंसकावसानं विमानमासाद्य ये देवत्वेनोत्पन्नास्तेषामुत्कर्षेण पञ्च सागरोपमाणि स्थितिः । स्वयम्भूस्वयंभू-रमणादि वीरोत्तरावतंसकावसानं विमानमासाद्य देवत्वेनोत्पन्नानामुत्कर्षतः षट् सागरोपमाणि स्थितिः समसमप्रभादि सनत्कुमारावतंसकान्तं विमाने देवत्वेनोत्पन्नानामुत्कर्षेण सप्त सागरोपमाणि स्थितिः, अर्चिरर्चिमाल्यादि अनुत्तरावतंसकावसाने विमाने देवत्वेनोत्पन्नाना-मुत्कर्षेण अष्ट सागरोपमाणि स्थितिः । पद्मसुपद्मादि रुचिलोत्तरावतंसकावसाने विमाने देवत्वेनोत्पन्नानामुत्कर्षेण नव सागरोपमाणि स्थितिः, घोषसुघोषादि ब्रह्मलोकावतंसकावसाने विमाने देवत्वेनोत्पन्नानामुत्कर्षतो दश सागरोपमाणि स्थितिः एवमग्रेऽपि भावनीयम् ॥६॥

હવે પોતાની સ્થિતિ અનુસાર દેવોની શ્વાસોચ્છ્વાસાદિ કહે છે.

જે દેવતાઓ **'સાગરાદિલોકહિતાવસાન'** (જ્યોતિષ્ક) વિમાનમાં દેવી તરીકે નહીં પરંતુ દેવ તરીકે ઉત્પન્ન થાય છે તેઓનો સ્થિતિ એક સાગરોપમની હોય છે. કારણકે દેવીઓની સાગરોપમની સ્થિતિ સંભવતી નથી. આવા એક સાગરોપમવાળા દેવતાઓ સાતમા પ્રસ્તરમાં રહ્યા હોય છે. અને તેઓ દર પંદર દિવસે શ્વાસોચ્છ્વાસ લે છે. તથા તેઓ એક હજાર વર્ષે ઇચ્છાપૂર્વક આહાર કરવા માટે આહારવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે. પરંતુ આ દેવતાઓ અનાભોગથી વિગ્રહગતિ વિના પ્રત્યેક સમયે આહાર માટે પુદ્ગલ ગ્રહણ કરે છે.

જે દેવો સૌધર્માવતંસક સુધીના દેવલોકમાં દેવ પણે ઉત્પન્ન થયા છે તેઓની બે સાગરોપમની સ્થિતિ હોય છે. તેવા દેવતાઓનું એક મહિને ઉચ્છ્વાસાદિ અને બે હજાર વર્ષે આહાર માટે પુદ્ગલ ગ્રહણ હોય છે.

જે દેવો આભંકરથી લઇને ચંદ્રાવતંસક પર્યંતના દેવવિમાનમાં ઉત્પન્ન થયા છે તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ સાગરોપમનું, દોઢ મહિને ઉચ્છ્વાસાદિ તથા આહાર અર્થે ૩ હજાર વર્ષે પુદ્ગલ ગ્રહણ કરે છે.

કૃષ્ટિથી લઇને કૃષ્ટ્યુત્તર પર્યંતના વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થયેલાઓનું આયુષ્ય ઉત્કૃષ્ટથી ચાર સાગરોપમ, બે મહિને શ્વાસોચ્છ્વાસ અને ૪ હજાર વર્ષે આહાર માટેના પુદ્ગલ ગ્રહણ હોય છે.

વાતસુવાતથી લઇને વાયુત્તરાવતંસક પર્યંતના વિમાનમાં જે દેવો હોય તેમની ઉત્કૃષ્ટથી પાંચ સાગરોપમની સ્થિતિ હોય છે. સ્વયંભૂ સ્વયંભૂરમણથી લઇને વીરોત્તરાવતંસક પર્યંતના દેવોની ઉત્કૃષ્ટ છ સાગરોપમની સ્થિતિ હોય છે.

સમસમપ્રભાથી લઇને સનત્કુમાર પર્યંતના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમની હોય છે.

અર્ચિ અર્ચિમાલિથી લઇને અનુત્તરાવતંસક વિમાન સુધીના દેવોની ઉત્કૃષ્ટથી આઠ સાગરોપમની સ્થિતિ હોય છે.

પદ્મ સુપદ્મથી લઇને રૂચિલોત્તરાવતંસક વિમાન સુધીના દેવોની ઉત્કૃષ્ટ આયુસ્થિતિ નવ સાગરોપમની હોય છે.

ઘોષ સુઘોષથી લઈ બ્રહ્મલોકાવતંસક પર્યંત વિમાનના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ સાગરોપમની હોય છે.

આજ રીતે આગળના વિમાનો પણ સમજી લેવા. ॥૬॥

चित्तसमाधिमन्तरेण विशिष्टदेवगत्यभावात्तत्स्थानान्याह-

**धर्मचिन्तास्वप्नदर्शनसंज्ञिज्ञानदेवदर्शनावधिज्ञानदर्शनमनःपर्यवकेवलज्ञानदर्शनकेवलिमरणानि दश चित्तसमाधिस्थानानि ॥७॥**

**धर्मचिन्तेति,** चित्तस्य मनसः समाधिः-समाधानं प्रशान्तता तस्य स्थानानि-आश्रया भेदा वा चित्तसमाधिस्थानानि, तपोविशेषयुतानां ज्ञानदर्शनचारित्रलक्षणसमाधिप्राप्तानां धर्म-शुक्लध्यानं ध्यायमानानां साधूनां कदाप्यतीतकालेऽसमुत्पन्नपूर्वाणि दशचित्तसमाधिस्थानानि भवन्तीति भावः । तत्र धर्मो नाम स्वभावः जीवाजीवद्रव्याणां तद्विषया चिन्ता-सत्यं धर्मं ज्ञातुं किममी जीवादयो नित्याः उतानित्याः, रूपिण उतारूपिण इत्यादिरूपा, अथवा धर्मचिन्ता-यथा सर्वे कुसमया अशोभना अनिर्वाहकाः पूर्वापरविरुद्धाः, अतः सर्वधर्मेषु शोभनतरोऽयं धर्मो जिनप्रणीत इत्येवं रूपा इत्येकम् । इयञ्च यः कल्याणभागी तस्य साधोः पूर्वस्मिन्नतीते कालेऽनुपजाता तदुत्पादे ह्यपार्धपुद्गलपरावर्त्तान्ते कल्याणस्यावश्यम्भावात्, अस्याश्च प्रयोजनं

परोक्तद्रव्यस्वभावं श्रुतादि वा ज्ञपरिज्ञया विज्ञाय प्रत्याख्यानपरिज्ञया परिहारः । स्वप्नदर्शनं यथा भगवतो वर्धमानस्वामिनः प्रज्ञप्त्यां प्रतिपादितं स्वप्नफलम्, सर्वथा निर्व्यभिचारं तस्य भवनम्, अवश्यम्भाविनो मुक्त्यादेः शुभस्वप्नफलस्य अनुभवनाय साधो स्वप्नदर्शनमुपजायते, कल्याणसूचकावितथस्वप्नदर्शनाच्च चित्तसमाधिर्भयतीति द्वितीयं चित्तसमाधिस्थानम् । संज्ञिज्ञानं संज्ञा सा च यद्यपि हेतुवाददृष्टिदीर्घकालिकोपदेशभेदेन क्रमेण विकलेन्द्रियसम्यग्दृष्टिसमनस्कसम्बन्धित्वात् त्रिधा भवति तथापीह दीर्घकालिकोपदेशसंज्ञा ग्राह्या, सा यस्यास्ति स संज्ञी समनस्कः तस्य ज्ञानं संज्ञिज्ञानम्, तच्चेहाधिकृतसूत्रान्यथानुपपत्तेर्जातिस्मरणमेव, तस्य तदसमुत्पन्नपूर्वं पूर्वभवान् स्मर्तुं समुत्पद्यते, स्मृतपूर्वभवस्य च संवेगात् समाधिरुत्पद्यते इति समाधिस्थानमेतत् तृतीयम्, देवदर्शनं-देवाहितस्य गुणित्वाद्दर्शनं ददति, तच्च तस्यासमुत्पन्नपूर्वं प्रधानपरिवारादिरूपां दिव्यां देवर्द्धिविशिष्टां शरीराभरणादिदीप्तिं उत्तमवैक्रियकरणादिप्रभावं दर्शयितुं समुत्पद्यते, देवदर्शनाच्चागमार्थेषु श्रद्धानदार्ढ्यं धर्मे बहुमानश्च भवतीति ततश्चित्तसमाधिरिति देवदर्शनं चित्तसमाधिस्थानं चतुर्थम् । अवधिज्ञानं- तदपि तस्यासमुत्पन्नपूर्वं मर्यादया नियतद्रव्यक्षेत्रकालभावरूपेण लोकज्ञानाय समुत्पद्यते ततश्चित्तसमाधिर्भवतीति पञ्चमम् । एवमवधिदर्शनमपीति षष्ठम् । मनःपर्यवज्ञानमृतत्तस्यासमुत्पन्नपूर्वं अर्धतृतीयद्वीपसमुद्रेषु संज्ञिनां पञ्चेन्द्रियाणां पर्याप्तकानां मनोगतभावज्ञानाय समुत्पद्यते इति सप्तमम् । केवलज्ञानं तस्यासमुत्पन्नपूर्वं लोकालोकस्वरूपवस्तुज्ञानाय समुत्पद्यते समाधिभेदत्वाच्च केवलज्ञानस्य चित्तसमाधिस्थानता, इह चामनस्कतया केवलिनश्चित्तं चैतन्यमवसेयमित्यष्टमम् । तथा केवलदर्शनं नवमम् । केवलिमरणं तस्यासमुत्पन्नपूर्वं सर्वदुःखप्रहाणाय भवेत्, इदन्तु केवलिमरणं सर्वोत्तमसमाधिस्थानमेवेति दशममिति ॥७॥

હવે ચિત્ત સમાધિ વિના વિશિષ્ટ દેવગતિની પ્રાપ્તિ ન થતી હોવાથી સમાધિ સ્થાનો બતાડે છે.

ચિત્તની - મનની પ્રશાંતતા રૂપ સમાધિ માટેના સ્થાનો, આશ્રયો તે ચિત્ત સમાધિ સ્થાનો. વિશિષ્ટ તપોથી યુક્ત, જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ સમાધિમાં રહેલા, ધર્મ અથવા શુક્લ ધ્યાન ધરનારા, સાધુઓને પૂર્વે ક્યારે પણ ન પ્રાપ્ત થયેલા દશ પ્રકારના ચિત્તના સમાધિ સ્થાનો હોય છે. તેમાં સૌ પ્રથમ **ધર્મચિંતા** :- ધર્મ એટલે જીવ અજીવાદિ દ્રવ્યોનો નિત્યત્વ, અનિત્યત્વ, રૂપિત્વ, અરૂપિત્વાદિ સ્વભાવ. તેવા સ્વભાવનું સત્ય ધર્મની પ્રાપ્તિ માટેનું ચિંતન તે ધર્મચિંતા. અથવા તો સર્વે કુદર્શનો પૂર્વા પર વિરુદ્ધવાચી હોવાથી આત્માના નિર્વાહક બની શકતા નથી, માટે નિર્વાહક બનાવનાર માત્ર જિનેશ્વર ભગવંતનો ધર્મ છે. જે કલ્યાણના કામી હોય તેવા શ્રમણોને પૂર્વકાળમાં ન ઉત્પન્ન થયેલી એવી આ ધર્મચિંતા દ્વારા અપાર્ધપુદ્ગલ પરાવર્ત્તકાલના અંતે અવશ્ય કલ્યાણ

થાય છે. બીજા દર્શનોમાં કહેલા દ્રવ્યનો સ્વભાવ, શ્રુતવિગેરેને જ્ઞપરિજ્ઞાથી જાણીને અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાનથી ત્યાગ કરવો તે આ ધર્મચિંતાનુ પ્રયોજન છે.

બીજું સમાધિસ્થાન **સ્વપ્નદર્શન** :- જેમ પરમાત્મા મહાવીર દેવના સ્વપ્નનું ફળ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં પ્રતિપાદિત કરાયેલું છે. આવા સ્વપ્નો અવશ્ય મોક્ષવિગેરે શુભફળના અનુભવ માટે સાધુને દેખાય છે. કલ્યાણના સૂચક એવા આ સાચા સ્વપ્નનું દર્શન એ ચિત્તનું બીજુ સમાધિસ્થાન કહેવાય છે.

ત્રીજું સમાધિસ્થાન **સંજ્ઞિજ્ઞાન** છે. યદ્યપિ હેતુવાદોપદેશિકી, દષ્ટિવાદોપદેશિકી તથા દીર્ઘકાલિકી એમ સંજ્ઞા વિકલેન્દ્રિય, સમ્યગ્દષ્ટિ અને સંજ્ઞીને આશ્રયિને ત્રણ પ્રકારની છે, તો પણ અહીંયા દીર્ઘકાલિકી સંજ્ઞા ગ્રહીત કરવાની છે. આવી સંજ્ઞા જેને હોય તે અહીં સંજ્ઞી એટલે સમનસ્ક કહેવાયો છે. આવુ સંજ્ઞિજ્ઞાન એ જાતિસ્મરણ રૂપ છે. આવા જાતિસ્મરણથી પૂર્વે નહી સ્મરાયેલા એવા પોતાના પૂર્વભવોનું સ્મરણ થાય છે, અને આવા પૂર્વભવ સ્મરણ દ્વારા સંવેગ અને સંવેગથી સમાધિ પ્રાપ્ત થાય છે. ત્યાર બાદ ચતુર્થ સમાધિ સ્થાન **દેવદર્શન** છે. દેવતાથી અધિષ્ઠિત થયેલાને ગુણવત્તાદિના કારણે દેવતાનું દર્શન થાય છે. આવું દર્શન તેને પૂર્વે થયું હોતું નથી કે જેમાં, તેને દેવતાઓના મંત્રી આદિ વિરાટ પરિવારાદિ દીવ્ય દેવતાઈ સમૃદ્ધિથી વિશિષ્ટ તેજસ્વી અલંકારો અને ઉત્તમ કોટીના વૈક્રિય રૂપોનું દર્શન થાય છે. આવા દેવદર્શનથી આગમમાં કહેલા દેવતા વિગેરેના વર્ણન પ્રત્યેની શ્રદ્ધા દઢ થાય છે અને ધર્મમાં બહુમાનભાવની વૃદ્ધિ થાય છે. જે ચિત્તની સમાધિનું કારણ બને છે. હવે પંચમ સમાધિસ્થાન **અવધિજ્ઞાન** છે. આ અવધિજ્ઞાનથી પણ અપૂર્વ એવું મર્યાદિત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ રૂપ લોકનું જ્ઞાન થાય છે. જે જ્ઞાન ચિત્તસમાધિનું કારણ બને છે. છટ્ઠું સ્થાન **અવધિદર્શન** છે તે પણ અવધિજ્ઞાનની જેમ જ ચિત્તસમાધિનું કારણ બને છે. સાતમું સ્થાન **મનઃપર્યવજ્ઞાન** છે. આ મનઃપર્યવથી અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તોના મનોગત ભાવોની અપૂર્વ જાણકારી મળે છે. તે પણ ચિત્તસમાધિ કારક બને છે. કેવલજ્ઞાન એ આઠમું ચિત્તસમાધિસ્થાન છે. આ પહેલા ક્યારેય પ્રાપ્ત ન થયેલા જ્ઞાનથી લોકાલોકની સર્વ વસ્તુઓનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેથી એની પણ ચિત્તસમાધિસ્થાનતા છે. અહીંયા પૂર્વે કહ્યા પ્રમાણે સમનસ્કતા નહીં કિન્તુ અમનસ્કતા હોવાથી કેવલજ્ઞાન વિશિષ્ટ ચૈતન્ય જ છે એમ સમજવું. નવમું **કેવલદર્શન**રૂપ સમાધિસ્થાન પણ આજ પ્રમાણે જાણવું. દશમું **કેવલીમરણ** રૂપ સમાધિસ્થાન એ સર્વ દુઃખના નાશરૂપ હોવાથી સર્વોત્તમ સમાધિસ્થાન રૂપ કહ્યું છે. ॥૭॥

अथ समाध्यन्तरेण श्रावकप्रतिमानामभावात् ता आह–

**दर्शनश्रावककृतव्रतकर्मसामायिकपौषधोपवासरात्रिपरिमाणप्रकटप्रकाशभुक्सचित्तारम्भप्रेष्योद्दिष्टभक्तपरिज्ञातश्रमणभूता एकादशोपासकप्रतिमाः ॥८॥**

**दर्शनश्रावकेति**, श्रमणान् ये उपासन्ते सेवन्ते ते उपासकाः–श्रावकास्तेषां प्रतिमाः–प्रतिज्ञा अभिग्रहरूपा उपासकप्रतिमाः, तत्र दर्शनं सम्यक्त्वं प्रतिपन्नः श्रावको दर्शनश्रावकः,

प्रतिमाप्रकरणेऽप्यत्र तद्वतोऽभिधानमभेदोपचारात्, एवमुत्तरत्रापि, सम्यग्दर्शनस्य शङ्कादिशल्यरहितस्याणुव्रतादिगुणविकलस्य योऽभ्युपगमः मासं यावत्, सा प्रतिमा प्रथमा, सम्यग्दर्शनादिप्रतिपत्तिश्चास्य पूर्वमप्यासीत् केवलमिह शंकादिदोषराजाभियोगाद्यपवादवर्जितत्वेन तथाविधसम्यग्दर्शनाचारविशेषपालनाभ्युपगमेन च प्रतिमात्वम् । कृतव्रतकर्मा–येनाणुव्रतादीनां श्रवणज्ञानवाञ्छाप्रतिपत्तिर्द्विमासपर्यन्तं कृता स प्रतिपन्नदर्शनः कृतव्रतकर्मा, प्रतिपन्नाणुव्रतादिरिति भाव इतीयं द्वितीया । कृतसामायिकः येन देशतः सावद्ययोगपरिवर्जननिरवद्ययोगासेवनस्वभावं सामायिकं विहितं स कृतसामायिकः, तदेवं प्रतिपन्नपौषधस्य दर्शनव्रतोपेतस्य प्रतिदिनमुभयसंध्यं मासत्रयं यावत्सामायिककरणमिति तृतीया प्रतिमा । पोषं–पुष्टिं धत्ते कुशलधर्माणां यदाहारत्यागादिकमनुष्ठानं तत्पौषधं तेनोपवसनम्–अवस्थानं अहोरात्रं यावदिति पौषधोपवासः, यद्वा पौषधं पर्वदिनमष्टम्यादि, तत्रोपवासः–अभक्तार्थः पौषधोपवास इति, इयं व्युत्पत्तिरेव, प्रवृत्तिस्त्वस्य शब्दस्य आहारशरीरसत्कारा ब्रह्मचर्यव्यापारपरिवर्जनेष्विति, तत्र कृतपौषधोपवासः पौषधोपवासे निरतः–आसक्तः इत्यर्थः, एवंविधश्रावकस्य चतुर्थी प्रतिमा, अयमत्र भावः पूर्वप्रतिमात्रयोपेतः अष्टमीचतुर्दश्यमावास्यापौर्णमासीष्वाहारपौषधादि चतुर्विधं पौषधं प्रतिपद्यमानस्य चतुरो मासान् यावच्चतुर्थी प्रतिमा भवतीति । तथा पञ्चमीप्रतिमायामष्टम्यादिषु पर्वस्वेकरात्रिकप्रतिमाकारी भवति, तथा शेषदिनेषु कृतरात्रिपरिमाणः रात्रौ कृतं स्त्रीणां तद्भोगानां वा परिमाणं–प्रमाणं येन तथाविधः, दिवा तु ब्रह्मचारी, अयम्भावः दर्शनव्रतसामायिकाष्टम्यादिपौषधोपेतस्य पर्वस्वेकरात्रिकप्रतिमाकारिणः शेषदिनेषु दिवा ब्रह्मचारिणो रात्रावब्रह्मपरिमाणकृतोऽस्नानस्यारात्रिभोजिनोऽबद्धकच्छस्य पञ्च मासान् यावत् पञ्चमी प्रतिमा भवति । प्रकटप्रकाशभुक्, न निशायामत्ति किन्तु प्रकटे प्रकाशे दिवा अशनाद्यभ्यवहरति, अयम्भावः प्रतिपञ्चकोक्तानुष्ठानयुक्तस्य ब्रह्मचारिणः षण्मासान् यावत् षष्ठीप्रतिमा भवतीति । सचित्तपरिज्ञातः सचेतनाहारः परिज्ञातः तत्स्वरूपपरिज्ञानात् प्रत्याख्यातो येन सः सचित्तपरिज्ञातः श्रावकः, पूर्वोक्तप्रतिमाषट्कानुष्ठानयुक्तस्य प्रासुकाहारस्य सप्त मासान् यावत्सप्तमी प्रतिमा भवतीति । आरम्भपरिज्ञातः, आरम्भः पृथिव्याद्युपमर्दनलक्षणः परिज्ञातः तथैव प्रत्याख्यातः येनासौ, समस्तपूर्वोक्तानुष्ठानयुक्तस्यारम्भवर्जनमष्टौ मासान् यावदष्टमीप्रतिमेति । प्रेष्यपरिज्ञातः, प्रेष्या आरम्भेषु व्यापारणीयाः परिज्ञाताः तथैव प्रत्याख्याता येन सः, पूर्वोक्तानुष्ठानवत आरम्भं परैरप्यकारयतो नवमासान् यावन्नवमी प्रतिमा भवतीति । उद्दिष्टभक्तपरिज्ञातः–तमेव श्रावकमुद्दिश्य

कृतोदनादेर्ज्ञानपूर्वं परित्यक्ता, पूर्वोक्तगुणयुक्तस्य आधाकर्मिकभोजनपरिहारवतः क्षुरमुण्डितशिरसः शिखावतो वा केनापि किञ्चिद्गृहव्यतिकरे पृष्टस्य तज्ज्ञाने सति जानामीति अज्ञाने च सति न जानामीति ब्रुवाणस्य दश मासान् यावदुत्कर्षेण एवंविधविहारस्य दशमी प्रतिमेति । श्रमणभूतः-श्रमणो निर्ग्रन्थः, तद्वद्यः तदनुष्ठानात्स श्रमणभूतः पूर्वोक्तसमग्रगुणोपेतस्य क्षुरमुण्डस्य कृतलोचस्य वा गृहीतसाधुनेपथ्यस्य ईर्यासमित्यादिकं साधुधर्ममनुपालयतो भिक्षार्थं गृहिकुलप्रवेशे सति श्रमणोपासकाय प्रतिमाप्रतिपन्नाय भिक्षा दत्तेति भाषमाणस्य कस्त्वमिति कस्मिंश्चित् पृच्छति प्रतिमाप्रतिपन्नः श्रमणोपासकोऽहमिति ब्रुवाणस्यैकादशमासान् यावदेकादशी प्रतिमेति ॥८॥

હવે સમાધિ વિના શ્રાવકની પ્રતિમાઓ ન હોવાથી શ્રાવકની પ્રતિમા કહે છે.

શ્રમણોની જે ઉપાસના કરે તે ઉપાસક એટલે કે શ્રાવક કહેવાય. તેમની જે પ્રતિજ્ઞા તે ઉપાસક પ્રતિમા. તેમાં દર્શન એટલે સમ્યક્ત્વ, તે જેણે પ્રાપ્ત કર્યું છે તે **દર્શનશ્રાવક.** અહીંયા પ્રતિમા અને પ્રતિમાધારણ કરનાર ઉપાસક બન્નેયનો અભેદોપચાર કર્યો હોવાથી દર્શન શ્રાવક પ્રતિમા એમ કહ્યું છે. અહીંયા દર્શન શ્રાવક એ પ્રતિમા એટલા માટે છે કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ તો પૂર્વે પણ હતી, પરંતુ પ્રતિમાવાન શ્રાવકનું જે સમ્યગ્દર્શન છે તે શંકાદિ દોષો અને રાજાભિયોગ આદિ જે સમ્યક્ત્વના અપવાદો છે તેનાથી સંપૂર્ણપણે વર્જિત એટલે કે અપવાદ રહિત અહીં સમ્યક્ત્વની એક માસ પર્યંતની પ્રતિપત્તિ હોય છે. બીજી પ્રતિમા **कृतव्रत.......** એટલે કે જે પ્રતિમામાં અણુવ્રતાદિનુ શ્રવણ, જાણકારી ઇચ્છા અને સ્વીકાર બે માસ પર્યંત હોય છે. ત્રીજી પ્રતિમા **कृतसामायिक** :- જે પ્રતિમામાં દેશથી સાવદ્યયોગોનું પરિવર્જન અને નિરવદ્ય યોગોનું આસેવન રૂપ સામાયિક કરવાનું કહેવાયું છે. આવું સામાયિક એ ત્રણ માસપર્યંત દર્શનવ્રતવાળા પૌષધયુક્ત શ્રાવકે નિત્ય કરવાનું આ પ્રતિમામાં કહેવાયું છે. હવે **कृतपौषधोपवास** :- રૂપ ચતુર્થી પ્રતિમામાં 'પોષ' એટલે કે કુશલધર્મોની પુષ્ટિ અને આહારાદિ ત્યાગ રૂપ જે અનુષ્ઠાન તે પૌષધ. આવા પૌષધ સાથે 'ઉપવાસ' એટલે કે અહોરાત્ર રહેવું તે પૌષધોપવાસ. અથવા તો બીજી પણ વ્યાખ્યા કરે છે કે 'પૌષધ' એટલે અષ્ટમી વિગેરે પર્વના દિવસો તેમાં ઉપવાસ એટલે આહાર ત્યાગ તેનું નામ પૌષધોપવાસ. અહીં જે વ્યાખ્યા કરાયી છે તે પૌષધશબ્દની વ્યુત્પત્તિથી કરાયેલી છે.

આમાં રહેલા શ્રાવકની પ્રવૃત્તિ આહાર, શરીર સત્કાર, બ્રહ્મચર્ય અને વ્યાપાર પરિત્યાગ રૂપ હોય છે. આવા પૌષધોપવાસમાં નિરત એવા પૂર્વની ત્રણ પ્રતિમાઓથી યુક્ત શ્રાવકની જે ચતુર્વિધ પૌષધરૂપ ચાર માસ સુધીની આઠમ, ચૌદસ, અમાસ અને પૂનમે કરાયેલી પ્રતિમા તે કૃતપૌષધોપવાસ રૂપ પ્રતિમા છે.

પાંચમી પ્રતિમા **रात्रि परिमाण** પ્રતિમા છે. આ પ્રતિમામાં અષ્ટમી વિગેરે પર્વતિથિઓમાં એક રાત્રિ પ્રમાણ પૂર્વોક્ત ચાર પ્રતિમાઓથી સંયુક્ત હોય છે, અને શેષ દિવસોમાં દિવસે સંપૂર્ણ

બ્રહ્મચારી, અને રાત્રે અબ્રહ્મના પરિમાણવાળો તે સ્નાન અને રાત્રિભોજન લેવાના પચ્ચક્ખાણ સાથે અબદ્ધકચ્છપણે પાંચ મહિના સુધી પંચમ પ્રતિમા ધારણ કરે છે. છઠ્ઠી **प्रकट प्रकाशभुक्** નામની પ્રતિમા છે, જેમાં ઉપરોક્ત પાંચે ય પ્રતિમાના પાલન પૂર્વક છ માસ સુધી સંપૂર્ણ રાત્રિભોજનનો ત્યાગ કરે છે, અને દિવસના જ આહાર કરે છે.

સાતમી **અચિત્ત** પ્રતિમા, એ સંપૂર્ણ સચિત્તાહારના ત્યાગ વાળી હોય છે. આ ત્યાગ પૂર્વોક્ત છ પ્રતિમાયુક્ત શ્રાવકે સાત માસ પર્યંત કરવાની હોય છે.

આઠમી **આરંભ** પ્રતિમા છે. જેમાં પૂર્વોક્ત સાતેય પ્રતિમાથી યુક્ત એવા પ્રતિમાધારી શ્રાવકે પૃથિવ્યાદિના ઉપમર્દન રૂપ આરંભનો આઠ મહિના સુધી ત્યાગ કરવાનો હોય.

નવમી **પ્રેષ્ય પરિજ્ઞાત** નામક પ્રતિમા. પ્રેષ્ય એટલે પોતાના આરંભાદિમાં સહાયક બનનાર જે સેવક હોય તેને પોતાના આરંભમાં જોડાવવા પ્રેરણા કે અનુમતિ ૯ માસ સુધી ન આપવી, અને સાથે સાથે બીજી પણ આઠે આઠ પ્રતિમાઓનું પાલન કરવાનુ આ પ્રતિમામાં હોય છે.

દશમી **ભક્ત પરિજ્ઞાત** રૂપ પ્રતિમા છે. આ પ્રતિમામાં પૂર્વોક્ત નવેય પ્રતિમા યુક્ત શ્રાવકે અસ્ત્રાથી મુંડન કરાવી ૧૦ મહિના સુધી પોતાના માટે બનાવેલો ઓદનાદિ આહાર ન વાપરવો, અને ગૃહ સંબંધી કોઈપણ વાર્તાલાપમાં જાણકારી હોય તો જાણું છું એમ કહેવું, અને ન જાણતો હોય તો 'આ બાબતમાં હું અજ્ઞાન છું. એમ સત્ય બોલવાનું હોય છે.

અગ્યારમી **શ્રમણભૂત પ્રતિમા** છે. શ્રમણ એટલે નિર્ગ્રંથ, નિર્ગ્રંથની સમાન જેનું અનુષ્ઠાન હોય તે શ્રમણભૂત કહેવાય. પૂર્વોક્ત અગિયાર પ્રતિમાઓના સંપૂર્ણ પાલન પૂર્વક આ બારમી પ્રતિમા વહન કરનારે ક્યાં તો અસ્ત્રાથી અથવા હાથેથી લુંચિત થઈ, શ્રમણલિંગ - શ્રમણનો વેષ ધારણ કરી, ઈર્યાસમિતિ આદિ સાધુધર્મોનુ પાલન કરતાં, ભિક્ષા માટે ગૃહસ્થાન ઘરે 'શ્રમણોપાસક એવા પ્રતિમાધારી મને ભિક્ષા દાન કરો એમ બોલતો આ અગિયારમી પ્રતિમા પ્રતિપન્ન શ્રાવક અગિયાર મહિના સુધી આ પ્રતિમાનું પાલન કરે. ॥૮॥

विहितप्रतिमस्य सम्भोगसम्भवात्तान्निरूपयति-

**उपधिश्रुतभक्तपानाञ्जलिप्रग्रहदाननिकाचनाभ्युत्थानकृतिकर्मवैयावृत्त्यसमवसरण-सन्निषद्याकथाप्रबन्धा द्वादश सम्भोगाः ॥९॥**

**उपधीति,** सम्-एकीभूय समानसमाचाराणां साधूनां भोजनं सम्भोगः स चोपध्यादि-लक्षणविषयभेदात् द्वादशविधा, तत्रोपधिर्वस्त्रपात्रादिस्तं साम्भोगिकः साम्भोगिकेन सार्द्धद्गमो-त्पादनैषणादोषैर्विशुद्धं गृह्णन् शुद्धः, अशुद्धं गृह्णन् प्रेरितः प्रतिपन्नप्रायश्चित्तो वारत्रयं यावत्-संभोगार्हश्चतुर्थवेलायां प्रायश्चित्तं प्रतिपद्यमानोऽपि विसम्भोगार्ह इति, विसम्भोगिकेन पार्श्वस्थादिना वा संयत्या वा सार्धमुपधिं शुद्धमशुद्धं वा निष्कारणं गृह्णन् प्रेरितः प्रतिपन्नप्रायश्चित्तोऽपि

वेलात्रयस्योपरि न सम्भोग्यः, एवमुपधेः परिकर्म परिभोगं वा कुर्वन् सम्भोग्यो विसम्भोग्यश्चेति । साम्भोगिकस्यान्यसाम्भोगिकस्य वोपसम्पन्नस्य श्रुतस्य वाचनाप्रच्छनादिकं विधिना कुर्वन् तथा शुद्धः, तस्यैवाविधिनोपसम्पन्नस्यानुपसम्पन्नस्य वा पार्श्वस्थादेर्वा स्त्रिया वा वाचनादि कुर्वन् तथैव वेलात्रयोपरि विसम्भोग्यः । भक्तपानमुपधिद्वारवदवसेयम्, परन्तु भोजनं दानं च परिकर्म पीरभोगयोः स्थाने वाच्यमिति । साम्भोगिका नामन्यसाम्भोगिकानां वा संविग्नानां प्रणाममञ्जलिप्रग्रहं नमः क्षमाश्रमणेभ्य इति भणनं आलोचना सूत्रार्थनिमित्तनिषद्याकरणञ्च कुर्वन् शुद्धः पार्श्वस्थादेरेतानि कुर्वन् तथैव सम्भोग्यो विसम्भोग्यश्चेति । दानं, तत्र साम्भोगिकः साम्भोगिकाय अन्यसाम्भोगिकाय वा शिष्यगणं यच्छन् शुद्धः, निष्कारणं विसम्भोगिकस्य पार्श्वस्थादेर्वा संयत्या वा तं यच्छंस्तथैव सम्भोग्यो विसम्भोग्यश्चेति । निकाचनं छन्दनं निमंत्रणमित्यनर्थान्तरम्, तत्र शय्योपध्याहारैः शिष्यगणप्रदानेन स्वाध्यायेन च साम्भोगिकः साम्भोगिकं निमंत्रयन् शुद्धः, शेषं तथैव । अभ्युत्थानमासनत्यागरूपम्, तत्राभ्युत्थानं पार्श्वस्थादेः कुर्वंस्तथैवासम्भोग्यः, अभ्युत्थानस्योपलक्षणत्वात् किंकरताञ्च-प्राघूर्णकग्लानाद्यवस्थायां किं विश्रामणादि करोमीत्येवं प्रश्नलक्षणां, अभ्यासकरणं-पार्श्वस्थादिधर्माच्च्युतस्य पुनस्तत्रैव संस्थापनलक्षणं, तथा अविभक्ति-अपृथग्भावलक्षणां कुर्वन्नशुद्धोऽसम्भोग्यश्चापि, एतान्येव यथाऽऽगमं कुर्वन् शुद्धः संभोग्यश्चेति । कृतिकर्म-वंदनं विधिना कुर्वन् शुद्धः, इतरथा तथैवासम्भोग्यः । तत्र चायं विधिः-यः साधुर्वातेन स्तब्धदेह उत्थानादिकर्त्तुमशक्तः स सूत्रमेवास्खलितादिगुणोपेतमुच्चारयति, एवमावर्त्तशिरोनमनादि यच्छक्नोति तत्करोत्येवं चाशठप्रवृत्तिर्वन्दनविधिरिति भावः । वैयावृत्त्यं-आहारोपधिदानादिना प्रश्रवणादिमात्रकार्पणादिनाऽधिकरणोपशमनेन सहायदानेन वोपष्टम्भकरणं तस्मिंश्च विषये सम्भोगासम्भोगौ भवतः । समवसरणं-जिनस्नपनरथानुयानपट्टयात्रादिषु यत्र बहवः साधवो मिलन्ति तत्समवसरणम्, इह च क्षेत्रमाश्रित्य साधूनां साधारणोऽवग्रहो भवति वसतिमाश्रित्य साधारणोऽसाधारणश्चेति, अनेन चान्येऽप्यवग्रहा उपलक्षिताः, ते चानेके-यथा वर्षावग्रहः ऋतुबद्धावग्रहो वृद्धवासावग्रहश्चेति, एकैकश्चायं साधारणावग्रहः प्रत्येकावग्रहश्चेति द्विधा, तत्र यत् क्षेत्रं वर्षाकल्पाद्यर्थं युगपद् द्व्यादिभिः साधुभिर्भिन्नगच्छस्थैरनुज्ञाप्यते स साधारणो यत्तु क्षेत्रमेके साधवोऽनुज्ञाप्याश्रिताः स प्रत्येकावग्रह इति, एवं चैतेष्ववग्रहेषु आकुट्टयाऽनाभाव्यं सचित्तं शिष्यमचित्तं वा वस्त्रादि गृह्णन्तोऽनाभोगेन च गृहीतं तदनर्पयन्तः समनोज्ञा अमनोज्ञाश्च प्रायश्चित्तिनो भवन्त्यसम्भोग्याश्च, पार्श्वस्थादीनां चावग्रह एव नास्ति तथापि यदि तत् क्षेत्रं

क्षुल्लकमन्यत्रैव च संविग्ना निर्वहन्ति ततस्तत्क्षेत्रं परिहरन्त्येव, अथ पार्श्वस्थादीनां क्षेत्रं विस्तीर्णं संविग्नश्चान्यत्र न निर्वहन्ति ततस्तत्रापि प्रविशंति, सचित्तादि च गृह्णन्ति प्रायश्चित्तिनोऽपि न भवन्तीति । सन्निषद्या-आसनविशेषः, सा च सम्भोगासम्भोगकारणं भवति, तथाहि संनिषद्यागत आचार्यो निषद्यागतेन साम्भोगिकाचार्येण सह श्रुतपरिवर्त्तनां करोति शुद्धः, अथामनोज्ञपार्श्वस्थादिसाध्वीगृहस्थैः सह तदा प्रायश्चित्ती भवति, तथाऽक्षनिषद्यां विनाऽनुयोगं कुर्वतः श्रृण्वतश्च प्रायश्चित्तं तथा निषद्यामुपविष्टः सूत्रार्थौ पृच्छति अतिचारान् वाऽऽलोचयति यदि तदा तथैवेति । कथावादादिका पंचधा तस्याः प्रबन्धनं-प्रबन्धेन करणम्-कथाप्रबन्धनं तत्र संभोगासंभोगौ भवतः, तत्र मतमभ्युपगम्य पञ्चावयवेन त्र्यवयवेन वा वाक्येन यत्तत्समर्थनं स छलजातिविरहितो भूतार्थान्वेषणपरो वादः, स एव छलजातिनिग्रहस्थानपरो जल्पः, यत्रैकस्य पक्षपरिग्रहोऽस्ति नापरस्य सा दूषणमात्रप्रवृत्ता वितण्डा, तथा प्रकीर्णकथा चतुर्थी, सा चोत्सर्गकथा द्रव्यास्तिकनयकथा वा, निश्चयकथा पञ्चमी सा चापवादकथा पर्यायास्तिकनयकथा वेति, तत्राद्यास्तिस्त्रः कथाः श्रमणीवर्जैः सह करोति, ताभिः सह कुर्वन् प्रायश्चित्ती, चतुर्थवेलायाञ्चालोचयन्नपि विसम्भोगार्ह इति ॥१॥

પ્રતિમા સ્વીકારનારના ભોગ વિષયક નિરૂપણ કરે છે.

સમાન સામાચારિવાળા સાધુઓના ભોજનાદિ તે સંભોગ કહેવાય. આ સંભોગ ઉપધિ આદિ વિષયના ભેદથી બાર પ્રકારનો છે તેમાં ઉપધિ એટલે વસ્ત્ર પાત્રાદિ, તેને સાંભોગિકની સાથે ઉદ્ગમ, ઉત્પાદના અને એષણાદિ દોષોથી રહિત જ્યારે ગ્રહણ કરે છે ત્યારે તે શુદ્ધ છે. પરંતુ તે જ વસ્ત્ર પાત્રાદિ અશુદ્ધ ગ્રહણ કરતો, જ્યારે તે સાંભોગિક કો'કથી પ્રેરણા પામીને પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે છે, ત્યારે તેવી રીતના ભૂલ કરનાર તે ત્રણવાર સાંભોગિક રહેવાને યોગ્ય છે. કિન્તુ ચોથી વખતનો તે જો આવી જ ભૂલ કરે તો પ્રાયશ્ચિત ગ્રહણ કરવા છતા પણ સાંભોગિક રહેવાને યોગ્ય નથી રહેતો. જે અસાંભોગિક એવા પાર્શ્વસ્થાદિની સાથે કે શ્રમણીની સાથે શુદ્ધ કે અશુદ્ધ એવા ઉપધિ કે આહારાદિ નિષ્કારણ ગ્રહણ કરતો હોય તે પ્રેરણા પમાયા પછી ત્રણ વારથી વધુ એજ ભૂલ કરી અને પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે તો તેવો પણ શ્રમણ અસાંભોગ્ય બની જાય. એજ પ્રમાણે ઉપધિનું પરિકર્મ કે પરિભોગ કરતો પણ ત્રણ વાર સાંભોગિક અને ચોથી વખત અસાંભોગિક બને છે. વિધિ પૂર્વક સાંભોગિક કે અસાંભોગિક પાસે ઉપસંપદા સ્વીકારનારની પાસે શ્રુતની વાચના, પૃચ્છનાદિને ગ્રહણ કરનાર શુદ્ધ કહેવાય છે. પરંતુ તેની જ પાસે અવિધિ પૂર્વક ઉપસંપદા સ્વીકારનાર કે ન સ્વીકારનાર તથા પાર્શ્વસ્થાદિ કે સાધ્વી વાચનાદિ ગ્રહણ કરનાર ત્રણ વખત પછી અસાંભોગિક બની જાય છે. ભક્ત અને પાન વિષે ઉપધિ દ્વાર પ્રમાણે જાણી લેવું. પરંતુ ભોજન અને દાન એ બન્ને પરિકર્મ અને પરિભોગને સ્થાને લેવા. સાંભોગિકોની અને અન્ય

સાંભોગિક સંવિગ્નોને પ્રણામ કરવા પૂર્વક ખમાસમણ, આલોચના અથવા સૂત્રાર્થ વાચનાદિના કારણે નિષદ્યા પાથરવા માટે આપવું તે શુદ્ધ છે. જ્યારે આજ બધું જો પાર્શ્વસ્થાદિને કરાય તો પૂર્વવત્ કરનાર સાંભોગિક અને અસાંભોગિક બને છે. સાંભોગિક શ્રમણ સાંભોગિકને અને અન્ય સાંભોગિક કે શિષ્યગણને દાન આપતા તેજ રીતે સંભોગ્ય વિસંભોગ્ય બને છે. હવે નિકાચન, છંદન કે નિમંત્રણ આ બધું જ એકાર્થક છે. એમાં શય્યા, ઉપધિ અને આહારથી, શિષ્યગણના દાનથી અને સ્વાધ્યાયથી સાંભોગિકને સાંભોગિક નિમંત્રણ આપે તો શુદ્ધ, નહીતર પૂર્વવત્ સાંભોગિક અસાંભોગિક બન્ને, અભ્યુત્થાન એટલે આસનનો ત્યાગ. તેમાં પાર્શ્વસ્થાદિનું અભ્યુત્થાન કરે તો પૂર્વવત્ અસાંભોગ્ય, અહિંયા અભ્યુત્થાન ઉપલક્ષણ જાણીને કિંકરતા એટલે મહેમાન સાધુઓ કે ગ્લાનાદિ અવસ્થામાં શું વિશ્રામણાદિ કરૂં ? ઈત્યાદિ પ્રશ્નાત્મક છે. અભ્યાસ કરણ એટલે, પાર્શ્વસ્થાદિના ધર્મથી ચ્યુત થયેલાને ફરી પાછું તેમાં સ્થાપવું. અવિભક્તિ એટલે પાર્શ્વસ્થાદિ સાથે અભિન્નભાવવાળી અવિભક્તિ કરતો અશુદ્ધ અને અસાંભોગ્ય છે. અને આ જ બધું જો આગમ અનુસાર કરે તો શુદ્ધ અને સાંભોગ્ય છે. કૃતિકર્મ એટલે વંદન, જો આવું વંદન વિધિપૂર્વક થાય તો શુદ્ધ છે અને અવિધિપૂર્વક કરે તો અશુદ્ધ આ વંદનનો વિધિ આ પ્રમાણે છે, જે સાધુનો વાયુ વિગેરેના કારણે દેહ જકડાઈ ગયો હોય અને ઉત્થાનાદિ કરવાને જે અસમર્થ હોય તે વંદનના સૂત્રોનું અસ્ખલિતપણું ઉચ્ચારણ કરે એજ પ્રમાણે આવર્તાદિ, શિરો નમનાદિ પણ જેટલું શક્ય બને એટલું કરે. આ પ્રમાણે અશઠભાવથી કરાયેલા વંદનનો વિધિ કહ્યો. વૈયાવૃત્ય - આહાર ઉપધિ વિગેરેના દાનથી, લઘુનીતિ માટે માત્રક વિગેરે આપવા વિગેરે સહાયથી જે ઉપકાર કરવો તે વિષયમાં સાંભોગિક અને અસાંભોગિક થાય એમ જાણવું. સમવસરણ - જિનેશ્વર ભગવંતના સ્નાત્ર, અભિષેક, રથયાત્રા, પદયાત્રાદિ જેમાં ઘણા બધા મહાત્મા - શ્રમણો મળે તે સમવસરણ - અહિંયા ક્ષેત્રને આશ્રયિને સાધુઓને સામાન્ય અવગ્રહ હોય છે. અને વસતિને આશ્રયિને સાધારણ અને અસાધારણ એમ બેય પ્રકારના અવગ્રહ હોય છે. આમ કહીને અન્ય અવગ્રહો પણ ઉપલક્ષણથી કહેવાઇ ગયા. જેમકે, વર્ષાવગ્રહ, ઋતુબદ્ધાવગ્રહ, વૃદ્ધવાસાવગ્રહ ઈત્યાદિ. આ પ્રત્યેક અવગ્રહના સાધારણ અને પ્રત્યેક એમ બે બે ભેદ છે, તેમાં જે ક્ષેત્ર વર્ષાકલ્પ માટે એક સાથે ભીન્ન ગચ્છના બે કે એથી વધારે સાધુઓની અનુજ્ઞા અપાયેલું હોય તે સાધારણ, અને જે ક્ષેત્ર એક જ સાધુઓએ (અન્યગચ્છનાનડી) અનુજ્ઞાપિત કર્યું હોય તે પ્રત્યેકાવગ્રહ, આ જ પ્રમાણે આ બધા અવગ્રહોમાંથી અનાતાપ્ય એવા સચિત્તરૂપ શિષ્યને કે અચિત્ત એવા વસ્ત્રાદિને ગ્રહણ કરતો અથવા અનાભોગથી ગ્રહણ કરાયેલા તે ન આપતો એવો તે શ્રમણ ક્રમથી સમનોજ્ઞ અને અમનોજ્ઞ બનવાથી એક પ્રાયશ્ચિત્તના ભાગી બને છે અને બીજા અસાંભોગ્ય બને છે. પાર્શ્વસ્થ વિગેરેના તો અવગ્રહ જ હોતો નથી. છતાં પણ જો ક્ષેત્ર ક્ષુલ્લક એટલે કે સામાન્ય હોય, અને સંવિગ્નોનો નિર્વાહ અન્યત્ર પણ થઇ જતો હોય તો તે ક્ષુલ્લક ક્ષેત્રને છોડી દે અને જો પાર્શ્વસ્થાદિનું ક્ષેત્ર વિશાળ હોય, અને સંવિગ્નોનો નિર્વાહ અન્યત્ર ન થતો હોય તો સંવિગ્નો એ પાર્શ્વસ્થના ક્ષેત્રમાં

પણ પ્રવેશ કરે, ત્યાંના સચિત્તાદિ ગ્રહણ કરે. અને આમ તો તેઓ પ્રાયશ્ચિત્તના ભાગી બનતા નથી. સંનિષધા એટલે આસનવિશેષ. તે પણ સાંભોગિક અને અસાંભોગિકપણાનું કારણ છે. તે આ પ્રમાણે કે, સંનિષધામાં રહેલા આચાર્ય નિષધાસ્થિત રહેલા સાંભોગિક આચાર્ય સાથે શ્રુત સ્વાધ્યાય કરે તે શુદ્ધ. અને જો અમનોજ્ઞ પાર્શ્વસ્થાદિ, સાધ્વી કે ગૃહસ્થો સાથે વાતચિત કરે તો અશુદ્ધ, પ્રાયશ્ચિત્ત યોગ્ય બને છે. એમ જ સ્થાપનાચાર્ય સ્થાપિત કર્યા વિના અનુયોગ કરનાર કે પુછનારને પ્રાયશ્ચિત્ત આવે છે. તેમ જ નિષદ્યા પર બેઠા બેઠા જ સૂત્રાર્થની પૃછના કરનાર કે આલોચના કરનારને પણ પ્રાયશ્ચિત્ત આવે છે.

કથા વાદ વગેરે પાંચ પ્રકારની છે.. તે કથાનો વિસ્તાર પણ સાંભોગિક અને અસાંભોગિકપણાના કારણભૂત બને છે. વાદ વગેરે પાંચ પ્રકારની કથામાં "સ્વમત સ્વીકારી છલ જાતિ વગેરેથી રહિતપણે. સદ્‌ભૂત પદાર્થના અન્વેષણ પૂર્વક પંચાવયવ વાક્ય કે ત્રિઅવયવ વાક્ય દ્વારા સ્વમત સમર્થન કરવું એનું નામ **વાદ** છે. તે વાદ પણ છલ, જાતિ વગેરે નિગ્રહસ્થાનથી યુક્ત બનતા **જલ્પ** છે..., જેમાં (વાદી પ્રતિવાદીમાં..) એક જણને પોતાનો પક્ષનો સ્વીકાર છે પણ અન્યને પોતાનો કોઇ પક્ષ જ નથી માત્ર સીમાને દૂષણ આપવામાં માત્ર પ્રવૃત્ત છે તે **વિતણ્ડા** છે.. (આ ત્રણ કથા થઇ) પ્રકીર્ણ કથા એ ચોથી કથા છે તે ઉત્સર્ગકથા અથવા દ્રવ્યાસ્તિકનયકથા રૂપ છે.. તેમાં પણ. પહેલી ત્રણ (વાદ જલ્પને વિતણ્ડારૂપ) કથા શ્રમણી સિવાયની વ્યક્તિ સાથે કરવી તેણીઓ સાથે કરનાર પ્રાયશ્ચિત્તનો ભાગી બને છે..

ત્રણવાર ભૂલ કરે આલોચે પછી ચોથીવાર આ ભૂલ કરીને આલોચે તો પણ તે વિસંભોગાર્હ એટલે કે અસાંભોગિક બને છે.

આમ ૧૨ પ્રકારે.: સાંભોગિક અસાંભોગિક બને છે તેનું વર્ણન પુરું થયું. ॥૯॥

विसंभोगार्हेण साम्भोगिकत्वं पापायातः क्रियास्थानान्याह–

**अर्थानर्थहिंसाकस्माद्दृष्टिविपर्यासमृषावादादत्तादानाध्यात्मिकमानमित्रद्वेषमायालोभैर्यापथिकप्रत्ययदण्डास्त्रयोदशक्रियास्थानानि ॥१०॥**

अर्थेति, क्रिया–कर्मबन्धनिबन्धचेष्टा तस्याः स्थानानि भेदाः क्रियास्थानानि, तत्रार्थाय–शरीरस्वजनधर्मादिप्रयोजनाय दण्डः–त्रसस्थावरहिंसा अर्थदण्डः, तद्विलक्षणोऽनर्थदण्डः, हिंसामाश्रित्य हिंसितवान् हिनस्ति हिंसिष्यति वाऽयं वैरिकादिर्मामित्येवं प्रणिधानेन दण्डो विनाशनं हिंसादण्डः, अकस्मात्–अनभिसंधिनोऽन्यवधाय प्रवृत्त्या दण्डः–अन्यस्य विनाशोऽकस्माद्दण्डः, दृष्टेर्बुद्धेर्विपर्यासिका, विपर्यासिता वा दृष्टिर्दृष्टिविपर्यासिका मतिभ्रमः तेन दण्डः प्राणिवधो दृष्टिविपर्यासिकादण्डः, मित्रादेरमित्रादिबुद्ध्या हननमिति भावः, मृषावादः–आत्मपरो भयार्थमलीकवचनं तदेव प्रत्ययः कारणं यस्य दण्डस्य स मृषावाद-

प्रत्ययः, एवमदत्तादानप्रत्ययोऽपि, आध्यात्मिको बाह्यनिमित्तानपेक्षः मनसि भवः शोकादिभव इत्यर्थः, मानप्रत्ययः जात्यादिमदहेतुकः, मित्रद्वेषप्रत्ययः-मातापित्रादीनामल्पेऽप्यपराधे महादण्डनिर्वर्त्तनम्, मायाप्रत्ययो मायानिबन्धनः, एवं लोभप्रत्ययोऽपि, ऐर्यापथिकः-केवलयोगप्रत्ययः कर्मबन्धः-उपशान्तमोहादीनां सातवेदनीयबन्ध इति ॥१०॥

હવે અસામ્ભોગિક સાથે સાંભોગિકપણું કરવું એ પાપ માટે છે... તેથી (પાપરૂપ) (૧૩) ક્રિયા સ્થાનો કહે છે.

અર્થ = પ્રયોજન ક્રિયા = કર્મબન્ધનીકારણભૂતચેષ્ટા તે ક્રિયાના સ્થાનો એટલે કે ભેદો.. એનુ નામ છે ક્રિયાસ્થાનો. (તે ૧૩ પ્રકારના છે) તેમાં અર્થ માટે... અર્થાત્ શરીર-સ્વજન-ધર્મ વગેરેના પ્રયોજનથી જે ત્રસસ્થાવર હિંસા રૂપ દંડ કરે છે... તે **અર્થદંડ ક્રિયા છે.** તેનાથી વિલક્ષણ એટલે કે તેવા કોઇ પ્રયોજન વિના જે હિંસાદિ દંડ કરાય તે અનર્થદંડ ક્રિયા છે.. આણે મને માર્યો હતો અથવા મારે છે કે મારશે... તેવો હિંસા સંબંધિ વિકલ્પથી અથવા આ મારો વૈરી છે. એવા પ્રણિધાનથી કોઇનો વિનાશ કરવો તે હિંસાદંડ છે. મનમાં જેને મારવાનો વિકલ્પ નથી ને અન્યના વધની પ્રવૃત્તિથી કોઇ અન્યનો જ વિનાશ થઇ જાય તે અકસ્માત્ દંડ છે. દૃષ્ટિ = બુદ્ધિ એની વિપરીતતા અથવા વિપરીત એવી દૃષ્ટિથી મતિભ્રમ થકી કોઇ પ્રાણિવધ થાય તે દૃષ્ટિ વિપર્યાસિકા દંડ છે. જેમ કે મિત્ર વગેરેને અમિત્ર માનીને મારી નાંખવું. પોતાના માટે, અન્યના માટે કે ઉભયમાટે જુઠું વચન બોલવાના કારણે જે હિંસાદિ દંડ થાય છે તે મૃષાવાદપ્રત્યયદંડ છે. એજ રીતે અદત્તાદાન = ચોરી જે દંડનું કારણ બને છે તેવો હિંસાદિ દંડ અદત્તાદાન પ્રત્યયદંડ છે. બાહ્યનિમિત્તની અપેક્ષા વિનાજ મનમાં શોકાદિ ઉત્પન્ન થાય છે તે આધ્યાત્મિક દંડ છે. જાતિમદ વગેરે મદ જેમાં કારણ બનીને હિંસાદિ દંડ થાય છે તે માન પ્રત્યય દંડ છે. માતપિતાના નાના પણ અપરાધમાં મોટી શિક્ષા કરવારૂપ મિત્રદ્વેષ પ્રત્યય દંડ છે. માયા જેમાં કારણ બને છે તે માયા પ્રત્યય દંડ છે. ને એજ રીતે લોભ જેમાં કારણ બને છે લોભ પ્રત્યય દંડ છે. માત્ર કાયયોગ જે કર્મબંધમાં કારણ બને છે તે ઐર્યાપથિક દંડ છે. જેમકે ઉપશાંતમોહ વગેરેને (ગુણસ્થાનીકોને) સાતા વેદનીયનો બંધ ઇતિ. ॥૧૦॥

क्रियास्थानाभावाय पूर्वज्ञानं भवतीति तान्याह-

**उत्पादाग्रायणीयवीर्यास्तिनास्तिप्रवादज्ञानप्रवादसत्यप्रवादात्मप्रवादकर्मप्रवादप्रत्याख्यानविद्यानुप्रवादावन्ध्यप्राणायुःक्रियाविशाललोकबिन्दुसाराणि चतुर्दशपूर्वाणि ॥११॥**

**उत्पादेति**, तीर्थकरस्तीर्थप्रवर्त्तनकाले गणधरान् सकलश्रुतार्थावगाहनसमर्थानधिकृत्य पूर्वं पूर्वगतसूत्रार्थं भाषते ततस्तानि पूर्वाण्युच्यन्ते, गणधराः पुनस्तत्र रचनां विदधते आचारादि-

क्रमेण स्थापयन्ति, तत्रोत्पादपूर्वे-सर्वद्रव्याणां सर्वपर्यायाणाञ्चोत्पादमधिकृत्य प्ररूपणा क्रियते, तस्य पदपरिमाणमेका पदकोटी । अग्रायणीयं अग्रं परिमाणं तस्यायनं गमनं परिच्छेद इत्यर्थः, तस्मै हितमग्रायणीयं, सर्वद्रव्यादिपरिमाणपरिच्छेदकारीति भावार्थः, तत्र हि सर्वद्रव्याणां सर्वपर्यायाणां सर्वजीवविशेषाणाञ्च परिमाणमुपवर्ण्यते, तस्य पदपरिमाणं षण्णवतिपदशतसहस्राणि । वीर्यप्रवादं-तत्र सकर्मेतराणां जीवानामजीवानाञ्च वीर्यमुच्यते तस्य पदपरिमाणं सप्ततिपदशतसहस्राणि । अस्तिनास्तिप्रवादं-तत्र यद्वस्तु लोकेऽस्ति धर्मास्तिकायादि, यच्च नास्ति खरश्रृङ्गादि तत्प्रवदति, अथवा सर्वं वस्तुस्वरूपेणास्ति पररूपेण नास्तीति प्ररूपणं क्रियते, तस्य पदपरिमाणं षष्टिः पदशतसहस्राणि । ज्ञानप्रवादं-मतिज्ञानादिभेदभिन्नं ज्ञानं, पंचप्रकारं सप्रपञ्चं वदति, तस्य पदपरिमाणं एका पदकोटी पदेनैकेन न्यूना । सत्यप्रवादं-सत्य संयमो वचनं वा तत्सत्यं संयमं वचनं वा प्रकर्षेण वदतीति सत्यप्रवादं तस्य पदपरिमाणं एका पदकोटी षड्भिः पदैरधिका । आत्मानं जीवमनेकधा नयमतभेदेन यत्प्रवदतीत्यात्मप्रवादं तस्य पदप्रमाणं षड्विंशतिपदकोट्यः । कर्मज्ञानावरणीयादिकमष्टप्रकारं प्रकृत्तिस्थित्यनुभागप्रदेशादिभेदैः सप्रपंचं वदतीति कर्मप्रवादं तस्य पदपरिमाणं एका कोटी अशीतिश्च षट् सहस्राणि । प्रत्याख्यानं सप्रभेदं यद्वदति तत्प्रत्याख्यानप्रवादं तस्य प्रमाणं चतुरशीतिपदलक्षाणि । विद्यामनेकातिशयसम्पन्नामनुप्रवदति साधनानुकूल्येन सिद्धिप्रकर्षेण चेति विद्यानुप्रवादं तस्य पदपरिमाणं एका पदकोटी दश च पदलक्षाः । वन्ध्यं निष्फलं न विद्यते यत्र तदवन्ध्यं, यत्र सर्वेऽपि ज्ञानतपःसंयमादयः शुभफलाः सर्वे च प्रमादादयोऽशुभफला वर्ण्यन्ते, तस्य पदपरिमाणं षड्विंशतिपदकोट्यः । प्राणाः पञ्चेन्द्रियाणि त्रीणि मानसादीनि बलानि, उच्छ्वासनिःश्वासौ चायुश्च यत्र चैतानि सप्रभेदमुपवर्ण्यन्ते तदुपचारतः प्राणायुः, तस्य पदपरिमाणमेका पदकोटी षट्पञ्चाशच्च पदलक्षाणि । क्रियाः कायिक्यादयः संयमक्रियाछन्दःक्रियादयश्च ताभिः प्ररूप्यमाणाभिर्विशालं, क्रियाविशालम्, तस्य पदपरिमाणं नवपदकोट्यः । लोकबिन्दुसारं-लोके जगति श्रुतलोके वा अक्षरस्योपरि बिन्दुरिव सारं सर्वोत्तमं सर्वाक्षरसन्निपातलब्धिहेतुत्वाल्लोकबिन्दुसारम्, तस्य पदपरिमाणमर्द्धत्रयोदशपदकोट्यः ॥११॥

१३-१३ ક્રિયાસ્થાનના અભાવ માટે પૂર્વનું જ્ઞાન હોય છે.. માટે હવે તે (૧૪) પૂર્વો કહે છે.

"ઉત્પાદ" તીર્થંકર ભગવંતો તીર્થ પ્રવર્તન કાલમાં ગણધરોને સકલ શ્રુતના પદાર્થોનું અવગાહન કરવામાં સમર્થ જાણીને સહુપ્રથમ પૂર્વગત સૂત્રના અર્થો કહે છે. માટે (ઉપરોક્ત ૧૪ શાસ્ત્રોને)

એને પૂર્વ કહેવામાં આવે છે.. અને ત્યાં ગણધરો (સૂત્ર) રચના કરે છે અને (દ્વાદશાંગીને) આચાર વગેરેના ક્રમથી સ્થાપે છે..

તે ચૌદપૂર્વોમાં - **ઉત્પાદપૂર્વમાં...** સર્વદ્રવ્યો અને સર્વ પર્યાયોના ઉત્પત્તિને અશ્રયિને પ્રરૂપણા કરાય છે. તે ઉત્પાદપૂર્વનું પદ પરિમાણ એક કરોડ પદ છે.

**અગ્રાયણીયં = અગ્ર એટલે પરિમાણ. તેનું અયન એ ગયન - જ્ઞાન.**

**પરિમાણના જ્ઞાન માટે હિતકારી તેનું નામ અગ્રાયણીય... સર્વ દ્રવ્ય -વગેરેના પરિમાણનો બોધ કરાવનાર એમ ભાવાર્થ થયો... તેમાં સર્વદ્રવ્યોનું સર્વ પર્યાયોનું સર્વજીવ વિશેષોનું પરિમાણ વર્ણવાય છે. તે અગ્રાયણીય પૂર્વના પદનું પરિમાણ ૯૬ લાખ પદ છે.**

**વીર્યપ્રવાદ** = કર્મયુક્ત અને કર્મરહિત જીવોનું તેમજ અજીવોનું વીર્ય જેમાં વર્ણવાય છે તે આ વીર્યપ્રવાદ પૂર્વનું પદ પરિમાણ ૭૦ લાખ પદ છે.

**અસ્તિનાસ્તિપ્રવાદ** :- લોકમાં ધર્માસ્તિકાય વગેરે જે વસ્તુ છે... અને ખરશૃંગ (ગધેડાના શીંગડા) વગેરે જે વસ્તુઓ નથી... અર્થાત્ અસ્તિત્વ ધરાવતી કે ન ધરાવતી વસ્તુઓનું જે વર્ણન કરે તે અથવા દરેક વસ્તુ સ્વરૂપથી છે પરસ્વરૂપથી નથી તે પ્રરૂપણા જેમાં કરાય તે અસ્તિનાસ્તિપ્રવાદ પૂર્વ છે. તેના પદનું પરિમાણ ૬૦ લાખ પદ છે.

**જ્ઞાનપ્રવાદ પૂર્વ** :- મતિજ્ઞાન વગેરે ભેદવાળા (પાંચેય પ્રકારના જ્ઞાનને વિસ્તાર સહિત કહે છે.. તે જ્ઞાનપ્રવાદ પૂર્વ છે. તેનું પરિમાણ ૧૫૨ ન્યૂન એવા એક કરોડ પદ છે.

**સત્યપ્રવાદ** :- સત્ય એટલે સંયમ અથવા વચન - સંયમને અથવા વચનને ઉત્કૃષ્ટતાથી જે વર્ણવે છે. તે સત્યપ્રવાદ પૂર્વ છે. અને એનું પદ પરિમાણ એક કરોડને છ પદનું છે.

**આત્મપ્રવાદ** :- આત્માને અર્થાત્ જીવને અનેક પ્રકારે નય અને મતના ભેદથી જે વિશેષ રીતે કહે છે. તે આત્મપ્રવાદ પૂર્વ છે તેના પદનું પરિમાણ ૨૬ કરોડ પદ છે.

**કર્મપ્રવાદ** :- કર્મ - જ્ઞાનાવરણીય વગેરે આઠ પ્રકારના છે. પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ વગેરે ભેદોથી તે આઠે પ્રકારના કર્મોનું વિસ્તારપૂર્ણ વર્ણન કરે છે. તે કર્મપ્રવાદ પૂર્વ છે. તેનું પદ પરિમાણ ૧ કરોડ ૮૬ હજાર પદ છે.

**પ્રત્યાખ્યાન પૂર્વ** :- ભેદ પ્રભેદ સહિત પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) ને જે વર્ણવે છે તે પ્રત્યાખ્યાન પ્રવાદ પૂર્વ છે. તેનું પ્રમાણ ૮૪ લાખ પદ છે.

**વિદ્યાનુપ્રવાદ** :- ચમત્કારીક પ્રભાવોથી સંપન્ન અનેક વિદ્યાઓને જે કહે છે તે પણ આમ્નાયો સાધનોની અનુકુલતા દ્વારા ને સિદ્ધિના પ્રકર્ષ દ્વારા, તે વિદ્યાનુપ્રવાદ છે તેના પદનું પરિમાણ ૧ કરોડ ને ૧૦ લાખ પદ છે.

**અવન્ધ્ય (પૂર્વ)** :- અવન્ધ્ય એટલે જે નિષ્ફલ ન હોય તે અવન્ધ્ય (અવન્ધ્ય એવાં) સર્વ જ્ઞાન તપ અને સંયમ શુભફલવાળા જેમાં  વર્ણવાય છે. તેમજ જેમાં અશુભફલવાળા પ્રમાદાદિ જેમાં વર્ણવાય છે. તે  અવન્ધ્યપૂર્વ. તેનું પદ પરિમાણ ૨૬ કરોડ પદો છે.

**પ્રાણાયુઃપૂર્વ** :-  પ્રાણો... પાંચઈન્દ્રિય, ત્રણ (મન વચન કાય) બળ ઉચ્છ્વાસ નિઃશ્વાસ અને આયુષ્ય જેમાં ભેદપ્રભેદ વર્ણવાય છે તે પૂર્વને પણ ઉપચારથી પ્રાણાયુઃ પૂર્વ કહેવાય છે. તેનું પદપરિમાણ ૧ કરોડ ૫૬ લાખ પદનું છે.

**ક્રિયાવિશાલપૂર્વ** :- કાયિકી વગેરે ક્રિયાઓ... સંયમક્રિયા છન્દઃક્રિયા વગેરે. જેમાં પ્રરૂપણ કરાતા જે વિશાલ બને છે. તે ક્રિયાવિશાલપૂર્વ છે. અને તેનું પદ પરિમાણ ૯ કરોડ પદ છે.

**લોકબિંદુસાર** :-  અક્ષર ઉપર જેમ બિંદુ સારભૂત કે સર્વોત્તમ કહેવાય છે. તેમ આ જગત્‌માં અથવા શ્રુતલોકમાં સર્વ અક્ષરસન્નિપાત લબ્ધિનું કારણભૂત જે પૂર્વ હોવાથી લોકબિંદુસારપૂર્વ કહેવાય છે. તેનું પરિમાણ ૧૩ા કરોડ પદ છે. ॥૧૧॥

एतद्विराधकाः परमाधार्मिककृतपीडां सहन्तीति तानाह–

**अम्बाम्बरिषीश्यामशबलरौद्रोपरौद्रकालमहाकालासिपत्रधनुःकुम्भवालुकावैतरणी-खरस्वरमहाघोषाः पञ्चदश परमाधार्मिकाः ॥१२॥**

**अम्बेति,** परमाश्च तेऽधार्मिकाश्च परमाधार्मिकाः संक्लिष्टपरिणामत्वात् असुर-निकायान्तर्वर्त्तिनो ये तिसृषु पृथिवीषु नारकान् कदर्थयन्ति, ते च व्यापारभेदेन पञ्चदश भवन्ति, तत्र यः परमाधार्मिको देवो नारकान् हन्ति पातयति बध्नाति नीत्वा चाम्बरतले विमुञ्चति सोऽम्ब इत्यभिधीयते, यो नारकान्निहतान् कल्पनिकाभिः खण्डशः कल्पयित्वा भ्राष्ट्रपाकयोग्यान् करोति सोऽम्बरिषी, यस्तु रज्जुहस्तप्रहारादिना शातनपातनादि करोति वर्णतश्च श्यामः स श्यामः, यश्चांत्रवसाहृदयकालेयकादीन्युत्पाटयति वर्णतश्च कर्म्बुरः स शबलः, यश्शक्तिकुन्तादिषु नारकान् प्रोतयति स रौद्रत्वाद्रौद्रः, यस्तु तेषामङ्गोपाङ्गानि भनक्ति सोऽत्यन्तरौद्रत्वादुपरौद्रः, यः कण्ड्वादिषु पचति वर्णतः कालश्च स कालः, यः श्लक्ष्णमांसानि खण्डयित्वा खादयति वर्णतश्च महाकालः स महाकालः, यः खड्गाकारपत्रवद्वनं विकुर्व्य तत्समाश्रितान्नारकानसिपत्रपातनेन तिलशश्छिनत्ति सोऽसिपत्रः, यो धनुर्विमुक्तार्ध-चन्द्रादिबाणैः कर्णादीनां छेदनभेदनादि करोति स धनुः, यः कुम्भादिषु तान् पचति स कुम्भः, यः कदम्बपुष्पाकारासु वज्राकारासु वैक्रियवालुकासु तप्तासु चणकानिव तान् पचति स वालुका; यः पूयरुधिरत्रपुताम्रादिभिरतितापात् कललायमानैर्भृतां विरूपं तरणं प्रयोजनमस्या इति वैतरणीति यथार्था नदीं विकुर्व्य तत्तारणेन नारकान् कदर्थयति स वैतरणी,, यो

वज्रकण्टकाकुलं शाल्मलीवृक्षं नारकमारोप्य खरस्वरं कुर्वन्तं कुर्वन् वा कर्षति स खरस्वरः, यस्तु भीतान पलायमानान् नारकान् पशूनिव वाटकेषु महाघोषं कुर्वन्निरुणद्धि स महाघोष इति ॥१२॥

આ ચૌદપૂર્વના વિરાધકો.. પરમાધાર્મિકકૃત પીડાઓને સહન કરે છે. માટે તે ૧૫ પરમાધાર્મિકોને... હવે કહે છે.

અંબ - પરમ એવા તે સંક્લિષ્ટ પરિણામથી અધાર્મિકો, અસુરનિકાયવર્તી એવા તેઓ (દેવો - અસુરો) (પ્રથમ) ત્રણ નારકીઓમાં નારકોની કદર્થના કરે છે. તે અસુરો પોતાના વિવિધ વ્યાપારોને લઇને ૧૫ પ્રકારના થાય છે.

તેમાં - જે પરમાધાર્મિક દેવ નારકોને હણે છે. પાડે છે બાંધે છે. લઇ જઇને આકાશ તલે મુકે છે. તેને અંબ (પ્રકારના પરમાધાર્મિક) કહેવાય છે.

જે મારેલા એવા નારકોનો તીક્ષ્ણ છરીઓ વગેરેથી ટુકડા કરીને ભઠ્ઠામાં પકાવવા યોગ્ય બનાવે છે તે અંબરિષી (પ્રકારના પરમાધાર્મિક) કહેવાય છે.

અને જે ચાબુક કે હાથ વગેરે દ્વારા નારકીઓને સાતન પાતન = (પીડા) પહોંચાડે છે. અને વર્ણથી કાળા છે તે શ્યામ (પ્રકારના પરમાધાર્મિક) કહેવાય છે.

જે નારકીઓના આંતરડા, ચરબી, હૃદય, કલેજું વગેરેને ઉખાડી નાંખે છે વર્ણથી કાબરચીતરા હોય છે તે શબલ (પ્રકારના પરમાધાર્મિક) કહેવાય છે.

જે શક્તિ અને ભાલાઓ વગેરેથી નારકીઓને (આરપાર) પરોવી દે છે. તે રોદ્રપણાથી રૌદ્ર (પ્રકારના પરમાધાર્મિકો) કહેવાય છે.

જે તેઓનો અંગોપાંગોને ભાંગી નાંખે છે તે અત્યન્ત ક્રૂર પરિણામી હોવાથી ઉપરૌદ્ર (પ્રકારના પરમાધાર્મિક) કહેવાય છે.

જે ખાજ વગેરેમાં (નારકીઓને) પકાવે છે. ને વર્ણથી કાળો છે. તે કાલ (પ્રકારના પરમાધાર્મિકો) કહેવાય છે.

જે માંસના ઝીણા ટુકડા કરીને (નારકીને) ખવડાવે છે તે મહાકાલ. (પ્રકારના પરમાધાર્મિકો) કહેવાય છે.

જે ખડ્ગ આકારના પાંદડાવાળા વનને વિકુર્વીને તેના આશરે આવેલા નારકીઓને અસિપત્ર પાડવા દ્વારા તલ તલ જેવડા ટુકડાની જેમ છેદી નાંખે છે. તે અસિપત્ર (પ્રકારના પરમાધાર્મિકો) કહેવાય છે.

જે ધનુષ્યમાંથી છોડેલા અર્ધ ચન્દ્રાદિ બાણો દ્વારા (નારકીઓના) કાન વગેરે છેદન ભેદન કરે છે. તે ધનુઃ (પ્રકારના પરમાધાર્મિકો) કહેવાય છે.

જે કુંભ વગેરેમાં તેઓને પકાવે છે. તે કુંભ (પ્રકારના પરમાધાર્મિકો) કહેવાય છે.

જે કદંબપુષ્પ જેવા આકારવાળી વજ્ર જેવી બળબળતી વૈક્રિય વાલુકા (રેતી) માં ચણાની જેમ (નારકીઓને) ભુંજે છે. તે વાલુકા (પ્રકારના પરમાધાર્મિકો) કહેવાય છે.

જે અત્યંત તપેલા તાંબા, સીસા ને ગંધાતા લોહી વગેરેના કળણથી ભરેલી અને જેનું અત્યંત ભયંકર તરવા રૂપ પ્રયોજનો છે એવી યથાર્થ નામ વાળી વૈતરણી નદીને વિકુર્વીને તેમાં તરાવવા દ્વારા નારકીઓને ભયંકર કદર્થના કરે છે તે વૈતરણી (પ્રકારના પરમાધાર્મિકો) કહેવાય છે.

વજ્ર જેવા કાંટાથી ભરેલા શાલ્મલીવૃક્ષોને વિકુર્વીને એના ઉપર નારકોને (પરાણે) ચડાવીને એકદમ કર્કશ સ્વર કરતા તેઓને ઝાડ પરથી ઘસડીને ખેંચે છે તે ખરસ્વર (પ્રકારના પરમાધાર્મિકો) કહેવાય છે.

જે ડરેલા અને ભાગતા નારકીઓને.. પશુઓની માફક મોટેથી અવાજ કરી વાડા વગેરેમાં બાંધે છે તે મહાઘોષ (પ્રકારના પરમાધાર્મિકો) કહેવાય છે. ॥૧૨॥

तीव्रकषायैर्भवन्ति परमाधार्मिका इति कषायानाहं-

**अनन्तानुबन्ध्यप्रत्याख्यानप्रत्याख्यानसंज्वलनक्रोधमानमायालोभाःषोडशकषायाः ॥१३॥**

**अनन्तेति,** कष्यन्ते बाध्यन्ते प्राणिनोऽनेनेति कषं कर्म भवो वा तदायो लाभ यतस्ते कषायाः मोहनीयपुद्गलविशेषोदयसम्पाद्यजीवपरिणामविशेषाः क्रोधमानमायालोभाः, अनन्तं भवमनुबध्नात्यविच्छिन्नं करोतीत्येवंशीलोऽनन्तानुबन्धी अनन्तो वाऽनुबन्धो यस्येत्यनन्तानुबन्धी सम्यग्दर्शनसहभाविक्षमादिस्वरूपोपशमादिचरणलवविबन्धी चारित्रमोहनीयत्वात्तस्य न चोपशमादिभिरेव चारित्री, अल्पत्वात्, यथाऽमनस्को न संज्ञी, किन्तु मनसैव, तथा महता मूलगुणादिरूपेण चारित्रेण चारित्री । न विद्यते प्रत्याख्यानमणुव्रतादिरूपं यस्मिन् सोऽप्रत्याख्यानो देशविरत्यावारकः । सर्वविरतिं यो वृणोति स प्रत्याख्यानः, संज्वलयति दीपयति सर्वसावद्यविरतिमिति संज्वलनः ॥१३॥

તીવ્ર કષાયો દ્વારા જીવ પરમાધાર્મિક બને છે.. માટે (૧૬ ભેદે) કષાયોને કહે છે.

જેનાથી પ્રાણીઓ પીડાય છે તેનું નામ કષાય અથવા કષ = કર્મ, કષ = ભવનો જેનાથી લાભ થાય તે કષાય છે કારણકે મોહનીય (કર્મ) પુદ્ગલ વિશેષના ઉદયથી સંપન્ન એવા જીવ પરિણામ વિશેષ રૂપ ક્રોધ, માન, માયા અને લોભરૂપ આ કષાયો છે..

અનન્ત ભવનો અનુબંધ અવિચ્છિન્નપણે કરાવે એવા સ્વભાવવાળા કષાયો અનંતાનુબંધી છે. અથવા જેનો અનુબંધ અનંત છે તે અનંતાનુબંધી છે. અનંતાનુબંધી ચારિત્ર મોહનીય હોવાથી એ

સમ્યગ્દર્શનની સાથે રહેનાર જે ક્ષમાદિ ગુણરૂપ ઉપશમ વગેરે ચારિત્રાંશનો પ્રતિબંધી છે. (સમ્યગ્દર્શન સહભાવી) ઉપશમ વગેરેથી જ એ વ્યક્તિ ચારિત્રી નથી બનતો કેમકે ચારિત્રગુણનું એમાં અલ્પત્વ છે. જેમ (ભાવમન હોવા છતાં) મન વિનાનો વ્યક્તિ સંજ્ઞી નથી કહેવાતો, મન પ્રાપ્ત થાય ત્યારે જ એ સંજ્ઞી કહેવાય છે. તેવી રીતે મહાન એવા (અહિંસાદિ) મૂલગુણરૂપ ચારિત્રથી જ જીવ ચારિત્રી કહેવાય છે.

એજ રીતે જે કષાયના ઉદયમાં અણુવ્રતરૂપ પ્રત્યાખ્યાનાદિ નથી હોતા તે દેશવિરતિનો આવારક અપ્રત્યાખ્યાન કષાય છે.

જે સર્વવિરતિને વરે છે તે પ્રત્યાખ્યાન કષાય છે અને જે સર્વ સાવદ્યરૂપ વિરતિને બાળે છે. (અતિચાર યુક્ત બનાવે છે) તે સંજ્વલન કષાય છે.

(અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલન એમ ચારે પ્રકારે ચાર પ્રકારના ક્રોધ માન માયા લોભ કષાયો.. ૧૬ ભેદને પામે છે) ॥૧૩॥

तत्सद्भावासद्भावाभ्यां संयमासंयमौ भवत इति तावाह-

**पृथिव्यप्तेजोवायुवनस्पतिकायद्वित्रिचतुःपञ्चेन्द्रियाजीवकायप्रेक्षोपेक्षापहृत्या-प्रमार्जनमनोवाक्कायविषयौ संयमासंयमौ ॥१४॥**

**पृथिवीति,** पृथिव्यादिविषयेभ्यः संघट्टपरितापोपद्रावणेभ्य उपरमः तत्तत्संयमः, तद्विपरीतोऽसंयमः, अजीवकायासंयमो विकटसुवर्णबहुमूल्यवस्त्रपात्रपुस्तकादिग्रहणम्, तदुपरमः तत्संयम, प्रेक्षायामसंयमः स्थानोपकरणादीनामप्रत्युपेक्षणमविधिप्रत्युपेक्षणं वा, उपेक्षाऽसंयमोऽसंयमयोगेषु व्यापारणं संयमयोगेष्वव्यापारणं वा, अपहृत्यासंयमः अविधिनोच्चारादीनां परिष्ठापनतो यः सः, अप्रमार्जनासंयमः पात्रादेरप्रमार्जनयाऽविधिप्रमार्जनया वेति, मनोवाक्कायानामसंयमास्तेषामकुशलानामुदीरणानीति, असंयमविपरीतः संयम इति ॥१४॥

તે કષાયોના સદ્ભાવમાં સંયમ અને અસદ્ભાવમાં અસંયમ થાય છે માટે. (૧૭ પ્રકારના) સંયમ અસંયમ કહે છે.

પૃથિવીતિ - પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ વિષયક સંઘટ્ટો પરિતાપ ઉપદ્રવ આદિથી અટકવું તે **પૃથ્વીસંયમ, અપ્સંયમ, તેજઃ સંયમ, વાયુસંયમ વનસ્પતિસંયમ** છે. તેનાથી વિપરિત વર્તવું તે તે તે સંબંધી અસંયમ છે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિયના સંઘટ્ટ પરિતાપ ઉપદ્રવ આદિથી અટકવું તે બેઈન્દ્રિયસંયમ, તેઈન્દ્રિયસંયમ, ચઉરિન્દ્રિયસંયમ, પંચેન્દ્રિયસંયમ છે. તેનાથી વિપરિત વર્તવું તે તતસંબંધિ અસંયમ છે. **અજીવકાયનો અસંયમ** વિકટ, સુવર્ણ, બહુમૂલ્યવાળા વસ્ત્ર-પાત્ર આદિના ગ્રહણ કરવારૂપ છે. તેનાથી અટકવું તે

**અજીવકાયસંયમ** છે. સ્થાન તથા ઉપકરણ વગેરેનું અપ્રત્યુપેક્ષણ (સમ્યક્ રીતે જોવું નહીં તે) અથવા અવિધિથી જોવું તે **પ્રેક્ષાઅસંયમ.**

**ઉપેક્ષા અસંયમ :-** અસંયમ યોગમાં પ્રવૃત્તિ અને સંયમયોગ અપ્રવૃત્તિરૂપ છે.

**અપહૃત્ય અસંયમ :-** અવિધિથી સ્થંડિલ માત્રું વગેરેનું જે પરઠવું તે છે.

**અપ્રમાર્જના અસંયમ :-** પાત્ર વગેરેની અપ્રમાર્જના અથવા અવિધિથી પ્રમાર્જના કરવા વડે થાય છે.

**મનઃ અસંયમ, વચન અસંયમ** અને **કાયઅસંયમ :-** અકુશલ (અશુભ) મન વચન અને કાયાની ઉદીરણા રૂપ છે આ અસંયમથી વિપરીત (પ્રવૃત્તિ + પરિણતિ) એ સંયમ છે. ॥૧૪॥

संयमिनामेतदष्टादशस्थानानि भवन्तीति तान्याह-

**व्रतषट्ककायषट्काकल्पगृहिभाजनपर्यङ्कनिषद्यास्नानशोभावर्जनानि अष्टादश-निर्ग्रन्थानां सक्षुद्रकव्यक्तानां स्थानानि ॥१५॥**

**व्रतषट्केति,** सह क्षुद्रकैर्व्यक्तैश्च ये ते तेषाम्, तत्र क्षुद्रका वयसा श्रुतेन वाऽव्यक्ताः, व्यक्तास्तु ये वयःश्रुताभ्यां परिणताः, तेषां स्थानानि परिहारसेवाश्रयवस्तूनि । तत्र व्रतषट्कं-महाव्रतानि रात्रिभोजनविरतिश्च, कायषट्कं पृथिवीकायादि, अकल्पः-अकल्पनीयपिण्ड-शय्यावस्त्रपात्ररूपः, गृहिभाजनं-स्थाल्यादि, पर्यङ्कः-मञ्चकादि, निषद्या-स्त्रिया सहासनम्, स्नानं-शरीरक्षालनम्, शोभावर्जनं प्रसिद्धमिति ॥१५॥

સંયમીઓના આ અઢાર સ્થાનક હોય છે... તે હવે કહે છે.

ક્ષુદ્રકો દ્વારા અને વ્યક્તો દ્વારા. સહિત જેઓ છે. તેઓ સક્ષુદ્રક વ્યક્ત કહેવાય છે. તેઓના સ્થાનો અર્થાત્ પરિહાર કરવાના આશ્રયભૂત ને સેવા કરવાને આશ્રયભૂત વસ્તુઓ (તે અઢાર છે)

તેમાં ઉમરથી તથા જ્ઞાનથી જે અવ્યક્ત છે... અપરિણત છે... તે ક્ષુદ્ર કહેવાય તેમજ વય અને જ્ઞાનથી જેઓ પરિણત છે તેઓ વ્યક્ત કહેવાય છે.

તે અઢાર સ્થાન પૈકી **વ્રતષટ્ક** પાંચ મહાવ્રત અને રાત્રિ ભોજન વિરમણ છે. **કાયષટ્ક** પૃથ્વી-અપ્-તેજો-વાયુ-વનસ્પતિ અને ત્રસકાય રૂપ છે. **અકલ્પ** અકલ્પનીય પિંડ-શય્યા-વસ્ત્ર અને પાત્ર રૂપ છે. **ગૃહિભાજન** - થાળી વગેરે, **પર્યંક** માંચી-પલંગ-ખાટલા વગેરે રૂપ છે. **નિષદ્યા** સ્ત્રીની સાથે (એક) આસને બેસવું તે. **સ્નાન** શરીર ધોવારૂપ છે. **શોભાવર્જન** શણગાર રૂપ પ્રસિદ્ધ છે.

(આમાં... કાયષટ્ક અકલ્પ ગૃહિભાજન-પર્યંક-નિષદ્યા-સ્નાન ને શોભા વગેરે સ્થાનકો પરિહાર યોગ્ય છે. અને વ્રતષટ્ક સેવા યોગ્ય છે) ॥૧૫॥

संयमिनां स्थानपुष्टिकरत्वाद्दृष्टान्तप्रतिपादकाध्ययनान्याह-

**उत्क्षिप्तसंघाटकांडककूर्मशैलेकतुम्बरोहिणीमल्लीमाकन्दीचन्द्रमोदावद्रवोदकमण्डूक-तैतिलीनन्दिफलापरकंकाकीर्णसुंसमापुण्डरीकज्ञातानि ज्ञाताध्ययनानि ॥१६॥**

**उत्क्षिप्तेति,** ज्ञातानि दृष्टान्ताः तत्प्रतिपादकान्यध्ययनानि षष्ठाङ्गप्रथमश्रुतस्कन्धवर्त्तीनि, तत्र मेघकुमारजीवेन हस्तिभवे प्रवर्त्तमानेन यः पाद उत्क्षिप्तस्तेनोत्क्षिप्तेनोपलक्षितं मेधकुमारचरितमुत्क्षिप्तमेवोच्यते, उत्क्षिप्तमेव ज्ञातमुदाहरणं विवक्षितार्थसाधनमुत्क्षिप्तज्ञातम्, ज्ञातता चास्यैवं भावनीया, दयादिगुणवन्तः सहन्त एवं दवदाहकष्टम्, उत्क्षिप्तैकपादो मेघकुमारजीवहस्ती वेति, एतदर्थाभिधायकं सूत्रमधीयमानत्वादध्ययनमुक्तम् । एवं सर्वत्र । संघाटकः-श्रेष्ठिचौरयोरेकबन्धनबद्धत्वम् इदमप्यभीष्टार्थज्ञापकत्वाद् ज्ञातम एवमौचित्येन सर्वत्र ज्ञातशब्दो योज्यः, यथायथञ्च ज्ञातत्वं प्रत्यध्ययनं तदर्थावगमादवसेयम् । अण्डकं-मयूराण्डम्, कुर्मः कच्छपः, शैलको राजर्षिः, तुम्बञ्चालाबु, रोहिणी श्रेष्ठिवधूः, मल्ली एकोनविंशतितमजिनस्थानोत्पन्ना तीर्थकरी, माकन्दीनाम वणिक्, तत्पुत्रौ माकन्दीशब्देनेह गृहीतौ, चन्द्रमा इति च, दावद्रवः समुद्रतटे वृक्षविशेषः, उदकं नगरपरिखाजलं, तदेव ज्ञातमुदाहरणमुदकज्ञातम्, मण्डूकः-नन्दनमणिहारिश्रेष्ठिजीवः, तैतलीसुताभिधानोऽमात्य इति, नन्दिफलं-नन्दिवृक्षाभिधानतरुफलानि, अपरकंका-धातकीखण्डभरतक्षेत्रराजधानी, आकीर्णा जात्याः समुद्रमध्यवर्त्तिनोऽश्वाः, सुंसमा-सुंसमाऽभिधाना श्रेष्ठिदुहिता, अपरञ्च पुण्डरीक-ज्ञातमेकोनविंशतितममिति ॥१६॥

સંયમીઓને સ્થાનપુષ્ટિ કરનારા એવા દૃષ્ટાંતોના પ્રતિપાદક અધ્યયનો (૧૯) હવે કહે છે.

ઉત્ક્ષિપ્તેતિ - જ્ઞાત એટલે દૃષ્ટાંત.. છઠ્ઠા અંગના પ્રથમ શ્રુતસ્કંધમાં રહેલા દૃષ્ટાંતોના પ્રતિપાદક અધ્યયનો (૧૯) છે તેમાં મેઘકુમારના જીવે હાથીના ભવમાં જે પગ ઉઠાવ્યો હતો. તેથી ઉત્ક્ષિપ્ત પદથી ઓળખાતું મેઘકુમારનું ચરિત્ર પણ ઉત્ક્ષિપ્ત કહેવાય છે. આ ઉત્ક્ષિપ્ત દૃષ્ટાંત જ વિવક્ષિત (સંયમ) રૂપ પદાર્થનું સાધક હોવાથી ઉત્ક્ષિપ્ત જ્ઞાત કહેવાય છે. એની દૃષ્ટાંતતા આ રીતે વિચારવી કે દયા વગેરે ગુણવાળા દવદાહના કષ્ટને સહન કરે જ છે. અથવા ઉઠાવેલ એક પગવાળો મેઘકુમારનો જીવ = હાથી એ અર્થને કહેનારું સૂત્ર, એ સૂત્ર ભણાતું હોવાથી અધ્યયન કહેવાય છે. (આમ મેઘકુમારે હાથીના ભવમાં દયા પરિણામથી એક પગ ઉઠાવેલો રાખ્યો અને સહન કર્યું આ પદાર્થ ઉત્ક્ષિપ્ત અધ્યયનથી કહેવાયો છે)

(આમ સર્વત્ર શબ્દના આધારે આખા દૃષ્ટાંતો સમજી લેવાના)

**संघाटक** :- શ્રેષ્ઠિ અને ચોર એક બંધનમાં બદ્ધપણાથી સંઘાટક કહેવાય છે. આ દષ્ટાંત પણ ઇચ્છિત અર્થને કહેનાર હોવાથી સંઘાટક જ્ઞાત કહેવાય છે. આમ સર્વત્ર તે તે નામ સાથે જ્ઞાત શબ્દ જોડવો..

અને જે તે અધ્યયનમાં રહેલું જ્ઞાતત્વ એટલે દષ્ટાંત પદાર્થ તે અધ્યયન અર્થોથી જાણી લેવો.

**અણ્ડક** = મોરનું ઇંડું... **કૂર્મ** = કાચબો... **શૈલક** = રાજર્ષિ, **તુમ્બ** = તુંબડું, **રોહિણી** = શેઠની પૂત્રવધુ **મલ્લી** = ૧૯મા જિનેશ્વરના સ્થાને ઉત્પન્ન થયેલા સ્ત્રી તીર્થંકર **માકન્દી** = માકન્દી નામનો વાણીયો અને તેના બે પૂત્રો માકન્દી શબ્દથી ગૃહીત છે, **ચન્દ્રમા** = ચંદ્ર દાવદ્રવ = સમુદ્ર તટ પર થનાર એક વૃક્ષ વિશેષ, **ઉદક** = નગરની ખાળનું જલ એ જલ જ જ્ઞાત = ઉદાહરણ બને એને ઉદક જ્ઞાત કહેવાય છે. **મણ્ડૂક** = નન્દમણિહારીનો જીવ વિશેષ, **તૈતિલી** = તૈતલિ સુત નામનો મંત્રી, **નંદિફલ** = નન્દિ નામના વૃક્ષના ફૂલો, **અપરકંકા** = ધાતકીખંડના ભરત ક્ષેત્રની રાજધાની **આકીર્ણ** = જાતિમાન અને સમુદ્રના મધ્યવર્તિ અશ્વ વિશેષો, **સુંસમા** = સુંસમા નામની શ્રેષ્ઠિપુત્રી અને બીજું **પુંડરીક જ્ઞાત** ઓગણીશમું છે. ॥૧૬॥

पूर्वोक्ताध्ययनावासितान्तःकरणानां न समाधिपरिपाक इति असमाधिस्थानान्याह-

**द्रुताप्रमार्जितदुष्प्रमार्जितचार्यतिरिक्तशय्यासनिकरात्निकपरीभाषिस्थविरभूतोपघातिकसंज्वलनक्रोधनपृष्ठिमांसाशिकावधारयितृनवोत्पादयितृपुरातनोदीरयित्रकालस्वाध्यायिसरजस्कपाणिपादकलहशब्दभेदकरसूरप्रमाणभोज्येषणाऽसमिताअसमाधिस्थानानि ॥१७॥**

**द्रुतेति**, समाधिश्चेतसः स्वास्थ्यं तदभावोऽसमाधिर्ज्ञानादिभावप्रतिषेधः, अप्रशस्तो भाव इत्यर्थः, तस्याः स्थानानि पदानि, यैर्हि आसेवितैरात्मपरोभयानामिह परत्रोभयत्र वाऽसमाधिरुत्पद्यते तान्यसमाधिस्थानानि, तत्र दुर्गतौ यो हि द्रुतं द्रुतं संयमात्मविराधनानिरपेक्षो व्रजति आत्मानं प्रपतनादिभिरसमाधौ योजयति, अन्यांश्च सत्त्वान् घ्नन्नसमाधौ योजयति सत्त्ववधजनितेन च कर्मणा परलोकेऽप्यात्मानमसमाधौ योजयति, अतो द्रुतगन्तृत्वसमाकुलतया चलाधिकरणत्वादसमाधिस्थानम्, एवं भुञ्जानो भाषमाणः प्रतिलेखनाञ्च कुर्वन्नात्मविराधनां संयमविराधनाञ्च प्राप्नोति, तिष्ठन्, आकुञ्चनप्रसारणादिकं वा द्रुतं द्रुतं कुर्वन् पुनःपुनरनवलोकयन्नप्रमार्जयन् आत्मविराधनाञ्च प्राप्नोति, इति द्रुतचारित्वं प्रथमं स्थानम् । अप्रमार्जितेऽवस्थाननिषीदनत्वग्वर्तनशयनोपकरणनिक्षेपोच्चारादिप्रतिष्ठापनं कुर्वन्नात्मादिविराधनां लभते इत्यप्रमार्जितचारी, एवं दुष्प्रमार्जितचार्यपि । अतिरिक्ता-अतिप्रमाणा शय्या वसतिरासनानि च पीठकादीनि यस्य सन्ति सोऽतिरिक्तशय्यासनिकः, स चातिरिक्तायां शय्यायां सङ्घशालादि-

रूपायामन्येऽपि कार्पटिकादय आवसन्तीति तैः सहाधिकरणसम्भवादात्मपरावसमाधौ योजयतीति, एवमासनाधिक्येऽपि वाच्यम् । रात्निकपरीभाषी-आचार्यादिपूज्यगुरुपरिभवकारी, अन्यो वा महान् कश्चिज्जातिश्रुतपर्यायाद्वा शिक्षयति तं परिभवत्यवमन्यते जात्यादिभेदस्थानैः, एवञ्च गुरुं परिभवन् आज्ञोपतापं वा कुर्वन् आत्मानमन्यांश्चासमाधौ योजयत्येव । स्थविरोपघातिकः-स्थविरा आचार्यादिगुरवः तानाचारदोषेण शीलदोषेणावज्ञादिभिर्वा उपहन्तीत्येवं शीलः । भूतोपघातिकः भूतान्येकेन्द्रियादीन्युपहन्तीत्येवंशीलः प्रयोजनमन्तरेण ऋद्धिरससातगौरवैर्वा विभूषानिमित्तं वा आधाकर्मादिकं वाऽपुष्टालम्बनेऽपि समाददानः, अन्यद्वा तादृशं किञ्चिद्भाषते वा करोति येन भूतोपघातो भवति । संज्वलनः प्रतिक्षणं रोषणः, स च तेन क्रोधेनात्मीयं चारित्रं सम्यक्त्वं वा हन्ति ज्वलति वा दहनवत् । क्रोधनः-सकृत्क्रुद्धोऽत्यन्तक्रुद्धो भवति, अनुपशान्तवैरपरिणाम इति भावः । पृष्ठिमांसाशिकः-पराङ्मुखस्य परस्यावर्णवादकारी, अगुणभाषीति भावः, स चैवं कुर्वन् आत्मपरोभयेषाञ्च इह परत्र चासमाधौ योजयत्येव । अवधारयिता-अभीक्ष्णं शङ्कितस्याप्यर्थस्य निःशङ्कितस्येव एवमेवायमित्येवं वक्ता, अथवा अवहारयिता-परगुणानामपहारकारी यथा तथा हास्यादिकमपि परं प्रति तथा भणति दासश्चौरस्त्वमित्यादि अदासादिकमपि । नवोत्पादयिता-नवानामनुत्पन्नानां प्रकरणादधिकरणानां कलहानामुत्पादयिता, तांश्चोत्पादयन्नात्मानं परञ्चासमाधौ योजयति, यद्वा नवान्यधिकरणानि यंत्रादीनि तेषामुत्पादयिता । पुरातनोदीरयिता-पुरातनानां कलहानां क्षमितव्यवशमितानां मर्षितत्वेनोपशान्तानां पुनरुदीरयिता भवति । अकालस्वाध्यायी-अकाले स्वाध्यायं यः करोति, तत्र कालः-उत्कालिकसूत्रस्य दशवैकालिकादिकस्य संध्याचतुष्टयं त्यक्त्वाऽनवरतं भणनम् । कालिकस्य पुनराचाराङ्गादिकस्योद्घाटपौरुषीं यावद्भणनम्, दिवसस्य निशायाश्च आद्याव्वसानयामो त्यक्त्वा अपरस्त्वकाल एव । सरजस्कपाणिपादः-यः सचेतनादिरजोगुण्डितेन दीयमानां भिक्षां गृह्णति तथा स्थण्डिलादौ संक्रामन् पादौ न प्रमार्ष्टि, अथवा यस्तथाविधकारणे सचित्तादिपृथिव्यां कल्पादिनाऽनन्तरितायामासनादि करोति, स चैवं कुर्वन् संयमेऽसमाधिना आत्मानं संयोजयति । कलहकरः-आक्रोशनादिना येन कलहो भवति तत्करोति, स चैवंविधो हि असमाधिस्थानं भवति । शब्दकरः-सुप्तेषु प्रहरमात्रादूर्ध्वं रात्रौ महता शब्देनोल्लापस्वाध्यायादिकारको गृहस्थभाषाभाषको वा वैरात्रिकं वा कालग्रहणं कुर्वन् महता शब्देनोल्लपति । भेदकरः-येन कृतेन गच्छस्य भेदो भवति मनोदुःखमुत्पद्यते तथा भाषते वा । सूरप्रमाणभोजी-सूर्योदयादस्तसमयं यावदशनपानाद्यभ्यवहारी, उचितकाले स्वाध्यायादि

न करोति प्रतिप्रेरितो रुष्यति, अजीर्णे च बह्वाहारेऽसमाधिः संजायत इति दोषः । एषणाऽसमितः-एषणायां समितश्चापि संयुक्तोऽपि नानैषणां परिहरति, प्रतिप्रेरितश्चासौ साधुभिः सह कलहायते, अनेषणीयमपरिहरन् जीवोपरोधे वर्त्तते, एवञ्चात्मपरयोरसमाधिकरणादसमाधिस्थानम् ॥१७॥

પૂર્વોક્ત અધ્યયનથી અભાવિત અંતઃકરણવાળાઓને સમાધિનો પરિપાક થતો નથી એથી કરીને (૨૦) અસમાધિસ્થાનો બતાવે છે.

સમાધિ = ચિત્તસ્વાસ્થ્ય, તેનો અભાવ એ અસમાધિ છે, જ્ઞાન વગેરે ભાવોનો નિષેધ, અર્થાત્ ચિત્તનો અપ્રશસ્તભાવ, આ અસમાધિના સ્થાનો - પદો તેનું નામ અસમાધિસ્થાન છે. જે સ્થાનો સેવવાથી પોતાને, બીજાને, કે ઉભયને. અહિંયા અથવા આવતા ભવે કે આ ભવ પરભવમાં અસમાધિ ઉત્પન્ન થાય તેને અસમાધિસ્થાન કહેવાય છે.

તેમાં દ્રુ ગત્યર્થક ધાતુ છે. સંયમવિરાધના, આત્મવિરાધના કે ઉભયવિરાધનાથી નિરપેક્ષપણે જે દ્રુતંદ્રુતં = જલ્દી જલ્દી ચાલે છે. અને પોતાને પાડવા વગેરે દ્વારા અસમાધિમાં જોડે છે તેમજ અન્ય જીવોને મારતો અન્યને પણ અસમાધિમાં જોડે છે અને પ્રાણિવધ જનિત કર્મો દ્વારા પરલોકમાં ત્યાં પણ આત્માને અસમાધિમાં જોડે છે. આથી કરીને જલ્દી જવા દ્વારા, આકુલતાથી ચાલવા દ્વારા અધિકરણપણાથી એ અસમાધિનું સ્થાન બને છે. એજ રીતે જલ્દી જલ્દી ખાનારો, બોલનારો, પડિલેહણાદિ કરનારો પણ આત્મવિરાધના અને સંયમવિરાધના પામે છે. તેજ રીતે ઉભો રહ્યો, જલ્દી જલ્દી દેહના આકુંચન પ્રસારણ આદિ કરનારો, વારંવાર દૃષ્ટિપડિલેહણ અને પ્રમાર્જન ન કરનારો આત્મવિરાધના અને સંયમવિરાધનાને પામે છે. આમ **દ્રુતચારિત્વ** નામનું પ્રથમ અસમાધિસ્થાન છે.

અપ્રમાર્જિત સ્થાનમાં રહેવાથી, બેસવાથી, પડખુ બદલવાથી, સુવાથી કે ઉપકરણ મૂકવાથી કે સ્થંડિલ વગેરે પરઠવાથી આત્મવિરાધના પામે છે. આમ **અપ્રમાર્જિત ચારિત્વ** એ બીજું સ્થાન છે. એજ રીતે **દુષ્પ્રમાર્જિત ચારિત્વ** = (બરોબર પ્રમાર્જન ન કરેલા સ્થાને ઉપરોક્ત બાબતો કરનાર) એ ત્રીજું સ્થાન છે.

પ્રમાણથી અતિરિક્ત એટલે શય્યા એટલે વસતિ પ્રમાણથી મોટું આસન - પીઠ ફલક વગેરે જેના છે તે **અતિરિક્ત શય્યાસનિક** છે.

અતિરિક્ત શય્યા = મોટી સંઘશાલા વગેરેમાં બીજા કાપડીયા વગેરે પણ આવીને વસે અને તેની સાથે ઝગડો વગેરે થવાનો સંભવ છે. તેથી પોતાને અને અન્યને પણ એ અસમાધિમાં જોડે છે (માટે માપસરની વસતિમાં રહેવું.) એજ રીતે અધિક આસન-પીઠફલક વગેરેમાં પણ સમજી લેવું.

**રાત્નિકપરિભાષી** :- આચાર્ય વગેરે પૂજ્ય એવા ગુરૂ ભગવંતોના પરિભવ = (અપમાનાદિ) કરનાર અથવા બીજા પણ કોઇ જાતિથી શ્રુતથી પર્યાય વગેરેથી વડીલ હોવાથી હિતશિક્ષા આપે તેને જાતિ વગેરે ભેદ સ્થાનોથી અપમાનિત કરે તે રાત્નિક પરિભાષી કહેવાય

આ રીતે ગુરૂને પરાભવ કરતો, અથવા આજ્ઞા વગેરેનું ઉત્થાપન કરતો પોતાને તથા બીજાઓને અસમાધિમાં જોડે જ છે. (માટે તે પાંચમું અસમાધિસ્થાન છે.)

**સ્થવિરોપઘાતિક** :- સ્થવિર = આચાર્ય વગેરે ગુરૂઓ (પૂજ્યો) તેઓને આચારના દોષ દ્વારા કે શીલના દોષ દ્વારા કે અપમાનાદિ દ્વારા જે હણે છે એવા પ્રકારના સ્વભાવવાળો તે સ્થવિરોપઘાતિક કહેવાય છે. (આ છઠ્ઠું અસમાધિસ્થાન છે.)

**ભૂતોપઘાતિક** :- ભૂત = એકેન્દ્રિય વગેરેને હણવાના સ્વભાવવાળો કોઇપણ પ્રયોજન વિના ઋદ્ધિગારવ, રસગારવ ને સાતાગારવ દ્વારા કે વિભૂષા માટે આધાકર્મી વગેરે ભોજનને અપુષ્ટાલંબનમાં પણ ગ્રહણ કરનારો અથવા ઉપરોક્ત નિમિત્તો માટે, તેવું કાંઇક બોલે કે જેનાથી ભૂત (એકેન્દ્રિયાદિ) નો ઘાત થાય.. તે ભૂતોપઘાતિક કહેવાય (આ સાતમું અસમાધિસ્થાન છે.)

**સંજ્વલન** :- પ્રતિક્ષણ ગુસ્સાવાળો તે વ્યક્તિ તેવા પ્રકારના ક્રોધ દ્વારા પોતાના ચારિત્રને અને સમ્યક્ત્વને હણે છે. અથવા અગ્નિની જેમ બાળે છે. (આ આઠમું અસમાધિસ્થાન છે)

**ક્રોધન** :- એકવાર પણ ગુસ્સે થયેલો અત્યંત ક્રોધિત બને છે. એનો વૈરભાવ ઉપશાંત નથી થતો. (આ નવમું અસમાધિસ્થાન છે)

**પૃષ્ઠિમાંસાશિક** :- વિરોધી એવા અન્યનો અવર્ણવાદકારી અર્થાત્ અવગુણ બોલનારો તે આવું કરતો પોતાને અને પરને અસમાધિમાં જોડે છે. (આ દસમું અસમાધિસ્થાન છે)

**અવધારયિતા** :- વારંવાર શંકિત એવા પદાર્થ માટે પણ નિઃશંકિત વ્યક્તિની જેમ આ આમ જ છે. એમ અવધારણ પૂર્વક બોલનારો અથવા **અવહારયિતા** એટલે કે બીજાના ગુણોનો અપહાર કરનારો જેમ તેમ અન્યની સાથે હાસ્ય કરતો પણ અદાસ અને અચૌરને પણ તું તો દાસ છે તું તો ચોર છે એવું બોલનારો (આ ૧૧મું અસમાધિસ્થાન છે)

**નવોત્પાદયિતા** :- નવા - અનુત્પન્ન એવા કલહોને ઉત્પન્ન કરનારો તે કલહોને ઉત્પન્ન કરીને પોતાને તથા અન્યને અસમાધિમાં એ જોડે છે અથવા નવોત્પાદયિતા એટલા નવા અધિકરણોને (યંત્ર વગેરેને) ઉત્પન્ન કરનારો (આ ૧૨મું અસમાધિસ્થાન છે)

**પુરાતનોદીરયિતા** :- જૂના કલહો એટલે કે ખમાવવા દ્વારા ઉપશમિત અને સહન કરવાથી ઉપશમિત થયેલ જૂના કલહોને વળી પાછા ઉદીરિત કરનારો - ભડકાવનારો (આ ૧૩મું અસમાધિસ્થાન છે)

**અકાલસ્વાધ્યાયી** :- જે અકાલમાં સ્વાધ્યાય કરે છે. તે ઉત્કાલિક એવા દશવૈકાલિક વગેરે સૂત્રને ચાર સંધ્યાના સમયોને છોડી સતત સ્વાધ્યાય કરી શકાય છે તે તેનો કાળ છે. તેમજ કાલિક

એવા આચારાંગાદિ સૂત્રોને ઉગ્ઘાડા પોરિસી એટલે પ્રથમ પોરિસી સુધી ભણવું. કાલિક સૂત્રો માટે દિવસનો અને રાત્રિનો પ્રથમ અને અંતિમ પ્રહર છોડી બાકી બધો અકાલ છે. અકાલનો સ્વાધ્યાય કરનારો (આ ૧૪મું અસમાધિસ્થાન છે)

**સરજસ્કપાણિપાદ** :- જે સચિત્તરજંથી ખરડાયેલ હાથવાળા પાસેથી ભિક્ષા ગ્રહણ કરે છે. તેમજ સ્થંડિલ વગેરે ભૂમિમાં જતો પગ વગેરેને પુંજતો નથી અથવા તેવા પ્રકારના કારણો હોતે છતે જે સચિત્ત પૃથ્વી ઉપર કલ્પ (ઉનના આસન) વગેરેથી આવરિત કર્યા વિના જ આસન (બેસવાનું) કરે છે. તે આમ કરતો સંયમમાં પોતાના આત્માને અસમાધિમાં જોડે છે (આ ૧૫મું અસમાધિસ્થાન છે)

**કલહકર** :- જેના દ્વારા કલહ વગેરે થાય એવા આક્રોશ વગેરે જે કરે તે કલહકર છે. (આ ૧૬મું અસમાધિસ્થાન છે)

**શબ્દકર** :- સૂતા પછી એકાદ પ્રહર બાદ રાત્રે મોટા શબ્દોથી વાર્તાલાપ અને સ્વાધ્યાય કરનારો, અથવા ગૃહસ્થની ભાષા બોલનારો અથવા વેરત્તિકાલ ગ્રહણ કરતો મોટા શબ્દોથી બોલે તે શબ્દકર કહેવાય (આ ૧૭મું અસમાધિસ્થાન છે)

**ભેદકર** :- જે કરવાથી ગચ્છની અંદર ભેદ ઉત્પન્ન થાય, મનમાં દુઃખ ઉત્પન્ન થાય તેવું બોલે તે ભેદકર કહેવાય (આ ૧૮મું અસમાધિસ્થાન છે)

**સૂરપ્રમાણભોજી** :- સૂર્યોદયથી માંડી અસ્તના સમય સુધી અશન પાન વાપરનારો, ઉચિત સમયે પણ સ્વાધ્યાય વગેરે નથી કરતો, પ્રેરણા કરતા ગુસ્સે થાય છે અને અજીર્ણમાં પણ ઘણો આહાર વાપરવામાં અસમાધિ વગેરે દોષ થાય છે. (આ ૧૯મું અસમાધિસ્થાન છે)

**એષણાઅસમિત** :- એષણામાં જોડાયો હોવા છતાં પણ વિવિધ પ્રકારની એષણા નથી કરતો, એ બાબતમાં પ્રેરણા કરનારની સાથે ઝગડો કરે છે અને અનેષણીય વસ્તુને નહી પરિહરતો, જીવને પીડા પહોંચાડવામાં એ વર્તતો. આમ પોતાને-બીજાને અસમાધિ કરવા દ્વારા આ પણ અસમાધિસ્થાન છે (આ ૨૦મું અસમાધિસ્થાન છે) ॥૧૭॥

असमाधिमान् शबलो भवतीति शबलानाह–

**हस्तकर्ममैथुनरात्रिभोजनाधाकर्मराजपिण्डक्रितादिपुनःपुनःप्रत्याख्यातभुग्गणान्तर-सङ्क्रमणत्र्यधिकोदकलेपकृन्मायास्थानत्रयकृत्सागारिकपिण्डभुगाकुट्टिप्राणातिपात-मृषावादादत्तादानकृदनन्तरितसचित्तपृथिव्युपयोगबीजादिमत्स्थितिमूलादिभुक्दशोदकलेप-कृद्दशमायास्थानकृच्छीतोदकव्यासपाणिदत्ताहारभोजिनःशबलाः ॥१८॥**

**हस्तकर्मेति,** यैः क्रियाविशेषैर्निमित्तभूतैश्चारित्रं कर्बुरं भवति तद्योगात्साधवोऽपि शबला इति व्यपदिश्यन्ते ते एवं–हस्तकर्म–वेदविकारविशेषमुपशमं कुर्वन कारयन्ननुजानन् वा शबलो

भवतीत्येकः, मैथुनमतिक्रमव्यतिक्रमातिचारैस्त्रिभिः प्रकारैर्दिव्यादित्रिविधं सेवमानः शबलो भवतीति द्वितीयः, रात्रिभोजनं दिवागृहीतं दिवाभुक्तमित्यादिभिश्चतुर्भङ्गकैरतिक्रमादिभिश्च भुञ्जानः शबलः, आधाकर्म आधाय साधुप्रणिधानेन यत्तु सचेतनमचेतनं कियते अचेतनं वा पच्यते तदाधाकर्म भुञ्जानः शबलः, राजपिण्डो नृपाहारस्तद्भुञ्जानः शबलः क्रीतादि द्रव्यादिना क्रीतं साध्वर्थमुद्धारानीतं प्रामित्यं अनिच्छतोऽपि पुरुषादेः सकाशात् साधुदानाय गृहीतं नानुज्ञातं सर्वस्वामिभिः साधुदानाय स्वस्थानात् अभिमुखमानीय दीयमानञ्च भुञ्जानः शबलः। पुनः पुनः प्रत्याख्यातभुक्-अभीक्ष्णं प्रत्याख्यायाशनादि भुञ्जानः। गणान्तरसङ्क्रमण-षण्णां मासानामन्त एकतो गणादन्यं गणं संक्रामन् शबलो निरालम्बनत्वात्। त्र्यधिकोदकलेपकृत्-मासस्यान्तः त्रीनुदकलेपान् कुर्वन्, उदकलेपश्च नाभिप्रमाणजलावगाहनम्। मायास्थानत्रयकृत्-मासस्य मध्ये त्रीणि मायास्थानानि तथाविधप्रयोजनमन्तरेणातिगढमातृस्थानानि कुर्वन्। सागारिकपिण्डभुक्-वसतिदाता सागारिकस्तत्पिण्डभोजी, आकुट्टिप्राणातिपातकृत्उपेत्य पृथिव्यादिकं हिंसन्नित्यर्थः। आकुट्ट्या मृषावादकृत्-तथाऽऽकुट्ट्याऽऽदत्तादानकृत्। आकुट्ट्यैवानन्तरितायां पृथिव्यां स्थानं वा नैषेधिकीं वा चेतयन् कायोत्सर्ग स्वाध्यायभूमिं वा कुर्वन्। आकुट्ट्यैव सचित्तसरजस्कायां पृथिव्यां सचित्तवत्यां शिलायां लेष्टौ वा कोलावासे दारुणि स्थानादि कुर्वन्, तथा तथैव सबीजादौ-बीजहरितनीहारादिसहिते स्थानादि कुर्वन्। मूलादिभुक्-मूलकन्दत्वक्प्रवालपत्रफलबीजहरितादीनां भोजनं कुर्वन्। दशोदक-लेपकृत्-संवत्सरस्य मध्ये दश उदकलेपान् कुर्वन्। दशमायास्थानकृत्, वर्षस्यान्तर्दश मायास्थानानि कुर्वन्। शीतोदकेन व्यापारितेन हस्तेनागलद्बिन्दुना भाजनेन वा दीयमानं अशनादि भुञ्जानः ॥१८॥

અસમાધિવાળો જીવ - શબલ (ચારિત્રવાળો) વાળો બને છે. માટે હવે ૨૧ શબલ સ્થાનો બતાવે છે.

જે ક્રિયા વિશેષો નિમિત્ત બનીને ચારિત્રને કાબરચીતરુ બનાવી દે છે તે શબલ સ્થાન છે. અને તેના યોગથી સાધુપણ શબલ તરીકેના વ્યવહારને પામે છે તે સ્થાનો આ પ્રમાણે છે.

**હસ્તકર્મ :-** (હસ્ત વગેરે સાધનો દ્વારા) વેદજનિત વિકાર વિશેષનો ઉપશમ કરતો કરાવતો કે અનુજ્ઞાત કરતો વ્યક્તિ શબલ બને છે. (પ્રથમ સ્થાન છે)

**મૈથુન :-** અતિક્રમ, વ્યતિક્રમ, અતિચારો દ્વારા ત્રણે પ્રકારે દેવ, મનુષ્ય, તિર્યંચ સંબંધિ ત્રણે પ્રકારના મૈથુનને સેવનારો શબલ બને છે. (દ્વિતીય સ્થાન)

**રાત્રિભોજન :-** દિવસે ગૃહીત અને દિવસે જ ભુક્ત વગેરે ચતુર્ભંગી વડે અતિક્રમ-વ્યતિક્રમ અતિચાર આદિથી રાત્રે જમનારો શબલ બને છે. (તૃતીય સ્થાન)

**આધાકર્મ :-** સાધુના જ સંકલ્પથી જે વસ્તુ ગ્રહણ કરી સચેતનથી અચેતન કરાય અથવા અચેતન વસ્તુ ને પણ અગ્નિ આદિથી પકાવાય તે આધાકર્મ - આહાર કરનાર શબલ બને છે. (ચતુર્થ સ્થાન)

**રાજપિંડ :-** રાજાનો આહાર (રાજા દ્વારા અપાતો આહાર) ખાનાર શબલ બને છે. (પંચમ સ્થાન)

**ક્રીતાદિ :-** પૈસાથી સાધુ માટે ખરીદેલું ક્રીત, ઉધાર લાવેલું તે પ્રામિત્ય સાધુને આપવા માટે. નહી ઇચ્છતા વ્યક્તિ પાસે પણ ગૃહીત કરેલું. તેમજ જેના ઘણા સ્વામી છે. તે સર્વ સ્વામીઓ દ્વારા જેની અનુજ્ઞા નથી મળે તેવું અને સાધુને આપવા પોતાને ત્યાંથી સન્મુખ લાવીને અપાતું વાપરનાર શબલ બને છે. (છટ્ઠું સ્થાન)

**પુનઃ પુનઃ પ્રત્યાખ્યાતભુગ્ :-** વારંવાર અશનાદિનું પચ્ચક્ખાણ કરે તેને વાપરનાર શબલ બને છે. (૭મું સ્થાન)

**ગણાન્તર સંક્રમણ :-** ૬ જ મહિનામાં એક ગણથી અન્ય ગણમાં નિરાલંબનપણે સંક્રમણ કરે તે શબલ બને છે. (૮મું સ્થાન)

**ત્ર્યધિકોદકલેપકૃત્ :-** નાભિ સુધીના જલનું અવગાહન કરવું તે ઉદકલેપ કહેવાય એક જ માસમાં ત્રણથી અધિક વાર ઉદકલેપ કરનારનું ચારિત્ર શબલ બને છે. (૯મું સ્થાન)

**માયાસ્થાનત્રયકૃત્ :-** તેવા પ્રકારનું કોઇ પ્રયોજન ન હોવા છતાં અતિ ગૂઢ માયાથી એક મહિનામાં જ ત્રણથી અધિક વાર કરનાર શબલ બને છે. (૧૦મું સ્થાન)

**સાગારિક પિંડભુક્ :-** વસતિને આપનારો સાગારિક કહેવાય છે (શય્યાતર) તેના પિંડને (અશનાદિ વસ્તુને) વાપરનારો શબલ બને છે. (૧૧મું સ્થાન)

**આકુટ્ટિપ્રાણાતિપાતકૃત્ :-** સામે ચડીને (જાણી બુઝીને) પૃથ્વીકાયની હિંસા કરનારો શબલ બને છે. (૧૨ મું સ્થાન)

**આકુટ્ટિમૃષાવાદકૃત્ :-** આકુટ્ટિ વડે. (જાણી બુઝીને) જુઠ્ઠું બોલનારો શબલ બને છે.

**આકુટ્ટિઅદત્તાદાનકૃત્ :-** (જાણી બુઝીને) આકુટ્ટિથી અદત્તાદાન કરનારો શબલ બને છે. (૧૩ મું ૧૪ મું સ્થાન)

**આકુટ્ટિ અનન્તરિત પૃથ્વી ઉપયોગ :-** આકુટ્ટિથી (જાણી બુઝીને) પ્રાવરણ (આસનાદિ) વગર જ પૃથ્વી પર બેસવાથી-સુવાથી-કાઉસ્સગ્ગ કે સ્વાધ્યાયાદિ કરવાથી શબલ બનાય છે. (૧૫ મું સ્થાન)

**આકુટ્ટિ સચિત્ત પૃથ્વી ઉપયોગ** :- તેમજ સચિત્ત સરજસ્ક પૃથ્વી ઉપર સચિત્ત શિલા ઉપર ઢેફા ઉપર અથવા કોલ (મોટા ઉંદર) વગેરેના દર ઉપર લાકડા વગેરે ઉપર બેસવાથી પણ ચારિત્ર શબલ બને છે. (૧૬મું સ્થાન)

**બીજાદિમત્ સ્થાનાદિકૃત્** :- તે જ રીતે સચિત્ત બીજ લીલીઆલી વનસ્પતિ કે હિમ બરફ વગેરે યુક્ત ભૂમિ ઉપર સ્થાન વગેરે કરનારો શબલ બને છે. (૧૭મું સ્થાન)

**મૂલાદિભૂક્** :- મૂલ-કન્દ-છાલ-કિસલય-પાંદડા-ફલ-બીજ સચિત્ત લીલોતરી વગેરે ખાનારો શબલ બને છે. (૧૮મું સ્થાન)

**દશોદકલેપકૃત્** :- વરસ દિવસમાં દશ વખત ઉદક લેપ (નાભિથી વધારે જલ ઉતરનારે) કરનારો શબલ બને છે. (૧૯મું સ્થાન)

**દશમાયાસ્થાનકૃત્** :- વરસ દિવસમાં દશવાર માયા સેવન કરનારો કપટ પ્રપંચ કરનારો શબલ બને છે. (૨૦મું સ્થાન)

**શીતોદક વ્યામ પાણિદત્તાહાર ભોજી** :- કાચું પાણી વાપરેલા, ગળતા જલ બિંદુવાળા, હાથથી કે ભાજનથી અપાતા આહાર વગેરેને ગ્રહણ કરી વાપરનારો શબલ બને છે. (૨૧ મું સ્થાન) ॥૧૮॥

शबलत्वञ्च क्षुधादिपरीषहाणां सहिष्णुत्वाभावे स्यादिति परीषहस्वरूपाण्याचष्टे-

**बुभुक्षापिपासाशीतोष्णदंशमशकाचेलारतिस्त्रीचर्यानिषद्याशय्याक्रोशवधयाचनाऽलाभरोगतृणस्पर्शमलसत्कारप्रज्ञाऽज्ञानदर्शनविषयाः परीषहाः ॥१९॥**

**बुभुक्षेति,** परीति समन्तात्स्वहेतुभिरुदीरिता मार्गाच्च्यवननिर्जरार्थं साध्वादिभिः सह्यन्ते ये ते परीषहाः, सुगमम्, भोक्तुमिच्छा बुभुक्षा, पातुमिच्छा पिपासा तृट् शीतोष्णे प्रतीते, दंशाश्च मशकाश्च दंशमशकाः उभयेऽप्येते चतुरिन्द्रियाः महत्त्वामहत्त्वकृतश्चैषां विशेषाः, यद्वा दंशो दंशनं तत्प्रधाना मशका दंशमशकाः एते च यूकामत्कुणमत्कोटकमक्षिकादीनामुपलक्षणमिति । चेलानां वस्त्राणां बहुधननविनावदातसुप्रमाणानां सर्वेषां वाऽभावोऽचेलत्वम्, सर्वाभावो जिनकल्पिकानाम् । अरतिर्मानसो विकारः, स्त्री प्रतीता, चर्या-ग्रामादिष्वनियतविहारित्वम् । निषद्या-सोपद्रवेतरा स्वाध्यायभूमिः, शय्या-मनोज्ञामनोज्ञवसतिः संस्तारको वा, आक्रोशो दुर्वचनम्, वधो यष्ट्यादिताडनम् याचनाभिक्षणं तथाविधे प्रयोजने मार्गणं वा, अलाभरोगौ प्रतीतौ, तृणस्पर्शः संस्तारकाभावे तृणेषु शयानस्य, मलः शरीरवस्त्रादेः, सत्कारः वस्त्रादिपूजनाभ्युत्थानादिसम्पादनेन सन्माननं । प्रज्ञा-स्वयं विमर्शपूर्वको वस्तुपरिच्छेदः ज्ञानं सामान्येन मत्यादि, तदभावोऽज्ञानम्, दर्शनं-सम्यग्दर्शनं तदेव क्रियादिवादिनां विचित्रमत-

श्रवणेऽपि सम्यकू परिषह्यमाणं निश्चलचित्ततया धार्यमाणो दर्शनपरीषहः, यद्वा दर्शनशब्देन दर्शनव्यामोहहेतुरैहिकामुष्मिकफलानुपलम्भादिरिह गृह्यते, ततः स एव परीषहो दर्शनपरीषहः ॥१९॥

શબલપણું ક્ષુધાદિપરીષહો પ્રત્યે સહિષ્ણુપણાના અભાવથી પ્રાપ્ત થાય છે. માટે હવે પરીષહોના સ્વરૂપને કહે છે.

માર્ગથી ચ્યુત ન થવા માટે અને નિર્જરા માટે પોતાના હેતુઓથી ચારેબાજુથી (પરિ) ઉદીરિત થયેલ બાબતોને સાધુ વગેરે દ્વારા જે સહન કરાય છે તે પરીષહ છે. તે બધા પરીષહો સુગમ છે... **બુભુક્ષા** ખાવાની ઇચ્છા **તરસ** પીવાની ઇચ્છા **શીત અને ઉષ્ણ** ગરમી અને ઠંડી પ્રસિદ્ધ છે. દંશ = ડાંસ - મશક = મચ્છર તે બન્ને એટલે દંશમશક આ બન્ને ચઉરિન્દ્રિય છે. ફક્ત ડાંસ મોટા હોય છે મચ્છર નાના હોય છે. એટલો બેમાં ફેર છે. અથવા દંશ = ડસવું તે જેમાં મુખ્ય છે. તેવા મચ્છરો તે દંશમશક કહેવાય... આ **દંશમશક** રૂપ પરીષહથી જુ-મંકોડા માખી વગેરે પણ સમજી લેવા, **અચેલ** = ચેલ એટલે વસ્ત્ર - બહુમૂલ્ય, નવીન, સુંદર, સપ્રમાણ વગેરે વસ્ત્રોનો અભાવ - અથવા સર્વ વસ્ત્રોનો અભાવ બન્ને અચેલ પરીષહ છે... સર્વ વસ્ત્રનો અભાવ જિનકલ્પિકોને હોય છે... **અરતિ** = માનસિક વિકાર (અજંપો) **સ્ત્રી** = પ્રસિદ્ધ છે. **ચર્યા** = ગામ નગરાદિમાં અનિયત વિહારિપણું... **નિષદ્યા** = ઉપદ્રવ યુક્ત અને ઉપદ્રવ રહિત એવી સ્વાધ્યાય ભૂમિ. **શય્યા** = સુંદર કે અસુંદર એવી વસતિ અથવા સંથારો.. (સુવાની જગ્યા) **આક્રોશ** = દુર્વચન **વધ** = લાકડી વગેરે દ્વારા તાડન. **યાચના** = ભિક્ષા, તેવા પ્રકારનું પ્રયોજન હોતે છતે યાચના કરવી. **અલાભ, રોગ** = (બન્ને પરીષહો) પ્રસિદ્ધ છે. **તૃણસ્પર્શ** = સંથારાના અભાવમાં ઘાસમાં સુનાર તૃણનો સ્પર્શ સહે તે. **મલ** = શરીર અને વસ્ત્ર વગેરે પર ચડેલ મેલ. **સત્કાર** = વસ્ત્ર વગેરે દ્વારા સત્કાર તથા ઉભા થવા દ્વારા સન્માન વગેરે આપવું તે. **પ્રજ્ઞા** = સ્વયં વિચારણા કરવા પૂર્વક વસ્તુનો બોધ, **અજ્ઞાન** = સામાન્યથી મતિ વગેરે જ્ઞાન છે. તેનો અભાવ એનું નામ અજ્ઞાન **દર્શન પરીષહ** = દર્શન એટલે સમ્યગ્દર્શન. ક્રિયાવાદી વગેરે વિવિધ અને વિચિત્રમત સાંભળવા છતાં પણ સારી રીતે ચારે તરફથી સહવા છતાં પણ (પ્રભુવચન પર) નિશ્ચલચિત્ત ધારણ કરવું. તે દર્શનપરીષહ (સહવા રૂપ) છે. અથવા દર્શન શબ્દથી દર્શન (સ. દર્શન) ના વ્યામોહનું કારણ એવા ઐહિક અને આમુષ્મિક ફલની અપ્રાપ્તિ એજ સ્વયં પરીષહ રૂપ છે... માટે તે દર્શનપરીષહ છે. ॥૧૯॥

तदादर्शकागमविशेषाश्रयेणाह–

**समयवैतालीयोपसर्गस्त्रीपरिज्ञानरकविभक्तिवीरस्तुतिकुशीलपरिभाषिकवीर्यधर्मसमाधिमार्गसमवसरणयाथात्म्यग्रन्थयमतीतगाथापुण्डरीकक्रियास्थानाहारपरिज्ञाऽप्रत्याख्यानक्रियाऽनगारश्रुतार्द्रकीयनालन्दीयानिसूत्रकृताङ्गध्ययनानि ॥२०॥**

**समयेति,** सूत्रकृताङ्गस्य प्रथमे श्रुतस्कन्धे समयादिषोडशाध्ययनानि, द्वितीये च पुण्डरीकादिसप्ताध्ययनानि भवन्ति ॥२०॥

તે ૨૨ પરીષહ જીતવામાં... આદર્શ સમાન છે આગમ વિશેષો છે.. (સુયગડાંગ સૂત્રના ૨૩ અધ્યયન રૂપ) તેને હવે કહે છે.

સૂત્રકૃતાંગ - (સુયગડાંગ સૂત્ર) ના પ્રથમ શ્રુત સ્કંધના સમય વગેરે ૧૬ અધ્યયનો છે. (૧ - સમય. ૨ - વૈતાલિક ૩ - ઉપસર્ગપરિજ્ઞા ૪ - સ્ત્રીપરિજ્ઞા ૫ - નરક વિભક્તિ ૬ - વીર સ્તુતિ ૭ - કુશીલપરિભાષિક ૮ - વીર્ય ૯ - ધર્મ ૧૦ - સમાધિ ૧૧ - માર્ગ ૧૨ - સમવસરણ ૧૩ - યાથાત્મ્ય ૧૪ - ગ્રંથ ૧૫ - યમતીત ૧૬ - ગાથા. અને દ્વિતીય શ્રુતસ્કંધના પુંડરીક વગેરે ૭ અધ્યયન છે. (૧. પુંડરીક, ૨. ક્રિયાસ્થાન, ૩. આહારપરિજ્ઞા, ૪. અપ્રત્યાખ્યાન ક્રિયા ૫. અનગાર શ્રુત, ૬. આર્દ્રકીય, ૭. નાલંદીય)

આમ આ ૨૩ અધ્યયનો.. ૨૩માં સમવાયમાં સમજવા. ॥૨૦॥

एवंविधागमोपदेष्टॄन् सकलजगद्वन्द्यान् निर्जितनिखिलारिगणानाह-

**ऋषभाजितसम्भवाभिनन्दनसुमतिपद्मप्रभसुपार्श्वचन्द्रप्रभसुविधिशीतलश्रेयांसवासुपूज्यविमलानन्तधर्मशान्तिकुन्थ्वरमल्लीनाथमुनिसुव्रतनमिनेमिपार्श्ववर्धमाना देवाधिदेवास्तीर्थकृतः ॥२१॥**

ऋषभेति, तीर्यते भवोदधिरनेन अस्मादस्मिन्निति वा तीर्थं हेतुताच्छील्यानुलोमतो ये भावतीर्थं कुर्वन्ति गुणतः प्रकाशयन्ति च ते तीर्थकराः, तत्र हेतौ-सद्धर्मतीर्थकरणहेतवः 'कृञो हेतुताच्छील्यानुलोम्येषु' (उ ३.२० पाणि०) इत्यादिना टप्रत्ययविधानात्तीर्थकराः, यथा यशस्करी विद्येत्यादि । ताच्छील्ये-कृतार्था अपि तीर्थकरनामकर्मोदयतः समग्रप्राणिगणानुकम्पापरतया च सद्धर्मतीर्थदेशकत्वात्तीर्थकराः, भरतादिक्षेत्रे प्रथमनरनाथकुलकरादिवदिति । आनुलोम्ये-स्त्रीपुरुषबालवृद्धस्थविरकल्पिकजिनकल्पिकादीनामनुरूपोत्सर्गापवाददेशनया अनुलोमसद्धर्मतीर्थकरणात्तीर्थकराः, यथा वचनकर इत्यादि, एवम्भूतास्तीर्थकराः अत एव सर्वासुमतां हितस्य मोक्षार्थस्य करणात्सर्वप्राण्युत्तमत्वाद्देवाधिदेवाः-ते च ऋषभादयः-चतुर्विंशतितीर्थकराः ॥२१॥

આવા પ્રકારે આદર્શભૂત આગમોના ઉપદેશકો સકલ જગતમાં વન્દ્ય અને જેઓએ સકલ અરિગણોને જીતી લીધા છે તેવા (૨૪) અરિહંતો છે... તેને હવે કહે છે.

જેનાથી સંસારરૂપી સમુદ્ર તરાય જેથી કે જેમાં રહ્યા સંસાર સમુદ્ર તરાય તેને તીર્થ કહેવાય

હેતુતાચ્છીલ્ય અને અનુલોમ દ્વારા જેઓ ભાવતીર્થને કરે છે એટલે કે ગુણથી પ્રકાશિત કરે છે. તે તીર્થને કરનાર તીર્થંકર કહેવાય છે તેમાં...

સદ્ધર્મ રૂપ તીર્થ ને કરવાના કારણભૂત તીર્થંકર પ્રભુ છે. માટે તીર્થશબ્દથી પર રહેલા કૃ ધાતુને. હેતુ અર્થમાં... ૨ પ્રત્યય, "कृञो हेतुताच्छील्यानुभोग्येषु" આ ઉણાદિ ૨-૨૦ પાણિની વ્યાકરણના સૂત્ર દ્વારા થયો છે. ને તીર્થંકર શબ્દ બન્યો છે... જેમ યશસ્કરી વિદ્યામાં યશસ્કર શબ્દમાં યશની હેતુ વિદ્યા હોવાથી યશશબ્દથી કૃ ધાતુને ટ પ્રત્યય લાગી યશસ્કર શબ્દ બન્યો તેમ...

તાચ્છીલ્ય અર્થથી પણ તીર્થંકર શબ્દ બની શકે છે તે આ રીતે - કૃતાર્થ એવા પણ પ્રભુ તીર્થંકરનામકર્મના ઉદયથી અને સમગ્ર પ્રાણિગણ પર કારુણ્ય ભાવથી પ્રેરાઈને સદ્ધર્મ રૂપી તીર્થ (દ્વાદશાંગી રૂપી તીર્થ) ના દેશક બને છે (તેવા પ્રકારના સ્વભાવથી) માટે તાચ્છીલ્ય અર્થમાં તીર્થ શબ્દથી પર કૃ ધાતુને ઉપરોક્ત વ્યાકરણના સૂત્ર દ્વારા ટ પ્રત્યય લાગી તીર્થંકર શબ્દ બન્યો છે. જેવી રીતે ભરતાદિ ક્ષેત્રોમાં પ્રથમ રાજા સમાન કુલકર શબ્દ બન્યો છે તાચ્છીલ્યાર્થમાં તેવી રીતે.

આજ રીતે આનુલોમ્યથી પણ તીર્થંકર શબ્દ બની શકે છે તે આ રીતે સ્ત્રી, પુરુષ, બાલ, વૃદ્ધ, સ્થવિરકલ્પી જિનકલ્પી વગેરે સર્વને અનુરૂપ ઉત્સર્ગ-અપવાદ યુક્ત દેશના વડે. અનુલોમ = અનુકુળ એવા સદ્ધર્મ રૂપ તીર્થના કરનારા હોવાથી અનુલોમ્ય અર્થમાં તીર્થ શબ્દથી કૃ ધાતુને ટ પ્રત્યય લાગી તીર્થંકર શબ્દ બન્યો છે જેમ **વચનકર** શબ્દ બન્યો તેમ.

આવા પ્રકારના તીર્થંકર પ્રભુ સર્વ જીવોનું હિત એવો મોક્ષ રૂપ પદાર્થ આપનાર હોવાથી સર્વ પ્રાણીઓમાં ઉત્તમ હોવાથી દેવાધિદેવ કહેવાય છે અને તે ઋષભાદિ ચોવીસ તીર્થંકરો છે. (ઋષભપ્રભુથી વર્ધમાનસ્વામિ સુધીના) ॥૨૧॥

एतेषां तीर्थकृतां जन्मभूमिषु निष्क्रमणचरणज्ञानोत्पत्तिनिर्वाणभूमिषु देवलोकभवनेषु मन्दिरेषु नन्दीश्वरद्वीपादौ पातालभवनेषु यानि शाश्वतानि चैत्यानि तेषु अष्टापदादौ च यथासम्भवमभिगमनवन्दनपूजागुणोत्कीर्त्तनादितो मौनीन्द्राणां तीर्थकृतां ज्ञानात्मनः प्रवचनस्य यथावस्थिताशेषपदार्थाविर्भावकतया सम्यग्भावयतोऽहिंसादिधर्माणामत्रैव तीर्थकृत्प्रवचने शोभनत्वमिति च भावयतः प्रशस्तभावनासद्भावासद्भावना निरूपयति-

**ईर्यासमितिर्मनोवाग्गुप्ती आलोकितपात्रभोजनं निक्षेपणासमितिरनुविचिन्त्यभाषणता क्रोधलोभभयहास्यविवेका अवग्रहानुज्ञापनाऽनुज्ञाते सीमापरिज्ञानं तत्र स्वयमेवाव-ग्रहानुज्ञापना साधर्मिकावग्रहमनुज्ञाप्य वासस्तदनुज्ञया भक्ताद्युपभोगः स्त्र्यादिसंसक्त-शयनादिवर्जनं तत्कथेन्द्रियविलोकनपूर्वक्रीडितस्मरणवर्जनानि प्रणीताहारवर्जनं पञ्चेन्द्रियरागोपरतयः पञ्चविंशतिभावना महाव्रतस्य ॥२२॥**

**ईर्येति**, ईर्या गमनं तत्रोपयुक्तो भवेत्, असमितो हि प्राणिनो हिंस्यात्। संयतः समाहितः सन्नदुष्टं मनः प्रवर्त्तयेत्, दुष्टं हि मनः क्रियमाणं कायसंलीनतादिकेऽपि सति कर्मबन्धाय

सम्पद्यते, श्रूयते हि प्रसन्नचन्द्रो राजर्षिर्मनोगुप्त्यभाविताहिंसाव्रतो हिंसामकुर्वन्नपि सप्तमनरकपृथिवीयोग्यं कर्म निर्मितवानिति । एवं वाचमप्यदुष्टां प्रवर्त्तयेत्, दुष्टां प्रवर्त्तयन् जीवान् विनाशयेत् साधुः सर्वकालं सम्यगुपयुक्तः सन्नवलोक्य भुञ्जीत गृह्णीत वा पानभोजनम्, अयमर्थः-प्रतिगृहं पात्रमध्यपतितः पिण्डश्चक्षुराद्युपयुक्तेन तत्समुत्थागन्तुकसत्त्वरक्षणार्थं प्रत्यवेक्षणीयः, आगत्य च वसतौ पुनः प्रकाशवति प्रदेशे स्थित्वा सुप्रत्यवेक्षितं पानभोजनं विधाय प्रकाशप्रदेशावस्थितेन महति पात्रे भोक्तव्यम्, अनवलोक्य भुञ्जानस्य हि प्राणिहिंसा सम्भवीति । पात्रादेरागमानुसारेण प्रत्यवेक्षणप्रमार्जनपूर्वमादाननिक्षेपौ कार्यौ, तत्र प्रमादी हि सत्त्वव्यापादनं विदध्यादिति प्रथममहाव्रतस्य पञ्च भावनाः । अनुविचिन्त्यसम्यग्ज्ञानपूर्वकं पर्यालोच्य भाषको वक्ता, अनालोचितभाषी हि कदाचिन्मृषाप्यभिदधीत ततश्चात्मनो वैरपीडादयः सत्त्वोपघातश्च भवेत् । तथा यः क्रोधं लोभं भयमेव वा परिहरेत् स एव मुनिर्दिनरात्रं मोक्षमवलोकनशीलः सन् सर्वकालं निश्चयेन मृषापरिवर्जकः स्यात्, तत्परवशो हि वक्ता स्वपरनिरपेक्षो यत्किञ्चनभाषी मृषाऽपि भाषेत । एवं हास्यमपि वर्जयेत्, हास्येन ह्यनृतमपि ब्रूयादिति द्वितीयमहाव्रतस्य । तृतीयस्य तु अवग्रहानुज्ञापना, तत्र चानुज्ञाते सीमापरिज्ञानम्, ज्ञातायाञ्च सीमायां स्वयमेवावग्रहस्य पश्चात्स्वीकरणम्, साधर्मिकाणां-गीतार्थसमुदायविहारिणां संविग्नानामवग्रहो मासादि कालमानतः पञ्चक्रोशादिक्षेत्ररूपतामेवानुज्ञाप्य तत्र वसतौ वस्तव्यम्, सामान्यञ्च यद्भक्तादि तदाचार्यादिकमनुज्ञाप्य तस्य परिभोजनमिति । चतुर्थस्य च-स्त्रीभिस्सह परिचयं न कुर्यात्तत्संसक्तवसतितदुपभुक्तशयनासनादिसेवनेन, अन्यथा ब्रह्मव्रतभङ्गः स्यात्, तथाऽवगततत्त्वो मुनिः क्षुद्रामप्रशस्यां स्त्रीविषयां कथां न कुर्यात्, तत्कथासक्तस्य हि मानसोन्मादः सम्पद्येत, तथा स्त्रियं तदङ्गान्यपि सस्पृहं न प्रेक्षेत, निरन्तरमनुपमवनितावयवविलोकने हि ब्रह्मबाधासम्भवः, पूर्वं गृह्यवस्थायां स्त्रिया सह कृतान् क्रीडादीन् न संस्मरेत्, तथाऽऽहारे गुप्तः स्यात्, न पुनः स्निग्धमतिमात्रं भुञ्जीत यतो निरन्तर-दब्धस्निग्धमधुररसप्रीणितः प्रधानधातुपरिपोषणेन वेदोदयादब्रह्मापि सेवेत, अतिमात्राहारस्य तु न केवलं ब्रह्मव्रतविलोपविधायित्वाद्वर्जनं किन्तु कायक्लेशकारित्वादपीति । पञ्चमव्रत-भावनाश्च-यो हि साधुः शब्दरूपरसगन्धानागतानिन्द्रियविषयीभूतान् स्पर्शांश्च सम्प्राप्य मनोज्ञेष्वभिष्वङ्गं प्रद्वेषञ्चामनोज्ञेषु न करोति स एव विदितसत्त्वो जितेन्द्रियः, अन्यथा शब्दादिषु मूर्च्छादिसद्भावाद्व्रतविराधना भवेदिति ॥२२॥

આ તીર્થંકર પરમાત્માની જન્મભૂમિ-વિહારભૂમિ-ચારિત્ર-કેવલજ્ઞાન-નિર્વાણભૂમિ વગેરેમાં જઈને તેમજ દેવલોકના ભુવનોમાં, મંદિરોમાં, નંદીશ્વર વગેરે દ્વિપોમાં પાતાલભુવનોમાં જે જે

શાશ્વત ચૈત્યો છે તેમાં, અષ્ટાપદ વગેરે તીર્થોમાં, જ્યાં જ્યાં પણ પ્રભુના ચૈત્યો સંભવિત છે ત્યાં સામેથી જઇને વંદન-પૂજન-સ્તવના કરવા દ્વારા કલ્યાણકારી ભાવનાઓ ઉત્પન્ન થાય છે, તેમજ મૌનીન્દ્ર એવા તીર્થંકર પરમાત્માના જ્ઞાન સ્વરૂપ પ્રવચનો કે જે પ્રવચન જેવા છે તેવા સકલ પદાર્થોના પ્રકાશક છે જેને સારી રીતે ચિંતવવાથી સ્પષ્ટ રીતે અહિંસાદિ ધર્મો આ શાસનમાં જ સારી રીતે ઘટે છે એમ સમજાય છે.

આવા પ્રવચનોને ભાવવાથી પણ પ્રશસ્ત ભાવના પેદા થાય છે માટે હવે ૨૫ ભાવના બતાવે છે.

**ઈર્યા :-** ગમન ક્રિયા તેમાં ઉપયોગવાળા થવું (તે **ઇર્યાસમિતિ**) અસમિતિવાળો પ્રાણીઓની હિંસા કરે છે. સંયમી સમાધિવાળો હોતે છતે મનને અદુષ્ટ રાખનારો હોય છે. જે વ્યક્તિ મનને દુષ્ટ બનાવે છે. તેની કાયસંલીનતા વગેરે હોવા છતાં પણ કર્મબંધ થાય છે. સંભળાય છે કે પ્રસન્નચંદ્ર રાજર્ષિની મનોગુપ્તિ દ્વારા અહિંસા વ્રત ભાવિત ન રહ્યું અને તેથી હિંસા ન કરતા હોવા છતાં ૭ મી નરકને યોગ્ય કર્મ તેમણે નિર્માણ કર્યા. એજ રીતે **વાણીને પણ અદુષ્ટ** બનાવવી દુષ્ટ વાણી પ્રવર્તાવનારો જીવોનો વિનાશ કરે છે.

**આલોકિત પાત્ર ભોજન :-** સાધુએ સર્વકાળ સારી રીતે ઉપયોગવાળા બની સારી રીતે જોઇને- ભોજનાદિ કરવું જોઇએ અથવા પાણી અને આહારને ગ્રહણ કરવા જોઇએ અર્થાત્ દરેક ઘરે પાત્રે પડેલા પિંડને ચક્ષુઆદિ દ્વારા તેમાંથી ઉત્પન્ન થયેલ કે આગંતુક જીવના રક્ષણ માટે ઉપયોગ પૂર્વક જોવું જોઇએ, વહોરીને વસતિમાં આવીને વળી પ્રકાશિત પ્રદેશમાં રહી સારી રીતે પાન ભોજનને જોઇ પ્રકાશવાળા પ્રદેશમાં રહીને મોટા પાત્રમાં વાપરવું જોઇએ, જોયા વિના વાપરનાર સાધુને પ્રાણિ હિંસા સંભવે છે.

**નિક્ષેપણા સમિતિ :-** પાત્ર વગેરેને આગમાનુસારી પદ્ધતિથી પડિલેહણ પ્રમાર્જનાપૂર્વક ગ્રહણ કરવા અને મૂકવા તે બાબતમાં પ્રમાદ કરનાર જીવ વિરાધના કરે છે. આ પ્રથમ મહાવ્રતની પાંચ ભાવના થઇ

**અનુવિચિન્ત્ય ભાષણતા :-** અનુવિચિન્ત્ય એટલે કે સમ્યગ્ સમજણપૂર્વક = વિચારીને બોલનાર, વિચાર્યા વિના બોલનારો ક્યારેક ખોટું પણ બોલી જાય છે. પોતાને વૈર અને પીડા વગેરે પેદા કરે છે. સામે સત્ત્વ = જીવનો ઉપઘાત થાય છે.

તેમજ જે **ક્રોધ, લોભ અને ભય** ને પરિહરે છે તેજ રાત દિવસ મોક્ષને જોનારો મુનિ સર્વકાલ ચોક્કસ મૃષાનો છોડનારો બને છે. અને ક્રોધ, લોભ, ભય ને પરવશ એવો વક્તા સ્વપર નિરપેક્ષપણે કાંઇપણ બોલનારો હોવાથી મૃષાભાષણ પણ કરે છે. એજ રીતે **હાસ્ય** પણ છોડી દેવું કેમકે હાસ્યથી પણ જુઠ્ઠું બોલાય છે. (આમ વિચારીને બોલવું. ક્રોધ, લોભ, ભય, હાસ્યથી જુઠ્ઠું ન બોલવું.) આ પાંચ ભાવના બીજા મહાવ્રતની છે.

**અવગ્રહ અનુજ્ઞાપના :-** ત્રીજા મહાવ્રતમાં... માલિક પાસે અવગ્રહની અનુજ્ઞા મેળવવી, અવગ્રહની અનુજ્ઞા પ્રાપ્ત થયે છતે અવગ્રહની સીમા મર્યાદાનું બરોબર જ્ઞાન મેળવવું તે સીમા પરિજ્ઞાન છે. સીમા જણાયા બાદ સ્વયં પોતેજ અવગ્રહનો પાછો સ્વીકાર કરવો તે અવગ્રહ સ્વીકાર છે. સાધર્મિક = ગીતાર્થ નિશ્રાએ કે અનુજ્ઞાએ સમુદાય સાથે વિહરતા સંવિગ્ન મુનિઓનો જે અવગ્રહ છે માસકલ્પમાં એક માસ કાલનો અથવા પાંચ કોશનું ક્ષેત્ર રૂપ અવગ્રહ તેમાં, તેઓની રજા લઈને જ વસતિ વગેરેમાં વસવું... "તદનુજ્ઞયા ભક્તાદ્યુપભોગઃ" સામાન્યથી જે આહારાદિ વગેરે છે તે સર્વ તે આચાર્ય ભગવંતોની રજાથી વાપરવું (આમ ત્રીજા મહાવ્રતની આ પાંચ ભાવના છે.)

ચતુર્થવ્રતની પાંચ ભાવના = સ્ત્રી સાથે પરિચય ન કરવો અર્થાત્ સ્ત્રી યુક્ત વસતિમાં વાસ ન કરવો, તેમજ સ્ત્રીથી ઉપભુક્ત શયન આસન વાપરવું નહી, નહીં તો બ્રહ્મવ્રતનો ભંગ થઈ શકે છે. તેમજ તત્ત્વનો જાણકાર મુનિ ક્ષુદ્ર અને અપ્રશસ્ય એવી સ્ત્રી વિષયક કથાઓ પણ ન કરે. તેની કથામાં આસક્ત મુનિને માનસિક વિકારો થઈ શકે છે. તેમજ સ્ત્રીને અથવા તેના અંગોને લોલુપતાથી જોવા નહીં, સતત સુંદર સ્ત્રી અને અવયવો જોવામાં બ્રહ્મવ્રતને બાધા સંભવી શકે છે. પૂર્વકાળમાં ગૃહસ્થ અવસ્થામાં સ્ત્રી સાથે કરેલા ભોગોનું સંસ્મરણ ન કરે. તેમજ આહારમાં પણ સંયમી બને, અત્યંત રસાળ અને અતિમાત્ર ભોજન ન કરે. કેમકે સતત ભારે સ્નિગ્ધ મધુર રસથી પોષાયેલ વ્યક્તિ પ્રધાનધાતુના પરિપોષણ દ્વારા વેદોદયથી અબ્રહ્મ પણ સેવી લે અને અતિમાત્ર આહાર માત્ર બ્રહ્મવ્રતનો લોપ કરનાર જ નથી પરંતુ કાયકલેશ કરનાર પણ છે માટે તેનો ત્યાગ કરવો. (આમ ચોથામહાવ્રતની આ પાંચ ભાવના છે)

પાંચમા મહાવ્રતની ભાવના = જે સાધુ આવેલા અને ઇન્દ્રિયોના વિષયભૂત બનેલા શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શોને પામીને મનગમતા વિષયોમાં રાગ ન કરે અને અણગમતા વિષયોમાં દ્વેષ ન કરે એજ સાધુ સત્ત્વશાળી છે, જિતેન્દ્રિય છે, નહીં તો શબ્દાદિ વિષયોમાં મૂર્છા વગેરે થવાથી વ્રતની વિરાધના થાય. ॥૨૨॥

एतद्भावना अन्तरेण मोहनीयप्रकृतिसद्भावस्य नित्यत्वमाह-

**मिथ्यात्वमोहनीयषोडशकषायस्त्रीपुंनपुंसकवेदहास्यारतिरतिभयशोकजुगुप्सा अभवसिद्धिकानां जीवानाम् सदैवसत्तायाम् ॥२३॥**

**मिथ्यात्वमोहनीयेति,** मोहयति सदसद्विकलं करोत्यात्मानमिति मोहनीयम्, यथा हि मद्यपानमूढः प्राणी सदसद्विकलो भवति तथाऽनेनापि कर्मणा मूढो जंतुरपि तथा भवति, तच्च दर्शनचारित्रमोहनीयभेदभिन्नम् । कषायाः पूर्वोक्ताः षोडशविधाः, यद्वशात् स्त्रियाः पुंस्यभिलाषः पुरुषस्य स्त्रियं प्रत्यभिलाषः नपुंसकस्य तदुभयं प्रत्यभिलाषो भवति ते स्त्रीवेदपुंवेद-

नपुंसकवेदा: । यदुदयात्सनिमित्तमनिमित्तं वा हसति तत्कर्म हास्यम्, मोहनीयकर्मभेद: । यदुदयाज्जीवस्य सचित्ताचित्तेषु बाह्यद्रव्येषु अरति मोहनीयजो मनोविकार: रतिर्वोत्पद्यते तदरतिरतिकर्मणी नोकषायवेदनीयकर्मभेदौ । यदुदयेन भयवर्जितस्यापि जीवस्येहलोकादि-सप्तप्रकारं भयमुत्पद्यते तद्भयकर्म मोहान्तर्गता नोकषायरूपा प्रकृति: । येन शोकरहितोऽपि प्रियविप्रयोगादिविकलचेतोवृत्तितयाऽऽक्रन्दनादि करोति तच्छोककर्म नोकषायवेदनीयकर्मभेद: । यदुदयात् सनिमित्तमनिमित्तं वा जीवस्याशुभवस्तुविषया जुगुप्सा भवति तज्जुगुप्सामोहनीयम् स्त्रीवेदादय: सर्वा नोकषायप्रकृतय:, भवैर्नास्ति सिद्धिर्येषां तेषामेतानि कर्माणि सदैव स्युर्यद्यपि भवसिद्धिकानामपि भवावस्थायां भवन्ति तथापि न सदैव चरमे भवे तदभावादिति ॥२३॥

આ ભાવનાઓ વિના મોહનીય (૨૬) પ્રકૃતિનો સદ્‌ભાવ કાયમી નિત્ય રહે છે... તે ૨૬ પ્રકૃતિઓ હવે કહે છે.

મોહપમાડે... અર્થાત્ સારા નરસાથી જીવને વિકલ બનાવે, સારા નરસાનો ભેદ સમજવા ન દે એનું નામ મોહનીય (કર્મ) છે. જેવી રીતે મદ્યપાન કરીને મૂઢ બનેલા જીવને સારાસારનો વિવેક નથી રહેતો તેવી જ રીતે આ મોહનીય કર્મથી મૂઢ બનેલ જીવ પણ સારાસારના વિવેક વિનાનો થાય છે.

તે મોહનીય કર્મ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એમ બે ભેદે છે. (આમાં સારાસારને સમજવા ન દે તે દર્શનમોહનીય છે અને સારને ગ્રહણ કરી અસારનો ત્યાગ ન કરવા દે તે ચારિત્રમોહનીય છે તેમાં મિથ્યાત્વમોહનીય એ દર્શનમોહનીય છે.)

પૂર્વમાં કહેલા (અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ) એવા સોળ પ્રકારના કષાયો છે.

તેમજ જે મોહનીયકર્મને વશ થઇ સ્ત્રી પુરુષનો અભિલાષ કરે છે, પુરુષ સ્ત્રીનો અભિલાષ કરે છે અને નપુંસક ઉભયનો અભિલાષ કરે છે તે સ્ત્રીવેદ-પુંવેદ અને નપુંસકવેદ છે. નિમિત્તથી કે વગર નિમિત્તે પણ જે કર્મના ઉદયથી હાસ્ય ઉત્પન્ન થાય છે તે હાસ્યમોહનીય કર્મ મોહનીયનો એક ભેદ છે. સચિત્ત કે અચિત્ત બાહ્યદ્રવ્યોમાં જે કર્મના ઉદયથી અરતિ = મોહનીયથી ઉત્પન્ન મનોવિકાર (અજંપો અણગમો) થાય છે અથવા રતિ = મોહનીયથી ઉત્પન્ન મનોવિકાર (ખુશી-પરિતોષ) થાય છે. તે અરતિ મોહનીય અને રતિ મોહનીય કર્મ છે જે નોકષાય વેદનીય (નોકષાય વેદન) કર્મ છે.

જે કર્મના ઉદયથી ભય વર્જિત વ્યક્તિને પણ ઇન્દ્રલોક પરલોકાદિ સાત પ્રકારના ભયનો અનુભવ થાય છે તે મોહનીય કર્મ અંતર્ગત નોકષાય મોહનીયની પ્રકૃતિ ભયકર્મ (ભયમોહનીય) છે.

જે કર્મના ઉદયથી શોક રહિત હોય તો પણ પ્રિય વ્યક્તિના વિયોગથી આકુલ-વ્યાકુલ વૃત્તિપણાએ આક્રંદન વગેરે જીવ કરે છે તે શોકકર્મ (શોક મોહનીય) નોકષાયવેદનીય ભેદ છે. (અર્થાત્ નોકષાય મોહનીય)

જેના ઉદયથી સનિમિત્ત કે અનિમિત્ત અશુભ વસ્તુ પ્રત્યે જીવને જે અરૂચિ - જુગુપ્સા પેદા થાય છે તે જુગુપ્સા મોહનીય છે.

સ્ત્રીવેદથી માંડીને જે જુગુપ્સા સુધીના ૯ નોકષાય મોહનીયની પ્રકૃતિઓ છે.

અનંત ભવે પણ જેઓની સિદ્ધિ (મોક્ષ) નથી થવાનો તે અભવસિદ્ધિકો (અભવ્યો) ને આ મોહનીયકર્મ સદૈવ-હંમેશા જ રહે છે.

જો કે ભવસિદ્ધિકો (ભવ્યોને) ને પણ મોહનીયકર્મ ભવાવસ્થામાં હોય જ છે. પરંતુ ચરમભવમાં તેનો અભાવ થતો હોવાથી સદૈવ નથી રહેતું... ॥૨૩॥

तत्सत्ताविरोध्यनगारगुणानाचष्टे–

**व्रतपञ्चकपञ्चेन्द्रियनिग्रहक्रोधमानमायालोभविवेकभावकरणयोगसत्यक्षमावैराग्यमनोवाक्कायसमाहरणताज्ञानदर्शनचारित्रसम्पन्नतावेदनामारणान्तिकातिसहनताः अनगारगुणाः ॥२४॥**

**व्रतपञ्चकेति**, अनगाराणां साधूनां गुणाश्चारित्रविशेषरूपाः, तत्र महाव्रतानि इन्द्रियनिग्रहाश्च पञ्च क्रोधादिविवेकाश्चत्वारः, सत्यानि त्रीणि, तत्र भावसत्यं शुद्धान्तरात्मता, करणसत्यं-यत्प्रतिलेखनाक्रियां यथोक्तां सम्यगुपयुक्तः कुरुते, योगसत्यं-योगानां मनःप्रभृतीनामवितथत्वम्, क्षमाद्वेषसंज्ञितस्याप्रीतिमात्रस्याभावः, अथवा क्रोधमानयोरुदयनिरोधः, क्रोधमानविवेकशब्दाभ्यां तदुदयप्राप्तयोस्तयोर्निरोधोऽभिहित इति न पुनरुक्तता, वैराग्यं अभिष्वङ्गमात्रस्याभावः, अथवा मायालोभयोरनुदयः, मनोवाक्कायानां समाहरणता अकुशलानां निरोधरूपाः, ज्ञानादिसम्पन्नताः तिस्रः, वेदनातिसहनता शीताद्यतिसहनम्, मारणान्तिकातिसहनता-कल्याणमित्रबुद्ध्या मारणान्तिकोपसर्गसहनमिति ॥२४॥

મોહનીયકર્મની સત્તાના વિરોધી એવા અણગારગુણો સાધુના (૨૭) ગુણો હવે કહે છે.

અણગાર = સાધુઓના ગુણો અર્થાત્ ચારિત્રધર્મ વિશેષો તે ૨૭ છે. તેમાં ૫ મહાવ્રતો અને ઇન્દ્રિય નિગ્રહ ૫ છે. ક્રોધાદિવિવેક ચાર છે. ત્રણ સત્યો છે. તેમાં શુદ્ધ અન્તરાત્મદશા તે ભાવસત્ય છે. જે પડિલેહણાદિ ક્રિયાઓ જેવી કહી છે તેવી રીતે સમ્યગ્ ઉપયોગપૂર્વક કરવી તે કરણસત્ય છે મન વચન કાયા રૂપ યોગ ખોટા ન કરવા (શુભમાં પ્રવર્ત્તાવવા) તે યોગસત્ય છે

**ક્ષમા :-** દ્વેષરૂપ જે અપ્રીતિ છે. તેનો સંપૂર્ણ અભાવ અથવા ક્રોધ માનનો ઉદય અટકાવવો તે છે.

પૂર્વે કહેલ ક્રોધ માનના વિવેકમાં, ઉદયમાં આવેલા એવા ક્રોધ માનને અટકાવવા તે છે. ક્ષમામાં-એનો ઉદય જ ન થવા દેવો એટલો તફાવત સમજવો. તેથી પુનરુક્તિ દોષ નથી.

વૈરાગ્ય :- રાગમાત્રનો અભાવ અથવા માયા કે લોભનો અનુદય.

**મન વચન કાયાની સમાધારણતા :-** અકુશલ મન - વચન અને કાયાને અટકાવવા રૂપ છે.

**જ્ઞાનસંપન્નતા દર્શનસમ્પન્નતા ચારિત્રસમ્પન્નતા :-** એ ત્રણ છે.

**વેદનાતિ સહનતા :-** શીત-ઉષ્ણ વગેરે વેદનાઓને અત્યંત સહન કરવી તે.

**મારણાન્તિક સહનતા :-** મારણાન્તિક ઉપસર્ગોને (ઉપસર્ગ કરનાર પ્રત્યે) કલ્યાણમિત્રની બુદ્ધિથી સહન કરવા તે છે.

આમ સાધુના સત્યાવીસ ગુણ છે. ॥૨૪॥

अनगारविशेषाणां विशिष्टदेवगतिसम्भवात् तद्गतियोग्यकर्माण्याह-

**देवगतिपञ्चेन्द्रियवैक्रियतैजसकार्मणसमचतुरस्रवैक्रियाङ्गोपाङ्गवर्णगन्धरसस्पर्श-देवानुपूर्व्यगुरुलघूपघातपराघातोच्छ्वासप्रशस्तविहायोगतित्रसबादरपर्याप्तप्रत्येकयशः-कीर्त्तिनिर्माणनामानि स्थिरास्थिरयोः शुभाशुभयोरादेयानादेययोरन्यतरच्च देवगतिं बन्धन्नाम्न उत्तरप्रकृतीर्बध्नाति, एवं नैरयिकाऽपि नानात्वं तु अप्रशस्तविहायोग-तिहुण्डास्थिरदुर्भगाशुभदुःस्वरानादेयायशःकीर्त्तिनिर्माणनामभिः ॥२५॥**

**देवगतीति,** स्पष्टम्, स्थिरास्थिरयोः शुभाशुभयोरादेयानादेययोश्च परस्परं विरोधित्वे-नैकदा बन्धाभावादन्यतरदित्युक्तम्, नारकोऽपि विंशतिस्ता एव प्रकृतयोऽष्टानान्तु स्थाने-ऽष्टावन्या बध्नाति ॥२५॥

અનગાર વિશેષોની વિશિષ્ટ દેવગતિ સંભવતી હોવાથી તે દેવગતિ ગત જીવોને યોગ્ય કર્મો હવે કહે છે.

૧. દેવગતિનામકર્મ, ૨. પંચેન્દ્રિય જાતિ નામકર્મ, ૩. વૈક્રિય શરીર નામકર્મ, ૪. તૈજસ શરીર નામકર્મ, ૫. કાર્મણ શરીર નામકર્મ, ૬. સમચતુરસ્ર સંસ્થાન, ૭. વૈક્રિયાંગોપાંગ નામકર્મ, ૮. વર્ણ નામકર્મ, ૯.ગંધ નામકર્મ, ૧૦. રસ નામકર્મ, ૧૧. સ્પર્શ નામકર્મ, ૧૨. દેવાનુપૂર્વીનામ, ૧૩. અગુરુલઘુનામ, ૧૪.ઉપઘાતનામ, ૧૫. પરાઘાત નામ, ૧૬ ઉચ્છ્વાસનામ, ૧૭. પ્રશસ્ત વિહાયોગતિ નામ, ૧૮. ત્રસનામ, ૧૯. બાદરનામ, ૨૦. પર્યાપ્તનામ, ૨૧. પ્રત્યેકનામ, ૨૨. યશઃકીર્તિનામ, ૨૩. ઉપરાંત શુભનામ, ૨૪. અશુભનામ, ૨૫. આદેયનામ, ૨૬. અનાદેયનામ.

૨૭. સ્થિરનામ. ૨૮. કે અસ્થિરનામ માંથી કોઇપણ એક, કેમકે સ્થિર-અસ્થિર શુભાશુભ આદેય અનાદેય પરસ્પર વિરુદ્ધ પ્રકૃતિ હોવાથી એક બંધાય ત્યારે અન્ય બંધાતી નથી આમ દેવગતિ ને બાંધતો જીવ આટલી (૨૮) નામકર્મ ઉત્તર પ્રકૃતિઓ બાંધે છે.

આજ રીતે નારકીઓ પણ વૈક્રિય વગેરે. તે જ વીસ વીસ પ્રકૃતિઓ બાંધે છે. પણ આઠ પ્રકૃતિઓના સ્થાને અન્ય આઠ બાંધે છે, જે આ પ્રમાણે...

૧. અપ્રશસ્ત વિહાયોગતિ, ૨. હુંડક સંસ્થાન ૩. નરકાનુપૂર્વી ૪. અપયશઃ કીર્તિ ૫. અસ્થિર ૬. અશુભ ૭. અનાદેય ૮. નરકગતિ. વગેરે બાંધે છે.

મૂળ આગમ અને મૂળ સૂત્ર પ્રમાણે દેવતા કરતાં નારકીમાં નરકગતિ બાંધતા નીચે પ્રમાણે પ્રકૃતિનું નાનાત્વ બતાવ્યું છે.

અપ્રશસ્ત વિહાયોગતિ, હુંડક સંસ્થાન, અસ્થિર, દુર્ભગ, અશુભ, દુઃસ્વર, અનાદેય, અયશઃકીર્તિને નિર્માણનામકર્મ...

(મૂળ આગમમાં કહેલ આઠ પ્રકૃતિના સ્થાને અન્ય આઠપ્રકૃતિ ગણવા જાવતો આ ક્રમ નથી બેસતો પણ ઉપરનો ક્રમ બેસે છે. આ ક્રમમાં નિર્માણ તો બન્નેને સમાન છે તેથી નિર્માણ કાઢી નાંખીએ તો આઠ પ્રકૃતિ બેસે પણ દેવગતિને દેવાનુપૂર્વી નરકનો જીવ નથી બાંધતો તેથી તે ન ગણીએ ને ઉપરોક્ત દેવતાની ૨૮ પ્રકૃતિમાં સુસ્વર અને સુભગનામકર્મ ગણતરીમાં નથી લીધું તેથી તેના વિરુદ્ધ દુર્ભગ અને દુઃસ્વરનો પણ અહિં સમાવેશ ન કરાય અને દેવગતિ દેવાનુપૂર્વીના સ્થાને નરકગતિને નરકાનુપૂર્વી ગણવી જોઇએ એમ લાગે છે) ॥૨૫॥

प्रोक्तनरकगतिकर्मबन्धनिदानभूतानि शास्त्राण्याह–

**सूत्रवृत्तिवार्त्तिकभेदानि भौमोत्पातस्वप्नान्तरिक्षाङ्गस्वरव्यञ्जनलक्षणश्रुतानि विकथा-विद्यामंत्रयोगान्यतीर्थिकप्रवृत्तानुयोगश्रुतानि पापश्रुतानि ॥२६॥**

**सूत्रेति,** पापोपादानहेतुभूतानि श्रुतान्येतानि, तत्र भौमं-भूमिविकारदर्शनादेवास्मादिदं भवतीत्यादि फलाभिधानप्रवृत्तं निमित्तशास्त्रम्-तच्च सूत्रवृत्तिवार्त्तिकभेदत्रयवत्, एव-मुत्पातादीन्यपि त्रिभेदानि, तत्राङ्गवर्जितानां सूत्रं सहस्रप्रमाणं वृत्तिर्लक्षप्रमाणा वार्त्तिकं वृत्तेर्व्याख्यानरूपं कोटिप्रमाणम् अङ्गस्य तु सूत्रं लक्षं वृत्तिः कोटिः वार्त्तिकन्त्वपरिमितमिति। उत्पातश्रुतं सहजरुधिरवृष्ट्यादिलक्षणोत्पातफलनिरूपकं निमित्तशास्त्रम् । स्वप्नं-स्वप्नफल-प्रकाशकम् अन्तरिक्षं-आकाशजन्यग्रहयुद्धादिभावफलनिवेदकम्, अङ्ग-शरीरावयवप्रमाण-स्पन्दितादिविकारफलोद्भावकम्, स्वरं-जीवाजीवाश्रितस्वरस्वरूपफलाभिधायकम्, व्यञ्जनं-मषादिव्यञ्जनफलोपदर्शकम् लक्षणं लाञ्छनाद्यनेकविधलक्षणव्युत्पादकमिति चतुर्विंशतिः,

तथा-विकथानुयोगः-अर्थकामोपायप्रतिपादनपराणि कामन्दकवात्स्यायनादीनि भरतादीनि वा शास्त्राणि । विद्यानुयोगः-रोहिणीप्रभृतिविद्यासाधनाभिधायकानि शास्त्राणि, मंत्रानुयोगः-चेटकादिमंत्रसाधकाभिधायकानि शास्त्राणि, योगानुयोगः-वशीकरणादिकानि हरमेखलादि-योगाभिधायकशास्त्राणि, अन्यतीर्थिकेभ्यः कपिलादिभ्यः सकाशाद्यः प्रवृत्तः स्वकीयाचार-वस्तुतत्त्वानां विचारः सोऽन्यतीर्थिकप्रवृत्तानुयोग इति ॥२६॥

ઉપરોક્ત નરકગતિ કર્મના બંધ કારણભૂત ૨૯ પાપશાસ્ત્રો હવે કહે છે.

પાપના ઉપાદાનનું કારણભૂત શ્રુત એનું નામ પાપશ્રુત, તેમાં **ભૌમ** :- ભૂમિના વિકારોના દર્શનથી (ધરતીકંપ આદિ) આવા વિકારથી આવું થશે એવું ફલ કથન કરવામાં પ્રવૃત્ત એવું નિમિત્તશાસ્ત્ર ભૌમ કહેવાય છે.. તેના ત્રણ ભેદો સૂત્ર-વૃત્તિ અને વાર્તિક ત્રણભેદવાળુ ભૌમ શાસ્ત્ર એજ રીતે ઉત્પાદ વગેરેના પણ ત્રણ ત્રણ ભેદો સમજવા.

તે આઠ આઠ ભૌમાદિ શાસ્ત્રોમાં અંગ શાસ્ત્રને છોડી અન્ય નિમિત્તશાસ્ત્રોના સૂત્ર હજાર પ્રમાણનું છે. વૃત્તિ લાખ શ્લોક પ્રમાણ છે. અને વાર્તિક કરોડ શ્લોક પ્રમાણ છે જ્યારે અંગ શાસ્ત્રનું સૂત્ર તો લાખ શ્લોક પ્રમાણ છે. વૃત્તિ કરોડ શ્લોક પ્રમાણ છે. જ્યારે વાર્તિક અપરિમિત છે.

**ઉત્પાતશ્રુત** :- સ્વાભાવિક થયેલ રૂધિર વગેરેની વૃષ્ટિ રૂપ ઉત્પાત દ્વારા ભાવિફલનું કથન કરનારુ નિમિત્ત શાસ્ત્ર છે. **સ્વપ્ન** :- (વિવિધ પ્રકારના) સ્વપ્નોના ફલનું પ્રકાશન કરનારું શાસ્ત્ર. **અન્તરિક્ષ** :- આકાશમાં થતા ગ્રહયુદ્ધ વગેરે ભાવના ફલને જણાવનાર શાસ્ત્ર. **અંગ** :- શરીરના વિવિધ અવયવ પ્રમાણ - સ્ફૂરણ આદિ રૂપ વિકારોથી ફલ કથન કરનાર શાસ્ત્ર. **સ્વર** :- જીવ કે અજીવ આશ્રિત સ્વર (ધ્વનિ) ના સ્વરૂપથી ફલ કથન કરનારું શાસ્ત્ર. **વ્યઞ્જન** :- મસા વગેરે વિવિધ ચિહ્નોના ફળને કહેનારું શાસ્ત્ર. **લક્ષણ** :- શરીર પર રહેલા લાંછનો ચિહ્નો વગેરે અનેકવિધ લક્ષણોની વિચારણા કરનારું શાસ્ત્ર. આ બધાની સૂત્ર-વૃત્તિ ને વાર્તિક વગેરે એમ ત્રણ ભેદ કરતા ૨૪ પાપશ્રુત થયાં.

તેમજ **વિકથાનુયોગ** :- અર્થ અને કામના ઉપાય બતાવનાર કામન્દક વાત્સ્યાયન ભરત વગેરે શાસ્ત્રો **વિદ્યાનુયોગ** :- રોહિણી વગેરે વિદ્યાનું સાધન બતાવનારા શાસ્ત્રો. **મંત્રાનુયોગ** :- ચેટક (ક્ષુદ્રદેવો) વગેરેના મંત્રની સાધના બતાવનારા શાસ્ત્રો. **યોગાનુયોગ** :- વશીકરણ વગેરે. હર મેખલા (હરતાલ વગેરે) ના વિવિધ પ્રકારના યોગ (તંત્રપ્રયોગો) કહેનારા શાસ્ત્રો. **અન્યતીર્થિક પ્રવૃત્તાનુયોગ** :- અન્યતીર્થિક કપિલ વગેરેથી પ્રવૃત્ત થયેલા પોત પોતાના આચારો ને તત્ત્વોનો વિચાર કહેનારા શાસ્ત્રો. (આમ ૨૪+૫ ઉમેરતા ૨૯ પાપશ્રુત થયા) ॥૨૬॥

पापश्रुतप्रवक्ता च महामोहनीयस्थानपात्येवेति मोहनीयस्थानान्याह-

**त्रिंशन्महामोहनीयस्थानानि महावीरेण प्रवेदितानि ॥२७॥**

**त्रिंशदिति,** मोहनीयमष्टप्रकारं कर्म विशेषतश्चतुर्थी प्रकृतिर्वा तस्य स्थानानि निमित्तानि, वक्ष्यमाणानि समवसरणस्थेन महावीरेण प्रवेदितानि यानि स्थानानि तानि स्त्री वा पुरुषो वा समाचरन् पुनःपुनः शठाध्यवसायितया मोहनीयं कर्म प्रकरोतीति भावः, तत्र स्त्रीपुरुषगृहस्थपाषण्डिप्रभृतीन् त्रसान् वारिमध्ये प्रविश्योदकेन शस्त्रभूतेन पादादिना आक्रम्य मारयति मार्यमाणस्य महामोहोत्पादकत्वात्संक्लिष्टचित्तत्वात् भवशते दुःखवेदनीयमात्मना महामोहं प्रकरोतीति त्रसमारणेनैकं मोहनीयस्थानम् । प्राणिनां मुखादि हस्तेन संपिधायावरुध्य चान्तर्नदन्तं मारयति स महामोहं प्रकरोति । वैश्वानरं प्रज्वाल्य महामण्डपवाटादि जनमवरुध्य मारयति स महामोहकृत् । उत्तमाङ्गादौ खड्गमुद्गरादिना प्रहृत्य प्राणिनाशको महामोहकरः । आर्द्रचर्मादिमयेन शीर्षवेष्टनेन यः कश्चित्त्रसान् वेष्टयित्वा मारयति स महामोहविधाता । मायया यो वाणिजकादिवेषं विधाय पथि गच्छता सह गत्वा विजने तं मारयति तत उपहासादि च करोति स महामोहकृत् । यः प्रच्छन्नानाचारवान् स्वकीयदुष्टाचारगोपनया परकीयमायां जयेत् स महामोहं विधत्ते । योऽविद्यमानदुश्चेष्टितं निजकृतऋषिघातादि दुष्टव्यापारारोपाद्भ्रंशयति सोऽपि तथा । योऽनृतमेतदिति जानानोऽपि सभायां किञ्चित्सत्यानि बह्वसत्यानि सत्यमृषा-रूपाणि वाक्यानि भाषते स तथा । यो विचक्षणोऽमात्योऽनायकराजदारान् अर्थागमद्वारान् वा ध्वंसयित्वा नायकं वा संक्षोभ्य तद्भोगान् विदारयति अनुकूलयितुं समीपमागच्छन्तमपि नायकं प्रतिकूलैर्वचोभिरवरुध्य विशिष्टान् भोगान् विदारयति सोऽपि तथा । योऽकुमारब्रह्मचारी सन् कुमारभूतोऽहं कुमारब्रह्मचार्यहमिति वदन् स्त्रीषु गृद्धः सोऽप्येवम् । यः स्त्रीगृद्ध्याऽब्रह्मचारी सन् तत्काल एव ब्रह्मचारी साम्प्रतमहमित्यतिधूर्त्ततया परप्रवञ्चनाय वदति स तथा । यो जीविकालाभेन राजादि सेवते राजादेः सत्कोऽयमिति लब्धप्रतिष्ठश्च तस्यैव राजादेर्वित्ते लुभ्यति सोऽपि तथा । राजादिनेश्वरीकृतो यो लब्धसम्पत्तिरुपकारकारकराजादिविषये दुष्टान्तःकरणोऽन्तरायं करोति सोऽप्येवम् । यः पोषयितारं सेनापतिं राजानं वा ऽमात्य वा धर्मपाठकं वा विहिनस्ति सोऽप्येवम्, तन्मरणे बहुजनदुःस्थता प्रसङ्गात् । यो राष्ट्रस्य नायकं सति प्रयोजने निगमस्याशास्तारं बहुयशसं श्रेष्ठिनञ्च हन्ति स महामोहं विधत्ते । बहुजननायकं प्रावचनिकादिपुरुषं हेयोपादेयवस्तुस्तोमप्रकाशकं हत्वा महामोहं प्रकरोति । प्रविव्रजिषुं प्रव्रजितं संयतं सुसमाहितं व्रतचारित्रधर्माद्यो भ्रंशयति सोऽपि तथा । ज्ञानाद्यनेकातिशय-सम्पन्नत्वेन भुवनत्रये प्रसिद्धान् जिनान् प्रत्यवर्णवादी यः सोऽपि तथा । न्यायमार्गस्य सम्यग्दर्शनादेर्द्विष्टोऽपकरोति यः तथाऽन्यांश्च तत्र द्वेषेण वासयति स तथा । आचार्यो-

पाध्यायादीन् निजशिक्षकान् अल्पज्ञाना एते इति ज्ञानत:, अन्यतीर्थिकसंसर्गकारिण इति दर्शनत:, मन्दधर्माण: पार्श्वस्थादिस्थानवर्त्तिन इति चारित्रतश्च निन्दति स तथा । श्रुतदान-ग्लानावस्थाप्रतिचरणादिभिरुपकृतानाचार्यादीन् यो विनयाहारोपध्यादिभिर्न प्रत्युपकरोति, नासेवते मानवांश्च सोऽप्येवम् । अबहुश्रुतो य: श्रुतवानहमनुयोगधरोऽहमित्यात्मानं श्लाघते स महामोहकारी । अतपस्वी य आत्मानं तपस्विनं कथयति स तथा । य: कश्चिदाचार्यादि: समर्थ: ग्लाने उपस्थिते उपदेशेनौषधादिदानेन च स्वतोऽन्यतश्चोपकारं 'समर्थोऽपि सन्न ममाप्येष किञ्चनापि करोती ति विद्वेषेण असमर्थोऽयं बालत्वादिना किं कृतेनास्य ? पुनरुप-कर्त्तुमशक्तत्वादिति लोभेन न करोति' सोऽतथा कौटिलीयादिर्हिंसाप्रवर्त्तकशास्त्राणि राजकथादीनि यंत्रादीनि च पुन:पुन: प्रयुंक्ते य: सोऽपि सर्वतीर्थनाशनाय प्रवृत्तेस्तथा । य: श्लाघायै निमित्तवशीकरणादिप्रयोगान् प्रयुनक्ति सोऽपि तथा । य: पारलोकिकभोगेष्वतृप्यन् मानुष्यकान् भोगानभिलषति सोऽपि तथा । यो देवानां ऋद्धिद्युतियशोवर्णबलवीर्यप्रभृतिष्ववर्णवान् सोऽप्येवम् । यो देवानपश्यन्नपि पश्यामीति ब्रूते जिनस्येव च पूजामर्थयते गोशालकवत् सोऽपि महामोहं प्रकरोतीति ॥२७॥

પાપશ્રુતને કહેનારો મહામોહનીય સ્થાનમાં પડનારો જ બને છે માટે. ૩૦ મોહનીયસ્થાનો હવે કહે છે.

આઠ પ્રકારના કર્મ છે તેમાં મોહનીય ચોથી કર્મપ્રકૃતિ છે. તેના સ્થાનો એટલે કે નિમિત્તો સમવસરણે બિરાજમાન પ્રભુ મહાવીરે સ્વયં નીચે પ્રમાણે કહ્યા છે.

જે જે સ્ત્રી હોય કે પુરુષ હોય તે આ સ્થાનોને આચરતા વારંવાર અશુભ (શઠ) અધ્યવસાય ધારણ કરવાથી મોહનીય કર્મને (પ્રબળરીતે) બાંધે છે.

સ્ત્રી પુરુષ ગૃહસ્થ કે અન્યમતવાળા ત્રસ વગેરેને પાણીમાં પ્રવેશી પાણીને શસ્ત્ર બનાવી પગ વગેરેથી દબાવી ને મારી નાંખે તે ત્રસમારણ રૂપ ૧. મોહનીય સ્થાન આવી રીતે મારનારો જીવ મહામોહનો ઉત્પાદક છે, સંક્લિષ્ટ ચિત્તવાળો છે ને તેથી સો સો ભવ સુધી દુઃખે કરીને વેદાય એવા મહામોહને જાતે બાંધે... ૨. પ્રાણીઓના મુખ વગેરેને હાથથી ઢાંકી દાબીને અંદર જ બૂમ પાડતા તેને મારી નાંખે તે મહામોહનીય બાંધે છે. ૩. મોટા મંડપ અને વાડા વગેરેમાં લોકોને રુંધી અગ્નિ પેટાવી ને જે મારી નાંખે છે. તે મહામોહનો બંધ કરે છે. ૪. મસ્તક વગેરે પર ખડ્ગ કે મુદ્ગર વગેરે દ્વારા પ્રહાર કરી પ્રાણીનો નાશ કરનારો મહામોહનીય કર્મ બાંધે છે. ૫. લીલી ચામડાની વાધરને માથાને પાઘડી વીંટાળીને જે કોઇ ત્રસ જીવને મારી નાખે છે તે મહામોહને બાંધે છે. ૬. કપટથી વણિક વગેરેનો વેષ ધારણ કરી રસ્તામાં જતાં એકાંતમાં સાથે રહેલા વિશ્વાસુને જે મારી નાંખે છે હણીને તેનો ઉપહાસ વગેરે કરે છે. તે મહામોહ બાંધનારો છે. ૭. જે ગુપ્ત

અનાચારવાળો પોતાના દુષ્ટ આચારને છુપાવવા દ્વારા અન્યની માયાને જીતે છે તે પણ મહામોહ બાંધે છે. ૮. સ્વયં કરેલા ઋષિઘાત વગેરેને કોઇકના દુષ્ટ વ્યાપારને આગળ કરી એને આરોપ દઇને ભાંગી નાંખે છે. પોતાના પાપને અવિદ્યમાન બનાવે છે તે પણ મહામોહ બાંધે છે. ૯. જે અસત્ય છે એમ સમજે છે. તે છતાં સભામાં કંઇક સાચું પણ ઘણું બધું ખોટું... (અર્ધસત્ય) એવા સત્યમૃષા રૂપ વાક્યોને બોલે છે. તે પણ મહામોહનીય બાંધે છે. ૧૦. કોઇક હોશીયાર મંત્રી, રાજા અને એના દીકરા, પત્ની વગેરેના અર્થાગમના દ્વારો તોડી નાંખીને અથવા આજુબાજુના સામન્ત વગેરે પરિકરનો બળવો વગેરે કરાવીને અને સમજાવવા નિકટ આવતા એવા સામંતોને પણ પ્રતિકુળ વચનો કહેવા દ્વારા રાજાના વિશિષ્ટ ભોગોને વિદારી નાંખે છે. તે પણ મહામોહનીય બાંધે છે. ૧૧. જે કુંવારો નથી, બ્રહ્મચારી પણ નથી તે છતાં સ્ત્રીમાં આસક્ત થયેલો હું કુવારો છું. બ્રહ્મચારી છું. એવું કહેનારો પણ મહામોહ બાંધે છે. ૧૨. અબ્રહ્મચારી હોવા છતાં પ સ્ત્રી પ્રત્યેની ગૃદ્ધિથી તાત્કાલિક મૈથુન સેવીને પણ હમણા હું બ્રહ્મચારી છું. એમ અત્યન્ત ધૂર્તપણાએ બીજાને ઠગવા જે બોલે છે, તે પણ મહામોહનીય બાંધે છે. ૧૩. જે આજીવિકાના લાભ માટે રાજા વગેરેને સેવે છે અને આ રાજાનો માણસ છે. એમ પ્રતિષ્ઠા પામેલો પછીથી તે રાજા વગેરેના ધનમાં જ લોભાય છે તે પણ મહામોહનીય બાંધે છે. ૧૪. રાજાએ જેને સમૃદ્ધ બનાવ્યો હોય તે છતાં સંપત્તિવાળો થઇને ઉપકારકારક એવા રાજાની બાબતમાં દુષ્ટ અંતઃકરણવાળો રાજા વગેરેને અંતરાય કરનારો થાય તો તે પણ મહામોહનીય બાંધે છે. ૧૫. જે પોતાને પોષનાર સેનાપતિને-રાજાને-મંત્રીને-ધર્મપાઠકને હણે છે તે પણ મહામોહનીય બાંધે છે કેમકે તેવા મોટા માણસના મોતથી ઘણા માણસો મુશ્કેલીમાં મુકાય છે. ૧૬. કારણ હોવા છતાં પણ રાષ્ટ્રના નાયક, ઘણા યશવાળા, વેપારી મંડળનું શાસન કરવાવાળા શ્રેષ્ઠિને જે હણે છે તે પણ મહામોહ બાંધે છે. ૧૭. ઘણાજનોના નાયક પ્રાવચનિકપુરુષ અને હેય ઉપાદેય વસ્તુના સમૂહને પ્રકાશનાર વ્યક્તિને હણનારો પણ મહામોહનીય બાંધે છે. ૧૮. પ્રવ્રજ્યાના ઇચ્છુકને (મુમુક્ષુને) તેમજ પ્રવ્રજિત સમાધિમાન્ સાધુને જે વ્રત અને ચારિત્ર ધર્મથી ભ્રષ્ટ કરે છે, તે પણ મહામોહનીય બાંધે છે. ૧૯. જ્ઞાનાદિ અનેક અતિશયોથી સંપન્ન, ત્રણ જગતમાં પ્રસિદ્ધ એવા જિનેશ્વરો પ્રત્યે અવર્ણવાદ (નિંદા) કરનારો પણ મહામોહનીય બાંધે છે. ૨૦. સત્ય (ન્યાય) માર્ગ એવા સમ્યગ્દર્શન (જ્ઞાન, ચારિત્ર) પ્રત્યે દ્વેષ કરનારો અને અન્યજીવોને પણ દ્વેષ કરાવનારો પણ મહામોહનીય બાંધે છે. ૨૧. પોતાને ભણાવનાર એવા પણ આચાર્ય અને ઉપાધ્યાયને આતો અલ્પજ્ઞાની છે. એમ જ્ઞાનની બાબતમાં આ બધા તો અન્યદર્શનીઓના સંસર્ગ કરનારા છે. એમ દર્શનની બાબતમાં અને ચારિત્રધર્મમાં મન્દ થયેલા પાસત્થાના સ્થાને રહેલા છે એમ ચારિત્રની બાબતમાં એમનું ઘસાતુ બોલનારો મહામોહનીયને બાંધે છે. ૨૨. ભણાવનારા અને ગ્લાન અવસ્થામાં સેવા કરનારા વગેરે ઉપકાર કરનાર આચાર્ય વગેરેને વિનય-આહાર અને ઉપધિ વગેરેથી જે પ્રત્યુપકાર નથી કરતા અને અભિમાની એવો તે આચાર્ય-ઉપાધ્યાયનું આસેવન નથી કરતો તે મહામોહને બાંધે છે. ૨૩. જે અબહુશ્રુત છે. તે છતાં પોતાને અનુયોગધારી અને બહુશ્રુત કહીને જાતની પ્રશંસા કરે છે તે

પણ મહામોહ બાંધે છે. ૨૪. અતપસ્વી હોવા છતાં પણ પોતાની જાતને તપસ્વી કહે છે તે પણ મહામોહનીય બાંધે છે. ૨૫. જે કોઇ સમર્થ આચાર્ય છે જેની પાસે ગ્લાન ઉપસ્થિત થયે છતે "આતો સમર્થ હોવા છતાં મારું કશું નથી કરતો" એવા દ્વેષથી અથવા "આતો બાલક છે અસમર્થ છે. મને પ્રત્યુપકાર કરવામાં અશક્ત છે." માટે મારે શું ? આવા લોભથી ઉપદેશ દ્વારા કે ઔષધિ આપવા દ્વારા પોતે કે બીજા પાસે ઉપકાર નથી કરતો તો તે પણ મહામોહ બાંધે છે. ૨૬. ચાણક્ય વગેરેના હિંસા પ્રવર્ત્તક શાસ્ત્રોને, રાજકથા વગેરેને, યંત્રો વગેરેનો વારંવાર પ્રયોગ કરે છે તે પણ સર્વ તીર્થના નાશ માટે પ્રવૃત્તિ કરતો હોવાથી મહામોહનીય બાંધે છે. ૨૭. પોતાની પ્રશંસા માટે જે વ્યક્તિ નિમિત્તશાસ્ત્ર, વશીકરણ વગેરેના પ્રયોગ કરે છે તે પણ મહામોહનીય બાંધે છે. ૨૮. જે પરલોકમાં મળનાર દિવ્ય ભોગોથી પણ તૃપ્તિ ન પામતો મનુષ્યના જ ભોગોને ઇચ્છે છે તે પણ મહામોહનીય બાંધે છે. ૨૯. જે દેવતાઓની ઋદ્ધિ-દ્યુતિ-યશ-રૂપ-બલ-સામર્થ્ય વગેરે પ્રત્યે અવર્ણવાદી નિંદા કરનારો છે તે પણ મહામોહ બાંધે છે. ૩૦. જે દેવતાઓને ન જોતો હોય છતાં પણ હું દેવોને જોઉં છું. એમ કહે અને તીર્થંકરની જેમ પૂજાને ઇચ્છે, ગોશાલકની જેમ તે પણ મહામોહનીય બાંધે છે. ॥૨૭॥

महामोहनीयस्थानानामनासेवी सिद्धो भवतीति तद्गुणानाह-

**आभिनिबोधिकश्रुतावधिमनःपर्यवकेवलज्ञानचक्षुरचक्षुरवधिकेवलदर्शनावरणनिद्रानिद्रानिद्राप्रचलाप्रचलाप्रचलास्त्यानर्द्धिसातासातवेदनीयदर्शनचारित्रमोहनीयनारकतिर्यङ्मनुष्यदेवायुरुच्चनीचगोत्रशुभाशुभनामदानलाभभोगोपभोगवीर्यान्तरायक्षयाः सिद्धादिगुणाः ॥२८॥**

**आभिनिबोधिकेति,** सिद्धानामादौ-सिद्धत्वप्रथमसमय एव गुणाः सिद्धादिगुणाः, ते चाभिनिबोधिकावरणादिक्षयस्वरूपाः, दर्शनावरणनवकायुश्चतुष्कज्ञानावरणीयपञ्चकान्तरायपञ्चकवेदनीयद्वयमोहनीयद्वयनामद्वयगोत्रद्वयानि क्षीणशब्दविशेषितत्वेन प्रोच्यमानानि एकत्रिंशत्संख्याकानि सिद्धादिगुणरूपाणि भवन्तीति भावः ॥२८॥

આ ૩૦ મહામોહનીય સ્થાનનું આસેવન નહી કરનાર વ્યક્તિ સિદ્ધ બને છે. તે સિદ્ધના (૩૧) ગુણોને હવે કહે છે.

સિદ્ધોના આદિ ગુણો અર્થાત્ સિદ્ધત્વના પ્રથમ સમયે જ જે ગુણો હોય છે. તે સિદ્ધના આદિ ગુણો કહેવાય છે ને તે આભિનિબોધિકાવરણ વગેરેના ક્ષય સ્વરૂપ હોય છે.

દર્શનાવરણીય નવક, આયુષ્ય ચતુષ્ક, જ્ઞાનાવરણીય પઞ્ચક, અન્તરાય પંચક, વેદનીય દ્વય, મોહનીય દ્વય, નામદ્વય, ગોત્રદ્વય, આમ ૯+૪+૫+૫+૨+૨+૨+૨ = ૩૧ પ્રકૃતિઓ ક્ષીણ શબ્દથી યુક્ત બનાવો તો તે ૩૧ સંખ્યાવાળા સિદ્ધના આદિ ગુણ રૂપ બને છે. ॥૨૮॥

ते गुणाः कथं सम्भवन्तीत्यत्र कारणभूतान् प्रशस्तयोगानाचष्टे-

**आलोचननिरपलापदृढधर्मत्वादयः प्रशस्तयोगसङ्ग्रहाः ॥२९॥**

**आलोचनेति,** योगाः मनोवाक्कायानां व्यापारास्ते प्रशस्ता ग्राह्याः तेषां शिष्याचार्यगतानां आलोचननिरपलापादिना प्रकारेण ये सङ्ग्रहास्ते द्वात्रिंशद्विधाः, तद्यथा-प्रशस्तमोक्षसाधनयोगसङ्ग्रहाय शिष्येणाचार्याय सम्यगालोचना दातव्येत्यालोचना, आचार्योऽपि मोक्षसाधकयोगसंग्रहायैव दत्तायामालोचनायां नान्यस्मै कथयेदिति निरपलापः, तदर्थमेव द्रव्यादिभेदास्वापप्सु साधुना सुतरां दृढधर्मिणा भाव्यमिति दृढधर्मता, तदर्थमेव परसाहाय्यानपेक्षं तपो विधेयमित्यनिश्रितोपधानता, सूत्रार्थग्रहणरूपा प्रत्युपेक्षाद्यासेवनात्मिका च शिक्षाऽऽसेवितव्येति शिक्षा, निष्प्रतिकर्मशरीरेणासेवनीयेति निष्प्रतिकर्मता, यशःपूजाद्यर्थित्वेनाप्रकाशयद्भिस्तपः कार्यं यथाऽन्यो न जानाति तथा तपः कार्यमित्यर्थ इति अज्ञातता, अलोभेन यत्नः कार्य इत्यलोभता, परीषहादिजयः कार्य इति तितिक्षा, आर्जवं कर्त्तव्यमित्यार्जवम्, संयमवता भवितव्यमिति शुचित्वम्, सम्यग्दर्शशुद्धो भवेदिति सम्यग्दृष्टित्वम्, चेतसः स्वास्थ्यं कार्यमिति समाधिः, निर्माय आचारोपगतः स्यादित्याचारः, निर्मानो विनयोपगतो भवेदिति विनयित्वम्, धृतिप्रधाना मतिरदैन्यरूपा कार्येति धृतिमतित्वम्, संसाराद्भयं मोक्षाभिलाषो वा भवेदिति संवेगित्वम्, मायाशल्यं न कुर्यादित्यप्रणिधिः, सदनुष्ठानं कर्त्तव्यमिति सुविधिः, आश्रवनिरोधः कार्य इति संवरः, स्वकीयदोषस्य निरोधः कार्य इत्यात्तदोषोपसंहारः, समस्तविषयवैमुख्यं भावयेदिति सर्वकामविरक्तता, मूलगुणविषयमुत्तरगुणविषयञ्च प्रत्याख्यानं कार्यमिति प्रत्याख्याने, द्रव्यभावभेदभिन्नो व्युत्सर्गः कार्य इति व्युत्सर्गित्वम्, प्रमादवर्जनं कार्यमित्यप्रमादित्वम्, क्षणे क्षणे सामाचार्यनुष्ठानं कार्यमिति लवाल्लवः, ध्यानं कार्यमिति ध्यानसंवरयोगः, मारणान्तिकेऽपि वेदनोदये न क्षोभः कार्य इति उदितमारणान्तिकत्वम्, सङ्गानाञ्च ज्ञपरिज्ञाप्रत्याख्यानपरिज्ञाभेदभिन्ना परिज्ञाकर्त्तव्येति संगपरिज्ञा, प्रायश्चित्तकरणञ्च कार्यमिति प्रायश्चित्तकरणम्, मरणान्तकाले आराधना कार्येत्याराधना, एते प्रशस्तयोगसङ्ग्रहनिमित्तत्वात् योगसङ्ग्रहा इति ॥२९॥

તે સિદ્ધગુણો જીવને કેવી રીતે સંભવે એમાં કારણભૂત એવા પ્રશસ્ત (૩૨) યોગોને હવે કહે છે.

યોગ = મન વચન કાયાનો વ્યાપાર અને તે પ્રશસ્ત ગ્રહણ કરવા શિષ્ય અને આચાર્યગત એવા (પ્રશસ્ત મન વચન કાયાના વ્યાપારો) આલોચન, નિરપલાપ, વગેરે પ્રકારે જે યોગનો સંગ્રહ છે તે (૩૨) પ્રકારનો છે તે નીચે પ્રમાણે છે.

૧. મોક્ષ સાધન માટે કલ્યાણ કારક એવા યોગનો સંગ્રહ કરવા માટે શિષ્યે આચાર્ય ભગવંતને સારી રીતે આલોચના આપવી જોઇએ, આ આલોચના નામનો પ્રથમ યોગ સંગ્રહ છે. ૨. અને આચાર્ય ભગવંતને પણ મોક્ષ સાધક યોગનો સંગ્રહ કરવા કાજે આલોચના આપે છતે અન્યને કહે નહીં. આ નિરપલાપ નામનો બીજો યોગ સંગ્રહ છે. ૩. મોક્ષ માટે જ દ્રવ્યાદિ ભેદે (દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ) આવેલી આપત્તિઓમાં પણ સાધુએ ચોક્કસ દૃઢધર્મી રહેવું. ૪. મોક્ષના માટે જ બીજાની સહાયની અપેક્ષા વિના તપ કરવો. એને અનિશ્રિત ઉપધાનતા કહેવાય. ૫. સૂત્ર અને અર્થની ગ્રહણ રૂપ શિક્ષા (ગ્રહણશિક્ષા) અને પડિલેહણ વગેરે કેવી રીતે કરવું તેને શીખવું તે આસેવન રૂપ શિક્ષા બન્ને શિક્ષાનું આસેવન કરવું મોક્ષ માટે. ૬. શરીરની નિષ્પ્રતિકર્મતા સેવવી અર્થાત્ શરીરની આળ પંપાળ ન કરવી. સેવાદિ ન કરવા ૭. યશ અને પૂજાના અર્થી બનીને તપ વગેરે પ્રકાશિત કરવો નહી અર્થાત્ બીજો ન જાણે તે રીતે તપ કરવો એને અજ્ઞાતતા કહેવાય ૮. કોઇપણ સાધના, પ્રયત્ન અલોભ ભાવથી કરવો એ અલોભતા છે. ૯. પરીષહો પર વિજય મેળવવો પરીષહ સહવા (અગ્લાન ભાવે) એ તિતિક્ષા છે. ૧૦. સરળતા ઋજુતા રાખવી એ આર્જવ છે. ૧૧. સંયમી રહેવું એ શુચિતા છે. ૧૨. સમ્યગ્દર્શનથી શુદ્ધ બનવું તે સમ્યગ્દષ્ટિત્વ છે. ૧૩. ચિત્તને હંમેશા સ્વસ્થ રાખવું તે સમાધિ છે. ૧૪. નિર્દંભ આચરણથી યુક્ત બનવું તે આચાર છે. ૧૫. માનમુક્ત બની વિનયયુક્ત બનવું તે વિનયિત્વ છે. ૧૬. બુદ્ધિને-વિચારણાને હંમેશા ધૃતિવાળી ધીરજવાળી બનાવવા એ ધૃતિમત્ત્વ છે. ૧૭. સંસારનો ડર અને મોક્ષનો અભિલાષ રાખવો. એ સંવેગીપણું છે. ૧૮. (પાપ કે દોષ લઇને) માયા રૂપ શલ્ય રાખવું નહી, એ અપ્રણિધિ છે. ૧૯. હંમેશા અનુષ્ઠાન (ક્રિયાદિ) શુદ્ધ અને સારી રીતે કરવી એ સુવિધિ છે. ૨૦. આશ્રવનો હંમેશા નિરોધ કરવો એ સંવર છે. ૨૧. પોતાના દોષોનો નિરોધ કરવો. એ આત્તદોષોપસંહાર છે. ૨૨. બધા જ ઇન્દ્રિયોના વિષયોથી વિમુખ થવું એ સર્વકામ વિરકતતા છે. ૨૩, ૨૪. મૂલગુણ સંબંધી અને ઉત્તરગુણ સંબંધી પચ્ચક્ખાણ કરવું તે બે પ્રત્યાખ્યાન છે. ૨૫. દ્રવ્ય અને ભાવ બે ભેદે વ્યુત્સર્ગ કરવો. એ વ્યુત્સર્ગિત્વ છે. ૨૬. પ્રમાદનો ત્યાગ કરવો એ અપ્રમાદિત્વ છે. ૨૭. ક્ષણે ક્ષણે સામાચારીનું અનુષ્ઠાન કરવું એ લવાલ્લવ છે. ૨૮. ધ્યાન કરવું એ ધ્યાન સંવર યોગ છે. ૨૯. મારણાન્તિક વેદનામાં પણ ક્ષોભ ન પામવો, ઉચાર ન કરવો એ ઉદિતમારણાન્તિકત્વ છે. ૩૦. સંગો વિષે જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા રૂપ બે ભેદોથી પરિજ્ઞા કરવી (અર્થાત્ સંગોને સમજવા અને ત્યાગવા) એ સંગપરિજ્ઞા છે. ૩૧. પ્રાયશ્ચિત્ત કરવું... એ પ્રાયશ્ચિત્તકરણ યોગસંગ્રહ છે. ૩૨. મરણાન્તકાલમાં આરાધના કરવી એ આરાધના યોગ સંગ્રહ છે. (આ ૩૨ યોગ મોક્ષ માટે જીવનમાં અપનાવવા એ ૩૨ યોગ સંગ્રહ કહેવાય છે.) ॥૨૯॥

प्रशस्तयोगाभावे आशातना भवन्तीति ता आह–

**शैक्षस्य रात्निकेऽविनया आशातनास्त्रयस्त्रिंशत् ॥३०॥**

**शैक्षस्येति**, आ सामस्त्येन ज्ञानादिगुणाः शात्यतेऽपध्वस्यन्ते याभिस्ता आशातनाः-तत्र शैक्षस्य-शिक्षायोग्यस्य-अल्पपर्यायस्य रात्निके बहुपर्याये आचार्यादिविषये येऽविनयाः-अयोग्यवृत्तयस्ता स्त्रयस्त्रिंशद्विधाः-यथा, बहुपर्यायस्याऽऽसन्नगमनं यथा रजोऽञ्चलादिः तस्य लगेत्, एवं तस्य पुरतो गमनं तथा समपार्श्वं यथा भवति तथा समश्रेण्या गमनम्, एवमासन्नस्थितिः पुरःस्थितिः पार्श्वतस्थितिः, तथाऽऽसन्नं निषीदनं पुरो निषीदनं पार्श्वतो निषीदनम्, विचारभूमिं गतयोः शैक्षस्य पूर्वतरमाचमनम्, पूर्वं गमनागमनालोचनम्, रात्निकेन रात्रौ को जागर्त्तीति पृष्टे तद्वचनाश्रवणम्, रात्निकस्य पूर्वमालपनीयं कंचन शैक्षस्य पूर्वतरमालपनम्, लब्धाशनादेः पूर्वमेवालोचनम्, अन्यस्य तदुपदर्शनम्, अन्यस्य निमंत्रणम्, अनापृच्छयाऽन्यस्मै दानम्, प्रधानतरस्य स्वयं भोजनम्, क्वचित्प्रयोजने व्याहरतो रात्निकस्य वचसोऽप्रतिश्रवणम् रात्निकस्य पुरतो बृहता शब्देन बहुधा भाषणम्, व्याहृतेन मस्तकेन वन्दे इति वक्तव्ये किं भणसीति कथनम्, रात्निके प्रेरयति सति कस्त्वं प्रेरणायामिति भणनम्, आर्य ! ग्लानं किं न॰प्रतिचरसीति उक्ते त्वं किं न तं प्रतिचरसीत्यभिधानम्, धर्मं कथयति गुरौ अन्यमनस्कताऽऽसेवनम् कथयति गुरौ न स्मरसीति कथनम्, धर्मकथाया आच्छेदनम्, भिक्षावेला वर्त्तत इति वदन् पर्षदो भेदनम्, गुरुपर्षदोऽनुत्थितायास्तथैव व्यवस्थिताया धर्मस्य कथनम्, गुरोः संस्तारकस्य पादेन घट्टनम्, गुरुसंस्तारके निषीदनम्, उच्चासने निषीदनम्, समासने निषीदनम्, आलपतो रात्निकस्य आसनादि स्थित एव प्रतिश्रवणं आगत्य हि प्रत्युत्तरं देयमिति (तत्रददानि) शैक्षस्याऽऽशातनाः ॥३०॥

પ્રશસ્ત યોગનો અભાવ હોય તો આશાતનાઓ થાય છે, તે (૩૩) આશાતનાઓ હવે કહે છે.

સમસ્તતાથી જ્ઞાનાદિ ગુણોનું જે શાતન કરે છે. ખરાબ રીતે ધ્વસ્ત કરે છે. તે આશાતના છે. તેમાં શૈક્ષ = શિક્ષા યોગ્ય - અલ્પદીક્ષા પર્યાયવાળો... રાત્નિક = બહુ પર્યાયવાળા આચાર્ય વગેરેના વિષયમાં જે અવિનયો કરે છે. અયોગ્ય વર્તનો કરે છે તે તેત્રીશ પ્રકારના છે. જેમ કે ૧. બહુપર્યાયવાળા વડીલની ખૂબ નિકટ જવું જેથી આપણી રજ અને વસ્ત્ર વગેરે એને લાગે ૨. એ જ રીતે એમની આગળ જવું ૩. એમની બરોબર પડખે સમશ્રેણીથી ચાલવું ૪. એજ રીતે નિકટમાં ઉભા રહેવું ૫. એમની આગળ ઉભા રહેવું ૬. એમની પડખે સમશ્રેણિએ ઉભા રહેવું ૭. એજ રીતે નિકટમાં બેસવું ૮. એમની આગળ બેસવું ૯. એમના પડખે... સમશ્રેણીએ બેસવું. ૧૦. સ્થંડિલ ગયેલા વડીલ અને શૈક્ષમાં શૈક્ષ... એમના કરતા વહેલા હાથ પગ વગેરે ધુએ. ૧૧. એમના કરતા પહેલા જ ગમણાગમણે (ઇરિયાવહીયા) આલોચે. ૧૨. વડીલ રાત્રે પૂછે. કોણ જાગે છે ? છતાં તેનું વચન ન સાંભળ્યું. (જવાબ ન દે) ૧૩. વડીલે પહેલાં બોલાવવાના હોય

તેવી કોઈ વ્યક્તિને શૈક્ષ (નાનો) જ પહેલા બોલાવી લે... ૧૪. વડીલ કરતા પહેલા ગોચરી વગેરે મળી જતા પહેલા જ આલોવી લે. ૧૫. વડીલને છોડી ગોચરી આદિ બીજાને દેખાડે... ૧૬. ગોચરી માટે વડીલ સિવાય અન્યને પહેલા નિમંત્રણ કરે. ૧૭. વડીલને પૂછ્યા વિના જ બીજાને ગોચરી આદિ આપી દે. ૧૮. કોઈક પ્રયોજનથી વડીલ બોલાવે તો પણ વડીલના વચન સાંભળે નહી. ૧૯. વડીલની આગળ મોટા મોટા અવાજે બહુ બોલે. ૨૦. વડીલ બોલાવે ત્યારે જી મત્થએણ વંદામિ કહેવું જોઈએ એને બદલે શું કહો છો ? એમ બોલે... ૨૧. વડીલ પ્રેરણા કરે છતાં "તમે કોણ પ્રેરણા કરવાવાળા" એવું કહેવું. ૨૨. વડીલ કહે કે. "ભાઈ ! ગ્લાનની સેવા કેમ નથી કરતો ?" ત્યારે "તમે કેમ નથી કરતા" એમ સામો જવાબ દે... ૨૩. ગુરુ ધર્મની વાત કહેતા હોય છતાં પણ અન્ય મનસ્કતા રાખે, ધ્યાન ન આપે. ૨૪. ગુરુ કંઈ કહેતા હોય ત્યારે "તમને યાદ નથી" એ કહેવું. ૨૫. ધર્મકથામાં ભંગાણ પાડવું. ૨૬. ચાલો હવે ગોચરી આવી ગઈ છે એમ કહી ગુરુની પર્ષદા તોડી નાંખવી. ૨૭. ગુરુની પર્ષદા ઉઠી ન હોય અને તેવીજ બેઠી હોય ત્યારે ગુરુને બાજુ રાખી પોતે ધર્મનો ઉપદેશ આપવા બેસી જાય, ગુરુના સંથારાને પગથી સ્પર્શવો. ૨૮. ગુરુના સંથારામાં બેસી જાય. ૨૯. ગુરુ કરતા ઉંચા આસને બેસવું... ૩૦. સમાન આસને બેસવું. ૩૧. ગુરુ બોલાવે ત્યારે આસને બેઠો બેઠો જ સાંભળે... ૩૨. આવીને પ્રત્યુત્તર આપવો જોઈએ તે ન આપે ત્યાં રહ્યો રહ્યો જવાબ આપે, તે શૈક્ષની આશાતના છે. (આમ ૩૩ આશાતના) ॥૩૦॥

आशातनाप्रतिपादकस्यातिशयानाह–

**तीर्थकरस्यातिशया अवर्द्धमानकेशनिरामयशरीरपाण्डुरमांसशोणितादयः ॥३१॥**

तीर्थकरस्येति, अवृद्धिस्वभावास्तीर्थकृतः केशाः श्मश्रूणि रोमाणि नखाश्च, नीरोगं निर्मलञ्च शरीरम्, गोक्षीरपाण्डुरं मांसशोणितम्, पद्मोत्पलगन्धिनावुच्छ्वासनिःश्वासौ, अभ्यवहरणमूत्रपुरीषोत्सर्गौ च मांसचक्षुषाऽदृश्यौ, आकाशगतं धर्मचक्रम्, आकाशगतं छत्रत्रयम्, प्रकाशे प्रकीर्णके श्वेतवरचामरे, सपादपीठं आकाशमिवाच्छस्फटिकमयं सिंहासनम् अतितुङ्गलघुपताकातिमनोहरस्येन्द्रध्वजस्य जिनस्य पुरतो गमनम्, यत्र यत्र भगवन्तस्तिष्ठन्ति तत्र तत्र तदैव पत्रसंछन्नपुष्पफलोपशोभितछत्रघण्टापताकालङ्कृताशोकवरपादपोऽभिसंजायते, ईषत्पश्चाद्भागे मस्तकप्रदेशे प्रभापटलं येन दशदिशोऽन्धकारेऽपि प्रभासन्ते, अतिसममनोहरभूप्रदेशः, अधश्शिरः कण्टकाः, अविपरीतास्सुखस्पर्शा ऋतवः, संवर्त्तकवातेन सुखस्पर्शेन शीतलेन सवासितेन योजनं यावत् क्षेत्रशुद्धिः, उचितबिन्दुपातेन निहतरजोरेणुर्गन्धोदकवर्षाकरो मेघः, जानूत्सेधप्रमाणमात्रः पञ्चवर्णोर्ध्वमुखप्रभूतपुष्पप्रकरः, कालागुर्वादिगन्धद्रव्योद्भूतातिसौरभगन्धादतिमनोहरं तन्निषीदनस्थानम्, उपर्युक्तस्थानद्वये अमनोज्ञशब्दाद्यभावो मनोज्ञानां प्रादुर्भाव-

श्चेति द्वयं वा, व्याकुर्वतो भगवतो हृदयंगमो योजानातिविक्रमी स्वरः, अर्धमागधीभाषातो धर्माख्यानम्, षण्णां भाषाविशेषाणां मध्ये या मागधी नाम भाषा साऽसमाश्रितस्वकीयसमग्रलक्षणाऽर्धमागधीत्युच्यते, तस्याश्चार्यानार्यदेशोत्पन्नानां द्विपदचतुष्पदमृगपशुपक्षिसरीसृपाणां आत्मनो भाषात्वेन परीणमनम्, पूर्वबद्धवैरा अपि देवासुरादयः प्रसन्नचित्ता धर्मं तं निशमयन्ति, अन्यतीर्थिकप्रावचनिका अपि भगवन्तं वन्दन्ते, आगतास्सन्तोऽर्हतः पादमूले निष्प्रतिवचना भवन्ति, यत्र यत्र भगवानास्ते तत्र तत्र पञ्चविंशतियोजनेषु धान्याद्युपद्रवकारि प्रचुरमूषकादिप्राणिगणबाधा न भवति न वा मारिर्भवति, स्वकीयराजसैन्यं तदपकारि न भवति, परचक्रमपि न भवति, अतिवृष्ट्यपि न भवति, अनावृष्टिरपि न भवति, दुर्भिक्षमपि न भवतीति अत्राद्याश्चत्वारोऽतिशया जन्मप्रभृतित एकोनविंशतिर्देवकृताः एकादश घातिकर्मणां क्षयाद्भवन्तीति ॥३१॥

આ ગુરુ પ્રત્યેની ૩૩ આશાતના નું પ્રતિપાદન કરનાર તીર્થંકર પ્રભુના અતિશયો (૩૪) હવે કહે છે.

૧. તીર્થંકર પરમાત્માના કેશ શ્મશ્રુ (દાઢીમુંછ) નખ અને રોમ ન વધવાના સ્વભાવવાળા હોય છે. ૨. રોગ અને મલરહિત શરીર હોય છે. ૩. ગાયના દૂધ જેવું ઉજ્જવળ માંસ અને લોહી. ૪. કમળ જેવા સુગંધી શ્વાસોચ્છ્વાસ હોય છે. ૫. આહાર તથા મૂત્ર પુરીષ સંબંધી નીહાર એ બન્ને ચર્મચક્ષુથી અદૃશ્ય હોય છે. ૬. આકાશે ચાલતું ધર્મચક્ર. ૭. આકાશગત છત્ર ૮. પ્રકાશમાન વીંઝાતા શ્વેતોજ્વલ ચામરો. ૯. પાદપીઠ સહિત આકાશ જેવા સ્વચ્છ સ્ફટીકમય સિંહાસન ૧૦. અનેક લઘુપતાકાથી યુક્ત અતિ ઉંચો એવો ઈન્દ્રધ્વજ પ્રભુની આગળ ચાલે છે. ૧૧. જ્યાં જ્યાં તીર્થંકર પ્રભુ ઉભા રહે છે. બેસે છે. ત્યાં ત્યાં ત્યારે જ પાંદડાઓથી ઢંકાયેલું, પુષ્પ અને ફુલોથી શોભતું, છત્ર-ઘંટા-પતાકાથી અલંકૃત એવું શ્રેષ્ઠ અશોકવૃક્ષ તૈયાર થાય છે. ૧૨. મસ્તકની પાછળ કંઈક પાછળના ભાગે પ્રભાનું આભામંડલ કે જેનાથી દશ દિશાઓ અંધારે પણ ચમકે છે... ૧૩. (પ્રભુ જ્યાં વિચરે છે ત્યાં) અત્યંત સમથળ મનોહર ભૂમિ પ્રદેશ હોય છે... ૧૪. (પ્રભુ જ્યાં વિચરે ત્યાં) કાંટા ઉંધા થઈ જાય છે. ૧૫. સુખસ્પર્શવાળી અનુકુળ ઋતુઓ હોય છે. ૧૬. (પ્રભુ જ્યાં વિચરે ત્યાં) શીતલ સુખસ્પર્શ સુવાસિત એવા સંવર્ત્તક વાયુથી એક યોજન જેટલા ક્ષેત્રની શુદ્ધિ થાય છે. ૧૭. (પ્રભુ જ્યાં વિચરે ત્યાં) રજ અને રેણુને સમાવી દેતો ઉચિત જલ બિંદુઓના પાત વડે સુગંધી જલ વરસતો મેઘ વર્ષે છે. ૧૮. (પ્રભુ જ્યાં વિચરે ત્યાં) પંચવર્ણવાળા ઉર્ધ્વમુખ (ચત્તા) પુષ્કળ એવા પુષ્પોનો ઘુંટણ પ્રમાણ ઢગ (સમવસરણમાં) થાય છે. ૧૯. પ્રભુ જ્યાં બેસે છે તે સ્થાને કાલાગરુ વગેરે સુગંધી ધૂપ દ્રવ્યોથી ઉત્પન્ન સૌરભથી મઘમઘતું ને મનોહર હોય છે. ૨૦. અમનોજ્ઞ શબ્દાદિ (પ્રતિકુળશબ્દાદિ)નો (પ્રભુ પાસે) અભાવ હોય છે. ૨૧. તો મનોજ્ઞ (અનુકુળ) એવા શબ્દાદિ પંચ વિષયનો પ્રાદુર્ભાવ હોય છે. ૨૨. બોલતા એવા પ્રભુનો હૃદયને સ્પર્શી જાય તેવો એક યોજનને ઓળંગી જતો સ્વર હોય છે.

૨૩. પ્રભુ અર્ધમાગધી ભાષામાં ધર્મનું કથન કરે છે ૨૪. છ પ્રકારની ભાષામાં એક ભાષા માગધી ભાષા છે... પ્રભુ સમગ્ર સ્વલક્ષણોથી યુક્ત એવી માગધી ભાષા નથી વાપરતા માટે એ અર્ધ માગધી ભાષા કહેવાય છે. તે પ્રભુદ્વારા બોલાતી અર્ધમાગધી ભાષા આર્ય કે અનાર્ય દેશમાં ઉત્પન્ન થયેલા તમામ મનુષ્યોને તેમજ બે પગાં, ચોપગા મૃગ પશુ પક્ષી કે સરીસૃપોને પોતપોતાની ભાષામાં પરિણમે છે. ૨૫. પૂર્વથી બંધાયેલા વૈરવાળા એવા પણ દેવો અસુરો વગેરે (પ્રભુદ્વારા કહેવાતા) ધર્મને પ્રસન્નચિત્તે સાંભળે છે. ૨૬. અન્યતીર્થિકો અને અન્ય દર્શનના મુખ્ય ધર્મોપદેશકો પણ પ્રભુને વંદે છે. ૨૭. આવેલા એવા તેઓ... અર્હન્ત ભગવંતના ચરણકમલે નિરૂત્તર બની જાય છે. ૨૮ જ્યાં જ્યાં ભગવાન બેસે છે. તેની ચારે દિશાએ પચ્ચીસ પચ્ચીસ યોજન સુધી ધાન્યાદિને ઉપદ્રવ કરનારી પુષ્કળ ઉંદરડા વગેરે પ્રાણિઓના સમૂહની બાધા (પીડા) નડતી નથી. ૨૯. મારી વગેરે પણ થતી નથી ૩૦. સ્વકીય રાજસૈન્ય બળવો નથી કરતું તથા પરચક્રનો પણ ઉપદ્રવ નથી થતો. ૩૧. અતિવૃષ્ટિ થતી નથી ૩૨. અનાવૃષ્ટિ પણ થતી નથી. ૩૩. દુકાળ નથી પડતો ૩૪. ઉત્પન્ન થયેલા વ્યાધિઓ, અનિષ્ટ સૂચક ઉત્પાતોનો અભાવ થાય છે. આમાં શરૂઆતના ચાર અતિશયો જન્મથી માંડીને (સહજ) હોય છે.

૧૯ દેવકૃત અતિશયો હોય છે. ૨૧ અતિશયો ઘાતિકર્મના ક્ષયથી થાય છે. ॥૩૧॥

तीर्थकृतां सातिशयवचनत्वाद्वचनातिशयानाचष्टे-

**संस्कारवदुदात्तोपचारोपेतगम्भीरशब्दादयो वचनातिशयाः ॥३२॥**

**संस्कारवदिति**, वचनं हि गुणवद्वक्तव्यं तद्यथा-संस्कारवत्त्वं लक्षणयुक्तत्वम्, उदात्तत्व-मुच्चैर्वृत्तिता, उपचारापेतत्वं-अग्राम्यता, मेघस्येव गम्भीरशब्दम्, अनुनादित्वं-प्रतिरवोपेतता, दक्षिणत्वं-सरलता, उपनीतरागत्वं-मालकोशादिग्रामरागयुक्तता, एते सप्त शब्दापेक्षया अतिशयाः अन्ये त्वर्थापेक्षया । महार्थत्वं-बृहदभिधेयता, अव्याहतपौर्वापर्यं-पूर्वापरवाक्याविरोधः, शिष्टत्वंअभिमतसिद्धान्तोक्तार्थता वक्तुः शिष्टतासूचकं वा, असन्दिग्धत्वं-असंशयकारित्वम्, अपहृतान्योत्तरत्वं-परदूषणाविषयता, हृदयग्राहित्वं-श्रोतृमनोहरता, देशकालाव्यतीतत्वं-प्रस्तावोचितता, तत्त्वानुरूपत्वं-विवक्षितवस्तुस्वरूपानुसारिता, अप्रकीर्णप्रसृतत्वं-सुसम्बन्धस्य सतः प्रसरणं अथवाऽसम्बन्धानधिकारित्वातिविस्तरयोरभावः, अन्योऽन्यप्रगृहीतत्वं-परस्परेण पदानां वाक्यानां वा सापेक्षता, अभिजातत्वं-वक्तुः प्रतिपाद्यस्य वा भूमिकानुसारिता, अतिस्निग्धमधुरत्वं-अमृतगुडादिवत्सुखकारित्वम्, अपरमर्मवेधित्वं-परमर्मानुद्घट्टनस्वरूपम्, अर्थधर्माभ्यासानपेतत्वं-अर्थधर्मप्रतिबद्धत्वम् उदारत्वं-अभिधेयार्थस्यातुच्छत्वं गुम्फगुणविशेषो वा, परनिन्दात्मोत्कर्षविप्रयुक्तत्वमिति प्रतीतमेव, उपगतश्लाघत्वं-

उक्तगुणयोगात् प्राप्तश्लाघता, अनपनीतत्वं-कारककालवचनलिङ्गादिव्यत्ययरूपवचनदोषापेतता, उत्पादिताच्छिन्नकौतूहलत्वं-स्वविषये श्रोतृणां जनितमविच्छिन्नं कौतुकं येन तत्तथा, तद्भावस्तत्त्वम्, अद्भुतत्वं, अनतिविलम्बितत्वञ्च प्रतीतम्, विभ्रमविक्षेपकिलकिञ्चितादिविप्रमुक्तं विभ्रमो-वक्तृमनसो भ्रान्तता, विक्षेपः-तस्यैवाभिधेयार्थं प्रत्यनासक्तता, किलकिञ्चितं-रोषभयाभिलाषादि-भावानां युगपत्सकृद्वा करणं आदिशब्दान्मनोदोषान्तरपरिग्रहस्तैर्विमुक्तता । अनेकजातिसंश्रया-द्विचित्रत्वम्, इह जातयोवर्णनीयवस्तुस्वरूपवर्णनानि, आहितविशेषत्वं-वचनान्तरापेक्षया ढौकितविशेषता, साकारत्वं-विच्छिन्नवर्णपदवाक्यत्वेनाकारप्राप्तत्वम्, सत्त्वपरिगृहीतत्वं-साहसो-पेतता, अपरिखेदित्वं-अनायाससम्भवः, अव्युच्छेदित्वं-विवक्षितार्थानां सम्यक् सिद्धिं यावदन-वच्छिन्नवचनप्रमेयतेति पञ्चत्रिंशातिशयाः ॥३२॥

તીર્થંકર પ્રભુના વચનો પણ સાતિશય હોય છે તેથી પ્રભુના (૩૫) વચનાતિશયો હવે કહે છે.

વચન પણ ગુણયુક્ત કહેવા જોઈએ તે ગુણો... આ પ્રમાણે છે...

૧. સંસ્કારવત્ત્વ = વ્યાકરણ યુક્ત (વ્યાકરણ શુદ્ધ) ભાષા... ૨. ઉચ્ચ સ્વર ૩. ઉપચારાપેતત્વ = અગ્રામ્યપણું... ૪. ગંભીર = મેઘ જેવો ગંભીર અવાજ ૫. અનુનાદિત્વ = પડઘો પડે તેવો ધ્વનિ ૬. દક્ષિણત્વ = સરલતા ૭. ઉપનીતરાગત્વ = માલકોશ વગેરે ગ્રામ અને રાગથી યુક્તપણું... આ સાત ગુણો શબ્દ = ધ્વનિની અપેક્ષાએ અતિશયો છે.

અન્ય અતિશયો અર્થની અપેક્ષાએ છે... તે આ પ્રમાણે... ૮. મહાર્થતા = મહાન પદાર્થ કહેનારી ૯. અવ્યાહત પૌર્વાપર્ય = પૂર્વા પર વાક્ય વચ્ચે અવિરોધ ૧૦. શિષ્ટત્વ = સ્વ સિદ્ધાંત યુક્ત પદાર્થ કહેવા અથવા વક્તાની શિષ્ટતાના સૂચક પદાર્થો હોવા. ૧૧. અસંદિગ્ધત્વ = અસંશય કરાવનારું ૧૨. અપહૃતાન્યોત્તરત્વ = બીજો કોઈ જેમાં દૂષણ બતાવી ન શકે તેવું ૧૩. હૃદયગ્રાહિત્વ = શ્રોતાના મનને હરી લે તેવું... ૧૪. દેશકાલાવ્યતીતત્વં = દેશકાલને અનુરૂપ પ્રસ્તાવોચિત ૧૫. તત્ત્વાનુરુપત્વ = જે પદાર્થ કહેવાની ઇચ્છા છે એના સ્વરૂપને અનુસરનારું. ૧૬. અપ્રકીર્ણ પ્રસૃતત્વં = સુસંબદ્ધ વસ્તુનું પ્રસરણ અથવા અસંબદ્ધ અને અનધિકારિ વસ્તુના અતિવિસ્તારના અભાવવાળું... ૧૭. અન્યોન્ય પ્રગૃહીતત્વં = પરસ્પર પદ અને વાક્યની અપેક્ષાવાળું... ૧૮. અભિજાતત્વ = વક્તાની અથવા પ્રતિપાદ્ય પદાર્થની ભૂમિકાને અનુસાર. ૧૯. અતિ સ્નિગ્ધ મધુરત્વ = અમૃતને ગોળની જેમ સુખાકારી ૨૦. અપરમર્મવેધિત્વ = પરના મર્મને પ્રકાશિત નહી કરનારું. ૨૧. અર્થધર્માભ્યાસાનપેતત્વ = પદાર્થ અને ધર્મને બંધાયેલું. ૨૨. ઉદારત્વ = અભિધેય પદાર્થનું અતુચ્છપણું - અથવા અર્થગુંફનનો ગુણવિશેષ. ૨૩. પરનિંદા અને આત્મોત્કર્ષ (આપ બડાઈ) થી રહિતપણું. ૨૪. ઉપગતશ્લાઘત્વ = ઉપરોક્ત ગુણના યોગથી સ્વાભાવિક રીતે શ્લાઘા એટલે પ્રશંસા પાત્ર. ૨૫. અનપનીતત્વ = કારક કે કાલ-

વચન કે લિંગ વગેરેના વ્યત્યય (ફેરબદલાથી) રૂપ વચનના દોષ વગરનું ૨૬. ઉત્પાદિતાચ્છિન્ન-કૌતૂહલત્વ = સ્વ પ્રતિપાદિત વિષયોમાં શ્રોતાઓને સતત કૌતુક જન્માવતું ૨૭. અદ્ભુતત્વ ૨૮. અનતિવિલમ્બિતત્વ બન્ને પ્રસિદ્ધ છે. (અર્થાત્ અદ્ભુત આશ્ચર્યપ્રદ અને અતિ ઝડપી નહીં અતિ ધીમું નહીં તેવું) ૨૯. વિભ્રમ વિક્ષેપ કિલકિઞ્ચિતાદિ વિપ્રમુક્ત વિભ્રમ = વક્તાના મનની ભ્રાન્તદશા (વગરનું) વિક્ષેપ = તે અભિધેય પદાર્થ પ્રત્યેની અનાસક્તતા એટલે કે નિરસતા - (વગરનું) કિલકિઞ્ચિત = રોષ, ભય, અભિલાષ વગેરે ભાવો આદિ પદથી મન અન્ય પણ દોષો તે એકસાથે બધા કરવા કે એકાદ વાર પણ કરવાથી રહિત જેઓનું વચન છે... ૩૦. અનેક જાતિ સંશ્રયથી વિચિત્ર અહિં જાતિ એટલે વર્ણનીય વસ્તુઓના સ્વરૂપ વર્ણનો - આવા અનેક સ્વરૂપ વર્ણનોથી યુક્તત્વ એટલે વિચિત્રત્વ. ૩૧. આહિત વિશેષત્વ = જેમાં અન્ય વચનો કરતા વિશેષતા રહેલી છે તેવું. ૩૨. સાકારત્વ છુટા (સ્પષ્ટ) વર્ણો-પદો અને વાક્યો દ્વારા જેનો કોઇ આકાર બંધાય તેવું. ૩૩. સત્વપરિગૃહીતત્વ = સાહસથી યુક્ત ૩૪. અપરિખેદિત્વ = જેમાં પ્રયાસ નથી કરવો પડતો તેવું. ૩૫. અવ્યુચ્છેદિત્વ = વિવક્ષિત પદાર્થોની જ્યાં સુધી સિદ્ધિ ન થાય ત્યાં સુધી સતત અનવચ્છિન્ન વચન વાળું. (આમ પ્રભુવચન પાંત્રીસ ગુણથી યુક્ત હોય છે) આ પાંત્રીસ વાણી અતિશયો છે. ॥૩૨॥

वाण्यतिशयवतां संपत्तिविशेषानाह–

**महावीरस्याऽऽर्याणां षट्त्रिंशत्सहस्राणि कुन्थोः सप्तत्रिंशद्गणा गणधराश्च पार्श्वस्याष्टत्रिंशदार्यिकासहस्राणि नमेरेकोनचत्वारिंशदाधोऽवधिकशतानि अरिष्टनेमेश्चत्वारिंशदार्यिकासहस्राणि नमेरेकचत्वारिंशदार्यिकासहस्राणि भवन्ति ॥३३॥**

**महावीरस्येति,** सुगमम्, महांश्चासौ वीरश्च कर्मविदारणसहिष्णुर्महावीरः, 'विदारयति यत्कर्म तपसा च विराजते । तपोवीर्येण युक्तश्च तस्माद्वीर इति स्मृतः ॥' इति, इतरवीरापेक्षया महांश्चासौ वीरश्च महावीरः, अस्यामवसर्पिण्यां चतुर्विंशतेस्तीर्थकराणां मध्ये चरमतीर्थकरः । तस्य आर्याणां षट्त्रिंशत्सहस्राणि श्रमणीसंपत्, कुः पृथिवी तस्यां स्थितत्वात् कुन्थुः सप्तदश तीर्थकरः, यद्यपि सर्वेऽपि भगवन्तः पृथिव्यां स्थिता एव तथापि अस्य जननीस्वप्ने कुस्थे मनोहरेऽभ्युन्नते महीप्रदेशे स्तूपं रत्नविचित्रं दृष्ट्वा प्रतिबुद्धवती, ततो हेतोर्भगवान्नामतः कुन्थुजिनः, तस्य गणाः सप्तत्रिंशत्, गणधराश्च सप्तत्रिंशन्, आवश्यके तु गणधराः त्रयस्त्रिंशत् श्रूयन्ते । युक्तिकलापात् पश्यति सर्वभावानिति पार्श्वः त्रयोविंशस्तीर्थकरः, तस्य पुष्पचूलाप्रमुखाः अष्टात्रिंशत्सहस्राऽऽर्यिका अभवन् । नमेश्चैकोनचत्वारिंशत् आधोऽवधिकशतानि, आधोऽवधिकाः नियतक्षेत्रविषयावधिज्ञानिनः, तेषां शतानीत्यर्थः । धर्मचक्रस्य नेमिवन्नेमिः,

गर्भस्थे मात्रारिष्टरत्नमयनेमेर्दर्शनादरिष्टनेमिः, द्वाविंशस्तीर्थकरः, तस्य आर्य-यक्षिणीप्रमुखाणि चत्वारिंशदार्यासहस्राणि अभवन् । नमेश्चैकचत्वारिंशदार्यिकासहस्राणि ॥३३॥

પાંત્રીસ વાણીના અતિશયને ધારણ કરનારા (તીર્થંકરોના) સંપત્તિ વિશેષો હવે કહે છે.

મહાવીર = મહાન્ એવા વીર... કર્મ વિદારણમાં સમર્થ તે મહાવીર... જેઓ કર્મને વિદારે છે અને તપથી શોભે છે. તપના વીર્યથી જે યુક્ત છે તેથી કરીને તે મહાવીર છે. અન્ય વીરોની અપેક્ષાએ પ્રભુવીર મહાન્ વીર હોવાથી મહાવીર છે. તે મહાવીર એટલે ચોવીસ તીર્થંકરોમાં ચરમ તીર્થંકર.

તે ચરમતીર્થંકર મહાવીર સ્વામીજીના ૩૬૦૦૦ સાધ્વીજી ભગવંતોની સંપદા છે.

હું એટલે પૃથ્વી તેમાં જે સ્થિત છે. તેનું નામ કુંથુ એટલે સત્તરમાં તીર્થંકર... જો કે સર્વ તીર્થંકરો પૃથ્વીપર સ્થિત છે. પરંતુ સત્તરમા તીર્થંકરની માતાએ સ્વપ્નમાં પૃથ્વી ઉપર સ્થિત મનોહર અને અતિ ઉન્નત ભૂમિપ્રદેશ ઉપર રત્નોથી વિચિત્ર એવો સ્તૂપ જોયો અને જાગ્યા હતા તે હેતુથી ભગવાનનું નામ પણ કુન્થુજિન રાખવામાં આવ્યું.

તે કુંથુનાથ ભગવાન્ ના ૩૭ ગણ હતાં. અને ૩૭ ગણધર હતા આવશ્યક સૂત્રમાં તો ૩૩ ગણધરો (૧૭મા જિનના) સંભળાય છે.

યુક્તિના સમૂહથી સર્વભાવોને પશ્યતિ = જે જુએ છે તે પાર્શ્વ છે જે ૨૩ માં તીર્થંકર છે.

તેઓની પુષ્પચૂલા પ્રમુખ ૩૮ હજાર સાધ્વીજીઓ થઇ...

નમિનાથ ભગવાનના ૩૯ સો.. આધોઅવધિક સાધુઓ થયા, આધોઅવધિક એટલે નિયતક્ષેત્ર વિષયક અવધિજ્ઞાનીઓ. તેની સંખ્યા ૩૯૦૦ છે.

ધર્મચક્રની શ્રેણિવાળા નેમિનાથ છે.. નેમિનાથ ગર્ભમાં હોતે છતે માતા વડે અરિષ્ટરત્નની શ્રેણિના (નેમિના) દર્શન કરાયા હોવાથી ૨૨ મા તીર્થંકર અરિષ્ટનેમિનાથ છે તે અરિષ્ટનેમિનાથના આર્યા યક્ષિણી પ્રમુખ ૪૦ હજાર સાધ્વીજીઓ થયા. અને (૨૧મા) નમિનાથ પ્રભુજીના ૪૧ હજાર સાધ્વીજી ભગવંતો થયા.

(આમ ૩૬ થી ૪૧ સુધીના સમવાય પછી... આગળ કહે છે) ॥૩૩॥

उपर्युक्तसंपत्तिधरमहावीरस्य श्रमणकालमानमाह–

**द्विचत्वारिंशद्वर्षाणि साधिकानि श्रामण्यपर्यायो महावीरस्य ॥३४॥**

**द्विचत्वारिंशदिति**, छद्मस्थपर्याये द्वादशवर्षाणि षण्मासा अर्द्धमासश्चेति, केवलिपर्यायस्तु देशोनानि त्रिंशद्वर्षाणीति द्विचत्वारिंशद्वर्षाणि साधिकानि महावीरस्य श्रामण्यपर्याय इति ॥३४॥

ઉપર્યુક્ત (૩૬ હજાર સાધ્વીજી) ની સંપદા ધારણ કરનારા મહાવીરસ્વામીજીના શ્રમણકાલને હવે કહે છે.

પ્રભુ મહાવીરનો છદ્મસ્થ પર્યાય ૧૨ વર્ષ ૬ મહિના અને અર્ધમાસ હતો અને ૬।। માસ ઉણાં - ૩૦ વર્ષ પ્રભુવીરનો કેવલી પર્યાય હતો.

બન્ને પર્યાય મળીને ૪૨ વર્ષ કંઇક સાધિક મહાવીર પ્રભુનો શ્રામણ્ય પર્યાય દીક્ષાકાલ હતો. ।।૩૪।।

उपर्य्युक्तश्रामण्यपर्यायवता महावीरेणोक्ता नारकावाससंख्या आह-

**प्रथमचतुर्थपञ्चमपृथिवीषु त्रिचत्वारिंशत्शतसहस्राणि नरकावासाः ।।३५।।**

**प्रथमेति**, रत्नप्रभापङ्कप्रभाधूमप्रभाभिधानासु पृथिवीष्वित्यर्थः, आवसन्ति येषु ते आवासाः, नरकाश्च ते आवासाश्च नरकावासाः, तत्र रत्नप्रभायां प्रथमपृथिव्यां त्रयोदशप्रस्तराः, प्रस्तरा नाम वेश्मभूमिकाकल्पाः, तत्र प्रथमे प्रस्तरे पूर्वादिषु दिक्षु प्रत्येकमेकोनपञ्चाशन्नरकावासाः, चतसृषु विदिक्षु प्रत्येकमष्टचत्वारिंशत्, मध्ये च सीमन्तकाख्यो नरकेन्द्रकः, सर्वसंख्यया प्रथमप्रस्तरे नरकावासानामावलिकाप्रविष्टानामेकोननवत्यधिकानि त्रीणि शतानि, शेषेषु च द्वादशसु प्रस्तरेषु प्रत्येकं यथोत्तरं दिक्षु विदिक्षु च एकैकनरकावासहानिभावात् अष्टकाष्टकहीना नरकावासाः, ततः सर्वसंख्यया रत्नप्रभायां पृथिव्यामावलिकानरकावासाश्चतुश्चत्वारिंशच्छतानि त्रयस्त्रिंशदधिकानि, शेषासुस्तु एकोनत्रिंशल्लक्षाणि पञ्चनवतिसहस्राणि पञ्चशतानि सप्तषष्ट्यधिकानि प्रकीर्णकाः, उभयमीलने त्रिंशल्लक्षा नरकावासानाम् । पङ्कप्रभायां चतुर्थपृथिव्यां सप्त प्रस्तराः, प्रथमे प्रस्तरे प्रत्येकं दिशि षोडशावलिकाप्रविष्टा नरकावासाः, विदिशि पञ्चदश, मध्ये चैको नरकेन्द्रकः, सर्वसंख्यया च पञ्चविंशं शतम्, शेषेषु षट्सु प्रस्तरेषु पूर्ववत्प्रत्येकं क्रमेणाधोऽधोऽष्टकाष्टकहानिः, ततः सर्वसंख्यया तत्रावलिकाप्रविष्टा नारकावासा सप्तशतानि सप्तोत्तराणि, शेषास्तु पुष्पावकीर्णका नवलक्षा नवनवतिसहस्राणि द्वे शते त्रिनवत्यधिके, उभयमीलने नरकावासानां दशलक्षाः । धूमप्रभायां पञ्चमपृथिव्यां पञ्चप्रस्तराः, प्रथमे च प्रस्तरे एकैकस्यां दिशि नवनव आवलिका प्रविष्टा नारकावासाः, विदिश्यष्टौ मध्ये चैको नरकेन्द्रकः, इति सर्वसंख्यया एकोनसप्ततिः, शेषेषु च चतुर्षु प्रस्तरेषु पूर्ववत् प्रत्येकं क्रमेणाधोऽधोऽष्टकाष्टकहानिः, ततः सर्वसंख्यया तत्रावलिकाप्रविष्टा नरकावासा द्वे शते पञ्चषष्ट्यधिके, शेषाः पुष्पावकीर्णका द्वे लक्षे नवनवतिसहस्राणि सप्तशतानि पञ्चत्रिंशदधिकानि, उभयमीलने सर्वसंख्यया तिस्रो लक्षा नरकावासाः, प्रथमचतुर्थपञ्चमपृथिवीनरकावाससंख्यानां मीलने च त्रिचत्वारिंशच्छतसहस्राणीति ।।३५।।

ઉપરોક્ત શ્રામણ્ય પર્યાયવાળા મહાવીર પ્રભુએ (૪૩૦૦૦૦) નરકાવાસની સંખ્યા કહી છે. તે હવે કહે છે.

પ્રથમ, ચતુર્થ અને પંચમ પૃથિવી એટલે રત્નપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા નામની પૃથ્વીમાં... નરકરૂપ આવાસોની સંખ્યા કહે છે.

જેમાં (નરકના જીવો) વસે તે આવાસ કહેવાય છે.

તેમાં રત્નપ્રભા પહેલી નરક પૃથ્વીમાં ૧૩ પ્રતરો છે. પ્રતરો એટલે ઘરના માળ જેવા વિભાગો તેમાં પહેલા પ્રતરમાં - પૂર્વ વગેરે ચારેદિશામાં પ્રત્યેકમાં ૪૯-૪૯ નરકાવાસો છે. ચારે ય દિશાઓમાં પ્રત્યેકમાં ૪૮-૪૮ નરકાવાસો છે. મધ્યભાગમાં - સીમન્તક નામનું મુખ્ય નરકાવાસ છે. પ્રથમ પ્રસ્તરમાં આવલિકામાં રહેલા નરકાવાસો. ટોટલ ૩૮૯ છે. અને ત્યારબાદ બાકીના ૧૨ પ્રસ્તરોમાં પ્રત્યેક દિશા અને વિદિશાઓમાં એક એક ઓછા કરવાથી પ્રત્યેક પ્રતરે આઠ આઠથી હીન નરકાવાસો છે તેથી રત્નપ્રભા પૃથ્વીમાં સર્વ સંખ્યા મેળવતા ૪૪૩૩ નરકાવાસો છે. બાકી પ્રકીર્ણક નરકાવાસો ૨૯ લાખ ૯૫ હજાર ૫૬૭ છે. ૪૪૩૩+૨૯,૯૫,૫૬૭ બન્ને મેળવો તો ૩૦ લાખ નરકાવાસ થાય.

પંકપ્રભા ચતુર્થ નરકભૂમિમાં ૭ પ્રસ્તરો છે. પ્રથમ પ્રસ્તરમાં પ્રત્યેક દિશામાં શ્રેણિબદ્ધ ૧૬-૧૬ નરકાવાસો છે. અને વિદિશામાં ૧૫-૧૫ નરકાવાસો છે. અને મધ્યમાં એક નરકેન્દ્રક (નરકાવાસ મુખ્ય) હોય છે. આમ બધી સંખ્યા મેળવતા પ્રથમ પ્રસ્તરમાં ૧૨૫ નરકાવાસ છે. બાકીના ૬ પ્રસ્તરોમાં ક્રમસર નીચે નીચે પ્રત્યેકમાં આઠ આઠ નરકાવાસ ઓછા કરતા જવાના તેથી સાતે સાત પ્રસ્તરોના નરકાવાસોની સર્વ સંખ્યા ૭૦૭ થાય છે તેમજ પુષ્પની જેમ છુટા છવાયા વેરાયેલા પ્રકીર્ણક નરકાવાસો ૯,૯૯,૨૯૩ થાય છે. ૭૦૭ અને ૯,૯૯,૨૯૩ મેળવવાથી (ચોથી નરકમાં) ૧૦,૦૦૦૦૦ (દસ લાખ) નરકાવાસોની સંખ્યા થાય છે.

ધૂમપ્રભા નામની પાંચમી નરકભૂમિમાં પાંચ પ્રસ્તર છે. તેના પ્રથમ પ્રસ્તરમાં પ્રત્યેક દિશામાં શ્રેણિબદ્ધ ૯/૯ નારકાવાસ છે પ્રત્યેક વિદિશાઓમાં શ્રેણિબદ્ધ ૮/૮ નરકાવાસ છે. અને મધ્ય ભાગમાં ૧ નરકેન્દ્રક (મુખ્ય નરકાવાસ) છે. આમ સર્વ સંખ્યાથી ૬૯ નરકાવાસ થાય છે. બાકીના ચાર પ્રસ્તરોમાં ક્રમસર નીચે નીચે પ્રત્યેક પ્રસ્તરે આઠ આઠ ઓછા નરકાવાસો દિશા-વિદિશામાં સમજવા તેથી પાંચે પાચ પ્રસ્તરના ભેગા થઈ સર્વસંખ્યાથી ૨૬૫ નરકાવાસો છે. અને પુષ્પોની જેમ છુટા છવાયા વેરાયેલા પ્રકીર્ણક નરકાવાસોની સંખ્યા ૨,૯૯,૭૩૫ છે. ૨૬૫ + ૨,૯૯,૭૩૫ એમ ઉભય સંખ્યા મેળવીએ તો સર્વ સંખ્યાથી ૩ લાખ નરકાવાસ થાય છે.

પ્રથમ નરક ભૂમિના ૩૦ લાખ નરકાવાસો

ચતુર્થ નરક ભૂમિના ૧૦ લાખ નરકાવાસો

પંચમ નરક ભૂમિના ૩ લાખ નરકાવાસો

ભેગા થઇ - ૪૩ લાખ નરકાવાસો થાય છે.

(આમ ૪૩ અંકનો સમવાય કહ્યો) ॥૩૫॥

ऋषिभाषिताध्ययनेष्वपि नारकावासवर्णनात्तान्याह-

**ऋषिभाषिताध्ययनानि चतुश्चत्वारिंशत् ॥३६॥**

**ऋषीति**, पश्यन्तीति ऋषयोऽतिशयज्ञानवन्तः, गणधरव्यतिरिक्ताः शेषा जिनशिष्याः, यद्वा ऋषयः प्रत्येकबुद्धसाधवः, ते चात्र नेमिनाथतीर्थवर्त्तिनो नारदादयो विंशतिः, पार्श्वनाथतीर्थवर्त्तिनः पञ्चदश, वर्धमानस्वामितीर्थवर्त्तिनो दश, तैर्भाषितानि अध्ययनानि कालिकश्रुतविशेषभूतानि अङ्गबाह्यानि भवन्तीति भावः ॥३६॥

ઋષિભાષિત અધ્યયનોમાં પણ નારકાવાસનું વર્ણન હોવાથી ઋષિભાષિત અધ્યયનોની સંખ્યા કહે છે.

પશ્યન્તિ ઇતિ ઋષયઃ અર્થાત્ જ્ઞાનથી વિશેષ રૂપે જેઓ જુએ છે તે ઋષિઓ કહેવાય છે. એટલે કે અતિશય જ્ઞાનીઓ ગણધર ભગવંતોને છોડી જિનેશ્વર દેવના અન્ય શિષ્યો ઋષિઓ કહેવાય છે. અથવા પ્રત્યેકબુદ્ધ સાધુ એનું નામ ઋષિઓ છે. નેમિનાથ પ્રભુના તીર્થવર્તિ નારદ વગેરે ૨૦ સાધુ પ્રત્યેકબુદ્ધ છે પાર્શ્વનાથપ્રભુના તીર્થવર્તિ ૧૫ સાધુ પ્રત્યેકબુદ્ધ છે ને વર્ધમાનસ્વામીના તીર્થવર્તિ ૧૦ સાધુ પ્રત્યેકબુદ્ધ છે તેઓએ કહેલા. અંગબાહ્ય કાલિકશ્રુત વિશેષભૂત એવા અધ્યયનો તે ઋષિભાષિત અધ્યયનો છે જેની સંખ્યા ૪૪ છે.

(ઉપરોક્ત ત્રણ તીર્થંકરના પ્રત્યેક બુદ્ધોની સંખ્યા ગણતા ૪૫ થાય છે. ને વળી - મૂળ સમવાયાંગમાં... દેવલોકથી ચ્યવીને ઋષિભૂત બનેલાને ઋષિ કહેવાય તેમના ભાષિત અધ્યયનો ૪૪ છે એમ કહ્યું છે. માટે - ઋષિને પ્રત્યેકબુદ્ધ જુદા સમજવા ? કે એક ?) ॥૩૬॥

**ऋषयः समयक्षेत्रे** भवन्तीति समयक्षेत्रादिप्रमाणमाह-

**समयक्षेत्रं सीमन्तक उडुविमानमीषत्प्राग्भारपृथिवी च पञ्चचत्वारिंशद्योजनशतसहस्राण्यायामविष्कम्भेण ॥३७॥**

**समयक्षेत्रमिति, समयः** कालस्तेनोपलक्षितं क्षेत्रं समयक्षेत्रं मनुष्यक्षेत्रमित्यर्थः, कालो हि दिनमासादिरूपः सूर्यगतिसमभिव्यङ्ग्यो मनुष्यक्षेत्र एव न परतः, परतो हि नादित्या सञ्चरिष्णवः, इदञ्च क्षेत्रमायामविष्कम्भेण पञ्चचत्वारिंशद्योजनशतसहस्रम्, परिक्षेपेण चैका योजनकोटी द्वाचत्वारिंशत् शतसहस्राणि त्रिंशत्सहस्राणि किञ्चिद्विशेषाधिकैकोनपञ्चाशद्युते द्वे योजनशते । प्रथमपृथिव्यां प्रथमप्रस्तरे मध्यभागवर्त्ती वृत्तो नरकेन्द्रः सीमन्तक उच्यते,

तस्यापि प्रमाणमायामविष्कम्भेण तावदेव सौधर्मेशानयोः प्रथमप्रस्तरवर्तिचतसृणां विमानावलिकानां मध्यभागवर्त्ति वृत्तं विमानकेन्द्रकमुडुविमानकम् । ईषदल्पः रत्नप्रभाद्यपेक्षया प्राग्भार उच्छ्रयादिलक्षणो यस्याः सा ईषत्प्राग्भारा, ऊर्ध्वलोकाग्रस्थः सिद्धानां निवासभूतः पृथिवीभेदः, स च शंखदलचूर्णवत् श्वेत उत्तानच्छत्रसंस्थानसंस्थितः श्वेतसुवर्णमयः । मध्ये बाहल्यन्तु अष्टयोजनप्रमाणम्, सा च पृथिवी परितो हीयमाना चरमान्तेषु सकलदिग्विभागवर्त्तिषु पर्यन्तप्रदेशेषु मक्षिकापत्रादपि तनुतरी, अत्रैव सिद्धा उपरि भागविशेषे निवसन्तीति सिद्धालय इत्यप्युच्यत इति ॥३७॥

ઋષિઓ હંમેશા સમયક્ષેત્રમાં હોય છે. તેથી સમયક્ષેત્ર વગેરેનું પ્રમાણ (૪૫ સમવાયમાં) કહે છે.

સમય એટલે કાલ... કાલથી ઉપલક્ષિત ક્ષેત્ર એટલે સમયક્ષેત્ર = મનુષ્યક્ષેત્ર કેમકે. સૂર્યગતિથી સારી રીતે અભિવ્યક્ત થતો દિન-માસ વગેરે રૂપ કાલ મનુષ્યક્ષેત્ર = ૨॥ દ્વીપથી આગળ નથી, કેમકે ૨॥ દ્વીપથી બહારના સૂર્યાદિ સ્થિર છે. હલન ચલન કરતા નથી. આ સમયક્ષેત્ર પહોળાઇ અને લંબાઈથી ૪૫ લાખ યોજનનું છે.

પહેલી નરકમાં પ્રથમ પાથડામાં મધ્યભાગવર્તી ગોળાકાર નરકેન્દ્ર (મુખ્ય નરકાવાસ) સીમન્તક કહેવાય છે. તેનું પણ પ્રમાણ લંબાઈ અને પહોળાઈમાં તેટલું જ એટલે કે ૪૫ લાખ યોજનનું છે.

સૌધર્મ અને ઈશાનના પ્રથમ પ્રસ્તરવર્તી ચાર વિમાનની આવલિકાના મધ્યભાગવર્તી ગોળાકાર વિમાનકેન્દ્રક (મુખ્ય વિમાન) એ ઉડુવિમાન કહેવાય છે તેનું પણ પ્રમાણ લંબાઈ-પહોળાઈમાં ૪૫ લાખ યોજન જેટલું છે. તો ઈષદ્ એટલે અલ્પ. રત્નપ્રભા પૃથ્વી વગેરેની અપેક્ષાએ જેનો પ્રાગ્ભાર એટલે કે ઉંચાઈ વગેરે કંઈક અલ્પ છે એવી પૃથ્વી એટલે **ઈષત્પ્રાગ્ભારા** = ઉર્ધ્વલોકના અગ્રભાગ પર રહેલા સિદ્ધોના નિવાસસ્થાન સ્વરૂપ પૃથ્વીનો ભેદ તે. શંખદલના ચૂર્ણ જેવી શ્વેત છે ઉંચા કરેલા (ઉંધા કરેલા) છત્રના આકાર જેવા આકાર વાળી છે. શ્વેતસુવર્ણ (અર્જુન) મય છે. મધ્યભાગ તેનું બાહલ્ય એટલે જાડાઇ આઠ યોજન પ્રમાણ છે. તે પૃથ્વી ચારેબાજુ હીયમાન થતી થતી એના એકદમ અંતિમ છેડે સકલ દિશાઓના છેડાના પ્રદેશ, માંખીની પાંખ કરતા પણ વધુ પતલી છે... આ પૃથ્વી પર જ ઉપરના ભાગ વિશેષમાં સિદ્ધો વસે છે. એટલે કે સિદ્ધોનું સ્થાન છે માટે એ સિદ્ધાલય એમ પણ કહેવાય છે. આ પૃથ્વીનું પણ પ્રમાણ લંબાઈ અને પહોળાઈમાં ૪૫ લાખ યોજન પ્રમાણ છે. ॥૩૭॥

समयक्षेत्र एव दृष्टिवादादेः प्रादुर्भावात्तमाह-

**दृष्टिवादस्य मातृकापदानि ब्राह्मीलिप्यां मातृकाक्षराणि च षट्चत्वारिंशत् ॥३८॥**

**दृष्टिवादस्येति,** जिनप्रणीतवस्तुतत्त्वप्रतिपत्तिर्दृष्टिः, तस्या वादो दृष्टिवादः द्वादशाङ्गरूपः, तस्य सकलवाङ्मयस्याकारादिमातृकापदानीव दृष्टिवादार्थप्रसवनिबन्धनत्वेन मातृकापदानि-उत्पादव्ययध्रौव्यलक्षणानि तानि च सिद्धश्रेणिमनुष्यश्रेण्यादिना विषयभेदेन कथमपि भिद्यमानानि षट्चत्वारिंशद्भवन्तीति सम्भाव्यते । ब्राह्मी ऋषभदेवस्य सुमङ्गलायां देव्यां भरतेन सह जाता पुत्री, लिपिः पुस्तकादावक्षरविन्यासः, साचाष्टादशप्रकारापि ब्राह्मया या दर्शिताऽक्षरलेखनप्रक्रिया सा ब्राह्मीलिपिः, तस्यां लेख्यविधौ मातृकाक्षराणि षट्चत्वारिंशत्, तानि चाकारादीनि हकारान्तानि क्षकारसहितानि ऋ ॠ लृ ॡ ळ इत्येवं तदक्षरपञ्चकवर्जितानि संभाव्यन्त इति ॥३८॥

સમયક્ષેત્રમાં જ દૃષ્ટિવાદ વગેરેનો પ્રાદુર્ભાવ થાય છે માટે (તેના પ્રાદુર્ભાવનું કારણ એવા માતૃકાપદોને) તે કહે છે.

જિનેશ્વર પ્રભુ દ્વારા પ્રણીત વસ્તુ અને તત્ત્વનો સ્વીકાર (શ્રદ્ધા) એનું નામ દૃષ્ટિ, એ દૃષ્ટિનો વાદ એનું નામ છે દૃષ્ટિવાદ, જે દ્વાદશાંગ રૂપ છે. જેમ સકલવાઙ્મયનું બીજ અ-આ વગેરે માતૃકાપદો છે. તે માતૃકાપદની જેમ દૃષ્ટિવાદના પદાર્થના જન્મના કારણભૂત માતૃકાપદો છે. **ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય** રૂપ આ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યરૂપ માતૃકાપદો સિદ્ધશ્રેણિ, મનુષ્યશ્રેણિ આદિ જુદા જુદા વિષયોના ભેદથી ભિન્ન ભિન્ન ગણતા ૪૬ થાય છે. એવું સંભવે છે.

(હવે બ્રાહ્મી લિપિના પણ મૂળાક્ષરો (માતૃકાક્ષરો) ૪૬ છે, તે કહે છે) બ્રાહ્મી = શ્રી ઋષભદેવની સુમંગલા પત્નીને વિષે ભરતની સાથે ઉત્પન્ન પુત્રી અને લિપિ = પુસ્તક વગેરેમાં જે અક્ષરનો વિન્યાસ આ લિપિ ૧૮ પ્રકારની છે. તેમાં પણ બ્રાહ્મી વડે જે અક્ષર લેખનની પ્રક્રિયા બતાવવામાં આવી તે બ્રાહ્મીલિપિ છે. તે લિપિમાં માતૃકાક્ષરો (મૂળાક્ષરો) ૪૬ છે. તે અક્ષરો 'અ'થી માંડીને 'હ' સુધીના સમજવા તેમાં પણ ક્ષ થી યુક્ત અને ઋ ૠ લૃ ૡ અને ળ આમ પાંચ અક્ષર વર્જિત સમજવા તો ૪૬ સંભવે છે. ॥૩૮॥

सूत्ररूपेण तस्य प्रतिपादकमाह—

**अग्निभूतिः सप्तचत्वारिंशद्वर्षस्यान्तोऽनगारी ॥३९॥**

**अग्निभूतिरिति,** श्रीमतो महावीरस्य द्वितीयो गणधरो मगधदेशजो गौतमगोत्रः कृत्तिका-नक्षत्रजोऽग्निभूतिः, पिताऽस्य वसुभूतिर्माता पृथिवी तस्यागारवासः सप्तचत्वारिंशद्वर्षाणि, आवश्यके तु षट्चत्वारिंशद्वर्षाण्युक्तानि, सप्तचत्वारिंशत्तमवर्षस्यापूर्णत्वात्तत्राविवक्षा कृता, समवायाङ्गे चापूर्णस्यापि पूर्णत्वविवक्षया सप्तचत्वारिंशद्वर्षाण्युक्तानि । सूत्रेऽन्तशब्दो मध्यपरः । अस्य छद्मस्थपर्यायो द्वादशवर्षाणि जिनपर्यायः षोडशवर्षाणि ॥३९॥

સૂત્રરૂપે દ્વાદશાંગીના પ્રતિપાદક (ગણધર છે, તેથી) ને હવે કહે છે.

શ્રીમાન્ ભગવાન મહાવીરસ્વામીજીના બીજા ગણધર અગ્નિભૂતિ છે. તેઓ મગધદેશમાં ઉત્પન્ન થયેલ છે. ગૌતમગૌત્ર વાળા છે. કૃત્તિકાનક્ષત્રમાં જન્મેલા છે. એમના પિતા વસુભૂતિ છે. અને માતા પૃથિવી છે. તેઓનો ગૃહસ્થવાસ ૪૭ વર્ષનો છે.

આવશ્યકસૂત્રમાં ૪૬ વર્ષનો અગારવાસ કહ્યો છે. તેમાં ૪૭ મું વર્ષ અપૂર્ણ હોવાથી ૪૭ ની વિવક્ષા ત્યાં નથી કરી જ્યારે સમવાયાંગમાં અપૂર્ણ એવા ૪૭ માં વર્ષની પણ પૂર્ણત્વની વિવક્ષા કરી છે. તેથી ૪૭ વર્ષ અગારવાસનો પર્યાય કહ્યો છે. સૂત્રમાં લખેલ "અન્ત" શબ્દ મધ્ય અર્થનો વાચક છે. (તેથી ૪૭ વર્ષના મધ્યમાં અનગારી થયા એવો અર્થ કરવો) એ અગ્નિભૂતિ ગણધરનો છદ્મસ્થ પર્યાય ૧૨ વર્ષનો છે. અને કેવલી પર્યાય સોળ વર્ષનો છે. ॥૩૯॥

गणधरविषयकवक्तव्यत्वादत्रापि तदेवाह—

**धर्मजिनस्याष्टचत्वारिंशद्गणा गणधराश्च ॥४०॥**

**धर्मजिनस्येति,** अयं पञ्चदशतीर्थंकरः दुर्गतौ प्रपतन्तं सत्त्वसंघातं धारयतीति धर्मः, गर्भस्थेऽस्मिन् जननी दानादिधर्मपरा जातेति नाम्ना धर्मः, अस्य गणास्तावन्मानाः, गणश्चैकवाचनाऽऽचारक्रियास्थानाम् । गणधरा अपि तावन्तः, अनुत्तरज्ञानदर्शनादिधर्मगणं धरन्तीति गणधराः, आवश्यके तु त्रिचत्वारिंशद् गणा गणधराश्च पठ्यन्ते ॥४०॥

ગણધરની વિષય વક્તવ્યતા ચાલતી હોવાથી આ સૂત્રમાં પણ તેજ વાત કહે છે.

ધર્મજિન... એ પંદરમા તીર્થંકર છે. દુર્ગતિમાં પડતા જનસમુહને ધારે તે ધર્મ. (એ એમના નામનો અર્થ છે) આવું નામ પાડવાનું કારણ એ છે, જ્યારે પંદરમા પ્રભુજી માતાના ગર્ભમાં હતાં ત્યારે માતા દાન વગેરે ધર્મમાં ખૂબ તત્પર બની ગઇ તેથી તે પ્રભુનું ધર્મ નામ પાડવામાં આવ્યું.

એ ધર્મનાથ પ્રભુજીના ગણો ૪૮ છે. અને ગણધરો પણ અડતાલીસ છે. ગણ એટલે જેઓની વાચના અને સામાચારી એક છે. તે અને અનુત્તર એવા જ્ઞાન અને દર્શન રૂપ ધર્મને ગણ = સમૂહને ધારણ કરે તે ગણધરો છે. (આવશ્યકમાં તો ૪૩ ગણ અને ગણધરો ધર્મનાથપ્રભુના કહેવાય છે.) ॥૪૦॥

गणधरप्रकाशितप्रतिमाविशेषमाह—

**सप्तसप्तकिकाभिक्षुप्रतिमा एकोनपञ्चाशद्रात्रिंदिवैः ॥४१॥**

**सप्तसप्तकिकेति,** यमनियमव्यवस्थितः कृतकारितानुमोदितपरिहारेण भिक्षते इत्येवंशीलो भिक्षुः-पचनपाचनस्यावद्यानुष्ठानरहिततया निर्दोषाहारभोजी साधुः, नामस्थापनाद्रव्यभावैः स निक्षेप्यः, नामस्थापने सुगमे, द्रव्यभिक्षुः आगमतो नोआगमतश्च, ज्ञाताऽनुपयुक्त

आद्यः, द्वितीयस्तु त्रिविधः, ज्ञशरीरं भव्यशरीरं तदुभयव्यतिरिक्तश्च, भिक्षुपदार्थज्ञस्य जीवापेतं शरीरं ज्ञशरीरम्, भूतभावत्वात् । यस्तु बालको नेदानीं भिक्षुशब्दार्थमवबुध्यते भोत्स्यतेऽनेनैव शरीरेण तस्य शरीरं भव्यशरीरं भाविभावत्वात् । तदुभयव्यतिरिक्तश्च त्रिधा, एकभविकः, बद्धायुष्कः, अभिमुखनामगोत्रश्च, यो नैरयिकस्तिर्यङ्मनुष्यो वा देवो वाऽनन्तरभवे भिक्षुर्भावी स एकभविकः । येन भिक्षुपर्यायनिमित्तमायुर्बद्धं स बद्धायुष्कः, यस्य भिक्षुपर्यायप्रवर्त्तनाभिमुखे नामगोत्रे कर्मणी स चाऽऽर्यक्षेत्रे मनुष्यभवे भाविभिक्षुपर्याये समुद्यमानः, यद्वा स्वजनधनादि परित्यज्य गुरुसमीपे प्रव्रज्याप्रतिपत्त्यर्थं स्वगृहाद्बहिर्गच्छति सोऽभिमुखनामगोत्रः । भावभिक्षुर्द्विधा, आगमतो नोआगमतश्च, आगमतो भिक्षुशब्दार्थवेत्ता तत्र चोपयुक्तः । नोआगमतस्तु सम्यक् त्रिविधं त्रिविधेन समस्तसावद्यादुपरतस्संयतः । गृहस्था अन्यतीर्थिकलिङ्गिनो वा न नोआगमतो भावभिक्षवः, भिक्षुशब्दप्रवृत्तिनिमित्तस्य तत्राभावात्, भिक्षुशब्दस्य हि द्वे निमित्ते, व्युत्पत्तिनिमित्तं प्रवृत्तिनिमित्तञ्च, भिक्षत इत्येवंशीलो भिक्षुरिति व्युत्पत्त्या भिक्षणं व्युत्पत्तिनिमित्तम्, तेन भिक्षणेनैकार्थे समवायितया यदुपलक्षितमिह परलोकाशंसाविप्रमुक्ततया यमनियमेषु व्यवस्थितत्वं तत्प्रवृत्तिनिमित्तम्, तेन भिक्षमाणेऽभिक्षमाणे वा भिक्षौ भिक्षुशब्दः प्रवर्त्तते, उभय्यामप्यवस्थायां प्रवृत्तिनिमित्तसद्भावात्, अन्यत्र च गृहस्थादौ न प्रवर्त्तते, नवकोट्यपरिशुद्धाहारभोजितया तेषु यथोक्तस्य प्रवृत्तिनिमित्तस्याभावात्, नहि गमनक्रियामात्राद्गौः, किन्तु गमनेनैकार्थसमवायितया यदुपलक्षितं सास्नादिमत्त्वं तद्योगादेवेति । तेषां प्रतिमा-अभिग्रहविशेषः, सप्त सप्तकदिनानि यस्यां सा सप्तसप्तकिका, सप्तसु सप्तकेषु सप्त सप्त दिनानि भवन्तीति सा एकोनपञ्चाशता दिनैर्भवति, तत्र प्रथमे सप्तके प्रतिदिवसमेकैकां भिक्षां गृह्णाति, द्वितीये सप्तके प्रतिदिवसे द्वे द्वे भिक्षे, तृतीये सप्तके प्रतिदिवसं तिस्रस्तिस्रः, चतुर्थे चतस्रश्चतस्रः, पञ्चमे पञ्च पञ्च, षष्ठे षट् षट्, सप्तमे सप्त सप्तेति सप्तसप्तकिकायां भिक्षापरिमाणं षण्णवतं शतम् ॥४१॥

ગણધર પ્રકાશિત પ્રતિમા વિશેષ હવે કહે છે.

યમ અને નિયમ માં રહેલો, કૃત-કારિત-અનુમોદિતના પરિહારપૂર્વક જે ભિક્ષા ગ્રહણ કરે છે. તે ભિક્ષુ છે. પકાવવું અને પકાવડાવવુરૂપ પાપાનુષ્ઠાન રહિતપણે નિર્દોષ આહારને ખાનારો સાધુ છે.

તે ભિક્ષુના નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ એમ ચાર નિક્ષેપ કરવા તેમાં નામ અને સ્થાપના સુગમ છે. દ્રવ્યભિક્ષુ = આગમતઃ અને નોઆગમત બે ભેદ છે. એમાં ભિક્ષુનો અર્થ જાણતો હોવા છતાં એ અર્થમાં જ્યારે એ ઉપયુક્ત નથી એ આગમતો દ્રવ્ય ભિક્ષુ છે. (આદ્ય) દ્વિતીય -

નોઆગમતઃ દ્રવ્યભિક્ષુ ત્રિવિધ છે ૧. શરીર ૨. ભવ્યશરીર ૩. તદુભયવ્યતિરિક્ત, ભિક્ષુ પદાર્થના જ્ઞાતા જીવથી રહિત જે શરીર છે. એ ભૂતભાવ હોવાથી નોઆગમતો જ્ઞશરીર દ્રવ્યભિક્ષુ, જે બાલક છે હજી ભિક્ષુ પદાર્થને જાણતો નથી પણ આજ શરીરથી ભિક્ષુપદાર્થને જાણશે તેનું શરીર ભવ્યશરીર છે ભાવિ ભાવત્વ છે. માટે તે ૨- નોઆગમતો ભવ્યશરીર દ્રવ્યભિક્ષુ છે. તદુભયવ્યતિરિક્ત દ્રવ્યભિક્ષુ - ત્રણ પ્રકારે છે ૧. એકભવિક ૨. બદ્ધાયુષ્ક ૩. અભિમુખનામગોત્ર. ૧- જે નારક-તિર્યંચ-મનુષ્ય અને દેવ પછીના તરતના જ ભવમાં ભિક્ષુ બનવાનો હોય તે. એકભવિક તદુભયવ્યતિરિક્ત દ્રવ્ય ભિક્ષુ ૨- જેણે ભિક્ષુના પર્યાયનું નિમિત્ત આયુષ્ય બાંધ્યું છે. તે બદ્ધાયુષ્ક તદુભયવ્યતિરિક્ત દ્રવ્ય ભિક્ષુ છે. ૩. જેના નામ અને ગોત્ર બન્ને કર્મ ભિક્ષુપર્યાયના પ્રવર્ત્તન તરફ વર્તે છે તે- આર્યક્ષેત્રમાં મનુષ્ય ભવમાં ભિક્ષુપર્યાય તરફ સમ્યક્રીતે ઉદ્યમશીલ હોય તેને અભિમુખ નામગોત્ર તદુભયવ્યતિરિક્ત દ્રવ્યભિક્ષુ છે. અથવા સ્વજન અને ધનનો પરિત્યાગ કરી ગુરુ સમીપે પ્રવજ્યા મેળવવા માટે પોતાના ઘરથી બહાર નિકળેલો તે અભિમુખનામગોત્ર તદુભયવ્યતિરિક્ત દ્રવ્યભિક્ષુ છે.

ભાવભિક્ષુ પણ બે પ્રકારે છે. ૧. આગમતઃ ૨. નોઆગમતઃ ભિક્ષુ શબ્દનો અર્થવેત્તા અને એમાં ઉપયોગવાળો જે હોય તે આગમતઃ ભાવભિક્ષુ છે. નોઆગમતઃ ભાવભિક્ષુ તે છે જે સર્વસાવદ્યથી મન-વચન-કાયાથી કરવા કરાવવાને અનુમોદવા રૂપે (ત્રિવિધ ત્રિવિધે) અટકેલો હોય તેવો સાધુ.

ગૃહસ્થો કે અન્યતીર્થિક કે અન્યલિંગી સાધુઓ એ નોઆગમતઃ ભાવ ભિક્ષુ નથી. કેમકે ભિક્ષુ શબ્દથી તેમાં પ્રવૃત્તિ થવાના નિમિત્તનો તેમાં અભાવ છે. અર્થાત્ ભિક્ષુ શબ્દના બે નિમિત્તો છે ૧. વ્યુત્પત્તિનિમિત્ત ૨. પ્રવૃત્તિનિમિત્ત જે ભિક્ષા માંગે એવા પ્રકારનો સ્વભાવવાળો છે એ ભિક્ષુ, આ વ્યાખ્યા વ્યુત્પત્તિનિમિત્તક છે. એમાં ભિક્ષાએ વ્યુત્પત્તિનું નિમિત્ત છે. તે ભિક્ષા સાથે એક જ પદાર્થમાં સમવાયીરૂપે રહીને ઓળખાતું પરલોકની આશંસાથી રહિતપણા દ્વારા યમ નિયમમાં વ્યસ્થિતપણું એ પ્રવૃત્તિનિમિત્ત છે. (અર્થાત્ ભિક્ષુમાં રહેલ જે ભિક્ષણ છે તે વ્યુત્પત્તિ નિમિત્ત છે તે એના સાથે ભિક્ષુમાં જ રહેલ પરલોકાશંસાથી મુક્ત યમ નિયમની વ્યસ્થિતતા એ પ્રવૃત્તિનિમિત્ત છે)

આ વિશિષ્ટ યમ નિયમની વ્યવસ્થિતતા ભિક્ષુ ભિક્ષા માગે ત્યારે અને ન માંગતો હોય ત્યારે ઉભય અવસ્થામા ભિક્ષુને વિષે મળે છે તે. તેથી ભિક્ષાના અભાવમાં પણ ભિક્ષુમાં ભિક્ષુ શબ્દ પ્રવર્ત્તે છે. જ્યારે ગૃહસ્થમાં તે નથી પ્રવર્ત્તતો કેમકે નવકોટી અશુદ્ધ આહાર ભોજી એવા ગૃહસ્થમાં યથોક્ત પ્રવૃત્તિનિમિત્તનો અભાવ રહેલો છે.

માત્ર ગમનક્રિયા કરવાથી ગાય-ગૌ નથી કહેવાતી પરંતુ ગમનક્રિયાની સાથે એકાર્થ સમવાયી રહીને ઓળખાતું સાસ્નાદિવત્વં (એટલે કે ગાયના ગળે રહેલ ગોદડીવાળાપણું) એના યોગથી જ

ગાય ગૌ કહેવાય છે. (એજ રીતે ભિક્ષા માંગવા માત્રથી નહીં પણ ભિક્ષા સાથે પરલોક આશંસા રહિતપણે યમ નિયમમાં સ્થિરતા દ્વારા જ સાધુ ભિક્ષુ કહેવાય છે)

તે ભિક્ષુની પ્રતિમા = અભિગ્રહ વિશેષ, જેમાં ૭ અઠવાડીયા હોય છે. તે સપ્તસપ્તકિકા કહેવાય છે. આ ૭ સપ્તક (અઠવાડીયામાં) માં ૭-૭ દિવસો હોય છે બધા મળીને તે ૪૯ દિવસો થાય છે.

આ પ્રતિમા માં પહેલા ૭ દિવસમાં એક એક ભિક્ષાનું ગ્રહણ થાય છે. બીજા ૭ દિવસમાં બે બે, ત્રીજા ૭ દિવસમાં દરરોજ ત્રણ ત્રણ ભિક્ષાનું ગ્રહણ થાય છે. ચોથા સપ્તકમાં ચાર ચાર, પાંચમાં પાંચ પાંચ અને છઠ્ઠામાં છ છ તેમજ સાતમા સપ્તકમાં ૭ ૭ ભિક્ષાનું ગ્રહણ આ સાત સાતિકામાં થાય છે. આમ ભિક્ષાનું પરિમાણ ૧૯૬ થાય છે. ॥૪૧॥

(અહીંયા ભિક્ષા શબ્દથી દત્તી સમજવી) એટલે દત્તી ટોટલ ૧૯૬ થશે.

प्रतिमावहनेनोन्नताचारदेहवन्तो भवन्तीति तथाविधानाह—

**मुनिसुव्रतस्य पञ्चाशदार्यिकासहस्राणि, अनन्तजिनः पुरुषोत्तमश्च पञ्चाशद्धनुर्देहमानः ॥४२॥**

**मुनिसुव्रतस्येति,** मनुते जगतस्त्रिकालावस्थामिति मुनि जीवाजीवलक्षणं लोकं यथार्थोपयोगेन द्रव्यास्तिकपर्यायास्तिकस्वभावगुणपर्यायैर्निमित्तोपादानकारणकार्यभावोत्सर्गापवादपद्धत्या जानाति मुनिः, (नाममुनिः स्थापनामुनिः सुगमः, द्रव्यमुनिः ज्ञशरीरभव्यशरीरतद्व्यतिरिक्तभेदास्त्रिविधोऽनुपयुक्तः लिङ्गमात्रद्रव्यक्रियावृत्तिसाध्योपयोगशून्यस्य प्रवर्त्तनविकल्पादिषु कषायनिवृत्तस्य परिणतिचक्रेऽसंयमपरिणतस्य द्रव्यमुनित्वम् । भावमुनिः चारित्रमोहनीयक्षयोपशमक्षायिकोत्पन्नस्वरूपरमणपरभावनिवृत्तः परिणतिविकल्पप्रवृत्तिषु द्वादशकषायोद्रेकमुक्तः, नैगमसङ्ग्रहव्यवहारनयैः द्रव्यक्रियाप्रवृत्तद्रव्यास्रवविरक्तस्य मुनित्वम्, ऋजुसूत्रनयेन भावाभिलाषसंकल्पोपगतस्य, शब्दसमभिरूढैवम्भूतनयैः प्रमत्तात् क्षीणं मोहं यावत् परिणतौ सामान्यविशेषचक्रे स्वतत्त्वैकत्वपरमशमतामृतरतस्य मुनित्वम्) शोभनानि व्रतानि यस्य स सुव्रतः, मुनिश्चासौ सुव्रतश्चेति तथा, एवं गर्भस्थेऽस्य जननी मुनिवत्सुव्रता जातेति मुनिसुव्रतः विंशतितमस्तीर्थकरः, अस्य पिता सुमित्रः, माता पद्मा, असौ नवमे भवे जिनो जातः, अस्य श्रमणाः त्रिंशत्सहस्राणि, आर्यिकाः पञ्चाशत्सहस्राणि, त्रिंशद्वर्षसहस्राणि सर्वायुः विंशतिधनुर्देहमानञ्चेति । अनन्तकर्मांशजयात् अनन्तानि वा ज्ञानादीन्यस्येत्यनन्तः अस्य जनन्या रत्नविचित्रमतिप्रमाणं दामस्वप्ने दृष्टमतोऽनन्तः, चतुर्दशस्तीर्थकरः, अस्य पिताऽयोध्यालङ्कारः सिंहसेनः, माता सुयशाः, त्रिंशद्वर्षलक्षाणि सर्वायुः, षट्षष्टिसहस्राणि श्रमणाः, लक्षमेकमष्टौ-

शतान्यार्यिकाः, पञ्चाशद्धनुर्देहमानञ्च । पुरुषोत्तमोऽयं चतुर्थो वासुदेवः, वासुदेवाश्चावसर्पिण्यां नव भवन्ति, अनन्तजिनकालभावी पुरुषोत्तमो वासुदेवः पञ्चाशद्धनुर्देहमान इति ।।४२।।

હવે પ્રતિમા વહન કરનાર ઉન્નત આચારવાળો અને ઉન્નત દેહવાળો પણ થાય છે. તેથી (૫૦ સમવાય) હવે તેવાની વાત કહે છે.

જગત્‌ની ત્રિકાલ અવસ્થાને જે માને તે મુનિ કહેવાય છે. અથવા જીવ અજીવ રૂપ આ લોકને યથાર્થ ઉપયોગથી એટલે કે દ્રવ્યાસ્તિક-પર્યાયાસ્તિક-સ્વભાવ-ગુણ અને પર્યાયોદ્વારા નિમિત્ત ઉપાદાન કારણ કાર્યભાવને ઉત્સર્ગ અપવાદ પદ્ધતિ દ્વારા જે જાણે તે મુનિ.

મુનિના ચાર નિક્ષેપ = નામમુનિ, સ્થાપનામુનિ, દ્રવ્યમુનિ અને ભાવમુનિ એમાં નામ-સ્થાપના પ્રસિદ્ધ છે. દ્રવ્યમુનિ = જ્ઞશરીર, ભવ્યશરીર, તદ્‌વ્યતિરિક્ત એમ ત્રણ ભેદે છે. જ્ઞાતા છતાં અનુપયુક્ત દ્રવ્યમુનિ કહેવાય છે. ખાલી લિંગમાત્ર (વેષમાત્ર) દ્રવ્યક્રિયાની વૃત્તિથી સાધ્ય તે ક્રિયામાં ઉપયોગ શૂન્ય અને (અસંયમના) પ્રવર્ત્તન વિકલ્પમાં કષાય નિવૃત્ત પરંતુ પરિણતિના ચક્રમાં અસંયમમાં પરિણત વ્યક્તિનું દ્રવ્યમુનિત્વ છે. જ્યારે ભાવમુનિ એ છે જે ચારિત્ર મોહનીયના ક્ષયોપશમ કે ક્ષયથી ઉત્પન્ન સ્વરૂપરમણતાથી પરભાવમાં નિવૃત્ત થયો હોય, પરિણતિ વિકલ્પને પ્રવૃત્તિને વિષે બારેય કષાયની ઉત્કટતા વિનાનો હોય.

નૈગમ-સંગ્રહ ને વ્યવહારનયથી દ્રવ્યક્રિયામાં પ્રવૃત્ત અને દ્રવ્યાસ્રવથી વિરક્ત એ મુનિ છે. ઋજુસૂત્રનયથી ભાવને પામવાના અભિલાષને સંકલ્પથી યુક્ત હોય તે મુનિ છે. શબ્દ-સમભિરૂઢ ને એવંભૂતનયથી પ્રમત્ત ગુણઠાણાથી ક્ષીણમોહ ગુણઠાણા સુધી પરિણતિમાં સામાન્ય કે વિશેષ ચક્રમાં સ્વતત્ત્વમાં એકત્વમાં પરમશમભાવના અમૃતમાં રત વ્યક્તિ મુનિ છે.

સુંદર જેના વ્રતો હોય તે સુવ્રત કહેવાય મુનિ એવા સુવ્રત = મુનિસુવ્રત (૨૦ મા તીર્થંકર) કે જે આ પ્રભુ ગર્ભમાં હતા ત્યારે માતા મુનિની જેમ સુવ્રત (સારાવ્રતવાળી) થઇ ગઇ હતી, માટે તેમનું નામ મુનિસુવ્રત પડ્યું.

આ વીસમા તીર્થંકર મુનિસુવ્રતસ્વામીના પિતા સુમિત્ર રાજા છે માતા પદ્મા (દેવી) છે. એ નવમા ભવે જિનેશ્વર થયા. એમના સાધુઓ ૩૦ હજાર છે અને સાધ્વીજીઓ ૫૦ હજાર છે સર્વાયુષ્ય ૩૦ હજાર વર્ષ છે. ૨૦ ધનુષ્યનું દેહમાન છે.

અનન્ત એવા કર્મોને અંશોને જીતનાર હોવાથી ચૌદમા જિનનું નામ અનંતનાથ છે અથવા અનંત એવા જ્ઞાન વગેરેને ધરનાર હોવાથી એઓ અનંત છે. એમની માતાએ રત્નખચિત અતિપ્રમાણવાળી માલાને સ્વપ્નમાં જોઇ હોવાથી એ અનંત છે. એ અનંતનાથ ૧૪ મા તીર્થંકર છે. એમના પિતા અયોધ્યાના અલંકાર સિંહસેન રાજા છે અને માતા સુયશા છે. ત્રીસ લાખ વર્ષનું આયખુ છે. ૬૬ હજાર શ્રમણો છે એકલાખ ને ૮૦૦ શ્રમણીઓ છે અને ૫૦ ધનુષ્યનું દેહમાન છે.

આ પુરુષોત્તમ જે ચોથો વાસુદેવ છે. અવસર્પિણીમાં ૯ વાસુદેવ થાય છે.

એમાં અનંતનાથ જિનેશ્વરના કાલમાં થનાર પુરુષોત્તમ નામનો વાસુદેવ પણ ૫૦ ધનુષ્યના દેહમાનવાળો છે. (આમ ૫૦ નો સમવાય થયો) ॥૪૨॥

एते कर्मणां क्षयं करिष्यन्तीति तान्याह–

**दर्शनावरणनामकर्मणोरेकपञ्चाशत्प्रकृतिकत्वम् ॥४३॥**

**दर्शनेति,** सामान्यार्थबोधो दर्शनं तदावृणोति यत्तद्दर्शनावरणीयम्, तच्च चक्षुर्दर्शनावरणीयादिभेदेन नवविधम्, नामकर्मापि द्विचत्वारिंशदिति मिलित्वोभयकर्मणी एकपञ्चाशदुत्तरप्रकृतिके भावतः ॥४३॥

આ બધા વ્યક્તિ કર્મોનો ક્ષય કરશે. એટલે ૫૧ મા સમવાયની વાતમાં કર્મને લગતી બાબત કહે છે.

સામાન્ય અર્થબોધને દર્શન કહે છે. તે દર્શનને જે આવરે તે દર્શનાવરણીય કર્મ છે, તે દર્શનાવરણીય ચક્ષુદર્શન વગેરે ૯ પ્રકારનું છે. નામકર્મ પણ બેંતાલીસ પ્રકારનું છે. ૪૨+૯ બન્ને મળીને બે કર્મ ૫૧ પ્રકૃતિવાળા થયા (૫૧ ભાવવાળા થયા) ॥૪૩॥

तथा–

**ज्ञानावरणनामान्तरायाणाञ्च द्विपञ्चाशत्प्रकृतिकत्वम् ॥४४॥**

**ज्ञानेति,** विशेषार्थविषयं ज्ञानमावृणोतीति ज्ञानावरणं देशसर्वज्ञानावरणरूपं मतिज्ञानावरणादिपञ्चविधम्, नाम द्विचत्वारिंशद्विधम्, अन्तरा–दातृप्रतिग्राहकयोरन्तर्भाण्डागारिकवद्विघ्नहेतुतया अयते गच्छतीत्यन्तरायम् प्रत्युत्पन्नविनाशि आगामिलब्धव्यपथप्रतिरोधकञ्च दानान्तरायादि पञ्चविधमिति सर्वमेलने द्विपञ्चाशद्भवन्तीति ॥४४॥

હવે કર્મની બાબતમાં (૫૨) બાવનનો સમવાય કહે છે.

વિશેષ અર્થબોધ વિષયવાળું જ્ઞાન છે આવા જ્ઞાનને જે આવરે તે જ્ઞાનાવરણ છે. દેશથી જ્ઞાન રોકનાર કે સર્વથી જ્ઞાનને રોકનાર એમ બન્ને પ્રકારે આવનાર જ્ઞાનાવરણીય કર્મો મતિજ્ઞાનાવરણ વગેરે પાંચ પ્રકારે છે, નામકર્મ ૪૨ પ્રકારે છે અને અન્તરા = વચ્ચે દાતા અને ગૃહીતાની વચ્ચે દેનાર લેનારની વચ્ચે ભંડારીની જેમ વિઘ્નનું કારણ લાભને (નડનારા) તરીકે જે જાય છે તે અન્તરાય છે. જે તત્કાલમાં વિનાશ કરનારું અને ભાવિમાં પ્રાપ્ત થનારાના માર્ગને રોકનારા દાનાન્તરાય વગેરે પાંચ પ્રકારનું છે.

૫+૪૨+૫ = (સર્વમલીને) ૫૨ થાય છે. ॥૪૪॥

क्लिष्टकर्मणामुदयात्सम्मूर्च्छिमा भवन्तीति तद्विशेषमाह–

**सम्मूर्च्छिमोरःपरिसर्पाणां त्रिपञ्चाशद्वर्षसहस्राणि स्थितिः ॥४५॥**

**सम्मूर्च्छिमेति**, संमूर्च्छनं संमूर्च्छा तथा निर्वृत्ताः सम्मूर्च्छिमाः, तथाविधकर्मोदयात् गर्भमन्तरेणैव ये उत्पद्यन्ते ते संमूर्च्छिमाः, प्रसिद्धबीजाभावेन पृथिव्यां वर्षोद्भवास्तथाविध-तृणादयः, न चैते न सम्भवंति, दग्धभूमौ बीजासत्त्वेऽपि तेषां सम्भवात्, तथा पद्मिनीशृङ्गाटक-पाढाशैवलादिवनस्पतयः, शलभपिपीलिकामक्षिकाऽऽशालिकादयश्च, उरसा-वक्षसा ये परि-सर्पन्ति सञ्चरन्ति ते उरःपरिसर्पा उरगादयः, सम्मूर्च्छिमाश्च ते उरःपरिसर्पाश्च तेषां त्रिपञ्चाश-द्वर्षसहस्राणि स्थितिरुत्कर्षतः, जघन्येन त्वन्तर्मुहूर्त्तम्, इयञ्च स्थितिः तादृशां पर्याप्तकानाम्, अपर्याप्तकानान्तु तेषां जघन्येनोत्कर्षेण चान्तर्मुहूर्त्तम्, एवं सम्मूर्च्छिमस्थलचरपञ्चेन्द्रिय-तिर्यग्योनिकानामपि तावत्येव स्थितिः ॥४५॥

ક્લિષ્ટ કર્મના ઉદયથી જીવો સંમૂર્છિમ બને છે. તે સંમૂર્છિમની વિશેષતા ૫૩મા સમવાયથી કહે છે.

સંમૂર્છન પામવું (વિચાર શૂન્યતા પામવી) તે સંમૂર્છા છે. તેનાથી નિર્વૃત્તા એટલે કે વિચારશૂન્યતાએ ઉત્પન્ન જીવો સંમૂર્છિમ કહેવાય છે.

તેવા પ્રકારના કર્મોદયથી ગર્ભ વિના જ જેઓ ઉત્પન્ન થાય છે તે સંમૂર્છિમ છે.

પ્રસિદ્ધ બીજનો અભાવ હોવા છતાં પૃથ્વીમાં વરસાદ વગેરેથી ઉત્પન્ન થતા તેવા પ્રકારના તૃણ વગેરે પણ સંમૂર્છિમ છે. તેઓ બીજથી ઉત્પન્ન થાય છે માટે સંમૂર્છિમ નથી એમ ન કહેવું કેમકે દગ્ધભૂમિમાં - બીજ ન હોય તોય તૃણાંકુરો ઉત્પન્ન થાય છે.

તેજ રીતે કમલિની, સિંઘોડા, પાઢા, સેવાલ વગેરે વનસ્પતિઓ અને પતંગીયા, કીડી, માખી, આશાલિકા વગેરે પણ સંમૂર્છિમ છે.

ઉર એટલે કે છાતી તેનાથી જેઓ આળોટીને ચાલે છે તેઓ ઉરઃ પરિસર્પ કહેવાય છે. સર્પ વગેરે,

સંમૂર્છિમ એવા ઉરઃપરિસર્પ (સર્પાદિ) તેઓની ઉત્કૃષ્ટ આયુષ્ય સ્થિતિ ૫૩૦૦૦ વર્ષ જઘન્યથી અંતમુહૂર્ત્ત છે.

આ સ્થિતિ પર્યાપ્ત એવા ઉરઃપરિસર્પની છે અપર્યાપ્ત ઉરઃપરિસર્પની ઉત્કૃષ્ટ કે જઘન્ય સ્થિતિ અન્તમુહૂર્ત્તની જ છે.

આમ સંમૂર્છિમ સ્થલચર અને પંચેન્દ્રિય તિર્યંચની પણ તેટલી જ સ્થિતિ સમજવી. ॥૪૫॥

सम्मूर्च्छिमा अधमास्तद्विपर्ययेणोत्तमानाह—

**भरतैरवतयोः प्रत्येकमुत्सर्पिण्यां चतुःपञ्चाशदुत्तमपुरुषा एवमवसर्पिण्यामपि ॥४६॥**

**भरतेति** । जम्बूद्वीपगतभरतैरवतहैमवतहैरण्यवतहरिरम्यकमहाविदेहलक्षणसप्तवर्षघटके भरतवर्षे ऐरवतवर्षे चेत्यर्थः, उत्सर्पन्ति वर्धयन्त्यरकापेक्षया भावानित्युत्सर्पिणी शुभभाववर्धकोऽशुभभावहानिकारको दशसागरोपमकोटीकोटिपरिमाणः कालविशेषः, एवमवसर्पयति भावानित्यवसर्पिणी तावन्मानैव, अत्रापि समस्ताः शुभा भावाः क्रमेणानन्तगुणतया हीयन्ते, अशुभा भावाश्च क्रमेणानन्तगुणतया परिवर्द्धन्ते, उत्तमाश्च ते पुरुषाश्चोत्तमपुरुषाः, पूः शरीरं तत्र शयनान्निवसनात् पुरुषः, तत्र नामपुरुषः, पुरुष इति नामैव, स्थापनापुरुषः प्रतिमादि, द्रव्यपुरुषः पुरुषत्वेन य उत्पत्स्यते उत्पन्नपूर्वो वा, उभयव्यतिरिक्तश्च मूलगुणनिर्मितः-पुरुषप्रायोग्याणि द्रव्याणि, उत्तरगुणनिर्मितः-तदाकारवन्ति तान्येव । एवमभिलापपुरुषः-यथा पुरुष इति, पुल्लिंगवृत्त्यभिधामात्रं वा, यथा घटः पट इत्यादि । चिह्नपुरुषः-पुरुषाकृतिर्नपुंसकात्माश्मश्रुप्रभृतिपुरुषचिह्नयुक्तः । वेदपुरुषः-पुरुषवेदानुभवनप्रधानः स च स्त्रीपुंनपुंसकसम्बन्धिषु त्रिष्वपि लिङ्गेषु भवतीति । एवमुत्तमपुरुषो मध्यमपुरुषो जघन्यपुरुषश्च, तत्रोत्तमपुरुषो धर्मपुरुषो भोगपुरुषः कर्मपुरुषश्चेति त्रिविधः, धर्मः क्षायिकचारित्रादिस्तदर्जनपरः पुरुषो धर्मपुरुषः अर्हदादिः, भोगा मनोज्ञशब्दादयस्तत्परो भोगपुरुषः चक्रवर्त्यादिः, कर्माणि महारम्भादिसम्पाद्यानि तत्परः कर्मपुरुषो वासुदेवादिः, एते उत्तमपुरुषाः प्रत्येकमुत्सर्पिण्यां चतुर्विंशतितीर्थकराः, द्वादशचक्रवर्त्तिनो, नव वासुदेवा, नव बलदेवाश्चेति मिलित्वा चतुःपञ्चाशद्भवन्ति, एवमवसर्पिण्यामपि । उग्रा भोगा राजन्याश्च मध्यमपुरुषाः, दासा भृतका भागवन्तश्चेति जघन्यपुरुषाः इति ॥४६॥

સંમૂર્છિમ તો અધમ કહેવાય છે તેના વિપરીત ઉત્તમોને હવે કહે છે.

જંબુદ્વીપ ગત ભરત, ઐરવત, હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ, રમ્યક્, મહાવિદેહરૂપ સાત વર્ષક્ષેત્રના ઘટક ભરતવર્ષ અને ઐરવતવર્ષમાં આરાની અપેક્ષા વિવિધ ભાવોની વૃદ્ધિ કરતી એવી ઉત્સર્પિણી = શુભભાવની વૃદ્ધિ કરનાર અને અશુદ્ધભાવની હાનિ કરનારો દશ કોડાકોડી સાગરોપમ પ્રમાણનો કાલ વિશેષ એજ રીતે ભાવોનું અવસર્પણ કરતી અવસર્પિણી પણ એટલાજ પ્રમાણની છે (૧૦ કોડાકોડી સાગરોપમ) એમાં પણ સમસ્ત શુભભાવો. ક્રમે ક્રમે અનંત ગુણ હાનિ પામે છે. અને અશુભ ભાવો ક્રમે ક્રમે અનંત ગુણે વૃદ્ધિ પામે છે.

(આમ ભરત, ઐરવત ક્ષેત્રમાં પ્રત્યેક ઉત્સર્પિણી અવસર્પિણી કાલમાં ૫૪ ઉત્તમ પુરુષો થાય છે)

ઉત્તમ એવા પુરુષ = ઉત્તમ પુરુષ પૂ: એટલે શરીર તેમાં શયન કરવાથી નિવાસ કરવાથી પુરુષ કહેવાય છે. તે પુરુષના નામ, સ્થાપના, દ્રવ્ય ભેદ પડે છે. પુરુષ એ પ્રમાણે નામ એ નામ પુરુષ પુરુષની પ્રતિમા એ સ્થાપના પુરુષ છે. અત્યારે પુરુષ તરીકે જે નથી પણ પુરુષ તરીકે

ઉત્પન્ન થશે તે, તથા જે પહેલા પુરુષ તરીકે ઉત્પન્ન થયેલો હોય તે દ્રવ્યપુરુષ છે અને આ બેથી વ્યતિરિક્ત = અલગ પુરુષને પ્રાયોગ્ય દ્રવ્યો અથવા પુરુષાકાર એવા દ્રવ્યો... તે દ્રવ્યપુરુષ છે.

અભિલાપપુરુષ એટલે પુરુષ, પુલ્લિંગમાં વર્તતું નામ માત્ર ઘટઃ પટઃ વગેરે અભિલાપપુરુષ છે.

ચિહ્નપુરુષ પુરુષાકૃતિ ધરાવતો. નપુંસક વ્યક્તિ જેને દાઢી વગેરે બધા પુરુષ ચિહ્નો છે.

વેદપુરુષ પ્રધાનપણે પુરુષવેદને અનુભવતો વ્યક્તિ. તે સ્ત્રી પુરુષ નપુંસક ત્રણે લિંગોમાં હોઈ શકે છે એજ રીતે ઉત્તમપુરુષ, મધ્યમપુરુષ, જઘન્યપુરુષ આવા પણ પુરુષના ભેદ છે.

તેમ ઉત્તમપુરુષ ત્રણ પ્રકારે છે. ૧. ધર્મપુરુષ, ૨. ભોગપુરુષ, ૩. કર્મપુરુષ.

ધર્મ ક્ષાયિક ચારિત્ર વગેરે છે તેનું સર્જન કરવામાં તત્પર તે ધર્મપુરુષ છે. અરિહંત પરમાત્મા વગેરે.

ભોગ = સુંદર શબ્દ વગેરે ઉપભોગમાં તત્પર તે ભોગપુરુષ છે. ચક્રવર્તી વગેરે.

કર્મ = મહાઆરંભ વગેરેથી સંપાદન યોગ્ય નરકાદી આયુષ્યનો બંધ કરવામાં તત્પર એવો પુરુષ તે કર્મપુરુષ છે. વાસુદેવ વગેરે.

આ ઉત્તમપુરુષોની સંખ્યા ઉત્સર્પિણીમાં ૫૪ ની છે જે આ પ્રમાણે ૨૪ તીર્થંકરો ૧૨ ચક્રવર્તીઓ નવ વાસુદેવો અને નવ બલદેવો બધાં મળીને ૫૪ થાય છે.

જેમ ઉત્સર્પિણીમાં ૫૪ ઉત્તમ પુરુષો થાય છે તેમ અવસર્પિણીમાં પણ ૫૪ ઉત્તમપુરુષો થાય છે.

ઉગ્ર-ભોગ અને રાજન્યકુળના વ્યક્તિઓ મધ્યમપુરુષો ગણાય છે. દાસ, નોકર ચાકરો, ભાગીયા વગેરે જઘન્યપુરુષો કહેવાય છે. ॥૪૬॥

उत्तमेष्वपि वासुदेवा नरकमेव यान्तीति तदावासानाह–

**प्रथमद्वितीयपृथिव्योः पञ्चपञ्चाशन्नरकावासशतसहस्राणि ॥४७॥**

**प्रथमेति,** प्रथमायां पृथिव्यां त्रिंशन्नरकलक्षाणि पूर्वं व्यावर्णितान्येव, शर्कराप्रभायां द्वितीयपृथिव्यामेकादश प्रस्तटाः, नरकपटलानि अधोऽधो द्वन्द्वहीनानीति वचनात्, तत्र प्रथमे प्रस्तरे चतसृषु दिक्षु षट्त्रिंशदावलिकाप्रविष्टा नरकावासाः, विदिक्षु पञ्चत्रिंशत्, मध्ये चैको नरकेन्द्रकः, सर्वसंख्यया द्वे शते पञ्चाशीत्यधिके, शेषेषु दशसु प्रस्तटेषु प्रत्येकं क्रमेणाधोऽधोऽष्टकाष्टकहानिः प्रतिदिक् एकैकनरकावासहानेः, ततस्तत्र सर्वसंख्ययाऽऽवलिकाप्रविष्टा नरकावासाः षड्विंश तानि पञ्चनवत्यधिकानि, शेषाश्चतुर्विंशतिलक्षाः सप्तनवतिसहस्राणि त्रीणि शतानि पञ्चोत्तराणि पुष्पावकीर्णकाः । उभयमीलने पञ्चविंशतिलक्षाणि नरकावासानामिति पृथिवीद्वयसंख्यायोजनेन पञ्चपञ्चाशन्नरकावासशतसहस्राणि भवन्तीति ॥४७॥

ઉત્તમપુરુષોમાં પણ જે વાસુદેવો હોય છે. તે નરકમાં જ જાય છે તેથી અહિં તે નરકાવાસોની સંખ્યાઓ કહે છે.

પહેલી (નરક) પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસો પહેલાં જ વર્ણવ્યા જ છે. અને શર્કરાપ્રભા નામની બીજી (નરક) પૃથ્વીમાં ૧૧ પ્રસ્તરો છે. નરકના પડલા... ઉપરથી નીચે નીચે તરફ જતા દ્વન્દ્વ હીન કરતા જવા એ વચનથી પ્રથમ પાથડામાં ચારે દિશામાં ૩૬ શ્રેણિબદ્ધ નરકાવાસો છે. અને વિદિશાઓમાં પાંત્રીશ અને મધ્યમાં એક નરકેન્દ્રક સર્વ સંખ્યા ૨૮૫ થઈ. બાકીના ૧૦ નરકાવાસોમાં પ્રત્યેક દિશા (વિદિશામાંથી એક એક નરકાવાસની હાનિ કરવાથી આઠ આઠ ની હાનિ પ્રત્યેક પાથડામાં (ઉપરના પાંથડા કરતા) થશે. તેથી ત્યાં આવલિકા બદ્ધ નરકાવાસો સર્વ સંખ્યાથી ૨૬૯૫ થશે. તેમજ બાકી પુષ્પાવકીર્ણક નરકાવાસોની સંખ્યા ૨૪ લાખ ૯૭ હજાર ૩૦૫ છે. ૨૪,૯૭,૩૦૫+૨૬૯૫+૨૮૫ = ૨૫ લાખ નરકાવાસો થાય છે. પ્રથમ નરકના ૩૦ લાખ અને બીજી નરકના ૨૫ લાખ એમ બન્ને પૃથ્વીના નરકાવાસોનું સંયોજન કરતા ૫૫ લાખ નરકાવાસો થાય છે. ॥૪૭॥

नारकिणोऽपि बहिरागत्य कृतधर्माणो यान्ति चंद्रादिष्विति तद्वक्तव्यतामाह—

**जम्बूद्वीपे षट्पञ्चाशन्नक्षत्राणि चन्द्रयुक्तानि ॥४८॥**

**जम्बूद्वीप इति,** समयक्षेत्रबहिर्वर्त्त्यसंख्येयजम्बूद्वीपव्यावृते धातकीखण्डादिसर्वद्वीपानां लवणोदादिसर्वसमुद्राणां सर्वात्मनाऽभ्यन्तरे सकलतिर्यग्लोकमध्यवर्त्तिनि सर्वद्वीपेभ्यः क्षुल्लके योजनलक्षप्रमाणे पुष्करकर्णिकासंस्थानसंस्थितेऽस्मिन् जम्बूद्वीपे द्वौ चन्द्रौ प्रभासेते, सूर्याक्रान्ताभ्यामन्यत्र शेषयोर्दिशोश्चन्द्राभ्यां प्रकाश्यमानत्वात्, एकैकस्य च चन्द्रस्याष्टाविंशतिनक्षत्रपरिवारभावात्, तानि नक्षत्राणि स्वयं नियतमण्डलचारित्वेऽनियतानेकमण्डलचारिणा निजमण्डलक्षेत्रमागतेन चन्द्रेण सह प्राप्तवन्ति प्राप्नुवन्ति प्राप्स्यन्ति च, ततश्च चन्द्रद्वयापेक्षया षट्पञ्चाशन्नक्षत्राणि योगकर्तॄणीति ॥४८॥

નારકીઓ પણ નરકમાંથી નીકળી ધર્મ કરીને ચંદ્ર વગેરેમાં ઉત્પન્ન થાય છે તેથી તેની વાત કહે છે.

સમયક્ષેત્રની બહાર રહેલા અસંખ્ય જંબુદ્વીપોથી ભિન્ન, અને ધાતકીખંડ વગેરે સર્વદ્વીપોને લવણોદધિ વગેરે સર્વ સમુદ્રોની અભ્યંતરમાં સર્વરૂપે રહેલો, સર્વદ્વીપો કરતા નાનો, એક લાખ યોજન પ્રમાણનો... કમળની કર્ણિકા સમાન સંસ્થાન વાળો... જંબુદ્વીપ છે. એ જંબુદ્વીપમાં બે ચંદ્રો પ્રકાશે છે. સૂર્ય આક્રાંત એવી બે દિશાથી બાકીની બે દિશાઓ બે ચન્દ્રો વડે પ્રકાશે છે... એક એક ચંદ્રનો ૨૮ નક્ષત્રનો પરિવાર છે. તે નક્ષત્રો... નિયતમંડલ ચારિ હોવા છતાં... અનિયત અનેક મંડલથી ચાલનારાને પોતાના મંડલક્ષેત્રમાં આવનારા ચંદ્રની સાથે પ્રાપ્ત થયા છે,

પ્રાપ્ત થાય છે, અને પ્રાપ્ત થશે. તેથી બે ચંદ્રની અપેક્ષા ૨૮+૨૮ = ૫૬ એવા નક્ષત્રો યોગ કરનારા છે. ॥૪૮॥

चन्द्रादीनां वक्तव्यतागणिपिट्टकेस्तीति तद्विशेषमाह—

**गणिपिटकानामाचारचूलिकावर्जानि सप्तपञ्चाशदध्ययनानि आचारसूत्रकृतस्थानाङ्गानाम् ॥४९॥**

**गणीति**, गणः-गच्छो गुणगणो वाऽस्यास्तीति गणी आचार्यः, तस्य पिटकमिव पिटकानि सर्वस्वभाजनानि, अथवा गणिनामर्थपरिच्छेदानां पिटकमेव पिटकानि स्थानानि तेषामाचारसूत्रकृतस्थानाङ्गानामध्ययनानी, आचारे प्रथमश्रुतस्कन्धे नवाध्ययनानि, द्वितीये षोडश, निशीथाध्ययनस्य प्रस्थानान्तरत्वेनेहानाश्रयणात् । सूत्रकृते द्वितीयाङ्गे प्रथमश्रुतस्कन्धे षोडश, द्वितीये सप्त, स्थानाङ्गे दश, परन्तु आचारस्य प्रथमाङ्गस्य चूलिका सर्वान्तिममध्ययनं विमुक्त्यभिधानं तद्वर्जनात् सप्तपञ्चाशदध्ययनानि भवन्ति ॥४९॥

ચંદ્ર વગેરેની વક્તવ્યતા ગણિપિટ્ટકમાં છે... આથી તેનો વિશેષ (૫૭ મા સમવાયમાં) હવે કહે છે.

ગણ એટલે ગચ્છ અથવા ગણ એટલે ગુણોનો ગણ (સમૂહ) જેનો હોય તે ગણિ એટલે કે આચાર્ય કહેવાય છે.

તેનો પિટક એટલે પટારો (ખજાનો) સમાન સર્વસ્વ સમાન જે છે તે ગણિપિટક છે. અથવા ગણિ એટલે આચાર્યોના અર્થ પરિછેદના પિટક એટલે સ્થાનો... એનું નામ ગણિપિટક, તેના આચારાંગ સૂયગડાંગ તથા ઠાણાંગના અધ્યયનો, તેમાં આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધમાં નવ અધ્યયનો અને બીજાના ૧૬, નિશીથના અધ્યયનો અન્ય પ્રસ્થાનના હોવાથી અહીં ગણવામાં નથી આવ્યા. સૂયગડાંગ બીજા અંગના પ્રથમશ્રુતસ્કંધના ૧૬ અને બીજા શ્રુતસ્કંધના ૭ અને સ્થાનાંગના ૧૦ અધ્યયનો છે. ૯+૧૬+૧૬+૭+૧૦ = ૫૮ અધ્યયન થાય છે આમાં આચારાંગ પ્રથમ અંગનું સર્વાન્તિમ અધ્યયનરૂપ ચૂલિકા વિમુક્તિ અધ્યયનને ન ગણવાથી ૫૭ થાય છે. ॥૪૯॥

आचाराङ्गादीनां निह्नवादिकर्तुर्नरकगतिप्रायोग्यकर्मबन्धान्नरकावासतद्बंधकर्माण्याह—

**प्रथमद्वितीयपञ्चमपृथिवीषु निरयावासा अष्टपञ्चाशत् शतसहस्राणि ज्ञानावरणवेदनीयायुर्नामान्तरायाणाञ्चाष्टपञ्चाशदुत्तरप्रकृतिकत्वम् ॥५०॥**

**प्रथमेति**, प्रथमायां त्रिंशल्लक्षाणि द्वितीयायां पञ्चविंशतिः पञ्चम्यास्त्रीणीति सर्वाण्यष्टपञ्चाशल्लक्षाणि । ज्ञानावरणस्य पञ्च वेदनीयस्य द्वे आयुषश्चतस्रो नाम्नो द्विचत्वारिंशत् अन्तरायस्य पञ्चेति सर्वा अष्टपञ्चाशदुत्तरप्रकृतयः ॥५०॥

આચારાંગ વગેરેના પદાર્થોને ન માનવાથી કે છુપાવવાથી નરકગતિ પ્રાયોગ્ય કર્મબંધ થાય છે. તેથી (૫૮ મા સમવાયમાં) નરકાવાસ અને નરકાવાસમાં લઇ જનાર કર્મબંધો હવે કહે છે.

પ્રથમ નરકમાં ૩૦ લાખ, દ્વિતીય નરકમાં ૨૫ લાખ અને પાંચમી નરકમાં ૩ લાખ નરકાવાસો છે. ટોટલ ૫૮ લાખ નરકાવાસો થયાં. તેજ રીતે જ્ઞાનાવરણીય ૫, વેદનીયની ૨, આયુષ્યની ૪, નામની ૪૨, અંતરાયની ૫, આમ સર્વ મળીને ૫૮ ઉત્તરપ્રકૃત્તિઓ થાય છે. (આટલી પ્રકૃત્તિઓ નરકમાં છે એવું નહી પણ આટલા કર્મની ૫૮ ઉત્તરપ્રકૃત્તિઓ છે એમ સમજવું) ॥૫૦॥

कर्मणां स्थितिनियतत्वेन स्थितेश्च कालनियंत्रिततया तद्विशेषमाह—

**चन्द्रवर्षस्य प्रत्येकमृतव एकोनषष्टिरात्रिंदिवमानाः ॥५१॥**

**चन्द्रवर्षस्येति,** नक्षत्रचन्द्रर्त्वादित्याभिवर्द्धितसंवत्सरेषु यश्चन्द्रसंवत्सरः चन्द्रगतिमङ्गीकृत्य भवति तत्र द्वादशमासाः षड् ऋतवो भवन्ति, तत्र कृष्णप्रतिपदमारभ्य पौर्णमासीपरिसमाप्ति यावत्तावत्कालप्रमाणश्चान्द्रो मासः, स च मास एकोनात्रिंशद्रात्रिंदिवानि द्वात्रिंशच्च द्विषष्टिभागा, अहोरात्रस्येत्येवं प्रमाणः, द्वाभ्यां ताभ्याञ्च मासाभ्यामृतुर्भवति तत एकोनषष्टिरहोरात्राण्यसौ भवति, यच्चेह द्विषष्टिभागद्वयमधिकं तन्न विवक्षितम् ॥५१॥

કર્મ બધા સ્થિતિથી બંધાયેલ છે. અને સ્થિતિ કાલથી નિયંત્રિત છે માટે કાલ વિશેષને હવે કહે છે.

નક્ષત્ર, ચંદ્ર, ઋતુ, આદિત્ય, અભિવર્ધિત આમ પાંચ સંવત્સરોમાં જે ચંદ્ર સંવત્સર છે. તે ચંદ્રની ગતિને આશ્રયીને થાય છે. તેમાં ૧૨ માસ અને ૬ ઋતુઓ હોય છે. કૃષ્ણપ્રતિપદ (વદ-૧થી) માંડી (સુદ) પુનમ સુધીનું કાલ પ્રમાણ એ ચંદ્રમાસ છે. તે ચંદ્રમાસ ૨૯ રાત્રિદિવસ અને એક અહોરાત્રના ૩૨/૬૨ (બત્રીસ બાંસઠીયા ભાગ)નો હોય છે. તેવા બે મહિના (બે ચંદ્રમાસ દ્વારા) એક ઋતુ બને છે. તેથી તે ઋતુ ૫૯ અહોરાત્રિની બને છે. જે અહિં બે બાંસઠીયા ભાગ અધિક રહે છે. વધારાના રહે છે તેની અહિં વિવક્ષા નથી કરવામાં આવી (આમ ૫૯ મો સમવાય પૂર્ણ થયો) ॥૫૧॥

सूर्यगतिपरिमाणविशेषादपि ऋतूनां भावात्सूर्याश्रयेण गतिविशेषमाह—

**उदिते स्थाने षष्टिमुहूर्त्तैरुदेति सविता पुनः ॥५२॥**

**उदित इति,** स्थानं चारभूमिर्मण्डलम्, तानि मण्डलानि सर्वसंख्यया चतुरशीत्यधिक-मण्डलशतम्, जम्बूद्वीपे पञ्चषष्टिः लवणे समुद्रे एकोनविंशत्यधिकं शतम्, एकैकस्य मण्ड-लस्य विष्कम्भोऽष्टचत्वारिंशदेकषष्टिभागा योजनस्य, मण्डलत्वञ्चैषां मण्डलसदृशत्वात्, न तु

तात्त्विकम्, मण्डलप्रथमक्षणे यद्व्याप्तं क्षेत्रं तत्समश्रेण्येव यदि पुरः क्षेत्रं व्याप्नुयात् तदा तात्त्विकी मण्डलता स्यात्, तथा च सति पूर्वमण्डलादुत्तरमण्डलस्य योजनद्वयमन्तरं न स्यात्, सूर्यमण्डलक्षेत्रञ्च चक्रवालविष्कम्भतोऽवसेयम्, तत्र सूर्यः सर्वाभ्यन्तरं सर्वबाह्यञ्च सकृदेव संक्रामति शेषाणि तु द्वौ वारान्, सूर्यः पञ्चपञ्चयोजनसहस्राणि द्वे चैकपञ्चाशे योजनशते एकोनविंशतञ्च षष्टिभागान् योजनस्यैकैकेन मुहूर्तेन गच्छति, सर्वमपि हि मण्डलमेकेनाहोरात्रेण द्वाभ्यां सूर्याभ्यां परिसमाप्यते, प्रतिसूर्यञ्चाहोरात्रगणने परमार्थतो द्वावहोरात्रौ भवतः, द्वयोश्चाहोरात्रयोः षष्टि मुहूर्त्ताः, ततो मण्डलपरिरयस्य षष्ट्या भागे हृते यल्लभ्यते तन्मुहूर्त्तगतिप्रमाणम्, सर्वाभ्यन्तरमण्डलपरिरयः त्रीणि लक्षाणि पञ्चदशसहस्राणि एकोननवत्यधिकानि योजनानामिति । अस्मिन् सर्वाभ्यन्तरे मण्डले दिवसोऽष्टादशमुहूर्त्तप्रमाणः, भरतक्षेत्रगतानाञ्च मनुष्याणां सप्तचत्वारिंशता योजनसहस्रैर्द्वाभ्यां त्रिषष्ट्यधिकाभ्यां योजनशताभ्यां एकविंशत्या च षष्टिभागैर्योजनस्य सर्वाभ्यन्तरमण्डलचारचरणकाले सूर्य उदयमानः चक्षुर्गोचरमायाति ॥५२॥

સૂર્યગતિના પરિમાણ વિશેષથી પણ ઋતુઓ થતી હોય છે. તેથી સૂર્યને આશ્રયીને જે ગતિ છે તે હવે કહે છે.

ઉદિત સ્થાન એટલે કે સૂર્યના ભ્રમણની ભૂમિ સૂર્યનું મંડલ... આવા સૂર્યના મંડલો ટોટલ ૧૮૪ છે. ૬૫ જંબુદ્વીપમાં ૧૧૯ લવણ સમુદ્રમાં થાય છે. એક એક મંડલનો વિષ્કમ્ભ (વિસ્તાર) યોજનના ૪૮/૬૧ (એકસઠીયા ૪૮ ભાગ) હોય છે.

સૂર્યના મંડલને ગોળાકાર પરિભ્રમણથી મંડલ કહેવાય છે પરંતુ તાત્ત્વિક રીતે મંડલ નથી. મંડલના પ્રથમ ક્ષણે જે ક્ષેત્ર વ્યાપ્ત હતું. તેની બરોબર સમશ્રેણિમાં આગળનું ક્ષેત્ર વ્યાપ્ત થાત તો તાત્ત્વિક રીતે મંડલતા ઘટી શકત ને જો આવી તાત્ત્વિક મંડલતા હોત તો પૂર્વમંડલ અને ઉત્તરમંડલ વચ્ચે બે યોજનનું અંતર ન હોત.

સૂર્યનું મંડલક્ષેત્ર ચક્રવાલવિષ્કમ્ભથી જાણવું તેમાં સૂર્ય સર્વ અભ્યંતરને અને સર્વ બાહ્યમંડળમાં એક જ વાર સંક્રમણ કરે છે જ્યારે બાકીના મંડળોમાં બે વાર સંક્રમણ કરે છે.

સૂર્ય એકમુહૂર્ત્તમાં ૫૨૫૧ યોજન તથા ૧૯/૬૦ (સાઇઠીયા ૧૯ ભાગ) જાય છે (ચાલે છે) આખું મંડલ એક અહોરાત્રમાં બે સૂર્ય વડે પરિસમાપ્ત થાય છે. પ્રત્યેક સૂર્યને મંડલમાં કેટલા અહોરાત્ર થાય છે. તેમ વિચારો વાસ્તવિક રીતે પ્રત્યેક સૂર્યને બે અહોરાત્ર થાય છે. બે અહોરાત્રના ૬૦ મુહૂર્ત્ત થાય છે.

તેથી મંડલના પરિભ્રમણને ૬૦ ભાગથી ભાગો તો એક મુહૂર્ત્તની સૂર્યની ગતિનું પ્રમાણ મળે છે.

સર્વ અભ્યન્તર મંડલનું પરિભ્રમણ ૩ લાખ ૧૫ હજાર ૮૯ યોજનોથી અધિક છે.

આ સર્વાભ્યંતર મંડલમાં દિવસ ૧૮ મુહૂર્ત પ્રમાણ છે. ભરતક્ષેત્રના મનુષ્યોને સર્વાભ્યન્તર-ચારના વિચરણ કાલમાં ૪૭૨૬૩ યોજન તથા યોજનના સાઇઠીયા ૧૯ ભાગ ૧૯/૬૦ સૂર્યનું ઉદયમાન ચક્ષુનો વિષય બને છે. ॥૫૨॥

कालविशेषमाश्रित्यैवाह–

**ऋतुमासेन युगस्यैकषष्टि ऋतुमासाः ॥५३॥**

**ऋतुमासेनेति,** ऋतुर्हि लोकरूढ्या षष्ट्यहोरात्रप्रमाणो द्विमासात्मकस्तस्यार्द्धं मासोऽपि ऋतुरवयवे समुदायोपचारात्, ऋतुरेव मासः परिपूर्णत्रिंशदहोरात्रप्रमाणः ऋतुमासः कर्ममासः सावनमास इति वा व्यवह्रियते, युगश्च चन्द्रश्चन्द्रोऽभिवर्द्धितश्चन्द्रोऽभिवर्द्धितश्चेति पञ्चभिः संवत्सरैर्मीयमानः कालविशेषः स च प्रमाणेनाष्टादशशतमितः त्रिंशदुत्तराण्यहोरात्राणां भवति, तस्य च प्रमाणस्य त्रिंशता भागाहारे लब्धा एकषष्टिः ऋतुमासा इति ॥५३॥

કાલવિશેષને આશ્રયીને જ હવે (૬૧ મા સમવાયમાં) કહે છે.

લોકરુઢિથી ઋતુ એ ૬૦ અહોરાત્ર પ્રમાણની હોય છે. બે માસરૂપ, પરંતુ અવયવમાં સમુદાયનો ઉપચાર કરી શકાય એ ન્યાયે તેનો અર્ધભાગ એટલે ૧ માસમાં પણ તે તે ઋતુનો ઉપચાર થાય માટે એક માસને ઋતુ માસ કહી શકાય...

ઋતુ એવો માસ એટલે પરિપૂર્ણ ત્રીસ દિવસનો ઋતુમાસ જેનો કર્મમાસ સાવનમાસ વગેરે પણ વ્યવહાર થાય છે.

એક ચંદ્ર સંવત્સર પુનઃ એક ચંદ્ર સંવત્સર પછી અભિવર્ધિત સંવત્સર પુનઃ ચંદ્રસંવત્સર અને વળી પાછો અભિવર્ધિત સંવત્સર આમ પાંચ સંવત્સરથી મપાતો કાલ વિશેષ એટલે યુગ કહેવાય છે.

(આમાં અધિકમાસથી યુક્ત વર્ષ એટલે અભિવર્ધિત સંવત્સર સમજવું)

આમ પાંચ સંવત્સરોનું પ્રમાણ ૧૮૩૦ અહોરાત્ર છે. તેને ૩૦ દ્વારા ભાગવાથી ૬૧ ઋતુમાસ થાય છે. ॥૫૩॥

युगस्य चन्द्रमासगर्भितत्वेन चन्द्रस्य प्रतिदिनावस्थामाह–

**पक्षयोः प्रत्यहं चन्द्रो द्विषष्टिभागान् हीयते वर्द्धते च ॥५४॥**

**पक्षयोरिति,** कृष्णशुक्लपक्षयोरित्यर्थः, चन्द्रमसो वृद्ध्यपवृद्धी अष्टौ मुहूर्त्तशतानि पञ्चाशीत्यधिकानि, एकस्य मुहूर्त्तस्य त्रिंशतं द्वाषष्टिभागान् यावत्। एकस्य चन्द्रमासस्य मध्ये एकस्मिन् पक्षे चन्द्रमसो वृद्धिरेकस्मिंश्चापवृद्धिः, चन्द्रमासस्य परिमाणमेकोनत्रिंशद्रात्रिन्दिनानि

एकस्य रात्रिदिवस्य द्वात्रिंशद्द्वाषष्टिभागाः, रात्रिदिवं च त्रिंशन्मुहूर्त्तकरणार्थमेकोनत्रिंशता गुण्यते, जातान्यष्टौ शतानि सप्तत्यधिकानि मुहूर्त्तानाम् । येऽपि द्वाषष्टिभागा रात्रिदिवस्य तेऽपि मुहूर्त्तसत्का भागकरणार्थं त्रिंशता गुण्यन्ते, जातानि नवशतानि षष्ट्यधिकानि तेषां द्वाषष्ट्या भागो ह्रियते लब्धाः पञ्चदश मुहूर्त्ताः ते मुहूर्त्तराशौ प्रक्षिप्यन्ते जातानि मुहूर्त्तानामष्टौ शतानि पञ्चाशीत्यधिकानि शेषाश्च त्रिंशद्द्वाषष्टिभागा मुहूर्त्तस्य । तत्र चन्द्रश्चत्वारि मुहूर्त्तशतानि द्वाचत्वारिंशदधिकानि षट्चत्वारिंशतञ्च द्वाषष्टिभागान् मुहूर्त्तस्य यावदपवृद्धिं गच्छति-राहुविमानप्रभया रज्यते, प्रतिपत्तिथौ परिसमाप्नुवत्यां परिपूर्णं प्रथमं पञ्चदशं भागं यावद्रज्यते, एवं द्वितीयादितिथिषु यावत्पञ्चदश्यां तिथौ परिसमाप्नुवत्यां परिपूर्णं पञ्चदशभागं यावत्, तस्याश्च पञ्चदश्याश्चरमसमये चन्द्रः सर्वात्मना राहुविमानप्रभया रक्तो भवति, यस्तु षोडशो भागो द्वाषष्टिभागद्वयात्मकोऽनावृत्य तिष्ठति स स्तोकत्वाददृश्यत्वाच्च न गण्यते ॥५४॥

યુગ ચંદ્રમાસથી ગર્ભિત છે. માટે ચંદ્રની પ્રતિદિન અવસ્થાને હવે (૬૨મા સમવાયથી) કહે છે.

પક્ષ એટલે કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષમાં ચન્દ્રની હાનિ અને વૃદ્ધિ ૮૮૫ મુહૂર્ત અને એકમુહૂર્ત્તના બાંસઠીયા ૩૦ ભાગ એટલે કે ૩૦/૬૨ જેટલી થાય છે. (વૃદ્ધિ ને હાનિ બન્ને થઇને)

એક ચંદ્રમાસમાં એક પખવાડીયામાં ચંદ્રની વૃદ્ધિ થાય છે અને એક પખવાડીયામાં ચંદ્રની હાનિ થાય છે.[1]

એક ચંદ્રમાસનું પરિમાણ / માપ ૨૯ રાત્રિદિવસ અને એક રાત્રિદિવસના ૩૨ બાંસઠીયા ભાગ. (અર્થાત્ ૩૨/૬૨ ભાગ)

હવે (૨૯) રાત્રિદિવસ ત્રીસ/ત્રીસ મુહૂર્ત્તો કરવા માટે ૨૯ રાત્રિદિવસને ત્રીસ વડે ગુણવાથી ૮૭૦ મુહૂર્ત્ત થયા.

---

ઉપરોક્ત ચન્દ્રની વૃદ્ધિહાનિનું ગણિત નીચે પ્રમાણે સમજવું...

૧. ચંદ્રમાસમાં ચંદ્રની વૃદ્ધિ હાનિ ૮૮૫ મુહૂર્ત્ત અધિક, મુહૂર્ત્ત ૩૦/૬૨ ભાગ

૧. ચંદ્રમાસ = ૨૯ રાત્રિદિવસ અધિક એક રાત્રિદિવસના ૩૨/૬૨ ભાગ

૧. રાત્રિદિવસ = ૩૦ મુહૂર્ત્ત તેથી ૨૯ રાત્રિદિવસને ૩૦ મુહૂર્ત્તનો ગુણાકાર કરતા ૨૯ x ૩૦ = ૮૭૦ મુહૂર્ત્ત થયા

બાકીના ૧ રાત્રિદિવસ ૩૨/૬૨ ભાગને મુહૂર્ત્તમાં ફેરવવા ૩૨/ ૬૨ ૩૦ = ૯૬૦/૬૨ એને ૬૨ વડે ભાગતા ૧૫ મુહૂર્ત્ત મલ્યા

૮૭૦ + ૧૫ = ૮૮૫ મુહૂર્ત્ત થયા

બાંસઠીયા ભાગ શેષ બચ્યા તે મુહૂર્ત્તના ૩૨/૬૨ ભાગ પ્રમાણ છે

તેથી ૮૮૫ મુહૂર્ત્ત અને ૧ મુહૂર્ત્તના ૩૨/૬૨ ભાગ એ ચંદ્રની હાનિ વૃદ્ધિનું માપ એક માસમાં નીકળ્યું.

હવે જે રાત્રિદિવસના ૩૨/૬૨ ભાગ (બાંસઠીયા બત્રીસ ભાગ હતા) તેનો મુહૂર્ત સંબંધી ભાગ બનાવવા માટે. ૩૨/૬૨ ને ૩૦ થી ગુણતા ૯૬૦ પ્રાપ્ત થાય એને ૯૬૦ ને ૬૨ થી ભાગતા ૧૫ મુહૂર્ત મલ્યા. જે ૧૫ મુહૂર્તની સંખ્યાને ૮૭૦ માં ઉમેરતા ટોટલ ૮૮૫ મુહૂર્ત થયા. અને ઉપરાંત શેષ તરીકે ૩૦/૬૨ (બાંસઠીયા ૩૦ અંશ) ૩૦/૬૨ મુહૂર્તના મલ્યા. એટલે એક ચંદ્રમાસમાં ચંદ્રમાસની વૃદ્ધિ + હાનિ ૮૮૫ મુહૂર્તથી અધિક મુહૂર્તના ૩૦/૬૨ અંશ થશે.

તેમાં ચંદ્ર ૪૪૨ મુહૂર્તથી અધિક એક મુહૂર્તના ૪૨/૬૨ ભાગ હાનિ પામે છે એટલે કે રાહુના વિમાનની પ્રભાથી ઢંકાય છે. વદ એકમ પરિસમાપ્ત થયે છતે પરિપૂર્ણ પહેલો ૧૫મો ભાગ ચંદ્રનો ઢંકાય છે. આમ બીજ (વદ) વગેરે તિથિઓને વિષે છેક પંદરમી તિથિ પરિસમાપ્ત થયે છતે, (અમાસ સુધી) પરિપૂર્ણ ૧૫ ભાગ સુધી ચંદ્ર ઢંકાય છે. અમાસના ચરમ સમયે ચંદ્ર આખો રાહુવિમાનની પ્રભાથી ઢંકાય છે. જે ૧૬મી કલા / ભાગ ૨/૬૨ ભાગ પ્રમાણ છે. તે ઢંકાયા વિનાના રહે છે પરંતુ એ અતિ અલ્પ હોવાથી અને અદશ્ય હોવાથી ગણાતા નથી

તેનું અડધુ કરો ૪૪૨ મુહૂર્ત તથા ૪૬/૬૨ મુહૂર્તના વૃદ્ધિ અને એટલું જ હાનિનું માપ થાય. ॥૫૪॥

ननु जम्बूद्वीपे पञ्चषष्टिः सूर्यमण्डलानामुक्ता, तत्र कुत्र कियन्ति मण्डलानि वर्त्तन्त इत्यत्राह—

**निषधे नीलवति च त्रिषष्टिस्सूर्यमण्डलानि ॥५५॥**

**निषध इति,** महाविदेहस्य दक्षिणस्यां हरिवर्षस्योत्तरस्यां पौरस्त्यलवणोदस्य पश्चिमायां पश्चिमलवणसमुद्रस्य पूर्वस्यां जम्बूद्वीपे निषधो नाम वर्षधरपर्वतश्चत्वारियोजनशतानि ऊर्ध्वोच्चत्वेन योजनशतान्युद्वेधेन भूप्रवेशेन मेरुवर्जसमयक्षेत्रगिरिणां स्वोच्चत्वचतुर्थांशेनोद्वेधत्वात्, षोडशयोजनसहस्राणि द्विचत्वारिंशदधिकानि अष्टौ च योजनशतानि द्वौ चैकोनविंशतिभागौ योजनस्य विष्कम्भेण वर्त्तते, महाहिमवतो द्विगुणविष्कम्भमानत्वात्, यत्र बहूनि कूटानि निषधसंस्थानसंस्थितानि, यत्र च निषधो नाम देवोऽधिपतित्वमुद्वहति, तत्पर्वतस्य चोपरि तथा महाविदेहस्योत्तरेण रम्यकवर्षस्य दक्षिणेन पूर्वलवणसमुद्रस्य, पश्चिमेन पश्चिमलवणोदस्य पूर्वेण निषधसमानमानो नीलवन्नाम वर्षधरपर्वतो नीलवन्नामकदेवाधिष्ठितो वर्त्तते तस्य चोपरि त्रिषष्टिः सूर्यमण्डलानि भवन्ति, हरिवर्षजीवाकोट्यां रम्यकजीवाकोट्याञ्च द्वे मण्डले भवतः ॥५५॥

ખરેખર જંબુદ્વીપમાં ૬૫ સૂર્યમંડલો કહ્યા છે. તેમાં કેટલા મંડલો ક્યાં વર્તી રહ્યા છે તે ૬૩મા સમવાયમાં હવે કહે છે.

મહાવિદેહથી દક્ષિણે... હરિવર્ષ ક્ષેત્રની ઉત્તરે... પૂર્વીય લવણ સમુદ્ર જલના પશ્ચિમમાં... અને પશ્ચિમીય લવણ સમુદ્રજલના પૂર્વમાં... જંબુદ્વીપમાં નિષધનામનો વર્ષધર પર્વત છે. જે ભૂપ્રદેશમાં ૧૦૦ યોજન ગડાયેલો છે. અને ઉર્ધ્વમાં ચારસો યોજન ઊંચો છે. કેમકે મેરુને છોડીને સમય ક્ષેત્રના સર્વ પર્વતો પોતાની બહારની ઉંચાઇના ચોથા ભાગ જમીનમાં ગડાયેલા હોય છે. વળી ૧૬ હજાર ૮૪૨ યોજન તથા એક યોજન ૨/૧૯ ભાગ લંબાઇમાં છે કેમકે મહાહિમવાન્ પર્વત કરતા દ્વિગુણ લંબાઈવાળો નિષધ છે. આખાય નિષધ પર્વતના સંસ્થાનમાં ઘણા કુટો એટલે કે શિખરો રહેલા છે. વળી નિષધનામનો દેવ આ પર્વતનો અધિપતિ છે.

તે પર્વતની ઉપર અને તેવી જ રીતે મહાવિદેહથી ઉત્તરમાં રમ્યક્વર્ષ ક્ષેત્રથી દક્ષિણમાં પૂર્વ લવણ સમુદ્રથી પશ્ચિમ તરફ અને પશ્ચિમ લવણ સમુદ્રથી પૂર્વ તરફ નિષધ જેવા જ સમાન પ્રમાણવાળો નીલવત્ નામનો વર્ષધર પર્વત છે. જેનો અધિષ્ઠાયક દેવ નીલવત્ નામનો છે. આ નીલવત્ પર્વતની ઉપર... (આમ નિષધ અને નીલવત્ પર્વતની ઉપર) સૂર્યના ૬૩ મંડલો થાય છે.

જ્યારે ૧ મંડલ હરિવર્ષ નામના ક્ષેત્રમાં. અને એક મંડલ રમ્યક્ નામના ક્ષેત્રમાં સૂર્યનું થાય છે. આમ ૬૩+૨=૬૫ મંડલ થાય છે. ॥૫૫॥

केचित्प्रतिमाविशेषभृतो ज्योतिष्कदेवत्वेनोत्पद्यन्त इति प्रतिमाविशेषमाह—

**अष्टाष्टमिका प्रतिमा चतुःषष्टिरात्रिंदिवप्रमाणा ॥५६॥**

**अष्टेति,** अष्टावष्टमानि दिनानि यस्यां साऽष्टाष्टमिका, यस्यां ह्यष्टौ दिनाष्टकानि भवन्ति, प्रतिमा-भिक्षूणामभिग्रहविशेषः, अष्टौ अष्टकानि यतोऽसौ भवति अतश्चतुष्षष्ट्या रात्रिंदिवैः सा पालिता भवति, तथा प्रथमेऽष्टके प्रतिदिनमेकैका भिक्षा द्वितीये द्वे द्वे यावदष्टमे अष्टावष्टाविति सङ्कलनया द्वे शते भिक्षाणामष्टाशीत्यधिके भवतः ॥५६॥

કેટલાક પ્રતિમા વિશેષને ધારણ કરનારા જીવો જ્યોતિષ્ક દેવ તરીકે ઉત્પન્ન થાય છે. તે પ્રતિમા વિશેષને ૬૪ મા સમવાયમાં કહે છે.

જેમાં (પ્રતિમામાં) આઠ આઠમા દિવસો આવે છે તે અષ્ટાષ્મિકા નામની આઠમી પ્રતિમા છે. જે પ્રતિમામાં આઠ આઠ દિવસના સમૂહો હોય છે. આ પ્રતિમા એટલે સાધુનો અભિગ્રહ વિશેષ, જેમાં દિવસોના આઠ અષ્ટક હોય છે. એટલે ૮x૮ = ૬૪ રાત્રિ દિવસોથી તે પરિપાલિત થાય છે.

આ પ્રતિમાના પહેલા અષ્ટકમાં એક એક ભિક્ષા, બીજામાં બે બે એમ કરતા આઠમા અષ્ટકમાં આઠ આઠ ભિક્ષાચર્યા કરવાની હોય છે બધી મળીને ૨૮૮ ભિક્ષા તેમાં થાય છે. ॥૫૬॥

प्रतिमावाहका अवश्यं वैमानिका भवन्तीति तद्वक्तव्यतामाह—

**सौधर्मावतंसकस्य प्रतिदिशं पञ्चषष्टिर्भौमानि ॥५७॥**

**सौधर्मेति,** सौधर्मः शक्रेन्द्रपालितः प्रथमदेवलोकः, तस्य मध्यभागवर्त्ति शक्रनिवासभूतं विमानं सौधर्मावतंसकम्, अत्र हि कल्पे चतुर्दिक्षु चत्वारि विमानानि मध्ये च पञ्चमं सौधर्मावतंसकम् तस्मादेकैकस्यां दिशि प्राकराभ्यर्णवर्त्तीनि नगराकाराणि भौमानि पञ्चषष्टिर्भवन्ति ॥५७॥

(સામાન્યથી) પ્રતિમા વહન કરનારા (સાધુ) અવશ્ય વૈમાનિક તરીકે ઉત્પન્ન થાય છે તે વૈમાનિક સંબંધિ વક્તવ્યતા ૬૫ મા સમવાયથી કહે છે.

સૌધર્મ દેવલોક એટલે શક્રેન્દ્ર દ્વારા પાલિત પ્રથમ દેવલોક તે દેવલોકના મધ્યભાગમાં શક્રના નિવાસનું સ્થાન એવું સૌધર્માવતંસક વિમાન છે. આ પ્રથમ કલ્પમાં ચારે દિશામાં ચાર વિમાનોની મધ્યમાં પાંચમું સૌધર્માવતંસક વિમાન હોય છે એ સૌધર્માવતંસક વિમાન ચારે દિશામાં પ્રાકાર (કિલ્લા) નિકટવર્તિ નગર જેવા આકારવાળા ભૌમ હોય છે. જેની સંખ્યા ૬૫ છે. ॥૫૭॥

वैमानिकेषु सूर्यचंद्रप्रकाशाभावात्प्रकाश्यक्षेत्रं तत्संख्याञ्चाह—

**षट्षष्टिश्चन्द्राः सूर्याश्च मानुषक्षेत्रस्य दक्षिणार्धमुत्तरार्धञ्च प्रभासयन्ति ॥५८॥**

**षट्षष्टिरिति,** जम्बूद्वीपधातकीखण्डपुष्करवरद्वीपार्धरूपा द्वीपा द्वौ च लवणोदधिकालोदधिरूपौ समुद्रौ मानुषं क्षेत्रं तत्रैव मनुष्याणामुत्पत्तेर्मरणाच्च, अत्रैव सुषमसुषमादयः कालविभागाः, मानुषक्षेत्रात् परतस्तु सर्वमपि देवारण्यं देवानां क्रीडास्थानम्, न तत्र जन्मतो मनुष्या नापि कोऽपि तत्र कालविभागः, मानुषक्षेत्रे चन्द्रसूर्यग्रहनक्षत्रतारागणा विचरणशीलाः शेषेषु द्वीपसमुद्रेषु ज्योतिश्चक्रं सदाऽवस्थानशीलम् । तथा च द्वौ चन्द्रौ जम्बूद्वीपे चत्वारो लवणसमुद्रे द्वादश धातकीखण्डे द्विचत्वारिंशत्कालोदधिसमुद्रे द्विसप्ततिश्च पुष्करार्धे, सर्वे चैते द्वात्रिंशदधिकं शतम्, एतदर्धञ्च षट्षष्टिर्दक्षिणपंक्तौ षट्षष्टिश्चोत्तरपंक्तौ स्थिताः, एवं सूर्या अपि, एवञ्चेहलोके मानुषे चन्द्रसूर्याणां चतस्रः पंक्तयः, द्वे पंक्ती चन्द्राणां द्वे च सूर्याणाम्, एकैका च पंक्तिः षट्षष्टिः, एकः किल सूर्यो जम्बूद्वीपे मेरोर्दक्षिणभागे चारं चरन् वर्त्तते एक उत्तरभागे, एकश्चन्द्रमा मेरोरुत्तरभागे, एकोऽपरभागे, तत्र यो मेरोर्दक्षिणभागे सूर्यश्चारं चरन् वर्त्तते तदा तत्समश्रेणिव्यवस्थितौ द्वौ दक्षिणभागे सूर्यौ लवणसमुद्रे षड् धातकीखण्डे एकविंशतिः कालोदे षट्त्रिंशदभ्यन्तरपुष्करार्धे, अस्यां सूर्यपंक्तौ षट्षष्टिः सूर्या जाताः, उत्तरभागेऽपि तथा, चन्द्रा अपि पूर्वभागेऽपरभागे च तथा । एते सूर्याश्चन्द्राश्चानवस्थितमण्डला यथायोगमन्यस्मिन्नन्यस्मिन् मण्डले सञ्चरन्तः प्रदक्षिणावर्त्तमण्डला मेरुं लक्षीकृत्य परिभ्रमन्ति, तेषां प्रदक्षिणावर्त्तगतेः प्रत्यक्षत एवोपलभ्यमानत्वात् ॥५८॥

હવે વૈમાનિક વિમાનોમાં સૂર્યચંદ્રના પ્રકાશનો અભાવ હોય છે. માટે ૬૬ મા સમવાય તે સૂર્યચંદ્રની સંખ્યાને તેનું પ્રકાશ્ય ક્ષેત્ર, બન્ને કહે છે.

જંબુદ્વીપ, ધાતકીખંડ, પુષ્કરવરદ્વીપાર્ધ આટલા દ્વીપો અને લવણોદધિ, કાલોદધિ રૂપ બે સમુદ્રો, આટલું માનુષક્ષેત્ર છે. તેમાં જ મનુષ્યનો જન્મ અને મરણ થતું હોવાથી અને આ મનુષ્યક્ષેત્રમાં સુષમ સુષમા વગેરે કાલવિભાગો પણ છે.

આ મનુષ્યક્ષેત્ર (૨ાા દ્વીપ - ૨ સમુદ્ર) થી પછી બધું જ દેવારણ્ય છે અર્થાત્ દેવતાઓ માટેનું ક્રીડા સ્થાન છે. નથી ત્યાં જન્મથી મનુષ્યો કે કોઇપણ પ્રકારનો કાલ વિભાગ.

આ મનુષ્યક્ષેત્રમાં રહેલા ચન્દ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાગણો વિચરણ સ્વભાવવાળા (ફરતા) છે. અને બાકીના બધા દ્વીપ સમુદ્ર વિષે રહેલું આખુંય જ્યોતિષચક્ર (ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારાઓ) સદાય સ્થિર સ્વભાવવાળું છે. (ફરતું નથી)

તેમજ મનુષ્યક્ષેત્રમાં ૨ ચન્દ્ર જંબુદ્વીપમાં, ૪ લવણસમુદ્રમાં, ૧૨ ધાતકીખંડમાં, ૪૨ કાલોદધિ સમુદ્રમાં, ૭૨ પુષ્કરાર્ધદ્વીપ બધા મળીને ૧૩૨ ચંદ્ર થયાં. ૧૩૨ ના અડધા એટલે કે ૬૬ ચંદ્રો દક્ષિણપંક્તિમાં રહેલા છે. ૬૬ ચંદ્રો ઉત્તરપંક્તિમાં રહેલા છે.

આમ ૬૬ સૂર્યો પણ દક્ષિણપંક્તિમાં ૬૬ સૂર્યો ઉત્તરપંક્તિમાં રહેલા છે.

આમ આ લોકમાં મનુષ્યક્ષેત્રમાં ચંદ્ર અને સૂર્યની ચાર પંક્તિ થઇ બે પંક્તિ ચંદ્રની બે પંક્તિ સૂર્યની એક એક પંક્તિમાં ૬૬ ની સંખ્યા છે.

એક સૂર્ય જંબુદ્વીપમાં મેરુથી દક્ષિણ ભાગમાં ભ્રમણ કરી રહ્યો હોય ત્યારે બીજો ઉત્તરભાગ (મેરુથી) ભ્રમણ કરે અને એક ચંદ્ર જ્યારે મેરુની ઉત્તરભાગમાં ભ્રમણ કરી રહ્યો હોય છે ત્યારે બીજો ચંદ્ર અપર ભાગમાં એટલે કે દક્ષિણ ભાગમાં ભ્રમણ કરે છે.

જ્યારે દક્ષિણ ભાગના સૂર્યનું પરિભ્રમણ ચાલુ હોય છે ત્યારે એજ સમશ્રેણિમાં લવણ સમુદ્રમાં દક્ષિણભાગમાં ૨ ધાતકીખંડમાં ૬ કાલોદધિ સમુદ્રમાં, ૨૧ પુષ્કરવરદ્વીપના અભ્યંતર ભાગમાં ૩૬ સૂર્યો દક્ષિણ ભાગને પ્રકાશિત કરે છે. (આ પંક્તિ) જેની સંખ્યા ૬૬ થાય છે. એવી જ રીતે ૬૬ સૂર્યો ઉત્તરભાગને પ્રકાશિત કરે છે, ને ત્યારે ૧ ચંદ્ર પૂર્વભાગમાં અને એક ચંદ્ર અપર ભાગમાં (પશ્ચિમ ભાગમાં) (ને ચંદ્રની પણ પુષ્કરાવર્ત દ્વીપાર્ધ સુધી ને બન્ને પંક્તિમાં ૬૬/૬૬ ચંદ્રો રહેલા છે, ક્રમ સૂર્ય પ્રમાણે)

આ સૂર્યો અને ચંદ્રો અનવસ્થિત મંડલવાળા છે. યથાયોગ્ય રીતે જુદા જુદા મંડલમાં સંચરતા પ્રદક્ષિણાવર્તેની જેમ મેરુને લક્ષ (ધરી) બનાવી પરિભ્રમણ કરે છે. તેઓ પ્રદક્ષિણા વર્તે ગતિ કરે છે તે તો પ્રત્યક્ષ જ દેખાય છે. ॥૫૮॥

नक्षत्राणां चन्द्रस्वामित्वात्तदाश्रयेण मासभेदमाह—

**नक्षत्रमासेन भीयमानस्य युगस्त सप्तषष्टिर्नक्षत्रमासाः ॥५९॥**

**नक्षत्रमासेनेति,** येन कालेन चन्द्रो नक्षत्रमण्डलं भुंक्ते स नक्षत्रमासः, स च सप्तविंशतिरहोरात्राणि एकविंशतिश्चाहोरात्रस्य सप्तषष्टिभागाः । सप्तषष्टिभागकरणार्थं ते सप्तषष्ट्या गुण्यन्ते, जातान्यष्टादशशतानि नवोत्तराणि, तत उपरितना एकविंशतिः सप्तषष्टिभागास्तत्र प्रक्षिप्यन्ते, जातान्यष्टादश शतानि त्रिंशदधिकानि, युगस्यापि सम्बन्धिनस्त्रिंशदधिकाष्टादशशतप्रमाणान्यहोरात्राणि सप्तषष्ट्याा गुण्यन्ते, जात एको लक्षो द्वाविंशतिसहस्राणि षट् शतानि दशोत्तराणि, एतेषामष्टादशशतैस्त्रिंशदधिकैनक्षत्रमाससत्कैसप्तषष्टिभागरूपैर्भागो ह्रियते, लब्धाः सप्तषष्टिमासाः ॥५९॥

નક્ષત્રોનો સ્વામિ ચંદ્ર છે. માટે હવે નક્ષત્રને આશ્રયીને ૬૭ માં સમવાયમાં એક યુગના કેટલા માસ ભેદ થાય છે તે હવે કહે છે.

જે સમય દ્વારા ચંદ્ર સમસ્ત નક્ષત્ર મંડલનો પરિભોગ કરે તે કાલ નક્ષત્ર માસ ગણાય છે.

અને તે નક્ષત્રમાસ ૨૭ અહોરાત્ર અને એક અહોરાત્રના ૨૧/૬૭ (સડસઠીયા ૨૧ભાગ) જેટલો છે.

૨૭ અહોરાત્રના ષડસઠીયા ભાગ બનાવવા માટે ૨૭ ને ૬૭ વડે ગુણતા ૧૮૦૯ થયા... ને ૨૧/૬૭ ભાગમાં ઉપરના એકવીસ એમાં ઉમેરતા ૧૮૩૦ સડસઠીયા ભાગ પ્રમાણ નક્ષત્રમાસ થયો...

હવે પાંચ સંવત્સર રૂપ યુગના અહોરાત્રો પણ ૧૮૩૦ છે. એ દરેકને ષડસઠીયા ભાગમાં ફેરવવા ૧૮૩૦x૬૭ કરવાથી ૧ લાખ ૨૨ હજાર ૬૧૦ (૧,૨૨,૬૧૦) ષડસઠીયા ભાગ થાય.

૧,૨૨,૬૧૦ સડસઠીયા ભાગોને નક્ષત્ર માસના ૧૮૩૦ સડસઠીયા ભાગો દ્વારા ભાગાકાર કરતા ૬૭ નો આંક પ્રાપ્ત થાય છે. તેથી એક યુગમાં ૬૭ નક્ષત્ર માસ હોય છે તે નિષ્કર્ષ પ્રાપ્ત થાય છે. ॥૫૯॥

नक्षत्रमासानां समयक्षेत्रभावित्वात्समयक्षेत्रविशेषस्य धातकीखण्डस्य वक्तव्यतामाह—

**धातकीखण्डेऽष्टषष्टिश्चक्रवर्त्तिविजया राजधान्य उत्कर्षेणार्हन्तश्चक्रवर्त्तिबलदेववासुदेवाश्च ॥६०॥**

**धातकीखण्ड इति,** यद्यपि चक्रवर्त्तिनां वासुदेवानां नैकदाऽष्टषष्टिः सम्भवति, जघन्यतोऽप्येकैकस्मिन् महाविदेहे चतुर्णां चतुर्णां तीर्थकरादीनामवश्यम्भावस्य स्थानाङ्गादावभिहितत्वात्, न चैकक्षेत्रे चक्रवर्त्ती वासुदेवश्चैकदा भवतो यतः अष्टषष्टिरेवोत्कर्षतश्चक्रवर्त्तिनां वासुदेवानां चाष्टषष्ट्यां विजयेषु भवति तथापीहैकसमयाविवक्षणात् कालभेदभाविनां चक्रवर्त्यादीनां विजयभेदेनाष्टषष्टिरविरुद्धेति ॥६०॥

નક્ષત્રમાસો સમયક્ષેત્રમાં થનારા છે. તેથી સમયક્ષેત્ર વિશેષ એવા ધાતકીખંડની ૬૮ મા સમવાયમાં વક્તવ્યતા કહે છે.

ધાતકી ખંડમાં ૬૮ ચક્રવર્તિઓની વિજય રાજધાની છે. જેમાં ઉત્કૃષ્ટથી ૬૮ અરિહંતો ચક્રવર્તીઓ બલદેવો ને વાસુદેવો થાય છે. આ સૂત્રાર્થની સ્પષ્ટતા કરતા ટીકાકાર ટીકામાં કહે છે કે...

જોકે ચક્રવર્તીઓ ને વાસુદેવો એક જ સમયે ૬૮ હોવા સંભવતા નથી.

અને જઘન્યથી પણ એક એક મહાવિદેહમાં ચાર/ચાર તીર્થંકરો અવશ્ય હોય છે એવું સ્થાનાંગ વગેરેમાં કહ્યું છે.

એક જ ક્ષેત્રમાં, એકજ સમયે ચક્રવર્તીને વાસુદેવ નથી હોતા કેમકે આ જ ૬૮ વિજયોમાં ૬૮ ચક્રવર્તીને ૬૮ વાસુદેવો થાય છે. (એક સાથે ચક્રવર્તી ૬ ખંડમાં આધિપત્ય કરે ને. ૩ ખંડમાં વાસુદેવ આધિપત્ય કરે. વિજયના ૬ ખંડ બે આધિપત્ય સંભવી ન શકે) તો પણ એક જ સમયે એ વિવક્ષા નથી. જુદા જુદા કાલની અપેક્ષાએ ચક્રવર્તી ૬૮ ને વાસુદેવો ૬૮ આ અડસઠ વિજયોમાં થાય છે. ભિન્ન કાલમાં ચક્રવર્તી વાસુદેવની ૬૮ સંખ્યા અવિરૂદ્ધ છે. ॥૬૦॥

समयक्षेत्रविशेषवक्तव्यतानन्तरं तत्सामान्याश्रयेण वर्षादीनाह–

**वर्षाणि वर्षधराश्च मेरुवर्जा एकोनसप्ततिः समयक्षेत्रे ॥६१॥**

**वर्षाणीति,** भरतहैमवतहरिवासमहाविदेहरम्यकहैरण्यवतैरवतानि क्षेत्राणि सप्त, तत्राद्यानि त्रीणि मेरोर्दक्षिणेन, अन्त्यानि त्रीणि तस्योत्तरेण महाविदेहश्च मेरोः पूर्वेण पश्चिमेन च, वर्षं क्षेत्रविशेषं धारयंते-व्यवस्थाप्यंत इति वर्षधराः, ते च हिमवान् महाहिमवान् निषध नीलवान् रुक्मी (रूप्यः) शिखरी मन्दरश्चेति सप्त, आद्यास्त्रयो मेरोर्दक्षिणेन ततस्त्रयः तस्योत्तरेण मेरुर्मध्ये, इत्येकमेर्वपेक्षया वर्षाणि वर्षधरपर्वताश्च त्रयोदश, मेरुवर्जनात्, समयक्षेत्रे पञ्च मन्दरा इति तदपेक्षया पञ्चषष्टिर्वर्षाणि वर्षधराश्च, चत्वार एवेषुकाराः, सर्वसंख्यया चैकोनसप्ततिरिति ॥६१॥

સમયક્ષેત્ર વિશેષ ના કથન બાદ સમયક્ષેત્રમાં સામાન્યથી વર્ષ ક્ષેત્રો વર્ષધરો વગેરે ૬૯ મા સમવાયમાં હવે કહે છે.

ભરત, હૈમવત, હરિવાસ, મહાવિદેહ, રમ્યક્, હૈરણ્યવત્, ઐરવત એમ ૭ ક્ષેત્રો છે. તેમાં ૩ મેરુપર્વતની દક્ષિણ તરફ છે. છેલ્લા ત્રણ તેની (મેરુની) ઉત્તરમાં છે. અને મેરુથી પૂર્વ અને પશ્ચિમમાં મહાવિદેહક્ષેત્ર છે. વર્ષ = ક્ષેત્ર વિશેષ એ ક્ષેત્ર વિશેષ ને જે ધારણ કરે અલગ ક્ષેત્ર તરીકે સ્થાપે તે વર્ષધરો (પર્વતો) છે. અને તે વર્ષધર - હિમવાન્, મહાહિમવાન્, નિષધ,

નીલવાન્, રુકમી, (રુપ્ય) શિખરી, મંદર આમ ૭ પર્વતો છે. તેમાંથી ૩ મેરુની દક્ષિણે અને ૩ મેરુની ઉત્તરમાં, મધ્યભાગે મેરુ છે. આમ એક મેરુની અપેક્ષાએ વર્ષ અને વર્ષધરો - ૧૩ થયા. મેરુને છોડીને સમયક્ષેત્રમાં પાંચ મેરુ છે. તેથી તેની અપેક્ષાએ ૧૩x૫ = ૬૫ + ૪ ઈષુકાર પર્વતોને ઉમેરવાથી ૬૫+૪=૬૯ પર્વતો ક્ષેત્રો થયા. ॥૬૧॥

समयक्षेत्र एव कर्मणामुत्कर्षस्थितिलाभात्सर्वकर्ममूलभूतमोहनीयस्थितिमाह—

**मोहनीयकर्मणोऽबाधोनिकास्थितिः कर्मनिषेकः सप्ततिसागरोपमकोटीकोट्यः ॥६२॥**

**मोहनीयकर्मण इति,** शुभाशुभान्यतराध्यवसायी जीवो हि पुण्यपापात्मकस्य कर्मणो योग्यं नातिबादरं नातिसूक्ष्मं न वा स्वावगाढप्रदेशेभ्यो भिन्नप्रदेशावगाढं कर्मवर्गणागतं द्रव्यं तैलादिकृताभ्यङ्गः पुरुषो रेणुमिव रागद्वेषक्लिन्नस्वरूपो रुचकवर्जं सर्वात्मप्रदेशैर्गृह्णाति, शुभाशुभादिविशेषणाविशिष्टमेव तद्गृह्णन् तत्क्षणमेव शुभमशुभं वा कुरुते, परिणामाश्रयकर्मणां तथाविधस्वभावत्वात्, जीवस्य हि शुभोऽशुभो वा परिणामस्तथाविधोऽस्ति यद्वशात् ग्रहणसमय एव कर्मणां शुभत्वमशुभत्वं जनयति, जीवस्यापि कर्माश्रयभूतस्य स कोऽपि स्वभावोऽस्ति येन शुभाशुभत्वेन परिणमयन्नेव कर्म गृह्णाति, तथा कर्मणोऽपि स स्वभावः कश्चिद्वर्त्तते येन शुभाशुभपरिणामान्वितेन जीवेन गृह्यमाणमेवैतद्रूपेण परिणमति, तथा प्रकृतिस्थित्यनुभागवैचित्र्यं प्रदेशानामल्पबहुभागवैचित्र्यञ्च कर्मणो ग्रहणसमय एव करोति तत्राध्यवसायविशेषगृहीतस्य कर्मदलिकस्य यत्स्थितिकालनियमनं स स्थितिबन्धः, स्थितिश्च द्विविधा कर्मत्वापादनमात्ररूपा, अनुभवरूपा च, तत्र कर्मत्वापादनरूपां स्थितिमधिकृत्य मोहनीयस्य कर्मण उत्कृष्टस्थितिः सप्ततिसागरोपमकोटीकोट्यः, अनुभवरूपामङ्गीकृत्य तु अबाधोनिका, येषां हि कर्मणां यावत्यः सागरोपमकोटीकोट्यः तेषां तावन्ति वर्षशतान्यबाधाकालः, स च कालो मोहनीयस्य सप्तवर्षसहस्ररूपः तदानीञ्च कर्म नोदयं यातीति तदूना सप्ततिः सागरोपमकोटीकोट्योऽनुभवरूपा स्थितिः, कर्मदलिकनिषेकोऽपि तदैव, तावन्मान एव, कर्मदलिकनिषेको नाम ज्ञानावरणीयादिकर्मदलिकस्य पूर्वनिषिक्तस्यानुभवनार्थमुदये प्रवेशनम्, तत्र सर्वस्मिन्नपि बध्यमाने कर्मणि निजमबाधाकालं परित्यज्य ततो दलिकनिक्षेपं करोति, तत्र प्रथमायां स्थितौ समयलक्षणायां प्रभूततरं द्रव्यं कर्मदलिकं निषिञ्चति, तत ऊर्ध्वं द्वितीयसमये विशेषहीनं तृतीयसमये विशेषहीनमेवं यावदुत्कृष्टस्थितिकर्मदलिकं तावद्विशेषहीनं निषिञ्चति, अयञ्च कर्मनिषेकः ॥६२॥

સમયક્ષેત્રમાં જ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનો લાભ થાય છે. તેથી ૭૦ મા સમવાયમાં સર્વકર્મના મૂળભૂત એવા મોહનીયકર્મની સ્થિતિ હવે કહે છે.

જેમ તેલના વિલેપનથી લેપાયેલો પુરુષ માટીની રજકણને પોતાના દેહ પર ખેંચે છે. તેવી જ રીતે રાગ દ્વેષની ચીકાશથી ભીંજાયેલ સ્વરૂપવાળો શુભ કે અશુભ અધ્યવસાયવાળો જીવ. પોતાના આઠ રૂચકપ્રદેશને છોડીને સર્વ આત્મ પ્રદેશો દ્વારા, ૧. પુણ્ય અને પાપ રૂપ કર્મને યોગ્ય. ૨. અતિસૂક્ષ્મ નહી કે અતિ બાદર નહી. ૩. પોતે જે પ્રદેશોને અવગાહીને રહ્યો છે. તેનાથી ભિન્નપ્રદેશોને અવગાહીને રહેલા એવા કાર્મણ વર્ગણાના દ્રવ્યને નહી પણ એજ પ્રદેશને અવગાહીને રહેલા કાર્મણ વર્ગણાગત દ્રવ્યને ગ્રહણ કરે છે.

કાર્મણવર્ગણાગત એ દ્રવ્ય શુભ કે અશુભ વિશેષણથી વિશિષ્ટ નથી હોતું પણ તેને ગ્રહણ કરનાર જીવ એને તત્ક્ષણ શુભ કે અશુભમાં ફેરવી નાંખે છે.

જીવના પરિણામના આશ્રયે કર્મનો તેવો શુભાશુભ સ્વભાવ બને છે.

જીવનો શુભાશુભ પરિણામ જ તેવો હોય છે. જે લઈને ગ્રહણ (કર્મના) સમયે જ કર્મોનું શુભાશુભત્વ જન્માવે છે. કર્મયુક્ત જીવનો પણ તેવો કોઇ સ્વભાવ છે. જેના દ્વારા શુભ કે અશુભ રૂપે કર્મને પરિણમાવીને જ તે કર્મ ગ્રહણ કરે છે. તો કર્મનો પણ તેવો સ્વભાવ કોઇક વર્તે છે, જેના દ્વારા શુભાશુભ પરિણામથી યુક્ત જીવ દ્વારા ગ્રહણ કરાતા જ તે પણ શુભાશુભ રૂપે પરિણમી જાય છે.

તેમજ કર્મની પ્રકૃતિ-સ્થિતિ અને રસનુ વૈચિત્ર્ય અને પ્રદેશોનું અલ્પત્વ કે બહુભાગત્વનું વૈચિત્ર્ય પણ જીવ કર્મના ગ્રહણ સમયે જ કરી દે છે. તેમાં અધ્યવસાય વિશેષથી ગ્રહણ કરાયેલા કર્મદલિકનો (એક) સ્થિતિકાલ નક્કી થવો તે સ્થિતિ બંધ છે.

સ્થિતિ પણ બે પ્રકારની છે. ૧. કર્મને કર્મપણે સ્થાપવા માત્ર રૂપ અને કર્મના અનુભવ રૂપ એમાં મોહનીય કર્મની કર્મરૂપે રહેવાની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમની છે. અને એમાંથી અબાધાકાલ રૂપ સ્થિતિને બાદ કરતા બાકી રહેલી સ્થિતિ એ અનુભવ રૂપ સ્થિતિ છે.

જે કર્મની જેટલા કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય છે. એ કર્મની એટલા સો વર્ષનો અબાધાકાલ હોય છે. જેમકે. મોહનીય કર્મની ૭૦ કોડાકોડી સાગરોપમ તો ૭૦ સો. એટલે ૭૦૦૦ વર્ષ રૂપ એનો અબાધાકાલ હોય છે. ત્યારે (૭૦૦૦ વર્ષ સુધી) એ મોહનીય કર્મ ઉદયમાં નથી આવતું. એટલા વર્ષ ન્યૂન એવા ૭૦ કોડાકોડી સાગરોપમ અનુભવ રૂપ સ્થિતિ છે.

કર્મદલિકનો નિષેક પણ તેટલા પ્રમાણનો ત્યારે જ રચાઈ જાય છે.

કર્મદલિક નિષેક એટલે જે પૂર્વકાળમાં નિષેક પામ્યા છે. (વિશિષ્ટ રચના) તેવા જ્ઞાનાવરણીયાદિ કર્મોના દળીયાઓનો અનુભવ કરવા માટે ઉદયમાં પ્રવેશ કરાવવો.

તેમાં બધા જ બંધાતા કર્મોમાં પોતાનો અબાધાકાળ છોડીને પછી કર્મદલિકનો નિક્ષેપ (સ્થાપના) થાય છે.

તેમાં - પહેલી એક સમયની સ્થિતિમાં સહુથી વધુ પુષ્કળ કર્મ દળીયાનું દ્રવ્ય નાંખે છે. તે પછી બીજે સમયે વિશેષહીન એનાથી ત્રીજે સમયે વિશેષહીન કર્મદલિક દ્રવ્ય નાંખે છે. આમ જ્યાં સુધી ઉત્કૃષ્ટ સ્થિતિવાળું કર્મદલિક આવે છે ત્યાં સુધી વિશેષહીન - વિશેષહીન કર્મદલિકનો નિષેક (રચના વિશેષ) થાય છે. આ જ કર્મ નિષેક છે.

મોહનીય કર્મની ઉત્કૃષ્ટ અનુભવ રૂપ સ્થિતિ ૭૦૦૦ વર્ષ (અબાધાકાલથી) ન્યૂન એ ૭૦ કોડાકોડી સાગરોપમ છે ને કર્મ નિષેક પણ એટલી જ સ્થિતિવાળો થાય છે. ॥૬૨॥

स्थिति: कालविशेष: स च सूर्यावृत्तेर्भवतीत्यावृत्तिमानमाह–

**सूर्यश्चतुर्थचन्द्रसंवत्सरस्य हैमन्ते एकसप्ततिदिनेऽतिक्रान्ते आवृत्तिं करोति ॥६३॥**

**सूर्य इति,** प्रथमतश्चन्द्रसंवत्सरत्रये दिनानां सहस्रं द्विनवति: षट्द्विषष्टिभागा भवन्ति, आदित्यसंवत्सरे दिनानां शतत्रयं षट्षष्टिश्च भवन्ति, तत्त्रितये च सहस्रमष्टनवत्यधिकं भवति, चन्द्रयुगमादित्ययुगञ्चाषाढ्यामेकं पूर्यतेऽपरञ्च श्रावणकृष्णप्रतिपद्यारभ्यते, एवञ्चादित्ययुगसंवत्सरत्रयापेक्षया चन्द्रयुगसंवत्सरत्रयं पञ्चभिर्दिनै: षट्पञ्चाशता च दिनद्विषष्टिभागैरूनं भवतीति कृत्वाऽऽदित्ययुगसंवत्सरत्रयं श्रावणकृष्णपक्षस्य चन्द्रदिनषट्के साधिके पूर्यते, चन्द्रयुगसंवत्सरत्रयन्त्वाषाढ्याम्, ततश्च श्रावणकृष्णपक्षसप्तमदिनादारभ्य दक्षिणायनेनादित्यश्चरन् चन्द्रयुगचतुर्थसंवत्सरस्य चतुर्थमासान्तभूतायां अष्टादशोत्तरशततमदिनभूतायां कार्त्तिक्यां द्वादशोत्तरशततमे स्वकीयमण्डले चरति, ततश्चान्यान्येकसप्ततिर्मण्डलानि तावत्स्वेव दिनेषु मार्गशीर्षादीनां चतुर्णां हैमन्तमासानां सम्बन्धिषु चरति, ततो द्विसप्ततितमे दिने माघमासे बहुलपक्षत्रयोदशीलक्षणे सूर्य: दक्षिणायनान्निवृत्त्योत्तरायणेन चरतीति ॥६३॥

સ્થિતિ એટલે કાલવિશેષઃ તે સૂર્યની આવૃત્તિ દ્વારા સર્જાય છે. માટે (૭૧ મા સમવાય માં) આવૃત્તિનું પ્રમાણ કહે છે.

**સૂત્રાર્થ :-** ચોથો ચન્દ્ર સંવત્સરના હેમન્ત માસ સંબંધી ૭૧ દિવસ વ્યતીત થયે છતે (૭૨ મા દિવસથી) સૂર્ય દક્ષિણાયન પૂર્ણ કરી ઉત્તરાયણથી ચાલે છે. (આ પાછા ફરવું. તે જ આવૃત્તિ છે)

પ્રથમ તો ત્રણ ચંદ્ર સંવત્સરના દિવસો ૧૦૯૨ ૬/૬૨ જેટલા થાય છે. અને (૩) સૂર્ય સંવત્સરના દિવસો ૧૦૯૮ થાય છે. કેમકે એક સૂર્ય સંવત્સરના ૩૬૬ દિવસ છે.

૧ ચંદ્ર યુગ (૫ વર્ષ) અને ૧ સૂર્ય યુગ બન્ને અષાઢમાં પૂર્ણ થાય છે. અને બીજા ચંદ્રયુગનો અને સૂર્યયુગનો પ્રારંભ શ્રાવણ કૃષ્ણ પ્રતિપદા (શ્રાવણ વદ-૧) થી શરૂ થાય છે.

આમ આદિત્યયુગના ત્રણ સંવત્સરો કરતા ચંદ્રયુગના ત્રણ સંવત્સરો. પાંચ દિવસ અને દિનના ૫૬/૬૨ ભાગ જેટલા ઓછા (ઉણા) હોય છે. ૧૦૯૮ = ૩ સૂર્યયુગ સંવત્સર ૧૦૯૨ ૬/૬૨ = ૩ ચંદ્રયુગ સંવત્સર, આથી કરીને ૩ ચંદ્રયુગ સંવત્સર અષાઢમાં પૂરા થાય છે જ્યારે ૩ આદિત્યયુગ સંવત્સર શ્રાવણ વદમાં અધિક ૬ ચંદ્રદિન ગયા બાદ પૂર્ણ થાય છે. તેથી શ્રાવણ વદના સાતમા દિવસથી માંડી સૂર્ય દક્ષિણાયનમાં ફરવાની શરૂઆત કરે છે. ચંદ્રયુગના ચોથા સંવત્સરના ચોથા માસમાં રહેલ કાર્તિક માસની પૂનમે ૧૧૮ માં દિવસે સૂર્ય પોતાના ૧૧૨ માં મંડલમાં ફરે છે.

ત્યાર બાદ માગશર વગેરે ચાર હેમન્ત માસ સંબંધી ૭૧ દિવસમાં બાકી રહેલા પોતાના ૭૧ મંડલ સૂર્ય પૂર્ણ કરે છે. અને ત્યાર બાદ ૭૨ મા દિવસે એટલે કે મહા વદ ૧૩ ના દિવસે સૂર્ય દક્ષિણાયનનું પરિભ્રમણ પૂર્ણ કરી ઉત્તરાયણની આવૃત્તિ (આઠમી આવૃત્તિ) શરૂ કરે છે. ॥૬૩॥

ज्योतिश्चारविज्ञानमपि कलात्मकमतस्ता आह–

**लेखगणितरूप्यनाट्यादयो द्वासप्ततिकलाः ॥६४॥**

**लेखेति,** कला विज्ञानं सा च कलनीयभेदाद्द्विसप्ततिर्भवति, तद्यथा-लेखनं लेखोऽक्षरविन्यासः, तद्विषया कलापि लेख एवोच्यते, एवं सर्वत्र, स च लेखो द्विधा लिपिविषयभेदात्, लाटादिदेशभेदतस्तथाविधविचित्रोपाधिभेदतो वा लिपिरनेकविधा, तथाहि पत्रवल्ककाष्ठदन्तलोहताम्ररजतादयोऽक्षराणामाधारस्तथा लेखनोत्कीर्णनस्यूतव्यूतछिन्नभिन्नदग्धसंक्रान्तितोऽक्षराणि भवन्तीति । विषयापेक्षयाऽप्यनेकधा, स्वामिभृत्यपितृपुत्रगुरुशिष्यभार्यापतिशत्रुमित्रादीनां लेखविषयाणामप्यनेकत्वात्तथाविधप्रयोजनभेदाच्च । अक्षरदोषाश्चैते 'अतिकार्श्यमतिस्थौल्यं वैषम्यं पंक्तिवक्रता । अतुल्यानां च सादृश्यमभागोऽवयवेषु चे'ति । गणितं-संख्यानं सङ्कलिताद्यनेकभेदं पाटीप्रसिद्धम् । रूप्यं-लेप्यशिलासुवर्णमणिवस्त्रचित्रादिषु रूपनिर्माणम् । नाट्यं-साभिनयनिरभिनयभेदभिन्नं ताण्डवम् । गीतं-गन्धर्वकला-गानविज्ञानम् । वाद्यं-ततविततादिभेदम् । स्वरगतं-गीतमूलभूतानां षड्जऋषभादिस्वराणां ज्ञानम् । पुष्करगतं मृदङ्गमुरजादिभेदभिन्नं तद्विषयकं विज्ञानम्, पृथक्कथनं परमसङ्गीताङ्गत्वख्यापनार्थम् । समतालं-गीतादिमानकालस्तालः स समोऽन्यूनाधिकमात्रिकत्वेन यस्माज्ज्ञायते तत्समतालविज्ञानम् । धूतं-प्रसिद्धम् । जनवादो-द्यूतविशेषः । पाशकं-प्रतीतम् । अष्टापदं-सारिफलकद्यूतम् । दकमृत्तिका-दकसंयुक्तमृत्तिका विवेकद्रव्यप्रयोगपूर्विका तद्विवेचनफलाप्युपचारात्तथा । अन्नविधिः सूपकारकला । पानविधिः-दकमृत्तिकाकलया प्रसादितस्य सहजनिर्मलस्य तत्संस्कारकरणम् । वस्त्रविधिः-परिधानीयादिरूपस्य वस्त्रस्य नवकोणदैविकादिभागयथा-

स्थाननिवेशादिविज्ञानम् । शयनविधिः-पल्यङ्कादिविधानम् 'कर्माङ्गुलं यवाष्टकमुदरासक्तं तुषैः परित्यक्तम् । अङ्गुलशतं नृपाणां महती शय्या जयाय कृते'त्यादिकं विज्ञानम् । आर्या-सप्तचतुष्कलगणादिव्यवस्थानिबद्धा मात्राछन्दोरूपा । प्रहेलिका-गूढाशयपद्यम् । मागधिका-रसविशेषः । गाथा-संस्कृतेतरभाषानिबद्धाऽऽर्येव । श्लोकमनुष्टुब्विशेषः । गन्धयुक्तिः-गन्धद्रव्यविरचनम् । मधुसिक्तं-मधुरादिषड्रसप्रयोगः । आभरणविधिः-आभूषणानां विरचन-घटनपरिधानानि । तरुणीपरिकर्म-युवतीनामनङ्गशतक्रिया वर्णादिवृद्धिरूपा । स्त्रीपुरुषहयग-जगोत्वकुक्कुटमेढकचक्रछत्रदण्डासिमणिकाकणीचर्मलक्षणानि, चन्द्रसूर्यराहुचाराः सौभाग्यदौ-र्भाग्यविद्यामंत्ररहस्यविज्ञानानि, सभाप्रवेशविधानं, ज्योतिश्चक्रचारः, ग्रहाणां वक्रगमनादि-प्रतिचारः, व्यूहः-युयुत्सूनां सैन्यरचना, प्रतिव्यूहः-तत्प्रतिद्वन्द्विना तद्भङ्गकरणविधिः । स्कन्धावारस्य मानम् । नगरमानं-द्वादशयोजनायामनवयोजनव्यासादिपरिज्ञानम् । वस्तुस्थापन-विधानाम्, कटकवासविधानम्, वस्तुनिवेशः, नगरनिवेशः इषुशास्त्रम्, त्सरुप्रकतम् खड्ग-शिक्षाशास्त्रम् । अश्वशिक्षा हस्तिशिक्षा धनुर्वेदः हिरण्यादिपाकः, बाहुदण्डादियुद्धं नालिकादि-क्रीडा-द्यूतविशेषः । पत्रच्छेद्यादि सजीवनिर्जीवकरणम्, शकुनरुतमिति ॥६४॥

જ્યોતિશ્ચક્રનું પરિભ્રમણ વિજ્ઞાન એ પણ એક કલારૂપ છે. માટે ૭૨ મા સમવાયમાં તે કલા ને કહે છે.

કલા એટલે વિશિષ્ટ જ્ઞાન-વિજ્ઞાન તે કલાના વિષયો. ૭૨ હોવાથી કલા પણ ૭૨ હોય છે.

તે આ પ્રમાણે... ૧. લેખનકલા લેખ એટલે અક્ષર વિન્યાસ = (રચના) તે વિષયક કલાને પણ લેખનકલા જ કહેવાય છે.

આમ સર્વત્ર સમજવું...

તે લેખ - લિપિ અને વિષય એમ બે પ્રકારે છે. લાટ વગેરે દેશ, દેશના ભેદથી અને તેવા પ્રકારના વિચિત્ર ઉપાધિ ભેદથી લિપિ અનેક પ્રકારની હોય છે.

તેમજ જેના પર અક્ષર પાડવામાં આવે છે. તે પત્ર - છાલ, કાષ્ઠ, દાંત, લોઢું, તાંબુ, ચાંદી વગેરે. અક્ષરના આધારો પણ અનેકવિધ છે. તેથી લિપિ પણ અનેક પ્રકારની છે. વળી તે આધારો ઉપર લખવાની રીતો. પણ લખવું, કોતરવું, સીવવું, ગુંથવું, છેદવું, ભેદવું, બાળવું. વગેરે અને પ્રક્રિયાથી અક્ષરો તે તે આધાર પર પાડવામાં આવે છે. અર્થાત્ કપડા પર છાપીને, ગુંથીને, સીવીને ઘણી રીતે અક્ષરો પાડવામાં આવે છે. તે બધી ઉપાધિ ભેદો થયા તથા ગુજરાતી, કન્નડ, દેવનાગરી, બ્રાહ્મી વગેરે ૧૮ દેશ-દેશના ભેદથી લિપિભેદ થયા આમ અનેક રીતે લિપિના ભેદો થાય છે.

તો સ્વામિ-સેવક-પિતા-ગુરુ-શિષ્ય-પત્ની-પતિ-શત્રુ વગેરે લેખના અનેક વિષયોને તેવા તેવા પ્રકારના પ્રયોજનોથી પણ લેખ એટલે કે અક્ષર વિન્યાસો અનેક પ્રકારના કહ્યા છે.

અતિપતલા, અતિજાડા, નાના, મોટા, વાંકી પંક્તિવાળા, જે અસમાન અક્ષરો છે. તે પણ સમાન કરવા, અને અક્ષરના અંવયવોને ભેગા ભેગા લખવા, આ બધા અક્ષરના દોષો છે.

૨. ગણિતકલા - સંખ્યા ગણતરી કરવી તે ગણિત છે સરવાળો, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર વગેરે. વિવિધ શૈલીઓથી પ્રસિદ્ધ અનેક પ્રકારનું ગણિત છે. તે આવડવું તે એક કલા છે.

૩. રૂપ્ય કલા - લેખ = લાખ વગેરે પત્થર, સુવર્ણ, રૂપું, વસ્ત્ર કે કાગળ વગેરે ચિત્રોમાં રુપનું નિર્માણ કરવું. આકૃતિઓ બનાવવી તે રુપ્ય કલા છે.

૪. અભિનય યુક્ત કે અભિનય વિના તાંડવ વગેરે (નૃત્ય) (ભરતના નાટ્ય શાસ્ત્રથી પ્રદર્શિત) નાટ્યકલા છે.

તો ગંધર્વોની કલા ગાવાની કલા તે ગીતકલા છે. તો તત વિતત શુષિર ઘન વગેરે વિવિધ વાજિંત્રોને વગાડવાની આવડત તે વાદ્યકલા છે.

ગીતના મૂળમાં રહેલા ષડ્જ ઋષભ વગેરે સ્વરોનું જ્ઞાન તે સ્વરગત કલા છે.

મૃદંગ મુરજ વગેરે ભેદવાળી પુષ્કરગત કલા કહેવાય છે. મૃદંગ, મુરજ વગેરે વિષયક વિજ્ઞાન. આ મૃદંગ વગેરે પરમ સંગીતના અંગ છે તે જણાવવા વાદ્યકલામાં હોવા છતાં, આ પુષ્કરગત કલાનું પૃથક્કથન કરાયું છે.

ગીતાદિ વગેરેનો એક લયાત્મક કાળમાન એટલા તાલ તે તાલ ન ન્યૂન અને ન અધિક માત્રામાં છે... તે જેનાથી જણાય તે સમતાલ વિજ્ઞાન છે.

**દ્યૂતકલા** = પ્રસિદ્ધ છે. **જનવાદ** = એ દ્યૂતવિશેષ **પાશકલા** પણ પ્રસિદ્ધ છે. **અષ્ટાપદકલા** = ચોપાટ (સારિફલદ્યુત), દકમૃત્તિકા = જલમિશ્રિત માટીમાં નિર્મળતા કરે તેવા વિવેક દ્રવ્યથી પાણી માટી જુદા કરવા રૂપ કલા. **અન્નવિધિ** = રસોઇયાકલા. **પાનવિધિ** = દક મૃત્તિકાકલાથી ચોક્ખું કરેલું જલ સંસ્કારિત કરવું તે. **વસ્ત્રવિધિ** = પરિધાનને લાયક વસ્ત્રના નવખુણે દેવ ગણ મનુષ્યગણ રાક્ષસગણ વગેરેને યથાસ્થાન સ્થાપિત કરવાનું વિજ્ઞાન. **શયનવિધિ** = પલંગ વગેરે કેવી રીતે બનાવવો તે કલા "कर्माङ्गुलं यवाष्टकमुदरासक्तं तुषैः परित्यक्तम् । अङ्गुलशतंनृपाणां महती शय्या जपाय कृते." વગેરે વગેરે શયન-પલંગ બનાવવાની કલા... **આર્યા** ૭-૪ લઘુ ગુરુ વગેરે ગણ વ્યવસ્થાથી બંધાયેલી માત્રા છન્દ રૂપ આર્યા હોય છે (તે આર્યા રચવાની કલા) **પ્રહેલિકા** =

**૧. છોડાઓથી મુક્ત અંદરના ઉદરમાં રહેલા આઠ યવપ્રમાણ એક કર્માંગુલ છે. તેવા ૧૦૦ અંગુલની મોટી શય્યા રાજાઓ માટે જય કરનારી થાય છે.**

ગુઢ આશયવાળુ કવિત આપણી ભાષામાં ઉખાણું... (તેની કલા) **માગધિકા** = રસ વિશેષ **ગાથા** = સંસ્કૃતથી ભિન્ન ભાષામાં રચેલી આર્યાને ગાથા કહેવાય છે. (તે રચવાની કલા) **શ્લોક** = અનુષ્ટુપ્ વિશેષ **ગન્ધયુક્તિ** = સુગંધિ દ્રવ્ય રચવાની કલા **મધુસિક્ત** = મધુર વગેરે છ રસના પ્રયોગ- કરવાની કલા **આભરણવિધિ** = આભૂષણો બનાવવા ઘડાવવા ને પહેરવાની (આવડત) **તરૂણીકર્મ** = યુવતીઓની વર્ણાદિ વૃદ્ધિરૂપ અનંગશત ક્રિયા. તેમજ **સ્ત્રીના પુરુષના** - ગજના - ગાયના - **કુકડાના - મેંઢા** (ઘેટાં) ના **ચક્ર**ના **છત્ર**ના **દંડ**ના **તલવાર**ના મણિના કાકિણી ના **સૂર્ય**ના - **લક્ષણો** જાણવા રૂપ કલા ચંદ્ર સૂર્યને રાહુના ગમન (**ચાર**) ચણવાની કલા, સૌભાગ્ય-દુર્ભાગ્ય ની વિદ્યા ને **મંત્રો**ના **રહસ્યની જાણકારી** રૂપ કલા. સભાપ્રવેશ વિધાન - જ્યોતિશ્ચક્રની ગતિ ગ્રહની સરલગતિ વક્રગતિનું વિજ્ઞાન વ્યૂહકલા = યુદ્ધના ઇચ્છુકોની સૈન્ય રચના પ્રતિવ્યૂહ કલા = તેના પ્રતિદ્વંદ્વિઓના દ્વારા વ્યૂહભંગ કરવાની આવડત (એવા પ્રકારની સૈન્ય રચના), છાવણીના માપની જાણકારી નગરના માપની જાણકારી જેમકે ૧૨ યોજન લાંબુ ને નવ યોજન પહોળુ નગર હોવું જોઇએ ઇત્યાદિ, વસ્તુઓ સ્થાપવાની (રાખવાની) કલા સૈન્યનો વાસ કરાવવાની કલા, વસ્તુ નિવેશ કલા નગર નિવેશ કલા, ત્સરુ = તલવારની મુંઠ તે કેવી હોવી જોઇએ તેની જાણકારી, ખડ્ગ (તલવાર) ની શિક્ષાનું શાસ્ત્ર. - અશ્વશિક્ષા, હસ્તિશિક્ષા, ધનુર્વેદ, હિરણ્ય (સફેદ સોનુ) વગેરે ને પકાવવાની કલા બાહુયુદ્ધ, દંડયુદ્ધ વગેરે યુદ્ધો. નાલિકાક્રીડા = જુગુરુ વિશેષ પત્રચ્છેદ્ય વગેરે તેમજ સજીવને નિર્જીવ કરવાની કલા તેમજ શુકુનરુત - (વિવિધ પ્રકારના પશુ પક્ષીના અવાજથી શુકુન અપશુકન જાણવા) આવી ૭૨ કલા છે. ॥૬૪॥

बलदेवगणधराः कलाधरा एवातस्तदाश्रयेणाह—

**विजयबलदेवः त्रिसप्ततिर्वर्षलक्षाणि सर्वायुषमग्निभूतिगणधरश्चतुःसप्ततिवर्षाणि च पालयित्वा सिद्धः ॥६५॥**

**विजयेति,** द्वारावत्यां ब्रह्मराजस्य पुत्रः सुभद्राकुक्षिसम्भूतो विजयो नाम द्वितीयो बलदेवः, स च स्वलघुभ्रातृद्विसप्ततिवर्षशतसहस्रायुर्द्विपृष्ठवासुदेवमरणानन्तरं श्रामण्यमङ्गीकृत्योत्पादित-केवलज्ञानः त्रिसप्ततिर्वर्षशतसहस्राणि सर्वायुरतिवाह्य मुक्तिं गतः । अग्निभूतिर्महावीरस्य द्वितीयो गणधरः, तस्येह चतुःसप्ततिवर्षाण्यायुःषट्चत्वारिंशद्वर्षाणि गृहस्थपर्यायः, द्वादश छद्मस्थपर्यायः षोडश केवलिपर्याय इति ॥६५॥

બલદેવ ને ગણધરો ૭૨ કલાવાળા જ હોય છે આથી ૭૩/૭૪ મા સમવાયમાં તેમની વાત કરે છે.

દ્વારાવતી નગરીમાં બ્રહ્મરાજના સુભદ્રાની કુક્ષિથી ઉત્પન્ન થયેલ પુત્ર વિજય નામના બીજા બળદેવ તેઓ ૭૨ લાખ વર્ષના આયુષ્યવાળા પોતાના લઘુભ્રાતા દ્વિપૃષ્ટ વાસુદેવના મરણ બાદ

દીક્ષા ગ્રહણ કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરી ૭૩ લાખ વર્ષનું પોતાનું સર્વ આયુષ્ય પૂર્ણ કરી મુક્તિને પામ્યા.

પ્રભુ મહાવીરના બીજા ગણધર - અગ્નિભૂતિ ગણધર તેઓનું અહિં ૭૪ વર્ષનું આયુષ્ય હતું. તેમાં ૪૬ વર્ષ ગૃહસ્થપર્યાય ૧૨ વર્ષ છદ્મસ્થ પર્યાય અને ૧૬ વર્ષ કેવલિ પર્યાય હતો. ॥૬૫॥

गणधरास्तीर्थकराणां भवन्तीति तद्विशेषवक्तव्यतामाह—

**शीतलः पञ्चसप्ततिः पूर्वसहस्राणि शान्तिश्च पञ्चसप्ततिवर्षसहस्राणि गृहवासमध्युवास ॥६६॥**

**शीतल इति,** दशमतीर्थकरः शीतलः, सर्वसन्तापकारणविरहादाह्लादजननाच्च शीतलः, अस्य हि पितुरसदृशः पित्तदाहोऽभवत्, स चौषधैर्नानाप्रकारैर्नोपशाम्यति, अस्मिंश्च गर्भगते देव्याः परामर्शे स दाह उपशान्तस्तेन शीतल इति नाम । पञ्चविंशतिपूर्वसहस्राणि कुमारत्वे राज्ये च पञ्चाशदिति गृहवासोऽस्य पञ्चसप्ततिः पूर्वसहस्राणि, ततः प्रव्रज्य केवलीभूतः, व्रतपर्यायोऽस्य पञ्चविंशतिः पूर्वाणां सहस्राणि । शान्तिः भरतवर्षे वर्त्तमानावसर्पिण्यां जातः षोडशतीर्थकरः, अस्मिन् गर्भगते पूर्वं यन्महदशिवमासीत्तस्योपशमो जातस्तेन कारणेन शान्तिजिनः, अस्य भगवतः कुमारत्वे पञ्चविंशतिवर्षसहस्राणि माण्डलिकत्वेऽपि पञ्चविंशतिवर्षसहस्राणि चक्रित्वे पञ्चविंशतिसहस्राणि श्रामण्ये च पञ्चविंशतिवर्षसहस्राणि दीक्षापर्यायः सर्वायुश्च वर्षलक्षमेकं जातम् ॥६६॥

ગણધરો તીર્થંકરોના હોય છે... તેથી (૭૫ મા સમવાયમાં) તે તીર્થંકરોની વિશેષ વક્તવ્યતા કહે છે.

દશમાં તીર્થંકર શીતલનાથ ભગવાન છે. સર્વ પ્રકારના સંતાપના કારણનો તેમનામાં વિરહ હોવાથી અને આહલાદ્ જન્માવનાર હોવાથી એ શીતલનાથ કહેવાય...

એમના પિતાને અસામાન્ય પિત્તદાહ પેદા થયો હતો... નાના પ્રકારના ઔષધોથી પણ તે ઉપશાંત નહોતો થયો પરંતુ આ પ્રભુ ગર્ભમાં આવ્યા ને માતાએ સ્પર્શ કર્યો અને તે ઉત્કટ પિત્તદાહ ઉપશાંત થયો માટે એમનું શીતલ એવું નામ થયું.

તેઓ ૨૫ હજાર પૂર્વ વર્ષ કુમારપણામાં અને ૫૦ હજાર પૂર્વ વર્ષ રાજ્ય ઉપર આમ ૭૫ હજાર પૂર્વ વર્ષ ગૃહસ્થપર્યાયમાં રહ્યા. ત્યાર બાદ દીક્ષા લઈ કેવલી થયા. દીક્ષા પર્યાય તેઓનો ૨૫ હજાર પૂર્વ વર્ષ થયો.

ભરતક્ષેત્રમાં વર્તમાન અવસર્પિણીમાં ૧૬મા તીર્થંકર શાંતિનાથ પ્રભુ થયા એઓ પણ ગર્ભમાં આવતા જ પહેલાનું જે મોટું અશિવ હતું (મરકી વગેરે) તેનો ઉપશમ થયો... તે કારણથી તે પ્રભુનું નામ શાંતિજિન પડ્યું.

આ કુમારપણામાં ૨૫ હજાર વર્ષ. માંડલિક રાજા તરીકે ૨૫૦૦૦ વર્ષ તથા ચક્રવર્તીપણામાં ૨૫ હજાર વર્ષ (આમ ગૃહસ્થપર્યાયમાં ૭૫૦૦૦ વર્ષ) ને સાધુપણામાં ૨૫૦૦૦ વર્ષ દીક્ષાપર્યાય તેઓનો છે. અને સર્વ આયુષ્ય ૧ લાખ વર્ષનું થયું. ॥૬૬॥

तीर्थपतिप्रोक्तभवनावासानाह—

**विद्युत्कुमाराणां षट्सप्ततिर्भवनावासलक्षाणि ॥६७॥**

**विद्युदिति,** भवनवासिनां देवानां दशस्वपि निकायेषु संपीड्य चिन्त्यमानानि सर्वाण्यपि भवनानि सप्तकोट्यो द्वासप्ततिश्च शतसहस्राणि, एतानि चाशीतिसहस्राधिकलक्षयोजनबाहल्याया रत्नप्रभायाश्चाध उपरि च प्रत्येकं योजनसहस्रमेकं मुक्त्वा यथासम्भवमावासा इति, शेषेऽष्टसप्ततिसहस्राधिकलक्षयोजनप्रमाणे मध्यभागेऽवगन्तव्यानि, अन्ये त्वाहुर्नवयोजनसहस्राणामधस्ताद्भवनानि, अन्यत्र चोपरितनमधस्तनञ्च योजनसहस्रं मुक्त्वा सर्वत्रापि यथासम्भवमावासा इति, तत्रासुरकुमारादीनां दक्षिणोत्तरदिग्भाविनां सर्वसंख्यया भवनानि चतुःषष्टिशतसहस्राणि, नागकुमाराणां चतुरशीतिलक्षाः, सुवर्णकुमाराणां द्विसप्ततिलक्षाः, वायुकुमाराणां षण्णवतिर्लक्षाः, द्वीपकुमारदिक्कुमारोदधिकुमारविद्युत्कुमारस्तनितकुमाराग्निकुमाराणां षण्णामपि दक्षिणोत्तरदिग्वर्त्तिलक्षणयुग्मरूपाणां प्रत्येकं षट्सप्ततिर्लक्षा भवन्ति भवनानाम्, एषाञ्च सर्वेषामप्येकत्र मीलने प्रागुक्ताः संख्या भवन्तीति ॥६७॥

એ તીર્થંકરો દ્વારા કથિત ભવનાવાસોનું વર્ણન હવે કહે છે. (૭૬ મા સમવાયમાં)

ભવનપતિ નિકાયના દેવોના ૧૦ નિકાયોના કુલ મળીને સર્વ ભવનોની સંખ્યા વિચારતાં ૭ ક્રોડને ૭૨ લાખ થાય છે.

રત્નપ્રભા પૃથ્વી ૧ લાખ ૮૦ હજાર યોજનની જાડાઈવાળી છે તેમાં ઉપર હજાર યોજન નીચેના હજાર યોજન છોડી ૧ લાખ ૭૮ હજાર યોજનમાં આ આવાસો યથાસંભવ રહેલા છે.

કેટલાક કહે છે કે ૯ હજાર યોજન નીચે ભવનો છે. અને બીજે કહ્યું છે ઉપર અને નીચે હજાર યોજન છોડી બાકીના મધ્યભાગમાં સર્વત્ર યથાસંભવ આવાસો જાણવા. તેમાં અસુરકુમાર નિકાયના દક્ષિણ અને ઉત્તરભાગવર્તી સર્વ ભવનો સંખ્યા ૬૪ લાખ છે. નાગકુમારના ૮૪ લાખ છે. સુપર્ણકુમારની ભવન સંખ્યા ૭૨ લાખની છે. વાયુકુમારની ૯૬ લાખ છે. દ્વીપકુમાર, ઉદધિકુમાર, વિદ્યુત્કુમાર, સ્તનિતકુમાર, અગ્નિકુમાર, આ ૬ એ ૬ નિકાયના દક્ષિણ ઉત્તર ભાગવર્તી ભવનોની સંખ્યા પ્રત્યેકમાં ૭૬ લાખની છે. સર્વ મળીને ૭ ક્રોડને ૭૨ લાખની પૂર્વોક્ત સંખ્યા થાય છે. ॥૬૭॥

देवाधिकाराद्गर्दतोयादिपरिवारमाह–

**गर्दतोयतुषितानां परिवारः सप्तसप्ततिसहस्राणि ॥६८॥**

**गर्दतोयेति,** ब्रह्मलोकस्याधस्तात् रिष्टाख्यो विमानप्रस्तटो वर्त्तते, एतस्य आखाटकवत् समचतुरस्रसंस्थानसंस्थिता अष्ट कृष्णराजयः कालपुद्गलपंक्तियुक्तक्षेत्रविशेषा वर्त्तन्ते, एतासामष्टानां कृष्णराजीनामष्टस्ववकाशेषु राजीद्वयमध्यलक्षणेषु अष्टौ लोकान्तिकविमानानि भवन्ति, एषु चाष्टविधेषु लोकान्तिकविमानेषु सारस्वतादित्यवह्निवरुणगर्दतोयतुषिताव्याबाधाग्नेयनामानोऽष्टविधा देवनिकाया भवन्ति तत्र गर्दतोयानां तुषितानाञ्च देवानामुभयपरिवारसंख्यामीलनेन सप्तसप्ततिर्देवसहस्राणि परिवारः ॥६८॥

દેવતાઓનો અધિકાર ચાલી રહ્યો છે... તેથી ગર્દતોય વગેરેનો પરિવાર હવે કહે છે (૭૭ મા સમવાયમાં)

બ્રહ્મલોક (પાંચમો દેવલોક) ની નીચે રિષ્ટ નામનો એક વિમાનપ્રસ્તર રહેલો છે. એના આખાટકની જેમ (ઢાંકણની જેમ) સમચતુરસ્ર સંસ્થાનમાં સંસ્થિત ગાઢ કાળા પુદ્ગલોની પંક્તિથી યુક્ત ક્ષેત્રવિશેષ રૂપ આઠ કૃષ્ણરાજીઓ છે. આઠ કૃષ્ણરાજીના વચ્ચે વચ્ચેના અવકાશમાં એટલે કે બે કૃષ્ણરાજીના મધ્ય ભાગ રૂપ સ્થાનોમાં આઠ લોકાન્તિકોનાં વિમાનો છે. એ આઠ લોકાન્તિક વિમાનોમાં સારસ્વત, આદિત્ય, વહ્નિ, વરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, આગ્નેય, નામના આઠ દેવ નિકાયો છે. તેમાં ગર્દતોય અને તુષિત નામના ઉભય દેવોના પરિવારને મેળવવાથી ૭૭ હજાર દેવોનો પરિવાર થાય છે. ॥૬૮॥

परिवारः स्वामिनो भवति अतः सुवर्णद्वीपकुमारावाससंख्यापूर्वकं स्वामिनमाह–

**अष्टसप्तत्याः सुवर्णद्वीपकुमारावासशतसहस्राणां वैश्रवणो महाराजा ॥६९॥**

**अष्टसप्तत्या इति,** सोमयमवरुणवैश्रवणाभिधानानां लोकपालानां चतुर्थ उत्तरदिक्पालो वैश्रवणः, स हि वैश्रवणदेवनिकायानां सुवर्णकुमारदेवदेवीनां द्वीपकुमारदेवदेवीनां व्यन्तरव्यन्तरीणाञ्चाधिपत्यं करोति, तदाधिपत्याच्च तन्निवासानामप्याधिपत्यमसौ करोतीत्युच्यते, तत्र सुवर्णकुमाराणां दक्षिणस्यामष्टत्रिंशद्भवनलक्षाणि द्वीपकुमाराणाञ्च चत्वारिंशदित्येवमष्टसप्ततिरिति ॥६९॥

પરિવાર સ્વામીનો હોય આથી સુવર્ણદ્વીપકુમારના આવાસોની સંખ્યા પૂર્વક તેના સ્વામિની વાત પણ (૭૮ મા સમવાયમાં) કહે છે.

સોમ-યમ-વરુણ અને વૈશ્રવણ નામના ચાર લોકપાલો છે તેમાં ચોથો લોકપાલ ઉત્તર દિશાનો દિક્પાલ વૈશ્રવણ છે તે વૈશ્રવણ દેવ દેવીઓ અને વૈશ્રવણ દેવનિકાય ગત સુવર્ણકુમારના દેવ દેવીઓ અને દ્વીપકુમારના દેવ દેવીઓ અને વ્યન્તર વ્યન્તરી રૂપ દેવ દેવીઓનું આધિપત્ય કરે છે.

તે દેવ દેવીઓના આધિપત્યથી તેઓના આવાસોનું પણ એ આધિપત્ય કરે છે તેમ કહેવાય છે.

તેમાં સુવર્ણકુમારના દક્ષિણ દિશામાં ૩૮ લાખ ભવનો છે અને દ્વીપકુમારના ૪૦ લાખ આમ બન્ને મળીને ૭૮ લાખ આવાસો થયા. ॥૬૯॥

दिग्विशिष्टस्थितत्वाद्वैश्रमणस्य दिगुपस्थितेस्तद्गतद्वारान्तरमाह—

**विजयादिद्वाराणामन्योन्यमन्तरं सातिरेकाण्येकोनाशीतियोजनसहस्राणि ॥७०॥**

**विजयेति,** जम्बूद्वीपस्य जगत्याश्चत्वारि द्वाराणि विजयवैजयन्तजयन्तापराजिताभिधानानि चतुश्चतुर्योजनविष्कम्भानि गव्यूतपृथुलद्वारशाखानि क्रमेण पूर्वादिदिक्षु भवन्ति, तेषां द्वारस्य चान्योऽन्यं एकोनाशीतियोजनसहस्राणि सातिरेकाणीत्येवंलक्षणं व्यवधानरूपमन्तरं भवति, जम्बूद्वीपपरिधेः ३१६२२७ योजनानि क्रोशाः ३ धनूंषि १२८ अङ्गुलानि १३ सार्धानीत्येवं-लक्षणस्यापकर्षितद्वारद्वारशाखाविष्कम्भस्य चतुर्विभक्तस्यैवंफलत्वादिति ॥७०॥

વૈશ્રમણ એ વિશિષ્ટ દિશાનો અધિપતિ છે આ દિશાની વાત ઉપસ્થિત થતા દિશાગત અન્ય દ્વારની વાત હવે (૭૯ મા સમવાયમાં) કહે છે.

જંબુદ્વીપની જગતીના વિજય-વૈજયન્ત-જયંત અને અપરાજિત નામના ચાર દ્વારો છે. ક્રમથી પૂર્વ-દક્ષિણ-ઉત્તર-પશ્ચિમ દિશામાં રહેલા તે ચાર દ્વારો ચાર ચાર યોજન વિષ્કમ્ભવાળા (પહોળા) અને એક ગાઉ જાડી બારશાખવાળા છે.

એક દ્વારથી બીજા દ્વાર સુધીનું ત્યાંથી ત્રીજાને ચોથા દ્વાર સુધીનું વચ્ચેનું વ્યવધાન / આંતરું કાંઈક અધિક ૭૯૦૦૦ યોજનનું છે. (આ માપ એક દ્વારથી બીજા દ્વાર વચ્ચેનું સમજવું)

જંબુદ્વીપની પરિધિ ૩,૧૬,૨૨૭ યોજન ૩ કોશ ૧૨૮ ધનુષ્ય ૧૩॥ અંગુલની છે. તેમાંથી ૪ દ્વાર અને દ્વારશાખાના વિષ્કમ્ભનું માપ બાદ કરતા ને ચાર વડે ભાગતા સાધિક ૭૯૦૦૦ યોજનનું માપ મળી જાય છે. ॥૭૦॥

द्वारान्तरस्य परिमाणरूपत्वेन परिमाणविशेषमाह—

**श्रेयांसस्त्रिपृष्ठोऽचलश्चोर्द्ध्वत्वेनाशीतिधनुर्देहमानः ॥७१॥**

**श्रेयांस इति,** अस्यामवसर्पिण्यां जात एकादशो जिनः श्रेयांसः, स एकविंशति-वर्षलक्षाणि कुमारत्वे तावन्त्येव प्रव्रज्यायां द्विचत्वारिंशद्राज्य इति चतुरशीतिमायुः पालयित्वा

सिद्धः, तस्य देहमानमुत्सेधाङ्गुलेनाशीतिधनुः, आत्माङ्गुलेन च सर्वे जिनाश्चतुर्विंशतिरपि विंशत्यधिकशताङ्गुलप्रमाणदेहाः, श्रेयांसजिनकालभावी त्रिपृष्ठो वासुदेवः प्रथमः चतुरशीतिवर्षलक्षायुष्कः, चत्वारि लक्षाणि कुमारत्वे, शेषन्तु महाराज्ये । अचलो बलदेवोऽपरविदेहे सलिलावतीविजये वीतशोकायां नगर्यां जितशत्रोः राज्ञो मनोहारीभार्यायामुत्पन्नः ॥७१॥

દ્વારથી દ્વારનું અંતર એક પરિમાણ વિશેષ છે. તેથી કરી હવે પરિમાણ વિશેષની જ વાત (૮૦ મા સમવાયમાં) કહે છે.

આ અવસર્પિણીમાં થયેલા ૧૧ માં જિનેશ્વર શ્રેયાંસનાથ તેઓ ૨૧ લાખ વર્ષ કુમારપણામાં... ૨૧ લાખ વર્ષ દીક્ષાવસ્થામાં ૪૨ લાખ વર્ષ રાજ્યાવસ્થામાં... આમ ૮૪ લાખ વર્ષનું આયુષ્ય પાળી સિદ્ધ થયા. તેઓનો દેહ ઉત્સેધાંગુલના માપથી ૮૦ ધનુષ્યનો હતો. આત્માંગુલથી તો દરેક તીર્થંકરો એટલે કે ૨૪ તીર્થંકરો ૧૨૦ અંગુલ પ્રમાણ દેહવાળા હોય છે.

એજ રીતે શ્રેયાંસજિનના સમયે થયેલ ત્રિપૃષ્ઠ નામના પ્રથમ વાસુદેવ પણ ૮૪ લાખ વર્ષના આયુષ્યવાળા થયા. ચાર લાખ વર્ષ કુમારપણામાં ને બાકીના ૮૦ લાખ વર્ષ મહારાજ્યાવસ્થામાં તેમના થયા, તેનો દેહ પણ ૮૦ ધનુષ્યનો હતો.

એજ રીતે અચલ નામના પ્રથમ બલદેવ પણ ૮૦ ધનુષ્યની ઉંચાઈવાળા દેહને ધારણ કરનારા હતા.

[સમવાયાંગ મૂળમાં અચલ બળદેવ ભરતક્ષેત્રના જ ત્રિપૃષ્ઠ વાસુદેવની સાથે પ્રથમ બળદેવ હતા. તેથી સલીલાવતી વિજયના વીતશોકા નગરીના જિતશત્રુને મનોહારી પત્ની દ્વારા ઉત્પન્ન થયેલી છે. અપર વિદેહના ઘટી શકતા નથી આ પાઠ પ્રમાણિક છે.] ॥૭૧॥

**देहस्य सारं व्रतधारणं चेति व्रतात्मकप्रतिमाविशेषमाह—**

**नवनवमिकायां प्रतिमायामेकाशीतिरात्रिंदिनानि ॥७२॥**

**नवेति,** नव नवमानि दिनानि यस्यां सा, नवसु नवकेषु नव नवमदिनानि भवन्ति तस्याञ्च प्रतिमायां एकाशीती रात्रिंदिनानि भवन्ति, नवानां नवकानामेकाशीतिरूपत्वात्, तत्र प्रथमे नवके प्रतिदिनमेकैका भिक्षा, एवमेकोत्तरया वृद्धया नवमे नवके नव नवेति सर्वासां पिण्डने चत्वारि पञ्चोत्तराणि भिक्षाशतानि भवन्ति ॥७२॥

દેહનો સાર વ્રતનું ધારણ કરવું તે છે. માટે વ્રતાત્મક પ્રતિમા વિશેષની વાત (૮૧ મા સમવાયમાં) કહે છે.

નવમો દિવસ જેમાં નવ વાર આવે. એનુ નામ નવ નવયિકા... નવ નવકવાળી આ પ્રતિમામાં નવ વાર નવ દિવસો આવે છે. આથી આખી પ્રતિમાના ૮૧ રાત્રિદિવસો થાય છે. ૯ x ૯ = ૮૧

તેમાં પહેલા ૯ દિવસમાં... એક એક ભિક્ષા. (અહિંયા ભિક્ષા એટલે દત્તી સમજવી) બીજામાં ૨/૨ ભિક્ષા આમ ૯ મા ૯ દિવસમાં નવ નવ ભિક્ષા (દત્તી) કુલ મળીને ૪૦૫ ભિક્ષા (દત્તી) થશે. ॥૭૨॥

प्रतिमाप्रतिपादकमहावीरस्य गर्भसङ्क्रमणकालमाह—

**महावीरो द्व्यशीत्यहोरात्रातिक्रमे त्र्यशीतितमे दिने गर्भाद्गर्भान्तरं नीतः ॥७३॥**

**महावीर इति,** चतुर्विंशतितमस्तीर्थकरो महावीरः स देवानन्दाब्राह्मणीकुक्षीतः त्रिशलाभिधानक्षत्रियाकुक्षिं आषाढशुक्लषष्ठया आरभ्य द्व्यशीत्यां रात्रिंदिवेष्वतिक्रान्तेषु त्र्यशीतितमे दिने वर्त्तमाने आश्वयुजकृष्णत्रयोदश्यां अर्हदादयः अन्त्याधमतुच्छदरिद्रकृपणभिक्षाककुलेषु न कदाप्युत्पद्यन्ते किन्तु उग्रभोगराजन्येक्ष्वाकुक्षत्रियहरिवंशादिकुलेषु विशुद्धजातिकुलवंशेष्वेवेति विचिन्तितेन देवेन्द्रेण प्रेषितेन हरिनैगमेषिणा नीतः ॥७३॥

પ્રતિમાના પ્રતિપાદક પ્રભુ મહાવીરના ગર્ભ સંક્રમણનો કાલ (૮૨ મા, ૮૩ મા સમવાયમાં) હવે કહે છે.

ચોવીશમાં તીર્થંકર મહાવીરસ્વામી ભગવાન તેઓ દેવાનંદાની કુક્ષીમાંથી ત્રિશલા નામની ક્ષત્રિયાણીની કુક્ષીમાં અષાઢ સુદ ૬ થી માંડી ૮૨ રાત્રિદિવસ વ્યતિક્રાંત (વ્યતીત કર્યા બાદ) ૮૩ મો દિવસ વર્તમાન હતો ત્યારે આસો વદ ૧૩ (ગુજરાતી ભા. વ. ૧૩) ના દિવસે.

"અરિહંતો... અધમ, અન્ત્ય, તુચ્છ, દરિદ્ર, કૃપણ, ભિક્ષાચર કુળમાં ક્યારે પણ ઉત્પન્ન થતા નથી, પરંતુ ઉગ્ર, ભોગ, રાજન્ય, ઇક્ષ્વાકુ, ક્ષત્રિય, હરિવંશ વગેરે કુલોમાં વિશુદ્ધ જાતિ-કુલ-વંશમાં જ ઉત્પન્ન થાય છે." આવું ચિંતવેલા દેવેન્દ્ર વડે મોકલેલ હરિણૈગમેષી દેવ વડે લઇ જવાયા.

અર્થાત્ દેવાનંદાની કુક્ષીમાં ૮૨ રાત્રિદિવસ વ્યતીત થયા બાદ ૮૩ મા દિવસે ભા.વ. ૧૩ શાસ્ત્રીય આ. વ. ૧૩ ના દિવસે હરિણૈગમેષી દેવ દ્વારા શક્રના આદેશથી ત્રિશલા માતાની કુક્ષીમાં લઇ જવાયા. ॥૭૩॥

तदुक्तत्वेन नरकावासयोनिप्रमुखानां संख्यामाह—

**चतुरशीतिलक्षाणि नरका योनिप्रमुखानि च ॥७४॥**

**चतुरिति,** 'तीसा य पण्णवीसा पणरस दसेव तिन्नि य हवंति । पंचूणसयसहस्सं पंचेव अनुत्तरा निरया ॥' इति नरकावाससंख्याविभागः । योनयो जीवोत्पत्तिस्थानानि ता एव प्रमुखानि द्वाराणि योनिप्रमुखानि तान्यपि चतुरशीतिलक्षप्रमाणानि 'पुढवि दग अगणि मारुय एक्केक्के सत्त जोणिलक्खाओ । वण पत्तेय अणंते दश चउदस जोणिलक्खाओ ॥ विगलिंदिएसु

दो दो चउरो य नारयसुरेसु । तिरिएसु होंति चउरो चोद्दसलक्खा उ मणुएसु ॥' इत्युक्तेः, तथाहि युवन्ति-भवान्तरसंक्रमणकाले तैजसकार्मणशरीरवन्तः सन्तो जीवा औदारिकादिशरीरप्रायोग्यपुद्गलस्कन्धैर्मिश्रीभवन्त्यस्यामिति योनिः, तत्र पृथिव्यबग्निमरुतां सम्बन्धिन्यैकैकस्मिन् समूहे सप्त सप्त योनिलक्षा भवन्ति, तद्यथा-सप्त पृथिवीनिकाये सप्तोदकनिकाये सप्ताग्निनिकाये सप्त चतुर्दश, विकलेन्द्रियेषु द्वीन्द्रियत्रीन्द्रियचतुरिन्द्रियरूपेषु प्रत्येकं द्वे द्वे योनिलक्षाः, चतस्रो योनिलक्षा नारकाणां चतस्रो देवानां तिर्यक्षु पञ्चेन्द्रियेषु चतस्रो योनिलक्षाः चतुर्दश योनिलक्षा मनुष्येषु, सर्वसंख्यामीलने च चतुरशीतिर्योनिलक्षा भवन्तीति । न चानन्तानां जीवानामुत्पत्तिस्थानमप्यनन्तं स्यादिति वाच्यम्, सकलजीवाधारभूतस्यापि लोकस्य केवलमसंख्येयप्रदेशात्मकत्वात्, येन प्रत्येकसाधारणजन्तुशरीराण्यसंख्येयान्येव, ततो जीवानामानन्त्ये कथमुत्पत्तिस्थानानन्त्यम् । भवतु तर्ह्यसंख्येयानीति चेन्न केवलिदृष्टेन केनचिद्वर्णादिधर्मेण सदृष्टानां बहूनामपि तेषामेकयोनित्वस्येष्टत्वात्, ततोऽनन्तानामपि जन्तूनां केवलिविवक्षितवर्णादिसादृश्यतः परस्परभावचिन्तया च चतुरशीतिलक्षसंख्या एव योनयो भवन्ति न हीनाधिका इति ॥७४॥

ગર્ભ સંક્રમણ કાલના કથનથી નરકાવાસ યોનિપ્રમુખોની સંખ્યા (૮૪ મા સમવાયમાં) કહે છે.

૧લી નરકથી ૭મી નરક સુધી ક્રમશઃ નરકાવાસની સંખ્યા ૩૦ લાખ, ૨૫ લાખ, ૧૫ લાખ, ૧૦ લાખ, ૩ લાખ, ૯૫ હજાર, અને અનુત્તર એવા ૫ નરકાવાસ બધા મળીને (૮૪,૦૦૦૦૦) ચોર્યાશી લાખ છે.

"જીવની ઉત્પત્તિ સ્થાનો એટલે યોનિઓ. તે યોનિઓજ પ્રમુખ એટલે દ્વાર છે તેનું નામ યોનિપ્રમુખ. તે યોનિપ્રમુખો પણ ૮૪ લાખ પ્રમાણની છે. પૃથ્વી પાણી અગ્નિ વાયુની એક એક ની ૭૭ લાખ વનસ્પતિકાયના પ્રત્યેક અને સાધારણ (અનંત)માં ક્રમશઃ ૧૦ લાખ અને ૧૪ લાખ વિકલેન્દ્રિયના પ્રત્યેકમાં ( બે. તે. ચઉરિન્દ્રિય) માં ૨/૨ લાખ, ચાર લાખ નારકી ને ચાર લાખ દેવતા, ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય ને ૧૪ લાખ મનુષ્યની, આવા કથનથી સર્વ મળી ૮૪ લાખ યોનિઓ થાય છે."

(યુ ધાતુ ઉપરથી યોનિ શબ્દ બન્યો છે) युवन्ति = મિશ્ર થવું. અન્ય ભવાંતરમાં સંક્રમણ સમયે તૈજસ કાર્મણ શરીર વાળા જીવો ઔદારિક વગેરે શરીર પ્રાયોગ્ય પુદ્ગલો સાથે જે સ્થાનવાળા મિશ્ર થાય છે. મળે છે. તેનુ નામ યોનિ (યોનિ શબ્દની આ વ્યાખ્યા થઇ)

તેમાં પૃથ્વી, અપ્, અગ્નિ અને વાયુ સંબંધી એક એક સમૂહમાં ૭/૭ લાખ યોનિઓ છે. તે આ પ્રમાણે પૃથ્વીકાયની ૭ લાખ યોનિ, ઉદકનિકાયની ૭ લાખ યોનિ, અગ્નિનિકાયની ૭ લાખ,

અને વાયુનિકાયની ૭ લાખ યોનિ... વનસ્પતિકાય બે પ્રકારના છે. પ્રત્યેક અને અનંતકાય તેમાં પ્રથમ નિકાયમાં ૧૦ લાખ યોનિ અને અન્ત્ય નિકાયમાં ૧૪ લાખ યોનિ, વિકલેન્દ્રિયમાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિંન્દ્રિય ત્રણે પ્રકારના એક એકમાં ૨ લાખ ૨ લાખ ૨ લાખ યોનિ, ચાર લાખ યોનિ નારકોની, ચારલાખ યોનિ દેવતાઓની અને ૧૪ લાખ યોનિ મનુષ્યોમાં સર્વસંખ્યા ને મેળવતા ૮૪ લાખ યોનિ થાય છે.

શંકા અહિંયા એ થાય છે કે જીવો અનંત છે તો એને ઉત્પન્ન થવાના સ્થાન પણ અનંત હોવા જોઇએ પરંતુ, એમ ન કહેવું અનંત જીવો હોવા છતાં એના આધાર ભૂત લોક માત્ર અસંખ્યાત પ્રદેશનો જ છે. જેથી કરીને પ્રત્યેક સાધારણ (અનંત જીવો) ના જીવોના પણ શરીરો અસંખ્યાત જ છે.

સારું તો પછી, અનંત જીવોની યોનિ અસંખ્યાત માનો આવું પણ નહી કહેવું કેમ કે... કેવલી દષ્ટ કેટલાક વર્ણ ધર્મથી સમાન જીવો. ઘણા (યાવત્ અનંતા) હોય તો પણ તેઓનું એક જ ઉત્પત્તિસ્થાન (યોનિ) માનવું ઇષ્ટ છે. તેથી અનંત જીવો હોય તો પણ કેવલિ ભગવંત દ્વારા વિવક્ષિત વર્ણાદિની સમાનતાથી અને પરસ્પર ભાવની ચિંતાથી ૮૪,૦૦,૦૦૦ (૮૪ લાખ) જ યોનિઓ હોય છે એનાથી ઓછી પણ નહી અને એનાથી અધિક પણ નહી. ॥૭૪॥

योनिपरिभ्रमणनिवर्तकविशिष्टज्ञानक्रियोद्योतकोद्देशनकालानाह–

**सचूलिकाचारस्य पञ्चाशीतिरुद्देशनकालाः ॥७५॥**

**सचूलिकेति,** द्वितीयश्रुतस्कन्धयुतस्याचाराङ्गस्य नवाध्ययनात्मकप्रथमश्रुतस्कन्धस्य पञ्चाशीतिरुद्देशनकाला भवन्ति, तत्र प्रथमश्रुतस्कन्धे नवस्वध्ययनेषु क्रमेण सप्त षट् चत्वारश्चत्वारः षट् पञ्चाष्टचत्वारः सप्त चेति उद्देशनकालाः, द्वितीयश्रुतस्कन्धे तु प्रथम-चूलिकायां सप्तस्वध्ययनेषु क्रमेणैकादश त्रयस्त्रयः चतुर्षु द्वौ द्वौ द्वितीयायां सप्तैकसराणि अध्ययनान्येवं तृतीयैकाध्ययनात्मिका, एवं चतुर्थ्यपीति सर्वमीलने पञ्चाशीतिरिति, निशीथन्तु भिन्नप्रस्थानमिति न गृह्यते ॥७५॥

યોનિઓના પરિભ્રમણથી અટકાવનારા જ્ઞાન અને ક્રિયાને પ્રકટ કરનારા આચારાંગશાસ્ત્રનો ઉદ્દેશન કાલગ્રહણો (૮૫ મા સમવાયમાં) કહે છે.

દ્વિતીય શ્રુતસ્કંધ યુક્ત આચારાંગના નવ અધ્યયન રૂપ પ્રથમ શ્રુતસ્કંધના ૮૫ ઉદ્દેશાના કાલગ્રહણો છે.

તેમાં પ્રથમ શ્રુતસ્કંધમાં ક્રમસર ૭+૬+૪+૪+૬+૫+૮+૪+૭ = આટલા ઉદ્દેશના કાલગ્રહણો છે.

દ્વીતીય શ્રુતસ્કંધમાં (ચાર ચૂલિકા છે) પ્રથમ ચૂલિકામાં ૧૧+૩+૩ બાકીના ચાર અધ્યયનોમાં ૨+૨+૨+૨ બીજી ચૂલિકામાં સાત એકસરા અધ્યયન (સતકિયા) ના ૭ તૃતીય ચૂલિકાનું ૧ અને ચોથી ચૂલિકાનું પણ એક, એમ ૩૪ ઉદ્દેશન કાલગ્રહણો થાય છે. પ્રથમ શ્રુતસ્કંધના ૫૧+૩૪ દ્વિતીયશ્રુત સ્કંધની ચાર ચૂલિકાના થઈને ૮૫ કાલગ્રહણ ઉદ્દેશાના થાય છે. ।।૭૫।।

उद्देशानन्तरमनुज्ञा भवतीति तद्विषयगणधरानाह—

**सुविधेर्गणा गणधराश्च षडशीतिः ।।७६।।**

**सुविधेरिति,** भारतेऽस्यामवसर्पिण्यां जातः पुष्पदन्तापरनामको नवमस्तीर्थकरः, गर्भकालेऽस्यमाता सम्यगाचारे रताऽतः सुविधिरिति नाम जातम्, शतधनुर्देहमानः, अस्य श्रामण्यपर्यायः अष्टाविंशतिपूर्वाङ्गहीनैकपूर्वलक्षप्रमाणः, अस्य गणाः षडशीतिर्गणधराश्च तावन्तः, प्रतिगणधरं भिन्नभिन्नवाचनाचारक्रियास्थत्वात् ।।७६।।

ઉદ્દેશ બાદ અનુજ્ઞા હોય છે. એ અનુજ્ઞાના વિષય ગણધરો છે. તેથી તેની વાત (૮૬ મા સમવાયમાં) કહે છે.

આ ભારતમાં આ અવસર્પિણીમાં પુષ્પદન્ત એવા બીજા નામવાળા નવમા તીર્થંકર થયા જ્યારે ગર્ભકાલ હતો ત્યારે એમની માતા સારા આચારમાં રક્ત રહેતી હોવાથી એમનું સુવિધિ એવું નામ થયું.

સો ધનુષ્યનું દેહપ્રમાણ, એમનો શ્રામણ્ય પર્યાય ૨૮ પૂર્વાંગ હીન એવા એકલાખ પૂર્વ પ્રમાણ હતો, એમના ૮૬ ગણો અને ૮૬ ગણધરો છે. પ્રત્યેક ગણધરો ભિન્ન વાચના અને ભિન્ન આચાર અને ક્રિયામાં રહેલા હોય છે. ।।૭૬।।

गणधरोक्तमन्तरविशेषमाह—

**मेरुपूर्वान्तगोस्तूभचरमान्तयोरन्तरं सप्ताशीतिरष्टाशीतिश्च योजनसहस्राणि ।।७७।।**

**मेर्विति,** मेरोः पौरस्त्यान्ताद्गोस्तूभस्यावासपर्वतस्य पश्चिमचरमान्तं यावदन्तरं सप्ताशीतियोजनसहस्राणि, पूर्वान्ताज्जम्बूद्वीपान्तः पञ्चचत्वारिंशद्योजनसहस्राणि द्विचत्वारिंशद्योजनसहस्राणि लवणजलधिमवगाह्य गोस्तूभो वेलंधरनागराजावासपर्वतः प्राच्यां दिशि वर्त्ततेऽत उक्तमन्तरं भवति, गोस्तूभस्य पूर्वचरमान्तविवक्षायान्तु गोस्तूभस्य सहस्रयोजनविष्कम्भत्वात्तस्यापि मीलनेनाष्टाशीतियोजनसहस्राण्यन्तरं भवतीति ।।७७।।

ગણધરો દ્વારા કથિત એક અંતરવિશેષની વાત (૮૭ મા ૮૮ મા સમવાયમાં) કહે છે.

મેરુ પર્વતના પૂર્વ તરફના છેડાથી ગોસ્તૂભ નામના આવાસ પર્વતના પશ્ચિમ છેડા સુધીનું અંતર ૮૭ હજાર યોજન છે.

મેરુના પૂર્વીય છેડાથી જંબુદ્વીપનો છેડો ૪૫ હજાર યોજન છે. અને ત્યાર બાદ લવણસમુદ્રને ૪૨ હજાર યોજન અવગાહીને વેલંધર નાગરાજનો આવાસ પર્વત ગોસ્તૂભ છે. (અર્થાત્ લવણસમુદ્રમાં ૪૨૦૦૦ યોજન ગયા પછી આ પર્વત છે) આ ગોસ્તૂભ પર્વત એક હજાર યોજનના વિષ્કમ્ભ (પહોળાઈ) વાળો છે. તેથી આ બાજુના પશ્ચિમ છેડાથી એનો પૂર્વીય છેડો બીજા ૧ હજાર યોજન ઉમેરવાથી પ્રાપ્ત થાય છે માટે ૮૭ માં ૧ ઉમેરવાથી ૮૮ હજાર યોજને એનો અંતિમ છેડો (પૂર્વ તરફનો) આવે છે. ॥૭૭॥

मेरौ ऋषभेति शाश्वतनामभृन्मूर्त्तेः सत्त्वात्तत्संबन्धादृषभनिर्वाणकालमाह—

**ऋषभजिनोऽवसर्पिणीसुषमदुःषमायामेकोननवतिपक्षशेषे संसारादुपरतः ॥७८॥**

**ऋषभेति,** ऋषभोऽर्हन्नेकं वर्षसहस्रं छद्मस्थपर्यायं पूरयित्वैकं पूर्वलक्षं वर्षसहस्रोनं केवलिपर्यायं प्राप्य चतुरशीतिपूर्वलक्षाणि सर्वायुरुपभुज्य माघमासकृष्णपक्षत्रयोदशीदिने दशभिरनगारसहस्रैः सार्धं संपरिवृतोऽष्टापदशैलशिखरे चतुर्दशेन भक्तेनापानकेन पद्मासनेन निषण्णोऽस्यामवसर्पिण्यां सुषमदुःषमायामेकोननवतिपक्षेषु शेषेषु नक्षत्रेणाभिजिता योगमुपागते चन्द्रे पूर्वाह्णकालसमये कालं गतः सर्वदुःखप्रहीणो जातः ॥७८॥

મેરુ પર્વત ઉપર ઋષભ એવા શાશ્વત નામને ધારણ કરનાર પ્રભુની મૂર્તિ હોવાથી તે સંબંધથી ઋષભપ્રભુના નિર્વાણ કાલ કહે છે. (૮૯ માં સમવાયમાં)

(આ અવસર્પિણીના પ્રથમ તીર્થંકર) શ્રી ઋષભદેવ અરિહંત એક હજાર વર્ષનો છદ્મસ્થ પર્યાય પૂર્ણ કરી એક હજાર વર્ષ ન્યૂન ૧ લાખ પૂર્વનો કેવલિ પર્યાય પાળીને ૮૪ લાખ પૂર્વનું સર્વાયુષ્ય ભોગવી મહા મહિનાની કૃષ્ણપક્ષની ૧૩ ના દિવસે ૧૦,૦૦૦ સાધુ સાથે પરિવરેલા અષ્ટાપદ પર્વતના શિખર ઉપર ૬ દિવસ નિર્જલા ઉપવાસ દ્વારા પદ્માસનમાં બેઠેલા આ અવસર્પિણીના સુષમદુષના નામના ૩ જા આરાના ૮૯ પખવાડીયા બાકી રહ્યે છતે અભિજિત્ નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવે છતે પૂર્વાહ્ણકાલમાં કાલ પામી સર્વ દુઃખથી મુક્ત બની ગયા. ॥૭૮॥

तीर्थंकरसाम्यात्तद्विशेषमाह—

**अजितस्य शान्तिनाथस्य च गणा गणधराश्च नवतिर्नवतिवर्षाणि च स्वयम्भुवो विजयः ॥७९॥**

**अजितस्येति,** सुगमम्, स्वयम्भूरस्यामवसर्पिण्यां जातस्तृतीयो वासुदेवस्तस्य नवतिवर्षाणि पृथिवीसाधनव्यापारः ॥७९॥

તીર્થંકર તરીકે સમાનતા હોવાથી અન્ય તીર્થંકરોની પણ (૯૦ મા સમવાયમાં) કંઇક વિશેષ વાત કહેવાય છે.

અજિતનાથ પ્રભુ અને શાંતિનાથ પ્રભુના ૯૦ ગણો અને ૯૦ ગણધરો હતા.

અને આ અવસર્પિણીમાં થયેલ ત્રીજા વાસુદેવ સ્વયંભૂ, તેઓને આ પૃથ્વી જીતવાનો કાળ ૯૦ વર્ષનો છે. ॥૭૯॥

तीर्थकृतामपि वैयावृत्त्यं भवतीति वैयावृत्त्यमाह–

**परवैयावृत्त्यकर्मप्रतिमा एकनवतिः ॥८०॥**

**परेति,** परेषां स्वव्यतिरिक्तानां वैयावृत्त्यकर्मणि भक्तपानादिभिरुपष्टम्भक्रियाविषये प्रतिमा अभिग्रहविशेषाः, एतानि प्रतिमात्वेनाभिहितानि क्वचिदपि नोपलब्धानि केवलं विनय-वैयावृत्त्यभेदा एते सम्भवन्ति, तथाहि-दर्शनगुणाधिकेषु सत्कारादिर्दशधा विनयः, तत्र सत्कारो वन्दनादिः, अभ्युत्थानं-आसनत्यागः, सन्मानो-वस्त्रादिपूजनम्, आसनाभिग्रहः-तिष्ठत एवासना-नयनपूर्वकमुपविशतात्रेति भणनम्, आसनानुप्रदानं-आसनस्य स्थानात् स्थानान्तरसञ्चारणम्, कृतिकर्म अञ्जलिप्रग्रहो गच्छतोऽनुगमनं स्थितस्य पर्य्युपासनमागच्छतोऽभिमुखगमनम् । तथा तीर्थंकरादीनां पञ्चदशानां पदानामनाशातनादिपदचतुष्टयगुणितत्वे षष्टिविधोऽनाशातनाविनयो भवति । औपचारिकविनयः सप्तधा अभ्यासाननं-उपचरणीयस्यान्तिकेऽवस्थानम्, छन्दो-ऽनुवर्त्तनं-अभिप्रायानुवृत्तिः, कृतप्रतिकृतिः प्रसन्ना आचार्याः सूत्रादि दास्यन्ति न नाम केवलं निर्जरेति मन्यमानस्याहारादिदानम्, कारितनिमित्तकरणं-सम्यक् शास्त्रपदमध्यापितस्य विशेषेण विनये वर्त्तनं तदर्थानुष्ठानञ्च । दुःखार्त्तगवेषणम्, सर्वार्थेषु देशकालज्ञानमनुमतिश्चेति, तथा वैयावृत्त्यमाचार्यादीनां दशधा, तत्र प्रव्राजनादिगुद्देशसमुद्देशवाचनाचार्यविनयः पंचधा तथा च वैयावृत्त्यमाचार्यभिन्नं नवधाऽऽचार्यस्य च पञ्चेति चतुर्दशधेत्येकनवतिर्विनयभेदा एत एवाभिग्रहविषयीभूताः प्रतिमा उच्यन्त इति ॥८०॥

તીર્થંકર પ્રભુનું પણ વૈયાવચ્ચ હોય છે. માટે વૈયાવૃત્ય સંબંધી વાત (૯૧ મા સમવાયમાં) કહે છે.

સ્વથી ભિન્ન પર = અન્ય વ્યક્તિઓના વૈયાવૃત્યના કામમાં એટલે કે આહારપાણી સેવા વગેરે ક્રિયાના વિષયમાં પ્રતિમા = અભિગ્રહ વિશેષો ૯૧ છે. વૈયાવૃત્ય સંબંધી કાર્યોને પ્રતિમા તરીકે ક્યાંય કહેલા હોય તેવું પ્રાપ્ત થતું નથી તેથી આ ૯૧ પ્રતિમા એટલે વિનય અને વૈયાવચ્ચના ભેદો હોય એમ સંભવે છે. તે આ પ્રમાણે ૯૧ થાય છે.

(૧૦ પ્રકારનો સત્કાર વગેરે વિનય, તીર્થંકર વગેરે ૧૫ પદનો અનાશાતના વગેરે, ૪ થી ગુણીને ૬૦ પ્રકારનો અનાશાતનાદિ વિનય, ૭ પ્રકારનો ઔપચારિક વિનય અને આચાર્ય વગેરે ૧૦ એમાં પાંચ પ્રકારના આચાર્ય ગણતાં ૧૧૪ પ્રકારનું વૈયાવૃત્ય મળીને એકાણું ભેદ થાય છે)

તેમાં દર્શનાદિ ગુણમાં અધિક વ્યક્તિ વિષે સત્કાર વગેરે ૧૦ પ્રકારનો વિનય છે. તેમાં સત્કાર = વન્દન વગેરે. અભ્યુત્થાન = ગુણાધિક આવતા આસન વગેરેનો ત્યાગ કરવો. સન્માન = વસ્ત્રાદિ દ્વારા પૂજવું. આસનાભિગ્રહ = ઉભા હોય ત્યારે જ આસન લાવવા પૂર્વક આપ અહિયાં બેસો એવું કહેવું આસનાનુપ્રદાન = આસનને એક ઠેકાણેથી અન્ય સ્થાને લઇ જવું. કૃતિકર્મ = (ખમાસણ પૂર્વક વંદન) અંજલિપ્રગ્રહ (હાથ જોડવા) જતા વ્યક્તિને અનુસરવું ઉભા હોય તો તેમની આજુ બાજુ બેસવું. આવતા હોય તો સન્મુખ જવું... આમ ૧૦ પ્રકારનો સત્કાર વિનય છે.

તીર્થંકર વગેરે ૧૫ (તીર્થંકર, ધર્મ, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, કુલ, ગણ, સંઘ, સાંભોગિક, ક્રિયા, મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવલજ્ઞાન) સ્થાનોની અનાશાતના (આશાતના ન કરવી) તેમજ તેમની ભક્તિ કરવી, બહુમાન કરવું, પ્રશંસા કરવી આમ ૧૫ x ૪ = ૬૦ પ્રકારનો અનાશાતાદિ વિનય છે.. (૬૦+૧૦=૭૦)

સાત પ્રકારનો ઔપચારિક વિનય - સેવા કરવાને લાયકની પાસે બેસવું (અભ્યાસાસનં) છન્દોનુવર્તન = એમના મનના અભિપ્રાયને અનુસરવું. કૃતપ્રતિકૃતિ = માત્ર નિર્જરા થશે એવો ભાવ નહી પરંતુ પ્રસન્ન થયેલા આચાર્ય સૂત્રાદિ આપશે એવા ભાવથી એમને આહાર વગેરે આપવું. કારિતનિમિત્ત કરણં = સારી રીતે શાસ્ત્રપદો ભણાવ્યા હોવાથી વિશેષ રીતે એમનો વિનય કરવો એમના માટેના કાર્યો / અનુષ્ઠાનો કરવા, દુઃખાર્ત ગવેષણ = (દુઃખથી પીડાયેલ હોય તો તેમને સાચવવા) બધી જ બાબતોમાં દેશકાલને અનુરૂપ જ્ઞાન અને અનુમતિ આપતી આમ ૭ પ્રકારનો ઔપચારિક વિનય છે ૭૦+૭ = ૭૭.

આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, શૈક્ષ, સાધર્મિક, કુલ, ગણ, સંઘ આ દશનું વૈયાવૃત્ય કરવું...

તેમાં પ્રવ્રાજનાચાર્ય, દિગાચાર્ય, ઉદ્દેશાચાર્ય સમુદ્દેશાચાર્ય, વાચનાચાર્ય આમ આચાર્યના પાંચ ભેદ છે તેથી આચાર્ય ૫+૯ = ૧૪ નું વૈયાવૃત્ય કરવું. આ વિનયને વૈયાવૃત્યના અભિગ્રહ વિશેષ ધારણ કરવા તે જ પ્રતિમા કહેવાય છે.

૭૭+૧૪ = ૯૧ - ૧૦+૬૦+૭+૧૪ = ૯૧ વિનય વૈયાવૃત્યના ભેદો છે તેના અભિગ્રહ વિશેષ જ ૯૧ પરવૈયાવૃત્યની પ્રતિમા કહેવાય છે. ॥૮૦॥

प्रतिमाप्रस्तावादाह—

**द्विनवतिभेदाः प्रतिमाः ॥८१॥**

**द्वीति,** समाध्युपधानविवेकप्रतिसंलीनतैकाकिविहारप्रतिमाभेदतः पञ्च प्रतिमाविशेषाः, श्रुतसमाधिचारित्रसमाधिप्रतिमाभेदतः प्रथमा प्रतिमा द्विधा, तत्र श्रुतप्रतिमा द्विषष्टिभेदा, आचारे

प्रथमे श्रुतस्कन्धे पञ्च द्वितीये सप्तत्रिंशत्, स्थानाङ्गे षोडश व्यवहारे चतस्र इति । एताश्चारित्रस्वभावा अपि विशिष्टश्रुतवतां भवन्तीति श्रुतप्रधानतया श्रुतसमाधिप्रतिमात्वेनोपदिष्टाः । सामायिकछेदोपस्थापनीयाद्याः पञ्च चारित्रसमाधिप्रतिमाः, भिक्षुश्रावकभेदादुपधानप्रतिमा द्विविधाः, तत्र भिक्षुप्रतिमा 'मासाइसत्तंता' इत्यादिनाऽभिहितस्वरूपा द्वादश, उपासकप्रतिमास्तु 'दंसणवय' इत्यादिनाऽभिहितस्वरूपा एकादशेति सर्वास्त्रयोविंशतिः, विवेकप्रतिमाऽप्येकैव, इन्द्रियस्वरूपायाः पञ्चविधाया नोइन्द्रियस्वभावायाश्च योगकषायविविक्तशयनासनभेदतस्त्रिविधायाः प्रतिसंलीनताविषयाया भेदेनाविवक्षणात् । एकाकिविहारप्रतिमात्वेकैवेति द्विषष्टिः पञ्च त्रयोविंशतिरेका एका चेति सर्वा द्विनवतिर्भवन्ति ॥८१॥

પ્રતિમાનો પ્રસ્તાવ હોવાથી (૯૨ મા સમવાયમાં પણ) પ્રતિમાને જ કહે છે.

(દશાશ્રુતસ્કંધ નિર્યુક્તિના અનુસારે.) સમાધિ, ઉપધાન, વિવેક, પ્રતિ સંલીનતા, એકાકિ વિહાર, આ પાંચ ભેદ પાંચ પ્રતિમા વિશેષો છે.

સમાધિરૂપ પ્રથમ પ્રતિમા શ્રુતસમાધિ પ્રતિમા અને ચારિત્ર સમાધિપ્રતિમા એમ બે પ્રકારની છે તેમાં શ્રુત (સમાધિ) પ્રતિમા ૬૨ પ્રકારની છે. આચારાંગના પ્રથમ શ્રુતસ્કંધમાં પાંચ, બીજા શ્રુતસ્કંધમાં ૩૭, ઠાણાંગમાં ૧૬ અને વ્યવહારમાં ૪ પ્રતિમા (થઈને ૬૨ થાય છે) થાય છે.

આ ૬૨ પ્રતિમાઓ છે તો ચારિત્ર સ્વભાવવાળી પરંતુ વિશિષ્ટશ્રુતવાળાઓને જ તે પ્રાપ્ત થતી હોવાથી શ્રુતપ્રધાનતાએ કરી એને શ્રુતસમાધિ પ્રતિમા ઉપદેશેલી છે.

સામાયિક, છેદોપસ્થાપનીય, વગેરે (પાંચ ચારિત્ર રૂપ) પાંચ ચારિત્ર સમાધિ પ્રતિમા છે.

ભિક્ષુ પ્રતિમા અને શ્રાવક પ્રતિમા એમ બે ભેદે ઉપધાનપ્રતિમા છે. તેમાં ભિક્ષુપ્રતિમા "માસાઈ સતંત્તા" દ્વારા કહેલા સ્વરૂપવાળી ૧૨ છે. અને "દંસણવય" ઈત્યાદિ શ્લોક દ્વારા કથિત સ્વરૂપવાળી શ્રાવકની ઉપાસક પ્રતિમા ૧૧ છે. ૧૨+૧૧ = ૨૩ તે બન્ને મળીને થાય છે.

વિવેક પ્રતિમા (વિવેચનીય વસ્તુના ત્યાગ રૂપ) ૧ છે. ઈન્દ્રિય સ્વરૂપ પાંચ અને નોઈન્દ્રિય સ્વભાવના યોગ, બધા કષાય અને વિવિક્ત શયનાસન આમ ત્રણ, આ પાંચ અને ત્રણ એ પ્રતિસંલીનતા વિષયો છે. માટે તે બધાના ભેદથી વિવક્ષા ન કરતા માત્ર પ્રતિસંલીનતા પ્રતિમા ૧ જ ગણવી

એકાકી પ્રતિમા પણ ૧ ગણવી તે ભિક્ષુપ્રતિમામાં અંતર્ગત થાય છે. આથી ૬૨+૫+૨૩+૧+૧ = ૯૨ પ્રતિમાઓ થાય છે. ॥૮૧॥

प्रतिमाविराधकस्य ज्योतिर्लोकोत्पत्तेस्तद्विशेषाश्रयेणाह—

**त्रिनवतिमण्डलगस्सूर्यो विषमाहोरात्रकृत् ॥८२॥**

**त्रिनवतीति,** सर्वबाह्यात्सर्वाभ्यन्तरं सर्वाभ्यन्तरात्सर्वबाह्यं प्रति वा गच्छन्निति शेषः । दिवसस्य रात्रेश्च समता तदा भवति यदा पञ्चदश मुहूर्ता उभयोरपि भवन्ति, तत्र सर्वाभ्यन्तरमण्डलेऽष्टादशमुहूर्त्तमहर्भवति रात्रिश्च द्वादशमुहूर्त्ता सर्वबाह्ये तु व्यत्ययः, तत्र त्र्यशीत्यधिकमण्डलशते द्वौ द्वावेकषष्टिभागौ वर्द्धेते हीयेते च, यदा च दिनवृद्धिस्तदा रात्रिहानिः, रात्रिवृद्धौ च दिनहानिरिति, तत्र द्विनवतितमे मण्डले प्रतिमण्डलं मुहूर्त्तैकषष्टिभागद्वयवृद्धया त्रयो मुहूर्त्ता एकेनैकषष्टिभागेनाधिका वर्द्धन्ते वा हीयन्ते वा, तेषु च द्वादशमुहूर्त्तेषु मध्ये क्षिप्तेष्वष्टादशभ्योऽपसारितेषु वा पञ्चदश मुहूर्त्ता उभयत्रैकेनैकषष्टिभागेनाधिका हीना वा भवन्तो द्विनवतितममण्डलस्यार्द्धे समाहोरात्रता तस्यैव चान्ते विषमाहोरात्रता भवति ॥८२॥

પ્રતિમા વિરાધકની જ્યોતિષ્ક લોકમાં ઉત્પત્તિ થાય તેના વિશેષના આશ્રય દ્વારા (૯૩ માં સમવાય) હવે કહે છે.

સર્વ બાહ્ય મંડલથી સર્વ અભ્યંતર મંડલ તરફ જતો અને સર્વ અભ્યંતર મંડલથી સર્વ બાહ્ય મંડલ તરફ જતો સૂર્ય... જયારે ૯૩ માં મંડલમાં પ્રવેશે છે ત્યારે વિષમ અહોરાત્રિને કરનારો થાય છે.

દિવસ અને રાત્રિની સમાનતા ત્યારે થાય છે જયારે ૧૫ મુહૂર્તનો દિવસ હોય અને ૧૫ મુહૂર્તની રાત્રિ હોય, સર્વથી અંદરના અભ્યંતર મંડલમાં ૧૮ મુહૂર્તનો દિવસ અને ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે. તો સર્વ બહારના મંડલમાં (વ્યત્યય એટલેકે) ૧૮ મુહૂર્તની રાત્રિ અને ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે.

(સર્વાભ્યંતર મંડલથી સર્વ બાહ્યમંડલ સુધી સર્વબાહ્યમંડલથી સર્વઅભ્યંતર મંડલ સુધી કરે છે) તે ૧૮૩ મંડલના પ્રત્યેક મંડલમાં એક મુહૂર્તના ૨/૬૧ ભાગ વૃદ્ધિ અને હાનિ રાત્રિ દિવસની થાય છે. તેમાં જયારે દિનવૃદ્ધિ થાય છે. ત્યારે રાત્રિની હાનિ થાય છે ને રાત્રિની હાનિ થાય છે ત્યારે દિન વૃદ્ધિ થાય છે. (અભ્યંતર મંડલથી બાહ્યમંડલમાં જતા દિનની હાનિ અને રાત્રિની વૃદ્ધિ થાય છે અને બાહ્યમંડલથી અભ્યંતર મંડલમાં જતાં રાત્રિની હાનિ અને દિનની વૃદ્ધિ થાય છે)

આમ પ્રતિમંડલ વૃદ્ધિ હાનિ પામતા ૯૨ માં મંડલમાં સૂર્યપ્રવેશે ત્યારે (કુલ) ૩ મુહૂર્ત ૧/૬૧ થી અધિક વૃદ્ધિ હાનિનું માપ પ્રાપ્ત થાય છે.

હવે (બાહ્યથી અભ્યંતરમાં જતો સૂર્ય હોય ત્યારે) ૧૨ મુહૂર્તની રાત્રિમાં. ૩ મુહૂર્ત + ૧/૬૧ ઉમેરતા ૧૫ ૧/૬૧ ભાગ ૯૨ માં મંડલના પ્રવેશમાં મળે છે. અને (અભ્યંતરથી બાહ્ય તરફ સૂર્ય જતો હોય ત્યારે) ૧૮ મુહૂર્તના દિનમાંથી ૩ મુહૂર્ત + ૧/૬૧ બાદ કરતાં ૧૫ મુહૂર્ત ૧/૬૧ ઓછો પ્રાપ્ત થાય છે.

૯૨ મું મંડલ અર્ધ સમાપ્ત થતા સમ અહોરાત્રતા એટલે કે ૧૫ મુહૂર્તનો દિન અને ૧૫ મુહૂર્તની રાત્રિ થાય છે. ને ૯૩ માં મંડલમાં સૂર્ય આવતા જ આ સમાનતા વિષમ બને છે એટલે કે દિવસ કે રાત્રિ નાની મોટી થઇ જાય છે. ॥૮૨॥

सूर्यचारस्यावधेरपि विषयत्वात्तदाश्रयेणाह—

**अजितस्य चतुर्नवतिरवधिज्ञानिशतानि, कुन्थुनाथस्य पञ्चनवतिर्वर्षसहस्राणि परमायुः, मौर्यपुत्रस्य पञ्चनवतिवर्षाणि ॥८३॥**

**अजितस्येति,** द्वितीयतीर्थकृतोऽवधिज्ञानिनश्चतुर्नवतिशतानि, द्वादशसहस्राणि केवलिनस्तु विंशतिः सहस्राणि, मतान्तरेण द्वाविंशतिसहस्राणि, पञ्चशताधिकानि मनःपर्यवज्ञानिनः । सप्तदशतीर्थकरस्य कुमारत्वमाण्डलिकत्वचक्रवर्त्तित्वानगारत्वेषु प्रत्येकं त्रयोविंशतेर्वर्षसहस्राणामर्द्धाष्टवर्षशतानाञ्च भावात्सर्वायुः पञ्चनवतिर्वर्षसहस्राणि भवन्ति । मौर्यपुत्रो महावीरस्य सप्तमगणधरस्तस्य सर्वायुः पञ्चनवतिर्वर्षाणि, गृहस्थत्वछद्मस्थत्वकेवलित्वेषु क्रमेण पञ्चषष्टिचतुर्दशषोडशानां वर्षाणां भावात् ॥८३॥

સૂર્યનો ચાર = ગતિ એ અવધિજ્ઞાનનો પણ વિષય હોવાથી તે અવધિજ્ઞાનના આશ્રય (અવધિજ્ઞાની) વિષય વડે હવે (૯૪, ૯૫ મા સમવાયમાં) કહે છે.

દ્વિતીય તીર્થંકર અજિતનાથ પ્રભુના ૯૪૦૦ અવધિજ્ઞાનીઓ છે. ૧૨ હજાર કેવલજ્ઞાનીઓ છે. અને ૨૦ હજાર ૫૦૦ અથવા મતાંતરે ૨૨ હજાર પાંચસો મનઃપર્યવજ્ઞાનીઓ છે.

૧૭ મા તીર્થંકર કુમારપણામાં ૨૩૭૫૦ વર્ષ, માંડલિક રાજા તરીકે ૨૩૭૫૦ વર્ષ, ચક્રવર્તી તરીકે ૨૩૭૫૦ વર્ષ અને સાધુ તરીકે ૨૩૭૫૦ હોવાથી એમનું કુલ મળીને આયુષ્ય ૯૫૦૦૦ વર્ષનું છે.

મૌર્યપુત્ર કે જેઓ મહાવીર પ્રભુના ૭ મા ગણધર હતા તેઓનું પૂર્ણ આયુષ્ય ૯૫ વર્ષનું છે. ગૃહસ્થપણામાં ૬૫ વર્ષ, છદ્મસ્થપણામાં ૧૪ વર્ષ, કેવલિપણામાં ૧૬ વર્ષ, હોવાથી સર્વાયુ ૯૫ વર્ષનું છે. ॥૮૩॥

भवनावासादपि गणधरा आगच्छन्तीति भवनसंख्याविशेषमाह—

**वायुकुमाराणां षण्णवतिर्भवनलक्षाणि ॥८४॥**

**वाय्विति,** असुरनागविद्युत्सुवर्णाग्निवायुस्तनितोदधिद्वीपदिक्कुमारा दशविधा भवनवासिनः, तत्र भवनानि दक्षिणोत्तरदिग्भावीनि सर्वसंख्यया चतुःषष्टिशतसहस्राण्यसुरकुमाराणाम्, नागकुमाराणां चतुरशीतिलक्षाः, सुवर्णकुमाराणां द्विसप्ततिलक्षाः, वायुकुमाराणां षण्णवतिलक्षाः, शेषाणां प्रत्येकं षट्सप्ततिलक्षा भवनानां भवन्ति ॥८४॥

ગણધરો ભવનપતિના આવાસોમાંથી પણ આવે છે. માટે (૯૬ મા સમવાયમાં) ભવનપતિ વિશેષના આવાસોની સંખ્યા કહે છે.

અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુતકુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર, દિક્કુમાર આમ ૧૦ પ્રકારના ભવનવાસી દેવો છે.

તેમાં અસુરકુમારના દક્ષિણ અને ઉત્તર દિશામાં રહેલા ભવનો સર્વ સંખ્યાએ કરી ૬૪ લાખ છે, નાગકુમારના ૮૪ લાખ છે, સુવર્ણકુમારના ૭૨ લાખ છે. વાયુકુમારના ૯૬ લાખ છે. બાકીના પ્રત્યેક પ્રત્યેકના ૭૬ લાખ ભવનો છે. ॥૮૪॥

कुमाराणामष्टविधकर्माश्रयत्वात्तदुत्तरभेदानाचष्टे—

**अष्टानां कर्मप्रकृतीनां सप्तनवतिरुत्तरप्रकृतयः ॥८५॥**

**अष्टानामिति,** यो मिथ्यात्वादिकलुषितरूपतयाऽसातादिवेदनीयादिकर्मणामभिनिर्वर्त्तकस्तत्फलस्य च विशिष्टासातादेरुपभोक्ता नरकादिभवेषु च यथा कर्मविपाकोदयं संसर्त्ता सम्यग्दर्शनज्ञानचारित्रसम्पन्नरत्नत्रयाभ्यासप्रकर्षवशाच्च निःशेषकर्मांशापगमतः परिनिर्वाता स जीवः, तेन जीवेन येन मिथ्यात्वाविरतिकषाययोगलक्षणसामान्यकारणेन क्रियते-विधीयतेऽञ्जनचूर्णपूर्णसमुद्गकवन्निरन्तरपुद्गलनिचिते लोके क्षीरनीरन्यायेन वह्नय यःपिण्डवद्वा कर्मवर्गणाद्रव्यमात्मसम्बद्धं येन तत्कर्म-आत्मत्वेनाविशिष्टानामात्मनां देवासुरमनुजतिर्यगादिनृपतिदरिद्रमनीषिमन्दादिवैचित्र्यहेतुत्वेन सिद्धम्, तच्च कर्म यैर्मिथ्यात्वादिभिश्चतुर्भि क्रियते ज्ञानावरणदर्शनावरणवेदनीयमोहनीयान्तरायायुर्नामगोत्ररूपेणाष्टविधम्, कर्मणामेषां मूलप्रकृतिरूपाणामुत्तरप्रकृतयो यथा पञ्च ज्ञानावरणस्य नव दर्शनावरणस्य वेदनीयस्य द्वे मोहनीयस्याष्टाविंशतिरन्तरायस्य पञ्चाऽऽयुषश्चतस्रो नाम्नो द्विचत्वारिंशद्गोत्रस्य द्वे इति सर्वसंख्यया सप्तनवतिरिति ॥८५॥

કુમારો (ભવનપતિઓ) પણ આઠ પ્રકારના કર્મના આશ્રય હોવાથી તે આઠે કર્મ પ્રકૃતિઓના ઉત્તર ભેદો (૯૭ મા સમવાયમાં) કહે છે.

મિથ્યાત્વ વગેરેથી કલુષિત સ્વરૂપથી અશાતાવેદનીય વગેરે કર્મનો સર્જક પણ જીવ છે, તેમજ તે કર્મ ફલ રૂપ વિશિષ્ટ એવી અશાતા વગેરેને ભોગવનાર પણ આ જીવ છે. તો જેવા જેવા કર્મના વિપાકો હોય તેવા તેવા નરક વગેરેના ભવમાં ભમનારો પણ આ જીવ છે ને સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રથી સંપન્ન, તે રત્નત્રયીના અભ્યાસથી તેની ઉત્કૃષ્ટતાને પામી સકલ કર્મના અંશોને પોતાનામાંથી ખેરવી નાંખનારો પણ આ જીવ છે.

આવા આ જીવ વડે મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ રૂપ સામાન્ય રીતે કર્મબંધના કારણો દ્વારા જે કરાય તે કર્મ અર્થાત્ અંજનથી પૂર્ણ ભરેલા ડાભડા જેવા પુદ્‌ગલથી ભરેલા આ લોકમાં ક્ષીરનીરન્યાયે અથવા અગ્નિ અને લોઢાના ગોળાની જેમ એકમેક ભાવે. કાર્મણ વર્ગણાના દ્રવ્યને આત્માની સાથે મિથ્યાત્વાદિ કર્મબંધના કારણો દ્વારા સંબદ્ધ કરાય તે કર્મ છે.

આત્મારૂપે સકલ આત્મા સમાન છે. પણ તે આત્માઓમાં ૧ દેવ ૧ અસુર ૧ મનુષ્ય કોઈ તિર્યંચ વગેરે તથા કોઈ રાજા કોઈ રંક કોઈ બુદ્ધિશાળી કોઈ મૂર્ખ વગેરે. જે વિચિત્રતાઓ છે. તેનું કારણ તરીકે આ કર્મ સિદ્ધ થાય છે.

મિથ્યાત્વાદિ ૪ હેતુઓ વડે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, અંતરાય, આયુષ્ય, નામ અને ગોત્ર રૂપે આઠ પ્રકારે કર્મ બંધાય છે.

આ આઠ એ કર્મની મૂળ પ્રકૃતિઓ છે. તેની ઉત્તર પ્રકૃતિઓ પણ છે. જેમ કે જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણની ૯, વેદનીયની ૨, મોહનીયની ૨૮, અંતરાયની ૫, આયુષ્યની ૪, નામની ૪૨, ગોત્રની ૨ સર્વ મળીને ૯૭ ઉત્તરપ્રકૃતિ છે. ॥૮૫॥

पृथ्वीमयनन्दनस्य कर्मप्रकृतिजातत्वात्तदाश्रयेणाह—

**नन्दनवनस्योपरिष्टाच्चरमान्ततः पाण्डुकवनस्याधस्तनचरमान्तं यावदष्टनवतिर्योजनसहस्राण्यन्तरं नन्दनवनस्य पूर्वचरमान्तात्पश्चिमचरमान्तं यावन्नवनवतिर्योजनशतानि च ॥८६॥**

**नन्दनवनस्येति,** नन्दनवनं मेरोः पञ्चयोजनशतोच्छ्रितप्रथममेखलाभाविपञ्चयोजनशतोच्छ्रितं तद्गततावन्मानोच्छ्रितकूटाष्टकस्य तद्ग्रहणेन ग्रहणात्, पाण्डुकवनं सौमनसवनस्य बहुसमभूमिभागादूर्ध्वं षट्त्रिंशद्योजनसहस्राण्युत्प्लुत्यास्मिन्मन्दरपर्वते शिखरतले वर्त्तमानम्, तत्र नवनवत्या मेरोरुच्चैस्त्वस्याद्ये सहस्रेऽपकृष्टे यथोक्तमन्तरं भवति । मेरोर्विष्कम्भो मूले दशसहस्राणि, नन्दनवनस्थाने तु नवनवतिर्योजनशतानि चतुःपञ्चाशच्च योजनानि षट् योजनैकादशभागा बाह्यो गिरिविष्कम्भो नन्दनवनाभ्यन्तरस्तु मेरुविष्कम्भ एकोननवतिः शतानि चतुःपञ्चाशदधिकानि षट् चैकादशभागास्तथा पञ्चशतानि नन्दनवनविष्कम्भः, तदेवमभ्यन्तरगिरिविष्कम्भो द्विगुणनन्दनवनविष्कम्भश्च मिलितो यथोक्तमन्तरं प्रायो भवतीति ॥८६॥

નંદનવન એ પૃથ્વીમય છે. ને એ પણ કર્મપ્રકૃતિથી જન્મેલું છે. તેના આધારે (૯૮ મા ૯૯ માં સમવાયમાં) તેની વાત કહે છે.

નંદનવન એ મેરુ પર્વત માં ૫૦૦ યોજન ઉંચાઇ પર રહેલી પ્રથમ મેખલામાં રહેલું ૫૦૦ યોજનની ઉંચાઈવાળું છે.

પ્રથમ મેખલામાં રહેલા ૫૦૦ યોજન ઉંચાઇ વાળા આઠ શિખરોના ગ્રહણથી નંદનવનનું ગ્રહણ થાય છે. અર્થાત્ મેરુપર્વતમાં ૫૦૦ યોજન ઉંચાઇથી નંદનવન શરૂ થાય છે. તે ૫૦૦ યોજન ઉંચા આઠ શિખરોમાં વ્યસ્ત છે. માટે નંદનવન ૫૦૦ યોજનનું છે.

હવે પાંડુકવન એ મેરુ પર્વતના સૌમનસવનના બહુ સમ ભૂમિભાગથી ૩૬૦૦૦ યોજન ઉપર આવીને આજ મંદર / મેરુ પર્વતના શિખર પર રહેલું છે. જે મેરુપર્વતના નીચેના ભાગથી ૯૯ હજાર યોજન ઉપર શિખર પર રહેલું છે. આ ૯૯૦૦૦ યોજનમાં પ્રથમ મેખલાના ૫૦૦ યોજન ને નંદનવન ૫૦૦ યોજન એટલે કે ૧૦૦૦ યોજન બાદ કરતા નંદનવનથી પાંડુકવનનું ૯૮૦૦૦ યોજન આંતરું રહે છે.

હવે ૯૯ મા સમવાયની વાત શરૂ કરે છે.

મેરુપર્વત મૂળમાં ૧૦,૦૦૦ યોજન પહોળો છે. ઉપર જતા નંદનવનના સ્થાનમાં ૯૯૫૪ યોજન + ૧ યોજન ૬/૧૧ ભાગ જેટલો મેરુગિરિની બાહ્ય પહોળાઈ છે. અને નંદનવનની અંદર રહેલા મેરુપર્વતની પહોળાઈ ૮૯૫૪ યોજન + ૧ યોજન ૬/૧૧ ભાગ છે અને નંદનવન ૫૦૦ યોજન પહોળાઈનું છે.

નંદનવનની અંદરનો મેરુગિરિની પહોળાઈ ૮૯૫૪ યોજન + ૧ યોજનના ૬/૧૧ ભાગમાં પૂર્વ તરફના ૫૦૦ યોજનનું નંદનવન અને પશ્ચિમ તરફના ૫૦૦ યોજનનું નંદનવન એમ દ્વિગુણનંદનવનનું માપ ઉમેરતા પ્રાયઃ ૯૯૦૦ યોજન જેવું થાય છે. એટલે નંદનવનના પૂર્વ છેડાથી નંદનવનના પશ્ચિમ છેડાનું અંતર ૯૯૦૦ યોજન લગભગ છે. ॥૮૬॥

प्रतिमया लब्धलब्धिका मुनयो नन्दनवनादौ यान्तीति प्रतिमाविशेषमाह—

**दशदशमिका भिक्षुप्रतिमा रात्रिंदिवशतेनेति ॥८७॥**

**दशेति,** दश दशमानि यस्यां सा दशदशमिका यस्यां हि दिनानां दशदशकानि भवन्ति, दशदशकानि शतं दिनानां, तत्र च प्रथमे दशके प्रतिदिनमेकैका भिक्षा द्वितीये द्वे द्वे एवं यावद्दशमे दश दशेत्येवं सर्वभिक्षासंकलने सार्द्धपंचशतानि भिक्षामानम् । इतिशब्दः संख्याक्रमेण स्थानवर्णनसमाप्तिसूचकः, पञ्चाशतादिवृद्ध्या कोटीकोट्यन्तानां समवायोऽस्य ग्रन्थस्य साररूपत्वान्न निरूप्यत इति भावः ॥८७॥

પ્રતિમા દ્વારા લબ્ધિ પ્રાપ્તિવાળા મુનિઓ નંદનવન વગેરેમાં જાય છે આથી હવે પ્રતિમા વિશેષની વાત (૧૦૦ મા સમવાયમાં) જણાવે છે.

૧૦ વાર જેમાં દશમો દિવસ આવે તેનું નામ દશદશમિકા - જે પ્રતિમામાં દશ દશ દિવસના ૧૦ ઝુમખાં હોય તે પ્રતિમા દશદશમિકા છે.

દશદશમિકા પ્રતિમાના ૧૦૦ રાત્રિ દિવસ હોય છે. તેમાં પ્રથમ દશકમાં દરરોજ ૧ ભિક્ષા (૧ દત્તીરૂપ) બીજા દશકમાં ૨ ભિક્ષા એવી રીતે ૧૦ માં દશકમાં ૧૦ ભિક્ષા (૧૦ દત્તીરૂપ) હોય છે. સર્વ ભિક્ષાઓનું સંકલન કરતાં ૫૫૦ ભિક્ષાનું પ્રમાણ થાય છે.

આ સૂત્રમાં ઇતિ શબ્દ સંખ્યા ક્રમના સ્થાન વર્ણનોનું સમાપ્તિ સૂચક છે એટલે કે ૧૦૦ સુધી સમવાય વર્ણવ્યા, હવે વર્ણન સમાપ્ત.

બાકી તો ૫૦૦ સુધી વગેરે વૃદ્ધિથી કોટાકોટી અન્ત સુધી સમવાયો આ સમવાયાંગ ગ્રંથના સાર રૂપ છે. પણ નિરૂપણ નથી કરતા. ॥૮૭॥

अमीषां स्थानानां द्वादशाङ्गे निरूपणाद्द्वादशाङ्गाश्रयेणाह—

**आचारगोचरविनयवैनयिकस्थानगमनचंक्रमणप्रमाणयोगनियोजनभाषासमिति-गुप्तिशय्योपधिभक्तपानोद्गमोत्पादनैषणाविशुद्धिशुद्धाशुद्धग्रहणव्रतनियमतपउपधाना-न्याचाराङ्गे ॥८८॥**

**आचारेति,** आचाराङ्गे हि निर्ग्रन्थानां श्रमणानामाचारो व्याख्यायते, तत्राचारो ज्ञानाद्यनेकभेदभिन्नः, गोचरो भिक्षाग्रहणविधिः, विनयो ज्ञानादिविनयः, वैनयिकं तत्फलं कर्मक्षयादि, स्थानं-कायोत्सर्गोपवेशनशयनभेदान्त्रिरूपम्, गमनं-विहारभूम्यादिषु गतिः, चङ्क्रमणं-उपाश्रयान्तरे शरीरश्रमव्यपोहार्थमितस्ततः सञ्चरणम् । प्रमाणं-भक्तपानाभ्यवहारोपध्यादेर्मानम्, योगनियोजनं-स्वाध्यायप्रत्युपेक्षणादिव्यापारेषु परेषां नियोजनम्, भाषाः-संयतस्य भाषाः सत्याऽसत्याऽमृषारूपाः, समितयः-ईर्यासमित्याद्याः पञ्च, गुप्तयः-मनोगुप्त्यादयस्तिस्रः, शय्या-वसतिः, उपधिर्वस्त्रादिकः, भक्तं-अशनं, पानं-उष्णोदकादीनि, उद्गमोत्पादनैषणानां दोषाणां विशुद्धिः, तया शुद्धानामेव ग्रहणम् तथाविधकारणेऽशुद्धानां ग्रहणम् । व्रतानि-मूलगुणाः, नियमाः-उत्तरगुणाः, तपउपधानं-द्वादशविधं तपः, एतत्सर्वं सुप्रशस्तमभिधीयत इति ॥८८॥

આ સ્થાનોનું નિરૂપણ દ્વાદશાંગમાં હોવાથી દ્વાદશાંગના આધારે હવે વર્ણન કરે છે (દરેક અંગોમાં શું છે તેનું)

આચારાંગ (પ્રથમ અંગમાં) માં નિર્ગ્રંથ સાધુઓનો આચાર વ્યાખ્યાયિત કરાય છે. તેમાં - જ્ઞાનાચાર વગેરે અનેક ભેદથી યુક્ત આચાર હોય છે. (૧) ગોચર = ભિક્ષા ગ્રહણ કરવાની વિધિ (૨) વિનય = જ્ઞાન વગેરેનો વિનય (૩) વૈનયિક = વિનયના ફલ તરીકે કર્મક્ષય વગેરે. (૪) સ્થાન = કાઉસ્સગ્ગ = ઉભા-બેઠા ને સૂતા એમ ત્રણ પ્રકારનું (૫) ગમન = વિહારભૂમિ વગેરે ગતિ (કેવી રીતે કરવી તે) (૬) ચઙ્ક્રમણ = ઉપાશ્રયની અંદર જ શરીરના શ્રમને દૂર કરવા માટે આમથી તેમ હરવું ફરવું. (૭) પ્રમાણ = આહાર-પાણી-ઉપધિ વગેરેનું માપ (૮) યોગ

નિયોજન = સ્વાધ્યાય પડિલેહણ વગેરે કાર્યોમાં અન્યને (કેવી રીતે) જોડવું તે (૯) ભાષા = સાધુની ભાષા = ૧ સત્ય ૨ અસત્ય અમૃષારૂપ ભાષા. (૧૦) સમિતિઓ = ઈર્યા સમિતિ વગેરે પાંચ. (૧૧) ગુપ્તિ = મનોગુપ્તિ વગેરે ત્રણ. (૧૨) શય્યા = વસતિ (૧૩) ઉપધિ = વસ્ત્ર વગેરે. (૧૪) ભક્ત = અશન (ભોજન) (૧૫) પાન = (ઉકાળેલું) ઉષ્ણપાણી વગેરે. (૧૬) ઉદ્ગમ-ઉત્પાદન-એષણા સંબંધી દોષોની શુદ્ધિ (૧૭) ઉદ્ગમ-ઉત્પાદન-એષણા દોષની શુદ્ધિથી શુદ્ધ આહારપાણી વગેરેનું જ ગ્રહણ કરવું તેમજ તેવા પ્રકારના કારણોમાં અશુદ્ધનું પણ ગ્રહણ કરવું. (૧૮) વ્રતો = મૂલગુણો (પ્રાણાતિપાત વિરમણ વગેરે) (૧૯) નિયમો = ઉત્તરગુણો (૨૦) તપ ઉપધાન = ૧૨ પ્રકારનો તપ (૨૧) આ બધી બાબતો સારી રીતે આચારાંગમાં કહેવાય છે. ॥૮૮॥

अथ द्वितीयाङ्गवक्तव्यतामाह–

**अचिरप्रव्रजितमुनिमनोगुणविशोधनाय स्वसमयसंस्थापकं सूत्रकृताङ्गम् ॥८९॥**

**अचिरेति,** चिरप्रव्रजितास्तु मुनयो निर्मलमतयो भवन्ति, अहर्निशं शास्त्रपरिचयाद्बहुश्रुतसम्पर्काच्चेति । अचिरकालप्रव्रजिताश्च कुसमयश्रवणेन मोहिताः सन्दिग्धा वा भवेयुः, सोऽयं तेषां यो मनोगुणो बुद्धिपर्यायः स विपर्ययसंशयात्मकत्वेन कुत्सितप्रवृत्तिहेतुत्वादशुभकर्मफलः, तस्य विशोधनाय–निर्मलत्वाधानाय त्रीणि त्रिषष्ट्यधिकानि परसमयशतानि बहुभिः प्रकारैः प्रतिक्षेपं कृत्वा स्वसमयो–जैनसिद्धान्तः स्थाप्यते सूत्रकृतेन ॥८९॥

હવે બીજુ અંગ (સુયગડાંગ) (સૂત્રકૃતાંગ) તેમાં શું વક્તવ્યતા (કથનો) છે તે કહે છે.

ચિરપ્રવ્રજિત = એટલે લાંબા દિક્ષા પર્યાયવાળા તો નિર્મલ મતિવાળા હોય છે કેમકે રાત દિવસ શાસ્ત્રનો પરિચય અને બહુશ્રુત વ્યક્તિનો સંપર્ક સત્સંગ તેમને થયેલો હોય છે. (પરંતુ) અચિરકાલ પ્રવ્રજિત = અલ્પ સમયના દીક્ષિત મુનિએ - કુશાસ્ત્રોના શ્રવણ (કે વાંચન) થી મોહિત બનેલા હોય છે. સંદેહવાળા પણ હોય છે.

તેઓનો આ મનોગુણ એટલે બુદ્ધિનો પર્યાય વિપરીતતાવાળો ને સંશયાત્મક હોવાથી - ખરાબ (ખોટી) પ્રવૃત્તિનું કારણ બનતો હોવાથી અશુભ કર્મ બંધાવનારો હોય છે.

તેથી તેની મતિને વિશુદ્ધ નિર્મલ અને ચોકખી કરવા માટે ૩૬૩ પરસમયો = પાખંડી મતો ને ઘણી રીતે ખંડન કરીને સ્વસમય = જૈન સિદ્ધાંતનું સ્થાપન આ સૂત્રકૃતાંગ આગમ દ્વારા કરવામાં આવે છે. ॥૮૯॥

अथ तृतीयाङ्गवक्तव्यतामाह–

**जीवादीनां द्रव्यगुणक्षेत्रकालपर्यवा एकादिविधवक्तव्यताश्च स्थाप्यन्ते स्थानेन ॥९०॥**

**जीवादीनामिति,** यथावस्थितस्वरूपप्रतिपादनाय जीवादीनां द्रव्यगुणक्षेत्रकालपर्यवाः स्थानेन स्थाप्यन्ते, तत्र द्रव्यं-द्रव्यार्थता यथा जीवास्तिकायोऽनन्तानि द्रव्याणि, गुणः स्वभावो यथोपयोगस्वभावो जीवः, क्षेत्रं यथा असंख्येयप्रदेशावगाहनोऽसौ, कालो यथा अनाद्यपर्यवसितः, पर्यवाः-कालकृता अवस्थाः, यथा नारकत्वादयो बालत्वादयो वेति, एवमजीवादीनामपि भाव्यम् । एवमेतेषां पदार्थानामेकविधवक्तव्यता-एकविधत्वेनाभिधेयता, एवं द्विविधवक्तव्यता त्रिविधवक्तव्यतेत्येवं दशविधवक्तव्यतां यावद्द्रव्यादयः स्थाप्यन्त इति ॥९०॥

હવે ત્રીજા (ઠાણાંગ) અંગમાં શું વાતો છે તે કહે છે.

જીવ-અજીવ વગેરેનું યથાવસ્થિત સ્વરૂપ જણાવવા માટે તેના દ્રવ્ય ક્ષેત્ર કાલ અને પર્યાયો સ્થાન (ઠાણાંગ) દ્વારા સ્થાપિત કરાય છે.

તેમાં - દ્રવ્ય = દ્રવ્યાર્થતા. જેમકે જીવાસ્તિકાય અનંતદ્રવ્ય રૂપ છે. (અર્થાત્ અનંતા જીવ દ્રવ્યો છે) ગુણ = સ્વભાવ. જેમકે જીવનો ઉપયોગ એ સ્વભાવ છે. ક્ષેત્ર = જેમકે અસંખ્યાત પ્રદેશની અવગાહનાવાળો આ જીવ છે. કાલ = જેમકે અનાદિ અપર્યવસિત = અનંત એવો જીવ છે. પર્યવો = કાલ દ્વારા કરાયેલી વિવિધ અવસ્થાઓ. જેમકે. નારકપણું મનુષ્યપણું - તેમજ બાળકપણું યુવાનપણું વગેરે જીવના પર્યાયો છે.

આજ રીતે અજીવ સંબંધી પણ વિચારણા સમજી લેવી, આમ આ બધા પદાર્થોને એક પ્રકારે બે પ્રકારે, ત્રણ પ્રકારે, યાવત્ દશ પ્રકારે... વિધવિધ પ્રકારે... (અલગ અલગ સાપેક્ષતાઓથી) કહેવા... સ્થાપવા. (આમ અનેક પ્રકારે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી જીવાદિ પદાર્થોની સ્થાપના જેમાં કરાય છે. (અથવા જેનાથી કરાય છે) તે સ્થાનાંગ નામનું ત્રીજુ અંગ છે.) ॥૯૦॥

अथ चतुर्थाङ्गवक्तव्यतामाह—

**एकोत्तरादिवृद्ध्याऽऽगमस्य पर्यवपरिमाणज्ञापकः समवायः ॥९१॥**

**एकोत्तरेति,** समवायः सम्यक्परिच्छेदः, तद्धेतुश्च ग्रन्थोऽपि समवायः, आगमस्य-जगज्जीवहितस्य भगवतो द्वादशाङ्गलक्षणगणिपिटकस्य पर्यवपरिमाणं-अभिधेयादितद्धर्मसंख्यानं तच्च शतं यावदेकोत्तरपरिवृद्ध्या समनुगीयते ततः परमनेकोत्तरिकया परिवृद्ध्या, एवमेकेन्द्रियादिभेदेन पञ्चप्रकारा जीवाः पुनः पर्याप्तापर्याप्तादिभेदेन नानाविधा वर्णिताः तथा तद्धर्मा अपीति ॥९१॥

હવે ચોથા (સમવાયાંગ) અંગમાં શું કહેવામાં આવે છે તે કહે છે.

સમવાય = સારી રીતે જ્ઞાન કરવું, સારી રીતે જ્ઞાનનો હેતુ બનતો હોવાથી ગ્રંથને પણ સમવાય કહેવામાં આવે છે. જગત્જીવના હિતકારી ભગવાનનું દ્વાદશાંગ રૂપ ગણિપિટક =

આગમ અને તેના અભિધેયો અને અભિધેયોના ધર્મો વગેરેની સંખ્યા એટલે પર્યવપરિમાણ... (અર્થાત્ આગમોમાં કહેલા પદાર્થો ને પદાર્થના ધર્મોની સંખ્યા વગેરે)

તે સંખ્યા વગેરે સો સુધી ક્રમશઃ એક, બે... વગેરે ઉત્તર ઉત્તરની પરિવૃદ્ધિથી જેમાં આ પદાર્થો કહેવાય છે અને ત્યાર બાદ અનેક ઉત્તર ઉત્તરની પરિવૃદ્ધિ દ્વારા પદાર્થો જેમાં કહેવાય છે. તે સમવાયાંગ છે.

એજ રીતે એકેન્દ્રિય વગેરે ભેદથી પાંચ પ્રકારના જીવો તે વળી પર્યાપ્તા-અપર્યાપ્તા વગેરે ભેદોથી અનેક પ્રકારના જેમાં વર્ણવાયા છે. અને એ જીવના ધર્મો જેમાં વર્ણવાયા છે. તે સમવાયાંગ છે. ॥૯૧॥

अथ पञ्चमाङ्गवक्तव्यतामाचष्टे—

**भगवता द्रव्यगुणादिभिर्व्याकृतानां संशयितपृष्टानां श्रुतार्थानां व्याख्याकृद्व्याख्याप्रज्ञप्तिः ॥९२॥**

**भगवतेति,** अत्रापि स्वपरोभयसमया जीवा अजीवा जीवाजीवाश्च व्याख्यायन्ते, तथा नानाविधसुरनरेन्द्रराजर्षिभिर्नानाविधसंशयवद्भिः पृष्टानां भगवता महावीरेण विस्तरेण भाषितानां षट्त्रिंशत्सहस्राणां व्याकरणानामत्रोपनिबन्धनात् श्रुतविषया अर्थाः श्रुता आकर्णिता वा जिनसकाशे गणधरेण येऽर्थाः श्रुतार्थास्तेऽत्र नाना प्रकारा व्याख्यायन्ते । भगवता कथं व्याकृता इत्यत्रोक्तं द्रव्यगुणादिभिरिति, द्रव्यगुणक्षेत्रकालपर्यवप्रदेशपरिणामयथास्तिभावानुगमनिक्षेपनयप्रमाणोपक्रमैरित्यर्थः, तत्र द्रव्याणि धर्मास्तिकायादीनि, गुणाः-ज्ञानवर्णादयः, क्षेत्रमाकाशम्, कालः-समयादिः, पर्यवाः-स्वपरभेदभिन्ना धर्माः, कालकृता अवस्था नवपुराणादयो वा, प्रदेशाः-निरंशावयवाः, परिणामाः-अवस्थातोऽवस्थान्तरगमनानि, यथास्तिभावः-येन प्रकारेण सत्ता, अनुगमः-संहितादिव्याख्यानप्रकारः, उद्देशनिर्देशनिर्गमादिद्वारकलापात्मको वा, निक्षेपः-नामस्थापनाद्रव्यभावैर्वस्तुनो न्यासः, नयप्रमाणं नया नैगमादयः सप्त, द्रव्यास्तिकपर्यायास्तिकभेदात् ज्ञानक्रियाभेदान्निश्चयव्यवहारभेदाद्वा द्वौ, त एव तावेव वा प्रमाणं-वस्तुतत्त्वपरिच्छेदनं नयप्रमाणम्, उपक्रमः-आनुपूर्व्यादिः ॥९२॥

હવે પંચમાંગ (ભગવતી સૂત્ર - વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ) ની વક્તવ્યતા કહે છે.

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ કે જેનું બીજુ નામ ભગવતીસૂત્ર છે. તેમાં... જીવો-અજીવો-જીવાજીવો સ્વસમય (સ્વસિદ્ધાંતો) પરસમય (પરદર્શનના સિદ્ધાંતો) વગેરેની વ્યાખ્યા થાય છે.

આ ભગવતીસૂત્રમાં અનેક પ્રકારના સંશય (શંકા) થી યુક્ત અનેક દેવો રાજા મહારાજાઓ રાજર્ષિઓ વડે ભગવાનને પૂછવામાં આવેલી બાબતોનો ભગવાન મહાવીરસ્વામીજી દ્વારા વિસ્તારથી

સમાધાન આપવામાં આવ્યા છે. જેની સંખ્યા ૩૬૦૦૦ ની છે. (અર્થાત્ ૩૬૦૦૦ શંકાના પ્રભુવીર દ્વારા અપાયેલ સમાધાનો) જે આ ભગવતીસૂત્રમાં ગુંથાયેલા છે.

વળી શ્રુતાર્થો = શ્રુતવિષયક અર્થો એટલે કે જિનેશ્વર પ્રભુ પાસે ગણધરોએ શ્રુત = સાંભળેલા એવા અર્થો = પદાર્થો તે અનેક પ્રકારના પદાર્થો ભગવાન દ્વારા આ ભગવતીસૂત્રમાં રજુ થયેલા છે.

પ્રભુએ કેવી રીતે એ પદાર્થો જણાવ્યા છે ? તો સૂત્રાર્થમુક્તાવલીમાં કહ્યું છે કે દ્રવ્ય ગુણ આદિથી પ્રભુએ આ પદાર્થો જણાવ્યા છે.

દ્રવ્ય - ગુણ - ક્ષેત્ર - કાલ - પર્યવ - પ્રદેશ - પરિણામ, યથાસ્થિતિ ભાવ, અનુગમ નિક્ષેપ - નય પ્રમાણ ઉપક્રમ વગેરેથી પ્રભુએ આ પદાર્થો કહ્યા છે.

તેમાં દ્રવ્ય = ધર્માસ્તિકાયાદિ, ગુણ = જ્ઞાન, વર્ણ વગેરે ક્ષેત્ર = આકાશ, કાલ = સમય વગેરે, પર્યવ = સ્વપર ભેદે રહેલા ધર્મો અથવા કાલકૃત જુની નવી વગેરે અવસ્થાઓ, પ્રદેશ = જેના વિભાગ ન થાય તેવા અવયવ - નિરંશ અવયવો, પરિણામ = એક અવસ્થાથી અન્ય અવસ્થામાં ગમન. યથાસ્તિભાવ = જે પ્રકારે જે પદાર્થનું અસ્તિત્વ છે તે, અનુગમ = સંહિતા વગેરે વ્યાખ્યા કરવાની પદ્ધતિ અથવા ઉદ્દેશ-નિર્દેશ-નિર્ગમ વગેરે દ્વારોનો સમુહ. નિક્ષેપ = નામ સ્થાપના-દ્રવ્ય અને ભાવથી પદાર્થનો ન્યાસ. નયપ્રમાણ = નય-નૈગમ વગેરે ૭. અથવા દ્રવ્યાસ્તિક, પર્યાયાસ્તિક, જ્ઞાન, ક્રિયા, નિશ્ચય વ્યવહાર એમ બે ભેદે જાણવા તે સાતનો સમૂહ અથવા બન્નેનો સમૂહ તેના દ્વારા સમગ્રતાથી વસ્તુનું જ્ઞાન કરવું તેનું નામ-પ્રમાણ અને ઉપક્રમ = આનુપૂર્વી વગેરે.

(આ બધા વ્યાખ્યાના ભેદ પ્રભેદો દ્વારા પ્રભુવીર વડે અનેક શંકા સમાધાનો અને શ્રુતના પદાર્થોની વ્યાખ્યા જેમાં કરી છે. તે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ નામનું પાંચમું અંગ છે. ॥૯૨॥

अथ षष्ठाङ्गवक्तव्यतां निदर्शयति—

**ज्ञाताधर्मकथासु संयमप्रतिज्ञापालने दुर्बलानां घोरपरीषहपराजितानां विषये गार्ध्येन विराधितज्ञानादीनां परिभ्रमणं व्यावर्ण्यते ॥९३॥**

**ज्ञातेति,** ज्ञातानि-उदाहरणानि, तत्प्रधाना धर्मकथाः, अथवा प्रथमश्रुतस्कन्धः ज्ञाताभिधायकत्वात् ज्ञातानि, द्वितीयस्तु धर्मकथाभिधायकत्वाद्धर्मकथाः, ततश्च ज्ञातानि च धर्मकथाश्च ज्ञाताधर्मकथाः, दीर्घत्वं संज्ञात्वात्, तत्रोदाहरणभूतमेघकुमारादीनां नगरादयो व्याख्यायन्ते तथा कर्मविनयकरे विनयकरणजिनस्वामिशासनवरे प्रवचने प्रव्रजितानां संयमप्रतिज्ञापालने ये धृतिमतिव्यवसायास्तेषु दुर्बलानां तत्र धृतिश्चित्तस्वास्थ्यं मतिर्बुद्धिः, व्यवसायोऽनुष्ठानोत्साहः, एवं तपोनियमो नियंत्रितं तपः, तपउपधानं-अनियंत्रितं तपः, तत्र

पराङ्मुखीभूतानां घोरैः परीषहैः पराजितानामत एव प्रतिरुद्धसिद्धालयमार्गगतीनां तुच्छेषु विषयसुखेष्वाशावशदोषेण मूर्च्छितानां विराधितज्ञानदर्शनचारित्राणां संसारेऽनन्तक्लेशरूपासु नारकतिर्यक्कुमानुषकुदेवत्वरूपासु दुर्गतिषु परिभ्रमणं व्याख्यायते, तथा धीराणां सुगत्यादीनि च ॥९३॥

હવે છઠ્ઠા અંગ (જ્ઞાતાધર્મકથાંગ) ની વક્તવ્યતા (વાતો) જણાવે છે.

જ્ઞાત = ઉદાહરણોથી પ્રધાન ધર્મકથા એનું નામ છે જ્ઞાતાધર્મકથા અથવા આ અંગનો પ્રથમ શ્રુતસ્કંધ જ્ઞાત = ઉદાહરણોને કહેનારો છે અને દ્વિતીય શ્રુતસ્કંધ ધર્મકથાનો કહેનારો છે. તેથી જ્ઞાતો અને ધર્મકથાઓ... એમ બન્ને મળી જ્ઞાતા ધર્મકથા શબ્દ બન્યો. (જ્ઞાતામાં દીર્ઘત્વ છે.) તે જ્ઞાન - સંજ્ઞા (નામ) છે માટે. (વ્યાકરણના નિયમથી થયેલો છે)

તે જ્ઞાતાધર્મકથાંગમાં ઉદાહરણ રૂપ બનેલા મેઘકુમાર વગેરેના નગર વગેરે વર્ણનનું વ્યાખ્યાન કરાય છે.

કર્મનું વિનયન (નિર્જરા) કરનારા અર્થાત્ વિનયકરણ (કર્મ નિર્જરાકારી) એવા જિનેશ્વર પરમાત્માના શ્રેષ્ઠ શાસનમાં દીક્ષિત બનેલા.

પરંતુ સંયમની પ્રતિજ્ઞા પાળવામાં જેઓ ધૃતિથી દુર્બલ બન્યા છે મતિથી દુર્બલ બન્યા છે. વ્યવસાયથી દુર્બલ થયેલા છે.

તેમાં ધૃતિ એટલે ચિત્તનું સ્વાસ્થ્ય મતિ એટલે બુદ્ધિ અને વ્યવસાય એટલે અનુષ્ઠાનમાં (ક્રિયા + પાલન) ઉત્સાહ, આ ત્રણેય બાબતમાં દુર્લભ બનેલા (તે દીક્ષિતો..)

વળી તપનિયમ = નિયંત્રિત તપ, તપઉપધાન = અનિયંત્રિત તપ તેમાં... પરાङ्મુખ બનેલા અને ઘોર પરીષહોથી હારી ગયેલા અને એથી જ જેમની મોક્ષમાર્ગમાં ગતિ રૂંધાઈ ગઇ છે. (એવા એ દીક્ષિતો)

તેમજ "હમણાં સુખ મળશે હમણાં સુખ મળશે" એવા પ્રકારની આશાને આધીન થઇ તુચ્છ એવા વિષયસુખમાં મૂર્છિત બની / આસક્ત બની જેમણે જ્ઞાન દર્શન ચારિત્રની વિરાધના કરી છે એવા એવા વ્યક્તિઓનું આ સંસારમાં અનંતકલેશ રૂપ નારક તિર્યંચ કુમનુષ્ય કુદેવ રૂપ દુર્ગતિઓમાં પરિભ્રમણ. આ અંગમાં વર્ણવાય છે. તેમજ જે ધીર વ્યક્તિઓ છે તેઓની સુગતિ વગેરે પણ વર્ણવાય છે. ॥૯૩॥

अथ सप्तमाङ्गवक्तव्यतामाविष्करोति–

**उपासकानां नगरादीनि शीलव्रतविरमणगुणप्रत्याख्यानपौषधोपवासश्रुतपरिग्रहतपउपधानप्रतिमादय उपासकदशासु ॥९४॥**

**उपासकानामिति,** व्यावर्ण्यन्त इति वचनविपरिणामेनान्वयः, एवमग्रेऽपि । उपासकाः श्रावकाः, तद्गतक्रियाकलापप्रतिबद्धा दशाः-दशाध्ययनोपलक्षिता उपासकदशास्तासु उपासकानां नगरोद्यानचैत्यवनखण्डराजानः, अम्बापितरौ समवसरणानि धर्माचार्या धर्मकथा ऐहलौकिक-पारलौकिका ऋद्धिविशेषाः, तथा शीलव्रतानि-अणुव्रतानि, वीरमणानि-रागादिविरतयः, गुणाः-गुणव्रतानि, प्रत्याख्यानानि नमस्कारसहितादीनि, पौषधः-अष्टम्यादिपर्वदिनं तत्रोपव-सनं-आहारशरीरसत्कारादित्यागः, श्रुतपरिग्रहाः प्रव्रज्यातः, तपउपधानानि प्रतीतानि, प्रतिमा-एकादशोपासकप्रतिमाः, उपसर्गाः-देवादिकृतोपद्रवाः, संलेखनाभक्तपानप्रत्याख्यानानि, पाद-पोपगमनानि, देवलोकगमनानि, सुकुलप्रत्यायातिः, पुनर्बोधिलाभोऽन्तक्रिया चैते विशेषेणा-ऽऽख्यायन्ते ॥९४॥

હવે ૭ મું અંગ (ઉપાસકદશાંગ) એની વાતો કહેવાય છે.

ઉપાસકોનું વર્ણન કરાય છે. ઉપાસકો એટલે શ્રાવકો, શ્રાવક સંબંધી ક્રિયા કલાપમાં નિષ્ઠ એવા ઉપાસકોના દશ અધ્યયનથી ઓળખાતું ઉપાસક દશા નામનું સૂત્ર છે. તેમાં ઉપાસકોના નગર, ઉદ્યાન, ચૈત્ય, વનખંડ, રાજા, વગેરે માતપિતા, સમવસરણો, ધર્માચાર્યો, ધર્મકથા, આલોક સંબંધી ઋદ્ધિ વિશેષ, પરલોક સંબંધી ઋદ્ધિ વિશેષોના વર્ણન છે.

તેમજ શીલવ્રતો = અણુવ્રતો, વિરમણ = રાગ વગેરેની વિરતિ, ગુણ = ગુણવ્રતો. પ્રત્યાખ્યાનો = નવકારશી વગેરે પચ્ચક્ખાણો, પૌષધ = આઠમ વગેરે પર્વદિનમાં. ઉપવાસ = આહાર શરીર સત્કાર (અવ્યાપાર, અબ્રહ્મ) વગેરેનો ત્યાગ, પ્રવ્રજ્યા વગેરેથી શ્રુત - પરીગ્રહ તપ ઉપધાન વગેરે. તેમજ શ્રાવકની અગ્યાર પ્રતિમાઓ, ઉપસર્ગ = દેવ વગેરે દ્વારા કરાયેલ ઉપદ્રવો. સંલેખના = આહાર પાણીના પચ્ચક્ખાણો, પાદપોપગમન = અણસણ દેવલોક ગમન - સુકુલ વગેરેમાં જન્મ વળી પાછો સમ્યક્ત્વ વગેરેનો લાભ અને અંતિમ આરાધનાઓ આટલી બધી બાબતો વિશેષથી વ્યાખ્યાન કરાય છે. ॥૯૪॥

अथाष्टमाङ्गवक्तव्यतामादर्शयति–

**अन्तकृतानां नगरादीनि क्षमामार्दवादीनि केवललाभः पादपोपगमनादीन्यन्त-कृतदशासु ॥९५॥**

**अन्तकृतानामिति,** अन्तो विनाशः स च कर्मणस्तत्फलस्य वा संसारस्य, स कृतो यैस्तेऽन्तकृतास्ते च तीर्थकरादयः, तेषां दशाः दशाध्ययनोपलक्षिताः तासु, अन्तकृतानां नगरादीनि नगरोद्यानचैत्यवनराजानः अम्बापितरौ समवसरणादीनि च, तथा क्षमामार्दवार्जव-शौचसत्यसप्तदशविधसंयमोत्तमब्रह्मचर्याकिञ्चन्यतपस्त्यागसमितिगुप्त्यादयः, सर्वविरतिं प्राप्तानां

जितपरीषहाणां घातिकर्मक्षये सति केवलस्य ज्ञानादेर्लाभः, यावद्वर्षाणि प्रव्रज्यापर्यायस्तपोविशेषाश्रयणादिना मुनिभिः पालितो यत्र शत्रुञ्जयपर्वतादौ यावन्ति भक्तानि छेदयित्वा यो मुनिरन्तकृतो जातः तत्सर्वमत्राख्यायते ॥९५॥

હવે આઠમું અંગ (અંતગડદશા) ની વાતો જણાવે છે.

अन्त = વિનાશ અને તે વિનાશ કર્મ અને કર્મના ફળ રૂપ સંસારનો જાણવો. જેઓએ આવો (કર્મ સંસારનો) અંત કર્યો છે તે અન્તકૃત = તીર્થંકર વગેરે છે.

એવા અંતકૃતોના દશા = દશ અધ્યયનો તરીકે ઓળખાતા દશમું ઝુમખું એનું નામ અન્તકૃતદશાંગ છે.

તે દશ અધ્યયનોમાં અંતકૃતોના નગર વગેરે એટલે કે નગર-ચૈત્ય-વનખંડ-રાજા-માતપિતા-સમવસરણ વગેરેના વર્ણનો છે. તેમજ ક્ષમા, મૃદુતા, સરલતા શૌચ (પવિત્રતા) સત્ય ૧૭ પ્રકારનું સંયમ, ઉત્તમ બ્રહ્મચર્ય, અકિંચનતા તપ ત્યાગ વગેરેના વર્ણન છે.

તેમજ સર્વવિરતિને પામેલા પરીષહને જીતેલા મહામુનિઓને ઘાતિકર્મનો ક્ષય થતાં જે કેવલજ્ઞાનનો લાભ થાય છે તેના વર્ણન તથા એ મહામુનિઓએ જે તપ વિશેષના આશ્રયે જેટલા વર્ષો સુધી પ્રવ્રજ્યા પર્યાય પાળ્યો અને જે શત્રુંજય વગેરે પર્વતો ઉપર જેટલા ઉપવાસો વગેરે કરીને એ મુનિ અંતકૃત બન્યા તે સર્વનું વર્ણન કરવામાં આવે છે. ॥૯૫॥

अथ नवमाङ्गवक्तव्यतां प्रकटीकरोति—

**अनुत्तरोपपातिकानां नगरादीनि समवसरणानि जिनातिशेषाः श्रमणोत्तमादीनां वर्णका अनुत्तरविमानविषयसुखञ्चानुत्तरोपपातिकदशासु ॥९६॥**

**अनुत्तरोपपातिकानामिति,** नास्मादुत्तरो विद्यत इत्यनुत्तरः, उपपतनमुपपातो जन्म, अनुत्तरः प्रधानः संसारेऽन्यस्य तथाविधस्याभावादुपपातो येषां ते तथा, त एवानुत्तरोपपातिकास्तद्वक्तव्यताप्रतिपादका दशाः दशाध्ययनोपलक्षिता अनुत्तरोपपातिकदशाः, तत्रानुत्तरोपपातिकानां-साधूनां नगराण्युद्यानानि चैत्यानि वनखण्डा राजान एवमादयो वर्ण्यन्ते तथा परममाङ्गल्यत्वेन जगद्धितानि तीर्थकरसमवसरणानि जिनातिशेषा अत्रैव द्वात्रिंशसूत्रे उक्ता अतिशयाः जिनशिष्याणां श्रमणोत्तमानां गणधरादीनां स्थिरयशसां परीषहवृन्दप्रमर्दकानां तपोदीप्तज्ञानचारित्रदर्शनानां प्रशस्तक्षमागुणध्वजानां श्लाघा आख्यायन्ते तथा ये यत्र यावन्ति च भक्तानि छेदयित्वा लब्ध्वा च समाधिमुत्तमं जिनवरध्यानयोगयुक्ता उपपन्ना मुनिवरोत्तमा यथा अनुत्तरेषु प्राप्नुवन्ति चानुत्तरविमानेषु यथा विषयसुखं तत्सर्वमनुत्तरोपपातिकदशास्वाख्यायते ॥९६॥

હવે નવમા અંગ (અનુત્તરોપપાતિક) ની વાતો પ્રકટ કરે છે.

જેનાથી ઉત્તર = પછીનું નથી એનું નામ અનુત્તર (એકને અદ્વિતીય) અને ઉપપાત = જન્મ... આ સંસારમાં તેવા પ્રકારનો બીજો જન્મ ન હોવાથી અનુત્તર એટલે સર્વ શ્રેષ્ઠ ઉપપાત જન્મ જેઓનો છે. તેઓ અનુત્તરોપપાતિક છે.

તેવા અનુત્તરમાં જન્મનારા વ્યક્તિઓની વક્તવ્યતાનું પ્રતિપાદન કરનારા દસા = એટલે કે દશ અધ્યયનોથી ઓળખાતું સૂત્ર - અંગ એનું નામ છે અનુત્તરોપપાતિકદશાંગસૂત્ર.

તે સૂત્રમાં અનુત્તરમાં ઉત્પન્ન થનારા સાધુ ભગવંતોના નગરોનું ઉદ્યાનોનું ચૈત્ય વનખંડ અને રાજાઓ આદિનું વર્ણન કરાય છે.

તેમજ પરમ માંગલિક હોવાથી જગત્ હિતકારી તીર્થંકર પ્રભુના સમવસરણ અને જિનાતિશેષ = આજ સૂત્રના ૩૨ મા સૂત્રમાં પ્રભુના અતિશયો કહેવાયા છે.

તથા શ્રમણોમાં ઉત્તમ સાક્ષાત્ જિનના શિષ્ય-ગણધર વગેરે મહામુનિઓ કે જેઓ સ્થિરયશવાળા, પરીષહના સમુહને મર્દન કરનારા અને તપથી દેદીપ્યમાન જ્ઞાન-દર્શન અને ચારિત્રવાળા કલ્યાણકારી ક્ષમાગુણના ધ્વજને ધારણ કરનારા છે.

તે ગણધરો ને મહામુનિઓની પ્રશંસા આ અંગમાં વર્ણવાય છે.

તેમજ જે મહામુનિ જેટલા ઉપવાસ કરીને. ઉત્તમ સમાધિ વરીને જિનવરના ધ્યાન યોગથી યુક્ત થઈ જેવી રીતે અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા છે. અને એ અનુત્તર વિમાનમાં જે વિષયસુખને અનુભવે છે તે બધુંજ આ અનુત્તરોપપાતિકદશાંગ સૂત્રમાં કહેવાય છે. ॥૯૬॥

अथ दशमाङ्गवक्तव्यतां विशदीकरोति—

**प्रश्ना अप्रश्नाः प्रश्नाप्रश्ना विद्यातिशया यक्षादिभिः संवादादयः प्रश्नव्याकरणेषु ॥९७॥**

**प्रश्ना इति,** प्रश्नः प्रतीतः, तन्निर्वचनं व्याकरणं प्रश्नानां व्याकरणानाञ्च योगात् प्रश्नव्याकरणानि, तत्राङ्गुष्ठबाहुप्रश्नादिका मंत्रविद्याः प्रश्नाः, याः पुनर्विद्या मंत्रविधिना जप्यमाना अपृष्टा एव शुभाशुभं कथयन्ति ता अप्रश्नाः, तथाऽङ्गुष्ठादिप्रश्नभावं तदभावं च प्रतीत्य या विद्याः शुभाशुभं कथयन्ति ताः प्रश्नाप्रश्नाः, तथा अन्ये विद्यातिशयाः स्तम्भस्तोभवशीकरणविद्वेषीकरणोच्चाटनादयः, भवनपतिविशेषैर्नागसुपर्णैर्यक्षादिभिश्च सह साधकस्य तात्त्विकाः शुभाशुभगताः संलापा एवमादयोऽत्र वर्ण्यन्ते ॥९७॥

હવે દશમાંગ - પ્રશ્નવ્યાકરણસૂત્રની વક્તવ્યતા જણાવે છે.

પ્રશ્ન તો પ્રસિદ્ધ જ છે. તે પ્રશ્નોનું કથન કરવું આમ પ્રશ્ન અને વ્યાકરણના યોગથી પ્રશ્નવ્યાકરણ શબ્દ બન્યો.

આ પ્રશ્નવ્યાકરણસૂત્રમાં અંગુષ્ઠ બાહુ પ્રશ્ન (અંગુઠામાં જોઇને બાહુ વગેરેમાં પ્રશ્નો પૂછવાથી તેના જવાબ મળે) વગેરે મંત્રવિદ્યાઓ પ્રશ્ના કહેવાય છે. અને જે વિદ્યાઓ મંત્ર વિધિ પ્રમાણે જપો... અને પૂછ્યા વિના પણ તમારા શુભાશુભને કહે છે તે વિદ્યાઓ અપ્રશ્ના કહેવાય છે ને વળી અંગુષ્ઠ વગેરેમાં પૂછોને જવાબ આપે. અને અંગુષ્ઠ પ્રશ્નનો અભાવ હોય તો પણ જાપ માત્રથી શુભાશુભને કહે એવી વિદ્યાઓ ને પ્રશ્નાપ્રશ્ના કહેવાય છે. તેમજ બીજા પણ વિદ્યા અતિશયો (પ્રભાવો) જેમ કે સ્તમ્ભન કરવું, વશીકરણ કરવું, વિદ્વેષીકરણ કરવું, કોઇનું ઉચ્ચાટન (મારણાદિ) વગેરે કરવું અને ભવનપતિ વિશેષ નાગ અને સુપર્ણના યક્ષો સાથે સાધકોના તાત્ત્વિક શુભ અને અશુભને લગતા આલાપ સંલાપો આ બધી બાબતો પ્રશ્નવ્યાકરણ નામના દશમા અંગ વર્ણવાય છે. ॥૯૭॥

अथैकादशाङ्गवक्तव्यतामाख्याति—

**शुभाशुभकर्मणां फलविपाको विपाकश्रुते ॥९८॥**

**शुभेति,** विपचनं विपाकः-शुभाशुभकर्मपरिणामस्तत्प्रतिपादकं श्रुतं विपाकश्रुतम्, तस्मिन् फलरूपो विपाको द्विविधो दुःखविपाकः सुखविपाकश्चेति, तत्र दुःखविपाकानां नगरोद्यानचैत्यवनखण्डराजानो मातापितरौ समवसरणानि धर्माचार्या धर्मकथा नगरगमनानि संसारप्रबन्धो दुःखपरम्परा वर्ण्यन्ते तथा सुखविपाकानां नगरादयः समवसरणधर्माचार्य-धर्मकथा इहपरलौकिकर्द्धयः प्रव्रज्या श्रुतपरिग्रहास्तपोपधानानि परित्यागाः प्रतिमाः संलेखनाः भक्तप्रत्याख्यानानि पादपोपगमनानि देवलोकगमनानि सुकुलप्रत्यायातिः, पुनर्बोधिलाभोन्त-क्रिया उपवर्णिता विस्तरेण ॥९८॥

હવે અગ્યારમું અંગ (વિપાકસૂત્ર) તેની વક્તવ્યતા કહે છે.

વિપચન - વિપાક = શુભ અશુભ કર્મના પરિણામો... ફલો... તેનું પ્રતિપાદક શ્રુત એટલે વિપાકશ્રુત

તે વિપાકમાં ફલ રૂપે વિપાક બે પ્રકારનો છે એક તો દુઃખવિપાક અને બીજો સુખવિપાક. (વિપાક શ્રુતમાં) તેમાં દુઃખવિપાકના સંબંધી નગરો, ઉદ્યાનો, વનખંડો, ચૈત્યો, રાજા, માતપિતા, સમવસરણો, ધર્માચાર્યો, ધર્મકથાઓ નગરગમનો, સંસારનો પ્રબંધ વગેરે દુઃખ પરંપરા વર્ણવાય છે.

તેમજ સુખવિપાક સંબંધી નગર વગેરે સમવસરણ ધર્માચાર્ય ધર્મકથા વગેરે આલોકની ઋદ્ધિ વગેરે. દીક્ષા શ્રુત પરિગ્રહ તપ ઉપધાન, વિવિધ ત્યાગ, પ્રતિમાઓ, સંલેખના ભક્તપ્રત્યાખ્યાનો

પાદપોપગમનો, દેવલોકગમનો, સુકુલમાં પ્રત્યાગમનો, વળી પાછો બોધિલાભ અને અન્તક્રિયા વગેરે વિસ્તારથી વર્ણવાયા છે. (વિપાક શ્રુતમાં) ॥૯૮॥

अथ द्वादशाङ्गवक्तव्यतां प्ररूपयति—

**दृष्टिवादे सर्वभावप्ररूपणा ॥९९॥**

**दृष्टिति,** दृष्टयो दर्शनानि, वदनं वादः दृष्टीनां वादो यत्रासौ दृष्टिवादः तत्र सर्वभावप्ररूपणा क्रियते, स समासतः पञ्चविधः परिकर्मसूत्राणि पूर्वगतं अनुयोगः चूलिका चेति, परिकर्म सप्तविधं सिद्धश्रेणिकापरिकर्म मनुष्यश्रेणिकापरिकर्म पृष्टश्रेणिकापरिकर्म अवगाहनाश्रेणिकापरिकर्म उपसम्पद्यश्रेणिकापरिकर्म विप्रत्यक्तश्रेणिकापरिकर्म च्युताच्युतश्रेणिकापरिकर्मेति षडादिमानि परिकर्माणि स्वसामयिकान्येव, गोशालकप्रवर्त्तिताऽऽजीविकपाखण्डिकसिद्धान्तमतेन पुनश्च्युताच्युतश्रेणिकापरिकर्मसहितानि सप्त, एतेषामुत्तरभेदतः त्र्यशीतिविधत्वम् । सूत्राणि ऋजुकादीनि द्वाविंशतिः, विभागतोऽष्टाशीतिः, पूर्वगतं पूर्वमुक्तम् । मूलप्रथमानुयोगो गण्डिकानुयोगश्चेत्यनुयोगो द्विधा, तीर्थकराणां प्रथमसम्यक्त्वावाप्तिलक्षणपूर्वभवादिगोचरो मूलप्रथमानुयोगः, एकवक्तव्यतार्थाधिकारानुगता वाक्यपद्धतयो गण्डिका उच्यन्ते तासामनुयोगः स अनेकविधः कुलकरतीर्थकरगणधरादिभेदात् । चूलिका चतुर्ण्णां पूर्वाणां चूलिकाः शेषाणि पूर्वाण्यचूलिकानीति ॥९९॥

હવે દ્વાદશાંગ - બારમા અંગની વક્તવ્યતા હવે કહે છે.

દૃષ્ટિઓ એટલે વિવિધદર્શનો... વાદ = કથન અનેક દૃષ્ટિઓના વાદ એનું નામ દૃષ્ટિવાદ તેમાં સર્વભાવોની = પદાર્થોની પ્રરૂપણા કરાય છે.

તે દૃષ્ટિવાદ - સંક્ષેપથી પાંચ પ્રકારનો છે. ૧. પરિકર્મ ૨. સૂત્ર ૩. પૂર્વગત ૪. અનુયોગ ૫. ચૂલિકા.

સાત પ્રકારના પરિકર્મ છે. ૧. સિદ્ધશ્રેણિકાપરિકર્મ ૨. મનુષ્યશ્રેણિકાપરિકર્મ ૩. પૃષ્ટશ્રેણિકાપરિકર્મ ૪. અવગાહનાશ્રેણિકાપરિકર્મ ૫. ઉપસમ્પદ્યશ્રેણિકાપરિકર્મ ૬. વિપ્રત્યક્તશ્રેણિકાપરિકર્મ ૭. ચ્યુતાડચ્યુતશ્રેણિકાપરિકર્મ.

આ સાત પરિકર્મમાં પહેલા ૬ પરિકર્મમાં સ્વસિદ્ધાંત મત પ્રમાણે જ પ્રરૂપણા છે. જ્યારે ૭ મા ચ્યુતાચ્યુતશ્રેણિકાપરિકર્મ. એ ગોશાલક દ્વારા પ્રવર્તિત આજીવક પાખંડી મતના સિદ્ધાંત મુજબ પ્રરૂપણા છે.

૭ પરિકર્મના ઉત્તરભેદ ૮૩ છે...

સૂત્ર = દ્વાદશાંગનો બીજો વિભાગ સૂત્રના ઋજુક વગેરે ૨૨ ભેદો છે ને ઉત્તરભેદથી તેની સંખ્યા ८८ છે.

પૂર્વગત = દ્વાદશાંગના ત્રીજા વિભાગ પૂર્વગત ૧૪ પૂર્વ રૂપ છે તે પહેલા જ વર્ણવાઇ ગયા છે.

અનુયોગ = દ્વાદશાંગનો ચોથો વિભાગ છે. તેમાં મૂલ પ્રથમાનુયોગ ગણ્ડિકાનુયોગ એમ એના બે ભેદ છે.

તીર્થંકરોને સહુપ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્તિ રૂપ પૂર્વભવો વિષયક મૂલ પ્રથમાનુયોગ છે...

એક વક્તવ્યતાવાળા અર્થાધિકારોને અનુસરનારી વાક્યપદ્ધતિઓને ગણ્ડિકા કહેવાય છે. તેઓનો અનુયોગ / અર્થકથન એ ગણ્ડિકાનુયોગ છે. કુલકર, તીર્થંકર, ગણધર વગેરે અનેક પ્રકારનો ગણ્ડિકાનુયોગ હોય છે.

ચૂલિકા = દ્વાદશાંગનો પાંચમો વિભાગ છે... ૧૪ પૂર્વમાં... માત્ર ચાર પૂર્વની ચૂલિકાઓ છે. બાકીના ૧૦ પૂર્વો ચૂલિકા વિનાના છે. (આ સંપૂર્ણ બારમુ અંગ અત્યારે અહીંયા વિચ્છેદ પામેલું છે...) ॥૯૯॥

अस्य द्वादशाङ्गस्य नित्यत्वं सम्मानयितुर्विराधयितुश्च फलमाचष्टे—

**अचलं नित्यं द्वादशाङ्गं विराध्यातीतेऽनागते चानन्ताः प्रत्युत्पन्ने संख्येयाः संसारमनुवर्त्तन्त आराध्य व्यतिव्रजन्ति च ॥१००॥**

**अचलमिति,** इदं द्वादशाङ्गं गणिपिटकं न कदाचिन्नासीदनादित्वात्, न कदाचिन्न भवति सदैव भावात्, न कदाचिन्न भविष्यत्यपर्यवसितत्वात् किन्त्वभूच्च भवति च भविष्यति चेति त्रिकालभावित्वादचलमत एव मेर्वादिवद्ध्रुवमत एव नियतं पञ्चास्तिकायेषु लोकवचनवत्, नियतत्वादेव शाश्वतं समयावलिकादिषु कालवचनवत्, शाश्वतत्वादेव वाचनादिप्रदानेऽप्यक्षयं गंगासिंधुप्रवाहेऽपि पद्महृदवत्, अक्षयत्वादेवाव्ययं मानुषोत्तराद्बहिः समुद्रवत्, अव्ययत्वादेव स्वप्रमाणेऽवस्थितं जम्बूद्वीपादिवत्, अवस्थितत्वादेव च नित्यमाकाशवत् । इदं द्वादशाङ्गं विराध्य जीवाश्चतुरन्तं संसारकान्तारमनुपरिवर्त्तन्ते, इदं हि द्वादशाङ्गं सूत्रार्थोभयभेदेन त्रिविधम्, विराधनञ्चानाज्ञया ततश्च सूत्रानाज्ञयाऽभिनिवेशतोऽन्यथापाठादिलक्षणयाऽतीतकालेऽनन्ता जीवाश्चतुरन्तं संसारकान्तारमनुपरावृत्तवन्तो जमालिवत्, अर्थानाज्ञयाऽभिनिवेशतोऽन्यथाप्ररूपणादिलक्षणया गोष्ठामाहिलवत्, उभयानाज्ञया तु पञ्चविधाचारपरिज्ञानकरणोद्यतगुर्वादेशादेरन्यथाकरणलक्षणया गुरुप्रत्यनीकद्रव्यलिङ्गधार्यनेकश्रमणवत्, वर्त्तमान काले विशिष्ट-

विराधकमनुष्यजीवानां संख्येयतया संख्येया इत्युक्तम्, त्रिविधामाज्ञामाराध्य जीवाश्चतुर्गतिकसंसारोल्लङ्घनेन मुक्तिमवाप्ता अवाप्नुवन्ति, अवाप्स्यन्ति च तावन्त एवेति ॥१००॥

**समवायाङ्गपयोधेरहमहमिकया समुत्थिता मुक्ताः ।**
**कस्य मनस्युत्कण्ठां नोद्दीपयति स्वसात्कर्तुम् ॥**

इति श्रीतपोगच्छनभोमणिश्रीमद्विजयानन्दसूरीश्वरपट्टालङ्कारश्रीमद्विजय-
कमलसूरीश्वरचरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण विजयलब्धिसूरिणा
सङ्कलितायां सूत्रार्थमुक्तावल्यां समवायाङ्गलक्षणा
पञ्चमी मुक्तासरिका वृत्ता ।

આ બારમા અંગનું નિત્યત્વ છે. એનું સન્માન કરનારાઓને શું ફળ મલે છે તથા એની વિરાધના કરનારાને શું ફળ મળે તે કહે છે.

આ દ્વાદશાંગ ગણિપીટક ક્યારેય ન હતું એવું નથી કેમકે તે અનાદિ છે. અને ક્યારેય નથી હોતું એવું પણ નથી કેમકે સદાકાળ એનુ અસ્તિત્વ છે. તેમજ ભવિષ્યમાં ક્યારેય નહીં હશે એવું પણ નથી કેમકે એ અપર્યવસિત એટલે અનંત છે.

પરંતુ આ દ્વાદશાંગી ભૂતકાળમાં હતી, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે. એ ત્રિકાળભાવિ છે, માટે અચલ છે અને આથી જ મેરુની જેમ ધ્રુવ = નિત્ય છે. આથી કરીને પંચાસ્તિકાય વિષે જેમ લોકવચન શાશ્વત છે, સમય આવલિકા વગેરેને વિષે જેમ કાલવચન શાશ્વત છે, એજ રીતે દ્વાદશાંગ પણ નિયત = નિત્ય શાશ્વત છે.

એ શાશ્વત હોવાથી જ વાચના વગેરે આપવા છતાં એ ક્ષય પામતું નથી જેમ ગંગાસિંધુનો સતત પ્રવાહ વહેવા છતાં પદ્મહ્રદ અક્ષય છે અક્ષય હોવાથી જ માનુષોત્તર પર્વતથી બહારના સમુદ્રની જેમ અવ્યય છે. અવ્યય હોવાથી જ જંબુદ્વીપની જેમ સ્વપ્રમાણમાં એ અવસ્થિત છે. અવસ્થિત હોવાથી આકાશની જેમ તે નિત્ય છે.

આ દ્વાદશાંગીની વિરાધના કરી જીવો ચાતુરંત, સંસાર રૂપી કાંતારમાં રખડે છે, આ દ્વાદશાંગી સૂત્ર, અર્થ, ઉભય ભેદે ત્રિવિધ છે એની વિરાધના અનાજ્ઞા વડે થાય છે.

સૂત્રની અનાજ્ઞા એટલે. પોતાના અભિનિવેશ / આગ્રહથી સૂત્રના ખોટા પાઠ રૂપ અનાજ્ઞાદ્વારા ભૂતકાળમાં અનંતા જીવો આ સંસાર રૂપી જંગલમાં ભમ્યા છે જમાલિની જેમ ('કડે માણે કડે' એ સૂત્રનો અભિનિવેશથી એણે અસ્વીકાર કર્યો)

અર્થની અનાજ્ઞા પોતાના મતાગ્રહથી ખોટો અર્થ પ્રરૂપણા કરવી જેમ ગોષ્ઠામાહિલે કરી...

ઉભય અનાજ્ઞા = પંચાચારના જ્ઞાની અને પંચાચાર પાલનમાં ઉદ્યત એવા ગુરુની આજ્ઞાનો અનાદર કરવા રૂપ છે. - ગુરુ વિરોધી દ્રોહી અનેક સાધુલિંગધારી શ્રમણોની જેમ ( તે બધા સંસારમાં ભમે છે)

વર્તમાન કાલમાં વિશિષ્ટ વિરાધકોની સંખ્યા સંખ્યાતી હોવાથી સંખ્યેય શબ્દ વાપર્યો છે.

આ ત્રણેય પ્રકારની શાસ્ત્રાજ્ઞા આરાધીને જીવો ચારગતિ રૂપ સંસારને ઓળંગી મુક્તિ પામ્યા છે... મુક્તિ પામે છે... અને તેટલા જ મુક્તિ પામશે.

આમ
સમવાયાંગ રૂપી સમુદ્રમાંથી
'હું પહેલું, હું પહેલું' એમ હોડ કરતા
વિવિધ પદાર્થરૂપી મોતીઓ.
કોના મનને ઉત્કંઠિત નથી કરતા ?

— ● —

**પ્રશસ્તિઃ**

એ પ્રમાણે શ્રી તપોગચ્છનભોમણિ શ્રીમદ્વિજયઆનંદસૂરીશ્વર પટ્ટાલંકાર શ્રીમદ્વિજય-કમલસૂરીશ્વર ચરણકમલમાં રહેલ ભક્તિવાન એવા તેઓશ્રીના પટ્ટધર વિજયલબ્ધિસૂરીશ્વર વડે સંકલિત કરેલ સૂત્રાર્થમુક્તાવલીમાં સમવાયાંગલક્ષણા પાંચમી મુક્તાસરિકા પૂર્ણ થઈ...

● ● ●

આ પાંચમી મુક્તાસરિકાનો ગુજરાતી ભાવાનુવાદ પૂ. દાદાગુરૂદેવશ્રીના
પ્રપ્રશિષ્ય આ.શ્રી અજિતયશસૂ.એ પૂ. દાદાગુરૂદેવશ્રીની સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી સ્મૃત્યર્થે,
જ્ઞાનાવરણીયના ક્ષય નિમિત્તે જ્ઞાનની આરાધના કરી.

● ● ●

## શ્રી લબ્ધિભુવન જૈન સાહિત્યસદનના ઉપયોગી પ્રકાશનો

અભ્યાસુ પૂ. સાધુ-સાધ્વી મ.સા.ને આ પ્રકાશનો ભેટ મળશે.

| | | |
|---|---|---|
| અધ્યાત્મસાર | - | સંસ્કૃતટીકા |
| અધ્યાત્મોપનિષત્ | - | સંસ્કૃતટીકા |
| વિજયોલ્લાસમહાકાવ્ય | - | સંસ્કૃતટીકા |
| લલિતવિસ્તરા | - | સંસ્કૃતટીકા |
| લલિતવિસ્તરા | - | ગુજરાતી અનુવાદ |
| ઉત્તરાધ્યયનસૂત્ર | - | મૂળ તથા ગુજરાતી અનુવાદ |
| દશવૈકાલિકસૂત્ર | - | મૂળ તથા ગુજરાતી અનુવાદ |
| અધ્યાત્મકલ્પદ્રુમ | - | ગુજરાતી અનુવાદ |
| સ્તુતિતરંગિણી | - | (ભાગ-૧-૨-૩) |
| આચારાંગ સૂત્ર | - | મૂળ તથા ગુજરાતી અનુવાદ (ભાગ-૧-૨) |
| બારસાસૂત્ર | - | મૂળ ફોટોસહ (પ્રતાકારે) |
| બારસાસૂત્ર | - | ગુજરાતી અનુવાદ (પ્રતાકારે) |
| કલ્પસૂત્ર | - | ચિત્રસંપૂટ |
| તત્ત્વન્યાયવિભાકર | - | (ભાગ ૧-૨) |
| મૂર્તિમંડન | - | હિન્દી-ગુજરાતી |
| દયાનંદકુતર્કતિમિરતરણી | - | |
| નૂતન સ્તવનાવલિ | - | |
| પર્યુષણા અષ્ટાહ્નિકા | - | ગુજરાતી ભાષાંતર (પ્રત) |
| લબ્ધિદેવવંદનમાળા | | |
| શાંતસુધારસ ભાવના | - | સંસ્કૃત ગેય-કાવ્ય અન્વયાર્થ સહ |
| શ્રી નવસ્મરણ ગૌતમસ્વામી રાસ | - | (પ્રત) |
| શ્રી કલ્પસૂત્ર ખીમશાહી | - | (ગુજરાતી) (પ્રત) |

: પ્રાપ્તિસ્થાન :

**શ્રી લબ્ધિભુવન જૈન સાહિત્ય સદન**

નટવરલાલ ચુનીલાલ, બજારમાં, છાણી-૩૯૧૭૪૦. ગુજરાત

## પૂજ્ય ગુરૂભગવંતોના ચરણે વંદના

### મૂળ સૂત્રકાર - ટીકાકાર

પૂ. કવિકુલકીરિટ આચાર્ય શ્રીમદ્‌વિજય

**લબ્ધિસૂરીશ્વરજી મહારાજા**

### ગુજરાતી ભાવાનુવાદ

શ્રી અનુયોગદ્વાર સૂત્ર (પેજ નં. ૧૩ થી ૧૧૬) (ખંડ-૧)
**ગણિવર વિક્રમસેનવિજય મ., મુનિ સિદ્ધસેનવિજય મ.**

શ્રી આચારાંગ સૂત્ર (પેજ નં. ૧૧૭ થી ૨૯૪) (ખંડ-૧)
સાધ્વી **સુવર્ણપદ્માશ્રીજી** મ.

શ્રી સુયગડાંગ સૂત્ર (પેજ નં. ૨૯૫ થી ૪૬૦) (ખંડ-૧)
પૂ.સ્વ. આચાર્ય શ્રીમદ્‌વિજય **અમિતયશસૂરીશ્વરજી** મ.સા.

શ્રી ઠાણાંગ સૂત્ર (પેજ નં. ૪ થી ૪૩૮) (ખંડ-૨)
એકાદશાંગપાઠી સાધ્વીવર્યા **રત્નચૂલાશ્રીજી** મ.

શ્રી સમવાયાંગ સૂત્ર (પેજ નં. ૪૩૯ થી ૫૭૫) (ખંડ-૨)
પૂ. આચાર્ય શ્રીમદ્‌વિજય **અજિતયશસૂરીશ્વરજી** મ.સા.

## શ્રી લબ્ધિ-ભુવન જૈન સાહિત્ય સદન દ્વારા પ્રકાશિત ગ્રંથો

- દશવૈકાલિક-મૂળ-અનુવાદ સહ
- ઉત્તરાધ્યયનસૂત્ર-મૂળ-અનુવાદ સહ (પોકેટ બુક મૂળ)
- આચારાંગસૂત્ર-મૂળ-અનુવાદ સહ (પોકેટ બુક મૂળ)
- પર્યુષણા અષ્ટાહ્નિકા પ્રવચન પ્રત
- શ્રી કલ્પસૂત્ર ખીમશાહી-ગુજરાતી પ્રત
- શ્રી બારસાસૂત્ર મૂળ-ચિત્રાવલી સહ
- શ્રી બારસાસૂત્ર ગુજરાતી અનુવાદ-ચિત્રાવલી સહ
- શ્રી નવસ્મરણ-ગૌતમસ્વામી રાસ-પ્રત
- લલિત વિસ્તરા-સંસ્કૃત ટીકા, ગુજરાતી
- અધ્યાત્મસાર-સંસ્કૃત ટીકા, ગુજરાતી
- ચૈત્યવંદનો નો ચારુ ચરુ
- સ્તુતિતરંગીણી-ભાગ-૧, ગુજરાતી (સ્તુતિઓનો સંગ્રહ)
- લબ્ધિ ચોવીશી
- લબ્ધિ દેવવંદનમાળા
- લબ્ધિસૂરીશ્વર મૃત્યુક્ષણકાવ્ય-સંસ્કૃત
- શાંતસુધારસ-મૂળ-અર્થ
- અધ્યાત્મકલ્પદ્રુમ-મૂળ-અર્થ
- ચિંતનનો ચંદરવો
- ચાંદનીમાં ચિંતન
- તુ તને ફોન કર
- અમૃતાગમમ્ (૪૫ આગમપૂજા)
- મહાપુરુષની મહાનતા (પૂ. આત્મારામજી મ.સા. રચિત)
- પાલિતાણાએ મન ભાવ્યું
- જૈન બાલપોથી
- અધ્યાત્મઉપનિષત્-સંસ્કૃત ટીકા
- વૈરાગ્ય ગંગા-ગુજરાતી અનુવાદ
- દયાનંદકુતર્કતિમિરતરણી(હિન્દી)
- મૂર્તિમંડણ(હિન્દી)
- સૂરિસાર્વભૌમના શરણમાં-હિન્દી
- ચૈત્યવંદન-સ્તુતિ-ચતુર્વિંશતિકા
- તત્ત્વન્યાયવિભાકર (ભાગ-૧/૨)




KIRIT GRAPHICS
09898490091